
**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ:** ભાવનગર જિલ્લામાં અલંગ શીપ બ્રેકીંગ યાર્ડ આવેલ છે એમાં ૨૦૦૪માં મુદત પૂરી થઈ છે. પરંતુ સરકારની જે નીતિ છે જ્યારે MSTC હસ્તક પ્લૉટો હતા ત્યારે ફક્ત ૫૦,૦૦૦માં આપવામાં આવતા હતા. નવી નીતિમાં દોઢ થી પોણા બે કરોડમાં પ્લૉટ આપવામાં આવે છે. એ ઉપરાંત બીજા સરકારના

સેલ્સટેક્સ અને બીજા ટેક્સો અલગ એનાથી આ ઉદ્યોગ ભાંગી પડ્યો છે. આ ફક્ત ભાવનગર જિલ્લાનો જ નહિ સમગ્ર હિન્દુસ્તાનનો મોટામાં મોટો ઉદ્યોગ છે ત્યારે અનુસૂચિત જાતિના લોકોએ પ્લૉટો મેળવ્યા છતાં એ લોકો ધંધો કરી શક્યા નથી. તો સરકારે નવી નીતિમાં સુધારો કરીને અનુસૂચિત જાતિના લોકો ઉપર જે પ્રિમિયમ ચડી ગયેલ છે એ માફ કરવા માગે છે કે કેમ? આ ઉદ્યોગ તરફ વિદેશથી લોકો આકર્ષાતા હોય ત્યારે સ્થાનિક અને ઘરના લોકો લોટ ચાટે એ કહેવત છે ત્યારે સરકાર આ તરફ શું કરવા માગે છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા:** આ ઉદ્યોગમાં મંદી આવી છે એ વાત સાચી. એ મંદીનું કારણ કેન્દ્ર સરકારની પાંચ ટકાની ડ્યૂટી એના ઉપર નાખી છે. સ્ક્રેપ ઉપર કોઈપણ પ્રકારની ડ્યૂટી ન લેવાના કારણે સ્ક્રેપ માટે જહાજ ભાંગવાની પ્રવૃત્તિ થાય આ બંને બીઝનૅસને એ પ્રકારે કમ્પેરીઝન કરવા જોઈએ કે આ ડ્યૂટીના કારણે આ ઉદ્યોગને થોડો ફટકો પડ્યો છે. બીજું માનનીય સભ્યશ્રીએ લાગણી વ્યક્ત કરી એમાં જણાવવાનું કે આપણે એ પ્રકારની નીતિ કરવા માગીએ છીએ જેમાં સભ્યશ્રીએ લાગણી વ્યક્ત કરી અને બાકીના સભ્યશ્રીઓએ લાગણી વ્યક્ત કરી એની વિચારણા કરીને અલંગ માટેની નીતિ બનાવવામાં આવશે.

**શ્રી બાબુભાઈ મે. શાહ:** માનનીય સભ્યશ્રી મહેન્દ્રભાઈએ પ્રશ્ન પૂછ્યો છે એ બાબતની મંત્રીશ્રી પાસેથી સ્પષ્ટતા ઇચ્છું છું કે અલંગ અને સચાણા બંને જગ્યાએ મુખ્યમંત્રી તરીકે માનનીય માધવસિંહભાઈ હતા ત્યારે માનનીય સનતભાઈ મહેતાના પ્રયત્નોથી આ ઉદ્યોગ શરૂ થયેલો. અલંગમાં આ ઉદ્યોગનો શરૂઆતથી જ વધુ વિકાસ થયો છે. પરંતુ આ દસ વર્ષની લીઝ છે એ કોઈપણ ઉદ્યોગ માટે પૂરતી ન ગણાય. આપણે ૩૦ વર્ષના પટા પેટે આપવાનું ધોરણ છે ત્યારે શરૂઆતમાં અલંગમાં જે પ્લૉટો અપાયા હતા એ કાયમી ધોરણે અપાયા હતા કે કેમ? બીજું કહેવામાં આવ્યું કે કેન્દ્ર સરકારે પાંચ ટકા ડ્યૂટી નાખી છે આ ડ્યૂટીમાં વધારો ઘટાડો થતો હોય છે. પરંતુ રાજય સરકારે સેલ્સટેકસમાં ચાર ટકાથી બે ટકા કરેલ. માનનીય પૂર્વ નાણામંત્રીશ્રી વજુભાઈએ ૧૯૯૮માં કરેલ ત્યારે એનું વેચાણ ૪૦૦ કરોડમાંથી ૨૩૦૦ કરોડ થયેલ. આ શીપ બ્રેકીંગ યાર્ડ અનેક લોકોને રોજગારી આપે છે. સૌરાષ્ટ્રનું આ એક માત્ર શીપ બ્રેકીંગ યાર્ડ છે ત્યારે ૧૦ વર્ષના બદલે ૩૦ વર્ષની લીઝ કરવામાં આવે તે ખૂબ જરૂરી છે. આ વાત ધ્યાને રાખવામાં આવે અને અગાઉ પ્લૉટો કાયમી ધોરણે આપવામાં આવેલ છે કે કેમ એની પણ સ્પષ્ટતા મંત્રીશ્રી કરે.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા:** માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૪થી કેટલીક કોર્ટ મેટર આ પ્લોટ માટેની બનેલી. પ્લોટ માટેની કોર્ટ મેટર બનેલી ત્યારે પણ કોર્ટની જુદી જુદી સૂચનાઓ અનુસાર પ્લોટ એલોટમેન્ટની કાર્યવાહી કરી પણ આખરી નિર્ણયો બધા જ કરવાના બાકી છે. આવી અસંખ્ય અરજીઓ આજે પણ કોર્ટમાં પેન્ડીંગ છે. સભ્યશ્રીએ જે સૂચન કર્યું છે કે ૧૦ વર્ષનો પટ્ટો, ૩૦ વર્ષનો પટ્ટો કે ૫૦ વર્ષનો પટ્ટો. આવા વિવિધ સૂચનો જુદા જુદા એસોસિએશન, જુદા જુદા લોકો મારફત આવ્યાં છે. આ બધી જ બાબતોની સર્વગ્રાહી વિચારણા પછી રાજયના હિતમાં વધુમાં વધુ સારી નીતિ બને એ માટેનું આયોજન હાથ ધરાયેલ છે. એટલે સભ્યશ્રીનું સૂચન છે એ પણ જ્યારે નીતિ અખત્યાર કરવાની કાર્યવાહી ચાલે છે ત્યારે ચોક્કસપણે વિચારણામાં લેવામાં આવશે.

## અમદાવાદ શહેરમાં એપરલ પાર્ક

***૧૩૬૪૪ શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાધેલા (શહેર કોટડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે-

અમદાવાદ શહેરમાં એપરલ પાર્કમાં કઈ કઈ મિલોનો સમાવેશ કરેલ છે?

**મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** :

અમદાવાદ શહેરમાં એપરલ પાર્ક સ્થાપવા માટે અંબિકા મિલ તથા ભારત સૂર્યોદય મિલની જમીન મેળવવામાં આવેલ છે.

**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાધેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે આ પાર્ક બનાવવા માટે ભારત સરકારે કોઈ માન્યતા આપેલી છે કે કેમ? અને અમદાવાદ શહેરની અન્ય કઈ મિલો પર એપરલ પાર્ક બનાવવા માગો છો?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ એપરલ પાર્કને કેન્દ્ર સરકારના વાણિજ્ય મંત્રાલય દ્વારા તા.૨-૮-૨૦૦૫ના પત્રથી સ્પેશિયલ ઈકોનૉમિક ઝોન ઉભો કરવા માટે આખરી મંજૂરી મળી ગયેલ છે. આ બે મિલ સિવાય આની જરૂરિયાત આમાં સવિશેષ જણાતાં વધારાની બે મિલોની જમીનને પણ તેમાં આયોજિત કરવા માટેનું આયોજન રાજય સરકારે કરેલું છે. આ બન્ને મિલોની જમીન છે સારંગપુર કૉટન મિલ અને સિલ્વર કૉટન મિલની જમીનને પણ આ એપરલ પાર્ક સાથે એકસપાન્શનના આયોજન તરીકે લેવામાં આવેલ છે.

**શ્રી પુનમ ર. પરમાર:** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ એપરલ પાર્કને કારણે કેટલી રોજગારીની તકો ઉભી થશે અને વિવિધ એકમો દ્વારા કેટલા નાણાકીય રોકાણો થવાની શક્યતા છે?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહને એ વસ્તુની જાણકારી છે કે અમદાવાદમાં જે બંધ મિલો પડી તેના કારણે હજારો કામદારો બેકાર થયા તે પછી આ પ્રકારના ઉદ્યોગોમાં વધારે રોજગારીનું સર્જન કરવાનું ભૂતકાળમાં કોઈ આયોજન થયું નહોતું ત્યારે આ સરકારે અમદાવાદને ફરીથી ભારતનું માન્ચેસ્ટર બનાવવાના શુભ આશયથી એપરલ પાર્કનું આયોજન કર્યું છે. તેમાં સીધી ૩૫,૦૦૦ વ્યકિતઓને રોજગારી આપવામાં આવશે. સાથે સાથે અમદાવાદ અને તેની આજુબાજુના અન્ય એપરલ પાર્ક ઉભા થઈ રહેશે, તેનાથી ૧,૫૦,૦૦૦ જેટલા કામદારોને આ ક્ષેત્રમાં રોજગારી મળવાની તકો ઉભી થવાની છે. એ વાત આપના ધ્યાનમાં લાવું કે જ્યારે બંધ મિલો થઈ ત્યારે અંદાજે ૭૮,૦૦૦ કામદારો બેકાર થયા હતા. જ્યારે આ પ્રકારના આયોજનથી બમણી સંખ્યામાં નવી રોજગારી ઉભી કરવાનું રાજય સરકારે આયોજન કરેલું છે.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ:** માનનીય અધ્યક્ષશ્રી, હું પૂછવા માગું છું કે બન્ને મિલોની જમીન કેટલા સ્કવેરફૂટ છે? બીજું પાર્ક બનાવવા માટે પૈસાનું કોઈ આયોજન કરેલ છે કે કેમ અને કેટલા સમયમાં પૂરું થશે?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ:** બન્ને મિલોની જમીન છે તે ૨૦.૪૧ હેકટર. અંબિકા મિલની જમીન ૧૪.૮૦ હેકટર અને ભારત સૂર્યોદય મિલની ૫.૬૧ હેકટર જમીન અને આ પાર્કનું પ્રાથમિક બાંધકામ છે, ઈન્ફ્રાસ્ટ્રકચર તે સંપૂર્ણપણે તૈયાર થઈ ગયું છે અને નજીકના ભવિષ્યમાં આ પ્લોટ એલોટમેન્ટ માટેની નીતિ પ્રમાણે માત્ર જે ઉદ્યોગકારો આ વ્યવસાયમાં હોય, કારણ કે આ સંપૂર્ણ નિકાસલક્ષી ઉદ્યોગ થવાનો અને તેમાં ગાર્મેન્ટ બનાવવાવાળા ઉદ્યોગકારોને જ આપણે પ્લોટ આપવાના છીએ અને એ પ્લોટમાં અંદાજે ૭૦૦ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ આ એપરલ પાર્કમાં થવાનું છે. વાર્ષિક ૪૦૦૦ કરોડ રૂપિયાની નિકાસ માત્ર અમદાવાદમાંથી થશે.

**શ્રી બિમલ શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી જાણવા માગું છું કે આ પ્લૉટની ફાળવણી ક્યારે કરવામાં આવશે અને એનો દર શું રાખવામાં આવ્યો છે ?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જેમ કહ્યું તેમ આ પ્લૉટની ફાળવણી નજીકના ભવિષ્યમાં જાહેરાત આપીને કરવામાં આવશે. એના અંગેની ફાળવણી કરવા માટેની એક કમિટિની રચના કરવામાં આવી છે અને આ કમિટિ દ્વારા આ પ્લૉટની ફાળવણી કરવામાં આવશે. એટલે માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન હતો કે, ક્યારે શરૂ થશે ? તો આ ઉદ્યોગકારોને પ્લૉટની ફાળવણી થશે. એ પોતાના ઉદ્યોગનું બાંધકામ કરીને શરૂ કરશે. આપને જણાવું કે, આપણે પ્લૉટની કિંમત નક્કી કરી છે એ કિંમતમાં એ પ્રકારની નીતિ કરી છે કે, ઉદ્યોગ ૨ વર્ષમાં ઉત્પાદનમાં જાય તો સબસ્ટેન્શિયલ રિબેટ ચોરસ મીટરે રૂ.૫૦૦/- આપવાની નીતિ બનાવી છે. એટલે આપણે ઉદ્યોગકારોને ઉત્પાદનમાં જવા માટે પ્રોત્સાહિત કરી રહ્યા છીએ. હું માનું છું કે, ૨ વર્ષમાં આ ઉદ્યોગો અને એપરલ પાર્ક ધમધમતો થઈ જશે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, બંધ મિલોની બેરોજગારી પછીનો આ એક સારો પ્રયાસ છે. હું માનનીય મંત્રીશ્રીને એટલું પૂછવા માગું છું કે, જ્યારે એલોટમેન્ટ થશે ત્યારે એની કિંમત શું નક્કી કરવામાં આવશે ? અને ખાસ કરીને ગરીબ અને પછાત કે એન્ટરપ્રિન્યોર હોય કોઈ ઉદ્યોગ સાહસિક હોય તો એના માટેની કોઈ વિશેષ સગવડ કરવામાં આવશે કે કેમ ? બીજું એપરલ પાર્ક માટે જેમ સુરતમાં સ્પેશિયલ ઈકોનૉમિક ઝોન છે એમ અમદાવાદમાં કરવાનું વિચારણા હેઠળ હતું એ હાલ કયા તબક્કે છે ?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ફાળવણી કરવાની છે એમાં નિગમના અધિકારી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર, એપરલ એકસપોર્ટ પ્રમોશન કાઉન્સિલના સભ્યો તથા સ્થાનિક ઉદ્યોગોના પ્રતિનિધિઓ સહિતનાની આ કમિટિ છે. આ અરજીઓની ચકાસણી કરશે, પાત્રતા નક્કી કરીને ફાળવણી કરવામાં આવશે અને જે કિંમત છે એ રૂ.૩૦૦૦/-નો ભાવ નક્કી કરેલ છે અને જે ઉદ્યોગકારો આ એકમનો કબજો મેળવ્યા પછી એ ૨ વર્ષમાં એકમો ઊભા કરશે તો પ્રતિ ચોરસ મીટરે રૂ.૫૦૦/-નું રિબેટ આપવાનું નક્કી કરેલ છે. સભ્યશ્રીએ જાણવા ઇચ્છ્યું છે તે પ્રમાણે સ્પેશિયલ ઈકોનૉમિક ઝોન માટેની કેન્દ્ર સરકારની ફાઇનલ મંજૂરી મળી ગઈ છે અને એમાં મળવાપાત્ર લાભો છે એ આ એપરલ પાર્કમાં જે ઉદ્યોગો આવશે એમને મળશે. જેવા કે, ઈન્કમ ટેક્સ, એકસાઈઝ, ડ્યૂટી,, સ્ટૅમ્પ ડ્યૂટી સહિતના અનેક લાભ મળશે. ઉદ્યોગો તરફથી જે પ્રકારની પૃચ્છા થાય છે એ જોતાં એપરલ પાર્કને ત્વરિત ચાલુ કરવામાં કોઈ મુશ્કેલી જણાતી નથી.

**ડૉ. દિનેશ પરમાર**: માનનીય અધ્યક્ષશ્રી, બંધ મિલોના કારણે કેટલાય લોકો માનસિક રીતે બીમાર થયા અને કેટલાકે આત્મહત્યા કરી અને કેટલાય બેકારીને લીધે બરબાદ થઈ ગયા. એમની રોજી-રોટી બંધ થઈ ગઈ છે. આ બંધ મિલોની જમીન આ રીતે કરવાનું વિચારી રહ્યા છીએ ત્યારે આ બંધ મિલોના હવે જે રહ્યા સહ્યા બચેલા લોકો છે એના માટે સરકાર કોઈ આર્થિક રીતે વન થર્ડ લૅન્ડ એમના માટે જુદી કાઢી એ લોકોને વિનામૂલ્યે આપી એક આર્થિક સદ્ધરતા, એમને રોજી-રોટી મળી શકે એ માટે કાંઈ કરવા માગે છે કે કેમ ?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજના વૈશ્વિક જે પરિપ્રેક્ષ્ય છે એ વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં આજે જે પ્રકારની તાલીમ પામેલા કામદારોની જરૂર પડે એ પ્રકારના કામદારોને તાલીમ આપીને, તાલીમ આપવા માટે પણ તેમને સ્ટાઈપેન્ડ આપવામાં આવશે અને રાજય સરકારે આઠ કરોડ રૂપિયાનું એના માટે આયોજન કર્યું છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૧૦ આઈ.ટી.આઈ.માં એક સાથે પહેલી ઑગસ્ટથી તાલીમ કેન્દ્રનું એના માટે ઉદ્દ

ાટન કર્યું છે, આ તાલીમ આપવામાં આવશે. એ આઈ.ટી.આઈ.માં તાલીમ આપવા માટે ૧૦૦ ટકા ગ્રાન્ટ રાજય સરકાર તરફથી આપવામાં આવશે. ત્યારે આવા જે લોકો અથવા આ પરિવારના જે બાળકો છે એ આવા તાલીમ કેન્દ્રોમાં તાલીમ મેળવીને રોજગારી પ્રાપ્ત કરી શકશે.

**ભાવનગર જિલ્લામાં પી.એસ.આઈ. તથા પી.આઈ.ની ખાલી જગ્યાઓ**

***૧૩૨૯૦ શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૭-૦૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં પોલીસ ઈન્સ્પૅક્ટર અને પોલીસ સબ ઈન્સ્પૅક્ટર કક્ષાની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) કયાં સુધી ભરવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :**

(૧) પોલીસ ઈન્સ્પૅક્ટર- શૂન્ય

પોલીસ સબ ઈન્સ્પૅક્ટર - ૧૬

(૨) વહિવટી અનુકૂળતાએ ભરવામાં આવશે.

**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા:** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે,ડી.વાય.એસ.પી.ની ૩ જગ્યાઓ, સબ ઇન્સ્પેક્ટરની ૧૬ જગ્યાઓ અને કૉન્સ્ટેબલની લગભગ ૨૦૦ જેટલી જગ્યાઓ ખાલી છે તો આ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, આ જગ્યાઓ ભરવા માટેનું શું આયોજન છે અને કેટલા સમયમાં ભરવામાં આવશે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ ઇન્સ્પેક્ટરની એક પણ જગ્યા ખાલી નથી અને સબ ઈન્સ્પેક્ટરનો સવાલ છે ત્યાં સુધી ૫૭માંથી ૪૧ જગ્યાઓ ભરાયેલી છે. ૧૬ જગ્યાઓ ખાલી છે અને જે ૧૬ જગ્યાઓ ખાલી છે એ પૈકીની ૮ જગ્યાઓ લગભગ એક વર્ષથી ખાલી છે. આ જગ્યાઓ બનતી ત્વરાએ ભરવા માટેનું સરકારનું આયોજન છે. કૉન્સ્ટેબલનો સવાલ છે ત્યાં સુધી નવા લોકરક્ષકની ૪૦૬૪ જગ્યાઓની ભરતીની પ્રક્રિયા ચાલુ કરી છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ આ કાર્ય કરી રહ્યું છે. લેખિત પરીક્ષા ૩૦૦૦ લોકોની પતી ગઈ છે અને એના ઈન્ટર્વ્યુ પછી તરત જ એમની ભરતી કરવામાં આવશે.

**શ્રી બિમલ શાહ** :માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે સબ ઇન્સ્પેક્ટરની ૧૬ જગ્યાઓ ખાલી છે, અગાઉ સબ ઇન્સ્પેક્ટરની જે ભરતી કરવામાં આવતી હતી એ ભરતીની અંદર એમની જે તાલીમ પત્યા પછી પરીક્ષા લેવામાં આવે છે એમાં ત્યારે કેટલાક ઈન્સપેકટરોના માર્ક ઓછા હતા અને સરકાર તરફથી ખાસ કિસ્સામાં મંજૂરી આપવામાં આવી હતી. હું માનું છું ત્યાં સુધી આજે પણ આવા તાલીમ પામેલા સબ ઇન્સ્પેક્ટરની પરીક્ષા થઈ ગઈ છે, એમના માર્ક ઓછા છે, સરકારશ્રીમાં આજે રજૂઆત પડેલી છે તો સરકારશ્રી આ અંગે તાકીદે કામગીરી કરી સબ ઇન્સ્પેક્ટરની જગ્યા ભરવા માગે છે?

**શ્રી અમિત અ. શાહ** :મેરીટ સાથે તડજોડ ન થાય એ રીતે આની અંદર શું વિચારણા થઈ શકે એ સરકારમાં ઉચ્ચ સ્તરે વિચારાઈ રહ્યું છે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી ધારાસભ્યશ્રીએ પણ પ્રશ્ન પૂછયો કે ૨૦૦ જેટલા કોન્સ્ટેબલની જગ્યા ખાલી છે. માનનીય મંત્રીશ્રીએ ચોકકસ આશ્વાસન આપ્યું કે બધી પ્રક્રિયા ચાલે છે અને જલદી જગ્યાઓ ભરાઈ જશે. મારે એ જાણવું છે કે જે નવા કોન્સ્ટેબલની ભરતીની પ્રક્રિયા અત્યારે શરૂ કરેલી છે, એમાં કંઈ ૨૫૦૦ રૂપિયાના ફીકસ પગારથી પોલીસમાં પણ જ્યારે ભરતી કરવામાં આવે તો એ લઘુત્તમ વેતન ધારાનો ભંગ સમાન ગણવામાં આવશે કે કેમ એની તપાસ કરવામાં આવી છે કે કેમ? કારણ કે એ ફીકસ પગારથી આપણે કામ લઈશું એમની પાસેથી તો બીજા કોઈ કાયદાનો ભંગ કરીએ છીએ કે કેમ એની પણ તપાસ માનનીય મંત્રીશ્રી તરફથી કરવામાં આવી છે કે કેમ એ મારે જાણવું છે.

**શ્રી અમિત અ. શાહ** :માનનીય અધ્યક્ષશ્રી, બીજી નોટિસ આપવી જોઈએ આની અંદરથી ઉપસ્થિત થતો નથી.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ.. એ જાણવા માગે છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી એ આખી ભરતીની પ્રક્રિયાને લગતો પ્રશ્ન છે અને સામાન્ય વહીવટ વિભાગને લગતો પ્રશ્ન છે.અત્યારે હાલ એની વિગત મારી પાસે છે નહીં એટલે બીજી અલગથી નોટિસ આપે.

**અધ્યક્ષશ્રી :** ઓ. કે.

**પંચમહાલ જિલ્લાના ખાનપુર તથા લુણાવાડામાં જયોતિગ્રામ યોજના**

***૧૩૫૭૦ શ્રીકાળુભાઇ હી. માલીવાડ (લુણાવાડા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાના જાહેર કરેલ ગામોમાં જયોતિગ્રામ યોજનાનું કામ કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે અને

(૨) આ યોજનાનો લાભ લોકોને કયારથી મળશે?

**માનનીય મુખ્યમંત્રીશ્રી(ઉર્જા) :**

(૧) શકય તેટલાં વહેલા.

(૨) લુણાવાડા તાલુકાના ૬૧ ગામો તથા ખાનપુર તાલુકાના ૧૮ ગામો જયોતિગ્રામ થઈ ગયેલ હોઈ યોજનાનો લાભ મળતો થઈ ગયેલ છે, બાકી રહેલ ગામોને યોજનાનો લાભ શકય તેટલાં વહેલા આપવાનું આયોજન છે.

**શ્રી કાળુભાઇ હી. માલીવાડ:** માનનીય અધ્યક્ષશ્રી, લુણાવાડા અને ખાનપુર તાલુકામાં જ્યોતિ ગ્રામ યોજનાના જે ગામો જાહેર કર્યા છે એ માટે મારે આપના દ્વારા જાણવું છે કે પંચમમહાલ જિલ્લામાં જે ડેરી સંઘ છે એમાં લુણાવાડા અને ખાનપુર તાલુકાની હદ કરતાં વધારે ડેરી મંડળીઓ આવેલી છે. આ વિસ્તારમાં જ્યોતિ ગ્રામ દ્વારા જે જે ગામોમાં લાભ મળ્યો છે ત્યાં bulk feeder નાના હીરા ઉદ્યોગ ચાલે છે તો જો આ ૨૪ કલાક લાઈટ મળતી થઈ છે તેનાથી આ યોજના ખૂબ આશીર્વાદરૂપ નીવડી છે તો આ બધા ગામોમાં સત્વરે આ યોજનાનો લાભ મળે એવી અહીંના લોકોની ઈચ્છા છે તો સત્વરે કામ થાય અને આ યોજના ત્યાં પાર પાડવા માગે છે કે કેમ એ હું આપના દ્વારા જાણવા માગું છું

**શ્રી સૌરભ પટેલ** : મને આ સભાગૃહમાં માહિતી આપતાં આનંદ થાય છે કે રાજયના....

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, એક જ મુદ્દાની માહિતી આપો. પ્લીઝ, નો, નો.

**શ્રી સૌરભ પટેલ** : જવાબ આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, લુણાવાડા તાલુકામાં ૨૩૬ ગામો છે એમાંથી ૬૧ થયા છે. ખાનપુરમાં ૮૬માંથી ૧૮ થયા છે. બાકીના ગામો કરવાના બાકી છે એ ૩૧મી માર્ચ સુધીનો ટારગેટ રાખેલ છે અને બને એટલા સંપૂર્ણ જયોતિગ્રામ યોજનામાં લઈ લઈશું.

**શ્રી કનુભાઇ મે. ભલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગુજરાતમાં જયોતિગ્રામ ઘણા ગામડાઓમાં દાખલ થઈ છે. પરંતુ પરા, પેટાપરા, શૈક્ષણિક સંકુલો અને આશ્રમશાળાઓમાં ગામથી દૂર આવેલ હોવાથી ત્યાં ખેતીવાડી કનેકશન સાથે જોડાયેલ હોવાથી આઠ કલાક પાવર મળે છે. એના માટેની સરકારની કોઈ યોજના છે કે ૨૪ કલાક પાવર મળે?

**શ્રી સૌરભ પટેલ** : પેટાપરાને પણ જયોતિગ્રામમાં સાંકળી લીધાં છે. દા.ત. પંચમહાલનો દાખલો આપું તો ૧૩૨૭ પેટાપરામાંથી ૬૧૯ પેટાપરાંમાં આપણે જયોતિગ્રામમાં લાઈટ આપીએ છીએ. સંકુલોની વાત કરી તો એ સંકુલોની જો દરખાસ્ત આવે તો દરખાસ્તના આધારે જયોતિગ્રામમાં સમાવેશ કરવામાં આવશે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : પેટાપરામાં જે માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે જયોતિગ્રામ યોજનામાં આવરી લેવામાં આવેલ છે. મારે જાણવું છે કે જ્યારે જયોતિગ્રામની યોજનામાં કેટલાય ગામોને લેવાયા છે પણ એમાં પૂરતી વીજળી મળે છે કે કેમ? આ મારો પહેલો પ્રશ્ન છે. આ એક માત્ર પેટાપરાંના નામે અને જયોતિગ્રામના નામે જાહેરાત છે. મારા ડાંગ જિલ્લાની વાત કરું, પંચમહાલ જિલ્લાની વાત કરું તો માત્ર જાહેરાત કરવાની વાત છે.

**શ્રી સૌરભ પટેલ** : આજની તારીખ સુધીમાં જ્યારથી જયોતિગ્રામ યોજના આવી અને ૨૪ કલાક વીજળી આપવાની આવી ત્યારથી કોઈ ફરિયાદ મળી નથી કે વીજળી મળતી નથી. માનનીય ધારાસભ્યશ્રીની કોઈ રજૂઆત.

**શ્રી બાલુભાઈ તંતી** : માનનીય અધ્યક્ષશ્રી, જયોતિગ્રામ યોજના ૨૪ કલાક લાઈટ આપવાની જે યોજના છે એ અભિનંદનને પાત્ર છે. કેટલાક ગામોમાં હીરાના અને અન્ય કારખાનાઓ ચાલુ થયા છે. એવા સમયે સતત વીજ પુરવઠો મળતો નથી ત્યારે ખૂબ અસંતોષ થાય છે અને શહેરમાં જવાનો પ્રવાહ ચાલુ થાય છે. આવા સંજોગોમાં ૨૪ કલાક વીજળીની ખાતરી મળવી જોઈએ અને આના માટેની મશીનરી સરકારશ્રીએ આપી દીધી છે. નવી લાઈનો, ફીડર માટેની જે કાંઈ સાધન-સામગ્રી છે એ આપી દીધી છે પણ હજુ સુધી ઘણી જગ્યાએ લગાડેલ નથી. એના પરિણામે ૨૪ કલાક લાઈટ મળી શકતી નથી. તો આના માટે પણ સરકારે જાગરૂકતા દાખવી એ વિસ્તારમાં ૨૪ કલાક સતત વીજ પુરવઠો મળતો રહે એવી વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : ૨૪ કલાક વીજળી આપવાની વ્યવસ્થા ગોઠવી છે. કદાચ કોઈ ફીડર ઉપર રેગ્યુલર મેન્ટેનન્સ ચાલતું હોય એના કારણે વીજળી બંધ કરાઈ હોય. એવા સંજોગોમાં આપણે પહેલેથી જાણ કરીને મેન્ટેનન્સમાં લઈએ છીએ. અગર ધારાસભ્યશ્રીને એમ હોય કે આ ફીડરમાં આ કારણસર બંધ થયું હોય તો મારું ધ્યાન દોરજો તો ચોક્કસ વ્યવસ્થા ગોઠવી આપીશું.

## સુરત જિલ્લાના પલસાણા તાલુકાના બલેશ્વર ખાતે ગાયોની ક્રૂર રીતે કરાયેલી હત્યા

***૧૩૭૪૮ શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** તા. ૪-૩-૨૦૦૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૦૪૯૧ (અગ્રતા ક્રમાંક-૨૮)ના અનુસંધાને જણાવવા કૃપા કરશે કે:-

(૧) સુરત જિલ્લાના પલસાણા તાલુકાના બલેશ્વર ખાતે જાન્યુઆરી-૨૦૦૫માં ગાયોની સામૂહિક કતલના કિસ્સામાં પોલીસ કર્મચારીઓની બેદરકારી કે બેજવાબદારી અંગે ઈન્કવાયરી ચાલુ હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ ઈન્કવાયરી કઈ કક્ષાએ હાથ ધરવામાં આવી હતી,

(૩) આ ઈન્કવાયરીના શાં તારણો આવ્યાં છે, તથા પોલીસ કર્મચારીઓ/અધિકારીઓની બેદરકારી તથા બેજવાબદારી બદલ શાં ગંભીર પગલાં લેવામાં આવ્યાં છે, અને

(૪) આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે પોલીસ તંત્ર દ્વારા શી ખાસ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :**

(૧) હા, જી.

(૨) આ ઈન્કવાયરી પોલીસ અધિક્ષકશ્રી, સુરત (ગ્રામ્ય)એ કરેલ છે.

(૩) આ ઈન્કવાયરી પૂરી કરી, પ્રાથમિક તપાસનો અહેવાલ પોલીસ મહાનિર્દેશકશ્રી, સુરત વિભાગને મોકલી આપેલ છે, પ્રાથમિક તપાસમાં કોઈપણ પોલીસ કર્મચારી/અધિકારીની બેદરકારી જણાયેલ નથી.

(૪) આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે ગેરકાયદેસર હેરાફેરી કે કતલ જણાઈ આવે તો મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ અને પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ ૧૯૬૦ હેઠળ સખ્તમાં સખત કાયદેસરની કાર્યવાહી કરવાની વ્યવસ્થા છે.

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, ગાયને આપણે માતા માનીએ છીએ. ગાયમાં ૩૩ કરોડ દેવતાઓનો વાસ છે એવું આપણે અને આપણો ધર્મ કહીએ છીએ. ગાયોની ખુલ્લેઆમ કતલ થતી હોય અને એની કાર્યવાહીમાં બેદરકારી રાખીએ ત્યારે જ્યારે ૨૦૦૨માં ગાયોના સામૂહિક કતલના કિસ્સામાં રાજય સરકાર દ્વારા ક્યારે ઈન્કવાયરી ચાલુ કરવામાં આવી અને ક્યારે પૂર્ણ થઈ? આ અંગે રાજય સરકારે કયા કયા પોલીસ અધિકારીઓના નિવેદનો ક્યારે લીધા? ઑગસ્ટ-૨૦૦૫ની સ્થિતિએ ગાયોની સામૂહિક હત્યાના છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા કેસો નોંધાયા છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય સભ્યશ્રી, મેં જવાબની અંદર જ જણાવ્યું છે કે જેવો આ કિસ્સો રાજ્ય સરકારના ધ્યાન પર આવ્યો કે તરત જ રેંજ આઈ.જી.ના ઑર્ડરથી પોલીસ અધિક્ષક સુરતે ઈન્કવાયરી ચાલુ કરી હતી. પ્રાથમિક તપાસ એની પૂરી થઈ ગઈ છે અને પ્રાથમિક તપાસમાં આના માટેની કોઈની બેદરકારી જણાઈ નથી. માનનીય શીવજીભાઈ સભ્યશ્રીની જે લાગણી છે એ લાગણી જોડે આખું ગૃહ સંમત હોય એમાં કોઈનો વિખવાદ જ ના હોઈ શકે. પરંતુ મારે એક વાત યાદ કરાવવી છે કે જ્યાં સુધી ગાયોની કતલનો સવાલ છે ત્યાં સુધી શીવજીભાઈ, અમારી પ્રતિબદ્ધતા છે એટલી કોઈની નથી અને આ ગાયોના કતલની અંદર, ગાયોના કતલ કરવાવાળા ઉપર રાજ્યની અંદર પાસાનો અમલ કરવાની શરૂઆત આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે અને કડક પગલા લેવાની શરૂઆત પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે શરૂ કરી છે. સાહેબ, આ કિસ્સાની અંદર જે (અંતરાય) ગોવાભાઈ, સાંભળો, આ કિસ્સાની અંદર પણ જે લોકો આ જઘન્ય કૃત્ય કરતા પકડાયા હતા એવા ત્રણ લોકો પર પાસાનો હુકમ આ સરકારે કર્યો છે અને ત્વરિત પગલાં ભર્યા છે અને ૬ - ૬ આરોપીઓ પકડાઈ ગયા છે.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષજી, હું જુદી બાબત તરફ ધ્યાન દોરવા માગું છું. આ સભાગૃહના માનનીય સભ્યશ્રીઓનું એક વાત તરફ બધાનું ધ્યાન આકર્ષાય એવી મને જરૂર લાગે છે. હું લગાતાર આપણી આ વિધાનસભા ગૃહમાં માનનીય સભ્યશ્રી શીવજીભાઈએ એમની જે જીવદયા બાબતની જાગૃકતા છે તેની નોંધ લેવી પડે એવી છે, એમના બધા જ પ્રશ્નો સાચા છે એટલે મારા મનથી એક આ લાગણી વ્યકત કરું છું. એમણે હંમેશા કોઈ મોરની સાથે બન્યું હોય યા ગાયની સાથે બન્યું હોય, છેક કચ્છની ધરતી પર રહેનાર આપણા શીવજીભાઈએ એમની જે સંવેદના દરેક બાબતમાં, દરેક વિધાનસભામાં એક-બે પ્રશ્ન એમના આવ્યા જ છે અને હું માનું છું કે આપણા બધા સભ્યશ્રીઓ માટે શીવજીભાઈનું આ કામ પ્રેરણારૂપ છે, મારે એમને અભિનંદન આપવાં છે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નના જવાબમાં આપવામાં આવ્યું છે કે, મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ અને પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ ૧૯૬૦ હેઠળ પહેલા કોરપોરેશન વિસ્તારમાં અને નગરપાલિકા વિસ્તારમાં કતલખાનાનું નિયમન અને નિયંત્રણ એ નગરપાલિકા અને મહાનગરપાલિકાનું તંત્ર કરતું હોય છે, એની સાથે સાથે પેરલલ ગૃહવિભાગને પણ આ બંને કાયદા નીચે અધિકારો મળેલા છે. નગરપાલિકા અને મહાનગરપાલિકામાં જ્યાં કાયદેસર કતલખાના નથી અથવા કાયદેસર કતલખાના નહિ અને બીજે કતલ થાતી હોય ત્યાં અટકાવવા માટે ગૃહવિભાગને આ બંને કાયદા તળે અધિકાર મળેલા છે. મારે ત્યાં ભાવનગરમાં અને ભાવનગર

જિલ્લાના શિહોર, મહુવા અને બોટાદ બધી જ જગ્યાએથી આ પ્રકારની ફરિયાદ આવેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત પૂછવા માગુ છું કે ત્યાં બધી જ જગ્યાએ કાયદેસર કતલખાના સિવાય કયાંય કતલ થાતી હોય તો આ બંને કાયદા તળે એને અટકાવવા માગો છો કે કેમ? અને એની નીચેના કડક પગલાં લેવા માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : હા, જી.

**શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ :** માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, બલેશ્વર ગામ છે એ મારા વિસ્તારનું ગામ છે એટલે પહેલા તો મારે માનનીય ધારાસભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે એના માટે ખરેખર આજે આભાર માનું છું અને આ જે ગામ છે બલેશ્વર એ આખા જિલ્લાની બહાર પણ ગાયાનું મટન સપ્લાય કરવામાં અગ્રેસર રહેલ છે તો આ ગામની અંદર જે બનાવ બન્યો એ બનાવનો પોલીસ કેસ થયો છે એની પરિસ્થિતિ શું છે ? બીજો પ્રશ્ન, જે દિવસે અને તારીખે આ બનાવ બન્યો છે એ આરોપીઓ સાથે કયા કયા ગુના દાખલ કરવામાં આવ્યા છે? ત્રીજો પ્રશ્ન, આ અંગે અગાઉ આ પ્રશ્ન માટે જે દિવસે બનાવ બન્યો તે દિવસે મેં ડી.એસે.પી.ને પણ આ અંગે માહિતી આપી હતી. પણ એ આરોપીઓને બચાવવા માટે સમગ્ર જિલ્લાના કૉંગ્રેસના કાર્યકર્તાઓએ આવીને ત્યાં પડાવ નાખેલો આને બચાવવા માટે, આજે આ જે બનાવમાં સંડોવાયા છે એમણે મોટો ગુનો કરેલો છે. (અંતરાય) તો એમની સામે કડકમાં કડક કાર્યવાહી થાય એવી હું વિનંતી કરું છું ( અંતરાય )

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી (અંતરાય) પ્રવિણભાઈ પ્લીઝ.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં સુધી કેસનો સવાલ છે ત્યાં સુધી આ કેસ કોર્ટમાં પેન્ડિંગ છે. જે કુલ છ આરોપીઓ પકડાયા હતા, એમણે કહ્યું કે, શું પગલાં ભરવામાં આવ્યાં છે, એ છમાંથી ગુલામશા કાસમશા ફકીર, સબ્બીરશા માનુશા કલાઈવાલા, સરફરાઝ ઉર્ફે સફીક સબ્બીર બાનુશા આ ત્રણ ઉપર પાસા લગાડવામાં આવી છે અને પાસાની કલમો લગાડી કડક કાર્યવાહી કરી છે, એ સિવાયના આરોપીઓ કાસમ ઉર્ફે અબુ મંગલશા ગુલામશા, સબીરશા ઈસ્માઈલ યુસુફ આબોવટ, સરફરાઝભાઈ આ બધા પર જે ક્રિમીનલ કેસોની કાર્યવાહી કરવામાં આવી છે અને ૧૫૧ અને ૧૦૭ હેઠળ અટકાવતી પગલાં પણ ભરવામાં આવ્યાં છે

**શ્રી ગોવાભાઈ હ. રબારી :** માનનીય અધ્યક્ષશ્રી, શીવજીભાઈના પ્રશ્નની મુખ્યમંત્રીશ્રી સાહેબે નોંધ લીધી એ બદલ એમનો આભાર પરંતુ આ કેસની સાથે જોડાયેલો છે, આજે જે ગાયોની દશા છે આ રાજયમાં અને શહેરોમાં એ હજુ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ઉપર આવો.

**શ્રી ગોવાભાઈ હ. રબારી :** એમના આભાર સાથે સાચી માહિતી આપું છું (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નો, નો.

**શ્રી ગોવાભાઈ હ. રબારી :** ત્યાં આજે ભૂંડ કરતાં ગાયોની દશા ખરાબ છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બેસી જાઓ. માનનીય હરેશભાઈ.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ :** હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું (અંતરાય)

**શ્રી ગોવાભાઈ હ. રબારી :** ગાયોની કતલ થાય, કઈ રીતે બેસી જાઉં ?

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ઉપર આવો.

**શ્રી ગોવાભાઈ હ. રબારી :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ બધું જ જણાવ્યું કે, આના ઉપર ઈન્કવાયરી કરાવી, તપાસ કરાવી અને કોઈપણ ગુનેગાર નીકળ્યો નહીં, તો મારે પ્રશ્ન એ પૂછવો છે કે, ૨૫-૩૦ ગાયોની કતલ થઈ છે આ કતલ કોણે કરી, કેવી રીતે કરી, અને આવી તો હજજારો ગાયોની કતલો થાય છે એમાં કોને જવાબદાર ઠરાવ્યા આ તપાસમાં? તપાસ થઈ કશું ન આવ્યું, એમાં કાયદો છે ૧૯૫૪ અને ૧૯૬૦નો કાયદો છે પણ કાયદાનું પાલન શું કર્યું ? આ ગાયોની કતલો થઈ એના માટે તમે શું કર્યુ ?

**શ્રી અમિત અ. શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, કદાચ ગોવાભાઈ અને જે લોકોએ પાટલીઓ થપથપાવી એ સૌ સભ્યશ્રીઓએ પ્રશ્નોત્તરી ધ્યાનથી સાંભળી નથી.

**અધ્યક્ષશ્રી** : ગોવાભાઈ એ વખતે વાતોમાં હતા.

**શ્રી અમિત અ. શાહ** : મેં જવાબ એવો નથી આપ્યો કે કોઈ ગુનેગાર નથી, મેં છ ગુનેગારોના નામો કહ્યા એ પૈકી ત્રણ ઉપર પાસા લગાડી છે અને ત્રણ જણા ઉપર બીજી કલમો લગાડી છે. જે મેં જવાબ આપ્યો કે, એમાં કોઈ જવાબદાર નથી એ પોલીસ અધિકારીઓ માટેની વાત કરી છે, પોલીસ અધીક્ષકની પ્રાથમિક તપાસમાં કોઈ પોલીસ અધિકારી જવાબદાર જણાયા નથી.

## કચ્છ જિલ્લામાં ખૂન, લૂંટ અને બળાત્કારના કિસ્સાઓ

***૧૩૩૪૮ શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે,

(૧) કચ્છ જિલ્લામાં છેલ્લા એક વર્ષ દરમિયાન તા.૩૧-૫-૨૦૦૫ સુધીમાં ખૂન, લૂંટ, ઘરફોડ ચોરી તેમજ બળાત્કારના કેટલા કિસ્સાઓ બનેલ છે,

(૨) કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કચ્છ જિલ્લામાં કથળેલ છે તે હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો તેના માટે સરકારે શા પગલાં વિચાર્યા છે?

**રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી:**

(૧) ખૂન -૩૩
લૂંટ -૨૬
ઘરફોડ ચોરી - ૨૪૮
બળાત્કાર -૧૨

(૨) ના.જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કચ્છ જિલ્લામાં હાલમાં ઘણા બધા પર પ્રાંતના લોકો આવ્યા છે અને ઘણા બધા ચોરીના કિસ્સાઓ વધ્યા છે, તો આ ચોરીના કિસ્સાઓ અટકાવવા રાજય સરકારે શું વિચારણા કરી છે અને જે બળાત્કારના કેસો બન્યા છે એમાં કોઈ પોલીસ કર્મી આમાં પકડ્યો છે કે કેમ અને જો પકડ્યો છે તો એની સામે શું કાર્યવાહી કરવામાં આવી છે?

**શ્રી અમિત અ. શાહ** : ઘરફોડીના બનાવો એકદમ વધ્યા છે એની સાથે હું સંમત નથી. પરંતુ કચ્છ સરહદી જિલ્લો છે. ત્યાં કોઈપણ પ્રકારની ગુનાખોરી અંગે રાજય સરકાર સજાગ અને સંવેદનશીલ છે. સભ્યશ્રીએ સ્પેસીફીક પૂછયું બળાત્કારના કિસ્સામાં પોલીસ કર્મચારી ઉપર બળાત્કારનો કેસ નોંધાયો છે કે નહીં અને છેલ્લી પરિસ્થિતિ શું છે તો આ કિસ્સાની મારી પાસે અત્યારે પર્ટીકયુલર માહિતી નથી અને સભ્યશ્રીની લાગણી છે એટલે હું વિધાનસભાના મેજ ઉપર મૂકવા માટે સંમત છું. હું મેજ ઉપર માહિતી મૂકીશ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છના આંકડા અપાયા અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળેલી છે કે કેમ એમાં મંત્રીશ્રીએ કહ્યું નાજી. ૩૩ જેટલા ખૂન થયા અને ૨૪૮ જેટલી ઘરફોડ ચોરી થઈ. હું આંકડા સિવાયની વિગતોમાં વધુ નહીં ઊતરું પણ કચ્છમાં અને બીજી જગ્યાએ પૈસા માટે બાળકોના અપહરણ થયા. કચ્છમાં ૧૫ વર્ષના બાળકનું અપહરણ થયું અને ખૂન થયું. મારા મત વિસ્તારમાં ખૂન થયું છે એનો ઉલ્લેખ હું અહીં નહીં કરું પરંતુ આ માસુમ બાળકના ખૂનીને રાજય સરકાર હજુ સુધી પકડી શકી નથી અને મંત્રીશ્રી જવાબ આપે છે કે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળેલી નથી. તો આટલા બધા આંકડા અપાયા હોય, ગુનેગાર હજી સુધી મળતા ન હોય, એના મા-બાપ કહે છે કે ગુનેગારને પકડનારને અમે ઈનામ આપવા તૈયાર છીએ. છતાં રાજય સરકાર સફળ થઈ શકી નથી તો કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળેલી કહેવાય કે કેમ એ મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ એક કિસ્સા ઉપરથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનો અંદાજ લગાવવો એ (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું આંકડામાં વાત કરવા માગું છું કચ્છ જિલ્લાની વાત કરવા માગું છું. ૧૯૯૫માં ૪૦ ખૂન, ૧૯૯૬માં ૪૮ ખૂન, ૧૯૯૭માં ૫૮ ખૂન, અત્યારે ૨૯ અને ૩૩ થયા છે (અંતરાય) ઓછા જ થયા છે, કરાવવા નથી. તમે કહો છો કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી છે પણ કથળી નથી, ગુનામાં ઘટાડો થયો છે, એક પણ ગુનો ન ઉકેલાયો હોય તો રાજય સરકાર માટે એ ચિંતાનો વિષય છે. પરંતુ કોઈ એક ગુનાને પર્ટીકયુલર આઉટ ફીંગર કરીને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનું આકલન કરવું એ પદ્ધતિ બરાબર નથી. ગુનાના ઉકેલની દિશામાં પણ છેલ્લા ત્રણ વર્ષથી ૬.૫ ટકાનો વધારો થયો છે અને જે કિસ્સાની રજૂઆત વિરોધ પક્ષના નેતાશ્રીએ કરી એના ઉપર પૂરતું ધ્યાન અપાઈ રહ્યું છે. ગૃહમાં રજૂઆત થઈ છે અમે વધુ કાળજી રાખીને ગુનો ત્વરિત ઉકેલાય એ દિશામાં પગલાં ભરીશું.

## રાજયના પોલીસ કર્મચારીઓને પાંચમા પગાર પંચના અહેવાલના લાભો આપવા બાબત

***૧૩૨૦૧ શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:

(૧) રાજયના પોલીસ કર્મચારીઓને પાંચમા પગાર પંચના અહેવાલથી બાકાત રાખવામાં આવ્યા છે એ હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના કારણો શા છે, અને

(૩) રાજય સરકાર પોલીસ કર્મચારીઓને આ પગાર પંચના લાભો કેટલા સમયમાં આપવા માગે છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ):**

(૧) ના જી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર ઉપર પાંચમા નાણા પંચના અહેવાલને કારણે દર વર્ષે કેટલી રકમનો બોજો પડે છે? આ પૈકી રાજય સરકારના પોલીસ કર્મચારીઓને કેટલી રકમનો લાભ આપવામાં આવ્યો છે? આ લાભ કેટલા વર્ષોથી આપવામાં આવે છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પાંચમા પગારપંચની જે ભલામણો હતી એ બધાનો અમલ કરી દેવામાં આવ્યો છે.

## સાબરકાંઠા જિલ્લાના શામળાજી ચેકપોસ્ટની માસિક આવક બાબત

***૧૩૪૩૮ ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (વાહનવ્યવહાર)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સાબરકાંઠા જિલ્લાના શામળાજી ચેકપોસ્ટ પર જુલાઈ- ૨૦૦૫ સુધી છેલ્લા બે વર્ષમાં માસિક આવક કેટલી છે,
(૨) સરકારે નિયુકત કરેલ કર્મચારીઓ સિવાયના કેટલા માણસો શામળાજી ચેકપોસ્ટ પર કામ કરે છે, અને
(૩) આ કર્મચારીઓની કામગીરી અને પગારની ચૂકવણીની શી વ્યવસ્થા સરકારે કરી છે ?

**મુખ્યમંત્રીશ્રી (વાહનવ્યવહાર) :**

(૧) સાબરકાંઠા જિલ્લાના શામળાજી ચેકપોસ્ટ પર જુલાઈ- ૨૦૦૫ સુધી છેલ્લા બે વર્ષમાં માસિક આવક નીચે પ્રમાણની છે.

| નંબર | માસ | વર્ષ | આવક રૂા. |
|---|---|---|---|
| ૧ | ઓગસ્ટ | ૨૦૦૩ | ૩,૯૯,૩૫,૨૬૯ |
| ૨ | સપ્ટેમ્બર | ૨૦૦૩ | ૪,૧૮,૧૬,૮૫૦ |
| ૩ | ઓકટોબર | ૨૦૦૩ | ૪,૧૯,૩૬,૦૮૮ |
| ૪ | નવેમ્બર | ૨૦૦૩ | ૪,૭૦,૩૦,૧૮૯ |
| ૫ | ડિસેમ્બર | ૨૦૦૩ | ૪,૮૭,૯૯,૦૨૪ |
| ૬ | જાન્યુઆરી | ૨૦૦૪ | ૪,૪૮,૮૯,૨૨૬ |
| ૭ | ફેબ્રુઆરી | ૨૦૦૪ | ૪,૬૦,૯૫,૫૦૭ |
| ૮ | માર્ચ | ૨૦૦૪ | ૫,૦૦,૩૨,૯૬૧ |
| ૯ | એપ્રિલ | ૨૦૦૪ | ૪,૧૬,૧૯,૧૧૦ |
| ૧૦ | મે | ૨૦૦૪ | ૪,૫૦,૪૭,૨૨૮ |
| ૧૧ | જૂન | ૨૦૦૪ | ૪,૦૦,૧૮,૮૯૦ |
| ૧૨ | જુલાઈ | ૨૦૦૪ | ૩,૯૬,૮૯,૩૨૭ |
| ૧૩ | ઓગસ્ટ | ૨૦૦૪ | ૩,૩૨,૮૬,૪૦૪ |
| ૧૪ | સપ્ટેમ્બર | ૨૦૦૪ | ૪,૬૫,૫૩,૦૧૪ |
| ૧૫ | ઓકટોબર | ૨૦૦૪ | ૪,૭૭,૮૯,૨૦૦ |
| ૧૬ | નવેમ્બર | ૨૦૦૪ | ૪,૭૯,૭૧,૭૫૩ |
| ૧૭ | ડિસેમ્બર | ૨૦૦૪ | ૫,૮૫,૮૭,૬૫૭ |
| ૧૮ | જાન્યુઆરી | ૨૦૦૫ | ૫,૩૦,૮૧,૪૧૩ |
| ૧૯ | ફેબ્રુઆરી | ૨૦૦૫ | ૫,૦૦,૭૪,૨૪૪ |
| ૨૦ | માર્ચ | ૨૦૦૫ | ૫,૩૦,૦૫,૭૭૮ |
| ૨૧ | એપ્રિલ | ૨૦૦૫ | ૫,૦૪,૫૩,૮૦૨ |
| ૨૨ | મે | ૨૦૦૫ | ૫,૩૨,૮૯,૧૮૫ |
| ૨૩ | જૂન | ૨૦૦૫ | ૪,૭૯,૭૭,૧૫૨ |
| ૨૪ | જુલાઈ | ૨૦૦૫ | ૪,૪૧,૭૨,૯૯૦ |

(૨) શામળાજી ચેકપોસ્ટ પર પ્રસ્થાપિત કરવામાં આવેલ વેબ્રિજની નિભાવણી માટેના ઇજારદારના ૧૫ કર્મચારીઓ તથા ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ સિક્યુરીટી ફોર્સ સોસાયટીના ૧૮ સિક્યુરીટી ગાર્ડસ કામ કરે છે.

(૩) વેબ્રિજની નિભાવણી માટે કામ કરતા ૧૫ કર્મચારીઓને પગારની ચૂકવણી ઇજારદાર દ્વારા કરવામાં આવે છે અને સિક્યુરીટી ગાર્ડના પગારની ચુકવણી સરકાર દ્વારા કરવામાં આવે છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, ચેકપોસ્ટ કોમ્પ્યુટરાઈઝ થઈ ગયા પછી પણ વે-બ્રીજની નિભાવણી અને સિકયોરિટી ફોર્સ સિવાયના માણસો, એ માણસ બતાવ્યા તે સિવાયના માણસો આર.ટી.ઓ. ઈન્સ્પેકટરને રાખવા પડતા હોય છે અને એ સાધન આવતાં અને જતાં એમ બંને સાઈડે ૮-૮ કલાકની ડયૂટી પ્રમાણે એક એક જગ્યાએ ૩-૩ એટલે લગભગ ૨૪ કલાકના ૨૪-૨૫ માણસો એક ચેકપોસ્ટ ઉપર હોય છે. આ માણસો આમ તો લોકલ ફોલ્ડરિયા તરીકે ઓળખાય છે. આ માણસોને પગાર કોણ ચુકવે છે? આર.ટી.ઓ. તરફથી આવા માણસોને કાયમી કરવા માટેની કોઈ માગણી છે કે અમારી કામગીરી વધી છે, એટલે એમણે કોઈ માગણી કરી છે કે કેમ આટલું જાણવું છે?

**શ્રી અમિત અ. શાહ** : આવા માણસો અસ્તિત્વમાં નથી, એટલે કાયમી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય મંત્રીશ્રી સાચી માહિતી આપતા નથી. હમણાં જ એન્ટી કરપ્શન બ્યુરોએ એક ચેકપોસ્ટ ઉપર ભીલાડ ઉપર દરોડો પાડ્યો અને એક ઈન્સ્પેકટરને પકડ્યા અને ફોલ્ડરિયા ૩૭,૮૦૦ની રકમ સફારી કારમાં લઈ ગયા. ફોલ્ડરિયા કલેક્શન કરે છે એની માહિતી અને સીડી માનનીય મંત્રીશ્રીને આપવામાં આવી છે. અહીયા માહિતી ખોટી અપાઈ છે. આ ફોલ્ડરિયા ચાલુ છે અને ઈન્સ્પેકટરને એન્ટી કરપ્શનમાં પકડ્યા છે એને સસ્પેન્ડ કરવાની વાત જુદી રહી, પણ એ ચેકપોસ્ટ ઉપરથી દૂર કર્યા નથી આ બાબતે પગલાં લેવાં માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધ પક્ષના નેતાશ્રીએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો એની સંપૂર્ણ જાણકારી રાજય સરકાર જોડે આવી છે. વિગતે એન્ટીકરપ્શન બ્યુરોનો અહેવાલ ૪ દિવસ પહેલા વાહનવ્યવહાર વિભાગ જોડે આવ્યો છે અને પગલાં ભરવાની કાર્યવાહી ગતિમાં છે. જ્યાં સુધી ગેરકાયદેસર માણસો ચેકપોસ્ટ ઉપર ઉભા રહી ભ્રષ્ટાચાર કરવાનો સવાલ છે, ત્યાં સુધી મારે આમાં વર્ણન, જુદા જુદા ભાવાત્મક વાતમાં નથી પડવું. સીધે સીધા આંકડા ઉપર જવા માગું છું. શામળાજી ચેકપોસ્ટની વાત કરું છું.(અંતરાય) વાહનની વિગતો પણ આપું છું. બેસો (અંતરાય) તમારે મને રક્ષણ આપવું જોઈએ, જવાબ સાંભળવો હોય તો.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : પ્રશ્ન એટલો છે કે જે ઈન્સ્પેકટર ઉપર આરોપ એન્ટી કરપ્શન બ્યુરોએ લગાવ્યો છે અને ઘરપકડ કરી છે, પૈસા લીધા છે. ફોલ્ડરિયાની ઘરપકડ કરેલ છે. સફારી ગાડી મેળવી છે, એનો ત્રણ-ચાર મહિના જેટલો સમય થયો છે, પગલાં લેવાની વાત તો દૂર રહી, પણ ત્યાંથી બદલવામાં નથી આવ્યા તો આ સરકારને રાખવામાં શું રસ છે, એટલી જાણકારી મેળવવા માગું છું. એની સીડી પણ ગયા વિધાનસભાના સત્રમાં માનનીય ગૃહ મંત્રીશ્રીએ માગણી કર્યા મુજબ વિભાગને પહોંચાડાઈ છે, તો એ અંગેની કોઈ કાર્યવાહી કરી છે. આ ઈન્સ્પેકટરને શા માટે નથી બદલ્યા?

**શ્રી અમિત અ. શાહ** : મે કહ્યું થોડા દિવસ પહેલા એન્ટીકરપ્શન બ્યુરોનો અહેવાલ મળ્યો છે.

**અધ્યક્ષશ્રી** : બળદેવજી પ્લીઝ, પ્લીઝ. બળદેવજીભાઈ આપની રીત બરાબર નથી. દરેક પ્રશ્નમાં ઉભા થઈ જાઓ, વચ્ચે ડિસ્ટર્બ કરો એ ઠીક નથી. મારે બહાર જવાનું કહેવું પડશે. એક પણ પ્રશ્ન એવો નથી કે તમે ઉભા ન થયા હોય. પ્લીઝ.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમાં સ્પષ્ટતા કરી દઉં. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ જે સીડી આપી એ આ ઘટનાની નથી. એની અલગથી તપાસ થઈ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઘટના ઘટયા પછી એસીબીનો અહેવાલ થોડાક દિવસ પહેલાં વાહન વ્યવહાર વિભાગના ટેબલ પર આવ્યો છે અને ટૂંક સમયમાં તેની ઉપર કાર્યવાહી શરૂ કરવામાં આવશે. તેમાં કોઈએ શંકા કુશંકા રાખવાની કોઈ જરૂર નથી આ એક વાત. હવે બીજી વાત સાહેબ, મારો જવાબ પૂરો થવા દે તો સારું. (અંતરાય) મારો જવાબ હજી ચાલુ છે. હું મારી જગ્યાએ ઉભો છું. વચ્ચે ઉભા થાવ તે ઠીક નહીં. માનનીય અધ્યક્ષશ્રી, તેમને ફરીવાર સમય આપજો. મને કોઈ વાંધો નથી. મારા જવાબમાં વચ્ચે અંતરાય કરવાનું સારું નહી. વાહન વ્યવહાર વિભાગની આવકના આંકડા મારી પાસે છે. તે આંકડા છાપરે ચડીને પોકારે છે. ભ્રષ્ટાચાર કયા સમયમાં થતો હતો, કયા સમયમાં થતો હતો. ૧૯૯૪-૯૫માં શામળાજી ચેકપોસ્ટની આવક ૩ કરોડ હતી, ૧૯૯૪-૯૫માં માત્ર ૩ કરોડ હતી તે ૨૦૦૪-૦૫માં ૫૫ કરોડ રૂપિયા થઈ છે. ૩ કરોડથી ૫૫ કરોડ રૂપિયા. તેમાં વાહનોના વધારાનો સવાલ છે તો વાહનોનો વધારો પાંચ ઘણો થયો છે તે ગણીએ તો ૧૫ કરોડ થાય પણ તેની જગ્યાએ ૫૫ કરોડ રૂપિયા થઈ છે. તેના પરથી ખબર પડે છે કે ભ્રષ્ટાચાર કયાં ચાલતો હતો? કોણ કરતું હતું? લાજવાને બદલે ગાજશો નહીં. લાજવાની જગ્યાએ ગાજશો નહીં. આ તમે કર્યુ એટલે તો પ્રજાએ અહીં બેસાડયા છે.

## નર્મદા આધારીત કેનાલોનું પાણી મચ્છુ-૨માં નાંખવા અંગે

***૧૩૪૨૯ શ્રી મોહનભાઈક.કુંડારીયા (ટંકારા): માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે-

(૧) નર્મદા આધારીત કેનાલો દ્વારા મચ્છુ-૨માં પાણી નાંખવાનું રાજય સરકારનું આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો આ કેનાલોના કામોની શી પરિસ્થિતિ છે અને હાલ કયા લેવલે છે, અને

(૩) આ કેનાલોનું કામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે

**મુખ્ય મંત્રીશ્રી (નર્મદા):**

(૧) હા, નર્મદાના વધારાના પૂરના ૧ મીલીયન એકરફીટ પાણીમાંથી મચ્છુ-૨માં પાણી નાંખવાનું આયોજન છે.
(૨) મોરબી શાખા નહેરની પૂર્વ બાંધકામની કામગીરી હાથ ધરેલ છે.
(૩) મોરબી શાખા નહેરનું કામ તબકકાવાર ૨૦૦૫-૨૦૦૬ થી હાથ ધરી ૨૦૦૭-૨૦૦૮માં પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, નર્મદા આધારીત કેનાલ દ્વારા મચ્છુ-૨માં પાણી નાંખવાનું રાજય સરકારનું આયોજન છે કે કેમ? તે કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે અને તે કેનાલો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવશે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા :** માનનીય અધ્યક્ષશ્રી, મચ્છુ નદીમાં બે શાખા દ્વારા અને ડેમમાં એક શાખા દ્વારા પાણી નાંખવાનું આયોજન છે. તેમાં મોરબી, માળીયા અને ધ્રાંગધ્રા કેનાલો છે. એમાં મોરબી કેનાલની લંબાઈ ૧૧૭ કિ.મી છે. માળીયા કેનાલની લંબાઈ ૧૩૮ કિ.મી છે. ધાંગધ્રા કેનાલની લંબાઈ ૧૨૭ કિ.મી છે. તેમાં અંદાજીત ખર્ચ જોઈએ તો મોરબી કેનાલમાં ૨૬૩ કરોડનો ખર્ચ થશે, માળીયા કેનાલમાં ૨૭૨ કરોડ અને ધ્રાંગધ્રા કેનાલમાં ૨૬૧ કરોડનો ખર્ચ કરવાનો છે. મોરબી કેનાલના કામોની પૂર્વ તૈયારીરૂપે વિગતવાર મોજણી, જીઓલોજીકલ સંશોધન અને ડિઝાઈનનું કામ અગ્રિમતામાં છે. માળીયા કેનાલનું કામ પૂર્ણ થયેલ છે. ધ્રાંગધ્રા કેનાલનું શરૂઆતના ૭૪ કિ.મી.ના કામો પ્રગતિમાં છે. બાકીના કામોની પૂર્વ તૈયારીના મોજણીના જીઓલોજીકલ સંશોધન અને ડિઝાઈનના કામો થયા છે. ધ્રાંગધ્રા કેનાલના જે ૭૪ કિ.મીના કામો પ્રગતિમાં છે તેમાં ૧૪૫ કરોડનો ખર્ચ થયો છે.

**શ્રી સુનીલ બા. ઓઝા :** માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા આધારીત કેનાલ દ્વારા મચ્છુ-૨માં પાણી નાંખવાની વાત કરી. એ જ રીતે ભાવનગર જિલ્લામાં વલભીપુર પાસે મેવાખા છે,ત્યાં પોઈન્ટ છે. તેની એક મીટરની ઉંચાઈ કરવામાં આવે તો છેક ભાવનગર સુધી જયાં મહીપરિએજના પાણી આવે છે તે જ કેનાલ દ્વારા ભાવનગરમાં ખોડીયાર અને બોટાદ અને સમગ્ર ભાવનગર તાલુકાને આવરી લઈ શકાય તેમ છે અને તે રીતે નર્મદાનું પાણી પહોંચે તેમ છે તો તે માટે વિચારણા કરવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા :** માનનીય અધ્યક્ષશ્રી, સવાલ મચ્છુ-૨નો છે. આના માટે જૂદી નોટીસ આપવી પડે.

**શ્રી ચીમનભાઈ ધ. સાપરિયા :** માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા આધારીત પાણી મચ્છુ-૨માં નાંખવાનું રાજય સરકારનું આયોજન છે તે બદલ ખૂબ ખૂબ અભિનંદન. મચ્છુ-૨ કેનાલમાંથી હાઈલેવલ કેનાલ કરીને જામનગર જિલ્લાને પાણી આપવા માગો છો કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા :** માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ :**માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની અંદર તત્કાલિન મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈ પટેલ વધારાનું ઉપલબ્ધ પાણી, દરિયામાં વહી જનાર તમામ પાણી કચ્છને ફાળવવામાં આવશે તે ખાતરી આપેલ હતી તો માનનીય સિંચાઈ અને નર્મદામંત્રીશ્રી આ ખાતરીની તપાસ કરીને તેની વિગતો ટેબલ ઉપર મૂકશે કે કેમ ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા :** માનનીય અધ્યક્ષશ્રી, એક મીલીયન એકરફીટ પાણી, વધારાનું પાણી ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રને આપવાના ભાગરૂપે કચ્છને આપવાનું જ છે.

**અધ્યક્ષશ્રી :** પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. હું પહેલી, બીજી, ત્રીજી અને ચોથી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકું છું.

# અતારાંકિત પ્રશ્નો
## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### રાજ્યમાં હસ્તશાળોના માધ્યમથી રોજગારી

૧૩૭૯૬ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સને ૨૦૦૩-૨૦૦૪ના નાણાકીય વર્ષ દરમ્યાન કુલ કેટલી હસ્તશાળાના માધ્યમથી કેટલા લોકોને વર્ષમાં કેટલી રોજગારી મળતી હતી, અને | (૧) ૨૭૧૯ શાળોના માધ્યમથી ૪૭૪૧ લોકોને રોજગારી આપવામાં આવી હતી. |
| (૨) આ પરંપરાગત વ્યવસાયને જીવીત રાખવા હાલ કોઈ યોજના છે કે કેમ? | (૨) આ પરંપરાગત વ્યવસાયને જીવિત રાખવા માટે રાજ્ય સરકારે ૧૯૮૦થી ઔદ્યોગિક સહકારી મંડળીઓને નાણાકીય સહાયની પેકેજ યોજના અમલમાં મુકેલ છે. |

----------

### માળીયા તાલુકામાં અતિવૃષ્ટિને કારણે મીઠા ઉદ્યોગને સહાય

૧૩૮૦૮ **શ્રી કાંતિભાઇ અમૃતિયા (મોરબી) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તાજેતરમાં અતિવૃષ્ટિના કારણે માળીયા તાલુકામાં મીઠા ઉદ્યોગને નુકસાન થવાથી આ મીઠા ઉદ્યોગને ઊભા કરવા માટે સરકાર તરફથી કેટલી સહાય ચૂકવવામાં આવી કે કેટલી ચૂકવવા માગો છો ? | સરકાર તરફથી અપાતી રાહતો જાહેર થયેલા અસરગ્રસ્ત વિસ્તારો પુરતી સીમીત રાખવામાં આવેલી છે. રાજ્ય સરકાર તરફથી જે જે વિસ્તારોને અસરગ્રસ્ત તરીકે જાહેર કરવામાં આવ્યા છે. તેમાં રાજકોટ જીલ્લાનો સમાવેશ થતો નથી. જેથી સહાય મળવાપાત્ર નથી. |

------

### સાવરકુંડલામાં જ્યોતિગ્રામ યોજના

૧૩૫૫૮ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાવરકુંડલા તાલુકામાં જયોતિગ્રામ યોજના નીચે તા. ૩૧-૭-૦૫ સુધીમાં કેટલા ગામો જોડવામાં આવેલ છે, અને<br>(૨) બાકી રહેતા ગામો કઈ તારીખ સુધીમાં જોડવા માંગો છો ? | (૧) અને (૨) સાવરકુંડલા તાલુકાના કુલ ૮૦ ગામો પૈકી તા. ૩૧-૭-૨૦૦૫ સુધીમાં ૪૯ ગામો જ્યોતિગ્રામ થયેલ છે, ત્યારપછી બાકી રહેલ ૩૧ ગામો પણ જ્યોતિગ્રામ થયેલ હોવાથી હવે કોઈ ગામ જ્યોતિગ્રામ કરવામાં બાકી નથી. |

----------

### મંત્રી મંડળ માટેની નવી કારોની ખરીદી

૧૩૨૧૧ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧૬-૮-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ માસમાં મંત્રીમંડળ માટે કેટલી નવી કારોની ખરીદી કરવામાં આવી, અને | (૧) ૧૪. |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) રૂા. ૮૬.૭૫ લાખ. |

----------

**રાજ્યમાં સૌથી વધુ વેચાણવેરો બાકી હોય તેની વિગત**
૧૩૪૩૫ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી(નાણા)** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્યમાં સને ૨૦૦૪-૨૦૦૫માં સૌથી વધુ સેલ્સટેક્ષ કોનો બાકીમાં છે, | (૧) ગેસ ઓથોરીટી ઓફ ઇન્ડિયા લી. |
| (૨) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૭-૦૫ સુધીમાં સેલ્સટેક્ષમાં બાકીદારો પૈકી કોઇનો સેલ્સટેક્ષ માફ કરેલ છે, અથવા ઘટાડો કરીને વસુલ કરેલ છે, | (૨) ના, જી. |
| (૩) જો હા, તો કોનો કોનો અને કેટકેટલી રકમ માટે માફી આપેલ છે, અથવા ઘટાડો કરેલ છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આમ કરવાના કારણો શું ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**એટ્રોસીટી એક્ટ, ૧૯૮૯ના ચૂકાદા બાબત**
૧૩૬૧૮ **ડૉ. દિનેશ પરમાર (જામનગર(રુરલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્યના જુનાગઢ અને વેરાવળ જિલ્લામાં એટ્રોસીટી એક્ટ અન્વયેના ગુન્હાઓ બાબતે પોલીસે આ કાયદાની આજ્ઞાત્મક જોગવાઇઓની અમલવારીમાં બેદરકારી દાખવવાના કારણે તહોમતદારો નિર્દોષ છૂટી જવા બાબતના તા. ૧૦-૮-૦૩ થી તા. ૧૧-૮-૦૫ સુધીમાં કેટલા ચુકાદાની વિગતો સરકારશ્રીના ધ્યાન ઉપર મૂકવામાં આવી છે, | (૧) એક પણ નહીં. |
| (૨) નિર્દોષ છૂટેલા આરોપીઓવાળા કેસોના ચુકાદાઓની રજૂઆત કયા ધારાસભ્યશ્રીઓએ સંસ્થાઓએ કે વ્યક્તિઓએ સરકારમાં ક્યારે કરી છે, | (૨) ચુકાદાની રજૂઆતો ધ્યાને આવેલ નથી. |
| (૩) આ ચુકાદાઓની તપાસ સરકારે કોને અને ક્યારે સોંપી છે, અને | (૩) તપાસ સોંપવામાં આવેલ નથી. |
| (૪) આ તપાસમાં કેટલા પોલીસ અધિકારીઓ દોષિત જણાય છે, અને તેમની સામે કયા પગલાં લેવાયા છે ? | (૪) તપાસ સોંપાયેલ ન હોઇ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ખેડબ્રહ્મા તથા વિજયનગર તાલુકામાં ગામો અને પેટાપરાનું વીજળીકરણ**
૧૩૭૪૫ **શ્રીમતી રમીલાબેન બે. બારા (ખેડબ્રહ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તથા વિજયનગર તાલુકાના કયા કયા ગામો તથા પેટાપરાનું તા. ૧૬મી ઓગષ્ટ, ૨૦૦૫ની સ્થિતિએ વીજળીકરણ થવાનું બાકી છે, અને | (૧) સને ૨૦૦૧ના સેન્સન મુજબ કોઇ ગામમાં વીજળીકરણ કરવાનું બાકી નથી. આદિજાતિ કમિશ્નરશ્રીની પુસ્તિકા મુજબના ખેડબ્રહમા તાલુકાના ૪૦ પેટાપરાનું વીજળીકરણ થવાનું બાકી છે, જ્યારે વિજયનગર તાલુકામાં કોઇપણ પેટાપરાનું વીજળીકરણ થવાનું બાકી નથી. |
| (૨) ક્યાં સુધીમાં તે પૂર્ણ કરવાનું આયોજન છે? | (૨) શક્ય તેટલા વહેલા. |

----------

**રાજ્યના જ્યોતિગ્રામ યોજના હેઠળના ગામો**

૧૩૬૧૪ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુલાઇ, ૦૫ની સ્થિતિએ રાજ્યના કેટલા જિલ્લાઓ અને ગામો જ્યોતિગ્રામ બની ચૂક્યા છે, | (૧) જુલાઇ, ૦૫ની સ્થિતિએ રાજ્યના ૫ જિલ્લાઓ અને ૧૦૫૭૫ ગામો જ્યોતિગ્રામ બન્યા છે. |
| (૨) તે પૈકી રાજકોટ જિલ્લાના કેટલા તાલુકાઓ અને ગામો જયોતિગ્રામ બન્યા, | (૨) ૨ તાલુકાઓ અને ૪૯૮ ગામો. |
| (૩) તે પૈકી ઉપલેટા તાલુકાના કયા કયા ગામો જ્યોતિગ્રામ બન્યા છે, અને | (૩) સામેલ સૂચિ મુજબ. |
| (૪) બાકીના ગામો વહેલામાં વહેલા ક્યારે બનશે ? | (૪) તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં. |

**સૂચિ**

**ઉપલેટા તાલુકાના જ્યોતિગ્રામ બનેલ ગામો નીચે પ્રમાણે છે.**

| અ.નં. | ગામનું નામ | અ.નં. | ગામનું નામ |
|---|---|---|---|
| ૧. | અરણી | ૧૫. | લાઠ |
| ૨. | ભીમોરા | ૧૬. | માખીયાલા |
| ૩. | છારેલીયા | ૧૭. | મેરવદર |
| ૪. | ધાંક | ૧૮. | મોજીરા |
| ૫. | ડુમીયાણી | ૧૯. | પડવાલા |
| ૬. | ગઢાલા | ૨૦. | પનેલી મોટી |
| ૭. | ગણોદ | ૨૧. | રબારીકા |
| ૮. | હડફોડી | ૨૨. | રાજપરા |
| ૯. | હરીયાસણ | ૨૩. | સાજડીયાલી |
| ૧૦. | જાલ | ૨૪. | સમઢીયાલા |
| ૧૧. | કાથરોટા | ૨૫. | સતવાડી |
| ૧૨. | ખરચીયા | ૨૬. | વડાલી |
| ૧૩. | ખીરસરા | ૨૭. | વડાન |
| ૧૪. | કોલકી | | |

---------

**રાજ્યમાં પોટાના આરોપીઓની ધરપકડ અને છૂટકારો**

૧૩૬૨૨ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુલાઇ, ૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પોટાના કેસમાં કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા, | (૧) ૧૯. |
| (૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં પોટાના કેસ લગાવેલ હોય તેવા કેટલા આરોપીઓને છોડી મુકવામાં આવ્યા, અને | (૨) કોઇ આરોપીને છોડવામાં આવેલ નથી. |
| (૩) તેના કારણો શાં છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**રાજ્યના સરકારી પ્રિન્ટીંગ પ્રેસોમાં બાઇન્ડર અને પ્રીન્ટરની ખાલી જગ્યાઓ**

૧૩૭૩૯ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય છાપકામ અને લેખન સામગ્રી મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧૬-૮-૨૦૦૫ની સ્થિતિએ સરકારી પ્રિન્ટીંગ પ્રેસોમાં બાઈન્ડર અને પ્રિન્ટરની કુલ કેટલી જગાઓ ખાલી છે, | (૧) તા. ૧૬-૮-૨૦૦૫ની સ્થિતિએ આ ખાતા હસ્તકનાં સરકારી પ્રેસોમાં બાઈન્ડર અને પ્રિન્ટરની નીચે મુજબ જગાઓ ખાલી છે. |

| | |
|---|---|
| | ૧. બાઇન્ડર-૨૪ (ચોવીસ)<br>૨. પ્રિન્ટર-અત્રેના મહેકમ ઉપર પ્રિન્ટર સંવર્ગની જગ્યા નથી. |
| (૨) તે પૈકી અનુસૂચિત જનજાતિઓની કેટલી જગાઓ ખાલી છે, | (૨) બાઈન્ડર-બાઈન્ડર સંવર્ગમાં અનુસૂચિત જનજાતિની એક પણ જગા ખાલી નથી. |
| (૩) આ ખાલી જગાઓ કેટલાં સમયમાં સરકાર ભરવા માંગે છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ જગા ન ભરવાના શાં કારણો છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## પાદરા તાલુકામાં જ્યોતિગ્રામ યોજનાનો અમલ

૧૩૪૨૦ **શ્રી પુનમ ૨. પરમાર (પાદરા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી(ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પાદરા તાલુકામાં જુલાઈ, ૨૦૦૫ની સ્થિતિએ જ્યોતિગ્રામ અન્વયે કેટલાં ગામોનો સમાવેશ થયેલ છે, | (૧) ૨૮. |
| (૨) કેટલાં ગામોનો આ યોજનામાં સમાવેશ કરવાનો બાકી છે, | (૨) ૫૪. |
| (૩) બાકી રહેલ ગામોમાં આ યોજના કેટલાં સમયમાં પૂર્ણ થશે ? | (૩) તા. ૩૧ ડીસેમ્બર, ૨૦૦૫ સુધીમાં જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવાનું આયોજન છે. |

-----------

## કેન્દ્રના ૧૨મા નાણાપંચની ગ્રાન્ટમાંથી રાજ્યને ફાળવણી

૧૩૬૧૯ **શ્રી અમીત ચાવડા(બોરસદ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી(નાણા)** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કેન્દ્ર સરકાર દ્વારા ૧૨મા નાણા પંચમાં રાજ્યને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને | (૧) કેન્દ્ર સરકાર દ્વારા ૧૨મા નાણાપંચમા રાજ્યને તા. ૦૧-૦૪-૨૦૦૫ થી તા. ૩૧-૦૮-૨૦૦૫ સુધીમાં કુલ રૂા. ૧૩૦૫.૪૫ કરોડની ગ્રાન્ટ ફાળવી છે. |
| (૨) રાજ્ય સરકાર દ્વારા વિવિધ હેડે જિલ્લાવાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવી ? | (૨) રાજ્ય સરકાર દ્વારા નાણાપંચની ગ્રાન્ટ વિભાગવાર ફાળવવામાં આવે છે જિલ્લાદીઠ રકમની ફાળવણી કરવામાં આવતી નથી. |

-----------

## વિરમગામ પોલીસ સ્ટેશન હેઠળના ગામો

૧૩૩૯૦ **શ્રી વજુભાઈ ૫. ડોડિયા(વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં જિલ્લા/તાલુકાઓની નવરચના થતાં વિરમગામ પોલીસ સ્ટેશન હેઠળ કેટલા ગામો અન્ય પોલીસ સ્ટેશન હેઠળ ગયેલ છે, | (૧) ચાર ગામો. |
| (૨) આ ગામોને વિરમગામ પોલીસ સ્ટેશન હેઠળ લાવવા શી કાર્યવાહી કરવામાં આવેલ છે, અને | (૨) કોઇ કાર્યવાહી કરવાની થતી નથી. |

(૩) સરકાર આ ગામોને મૂળ પોલીસ સ્ટેશન હેઠળ લાવવા માગે છે કે કેમ અને ક્યારે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## જ્યોતિગ્રામ યોજના હેઠળ જોડવામાં આવેલ ગામો

૧૩૪૨૪ **શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા (હળવદ):માનનીય મુખ્ય મંત્રીશ્રી(ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે:-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં જ્યોતિગ્રામ યોજના નીચે તા.૩૧-૦૭-૨૦૦૫ સુધીમાં જિલ્લાવાર કુલ ગામોમાંથી કુલ કેટલા ગામોને જ્યોતિગ્રામમાં જોડવામાં આવ્યા, અને

(૨) બાકી રહેતા ગામો કેટલા સમય સુધીમાં જોડવા માગો છો ?

**જવાબ**

(૧) ૧૦૫૭૫
(જિલ્લાવાર ગામોની માહિતી સામેલ પત્રક મુજબ)

(૨) શક્ય તેટલાં વહેલા

**પત્રક**

**તા. ૩૧-૦૭-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યના જ્યોતિગ્રામ બનેલા ગામોની જિલ્લાવાર માહિતી.**

| અ.નં. | જિલ્લાનું નામ | કુલ ગામો | જ્યોતિગ્રામ બનેલ ગામો | અ.નં. | જિલ્લાનું નામ | કુલ ગામો | જ્યોતિગ્રામ બનેલ ગામો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૫૪૬ | ૫૪૬ | ૧૪ | મહેસાણા | ૫૯૩ | ૫૯૩ |
| ૨ | અમરેલી | ૬૧૫ | ૨૪૮ | ૧૫ | નર્મદા | ૫૫૨ | ૧૦૨ |
| ૩ | આણંદ | ૩૫૦ | ૩૫૦ | ૧૬ | નવસારી | ૩૭૪ | ૭૨ |
| ૪ | બનાસકાંઠા | ૧૨૪૩ | ૯૩૬ | ૧૭ | પંચમહાલ | ૧૨૦૧ | ૪૬૫ |
| ૫ | ભરૂચ | ૬૫૭ | ૨૬૧ | ૧૮ | પાટણ | ૫૧૭ | ૪૭૯ |
| ૬ | ભાવનગર | ૭૯૦ | ૪૩૭ | ૧૯ | પોરબંદર | ૧૮૨ | ૭૩ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૧ | ૨ | ૩ | ૪ |
| ૭ | દાહોદ | ૬૯૩ | ૫૨૭ | ૨૦ | રાજકોટ | ૮૪૪ | ૪૯૮ |
| ૮ | ડાંગ | ૩૧૧ | ૨૯૬ | ૨૧ | સાબરકાંઠા | ૧૩૭૨ | ૯૩૫ |
| ૯ | ગાંધીનગર | ૨૯૧ | ૨૯૧ | ૨૨ | સૂરત | ૧૧૬૭ | ૪૨૬ |
| ૧૦ | જામનગર | ૬૯૮ | ૩૧૫ | ૨૩ | સુરેન્દ્રનગર | ૬૫૦ | ૪૧૪ |
| ૧૧ | જૂનાગઢ | ૯૨૩ | ૫૦૧ | ૨૪ | વડોદરા | ૧૫૪૮ | ૩૨૯ |
| ૧૨ | ખેડા | ૬૧૨ | ૪૦૬ | ૨૫ | વલસાડ | ૪૫૦ | ૨૧૮ |
| ૧૩ | કચ્છ | ૮૮૬ | ૮૫૭ | કુલ : | | ૧૮૦૬૫ | ૧૦૫૭૫ |

---------

## ધારાસભ્યશ્રીને ફાળવવાની ગ્રાન્ટની ૨કમ છૂટી કરવા બાબત

૧૩૩૦૪ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય આયોજન મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યના પ્રત્યેક ધારાસભ્યને તેમના મતવિસ્તારના વિકાસના કામો માટે રૂા. ૫૦ લાખની ૨કમ ફાળવવાની નીતિ અન્વયે એપ્રિલ-૨૦૦૫ થી જુલાઇ-૨૦૦૫ સુધીમાં માસવાર કેટલી ગ્રાન્ટ ક્યારે છૂટી કરવામાં આવી, અને

(૨) ધારાસભ્યોના વિકાસ કાર્યોની ગ્રાન્ટમાં કોઈ કાપ મૂકવામાં આવ્યો છે તે વાત સાચી છે?

**જવાબ**

(૧)

| માસ | તારીખ | ફાળવેલ ૨કમ (રૂા. લાખમાં) |
|---|---|---|
| એપ્રિલ-૨૦૦૫ | ૧૬-૪-૨૦૦૫ | ૭૫૮.૩૩ |
| મે-૨૦૦૫ | ૨૬-૫-૨૦૦૫ | ૫૧૦.૦૦ |
| જુન-૨૦૦૫ | ૨૯-૬-૨૦૦૫ | ૫૬૮.૭૫ |
| જુલાઈ-૨૦૦૫ | ૧૩-૭-૨૦૦૫ | ૫૬૮.૭૫ |

(૨) ના, જી.

----------

**હાલોલ તાલુકામાં પાવાગઢ ખાતે નવીન પોલીસ સ્ટેશન શરુ કરવા અંગે**
૧૩૧૮૯ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હાલોલ તાલુકાના પાવાગઢ ખાતે નવીન પોલીસ સ્ટેશન મંજુર થયેલ છે તે વાત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો આ પોલીસ સ્ટેશન કેટલા સમયમાં શરુ કરવાનું આયોજન છે ? | (૨) ટૂંક સમયમાં |

-----------

**રાજ્યમાં જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લીધેલા ગામો**
૧૩૨૫૨ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં જ્યોતિગ્રામ યોજના હેઠળ કુલ કેટલા ગામોને તા.૧૬-૮-૨૦૦૫ની સ્થિતિએ આવરી લેવામાં આવ્યા, અને | (૧) જ્યોતિગ્રામ યોજના હેઠળ તા.૧૬-૮-૨૦૦૫ની સ્થિતિએ ૧૦૮૧૮ ગામોને આવરી લેવામાં આવેલ છે. |
| (૨) રાજ્યના કેટલા ગામો સદર યોજના હેઠળથી વંચિત છે? | (૨) ૭૨૪૮ |

----------

**કચ્છ જિલ્લામાં નર્મદા યોજનાનું પાણી ખેતી માટે આપવા અંગે**
૧૩૬૩૪ **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજનાનું પાણી ખેતી માટે કચ્છ જિલ્લાને આપવાની કાર્યવાહી તા.૧૬-૮-૦૫ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) કચ્છ શાખા નહેરની કુલ-૩૬૦ કિ.મી. લંબાઇ પૈકી કચ્છ જિલ્લામાં આવતી ૨૭૬ કિ.મી. લંબાઇમાંથી ૨૧ કિ.મી. લંબાઇમાં કામો પ્રગતિમાં છે, જ્યારે બાકીની ૨૫૫ કિ.મી. લંબાઇ અંગે બાંધકામ પૂર્વેની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૨) મુખ્ય નહેર અને શાખા નહેરનાં કામ કયા તબક્કે છે, અને | (૨) મુખ્ય નહેરના ૩૫૭ કિ.મી. લંબાઇના (સરસ્વતી અને ખારી-૨ નદી ઉપરના સાયફન સિવાય) કામો પૂર્ણ થયેલ છે જ્યારે બાકીની રાજસ્થાન સરહદ સુધીની ૧૦૧ કિ.મી. લંબાઇના કામો પ્રગતિમાં છે.<br>કચ્છ શાખા નહેરની કુલ-૩૬૦ કિ.મી. લંબાઇ પૈકી ૭૫ કિ.મી.ની લંબાઇના કામો હાલમાં પ્રગતિ હેઠળ છે. તથા બાકીની લંબાઇમાં બાંધકામ પૂર્વેની કામગારી પ્રગતિ હેઠળ છે. |
| (૩) આ કામગીરી ક્યારે અને કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) (૧) મુખ્ય નહેર : ડીસેમ્બર, ૨૦૦૭<br>(૨) કચ્છ શાખા નહેર : માર્ચ,૨૦૦૮<br>(૩) વિસ્તાર વિકાસના કામો : તબક્કાવાર શરુ કરી વર્ષ ૨૦૧૦-૧૧માં પૂર્ણ કરવાનું આયોજન છે. |

----------

## ભરૂચ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના

૧૩૧૬૨ **શ્રીમતી રશીદા ઈ. પટેલ(વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧/૭/૦૫ની સ્થિતિએ તાલુકાવાર કેટલા ગામોનો જ્યોતિગ્રામ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે,

(૨) તે પૈકી કેટલા ગામોમાં કામ પૂર્ણ થયા, કેટલા ગામોને લાભ આપવાના બાકી છે, અને

(૩) જે ગામો જ્યોતિગ્રામ યોજના હેઠળ બાકી છે તે અંગે શું આયોજન કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) અને (૨)

| તાલુકાનું નામ | ભરુચ જિલ્લામાં ૩૧-૭-૦૫ની સ્થિતિએ જ્યોતિગ્રામ યોજનામાં | | |
|---|---|---|---|
| | સમાવેશ કરેલ ગામોની સંખ્યા | કામગીરી પૂરી કરી અમલ કરેલ ગામોની સંખ્યા | અમલ કરવાના બાકી ગામોની સંખ્યા |
| અંકલેશ્વર | ૫૮ | ૫૭ | ૧ |
| આમોદ | ૫૩ | ૧૮ | ૩૫ |
| ભરૂચ | ૯૩ | ૧૬ | ૭૭ |
| હાંસોટ | ૪૬ | ૩૩ | ૧૩ |
| જંબુસર | ૮૧ | ૩૪ | ૪૭ |
| ઝગડીયા | ૧૬૪ | ૨૮ | ૧૩૬ |
| વાગરા | ૬૭ | ૪૩ | ૨૪ |
| વાલીયા | ૯૫ | ૩૧ | ૬૪ |
| કુલ | ૬૫૭ | ૨૬૦ | ૩૯૭ |

(૩) બાકી ગામોમાં જ્યોતિગ્રામ યોજના હેઠળ શક્ય તેટલા વહેલા કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.

----------

## સરદાર સરોવર બંધની ઊંચાઈ અંગે

૧૩૪૨૧ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સરદાર સરોવર બંધની ઊંચાઇ વધારવા માટે છેલ્લે ક્યારે અને કેટલી ઊંચાઇ વધારવા મંજુરી મળી,

(૨) આ માટે કઇ શરતો મુકવામાં આવી છે,

(૩) ત્યારબાદ ઊંચાઇ વધારવા માટે કયા કયા પ્રયત્નો કર્યા અને વિસ્થાપિતોના પ્રશ્ને શી કાર્યવાહી કરવામાં આવી, અને

**જવાબ**

(૧) તા.૧૬-૩-૨૦૦૪ ના રોજ બંધની ૧૦૦મી. ની ઊંચાઇથી ૧૧૦.૬૪મી. ઊંચાઇ સુધી એટલે કે ૧૦.૬૪મી. ઊંચાઇ વધારવાની મંજુરી મળી હતી.

(૨) નર્મદા કંટ્રોલ ઓથોરીટીએ બંધનું બાંધકામ જુન-૨૦૦૪માં પુનઃવસન પેટા જૂથ તથા પર્યાવરણ પેટા જૂથની જોગવાઇઓને અનુરૂપ કરવા જણાવેલ.

(૩) રાજ્ય સરકારે નર્મદા કંટ્રોલ ઓથોરીટી તેમજ તેના પર્યાવરણ પેટા જૂથ, અને પુનઃવસન પેટા જૂથમા તથા ટાસ્કફોર્સની બેઠકોમાં આ બાબતે વારંવાર રજુઆતો કરેલ છે. સંબંધિત રાજ્યોમાં પુનઃવસન કાર્ય વેગવાન બનાવવા જરુરી કાર્યવાહી કરવામાં આવી રહી છે. સરદાર સરોવર બંધની ૧૨૧.૯૨ મીટરની ઉંચાઇએ અસર પામતા મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતના, ગુજરાતમાં વસવા માંગતા અસરગ્રસ્તોના પુનઃવસનની કામગીરી પૂર્ણ થયેલ છે.

(૪) છેલ્લે પરિસ્થિતિ શું છે ?

(૪) નર્મદા કંટ્રોલ ઓથોરીટીના પર્યાવરણ પેટા જુથ દ્વારા તેમની ૪૧મી બેઠકમાં તા.૬-૧-૨૦૦૫ના રોજ ૧૨૧.૯૨ મીટરની ઊંચાઇ વધારવા મંજુરી અપાયેલ છે. નામદાર સુપ્રિમ કોર્ટના તા.૧૫-૩-૨૦૦૫ના ચુકાદાના સંદર્ભમાં પુનઃવસનની જરૂરી કાર્યવાહી ભાગીદાર રાજ્યો દ્વારા પૂર્ણ કરવાની રહે છે. જે પૂર્ણ થયા બાદ, નર્મદા કંટ્રોલ ઓથોરીટીના પુનઃવસન પેટા જુથ દ્વારા, ઊંચાઇ વધારવાની મંજુરી મળ્યા બાદ નર્મદા કંટ્રોલ ઓથોરીટી દ્વારા બંધનું કામ ૧૨૧.૯૨ મીટર સુધી આગળ વધારવા માટે મંજુરી મળી શકશે.

-----------

**કડી તાલુકામાં વેચાણવેરાની ચોરી તથા વસૂલાત**

૧૩૨૬૮ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦-૬-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કડી તાલુકાના કેટલા ઔદ્યોગિક એકમોની વેચાણવેરાની ચોરી બાબતે સરકારને ફરિયાદો મળેલ છે, | (૧) ૪૪ ઔદ્યોગિક એકમો. |
| (૨) જો હા, તો વેચાણવેરાની ચોરી કરતા એકમો સામે સરકારે વસૂલાત માટે શાં પગલાં ભર્યા? | (૨) આ પૈકી ૨૬ એકમોમાં તપાસની કાર્યવાહી પૂર્ણ કરી ઉપસ્થિત થયેલ જવાબદારીની સલામતી માટે વેપારી પાસેથી બેંક ગેરંટી મેળવેલ છે. વેપારીનો માલ સ્ટોક તથા સ્થાવર મિલકત કલમ ૪૮-ક હેઠળ ટાંચમાં લીધેલ છે. તેમજ આકારણીની કાર્યવાહી હાથ પર લેવામાં આવેલ છે. બાકી એકમો બાબતે કાર્યવાહી ગતિમાં છે. |
| (૩) આ પૈકી કેટલા એકમોને કેટલો વેચાણવેરો ભરવામાંથી માફી આપવામાં આવી, અને | (૩) એકપણ નહીં. |
| (૪) માફી આપવાના કારણો શાં છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**રાજ્યમાં અગરિયાઓને પ્રાથમિક સુવિધાઓ અંગે**

૧૩૬૨૯ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ(સાબરમતી) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કામ કરતા અગરીયાને બારેમાસ પાણી, છાંયો અને આરોગ્ય અંગે સરકાર શી કાળજી લેવા માંગે છે, અને | (૧) રાજ્ય સરકારે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૫-૬-૨૦૦૩ ના ઠરાવ ક્રમાંક : સોલ્ટ-૧૦૨૦૦૦-યુઆર ૮૭-ચ થી, માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (ઉદ્યોગ)ની અધ્યક્ષતામાં મીઠા ઉદ્યોગ માટેની હાઈલેવલ એમ્પાયર કમિટીની રચના કરી છે. આ કમિટીમાં સરકારશ્રીના સંબંધિત વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ, તજજ્ઞો, એન.જી.ઓ, મીઠા ઉદ્યોગના એસોસીએશનના પ્રતિનિધિઓ અને કાર્યકરોનો સમાવેશ થાય છે. આ કમિટી દ્વારા દર વર્ષે રાજ્ય સરકાર તરફથી મીઠા ઉદ્યોગ માટે મંજૂર કરવામાં આવતાં બજેટમાંથી, મીઠા ઉદ્યોગ માટે આવશ્યક આંતર માળખાકીય સુવિધા માટે તેમજ મીઠા ઉદ્યોગના નાના અગરિયાઓ અને મીઠા ઉદ્યોગના મજૂરો અને તેના કુટુંબ માટે આરોગ્ય, શિક્ષણ, પાણી-પુરવઠા, રેશન-અનાજ, દવાઓ, આવાસ વગેરે પૂરા પાડવાની કલ્યાણલક્ષી |

યોજનાઓ મીઠું ઉત્પાદન કરતા જિલ્લાઓના ગામો/વિસ્તાર માટે મંજુર કરવામાં આવે છે. આ ઉપરાંત ભારત સરકારના સોલ્ટ કમિશ્નર દ્વારા અમલ કરાતી નમક મજદૂર આવાસ યોજના હેઠળ તેઓ માટે આવાસો બાંધીને આપવામાં આવે છે. આમ સરકારશ્રીએ આ કમિટીની રચના કરી તે દ્વારા જરુરી પગલાં લઈને યોગ્ય કાળજી લેવામાં આવી છે.

આ માટે છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ રાજ્ય સરકારે ખર્ચ કરેલ છે.

(રૂા લાખમાં)

| ક્રમ | વર્ષ | પાણી | આરોગ્ય | આવાસ (છાંયો) |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૨-૦૩ | રૂા.૪૬.૬૨ | ૦.૫૨ | ---- |
| ૨ | ૨૦૦૪-૦૫ | રૂા.૬૫૪.૫૪ | ૧૧૩.૧૦ | ૭૬.૦૬ |
| | કુલ | રૂા.૭૦૧.૧૬ | ૧૧૩.૬૨ | ૭૬.૦૬ |

(૨) સરકાર તરફથી આ બાબતે કોઈ તપાસ કરવામાં આવેલ છે કે કેમ ?

(૨) ઉપરોક્ત હાઈ લેવલ એમ્પાવર્ડ કમિટીની બેઠકમાં આ માટેની વિકાસ અને કલ્યાણલક્ષી યોજનાઓની તપાસ અને સમીક્ષા કરવામાં આવે છે. આ ઉપરાંત ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૬-૧૨-૦૪ના ઠરાવ ક્રમાંક : સોલ્ટ-૧૪૨૦૦૪-૨૪૯૦-ચ, થી રાજ્ય સરકાર મીઠું ઉત્પાદન કરતા જિલ્લા કલેકટરશ્રીઓના અધ્યક્ષપણા હેઠળ રચેલી મીઠા ઉદ્યોગ માટેની સમિતિ પણ આ પ્રકારની તપાસ અને સમીક્ષા હાથ ધરે છે.

---------

**રાજ્ય હસ્તકનાં સરકારી પ્રેસોમાં બાઈન્ડર પ્રિન્ટરની ખાલી જગાઓ બાબત**

**૧૩૫૫૬ શ્રી કાંતિલાલ રે. ગામીત (સોનગઢ) : માનનીય છાપકામ અને લેખન સામગ્રી મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્ય હસ્તકનાં પ્રિન્ટીંગ પ્રેસમાં બાઈન્ડર અને પ્રિન્ટરની કેટલી જગ્યાઓ ખાલી છે.

(૧) તા. ૧૬-૮-૨૦૦૫ની સ્થિતિએ આ ખાતા હસ્તકનાં સરકારી પ્રેસોમાં બાઈન્ડર અને પ્રિન્ટરની નીચે મુજબ જગાઓ ખાલી છે.
૧. બાઈન્ડર-૨૪(ચોવીસ)
૨. પ્રિન્ટર-અત્રેના મહેકમ ઉપર પ્રિન્ટર સંવર્ગની જગ્યા નથી.

(૨) તે પૈકી અનુસુચિત જનજાતિઓની કેટલી જગાઓ ખાલી છે,

(૨) બાઈન્ડર-બાઈન્ડર સંવર્ગમાં અનુસુચિત જનજાતિની એકપણ જગા ખાલી નથી.

(૩) આ ખાલી જગાઓ કેટલાં સમયમાં સરકાર ભરવા માંગે છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) આ જગા ન ભરવાના શાં કારણો છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**રાજ્યનું જાહેર દેવું**

૧૩૨૨૯ **શ્રી કાંતિલાલ રે. ગામીત (સોનગઢ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧-૫-૦૫ ના રોજ રાજ્ય સરકારનું કુલ કેટલું જાહેર દેવું છે, | (૧) અંદાજે રૂા. ૫૮૧૧૫.૩૦૧૬ કરોડ |
| (૨) આ દેવા પેટે ૨૦૦૫-૨૦૦૬ નાણાકીય વર્ષમાં તા. ૧૭-૮-૦૫ સુધીમાં કેટલું વ્યાજ ચુકવાયું છે, અને | (૨) તા. ૧૭/૦૮/૦૫ સુધીમાં રાજ્ય સરકારે અને લીધેલ લોન ઉપર પાકેલ રૂા.૨૨૧૭.૧૦૪૮ |
| (૩) હજુ કેટલું વ્યાજ ચુકવવાનું બાકીમાં છે ? | (૩) કરોડ વ્યાજ ચુકવવામાં આવેલ છે. પાકેલ કોઈ વ્યાજ ચુકવવાનું બાકી નથી. |

----------

**અમદાવાદ શહેરમાં સી.એન.જી. રીક્ષાઓ શરૂ કરવા સહાય**

૧૩૫૬૦ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા (જમાલપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં જૂની રીક્ષાઓ બંધ કરીને તેના સ્થાને સી.એન.જી. રિક્ષાઓ ચાલુ કરવા માટે સરકારે નિર્ણય કર્યો છે તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જુની રીક્ષાઓ બંધ કરી નવી સી.એન.જી. રિક્ષાઓ ખરીદવા માટે સહાય કરવા માટે સરકારે કોઈ યોજનાનું આયોજન કર્યુ છે, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો તેની વિગતો શું છે ? | (૩) જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની યોજના અન્વયે માત્ર ફોરસ્ટ્રોક એન્જીન ધરાવતી સી. એન. જી. રિક્ષાઓની ખરીદીમાં રૂા. ૧૦,૦૦૦/-ની સબસીડી આપવામાં આવે છે. |

-----------

**રાજ્યમાં નર્મદાની કેનાલોમાં મૃત્યુ પામનાર લોકો**

૧૩૬૪૩ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુલાઈ, ૨૦૦૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લાવાર કુલ કેટલા લોકો નર્મદા કેનાલમાં ડૂબી જવાથી મૃત્યુ પામ્યા, અને | (૧) રાજ્યમાં તા. ૧-૮-૦૪ થી તા. ૩૧-૭-૦૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જીલ્લાવાર કુલ ૨૦૮ લોકો નર્મદા કેનાલમાં ડૂબી જવાથી મૃત્યુ પામ્યા છે. |

| અ.નં. | જીલ્લો / શહેર | સંખ્યા |
|---|---|---|
| ૧. | વડોદરા શહેર | ૫ |
| ૨. | ખેડા | ૯ |
| ૩. | ગાંધીનગર | ૧૪૯ |
| ૪. | મહેસાણા | ૫ |
| ૫. | સુરેન્દ્રનગર | ૧ |
| ૬. | વડોદરા રુરલ | ૨૫ |
| ૭. | ભરુચ | ૪ |
| ૮. | ગોધરા | ૧૦ |
| | કુલ... | ૨૦૮ |

| | |
|---|---|
| | બાકીના જીલ્લાની હકીકત નીલ છે. |
| (૨) આ અંગે છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે કેટલા ખર્ચે શાં પગલાં હાથ ધર્યા ? | (૨) છેલ્લા એક વર્ષમાં રૂા. ૪૦.૫૪ લાખનો ખર્ચ નિગમ તરફથી કરવામાં આવેલ છે. અને નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.<br>(૧) મુખ્ય નહેર પર અગત્યના રોડ ક્રોસીંગ પર નહેરમાં ન ઉતરવા બાબતે "જાહેર ચેતવણી" ના બોર્ડ મુકવામાં આવેલ છે. (૨) મુખ્ય નહેર પરના અગત્યના સ્ટ્રકચરો કે જ્યાં લોકોની અવર જવર વધારે રહે છે. ત્યાં કેનાલની બન્ને બાજુ કાંટાળી તારની વાડ બનાવેલ છે. (૩) મુખ્ય નહેરના રસ્તા પર મોટા વાહનો પ્રવેશ ન કરે તે માટે લોડીંગ ફ્રેઈમ મૂકેલ છે તેમજ નાના વાહનો નહેરના રસ્તા ઉપર ન પ્રવેશી શકે તે માટે લો-હેડ બેરીકેડ મુકવામાં આવે છે (૪) મુખ્ય નહેર પરના ગાંધીનગર-અમદાવાદ નજીકના ત્રણ પુલો પરથી કોઈ નહેરમાં ન ઉતરે તે કામગીરી માટે સુરક્ષા કર્મચારી મૂકવામાં આવેલ છે. (૫) મુખ્ય નહેર પરના અગત્યના પુલોની પેરાપેટ ઉપર જાળી લગાવવામાં આવેલ છે. (૬) અમદાવાદ-ગાંધીનગર નજીકની મુખ્ય નહેર પર જ્યાં લોકોની અવર જવર વધારે રહે છે ત્યાં ડૂબતા માણસોને બચાવવા હલેસાવાળી બોટ તથા યાંત્રિક બોટને ફરતી કરવામાં આવેલ છે. (૭) શહેર નજીકના પુલો પર લાઈટ મૂકવામાં આવેલ છે જેથી રાત્રે પણ ડૂબતા માણસોને બચાવી શકાય. (૮) અગત્યના પુલો નીચે ડૂબતા માણસ પકડી શકે તે માટે દોરડાની જાળી મૂકવાનું આયોજન છે.<br>લોક જાગૃતિ માટે મુખ્ય નહેર આસપાસના ગામોમાં ચેતવણીદર્શક પત્રો પણ મોકલવામાં આવેલ છે તથા રેડિયો કાર્યક્રમ મારફત લોકોમાં સંદેશો પહોંચાડી આવા બનાવો ન બને તે માટે જાગૃતિ લાવવા પ્રચાર કરવામાં આવેલ છે. |

-----------

**જાફરાબાદ ખાતેના તોફાનોમાં જાનહાની**

૧૩૬૩૯ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના જાફરાબાદ ખાતે જુન-૨૦૦૫માં થયેલ કોમી તોફાનોમાં કેટલા માણસોના મૃત્યુ થયા, | (૧) કુલ--૩ (ત્રણ) માણસો. |
| (૨) આ બનાવો દરમ્યાન એક માણસની લાશ હજુ પણ લાપત્તા છે, તે વાત સાચી છે, અને | (૨) ના, જી. |

(૩) આ લાશ શોધવા માટે સરકાર તરફથી કેવા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી ?

(૩) ગુમ થનાર વ્યક્તિને શોધવા માટે ગુમ થનારના ફોટા મેળવી ગેઝેટમાં પ્રસિધ્ધ થવા મોકલી આપવામાં આવેલ છે. તેમજ ગુમ થનાર વ્યકિતને શોધવા માટે ગુમ થનારની પત્નીના જણાવ્યા મુજબના ચારેય શકદારોને લાઈ ડીટેકશન ટેસ્ટ માટે ગાંધીનગર મોકલવામાં આવેલ પરંતું એફ.એસ.એલ. તરફથી આ શકદારોનો લાઈડીટેકશન ટેસ્ટ થઈ શકેલ નથી, પરંતુ આ કામે તા. ૧૪-૧૧-૨૦૦૫ના રોજ મુદત આપવામાં આવેલ છે. તેમજ જીલ્લાના તમામ પોલીસ સ્ટેશનમાં અને જાફરાબાદ પાલીસ સ્ટેશનના નજીકના બીજા જીલ્લાના પોલીસ સ્ટેશનમાં સદરહુ બાબતે તપાસમાં રહેવા જાણ કરવામાં આવેલ છે.

-----------

**રાજ્યમાં વીજ ઉત્પાદન અને માંગ**

૧૩૩૧૪ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જુલાઈ-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યમાં કુલ વીજ ઉત્પાદન કેટલું થાય છે. અને આ વીજ ઉત્પાદન સામે વીજ માંગ કેટલી છે, અને

(૨) તા. ૩૧-૭-૨૦૦૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વીજ ઉત્પાદન કેટલું વધારવામાં આવ્યું ?

**જવાબ**

(૧) કુલ વીજ ઉત્પાદન ૧૯૩૫૦.૫૮૪ મીલીયન યુનિટ અનિયંત્રિત વીજ માંગ ૧૦૧૮૮ મેગાવોટ

(૨) ૭૫૭ મેગાવોટ

----------

**બનાસકાંઠા જિલ્લાના વડગામ અને પાલનપુર તાલુકાના જ્યોતિગ્રામ યોજનામાં સમાવેશ**

૧૩૪૪૭ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૭-૦૫ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના વડગામ અને પાલનપુર તાલુકાના કેટલા ગામોનો જ્યોતિગ્રામ યોજના હેઠળ સમાવેશ કરવામાં આવ્યો છે,

(૨) કેટલા ગામોમાં જ્યોતિગ્રામ યોજનાની કામગીરી પૂરી કરી અમલ કરવામાં આવ્યો છે,

(૩) કેટલા ગામોનો હજુ સુધી જ્યોતિગ્રામ યોજના હેઠળ અમલ કરવાનો બાકી છે, અને

(૪) કેટલા સમયમાં આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) (૨) અને (૩)

| તાલુકાનું નામ | ૩૧-૭-૦૫ ની સ્થિતિએ જ્યોતિગ્રામ યોજનામાં | | |
|---|---|---|---|
| | સમાવેશ કરેલ ગામોની સંખ્યા. | કામગીરી પૂરી કરી અમલ કરેલ ગામોની સાંખ્યા. | અમલ કરવાના બાકી ગામોની સંખ્યા. |
| વડનગર | ૧૧૦ | ૧૦૯ | ૧ |
| પાલનપુર | ૧૧૫ | ૧૦૮ | ૭ |

(૪) પાલનપુર તાલુકાના ૫ ગામોની કામગીરી પૂર્ણ થયેલ હોઈ, બાકી રહેતા વડનગર અને પાલનપુર તાલુકાના ૩ ગામોમાં શક્ય તેટલા વહેલા કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

-----------

## પાટણ તાલુકામાં પુરુષ કોન્સ્ટેબલોની ખાલી જગ્યાઓ

૧૩૨૩૯ **શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૧૬-૮-૨૦૦૫ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાદીઠ પુરુષ કોન્સ્ટેબલોની મંજૂર થયેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ સત્વરે ભરવા માટે સરકારે શાં પગલાં લીધા છે ?

**જવાબ**

| (૧) | અ. નં | તાલુકાનું નામ | મંજૂર | ખાલી | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| | ૧ | પાટણ | ૧૭૨ | ૬૦ | -- |
| | ૨ | ચાણસ્મા | ૬૧ | ૧૯ | -- |
| | ૩ | સિધ્ધપુર | ૧૦૭ | ૩૪ | -- |
| | ૪ | સમી | ૪૦ | ૧૭ | -- |
| | ૫ | હારીજ | ૩૨ | ૧૧ | -- |
| | ૬ | રાધનપુર | ૪૬ | ૧૫ | -- |
| | ૭ | સાંતલપુર | ૩૬ | -- | + ૦૪ |

(૪) વહીવટી અનુકૂળતાએ જગ્યાઓ ભરવામાં આવશે.

----------

## રાજ્યમાં સિમેન્ટ કંપનીઓ પાસે વેચાણવેરાની બાકી રકમ

૧૩૪૦૯ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(નાણા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં કઈ કઈ સિમેન્ટ કંપનીઓ પાસેથી તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ વેચાણવેરા પેટે કેટલી રકમ વસુલ કરવાની બાકી છે,

(૨) વસુલાત સમયસર ન કરવાના કારણો શાં છે, અને

(૩) તે કેટલા સમયમાં વસુલ કરી લેવામાં આવશે?

**જવાબ**

(૧) પત્રક મુજબ.

(૨) બી.આઈ.એફ.આર.સીક ઈન્ડ. એક્ટ હેઠળ માંદા એકમો હોવાથી, વિવાદ તથા વેચાણવેરા પંચ સમક્ષ અપીલમાં હોવાથી, ફડચામાં ગયેલ હોવાથી, ધંધો બંધ હોવાથી, બી.આઈ. એફ.આર. સીક ઈન્ડ.ના કેસમાં એ.એ.આઈ.એફ.આર.નો એવોર્ડ હોવાથી, સી.ડી.આર. પેકેજ હોવાથી, તેમજ રીફંડનો દાવો વિચારણા હેઠળ હોવાથી.

(૩) શક્ય તેટલું વહેલા.

**પત્રક**

| એકમનું નામ | બાકી રકમ રૂ. લાખમાં |
|---|---|
| એસોસીએટેડ સીમેન્ટ કું. | ૭.૧૫ |
| એલ. એન્ડ ટી. જે. ટી. આઈ ફીલ્ડ પ્રોજેક્ટ | ૧૦.૧૨ |
| કાશી વિશ્વનાથ સિમેન્ટ | ૯.૮૨ |
| બાલારામ સિમેન્ટ | ૨૨૮૭.૬૧ |
| રાધાકિશન સિમેન્ટ | ૨૧૫.૯૬ |
| સોમાની સિમેન્ટ કંપની | ૭૭૩.૨૧ |
| મહાકાળી સિમેન્ટ | ૧૫.૨૭ |
| પંચમહાલ સિમેન્ટ કંપની લી. | ૮૪૭.૯૦ |
| સેવાલીયા સિમેન્ટ વર્કસ | ૪૫૩.૩૮ |

| | |
|---|---|
| વી.કી. સિમેન્ટ પ્રા.લી. | ૨૧.૬૯ |
| સંદીપ સિમેન્ટ પ્રા.લી. | ૮૬.૬૬ |
| અલ્ટ્રાટેક સિમેન્ટ લી. | ૬૮૧૫.૧૯ |
| ગુજરાત અંબુજા સિમેન્ટ લી. | ૧૬૫.૦૧ |
| ગજ અંબુજા સિમેન્ટ કંપની | ૯૫૭.૨૩ |
| ગુજરાત હાઈટેક ઈન્ડ. | ૫૦૪.૭૦ |
| ગુજરાત સિધ્ધિ સિમેન્ટ કંપની | ૯૭૨૭.૯૪ |
| કામદાર સિમેન્ટ કંપની | ૧૨૧.૧૮ |
| સૌરાષ્ટ્ર સિમેન્ટ લી. | ૪૬૮૦.૦૮ |
| એચ.એમ.પી. સિમેન્ટ કંપની | ૪૪૫૯.૧૧ |
| ગુજરાત હિમાલીયા સિમેન્ટ કંપની | ૧૩૧.૮૫ |
| અજમેરા સિમેન્ય પ્રા. લી | ૩.૭૦ |
| સરદાર સિમેન્ટ પ્રા. લી. | ૪૩૫.૬૩ |
| કાંગારૂ સિમેન્ટ પ્રા. લી. | ૧૪.૦૨ |
| પટેલ એન્ડ લાલકા સિમેન્ટ લી. | ૨૧.૮૭ |
| સુવિન સિમેન્ટ પ્રા. લી. | ૧૮૪.૮૩ |
| ગાયત્રી સિમેન્ટ એન્ડ કેમીકલ | ૩.૭૧ |
| શક્તિ સિમેન્ટ | ૧.૩૫ |
| જ્યુપીટર સિમેન્ટ કંપની | ૬૫૮.૦૦ |
| દ્વારકા સિમેન્ટ | ૫૨.૬૭ |

-----------

## વલસાડ જિલ્લામાં પોલીસ મહેકમ તથા ખાલી જગ્યાઓ

૧૩૨૬૬ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તા.૩૧મી જુલાઈ,૨૦૦૫ની સ્થિતિએ મંજૂર થયેલ કુલ પોલીસ મહેકમ કેટલું, | (૧) ૯૮૨ |
| (૨) તે પૈકી હાજર મહેકમ કેટલું, અને | (૨) ૮૩૪ |
| (૩) ખાલી રહેતી જગ્યાઓ ભરવા માટે સરકાર તરફથી કોઈ પ્રયત્નો કરવામાં આવે છે કે કેમ ? | (૩) વહીવટી અનુકુળતા મુજબ જગ્યાઓ ભરવામાં આવે છે. |

-----------

## સરદાર સરોવર ડેમને પ્રવાસધામ તરીકે વિકસાવવા અંગે

૧૩૨૯૪ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરદાર સરોવર ડેમને પ્રવાસધામ તરીકે વિકસાવવાની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી શું આ હકીકત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ સંદર્ભે શી કાર્યવાહી કરવામાં આવેલ છે? | (૨) આ સંદર્ભે નીચે મુજબની કામગીરી છેલ્લા એક વર્ષ દરમ્યાન કરવામાં આવી છે.<br>૧. પ્રવાસીઓ માટે પ્રાથમિક સુવિધાઓ જેવીકે રસ્તા પાણી, રહેઠાણની વ્યવસ્થા, ટોઇલેટ, પ્લાન્ટેશન, પાર્કિંગ, બેઠક વ્યવસ્થા, સ્ટ્રીટલાઇટ, ગાઇડ, પ્રવાસન સંબંધેનું સાહિત્ય વગેરે તૈયાર કરવામાં આવેલ છે. આ માટે સરદાર સરોવર નર્મદા નિગમે અંદાજે રૂા. પાંચ કરોડનો ખર્ચ કરેલ |

છે.

૨. પ્રવાસન સ્થળો જેવા કે, નહેરુ સ્થળ, વ્યુ પોઇન્ટ નં. ૧, ૨ અને ૩, ડાઇક નં. ૩ ઉપર પ્રવાસીઓ માટે પાયાની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલી છે.ડેમને જોવા માટે રેલીંગ, પગથિયાં, વીજળી સહિત વ્યુ પોઇન્ટ તૈયાર કરવામાં આવેલા છે. ડાઇક નં. ૩ ઉપરના પાળાને આકર્ષક લાઇટથી સુશોભિત કરવામાં આવેલ છે. સ્વાગત સ્થળ અને પથિકાશ્રમમાં પ્રવાસીઓ માટે બે કેન્ટીન શરૂ કરવામાં આવેલ છે.

૩. કેવડીયા વિસ્તારમાં આવેલ નિગમની ફાજલ જમીન ખાનગી સાહસિકોને પ્રવાસન પ્રવૃત્તિના વિકાસ માટે લાંબા સમયની લીઝ પર આપવા સારુ સદર જમીનના હેતુફેરની કાર્યવાહી હાથ પર લેવામાં આવેલ છે.

૪. આ સમગ્ર વિસ્તારનો આયોજનબધ્ધ વિકાસ થાય તે માટે ગુજરાત સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા કેવડીયા વિસ્તાર વિકાસ સત્તામંડળની રચના કરવામાં આવેલ છે.

૫. કેવા પ્રકારની પ્રવાસન પ્રવૃત્તિઓનો વિકાસ સંભવિત છે, તે માટે **CEPT** દ્વારા એક અભ્યાસ કરવામાં આવેલ છે. તેવી જ રીતે કેવડીયા વિસ્તાર વિકાસ સત્તામંડળના વિસ્તારમાં જેમાં કેવડીયાનો પણ સમાવેશ થાય છે, તેમાં કયા પ્રકારની પ્રવાસન પ્રવૃત્તિઓ અને અન્ય વિકાસ કાર્યો સંભવિત છે, તેનો અભ્યાસ પણ મુખ્ય નગર નિયોજક દ્વારા કરાવવામાં આવી રહ્યો છે.

૬. ઉપલબ્ધ જમીનનો ડીટેઇલ કન્ટુર સર્વે કામ હાથ ઉપર લેવામાં આવેલ છે. જે અંદાજે બે માસમાં પૂર્ણ કરવામાં આવશે.

૭. સંભવિત પ્રવાસન પ્રોજેક્ટો માટે ખાનગી સાહસિકો પાસેથી દરખાસ્તો મંગાવવાનું નક્કી કરવામાં આવેલ છે અને આગામી પાંચ-સાત વર્ષમાં તમામ પ્રોજેક્ટો આકાર લેતાં આ વિસ્તારમાં સંભવતઃ ૨૦૦ થી ૨૫૦ કરોડ રુપિયાનું રોકાણ પ્રવાસન પ્રવૃત્તિ માટે ખાનગી સાહસિક તરફથી થવાની સંભાવના

-----------

## મોટા રામપુરા ગામે પોલીસ ચોકીનું બાંધકામ

૧૩૫૮૨ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છોટા ઉદેપુર તાલુકાના મોટા રામપુરા ગામે પોલીસ ચોકી બાંધકામને મંજૂરી મળી કે કેમ, અને | (૧) ના જી. |

| | |
|---|---|
| (૨) જો હા, તો તે કામ ક્યારે શરુ કરવામાં આવશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

### નર્મદા વલ્લભપુર પાકી કેનાલનું કામ

૧૩૬૨૮ **શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદા વલ્લભીપુર કેનાલ પાકી બાંધવાનું કામ ક્યારે શરું થયું, અને | (૧) નર્મદા વલ્લભીપુર કેનાલ પાકી બાંધવાની કામગીરી એપ્રિલ-૨૦૦૪થી તબક્કાવાર શરું કરેલ છે. |
| (૨) તે ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે? | (૨) ઉપરોક્ત કામગીરી માર્ચ-૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

----------

### ડભોઇ ખાતે નર્મદા કેનાલના કામો પૂર્ણ કરવા બાબત

૧૩૩૫૯ **શ્રી ચંદ્રકાન્ત. મો. પટેલ (ડભોઇ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડીસેમ્બર-૨૦૦૫માં ગ્રામ્ય લેવલે નર્મદા કેનાલો પૂર્ણ કરવાનું આયોજન હોવા છતાં ડભોઇ નર્મદા કેનાલની ૬ એર, ૬ એસીનું કામ કોન્ટ્રાક્ટરોએ તા.૨૨-૮-૦૫ સુધી કામ શરુ કરેલ નથી તો આ બાબતે જવાબદારો સામે સરકાર શાં પગલાં ભરવા માંગે છે, અને | (૧) નર્મદા યોજના બ્લોક નં. ૬ એરમાં વિશાખા અને પ્રશાખા નહેરોનાં બાંઝકામ અંગે ઇજારદારશ્રીની કામની પ્રગતિ વધારવા નિયમાનુસાર કાર્યવાહી કરી તથા નિગમ કક્ષાએ તેમને બોલાવી, તેમની સાથે ચર્ચા કરી કામ પૂર્ણ કરવા જણાવવામાં આવેલ છે આ વધારાના સમય સામે તેમને ભાવવધારો આપવામાં આવનાર નથી. બ્લોક નં. ૬ એસી (ખરેખર નં. ૬ સી)ના કામના ઇજારદારશ્રીના ઇજારાનો વારંવાર તાકીદ કરવા છતાં સકારાત્મક પરિણામ ન આવતાં, અંત લાવી કરારનામાની જોગવાઇ મુજબ તેઓના ખર્ચે અને જોખમે બાકી રહેલ કામ પુરૂ કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે.બ્લોક નં. ૬ એરમાં, ૫૯૮૬ હેક્ટર તથા બ્લોક ૬ સીમાં ૪૨૬૧હેક્ટર પિયત વિસ્તારમાં સબમાઇનોરના કામો પ્રગતિ હેઠળ છે. |
| (૨) સરકાર હવે આ કામ ક્યારે શરૂ કરી કેટલા સમયમાં પૂર્ણ કરવા માંગે છે? | (૨) નર્મદા યોજના બ્લોક નં. ૬ એરની કામગીરી તા.૩૦-૬-૦૬ સુધી પૂર્ણ કરવાનું આયોજન છે, જ્યારે બ્લોક ૬ સીની કામગીરી નિયમાનુસાર નવિન ઇજારો આપવાની કામગીરીની પ્રક્રિયા પૂર્ણ કરી તા.૩૦-૧૨-૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. ઉપર જણાવેલ વિસ્તારમાં સબમાઇનોરના કામો તબક્કાવાર ડિસેમ્બર-૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

----------

**હિંમતનગર ખાતે સ્પીનીંગ મીલ ફડચામાં જવા બાબત**

૧૩૨૫૯ **શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરની સ્પીનીંગ મીલ ફડચામાં ગયેલ છે, તેમાં કામદારોના લહેણા નાણાં ચુકવવાના બાબતેછેલ્લી પરિસ્થિતિ શું છે, અને<br>(૨) ક્યારે નાણા ચુકવવાના છે? | (૧) અને (૨) સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરની સ્પીનીંગ મીલ ફડચામાં ગયેલ છે, તેમાં મીલની કેટલીક મિલકતોના નિકાલમાંથી નાણા ઉપલબ્ધથયેલ છે જેમાંથી કામદારોના પ્રોવીડન્ટ ફંડના કપાતના બાકી લેણાની મૂળ રકમ પ્રોવીડન્ટ ફંડ કમિશ્નરને ચુકવેલ છે. કામદારોના બાકી લેણાં ચુકવવાના પ્રશ્ને સહકાર વિભાગ દ્વારા અગ્રતા ક્રમ નક્કી કરવાની બાબત વિચારાધિન હોઇ તેમાં નિર્ણય થાય તે મુજબ ચુકવણી કરવાની રહેશે. |

----------

**અમદાવાદ શહેરમાં ઓટોરીક્ષાઓ સી.એન.જી.માં ફેરવવા અંગે**

૧૩૫૬૫ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં વાહનોના ધુમાડાથી થતું પ્રદૂષણ અટકાવવા કયા પ્રકારના વાહનો કેટલા વર્ષ પછી રોડ ઉપર તેનો વપરાશ બંધ કરવાનું સરકારે ઠરાવ્યું છે, | (૧) (૧) તા. ૧-૪-૯૧ પહેલાં નોંધાયેલ ઓટોરીક્ષાઓની પરમીટો તા. ૩૦-૬-૦૫ પછી તાજી ન કરવા નિર્ણય કરવામાં આવ્યો છે.<br>(૨) તા. ૧-૪-૧૯૯૧ પહેલાંની મૂળ નોંધણી ધરાવતી હોય તેવી અન્ય જિલ્લાની ઓટોરીક્ષાઓને અમદાવાદ શહેર અને ઔડાના વિસ્તારમાં તબદીલ ન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.<br>(૩) તા. ૧-૪-૧૯૯૧ પછીના મોડલના ટુ-સ્ટ્રોક એન્જિનવાળી ઓટો રિક્ષાઓમાં સી.એન.જી. કીટ નંખાવેલ હોય તો જ તેમની પરમીટ તાજી કરવા તથા ફીટનેશ પ્રમાણપત્ર તાજું કરવા નિર્ણય કરવામાં આવ્યો છે. |
| (૨) પ્રદૂષણ રોકવા શહેરમાં ઓટોરિક્ષાઓ સી.એન.જી.માં ફેરવવાનું સરકારે આયોજન કર્યું છે તે વાત સાચી છે, | (૨) હા, જી. |
| (૩) જો હા, તો આ અંગે શહેરના ઓટોરિક્ષા એસોસીએશને સરકારમાં કેવી રજૂઆત કરી છે, અને | (૩) ઓટોરિક્ષા એસોસીએશન ધ્વારા જે રજૂઆત કરવામાં આવેલ છે તે ટૂંકમાં નીચે મુજબ છે.<br>(૧) ૧૯૯૦ મોડલ સુધીની ઓટોરિક્ષાઓની પરમીટ ત્રણ વર્ષ માટે ફીટનેશ માટે રીન્યુ કરવામાં આવે.<br>(૨) જે ઓટોરિક્ષાઓ સ્ક્રેપ કરી દેવામાં આવી હોય તેવી રિક્ષાઓના ડી.એ. કેસ દફતરે કરવા તેમજ તેવી રિક્ષાઓને આર.ટી.ઓ.ના દફતરમાંથી કમી કરવી.<br>(૩) પોલીસ ખાતા તરફથી ઓટોરિક્ષાઓ જપ્ત |

કરવાની થતી કાર્યવાહી તાત્કાલિક અસરથી બંધ કરવી.

(૪) બજાજ ઓટો લિમિટેડના અધિકારીઓ તથા ડીલરોને બોલાવી તેઓના નફામાં થોડો કાપ મુકે તથા કિંમતમાં ઘટાડો થાય તે પ્રમાણે કરવું.

(૫) સી.એન.જી. કીટ સપ્લાયરોને બોલાવી કીટના ભાવોમાં ઘટાડો થાય તે પ્રમાણે કરવું.

(૬) ગુજરાત ફાઈનાન્સ કોર્પોરેશન ધ્વારા ૧૦૦ ટકા લોન આપવામાં આવે તેમજ બેંક લોનમાં ઉંમરનો બાદ હોવો જોઈએ નહિં.

(૭) વાહન વ્યવહાર ખાતાનો ટેક્ષ ઘણોજ વધારે છે તથા ફીટનેશ તથા પરમીટ ફીમાં ૫૦ ટકા ઘટાડો કરવો જોઈએ.

(૮) ઓકટ્રોયમાં ૫૦ ટકા ઘટાડો થાય તેવા પગલાં લેવા.

(૯) બાજપાઈ રોજગાર યોજના હેઠળ સબસીડી માટે ઉંમરની જોગવાઈ રદ કરવી.

(૧૦) ટુ વ્હીલરના પ્રમાણમાં થ્રીવ્હીલરની લોન ઉપર બેંકો ધ્વારા વ્યાજ ઓછું લેવામાં આવે.

(૧૧) અમદાવાદમાં સી.એન.જી. ગેસના ભાવમાં ઘટાડો કરવામાં આવે.

(૪) આ અંગે સરકારે શાં પગલાં લીધા છે ?

(૪) ઓટોરિક્ષા એસોસીએશનની પ્રશ્નના ખંડ (૩)ના જવાબમાં દર્શાવેલ રજૂઆતના અનુસંધાને નીચે પ્રમાણે કાર્યવાહી કરવામાં આવી છે.

(૧) તા. ૨૩-૭-૦૫ના રોજ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી, અમદાવાદ ખાતે સી.એન.જી. કીટ માટેના ધિરાણ માટે લોન મેળાનું આયોજન કરવામાં આવેલ જેમાં રીક્ષા ચાલકોને નવી રીક્ષા ખરીદવા તેમજ સી.એન.જી. કીટ ખરીદવા માટે લાભ મેળવેલ છે.

(૨) બેંકો ધ્વારા ઓછા દરે ધિરાણ મળી રહે તે માટે યોગ્ય પગલાં લેવામાં આવેલ છે.

(૩) જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની યોજના અન્વયે માત્ર નવી ફોર સ્ટોક એન્જિન ધરાવતી સી.એન.જી. રીક્ષાઓની ખરીદીમાં રૂા. ૧૦,૦૦૦/- ની સબસીડી આપવામાં આવે છે.

--------------

## સુરત શહેરમાં લુંટ-ધાડ-ખૂન અને બળાત્કારના કેસો

૧૩૪૨૭ **શ્રી મનીષ ન. ગીલીટવાલા (સુરત શહેર (પૂર્વ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સુરત શહેરમાં તા.૧-૧-૦૫થી તા.૩૧-૭-૦૫ સુધીમાં પોલીસ સ્ટેશન દીઠ કેટલા લૂંટ-ધાડ-ખૂન અને બળાત્કારના કેસો નોંધાયા, અને

**જવાબ**

(૧)

| પોલીસ | લૂંટ | ધાડ | ખૂન | બળાત્કાર |
|---|---|---|---|---|
| વરાછા | ૭ | ૦ | ૭ | ૧ |
| કાપોદ્રા | ૩ | ૧ | ૯ | ૦ |
| ઉધના | ૦ | ૦ | ૪ | ૦ |
| લીંબાયત | ૦ | ૦ | ૭ | ૧ |
| મહિધરપુરા | ૫ | ૧ | ૩ | ૧ |
| સલાબતપુરા | ૨ | ૨ | ૦ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| સલાબતપુરા | ૨ | ૨ | ૦ | ૦ |
| ચોકબજાર | ૦ | ૦ | ૩ | ૧ |
| લ્તારગામ | ૪ | ૨ | ૪ | ૧ |
| રાંદેર | ૦ | ૦ | ૩ | ૧ |
| અઠવાલાઈન્સ | ૧ | ૦ | ૧ | ૨ |
| ઉમરા | ૫ | ૨ | ૩ | ૨ |
| સચીન | ૧ | ૨ | ૫ | ૧ |
| પાંડેસરા | ૧ | ૧ | ૫ | ૨ |
| ઈચ્છાપોર | ૩ | ૦ | ૨ | ૦ |
| ડીસીબી પો.સ્ટે. | ૧ | ૨ | ૧ | ૦ |
| મહિલા પો. સ્ટે | ૦ | ૦ | ૦ | ૧ |

(૩) તે અન્વએ કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી ?

(૨) હેડ - ધરપકડ કરેલ ઈસમોની સંખ્યા

| | |
|---|---|
| લૂંટ - | ૪૫ |
| ધાડ - | ૨૯ |
| ખૂન - | ૧૨૭ |
| બળાત્કાર- | ૨૨ |

----------

## સરદાર સરોવર બંધમાંથી નર્મદા-ભરૂચ અને વડોદરા જિલ્લાને સિંચાઈનું પાણી આપવા બાબત

૧૩૭૮૯ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર): માનનીય મુખ્ય મંત્રીશ્રી**(નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના અન્વયે થયેલ ખર્ચ અને ઉંચાઈ પ્રાપ્ત કર્યા પછી પણ વડોદરા અને ભરૂચ-નર્મદા જિલ્લામાં સિંચાઈનું પાણી આપી શકાયું નથી તેના કારણો શા છે.

(૨) આ જિલ્લાઓમાં સિંચાઈ માટે પાણી આપવા કેટલી ઉંચાઈનો અંદાજ નક્કી કરવામાં આવ્યો છે, અને

(૩) તે પ્રમાણે કેટલુ પાણી તારીખ ૩૦-૬-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આપવામાં આવ્યું ?

**જવાબ**

(૧) નર્મદા યોજના અન્વયે વડોદરા, ભરૂચ અને નર્મદા જીલ્લામાં વર્ષ ૨૦૦૨-૨૦૦૩થી સિંચાઈ માટે પાણી આપવામાં આવે છે.

(૨) સરદાર સરોવર જળાશયમાં પાણીની સપાટી ૧૧૦.૬૪મીટરે પહોંચે એટલે નહેરોમાં પાણી વહેવાનું શરૂ થાય છે. અત્યારે બંધની ઉંચાઈ ૧૧૦.૬૪ મીટર છે. એટલે પાણી નહેરોમાં લઈ શકાય છે. મુખ્ય નહેરના શરુઆતના ૨૬૩ કિ.મી. અને શાખા નહેરની ૭૦ કિ.મી. લંબાઈ પછી પાણી પંપ કરવું પડશે.

(૩) છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન તા.૩૦-૬-૨૦૦૫ની સ્થિતિએ ઉપરોક્ત જીલ્લામાં કુલ ૨,૨૫,૨૭૩ એકર વિસ્તારમાં સિંચાઈ માટે પાણી આપવામાં આવ્યું છે.

----------

## ચાંદલી ગામે તેલ સંશોધનનું સારકામ કરવા અંગે

૧૩૪૫૧ **શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના લોધીકા તાલુકાના ચાંદલી ગામે તેલ સંશોધન માટે ફરીથી સારકામ કરવાનું કોઈ આયોજન છે કે કેમ, અને

**જવાબ**

(૧) ના, જી.

(૨) આ કામ માટે સરકાર દ્વારા રીસર્વે કરવામાં આવેલ છે કે નહીં ?

(૨) ના, જી.

-----------

**નર્મદા યોજના અન્વયે કેનાલના કામો પૂર્ણ કરવા અંગે**

૧૩૩૧૧ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના અન્વયે કેનાલના કેટલા કામો તા. ૩૧-૭-૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) મેઈન કેનાલ અને સબ-કેનાલના કેટલા કામો હજુ પૂર્ણ કરવાના બાકી છે ?

**જવાબ**

(૧) (૧) મુખ્ય નહેર-૩૫૭ કિ.મી.
(૨) અન્ય નહેર-૨૮૮૦ કિ.મી.
(૩) વિસ્તાર વિકાસના કામો-૮૧,૦૦૦ હેકટર

(૨) (૧) મુખ્ય નહેર-૧૦૧ કિ.મી. (પ્રગતિમાં)
(૨) અન્ય નહેર-૫૪૩૭ કિ.મી. (તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યા છે.)
(૩) વિસ્તાર વિકાસના કામો-૧૭,૬૩,૦૦૦ હેકટર (તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યા છે.)

-------

**રાજ્યમાં જ્યોતિગ્રામ યોજના હેઠળના ગામો અને પરાઓ**

૧૩૭૮૪ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી(ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ રાજ્યમાં જ્યોતિગ્રામ યોજના હેઠળ કુલ કેટલા ગામોને અને પરાને જ્યોતિ ગ્રામમાં પૂર્ણ કરવામાં આવ્યા,

(૨) તેમાં પરાઓનો સમાવેશ કરવામાં આવેલ છે કે કેમ, અને જો હા, તો કેટલા પરાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, અને

(૩) તે પૈકી બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલા ગામોને જ્યોતિગ્રામ યોજના હેઠળ પૂર્ણ કરવામાં આવેલ છે, અને કેટલા બાકી છે ?

**જવાબ**

(૧) અન (૨) ૧૦૫૭૫ ગામો અને ૩૭૬૯ પરાંઓ પૈકી ૫૭ પરાંના કામો

(૩) ૯૩૬ ગામોને જયોતિગ્રામ કાર્યક્રમ હેઠળ પૂર્ણ કરવામાં આવેલ અને ૩૦૭ ગામો બાકી છે.

----------

**વાલીયા તાલુકાના નેત્રંગ ખાતે આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશન**

**૧૩૪૫૦ શ્રી મહેશભાઈ છો. વસાવા (દેડિયાપાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી(ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) વાલીયા તાલુકાના નેત્રંગ ખાતે આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશન ભરૂચ જિલ્લા પંચાયત સંચાલિત ગેસ્ટ હાઉસમાં તા. ૨૩-૮-૦૫ની સ્થિતિએ ચાલી રહ્યું છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો અન્ય સહકારી બિલ્ડીંગમાં પોલીસ સ્ટેશન ચલાવવાના શા કારણો છે,

(૩) આ પોલીસ સ્ટેશનને કારણે તાલુકા પંચાયતની કામગીરી પર અસર પડી રહી છે તે હકીકત સરકાર જાણે છે, અને

**જવાબ**

(૧) ગેસ્ટ હાઉસમાં નહિ પરંતુ ગેસ્ટ હાઉસ હસ્તકના બાજુમાં આવેલ અલગ રૂમમાં આઉટ પોસ્ટ કાર્યરત છે.

(૨) આઉટ પોસ્ટને લાયક અન્ય કોઈ સરકારી મકાન ઉપલબ્ધ ન હોવાથી.

(૩) ના, જી.

(૪) આ પોલીસ સ્ટેશન પોતાના સ્વતંત્ર મકાનમાં ખસેડવા સરકાર માંગે છે કે કેમ ?

(૪) હા. જી.

----------

## ઘર વપરાશના વીજ બીલમાં વીજ શુલ્કની આવક

૧૩૩૬૪ **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૪-૦૫ ના નાણાંકીય વર્ષમાં રાજ્ય સરકારને ઘર વપરાશના વીજ બીલ પેટે વીજ શુલ્કની કેટલી રકમ મળી, અને | (૧) સને ૨૦૦૪-૦૫ ના નાણાંકીય વર્ષમાં રાજ્ય સરકારને ઘર વપરાશના વીજ બીલ પેટે વીજ શુલ્કની કુલ રૂા. ૪૭૫.૧૮ કરોડ મળેલ છે. |
| (૨) એક યુનીટે કેટલો વીજ શુલ્ક વસુલ કરાય છે? | (૨) રાજ્યમાં વીજકર ટકાવારીના ધોરણે વસુલવામાં આવે છે. રહેણાંકનો ૧૫, ૨૦, ૩૫ ટકાનો દર જોતાં દર યુનિટે સરેરાશ રૂા. ૧.૦૧ વસુલ કરાય છે. |

-----------

## ઉમરગામ બંદરના વિકાસ અંગે

૧૩૬૨૫ **શ્રી શંકરભાઈ મં. વારલી (ઉમરગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજય સરકારની ઉદારીકરણ અને ખાનગી- કરણની નીતિ અનુસાર સન ૨૦૦૫ દરમ્યાન વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં બંદર બનાવવાનું આયોજન છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા, તો કયાં અને કયા પ્રકારનું બંદર બનાવવા માંગે છે, અને | (૨) ઉમરગામ (મરોલી) ખાતે વાણિજ્ય બંદર બનાવવાનું આયોજન છે |
| (૩) તેનાથી કયા કયા લાભો થશે ? | (૩)*ઔદ્યોગિક, આર્થિક અને સામાજિક ઉન્નતિ થશે<br>* રોજગારીની તકો વધશે<br>* બંદર આધારિત ઉદ્યોગોનો વિકાસ થશે |

----------

## નવસારી જિલ્લામાં પોલીસ આધુનિકરણ યોજના અન્વયે થયેલ કામગીરી

૧૩૨૨૨ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુલાઈ-૨૦૦૫ ની સ્થિતિએ પોલીસ આધુનિકરણ યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમો રાજ્ય સરકારને મળી, અને | (૧) રૂા. ૭૪.૪૪ કરોડ |
| (૨) આ પૈકી નવસારી જિલ્લામાં કેટલાં કામો હાથ ધરવામાં આવ્યા છે? | (૨) કોમ્પ્યુટર સાધનો ૯૯-<br>કોમ્પ્યુટર ટેબલ ખુરશી સેટ ૦૧-<br>વાહનો ૨૩<br>-ફેક્ષ મશીન ૦૧<br>-મોબાઈલ વી.એચ.એફ. સેટ ૩૫ -<br>વીએચએફ હેન્ડ હેલ્ડ સેટ ૨૦<br>-આવાસ ૧૭૭ |

---------

**મંત્રી મંડળના વિસ્તરણને કારણે આર્થિક બોજો**

૧૩૭૪૨ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વર્ષ-૨૦૦૫માં રાજ્ય સરકારનાં મંત્રીમંડળનાં વિસ્તરણના કારણે નવા મંત્રીશ્રીઓ પાછળ રાજ્ય સરકારની તિજોરી ઉપર કુલ કેટલો વાર્ષિક ખર્ચ થવાનો અંદાજ છે ? | કુલ અંદાજીત ખર્ચ રૂા. ૧,૭૦,૭૫,૫૪૬/- |

--------

**અમદાવાદ પોલીસ કમિશનરની નવી કચેરીનું બિલ્ડીંગ**

૧૩૬૪૫ **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| અમદાવાદ શહેરમાં પોલીસ કમિશનરની કચેરી ભાડાના બિલ્ડીંગમાં ચાલે છે, તેને ખાલી કરી નવી કમિશનર કચેરી કયા વિસ્તારમા બનાવવાનું સરકારનું આયોજન છે ? | પોલીસ કમિશનરની કચેરી ભાડાના મકાનમાં નહી પરંતુ સરકારી મકાનમાં ચાલે છે. |

----------

**ખાનપુર અને કડાણા તાલુકાની સરહદે ગેરકાનુની પ્રવૃત્તિઓ**

૧૩૫૯૦ **શ્રી કાળુભાઇ હી. માલીવાડ (લુણાવાડા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાની ઉત્તર સરહદે ખાનપુર અને કડાણા તાલુકા કે જે રાજસ્થાન સરહદે સંયોજિત છે, આ સરહદે રાજસ્થાનમાંથી ગાયો અને અન્ય પશુધન ગુજરાતમાં કતલ માટે ઠલવાય છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી |
| (૨) આ કૃત્ય રોકવા સરકારે શું આયોજન કરેલ છે, અને | (૨) લાગુ પડતું નથી |
| (૩) આ પ્રકારનું પશુધન ગોધરામાં કતલખાને આવે છે આને રોકવા સરકારે શી વ્યવસ્થા કરી છે? | (૩) લાગુ પડતું નથી. |

-----------

**કચ્છ જિલ્લામાં વાયબ્રન્ટ ગુજરાત સમીટ-૨૦૦૫ના ઉદ્યોગોની પ્રગતિ**

૧૩૭૫૦ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ)** :તા. ૨૫-૨-૦૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૯૮૧૧ (અગ્રતા ક્રમાંક-૧૫) ના અનુસંધાને **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં અમલીકરણ હેઠળના ૩૭૫ ઉદ્યોગના પ્રોજેકટો તથા વાયબ્રન્ટ ગુજરાત સમીટ-૨૦૦૫ દરમ્યાન રૂપિયા ૨૧૨૧૧ કરોડના મૂડીરોકાણના ૩૨ એમ.ઓ.યુ. થયા છે. તે પ્રોજેકટો | (૧) તા. ૧૬-૮-૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં અમલીકરણ હેઠળના ૩૭૫ ઉદ્યોગોના પ્રોજેકટો પૈકી ૧૫૭૯૩ કરોડના રોકાણ સાથે ૩૬૧ પ્રોજેકટો સક્રિય અમલીકરણ હેઠળ છે, તે પૈકી ૯૩ |

તા. ૧૬ ઓગષ્ટ, ૨૦૦૫ની સ્થિતિએ કયા તબક્કે છે?

પ્રોજેકટો ઉત્પાદનમાં ગયેલ છે,

વાયબ્રન્ટ ગુજરાત સમીટ-૨૦૦૫ દરમ્યાન કચ્છ જિલ્લામાં રૂપિયા ૨૧૨૧૧ કરોડના મૂડી રોકાણના ૩૨ એમ.ઓ.યુ થયાં છે, તા. ૧૬-૮-૨૦૦૫ની સ્થિતિએ ૨ પ્રોજેકટો રૂપિયા ૨૬૧ કરોડના મૂડી રોકાણ સાથે ઉત્પાદનમાં ગયેલ છે અને ૩૦ પ્રોજેકટો અમલીકરણ હેઠળ છે.

(૨) આ પ્રોજેકટોનું વાસ્તવિક અમલીકરણ કચ્છ જિલ્લાના કયા-કયા વિસ્તારમાં કયારે શરૂ થનાર છે?

(૨) આ પ્રોજેકટોનું વાસ્તિવક અમલીકરણ કચ્છ જિલ્લાના ભૂજ, ગાંધીધામ, મુન્દ્રા, ભચાઉ, અંજાર, માંડવી, લખપત તથા અબડાસા તાલુકાઓના વિસ્તારોમાં ચાલુ છે.

-----------

## ખેડા જિલ્લામાં પૂર સહાયમાં જાન ગુમાવનાર પોલીસ જવાનોને સહાય

૧૩૨૦૨ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તાજેતરમાં ભારે વરસાદને કારણે આવેલા ધસમસતાં પૂરના પાણીમાં પ્રજાજનોને બચાવવા જતાં પાંચ જેટલા પોલીસ કર્મીઓના મૃત્યુ થયા છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ દરેક પોલીસ કર્મીઓને તેમની શહાદતતા પાછળ રાજ્ય સરકારે કેટ કેટલી આર્થિક સહાય કયારે કયારે ચૂકવી ?

**જવાબ**

(૧) ચાર પોલીસ કર્મીઓના મૃત્યુ થયેલ છે.

(૨) પોલીસ કર્મીઓના વારસદારોને તા. ૮-૭-૨૦૦૫ ના રોજ નીચે મુજબની આર્થિક સહાય ચૂકવવામાં આવેલ છે.

| અ. નં. | સ્વ. અધિકારી/કર્મચારીનું નામ અને હોદ્દો | રાજ્ય સરકાર દ્વારા સંચાલિત અકસ્માત જુથ વીમા યોજના અન્વયે સહાય | અન્ય આર્થિક સહાય |
|---|---|---|---|
| ૧. | શ્રી આર. કે. ચાવડા પો.સ.ઈ. | રૂા.૫,૦૦,૦૦૦/- | રૂા.૨૫,૦૦૦/- |
| ૨. | શ્રી ઓતાભાઈ એમ. સોઢા, અ.હે.કો. | રૂા. ૪,૦૦,૦૦૦/- | રૂા.૨૫,૦૦૦/- |
| ૩. | શ્રીરામસિંહ શંકરભાઈ ડાભી, ડ્રા.હે.કો. | રૂા. ૪,૦૦,૦૦૦/- | રૂા.૨૫,૦૦૦/- |
| ૪. | શ્રી પ્રતાપસિંહ ડાહ્યાભાઈ ડાભી, આ.પો.કો. | રૂા. ૪,૦૦,૦૦૦/- | રૂા.૨૫,૦૦૦/- |

----------

## ગુજરાતના આદિવાસી ગામડાઓમાં જ્યોતિગ્રામ યોજનાનો અમલ

૧૩૪૩૯ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યના કુલ કેટલા આદિવાસી ગામડાઓ ૨૪ કલાક જ્યોતિગ્રામ યોજના હેઠળ તા. ૩૧-૭-૦૫ સુધીમાં આવરી લેવામાં આવ્યા છે,

(૨) બાકીના ગામડાઓ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૩) જ્યોતિગ્રામ ગામડાનાં દરેક ઘરોને ૨૪ કલાક વીજળી આપવાનું આયોજન છે?

**જવાબ**

(૧) ૨૧૧૧

(૨) શક્ય એટલાં વહેલા

(૩) જ્યોતિગ્રામ યોજનામાં દરેક ગામડાને ૨૪ કલાક વીજળી આપવાનું આયોજન છે તેથી વીજજોડાણ ધરાવતા દરેક ઘરોને ૨૪ કલાક વીજળી મળશે.

-----------

## નવલખી બંદરના વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટનો વપરાશ

૧૩૮૦૯ **શ્રી કાંતિભાઇ અમૃતિયા (મોરબી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના નવલખી બંદરના વિકાસ માટે તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ બે વર્ષ પહેલાં મંજૂર થયેલી ગ્રાન્ટ પૈકી કેટલી રકમ વપરાઈ છે, અને

(૨) કેટલી ગ્રાન્ટ વાપરવાની બાકી છે?

**જવાબ**

(૧) રૂા. ૧૪,૭૬,૮૧,૫૮૩/-

(૨) રૂા. ૨,૩૪,૦૨,૪૧૭/-

-----------

## ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકામાં જ્યોતિગ્રામ યોજના

૧૩૭૪૬ **શ્રીમતી રમીલાબેન બે. બારા (ખેડબ્રહ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તથા વિજયનગર તાલુકાના કેટલા ગામો તથા પેટાપરાને તા. ૧૬-૮-૨૦૦૫ની સ્થિતિએ જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લીધેલ છે, અને

(૨) બાકી રહેલા કયા કયા ગામોને ક્યાં સુધીમાં આવરી લેવાનું આયોજન છે?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | કુલ ગામ | જ્યોતિગ્રામ યોજના હેઠળ તા.૧૬-૮-૦૫ ની સ્થિતિએ આવરી લીધેલ ગામો. | કુલ પેટાપરા | જ્યોતિગ્રામ યોજના હેઠળ તા.૧૬-૮-૦૫ ની સ્થિતિએ આવરી લીધેલ પેટાપરા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ખેડબ્રહ્મા | ૧૩૩ | ૧૦૫ | ૧૩૩ | ૭૩ |
| ૨ | વિજયનગર | ૮૫ | ૨૦ | ૩૯ | ૦૯ |

(૨) -પત્રક મુજબ- શક્ય તેટલા વહેલા.

**પત્રક**

| ક્રમ | જ્યોતિગ્રામ યોજના હેઠળ ખેડબ્રહ્મા તાલુકાના બાકી ગામો | જ્યોતિગ્રામ યોજના હેઠળ વિજયનગર તાલુકાના બાકી ગામો | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | | | |
| ૧ | બહેડીયા | (૧) | આભાપુર | (૨૯) | જોરાવરનગર | (૫૭) | ટોલ ડુંગરી |
| ૨ | ભૂતિયા | (૨) | અદેપુર | (૩૦) | જુસાવાડા | (૫૮) | ઉખળા ડુંગરી |
| ૩ | બોરડી | (૩) | અજેપુર | (૩૧) | કણાદર | (૫૯) | વજેપુર |
| ૪ | ચામ્પલપુર | (૪) | અમોદરા | (૩૨) | કેલાવા (પરોસડા) | (૬૦) | વણજ |
| ૫ | ચાગોદ | (૫) | અંદોખા | (૩૩) | ખારીબેડી | (૬૧) | વાંકડા |
| ૬ | ધન મહુડી | (૬) | અંતારી | (૩૪) | ખારોલ | (૬૨) | વસઈ |
| ૭ | દેડકા | (૭) | અંતર સુમ્બા | (૩૫) | ખેડાસણ | (૬૩) | વિજયનગર |
| ૮ | દેલવાડા (ખેરોજ) | (૮) | બાદરખાન | (૩૬) | ખેરવાડા | (૬૪) | વિરપુર |
| ૯ | ધરોઈ | (૯) | બાલેટા | (૩૭) | કોડીયાવાડા | (૬૫) | ઝેર |
| ૧૦ | ધોળીવાવ | (૧૦) | બાંધણા | (૩૮) | કુંડલા | | |
| ૧૧ | ડીગથળી | (૧૧) | ભાગોરપાડા | (૩૯) | લાડીવાડા | | |
| ૧૨ | ગાંધીસણ | (૧૨) | ભાંભુડી | (૪૦) | લક્ષ્મણપુરા | | |
| ૧૩ | જાડી સેમ્બલ | (૧૩) | ભાંખરા | (૪૧) | લીમડા | | |
| ૧૪ | કાઠીયા વાછડીયા | (૧૪) | ભાટેલા | (૪૨) | માસોટા | | |
| ૧૫ | ખેડવા | (૧૫) | ભૂપતગઢ | (૪૩) | માટલી | | |
| ૧૬ | ખેરગઢ | (૧૬) | બોગાપાડા | (૪૪) | મોંઘરી | | |
| ૧૭ | ખેરીવાવ | (૧૭) | ચામથણ | (૪૫) | મોંવતપુરા | | |
| ૧૮ | મીઠીબીલી | (૧૮) | ચિકણો | (૪૬) | નવાભાળા | | |
| ૧૯ | મોટા બાવળ | (૧૯) | ચિતરીયા | (૪૭) | નવાધરા ઉમ્બરીયા | | |
| ૨૦ | નાડા | (૨૦) | ચિત્રોડી | (૪૮) | નવા ખોળા | | |
| ૨૧ | નાના બાવળ | (૨૧) | દઢવાવ | (૪૯) | નેલાઉ | | |
| ૨૨ | પઢારા | (૨૨) | ડાગલા | (૫૦) | પડેલા | | |
| ૨૩ | પાળીયા બીયા | (૨૩) | ધોળીવાવ | (૫૧) | પાલ | | |
| | | (૨૪) | ગડી | (૫૨) | પરોસડા | | |
| ૨૪ | પાનથલ | (૨૫) | ગોલવાડા | (૫૩) | પર્વથ | | |
| | | (૨૬) | ઈટાવાડી | (૫૪) | પિપલોટી | | |
| ૨૫ | પીપોદરા, ડોડીવાડા | (૨૭) | જાલેટી | (૫૫) | સામૈયા | | |
| | | (૨૮) | જમણીયા | (૫૬) | સરોલી | | |
| ૨૬ | રતનપુર | | | | | | |
| ૨૭ | વાઘેશ્વરી | | | | | | |
| ૨૮ | ઝાંઝવા પનાઈ | | | | | | |

-----------

## રાજ્યમાં હવાઈ મથકો અને તેમની સુવિધાઓમાં વૃધ્ધિ

૧૩૬૧૫ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા): માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૭-૦૫ ની સ્થિતિએ રાજ્યના કેટલા શહેરોમાં હવાઈમથકોની સુવિધાઓ છે, | (૧) ૧૫ (પંદર)<br>તે પૈકી ૧૧ હવાઈમથકો કેન્દ્ર સરકારની એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા હસ્તક, બે એરફોર્સ હસ્તક, એક રાજ્ય સરકાર પાસે અને એક ખાનગી કંપની હસ્તક છે. |
| (૨) આ હવાઈ મથકોના આધુનિકરણ માટે કેન્દ્ર સરકાર સમક્ષ કોઈ દરખાસ્ત કરેલ છે કે કેમ, અને | (૨) ના. જી.<br>આ પૈકી જે એરપોર્ટ એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા અને ઈન્ડિયન એરફોર્સ પાસે છે, તે માટે આધુનિકરણ કરવાની વિચારણા કેન્દ્ર સરકાર જરૂરીયાત મુજબ કરે છે. જ્યારે ખાનગી કંપની તેની રીતે વ્યવસ્થા કરે છે. |

(૩) અમરેલી સહિતના બંધ પડેલા હવાઈ મથકો પુનઃશરૂ થાય તે માટે અત્યાર સુધીમાં શી કાર્યવાહી થઈ છે?

(૩) અમરેલી હવાઈ મથક કે જે રાજ્ય સરકાર હસ્તક છે, તેમાં નાગરિક હવાઈ સેવાનો હજુ સુધી પ્રારંભ થયેલ નથી. ગુજરાતના એવીએશન માસ્ટર પ્લાન અન્વયે થયેલ મોજણી અનુસાર નજીકના ભવિષ્યમાં અમરેલીને પુરતો ટ્રાફિક મળવાની શક્યતાઓ નિહવત્ ગણાવેલ છે. આથી, હાલ અમરેલી હવાઈ મથકને ચાલુ કરવા કોઈ આયોજન વિચારેલ નથી.

-----------

## જૂનાગઢ જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટે નોંધાયેલા એકમો

૧૩૬૨૩ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં સને ૨૦૦૪-૨૦૦૫ અને સને ૨૦૦૫-૨૦૦૬ના નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૭-૦૫ સુધીમાં કુટિર ઉદ્યોગ માટે નોંધાયેલ કેટલા એકમોને મંજૂરી આપી, અને | (૧) કુટિર ઉદ્યોગની નોંધણી કરાવવા માટે કોઈ અરજી આવેલ નથી. તેથી માહિતી શૂન્ય છે. |
| (૨) તે પૈકી કેટલા ઉદ્યોગો તાલુકાવાર કાર્યરત છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

## મુલ્કી સચિવાલયમાં કારકુન અને નાયબ શાખા અધિકારીની ખાલી જગ્યા

૧૩૭૪૦ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૭-૦૫ની સ્થિતિએ મુલ્કી સચિવાલયના કારકુન અને નાયબ શાખા અધિકારીની કુલ કેટલી જગાઓ ખાલી છે, | (૧) તા. ૩૧-૭-૨૦૦૫ની સ્થિતિએ કારકુનની કુલ ૨૩૦ જગા અને નાયબ શાખા અધિકારીની કુલ ૧૬૯ જગા ખાલી છે. |
| (૨) આ જગાઓ પૈકી અનુસૂચિત જનજાતિની કેટલી જગાઓ ખાલી છે, અને | (૨) અનામત જગ્યાઓને લાગુ પડતી ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ જગાઓ સરકાર કેટલા સમયમાં ભરવા માંગે છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

## આણંદ જિલ્લામાં પોલીસ સ્ટેશનો અને પોલીસ ચોકીઓ

૧૩૬૨૦ **શ્રી અમીત ચાવડા (બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)આણંદ જિલ્લામાં તા.૩૧-૭-૦૫ની સ્થિતિએ કેટલા પોલીસ સ્ટેશનો અને પોલીસ ચોકીઓ છે, | (૧) ૧૮ પોલીસ સ્ટેશનો અને<br>૧૬ પોલીસ ચોકીઓ. |
| (૨) આ સ્ટેશનો તથા ચોકીઓમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે, | (૨) પો. ઈ. - ૧૦<br>પો.સ.ઈ. - ૪૯<br>હે.કો. - ૪૪૨<br>પો.કો. - ૯૧૯ |

| | |
|---|---|
| (૩) તે પૈકી તા.૩૧-૭-૦૫ની સ્થિતિએ કેટલી ખાલી જગ્યાઓ છે, અને | (૩) પો. ઈ. -<br>પો.સ.ઈ. -<br>હે.કો. - ૧૬<br>પો.કો. - ૧૩૧ |
| (૪)ખાલી જગ્યાઓ સરકાર કેટલા સમયમાં ભરવા માંગે છે? | (૪) વહીવટી અનુકૂળતા મુજબ. |

-----------

**વિરમગામ ખાતે મોટા ઉદ્યોગોનું મૂડી રોકાણ**

૧૩૩૯૧ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વિરમગામ ખાતે તા.૩૧-૭-૦૫ની સ્થિતિએ મોટા ઉદ્યોગ કંપનીઓએ કેટલું મૂડીરોકાણ કરેલ છે, અને | (૧) વિરમગામ ખાતે તા.૩૧-૭-૦૫ની સ્થિતિએ મોટા ઔદ્યોગિક એકમોએ રૂ. ૭૨૫ કરોડનું મૂડીરોકાણ કરેલ છે. |
| (૨) આમાંથી વિરમગામના વિકાસ માટે શા કાર્યો કરવામાં આવ્યા છે? | (૨) આ ઉદ્યોગો આવવાને લીધે વિરમગામ તાલુકાના તેમજ ગામોના રોજગાર વાંચ્છુઓએ સીધી અને આડકતરી રીતે રોજગારી ઉપલબ્ધ થયેલ છે.<br>- રાજ્ય સરકારે આ ઔદ્યોગિક મુદ્દાને પણ ધ્યાનમાં રાખી અમદાવાદ-વિરમગામ રસ્તાને પહોળો અને આધુનિક બનાવેલ છે. |

-----------

**રાજ્યમાં વીજ ઉત્પાદન વધારવા આયોજન**

૧૩૪૨૫ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| હાલમાં રાજ્યમાં કેટલા મેગાવોટની જરૂરીયાત સામે કેટલા મેગાવોટનું વીજળી ઉત્પાદન થાય છે? | ઓગષ્ટ માસ દરમ્યાન રાજ્યની આશરે ૭૩૫૮ મેગાવોટની જરૂરીયાત સામે રાજ્યના બધાંજ સ્ત્રોત્રમાંથી આશરે ૫૭૦૯ મોગાવોટ વીજળી ઉત્પાદન થઈ રહેલ છે. |

-----------

**પાંચમા પગાર પંચની વિસંગતતા સમિતિના અહેવાલનો અમલ**

૧૩૩૦૫ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકારના કર્મચારીઓને આપવામાં આવેલ પાંચમા પગાર પંચની ભલામણો અનુસાર ઉભી થયેલ વિસંગતતા અન્વયે કમીટીનો આખરી અહેવાલનો સરકાર ક્યારથી અમલ કરવા માંગે છે, અને<br>(૨) આ અંગે સત્વરે હુકમો કરવાની કાર્યવાહી કયા તબક્કે છે? | (૧) અને (૨) પગાર ધોરણ વિસંગતતા સમિતિના અહેવાલ ઉપર મંત્રીમંડળની પેટા સમિતિએ રજુ કરેલ અહેવાલ ઉપર નિર્ણય થાય તે મુજબ, યથા સમયે, કાર્યવાહી કરવામાં આવશે. |

-----------

**ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની નવી બસો ખરીદવા દરખાસ્ત**

૧૩૧૬૩ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ તરફથી નવી એસ.ટી. બસો ખરીદવા માટે સને ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં તા.૩૧-૭-૦૫ સુધીમાં નાણાકીય માંગણીની કેટલી દરખાસ્ત સરકારને મળી, અને | (૧) ત્રણ |
| (૨) આ પૈકી સરકારે કેટલી દરખાસ્તને નાણાકીય મંજૂરી આપી? | (૨) સદરહુ દરખાસ્તોની સર્વગ્રાહી વિચારણા બાદ રૂા. ૭.૮૭ કરોડની નિગમની દરખાસ્તને સરકારશ્રીએ મંજૂરી આપેલ છે. |

-----------

**વાયબ્રન્ટ ગુજરાત અન્વયે રાજ્યમાં કરવામાં આવેલા એમ.ઓ.યુ. માં પ્રગતિ**

૧૩૪૨૨ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વાયબ્રન્ટ ગુજરાત કાર્યક્રમ અન્વયે ૨૦૦૩-૨૦૦૪ તથા સન ૨૦૦૪-૨૦૦૫માં કુલ કેટલા અને કેટલી રકમના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા એમ.ઓ.યુ. તા. ૩૧-૭-૨૦૦૫ની સ્થિતિએ અમલમાં છે અને કેટલા એમ.ઓ.યુ. પડતા મુકવામાં આવ્યા, અને

(૩) એમ.ઓ.યુ. પડતા મુક્વાના મુખ્ય કારણો શું છે અને તે પડતા ન મુકાય તે માટે રાજ્ય સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) રાજ્યમાં વાયબ્રન્ટ ગુજરાત કાર્યક્રમ વર્ષ ૨૦૦૩-૨૦૦૪ તથા સન ૨૦૦૪-૨૦૦૫ દરમ્યાન કરવામાં આવેલ એમ.ઓ.યુ. તેમજ ઈરાદાપત્રોની વિગત આ મુજબ છે.

| | **૨૦૦૩-૨૦૦૪** | **૨૦૦૪-૨૦૦૫** |
|---|---|---|
| એમ.ઓ.યુ./ ઈરાદાપત્રોની સંખ્યા | ૭૬ | ૨૨૬ |
| રકમ | રૂા.૬૬,૦૬૮ કરોડ | રૂા.૧,૦૬,૦૬૦ કરોડ |

(૨) અને (૩) એમ. ઓ .યુ. થયેલ હોય તેવા એકમો અમલીકરણમાં જલ્દી આવે તે માટે

મા. મુખ્યમંત્રીશ્રી તેમજ અન્ય વિવિધ કક્ષાએ બેઠકો યોજી એકમોને પડતી મુશ્કેલીઓ નિવારવા સરકારે પુરતા પ્રયત્નો કરેલ છે આ માટે નોડલ અધિકારીઓની નિમણૂંક કરવામાં આવેલ છે અને વિવિધ વિભાગો વચ્ચે સંકલન સાંધી એકમોની મુશ્કેલીઓ દૂર કરવાના પ્રયત્નો કરવામાં આવેલ છે. અને તેને પરિણામે ૩૧-૦૭-૨૦૦૫ની સ્થિતિએ ૨૦૦૩-૦૪ના ૭૬ પૈકી ૧૭ એમ.ઓ.યુ. પ્રોજેકટસ રૂા. ૧૦૩૪૦ કરોડના રોકાણ સાથે ઉત્પાદનમાં ગયેલ છે અને અન્ય ૪૫ એમ.ઓ.યુ. રૂા. ૪૯,૧૮૦ કરોડના રોકાણ સાથે અમલીકરણ હેઠળ છે.

૨૦૦૪-૨૦૦૫ના ૨૨૬ એમ.ઓ.યુ. પૈકી ૭૯૨.૩૧ કરોડના રોકાણના ૨૭ પ્રોજેકટસ ઉત્પાદનમાં ગયેલ છે અને ૧૦૧૭૬૦ કરોડના રોકાણના ૧૯૬ એમ.ઓ.યુ. પ્રોજેકટસ અમલીકરણ નીચે છે.

સરકારના સઘન પ્રયાસો છતાં જે ઉદ્યોગકારોએ પ્રોજેકટસમાં આગળ વધવા તત્પરતા દર્શાવેલ નથી તેવા કુલ ૧૭ પ્રોજેકટસ પડતા મુકવામાં આવેલ છે.

-----------

## વિસનગર નાગરિક સહકારી બેંકના ડીફોલ્ટરો

૧૩૨૬૯ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ વિસનગર નાગરિક સહકારી બેંકના કેટલા ડીફોલ્ટરો સામે ધરપકડ વોરંટ ઈસ્યુ કરવામાં આવેલા છે, | (૧) વિસનગર નાગરિક સહકારી બેંકના કોઈ ડીફોલ્ટર સામે ધરપકડ વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ નથી. |
| (૨) આ ડીફોલ્ટરો પૈકી કેટલા ડીફોલ્ટરો ભાગેડુ જાહેર થયેલ છે, | (૨) કોઈ ડીફોલ્ટર ભાગેડુ જાહેર થયેલ નથી. |
| (૩) ભાગેડુ ડીફોલ્ટરોને પકડવા છેલ્લા બે વર્ષમાં સરકારને કેટલી ફરિયાદો મળી, અને | (૩) ભાગેડુ ડીફોલ્ટરોને પકડવા કોઈ ફરિયાદો મળેલ નથી. |
| (૪) સરકારે શાં પગલાં ભર્યા? | (૪) ત્રણ આરોપીઓને તા. ૧૭-૭-૦૪ના રોજ ૧.૦૦ કલાકે અટક કરી નામ. કોર્ટમાં મોકલી આપવામાં આવેલ છે. તથા આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જડતાં તા. ૫-૧૧-૦૪ના રોજ ચાર્જશીટ નામ. કોર્ટમાં મોકલી આપેલ છે. તેમજ કાયદાકીય તમામ પગલાં લેવામાં આવેલ છે. |

-----------

## અમદાવાદ શહેર-જિલ્લાના પોલીસ સ્ટેશનમાં ખાલી જગ્યાઓ

૧૩૬૭૦ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં કયા કયા પોલીસ સ્ટેશનમાં કેટલી જગાઓ ખાલી છે, | (૧) સામેલ પત્રક*-૧ અને ૨ મુજબ. |
| (૨) આ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, | (૨) સામેલ પત્રક*-૩ અને ૪ મુજબ. |
| (૩) વધતી જતી ગુન્હાખોરી ડામવા સરકારે કોઈ ખાસ યોજના બનાવી છે કે કેમ, અને | (૩) હા. |
| (૪) તેની વિગતો શું છે? | (૪) સ્થાનિક ગુન્હા શોધક શાખા/આર્થિક ગુન્હા નિવારણ શાખા/ડી સ્ટાફ તથા અન્ય સ્કવોડ બનાવી વધતી ગુન્હાખોરી ડામવા સઘન પગલાં લેવામાં આવેલ છે. ક્રાઈમ કોન્ફરન્સમાં અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી તકેદારીના પગલાં લેવા આયોજન કરવામાં આવી રહેલ છે તથા ગુન્હાખોરી ડામવા આપવામાં આવેલ સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવા અધિકારીઓને જણાવવામાં આવેલ છે. (*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.) |

-----------

**સચિવાલય સંવર્ગમાં કારકુન અને નાયબ શાખા અધિકારીની ખાલી જગ્યાઓ**

૧૩૭૪૧ **શ્રી કાંતિલાલ રે. ગામીત (સોનગઢ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧)તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ સચિવાલયના સંવર્ગમાં કારકુન અને નાયબ શાખા અધિકારીની કુલ કેટલી જગાઓ ખાલી છે,

(૨)આ જગાઓ પૈકી અનુસૂચિત જનજાતિની કેટલી જગાઓ ખાલી છે, અને

(૩)આ જગાઓ સરકાર ક્યારે ભરવા માંગે છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ કારકુનની કુલ ૨૩૦ જગા અને નાયબ શાખા અધિકારીની કુલ ૧૬૯ જગા ખાલી છે.

(૨) અનામત ખાલી જગ્યાઓને લાગુ પડતી ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

**રાજ્યના પોલીસ કોન્સ્ટેબલોને પાંચમાં પગાર પંચનો લાભ આપવા અંગે**

૧૩૨૩૦ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) પાંચમાં પગાર પંચનો લાભ પોલીસ કોન્સ્ટેબલોને તા. ૧૭-૮-૦૫ સુધીમાં અપાયો નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના શાં કારણો છે, અને

(૩) આ લાભ સરકાર ક્યારે આપવા માંગે છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------------

**અમદાવાદ શહેરમાં કુટિર ઉદ્યોગ સહાયની અરજીઓ**

૧૩૫૬૧ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા (જમાલપુર):માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં કેટલા છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં કુટિર ઉદ્યોગ માટેની લોન સહાય મેળવવા માટે કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧)

| વર્ષ | યોજનાનું નામ | | |
|---|---|---|---|
| | શ્રી બાજપાઈ બેન્કેબલ યોજના | વડાપ્રધાન રોજગાર યોજના | કુલ |
| ૨૦૦૨-૦૩ | ૩૩૪૭ | ૩૮૮૯ | ૭૨૩૬ |
| ૨૦૦૩-૦૪ | ૫૪૦૫ | ૧૯૧૧ | ૭૩૧૬ |
| ૨૦૦૪-૦૫ | ૩૪૪૮ | ૧૪૬૭ | ૪૯૧૫ |
| કુલ | ૧૨૨૦૦ | ૭૨૬૭ | ૧૯૪૬૭ |

(૨) આ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) બેન્કે મંજુર કરેલ અરજીઓ

| વર્ષ | યોજનાનું નામ | | |
|---|---|---|---|
| | શ્રી બાજપાઈ બેન્કેબલ યોજના | વડાપ્રધાન રોજગાર યોજના | કુલ |
| ૨૦૦૨-૦૩ | ૫૧૭ | ૬૬૪ | ૧૧૮૧ |
| ૨૦૦૩-૦૪ | ૨૨૬૯ | ૮૯૫ | ૩૧૬૪ |
| ૨૦૦૪-૦૫ | ૨૨૭૨ | ૬૬૭ | ૨૯૩૯ |
| કુલ | ૫૦૫૮ | ૨૨૨૬ | ૭૨૮૪ |

(૩) તે પૈકીની કેટલા લોકોને તા. ૩૧-૭-૨૦૦૫ સુધીમાં કેટલી રકમની લોન સહાય ચુકવવામાં આવી?

(૩)

ચૂકવાયેલ સબસીડી (રકમ રૂા. લાખમાં)

| અ.નં | શ્રી બાજપાઈ બેન્કેબલ યોજના | | વડાપ્રધાન રોજગાર યોજના | | કુલ | |
|---|---|---|---|---|---|---|
| | લાભાર્થીની સંખ્યા | રકમ | લાભાર્થીની સંખ્યા | રકમ | લાભાર્થીની સંખ્યા | રકમ |
| ૧ | ૪૮૯૬ | ૪૭૯.૧૦ | ૧૮૧૮ | ૬૪.૪૧ | ૬૭૧૪ | ૫૪૩.૫૧ |

----------

## અમરેલી જિલ્લામાં ચોરી, ખૂન વિગેરેના બનાવો

૧૩૬૪૦ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા): માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ છેલ્લા ૦૨ વર્ષમાં કેટલા ચોરી, ખૂન, લૂંટ અને બળાત્કારના ગુન્હાઓ તાલુકાવાર બનેલ છે.

(૨) આ ગુન્હાઓમાં કેટલા તહોમતદારોને પકડવામાં આવ્યા છે,

(૩) કેટલા તહોમતદારો પકડવાના બાકી છે, અને

(૪) કયા કારણસર આ તહોમતદારો પકડાયેલ નથી ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ચોરી | ખુન | લુંટ | બળાત્કાર |
|---|---|---|---|---|---|
| ૧. | અમરેલી | ૧૧૦ | ૦૮ | ૦૬ | ૦૫ |
| ૨. | બાબરા | ૧૨ | ૦૩ | ૦૧ | ૦૧ |
| ૩. | લાઠી | ૩૨ | ૧૧ | ૦૩ | ૦૨ |
| ૪. | લીલીયા | ૧૨ | નીલ | ૦૩ | નીલ |
| ૫. | વડિયા | ૦૮ | ૦૨ | નીલ | ૦૧ |
| ૬. | બગસરા | ૧૬ | નીલ | ૦૧ | નીલ |
| ૭. | સાવર કુંડલા | ૫૦ | ૦૪ | ૦૮ | ૦૩ |
| ૮. | ધારી | ૨૪ | ૦૮ | ૦૩ | ૦૨ |
| ૯. | ખાંભા | ૦૫ | ૦૨ | ૦૨ | ૦૧ |
| ૧૦. | રાજુલા | ૪૭ | ૦૫ | ૦૫ | ૦૪ |
| ૧૧. | જાફરાબાદ | ૦૯ | ૦૪ | ૦૩ | ૦૨ |

(૨)

| ચોરી | ખૂન | લૂંટ | બળાત્કાર |
|---|---|---|---|
| ૨૨૬ | ૧૫૭ | ૫૧ | ૩૩ |

(૩)

| ચોરી | ખૂન | લૂંટ | બળાત્કાર |
|---|---|---|---|
| ૦૪ | ૪૭ | ૧૩ | ૦૩ |

(૪) ગુનેગારો નાસતા ફરતા હોવાના કારણે તેમજ નામ-નમુદ ન હોવાના કારણે પકડાયેલ નથી.

--------------

## ભરૂચ જિલ્લામાં તત્કાલ વીજજોડાણ માટેની અરજીઓ

૧૩૩૧૫ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧.૦૭.૨૦૦૫ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં છેલ્લા સાત માસમાં તાલુકાવાર તત્કાલ વીજજોડાણની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલા કનેકશનો અપાયા,

(૩) બાકીનાને તાલુકાવાર કયાં સુધીમાં આપવામાં આવશે?

**જવાબ**

(૧)(૨)અને (૩)ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૦૭-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા સાત માસમાં તત્કાલ યોજના હેઠળ વીજજોડાણની અરજીઓ મંગાવેલ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

## રાજ્યમાં સ્ત્રીઓ પર બળાત્કારના કિસ્સા

૧૩૪૪૮ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧.૦૭.૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર સ્ત્રીઓ ઉપર બળાત્કારના કેટલા ગુનાઓ નોધાયા છે,

**જવાબ**

(૧)

| અ.નં. | શહેર/જિલ્લો | બળાત્કારના દાખલ થયેલ ગુનાઓ |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૭૫ |
| ૨ | રાજકોટ શહેર | ૧૮ |
| ૩ | સુરત શહેર | ૫૬ |
| ૪ | વડોદરા શહેર | ૧૬ |
| ૫ | અમદાવાદ રૂરલ | ૨૧ |
| ૬ | ખેડા | ૨૦ |
| ૭ | આણંદ | ૨૦ |
| ૮ | ગાંધીનગર | ૧૪ |
| ૯ | સાબરકાંઠા | ૨૮ |
| ૧૦ | મહેસાણા | ૯ |
| ૧૧ | જામનગર | ૨૩ |
| ૧૨ | રાજકોટ રૂરલ | ૪૫ |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૨૬ |
| ૧૪ | બનાસકાંઠા | ૩૯ |
| ૧૫ | કચ્છ-ભૂજ | ૨૨ |
| ૧૬ | પાટણ | ૧૧ |
| ૧૭ | અમરેલી | ૨૧ |
| ૧૮ | ભાવનગર | ૪૦ |
| ૧૯ | જુનાગઢ | ૨૦ |
| ૨૦ | પોરબંદર | ૨ |
| ૨૧ | વડોદરા રૂરલ | ૪૩ |
| ૨૨ | ભરૂચ | ૩૧ |
| ૨૩ | નર્મદા | ૯ |
| ૨૪ | ગોધરા | ૧૮ |
| ૨૫ | દાહોદ | ૧૨ |
| ૨૬ | સુરત રૂરલ | ૨૪ |
| ૨૭ | વલસાડ | ૨૦ |
| ૨૮ | નવસારી | ૧૦ |

| | | |
|---|---|---|
| ૨૯ | ડાંગ-આહવા | ૪ |
| ૩૦ | પ.રે.વડોદરા | ૬ |

(૨) આ અંગે કેટલા લોકોની ધરપકડો કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૨) ૧૦૮૭.

(૩) હજુસુધી કેટલા ગુનાઓમાં કેટલા લોકોની ધરપકડ કરવાની બાકી છે ?

(૩) ૩૮ ગુનાઓમાં ૭૧ લોકો.

---------------

**રાજ્યને વેચાણવેરાની આવક અને કરચોરી પેટે દંડ**

૧૩૪૧૦ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારને તા. ૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સેલટેક્ષની આવક કેટલી થઈ,

(૨) આ સમયગાળા દરમ્યાન સેલટેક્ષ ચોરીના કેટલા કેસો કરવામાં આવ્યા, અને

(૩) સેલટેક્ષ ચોરી કરનાર સામે કેટલો દંડ વસૂલ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) રૂા. ૮૩૭૦.૪૪ કરોડ.

(૨) ૬૪૦૧.

(૩) રૂા. ૧૩.૩૪ કરોડ.

---------------

**મહેસાણા જિલ્લાના ધાર્મિક સ્થળો નજીક અસામાજિક પ્રવૃત્તિઓ**

૧૩૨૯૬ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૭-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લાના વિવિધ ધાર્મિક સ્થળો નજીક વરલી મટકા, જુગાર અને બળાત્કાર અંગેના કેટલા કિસ્સાઓ બહાર આવેલ છે, અને

(૨) સરકાર આ બાબતે શાં પગલાં ભરવા માંગે છે?

**જવાબ**

(૧) વરલી મટકાના કેસો -૪
જુગારના કેસો -૪
બળાત્કારના કોસો -શૂન્ય

(૨) ધાર્મિક સ્થળો નજીક અસામાજિક પ્રવૃત્તિઓ ન ચાલે તે માટે સતત પેટ્રોલીંગ રાખી આવી પ્રવૃત્તિઓ કરનાર ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી કરવા પોલીસ અધિકારીઓને સુચના આપવામાં આવેલ છે.

---------------

**કવાંટ તાલુકામાં ધાડપાડુઓ દ્વારા હુમલા**

૧૩૪૩૨ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના કવાંટ તાલુકાના સરહદી વિસ્તારમાં ધાડપાડુ હુમલા થાય છે તે અંગે સરકારે શાં પગલાં લીધા છે,

(૨) અને એ ધાડપાડુઓનું પગેરું મળ્યું કે કેમ, અને

(૩) હા, તો તે કયા વિસ્તારમાંથી આવે છે ?

**જવાબ**

(૧) હા, જી. આવા ધાડપાડુના હુમલાના બનાવો ન બને તે માટે સરહદી વિસ્તારમાં પોલીસ પેટ્રોલીંગ તથા જી.આર.ડી. સભ્યો દ્વારા પોલીસ પેટ્રોલીંગ રાખવામાં આવે છે. તેમજ રાત્રિના સમયે પેટ્રોલીંગ કરવામાં આવે છે.

(૨) હા, જી.

(૩) આ ધાડપાડુ હુમલાના આરોપી કવાંટ તાલુકા તથા તેને અડીને આવેલ મધ્યપ્રદેશના ગામોના વિસ્તારમાંથી આવે છે.

----------------

**બરવાળાથી ફેદરા વચ્ચે થયેલા અકસ્માતો**

૧૩૬૬૯ **શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બરવાળાથી ફેદરા સુધીના છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૭-૨૦૦૫ સુધીમાં કુલ કેટલા રસ્તા ઉપર અકસ્માત થયા, | (૧) ૧૬૯ અકસ્માત. |
| (૨) કેટલા ઘાયલ થયા, અને | (૨) ૧૮૭. |
| (૩) કેટલા મૃત્યુ થયા ? | (૩) ૪૬. |

----------------

**સાબરકાંઠા જિલ્લામાં પાઈપ લાઈનથી ગેસ આપવા અંગે**

| ૨ | કચ્છ પુર્વ વન વિભાગ, ભુજ | ૦ | ૧ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૪ | ૭ | ૧ | ૦ | ૨ | ૩ | ૦ | ૦ | ૧ | ૧ | ૨ | ૨૭ |
| | જંગલ નિયામક, ભુજ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૬ |
| | ભુજ (દક્ષિણ) રેન્જ, ભુજ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૪ | ૧૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૦ | ૦ | ૦ | ૨૧ |
| | ભુજ (ઉત્તર) રેન્જ, ભુજ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૩ | ૧૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૫ |
| | મુન્દ્રા રેન્જ, મુદ્રા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૩ | ૧૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૫ |
| | ભચાઉ રેન્જ, ભચાઉ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૫ | ૧૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૧ |
| | અંજાર, રેન્જ અંજાર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૪ | ૧૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૬ |
| | રાપર (દ) રેન્જ, રાપર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૩ | ૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૨ |
| | રાપર (ઉ) રેન્જ, રાપર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૩ | ૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૨ |
| | આડેસર રેન્જ આડેસર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૩ | ૧૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧૬ |
| | **કુલઃ-** | ૦ | ૧ | ૨ | | ૦ | ૮ | ૨૮ | ૮૯ | ૧ | ૦ | ૦ | ૦ | ૫ | ૯ | ૧ | ૦ | ૩ | ૩ | ૦ | ૫ | ૨ | ૧ | ૨ | ૧૬૧ |
| ૩ | કચ્છ (પશ્ચિમ) વન વિભાગ | ૦ | ૧ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૪ | ૪ | ૧ | ૦ | ૩ | ૨ | ૦ | ૦ | ૩ | ૦ | ૦ | ૨૨ |
| | ભુજ (પશ્ચિમ) રેન્જ, ભુજ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૪ | ૨૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૦ | ૦ | ૦ | ૩૦ |
| | માંડવી રેન્જ, માંડવી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૩ | ૧૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૨૦ |
| | નખત્રાણા (પુર્વ) રેન્જ, નખત્રાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૩ | ૧૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૧૯ |
| | નખત્રાણા (પશ્ચિચ) રેન્જ, નખત્રાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૩ | ૧૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧૮ |
| | દયાપર (ઉત્તર) રેન્જ દયાપર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૩ | ૧૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૧૮ |
| | દયાપર (દક્ષિણ) રેન્જ દયાપર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૨ | ૧૬ |
| | નલીયા (ઉત્તર) રેન્જ, નલીયા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૩ | ૧૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૪ |
| | નલીયા (દક્ષિણ) રેન્જ, નલીયા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૩ | ૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧૩ |
| | કુલઃ- | ૦ | ૧ | ૨ | ૦ | ૦ | ૮ | ૨૪ | ૧૦૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૪ | ૪ | ૧ | ૦ | ૩ | ૨ | ૦ | ૧૪ | ૩ | ૦ | ૨ | ૧૭૦ |
| ૪ | કચ્છ વિસ્તરણ વિભાગ, ભુજ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૮ | ૧ | ૦ | ૧ | ૪ | ૩ | ૦ | ૧ | ૦ | ૦ | ૨૪ |
| | ભુજ, સા.વ.રેન્જ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૮ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૧ |
| | માંડવી, સા.વ.રેન્જ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૪ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૧ |
| | નલીયા, સા.વ.રેન્જ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૬ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૩ |
| | ભચાઉ, સા.વ.રેન્જ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૪ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૮ |
| | અંજાર, સા.વ.રેન્જ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૪ | ૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૧ |
| | દયાપર, સા.વ.રેન્જ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૪ | ૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦ |
| | રાપર, સા.વ.રેન્જ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૫ | ૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૩ |
| | નખત્રાણા, સા.વ.રેન્જ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૫ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૯ |
| | મુન્દ્રા, સા.વ.રેન્જ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૩ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૯ |
| | કુલ : | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧૦ | ૪૩ | ૪૬ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૧૩ | ૧ | ૦ | ૧ | ૫ | ૩ | ૦ | ૧ | ૦ | ૦ | ૧૨૯ |
| | એકંદર કુલ :- | ૧ | ૪ | ૬ | ૦ | ૧ | ૨૬ | ૯૫ | ૨૩૫ | ૩ | ૨ | ૩ | ૧ | ૧૭ | ૨૭ | ૫ | ૧ | ૮ | ૧૧ | ૩ | ૧૯ | ૮ | ૨ | ૪ | ૪૮૩ |

--------------

## રાજ્યમાં જંગલી પ્રાણીઓમાં થઈ રહેલ ઘટાડો

અતારાંકિતઃ૩૪૮૫ (૩-૫-૦૫) **ડૉ. દિનેશ પરમાર (જામનગર ગ્રામ્ય) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ધી વાઈલ્ડ લાઈફ પ્રોટેકશન એકટ-૨૦૦૨ના સુધારાથી વાઈલ્ડ લાઈફ બોર્ડની રચના કરવાની જોગવાઈ મુજબ રાજ્યમાં બોર્ડની રચના કરવામાં આવી છે તે હકીક્ત સાચી છે.

(૨) જો હા, તો આ પ્રકારનું બોર્ડ અસ્તિત્વમાં હોવા છતાં રાજ્યમાં કયા પ્રકારના કેટલાં જંગલી પ્રાણીનો ઘટાડો નોંધાયેલ છે, અને

(૩) તા. ૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં લુપ્ત થઈ રહેલ પ્રજાતિઓને બચાવવા માટે સરકારે કયા પ્રકારનું આયોજન કરેલ છે ?

**વન મંત્રીશ્રી** (૧૭-૬-૦૫) :

(૧) હા, જી.

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં થયેલ વન્ય પ્રાણીઓની ગણતરી મુજબ ઘટાડો નોંધાયેલ નથી.

(૩) છેલ્લા ત્રણ વર્ષમાં લુપ્ત થઈ રહેલ જાતિઓના સંરક્ષણ અને સંવર્ધન માટે નીચેના પગલા લેવામાં આવેલ છે.

(૧) સિંહના રક્ષણ માટે ભાવનગર જિલ્લાના મીતીયાળા વિસ્તારને અભયારણ્ય તરીકે જાહેર કરવામાં આવેલ છે.

(૨) માનવ વન્યપ્રાણી સંઘર્ષ નિવારવા માટે વન્યપ્રાણી અને સ્થળને અનુરૂપ પગલાં લેવામાં આવે છે.

(૩) વન્યપ્રાણી અભયારણ્યમાં સંરક્ષણ અને સંવર્ધનની કામગીરીને અનુરૂપ કાર્યવાહી કરવામાં આવે છે.

(૪) સતત ફેરણું કરવામાં આવે છે, વાયરલેસ સેટ, વોકીટોકી વગેરેની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

(૫) લોક જાગૃત્તિ માટે પ્રકૃત્તિ શિક્ષણ શિબિરો યોજવામાં આવે છે. જેમાં વન્યપ્રાણીઓને મળેલ કાયદાકીય રક્ષણની જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત વન્યપ્રાણી પ્રત્યે લોકોની અભિરૂચિ કેળવાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

(૬) ગીધ પક્ષીઓનું રક્ષણ થાય તે માટે વેટરનરી દવાખાનામાં વપરાતી ઢોર માટેની દવા ડિકલોફેનિકના વપરાશ ઘટાડવા માટે પ્રયત્ન કરવા માટે પશુ નિયામકશ્રી દ્વારા વેટરનરી ડોકટરને ભલામણ કરવા બાબતે સૂચના આપવામાં આવેલ છે.

----------

**કચ્છ જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોમાં અને દવાખાનાઓમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

અતારાંકિત : ૩૦૭૨ (૨૪-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, જિલ્લા પંચાયત સંચાલિત દવાખાનાં તેમજ આયુર્વેદિક દવાખાનામાં સંવર્ગવાર કેટકેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) સેન્ટર પ્રમાણે મંજુર મહેકમ કેટલું છે અને હાજર મહેકમ કેટલું છે,

(૩) આ જગ્યાઓ સેન્ટર પ્રમાણે કયારથી ખાલી છે,

(૪) આ જગ્યાઓ ભરવા સરકારે શાં પગલાં ભર્યા છે, અને

(૫) આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૨૭-૪-૦૫) :

(૧) સંવર્ગવાર ખાલી જગ્યાઓ.

| ક્રમ | સંવર્ગનું નામ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | જિલ્લા પંચાયત સંચાલિત દવાખાના- સરકારી દવાખાના | સરકારી આયુર્વેદિક હોસ્પિટલ | સરકારી આયુર્વેદ દવાખાના |
|---|---|---|---|---|---|---|
| (૧) | વર્ગ-૧ | ૬ | ૦ | ૦ | ૦ | ૦ |
| (૨) | વર્ગ-૨ | ૮ | ૧ | ૧૬ | ૧ | ૭ |
| (૩) | વર્ગ-૩ | ૬૭ | ૪૮ | ૨૯ | ૨ | - |
| (૪) | વર્ગ-૪ | ૮૦ | ૫૨ | ૦ | ૫ | - |
| | કુલ : | ૧૬૧ | ૧૦૧ | ૪૫ | ૮ | ૭ |

(૨) સેન્ટર પ્રમાણે મંજૂર મહેકમ અને હાજર મહેકમની વિગતો પત્રક અ,બ,ક,ડ,ઈ મુજબ છે.

(૩) સેન્ટર પ્રમાણે ખાલી જગ્યાઓની વિગતો પત્રક *૧,૨,૩,૪,૫ મુજબ છે.

(૪) (૧) વર્ગ-૧ તથા વર્ગ-૨ની જગ્યાઓ નિયમિત તેમજ એડહોક ધોરણે વોક ઈન ઈન્ટરવ્યુથી ભરવા પ્રયત્ન કર્યા.
(૨) સામુહિક આરોગ્ય કેન્દ્રની વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ ભરવાની કાર્યવાહી ગતિમાં છે.
(૩) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ ભરવા જિલ્લા પંચાયત દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે.
(૫) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ તથા લાયક ઉમેદવાર ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ.
(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------------

**કચ્છ જિલ્લામાં ભૂકંપ બાદ વડાપ્રધાનશ્રીના ફંડમાંથી બનેલ જિલ્લાની હોસ્પિટલ**

અતારાંકિત : ૩૧૭૭ (૨૭-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લામાં ભૂકંપબાદ વડાપ્રધાનના ફંડમાંથી જિલ્લા હોસ્પિટલ કેટલા ખર્ચે બનાવવામાં આવી છે,
(૨) આ હોસ્પિટલનું સંચાલન કોણ કરે છે,
(૩) આ હોસ્પિટલનું સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે, અને હાજર મહેકમ કેટલું છે,
(૪) સંવર્ગવાર કેટલી જગાઓ ખાલી છે, અને
(૫) આ હોસ્પિટલનું સંચાલન ઓલ ઈન્ડીયા મેડીકલ સાયન્સને કોપોરેટ ક્ષેત્ર કે ઓન.જી.ઓ.ને. સોંપવા કોઈ દરખાસ્તો થઈ છે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૧૯-૩-૦૫) :

(૧) માનનીય વડાપ્રધાનશ્રીના રાષ્ટ્રીય રાહત કોષમાંથી વડાપ્રધાનશ્રીની કચેરી દ્વારા બાંધી આપી રાજ્ય સરકારને સુપ્રત કરેલ છે.
(૨) જી.કે. જનરલ હોસ્પિટલ સોસાયટી, ભુજ.
(૩) આ હોસ્પિટલ સ્વાયત્ત સોસાયટી સંચાલિત હોઈ તે જરૂરીઆત મુજબ મહેકમ ઉપલબ્ધ કરાવે છે. હાજર મહેકમ અંગેનું પત્રક-અ સામેલ છે.
(૪) પત્રક-બ મુજબ.
(૫) ના, જી.

**પત્રક-અ**

**ન્યુ જી. કે. જનરલ હોસ્પિટલ, ભુજમાં હાજર મહેકમની વિગતો**

| ક્રમ | સંવર્ગનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | નિયામકશ્રી અને મુખ્ય જિલ્લા તબીબી અધિકારી | ૧ |
| ૨ | નિવાસી તબીબી અધિકારી | ૨ |
| ૩ | ફુલ ટાઈમ સર્જન | ૧ |
| ૪ | અસ્થિ સર્જન | ૨ |
| ૫ | નેત્ર સર્જન | ૧ |
| ૬ | ઈ.એન.ટી. સર્જન | ૨ |
| ૭ | સ્ત્રી રોગ નિષ્ણાત | ૨ |
| ૮ | બાળરોગ નિષ્ણાત | ૧ |
| ૯ | પેથોલોજિસ્ટ | ૧ |
| ૧૦ | એનેસ્થેટીક | ૩ |
| ૧૧ | ફીજીશીઅન | ૨ |
| ૧૨ | રેડીયોલોજીસ્ટ | ૧ |
| ૧૩ | ડરમેટોલોજીસ્ટ | ૧ |
| ૧૪ | સાઈકીયાટ્રીક | ૧ |
| ૧૫ | દંતરોગ નિષ્ણાત | ૧ |
| ૧૬ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૨૧ |
| ૧૭ | બાયોકેમીસ્ટ | ૧ |
| ૧૮ | ફિજીયોથેરાપીસ્ટ | ૫ |
| **નર્સીગ સ્ટાફઃ** | | |
| ૧ | મેટ્રન | ૧ |
| ૨ | હેડનર્સ | ૮ |
| ૩ | સ્ટાફ નર્સ | ૬૯ |
| ૪ | નર્સિગ ટ્યુટર | ૩ |
| ૫ | પબ્લીક હેલ્થ નર્સ | ૧ |

| | | |
|---|---|---|
| ૬ | લીલન કીપર | ૧ |
| ૭ | આસી. ડાયેટીશીઅન | ૧ |
| **પેરામેડીકલ સ્ટાફ :** | | |
| ૧ | ચીફ ફાર્માસીસ્ટ | ૧ |
| ૨ | સીનીયર ફાર્માસીસ્ટ | ૧ |
| ૩ | જુનીયર ફાર્માસીસ્ટ | ૧૫ |
| ૪ | લેબોરેટરી ટેકનીશીઅન | ૧૩ |
| ૫ | એક્ષરે ટેકનીશીઅન | ૩ |
| ૬ | ઈ.સી.જી. ટેકનીશીઅન | ૨ |
| ૭ | લેબોરેટરી આસીસ્ટન્ટ | ૪ |
| ૮ | એક્ષરે આસીસ્ટન્ટ | ૩ |
| ૯ | ઓપ્થલમીક આસીસ્ટન્ટ | ૧ |
| ૧૦ | સેનેટરી ઈન્સ્પેકટર | ૨ |
| ૧૧ | મસાજીસ્ટ | ૧ |
| ૧૨ | ડ્રાઈવર | ૪ |
| ૧૩ | આઈ. આસીસ્ટન્ટ | ૧ |
| ૧૪ | ઈલેકટ્રીશીયન | ૪ |
| ૧૫ | મેન્ટલ હેલ્થ વર્કર | ૧ |
| ૧૬ | ડ્રેસર | ૨ |
| ૧૭ | ઓ.ટી. આસીસ્ટન્ટ | ૧ |
| ૧૮ | નાયક | ૨ |
| ૧૯ | પટાવાળા | ૬ |
| ૨૦ | રસોયા | ૫ |
| ૨૧ | ચોકીદાર | ૩ |
| ૨૨ | પમ્પ ઓપરેટર | ૧ |
| ૨૩ | એક્ષરે આસીસ્ટન્ટ | ૧ |
| ૨૪ | લેબોરેટરી સર્વન્ટર્સ | ૩ |
| ૨૫ | ડીસ્પેન્સરી સર્વન્ટર્સ | ૨ |
| ૨૬ | વોર્ડ સર્વન્ટ આયા | ૩૦ |
| ૨૭ | સફાઈ કામદાર | ૨૩ |
| **વહીવટી સ્ટાફ :** | | |
| ૧ | વહીવટી અધિકારી | ૨ |
| ૨ | હિસાબી અધિકારી | ૧ |
| ૩ | કચેરી અધિકારી | ૧ |
| ૪ | મુખ્ય કારકુન | ૨ |
| ૫ | સીનીયર કારકુન | ૨ |
| ૬ | જુનીયર કારકુન | ૭ |
| ૭ | કેસ રાઈટર | ૨ |
| ૮ | કોમ્પ્યુટર ઓપરેટર | ૪ |
| ૯ | આંકડા મદદનીશ | ૨ |

**પત્રક-બ**

**ન્યુ જી. કે. જનરલ હોસ્પિટલ, ભુજમાં સંવર્ગવાર ખૂટતી જગ્યાઓની વિગતો**

| ક્રમ | સંવર્ગનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ફુલ ટાઈમ સર્જન | ૨ |
| ૨ | નેત્ર સર્જન | ૧ |
| ૩ | બાળરોગ નિષ્ણાત | ૧ |
| ૪ | પેથોલોજિસ્ટ | ૧ |
| ૫ | એનેસ્થેટીક | ૧ |
| ૬ | ફિજીશીઅન | ૨ |
| ૭ | રેડીયોલોજીસ્ટ | ૧ |
| ૮ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૧૯ |
| ૯ | બાયોકેમીસ્ટ | ૧ |

**નર્સીગ સ્ટાફઃ**

| ક્રમ | સંવર્ગનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ડેપ્યુટી મેટ્રન | ૩ |
| ૨ | સ્ટાફ સુપરવાઈઝર | ૨ |
| ૩ | હેડનર્સ | ૨૧ |
| ૪ | સ્ટાફ નર્સ | ૭૮ |
| ૫ | નર્સીગ ટયુટર | ૧ |
| ૬ | પબ્લીક હેલ્થ નર્સ | ૧ |

**પેરામેડીકલ સંવર્ગ :**

| ક્રમ | સંવર્ગનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ચીફ ફાર્માસીસ્ટ | ૧ |
| ૨ | સીનીયર ફાર્માસીસ્ટ | ૧ |
| ૩ | જુનીયર ફાર્માસીસ્ટ | ૧ |
| ૪ | લેબોરેટરી ટેકનીશીઅન | ૧ |
| ૫ | એક્ષરે ટેકનીશીઅન | ૧ |
| ૬ | ઓપ્થલમીક આસીસ્ટન્ટ | ૧ |
| ૭ | સેનેટરી ઈન્સ્પેકટર | ૧ |
| ૮ | મસાજીસ્ટ | ૧ |
| ૯ | આઈ.સી. | ૧ |
| ૧૦ | મેન્ટલ હેલ્થ વર્કર | ૧ |
| ૧૧ | ડ્રેસર | ૩ |
| ૧૨ | નાયક | ૧ |
| ૧૩ | પટાવાળા | ૧ |

-------------

**બનાસકાંઠા જિલ્લામાં કેન્સર અને હ્રદય રોગના દર્દીઓ**

અતારાંકિત : ૩૨૫૬ (૧૬-૨-૦૫) **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેન્સર અને હ્રદય રોગના તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ :છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલા કેસો નોંધાયા છે. ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૩૧-૩-૦૫) :

તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેન્સર અને હ્રદય રોગના કેસો નીચે મુજબ નોંધાયા છે.

| તાલુકાનું નામ | ૨૦૦૨ | | ૨૦૦૩ | | ૨૦૦૪ | |
|---|---|---|---|---|---|---|
| | કેન્સરના કેસો | હ્રદય રોગના કેસો | કેન્સરના કેસો | હ્રદય રોગના કેસો | કેન્સરના કેસો | હ્રદય રોગના કેસો |
| પાલનપુર | ૧૦૪ | ૧૦ | ૨૧૨ | ૩૬ | ૧૮૨ | ૭૨ |
| દાંતા | ૧૯ | ૬ | ૩૩ | ૧૪ | ૩૫ | ૧૯ |
| ધાનેરા | ૨૮ | ૬ | ૩૫ | ૩ | ૪૭ | ૧૮ |
| વાવ | ૨૯ | ૨ | ૨૮ | ૧૨ | ૩૦ | ૫ |
| થરાદ | ૨૨ | ૧ | ૩૨ | ૫ | ૩૪ | ૮ |
| ડીસા | ૬૯ | ૮ | ૯૮ | ૧૦ | ૯૫ | ૨૮ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| દિયોદર | ૧૭ | ૨ | ૩૦ | ૨ | ૨૭ | ૩ |
| કાંકરેજ | ૨૪ | ૩ | ૫૬ | ૭ | ૪૪ | ૧૬ |
| વડગામ | ૫૪ | -- | ૮૯ | ૧૬ | ૮૬ | ૧૩ |
| ભાભર | ૧૦ | -- | ૧૩ | ૨ | ૧૯ | ૨ |
| અમીરગઢ | ૧૪ | -- | ૫ | -- | ૧૩ | ૧ |
| દાંતીવાડા | ૧૪ | -- | ૧૫ | -- | ૨૩ | -- |
| કુલ : | ૪૦૪ | ૩૮ | ૬૪૬ | ૧૦૭ | ૬૩૫ | ૧૮૫ |

-------------

ડાંગ, વલસાડ, નવસારી જિલ્લામાં હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મહેકમ

અતારાંકિત : ૩૨૬૨ (૧૬-૨-૦૫) **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

ડાંગ-વલસાડ અને નવસારી જિલ્લામાં તા. ૩૧.૧૨.૨૦૦૪ની સ્થિતિએ હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે.

**આરોગ્ય મંત્રીશ્રી (૨૭-૪-૦૫)**

ડાંગ-વલસાડ અને નવસારી જિલ્લામાં હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓની વિગતો પત્રક અ,બ, અને ક મુજબ સામેલ છે.

**પત્રક- અ**

**૧. જનરલ હોસ્પિટલ, ડાંગ-આહવાની ખાલી જગ્યાઓની વિગત :**

| વર્ગ | મંજુર મહેકમ | ખાલી જગ્યા | કેટલા સમયથી ખાલી |
|---|---|---|---|
| વર્ગ-૧ | ૧૧ | ૭ | તા. ૧૦-૪-૦૨ થી ૨૮-૮-૦૩ દરમ્યાન |
| વર્ગ-૨ | ૧૦ | ૩ | તા. ૧-૭-૦૧ થી ૧૯-૭-૦૪ દરમ્યાન |
| વર્ગ-૩ | ૬૮ | ૧૨ | તા. ૧-૧-૮૭ થી ૨-૧૨-૦૪ દરમ્યાન |
| વર્ગ-૪ | ૬૧ | ૭ | તા. ૨૮-૨-૦૧ થી ૧-૯-૦૩ દરમ્યાન |

**૨. જનરલ હોસ્પિટલ, વલસાડની ખાલી જગ્યાઓની વિગત :**

| વર્ગ | મંજુર મહેકમ | ખાલી જગ્યા | કેટલા સમયથી ખાલી |
|---|---|---|---|
| વર્ગ-૧ | ૧૨ | ૪ | તા. ૨૧-૮-૯૮ થી ૧૧-૧૧-૦૪ દરમ્યાન |
| વર્ગ-૨ | ૭ | - | ---- |
| વર્ગ-૩ | ૪૪ | ૫ | તા. ૨૯-૨-૨૦૦૦ થી ૨૯-૧૨-૦૪ દરમ્યાન |
| વર્ગ-૪ | ૨૦ | ૧ | તા. ૧૯-૧૨-૦૩ |

**૩. જનરલ હોસ્પિટલ, નવસારીની ખાલી જગ્યાઓની વિગત :**

| વર્ગ | મંજુર મહેકમ | ખાલી જગ્યા | કેટલા સમયથી ખાલી |
|---|---|---|---|
| વર્ગ-૧ | ૧૪ | ૩ | તા. ૧-૬-૨૦૦૦ થી ૯-૨-૦૪ દરમ્યાન |
| વર્ગ-૨ | ૧૪ | ૧ | તા. ૪-૫-૯૯ |
| વર્ગ-૩ | ૮૫ | ૭ | તા. ૧-૬-૯૭ થી ૧૦-૫-૦૪ દરમ્યાન |
| વર્ગ-૪ | ૬૩ | ૧૦ | તા. ૧-૫-૯૩ થી તા. ૭-૩-૦૪ દરમ્યાન |

**પત્રક - બ**

**સામુહિક આરોગ્ય કેન્દ્રની ખાલી જગ્યાઓની વિગત :**

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ગ | મંજૂર મહેકમ | ખાલી જગ્યાઓ | કેટલા સમયથી ખાલી |
|---|---|---|---|---|---|
| ૧ | ડાંગ | વર્ગ-૧ | ૧ | ૧ | તા. ૨૮-૧-૦૩ થી |
| | | વર્ગ-૨ | ૩ | ૨ | તા. ૨૮-૧-૦૩ થી |
| | | વર્ગ-૩ | ૧૩ | ૬ | તા. ૧૬-૪-૦૧ થી તા. ૧-૨-૦૫ દરમ્યાન |
| | | વર્ગ-૪ | ૧૦ | ૬ | તા. ૧૬-૪-૨૦૦૧ થી |
| ૨ | વલસાડ | વર્ગ-૧ | ૭ | ૫ | તા. ૪-૬-૦૧ થી ૧-૬-૦૫ દરમ્યાન |
| | | વર્ગ-૨ | ૨૭ | ૮ | તા. ૧૭-૮-૦૧ થી ૩-૮-૦૪ દરમ્યાન |
| | | વર્ગ-૩ | ૧૨૪ | ૪૫ | તા. ૧-૮-૯૦ થી ૧-૨-૦૫ દરમ્યાન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | વર્ગ-૪ | ૧૦૨ | ૩૧ | તા. ૩૧-૧૦-૯૦ થી તા. ૧-૨-૦૫ દરમ્યાન |
| ૩ | નવસારી | વર્ગ-૧ | ૯ | ૭ | તા. ૧-૧૨-૯૭ થી ૩૧-૮-૦૪ દરમ્યાન |
| | | વર્ગ-૨ | ૨૭ | ૫ | તા. ૧૨-૪-૦૩ થી તા. ૭-૬-૦૪ દરમ્યાન |
| | | વર્ગ-૩ | ૧૨૭ | ૫૪ | તા. ૧૮-૧૦-૯૭ થી ૧-૨-૦૫ દરમ્યાન |
| | | વર્ગ-૪ | ૧૧૧ | ૩૬ | તા. ૨૦-૧૨-૯૬ થી તા. ૨૦-૧૨-૦૪ દરમ્યાન |

**પત્રક -ક**

**પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખાલી જગ્યાઓની વિગત :**

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ગ | મંજૂર મહેકમ | ખાલી જગ્યાઓ | કેટલા સમયથી ખાલી |
|---|---|---|---|---|---|
| ૧ | ડાંગ | વર્ગ-૨ | ૭ | ૦ | -- |
| | | વર્ગ-૩ | ૨૮ | ૧૪ | તા. ૧-૪-૮૯ થી તા. ૨૦-૯-૦૪ દરમ્યાન |
| | | વર્ગ-૪ | ૨૮ | ૨ | તા. ૧-૪-૯૬ થી તા. ૧-૧૧-૯૯ દરમ્યાન |
| ૨ | વલસાડ | વર્ગ-૨ | ૪૨ | ૯ | તા. ૨૮-૨-૯૦ થી તા. ૧-૨-૦૫ દરમ્યાન |
| | | વર્ગ-૩ | ૧૬૮ | ૮૭ | તા. ૧-૧૨-૮૮ થી તા. ૩૦-૧૦-૦૪ દરમ્યાન |
| | | વર્ગ-૪ | ૧૬૮ | ૮૦ | તા. ૨૮-૨-૯૦ થી તા. ૧-૮-૦૪ દરમ્યાન |
| ૩ | નવસારી | વર્ગ-૨ | ૩૬ | ૩ | તા. ૭-૧-૦૪ થી તા. ૧-૧૦-૦૪ દરમ્યાન |
| | | વર્ગ-૩ | ૧૪૪ | ૬૧ | તા. -૨૦૦૦ થી ૧-૮-૦૪ દરમ્યાન |
| | | વર્ગ-૪ | ૧૪૪ | ૧૦૧ | તા. ૧-૪-૨૦૦૦ થી ૭-૧-૦૪ દરમ્યાન |

--------------

**પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક ઓરોગ્ય કેન્દ્રોનું મહેકમ**

અતારાંકિત : ૩૨૮૭ (૨૩-૨-૦૫) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ કેટલું છે. અને હાજર મહેકમ કેટલું છે,

(૨) ખાલી જગ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી કરી છે, અને

(૩) કેટલા સમયમાં આ જગ્યાઓ ભરવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૧-૪-૦૫) :

(૧)

| જિલ્લાનું નામ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | |
|---|---|---|---|---|
| | મંજુર મહેકમ | હાજર મહેકમ | મંજુર મહેકમ | હાજર મહેકમ |
| પાટણ | ૨૩૦ | ૧૫૬ | ૨૭૦ | ૧૨૪ |
| બનાસકાંઠા | ૪૧૧ | ૨૮૬ | ૫૭૩ | ૨૮૯ |

(૨) (૧) વર્ગ-૧ તથા વર્ગ-૨ની જગ્યાઓ નિયમિત તેમજ એડહોક ધોરણે વોક ઈન ઈન્ટરવ્યૂથી ભરવા પ્રયત્ન કર્યો.

(૨) સામુહિક આરોગ્ય કેન્દ્રની વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ ભરવાની કાર્યવાહી ગતિમાં છે.

(૩) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ ભરવા જિલ્લા પંચાયત દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે.

(૩) સરકારની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ તથા લાયક ઉમેદવાર ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ.

----------------

**કચ્છમાં વાહન ઉપર"પોલીસ" કે "પી" લખેલા પોલીસ કર્મચારીઓ સામે પગલાં**

અતારાંકિત : ૨૯૨૬ (૧૨-૧-૨૦૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) પોતાના ખાનગી વાહન પર "પોલીસ" કે "પી" લખાવીને ફરતાં પોલીસ કર્મચારીઓ સામે પાંચ હજાર રૂપિયા દંડ તથા ખાતાકીય તપાસ કરવા અંગે ઝૂંબેશ ચલાવવા ઓકટોબર-૨૦૦૪માં સરકારે આદેશ કર્યા છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ આદેશ અન્વયે કચ્છ જિલ્લામાં તા. ૧૦-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કેટલા કર્મચારી સામે શાં પગલાં લેવાયા છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૨-૩-૨૦૦૫) :

(૧) હા, જી.

(૨) "પોલીસ" અથવા "પી" લખાણ દર્શાવવામાં આવેલ હોય તેવા વાહન ચાલકો કે માલિકો પર સી.આર.પી.સી. કલમ-૧૦૨ મુજબ કુલ ૪ વાહનો કબજે કરવામાં આવેલ હતા. જે વાહનો વાહન માલિકે કોર્ટમાંથી હુકમ મેળવી મુક્ત કરાવેલ છે. આ કામે પોલીસના અંગત વાહનો ઉપર કચ્છ જિલ્લામાં કુલ ૨૯ કેસો કરવામાં આવેલ છે અને તે પેટે રૂા. ૫૪૦૦/-નો દંડ વસુલ કરેલ છે.

------------

## કચ્છ જિલ્લામાં પોલીસ ખાતાનું મંજૂર અને ભરાયેલ મહેકમ

અતારાંકિત : ૩૦૯૯ (૨૭-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં પોલીસ ખાતાનું મંજૂર મહેકમ વર્ગવાર અને પોલીસ સ્ટેશન વાઈઝ કેટલું છે,

(૨) તે પૈકી, હાજર મહેકમ શું છે, અને ખાલી જગ્યાઓ કેટલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કયારથી છે અને કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૪-૩-૨૦૦૫) :

(૧) તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં પોલીસ ખાતાનું મંજૂર મહેકમ વર્ગવાર પત્રક-૧ મુજબ અને પોલીસ સ્ટેશન વાઈઝ પત્રક-૨ મુજબ છે. (પત્રક સામેલ છે).

(૨) તે પૈકી હાજર મહેકમ અને ખાલી જગ્યાઓની માહિતી પત્રક-૨ મુજબ છે. (પત્રક-૨ સામેલ છે)

(૩) આ ખાલી જગ્યાઓ પત્રક-૩માં દર્શાવેલ સમયથી ખાલી છે, જે જેમ બને તેમ વહેલી ભરવામાં આવશે. (પત્રક-૩ સામેલ છે)

**પત્રક-૧**

| વર્ગ | મંજૂર | હાજર | ખાલી જગ્યા |
|---|---|---|---|
| વર્ગ-૧ | ૯ | ૬ | (-)૩ |
| વર્ગ-૨ | ૧૩ | ૧૪ | +૧ |
| વર્ગ-૩ | ૨૧૩૫ | ૧૭૨૩ | (-)૪૧૨ |
| કુલ : | ૨૧૫૭ | ૧૭૪૩ | ૪૧૪ |

------------

**પત્રક-૨**

**કચ્છ જિલ્લા પોલીસ દળના પો.ઈ./પો.સ.ઈ. / હેડ કોન્સ. / કોન્સ.નું મંજૂર હાજર, મહેકમની વિગત દર્શાવતું પત્રક**

| અ.નં. | પો.સ્ટે.નું.નામ | મંજૂર મહેકમ | | | | | | હાજર | | | | | | ખાલી જગ્યા | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | DY SP | PI | PSI | HC | PC | Total | DY SP | PI | PSI | HC | PC | Total | DY SP | PI | PSI | HC | PC | Total |
| ૧ | ભૂજ સીટી | - | ૧ | ૨ | ૨૫ | ૫૨ | ૮૦ | - | ૧ | ૪ | ૩૧ | ૪૬ | ૮૨ | - | ૧ | +૨ | +૬ | -૬ | +૨ |
| ૨ | ભૂજ તાલુકો | - | ૧ | ૨ | ૨૪ | ૩૬ | ૬૩ | - | ૧ | ૨ | ૨૩ | ૩૧ | ૫૭ | - | - | - | ૧ | ૫ | ૬ |
| ૩ | માંડવી સીટી | - | ૧ | ૨ | ૨૬ | ૬૨ | ૯૧ | - | ૧ | ૨ | ૨૫ | ૪૩ | ૭૧ | - | - | - | ૧ | ૧૯ | ૨૦ |
| ૪ | માંડવી વોટર | - | - | ૧ | ૧૧ | ૮ | ૨૦ | - | - | ૧ | - | - | ૧ | - | - | - | ૧૧ | ૮ | ૧૯ |
| ૫ | ખાવડા | - | - | ૧ | ૧૮ | ૩૩ | ૫૨ | - | - | ૧ | ૧૯ | ૧૯ | ૩૯ | - | - | - | +૧ | ૧૪ | ૧૩ |
| ૬ | મુન્દ્રા | - | - | ૧ | ૧૬ | ૩૨ | ૪૯ | - | - | ૧ | ૧૭ | ૨૬ | ૪૪ | - | - | - | +૧ | ૬ | ૫ |
| ૭ | નખત્રાણા | - | - | ૧ | ૨૪ | ૪૪ | ૬૯ | - | - | ૧ | ૨૩ | ૨૨ | ૪૬ | - | - | - | ૧ | ૨૨ | ૨૩ |
| ૮ | નલીયા | - | - | ૧ | ૧૬ | ૩૬ | ૫૩ | - | - | ૧ | ૧૪ | ૧૬ | ૩૧ | - | - | - | ૨ | ૨૦ | ૨૨ |
| ૯ | જખૌ | - | - | ૧ | ૨૧ | ૩૧ | ૫૩ | - | - | ૧ | ૧૨ | ૨૪ | ૩૭ | - | - | - | ૯ | ૭ | ૧૬ |
| ૧૦ | કોઠરા | - | - | ૧ | ૧૬ | ૧૬ | ૩૩ | - | - | ૧ | ૧૪ | ૧૩ | ૨૮ | - | - | - | ૨ | ૩ | ૫ |
| ૧૧ | વાયોર | - | - | ૧ | ૧૬ | ૧૫ | ૩૨ | - | - | ૧ | ૧૧ | ૭ | ૧૯ | - | - | - | ૫ | ૮ | ૧૩ |
| ૧૨ | દયાપર | - | - | ૧ | ૧૬ | ૨૯ | ૪૬ | - | - | ૧ | ૧૫ | ૧૫ | ૩૧ | - | - | - | ૧ | ૧૪ | ૧૫ |
| ૧૩ | ના.સરોવર | - | - | ૧ | ૧૮ | ૨૨ | ૪૧ | - | - | ૧ | ૧૩ | ૧૮ | ૩૨ | - | - | - | ૫ | ૪ | ૯ |
| ૧૪ | નરા | - | - | ૧ | ૨૨ | ૩૫ | ૫૮ | - | - | ૧ | ૧૭ | ૨૨ | ૪૦ | - | - | - | ૫ | ૧૩ | ૧૮ |
| ૧૫ | અંજાર | - | - | ૧ | ૨૪ | ૬૨ | ૮૭ | - | - | ૧ | ૨૯ | ૪૭ | ૭૭ | - | - | - | +૫ | ૧૫ | ૧૦ |
| ૧૬ | આદીપુર | - | - | ૧ | ૧૩ | ૨૨ | ૩૬ | - | - | ૧ | ૧૨ | ૧૯ | ૩૨ | - | - | - | ૧ | ૩ | ૪ |
| ૧૭ | ગાંધીધામ | - | ૧ | ૪ | ૩૫ | ૭૬ | ૧૧૬ | - | ૧ | ૩ | ૩૫ | ૬૬ | ૧૦૫ | - | - | ૧ | - | ૧૦ | ૧૧ |
| ૧૮ | કંડલા | - | - | ૧ | ૧૦ | ૧૫ | ૨૬ | - | - | ૧ | ૧૧ | ૧૦ | ૨૨ | - | - | - | +૧ | ૫ | ૪ |
| ૧૯ | કંડલા વીંગ | - | - | ૧ | ૧ | ૪ | ૬ | - | - | - | ૨ | ૨ | ૪ | - | - | ૧ | +૧ | ૨ | ૨ |
| ૨૦ | ભચાઉ | - | - | ૧ | ૧૭ | ૩૩ | ૫૧ | - | - | ૨ | ૧૮ | ૩૧ | ૫૧ | - | - | +૧ | +૧ | ૨ | ૦ |
| ૨૧ | આધોઈ | - | - | ૪ | ૧૨ | ૩૭ | ૫૩ | - | - | ૨ | ૧૨ | ૨૮ | ૪૨ | - | - | ૨ | - | ૯ | ૧૧ |
| ૨૨ | ભીમાસર | - | - | ૪ | ૧૩ | ૩૪ | ૫૧ | - | - | ૨ | ૧૪ | ૧૯ | ૩૫ | - | - | ૨ | +૧ | ૧૫ | ૧૬ |
| ૨૩ | રાપર | - | - | ૧ | ૧૯ | ૩૭ | ૫૭ | - | - | ૧ | ૧૯ | ૨૬ | ૪૬ | - | - | - | - | ૧૧ | ૧૧ |
| ૨૪ | ખડીર | - | - | ૧ | ૧૩ | ૧૬ | ૩૦ | - | - | ૧ | ૧૩ | ૫ | ૧૯ | - | - | - | - | ૧૧ | ૧૧ |
| ૨૫ | જે.આઈ.સી. ભુજ | - | ૨ | ૩ | ૯ | ૨૨ | ૩૬ | - | ૨ | ૧ | ૫ | ૬ | ૧૪ | - | - | ૨ | ૪ | ૧૬ | ૨૨ |
| ૨૬ | પો.હેડ કવા. | - | - | ૨૨ | ૧૩૬ | ૪૩૦ | ૫૮૮ | - | - | ૨ | ૧૧૫ | ૩૯૨ | ૪૯૯ | - | - | ૨૦ | ૨૧ | ૪૮ | ૮૯ |

| | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ભુજ | | | | | | | | | | | | | | | | | | |
| ૨૭ | એમ.ટી.ભુજ | - | - | ૧ | ૪૧ | ૬૩ | ૧૦૫ | - | - | ૧ | ૫૦ | ૬૩ | ૧૧૪ | - | - | - | +૯ | - | +૯ |
| ૨૮ | મુન્દ્રા વિંગ | - | - | - | - | - | - | - | - | - | ૧ | - | ૧ | - | - | - | +૧ | - | +૧ |
| ૨૯ | જિલ્લા GRD હેડ કોન્સ. | - | - | ૧ | ૧૧ | - | ૧૨ | - | - | ૧ | ૧૧ | - | ૧૨ | - | - | - | - | - | - |
| ૩૦ | એલ.સી.બી.ભુજ | - | ૧ | - | ૪ | ૬ | ૧૧ | - | ૧ | - | ૪ | ૬ | ૧૧ | - | - | - | - | - | - |
| ૩૧ | એલ.આઈ.બી. ભુજ | - | ૧ | ૨ | ૨૩ | ૧ | ૨૭ | - | ૧ | - | ૨૧ | ૧ | ૨૩ | - | - | ૨ | ૨ | - | ૪ |
| ૩૨ | સી.પી.આઈ.ઓ. | - | ૫ | - | ૩ | - | ૮ | - | ૫ | - | ૫ | - | ૧૦ | - | - | - | +૨ | - | +૨ |
| ૩૩ | જિલ્લા કેમલ સવ.૨ | - | - | - | - | ૧૬ | ૧૬ | - | - | - | ૧૧ | ૧૬ | ૨૭ | - | - | - | +૧૧ | - | +૧૧ |
| ૩૪ | ના.પો.અધિ.શ્રીના રીડર પો.સ.ઈ. અને એસ.પી.શ્રીના પો.સ.ઈ.શ્રીઓ | - | - | ૫ | - | - | ૫ | - | - | ૫ | - | - | ૫ | - | - | - | - | - | - |
| ૩૫ | ના.પો.અધિ.શ્રી નખત્રાણા જે.આઈ.સી. ભુજ વિભાગ | ૭ | - | - | - | - | ૭ | ૪ | - | - | - | - | ૪ | ૩ | - | - | - | - | ૩ |
| ૩૬ | પો.ઈ.લીવ રીઝર્વ | - | - | - | - | - | - | - | ૧ | - | - | - | ૧ | - | +૧ | - | - | - | +૧ |
| ૩૭ | પો.સ.ઈ. મહીલા | - | - | ૧ | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | ૧ | - | - | ૧ |
| ૩૮ | પો.સ.ઈ. ALMO | - | - | ૨ | - | - | ૨ | - | - | - | - | - | - | - | - | ૨ | - | - | ૨ |
| ૩૯ | પો.સ.ઈ. વાયરલેસ | - | - | ૧૦ | - | - | ૧૦ | - | - | ૯ | - | - | ૯ | - | - | ૧ | - | - | ૧ |
| ૪૦ | ડોગસ્કોટ | - | - | - | ૫ | - | ૫ | - | - | - | ૫ | - | ૫ | - | - | - | - | - | - |
| ૪૧ | કેમલ સવાર ફીકસ પગાર | - | - | - | - | ૫૪ | ૫૪ | - | - | - | - | - | - | - | - | - | - | ૫૪ | ૫૪ |
| | કુલ : | ૭ | ૧૩ | ૮૩ | ૬૫૮ | ૧૩૭૯ | ૨૧૪૦ | ૪ | ૧૪ | ૫૨ | ૬૨૭ | ૧૦૨૯ | ૧૭૨૬ | ૩ | +૧ | ૩૧ | ૩૧ | ૩૫૦ | ૪૧૪ |

## પત્રક-૩
## પો.સ્ટે.વાઈઝ પો.સ.ઈ.ની ખાલી જગ્યાની વિગત દર્શાવતું પત્રક, જિલ્લો - કચ્છ-ભુજ

| અ.નં. | પો.સ્ટે.નુ નામ | ખાલી જગ્યા | છ માસ સુધી | છ માસથી ૧૨ માસ સુધી | ૧૨ માસથી ૨ વર્ષ સુધી | બે વર્ષ ઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ગાંધીધામ | ૧ | ૧ | - | - | - | ૧ |
| ૨. | કંડલા વીંગ | ૧ | ૧ | - | - | - | ૧ |
| ૩. | આધોઈ | ૧ | ૧ | - | - | - | ૧ |
| ૪. | ભીમાસર | ૧ | ૧ | - | - | - | ૧ |
| ૫. | જે.આઈ.સી. ભુજ | ૨ | - | ૨ | - | - | ૨ |
| ૬. | પો.હેડ કવા. ભુજ | ૧૯ | ૧ | ૧૦ | ૮ | - | ૧૯ |
| ૭. | જિલ્લા GRD હેડ કોન્સ | ૧ | ૧ | - | - | - | ૧ |
| ૮. | એલ.આઈ.બી. ભુજ | ૧ | ૧ | - | - | - | ૧ |
| ૯. | પો.સ.ઈ. મહીલા | ૧ | - | - | - | ૧ | ૧ |
| ૧૦. | પો.સ.ઈ. ALMO | ૨ | - | - | - | ૨ | ૨ |
| ૧૧. | પો.સ.ઈ. વાયરલેસ | ૧ | ૧ | - | - | - | ૧ |
| | કુલ : | ૩૧ | ૮ | ૧૨ | ૮ | ૩ | ૩૧ |

## પો.સ્ટે.વાઈઝ હેડ કોન્સ્ટેબલની ખાલી જગ્યાની વિગત દર્શાવતું પત્રક, જિલ્લો - કચ્છ-ભુજ

| અ.નં. | પો.સ્ટે.નુ નામ | ખાલી જગ્યા | છ માસ સુધી | છ માસથી ૧૨ માસ સુધી | ૧૨ માસથી ૨ વર્ષ સુધી | બે વર્ષ ઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ભુજ તાલુકા | ૧ | - | - | - | ૧ | ૧ |
| ૨. | માંડવી સીટી | ૧ | ૧ | - | - | - | ૧ |
| ૩. | માંડવી વોટર | ૧૧ | - | - | - | ૧૧ | ૧૧ |
| ૪. | નખત્રાણા | ૧ | ૧ | - | - | ૧ | ૧ |
| ૫. | નલીયા | ૨ | ૨ | - | - | - | ૨ |
| ૬. | જખૌ | ૪ | ૨ | ૨ | - | - | ૪ |
| ૭. | દયાપર | ૧ | - | - | - | ૧ | ૧ |
| ૮. | ના. સરોવર | ૧ | - | - | - | ૧ | ૧ |
| ૯. | નરા | ૧ | - | - | - | ૧ | ૧ |
| ૧૦. | આદિપુર | ૧ | - | - | - | ૧ | ૧ |
| ૧૧. | જે.આઈ.સી. ભુજ | ૪ | ૨ | ૨ | - | - | ૪ |
| ૧૨. | એમ.ટી. ભુજ | ૨ | - | - | - | ૨ | ૨ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૩. | એલ.આઈ.બી. ભુજ | ૧ | - | - | - | - | ૧ |
| | કુલ : | ૩૧ | ૮ | ૪ | - | ૧૯ | ૩૧ |

**પત્રક-૩**

**પો.સ્ટે.વાઈઝ હેડ કોન્સ્ટેબલ (આર્મ, અનાર્મ, મહિલા સહિત)ની ખાલી જગ્યાની વિગત દર્શાવતું પત્રક, જિલ્લો - કચ્છ-ભુજ**

| અ.નં. | પો.સ્ટે.નુ નામ | ખાલી જગ્યા | છ માસ સુધી | છ માસથી ૧૨ માસ સુધી | ૧૨ માસથી ૨ વર્ષ સુધી | બે વર્ષ ઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ભુજ સીટી | ૬ | ૨ | ૨ | ૨ | - | ૬ |
| ૨. | ભુજ તાલુકા | ૫ | ૨ | ૨ | ૧ | - | ૫ |
| ૩. | માંડવી સીટી | ૧૯ | ૧ | ૧ | ૧૪ | ૩ | ૧૯ |
| ૪. | માંડવી વોટર | ૮ | - | - | - | ૮ | ૮ |
| ૫. | ખાવડા | ૧૪ | ૩ | ૬ | ૨ | ૩ | ૧૪ |
| ૬. | મુન્દ્રા | ૬ | ૩ | ૨ | ૧ | - | ૬ |
| ૭. | નખત્રાણા | ૨૨ | ૪ | ૪ | ૮ | ૬ | ૨૨ |
| ૮. | નલીયા | ૨૦ | ૩ | ૨ | ૮ | ૭ | ૨૦ |
| ૯. | જખૌ | ૭ | ૩ | ૪ | - | - | ૭ |
| ૧૦. | કોઠરા | ૩ | - | - | ૩ | - | ૩ |
| ૧૧. | વાયોર | ૮ | - | ૪ | ૪ | - | ૮ |
| ૧૨. | દયાપર | ૧૪ | ૨ | ૧ | ૫ | ૬ | ૧૪ |
| ૧૩. | ના. સરોવર | ૪ | - | - | ૪ | - | ૪ |
| ૧૪. | નરા | ૧૩ | - | - | ૪ | ૮ | ૧૩ |
| ૧૫. | અંજાર | ૧૫ | ૩ | ૭ | ૩ | ૨ | ૧૫ |
| ૧૬ | આદિપુર | ૩ | ૧ | ૨ | - | - | ૩ |
| ૧૭. | ગાંધીધામ | ૧૦ | ૨ | ૫ | ૩ | - | ૧૦ |
| ૧૮. | કંડલા | ૫ | ૩ | ૨ | - | - | ૫ |
| ૧૯. | કંડલા વીંગ | ૨ | - | - | ૨ | - | ૨ |
| ૨૦. | ભચાઉ | ૨ | ૨ | - | - | - | ૨ |
| ૨૧. | આધોઈ | ૯ | ૨ | - | ૭ | - | ૯ |
| ૨૨. | ભીમાસર | ૧૫ | ૧ | ૩ | ૭ | ૪ | ૧૫ |
| ૨૩. | રાપર | ૧૧ | ૫ | ૨ | ૪ | - | ૧૧ |
| ૨૪. | ખડીર | ૧૧ | ૩ | ૩ | ૫ | - | ૧૧ |
| ૨૫. | જે.આઈ.સી. ભુજ | ૧૬ | ૧ | - | - | ૧૫ | ૧૬ |
| ૨૬. | પો.હેડ કવા. ભુજ | ૪૮ | ૧૧ | ૧૨ | ૧૭ | ૮ | ૪૮ |
| ૨૭. | કેમલ સવારોની નવી મંજુર જગ્યા ભરાયેલ નથી | ૫૪ | - | - | - | ૫૪ | ૫૪ |
| | કુલ : | ૩૫૦ | ૫૮ | ૬૪ | ૧૦૪ | ૧૨૪ | ૩૫૦ |

-----------------

**રાજ્યમાં સ્ત્રીઓ ઉપરના અત્યાચારના બનાવો**

અતારાંક્તિ: ૩૨૩૦ (૧-૩-૨૦૦૫) **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં સને ૨૦૦૨-૦૩ અને ૨૦૦૩-૦૪ના વર્ષમાં સ્ત્રીઓના આપઘાતના, બળાત્કારના અને અપહરણના કેટલા કેસો નોંધાયા છે,

(૨) ખંડ (૧) માં જણાવેલા કેસોનું પ્રમાણ રાજ્યમાં વધતું જાય છે તેના શાં કારણો છે, અને

(૩) સ્ત્રીઓને લગતા ગુનાઓનું પ્રમાણ ઘટાડવા સરકારે શાં પગલાં લીધા છે ?

**મુખ્ય મંત્રીશ્રી** : (ગૃહ) (૨૪-૩-૦૫)

(૧)

| વર્ષ | આપઘાત | બળાત્કાર | અપહરણ |
|---|---|---|---|
| ૨૦૦૨-૦૩ | ૧૭૬૩ | ૨૮૬ | ૭૫૯ |
| ૨૦૦૩-૦૪ | ૧૪૪૫ | ૨૮૦ | ૭૨૪ |

(૨) રાજ્યમાં ગરીબી, બેકારી, અંગત પ્રશ્નો, એકાંતવાસ, ટી. વી. ચલચિત્રોની અસર, પ્રેમસંબંધ, મોજશોખ, લગ્ન કરવાના ઈરાદે તથા એકલતાનો લાભ વિગેરે કારણોસર કેસોનું પ્રમાણ વધતું જાય છે.

(૩) સરકારે મહિલા સેલ, રોમીયોસ્ક્વોડ તથા સ્થાનિક પોલીસ સલાહકાર સમિતિના સભ્યો તથા બિનસરકારી સભ્યોની રચના કરવામાં આવેલ છે. મહિલાઓના આપઘાતના ગુનાઓની તપાસ નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારી મારફતે કરાવવામાં આવે છે. સ્ત્રીઓ પોતાની ફરિયાદ નોંધાવી શકે તે માટે અલગ મહિલા પોલીસ સ્ટેશન તેમજ નારી સુરક્ષાસેલની રચના કરવામાં આવેલ છે. આવા ગુનામાં આરોપીઓને વધુમાં વધુ સજા થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

-----------

**રાજ્યમાં બળાત્કાર લૂંટફાટ અને ખૂનના નોંધાયેલા ગુના**

અતારાંક્તિઃ ૩૨૪૫ (૧-૩-૨૦૦૫) **શ્રી અમીત ચાવડા (બોરસદ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ડિસેમ્બર ૨૦૦૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા છ માસમાં બળાત્કાર, લૂંટફાટ અને ખૂનના કેટલા કિસ્સાઓ નોંધાયેલા છે,

(૨) તે પૈકી કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી, અને

(૩) બાકીનાની ધરપકડ ક્યારે કરાશે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) (૨૪-૩-૦૫** :

(૧) બળાત્કાર ૧૭૦, લૂંટફાટના ૬૮૪ અને ખૂનના ૫૧૮ ગુના.

(૨) બળાત્કાર-૨૪૧, લૂંટફાટ-૧૩૩૨ અને ખૂનના ગુનામાં ૧૦૩૬ ઈસમોની ધરપકડ કરવામાં આવી.

(૩) જે આરોપીઓ નાસતા ફરતા હોય તેમને શોધવાની કાર્યવાહી ચાલુમાં છે. આરોપીઓની હકીક્તો ભરોસાના બાતમીદારો પાસેથી મેળવવાની તજવીજ ચાલુ છે. આરોપીઓ અંગેની હકીક્ત મળી આવેથી પકડવામાં આવશે. આ માટે કાર્યવાહી ચાલુમાં છે.

-----------

**રાજ્યમાં નોંધાયેલા અપહરણના ગુના**

અતારાંક્તિઃ૩૨૬૮ (૧-૩-૨૦૦૫) **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર(પશ્ચિમ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં જાન્યુઆરી ૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અપહરણના કેટલા ગુના નોંધાયા છે,

(૨) આ ગુનાઓમાં સ્ત્રીઓ અને બાળકોના અપહરણના કેટલા ગુનાઓ નોંધાયા છે, અને

(૩) અપહરણના ગુનાઓને અસરકારક રીતે રોક્વા સરકાર શું પગલાં લેવા ધારે છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૨૪-૩-૦૫) :

(૧) ૧૮૩૦.

(૨) સ્ત્રીઓના ૧૩૧૮ અને બાળકોના ૩૬૮.

(૩) સ્કૂલ કોલેજોની આજુબાજુના વિસ્તારોમાં ખાનગી કપડાંમાં પોલીસ વોચ રાખવમાં આવે છે. સ્ત્રીઓને લગતા ગુના અટકાવવા બી. પી. એક્ટ ક. ૧૧૦ તથા ઈ. પી. કો. ક. ૫૦૯ મુજબના અટકાયતી પગલાં લેવામાં આવે છે. જિલ્લાઓમાં આવા ગુના ન બને તે માટે ગામડાઓમાં વીલેજ વીઝીટેશન તેમજ સ્કુલ કોલેજ જેવા જાહેર સ્થળોએ સતત પોલીસ પેટ્રોલીંગ રાખવામાં આવે છે. જો આવો ગુનો બને તો તેને શોધી કાઢી આરોપી હસ્તગત કરી, વધુમાં વધુ સજા થાય તે પ્રકારે પુરાવો એકત્ર કરવામાં આવે છે.

--------------

**રાજ્યની જેલોમાં નિયત સંખ્યા કરતાં વધુ કેદીઓ રાખવા અંગે**

અતારાંક્તિઃ ૩૨૯૪ (૨૪-૨-૦૫) **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ) માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-**

(૧) રાજ્યની વિવિધ જેલોમાં નિયત સંખ્યા કરતાં વધુ કેદીઓને રાખવામાં આવે છે તે હકીકીત ખરી છે, અને

(૨) જો હા, તો આ સ્થિતિ નિવારવા સરકારે શું આયોજન કરેલ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) : (૧૯-૪-૦૫)

(૧) હા, જી.
(૨) રાજ્યની જેલોમાં નિયત સંખ્યા કરતાં વધુ કેદીઓને રાખવા અંગેની સ્થિતિ નિવારવા નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.
કેન્દ્ર પુરસ્કૃત જેલ સુધારણા યોજના હેઠળ (૭૫ % કેન્દ્રનો ફાળો + ૨૫% રાજ્યનો ફાળો) સને ૨૦૦૨-૨૦૦૭ સુધી કુલ રૂા. ૬૫.૮૮ કરોડનું આયોજન કરવામાં આવેલ છે. જે પ્રમાણે :
(૧) મહેસાણા અને પાલનપુર સબ જેલોનું જીલ્લા જેલમાં રૂપાંતર, રાજકોટ તથા સુરત જિલ્લા જેલને મધ્યસ્થ જેલમાં રૂપાંતર કરવાનું નક્કી કરવામાં આવેલ છે. સુરત જેલને ખસેડીને સચિન નજીક લાજપોર મુકામે નવી મધ્યસ્થ જેલ બાંધવા માટે સને ૨૦૦૫-૦૬ના વર્ષમાં જોગવાઈ કરવામાં આવેલ છે. ભુજ નજીક પાલારા ખાતે નવી જીલ્લા જેલ અને ગળપાદર (ગાંધીધામ) ખાતે નવી ખાસ જેલ બાંધવા માટેની જોગવાઈ થયેલ છે. દાહોદ ખાતે નવી સબજેલ બાંધવા માટે સને ૨૦૦૬-૦૭ના વર્ષમાં આયોજન કરવામાં આવેલ છે.
(૨) તદ્ઉપરાંત રાજ્યની જુદી જુદી ૧૦ જેલો ઉપર વધારાની બેરેકોના બાંધકામની કામગીરી સને ૨૦૦૨-૨૦૦૩ના વર્ષથી હાથ ધરેલ છે.
(૩) રાજ્યની જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ હસ્તકની તાલુકા સબ જેલના રીપેરીંગ માટે સને ૨૦૦૫-૦૬ના વર્ષના અંદાજપત્રમાં રૂા. ૩ કરોડ ૨ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. જેથી રાજ્યની તાલુકા સબ જેલોનું કામ પૂર્ણ થયે વધુ આરોપીઓ રાખી શકાશે અને સમગ્રપણે ઓવરક્રાઉડીંગનો પ્રશ્ન હલ થશે.

------------

**વાયબ્રન્ટ ગુજરાત અન્વયે અમદાવાદ ખાતે યોજાયેલ નવરાત્રિ-૨૦૦૪ નો ખર્ચ**

અતારાંક્તિઃ ૨૯૯૧ (૧૯-૧-૦૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૧૪-૧૦-૦૪ના રાજ્ય સરકાર દ્વારા યોજવામાં આવેલ વાયબ્રન્ટ ગુજરાત નવરાત્રિ-૨૦૦૪ના કાર્યક્રમ માટે અમદાવાદ કાંકરિયા ખાતે કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું,
(૨) આ અંગેના કોન્ટ્રાકટો કોને કોને સોંપવામાં આવ્યા હતા, અને કેટલા ખર્ચે,
(૩) આ કાર્યક્રમને કુલ કેટલા વિદેશી મૂડી રોકાણકારો કે વિદેશીઓએ નિહાળ્યો, અને
(૪) તેઓ ક્યા ક્યા દેશના હતા ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) :

(૧) રૂા. ૧,૯૦,૦૫,૧૭૪/-
(૨) સામેલ પરિશિષ્ટ મુજબ.
(૩) સરકાર દ્વારા ૨૮૧ વિદેશીઓને આમંત્રણ આપવામાં આવેલ.
(૪) અમેરિકા, ઈંગ્લેંડ, કેનેડા, યુનાઈટેડ આરબ અમિરાત, કુવેત, ઝામ્બીયા તથા અન્ય દેશોના.

**પરિશિષ્ટ**

**કાંકરીયા અમદાવાદ ખાતે નવરાત્રી મહોત્સવ ૨૦૦૪ નિમિત્તે થયેલ ખર્ચની વિગત દર્શાવતું પરિશિષ્ટ**

| ક્રમ | એજન્સીનું નામ | કામની વિગત | ખર્ચની રકમ રૂપિયા |
|---|---|---|---|
| ૧ | મોર્ડન સ્ટેજ સર્વિસ, નવી દિલ્હી | મુખ્ય સ્ટેજનું બાંધકામ, લાઈટ સાઉન્ડ, વોટર સ્ક્રીન, લેસર શો વિગેરે | ૬૦,૦૦,૦૦૦ |
| ૨ | મલ્ટી વિઝન ઈન્ફ્રાટેક (ઈન્ડીયા) પ્રા. લિ. અમદાવાદ. | કાંકરિયા તળાવમાં બે તરતા સ્ટેજ બનાવવાની કામગીરી. | ૧,૨૧,૦૦૦ |
| ૩ | ગાંધી એસોસીએટસ, અમદાવાદ. | મુખ્ય સ્ટેજ ખાતે બેઠક વ્યવસ્થા, દરવાજાઓ, બેરી કેડીંગ, કાંકરીયા તળાવ આસપાસ ૭ સ્ટેજના બાંધકામ | ૩૪,૧૫,૨૦૦ |
| ૪ | એસ. પી. ઈલેકટ્રીક્લ્સ, અમદાવાદ | કાંકરીયા તળાવની આસપાસ સ્ટેજીસને ઈલેકટ્રીફીકેસનની કામગીરી. | ૭,૦૫,૨૮૦ |
| ૫ | ક્લ્પેસ દલાલ, અમદાવાદ | કલાકારો નક્કી કરવા તથા કાંકરીયા તળાવ અને ગ્રાન્ડ સ્પેકટક્લની કોરીયોગ્રાફી કરવાની કામગીરી | ૫,૬૦,૦૦૦ |
| ૬ | બંસી કોલ, ભોપાલ | ગ્રાન્ટ સ્પેકટેક્લના વિઝ્યુલાઈઝર અને આર્ટસ્ટિક ડાયરેકટર તરીકેની કામગીરી | ૮,૪૦,૦૦૦ |
| ૭ | એનાઉન્સર્સ | ગ્રાન્ડ સ્પેકટેક્લનું એનાઉન્સમેન્ટ મુખ્ય સ્ટેજ અને આસપાસના સ્ટેજ ઉપર | ૪૧,૦૦૦ |
| ૮ | હાર્દિક વિડિયો વિઝન, અમદાવાદ | કલાયાત્રાઓ, ગ્રાન્ડ સ્પેકટેક્લ, કાંકરીયા તથા નગીનાવાડીના કાર્યક્રમોની વિડિયોગ્રાફી તથા ફોટોગ્રાફી | ૧,૮૫,૧૩૬ |
| ૯ | છોટાલાલ વ્યાસ, અમદાવાદ | કાંકરીયા તળાવ ખાતે આતશબાજી, નગીનાવાડી | ૨,૫૦,૦૦૦ |

| ક્રમ | એજન્સીનું નામ | ક્રમની વિગત | ખર્ચની રકમ રૂપિયા |
|---|---|---|---|
| ૧૦ | અંબિકા ટ્રેડીંગ કાં. અમદાવાદ | કાંકરીયાની ઉજાણી ગૃહ ખાતે આતશબાજીનો કાર્યક્રમ | ૧,૨૫,૦૦૦ |
| ૧૧ | કેપીટલ ઓફસેટ એન્ડ એન્જીનીયર્સ વર્કસ, ગાંધીનગર | કલાયાત્રા માટે નિમંત્રણ પત્રિકા, પ્રમાણપત્રો છપાવવા, ગ્રાન્ડ સ્પેકેટલ થીમનું આર્ટ પેપર પર પ્રિન્ટીંગ વગેરે કામગીરી | ૫૧,૫૮૦ |
| ૧૨ | શ્રી શક્તિ ટ્રાવેલ્સ પ્રા. લી. અમદાવાદ | જિલ્લા કલેક્ટરશ્રી, અમદાવાદ દ્વારા આર.ટી. ઓ. અમદાવાદ મારફતે કલાકારોને આવવા-જવા માટેની વાહન વ્યવસ્થા | ૬,૨૦,૬૩૭ |
| ૧૩ | ૧. શ્રી વિષ્ણુભાઈ પનારા<br>૨. નર્તન સ્કુલ ઓફ ક્લાસીકલ ડાન્સીસ, અમદાવાદ<br>૩. ઘુંઘરૂ એકેડેમી, અમદાવાદ<br>૪. રાધે ગરબા ક્લાસીસ, અમદાવાદ. | કાંકરીયા ખાતે સ્ટેજ પર ડાયરો, હાસ્યરસિક કાર્યક્રમો અને ગરબાની કામગીરી | ૪૨,૫૦૦ |
| ૧૪ | સ્ટુડીયો યસ મલ્ટી ટ્રેક ઓડીયો રેકોર્ડીંગ, અમદાવાદ | સાંસ્કૃતિક જુથના રેકોર્ડીંગ, રાસ ગરબા તેમજ એડીટીંગ મીક્સીંગ મ્યુઝિક ડાયરેક્શન, કેસેટ સીડી તથા અન્ય કામગીરી મ્યુઝિક કમ્પોઝીશન ફી સાથે | ૧,૭૨,૫૦૦ |
| ૧૫ | કે. બી. ડ્રેસવાલા, અમદાવાદ | સ્થાનિક કલાકારો માટે ખૂટતા કોસ્ચ્યુમ તથા પાટલાનું ભાડું | ૨,૨૫૦ |
| ૧૬ | શ્રી મારૂતી કુરીયર સર્વિસ, ગાંધીનગર | મહાનુભાવો, સંસદસભ્યો, ધારાસભ્યોને આમંત્રણ પાઠવવા અંગેની કામગીરી | ૮,૬૪૮ |
| ૧૭ | નીતિ સીસ્ટમ્સ અને ટેક્નોલોજી લી. અમદાવાદ | વેબ કાસ્ટીંગ વિગેરે કામગીરી | ૧,૦૩,૦૦૦ |
| ૧૮ | ૧ કોમલ કોપીયર્સ<br>૨ વિધાતા એડવર્ટાઈઝ<br>૩ પાર્થ એડવર્ટાઈઝ | કાંકરીયા ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતેના તમામ પ્રકારની પાર્કીંગ જગ્યાઓ ઉપર પહોંચવા માટેના કોમ્પ્યુટરાઈઝ રંગીન નકશાઓ તેમજ સીડી અંગેની કામગીરી | ૩૭,૮૭૧ |
| ૧૯ | હિમાલયા હોસ્પિટાલીટી, અમદાવાદ | વી.વી.આઈ.પી./ વી.આઈ. પી. તથા અને ફુડ ટ્રે વિગેરેના. | ૧,૩૨,૯૬૬ |
| ૨૦ | હિમાલયા હોસ્પિટાલીટી, અમદાવાદ | ઝવેરી હોલ ખાતે લંચ, હાઈ ટી. સ્પે. સ્નેક્સ, પેકેજીસ, મીનરલ વોટર, વિગેરે | ૧,૦૧,૦૯૫ |
| ૨૧ | રાજ્ય અને રાજ્ય બહારના કલાકારો | વેસ્ટ ઝોન કલ્ચર સેન્ટર, ભારત સરકારના નિયમોનુસાર મહેનતાણાની ચુકવણી | ૨૧,૨૧,૪૦૨ |
| ૨૨ | કલેકટરશ્રી, અમદાવાદ | - | ૩૦,૧૪,૬૯૩ |
| ૨૩ | કાર્યપાલક ઈજનેરશ્રી, આર. એન્ડ બી. | - | ૩,૩૯,૦૫૩ |
| ૨૪ | બી. જે. એન્જીનીયર્સ, અમદાવાદ | માટીના ગરબા તથા કોકડીયાના શણગારેલા ૩૫ સેટ તથા દિવાના ૨૨૦ સેટ | ૪,૮૨૦ |
| ૨૫ | ઓરીએન્ટલ ઈન્સ્યુરન્સ, અમદાવાદ | - | ૯,૫૪૩ |
| | | કુલ ખર્ચ રૂપિયા ....... | ૧,૯૦,૦૫,૧૭૪ |

------------

## રાજ્યમાં લઘુ ઉદ્યોગોની સ્થાપના

અતારાંક્તિઃ ૩૨૩૧ (૧-૩-૦૫) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં નાણાંકીય વર્ષ ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫માં ડિસે. ૨૦૦૪ની સ્થિતિએ કુલ કેટલા લઘુ ઉદ્યોગો સ્થપાયા,

(૨) આ લઘુ ઉદ્યોગોમાં કુલ કેટલું મૂડીરોકાણ થયું, અને

(૩) તેનાથી કેટલી રોજગારી ઉભી થઈ ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૨-૩-૦૫) :

(૧) રાજ્યમાં સ્થપાયેલ લઘુ ઉદ્યોગોની માહિતી પરિશિષ્ટના કોલમ-૨ મુજબ છે.

(૨) લઘુ ઉદ્યોગોમાં થયેલ મૂડીરોકાણની માહિતી પરિશિષ્ટના કોલમ -૩ મુજબ છે.

(૩) ઉભી થયેલ રોજગારીની માહિતી પરિશિષ્ટના કોલમ ૪ મુજબ છે.

**પરિશિષ્ટ**

| નાણાંકીય વર્ષ | લઘુ ઉદ્યોગ એકમોની સંખ્યા | થયેલ મૂડીરોકાણ (રૂા. લાખમાં) | રોજગારી |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૨૦૦૨-૦૩ | ૧૦૯૦૫ | ૪૫૪૮૬ | ૩૧૦૬૨ |
| ૨૦૦૩-૦૪ | ૧૦૯૮૦ | ૩૯૯૮૧ | ૩૧૨૦૮ |
| ૨૦૦૪-૦૫<br>(ડિસેમ્બર-૦૪ અંતિત) | ૬૫૬૧ | ૧૯૩૫૪ | ૨૧૨૮૨ |

------------

## રાજ્યમાં અગરિયાઓની સંખ્યા

અતારાંક્તિઃ ૩૩૦૦ (૨૫-૨-૦૫) **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) ડિસેમ્બર ૦૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર અગરિયાઓની સંખ્યા કેટલી,
(૨) આમાંથી ૧૦ એકર જમીન ધરાવતા અગરીયાઓની સંખ્યા કેટલી, અને
(૩) મીઠું ઉત્પાદન કરતી કંપનીઓને ફાળવેલ પટ્ટાને રૂપાંતરણ કરીને અગરીયાઓને સહકારી મંડળીઓને જમીન આપવા સરકારે કોઈ વિચારણા હાથ ધરી છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૨૩-૩-૦૫) :

(૧) રાજ્યમાં કુલ અગરિયાઓની સંખ્યા ૬૪૯૦૪ છે (જિલ્લાવાર વિગતો પરિશિષ્ટમાં દર્શાવેલ છે)
(૨) દસ એકર જમીન ધરાવતા અગરિયાઓની સંખ્યા ૨૨૮૯ છે. (જિલ્લાવાર વિગતો પરિશિષ્ટ કોલમ-૪માં દર્શાવેલ છે.)
(૩) ના, જી.

**પરિશિષ્ટ**

| અ. નં. | જીલ્લાનું નામ | અગરિયાઓની સંખ્યા | ૧૦ એકર જમીન ધરાવતા અગરિયાઓની સંખ્યા |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | અમદાવાદ | ૩૮ | - |
| ૨ | અમરેલી | ૩૭૪૩ | ૨૯૦ |
| ૩ | આણંદ | ૨૩ | - |
| ૪ | ભરૂચ | ૩૪૧૨ | - |
| ૫ | ભાવનગર | ૨૫૭૫ | ૭૯ |
| ૬ | જૂનાગઢ | ૨૪૬૩ | - |
| ૭ | જામનગર | ૧૭૯૭ | - |
| ૮ | કચ્છ | ૭૪૩૮ | ૮૯૩ |
| ૯ | નવસારી | ૬૭ | - |
| ૧૦ | પાટણ | ૧૯૦૩૧ | ૧૭૫ |
| ૧૧ | પોરબંદર | ૮૪ | - |
| ૧૨ | રાજકોટ | ૩૬૨૯ | ૫૪૦ |
| ૧૩ | સુરત | ૧૪૧ | - |
| ૧૪ | સુરેન્દ્રનગર | ૧૫૩૪૧ | ૩૧૨ |
| ૧૫ | વલસાડ | ૫૧૨૨ | - |
| | કુલ : | ૬૪૯૦૪ | ૨૨૮૯ |

---------------

**રાજ્યમાં એપ્રેન્ટીસ યોજનાની અમલવારી**

અતારાંક્તિઃ ૩૨૬૪ (૧૧-૩-૦૫) **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં રાજ્યમાં એપ્રેન્ટીસ યોજનાનો અમલ ન કરતા ઓદ્યોગિક એકમો સામે રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી, અને
(૨) કાયમી ધોરણે અમલવારી કરાવવા શું આયોજન કરવાનું રાજ્ય સરકાર વિચારે છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૬-૪-૦૫) :

(૧) કુલ-૪૪૨૨ કોર્ટ કેસો કરવામાં આવેલ છે.
(૨) (૧) એકમોને એક્ટના અમલ અને જાણકારી માટે સેમિનાર યોજવામાં આવે છે. જાહેરાત આપવામાં આવે છે તથા માહિતી પુસ્તિકાઓ બહાર પાડવામાં આવેલ છે.
(૨) દરેક એકમમાં જઈ સમજૂતિ આપવામાં આવે છે.
(૩) પૂરતા પ્રમાણમાં ઉમેદવારો મળી રહે તે માટે ભરતી મેળાઓનું આયોજન કરવામાં આવે છે.
(૪) આઈ. ટી. આઈ. પાસ થયેલા ઉમેદવારોની યાદીઓ એકમોને પૂરી પાડવામાં આવે છે.

-------------

## સ્થાનિક ઉમેદવારોને રોજગારી માટે લીધેલા પગલાં

અતારાંક્તિઃ ૩૨૬૯ (૧-૩-૦૫) **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં ઉદ્યોગોમાં સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે રાજ્ય સરકારે શાં પ્રયત્નો કર્યા,
(૨) રાજ્ય સરકાર દ્વારા ઘડવામાં આવેલ નીતિનું કેટલા એકમો પાલન કરતાં નથી,
(૩) સરકારની નીતિનું પાલન ન કરનાર સામે કોઈ પગલાં લેવામાં આવેલ છે કે કેમ, અને
(૪) જો હા, તો તેની વિગત શી છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૩૦-૩-૦૫) :

(૧)(૧) સરકારશ્રીના તા. ૩૧-૩-૯૫ના ઠરાવથી જાહેર સાહસો, સંયુક્ત ક્ષેત્રિય અને ખાનગી ઉદ્યોગોમાં ૮૫ ટકા સ્થાનિક ઉમેદવારોથી ભરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૨) મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપણા હેઠળ મોનીટરીંગ સમિતિની રચના કરવામાં આવેલ છે.

(૩) ખાનગી ક્ષેત્રના એકમો પાસેથી દર છ માસે રોજગારીની માહિતી તથા સ્થાનિક રોજગારી અંગે સમીક્ષા કરવામાં આવે છે, અને જે એકમો નિયત ટકાવારી જાળવતા ન હોય તેવા એકમોની યાદી ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરીને મોકલવામાં આવે છે. જેથી યાદી પૈકીના પ્રોત્સાહિત એકમો સામે જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

(૪) ઓધોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવે છે.

(૫) ઓધોગિક તાલિમ સંસ્થાઓ શરૂ કરવામાં આવેલ છે.

(૬) ટૂંકા ગાળાના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવેલ છે.

(૭) કેન્દ્ર સરકારના એકમોમાં નીતિનું પાલન થાય તે માટે કેન્દ્ર સરકાર સાથે પરામર્શ કરવામાં આવે છે.

(૨) નીતિનું પાલન નથી કરતા એવા એકમો ધ્યાને આવેલ નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## રાજ્યમાં જિલ્લાવાર રોજગાર વિનિમય કચેરીમાં નોંધાયેલા બેરોજગારો

અતારાંક્તિઃ ૩૨૮૩ (૨૩-૨-૦૫) **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

સને ૨૦૦૩-૦૪ તથા ૨૦૦૪-૦૫માં તા. ૩૧-૧-૦૫ સુધીમાં રાજ્યમાં જિલ્લાવાર રોજગાર વિનિમય કચેરીમાં કુલ કેટલા બેરોજગારો -શિક્ષિત-અર્ધશિક્ષિત- તથા સામાન્ય શ્રેણીમાં તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં નોંધાયેલા છે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૩૦-૩-૦૫) :

**પત્રક મુજબ**

| | નોંધાયેલ બેરોજગારો | | |
|---|---|---|---|
| | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
| સને ૨૦૦૩-૦૪ દરમ્યાન તથા | ૨૧૨૨૫૮ | ૬૪૬૧૨ | ૨૭૬૮૭૦ |
| સને ૨૦૦૪-૦૫ દરમ્યાન તા ૩૧-૧-૦૫ સુધીમાં તથા | ૧૨૫૦૦૭ | ૫૧૨૦૦ | ૧૭૬૨૦૭ |
| સામાન્ય શ્રેણીમાં તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં | સામાન્ય શ્રેણી જેવી કોઇ અલગ ઓળખ નથી. | | |

### જિલ્લાવાર શિક્ષિત-અર્ધશિક્ષિત બેરોજગારોની જિલ્લાવાર નોંધણી અંગેનું પત્રક

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૦૩-૦૪ | | | વર્ષ ૨૦૦૪-૦૫ (તા. ૩૧-૧-૨૦૦૫ સુધી) | | |
|---|---|---|---|---|---|---|---|
| | | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
| ૧ | અમદાવાદ | ૨૦૬૫૯ | ૧૨૭૧૨ | ૩૩૩૭૧ | ૧૫૧૪૭ | ૯૦૦૨ | ૨૪૧૪૯ |
| ૨ | વડોદરા | ૧૭૫૩૨ | ૧૯૫૭ | ૧૯૪૮૯ | ૯૦૭૨ | ૧૩૨૯ | ૧૦૪૦૧ |
| ૩ | ભરૂચ | ૭૪૨૪ | ૭૯૫૩ | ૧૫૩૭૭ | ૪૭૨૬ | ૫૧૨૪ | ૯૮૫૦ |
| ૪ | નર્મદા | ૩૬૪૭ | ૭૫૯ | ૪૪૦૬ | ૧૬૩૮ | ૨૧૫ | ૧૮૫૩ |
| ૫ | ભૂજ | ૭૦૫૦ | ૨૨૯૩ | ૯૩૪૩ | ૩૦૯૬ | ૧૬૭૨ | ૪૭૬૮ |
| ૬ | ભાવનગર | ૧૧૮૨૮ | ૩૧૩૫ | ૧૪૯૬૩ | ૪૩૨૩ | ૨૫૩૯ | ૬૮૬૨ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૭ | ડાંગ | ૯૫૯ | ૧૭૦ | ૧૧૨૯ | ૫૮૫ | ૪૪૨ | ૧૦૨૭ |
| ૮ | પંચમહાલ | ૯૮૨૫ | ૩૨૪૨ | ૧૩૦૬૭ | ૪૭૮૪ | ૨૬૪૧ | ૭૪૨૫ |
| ૯ | દાહોદ | ૮૩૫૦ | ૨૦૧ | ૮૫૫૧ | ૩૧૮૧ | ૨૬૦ | ૩૪૪૧ |
| ૧૦ | સાબરકાંઠા | ૯૨૨૮ | ૧૨૧૮ | ૧૦૪૪૬ | ૫૯૭૦ | ૧૨૪૬ | ૭૨૧૬ |
| ૧૧ | જામનગર | ૭૩૪૫ | ૨૬૨૦ | ૯૯૬૫ | ૩૧૦૫ | ૧૯૦૯ | ૫૦૧૪ |
| ૧૨ | જુનાગઢ | ૮૬૪૦ | ૧૧૭૩ | ૯૮૧૩ | ૫૯૬૨ | ૯૯૨ | ૬૯૫૪ |
| ૧૩ | પોરબંદર | ૩૨૫૫ | ૫૫૫ | ૩૮૧૦ | ૧૦૮૮ | ૬૧૨ | ૧૭૦૦ |
| ૧૪ | મહેસાણા | ૯૬૪૦ | ૧૪૦૩ | ૧૧૦૪૩ | ૫૭૯૮ | ૧૨૧૨ | ૭૦૧૦ |
| ૧૫ | પાટણ | ૫૯૩૧ | ૪૭૧ | ૬૪૦૨ | ૪૬૯૧ | ૪૩૫ | ૫૧૨૬ |
| ૧૬ | ખેડા | ૭૫૯૭ | ૨૫૪૭ | ૧૦૧૪૪ | ૪૭૨૪ | ૨૨૦૯ | ૬૯૩૩ |
| ૧૭ | આણંદ | ૬૯૭૨ | ૯૩૩ | ૭૯૦૫ | ૪૬૫૫ | ૭૧૯ | ૫૩૭૪ |
| ૧૮ | બનાસકાંઠા | ૯૧૦૦ | ૬૪૪ | ૯૭૪૪ | ૪૦૭૦ | ૫૭૬ | ૪૬૪૬ |
| ૧૯ | રાજકોટ | ૧૧૧૮૪ | ૩૮૯૦ | ૧૫૦૭૪ | ૭૮૧૭ | ૩૫૬૮ | ૧૧૩૮૫ |
| ૨૦ | સુરત | ૧૪૧૨૦ | ૮૫૮૭ | ૨૨૭૦૭ | ૧૦૨૨૦ | ૭૫૨૯ | ૧૭૭૪૯ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૬૬૭૩ | ૭૩૬ | ૭૪૦૯ | ૨૭૦૨ | ૫૫૬ | ૩૨૫૮ |
| ૨૨ | અમરેલી | ૪૦૬૬ | ૭૮૧ | ૪૮૪૭ | ૪૦૦૭ | ૪૨૨ | ૪૪૨૯ |
| ૨૩ | વલસાડ | ૬૯૫૨ | ૩૮૯૬ | ૧૦૮૪૮ | ૪૦૪૦ | ૪૪૭૧ | ૮૫૧૧ |
| ૨૪ | નવસારી | ૬૨૬૭ | ૪૩૫ | ૬૭૦૨ | ૪૩૦૧ | ૩૩૫ | ૪૬૩૬ |
| ૨૫ | ગાંધીનગર | ૮૦૧૪ | ૨૩૦૧ | ૧૦૩૧૫ | ૫૩૦૫ | ૧૧૮૫ | ૬૪૯૦ |
| | કુલ : | ૨૧૨૨૫૮ | ૬૪૬૧૨ | ૨૭૬૮૭૦ | ૧૨૫૦૦૭ | ૫૧૨૦૦ | ૧૭૬૨૦૭ |

-----------------

**રાજકોટ, સુરત અમદાવાદ અને વડોદરામાં વિનિમય કચેરીમાં બેરોજગારોની નોંધણી**

અતારાંકિતઃ ૩૨૮૪ (૨૩-૨-૦૫) **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર):માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) નાણાંકીય વર્ષ ૨૦૦૧-૦૨, ૨૦૦૨-૦૩ તથા ૨૦૦૩-૦૪માં વર્ષવાર રાજકોટ, સુરત, અમદાવાદ અને વડોદરામાં રોજગાર વિનિમય કચેરીમાં કેટલા શિક્ષિત બેરોજગારોની નોંધણી,

(૨) તે પૈકી વર્ષવાર કેટલા બેરોજગારો માટે રોજગાર વિનિમય કચેરીઓ તરફથી ઈન્ટરવ્યુની ભલામણ કરવામાં આવી અને કેટલાને ઈન્ટરવ્યુ પત્રો મળ્યા, અને

(૩) આ પૈકી કેટલા ઉમેદવારોની પસંદગી થઈ ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૧૬-૪-૦૫) :

(૧) નીચે મુજબ

| નાણાંકીય વર્ષ | રાજકોટ | સુરત | અમદાવાદ | વડોદરા |
|---|---|---|---|---|
| ૨૦૦૧-૦૨ | ૮૨૨૮ | ૧૦૪૫૭ | ૧૯૦૨૮ | ૧૫૨૩૮ |
| ૨૦૦૨-૦૩ | ૯૦૨૯ | ૧૨૪૬૦ | ૧૮૭૭૦ | ૧૬૯૩૨ |
| ૨૦૦૩-૦૪ | ૧૧૧૮૪ | ૧૨૯૮૦ | ૨૦૪૫૫ | ૧૭૪૮૨ |

(૨) રોજગાર વિનિમય કચેરીઓ તરફથી ઈન્ટરવ્યુ માટે કરવામાં આવેલ ભલામણ

| નાણાંકીય વર્ષ | રાજકોટ | સુરત | અમદાવાદ | વડોદરા |
|---|---|---|---|---|
| ૨૦૦૧-૦૨ | ૦૪ | ૩૩૮ | ૧૧૨ | ૩૯૫ |
| ૨૦૦૨-૦૩ | - | ૫૨૩ | ૨૬૨ | ૧૪૦૬ |
| ૨૦૦૩-૦૪ | - | ૪૮૨ | ૧૪૬ | ૧૨૭૬ |

**નોંધ : ઈન્ટરવ્યુ પત્રો ભલામણ થયેલા ઉમેદવારોને નોકરી દાતા તરફથી બારોબાર ઈન્ટરવ્યુમાં હાજર રહેવા અંગેની જાણ કરવામાં આવે છે.**

(૩) રાજકોટ, સુરત, અમદાવાદ અને વડોદરાની રોજગાર વિનિમય કચેરીઓ ભલામણ પૈકી પસંદગી પામેલ ઉમેદવારો

| નાણાંકીય વર્ષ | રાજકોટ | સુરત | અમદાવાદ | વડોદરા |
|---|---|---|---|---|
| ૨૦૦૧-૦૨ | ૦૨ | ૨૮ | - | ૦૩ |
| ૨૦૦૨-૦૩ | - | ૩૪૪ | - | ૭૪ |
| ૨૦૦૩-૦૪ | - | ૧૨૬ | ૦૩ | ૦૩ |

--------------

**કચ્છ જિલ્લામાં નવા ચેક ડેમો, અનુશ્રવણ તળાવો, બંધારા વગેરેના કામો**

અતારાંક્તિઃ ૩૨૦૮ (૨૭-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટ કેટલા નવા ચેકડેમો અનુશ્રવણ તળાવો, બંધારા, સેઈફસ્ટેજના કામો વગેરેના ક્યા ક્યા સ્થળે સર્વે કરવામાં આવ્યા છે,
(૨) આ તળાવો ડેમોના કેટકેટલા અંદાજો બનાવવામાં આવ્યા છે,
(૩) તે પૈકી ક્યા ક્યા તળાવો ડેમો કઈ કઈ યોજના હેઠળ મંજૂર થઈ શરૂ થયા છે,
(૪) ક્યા ક્યા તળાવો ડેમો ગ્રાન્ટનાં અભાવે પેન્ડીંગ છે, અને
(૫) આવા પેન્ડીંગ તળાવો ડેમોનો કઈ કઈ યોજના હેઠળ સમાવેશ કરી દરખાસ્તો કરવામાં આવી છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** : (૧-૪-૦૫)

(૧) પત્રક*-૧ અને પત્રક*-૨માં દર્શાવેલ ચેકડે.મો, અનુશ્રવણ તળાવો, બંધારા અને સેઈફ સ્ટેજના કામોના સર્વે કરવામાં આવ્યા.
(૨) તળાવો ડેમોના પત્રક-૧ માં દર્શાવ્યા મુજબ અંદાજો બનાવવામાં આવ્યા.
(૩) પત્રક*-૩માં દર્શાવેલ યોજના હેઠળ તળાવો ડેમો મંજૂર થઈ શરૂ કરવામાં આવેલ છે.
(૪) પત્રક*-૪માં ગ્રાન્ટના અભાવે પેન્ડીંગ કામો દર્શાવેલ છે.
(૫) પેન્ડીંગ કામોને કઈ યોજનામાં સમાવેશ કરવામાં આવેલ છે તે પૈકી પત્રક*-૫માં દર્શાવેલ છે.
(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**રાજ્યમાં નવી નાની અને મધ્યમ સિંચાઈ યોજનાઓ મંજૂર કરવા અંગે**

અતારાંક્તિઃ ૩૨૩૩ (૧૨-૨-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી): માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં નવી નાની અને મધ્યમ સિંચાઈ યોજનાઓ કેટલી અને કેટલા ખર્ચે મંજૂર કરવામાં આવી છે,
(૨) તે પૈકી કચ્છ જિલ્લામાં કઈ કઈ યોજનાઓ મંજૂર કરવામાં આવી છે,
(૩) કચ્છ જિલ્લામાં કઈ કઈ યોજનાઓની દરખાસ્તો પેન્ડીંગ છે, અને
(૪) તે કેટલા સમયમાં મંજૂર કરવામાં આવશે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧-૪-૦૫) :

(૧) કુલ-૧૫ યોજનાઓ રૂા. ૮૧૦૫ લાખના ખર્ચે મંજૂર કરવામાં આવેલ છે.
(૨) મેઘપર નાની સિંચાઈ યોજના મંજૂર કરવામાં આવેલ છે.
(૩) કાક, જતાવીરા, બીબર, લાખાડી, ભડલી, મકડા, પુનડી, પ્યાકા, પતાલીયા, હીરાવીરી, કીડીયાનગર, સેલારી, લોદ્રાણી, કટારીયા, ચાંગ, ચાપર, શોભારેલ, કનકાવતી-૨, બેરાચીયા-૨ સિંચાઈ યોજનાઓની દરખાસ્તો પેન્ડીંગ છે.
(૪) સર્વેક્ષણ પૂર્ણ થયે ભૂકંપ પ્રુફ આલેખન કર્યા બાદ શક્ય તેટલી વહેલી મંજૂર કરવાનું આયોજન છે.

----------------

**દાહોદ જિલ્લામાં જુથ પાણી પુરવઠા યોજનાઓ અંગે**

અતારાંક્તિઃ ૩૨૫૧ (૧-૩-૦૫) **શ્રી મહેશભાઈ સો. ભુરિયા (ભા.જ.પ.) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ડીસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કેટલી જુથ પાણી પુરવઠા યોજનાઓ દાહોદ જિલ્લામાં મંજૂર કરવામાં આવી,
(૨) મંજૂર કરેલ યોજનાઓની કાર્યવાહી ક્યારે શરૂ કરવામાં આવી અને કામ ક્યારે પૂર્ણ કરવામાં આવ્યુ,
(૩) યોજનાના લાભ લોકોને ક્યારથી આપવામાં આવ્યો,
(૪) મંજૂર થયેલ યોજનાઓ પૈકી હાલ કેટલી યોજનાઓ ચાલુ હાલતમાં છે, કેટલી બંધ છે અને બંધના કારણો શું છે,
(૫) હાલ બંધ યોજનાઓ પુનઃ ક્યારથી શરૂ થશે, અને
(૬) યોજના સમયસર ન ચાલુ કરવાનું તથા સમયસર પૂરી ન કરવાનું કારણ શું છે, અને જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવામાં આવશે ખરા ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૨-૪-૦૫) :

(૧) એક પણ નહીં.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૬) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**સુજલામ્ સુફ્લામ્ યોજના અંતર્ગત નર્મદાનું વધારાનું પાણી વાળવા અંગે**

અતારાંક્તિ : ૩૨૭૨ (૨૧/૦૨/૦૫) **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) નર્મદાનુ ચોમાસામાં વહી જતું કે વધારાનું પાણી વાળવામાં સુજલામ્ સુફ્લામ્ યોજના અન્વયે તા. ૩૧-૧-૨૦૦૫ સુધીમાં કેટલું ખર્ચ થયું,
(૨) આ પાણી વાળવા કે લીફ્ટ કરવા માટે તા. ૩૧-૧-૨૦૦૫ સુધીમાં ઉદ્વવહન માટે વીજળીનું કેટલું ખર્ચ કેટલું પાણી મેળવવા થયું, અને
(૩) આ વીજ ખર્ચ વસુલ કરવા કે પહોંચી વળવા શું આયોજન થયું છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨૪/૩/૦૫) :

(૧) નર્મદાનું ચોમાસામાં વહી જતું કે વધારાનું પાણી વાળવામાં સુજલામ્ સુફ્લામ્ યોજના અન્વયે તા. ૩૧-૧-૨૦૦૫ સુધીમાં રુ ૩૩૯.૨૧ કરોડનું ખર્ચ થયેલ છે.
(૨) આ પાણી લીફ્ટ કરવા માટે તા. ૩૧-૧-૨૦૦૫ સુધીમાં વીજળીનું રુ ૧૪૨૫.૭૫ લાખ ખર્ચ થયેલ છે. આ યોજનાથી ૧૭૫ ક્યુસેક પાણી મેળવવામાં આવેલ છે.
(૩) (૩)આ વીજ ખર્ચ વસુલ કરવા માટે પાણી આપવાનો દર નર્મદા કેનાલ આધારિત સૌરાષ્ટ્ર અને કચ્છ લીફ્ટ ઇરીગેશનના ભાવ મુજબ રાખવાનું વિચારેલ છે.

---------------------

**કચ્છ જિલ્લામાં ૬૦: ૪૦ ચેકડેમો પૂરા કરનારને ચુકવણું નહિ કરવા અંગે**

અતારાંક્તિ : ૩૨૭૩ (૧૧/૦૨/૦૫) **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) કચ્છ જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ ૬૦/ ૪૦ નાં તળાવોનાં કામ પૂરા કરનારને લાંબા સમયથી પૂરું ચુકવણું થયું નથી તે હકીક્ત સાચી છે,
(૨) જો હા તો ૨૦૦૨-૨૦૦૩, ૨૦૦૩-૨૦૦૪ ના કામો અન્વયે ડીસેમ્બર-૦૪ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને આવી રકમ ચૂકવવાની બાકી છે, અને
(૩) જો ના તો રાપર-ભચાઉ સહિત કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં અગાઉ ક્યા ક્યા વર્ષમાટે કેટકેટલી રકમ કોને ચૂકવવામાં આવી ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨/૪/૦૫) :

(૧) સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ ૬૦/ ૪૦ નાં તળાવોના કરવામાં આવેલા કામો પૈકી કેટલાંક કામો નબળી ગુણવત્તાના થયા છે, તેવી લોકો તથા આગેવાનો દ્વારા મળેલ ફરિયાદો અન્વયે વખતોવખત આવા કામોની ગુણવત્તા બાબતે ટીમો બનાવીને ચેકીંગ કરવામાં આવેલ છે. અને આ ચેકીંગ રીપોર્ટને આધારે કામની ગુણવત્તા અનુસાર કેટેગરી વાઇઝ કામોનું ચૂકવણું થતું હોવાથી થોડા વિલંબથી થયેલ છે.
(૨) ડીસેમ્બર-૦૪ની સ્થિતિએ કોઇ લાભાર્થીઓને આવી રકમ ચૂકવવાની બાકી નથી.
(૩) (૩) રાપર-ભચાઉ સહિત કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં અગાઉના ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૩-૨૦૦૪ ના બીજા તબક્કાના કામોના લોકજુથોને કરવામાં આવેલ ચુકવણાની વિગતો આ સાથે સામેલપત્રકમાં વિગતો દર્શાવેલ છે.

ૢ પત્રક સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.

-------------

**ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છને વધારાના પાણીની વહેંચણીનું આયોજન**

અતારાંક્તિ : ૩૨૮૧ (૨૨/૨/૦૫) **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી):માનનીય મુખ્ય મંત્રીશ્રી**(નર્મદા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સરદાર સરોવરની વધારાના પાણીની વહેંચણી અંગે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ માટે કેટલું પાણી ફાળવવાનું આયોજન કરેલ છે,

(૨) આમાંથી કેટલું પાણીનું વહન છેલ્લા એક વર્ષમાં કરવામાં આવ્યું, અને
(૩) આ અંગે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) (૨૪/૩/૦૫) :

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સરદાર સરોવરની વધારાના પાણીની વહેંચણી અંગે ઉત્તર ગુજરાતને ૧.૦૦ મીલીયન એકર ફીટ, સોરાષ્ટ્રને ૧.૦૦ મી. એકર ફીટ તથા કચ્છને ૧.૦૦ મી. એકર ફીટ પાણી આપવાનું આયોજન કરવામાં આવેલ છે.
(૨) ઉત્તર ગુજરાતમાં પીયજ ધરોઇ પાઇપ લાઇન દ્વારા ૧૭૫ ક્યુસેક્સ પાણી વહન કરવામાં આવી રહેલ છે.
(૩) તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં કુલ રૂા. ૨૭૧.૮૯ કરોડનો ખર્ચ થવા પામેલ છે.

---------------------

**માંડવી, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકામાં ઇન્દિરા આવાસના મકાનો**

અતારાંક્તિ : ૩૧૩૮ (૨૭/૧/૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) સને ૨૦૦૨-૨૦૦૩, ૨૦૦૩-૨૦૦૪ અને૨૦૦૪-૨૦૦૫ ના નાણાંક્યિ વર્ષમાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ માંડવી, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકામાં વર્ષવાર ક્યા ક્યા ગામોમાં કેટલા ઇન્દિરા આવાસના મકાનો મંજૂર કરવામાં આવ્યા,
(૨) કુલ કેટલી અરજીઓ આવી હતી તે પૈકી ગામવાર કેટલી નામંજૂર કરવામાં આવી,
(૩) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ આ ચુકાદાનું પાલન દાહોદ જિલ્લાની કેટલી મસ્જીદો દ્વારા કરવામાં આવ્યું.?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૧૩-૭-૨૦૦૫) :

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---

**રાજ્યના જન્મટીપ પામેલાં કેદીઓ પેરોલ સમય પૂર્ણ થતાં જેલમાં હાજર ન થવા અંગે**

અતારાંકિત : ૩૩૨૬ (૧૩-૪-૨૦૦૫) **શ્રી ટપુભાઈ લીંબાસિયા(રાજકોટ-૧) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જન્મટીપની સજા ભોગવતા કેદીઓની સંખ્યા કેટલી છે,

(૨) તેમાંથી પેરોલ આપેલ કેદીઓની સંખ્યા કેટલી છે,

(૩) કેટલા કેદીઓ, પેરોલની મુદત પુરી થવા છતાં હાજર થયા નથી, અને

(૪) નહીં હાજર થયેલ કેદીઓને હાજર થવા માટે સરકાર તરફથી શા પગલાં લેવામાં આવ્યા?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૧૯-૭-૨૦૦૫) :

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જન્મટીપની સજા ભોગવતા કેદીઓની સંખ્યા કુલ ૨૪૮૫ છે,

(૨) તેમાંથી પેરોલ આપેલ કેદીઓની કુલ સંખ્યા ૧૩૩૬ છે.

(૩) ૨૫ કેદીઓ પેરોલની મુદત પુરી થવા છતાં હાજર થયા નથી.

(૪) પેરોલ પરથી ફરાર કેદીઓને પકડવા માટે સંબંધિત પોલીસ સ્ટેશનમાં પ્રિઝન એકટની કલમ : ૫૧ (બી) મુજબની ફરીયાદો નોંધાવવામાં આવેલ છે. પોલીસ તપાસ ચાલુ રાખવા સમયાંતરે જેલ સત્તાવાળાઓ તરફથી જે તે પોલીસ સ્ટેશનને સ્મૃતિપત્રો પાઠવી ફરાર કેદીઓને પકડવા અંગે જણાવવામાં આવેલ છે. અને પોલીસ ખાતુ આ કેદીઓને પકડવાના પ્રયત્નો કરે છે.

---

**ભૂજ અને નખત્રાણા તાલુકામાં વાહન ચોરીના બનાવો**

અતારાંકિત : ૩૪૧૩ (૨૦-૪-૨૦૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) ભૂજ તથા નખત્રાણા તાલુકામાં પોલીસ સ્ટેશનવાર વાહન ચોરીના માર્ચ-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા બનાવો નોંધાયા,

(૨) કેટલા ગુનાહીતોની ધરપકડ થઈ,

(૩) કેટલા ગુન્હામાં મુદ્દામાલ કબજે લેવાયો, અને

(૪) બાકી રહેલો મુદ્દામાલ ક્યાં સુધીમાં કબજે લેવાશે?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૧૧-૫-૨૦૦૫) :

(૧) ભૂજ તથા નખત્રાણા તાલુકામાં પોલીસ સ્ટેશનવાર વાહન ચોરીના માર્ચ-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબના બનાવો નોંધાયા છે,

| અ.નં. | તાલુકાનું નામ | પો.સ્ટે.નું નામ | વાહનચોરીના બનેલા બનાવો |
|---|---|---|---|
| ૧. | ભૂજ | ૧. ભૂજ સીટી પો.સ્ટે. | ૭૮ |
| | | ૨. ભૂજ તાલુકા પો.સ્ટે. | ૧૭ |
| | | ૩. ખાવડા પો. સ્ટે. | |
| ૨. | નખત્રાણા | ૪. નખત્રાણા પો,સ્ટે. | ૦૯ |
| | | કુલ : | ૧૦૪ |

(૨) ૪૭ (સુડતાલીસ)
(૩) ૫૧ (એકાવન)
(૪) બાકી રહેલો મુદ્દામાલ કબજે લેવાના સઘન પ્રયાસો ચાલુ છે. ચોક્કસ સમય કહી શકાય નહીં.

---------------------

એચબી-૨૯૫-૪

**કચ્છ જિલ્લામાં ગૃહ વિભાગ હસ્તકના રહેમરાહેના કેસો**

અતારાંકિત : ૩૪૨૬ (૨૭-૪-૨૦૦૫)**શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર રહેમરાહે નોકરીના કેટલા કેસો ગૃહ વિભાગમાં માર્ચ, ૨૦૦૫ની સ્થિતિએ પડતર છે, અને

(૨) તેવા કેસોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૭-૭-૨૦૦૫) :

(૧) ત્રણ
(૨) શક્ય તેટલા વહેલા.

---------------------

**રાજ્યમાં પાસપોર્ટ પ્રક્રિયા કોમ્પ્યુટરાઈઝડ કરવા અંગે**

અતારાંકિત : ૩૪૩૪ (૧૨-૫-૨૦૦૫)**ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં પાસપોર્ટની પ્રક્રિયા કોમ્પ્યુટરાઈઝડ કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો રાજ્યનાં જિલ્લા પોલીસ કચેરીએથી વેરીફીકેશન કોમ્પ્યુટર દ્વારા મોકલવામાં આવેલ છે, કે કેમ,

(૩) જો હા, તો કયા કયા જિલ્લા પોલીસ વડાની કચેરીઓ આનો અમલ કરે છે, અને

(૪) જો ના, તો જિલ્લા પોલીસ વડાની કચેરીઓમાં આનો અમલ ક્યારથી કરાવવામાં આવશે ?

**માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૭-૭-૨૦૦૫) :

(૧) હા.

(૨) રાજ્યમાં જિલ્લા પોલીસ કચેરીએથી વેરીફીકેશન રીપોર્ટસ કોમ્પ્યુટર દ્વારા મોકલવામાં આવે છે.

(૩) રાજ્યમાં અમદાવાદ શહેર, ભરૂચ, નર્મદા, નવસારી, વલસાડ, આહવા-ડાંગ, રાજકોટ રૂરલ, જામનગર, કચ્છ-ભૂજ, સુરત રૂરલ સિવાય તમામ જિલ્લાઓમાં પાસપોર્ટની પ્રક્રિયા કોમ્પ્યુટરાઈઝડ કરવામાં આવેલ છે.

(૪) ભૂજ જિલ્લામાં નવી બિલ્ડીંગનું નિર્માણ ચાલુ હોઈ હાલ પૂરતું તે બંધ છે. તેમજ અમુક જિલ્લાઓમાં તકનીકી કારણસર તે બંધ છે. તેમજ બાકી રહેલ જિલ્લાઓમાં નજીકના ભવિષ્યમાં કોમ્પ્યુટરાઈઝેશનની કામગીરી જલ્દીથી શરૂ કરવાની તજવીજ ચાલું છે.

----------------

## જામનગર જિલ્લામાં પાસપોર્ટ મેળવવા પોલીસ વેરીફીકેશન

અતારાંકિત : ૩૪૩૫ (૧૨-૫-૨૦૦૫) **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર જિલ્લામાં પાસપોર્ટ મેળવવા માટે પોલીસ વેરીફીકેશન હુકમો કરવાની સત્તા કયા કયા અધિકારીઓને સુપ્રત કરેલ છે,

(૨) તા. ૩૦-૪-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોલીસ સ્ટેશનોને લક્ષમાં રાખીને કયા કયા અધિકારીઓએ કેટલી ભલામણો કરી છે, અને

(૩) બિન પોલીસ અધિકારીઓને કેટલી ભલામણો મળી છે, તેમાંથી કેટલી ભલામણોના પોલીસે વેરીફીકેશન પ્રમાણપત્રો આપ્યા છે ?

**માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૭-૭-૨૦૦૫) :

(૧) ૧. કલેકટરશ્રી, જામનગર.
૨. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર.
૩. એસ.ડી.એમ. શ્રી, જામનગર
૪. એસ.ડી.એમ.શ્રી, ખંભાળીયા.

(૨)

| ઈશ્યુ કરનાર અધિકારીશ્રી | ૧-૫-૦૩ થી ૩૦-૪-૦૪ સુધી | ૧-૫-૦૪ થી ૩૦-૫-૦૫ સુધી |
|---|---|---|
| કલેકટરશ્રી, જામનગર. | ૧૫ | ૧૦ |
| પોલીસ અધિક્ષકશ્રી, જામનગર. | ૧૪૫ | ૯૮ |
| એસ.ડી.એમ. શ્રી, જામનગર | ૧૫ | ૩ |
| એસ.ડી.એમ.શ્રી, ખંભાળીયા. | ૪૫ | ૧૩ |

(૩) છેલ્લા બે વર્ષમાં બિન પોલીસ અધિકારીશ્રીઓને કુલ-૧૦૧ ભલામણો મળી છે. તેમાંથી ૧૦૧ ભલામણોના પોલીસ વેરીફીકેશન પ્રમાણપત્રો આપવા માટે જે તે બિનપોલીસ અધિકારીશ્રીને ભલામણ કરેલી છે.

-----------------

## રાજ્યના મંદિરોમાં ચોરી, લૂંટ, ધાડ પાડવાના અને મહંતોના ખૂનના બનાવો

અતારાંકિત : ૩૪૩૬ (૨-૫-૨૦૦૫)**ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં કેટલા મંદિરોમાં લૂંટ, ચોરી, ધાડ પાડવાના ગુનાઓ બનેલ છે,

(૨) આ ગુન્હાઓના અનુસંધાને કેટલા લોકોને હળવી ભારે ઈજાઓ થયેલ છે,

(૩) કેટલા પુજારી, મહંતો કે મંદિરના લોકોને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા,

(૪) આ બનાવોમાં કેટલા તહોમતદારોને પકડવાના બાકી છે, અને

(૫) આવા બનાવોનું પુનરાવર્તન ન થાય તે માટે સરકારે સલામતીનાં શાં પગલાં લીધા છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૧૬-૭-૨૦૦૫) :

(૧) લૂંટ-૩૬, ચોરી-૬૯૯ અને ધાડ પાડવાના-૫૨, ગુનાઓ બનેલ છે.

(૨) હળવી ઈજા-૯૬ અને ભારે ઈજા-૨૧ને થયેલ છે.

(૩) પુજારી-૭, મહંતો-૧૧ અને અન્ય-૧૧ લોકોને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા છે.

(૪) પકડવામાં આવેલ-૫૯૧ અને પકડવાના બાકી-૯૭ તહોમતદારો.

(૫) આવા બનાવોનું પુનરાવર્તન ન થાય તે માટે (૧) મંદિરોમાં સલામતીની દૃષ્ટિએ સિક્યુરીટી રાખવા (૨) પોલીસની નાઈટ પેટ્રોલીંગ અસરકારક અને સઘન બનાવી અધિકારીશ્રી દ્વારા નાઈટ ચેકીંગ વખતે અવારનવાર ચેક કરવા માટે સુચનાઓ આપેલ છે. (૩) જરૂરીયાત વાળા મંદિરોએ ફીકસ પોઈન્ટ મુકવામાં આવેલ છે. (૪) અવાવરૂ જગ્યાએ આવેલ મંદિરોમાં ઓવરટાઈમ દરમ્યાન આવતા વાહનોને ચેક કરવામાં આવે છે.

-----------------

## જામનગર જિલ્લામાં ખૂન, ચોરી, લૂંટ, ધાડ, મારામારીના બનાવો

અતારાંકિત : ૩૪૩૮ (૧૬-૫-૨૦૦૫)ડૉ. **દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય)**:**માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર ખૂન, ચોરી, લૂંટ, ધાડ, મારામારી અને બળાત્કારના કેટલા બનાવો બનવા પામ્યા છે,

(૨) આ બનાવોમાં તાલુકાવાર કેટલા તહોમતદારો પકડાયા છે, કેટલા તહોમતદારો પકડાયા નથી,

(૩) આ તહોમતદારો ન પકડાયા હોય જે માટે અક્ષમ્ય બેદરકારી દાખવનાર કર્મચારીઓ/અધિકારીઓ સામે કયા પ્રકારના પગલા લેવામાં આવ્યા, અને

(૪) જો આ પગલાં ન લેવાયા હોય તો હવે કયારે લેવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૨૦-૬-૨૦૦૫) :

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | ખૂન | ચોરી | લૂંટ | ધાડ | મારામારી | બળાત્કાર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જામનગર | ૨૦ | ૧૨૪ | ૬ | ૨ | ૧૨૩ | ૯ |
| ૨ | ધ્રોલ | ૬ | ૪૦ | ૪ | ૨ | ૩૦ | -- |
| ૩ | જોડીયા | ૩ | ૩૯ | ૧ | ૧ | ૪૧ | -- |
| ૪ | કાલાવડ | ૬ | ૩૮ | ૩ | -- | ૫૯ | ૫ |
| ૫ | લાલપુર | ૭ | ૯૮ | ૫ | -- | ૫૭ | ૯ |
| ૬ | ખંભાલીયા | ૧૪ | ૨૧૫ | ૩ | ૧ | ૧૫૪ | ૨ |
| ૭ | જામજોધપુર | ૭ | ૫૨ | ૫ | -- | ૩૨ | ૩ |
| ૮ | ભાણવડ | ૬ | ૭૫ | ૩ | ૨ | ૮૬ | -- |
| ૯ | કલ્યાણપુર | ૯ | ૩૧ | ૨ | -- | ૮૨ | ૨ |
| ૧૦ | ઓખા મંડળ | ૧૪ | ૭૬ | ૯ | -- | ૧૩૮ | ૮ |

(૨)

| અ.નં. | તાલુકાનું નામ | ખૂન | | ચોરી | | લૂંટ | | ધાડ | | મારામારી | | બળાત્કાર | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પકડાયેલ ત્હો. | નહીં પકડાયેલ ત્હો. | પકડાયેલ ત્હો. | નહીં પકડાયેલ ત્હો. | પકડાયેલ ત્હો. | નહીં પકડાયેલ ત્હો. | પકડાયેલ ત્હો. | નહીં પકડાયેલ ત્હો. | પકડાયેલ ત્હો. | નહીં પકડાયેલ ત્હો. | પકડાયેલ ત્હો. | નહીં પકડાયેલ ત્હો. |
| ૧ | જામનગર | ૩૩ | ૧ | ૬૩ | -- | ૭ | ૨ | -- | -- | ૨૫૦ | - | ૧૧ | -- |
| ૨ | ધ્રોલ | ૪ | -- | ૨૬ | -- | ૨ | ૧ | ૫ | ૫ | ૬૯ | - | -- | -- |
| ૩ | જોડીયા | ૧ | -- | ૨૧ | -- | -- | -- | -- | -- | ૧૨૩ | - | -- | -- |
| ૪ | કાલાવડ | ૩ | -- | ૨૯ | ૧ | ૩ | -- | -- | -- | ૧૪૭ | - | ૬ | ૧ |
| ૫ | લાલપુર | ૫ | ૩ | ૩૪ | -- | ૪ | -- | -- | -- | ૧૨૬ | ૨ | ૭ | -- |
| ૬ | ખંભાલીયા | ૪૯ | -- | ૧૮૦ | ૨ | ૮ | -- | ૪ | -- | ૩૫૧ | - | ૧ | -- |
| ૭ | જામજોધપુર | ૧૧ | ૧ | ૨૩ | -- | ૬ | ૬ | -- | -- | ૮૧ | - | ૪ | -- |
| ૮ | ભાણવડ | ૮ | ૧ | ૨૪ | -- | ૫ | ૧ | ૮ | -- | ૨૨૭ | - | -- | -- |
| ૯ | કલ્યાણપુર | ૩૧ | -- | ૧૮ | -- | ૩ | -- | -- | -- | ૧૮૬ | - | ૫ | ૧ |
| ૧૦ | ઓખા મંડળ | ૩૧ | -- | ૮૦ | ૧ | ૮ | -- | -- | -- | ૩૦૮ | - | ૧૭ | -- |

(૩) ઉપર દર્શાવ્યા મુજબ ખૂન, ચોરી, લુંટ, ધાડ, મારામારી તથા બળાત્કારના ગુન્હાઓમાં નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે પુરતા પ્રયત્નો કરવામાં આવેલ છે. તપાસ કરનાર અધિકારી તરફથી કોઈ બેદરકારી

દાખવવામાં આવેલ ન હોય કોઈ પગલાં લેવામાં આવેલ નથી. આ નાસતા ફરતા આરોપીઓ વિરૂધ્ધ સી.આર.પી.સી. કલમ-૭૦ તથા ૮૨ મુજબની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.

(૪) તપાસ કરનાર અધિકારીશ્રીની કોઈ બેદરકારી જણાય આવેલ નથી.

-----------------

**જામનગર જિલ્લામાં પોલીસ તંત્રમાં એક જ જગ્યાએ ફરજ બજાવતા કર્મચારી**

અતારાંકિત : ૩૪૩૯ (૧૨-૫-૨૦૦૫) **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર જિલ્લામાં પોલીસ તંત્રમાં ડી.એસ.પી. કચેરી સહિત એક જ બ્રાન્ચ અને એક જ ટેબલ ઉપર પાંચ વર્ષ કરતાં વધુ સમયથી ફરજ બજાવતાં કર્મચારી/અધિકારીઓ કેટલા, અને

(૨) આવા પાંચ વર્ષ કે તેથી વધુ સમયથી ફરજ બજાવતાં અધિકારી/કર્મચારીઓને બદલવા સરકારનું શું આયોજન છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૧૯-૭-૨૦૦૫) :

(૧) ૨૩ કર્મચારીઓ.

(૨) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ અનુસાર વહીવટી અનુકૂળતાએ નિયમીત રીતે બદલી કરવામાં આવે છે.

-----------------

**જામનગર જિલ્લામાં આર.ટી.ઓ.ની ચોરી ડામવા લીધેલ પગલાં**

અતારાંકિત : ૩૪૪૦ (૨-૫-૨૦૦૫) **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૩-૦૫ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં આર.ટી.ઓ. દ્વારા ટેક્ષની કુલ કેટલી આવક થઈ,

(૨) આ સમયગાળા દરમ્યાન ટેક્ષચોરીનાં કુલ કેટલાં કેસો કરવામાં આવ્યા,

(૩) આ ટેક્ષ ચોરી કરનાર સામે કેટલી રકમ ટેક્ષ અને દંડ પેટે વસુલ કરવામાં આવી, અને

(૪) આ ટેક્ષ ચોરી ડામવા સરકારે શું પગલાં લીધા ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૧૧-૭-૨૦૦૫) :

(૧)

| **વર્ષ** | **આવક** |
|---|---|
| ૨૦૦૨-૨૦૦૩ | રૂા. ૧૮,૨૬,૭૩,૦૦૦/- |
| ૨૦૦૩-૨૦૦૪ | રૂા. ૧૯,૧૭,૯૮,૦૦૦/- |
| ૨૦૦૪-૨૦૦૫ | રૂા. ૨૨,૪૯,૮૫,૦૦૦/- |

એચબી-૨૯૫-૫

(૨) આ સમયગાળા દરમ્યાન ટેક્ષ ચોરીના કિસ્સાઓ ધ્યાન ઉપર આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ટેક્ષ ચોરીના કિસ્સાઓ ન બને તે માટે સરકારે તકેદારીનાં નીચે મુજબના પગલાં લીધા છે અને નિયમિતપણે લેવામાં આવે છે.

(૧) વાહન માલિકોને ડીમાન્ડ નોટીસ આપવામાં આવે છે.

(૨) બિન વપરાશમાં નોંધાયેલ વાહનોની મોટર વાહન નિરીક્ષક દ્વારા તપાસ કરવામાં આવે છે.

(૩) ખાતાના અધિકારીઓ દ્વારા નિયમિત ચેકીંગ કરવામાં આવે છે.

-----------------

**રાજ્યમાં ખાનગી ઔદ્યોગિક વસાહતો સ્થાપવા માટે ઈન્કમટેક્ષમાંથી મુક્તિ આપવા કેન્દ્ર સમક્ષ રજૂઆત**

અતારાંકિત : ૨૯૮૯ (૩૧-૧-૨૦૦૫)**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં ખાનગી ઔદ્યોગિક વસાહતો સ્થાપવા માટે ઈન્કમટેક્ષમાંથી મુક્તિ આપવાની દરખાસ્ત રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારમાં કરવામાં આવી છે કે કેમ,

(૨) જો હા, તો ક્યારે અને કોને કરવામાં આવી,

(૩) આ અંગે કેન્દ્ર સરકારનો શું પ્રતિભાવ મળ્યો છે, અને

(૪) રાજ્ય સરકાર દ્વારા ડિસેમ્બર, ૦૪ના છેલ્લા એક વર્ષમાં કેન્દ્ર સરકાર સમક્ષ આ અંગે કેટલી રજૂઆતો કરવામાં આવી ?

**મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** (૫-૭-૨૦૦૫) :

(૧) ના, જી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------------

**રાજ્યના ભારે ઉદ્યોગ પર કરની રાહત આપવાથી આર્થિક નુકશાન**

અતારાંકિત : ૩૩૭૭ (૩-૫-૨૦૦૫) **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર(રાજકોટ ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૧-૧-૨૦૦૧ થી તા. ૩૧-૦૩-૨૦૦૫ સુધીમાં રાજ્યના કુલ કેટલા ભારે ઉદ્યોગોને કરમાં રાહત આપવામાં આવી છે,
(૨) કુલ કેટલી રકમોની રાહત આપવામાં આવી છે,
(૩) કયા કયા ઉદ્યોગોને રાહત આપવામાં આવી છે,
(૪) આ રાહત આપવાથી રાજ્યને આર્થિક નુકશાની થઈ છે, અને
(૫) જો હા, તો કુલ કેટલી રકમની આર્થિક નુકશાની થઈ છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** (૨૦-૬-૨૦૦૫) :

(૧) ભારે ઉદ્યોગની કોઈ ચોક્કસ વ્યાખ્યા નથી. પરંતુ ૧૦૦ કરોડથી ઉપરના મુડીરોકાણવાળા પ્રીમીયર/પ્રેસ્ટીજીયસ એવા કુલ-૨૬ ભારે ઉદ્યોગોને ૯૦-૯૫ અને ૧૯૯૫-૨૦૦૦ની યોજના અન્વયે જે તે સમયે તેમણે કરેલ રોકાણો અન્વયે તેઓને મળવાપાત્ર કર રાહત (પ્રોત્સાહનો) આપવામાં આવેલ છે..
(૨) કુલ ૨૬ ઉદ્યોગોને રૂા. ૨૯૫૬૫૯૬.૫૫ લાખની રાહત આપવામાં આવેલ છે.
(૩) એન્જીનીયરીંગ, ટેક્ષટાઈલ, સિરેમીક, કેમીકલ, પેટ્રોલીયમ, ઓટો-એન્જીનીયરીંગ વિગેરે ઉદ્યોગોને રાહત (પ્રોત્સાહન) આપેલ છે.
(૪) આ બધા ઉદ્યોગો નવા ઉદ્યોગો હોઈ તેઓ પાસેથી અગાઉ ટેક્ષની કોઈ રકમ સરકારને મળતી ન હતી અને તેથી આ રાહત આપવાથી સરકારને મળતી ટેક્ષ રકમમાં કોઈ નુકશાનીનો પ્રશ્ન ઉદ્દભવતો નથી.
(૫) લાગુ પડતું નથી.

-----------------

**જામનગર જિલ્લામાં બોકસાઈટ ઉદ્યોગ વિસ્તારમાં લેબોરેટરી સુવિધા**

અતારાંકિત : ૩૪૫૯ (૧૨-૫-૨૦૦૫) **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૦૩-૦૫ની સ્થિતિએ જામનગર જિલ્લામાં બોકસાઈટ ઉદ્યોગ વિસ્તારમાં રાજ્ય સરકાર દ્વારા લેબોરેટરી સુવિધા ઉપલબ્ધ છે કે કેમ,
(૨) જો ના, તો સંપૂર્ણ સક્ષમ સાધન સંપન્ન આધુનિક લેબોરેટરી ઉભી કરવાનું શું આયોજન છે,
(૩) આ માટે ક્યારે ગ્રાન્ટ ફાળવવામાં આવશે, અને
(૪) કેટલા સમયમાં આ લેબોરેટરી કાર્યાન્વિત થશે ?

**મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** (૬-૭-૨૦૦૫) :

(૧) અને (૨) સરકારશ્રીનું આ બાબતે કોઈ આયોજન નથી. પરંતુ, ખાનગી પ્રયોગશાળાઓને આ અંગેની માન્યતા આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે.
(૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------------

## કચ્છ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં અકસ્માત

અતારાંકિત : ૩૪૧૧ (૧૬-૪-૨૦૦૫)**શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લામાં માર્ચ-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા કયા ઔદ્યોગિક એકમોમાં કેટલા અકસ્માતો થયા,

(૨) તેમાં કેટલા કામદારોએ જાન ગુમાવ્યા તથા કેટલાને ઈજાઓ થઈ,

(૩) આ અંગે સરકારે શા પગલાં લીધા, અને

(૪) સરકારે આ ઉદ્યોગો સામે શી કાર્યવાહી કરી ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૨૨-૬-૨૦૦૫) :

(૧) ૧૪ ઔદ્યોગિક એકમોમાં ૧૯ પ્રાણઘાતક અકસ્માતો થયા, જેની વિગત પરિશિષ્ટ-૧માં છે. જ્યારે ૮ ઔદ્યોગિક એકમોમાં ૩૦ બિન પ્રાણઘાતક અકસ્માતો થયા, જેની વિગતો પરિશિષ્ટ-૨માં છે.

(૨) ૨૦ કામદારોએ જાન ગુમાવ્યા અને ૪૩ ને ઈજા થઈ.

(૩) કારખાના ધારા-૧૯૪૮ની જોગવાઈઓ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૪) નામ. અદાલતમાં ૧૬ કેસો દાખલ કરવામાં આવેલ છે.

### કચ્છ જિલ્લામાં એપ્રિલ-૨૦૦૩થી માર્ચ ૨૦૦૫ સુધીના પ્રાણઘાતક અકસ્માતોની વિગત.
### પરિશિષ્ટ-૧

| અનુ. નં. | કારખાનાનું નામ/સરનામું | અકસ્માતની સંખ્યા | મૃત્યુ પામેલ શ્રમયોગીની સંખ્યા | ઈજા પામેલ શ્રમયોગીની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | અદાણી પોર્ટ લી. મુન્દ્રા, કચ્છ. | ૦૧ | ૦૧ | -- |
| | અદાણી પોર્ટ લી. | ૦૧ | ૦૧ | -- |
| | અદાણી પોર્ટ લી. મુન્દ્રા, કચ્છ. | ૦૧ | ૦૧ | -- |
| ૨. | સાંધી ઈન્ડસ્ટ્રીઝ (સીમેન્ટ ડીવી.) સાંધીપુરમ, મોટીબેર, તા. અબડાસા, કચ્છ | ૦૧ | ૦૧ | -- |
| | સાંધી ઈન્ડસ્ટ્રીઝ (સીમેન્ટ ડીવી.) સાંધીપુરમ, મોટીબેર, તા. અબડાસા, કચ્છ | ૦૧ | ૦૧ | -- |
| | સાંધી ઈન્ડસ્ટ્રીઝ (સીમેન્ટ ડીવી.) સાંધીપુરમ, મોટીબેર, તા. અબડાસા, કચ્છ | ૦૧ | ૦૧ | -- |
| ૩. | કંડલા પોલી પ્લાસ્ટ (ઈ) પ્રા.લી. રોડ નં. ૩૧૮, ૩૧૯, માર્શલીંગ યાર્ડ, કંડલા | ૦૧ | ૦૧ | -- |
| ૪. | રીષી શીપીંગ કંડલા સ્પે. ઈકો ઝોન, ગાંધીધામ, કચ્છ. | ૦૧ | ૦૧ | -- |
| ૫. | વેસ્ટર્ન કેમીકલ એન્ડ સપ્લાય કુ. મીઠી ચેહર, તા. ગાંધીધામ, કચ્છ. | ૦૧ | ૦૧ | -- |
| ૬. | ૨૦ માઈકોન્સ લી. મમુઆરા, તા. ભુજ, કચ્છ. | ૦૧ | ૦૧ | -- |
| ૭. | કેમીકલ એન્ડ રેઝીન્સ પ્રા.લી. જુના કંડલા, કચ્છ | ૦૧ | ૦૧ | -- |
| ૮. | ગુજરાત ઈલેકટ્રીસીટી બોર્ડ કચ્છ લીગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન, | ૦૧ | ૦૧ | -- |

| | | | | |
|---|---|---|---|---|
| | પાન્ધ્રો, તા. લખપત, કચ્છ | | | |
| | ગુજરાત ઈલેકટ્રીસીટી બોર્ડ કચ્છ લીગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન, પાન્ધ્રો, તા. લખપત, કચ્છ. | ૦૧ | ૦૧ | -- |
| ૯. | તેરાપંથ ફુડસ લી. ભારાપર, તા. ગાંધીધામ, કચ્છ. | ૦૧ | ૦૧ | -- |
| ૧૦. | યુરો સીરામીકસ પ્રા.લી. દુધઈ રોડ, ભચાઉ, કચ્છ. | ૦૧ | ૦૧ | -- |
| ૧૧. | આશાપુરા ઈન્ટરનેશનલ લી. માધાપર, કચ્છ. | ૦૧ | ૦૧ | -- |
| ૧૨. | ગુજરાત એન.આર.ઈ. કોક.લી. ગામ. લુણવા, તા. ભચાઉ, કચ્છ. | ૦૧ | ૦૧ | -- |
| ૧૩. | વી.વી.એફ.લી. સર્વે નં. ૬૫એ, ૯૫ એ/એ, મેઘપર બોરીચી, ગળપાદર, અંજાર રોડ, ગાંધીધામ, કચ્છ. | ૦૧ | ૦૧ | -- |
| ૧૪. | કચ્છ સ્ટીલ પ્રા.લી. ગામ. ગુનાઉ, પો. મોટીબેર, તા. લખપત, કચ્છ. | ૦૧ | ૦૨ | ૦૭ |
| | કુલ | ૧૯ | ૨૦ | ૦૭ |

## પરિશિષ્ટ-૨

| અનુ. નં. | કારખાનાનું નામ/સરનામું | અકસ્માતની સંખ્યા | મૃત્યુ પામેલ શ્રમયોગીની સંખ્યા | ઈજા પામેલ શ્રમયોગીની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | એસ.ટી.વર્કશોપ, ભુજ | ૦૫ | -- | ૦૫ |
| ૨. | કેપીટી વર્કશોપ, કંડલા | ૦૪ | -- | ૦૪ |
| ૩. | એસ.ટી. વર્કશોપ, નખત્રાણા | ૦૨ | -- | ૦૨ |
| ૪. | કચ્છ લિગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન ગુ.વિ.બોર્ડ, પાન્ધ્રો, તા. લખપત | ૧૪ | -- | ૧૪ |
| ૫. | પીએસએલ, ગાંધીધામ | ૦૧ | -- | ૦૧ |
| ૬. | મહાશક્તિ કોક લી. લાખાપર. | ૦૧ | -- | ૦૭ |
| ૭. | વીવીએફ લી. મેઘપર, બોરીચી | ૦૧ | -- | ૦૧ |
| ૮. | એસ.ટી.વર્કશોપ, મુન્દ્રા | ૦૨ | -- | ૦૨ |
| | કુલ : | ૩૦ | -- | ૩૬ |

-----------------

જામનગર જિલ્લામાં સિવિલ કોર્ટોમાં અકસ્માત નિકાલ વગરના પડતર કેસ

અતાચંક્તિ ૩૪૬૦ (૧૨-૫-૦૫) **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ સિવિલ કોર્ટોમાં કેટલા અકસ્માતના કેસ, રેગ્યુલર/સિવિલ દાવાઓ તથા ફોજદારી કેસો આખરી નિકાલ વગરના પડતર છે, અને

(૨) નિકાલ વગરના અને અકસ્માત ક્લેઇમ દાવાઓ એક વર્ષથી વધુ સમયના કેટલા છે ?

**ન્યાયતંત્ર મંત્રીશ્રી** (૩૦-૬-૦૫) :

(૧) તા. ૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ નીચે મુજબના કેસો આખરી નિકાલ વગરનાં પડતર છે.

અકસ્માતના કેસો ૫૧૨૨
સીવીલ દાવાઓ ૯
ફોજદારી કેસો ૧૦૦૨
સીવીલ કેસો ૯૮૨૭

(૨) ઉપર જણાવેલ કેસો પેકી ૪૩૨૨ અકસ્માતના કેસો, ૯ સિવિલ દાવાઓ એક વર્ષથી વધુ સમયના છે.

-------------

## રાજ્યમાં બંધ પડેલ પીવાના પાણીના બોર

અતારાંક્તિ ૩૩૦૧ (૪-૩-૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલા ગામોમાં પીવાના પાણીના બોર બંધ પડેલા છે અને કેટલા ગામોના બોર નિષ્ફળ ગયેલ છે, અને

(૨) બંધ પડેલા બોર ચાલુ કરવા તેમજ નિષ્ફળ ગયેલ બોરના બદલામાં નવીન બોર કરવા સરકારે શું પગલાં ભર્યા ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૧૨-૭-૦૫) :

(૧) તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૧૭૦ ગામોના ૧૭૦ બોર બંધ પડેલ છે અને ૪૪૦ ગામોના ૪૭૪ બોર નિષ્ફળ ગયેલ છે.

(૨) હાલમાં સરફેસ સોર્સનો ઉપયોગ મહત્તમ કરવામાં આવતો હોય, બંધ બોર કાર્યરત કરવા કોલમ પાઈપ ઉમેરવા, નવીન પંપીંગ મશીનરી, વિજળીકરણ, નવિન પાઈપ, નવિન બોરની કામગીરી જરૂરિયાત મુજબ હાથ ધરવામાં આવે છે.

નિષ્ફળ બોરવાળા ગામોએ મહદઅંશે સરફેસ સોર્સથી અથવા આજુબાજુના હયાત ટ્યુબવેલ વેલથી પાણી પુરૂં પાડવામાં આવે છે. આમ છતાં જરૂરિયાત હોય અને બોર ફીઝીબલ હોય તો નવીન બોર કરવામાં આવે છે.

---------------

## રાજ્યમાં પીવાના પાણીની બગડેલ ગુણવત્તા

અતારાંક્તિ ૩૩૦૨ (૪-૩-૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કુલ કેટલા ગામોના કેટલા વાસોમાં પીવાના પાણીની ગુણવત્તા બગડી છે ?

(૨) આમાંથી અતિશય ફ્લોરાઈડનો પ્રશ્ન અને નાઈટ્રેટનો પ્રશ્ન કેટલા ગામોમાં છે, અને

(૩) રાજ્ય સરકારે આ અંગે જિલ્લાવાર છેલ્લા એક વર્ષમાં શું શું પગલાં લીધા ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૧૨-૭-૦૫) :

(૧) નીચેની વિગતે

| અ. નં. | જિલ્લો | કુલ ગામ / પરા | અ. નં. | જિલ્લો | કુલ ગામ / પરા |
|---|---|---|---|---|---|
| ૧ | વડોદરા | ૫૮૨ | ૧૪ | ગાંધીનગર | ૧૭૦ |
| ૨ | નડીઆદ | ૨૭૦ | ૧૫ | સાબરકાંઠા | ૪૮૭ |
| ૩ | આણંદ | ૧૬૫ | ૧૬ | બનાસકાંઠા | ૩૦૮ |
| ૪ | ગોધરા | ૩૮૭ | ૧૭ | મહેસાણા | ૪૯ |
| ૫ | દાહોદ | ૨૭૮ | ૧૮ | પાટણ | ૭૮ |
| ૬ | ભરૂચ | ૭૨ | ૧૯ | ભાવનગર | ૧૧૭ |
| ૭ | ડાંગ | ૦ | ૨૦ | અમરેલી | ૬૭ |
| ૮ | નર્મદા | ૭૫ | ૨૧ | જુનાગઢ | ૧૬૨ |
| ૯ | વલસાડ | ૧૦૩ | ૨૨ | પોરબંદર | ૩૮ |
| ૧૦ | નવસારી | ૬૫ | ૨૩ | રાજકોટ | ૦ |
| ૧૧ | સુરત | ૨૪૮ | ૨૪ | જામનગર | ૧૭૬ |
| ૧૨ | અમદાવાદ | ૧૪૯ | ૨૫ | ક્ચ્છ | ૨૨ |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૨૨૧ | | | ૪૨૮૯ |

(૨) અતિશય ફ્લોરાઈડવાળા-૨૪૭૦ ગામ પરા
અતિશય નાઈટ્રેટવાળા-૬૪૯ ગામ પરા

(૩) આ તમામ ગામોને શુધ્ધ પીવાનું પાણી પુરૂ પાડવા માટે જળાશય, નર્મદા કેનાલ મારફત સરફેસ સોર્સ દ્વારા તથા જ્યાં જુથ યોજના દ્વારા પાણી પુરૂ પાડી શકાય તેમ નથી તેવા ગામોને સ્વતંત્ર પાણી પુરવઠા યોજના દ્વારા તેમજ અમુક વિસ્તારમાં હયાત સ્તોત્રને આડબંધ, ભુગર્ભ આડબંધ, નાલા પ્લાનીંગ, બોરકમાં ફિક્ચરીંગ દ્વારા રીચાર્જીંગની કામગીરી હાથ ધરેલ છે જે અન્વયે છેલ્લા એક વર્ષમાં ૪૪૮ ગામ પરાની પીવાના પાણીની જુદા જુદા પ્રકારની સગવડ હેઠળ આવરી લીધેલ છે. જ્યારે ૧૮૩૩ ગામ પરાની કામગીરી પ્રગતિ હેઠળ છે અને ૨૪૫૬ ગામ પરાની કામગીરી હાથ ધરવાનું આયોજન કરવામાં આવી રહેલ છે. જિલ્લાવાર યોજનાની વિગતો પત્રકમાં આપેલ છે.

-------------

## નર્મદા પુરના વધારાના પાણી સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતને આપવા અંગે

અતારાંકિત ૩૩૧૭ (૯-૩-૨૦૦૫) **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા(સુરત શહેર (ઉત્તર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજનાના પૂરના વધારાના પાણીની વહેંચણી અંગે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ માટે કેટલા એમ.એ.એફ.ટી. પાણી ફાળવવાનું આયોજન છે,

(૨) આ હેતુ માટે બ્રાન્ચ કેનાલની વાહનશક્તિમાં કેટલો વધારો કરેલ છે,

(૩) આ વધારાના પાણીની ફાળવણી માટે સરકારે ત્રણે પ્રદેશો માટે કઈ પ્રકારની કામગીરી પૂર્ણ કરી છે,

(૪) ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ માટેની કામગીરીમાં અનુક્રમે કુલ કેટલો ખર્ચ થયો છે, અને

(૫) ચાલુ નાણાંકીય વર્ષમાં કેટલો ખર્ચનો અંદાજ છે ?

**જળ સંપત્તિ મંત્રીશ્રી** (૧૧-૪-૨૦૦૫) :

(૧) તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજનાના પૂરના વધારાના પાણી પૈકી ઉત્તર ગુજરાતને ૧ એમ.એ.એફ.ટી. સૌરાષ્ટ્રને ૧ એમ.એ.એફ.ટી. અને કચ્છને ૧ એમ.એ.એફ.ટી. પાણી ફાળવવાનું આયોજન છે,

(૨) આ હેતુ માટે સૌરાષ્ટ્ર શાખા નહેરમાં ૧૦૦ ઘન મીટર પ્રતિ સેકન્ડ તથા કચ્છ વિસ્તાર માટેની કચ્છ શાખા નહેરમાં પણ ૧૦૦ ઘન મીટર પ્રતિ સેકન્ડની વહનક્ષમતા વધારવામાં આવેલ છે.

(૩) આ વધારાના પાણીની ફાળવણી માટે ઉત્તર ગુજરાત તેમજ પિયજ ધરોઈ પાઈપ લાઈનનું કામ પૂર્ણ કરેલ છે. જ્યારે ખોરસમ સરસ્વતિ પાઈપ લાઈન, હાથમતિ-ગુહાઈ પાઈપલાઈન તથા મોઢેરા-ધરોઈ પાઇપ લાઇનના કામો પુર જોશમાં પ્રગતિમાં છે. સૌરાષ્ટ્ર નર્મદા યોજના આધારિત લીન્ક કેનાલોના સર્વેક્ષણની કામગીરી પ્રગતિમાં છે.

(૪) નર્મદા યોજનાનું દરિયામાં વહી જતું પાણી ઉત્તર ગુજરાતમાં લઇ જવા માટે સુજલામ્ સુફલામ્ યોજના અન્વયે જળસંપત્તિ વિભાગના રૂા. ૫૨૪.૦૧ કરોડનો પા.પુ. વિભાગનો રૂા. ૨૪૫.૦૦ કરોડનો તથા કૃષિ વિભાગનો રૂા. ૫૦ કરોડ એમ કુલ રૂા. ૮૧૯.૦૧ કરોડના કામો તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કરેલ છે.

(૫) ૨૦૦૪-૦૫ ના નાણાંક્યિ વર્ષમાં રૂા. ૮૧૯.૦૧ કરોડના કામો હાથ ધરવાનું આયોજન છે.

---------------

## સોનગઢ, નિઝર, માંડવી, ઉચ્છલ તાલુકામાં ચેકડેમો

અતારાંક્તિ ૩૩૨૦ (૧૦-૩-૨૦૦૫) **શ્રી કાંતિલાલ રે. ગામીત(સોનગઢ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ સોનગઢ, નિઝર, માંડવી અને ઉચ્છલ તાલુકામાં કેટલા અને ક્યા ક્યા મંજુર થયેલા ચેકડેમોની કામગીરી ચાલુ થયેલ નથી,

(૨) મંજુર થયેલ ચેકડેમોની કામગીરી ચાલુ ન થવાના શા કારણો છે, અને

(૩) આ ચેકડેમોનું કામ કેટલા સમયમાં ચાલુ થઈ શકે તેમ છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨૧-૬-૨૦૦૫) :

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ સોનગઢ તાલુકામાં ૧૯ ચેકડેમો, નિઝર તાલુકામાં ૫ ચેકડેમો, માંડવી તાલુકામાં ૨ ચેકડેમો તથા ઉચ્છલ તાલુકામાં ૭ ચેકડેમો એમ કુલ ૩૩ મંજુર થયેલા ચેકડેમોની કામગીરી ચાલુ થયેલ નથી, આ ૩૩ ચેકડેમોની ગામવાર વિગતો નીચે મુજબ છે,

| અ. નં. | જિલ્લો / તાલુકો | ગામવાર મંજુર થયેલ પરંતુ કામગીરી ન થયેલ હોય તેવા ચેકડેમોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | સુરત / સોનગઢ | ગુણસદા-૧, ખાંજર-૧, આમલીપાડા-૧, જામણકુવા-૨, કુકડઝર-૧, વડપાડા-૧, બોરકુવા-૧, મેંઢા-૧, ચીમેર-૧, સાદડવેલ-૧, ઘુસરગામ-૨, બાવલી-૧, બંધારપાડા-૧, સરજાંમલી-૧, ધામોડી-૧, ગાયસવાર-૧, ચાપલધારા-૧, કુલ : ૧૯ |
| ૨ | સુરત / નિઝર | આષ્ટા-૧, મુબારકપુર-૧, ખેરવા-૧, તાપી ખડકલા-૨, કુલ : ૫ |
| ૩ | સુરત / માંડવી | જાખલા-૧, જુનવાણ-૧, કુલ : ૨ |
| ૪ | સુરત / ઉચ્છલ | સસા-૧, પાટીબંધારા-૧, ખાબદા-૨, વડગામ-૨, માલીપાડા-૧, કુલ : ૭ |

(૨) કામગીરી ચાલુ ન થવાના કારણો નીચે મુજબ છે.

૧. સોનગઢ, ઉચ્છલ, નિઝર તાલુકાના ગામો પછાત વિસ્તારના છે અને ત્રણ તાલુકામાં અત્યંત ગરીબ પરિસ્થિતિમાં જીવન નિર્વાહ કરતા હોય ચેકડેમનાં બાંધકામ માટે જરૂરી ૨૦ ટકા નાણાંની જોગવાઇ કરવા અસમર્થ રહે છે. જેને લીધે ચેકડેમોની કામગીરી સમયસર ચાલુ થઇ શકેલ નથી.

૨. માંડવી તાલુકાના જાખલા ગામના ચેકડેમના પ્રાયોજકશ્રીએ, ૨૦ ટકા લોકફાળાની રક્મ એકત્રિત ન થવાથી અરજી દફતરે કરવા જણાવેલ છે.

૩. જુનવાણ ગામના ચેકડેમના પ્રાયોજકશ્રીએ સદર સ્થળે ચેકડેમની જરૂરિયાત ન હોવાનું જણાવી અરજી દફતરે કરવા વિનંતી કરેલ છે.

(૩) માંડવી તાલુકાના જાખલા ગામનો એક ચેકડેમ અને જુનવાણ ગામનો એક ચેકડેમનું કામ ફકરા નં. ૨માં દર્શાવેલ કારણોને લીધે ચાલુ થઈ શકે તેમ નથી. તે સિવાયના બાકીના ૩૧ ચેકડેમની કામગીરી ૨૦ ટકા ફાળાની વ્યવસ્થા થયેથી ચાલુ થઈ શકે તેમ છે.

-------------

**પાદરા તાલુકામાં નર્મદા કેનાલ અંતર્ગત બાકી કામો**

અતારાંક્તિ ૩૩૬૨ (૨૭-૪-૨૦૦૫)**શ્રી પુનમ ૨. પરમાર(પાદરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

(૧) પાદરા તાલુકામાં નર્મદા કેનાલ આધારીત માઇનોર અને સબમાઇનોરના કુલ્લે કેટલા કામો ૩૦-૪-૨૦૦૫ની સ્થિતિએ બાકી છે, અને

(૨) બાકી રહેતા કામો સરકાર કેટલા સમયમાં પૂર્ણ કરવા માંગે છે ?

**મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** (૮-૬-૨૦૦૫) :

(૧) તા. ૩૦-૪-૨૦૦૫ની સ્થિતિએ પાદરા તાલુકાની નર્મદા કેનાલ આધારીત ૧૧૧.૭૩ કિ.મી. માઈનોર અને ૮૫૯ કિ.મી. સબમાઈનોરના કામો બાકી છે.

(૨) બાકી રહેલા માઈનોર તથા સબમાઈનોરના કામો તબક્કાવાર ડીસેમ્બર, ૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------------

**પાદરા તાલુકામાં નર્મદા કેનાલ દ્વારા સિંચાઈ માટે પાણી અંગે**

અતારાંક્તિ ૩૩૬૩ (૨૭-૪-૨૦૦૫) **શ્રી પુનમ ૨. પરમાર(પાદરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ પાદરા તાલુકામાં આવેલ નર્મદા માઇનોર કેનાલ દ્વારા કુલ્લે કેટલા ગામોને સિંચાઇ માટે પાણી આપવામાં આવે છે,

(૨) બાકી રહેતા ગામો માટે સિંચાઈ અંગે શું વ્યવસ્થા છે, અને

(૩) બાકી રહેતા ગામો માટે સિંચાઈનું પાણી ક્યાં સુધીમાં સરકાર આપવા માંગે છે ?

**મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** (૮-૬-૨૦૦૫) :

(૧) કુલ ૫૯ ગામોને સિંચાઇ માટે પાણી આપવામાં આવેલ છે.

(૨) બાકી રહેલ ગામોને સિંચાઇનો લાભ મળે તે માટે બાકી રહેલી માઇનોર તથા સબ માઇનોરના કામો ડિસેમ્બર-૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે.

(૩) બાકી રહેતા ગામો માટે સિંચાઇનું પાણી તબકકાવાર ૨૦૦૬-૦૭ સુધીમાં આપવાનું આયોજન કરવામાં આવેલ છે.

---------------

**પાદરા તાલુકામાં નર્મદા કેનાલમાં બાયપાસના કારણે લીકેજની ફરિયાદ**

અતારાંક્તિ ૩૩૬૪ (૨૭-૪-૨૦૦૫)**શ્રી પુનમ ૨. પરમાર(પાદરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

(૧) પાદરા તાલુકામાં આવેલ નર્મદા કેનાલ દ્વારા રાજ્યના માર્ગોને નીચેથી બાયપાસ કરવાથી તેમાં લીકેજ થયેલ છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો આદરા-મોભા, મુવાલ-કરખડી રસ્તાની વચ્ચે આવેલ લીકેજ અંગે સરકાર શું પગલાં લેવા ધારે છે ?

**મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** (૧-૭-૨૦૦૫) :

(૧) હા, પાદરા તાલુકામાં આવેલ શાખા, વિશાખા, માઈનોર નહેરની પથરેખા કુલ ૯૪ સ્થળોએ રાજ્યના માર્ગોને ઓળંગે છે. સદર સ્થળોએ નહેરને રાજ્યના માર્ગો નીચેથી બાયપાસ કરવામાં આવેલ છે. જે પૈકી ૧૩ સ્થળોએ લીકેજ જણાયેલ છે.

(૨) આદરા-મોસા રોડને ઓળંગતી કોટણા વિશાખા ડિસ્ટ્રી. ની સાંકળ ૪૦૫૦ મી. અને મુવાલ-કરખડી રસ્તાઓ ઓળંગતી વડોદરા શાખા નહેરની સાંકળ ૬૮,૪૨૦ મી. ઉપર આવેલ કેનાલ સાયફનના સ્થળે લીકેજ ગત સિંચાઈ મોસમ દરમ્યાન માલુમ પડેલ છે. સદર લીકેજને બંધ કરવા અંગે જરૂરી દુરસ્તીની કામગીરી સિંચાઇ માટેના પાણીનો પ્રવાહ નહેરમાં બંધ થયા બાદ હાથ ધરવામાં આવેલ છે. સદરહુ કામગીરી ચોમસા પહેલાં પુરી કરવાનું આયોજન છે.

---------------

## પાદરા તાલુકામાં મહી નદીના કાંઠા વિસ્તારોનું ધોવાણ

અતારાંક્તિ ૩૩૬૫ (૨૭-૪-૨૦૦૫)**શ્રી પુનમ ર. પરમાર(પાદરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) પાદરા તાલુકામાંથી પસાર થતી મહીસાગર નદીમાં ચોમાસા દરમ્યાન જ્યારે પૂર આવે છે ત્યારે તેનું વહેણ બદલાય છે. તેના કારણે પાદરા તાલુકાના કાંઠા વિસ્તારની જમીનોનું ધોવાણ થાય છે, તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો સરકાર આ ધોવાણ અટકાવવા માટે શાં પગલાં લેવા માંગે છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨૧-૬-૨૦૦૫) :

(૧) હા, જી.

(૨) સરકાર દ્વારા પાદરા તાલુકાના એક્લબારા ગામે સી-કોતરમાતાના મંદિર પાસે પૂર સંરક્ષણ માટે દિવાલ બાંધવામાં આવેલ છે, તેમજ વર્ષ ૨૦૦૪-૦૫ના સ્વભંડોળના આયોજનમાં એક્લબારા ગામે દરગાહ પાસે તેમજ મહંમદપુરા ગામે વણકરવાસ પાસે પૂર સંરક્ષણ દિવાલની કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે.

---------------

## કચ્છ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતોને ચૂકવવાની બાકી સહાય

અતારાંક્તિ ૩૧૪૨ (૩૧-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તારીખ : ૩૧-૧૨-૨૦૦૪ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં કઈ કઈ ગ્રામ પંચાયતો સમરસ થઈ,

(૨) તે પૈકી કઈ કઈ ગ્રામ પંચાયતોને કેટલી સહાય ક્યારે ચૂકવવામાં આવી,

(૩) કઈ કઈ ગ્રામ પંચાયતોને ક્યારથી સહાય ચૂકવવાની બાકી છે,

(૪) સહાય ચૂકવવા માટેના વિલંબના કારણો શાં છે, અને

(૫) ક્યાં સુધીમાં સહાય ચૂકવવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (૧૨-૭-૨૦૦૫) :

(૧) ૨૬૪

(૨) પત્રક-૧ * મુજબ.

(૩) પ્રશ્ન રહેતો નથી.

(૪) પ્રશ્ન રહેતો નથી.

(૫) પ્રશ્ન રહેતો નથી.

(*પત્રક સચિવશ્રીની ક્ચેરીમાં રાખેલ છે).

---------------

## ખેત તલાવડી બનાવવા પાછળ અનાજના જથ્થામાં ગેરરીતિ

અતારાંક્તિ ૩૨૬૭ (૧-૩-૨૦૦૫) **શ્રી રાકેશ રાવ(માતર) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સને ૨૦૦૩-૦૪ તથા ૨૦૦૪-૦૫ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં કેટલી ખેત તલાવડીઓ બનાવવામાં આવી છે,

(૨) આ ખેત તલાવડીઓ બનાવવા પાછળ કેટલો અનાજનો જથ્થો આપવામાં આવ્યો છે,

(૩) આ અનાજનો જથ્થો આપવામાં કોઈ ગેરરીતિઓ થઈ હોવાની કેટલી ફરિયાદો સરકારને મળેલ છે, અને

(૪) મળેલ ફરિયાદોના આધારે દોષિત ઈસમો સામે સરકારે શું કાર્યવાહી હાથ ધરેલ છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧૩-૭-૨૦૦૫) :

(૧) સને ૨૦૦૩-૦૪ તથા ૨૦૦૪-૦૫ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં નીચે મુજબ ખેત તલાવડીઓ બનાવવામાં આવેલ છે.

| અ. નં. | વર્ષ | ખેત તલાવડીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ૨૦૦૩-૦૪ | ૧,૮૨૪ |
| ૨ | ૨૦૦૪-૦૫ | ૧,૩૦,૨૯૦ |
| | કુલ | ૧,૩૨,૧૧૪ |

(૨) આ ખેત તલાવડીઓ પૈકી સુજલામ સુફલામ યોજના હેઠળ સને ૨૦૦૪-૦૫ના વર્ષ દરમ્યાન ૧,૩૦,૨૬૧ ખેત તલાવડીઓ બનાવવામાં આવેલ હતી. આ ખેત તલાવડીઓ બનાવવા પાછળ ડિસે-૦૫ અંતિત અનાજ સહાય પેટે ઇસ્યુ કરવામાં આવેલ અનાજના કુપન પેટે કુલ ૮૩,૫૩૨.૯ મે. ટન અનાજનો જથ્થો આપવામાં આવેલ.

(૩) કુલ ૨૫ ફરિયાદો મળેલ છે.

(૪) દોષિતો સામે ખાતાકીય રાહે પગલાં લેવાની કાર્યવાહી તબક્કાવાર હાથ ધરવામાં આવી રહી છે.

---------------

## કચ્છ જિલ્લામાં ગોચરના દબાણો દૂર કરવા અંગે

અતારાંક્તિ ૩૩૪૧ (૧૩-૪-૨૦૦૫)**શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા ગામોમાં ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ ગોચર દબાણો થયેલા છે;
(૨) આ ગોચર દબાણો કેટલા સમયથી થયેલા છે,
(૩) આ ગોચર દબાણો દૂર કરવાની જવાબદારી કોની છે,
(૪) દબાણો દૂર ન કરી શક્નાર અધિકારીઓ સામે શાં પગલા લેવાયા છે, અને
(૫) તમામ ગોચર દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (૨૦-૬-૨૦૦૫) :

(૧) પરિશિષ્ટ-અ મુજબ.
(૨) બે વર્ષ કરતાં વધુ સમયથી.
(૩) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫ હેઠળ દબાણો દૂર કરવાના અધિકારો ગ્રામ પંચાયતને પ્રાપ્ત થયેલા છે. ગ્રામ પંચાયત આવા દબાણો દૂર ન કરી શકે તો તાલુકા વિકાસ અધિકારી પગલાં લઇ શકે છે.
(૪) પ્રશ્નવાળા દબાણો દૂર કરવા સંબંધિત ગ્રામ પંચાયતો તરફથી દબાણદારોને નોટીસો આપવામાં આવેલ છે. દબાણો દૂર કરવાની કાર્યવાહી ચાલુ હોઈ, અધિકારીઓ સામે પગલાં લેવાનો પ્રશ્ન નથી.
(૫) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, કચ્છ તરફથી તમામ દબાણો દૂર કરવા જિલ્લાના તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને જિલ્લાકક્ષાની માસીક બેઠકમાં સુચના આપવામાં આવે છે તથા તા. ૧૮-૨-૨૦૦૫ના પરિપત્રથી પણ જરૂરી સુચનાઓ આપવામાં આવે છે.

### પરિશિષ્ટ-અ

| તાલુકાનું નામ | ક્રમ | ગામનું નામ |
|---|---|---|
| ૧. ભૂજ | ૧ | નાગોર |
| | ૨ | આણંદસર |
| તાલુકાનું નામ | ક્રમ | ગામનું નામ |
| | ૩ | સામત્રા |
| | ૪ | માનકુવા |
| | ૫ | કેરા |
| | ૬ | લાખોંદ |
| ૨. નખત્રાણા | ૧ | રવાપર |
| | ૨ | વિરાણી મોટી |
| | ૩ | રસલીયા |
| | ૪ | અંગીયા |
| ૩. લખપત | ૧ | પાનધ્રો |
| | ૨ | છેરનાની |
| ૪. મુંદરા | ૧ | પ્રતાપપર |
| | ૨ | કારાઘોઘા |
| | ૩ | ભૂજપર મોટી |
| | ૪ | કુન્દરોડી |
| | ૫ | ધ્રંબ |
| | ૬ | પત્રી |
| ૫. ગાંધીધામ | ૧ | અંતરજાર |
| | ૨ | ગળપાદર |
| ૬. અબડાસા | ૧ | વિંઝાણ |
| | ૨ | ધનાવાડા |
| ૭. માંડવી | ૧ | બિદડા |
| | ૨ | તલવાણા |
| | ૩ | શેરડી |
| | ૪ | ડોણ |
| | ૫ | રાજડા |
| | ૬ | મસ્કા |
| | ૭ | દેવપર |
| કુલ | ૨૯ | -- |

## રાજકોટ જિલ્લામાં પડતર મહેસૂલી તુમારો

અતારાંક્તિ ૩૨૮૫ (૧-૩-૨૦૦૫)**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સન ૨૦૦૨ થી ૨૦૦૪ સુધીની સ્થિતિમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલા મહેસુલી તુમારો પડતર છે,

(૨) તુમારો પડતર રહેવાના કારણો ક્યા છે, અને

(૩) આ પડતર તુમારોનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ?

**મહેસૂલ મંત્રીશ્રી** : (૩૦-૬-૨૦૦૫) :

(૧) સને ૨૦૦૨થી સને ૨૦૦૪ સુધીની સ્થિતિમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કુલ ૧૫૨૭ મહેસૂલી તુમારો પડતર છે.

| તાલુકાનું નામ | પડતર તુમારોની સંખ્યા |
|---|---|
| રાજકોટ શહેર | ૫૬ |
| રાજકોટ તાલુકા | ૧૫૯ |
| લોધીકા | ૬૨ |
| કોટડા સાંગાણી | ૯૫ |
| જસદણ | ૧૦૫ |
| ગોંડલ | ૪૬ |
| જેતપુર | ૧૨૮ |
| ધોરાજી | ૭૬ |
| ઉપલેટા | ૫૫ |
| જામકંડોરણા | ૭૫ |
| મોરબી | ૧૫૦ |
| ટંકારા | ૧૫૬ |
| વાંકાનેર | ૧૩૬ |
| પડધરી | ૧૧૧ |
| માળીયા મી. | ૧૧૭ |
| **કુલ :** | **૧૫૨૭** |

(૨) તુમારો પડતર રહેવાના મુખ્ય કારણો નીચે મુજબના છે.

૧. માંગણી સંદર્ભે સંબંધિત ખાતાના અભિપ્રાયો મેળવવા માટે.
૨. અરજદાર/સંસ્થાએ સ્થળ સ્થિતિના લે-આઉટ પ્લાન, આર્થિક સધ્ધરતા, કિંમત ભરવાની સંમતિ રજુ કરેલ ન હોય આ વિગતો મેળવવા માટે બાકી
૩. સરકારશ્રીએ મુકરર કરેલ ચેકલીસ્ટ મુજબ કામના સાધનીક કાગળો તૈયાર કરવા માટે
૪. માંગણી કરેલ જમીન સ્થળ તપાસ કરવા પર બાકી
૫. જમીનની કિંમત મુકરર કરવા માટે પેન્ડીંગ છે.
૬. જુના રેકર્ડ ઉપરથી ચકાસણી કરવા માટે પેન્ડીંગ છે.
૭. અરજદાર/સંસ્થાની જમીન મળવાની માંગણી સામે વાંધા આવતા તેનો નિકાલ/ચકાસણી પર બાકી
૮. માંગણી કરેલ જમીન સ્થાનીક ખુલ્લી ન હોવાથી કે વિવાદ ઉભો થવાથી.

(૩) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ ચેકલીસ્ટ પ્રમાણે ચકાસણી કરી પડતર તુમારોનો સત્વરે નિકાલ કરવામાં આવશે.

-----------

## રાજકોટ જિલ્લામાં જમીન બિનખેતી કરવા અંગે

અતારાંક્તિઃ ૩૨૯૬ (૨૫-૨-૨૦૦૫) **શ્રી ટપુભાઈ લીંબાસિયા(રાજકોટ-૧) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજકોટ જિલ્લા કલેકટર કચેરી દ્વારા ક્યા ક્યા ખાતેદારોની કેટલા એકર જમીન બિનખેતી કરવામાં આવી ?

**મહેસૂલ મંત્રીશ્રી (૯-૬-૦૫) :**

તા. ૩૧-૧૨-૦૪ અંતિત છેલ્લા ત્રણ વર્ષમાં રાજકોટ જિલ્લા કલેકટર કચેરી દ્વારા ૨૬૯ ખાતેદારોની કુલ એકર ૭૬૦-૦૦ ગુંઠા જમીન અલગ અલગ હેતુ માટે બિનખેતી પરવાનગી આપવામાં આવી છે જેની ખાતેદાર દીઠ વિગતો આ સાથેના નિયત પત્રક* મુજબ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

-----------

**ગ્રામ્ય વિસ્તારના રહેણાંક માટેની જમીનના ભાવ બાબત**

અતારાંક્તિઃ ૩૩૯૯ (૨૭-૪-૨૦૦૫)**શ્રી રણજિતસિંહ ન. ચાવડા(હિંમતનગર): માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ગ્રામ્ય વિસ્તારમાં રહેઠાણ હેતુ માટે જમીન માંગણીના કેસોમાં લેન્ડ રેન્ટ કોડની જોગવાઈને બદલે બિનખેતીના દરો ધ્યાને લઈને જમીનના ભાવ લેવામાં આવે છે, તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો આ અંગે સરકાર ફેરવિચારણા કરવા માંગે છે કે કેમ ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૩૦-૬-૨૦૦૫) :

(૧) હા, જી. રહેઠાણના હેતુ માટે જમીનની કિંમત નક્કી કરવા બિનખેતી વેચાણના આંકડા પાયા તરીકે ધ્યાને લેવાય છે.

(૨) ના, જી.

--------------

**પાદરા તાલુકાના વણછરા થી ઉમજ ગામને જોડતા બ્રીજના કામ અંગે**

અતારાંક્તિઃ ૩૩૫૯ (૧૩-૪-૦૫) **શ્રી પુનમ ર. પરમાર(પાદરા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) પાદરા તાલુકાના વણછરા ગામથી ઉમજ ગામને જોડતા બ્રીજનું કામ સરકારે આયોજનમાં લીધું છે કે કેમ, અને

(૨) જો હા, તો તેમાં કેટલા નાણાંની ફાળવણી થઈ છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૮-૬-૨૦૦૫) :

(૧) હા, જી.

(૨) રૂા. ૧૦,૦૦૦ની ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન જોગવાઈ થઈ છે.

------------

**લીંબડી અને બામણબોર પાસે ટોલટેક્ષ ઉઘરાવવાની મુદત**

અતારાંક્તિઃ ૩૩૮૮ (૧૩-૪-૨૦૦૫) **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર(રાજકોટ ગ્રામ્ય) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજકોટ અમદાવાદ હાઈવે ઉપર લીંબડી તેમજ બામણબોર પાસે ટોલટેક્ષ ઉઘરાવવામાં આવે છે, તેની મુદત કેટલા વર્ષની છે, અને

(૨) આ મુદત ક્યા વર્ષમાં પૂરી થાય છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૧-૫-૨૦૦૫) :

(૧) રાજકોટ અમદાવાદ હાઈવે ઉપર બામણબોર તેમજ બગોદરા ખાતે ટોલ ઉઘરાવવામાં આવે છે તેની મુદત હાલ ૨૦ વર્ષની છે.

(૨) આ મુદત વર્ષ ૨૦૨૦માં પૂરી થાય છે.

------------

**રાજકોટ જિલ્લામાં પાકા રસ્તાથી વંચિત ગામો**

અતારાંક્તિઃ ૩૩૯૨ (૧૩-૪-૨૦૦૫)**શ્રી સિધ્ધાર્થ મા. પરમાર(રાજકોટ ગ્રામ્ય) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના રાજકોટ, કોટડા અને લોધીકા તાલુકાના કેટલા ગામો પાકા રસ્તાઓથી વંચિત છે, અને

(૨) ક્યાં સુધીમાં આ ગામોને પાકા રસ્તાની સુવિધા આપવામાં આવશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૬-૩-૨૦૦૫) :

(૧)

| અનુ. | તાલુકો | પાકા રસ્તા મેટલ/ડામર સપાટીથી વંચિત ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧. | રાજકોટ | શુન્ય |
| ૨. | કોટડા | શુન્ય |
| ૩. | લોધિકા | શુન્ય |

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

**ભુજ અને નખત્રાણા તાલુકામાં વિશ્વબેંકની સહાયથી બનાવેલ રસ્તાના કામ**

અતારાંક્તિઃ ૩૪૩૧ (૨૦-૪-૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) કચ્છ જિલ્લામાં ભુજ અને નખત્રાણા તાલુકામાં વિશ્વબેંકની સહાયથી ક્યા ક્યા રસ્તાના સુધારણાના કામો માર્ચ-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થયા,

(૨) કેટલા કામો અધૂરા છે, અને

(૩) અધુરા કામો ક્યારે પૂર્ણ થશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૮-૬-૨૦૦૫) :

(૧) કચ્છ જિલ્લામાં ભૂજ અને નખત્રાણા તાલુકામાં વિશવબેંકની સહાયીત નીચે મુજબના રસ્તાના સુધારણાના કામો માર્ચ , ૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં હાથ ધરાયેલ છે,

અ. ભૂજ- ખાવડા
બ. મોથાલા-ગઢશીશા-ખેરા
(ક) ભુજ-નખત્રાણા
(ડ) દેશપુર-નલીયા

(૨) ઉપરોક્ત ક્યા કામો હાલમાં પ્રગતિમાં છે,

(૩) આ બધા કામો ટેન્ડરની સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું આયોજન છે.

----------------

**રાજ્યમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ, ટ્યુશન ફી, યુનિફોર્મ તેમજ સાયકલ આપવા પાછળ રકમની ફાળવણી**

અતારાંક્તિઃ ૩૩૪૬ (૭-૪-૨૦૦૫)**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં તા. ૧-૧-૨૦૦૪ થી તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં હાઈસ્કૂલમાં ભણતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને માટે કેટલી ટ્યુશન ફી, સ્કોલરશીપ, પરીક્ષા ફી, યુનિફોર્મ ફી તથા સાયકલ પેટે કુલ કેટલી રકમ ફાળવી છે;

(૨) જો ના, ફાળવી હોય તો તેનાં શાં કારણો છે, અને

(૩) આ રકમ વિદ્યાર્થીઓને ક્યારે ફાળવવામાં આવનાર છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૨૭-૬-૨૦૦૫) :

(૧) નીચે પ્રમાણે રકમ ફાળવી છે.

| | | |
|---|---|---|
| ટ્યુશન ફી | : | રૂા. ૧૦.૦૯ લાખ |
| સ્કોલરશીપ | : | ૨૫૩.૩૩ લાખ |
| પરીક્ષા ફી | : | રૂા. ૪૨.૩૮ લાખ |
| સાયકલ પેટે સહાય | : | રૂા. ૧૩૬.૩૭ લાખ |

હાઈસ્કુલમાં ભણતા વિદ્યાર્થીઓને યુનિફોર્મ ફી આપવાની યોજના અસ્તિત્વમાં નથી.

(૨) પ્રશ્ન રહેતો નથી.
(૩) પ્રશ્ન રહેતો નથી.

-------------

**કચ્છ જિલ્લામાં પછાતવર્ગના વિદ્યાર્થીઓને ગણવેશ આપવા અંગે**

અતારાંક્તિઃ ૩૪૩૩ (૨૦-૪-૨૦૦૫) **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) :**

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કચ્છ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ગણવેશ આપવા માટે માર્ચ ૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ તાલુકાવાર મંજૂર થઈ,

(૨) દરેક તાલુકામાં કઈ કઈ શાળાઓમાં કેટલા વિદ્યાર્થીઓને ગણવેશ આપવામાં આવ્યા,

(૩) તે પેકી કેટલી અને કઈ કઈ શાળાઓના વિદ્યાર્થીઓને ગણવેશ અપાયા નથી,

(૪) ગણવેશ ન આપવાના શાં કારણો છે, અને

(૫) બાકી રહેલ વિદ્યાર્થીઓને ક્યારે ગણવેશ અપાશે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૧-૭-૨૦૦૫) :

(૧)કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ગણવેશ આપવામાં આવેલ નથી, પરંતુ સુધારેલ યોજના પ્રમાણે ગણવેશ સહાય આપવામાં આવી છે. કચ્છ જિલ્લામાં માર્ચ-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ ગણવેશ સહાયની રકમ મંજૂર કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૩-૦૪ની ગણવેશ સહાયનો ઠરાવ તા. ૨૮-૧-૦૫થી થયેલ છે તેથી આ સહાય માર્ચ-૨૦૦૫માં મંજૂર કરવામાં આવી છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર કરવામાં આવેલ ગણવેશ સહાયની રકમ |
|---|---|---|
| ૧. | ભચાઉ | ૧૮,૮૪,૨૭૦/- |
| ૨. | રાપર | ૨૧,૧૮,૩૮૦/- |
| ૩. | મુંદ્રા | ૧૦,૬૯,૬૬૦/- |
| ૪. | અબડાસા | ૬,૩૧,૮૫૦/- |
| ૫. | નખત્રાણા | ૧૨,૨૦,૨૭૦/- |
| ૬. | લખપત | ૪,૬૧,૬૭૦/- |
| ૭. | માંડવી | ૧૫,૨૧,૪૩૦/- |
| ૮. | અંજાર | ૧૫,૮૯,૮૭૦/- |
| ૯. | ભૂજ | ૩૨,૧૨,૬૪૦/- |
| ૧૦. | ગાંધીધામ | ૭,૧૨,૭૦૦/- |
| ૧૧. | શાસના અધિકારી નગરપાલિકા અંજાર | ૭,૪૩,૩૧૦/- |
| | કુલ : | ૧,૫૧,૬૬,૦૫૦/- |

(૨) કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર આપવામાં આવેલ ગણવેશ સહાયના વિદ્યાર્થીઓની સંખ્યા નીચે
મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | જુથ પગાર શાળાઓની સંખ્યા | પ્રાથમિક શાળાઓની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧. | ભચાઉ | ૧૮ | ૧૨૦ | ૧૪,૦૪૫ |
| ૨ | રાપર | ૨૦ | ૧૭૮ | ૧૫,૬૪૬ |
| ૩ | મુંદ્રા | ૧૫ | ૯૦ | ૮,૦૫૦ |
| ૪ | અબડાસા | ૨૧ | ૧૬૩ | ૪,૭૯૫ |
| ૫ | નખત્રાણા | ૨૦ | ૧૪૮ | ૯,૩૮૧ |
| ૬ | લખપત | ૧૨ | ૭૧ | ૩,૫૦૯ |
| ૭ | અંજાર | ૧૩ | ૧૦૩ | ૧૨,૨૪૫ |
| ૮ | ગાંધીધામ | ૮ | - | ૫૪,૩૬૬ |
| ૯ | માંડવી | ૨૫ | ૧૪૯ | ૧૧,૫૫૭ |
| ૧૦ | ભૂજ | ૨૯ | ૧૯૯ | ૨૪,૭૧૬ |
| ૧૧ | શાસના અધિકારી નગરપાલિકા અંજાર | ૨૦ | ૨૦ | ૫,૬૪૧ |
| | કુલ : | ૨૦૧ | ૧૨૪૧ | ૧૧૪,૯૫૧ |

(૩) કચ્છ જિલ્લાની તમામ શાળાઓમાં વર્ષ ૨૦૦૪-૦૫ના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય ચૂકવી દેવામાં આવી છે. જ્યારે વર્ષ ૨૦૦૩-૦૪ ના ૫૧૯૧૫ વિદ્યાર્થીઓને ગણવેશ સહાયની રકમ મંજૂર કરી સંબંધિત તાલુકા વિકાસ અધિકારીની કચેરીને ફાળવી દેવામાં આવી છે.

(૪) ગણવેશ ન આપવાનો કોઈ પ્રશ્ન નથી.

(૫) વર્ષ ૨૦૦૩-૦૪ ના બાકી રહેલા વિદ્યાર્થીઓને પણ શાળામાં વેકેશન પૂર્ણ થતાં નવા સત્રમાં તાત્કાલિક ગણવેશ સહાયની રકમ ચૂકવી દેવામાં આવશે.

---------------

**એચબી-૨૯૫-૯**

**હાંસોલ ટી. પી.-૨માં ફેરફાર અંગે**

અતારાક્તઃ ૩૩૩૦ (૨૭-૪-૨૦૦૫)**ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી**
જણાવવા કૃપા કરશે કે :-

(૧) અમદાવાદ શહેરના ડેવલપમેન્ટ પ્લાનીંગમાં હાંસોલ વિસ્તારમાં ઈન્દીરા બ્રીજથી સાઈનાથ સોસાયટી પટેલ સોસાયટીના પાછળના ભાગે રસ્તો ૧૨ મીટરનો દર્શાવાયો હતો કે કેમ,

(૨) જો હા, તો હાંસોલ ટાઉન પ્લાનીંગ-૨માં આ રસ્તો કાઢી નાખવામાં આવ્યો છે કે કેમ, અને

(૩) જો હા, તો તેના કારણો શાં છે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૨૧-૬-૨૦૦૫) :

(૧) હા, જી (પુનરાવર્તીત વિકાસ યોજનામાં દર્શાવેલ ન હતો).

(૨) હા, જી.

(૩) હયાત બાંધકામોને અસરકર્તા હોઈ જાહેરહિતમાં ફેરફાર કરાયેલ છે.

-------------

**કચ્છ જિલ્લાની નગરપાલિકાઓની માળખાગત સુવિધા માટે ખર્ચ**

અતારાંક્તિઃ ૩૪૨૦ (૨૭-૪-૨૦૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી**
જણાવવા કૃપા કરશે કે :-

(૧) ભૂકંપ બાદ કચ્છ જિલ્લામાં શહેરી વિસ્તારમાં કઈ કઈ નગરપાલિકાને કઈ કઈ માળખાગત સુવિધાઓ માટે જી. યુ. ડી. સી. દ્વારા કેટલા ખર્ચ માટે ૨૦૦૫ની સ્થિતિએ થયો,

(૨) બાકી રહેલી નગરપાલિકાઓને સુવિધા આપવા આયોજન છે કે કેમ, અને

(૩) જો હા, તો કેટલા સમયમાં ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૨-૭-૨૦૦૫) :

(૧) ભૂકંપ બાદ કચ્છ જિલ્લામાં શહેરી વિસ્તારોમાં નીચે મુજબની નગરપાલિકાઓને આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે, રસ્તા, પાણી તથા ગટર લાઈન અને બિલ્ડીંગ માટે જી. યુ. ડી. સી. દ્વારા માર્ચ-૨૦૦૫ની સ્થિતિએ નીચે મુજબનો ખર્ચ કરવામાં આવેલ છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | ભૂજ નગરપાલિકા | - | રૂા. | ૧૧૩,૧૫,૧૮,૬૭૪/- |
| ૨. | રાપર નગરપાલિકા | - | રૂા. | ૧૪,૭૬,૭૯,૩૯૫/- |
| ૩. | માંડવી નગરપાલિકા | - | રૂા. | ૧૪,૨૩,૪૩,૯૧૩/- |
| ૪. | અંજાર નગરપાલિકા | - | રૂા. | ૩૧,૦૭,૨૪,૧૩૦/- |
| ૫. | ભચાઉ નગરપાલિકા | - | રૂા. | ૨૫,૯૯,૩૪,૨૨૮/- |
| ૬. | ગાંધીધામ નગરપાલિકા | - | રૂા. | ૧,૭૬,૧૬,૯૫૩/- |

(૨) ઉપર દર્શાવ્યા મુજબ કચ્છ જિલ્લામાં માત્ર છ (૬) જ નગરપાલિકાઓ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**જામનગર જિલ્લામાં રમતગમત ક્ષેત્રે આપેલા એવોર્ડ અંગે**

અતારાંક્તિઃ ૩૪૪૮ (૧૨-૫-૨૦૦૫) **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય રમત ગમત મંત્રીશ્રી**
જણાવવા કૃપા કરશે કે :-

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલા રમતવીરોને રમતગમત ક્ષેત્રે એવોર્ડ આપવામાં આવ્યા છે.

(૨) રાજ્ય સરકાર દ્વારા રમતગમતના એવોર્ડસમાં રમતવીરોને ક્યા પ્રકારનાં પ્રોત્સાહન આપવામાં આવે છે,

(૩) ખાસ પ્રકારનાં એવોર્ડસમાં ક્યા પ્રકારની વિશેષતાને ધ્યાને લેવામાં આવે છે, અને

(૪) એ એવોર્ડસ ક્યા પ્રકારની રમતોને ધ્યાને લઈને આપવામાં આવે છે ?

**રમતગમત મંત્રીશ્રી** (૧૪-૭-૨૦૦૫) :

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ : ૫ ખેલાડીઓને રમત ગમત ક્ષેત્રે એવોર્ડ આપવામાં આવ્યા છે.

(૨) રમતવીરોને પ્રોત્સાહન રૂપે રોકડ પૂરસ્કાર (પત્રક-અ) મુજબ આપવામાં આવે છે.

(૩) રાષ્ટ્રીય કક્ષાએ યોજાતી રમતોમાં મેડલ વિજેતા તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ યોજાતી રમતોમાં ભાગ લેવા બદલ તેમજ ગોલ્ડ, સિલ્વર, બ્રોન્ઝ મેડલ મેળવનાર રમતવીરોને મેળવેલ સિધ્ધિઓની વિશેષતાઓને ધ્યાનમાં લેવામાં આવે છે.

(૪) આંતરરાષ્ટ્રીય કક્ષાએ યોજાતી સ્પર્ધાઓ જેવી કે, ઓલમ્પિક રમત, : વર્લ્ડકપ, વર્લ્ડ ચેમ્પિયનશીપ (ઓફીશીયલ) એશીયન ગેઈમ્સ : ઓફીશીયલ એશીયન ચેમ્પયશીપ : કોમનવેલ્થ ગેઈમ્સ અને ઓફીશીયલ કોમનવેલ્થ ચેમ્પિયનશીપ તથા ઓલમ્પિક સિવાયની રમતોમાં વર્લ્ડ ચેમ્પીયનશીપ એશીયન : કોમનવેલ્થ ચેમ્પયનશીપ, આફ્રો એશીયન ચેમ્પીયનશીપ તેમજ રાષ્ટ્રકક્ષાએ યોજાતી સ્પર્ધાઓ જેવી કે, નેશનલ ચેમ્પીયનશીપ તેમજ નેશનલ ગેમ્સને ધ્યાનમાં રાખી એવોર્ડ આપવામાં આવે છે.

**પત્રક-અ**

| ક્રમ | એવોર્ડનું નામ | પ્રતિવર્ષ એવોર્ડની સંખ્યા | રમતવીરને આપવામાં આવતા પ્રોત્સાહનની વિગત |
|---|---|---|---|
| ૧. | એક લવ્ય એવોર્ડ | ૦૨ | પ્રત્યેક એવોર્ડ મેળવનાર ખેલાડીને રૂા. ૧ લાખ રોકડ પુરસ્કાર, બ્લેઝર, ક્રેસ્ટ તથા પ્રમાણપત્ર |
| ૨. | સરદાર પટેલ એવોર્ડ | ૦૨ | પ્રત્યેક એવોર્ડ મેળવનાર ખેલાડીને રૂા. ૫૦ હજારનો રોકડ પુરસ્કાર, બ્લેઝર, ક્રેસ્ટ તથા પ્રમાણપત્ર |
| ૩. | જયદિપસિંહજી એવોર્ડ | ૧૦ | પ્રત્યેક એવોર્ડ મેળવનાર ખેલાડીને રૂા. ૨૦ હજારનો રોકડ પુરસ્કાર, બ્લેઝર, ક્રેસ્ટ તથા પ્રમાણપત્ર |
| ૪. | જુનિયર એકલવ્ય એવોર્ડ | ૦૨ | પ્રત્યેક એવોર્ડ મેળવનાર ખેલાડીને રૂા. ૫૦ હજારનો રોકડ પુરસ્કાર, બ્લેઝર, ક્રેસ્ટ તથા પ્રમાણપત્ર |
| ૫. | જુનિયર સરદાર પટેલ એવોર્ડ | ૦૨ | પ્રત્યેક એવોર્ડ મેળવનાર ખેલાડીને રૂા. ૨૫ હજારનો રોકડ પુરસ્કાર, બ્લેઝર, ક્રેસ્ટ તથા પ્રમાણપત્ર |
| ૬. | જુનિયર જયદિપસિંહજી એવોર્ડ | ૧૦ | પ્રત્યેક એવોર્ડ મેળવનાર ખેલાડીને રૂા. ૧૦ હજારનો રોકડ પુરસ્કાર, બ્લેઝર, ક્રેસ્ટ તથા પ્રમાણપત્ર |
| ૭. | રાજ્ય રમત વીર એવોર્ડ | રાષ્ટ્રકક્ષામાં વિજેતા થનાર તમામ ખેલાડીઓ | પ્રત્યેક ખેલાડીને રોકડ પુરસ્કાર, બ્લેઝર, ક્રેસ્ટ (પ્રતિવર્ષ કુલ રૂા. ૪.૯૫ લાખની મર્યાદામાં) |

-----------------

## પાદરા તાલુકામાં જ્યોતિગ્રામ યોજનાના લાભાર્થી ગામો

અતારાંકિતઃ ૩૩૬૭ (૭-૪-૨૦૦૫) **શ્રી પુનમ ૨. પરમાર(પાદરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) પાદરા તાલુકામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ તા. ૨૮-૨-૨૦૦૫ની સ્થિતિએ કેટલા ગામોને લાભ આપ્યો,

(૨) કેટલા ગામો બાકી છે, અને

(૩) અને તે કેટલા સમયમાં પૂર્ણ થશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૧૧-૫-૨૦૦૫) :

(૧) ૯

(૨) ૭૩

(૩) ડીસેમ્બર ૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

--------------

## ભૂજ અને નખત્રાણા તાલુકામાં કુટિર જ્યોત યોજના હેઠળ વીજ જોડાણ

અતારાંકિતઃ ૩૪૨૨ (૨૦-૪-૨૦૦૫)**શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) કચ્છ જિલ્લામાં માર્ચ-૨૦૦૫ની સ્થિતિએ ભૂજ અને નખત્રાણા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં કુટિર જ્યોત યોજના હેઠળ કેટલા વીજ જોડાણ આપવાનું આયોજન હતું,

(૨) તે પૈકી કેટલા વીજ જોડાણો આ સ્થિતિએ અપાયા, કેટલા બાકી છે, અને

(૩) આ બાકી વીજ જોડાણો કેટલા સમયમાં અપાશે ?

**મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** (૨૩-૬-૨૦૦૫) :

(૧) કચ્છ જિલ્લામાં માર્ચ-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુટિર જ્યોત યોજના હેઠળ કુલ ૪૪૮ વીજ જોડાણ આપવાનો લક્ષ્યાંક હતો, તાલુકાવાર લક્ષ્યાંક આપવામાં આવતો નથી.

(૨) તે પૈકી ભૂજ તાલુકામાં પાત્રતા ધરાવતી તમામ ૭૩ અરજીઓમાં વીજ જોડાણો છેલ્લા બે વર્ષમાં માર્ચ-૨૦૦૫ની સ્થિતિએ આપવામાં આવેલ હોઈ કોઈ વીજ જોડાણ આપવાનું બાકી રહેતું નથી. જ્યારે નખત્રાણા તાલુકામાં લાભાર્થીઓની કોઈ યાદી મળેલ ન હોઈ વીજ જોડાણ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

**અતારાંક્તિ યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૩૨૨૭, ૩૪૭૪ | ૨ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૩૪૭૯, ૩૪૮૧ | ૨ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૩૨૭૦, ૩૪૬૫ | ૨ |
| ૪. | નાણા વિભાગ | ૨૨૭૧ | ૧ |
| ૫. | અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૩૩૩૯, ૩૪૫૧ | ૨ |
| ૬. | વન અને પર્યાવરણ વિભાગ | ૩૩૨૮ | ૧ |
| ૭. | ગૃહ વિભાગ | ૩૨૪૪, ૩૩૨૬, ૩૪૧૩, ૩૪૨૬, ૩૪૩૪, ૩૪૩૫, ૩૪૩૬, ૩૪૩૮, ૩૪૩૯, ૩૪૪૦ | ૧૦ |
| ૮ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૨૯૮૯, ૩૩૭૭, ૩૪૫૯ | ૩ |
| ૯ | શ્રમ અને રોજગાર વિભાગ | ૩૪૧૧ | ૧ |
| ૧૦ | કાયદા વિભાગ | ૩૪૬૦ | ૧ |
| ૧૧ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૩૩૦૧, ૩૩૦૨, ૩૩૧૭, ૩૩૨૦, ૩૩૬૨, ૩૩૬૩, ૩૩૬૪, ૩૩૬૫ | ૮ |
| ૧૨ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૩૪૧૨, ૩૨૬૭, ૩૩૪૧ | ૩ |
| ૧૩ | મહેસૂલ વિભાગ | ૩૨૮૫, ૩૨૯૬, ૩૩૯૯ | ૩ |
| ૧૪ | માર્ગ અને મકાન વિભાગ | ૩૩૫૯, ૩૩૮૮, ૩૩૯૨, ૩૪૩૧ | ૪ |
| ૧૫ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૩૩૪૬, ૩૪૩૩ | ૨ |
| ૧૬ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૩૩૩૦, ૩૪૨૦ | ૨ |
| ૧૭ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૩૪૪૮ | ૧ |
| ૧૮ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૩૩૬૭, ૩૪૨૨ | ૨ |
| | | કુલ : | ૫૦ |

**ત્રીજી અતારાંકિત યાદી**
**અતારાંકિત પ્રશ્નોત્તરી**

**આઈ.એ.એસ. અધિકારીઓને લાંબાગાળાની ટ્રેનીંગ માટે વિદેશ મોકલવા બાબત**

અતારાંકિત : ૩૩૦૭ (૩.૩.૦૫) **શ્રી રાજેશ પાઠક (બાલાસિનોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) કરકસરના પગલાં હોવા છતાં વિદેશોમાં લાંબાગાળાની ટ્રેનીગ માટે આઈ.એ.એસ. કેડરના અધિકારીઓને મોકલવામાં આવે છે તે વાત સાચી છે,

(૨) આવી લાંબા ગાળાની ટ્રેનીંગો ગુજરાત અને ભારતમાં ઉપલબ્ધ હોવા છતાં શા માટે વિદેશમાં મોકલવામાં આવે છે,

(૩) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં લાંબાગાળાની ટ્રેનીંગમાં વિદેશમાં ગયેલા આઈ.એ.એસ. અધિકારીઓ કેટલા અને ટ્રેનીંગમાં ગયેલા અધિકારીઓએ સરકારને રીપોર્ટ આપેલ છે, અને

(૪) આજ પ્રકારની ટ્રેનીંગ સરકાર નોન આઈ.એ.એસ. ને આપવા માંગે છે કે કેમ ?

**મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** (૨-૪-૦૫)

(૧) લાંબાગાળાના ટ્રેનીંગ કાર્યક્રમો ભારત સરકાર ધ્વારા તેમના ખર્ચે અથવા અન્ય કોઈ એજન્સીના ખર્ચે પ્રાયોજીત હોવાથી અને આઈ.એ.એસ. અધિકારીઓના લાંબા ગાળાના તાલીમ કાર્યક્રમો કેન્દ્ર સરકારના પરામર્શમાં નિયત થાય છે. તેમજ આ અંગેનો ખર્ચ સંબંધીત સરકારો/સંસ્થા કે કેન્દ્ર સરકાર ભોગવતી હોવાથી આઈ.એ.એસ. અધિકારીઓને લાંબા ગાળાની તાલીમમાં મોકલવાની બાબત રાજ્ય સરકારની કરકસરની નીતિ સાથે સુસંગત છે.

(૨) ઉપર (૧) માં જણાવ્યા પ્રમાણે આઈ.એ.એસ. અધિકારીઓની લાંબાગાળાની તાલીમો વિશિષ્ટ પ્રકારની હોવાથી તેમજ ભારત સરકારના પરામર્શમાં નક્કી કરાતી હોવાથી આઈ.એ.એસ. અધિકારીઓને ભારત સરકારની તાલીમ નીતિના ભાગરૂપે વિદેશમાં લાંબાગાળાની તાલીમ માટે મોકલવામાં આવે છે.

(૩) તા. ૧-૨-૨૦૦૩ થી તા. ૩૧-૧-૨૦૦૪ સુધીમાં ત્રણ આઈ.એ.એસ. અધિકારીઓને લાંબાગાળાની તાલીમ માટે વિદેશમાં મોકલાયેલ છે. જે પૈકી બે આઈ.એ.એસ. અધિકારીઓએ તાલીમનો રીપોર્ટ આપેલ છે. તા. ૧-૨-૨૦૦૪ થી તા. ૩૧-૧-૨૦૦૫ના સમયગાળા દરમ્યાન ચાર આઈ.એ.એસ. અધિકારીશ્રીઓને લાંબાગાળાની તાલીમમાં મોકલાયેલ છે. આ અધિકારીશ્રીઓની લાંબા ગાળાની તાલીમનો કાર્યક્રમ હજુ પુરો થયેલ ન હોઈ રીપોર્ટ રજુ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ભારત સરકારના લાંબાગાળાના તાલીમ કાર્યક્રમમાં જરૂરી લાયકાત પ્રમાણે સંબંધિત અધિકારીશ્રીની પસંદગી કરવામાં આવે છે. જરૂરી લાયકાત ધરાવતા નોન આઈ.એ.એસ. અધિકારીઓને પણ વિદેશમાં લાંબાગાળાની તાલીમ માટે મોકલવામાં આવે છે.

------------

**રાજ્યમાં કતલખાનામાં લઈ જવાતાં ગૌવંશ પ્રાણીઓ અન્વયે બાકી સહાય ચૂકવવા અંગે.**

અતારાંકિત : ૩૩૪૪ (૭.૪.૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં કતલખાને લઈ જવાતા બચાવી લેવાયેલા ગાય તથા ગૌવંશ પ્રાણીઓના કિસ્સામાં બસો રૂપિયા પ્રાણી દીઠ સહાય આપવાની યોજના અન્વયે ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ કઈ કઈ સંસ્થાની કેટલી સહાય ચુકવવાની બાકી છે.

(૨) સહાય ચૂકવવાની બાકી રહેવાના શાં કારણો છે, અને

(૩) બાકી રહેલી સહાય કયાં સુધીમાં ચૂકવી આપવામાં આવશે ?

**ગૌસંવર્ધન મંત્રીશ્રી** (૨૪-૫-૦૫) :

(૧) સામેલ પરિશિષ્ટ ૧ મુજબ %

(૨) સંસ્થાઓની દરખાસ્તોમાં વિગતો અધૂરી હોવાથી તેની પૂર્તતા સંસ્થાઓ દ્વારા કરવાની બાકી હોવાથી.

(૩) સને ૨૦૦૪-૦૫માં સહાય ચૂકવાઈ ગયેલ છે.

**પરિશિષ્ટ-૧**

**ડિસેમ્બર-૦૪ ની સ્થિતિએ નિભાવ સહાય ચૂકવવાની બાકી સંસ્થાઓની યાદી**

| અ.નં. | સંસ્થાનું નામ/સરનામું | ગૌવંશ પશુની સંખ્યા | પશુ દીઠ સહાય રૂા. | ચૂકવવા પાત્ર સહાય |
|---|---|---|---|---|
| ૧ | શ્રી ધોળકા ખોડાઢોર પાંજરા પોળ, મુ.તા. ધોળકા, જિ. અમદાવાદ | ૪૦ | ૫૦૦/- | ૨૦,૦૦૦/- |
| ૨ | શેઠ આણંદજી કુશળચંદજી ખોડાઢોર પાંજરાપોળ, મુ.તા. સાણંદ, જિ. અમદાવાદ | ૮ | ૫૦૦/- | ૪,૦૦૦/- |
| ૩ | શ્રી જીવદયા ગૌરક્ષા ટ્રસ્ટ, વડોદરા | ૧૫ | ૫૦૦/- | ૭,૫૦૦/- |
| ૪ | શ્રી વડોદરા પશુ અત્યાચાર ટ્રસ્ટ, મુ.ચાપડ, તા.જિ. વડોદરા | ૧૮ | ૫૦૦/- | ૯,૦૦૦/- |
| ૫ | શ્રી જીવદયા જનકલ્યાણ પરિવાર, | ૮૯ | ૫૦૦/- | ૪૪,૫૦૦/- |

| | | | | |
|---|---|---|---|---|
| | ઓઢવ, અમદાવાદ | | | |
| ૬ | સ્વ. દીલીપ-પરેશ સાર્વજનિક પાંજરાપોળ, મીયાંગામ, જિ. વડોદરા | ૨૧૪ | ૫૦૦/- | ૧,૦૭,૦૦૦/- |
| | **કુલ** | **૩૮૪** | | **૧,૯૨,૦૦૦/-** |

-------------

## કચ્છ જિલ્લામાં તાલુકાવાર બાકી ભૂકંપ સહાય

અતારાંકિત : ૩૪૧૪ (૧૪.૪.૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર માર્ચ-૦૫ની સ્થિતિએ ભૂકંપ સહાય ચુકવવાની બાકી છે કે કેમ,
(૨) જો હા, તો કેટલા અરજદારોને કેટલી સહાય ચુકવવાની બાકી છે,
(૩) બાકી રહેવાનાં શાં કારણો છે,
(૪) સહાય ચુકવવામાં નિષ્ફળ ગયેલા અધિકારી સામે શાં પગલાં લેવાયા છે, અને
(૫) બાકી સહાય કયાં સુધીમાં ચુકવાશે ?

**મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** (૧૫-૬-૦૫) :

(૧) હા
(૨) કચ્છ જિલ્લામાં (તાલુકાવાર) મકાન સહાયના કેસોમાં સહાય ચુકવવાની બાકી છે તેની વિગત નીચેમુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | બીજો હપ્તો ચુકવવાના કેસો (અરજદાર) | બીજો હપ્તો ચુકવવાની બાકી રકમ અંદાજિત (લાખમાં) | ત્રીજો હપ્તો ચુકવવાના બાકી કેસો (અરજદાર) | ત્રીજો હપ્તો ચુકવવાની બાકી રકમ અંદાજિત (લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | ભૂજ | ૬૩૦ | ૩૧૫ | ૨૦૪૩ | ૪૪૮.૭૬ |
| ૨ | અંજાર | ૭૫૩ | ૩૭૦ | ૧૦૯૨ | ૫૧૬.૮૮ |
| ૩ | ભચાઉ | ૨૩૪૮ | ૯૩૯ | ૫૦૨૪ | ૯૬૬.૭૮ |
| ૪ | રાપર | ૪૮૮ | ૨૬૮ | ૯૪૯ | ૨૫૪.૧૨ |
| ૫ | ગાધીધામ | ૧૩૭ | ૯૬ | ૧૨૬૧ | ૨૨૦.૩૬ |
| ૬ | માંડવી | - | - | ૧૭૭ | ૩૧.૮૬ |
| ૭ | મુન્દ્રા | - | - | ૨૫૮ | ૪૬.૪૪ |
| ૮ | નખત્રાણા | - | - | ૯ | ૧.૬૨ |
| ૯ | અબડાસા | - | - | ૩૬ | ૬.૪૮ |
| ૧૦ | દયાપર (લખપત) | - | - | - | - |
| | **કુલ :** | **૪૩૫૬** | **૧૯૮૮** | **૧૦૮૪૯** | **૨૪૯૩.૩૦** |

(૩) લાભાર્થી ધ્વારા નિયમ મુજબ બાંધકામ ન કરવાના કારણે, કેટલાક કિસ્સામાં કોર્ટ કેસ ચાલુ હોવાથી સ્થાનિક પ્લોટનો કબ્જો ન મળવાના કારણે, નકશા મંજુર કરાવવાના બાકી હોવાના કારણે, જરૂરી આધાર રજુ ન કરવાને કારણે ઝોન પ્રોબ્લેમને કારણે, મકાન બાંધકામની મંજુરીમાં વિલંબ થવાને કારણે, દબાણકારોના કિસ્સામાં દબાણ નિયમિત કરવાની કાર્યવાહી ચાલુમાં હોવાને કારણે, ઘણા કિસ્સામાં અરજદારોએ પ્રથમ હપ્તાની રકમનો ઉપયોગ કરેલ ન હોઈ હવે તેમના પાસે નાણાંકીય તંગી હોવાને કારણે, મકાન પૂર્ણતા પ્રમાણપત્ર ન મળવાને કારણે,તથા કેટલાંક નાગરિકો મુંબઈ રહેતા હોવાથી પૂર્તતા ન થવાને કારણે એમ વિવિધ કારણોસર સહાય ચુકવવાની બાકી છે.

(૪) જવાબ-૩માં દર્શાવેલ કારણોના લીધે સહાય ચુકવવાની બાકી છે. આથી કોઈ અધિકારી સામે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) બાકી સહાય ચુકવવા અંગે ચાર શહેરી વિસ્તારોમાં બીજા હપ્તા માટે તા. ૩૧-૫-૨૦૦૫ અને ત્રીજા હપ્તા માટે તા. ૩૧-૮-૨૦૦૫ સુધી મુદત નક્કી થયેલ છે. જ્યારે અન્ય શહેરી વિસ્તાર માટે બીજા અને ત્રીજા હપ્તા માટે અનુક્રમે તા. ૩૦-૪-૨૦૦૫ અને તા. ૩૦-૬-૨૦૦૫ની મુદત નક્કી થયેલ છે. આ

મુદતમાં બાકી રહેતા સહાયના કેસોમાં સહાય ચુકવી આપવામાં આવશે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં પૂર્ણતા પ્રમાણપત્ર નિયત સમય મર્યાદામાં રજુ કરવાથી સહાય ચુકવી દેવામાં આવશે.

------------

**ભુજ અને નખત્રાણા તાલુકામાં ભૂકંપમાં જી-૫ કેટેગરી અન્વયે પુનર્વસનનું આયોજન**

અતારાંકિત : ૩૪૨૩ (૨૦.૪.૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ ભુજ તથા નખત્રાણા તાલુકામાં ભૂકંપગ્રસ્ત જી-૫ કેટેગરીના કેટલા નાગરીકોનું પુનઃવસન કરવાનું બાકી છે, અને

(૨) બાકી રહેલા નાગરિકો માટે શું આયોજન છે ?

**મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** (૧૫-૬-૦૫) :

(૧) તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ ભુજ તાલુકામાં ૮૮૨ અને નખત્રાણા તાલુકામાં ૯ એમ કુલ ૮૯૧ ભૂકંપગ્રસ્ત જી-૫ કેટેગરીના નાગરિકોનું પુનઃવસન કરવાનું બાકી છે.

(૨) લાભાર્થી ધ્વારા લંબાવેલ મુદત સુધીમાં નિયત બાંધકામ થાય અને ટેકનીકલ કર્મચારી ધ્વારા જરૂરી પ્રમાણપત્ર મળે તો બીજા અને ત્રીજા હપ્તાની ચુકવણી થઈ શકે તેમ છે.

------------

**પશુપાલન ખાતા ધ્વારા પોલ્ટ્રીફાર્મમાં નિયત જગ્યા**

અતારાંકિત : ૩૩૩૫ (૭.૪.૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : ાનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) પશુપાલન ખાતા ધ્વારા માન્યતા પ્રાપ્ત તેમજ ખાનગી ક્ષેત્રે ચાલતા પોલ્ટ્રીફાર્મમાં મરઘીને રાખવા માટેના પાંજરામાં જગ્યાના ધોરણો ડીસે. ૦૪ની સ્થિતિએ નિયત કરવામાં આવેલ નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના શા કારણો છે,

(૩) જગ્યાના અભાવે પોલ્ટ્રી માલિકો અત્યંત સાંકડી જગ્યામાં મરઘી પર અત્યાચાર કરે છે તે હકીકત સાચી છે, અને

(૪) આ સમસ્યાના ઉકેલ માટે સરકારે શી વિચારણા કરી છે ?

**પશુપાલન મંત્રીશ્રી** (૨૬-૫-૦૫) :

(૧) ના, જી પશુપાલન ખાતા ધ્વારા માન્યતા પ્રાપ્ત ખાનગી ક્ષેત્રે ચાલતા પોલ્ટ્રી ફાર્મમાં મરઘીને રાખવા માટે પાંજરામાં જગ્યાના ધોરણો આઈ.એ.એસ. ધ્વારા નિયત કર્યા મુજબ અમલમાં છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આઈ.એસ.આઈ. ધ્વારા નિયત કર્યા મુજબના ધોરણો હોઈ અત્યાચાર થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ગીર ઓલાદની ગાયોના સંવર્ધનનું આયોજન**

અતારાંકિત : ૩૩૩૭ (૩.૪.૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં ગીર ઓલાદની ગાયોની વસ્તી સતત ઘટી રહી છે તે હકીકતથી સરકાર વાકેફ અને ચિંતીત છે,

(૨) જો હા તો ગીર ઓલાદની ગાયોના વિશેષ સંવર્ધન તથા તેની વસ્તીમાં વધારો કરવા રાજ્ય સરકારે શું આયોજન કર્યુ છે, અને

(૩) આ જવાબદારી કોને સોંપાઈ છે ?

**કૃષિ મંત્રીશ્રી** (૨-૬-૦૫) :

(૧) હા, જી.

(૨) ગીર તથા કાંકરેજ ગાયોને રાજ્યમાં વધુને વધુ સંખ્યામાં શુધ્ધ ઓલાદનો ફેલાવો થાય તે માટે કુદરતી સેવાઓ માટે શુધ્ધ ઓલાદના સાંઢ પુરા પાડવામાં આવે છે અને કૃત્રિમ બીજદાન માટે શુધ્ધ ઓલાદનું થીજવેલ બીજ પુરૂં પાડવામાં આવે છે.

(૩) (૧) પશુ ઉછેર કેન્દ્ર ભૂતવડ (૨) ગુજરાત કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ, (૩) ગુજરાત લાઈવ સ્ટોક ડેવલપમેન્ટ બોર્ડ, ગાંધીનગર.

------------

## પાદરા તાલુકામાં સહકારી મંડળીઓમાં ભ્રષ્ટાચારના કિસ્સા

અતારાંકિત : ૩૩૫૭ (૭.૪.૦૫) **શ્રી પુનમ ૨. પરમાર(પાદરા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ પાદરા તાલુકામાં કુલ કેટલી સહકારી મંડળીઓ આવેલી છે.
(૨) તેમાંથી કેટલી મંડળીઓના ભ્રષ્ટાચારના કેસો સરકારના ધ્યાન ઉપર આવ્યા છે.
(૩) તેમાંથી કેટલી મંડળીઓ ઉપર પગલા લેવાયા અને
(૪) જે મંડળીઓ ઉપર પગલા નથી લેવાયા તેના શા કારણો છે. અને આ પગલાં કયારે લેવામાં આવશે ?

**સહકાર મંત્રીશ્રી** (૨૧-૫-૦૫) :
(૧) ૩૪૮
(૨) ૭૬
(૩) ૭૪
(૪) જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ ધ્વારા પુરાવા/નિવેદનો મેળવવામાં આવી રહેલ છે. તેની ચકાસણી કરી જરૂર જણાયે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

------------

રાજ્યની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ અંગે

અતારાંકિત : ૩૨૨૯ (૧૨.૨.૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય શિક્ષણમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાઈઝ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં કેટલા શિક્ષકોની ઘટ છે,
(૨) આ જગ્યા ભરવા સરકારે શી શી કાર્યવાહી કરી છે, અને
(૩) કેટલા સમયમાં આ જગ્યાઓ ભરવામાં આવશે ?

**શિક્ષણમંત્રીશ્રી** (૨૧-૩-૦૫) :
(૧) (૧) પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ "પત્રક-અ" મુજબ
(૨) ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં તથા સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ "પત્રક-બ" મુજબ
(૨) (૧) પ્રાથિમક શાળાઓમાં શિક્ષકોની ઘટ સામે ૨૦૦૫-૦૬ના અંદાજપત્રમાં ૧૨૦૦ વિદ્યાસહાયકોની નવી જગ્યાઓની જોગવાઈ કરવામાં આવી છે.
(૨) (અ) સરકારી માધ્યમિક શાળાઓમાં ભરતીની કાર્યવાહી કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને જણાવવામાં આવેલ છે.
(બ) ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં અમદાવાદ શહેર અને અમદાવાદ ગ્રામ્ય વિસ્તાર સિવાય તમામ જિલ્લાઓમાં ભરતીની કાર્યવાહી ચાલુ છે.
(૩) જેમ બને તેમ જલદી

**" પત્રક-અ "**

**જિલ્લાવાર પ્રાથમિક શિક્ષક ઘટની વિગતો (તા. ૩૧-૮-૦૪ની સ્થિતિએ)**

| ક્રમ | જિલ્લાનું નામ | ઘટ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | અમદાવાદ | ૩૩ |
| ૨ | વડોદરા | ૧૨૯ |
| ૩ | રાજકોટ | ૩૪ |
| ૪ | સુરત | ૯૧ |
| ૫ | ખેડા | ૧૦ |
| ૬ | આણંદ | ૧૫ |
| ૭ | પંચમહાલ | ૬૧ |
| ૮ | દાહોદ | ૫૯૪ |
| ૯ | સાબરકાંઠા | ૧૨૨ |
| ૧૦ | જુનાગઢ | ૫૭ |
| ૧૧ | પોરબંદર | ૦ |

| | | |
|---|---|---|
| ૧૨ | મહેસાણા | ૨૨ |
| ૧૩ | પાટણ | ૩૬ |
| ૧૪ | ભાવનગર | ૦ |
| ૧૫ | જામનગર | ૨૪ |
| ૧૬ | અમરેલી | ૦ |
| ૧૭ | કચ્છ | ૪૭ |
| ૧૮ | ભરૂચ | ૦ |
| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **ઘટ** |
| ૧૯ | નર્મદા | ૭૭ |
| ૨૦ | વલસાડ | ૦ |
| ૨૧ | નવસારી | ૯૪ |
| ૨૨ | બનાસકાંઠા | ૨૦૩ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૫૩ |
| ૨૪ | ગાંધીનગર | ૧૮ |
| ૨૫ | ડાંગ | ૨૨૨ |
| ૨૬ | ગાંધીનગર શહેર | ૦ |
| | કુલ | ૧૯૪૨ |
| | ન.પા. કુલ | ૦ |
| | **એકંદર કુલ** | **૧૯૪૨** |

-----------

**" પત્રક - બ "**

**માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ અંગેની વિગતો દર્શાવતું પત્રક**

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘ ટની સંખ્યા** | **સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટની સંખ્યા** | **કુલ ઘટ** |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૨૭૨ | ૦૧ | ૨૭૩ |
| ૨ | અમદાવાદ ગ્રામ્ય | ૯૯ | ૦૦ | ૯૯ |
| ૩ | ગાંધીનગર | ૨૩ | ૦૦ | ૨૩ |
| ૪ | સાબરકાંઠા | ૭૭ | ૦૦ | ૭૭ |
| ૫ | બનાસકાંઠા | ૧૧૪ | ૦૦ | ૧૧૪ |
| ૬ | મહેસાણા | ૧૦૫ | ૦૦ | ૧૦૫ |
| ૭ | પાટણ | ૨૧ | ૦૦ | ૨૧ |
| ૮ | પંચમહાલ | ૭૨ | ૦૦ | ૭૨ |
| ૯ | દાહોદ | ૦૯ | ૦૧ | ૧૦ |
| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘ ટની સંખ્યા** | **સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટની સંખ્યા** | **કુલ ઘટ** |
| ૧૦ | ખેડા | ૨૪ | ૦૦ | ૨૪ |
| ૧૧ | આણંદ | ૩૭ | ૦૦ | ૩૭ |
| ૧૨ | વડોદરા | ૨૦૬ | ૦૦ | ૨૦૬ |
| ૧૩ | ભરૂચ | ૩૦ | ૦૦ | ૩૦ |
| ૧૪ | નર્મદા | ૨૧ | ૦૦ | ૨૧ |
| ૧૫ | સુરત | ૧૬૫ | ૦૦ | ૧૬૫ |
| ૧૬ | વલસાડ | ૮૭ | ૦૦ | ૮૭ |
| ૧૭ | નવસારી | ૫૩ | ૦૦ | ૫૩ |
| ૧૮ | ડાંગ-આહવા | ૦૬ | ૦૦ | ૦૬ |
| ૧૯ | રાજકોટ | ૧૪૬ | ૦૪ | ૧૫૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦ | જામનગર | ૧૨૩ | ૦૮ | ૧૩૧ |
| ૨૧ | જુનાગઢ | ૧૦૩ | ૦૨ | ૧૦૫ |
| ૨૨ | પોરબંદર | ૩૬ | ૦૦ | ૩૬ |
| ૨૩ | ભાવનગર | ૧૦૭ | ૧૬ | ૧૨૩ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૫૪ | ૦૪ | ૫૮ |
| ૨૫ | અમરેલી | ૫૫ | ૦૨ | ૫૭ |
| ૨૬ | કચ્છ-ભૂજ | ૫૭ | ૧૦૨ | ૧૫૯ |
| | **કુલ-** | **૨૧૦૨** | **૧૪૦** | **૨૨૪૨** |

-----------

**જામનગર જિલ્લામાં વૃક્ષોનું વાવેતર**

અતારાંકિત : ૩૪૮૩ (૩.૫.૦૫)**ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) નાણાંકીય વર્ષ ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫માં જામનગર જિલ્લામાં કેટલા અને કયા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું, અને

(૨) દર વર્ષે વાવવામાં આવેલ વૃક્ષો પૈકી કેટલા વૃક્ષો હાલ જીવીત છે ?

**વન મંત્રીશ્રી** (૮-૭-૦૫) :

(૧) જામનગર જિલ્લામાં નીચે મુજબ વર્ષવાર વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે.

| **વર્ષ** | **વાવેલ વૃક્ષોની સંખ્યા (લાખમાં)** |
|---|---|
| ૨૦૦૨-૦૩ | ૩૭.૮૯ |
| ૨૦૦૩-૦૪ | ૪૧.૦૬ |
| ૨૦૦૪-૦૫ | ૨૭.૩૯ |

જેમાં મુખ્યત્વે આમળા, ખેર, ગોરડ, હરમો, આશીત્રો, સરગવો, ખાખરો, બીલી, અરડુસો, ગરમાળો, બાબર ખેર, ચેર, નીલગીરી, દાડમ, જામફળ, સીતાફળ, આસોપાલવ, લીમડા, પેલ્ટો, કરંજ, ગુંદા, વાંસ, ખાટી આમલી, સીસુ,ગુલમહોર,બદામ વિગેરે પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨)

| **વર્ષ** | **જીવંત વૃક્ષોની સંખ્યા (લાખમાં)** |
|---|---|
| ૨૦૦૨-૦૩ | ૧૬.૮૫ |
| ૨૦૦૩-૦૪ | ૨૧.૦૫ |
| ૨૦૦૪-૦૫ | ૨૧.૨૮ |

------------

**જામનગર જિલ્લામાં ગાંડા બાવળનું વાવેતર**

અતારાંકિત : ૩૪૮૪ (૩.૫.૦૫) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં ગાંડા બાવળની વૃધ્ધિથી હજારો એકર જમીન બરબાદ થઈ રહી છે. તે હક્કિત સરકાર જાણે છે,

(૨) જો હા તો આવા ગાંડા બાવળ કાપવાની સરકારે છૂટ આપી છે, તે હકીકત સાચી છે,

(૩) જો હા તો જામનગર જિલ્લામાં તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગાંડા બાવળનું વાવેતર કરેલ છે. તે હકીકત સરકાર જાણે છે, અને

(૪) જો હા તો આ ગાંડા બાવળનું વાવેતર કરેલ હોય તેવા જવાબદારો સામે સરકાર કયા પ્રકારના પગલાં લેવા માગે છે ?

**વન મંત્રીશ્રી** (૧૯-૭-૦૫) :

(૧) રાજ્યમાં ઘણી જગ્યાએ ગાંડા બાવળની વૃધ્ધિથી જમીનને નુકશાન થાયછે.

(૨) રક્ષિત તેમજ અનામત જંગલ કે ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ની કલમ (૪) હેઠળ જાહેર થયેલ વિસ્તાર તેમજ અભયારણ્યો અને રાષ્ટ્રીય ઉદ્યાનનો વિસ્તાર તેમજ દરિયાકાંઠાથી ૨ કિ.મી. સુધીનો

વિસ્તાર તેમજ અનામત જંગલ વિસ્તારની હદથી ૧.૬ કિ.મી. સુધીના વિસ્તાર સિવાયના વિસ્તારોમાંથી ગાંડા બાવળ કાપવાની છૂટ આપવામાં આવી છે.

(૩) જામનગર જિલ્લામાં તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વન વિસ્તારમાં ગાંડા બાવળનું કોઈ વાવેતર કરવામાં આવેલ નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**રાજકોટ જિલ્લામાં સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ખાલી જગાઓ**

અતારાંકિત : ૩૩૮૨ (૨૭.૪.૦૫)**શ્રી સિધ્ધાર્થ મા. પરમાર(રાજકોટ ગ્રામ્ય) ૦માનનીય આરોગ્યમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ રાજકોટ, કોટડા અને લોધીકો તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં કયા કયા સંવર્ગની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ જગ્યાઓ કયારે ભરવામાં આવશે. ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૭-૬-૦૫) :

(૧) ખાલી જગ્યાઓની વિગત :-

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **સંવર્ગ** | **સામૂહિક આરોગ્ય કેન્દ્ર** | **પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર** |
|---|---|---|---|---|
| ૧ | રાજકોટ | વર્ગ-૧ | ૦ | ૦ |
| | | વર્ગ-૨ | ૦ | ૦ |
| | | વર્ગ-૩ | ૦ | ૦ |
| | | વર્ગ-૪ | ૦ | ૨ |
| ૨ | કોટડા | વર્ગ-૧ | ૦ | ૦ |
| | | વર્ગ-૨ | ૦ | ૦ |
| | | વર્ગ-૩ | ૩ | ૦ |
| | | વર્ગ-૪ | ૧ | ૨ |
| ૩ | લોધીકા | વર્ગ-૧ | ૧ | ૦ |
| | | વર્ગ-૨ | ૦ | ૦ |
| | | વર્ગ-૩ | ૦ | ૧ |
| | | વર્ગ-૪ | ૧ | ૧ |

(૨) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ.

---------

**કચ્છ જિલ્લામાં લીકરની પરમીટ રીન્યુ કરવા અંગે**

અતારાંકિત : ૩૩૩૪ (૧૩.૪.૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લામાં સને ૨૦૦૪ની સાલમાં કેટલી વ્યકિતઓને લીકરની પરમીટ આપવામાં આવી તથા કેટલી પરમીટ રીન્યુ કરવામાં આવી,

(૨) અપાએલી પરમીટોની વર્ષ દરમ્યાન કોઈ ચકાસણી કરવામાં આવી છે કે કેમ, અને

(૩) ચકાસણી દરમ્યાન કેટલી પરમીટો રદ કરવામાં આવી છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૨૫-૫-૦૫) :

(૧) (અ) ૨૦૫૩ વ્યકિતઓને લીકર પરમીટ આપી.

(બ) ૨૬૪ વ્યક્તિઓની લીકર પરમીટ રીન્યુ કરી.

(૨) હા, જી.

(૩) એક પણ નહીં

----------

**રાજ્યમાં પ્રસિધ્ધ થતાં વર્તમાન પત્રોમાં સ્ત્રીઓ સંબંધી લેખો/ચિત્રો સંબંધે કાર્યવાહી**

અતારાંકિત : ૩૩૪૩ (૧૩-૪-૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્ય સરકાર દ્વારા સને ૨૦૦૪ના વર્ષમાં રાજ્યમાંથી પ્રસિધ્ધ થતા વર્તમાન પત્રોમાં સ્ત્રીઓ સંબંધી બિભસ્ત લેખો તેમજ બિભસ્ત ચિત્રો પ્રકાશીત કરવા બદલ સરકારે કોઈ કાર્યવાહી કરેલ નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના શા કારણો છે,

(૩) જો ના, તો આવા વર્તમાન પત્રો સામે કાર્યવાહી થયા પછી કેટલાએ પુનઃ આવી ગુન્હાહિત પ્રવૃત્તિ કરી,

(૪) રાજ્યમાં બિભસ્ત લેખો તેમજ ચિત્રો વાળા પ્રકાશન રોકવા સરકાર દ્વારા કાયમી શી વ્યવસ્થા કરવામાં આવી છે, અને

(૫) આ જવાબદારી કોને સોંપવામાં આવી છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૧૬-૫-૦૫) :

(૧) હા, બિભસ્ત લેખો અને ચિત્રો ઇ.પી.કો.કલમ ૨૯૨, ૨૯૩ની વ્યાખ્યામાં આવતા હોય ત્યારેજ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી શકે છે.

(૨) આવી કોઇ હકીકત ધ્યાને આવેલ નથી.

(૩) ગુજરાત રાજ્યમાં વર્તમાનપત્રોને લગતા પ્રકાશન બાબતે કોઈ ગુન્હા દાખલ થયેલ નથી.

(૪) આવી પ્રવૃત્તિ રોકવા માટે ઇ.પી.કો.કલમ-૨૯૨ તેમજ સ્ત્રીઓને બિભસ્ત રીતે રજુ કરવાના કાયદામાં જોગવાઇઓ કરેલ છે.

(૫) ઇ.પી.કો.કલમ-૨૯૨ તેમજ સ્ત્રીઓને બિભસ્ત રીતે રજુ કરવાના કાયદા મુજબ દાખલ થતા ગુન્હાની તપાસ પોલીસ ખાતા દ્વારા કરવામાં આવે છે.

------------

**પાદરા તાલુકામાં નશાબંધી ખાતાના વર્ગ ૧ થી ૪ નું મહેકમ**

અતારાંકિત : ૩૩૬૬ (૧૩-૪-૦૫) **શ્રી પુનમ ર. પરમાર(પાદરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) પાદરા તાલુકામાં આવેલ નશાબંધી વિભાગમાં વર્ગ ૧ થી ૪ કક્ષાના અધિકારી/કર્મચારીઓનું કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તા.૩૧-૩-૦૫ ની સ્થિતિએ મંજૂર થયેલા મહેકમમાં વર્ગવાર કેટલી જગ્યા ભરાયેલ છે, અને કેટલી ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ સરકાર કયારે ભરવા માંગે છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** (૧-૬-૦૫) :

(૧) પાદરા તાલુકામાં આવેલ નશાબંધી વિભાગમાં વર્ગ-૧ થી ૪ કક્ષાના અધિકારી/કર્મચારીઓનું કુલ મંજૂર મહેકમ ૨૦ નું છે.

(૨) તા.૩૧-૩-૦૫ ની સ્થિતિએ મંજૂર થયેલા મહેકમમાં વર્ગવાર મંજૂર જગ્યા, ભરાયેલી જગ્યા અને ખાલી જગ્યા નીચે મુજબ છે.

| | **સંવર્ગ** | **મંજૂર જગ્યા** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** |
|---|---|---|---|---|
| ૧. | પોલીસ સબ ઇન્સ્પેકટર | ૧ | ૧ | ૦ |
| ૨. | હેડ કોન્સ્ટેબલ | ૮ | ૬ | ૨ |
| | **સંવર્ગ** | **મંજૂર જગ્યા** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** |
| ૩. | પોલીસ કોન્સ્ટેબલ | ૧૦ | ૧૦ | ૦ |
| ૪. | ડ્રાયવર | ૧ | ૧ | ૦ |

(૩) આ ખાલી જગ્યાઓ પ્રતિનિયુકિતથી ભરવાની થતી હોઇ, પોલીસ મહાનિર્દેશકશ્રી તરફથી ફાળવણી થયેથી તૂર્ત જ ભરવામાં આવશે.

-------------

**પાદરા તાલુકામાં દેશી અને વિદેશી દારુના ઉપયોગમાં લીધેલ વાહનો જપ્ત કરવા અંગે**

અતારાંકિત : ૩૩૬૮(૧૩.૪.૦૫) **શ્રી પુનમ ૨. પરમાર(પાદરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) પાદરા તાલુકાના નશાબંધી વિભાગ દ્વારા માર્ચ-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વરસમાં કેટલા રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો,

(૨) આ મુદ્દામાલમાં દારુ (દેશી), વિદેશી દારુ, અખાદ્ય ગોળ, તાડી જેવી અલગ અલગ વસ્તુઓ કેટલી કિંમતની થાય છે,

(૩) આ ગેરકાયદેસર વસ્તુઓના વહનમાં કુલ કેટલા વાહનો જપ્ત કર્યા છે, તેની અંદાજી કિંમત શું છે,

(૪) આ ગેરકાયદેસર દારુ, તાડી, અખાદ્ય ગોળને નાશ કરવા સરકારે શાં પગલાં લીધાં, અને

(૫) કુલ કેટલા આરોપીઓની ધરપકડ થઈ, કેટલાની બાકી છે, બાકી તહોમતદારોને પકડવા સરકારે શાં પગલાં લીધા ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૨૫-૫-૦૫) :

(૧) રૂા. ૩,૫૪,૭૩,૯૧૦-૦૦

(૨) આ મુદ્દામાલમાં દેશી દારુ કિંમત રૂા. ૨૮,૦૫,૮૧૭-૦૦, વિદેશી દારુ કિંમત રૂા. ૬૭,૯૨,૪૪૦.૦૦ વોશ કિંમત રૂા. ૪૩,૦૦,૯૪૩-૦૦, અખાદ્ય ગોળ કિંમત રૂા. ૪,૬૬,૯૦૦-૦૦, તાડી કિંમત રૂા. ૨૫૦-૦૦, અન્ય મુદ્દામાલ કિંમત રૂા. ૬,૯૪,૨૨૦-૦૦ તથા વાહનો કિંમત રૂા. ૨,૦૪,૧૩,૩૪૦-૦૦નો સમાવેશ થાય છે.

(૩) કુલ : ૮૭ વાહનો જપ્ત કર્યા છે. તેની અંદાજી કિંમત રૂા. ૨,૦૪,૧૩,૩૪૦-૦૦ થાય છે.

(૪) પકડાયેલ તાડી અને વોશનો પંચોની રૂબરૂ નાશ કરવામાં આવે છે. જ્યારે દારુ અને અખાદ્ય ગોળનો નાશ કરવા નામ. કોર્ટની મંજુરી મેળવી નાશ કરવામાં આવે છે. જેમાં નીચે દર્શાવ્યા મુજબના સમયગાળા સુધીનો મુદ્દામાલ નાસ કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| દેશી દારુ | : | માહે-૧-૦૫ સુધી નાશ કરેલ છે. |
| વિદેશી દારુ | : | તા.૩૦-૬-૦૪ સુધી નાશ કરેલ છે. |
| અખાદ્ય ગોળ | : | તા. ૩૦-૬-૦૪ સુધી નાશ કરેલ છે. |

(૫) કુલ : ૫૯૭૮ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે, ૪-આરોપી પકડવાના બાકી છે, આ ૪- આરોપીઓને પકડવા તેમની વિરુધ્ધ સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબના વોરંટો નામ. કોર્ટમાંથી કઢાવવામાં આવેલ છે.

------------------

**પાદરા તાલુકામાં ચોરીના ગુન્હાઓના કેસોના નિકાલ**

અતારાંકિત : ૩૩૬૯ (૩.૪.૦૫) **શ્રી પુનમ ૨. પરમાર(પાદરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) પાદરા તાલુકામાં તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ છેલ્લાં બે નાણાંકીય વરસમાં કુલ કેટલા ચોરીના ગુન્હા નોંધાયા,

(૨) તેમાંથી કેટલા ગુન્હાઓના કેસોનો નિકાલ થયો,

(૩) તેમાં કેટલા આરોપી પકડાયા, અને

(૪) બાકી રહેતા ગુન્હાઓ માટે સરકારે શું પગલાં લેવા ધારે છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૧૭-૫-૦૫) :

(૧) એપ્રિલ-૦૩ થી માર્ચ-૦૫ દરમ્યાન ૮૮ ગુન્હા નોંધાયા.

(૨) ૩૯

(૩) ૯૧ આરોપી પકડાયા.

(૪) ૩૯ કેસોમાં એ ફાઈનલ સમરી ગુનાઓ તપાસમાં રહેવાની શરતે ભરેલ છે.
શોધાયેલ ૪ કેસોમાં ચાર્જસીટ ભરવા તથા વણશોધાયેલ ૬ કેસો શોધવાની તજવીજ ચાલુ છે.

------------

**રાજ્યમાં નશાબંધી ખાતા દ્વારા દારુ વેચવા તેમજ પીવા બાબતે થયેલા કેસો**

અતારાંકિત : ૩૩૭૨ (૧૩.૪.૦૫)**શ્રી સિધ્ધાર્થ મા. પરમાર(રાજકોટ ગ્રામ્ય) o માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા
કરશે કે -

(૧) ૧-૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર નશાબંધીના કુલ કેટલા કેસ થયા, અને

(૨) જેમાં વિદેશી તેમજ દેશી દારુ વેચવાના કેટલા કેસ થયા અને પીવાના કેટલા કેસો થયા છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૨૫-૫-૦૫) :

(૧) અને (૨) સામેલ પત્રક " અ" મુજબ

**પત્રક - અ**

રાજ્યમાં નશાબંધી ખાતા દ્વારા તા. ૧-૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર નશાબંધીના થયેલ કેસો અને જે પૈકી વિદેશી તેમજ દેશીદારુ વેચવાના અને પીવાના થયેલ કેસોની વિગતો.

| અ.નં. | જિલ્લાનું નામ | નોંધાયેલ કેસોની સંખ્યા | વિદેશી તેમજ દેશીદારુ વેચવાના કેસોની સંખ્યા | પીવાના કેસોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૯૫૬૭ | ૮૫૬૬ | ૯૬૧ |
| ૨ | ગાંધીનગર | ૨૬૭૪ | ૧૨૩૦ | ૭૦ |
| ૩ | મહેસાણા | ૩૦૧૯ | ૧૩૫૯ | ૭૩ |
| ૪ | પાટણ | ૨૪૨૫ | ૧૦૮૩ | ૪૬ |
| ૫ | બનાસકાંઠા | ૩૭૮૪ | ૧૮૨૭ | ૧૦૪ |
| ૬ | સાબરકાંઠા | ૨૬૯૮ | ૨૧૪૩ | ૮૯ |
| ૭ | ખેડા (નડીયાદ) | ૬૦૭૬ | ૩૩૫૦ | ૫૨ |
| ૮ | આણંદ | ૪૨૭૬ | ૧૫૧૧ | ૧૦૦ |
| ૯ | ગોધરા | ૧૪૧૫ | ૧૩૬૦ | ૦૧ |
| ૧૦ | દાહોદ | ૧૩૭૦ | ૧૩૦૭ | ૧૮ |
| ૧૧ | વડોદરા | ૨૨૬૪૮ | ૨૦૭૭૩ | ૬૬૯ |
| ૧૨ | ભરૂચ | ૧૦૩૭૨ | ૮૮૭૩ | ૭૬ |
| ૧૩ | નર્મદા | ૨૧૮૪ | ૨૨૫૦ | ૧૩ |
| ૧૪ | સુરત | ૩૩૮૮૯ | ૩૩૦૦૭ | ૭૦૧ |
| ૧૫ | નવસારી | ૧૦૦૦૦ | ૧૦૯૨૬ | ૧૫૭ |
| ૧૬ | વલસાડ | ૪૪૨૧ | ૫૮૪૭ | ૩૩ |
| ૧૭ | ડાંગ-આહવા | ૫૩૯ | ૫૬૪ | ૦૬ |
| ૧૮ | રાજકોટ | ૭૭૧૮ | ૪૪૨૩ | ૨૩૪૦ |
| ૧૯ | જુનાગઢ | ૧૬૯૧ | ૧૫૬૩ | ૨૮ |
| ૨૦ | પોરબંદર | ૧૨૫૩ | ૫૦૩ | ૯૪ |
| ૨૧ | અમરેલી | ૧૬૧૩ | ૯૪૮ | ૫૫૯ |
| ૨૨ | ભાવનગર | ૫૮૫૧ | ૧૬૭૨ | ૪૩૩ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૨૭૪૧ | ૨૧૨૬ | ૩૧૩ |
| ૨૪ | કચ્છ | ૨૮૨૨ | ૭૭૩ | ૪૮૮ |
| ૨૫ | જામનગર | ૧૯૪૧ | ૫૩૯ | ૪૭૦ |
| | **કુલ :** | **૧૫૬૯૮૭** | **૧૧૮૫૨૩** | **૭૮૯૪** |

------------

**કચ્છ જિલ્લામાં સ્કવોડ દ્વારા નોંધાયેલ ગુન્હા સામે લીધેલાં પગલાં**

અતારાંકિત : ૩૪૧૨ (૨૦.૪.૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લામાં એન્ટી રોમીયો સ્કવોડની રચના કયારે થઈ,
(૨) આ સ્કવોર્ડ દ્વારા રચના થયા પછી માર્ચ-૦૫ સુધીમાં કેટલા ગુન્હા નોંધાયા,
(૩) આ ગુન્હા પૈકી સ્કુલ/કોલેજો પાસે છેડતીના કેટલા બનાવો બન્યા, અને
(૪) ગુનાહીતો સામે શાં પગલાં લેવાયા ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૮-૬-૦૫) :

(૧) કચ્છ જિલ્લામાં એન્ટીરોમીયો સ્કવોડની રચના થઈ નથી,
(૨) પ્રશ્ન (૧) નો જવાબ 'નીલ' હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન (૧) નો જવાબ 'નીલ' હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) પ્રશ્ન (૧) નો જવાબ 'નીલ' હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**સૌરાષ્ટ્રનાં ઉદ્યોગોને વેચાણવેરામાં રાહત**

અતારાંકિત : ૩૩૨૪ (૨૭.૪.૦૫)**શ્રી ટપુભાઈ લીંબાસિયા(રાજકોટ-૧) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

સૌરાષ્ટ્રમાં કયા કયા ઉદ્યોગોને તા. ૩૧-૩-૦૫ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની વેચાણવેરાની રાહત આપવામાં આવી ?

**મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** (૧૮-૬-૦૫) :

સૌરાષ્ટ્રમાં તા. ૩૧-૩-૦૫ સુધીમાં છેલ્લા બે વર્ષમાં એટલે કે ૨૦૦૩-૦૪ તથા ૨૦૦૪-૦૫માં એન્જી., સીરેમીક, ઈલેકટ્રીકલ, કેમીકલ, પ્લાસ્ટીક, જીનીંગ પ્રેસીંગ, ઓકસિજન ગેસ, રોલીંગ મીલ વગેરે પ્રકારના ૨૭૭ ઉદ્યોગોને રૂા. ૪૮૪૭૧૩-૬૬ લાખનાં વેચાણવેરા રાહત અપાયેલ છે.

------------

**કચ્છ જિલ્લામાં ઔદ્યોગિક વિકાસ અને સંતુલિત વિકાસનું આયોજન**

અતારાંકિત : ૩૪૧૮ (૨૦.૪.૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લામાં કયા કયા તાલુકા તા. ૩૦-૪-૨૦૦૫ની સ્થિતિએ ઔદ્યોગિક રીતે પછાત છે, અને
(૨) આ પછાત તાલુકામાં ઔદ્યોગિક વિકાસ અને સંતુલીત વિકાસ હાથ ધરવા સરકારનું શું આયોજન છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** (૩-૫-૦૫) :

(૧) સરકારશ્રીએ કચ્છના કોઈ તાલુકાને પછાત તાલુકા જાહેર કરેલ નથી. પરંતુ સમગ્ર કચ્છ જિલ્લાને ઔદ્યોગિક વિકાસ માટે પ્રોત્સાહનપાત્ર જાહેર કરેલ છે.

(૨) (ક) ભૂકંપગ્રસ્ત કચ્છ જિલ્લાના આર્થિક વિકાસ માટે પ્રોત્સાહન યોજના ૨૦૦૧, તા.૯.૧૧.૦૧ના ઠરાવથી જાહેર કરેલ છે. આ ઠરાવ અન્વયે લઘુ તેમજ મધ્યકક્ષાના એકમોને વેચાણવેરાના પ્રોત્સાહન લાભો મંજુર કરવાની જોગવાઈ છે. જે અનુસાર વેચાણવેરા માફી, વિલંબિત ચુકવણી તથા વેચાણવેરા કોમ્પોઝીટ યોજનાના લાભો મંજુર કરવામાં આવે છે.

તદ્ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા એકસાઈઝ માફીની યોજના જાહેર કરેલ છે. જે અંતર્ગત એકસાઈઝ માફીના લાભો આપવામાં આવે છે.

(ખ) વધુમાં રાજ્ય સરકારે તા. ૧૦-૬-૦૪ના ઠરાવથી વ્યાજ સહાય યોજના જાહેર કરેલ છે. જે અનુસાર ૧૦ કરોડ સુધીનું જમીન, મકાન બાંધકામ પ્લાન્ટ/મશીનરીમાં ગ્રોસ મુડીરોકાણ ધરાવતા એકમો વ્યાજ સહાયને પાત્ર બને છે. આ યોજના અંતર્ગત નવા વિસ્તૃતીકરણ, વૈવિધ્યકરણ તેમજ આધુનિક કરતા એકમોને લાભ મળવાપાત્ર છે. ટર્મલોન મંજુરીના ૫ ટકા લેખે વ્યાજ સહાય મંજુર કરવાની જોગવાઈ છે. આ યોજનાનો લાભ પણ સમગ્ર કચ્છ જિલ્લામાં આવેલ ઉદ્યોગોને મળી શકે છે.

------------

**કચ્છ જિલ્લામાં ઔદ્યોગિક એકમો સ્થાપવાનું આયોજન**

અતારાંકિત : ૩૪૧૯ (૨૦-૪-૦૫) : **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર માર્ચ-૦૫ની સ્થિતિએ કેટલા મોટા કદના તથા મધ્યમ કદના ઔદ્યોગિક એકમો છે, અને

(૨) આ જિલ્લામાં વધુ ઔદ્યોગિક એકમો સ્થપાય તે માટે સરકારનું શું આયોજન છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** (૯-૬-૦૫) :

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર માર્ચ-૨૦૦૫ની સ્થિતિએ મધ્યમ અને મોટા કદના (આઈ.ઈ.એમ.ફાઈલ થયેલા) પ્રોજેકટોની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ઉત્પાદનમાં ગયેલ એકમોની સંખ્યા | અમલીકરણ હેઠળના એકમોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અબડાસા | ૪ | ૬ |
| ૨ | અંજાર | ૨૧ | ૫૭ |
| ૩ | ભચાઉ | ૧૪ | ૮૧ |
| ૪ | ભૂજ | ૨૫ | ૮૨ |
| ૫ | ગાંધીધામ | ૨૨ | ૧૫૪ |
| ૬ | લખપત | ૧ | ૬ |
| ૭ | માંડવી | - | ૨ |
| ૮ | મુન્દ્રા | ૧૫ | ૧૧ |
| ૯ | નખત્રાણા | - | - |
| ૧૦ | રાપર | - | - |
| | **કુલ :** | **૧૦૨** | **૩૯૯** |

(૨) આ જિલ્લામાં વધુ ઔદ્યોગિક એકમો સ્થપાય તે માટે સરકાર વારંવાર જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો દ્વારા જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ સેમિનારોનું આયોજન કરે છે તથા રાજ્યમાં આંતરરાષ્ટ્રીય ઉદ્યોગકારોને આકર્ષવા માટે ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ જેવા તથા પતંગ મહોત્સવ જેવા ઉત્સવો કરવામાં આવે છે. રાજ્ય સરકાર તરફથી કચ્છ જિલ્લામાં ભૂકંપ બાદ ઓદ્યોગિક ક્ષેત્રે મૂડીરોકાણ વધે તે હેતુથી જાહેર કરવામાં આવેલ વેચાણવેરા પ્રોત્સાહન યોજના કે જેની મુદત તા. ૩૧-૧૨-૨૦૦૪ના રોજ પૂર્ણ થયેલ તેની મુદતમાં એક વર્ષનો વધારો કરી તા. ૩૧-૧૨-૦૫ સુધી યોજનાનો સમયગાળો લંબાવી આપેલ છે. આને લીધે કચ્છ જિલ્લામાં વધુને વધુ ઉદ્યોગો સ્થાપવા માટેની વિવિધ દરખાસ્તો મળવામાં છે. ભારત સરકારે પણ નવા ઉદ્યોગો માટે આબકારી જકાત મુકિતની ઘોષણા કરેલ છે જેની મુદ્દત તા. ૩૧-૭-૨૦૦૩ સુધીની હતી જે અંગે ગુજરાત સરકારની રજુઆતોને ધ્યાને લઈ આ મુદ્દત ભારત સરકારે તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધી લંબાવી આપેલ છે. આમ તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં ઉત્પાદનમાં જનાર એકમને પણ આબકારી મુકિતનો લાભ મળી શકશે.

આમ કચ્છ જિલ્લામાં મહાવિનાશક ભૂકંપના પરિણામે કચ્છ જિલ્લામાં આર્થિક પ્રવૃત્તિઓ સ્થગિત થઈ ગયેલ, જેથી નવું મૂડીરોકાણ થાય તો જ નવી રોજગારીની તકો ઉભી થઈ શકે તે સંજોગામાં ઉદ્યોગોને આકર્ષવા અને ઔદ્યોગિક અને આર્થિક વાતાવરણ ચેતનવંતુ બનાવવા સરકાર કટીબધ્ધ છે.

આમ કચ્છ જિલ્લામાં વધુ ઔદ્યોગિક એકમો સ્થપાય તે માટે વિવિધ આયોજનો સરકાર દ્વારા કરવામાં આવેલ છે.

------------

## પાદરા તાલુકામાં ક્રોમ્પ્ટન ગ્રીવ્ઝ કંપનીના કામદારોને પરત લેવા અંગે

અતારાંકિત : ૩૩૬૧ (૭-૪-૦૫) : **શ્રી પુનમ ર. પરમાર(પાદરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) પાદરા તાલુકામાં આવેલી ક્રોમ્પ્ટન ગ્રીવ્ઝ લી. (બરોડા લેમ્પ વર્કસ) કંપનીના ૪૮ કામદારોને અયોગ્ય રીતે સસ્પેન્ડ કર્યા છે તેને પાછા લેવાનો સરકારે હુકમ કર્યો તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ૩-૩-૨૦૦૫ની સ્થિતિએ શું પરિસ્થિતિ છે, અને

(૩) આ કામદારોને પરત નોકરી પર ન લીધા હોય તો સરકારે કંપની ઉપર શાં પગલાં લીધા છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૬-૬-૦૫) :

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) સસ્પેન્ડ કરાયેલા શ્રમયોગીઓના સંદર્ભમાં સંસ્થાએ કરેલ આંશિક તાળાબંધી પ્રતિબંધિત કરવાના અને આ બાબત ન્યાય-નિર્ણય માટે ઔદ્યોગિક ન્યાય પંચને સોંપવાના હુકમો કરેલ છે.

-----------

## ભૂજ અને નખત્રાણા આઈ.ટી.આઈ.માં સગવડતા અને સાધનો પૂરા પાડવા અંગે

અતારાંકિત : ૩૪૧૦ (૧૬-૪-૦૫) : **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ભૂજ અને નખત્રાણા તાલુકામાં માર્ચ-૨૦૦૫ની સ્થિતિએ કેટલી અને કઈ કઈ જગ્યાએ આઈ.ટી.આઈ. છે,

(૨) તે પૈકી કઈ કઈ આઈ.ટી.આઈ.માં કયા કયા ટ્રેડની સગવડતા અને સાધનો નથી, અને

(૩) આ સગવડ તથા સાધનો કેટલા સમયમાં પુરા પાડવા આયોજન છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૬-૬-૦૫) :

(૧) ભૂજ તાલુકામાં ભૂજ ખાતે ૧-આઈ.ટી.આઈ., જ્યારે નખત્રાણા તાલુકામાં એક પણ આઈ.ટી.આઈ. નથી.

(૨) ભૂજ આઈ.ટી.આઈ. ખાતે ચાલતા બધા ટ્રેડમાં તાલીમી ફર્નીચર, ટુલકીટ અને મશીનરીની અનુક્રમે ૩૦%, ૨૦% અને ૧૦% ઘટ છે.

(૩) માર્ચ-૨૦૦૬ ના અંત સુધીમાં.

------------

## કચ્છ જિલ્લામાં ઉદ્યોગો સામે મજૂરોના શોષણ અંગેની ફરિયાદો

અતારાંકિત : ૩૪૨૮ (૨૦-૪-૦૫) : **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લામાં કેટલા ઉદ્યોગો સામે માર્ચ-૨૦૦૫ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મજુરોના શોષણ અંગે કેટલી ફરીયાદ મળી,

(૨) આ ફરીયાદો સામે સરકાર દ્વારા કોના સામે શી કાર્યવાહી કરી,

(૩) કેટલા કેસોનો નિકાલ થયો, અને

(૪) કેટલા કેસો કયારથી બાકી છે તથા તેના નિકાલ માટે સરકારે શી કાર્યવાહી હાથ ધરી છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૧૫-૬-૦૫) :

(૧) ૧૬૧

(૨) નીચે દર્શાવેલ ત્રણ સંસ્થાઓ સામે વિવિધ શ્રમ કાયદાઓના ભંગ બદલ કુલ ૧૬ કેસો કોર્ટમાં દાખલ કરેલ છે.

(અ) એ.એન.વી. ખરોરે કન્સ્ટ્રકશન પ્રા.લી. અંજાર, કચ્છ.

(બ) એકસલ એપરલ્સ એકસપોર્ટ પ્રા.લી. ગાંધીધામ, કચ્છ.

(ક) જે.એલ.સી. પ્રોજેકટ (ઈ) લી. અંજાર, જી. કચ્છ.

(૩) એકપણ નહી.

(૪) ૧૬ કેસો સને ૨૦૦૪થી નામ. કોર્ટમાં પડતર છે. આ કેસો જલદીથી બોર્ડ ઉપર લાવવા માટેની કાર્યવાહી કરવા સૂચના આપેલ છે.

------------

## જૂનાગઢ જિલ્લામાં ડાર્કઝોન, ક્ષારયુકત પાણીને કારણે વીજજોડાણ ઉપર પ્રતિબંધ બાબત

અતારાંકિત : ૨૫૪૬ (૯-૮-૦૪) : **શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૭-૦૪ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં કયા કયા તાલુકામાં ડાર્ક ઝોન તેમજ ક્ષાર યુકત પાણીના કારણે વીજ જોડાણ આપવા ઉપર પ્રતિબંધ છે, અને

(૨) આવા પ્રતિબંધિત વિસ્તારમાં ખેડૂતોને કુવાના કનેકશનો પુનઃ ચાલુ કરવા તથા નવા કનેકશન આપવા સરકાર શું વિચારે છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૭-૫-૦૫) :

(૧) કોડીનાર અને વંથલી તાલુકાનો ઓવર એક્ષપ્લોઈટેડ કેટેગરીમાં તથા માંગરોલ તાલુકાનો ડાર્ક કેટેગરીમાં સમાવેશ થતો હોઈ કુવા / પાતાળકુવા ઉપર વીજજોડાણ આપવા ઉપર પ્રતિબંધ છે.

(૨) નર્મદા, જળસંપત્તિ પા.પુ. અને કલ્પસર વિભાગના તા. ૧૬-૧૨-૦૩ ના ઠરાવથી રાજ્યના ઓવર એક્ષપ્લોઈટેડ કેટેગરીને ડાર્ક કેટેગરી અને ખારાશયુકત ભુગર્ભ જળવાળા કુલ ૫૭ તાલુકાઓમાં તા. ૧-૧-૦૪ થી સિંચાઈ માટે કરવામાં આવતા ખાનગી પાતાળ કુવાઓમાં કોઈપણ યોજનાઓ હેઠળ ગુજરાત વિદ્યુતબોર્ડ દ્વારા ગુજરાત ભુગર્ભજળ સત્તા મંડળની પુર્વ મંજુરી સિવાય વીજજોડાણ આપવાનું રહેશે નહી તે પ્રમાણે ઠરાવવામાં આવેલ હતું. પરંતુ તા. ૧૬-૧૨-૦૩ ના ઠરાવમાં જરુરી સુધારો કરી તા. ૫-૮-૦૪ ના રોજ નવો ઠરાવ કરવામાં આવેલ છે. તેમાં નીચેના સુધારા કરવામાં આવેલ છે.

(અ) મુળ માલિકના પી.ડી.સી. કનેકશનને ફરીથી તેજ સ્થળે એટલે કે મુળ જગ્યાએ ચાલુ કરવા માટે ગુજરાત વિદ્યુતબોર્ડ સીધી મંજુરી આપી શકશે.

(બ) તા. ૧-૪-૦૪ પછી સિંચાઈ માટે બનાવવામાં આવેલ નવા કુવા/પાતાળકુવા ઉપર નવુ વીજજોડાણ મેળવવા માટે ગુજરાત ભુગર્ભજળ સત્તા મંડળની મંજુરી મેળવ્યા બાદ જ ગુજરાત વિદ્યુત બોર્ડે જરુરી કાર્યવાહી કરવાની રહેશે.

---------------

**ચેકડેમો અને તળાવો બાંધવાનું કામ નિગમોને સોંપવા અંગે**

અતારાંકિત : ૩૨૨૬ (૩-૨-૦૫) : **શ્રી મનહરલાલ મ. મકવાણા(દસાડા) : માનનીય જળસંપત્તિમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્ય સરકાર દ્વારા ચેકડેમો અને તળાવોના બાંધકામો સરકારી વિભાગો દ્વારા કરવાને બદલે કયા નિગમો દ્વારા આવા કામો સને ૨૦૦૩-૨૦૦૪ના વર્ષમાં કરવામાં આવ્યા, અને

(૨) જે નિગમોને આવી કામગીરી સોંપવામાં આવે છે તે નિગમોની મૂળ કામગીરી સાથે સુસંગત છે કે કેમ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૫-૭-૦૫) :

(૧) ગામ તળાવ ઉંડા કરવાની કામગીરી ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી. ગાંધીનગર દ્વારા કરાવવામાં આવે છે. અને ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લી. દ્વારા સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના અંતર્ગત સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં મોટી નદીઓ ઉપર ચેકડેમોની કામગીરી કરવામાં આવે છે.

(૨) હા, જી.

------------

ચેકડેમો અને તળાવોના કામ અંગે

અતારાંકિત : ૩૨૩૭ (૧૨-૨-૦૫) : **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યભરમાં તળાવો અને ચેકડેમોના કામમાં તા. ૧-૧-૨૦૦૪ થી તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં કેટલું ખર્ચ થયું અને કેટલા કામો પૂર્ણ થયા,

(૨) આ કામો લોકભાગીદારીથી થયા હોય તો તે દ્વારા કેટલી રકમ રાજ્ય સરકારને પ્રાપ્ત થઈ, અને

(૩) લોકભાગીદારી વગર કામો થયા હોય તો તેમાં કેટલો ખર્ચ અને કેટલા કામો થયા ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** ( ૧૫-૬-૦૫) :

(૧) રાજ્યભરમાં તળાવો અને ચેકડેમોના કામમાં તા. ૧-૧-૨૦૦૪ થી તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં રૂા. ૫૫૮૧૨ લાખના ખર્ચે થયો અને કુલ ૩૦૭૨૩ કામો પૂર્ણ થયા છે.

(૨) આ કામો પૈકી ચેકડેમો બિન આદિવાસી વિસ્તારોમાં ૬૦:૪૦ના ધોરણથી અને અદિવાસી વિસ્તારોમાં ૮૦:૨૦ના ધોરણથી કરવામાં આવેલ છે. જ્યારે તળાવો ઉંડા કરવાની કામગીરી ૯૦:૧૦ના ધોરણથી કરવામાં આવે છે. આ કામો લોકભાગીદારીથી કરવામાં આવતાં સીધી રીતે સરકારને કોઈ આવક થતી નથી. પરંતુ લોકફાળા જેટલી રકમની સરકારને બચત થાય છે.

(૩) લોકભાગીદારી વગર ૩૪૯૭ કામો થયા છે અને તેમાં રૂા. ૯૨૮૫ લાખનો ખર્ચ થયો છે.

------------

**ભાવનગર જિલ્લામાં ચેકડેમો અને ખર્ચ**

અતારાંકિત : ૩૨૫૮ (૭-૨-૦૫) : **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૨, ૨૦૦૩, અને ૨૦૦૪માં કુલ કેટલા ચેકડેમો થયા અને તે દરેક વર્ષમાં સરકારે કેટલો ખર્ચ કર્યો, અને

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ આ ચેકડેમોના માધ્યમથી પાણીનો કેટલો જથ્થો સંગ્રહ થઈ શક્યો?

**જળ સંપત્તિ મંત્રીશ્રી** (૨૪-૫-૦૫) :

(૧) ભાવનગર જિલ્લામાં વર્ષવાર નીચે મુજબના ચેકડેમો થયેલ છે અને જે પાછળ નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| | | ચેકડેમોની સંખ્યા | | | | થયેલ ખર્ચ રૂ. લાખમાં | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૨ | ૨૦૦૩ | ૨૦૦૪ | કુલ | ૨૦૦૨ | ૨૦૦૩ | ૨૦૦૪ | કુલ |
| જઅ | જળસંપત્તિ વિભાગ દ્વારા થયેલ | ૧૪૮૦ | ૩૦ | ૯૫ | **૧૬૦૫** | ૩૧૬૯ | ૭૦ | ૧૦૭ | **૩૩૪૭** |
| | ગુ.જ.સં.વિ.નિ.લી. દ્વારા થયેલ | ૦ | ૨ | ૩૧ | **૩૩** | ૦ | ૧૫ | ૪૦૩ | **૪૧૮** |
| વન અને પર્યાવરણ વિભાગ દ્વારા | | ૨૧ | | | **૨૧** | ૩ | ૯ | ૨ | **૧૪** |
| ગ્રામ વિકાસ વિભાગ દ્વારા | | ૧૮૩ | ૧૪૨ | ૨૧૭ | **૫૪૨** | ૨૬૬ | ૨૫૫ | ૨૪૧ | **૭૬૩** |
| કુલ | | | | | **૨૨૦૧** | | | | **૪૫૪૧** |

(૨) ઉપરોક્ત ચેકડેમોથી તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ આશરે ૨૦૦૦ મીલીયન ઘનફુટ જેટલા પાણીનો જથ્થો સંગ્રહાયેલ છે.

-------------

## નર્મદા જિલ્લામાં ચેકડેમોનું આયોજન

અતારાંકિત : ૩૨૭૫ (૨૧-૨-૦૫) : શ્રી મહેશભાઈ છો. વસાવા(દેડિયાપાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

(૧) નર્મદા જિલ્લામાં ૨૦૦૪ના વર્ષમાં દ્વારા કેટલા ચેકડેમોનું આયોજન કરવામાં આવ્યું,
(૨) આ આયોજન પૈકી ડીસેમ્બર-૦૪ની સ્થિતિએ કેટલા ચેકડેમ પૂર્ણ થયા,
(૩) કેટલા અધુરા રહયા
(૪) બનેલા ચેકડેમોમાંથી કેટલા તૂટી ગયા,
(૫) તૂટી ગયેલા ચેકડેમો માટે કોની જવાબદારી નક્કી કરવામાં આવી છે, અને
(૬) આ તૂટી ગયેલા ચેકડેમો કયારે બનાવવામાં આવશે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨૦-૫-૦૫) :

(૧) નર્મદા જિલ્લામાં રાજ્યના વિવિધ વિભાગો દ્વારા ૨૦૦૪ના વર્ષમાં કુલ ૧૯૯ ચેકડેમો આયોજન કરવામાં આવ્યા.
(૨) આ આયોજના પૈકી ડીસેમ્બર-૦૪ની સ્થિતિએ ૧૨૯ ચેકડેમો પૂર્ણ થયા.
(૩) ૭૦ ચેકડેમો.
(૪) ત્રણ ચેકડેમોમાં અંશતઃ નુકશાન થયું છે.
(૫) કોઈની નહીં.
(૬) બે ચેકડેમોનું સમારકામ સ્વૈછિક સંસ્થાઓ દ્વારા પૂર્ણ કરવામાં આવ્યું છે તથા એક ચેકડેમનું સમારકામ પ્રાયોજક દ્વારા હાથ લેવાનું આયોજન કરેલ છે.

-----------

## કચ્છ જિલ્લામાં ડેમોનું સમારકામ

અતારાંકિત : ૩૩૦૩ (૨૨-૨-૦૫) : **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં કયા કયા મધ્યમ, નાની સિંચાઈના ડેમોનું સમારકામ કયા કયા તબક્કે છે,
(૨) કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો હતો,
(૩) કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, અને
(૪) કેટલા સમયમાં કામો પૂરા કરવામાં આવશે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧-૪-૦૫) :

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તબક્કા-૧માં કરવામાં આવેલ સમારકામના કામો આ સાથે સામેલ *પત્રક-૧માં દર્શાવેલ ૧૮૫ સિંચાઈ યોજનાઓ જુદા જુદા તબક્કે ચાલુ છે જે *પૈકી પત્રક-૩માં જણાવેલ ૮ યોજનાના કામો પૂર્ણ થયેલ છે.

(૨) આ કામો માટે રૂા. ૧૮૭૦૭.૩૦ લાખ ખર્ચ અંદાજવામાં આવેલ છે.

(૩) પત્રક-૧ અને ૨માં દર્શાવ્યા મુજબ કુલ રૂપિયા ૬૯૩૪.૭૧ લાખ ખર્ચ કરવામાં આવ્યો છે.

(૪) આ કામો માર્ચ ૨૦૦૬ અંતિત પૂર્ણ કરવાનું આયોજન છે.

* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

----------

નર્મદા માસ્ટર પ્લાન હેઠળ જૂનાગઢ જિલ્લાનો સમાવેશ

અતારાંકિત : ૩૩૦૪ ( ૨૨-૩-૦૫) : **શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) નર્મદા માસ્ટર પ્લાન યોજનામાં કેટલા ગામો તથા શહેરોને આવરી લીધેલ છે,

(૨) એમાં જૂનાગઢ જિલ્લાના કયા કયા ગામ તથા શહેરોનો સમાવેશ થાય છે,

(૩) આ સમાવેશ થયેલ ગામો/શહેરો પૈકી કેટલાને તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ પાણી મળે છે, અને

(૪) બાકી રહેતા કયા કયા ગામ/શહેરો છે,

(૫) તેને કયારે પાણી આપવાનું આયોજન છે, અને

(૬) માસ્ટર પ્લાન યોજનામાં જૂનાગઢ જિલ્લાના હજી વધારે કયા કયા ગામ/શહેરને આવરી લેવાનું આયોજન છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૧૪-૬-૦૫) :

(૧) ૮૨૧૫ ગામો અને ૧૩૫ શહેરો.

(૨) જુનાગઢ જિલ્લાના સમગ્ર ૧૦૩૫ ગામ અને ૧૪ શહેરોનો સમાવેશ થાય છે. (પરિશિષ્ટ-૧)

(૩) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના કોઈ પણ ગામને નર્મદાનું પીવાનું પાણી હાલ આપવામાં આવતું નથી. જો કે અત્યાર સુધીમાં જિલ્લાના આવરી લીધેલ કુલ ૨૬૮ ગામ-૮ શહેરો પૈકી કુલ ૨૫૧ ગામો અને ૭ શહેરોને નર્મદાનું પાણી આપવામાં આવેલ છે.

(૪) બાકી રહેતા ૭૬૭ ગામો અને ૬ શહેર છે. (જે પૈકી ૧૭૬ ગામો વસ્તીવિહિન/ઓછી વસ્તીવાળા છે.) (પરિશિષ્ટ *-૨)

(૫) નાણાકીય જોગવાઈને આધીન, યોજનાકીય કામગીરી હાથ ધર્યેથી પાણી આપવાનું આયોજન છે.

(૬) ખંડ-૪માં જણાવેલ જૂનાગઢ જિલ્લાના બાકી રહેતા ૫૯૧ ગામ અને ૬ શહેરને આવરી લેવાનું આયોજન છે. (પરિશિષ્ટ *-૨માં જણાવેલ પ્રથમ ૫૯૧ ગામો.)

* *(પરિશિષ્ટો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

**ખેડા જિલ્લામાં સુજલામ સુફલામ્ યોજના પાછળ ખર્ચ**

અતારાંકિત : ૩૩૦૮ (૩-૩-૦૫) : **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ જિલ્લામાં સુજલામ સુફલામ યોજના પાછળ તાલુકાવાર સરકારે કેટલો ખર્ચ કર્યો છે. ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨૪-૩-૦૫) :

તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં સુજલામ સુફલામ યોજના પાછળ તાલુકાવાર સરકારે નીચે પ્રમાણે ખર્ચ કર્યો છે.

| **અ.નં.** | **તાલુકો** | **કરેલ ખર્ચ રૂા. લાખમાં** | | |
|---|---|---|---|---|
| | | **જળસંપત્તિ પ્રભાગ** | **ગ્રામ વિકાસ** | **કુલ ખર્ચ** |
| ૧ | કપડવંજ | ૪૧.૨૪ | ૧૦૩.૭૩ | ૧૪૪.૯૭ |
| ૨ | વીરપુર | ૧૩૬.૮૦ | ૨૮.૫૭ | ૧૬૫.૩૭ |
| ૩ | બાલાશિનોર | ૪૫૪.૫૫ | ૪૬.૨૦ | ૫૦૦.૭૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | નડીયાદ | ૦.૦૦ | ૨૨.૦૯ | ૨૨.૦૯ |
| ૫ | મહુધા | ૦.૦૦ | ૩૩.૨૪ | ૩૩.૨૪ |
| ૬ | કઠલાલ | ૦.૦૦ | ૫૩.૫૩ | ૫૩.૫૩ |
| ૭ | માતર | ૦.૦૦ | ૧૭.૬૩ | ૧૭.૬૩ |
| ૮ | મહેમદાવાદ | ૦.૦૦ | ૩૧.૬૪ | ૩૧.૬૪ |
| ૯ | ઠાસરા | ૦.૦૦ | ૧૫૨.૧૦ | ૧૫૨.૧૦ |
| ૧૦ | ખેડા | ૦.૦૦ | ૯.૩૪ | ૯.૩૪ |
| | **કુલ :** | **૬૩૨.૫૯** | **૪૯૮.૦૭** | **૧૧૩૦.૬૬** |

આમ સુજલામ્ સુફલામ્ યોજના પાછળ સરકારશ્રી દ્વારા કુલ ૧૦ તાલુકામાં તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ રૂા. ૧૧૩૦.૬૬ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

-----------

## આદિજાતિ વિસ્તારોમાં ડેમ બનાવવા બાબત

અતારાંકિત : ૩૩૨૧ (૧૦-૩-૦૫) **શ્રી માધુભાઈ જે. ભોયે(ડાંગ-વાંસદા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં કયા કયા ડેમો ક્યાં બાંધવામાં આવેલ છે,

(૨) આ ડેમોમાં પાણીની સંગ્રહક્ષમતા કેટલી છે,

(૩) આ પાણી કયા કયા વિસ્તારોમાં આપવામાં આવે છે, અને

(૪) ડેમો માટે કુલ કેટલા લોકો વિસ્થાપિત કરવામાં આવ્યા અને કેટલાનું પુનઃવસન કરવામાં આવ્યું ?

**જળ સંપત્તિ મંત્રીશ્રી** (૬-૬-૦૫) :

(૧) ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં પત્રક-૧ મુજબના કુલ ૨૨૬ ડેમો બાંધવામાં આવેલા છે.

(૨) પત્રક-૨ મુજબ આ ડેમોની કુલ સંગ્રહક્ષમતા ૧૦૯૦૯.૫૦ મીલીયન ઘનમીટર છે.

(૩) પત્રક-૩ મુજબ રાજ્યના જુદા જુદા વિસ્તારોને પાણી આપવામાં આવે છે.

(૪) પત્રક-૪ મુજબ ૫૪૧૯૪ લોકોને વિસ્થાપિત કરવામાં આવ્યા અને ૫૩૫૧૪ લોકોનું પુનઃવસન કરવામાં આવ્યું. (પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

-----------

## જિલ્લાવાર નર્મદાના પાણીનું આયોજન

અતારાંકિત : ૩૩૨૨ (૧૧-૩-૦૫) : **શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) પીવાના પાણીની કાયમી તંગીવાળા ગુજરાતના કયા જીલ્લાના કેટલા કેટલા ગામોને નર્મદાનું પીવાનું પાણી આપવાનું આયોજન છે,

(૨) એમાંથી જુનાગઢ જિલ્લાના કયા કયા તાલુકાના કયા કયા ગામોને નર્મદાનું પીવાનું પાણી હાલમાં આપવામાં આવે છે, અને

(૩) ભવિષ્યમાં વધુ કયા કયા ગામોને આપવાનું વિચારેલ છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી : ( ૧૪-૬-૦૫)**

(૧) નીચેની વિગતે.

| **અનું નં.** | **જિલ્લો** | **ગામોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | અમરેલી | ૬૧૩ |
| ૨ | ભાવનગર | ૭૯૫ |
| ૩ | જુનાગઢ | ૧૦૩૫ |
| ૪ | રાજકોટ | ૮૫૬ |
| ૫ | જામનગર | ૭૫૧ |
| ૬ | પોરબંદર | ૧૭૬ |
| ૭ | કચ્છ | ૯૪૮ |
| ૮ | સુરેન્દ્રનગર | ૬૫૧ |

| અનું નં. | જિલ્લો | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૯ | અમદાવાદ | ૩૭૭ |
| ૧૦ | સાબરકાંઠા | ૫૬૮ |
| ૧૧ | બનાસકાંઠા | ૩૬૩ |
| ૧૨ | મહેસાણા | ૨૭૫ |
| ૧૩ | પાટણ | ૩૨૬ |
| ૧૪ | ગાંધીનગર | ૬૮ |
| ૧૫ | પંચમહાલ | ૪૧૩ |
| | કુલ........... | ૮૨૧૫ |

(૨) જુનાગઢ જિલ્લાના કોઈપણ ગામને નર્મદાનું પીવાનુ પાણી હાલમાં આપવામાં આવતું નથી. જો કે, અત્યાર સુધીમાં જિલ્લાના આવરી લીધેલ કુલ ૨૬૮ ગામ પૈકી કુલ ૨૫૧ ગામોને નર્મદાનું પીવાનું પાણી આપવામાં આવેલ છે.

(૩) જુનાગઢ જિલ્લાના બાકી રહેતા ૭૬૭ ગામોને નર્મદાનું પીવાનું પાણી આપવાનું આયોજન છે. (૭૬૭ ગામો પૈકી ૧૭૬ ગામો વસ્તીવીહીન/નહીવત વસ્તીવાળા છે.) (પરિશિષ્ટ-૧)*
(* પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

## ખંભાત તાલુકામાં રાલજ-કલ્પસરની ખાડીમાં આડબંધ

અતારાંકિત : ૩૩૫૦ (૨૭-૪-૦૫) : **શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) આણંદ જિલ્લાના ખંભાત તાલુકાના રાલજ-કલ્પસરની ખાડીમા આડબંધનું કામ ક્યારે મંજુર થયું,
(૨) આ આડબંધનું ભૂમિપૂજન થયા બાદ આ કામ શરૂ ન થવા પાછળના કારણો શું છે,
(૩) આ કામ પૂર્ણ થતાં કેટલા વિસ્તારને સિંચાઈ સુવિધા પ્રાપ્ત થશે, અને
(૪) આ કામનો અંદાજીત ખર્ચ કેટલો છે અને આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જળ સંપત્તિ મંત્રીશ્રી** (૧૭-૬-૦૫) :

(૧) તારીખ ૪-૧૨-૦૩
(૨) ચેક ડેમની ડીઝાઈનમાં ફેરફાર થવાના કારણે.
(૩) ૨૦૪ હેકટર વિસ્તારને.
(૪) રૂપિયા ૨,૪૩,૧૫,૬૦૦/- અને આ કામ નવેમ્બર - ૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

## ખંભાત તાલુકાનાં શકરપુર કાંસનું કામ

અતારાંકિત : ૩૩૫૨ (૭-૪-૦૫) : **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ખંભાત તાલુકાના શકરપુર લેટરલ કાંસનું કામ ક્યારે મંજૂર કરવામાં આવ્યું,
(૨) મંજૂર કરવામાં આવ્યુ ત્યારે આ યોજનાનો અંદાજીત ખર્ચ કેટલો હતો,
(૩) આ યોજના થકી કેટલું કામ થયું છે અને કેટલું કામ બાકી છે,
(૪) તારીખ ૩૦-૧૨-૨૦૦૪ની સ્થિતિએ આ કામ પાછળ કેટલો ખર્ચ થયો છે, અને
(૫) આ કામ ક્યાં સુધીમાં પૂર્ણ થશે ?

**જળ સંપત્તિ મંત્રીશ્રી** (૧૭-૬-૦૫) :

(૧) તા. ૮-૧૨-૧૯૯૮
(૨) રૂા. ૪૬,૪૩,૭૮૦-૩૩
(૩) કાંસમાં ૫' વ્યાસની પાઈપલાઈન ૪૨૭.૫૦ મીટરમાં થયેલ છે, ૬૭૨.૫૦ મીટર કામગીરી બાકી છે.
(૪) રૂા. ૧૮,૭૪,૨૬૬-૭૦
(૫) નવેમ્બર-૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

## ખંભાત શહેરને કનેવાલ તળાવમાંથી પીવાનું પાણી આપવા અંગે

અતારાંકિત : ૩૩૫૩ (૨૭-૫-૦૫) : **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) આણંદ જિલ્લાના ખંભાત શહેરને કનેવાલ તળાવથી પાઈપ નાખી પીવાનું મીઠું પાણી પુરૂંપાડવાની યોજના તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ કયા તબક્કામાં છે,

(૨) આ યોજનાનો અંદાજીત ખર્ચ કેટલો છે,

(૩) કેટલુ કામ થયેલ છે અને કેટલું કામ બાકી છે, અને

(૪) બાકીનું કામ પૂર્ણ કરવા માટે સરકાર દ્વારા કરાયેલ આયોજનની વિગતો શું છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૯-૬-૦૫) :

(૧) પાણી પુરવઠા બોર્ડ દ્વારા કરવાની થતી કામગીરી પૂર્ણ કરેલ છે. જ્યારે નગરપાલીકાએ હાથ ધરવાના થતા કામો બાકી છે.

(૨) રૂા. ૯૭૫/- લાખ ગ્રોસ

(૩) ઈન્ટેકસ્ટ્રકચર, રો વોટર, પમ્પીંગ મેઈનની કામગીરી પૂર્ણ થયેલ છે અને મશીનરી ઈન્સ્ટોલેશન, વિજ કનેકશન તથા ફીલ્ટ્રેશન પ્લાન્ટની કામગીરી બાકી છે.

(૪) ખંભાત નગરપાલીકા દ્વારા કરાયેલ આયોજન મુજબ માહે ૩/૨૦૦૬ સુધીમાં યોજના કાર્યરત કરવાનું આયોજન છે.

-----------

## પાદરા તાલુકામાં સરકારી ટયુબવેલો

અતારાંકિત : ૩૩૫૪ (૨૭-૪-૦૫) : **શ્રી પુનમ ૨. પરમાર(પાદરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૩-૨૦૦૫ ની સ્થિતિએ પાદરા તાલુકામાં કુલ કેટલા સરકારી ટયુબવેલો છે,

(૨) તેમાંથી કેટલા ચાલુ હાલતમાં છે, અને

(૩) જે બંધ હાલતમાં ટયુબવેલ છે એના માટે સરકાર શું યોજના બનાવી રહી છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૯-૬-૦૫) :

(૧) પાણી પુરવઠા બોર્ડના ૫૫ ટયુબવેલો છે.

(૨) ૫૨ ટયુબવેલ.

(૩) ૩ નિષ્ફળ ગયેલ ટયુબવેલ વાળા ગામોનો પાદરા જુથ પાણી પુરવઠા યોજનામાં સમાવેશ કરેલ છે.

-----------

## પાદરા તાલુકામાં તળાવો ઊંડા કરવાની અરજીઓ

અતારાંકિત : ૩૩૫૮ (૨૭-૪-૦૫) : **શ્રી પુનમ ૨. પરમાર(પાદરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) પાદરા તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૫ ની સ્થિતિએ છેલ્લા બે વરસમાં તળાવ ઉંડા કરવાની કેટલી અરજીઓ આવી,

(૨) તેમાંથી કેટલી મંજૂર કરી,

(૩) કેટલી મંજૂર કરવાની બાકી છે, અને

(૪) તે કેટલા સમયમાં મંજૂર કરાશે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૭-૬-૦૫) :

(૧) કુલ ૧૨ અરજીઓ આવી, જે ચકાસણી હેઠળ છે.

(૨) એકે નહિં.

(૩) બધી જ.

(૪) ચકાસણીની કામગીરી પૂર્ણ થયે.

-

----------

**ભૂજ તથા નખત્રાણા તાલુકામાં સ્વજલધારા યોજનાના કામો**

અતારાંકિત : ૩૪૨૯ (૨૭-૪-૦૫) : **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સ્વજલધારા યોજનામાં ભૂજ તથા નખત્રાણા તાલુકામાં માર્ચ-૨૦૦૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ વપરાઈ,

(૨) કેટલી અરજીઓ ગ્રામ પંચાયતો દ્વારા આવી, અને

(૩) તેમાંથી કયા ગામોમાં કેટલી યોજના પ્રગતિમાં છે તથા કેટલી પૂર્ણ થઈ છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૯-૬-૦૫) :

(૧) શૂન્ય.

(૨) કચ્છ જીલ્લામાં સ્વજલધારા યોજનાનું અમલીકરણ થતુ ન હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**જામનગર તાલુકામાં સેકટર રીફોર્મ યોજના હેઠળ પીવાના પાણીની ટાંકીઓ**

અતારાંકિત : ૩૪૫૮ (૧૬-૫-૦૫) : **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૩-૨૦૦૫ ની સ્થિતિએ જામનગર જિલ્લાના જામનગર તાલુકાના કેટલા ગામોમાં કેન્દ્ર સરકારની સેકટર રીફોર્મ યોજના હેઠળ પીવાના પાણીની ટાંકીઓ છેલ્લા ત્રણ વર્ષમાં બનાવવામાં આવી,

(૨) આ પૈકીના કયા ગામની પાણીની ટાંકીનું કામ અધૂરું છે, અને કેટલા ગામોએ પાણી ન મળવાની ફરિયાદ કરી, અને

(૩) આ ફરિયાદ સંદર્ભે સરકારે શી કાર્યવાહી કરી ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૯-૬-૦૫) :

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

*વડોદરા જિલ્લામાં ગૌચરના દબાણો*

અતારાંકિત : ૩૩૧૨ (૪-૩-૦૫) : **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ(સાવલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ તાલુકાવાર કયા કયા ગામોમાં ગૌચર જમીન પર દબાણો થયેલા છે,

(૨) કેટલા સમયથી આ દબાણો થયેલા છે,

(૩) આ દબાણો હટાવવા સરકારે શું પગલાં ભર્યા, અને

(૪) કેટલી જગ્યાએથી દબાણો હટાવવાના બાકી છે અને કયા સુધીમાં તે હટાવવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (૪-૪-૦૫) :

(૧) પત્રક -૧ મુજબ.

(૨) પ્રત્યેક દબાણ અલગ-અલગ સમયગાળાના છે અને ઘણાં લાંબા સમયથી થયેલા છે.

(૩) ગુજરાત પંચાયત અધિનિયમની કલમ-૧૦૫ અને તે ઉપરની વખતોવખતની વહીવટી સુચનાઓ અનુસાર દબાણો હટાવવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે જ.

(૪) ૧૬૫૪ દબાણો હટાવવાના બાકી છે, જે દબાણો હટાવવાની વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી તુરત જ દૂર કરવામાં આવશે.

**પત્રક - ૧**

**ગૌચરના દબાણો**

| અ.નં. | તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|---|
| ૧ | વડોદરા | વડદલા |
| | | બીલ |
| | | બાજવા |
| | | અનખોલ |
| **અ.નં.** | **તાલુકાનું નામ** | **ગામનું નામ** |

| | | |
|---|---|---|
| | | વરણામા |
| | | વિરોદ |
| | | સોખડા |
| | | અંપાડ |
| | | હીંગલોટ |
| | | મુઝારગામડી |
| | | તલસટ |
| | | ઈટોલા |
| | | ચાપડ |
| | | ધનોરા |
| | | પોર |
| | | રતનપુર |
| | | વેમાલી |
| | | વડસાલા |
| | | દેણા |
| | | સલાડ |
| | | ખાનપુર |
| | | સુંદરપુરા |
| | | રાભીપુરા |
| | | શાહપુરા |
| | | શેરખી |
| | | આમલીયારા |
| | | સેવાસી |
| | | સાંકરદા |
| | | કોયલી |
| | | અનગઢ |
| | | આસોજ |
| | | અણખી |
| | | કોટાલી |
| ૨ | પાદરા | મુવાલ |
| | | વડુ |
| | | ડબકા |
| | | સરસવણી |
| | | હુસેપુર |
| | | શહેરા |
| | | અભોડ |
| ૩ | કરજણ | વલણ |
| | | ભરથાણા |
| | | ચોરંદા |
| ૪ | સંખેડા | બહાદરપુર |
| | | બોડેલી |
| | | મોરખલા |
| | | પીછુવાડા |
| | | વાસણા (સે.) |
| | | અંગારી |
| | | વડેલી |
| | | પીપલછટ |
| અ.નં. | તાલુકાનું નામ | ગામનું નામ |
| ૫ | ડભોઈ | ગોજાલી |
| | | અંબાવ |
| | | બનૈયા |
| | | કજાપુર |
| | | વાયદપુરા |
| | | નાગડોલ |
| | | લીંગસ્થળી |
| | | પિસાઈ |
| | | નડા |
| | | વઢવાણા |
| | | સાઠોદ |
| | | વણાદરા |
| | | પલાસવાડા |
| | | નંદેરીયા |
| | | કાયાવરોહણ |
| | | ચાંદોદ |

| | | |
|---|---|---|
| ૬ | વાઘોડીયા | ગોરજ |
| | | જરોદ |
| | | પાલડી |
| | | રાજપુરા |
| | | સરણેજ |
| | | મઢેલી |
| ૭ | જેતપુર-પાવી | નાનીબેજ |
| | | અનીયાદ્રી |
| | | ઉચાપન |
| | | ખાટીયાવાંટ |
| ૮ | કવાંટ | ખાટીયાવાંટ |
| ૯ | સાવલી | પીલોલ |
| | | સાંઢાસાલ |
| | | વેમાર |
| | | પોઈચા-રા |
| | | મોક્ષી |
| | | કનોડીયા |
| | | સાવલી |
| | | લોટણા |
| | | ગોઠડા |

-----------

## રાજકોટ જિલ્લાની જમીનો બિનખેતી કરવા બાબત

અતારાંકિત : ૩૨૭૮ (૨૧-૨-૦૫) : **શ્રી ટપુભાઈ લીંબાસિયા(રાજકોટ-૧) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

તા.૩૧-૧૨-૦૪ સુધીમાં છેલ્લા બે વર્ષમાં રાજકોટ કલેકટર કચેરી દ્વારા કોની કોની કેટલા એકર જમીન બિનખેતી કરવામાં આવી ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૧૦-૬-૦૫) :

તા.૩૧-૧૨-૦૪ અંતિત છેલ્લા બે વર્ષ દરમ્યાન કલેકટર કચેરી, રાજકોટ દ્વારા ૨૦૯ ખાતેદારોની કુલ ૨૩,૩૮,૧૩૭-૬૫ ચો.મી. જમીન અલગ અલગ હેતુઓ માટે બિનખેતી પરવાનગી આપવામાં આવી છે, જેની ખાતેદાર દીઠની વિગતો આ સાથેના નિયત પત્રક મુજબ છે.
* (પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

## કાલાવડ અને ધ્વારકા તાલુકામાં નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાના કેસો

અતારાંકિત : ૩૪૮૭ (૧૬-૫-૦૫) : **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ કાલાવડ અને દ્વારકા તાલુકામાં નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવા માટે છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અરજીઓ આવી,

(૨) તેમાંથી કેટલી અરજીઓને ૬૦ પટના પૈસા ભરવાની મંજુરી આપવામાં આવી,

(૩) તે પૈકી કેટલા અરજદારોએ પૈસા ભર્યા અને કેટલાના જૂની શરતના હુકમો અપાયેલ છે, અને

(૪) બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૩૦-૬-૦૫) :

(૧)

| **તાલુકાનું નામ** | **મળેલ કેસો** |
|---|---|
| કાલાવડ | ૧૯૮ |
| દ્વારકા | ૨૪૬ |
| **કુલ :** | ૪૪૪ |

(૨) **તાલુકાનું નામ** **પટના પૈસા ભરવા મંજુરી આપેલ કેસો**

| | | |
|---|---|---|
| | કાલાવડ | ૧૯૮ |
| | દ્વારકા | ૨૪૬ |
| | **કુલ :** | **૪૪૪** |
| (૩) | **તાલુકાનું નામ** | **પૈસા ભરાયેલ અને કરેલ હુકમોના કેસો** |
| | કાલાવડ | ૧૧૩ |
| | દ્વારકા | ૧૧૦ |
| | **કુલ :** | **૨૨૩** |

(૪) કાલાવડ તાલુકામાં ૮૫ તથા દ્વારકા તાલુકામાં ૧૩૬ કેસોમાં ૬૦ પટની રકમ નિયત સમયમાં ભરાયેલ નહી હોવાથી તે કેસો દફતરે કરેલ છે. આમ આ બે તાલુકામાં કોઇ કેસ બાકી ન હોઇ પ્રશ્ન નથી.

-----------

**અમદાવાદમાં વિશ્વ બેંક/એડીબી સહાયિત ભૂકંપના મકાનોના કામો**

અતારાંકિત : ૩૨૫૨ (૧૬-૨-૦૫) : **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) અમદાવાદમાં વિશ્વ બેંક/એડીબી સહાયિત ભૂકંપ પુનઃ નિર્માણમાં મકાનોનાં પુનઃ નિર્માણ કામો પૈકી કેટલા કામો પૂર્ણ થયા, અને

(૨) બાકીનાં કામો કયારે પૂર્ણ કરવામાં આવશે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૧-૬-૦૫) :

(૧) અમદાવાદમાં વિશ્વ બેંક/એ.ડી.બી. સહાયિત ભૂકંપ પુનઃનિર્માણમાં મકાનોના પુનઃનિર્માણ કામો પૈકી ૪૬૪૫૭ કામો (૧૫૨ જાહેર મકાનોના કામો + ૪૬૩૦૫ રહેણાંકના મકાનો) પૂર્ણ થયેલા છે.

(૨) વિશ્વ બેંક સહાયિત કાર્યક્રમ હેઠળ તા.૩૧-૧૦-૨૦૦૫ સુધીમાં અને એ.ડી.બી. સહાયિત કાર્યક્રમ હેઠળ જુન, ૨૦૦૬ સુધીમાં બાકીના કામો પૂર્ણ કરવામાં આવશે.

-----------

**જામનગર શહેરમાં શહેરી ગરીબો માટે મકાનો**

અતારાંકિત : ૩૪૪૧ (૧૫-૫-૦૫) : **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) શહેરી ગરીબો માટે જામનગર શહેરમાં કુલ કેટલા મકાનો બનાવવાનું આયોજન છે,

(૨) આ મકાનોનું બાંધકામ કયારે શરુ થશે, કયારે પૂર્ણ થશે, અને

(૩) ગરીબોને આ મકાનો કયારે સુપ્રત કરવામાં આવશે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૧૬-૬-૦૫) :

(૧) શહેરી ગરીબો માટે જામનગર શહેરમાં જામનગર મહાનગરપાલિકા દ્વારા વામ્બે આવાસ યોજના અન્વયે ૫૦૪ મકાનો બનાવવાનું આયોજન છે.

(૨) આ મકાનો બાંધકામ માટે તા.૧૪-૩-૨૦૦૫ થી મંજુર થયેલ કોન્ટ્રાકટરને વર્ક ઓર્ડર આપી કામ ચાલુ કરવામાં આવેલ છે. આ કામ ૧૨ (બાર) માસની સમયમર્યાદામાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) જામનગર મહાનગરપાલિકા દ્વારા વામ્બે આવાસ યોજના અન્વયે ૫૦૪ મકાનોનું બાંધકામ ચાલુ છે. બાંધકામ પૂર્ણ થયેથી લાભાર્થીઓને આ મકાનોની ફાળવણી કરવામાં આવશે.

-------------

**પાદરા શહેરમાં સ્પોર્ટસ સંકુલ અંગે**

અતારાંકિત : ૩૩૫૬ (૭-૪-૦૫) : **શ્રી પુનમ ૨. પરમાર(પાદરા) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ પાદરા શહેરમાં વસ્તીના ધોરણે હાલમાં સ્પોર્ટસ સંકુલ નથી તો ત્યાં સ્પોર્ટસ સંકુલનો વિકાસ કરવા સરકાર વિચારે છે કે કેમ, અને

(૨) જો હા, તો કયારે ?

**રમતગમત મંત્રીશ્રી** (૩૧-૫-૦૫) :

(૧) હાલમાં આ બાબત વિચારણા હેઠળ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## રાજ્યમાં બિનપરંપરાગત સ્ત્રોત દ્વારા વીજ ઉત્પાદન

અતારાંકિત : ૩૩૩૧ (૭-૪-૦૫) : **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) :**

તા.૨૫-૨-૨૦૦૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૮૧૭૨ (અગ્રતાક્રમ-૪૦) ના અનુસંધાને **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

(૧) સૂર્ય ઉર્જાથી વીજ ઉત્પાદનનું આયોજન કરવાનું જણાવ્યું છે તો એ અંગે શું આયોજન કરવામાં આવ્યું છે,

(૨) કઇ એજન્સી દ્વારા સૂર્ય ઉર્જા ઉત્પાદિત થશે, કયાં થશે, અને

(૩) સૂર્ય ઉર્જાથી કેટલી વિજળીનું ઉત્પાદન થશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૪-૬-૦૫) :

(૧) સૂર્ય ઉર્જાથી વીજ ઉત્પાદન કરવા સરકારશ્રીએ પ્રોત્સાહન નીતિ જાહેર કરી છે.

(૨) અને (૩) : અત્યાર સુધી કોઇ રોકાણકાર સદર નીતિનો લાભ લેવા માટે આવેલ નથી.

--------------

## ખેડૂતોને ખેતી માટે મફત/રાહત ભાવે વિજળી આપવા અંગે

અતારાંકિત : ૩૩૭૧ (૭-૪-૦૫) : **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર(રાજકોટ ગ્રામ્ય) માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૩-૦૫ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને ખેતી માટે મફત વિજળી અથવા રાહત ભાવે વિજળી આપવા માટેની કોઇ યોજના કે આયોજન છે, અને

(૨) જો હા, તો આ યોજના હેઠળ રાજ્યના કેટલા ગામોને આવરી લેવામાં આવ્યા છે ?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** (૧૩-૫-૦૫) :

(૧) રાજ્યમાં સિંચાઇ માટે ખેડૂતોને વિના મૂલ્યે વીજળી આપવાની યોજના અમલમાં નથી પરંતુ ગુજરાત વીજ નિયમન આયોગે ગુ.વિ.બોર્ડના કૃષિ ગ્રાહકો માટે નિયત કરેલા હો.પા. આધારિત વીજદરમાં ૫૦ ટકા થી પણ ઓછા વીજદરો અમલમાં છે.

(૨) રાજ્ય સરકારના નિયંત્રણ હેઠળની તમામ વીજ વિતરણ કંપનીઓના વિસ્તારના બધાજ ગામોને આવરી લેવાયેલાં છે.

--------------

## વડોદરા જિલ્લામાં બાયોટેકનોલોજી તેમજ ઇન્ફર્મેશન ટેકનોલોજી પ્રોજેકટની ફરિયાદ

અતારાંકિત : ૩૪૦૯ (૧૩-૪-૦૫) : **શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાલા(વડોદરા શહેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે -

(૧) વડોદરા જિલ્લામાં તાજેતરમાં અંદાજીત રૂા. ૭૦૦ કરોડના ખર્ચે બાયોટેકનોલોજી તથા ઇન્ફર્મેશન ટેકનોલોજી શૈક્ષણિક પ્રોજેકટ મંજુર થયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ પ્રોજેકટ વાઘોડીયા ચોકડીથી પીપળીયા-લીંબડા રોડ પરની એજ્યુકેશનલ સ્ટ્રીટ ખાતે જ સ્થાપવા સરકારનું શું આયોજન છે ?

**મુખ્યમંત્રીશ્રી** (૧૮-૫-૦૫) :

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

## અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૩૩૦૭, ૩૩૪૪, ૩૪૧૪, ૩૪૨૩ | ૪ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૩૩૩૫, ૩૩૩૭, ૩૩૫૭ | ૩ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૩૨૨૯ | ૧ |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૩૪૮૩, ૩૪૮૪ | ૨ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૩૩૮૨ | ૧ |
| ૬ | ગૃહ વિભાગ | ૩૩૩૪, ૩૩૪૩, ૩૩૬૬, ૩૩૬૮, ૩૩૬૯, ૩૩૭૨, ૩૪૧૨ | ૭ |
| ૭ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૩૩૨૪, ૩૪૧૮, ૩૪૧૯ | ૩ |
| ૮ | શ્રમ અને રોજગાર વિભાગ | ૩૩૬૧, ૩૪૧૦, ૩૪૨૮ | ૩ |
| ૯ | નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૨૫૪૬, ૩૨૨૬, ૩૨૩૭, ૩૨૫૮, ૩૨૭૫, ૩૩૦૩, ૩૩૦૪, ૩૩૦૮, ૩૩૨૧, ૩૩૨૨, ૩૩૫૦, ૩૩૫૨, ૩૩૫૩, ૩૩૫૪, ૩૩૫૮, ૩૪૨૯, ૩૪૫૮ | ૧૭ |
| ૧૦ | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૩૩૧૨ | ૧ |

| | | | |
|---|---|---|---|
| ૧૧ | મહેસૂલ વિભાગ | ૩૨૭૮, ૩૪૮૭ | ૨ |
| ૧૨ | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ | ૩૨૫૨, ૩૪૪૧ | ૨ |
| ૧૩ | રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૩૩૫૬ | ૧ |
| ૧૪ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૩૩૩૧, ૩૩૭૧ | ૨ |
| ૧૫ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ | ૩૪૦૯ | ૧ |
| | | કુલ : | ૫૦ |

---------------

# ચોથી અતારાંકિત યાદી

### કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્યના પડતર કેસો

અતારાંકિત : ૩૨૨૮ (૧-૫-૦૫)**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

(૧) ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ રાજ્યના કયા કયા પડતર પ્રશ્નો કેન્દ્ર સરકાર સમક્ષ પડતર છે;

(૨) આ દરેક પ્રશ્નો માટે રાજ્ય સરકારે છેલ્લાં એક વર્ષમાં ક્યારે કયારે રજૂઆત કરી; અને

(૩) આ અંગે કેન્દ્ર સરકારે કયારે અને શું જવાબો આપ્યા ?

**મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** (૨૫-૭-૦૫) :

(૧) સામેલ પત્રક (કોલમ-૨) મુજબ

(૨) સામેલ પત્રક (કોલમ-૩) મુજબ

(૩) સામેલ પત્રક (કોલમ-૪ તથા ૫) મુજબ

ડીસેમ્બર ૨૦૦૪ની સ્થિતિએ કેન્દ્ર સરકાર સમક્ષ રાજયના પડતર પ્રશ્નો અંગેની વિગતો દર્શાવતું પત્રક

| ક્રમ | કેન્દ્ર સરકાર સમક્ષ પડતર પ્રશ્નનું શિર્ષક | છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે કયારે કયારે રજૂઆત કરી | કેન્દ્ર સરકારે કયારે જવાબ આપ્યો? | કેન્દ્ર સરકારે આપેલ જવાબની ટૂંકી વિગતો |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |
| ૧. | ગુજરાત રાજ્ય અનામત પોલીસદળની અન્ય રાજ્યોમાં પ્રતિનિયુક્તિની વસુલ લેવાની બાકી રકમ અંગે | - | ૨૮-૮-૨૦૦૩ | કેન્દ્ર સરકારે સંબંધિત રાજ્યોને રકમ ભરપાઈ કરવા જણાવેલ છે. |
| ૨. | અર્ધલશ્કરી દળોની પ્રતિનિયુક્તિના નાણા માંડવાળ કરવા બાબત | ૨૫-૧૦-૨૦૦૪ | ૧૫-૨-૨૦૦૫ | દરખાસ્તનો સ્વીકાર કરેલ નથી. |
| ૩. | કોસ્ટલ સીકયુરીટી પ્લાન | - | ૧૫-૨-૨૦૦૫ | આ પ્લાનના આધારે ભારત સરકારે કોસ્ટલ સીક્યોરીટી સ્કીમ બનાવેલ છે. જેનો અમલ સન ૨૦૦૫-૨૦૦૬થી થશે. |
| ૪. | એક સામટી રેવન્યુ સ્ટેમ્પ ડયુટી લેવાની ગુજરાત રાજ્યને સત્તા આપતો સુધારો ભારતીય સ્ટેમ્પ અધિનિયમ, ૧૮૯૯માં કરવા બાબત ભારત સરકારની મંજૂરી લેવાની રજૂઆત. | તા. ૨૦-૧-૦૪<br>તા. ૨૬-૨-૦૪<br>તા. ૫-૬-૦૪<br>તા.૨૨-૬-૦૪<br>તા. ૮-૯-૦૪<br>તા. ૧૪-૯-૦૪ | ૧-૨-૨૦૦૫ | ગુજરાત વિધાનસભામાં આ અંગેનું વિધેયક રજુ કરવા માટે સંમતિ આપી છે. |
| ૫. | અમદાવાદ ખાતેની રાષ્ટ્રિય બચત સંગઠનની કચેરી ચાલુ કરવા બાબત | તા. ૩-૧૨-૦૪ | ૯-૬-૦૩ | નાની બચતના રોકાણો, જુદા જુદા રાજ્યોમાં એજન્ટોનું સંખ્યાબળ તથા દેશમાં પ્રાદેશિક કેન્દ્રોની સમાન ધોરણે વહેંચણી કરવી એ ધોરણ પ્રાદેશિક કેન્દ્રોનું પુનઃગઠન કરવામાં આવેલ હોવાથી રાજ્યની માંગણી સ્વીકારવામાં આવેલ નથી. |
| ૬.<br>**એચબી-૨૭૭-૧** | જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળના ભૂરા [illegible]ોસીનના વેચાણનું અલગ નેટવર્ક રાખવા બાબત. | તા. ૧૫-૦૯-૦૪<br>તા. ૨૫-૧૧-૦૪<br>તા. ૨૨-૨-૨૦૦૫ | ભારત સરકારના જવાબની રાહ જોવાઈ રહી છે. | ભારત સરકારે જવાબ પાઠવેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૭. | ડૉ. બાબા સાહેબ આંબેડકર રાષ્ટ્રિય સ્મારક-અમદાવાદ ખાતે આંબેડકર ભવનના બાંધકામ માટે કેન્દ્રીય સહાય બાબત | તા. ૨૯-૬-૨૦૦૪<br>તા. ૧૭-૭-૨૦૦૪ | ભારત સરકારના જવાબની રાહ જોવાઈ રહી છે. | ભારત સરકારે જવાબ પાઠવેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૮. | (અ) ગુજરાતમાં નવા રાષ્ટ્રીય ધોરીમાર્ગો | તા. ૭-૧- | તા. ૨૫-૨- | કેન્દ્ર સરકારે તા. ૨૫-૨-૨૦૦૪ના જાહેરનામાથી (૧) સોમનાથથી |

| | | | | |
|---|---|---|---|---|
| | જાહેર કરવા બાબત. | ૨૦૦૪<br>તા. ૨૪-૮-૨૦૦૪<br>તા. ૨૭-૮-૨૦૦૪ | ૨૦૦૪<br>અને<br>તા. ૩૧-૧૦-૨૦૦૪ | દ્વારકા (૨) માંડવીથી નારાયણ સરોવર (૩) દાહોદથી ઝાલોદથી રાજસ્થાન બોર્ડર સુધીના ત્રણ રાજ્ય માર્ગોના કુલ ૪૦૬ કિ.મી. રસ્તાને રાષ્ટ્રીય ધોરીમાર્ગ જાહેર કરેલ છે. અન્ય રાજ્યની માંગણીઓની સાથે જરૂરીયાત તેમજ ભલામણ અનુસાર નાણાંની ઉપલબ્ધીને ધ્યાને લઈ તેમજ અન્ય અગ્રિમતાઓ ધ્યાને લઈ યોગ્ય વિચારણામાં લેવામાં આવશે તેમ જણાવેલ છે. |
| | (બ) ગાંધીધામ-મુંન્દ્રા પોર્ટ સુધીના રસ્તાને ચાર માર્ગીયકરણ | તા. ૨૩-૧૨-૨૦૦૪ | તા. ૧૪-૨-૨૦૦૫ | ગાંધીધામથી મુંન્દ્રા (કિ.મી. ૦/૦ થી ૬૦/૦) ના ચાર માર્ગીયકરણ તબકકાવાર હાથ પર લેવા વિચારેલ છે. તે માટે હાલ ચારમાર્ગીયકરણ માટે જમીન સંપાદન ફીઝીબીલીટી સ્ટડી કરવા માટે આગામી વાર્ષિક પ્લાનમાં સમાવેશ કરવા સંમતિ આપેલ છે. |
| | (ક) વડોદરા-સુરતના રા.ધો.મા. નં. ૮ને સુવર્ણ ચતુષ્કોણના રોડ જેવા બનાવવા બાબત. | તા. ૨૪-૮-૨૦૦૪ | તા. ૭-૪-૨૦૦૪ | વડોદરા-સુરત રા.ધો.મા. નં. ૮ના આ વિભાગને સુધારણા કરી છ માર્ગીય તેમજ ફલાયઓવર/ અંડરપાસ સહિતનો સુવર્ણ ચતુષ્કોણ રસ્તાને સમકક્ષ બનાવવા માટે બી.ઓ.ટી.ના ધોરણે કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. |
| ૯. | (અ) ગુજરાતમાં મીટરગેજ રેલ્વે લાઈનોને બ્રોડગેજમાં રૂપાંતર કરવા બાબત તેમજ રેલ્વેના અન્ય પ્રશ્નો. | તા. ૨૩-૭-૨૦૦૪ | તા. ૨૬-૨-૨૦૦૪ | ગુજરાત સરકારની રજુઆતો પૈકી કેન્દ્ર સરકાર દ્વારા મહેસાણા-વિરમગામ લાઈનને બ્રોડગેજ કરવાનું કામ પૂર્ણ થયેલ છે તેમજ ગાંધીનગર-કલોલનું બ્રોડગેજ લાઈનનું કામ અંશતઃ પૂર્ણ થયેલ છે. |
| | (બ) અમદાવાદ-મુંબઈ વચ્ચે ત્રીજો ફાસ્ટ ટ્રેક નાખવા બાબત. | -- | તા. ૨૬-૨-૨૦૦૪ | વધારાનો સીંગલ ટ્રેક નાખવા કરતાં અમદાવાદ થી મુંબઈ વચ્ચે ઓટોમેટીક સીગ્નલ સીસ્ટમ પુરી પાડી તેની લાઈન ક્ષમતા વધારવાનું આયોજન કરવામાં આવેલ છે. |
| ૧૦. | રીસ્ટોરેશન ઓફ વોટરબોડીઝ માટે ફંડ ફાળવવા બાબત. | તા. ૬-૧૨-૦૪ | તા. ૧૩-૯-૦૪<br>તા. ૨૯-૧૧-૦૪ | ગુજરાત સરકારે પાયલોટ પ્રોજેક્ટ તરીકે બે જીલ્લા માટે રૂપિયા ૧૨.૦૦ ક્રોડની દરખાસ્ત કરેલ, જે અન્વયે કેન્દ્ર સરકારની રીમાર્કસની પૂર્તતા કરતા રૂપિયા ૨૪.૦૦ ક્રોડની દરખાસ્ત કરેલ છે. |
| ૧૧. | સરદાર સરોવર પ્રોજેકટના અમલીકરણમાં વિલંબને થયેલ દેવાના વધારાની અસરને પહોંચી વળવા કેન્દ્ર સરકાર તરફથી ખાસ આર્થિક સહાય આપવાની બાબત. | તા. ૨૦-૧-૦૪ | ભારત સરકારના જવાબની રાહ જોવાઈ રહી છે. | ભારત સરકારે જવાબ પાઠવેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૧૨. | જખૌ મત્સ્યબંદરની કેન્દ્રીય સહાયની રકમ મળવા બાબત | તા. ૨૨-૨-૨૦૦૫ | ૧૯-૩-૨૦૦૨ | પ્રોજેકટમાં કિંમતમાં થયેલ વધારાની રકમ રાજય સરકારે ભોગવવાની રહે છે. તેમ જવાબ આપેલ છે. |
| ૧૩. | પાકીસ્તાન સત્તાવાળા દ્વારા પકડવામાં આવતાં માછીમારો તથા માછીમારી બોટોની મુક્તિ બાબત | છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે ૨૦ વખત રજુઆત કરી છે. | ભારત સરકારના જવાબની રાહ જોવાઈ રહી છે. | કેન્દ્ર સરકારે કોઈ જવાબ પાઠવેલ નથી. પરંતુ કેન્દ્ર સરકારના પ્રયત્નોથી તા. ૬-૧-૦૫ના રોજ ૨૬૬ ભારતીય માછીમારોને પાકીસ્તાનના સત્તાવાળાઓ દ્વારા મુક્ત કરવામાં આવેલ છે. |
| ૧૪. | વાડીનાર બંદરને કંડલા પોર્ટ લીમીટમાંથી મુક્ત કરી (આઈ.ઓ.સી. ના એસ.બી.એમ. સિવાય) ગુજરાત રાજ્યને પરત સોંપવા અંગે | તા. ૨૭-૧-૨૦૦૪<br>તા. ૨૪-૧-૨૦૦૫ | તા. ૫-૨-૨૦૦૪ | શીંપીંગ મંત્રાલય દ્વારા ચકાસણી હેઠળ છે. |
| ૧૫. | સાગર માલા પ્રોજેક્ટ | તા. ૨૮-૧-૨૦૦૪ | તા. ૫-૨-૨૦૦૫ | શીંપીંગ મંત્રાલય દ્વારા ચકાસણી હેઠળ છે. |
| ૧૬. | અલંગ શીપ બ્રેકીંગ યાર્ડ, ગુજરાત ખાતે એકસપ્લોઝીવ ખાતાની અલાયદી ઓફિસ શરૂ કરવા બાબત | તા. ૨૦-૧-૨૦૦૪ | તા. ૨૭-૨-૨૦૦૪ | વાણિજ્ય અને ઔદ્યોગિક મંત્રાલય દ્વારા ચકાસણી હેઠળ છે. |
| ૧૭. | પેટ્રોલિયમ રૂલ્સ-૨૦૦૨ હેઠળના રૂલ્સ-૪૩ હેઠળ શીપ બ્રેકીંગ પ્રવૃત્તિનો સમાવેશ કરવા બાબત. | તા. ૨૭-૧-૨૦૦૪ | તા. ૨૭-૨-૨૦૦૪ | પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા ચકાસણી હેઠળ છે. |
| ૧૮. | ઓ.એન.જી.સી. દ્વારા દહેજ ખાતે મેગા પાવર પ્લાન્ટની સ્થાપના | તા. ૨૭-૧-૨૦૦૪<br>તા. ૨૦-૨-૨૦૦૪<br>તા. ૨૬-૧૦-૨૦૦૪ | ભારત સરકારના જવાબની રાહ જોવાઈ રહી છે. | ભારત સરકારે જવાબ પાઠવેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૧૯. | પિપાવાવ ખાતેના પાવર પ્રોજેકટને ગેસ ફાળવવા બાબત. | તા. ૨૦-૧-૨૦૦૪ | તા. ૫-૭-૨૦૦૩ | મીડ એન્ડ સાઉથ તાપ્તીનો વધારાનો વિકાસ થયેથી ગેસ ફાળવવાનું શક્ય બનશે. |
| ૨૦. | પેટ્રોલિયમ રેગ્યુલેટરી બોર્ડ બીલમાં સુધારા કરવા બાબત. | તા. ૧૨-૧-૨૦૦૪<br>તા. ૨૩-૪-૨૦૦૪<br>તા. ૨૯-૭-૨૦૦૪<br>તા. ૭,૮-૧૦-૨૦૦૪ | ભારત સરકારના જવાબની રાહ જોવાઈ રહી છે. | ભારત સરકારે જવાબ પાઠવેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૨૧. | ઘાટલોડીયા-ચાંદલોડીયાના ચાણક્યપુરી ખાતે રેલવે ક્રોસીંગ ઉપર ઓવર બ્રીજ બાંધવા બાબત. | તા. ૨૨-૩-૨૦૦૪<br>તા. ૩૦-૧૧-૨૦૦૪ | ભારત સરકારના જવાબની રાહ જોવાઈ રહી | ભારત સરકારે જવાબ પાઠવેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

| | | | | |
|---|---|---|---|---|
| | | | છે. | |
| ૨૨. | અમદાવાદ શહેરને મેગાસીટી જાહેર કરવા બાબત. | તા. ૨૧-૨-૨૦૦૫ | ભારત સરકારના જવાબની રાહ જોવાઈ રહી છે. | ભારત સરકારે જવાબ પાઠવેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૨૩. | સેન્ટર ફોર મરીન બાયોટેકનોલોજી. | તા. ૨૦-૧-૦૪ | ભારત સરકારના જવાબની રાહ જોવાઈ રહી છે. | ભારત સરકારે જવાબ પાઠવેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ બાયોટેકનોલોજી | તા. ૨૦-૧-૦૪ | ભારત સરકારના જવાબની રાહ જોવાઈ રહી છે. | ભારત સરકારે જવાબ પાઠવેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૨૪. | બાયોટેક પાર્ક, વડોદરાની સ્થાપના અંગે સહાય | તા. ૨૦-૧-૦૪ | તા. ૨૮-૧-૦૪ | બાયોટેક પાર્ક વડોદરા માટે રૂા. ૧૫ કરોડની કેન્દ્રિય સહાય મંજૂર કરેલ છે. |
| ૨૫. | આઈ.એસ.આર. પ્રોજેક્ટ માટે કેન્દ્રીય સહાય આપવા અંગે | તા. ૧૩-૮-૨૦૦૪ | તા. ૫-૧૨-૨૦૦૨ | કેન્દ્રના નાણા મંત્રાલયને દરખાસ્ત મોકલવામાં આવેલ છે તેમ જણાવેલ છે. |
| ૨૬. | અમદાવાદ/ગાંધીનગર ખાતે ઈન્ટરનેટ એક્સચેન્જ સ્થાપવા બાબત. | તા. ૧૯-૯-૨૦૦૩ | તા. ૧૭-૯-૨૦૦૪ | તા. ૧૭-૯-૨૦૦૪ના રોજ ભારત સરકારમાં થયેલ મીટીંગમાં હકારાત્મક પ્રતિભાવ મળેલ છે. |
| ૨૭. | સુરત એરપોર્ટના રન-વેના વિસ્તરણ અંગે | - | તા. ૧૮-૮-૨૦૦૪ | એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડીયાએ દરખાસ્ત મંજુર કરેલ છે. અને હાલ કામ પ્રગતિમાં છે. |
| ૨૮. | રાજકોટ એરપોર્ટના અપગ્રેડેશન અંગે | - | તા. ૧૮-૮-૨૦૦૪ | રાજ્ય સરકારની દરખાસ્ત વિચારણા હેઠળ છે. |
| ૨૯. | અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટને અપગ્રેડ કરવા અંગે. | - | તા. ૧૮-૮-૨૦૦૪ | ફેઝ-૧નું કામકાજ ડિસે. - ૦૪માં પૂર્ણ થયેલ છે. નવા ઈન્ટરનેશનલ ટર્મીનલ બિલ્ડીંગને લગતા કામનું આયોજન કરેલ છે. |
| ૩૦. | સોડાએશની કસ્ટમ ડ્યુટીમાં વધુ ઘટાડો ન કરવા બાબત. | તા. ૭-૫-૨૦૦૪ | ભારત સરકારના જવાબની રાહ જોવાઈ રહી છે. | કેન્દ્ર સરકારનો જવાબ મળેલ નથી. પરંતુ સન ૨૦૦૫-૦૬ના કેન્દ્રીય બજેટમાં સોડાએશની કસ્ટમ ડ્યુટીમાં કોઈ વધારો-ઘટાડો થયેલ નથી. |
| ૩૧. | કચ્છ એક્સાઈઝ પેકેજની મુદ્દત વધારવા અંગે. | તા. ૨૪-૨-૨૦૦૫ | તા. ૯-૧૧-૨૦૦૪ | ૨૦૦૬ સુધી મુદ્દત વધારવાની રજુઆત સામે ૨૦૦૫ સુધી મુદ્દત વધારી આપેલ છે. |
| ૩૨. | ઔદ્યોગિક પાર્ક અધિનિયમની મંજૂરી અંગે. | તા. ૬-૧૨-૨૦૦૪ | તા. ૪-૨-૨૦૦૪ | આઈ.ડી. એક્ટમાં સુધારો કરવા સલાહ આપેલ છે. |

------------------

## રાજયમાં નિવૃત્ત ઉચ્ચ અધિકારીઓની સેવા લેવા અંગે

અતારાંકિત : ૩૨૯૨ (૨૩-૨-૦૫)**શ્રી રાજેશભાઈ પાઠક(બાલાસિનોર) :**
**માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ રાજય સરકારમાં કેટલા નિવૃત સનદી અધિકારીઓની સેવા લેવામાં આવે છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) (૨૬-૭-૦૫) :

તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ રાજય સરકારમાં ૨૧ (એકવીસ) નિવૃત સનદી અધિકારીઓની સેવા લેવામાં આવે છે.

--------------

## ભૂજ અને નખત્રાણા તાલુકામાં શૌચાલય અને રમતના મેદાનની સુવિધા વગરની શાળાઓ

અતારાંકિત : ૩૪૧૭ (૧૬-૪-૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ભૂજ અને નખત્રાણા તાલુકાની કઈ કઈ શાળામાં માર્ચ-૦૫ની સ્થિતિએ પીવાનું પાણી શૌચાલય તથા રમતના મેદાનની સુવિધા નથી;

(૨) તેનાં શાં કારણો છે; અને

(૩) આ સુવિધા કયાં સુધીમાં આપવા આયોજન છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૩૦-૭-૦૫) :

(૧) *પત્રક-અ, બ, અને ક મુજબ.

(૨) ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની લાઈનના અભાવે પીવાના પાણીની વૈકલ્પિક વ્યવસ્થાના સ્થાને કાયમી પીવાના પાણીની સુવિધા શાળા ખાતે ઉભી થઈ શકેલ નથી.

પ્રાથમિક શાળાઓને ભૌતિક સુવિધાઓ પુરી પાડવાના કાર્યક્રમ અંતર્ગત શાળામાં શૌચાલય બનાવવા માટે આયોજન યોજના હેઠળ આયોજન કરવામાં આવે છે જે અન્વયે સમગ્ર રાજ્યકક્ષાએ આયોજન કરવાનું હોઈ તબક્કાવાર શાળાઓ આવરી લેવામાં આવતી હોય છે.

શહેરી તથા ગ્રામ્ય વિસ્તારની રમતના મેદાન વિનાની શાળાઓમાં જગ્યાના અભાવે સુવિધા ઉભી કરી શકાએલ નથી.

(૩) પ્રાથમિક શાળાઓને સુવિધાઓ પુરી પાડવાના કાર્યક્રમ અંતર્ગત શાળામાં પીવાનું પાણી, શૌચાલય તથા કમ્પાઉન્ડ વોલ બનાવવા માટે આયોજન યોજના હેઠળ આયોજન કરવામાં આવે છે.

આ બાબતે રાજ્ય સ્તરે કરવામાં આવતી બજેટ જોગવાઈની મર્યાદામાં જિલ્લાની જરૂરિયાતને ધ્યાને રાખીને પ્રમાણસર શાળાઓમાં ઉક્ત સુવિધાઓ પુરી પાડવા આયોજન કરવામાં આવે છે. જે અનુસાર જિલ્લા કક્ષાએથી લાભાર્થી શાળાની તેમની કક્ષાએ પસંદગી કરી સુવિધાઓ પુરી પાડવામાં આવે છે.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવ્યા છે.)

------------------

## જામનગર જિલ્લામાં તાલુકાવાર ડી.પી.ઈ.પી. યોજના હેઠળ શાળાના રીપેરીંગ અંગે

અતારાંકિત : ૩૪૬૮ (૧૨-૫-૦૫) **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર જીલ્લામાં તાલુકાવાર ડી.પી.ઈ.પી. યોજના હેઠળ સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં નવારૂમો-સીમશાળાઓ રીપેરીંગ અને અન્ય સુવિધાઓ પુરી પાડવાની કેટલી દરખાસ્તો આવી છે;

(૨) આ પૈકી કેટલી મંજુર થઈ અને કેટલી બાકી છે; અને

(૩) આ સુવિધા કેટલા સમયમાં પુર્ણ કરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૫-૭-૦૫) :

(૧) પત્રકઃ-અ મુજબ

(૨) તમામ દરખાસ્ત મંજુર કરવામાં આવેલ છે.

(૩) ૮ વધારાના ઓરડા, ૨૪ પીવાના પાણી સુવિધા, ૯ શાળા રીપેરીંગ તેમજ ૩૩ સંડાસ-મુતરડીની સુવિધા પુર્ણ કરવામાં આવેલ છે અને બાકી રહેતી સુવિધા ૩૧-૮-૦૫ સુધીમાં તબક્કાવાર પુર્ણ કરવામાં આવશે.

**પત્રક : અ**

જામનગર જિલ્લામાં ડીપીઈપી યોજના હેઠળ સને ૨૦૦૪-૦૫માં પ્રાથમિક શાળામાં ભૌતિક સુવિધાઓ પુરી પાડવાની તાલુકાવાર દરખાસ્તની વિગત.

| અનુ. | તાલુકો | ભૌતિક સુવિધા માટે આવેલ દરખાસ્ત | | | |
|---|---|---|---|---|---|
| | | ખુટતા રૂમ | પાણીની સુવિધા | શાળા રીપેરીંગ | ટોયલેટ બ્લોક |
| ૧ | ભાણવડ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૨ | ધ્રોલ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૩ | દ્વારકા | ૦ | ૨ | ૦ | ૨ |
| ૪ | જામજોધપુર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૫ | જામ કલ્યાણપુર | ૧૧ | ૫ | ૦ | ૧૦ |
| ૬ | જામ ખંભાળીયા | ૧૧ | ૫ | ૧ | ૮ |
| ૭ | જામનગર | ૨૨ | ૪ | ૧ | ૬ |
| ૮ | જોડીયા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | કાલાવાડ | ૦ | ૨ | ૦ | ૧ |
| ૧૦ | લાલપુર | ૩ | ૩ | ૬ | ૩ |
| **કુલ** | | **૫૦** | **૨૪** | **૯** | **૩૩** |
| | | | | **કુલ** | **૧૧૬** |

------------------

## જામનગર જિલ્લામાં કેળવણી નિરીક્ષકોની ખાલી જગ્યાઓ

અતારાંકિત : ૩૪૬૯ (૧૨-૫-૨૦૦૫)**ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧.૩.૨૦૦૫ની સ્થિતિએ જામનગર જિલ્લા પ્રાથમિક શાળામાં કેળવણી નિરીક્ષકોની કુલ કેટલી જગ્યાઓ મંજુર થયેલ છે;

(૨) મંજુર થયેલ જગ્યાઓ પૈકી કેટલી ખાલી જગ્યાઓ કયારથી છે તથા તેનાં કારણો શાં છે; અને

(૩) આ ખાલી જગ્યાઓ સરકાર કેટલા સમયમાં ભરવા માંગે છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૯-૭-૦૫) :

(૧) એકતાલીસ જગ્યાઓ.

(૨) ૨૭ જગ્યાઓ ખાલી છે. આ ખાલી જગ્યાઓ વય નિવૃત્તિ તેમજ જિલ્લા ફેર બદલીથી ખાલી છે.

(૩) જેમ બને તેમ જલ્દીથી.

--------------------

## જામનગર જિલ્લામાં સંગીત વિશારદની નિમણૂક અંગે

અતારાંકિત : ૩૪૭૧ (૧૨-૫-૦૫) **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) વિદ્યાસહાયકોની ભરતીમાં "સંગીત વિશારદ" પદવી ધરાવતા ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવે છે કે કેમ;

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકાવાર વર્ષવાર કેટકેટલા સંગીત વિશારદોની ભરતી કરવામાં આવી; અને

(૩) સંગીત વિશારદોની ભરતી કયારે કરવામાં આવશે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૩૦-૭-૦૫) :

(૧) વિદ્યાસહાયકની ભરતીમાં સંગીત વિશારદની ભરતી, જિલ્લામાં આવા શિક્ષકોની જરૂરીયાત અને આવશ્યકતાને ધ્યાનમાં લઈ જે તે સમયની ભરતીના ૩.૫ ટકાની મર્યાદામાં, એન.સી.ટી.ઈ.ની માન્યતા ધરાવતી સંસ્થામાંથી સંગીત વિશારદની પદવી ધરાવતા ઉમેદવારોનો ભરતીમાં સમાવેશ કરવામાં આવે છે.

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં જામનગર જિલ્લામાં તાલુકાવાર વર્ષવાર સંગીત વિશારદની ભરતી કરવામાં આવી નથી.

(૩) જિલ્લામાં આવા શિક્ષકોની જરૂરીયાત અને આવશ્યકતાને ધ્યાનમાં લઈ જેમ બને તેમ જલ્દી કરવામાં આવશે.

------------------

## ભૂકંપ માટે કેન્દ્રીય સહાય બાબત

અતારાંકિત : ૨૭૫૪ (૨૫-૧૦-૦૪)**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ભૂકંપથી થયેલ નુકશાન અંગે તા. ૧લી સપ્ટે. ૦૪ સુધીમાં રાજ્ય સરકારને કુલ કેટલી રકમો કેન્દ્ર સરકાર દ્વારા કયા કયા હેતુઓ માટે મળી અને કયારે;

(૨) તા. ૧૦-૯-૨૦૦૪ની સ્થિતિએ કેટલી રકમો લેવા પાત્ર થાય છે;

(૩) રાજ્ય સરકારને આ અંગે મળેલ રકમોમાંથી લોનો, ગ્રાન્ટ અને ૧૦૦ ટકા અનુદાન હોય એવી કેટલી રકમો હતી; અને

(૪) રાજ્ય સરકારને મળેલ લોન અંગે વર્ષ-૨૦૦૩-૦૪માં કેન્દ્ર સરકારને કેટલું વ્યાજ ચુકવવામાં આવ્યું અને કટેલા દરે ?

**નાણા મંત્રીશ્રી** (૩૦-૭-૦૫) :

(૧) રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર દ્વારા ભૂકંપથી થયેલા નુકશાનના હેતુઓ માટે સને ૨૦૦૦-૦૧માં રૂપિયા ૮૦૮.૬૨ કરોડ, સને ૨૦૦૧-૦૨માં રૂપિયા ૩૬૬૭.૯૮ કરોડ, સને ૨૦૦૨-૦૩માં રૂપિયા ૧૮૦૩.૦૪ કરોડ તેમજ ચાલુ નાણાકીય વર્ષમાં સપ્ટેમ્બર-૦૪ સુધીમાં રૂપિયા ૧૬૭.૮૭ કરોડ મળેલ છે. આમ, ભૂકંપ માટે સપ્ટેમ્બર-૦૪ સુધીમાં કુલ રૂપિયા ૭૫૨૪.૧૬ કરોડ રકમ મળેલ છે.

(૨) વિશ્વબેંક તથા એશીયન ડેવલપમેન્ટ બેંક તરફથી મંજુર થયેલ લોન પૈકી લેવાની રહેતી બાકી લોન ખર્ચના સપ્રમાણમાં મેળવવા પાત્ર છે.

(૩) રાજ્ય સરકારને આ અંગે મળેલ રકમોમાંથી લોન પેટે રૂપિયા ૪૦૨૮.૨૪ કરોડ મળેલ છે. ગ્રાન્ટ પેટે રૂપિયા ૮૬૯.૨૫ કરોડ મળેલ છે. અને ૧૦૦ ટકા અનુદાનની રકમ રૂપિયા ૨૬૨૬.૬૭ કરોડ મળેલ છે.

(૪) રાજ્ય સરકારે ૨૦૦૩-૦૪ના વર્ષમાં ૯ ટકા થી ૧૦.૫૦ ટકા વ્યાજના દરે રૂપિયા ૨૧૭૧.૧૫ લાખ ચુકવેલ છે.

--------------------

**જામનગર તાલુકામાં એ.પી.એલ. અને બી.પી.એલ કાર્ડ ધારકો**

અતારાંકિત : ૩૪૯૮ (૩૦-૦૫-૦૫) **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ કુલ કેટલા કાર્ડ ધારકો હતા;

(૨) આ પૈકી એ.પી.એલ.ના કેટલા કાર્ડ ધારકો હતા અને બી.પી.એલ.ના કેટલા કાર્ડ ધારકો હતા,

(૩) નવા બી.પી.એલ. અને એ.પી.એલ.ના કેટલા કાર્ડ આપવાના બાકી છે; અને

(૪) બી.પી.એલ. કુટુંબોને તે કાર્ડ ક્યારે આપવામાં આવશે ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૨૫-૭-૦૫) :

(૧) જામનગર તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ કુલ-૫૭૬૦૧ કાર્ડ ધારકો હતા,

(૨) આ પૈકી એ.પી.એલ.ના ૪૫૫૭૨ અને બી.પી.એલ.ના ૧૨૦૨૯ કાર્ડ ધારકો હતા,

(૩) નવા બી.પી.એલ. કાર્ડ મળવાની કોઈ અરજી બાકી નથી. જ્યારે એ.પી.એલ.ના ૮૬ કાર્ડ આપવાના બાકી છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------------

**જામનગર જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમના ચુકાદા સામે અપીલ**

અતારાંકિત : ૩૫૦૦ (૧૬-૦૫-૦૫)**ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા તા. ૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ૪ વર્ષમાં કુલ કેટલા કેઈસોના ચુકાદા આપવામાં આવ્યા; અને

(૨) કેટલા કિસ્સાઓમાં ગ્રાહકના હિત વિરૂધ્ધના ચુકાદાઓમાં ગ્રાહકોએ રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમીશનમાં અપીલ કરી ?

**ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** (૪-૭-૦૫) :

(૧) તા. ૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં કુલ ૨૦૨૮ કેસોના ચુકાદા આપવામાં આવ્યા હતા.

(૨) જામનગર ફોરમમાં ફરિયાદના ચુકાદા સામે રાજ્ય કમીશનમાં કુલ-૧૭૫ અપીલો કરવામાં આવી હતી.

--------------------

**જામનગર જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પડતર કેસો**

અતારાંકિત : ૩૫૦૧ (૧૬-૦૫-૦૫) **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં તા. ૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ કુલ કેટલા કેઈસો કેટલા સમયથી પડતર છે;

(૨) આ પડતર કેઈસોના નિકાલ માટેની કોઈ સમય મર્યાદા સરકારે નકકી કરેલ છે, કે કેમ;

(૩) જો હા, તો આ કેઈસોનો નિકાલ કેટલા સમયમાં કરવાની નીતિ અખત્યાર કરેલ છે;

(૪) કેઈસોના ઝડપી નિકાલ માટે સરકાર દ્વારા કયા પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે; અને

(૫) આ પડતર કેઈસોનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** (૪-૭-૦૫) :

(૧) સામેલ પત્રક મુજબ કુલ-૩૧૯ કેસો પડતર છે.

(૨) હા, જી.

(૩) કાયદાની જોગવાઈ મુજબ ૯૦ થી ૧૫૦ દિવસમાં નિકાલ કરવાનો હોય છે.

(૪) કેસોના ઝડપી નિકાલ માટે નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

(૧) કેસમાં બને તેટલી ઓછી મુદતો મંજુર કરવામાં આવે છે.

(૨) લાંબા સમયથી પડતર કેસો માટે વધારાની સર્કિટ બેન્ચ તથા વધારાના જિલ્લા ફોરમોની રચના કરવામાં આવેલ છે.

(૩) જ્યાં કેસોનો વધુ ભરાવો હોય તેવા ફોરમોના કેસો નજીકના ફોરમોમાં ટ્રાન્સફર કરવામાં આવે છે.

(૫) બનતી ત્વરાએ.

તા. ૩૧-૩-૨૦૦૫ની સ્થિતએ વર્ષવાર બાકી કેસોની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | વર્ષ | બાકી ફરિયાદોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૧૯૯૧ | ૪ |
| ૨ | ૧૯૯૨ | ૭ |
| ૩ | ૧૯૯૩ | ૨ |
| ૪ | ૧૯૯૪ | ૨ |
| ૫ | ૧૯૯૫ | ૫ |
| ૬ | ૧૯૯૬ | ૧ |
| ૭ | ૧૯૯૭ | ૩ |
| ૮ | ૧૯૯૮ | ૧૬ |
| ૯ | ૧૯૯૯ | ૪૧ |
| ૧૦ | ૨૦૦૦ | ૬ |
| ૧૧ | ૨૦૦૧ | - |
| ૧૨ | ૨૦૦૨ | ૧ |
| ૧૩ | ૨૦૦૩ | ૨ |
| ૧૪ | ૨૦૦૪ | ૯૯ |
| ૧૫ | ૨૦૦૫ | ૧૩૦ |
| | કુલ | ૩૧૯ |

---------------------

**જામનગર, દ્વારકા અને કાલાવડ તાલુકાની પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

અતારાંકિત : ૩૪૯૪ (૧૬-૦૫-૦૫)ડૉ. **દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ જામનગર, દ્વારકા અને કાલાવડ તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજુર, ભરેલી અને ખાલી છે;

(૨)એ આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શું આયોજન કરેલ છે; અને

(૩) આ ખાલી જગ્યાઓ માટે કયા પ્રકારની વૈકલ્પિક વ્યવસ્થા કરેલ છે?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૩-૭-૦૫) :

(૧) સંવર્ગવાર જગ્યાઓની માહિતી પત્રક-અ તથા બ મુજબ.

(૨) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ.

(૩) આ ખાલી જગ્યાઓ માટે આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવામાં આવે છે.

**પત્રક-અ**
**પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સંવર્ગવાર જગ્યાની માહિતી.**

| અ.નં. | તાલુકાનું નામ | સંવર્ગનું નામ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|---|
| (૧) | જામનગર | વર્ગ-૨ | ૭ | ૬ | ૧ |
| | | વર્ગ-૩ | ૨૮ | ૧૯ | ૯ |
| | | વર્ગ-૪ | ૨૮ | -- | ૨૮ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૨) | દ્વારકા | વર્ગ-૨<br>વર્ગ-૩<br>વર્ગ-૪ | ૪<br>૧૬<br>૧૬ | ૩<br>૧૨<br>-- | ૧<br>૪<br>૧૬ |
| (૩) | કાલાવડ | વર્ગ-૨<br>વર્ગ-૩<br>વર્ગ-૪ | ૩<br>૧૨<br>૧૨ | ૩<br>૫<br>-- | --<br>૭<br>૧૨ |

**પત્રક-બ**

**સામુહિક આરોગ્ય કેન્દ્રની સંવર્ગવાર જગ્યાની માહિતી.**

| અ.નં. | તાલુકાનું નામ | સંવર્ગનું નામ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|---|
| (૧) | જામનગર | વર્ગ-૧<br>વર્ગ-૨<br>વર્ગ-૩<br>વર્ગ-૪ | ૧<br>૩<br>૧૩<br>૧૦ | --<br>૧<br>૯<br>૫ | ૧<br>૨<br>૪<br>૫ |
| (૨) | દ્વારકા | વર્ગ-૧<br>વર્ગ-૨<br>વર્ગ-૩<br>વર્ગ-૪ | ૩<br>૩<br>૧૩<br>૧૦ | ૧<br>૨<br>૧૦<br>૧૦ | ૨<br>૧<br>૩<br>-- |
| (૩) | કાલાવડ | વર્ગ-૧<br>વર્ગ-૨<br>વર્ગ-૩<br>વર્ગ-૪ | ૧<br>૩<br>૧૩<br>૧૦ | --<br>૨<br>૧૩<br>૧૦ | ૧<br>૧<br>--<br>-- |

---------------------

**જામનગર જિલ્લામાં બાળકોના આરોગ્યનું સર્વેક્ષણ**

અતારાંકિત : ૩૪૯૫ (૧૬-૦૫-૦૫) **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૧-૪-૦૫ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં જામનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોના આરોગ્યનો સર્વેક્ષણ કરવામાં આવ્યો છે, તેમાં કેટલી વયજૂથના કેટલા બાળકોને આવરી લેવામાં આવ્યા છે;

(૨) આ સર્વેક્ષણમાં બાળકોમાં કયા કયા રોગો માલુમ પડ્યા છે;

(૩) ગંભીર પ્રકારની બિમારીમાં સપડાયેલાં કેટલા બાળકો હતા;

(૪) આવા બાળકોની સારવાર માટે સરકારે શાં પગલાં લીધા છે;

(૫) કેટલા વિદ્યાર્થીઓએ કયા કયા રોગો માટે કયા કયા પ્રકારની સારવાર ક્યારે લીધી; અને

(૬) સારવાર પછીનાં શું પરિણામ ઉપલબ્ધ છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૨૦-૭-૦૫) :

(૧)

| વય જુથ | લાભાર્થી બાળકો |
|---|---|
| - ૦ થી ૫ | ૮૫,૨૬૬ |
| - ૬ થી ૧૪ (શાળાએ જતા) | ૨,૬૯,૧૨૭ |
| - ૬ થી ૧૪ (શાળાએ ન જતા) | ૬,૩૪૬ |

(૨) પાંડુ રોગ, આંત્રકૃમિ, દાંત, આંખ, કાન, નાક, ગળાની તકલીફ, પેટ, ચામડી, શ્વસન તંત્ર, ચેતાતંત્ર, અસ્થિતંત્ર, વિકલાંગતા, હ્રદયરોગ તથા અન્ય રોગો માલુમ પડ્યા છે.

(૩) હ્રદયની બિમારીવાળા ૬૮ બાળકો હતા.

(૪) આવા બાળકોને સુપર સ્પેશ્યાલીસ્ટ સારવાર આપવામાં આવી.

(૫) પત્રક સામેલ છે.

(૬) હ્રદયની બિમારીવાળા બાળકોના ઓપરેશન થયા, ચશ્માની જરૂરિયાતવાળા બાળકોને ચશ્માનું વિતરણ થતા દ્રષ્ટિ ખામીમાં સુધારો તથા અન્ય રોગોની સારવારના સારા પરિણામ મળેલ છે.

**પત્રક**

શાળા આરોગ્ય કાર્યક્રમ તા. ૧૨-૭-૨૦૦૪ થી તા. ૩૦-૯-૨૦૦૪ દરમિયાન તથા સમયાંતરે નીચે દર્શાવ્યા મુજબ વિદ્યાર્થીઓએ સારવાર લીધેલ છે.

| ક્રમ | રોગનો પ્રકાર | વિદ્યાર્થીઓની સંખ્યા | સારવારની પધ્ધતિ |
|---|---|---|---|
| ૧ | બાળરોગ | ૪૪૮ | બાળરોગ નિષ્ણાંત દ્વારા તબીબી સારવાર |
| ૨ | આંખની બિમારી | ૧૬૯૨ | આંખરોગ નિષ્ણાંત દ્વારા તબીબી સારવાર |
| ૩ | દાંતરોગ | ૬૫૬ | દાંતરોગ નિષ્ણાંત દ્વારા તબીબી સારવાર |

| | | | |
|---|---|---|---|
| ૪ | ચામડીના રોગ | ૫૩૨ | ચામડીના નિષ્ણાંત દ્વારા તબીબી સારવાર |
| ૫ | કાન-નાક-ગળાના રોગ | ૫૮૭ | કાન-નાક-ગળાના નિષ્ણાંત દ્વારા તબીબી સારવાર |
| ૬ | દ્રષ્ટિ ખામીવાળા બાળકો | ૮૦૫ | ઓપ્થલ્મીક વિભાગ દ્વારા જરૂરિયાત વાળા બાળકોને ચશ્માનું વિતરણ |
| ૭ | હદય | ૬૮ | નિષ્ણાંત દ્વારા સંદર્ભ સારવાર તથા જરૂરિયાતવાળા બાળકોને ઓપરેશન કર્યા. |
| ૮ | અન્ય રોગ | ૭૨ | નિષ્ણાંત તબીબો દ્વારા તબીબી સારવાર |

---------------------

## રાજ્યમાં સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ખૂટતી સુવિધાઓ

અતારાંકિત : ૩૫૪૮ (૬-૦૬-૦૫)**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૩-૨૦૦૫ના અંતે રાજ્યમાં જિલ્લાવાર ચાલુ હોય એવાં કુલ કેટલાં સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં એક્સ-રે મશીન, રેફ્રિજરેટર, એમ્બ્યુલન્સ અને ઓટો કલેવની સુવિધાઓ નથી; અને

(૨) આ અંગે રાજ્ય સરકારનું શું આયોજન છે?

**આરોગ્ય મંત્રીશ્રી** (૨૭-૭-૦૫) :

(૧) કુલ-૫૩ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં એકસ-રે મશીનની સુવિધા નથી.

(૨) આગામી નાણાંકીય વર્ષમાં આયોજન થયેથી.

----------------------

## રાજ્યમાં પોલીસ કોન્સ્ટેબલોની ઘટ

અતારાંકિત : ૩૨૪૭ (૧-૦૩-૦૫)**શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) ડિસેમ્બર, ૦૪ની સ્થિતિએ રાજ્યના પોલીસ ખાતામાં પોલીસ કોન્સ્ટેબલોની જગાઓ કેટલી ખાલી છે,

(૨) જિલ્લાવાર કેટલી ઘટ છે, અને

(૩) ખાલી જગાઓ ભરવા સરકારે શું કાર્યવાહી કરેલ છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** : (૧૫-૭-૦૫)

(૧) કુલ-૫૫૦૧ જગ્યા ખાલી છે.

(૨) પત્રક સામેલ છે.

(૩) વહીવટી અનુકૂળતા પ્રમાણે ભરવામાં આવે છે.

તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કોન્સ્ટેબલરી સ્ટાફની ખાલી જગ્યાઓનું પત્રક.

| અ.નં. | જિલ્લો | આ.પો.કો. | અ.પો.કો. | મહિલા પો.કો. |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ સીટી | ૩૬૦ | ૮૧૭ | ૧ |
| ૨ | બરોડા સીટી | ૩૯ | ૧૩૭ | ૧ |
| ૩ | રાજકોટ સીટી | ૧૧ | ૪૭ | ૨ |
| ૪ | સુરત સીટી | ૭૪ | ૧૨૬ | ૧૧ |
| ૫ | અમદાવાદ રૂરલ | ૬ | ૬૧ | ૧૧ |
| ૬ | સાબરકાંઠા | ૬૯ | ૧૧ | ૨૭ |
| ૭ | ખેડા | ૧૨૭ | ૧૪૪ | ૧૦ |
| **૧.** | **૨.** | **૩.** | **૪.** | **૫.** |
| ૮ | આણંદ | ૩૮ | ૧૨૧ | ૬ |
| ૯ | ગાંધીનગર | ૯૬ | ૭૧ | ૯ |
| ૧૦ | મહેસાણા | ૧૧૨ | ૨૭ | ૨૮ |
| ૧૧ | પાટણ | ૩૨ | ૬૦ | ૨૦ |
| ૧૨ | વડોદરા રૂરલ | ૭૧ | ૫૮ | ૨૪ |
| ૧૩ | પંચમહાલ | ૯૨ | ૭૮ | ૧૧ |
| ૧૪ | ભરૂચ | ૪૮ | ૧૩૯ | ૧૯ |
| ૧૫ | દાહોદ | ૧૮ | ૫ | ૩૦ |
| ૧૬ | નર્મદા | ૨૪ | ૨૩ | ૧૨ |
| ૧૭ | સુરત રૂરલ | ૮૭ | ૫૧ | ૧૨ |
| ૧૮ | વલસાડ | ૪૨ | ૬૪ | ૩ |
| ૧૯ | નવસારી | ૬૭ | ૨૮ | ૦ |
| ૨૦ | ડાંગ-આહવા | ૪૩ | ૩ | ૧૯ |
| ૨૧ | રાજકોટ રૂરલ | ૧૮ | ૪૧ | ૪૫ |
| ૨૨ | સુરેન્દ્રનગર | ૭૨ | ૭૪ | ૮ |
| ૨૩ | જામનગર | ૧૨૬ | ૧૧૮ | ૪૯ |
| ૨૪ | કચ્છ-ભૂજ | ૧૪૨ | ૧૪૯ | ૨૯ |
| ૨૫ | બનાસકાંઠા-પાલનપુર | ૧૧૩ | ૯૫ | ૩૩ |
| ૨૬ | જૂનાગઢ | ૧૮ | ૩૩ | ૭ |
| ૨૭ | અમરેલી | ૫ | ૫૪ | ૩૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮ | ભાવનગર | ૬ | ૪૫ | ૬૭ |
| ૨૯ | પોરબંદર | ૩૦ | ૩૭ | ૬ |
| ૩૦ | વેસ્ટર્ન રેલ્વે બોર્ડ | ૬૬ | ૨૩૪ | ૧૯ |
| | કુલ : | ૨૦૦૬ | ૨૯૪૫ | ૫૫૦ |

---------------------

## રાજ્યમાં પાસા હેઠળ નોંધાયેલ કેસો

અતારાંકિત : ૩૩૦૫ (૩.૩.૦૫) **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧.૧.૦૫ની સ્થિતિએ રાજ્યમા છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા કેસો પાસા હેઠળ જિલ્લાવાર નોંધાયેલા છે; અને

(૨) આ કેસોમાં કુલ કેટલી અટકાયતો થઈ છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૨૭-૭-૦૫) :

(૧) અને (૨)

| ***શહેર/જિલ્લો*** | **નોંધાયેલ કેસો** | **અટકાયત** |
|---|---|---|
| અમદાવાદ શહેર | ૭૩૦ | ૭૨૨ |
| રાજકોટ શહેર | ૧૮૮ | ૧૮૭ |
| સુરત શહેર | ૬૯૦ | ૬૬૯ |
| વડોદરા શહેર | ૩૧૪ | ૩૦૫ |
| અમદાવાદ (ગ્રામ્ય) | ૦૨૫ | ૦૨૨ |
| અમરેલી | ૦૦૦ | ૦૦૦ |
| આણંદ | ૦૩૨ | ૦૩૦ |
| બનાસકાંઠા | ૦૫૦ | ૦૪૫ |
| ભરૂચ | ૦૨૯ | ૦૨૯ |
| ભાવનગર | ૦૪૫ | ૦૪૩ |
| દાહોદ | ૦૧૮ | ૦૧૭ |
| ડાંગ | ૦૦૦ | ૦૦૦ |
| ગાંધીનગર | ૦૧૨ | ૦૧૨ |
| જામનગર | ૦૦૪ | ૦૦૪ |
| જુનાગઢ | ૦૦૩ | ૦૦૩ |
| કચ્છ-ભૂજ | ૦૩૫ | ૦૩૪ |
| ખેડા | ૦૨૬ | ૦૨૬ |
| મહેસાણા | ૦૦૫ | ૦૦૫ |
| નર્મદા | ૦૦૨ | ૦૦૧ |
| નવસારી | ૧૧૮ | ૦૬૩ |
| પંચમહાલ | ૦૩૩ | ૦૧૩ |
| શહેર/જિલ્લો | નોંધાયેલ કેસો | અટકાયત |
| પાટણ | ૦૦૨ | ૦૦૨ |
| પોરબંદર | ૦૧૯ | ૦૦૫ |
| રાજકોટ (ગ્રામ્ય) | ૦૧૫ | ૦૧૪ |
| સાબરકાંઠા | ૦૦૪ | ૦૦૪ |
| સુરતગ્રામ્ય | ૧૦૪ | ૧૦૩ |
| સુરેન્દ્રનગર | ૦૦૬ | ૦૦૫ |
| વડોદરા (ગ્રામ્ય) | ૦૫૦ | ૦૫૦ |
| વલસાડ | ૦૧૮ | ૦૧૮ |
| કુલ :- | ૨૫૭૭ | ૨૪૩૧ |

------------

## અમદાવાદ-રાજકોટ હાઈવે પર અકસ્માતના બનાવો

અતારાંકિત : ૩૫૧૪ (૧૨.૫.૦૫)**ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ એક વર્ષમાં અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે પર અકસ્માતના કેટલા બનાવો બન્યા;

(૨) આ અકસ્માતમાં કેટલા વ્યકિતઓએ જાન ગુમાવ્યા,

(૩) આ અકસ્માતો થવાનાં કારણો શાં છે; અને

(૪) સરકારે અકસ્માતો રોકવા અંગે શાં પગલાં ભર્યા છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** (૮-૭-૦૫) :

(૧) કુલ : ૯૧૭ અકસ્માત.

(૨) કુલ : ૧૭૫ વ્યકિત.

(૩) ૧. અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે સીધો હોવાને કારણે વાહનો વધુ ઝડપે ચલાવવાના કારણે.

૨. અગાઉના વર્ષની સરખામણીમાં વાહન વ્યવહારનું પ્રમાણ વધવાથી.

૩. દુર દુરથી લાંબા અંતરથી વાહનો આવતા હોવાના કારણે ડ્રાઈવરો થાકી જવાથી ઝોકે ચડી જાય છે.

(૪) ૧. અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે ચાર માર્ગીય બનાવવામાં આવેલ છે અને વચ્ચે ડીવાઈડર બનાવવામાં આવેલ છે.

૨. ચાર રસ્તા ઉપર, વળાંકવાળી જગ્યાએ અને અસરગ્રસ્ત એકસીડેન્ટ ઝોન એરીયામાં સાઈનબોર્ડ મુકવામાં આવે છે.

૩. રોડ ઉપર રાત દિવસ હાઈવે પેટ્રોલીંગની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

૪. અકસ્માતો અટકાવવા એમવીએ એકટ મુજબ કાયદાકીય પગલાં લેવામાં આવે છે.

૫. દર વર્ષે જાન્યુઆરી માસના પ્રથમ સપ્તાહ દરમ્યાન માર્ગ સલામતિ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. તે દરમ્યાન અકસ્માતનું પ્રમાણ ઘટાડવા માટેના તમામ જરુરી પગલાં ભરવામાં આવે છે.

------------

## પાટણ શહેર અને જિલ્લામાં ચોરી, બળાત્કાર, લૂંટ અને કોમી તોફાનો

અતારાંકિત : ૩૫૭૨ (૬.૬.૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) પાટણ શહેર અને જિલ્લામાં તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઘરફોડ ચોરી, બળાત્કાર અને લૂંટ તેમજ કોમી દંગલો અંગે તાલુકાવાર અને શહેરના પોલીસ સ્ટેશનદીઠ કેટલા ગુનાઓ નોંધાયા છે.

(૨) આ ગુનાઓમાં કેટલા આરોપીઓ સંકળાયેલ હતા અને કેટલાને પકડવામાં આવ્યા, અને

(૩) નાસ્તા ફરતા આરોપીઓમાં કુલ કેટલા આરોપીઓને પકડવા માટે રાજ્ય સરકારે છેલ્લા એક વર્ષમાં પ્રયત્નો કર્યા ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** (૩૦-૭-૦૫) :

(૧) આ સાથે સામેલ પત્રક મુજબ.

(૨) કેટલા આરોપીઓ સંડોવાયેલ — કેટલા આરોપીઓ પકડવામાં આવ્યા

| | | |
|---|---|---|
| ઘરફોડ ચોરી | ૧૯ | ૧૯ |
| બળાત્કાર | ૦૮ | ૦૮ |
| લૂંટ | ૩૧ | ૨૪ (બે કેસમાં કુલ ૭ તહોમતદારો સામે ખોટી ફરિયાદો દાખલ થયેલ હોઈ, પકડવામાં આવેલ નથી) |
| કોમી દંગલ | ૫૧ | ૫૧ |
| કુલ.. | ૧૦૯ | ૧૦૨ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક**

| અ.નં. | તાલુકો | પોલીસ સ્ટેશન | ઘરફોડ ચોરી | બળાત્કાર | લૂંટ | કોમી દંગલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | પાટણ | પાટણ સીટી | ૨૯ | - | ૧ | - |
| | | પાટણ તાલુકા | ૦૮ | - | - | - |
| | | વાગડોદ | ૦૨ | ૨ | ૧ | - |
| ૨ | સિધ્ધપુર | સિધ્ધપુર | ૧૦ | - | ૩ | - |
| | | કાકોશી | ૧ | ૦૧ | ૦૧ | - |
| ૩ | ચાણસ્મા | ચાણસ્મા | ૦૪ | ૦૧ | ૦૨ | - |
| ૪ | હારીજ | હારીજ | - | ૦૧ | - | - |
| ૫ | સમી | સમી | ૬ | - | ૧ | ૫ |
| ૬ | રાધનપુર | રાધનપુર | ૦૮ | - | ૦૧ | ૦૨ |
| ૭ | સાંતલપુર | વારાહી | ૦૫ | - | ૦૧ | - |
| | | સાંતલપુર | ૦૨ | - | - | - |
| ૮ | કુલ | | ૭૫ | ૦૫ | ૧૧ | ૦૭ |

------------

**પાટણ જિલ્લામાં દારૂ , જુગાર અને વરલીમટકા માટે પાડેલ દરોડા**

અતારાંકિત : ૩૫૭૩ (૬.૬.૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગુહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) માર્ચ, ૨૦૦૫ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં પાટણ જિલ્લામાં દારૂ, જુગાર અને વરલીમટકા અંગે સ્થાનિક પોલીસ ધ્વારા કેટલી રેડ પાડવામાં આવી અને બહારની પોલીસ ધ્વારા કેટલીવાર રેડ પાડવામાં આવી, અને

(૨) આવી પ્રવૃત્તિઓ ડામવા માટે રાજ્ય સરકારે શું પગલાં લીધા ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** (૨૨-૭-૦૫) :

(૧) શ્થાનિક પોલીસ ધ્વારા દારુ અંગે ૨૪૫૯, જુગાર અંગે ૬૩ અને વરલીમટકા અંગે ૬૮ રેઈડ પાડવામાં આવેલ છે. જ્યારે બહારની પોલીસ ધ્વારા દારૂ અંગે ૧૨ અને જુગાર અંગે ૦૧ રેઈડ પાડવામાં આવેલ છે, સ્થાનિક નશાબંધી સ્ટેશન ધ્વારા દારૂ અંગે ૧૮૧૮ અને નશાબંધી ખાતાના સ્કોડો ધ્વારા (બહારની એજન્સી) ધ્વારા દારૂ અંગે ૨૨૪ રેઈડ પાડવામાં આવેલ છે.

(૨) આવી પ્રવૃત્તિ ડામવા પોલીસ ખાતા ધ્વારા અવારનવાર રેઈડો કરવામાં આવે છે. તેમજ વારંવાર આવી ગેરકારયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમો વિરુધ્ધ પ્રોહી. એક્ટની કલમ-૯૩, તડીપાર તથા પાસા મુજબના અટકાયતી પગલાં લેવામાં આવે છે.

નશાબંધી ખાતા ધ્વારા પણ અવારનવાર રેઈડો કરી કાયદેસરની કાર્યવાહી કરી, પ્રોહી. એકટની કલમ-૯૩ મુજબના અટકાયતી પગલાં લેવામાં આવે છે.

------------

**આણંદ જિલ્લામાં વિવિધ ગુનાઓ**

અતારાંકિત : ૩૫૮૭ (૧૩.૬.૦૫) **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૫-૦૫ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં કુલ કેટલા ખૂન, લૂંટ, ધાડ, ઘરફોડ ચોરી, બળાત્કાર અને આત્મહત્યાના ગુનાઓ નોંધાયા,

(૨) તે પૈકી કેટલા ગુનાઓ ડીટેકટ થયા અને કેટલા બાકી છે,

(૩) કેટલા તહોમતદારો પકડાયા અને કેટલા બાકી છે, અને

(૪) બાકીના તહોમતદારોને પકડવા સરકાર ધ્વારા શી કાર્યવાહી કરવામાં આવી રહી છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** (૧૬-૭-૦૫) :

(૧)

| ખૂન | લૂંટ | ધાડ | ઘરફોળ ચોરી | બળાત્કાર | આત્મહત્યા |
|---|---|---|---|---|---|
| ૭૩ | ૪૯ | ૩૦ | ૪૫૦ | ૨૬ | ૩૧૦ |

(૨)

| ડીટેકટ થયા | બાકી |
|---|---|
| ખૂન-૬૨ | ૧૧ |
| લૂંટ-૩૧ | ૧૮ |
| ધાડ-૧૭ | ૧૩ |
| ઘરફોડ ચોરી-૧૦૨ | ૩૪૮ |
| બળાત્કાર-૨૬ | - |
| આત્મહત્યા- | - |

(૩)

| તહોમતદારો પકડાયા | તહોમતદારો બાકી |
|---|---|
| ખૂન-૧૩૦ | ૦૧ |
| લૂંટ-૬૯ | ૧૭ |
| ધાડ-૧૬૯ | ૦૬ |
| ઘરફોડ ચોરી-૨૦૫ | ૦૨ |
| બળાત્કાર-૩૯ | - |
| આત્મહત્યા- | - |

(૪) બાકીના તહોમતદારો પકડવા ડીવીઝન કક્ષાએ સ્કવોડ ખોલવામાં આવેલ છે. તથા તહોમતદારો અંગે માહિતિ મેળવી પકડવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- નાસતા ફરતા આરોપીઓની યાદી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

- અઠવાડીયે કોમ્બીંગ નાઈટનું આયોજન કરી નાસતા ફરતા આરોપીઓને ચેક કરી પકડવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.
- નાસતા ફરતા આરોપીઓ પકડવા માટે સી.આર.પી.સી. કલમ-૭૦, ૮૨, ૮૩ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

------------

**રાજ્યમાં ભૂકંપ બાદ ઔદ્યોગિક એકમોને આર્થિક સહાય**

અતારાંકિત : ૩૫૪૪ (૧૫.૫.૦૫)**શ્રી સિધ્ધાર્થ મા. પરમાર(રાજકોટ ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં જાન્યુઆરી-૨૦૦૧માં આવેલ વિનાશક ભૂકંપ બાદ ઔદ્યોગિક એકમોને આર્થિક સહાય ચૂકવવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો તા. ૩૦-૪-૦૫ સુધીમાં કુલ કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે, અને

(૩) તે પૈકી અનુસૂચિત જાતિના કેટલા ઔદ્યોગિક એકમોને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** (૧૮-૭-૦૫) :

(૧) હા, જી.

(૨) તા. ૩૦-૪-૦૫ સુધીમાં રૂા. ૬૬૮૨.૮૭ લાખની રકમ ચુકવવામાં આવેલ છે.

(૩) આ યોજનામાં ભૂપંકથી અસર પામેલા ઔદ્યોગિક એકમોને સહાય ચુકવવામાં આવે છે. જેમાં જાતિવાર ઔદ્યોગિક એકમોની વિગતો અલગથી રાખવામાં આવતી નથી. જેથી આ માહિતી આપવી શક્ય નથી.

------------

**રાજ્યમાં ભૂકંપ બાદ ઉદ્યોગોને ચુકવેલ સહાયમાં ગેરરીતિ**

અતારાંકિત : ૩૫૪૫ (૧૬.૫.૦૫)**શ્રી સિધ્ધાર્થ મા. પરમાર(રાજકોટ ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં જાન્યુઆરી-૨૦૦૧માં આવેલ ભૂકંપ બાદ રાજકોટ જિલ્લામાં ઉદ્યોગોને ચુકવવામાં આવેલ સહાયમાં કોઈ આર્થિક ગેરરીતિઓ થયેલ છે કે કેમ;

(૨) જો હા, તો તેવા એકમો ધરાવતા ઉદ્યોગકારો પાસેથી રીકવરી કરવામાં આવેલ છે; અને

(૩) જો હા, તો આ અંગે જવાબદાર અધિકારીઓ સામે શી કાર્યવીહી કરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** (૨૭-૭-૦૫) :

(૧) અને (૨) ભૂકંપ સહાય મેળવવા ગેરરીતિઓ કરનાર એકમોને સહાયની રકમ ચુકવવામાં આવી નથી, તેથી રીકવરી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) અધિકારીઓ ધ્વારા આ રકમની ચુકવણી કરવામાં આવેલ ન હોઈ તેઓની સામે કાર્યવાહી કરવામાં આવી નથી.

------------

**જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા બાજપાઈ સ્વરોજગાર યોજના હેઠળ શિક્ષિત બેરોજગારોને લોન**

અતારાંકિત : ૩૫૫૮ (૬.૬.૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

(૧) માર્ચ ૨૦૦૫ અંતે છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં બાજપઈ સ્વરોજગાર યોજના અન્વયે શિક્ષિત બેરોજગારોની કુલ કેટલી અરજીઓ આવી હતી,

(૨) આ પૈકી સિધ્ધપુર તાલુકાના કુલ કેટલા શિક્ષિત બેરોજગારોએ અરજીઓ કરી હતી અને કેટલાને કુલ કેટલી લોન આપવામાં આવી હતી,

(૩) બાકી રહેલ અરજદારોને ક્યારે લોન આપવામાં આવશે, અને

(૪) મંજુર કરેલ અરજીઓમાંથી કેટલી અરજીઓમાં કેટલી રકમોની સબસીડી અપાઈ છે ?

**મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** (૨૬-૭-૦૫) :

(૧) મળેલ અરજીઓ

| ક્રમ | વર્ષ | સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૦૩-૦૪ | ૮૭૭ |
| ૨ | ૨૦૦૪-૦૫ | ૬૩૮ |
| | કુલ | ૧૫૧૫ |

(૨) નીચે મુજબ સિધ્ધપુર તાલુકાના શિક્ષિત બેરોજગારોએ અરજીઓ કરેલ હતી અને લોન આપેલ છે.

| **ક્રમ** | **વર્ષ** | **અરજીની સંખ્યા** | **ચુકવેલ લોનની વિગત** | |
|---|---|---|---|---|
| | | | **સંખ્યા** | **રકમ (લાખમાં)** |
| ૧ | ૨૦૦૩-૦૪ | ૧૨૧ | ૫૬ | ૧૮.૬૪ |
| ૨ | ૨૦૦૪-૦૫ | ૯૪ | ૩૭ | ૨૦.૩૩ |
| | | ૨૧૫ | ૯૩ | ૩૮.૯૭ |

(૩) બેંકમાં પડતર રહેલ અરજીઓ અંગેની કાર્યવાહી ચાલુ છે.

(૪) ૮૨ લાભાર્થીઓને રૂા. ૬.૭૪ લાખની સબસીડી ચુકવેલ છે.

| **વર્ષ** | **સંખ્યા** | **રકમ (લાખમાં)** |
|---|---|---|
| ૨૦૦૩-૦૪ | ૪૮ | ૩.૯૩ |
| ૨૦૦૪-૦૫ | ૩૪ | ૨.૮૧ |
| કુલ | ૮૨ | ૬.૭૪ |

------------

## જામનગર શહેર અને જિલ્લામાં અકસ્માત વળતરના પડતર કેસો

અતારાંકિત : ૩૫૩૩ (૧-૬-૦૫) : **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) :માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં જામનગર શહેર અને જિલ્લામાં અકસ્માત વળતરનાં કેટલા કેસોમાં કેટલું વળતર આપવામાં આવ્યું,

(૨) કેટલા કેસો પડતર છે, અને

(૩) આ પડતર કેસોનાં કેટલાં સમયમાં ચૂકાદાઓ આપવામાં આવશે ?

**ન્યાયતંત્ર મંત્રીશ્રી** (૧૬-૭-૦૫) :

(૧) ૧૨૮૮ અકસ્માત વળતરના કેસોમાં રૂા.૬૯૧૬૩૯૦૬-૦૦ નું વળતર આપવામાં આવ્યું.

(૨) ૫૧૨૨

(૩) જેમ બને તેમ જલ્દી.

------------

## જામનગર જિલ્લાના ડેમો નર્મદાના પાણીથી ભરવા અંગે

અતારાંકિત : ૩૫૦૨ (૧૬-૫-૦૫) : **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર જિલ્લામાં કયા કયા ડેમોને નર્મદાનાં પાણીથી ભરવાનું કયા પ્રકારનું આયોજન છે,

(૨) આ આયોજન પાછળ કુલ કેટલો ખર્ચ થનાર છે; અને

(૩) આ આયોજન કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨-૮-૦૫) :

(૧) જામનગર જિલ્લાના ડેમો-૩, આજી-૩, આજી-૪, ઉંડ-૧, ઉંડ-૨, કંકાવટી, રુપારેલ બેરાજા, રણજીત સાગર, વીજરખી, સપડા, રંગમતી, સસોઇ, પુના તથા ક્ષાર પ્રવેશ નિવારણની છ યોજનાઓ થઇને કુલ-૧૯ ડેમોને નર્મદા યોજનાની સૌરાષ્ટ્ર બ્રાન્ચ કેનાલની મોરબી શાખા દ્વારા મચ્છુ-૨ થી ફુલઝર સુધીની લીન્ક કેનાલ મારફત ૦.૨૨૫ એમ.એ.એફ. પાણીનો જથ્થો વહેવડાવી ભરવાનું આયોજન છે.

(૨) આ આયોજન પાછળ પ્રાથમિક અંદાજ મુજબ રૂા.૧૫૦.૦૦ કરોડના ખર્ચે બાંધકામ કરવાનું આયોજન છે.

(૩) આ આયોજન મુજબનું કામ વર્ષ ૨૦૧૦ માં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

## જામનગર જિલ્લામાં ચેકડેમોનું આયોજન

અતારાંકિત : ૩૫૦૮ (૧૬-૫-૦૫) : **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૩-૦૫ ની સ્થિતિએ સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ જામનગર જિલ્લામાં ચેકડેમોનું શું આયોજન છે; અને

(૨) આ ચેકડેમોના કામો કયારે શરુ કરવામાં આવશે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૮-૭-૦૫) :

(૧) સુજલામ્-સુફલામ્ યોજના અંતર્ગત જામનગર જિલ્લામાં ચેકડેમો બાંધવાની કામગીરીનો સમાવેશ થયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## જામનગર જિલ્લાની નદીઓ અને ડેમોમાં નર્મદાનું પાણી ઠાલવવા અંગે

અતારાંકિત : ૩૫૧૦ (૧૬-૫-૦૫) : **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

(૧) નર્મદા યોજના બંધની ઉંચાઇ ૧૧૦ મીટર થતાં ચોમાસામાં વધારાનું પાણી ઓવરફલો થઇ જાય છે. એ પાણી નર્મદા મુખ્ય કેનાલ દ્વારા રાજ્યની નદીઓમાં ઠાલવવામાં આવે છે, તે વાત સાચી છે,

(૨) તા.૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ જામનગર જિલ્લાની કઇ કઇ નદીઓનો સમાવેશ આમાં કરવામાં આવેલ છે, અને

(૩) આ પાણી કયારથી ઠાલવવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) (૬-૭-૦૫) :

(૧) હા, જી. પાણીની ઉપલબ્ધતા અનુસાર નર્મદા યોજનાની નહેરોને ક્રોસ થતી નદીઓમાં જરૂરીયાત મુજબ વધારાનું પાણી છોડવામાં આવે છે.

(૨) જામનગર જિલ્લામાંથી નર્મદા યોજનાની નહેર પસાર થતી ન હોઇ, જામનગર જિલ્લાની નદીઓનો સમાવેશ કરવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## જામનગર જિલ્લામાં પાણી પુરવઠા યોજનાઓ

અતારાંકિત : ૩૫૧૮ (૧૬-૫-૦૫) : **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૩-૦૫ની સ્થિતિએ જુથ પાણી પુરવઠા યોજનાની કયા કયા તાલુકામાં કઇ કઇ ને કેટલી યોજનાઓ કાર્યવંત છે,

(૨) તે પૈકી કેટલા અને કયા કયા ગામોને પાણી આપવામાં આવે છે,

(૩) જામનગર તાલુકા માટે કોઇ નવી યોજના બનાવવામાં આવેલ છે કે કેમ,

(૪) જામનગર તાલુકામાં જુથ પાણી પુરવઠા યોજનાઓ વિધ્યમાન હોવા છતાં કેટલા ગામોમાં ટેન્કરથી પાણી પહોંચાડવું પડે તેવી સ્થિતિ છે, અને

(૫) ગત ઉનાળામાં કયા કયા ગામોને ટેન્કરથી પાણી પુરૂ પાડવામાં આવેલ ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૩-૮-૦૫) :

(૧) તા.૩૧-૩-૦૫ ની સ્થિતિએ જામનગર જિલ્લામાં નવ તાલુકામાં તાલુકાવાર નીચે મુજબની ૨૦ જુથ પા.પુ. યોજનાઓ કાર્યવંત છે.

| અનુ.નં. | તાલુકો | જુથ પા.પુ. યોજનાનું નામ |
|---|---|---|
| ૧ | જામનગર | સુપડા |
| ૨ | જામનગર/ધ્રોળ | રોઝીયા તમાસણ |
| ૩ | જામજોધપુર | નંદાણા |
| ૪ | ઓખામંડળ | ગઢેચી આરંભડા |
| ૫ | ઓખામંડળ | અણીયારી ખતુબા |
| ૬ | કલ્યાણપુર | ભોપાલકા |

| | | |
|---|---|---|
| ૭ | જામજોધપુર | નરમાણા |
| ૮ | ખંભાળીયા | હંસસ્થળ |
| ૯ | જોડીયા | મોરબી-માળીયા, જોડીયા |
| ૧૦ | ધ્રોલ | હાડાટોડા |
| ૧૧ | ઓખામંડળ/કલ્યાણપુર | ઓખામંડળ |
| ૧૨ | જામનગર/જોડીયા | જાંબુડા |
| ૧૩ | કલ્યાણપુર | રાવલ |
| ૧૪ | ધ્રોલ/જોડીયા/જામનગર | આજી-૩ |
| ૧૫ | કલ્યાણપુર | સાની-૨ |
| ૧૬ | કલ્યાણપુર | ચુરદુધીયા |
| ૧૭ | જામનગર/લાલપુર | સસોઇ |
| ૧૮ | કાલાવાડ/જામનગર | ફુલઝર-૧ |
| ૧૯ | કાલાવાડ | પીઠડીયા ૧/૩ જુથ |
| ૨૦ | જોડીયા/ધ્રોલ | આજી-૩-ભાગ-૨-જુથ |

(૨) તા.૩૧-૩-૦૫ની સ્થિતિએ પત્રક-૧ મુજબ ૧૪૨ ગામોને પાણી આપવામાં આવતું હતું.

(૩) હા, જી. (ખીજડીયા ગૃપ)

(૪) તા.૩૧-૩-૦૫ ની સ્થિતિએ જુથ યોજના હેઠળ એક ગામ ઢીંચડાને.

(૫) ગત ઉનાળામાં જામનગર જિલ્લાની જુથ પા.પુ. યોજના હેઠળના ૭ ગામો અને સ્વતંત્ર પા.પુ. યોજના વાળા ૪૭ ગામો મળી કુલ ૫૪ ગામોને ટેન્કરથી પાણી પુરૂ પાડવામાં આવેલ. (પત્રક-૨ મુજબ).

**પ ત્ર ક - ૧**

**એલ.એ.ક્યુ. ૩૫૧૮**

**તા.૩૧-૩-૦૫ ની સ્થિતિએ જુથ યોજનાના જે ગામોને પાણી આપવામાં આવતું હતું તેવા ગામોની યાદી.**

| અનુ. | તાલુકો | જુથ યોજનાનું નામ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧. | જામનગર | સપડા પસાયા બેરાજા | ૧ સપડા |
| | | | ૨ પસાયા |
| | | | ૩ બેરાજા |
| | | જાંબુડા | ૪ જાંબુડા |
| | | | ૫ સચાણા |
| | | | ૬ શેખપાટ |
| **અનુ.** | **તાલુકો** | **જુથ યોજનાનું નામ** | **ગામનું નામ** |
| | | | ૭ બાડા |
| | | | ૮ અલીયા |
| | | | ૯ સૂર્યપરા |
| | | | ૧૦ ગોકલપર |
| | | આજી-૩ | ૧૧ રામપર |
| | | સસોઇ જુથ | ૧૨ સરમત |
| | | | ૧૩ વસઇ |
| | | | ૧૪ બેડ |
| | | | ૧૫ આમરા |
| | | | ૧૬ રાવલસર |
| | | | ૧૭ મસીતીયા |
| | | | ૧૮ ચાપાબેરાજા |
| | | | ૧૯ જીવાપર |
| | | | ૨૦ ગાડકા |
| | | | ૨૧ બાલંભડી |
| | | | ૨૨ દોઢીયા |
| | | | ૨૩ વાવબેરાજા |
| | | | કુલ ગામ ૨૩ |
| ૨. | લાલપુર | રાસોઇ જુથ | ૧ નવાગામ |
| ૩. | ધ્રોલ | રોઝીયા તમાચણ | ૧ રોઝીયા |
| | | હાડાટોડા હજામચોરા | ૨ હાડાટોડા |
| | | | ૩ હજામચોરા |
| | | આજી-૩ | ૪ મોટાગરેડીયા |
| | | | ૫ વાંકીયા |
| | | | ૬ લતીપુર |
| | | | ૭ ખારવા |
| | | | કુલ ગામ ૭ |
| ૪. | જોડીયા | મોરબી, માળીયા, જોડીયા | ૧ ઝીંઝુડા |
| | | | ૨ રાજપર |
| | | | ૩ ફડસર |

| | | | |
|---|---|---|---|
| | | | ૪ બેલા |
| | | | ૫ રામપર (પા.) |
| | | | ૬ કોઠારીયા |
| | | | ૭ આમરણ |
| | | | ૮ ખારચીયા |
| | | | ૯ કેરાલી |
| | | | ૧૦ જીવાપર |
| | | | ૧૧ ધળકોટ |
| | | | ૧૨ માવનું ગામ |
| | | | ૧૩ દુધઇ |
| | | | ૧૪ માણામોરા |
| | | | ૧૫ ભીમકટા |
| | | | ૧૬ જામસર |
| | | | ૧૭ સામપર |
| | | | ૧૮ અંબાલા |
| | | | ૧૯ માધાપર |
| | | | ૨૦ બાલંભા |
| | | | ૨૧ માનપર |
| | | | ૨૨ રામનગર (ખા) |
| | | | ૨૩ રણજીતપર (બા) |
| **અનુ.** | **તાલુકો** | **જુથ યોજનાનું નામ** | **ગામનું નામ** |
| | | | ૨૪ તરાણા |
| | | | ૨૫ મોરાણા |
| | | | ૨૬ ઉટબેટ સામપર |
| | | આજી-૩ | ૨૭ પડાણા |
| | | | ૨૮ બાદનપર (જો) |
| | | | ૨૯ કેશીયા |
| | | | ૩૦ પીઠડ |
| | | | ૩૧ ખજડી |
| | | | ૩૨ ટીબડી |
| | | | ૩૩ હડીયાણા |
| | | | ૩૪ જશાપર |
| | | આજી-૩ ભાગ-૨ | ૩૫ બારાડી |
| | | | ૩૬ બેરાજા |
| | | | ૩૭ વાવડી |
| | | જાંબુડા | ૩૮ બાલાચડી |
| | | | ૩૯ બાલાચડી (સૈ.સ્કુલ) |
| | | | ૪૦ ખીરી |
| | | | કુલ ગામ ૪૦ |
| ૫. | કાલાવડ | -- | -- |
| ૬. | જામજોધપુર | નંદાણા | ૧ નંદાણા |
| | | | ૨ આંબરડી ભૂપત |
| | | | ૩ આંબરડી ડેરી |
| | | નરમાણા | ૪ નરમાણા |
| | | | ૫ દલદેવળીયા |
| | | | ૬ સોગઠી |
| | | | કુલ ૬ ગામો |
| ૭ | ખંભાળીયા | હસ્થળ | ૧ હસ્થળ |
| | | | કુલ ૧ ગામો |
| ૮ | કલ્યાણપુર | ૧ ભોપાલકા | ૧ ભોપાલકા |
| | | | ૨ લીમ્બડી |
| | | ૨ ઓખામંડળ | ૩ ભાટીયા |
| | | | ૪ ગાગા |
| | | | ૫ બામણાસા |
| | | | ૬ કુરંગા |
| | | | ૭ ભાટવડીયા |
| | | ૩ રાવલ | ૮ રાવલ |
| | | | ૯ પાનેલી |
| | | | ૧૦ ટકારીયા |
| | | | ૧૧ સણોસરી |
| | | | ૧૨ સૂર્યાવદર |
| | | | ૧૩ પેમસર |
| | | | ૧૪ રાણપરડા |
| | | | ૧૫ ગોરાણ |

| | | | |
|---|---|---|---|
| | | | ૧૬ ચંદાવાડા |
| | | | ૧૭ કેનેડી |
| | | | ૧૮ રણજીતપર |
| | | | ૧૯ ગોકલપર |
| | | | ૨૦ મહાદેવીયા |
| | | | ૨૧ નંદાણા |
| | | | ૨૨ રામનગર |
| **અનુ.** | **તાલુકો** | **જુથ યોજનાનું નામ** | **ગામનું નામ** |
| | | | ૨૩ શ્રીનગર |
| | | ૫ ચુરદુધીયા | ૨૪ ચુર |
| | | | ૨૫ દુધીયા |
| | | | ૨૬ આશીયાવદર |
| | | | ૨૭ રાજપરા |
| | | | ૨૮ ધતુરીયા |
| | | | ૨૯ વસંતપુર |
| | | | ૩૦ માંડપરા |
| | | | કુલ ૩૦ ગામો |
| ૯ | ઓખામંડળ | ૧. ગઢેચી | ૧ સુરજકરાડી |
| | | | ૨ આરંભડા |
| | | ૨ અણીયારી | ૩ અણીયારી |
| | | | ૪ ખતુંબા |
| | | ૩ ઓખામંડળ | ૫ બરડીયા |
| | | | ૬ બાટીસા |
| | | | ૭ ચરકલા |
| | | | ૮ ધીણકી |
| | | | ૯ ધાસણવેલ |
| | | | ૧૦ ગઢેચી |
| | | | ૧૧ ગોરીજ |
| | | | ૧૨ ગોરીયાલી |
| | | | ૧૩ હમુસર |
| | | | ૧૪ જનીધેવડ |
| | | | ૧૫ લોવરાલી |
| | | | ૧૬ મકનપુર |
| | | | ૧૭ મેરીપર |
| | | | ૧૮ મોજપ |
| | | | ૧૯ મોટાભવડા |
| | | | ૨૦ મુલવાસર |
| | | | ૨૧ નાગેશ્વર |
| | | | ૨૨ નાનાભવડા |
| | | | ૨૩ નવીધેવડ |
| | | | ૨૪ ઓખામઢી |
| | | | ૨૫ પાડલી |
| | | | ૨૬ રાજપરા |
| | | | ૨૭ સામલાસર |
| | | | ૨૮ ટોબર |
| | | | ૨૯ ટપણી |
| | | | ૩૦ વાંચ્છી |
| | | | ૩૧ વરવાળા |
| | | | ૩૨ વસઇ |
| | | | ૩૩ બેટ |
| | | | ૩૪ કોરાડા |
| | | | કુલ ૩૪ ગામો |

## પ ત્ર ક - ૨

## ગત ઉનાળામાં (તા.૧૫-૬-૨૦૦૪ની સ્થિતિએ) જે ગામોને ટેન્કર દ્વારા પાણી આપવામાં આવતું હતું તેવા ગામોની વિગત દર્શાવતું પત્રક.

| **અનુ.નં.** | **ગામનું નામ** | **તાલુકો** |
|---|---|---|
| (અ) | જુથ યોજનાના ગામો | |
| ૧ | ઉંટબેટ શામપર | જોડીયા |
| ૨ | ગાગડી | કલ્યાણપુર |

| અનુ.નં. | ગામનું નામ | તાલુકો |
|---|---|---|
| ૩ | ગાંધવી | કલ્યાણપુર |
| ૪ | ખીરસરા | કલ્યાણપુર |
| ૫ | ભોગાત | કલ્યાણપુર |
| ૬ | સુરજકરાડી | ઓખામંડળ |
| ૭ | આરંભડા | ઓખામંડળ |
| | કુલ : ૭ ગામો | |
| (બ) | સ્વતંત્ર પાણી પુરવઠા યોજનાવાળા ગામો | |
| ૧ | હાપા નગરસીમ | જામનગર |
| ૨ | બેડી | જામનગર |
| ૩ | નવીપીપ | લાલપુર |
| ૪ | ઝાંખર | લાલપુર |
| ૫ | નવાણીયા | લાલપુર |
| ૬ | ખટીયા બેરાજા | લાલપુર |
| ૭ | નગડીયા | કલ્યાણપુર |
| ૮ | વીરપુર | કલ્યાણપુર |
| ૯ | મોટા આસોટા | કલ્યાણપુર |
| ૧૦ | કનકપર | કલ્યાણપુર |
| ૧૧ | જુવાનપર | કલ્યાણપુર |
| ૧૨ | ગુંદા | ભાણવડ |
| ૧૩ | દુધાળા | ભાણવડ |
| ૧૪ | કાટકોલા | ભાણવડ |
| ૧૫ | ગજાભી આંબરડી | ભાણવડ |
| ૧૬ | રેટાંલ કાલાવડ | ભાણવડ |
| ૧૭ | કંટોલીયા | ભાણવડ |
| ૧૮ | મોટા કાલાવડ | ભાણવડ |
| ૧૯ | ભેનકવડ | ભાણવડ |
| ૨૦ | બોડકી | ભાણવડ |
| ૨૧ | વાનાવડ | ભાણવડ |
| ૨૨ | ભણગોર | ભાણવડ |
| ૨૩ | સાજડીયાલી | ખંભાળીયા |
| ૨૪ | મોવાણા | ખંભાળીયા |
| ૨૫ | ભીંડા | ખંભાળીયા |
| ૨૬ | નાના આસોટા | ખંભાળીયા |
| ૨૭ | સોઢા તરઘડી | ખંભાળીયા |
| ૨૮ | વીંઝલપર | ખંભાળીયા |
| ૨૯ | કાઠીદેવળીયા | ખંભાળીયા |
| ૩૦ | ભરાણા | ખંભાળીયા |
| ૩૧ | આંબરડી | ખંભાળીયા |
| ૩૨ | વાડીનાર | ખંભાળીયા |
| ૩૩ | કંચનપર | ખંભાળીયા |
| ૩૪ | ભાતેલ | ખંભાળીયા |
| ૩૫ | વીરમદડ | ખંભાળીયા |
| ૩૬ | લાલુકા | ખંભાળીયા |
| ૩૭ | ચુડેશ્વર | ખંભાળીયા |
| ૩૮ | કાલાવડ સીમાણી | ખંભાળીયા |
| ૩૯ | જુવાનગઢ | ખંભાળીયા |
| ૪૦ | પરોડીયા | ખંભાડીયા |
| ૪૧ | તરસાઇ | જામજોધપુર |
| ૪૨ | મોટા વડીયા | જામજોધપુર |
| ૪૩ | જામવાડી | જામજોધપુર |
| ૪૪ | વાલાસણ | જામજોધપુર |
| ૪૫ | ઉદેપુર | જામજોધપુર |
| ૪૬ | મોટીગોપ | જામજોધપુર |
| ૪૭ | સોનવડીયા | જામજોધપુર |
| | કુલ ... ૪૭ ગામો | |
| | કુલ .. (અ + બ) ૫૪ ગામો | |

------------

## જામનગર તાલુકામાં હેન્ડ પંપોની મરામત

અતારાંક્તિ : ૩૫૧૯ (૧૬-૫-૦૫)**ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) જામનગર તાલુકામાં ૩૧-૩-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા હેન્ડ પંપો બગડેલી હાલતમાં હતા.

(૨) તે પૈકી વર્ષવાર કેટ કેટલા હેન્ડ પંપોની મરામત કામગીરી હાથ ધરવામાં આવી,
(૩) તેની પાછળ કેટલો ખર્ચ થયો,
(૪) તે પૈકી ક્યા ક્યા ગામોના હેન્ડ પંપોની મરામત હજુ બાકી છે અને તેના કારણો શાં છે; અને
(૫) આ બંધ પડેલા હેન્ડ પંપો ક્યારે શરૂ કરવામાં આવશે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૩-૮-૦૫) :
(૧) તા. ૩૧-૩-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એટલે કે ૨૦૦૨-૦૩ તથા વર્ષ ૨૦૦૩-૦૪માં અનુક્રમે ૫૩૬ તથા ૪૬૧ હેન્ડ પંપો બગડેલા હતા.
(૨) વર્ષવાર નીચેની વિગતે હેન્ડ પંપોની મરામતની કામગીરી હાથ ધરવામાં આવી.

| | | | |
|---|---|---|---|
| | વર્ષ ૨૦૦૨-૦૩ | - | ૫૨૯ હેન્ડ પંપ |
| | વર્ષ ૨૦૦૩-૦૪ | - | ૪૫૨ હેન્ડ પંપ |
| (૩) | વર્ષ ૨૦૦૨-૦૩ | - | ૩.૭૮ લાખ |
| | વર્ષ ૨૦૦૩-૦૪ | - | ૩.૨૩ લાખ |

(૪) તારીખ ૩૧-૩-૦૩ ની સ્થિતિએ વર્ષ ૨૦૦૨-૦૩ માં નીચેની વિગતે જે તે વખતે હેન્ડ પંપોની મરામત બાકી હતી.

| ગામનું નામ | હેન્ડ પંપની સંખ્યા |
|---|---|
| ૧. મોટી ખાવડી | ૧ |
| ૨. ગોરધનપર | ૨ |
| ૩. હાપા | ૧ |
| ૪. લાખા બાવળ | ૩ |
| કુલ..... | ૭ |

તારીખ ૩૧-૩-૦૪ ની સ્થિતિએ વર્ષ ૨૦૦૩-૦૪ માં નીચેની વિગતે જે તે વખતે હેન્ડ પંપોની મરામત બાકી હતી.

| ગામનું નામ | હેન્ડ પંપની સંખ્યા |
|---|---|
| ૧. જગા | ૧ |
| ૨. મકવાણા | ૧ |
| ૩. નવા મોખાણા | ૧ |
| ૪. હાપા | ૩ |
| ૫. ચેલા | ૩ |
| કુલ..... | ૯ |

ઉપરોક્ત હેન્ડ પંપો મરામત કરી હાલમાં ચાલુ હાલતમાં છે.
(૫) બંધ પડેલ હેન્ડ પંપો મરામત કરી ચાલુ કરેલ છે.

-------------

એચબી-૨૭૭-૮

**નર્મદાના પાણીથી સૌરાષ્ટ્રની નદીઓ અને ડેમો ભરવા અંગે**

અતારાંક્તિ : ૩૫૪૧ (૧૬-૫-૦૫) **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-
(૧) નર્મદાની નહેર દ્વારા રાજકોટ સહિત સૌરાષ્ટ્રના ડેમો અને નદીઓ ભરવાની યોજના છે, અને
(૨) જો હા, તો તેનો એકશન પ્લાન શું છે અને કેટલા સમયમાં અમલીકરણ થશે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨-૮-૨૦૦૫) :
(૧) હા.
(૨) નર્મદા નિગમ દ્વારા સૌરાષ્ટ્ર બ્રાન્ચ કેનાલની મોરબી શાખાનું કામ તેમજ જળસંપત્તિ વિભાગ દ્વારા મચ્છુ-૨ થી ફુલઝર-૨ની લીંક કેનાલનું કામ પૂર્ણ થયે વર્ષ ૨૦૧૦ના ચોમાસામાં અમલીકરણ થશે.

------------

**કલ્પસર યોજનાથી સૌરાષ્ટ્રને મળનાર લાભ**

અતારાંક્તિ : ૩૫૪૨ (૧૭-૫-૨૦૦૫)**શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર પ્રભાગ) જણાવવા કૃપા કરશે કે-

(૧) કલ્પસર યોજના ૩૦-૪-૦૫ની સ્થિતિએ ક્યા તબક્કે છે,
(૨) આ યોજના કેટલા સમયમાં પૂર્ણ થઈ જશે, અને
(૩) આ યોજના શરૂ થવાથી સૌરાષ્ટ્રના કેટલા જિલ્લાઓ અને ગામડાઓને લાભ મળશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર પ્રભાગ) (૮-૭-૦૫) :
(૧) કલ્પસર યોજનાનો પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવાની કામગીરી પ્રગતિમાં છે.
(૨) આ યોજના સને ૨૦૧૮ સુધીમાં પૂરી કરવાનું આયોજન છે.
(૩) અત્યાર સુધીમાં થયેલ વિવિધ અભ્યાસો મુજબ આ યોજના શરૂ થવાથી સિંચાઈનો લાભ સૌરાષ્ટ્રના ૬ જીલ્લાના કુલ ૨૬,૦૩,૪૦૦ એકર વિસ્તારને તેમજ પીવાના પાણીનો લાભ ૩.૬ કરોડ વસ્તીને મળવા સંભવ છે.

----

## આણંદ જિલ્લામાં સ્વજલધારા યોજના હેઠળના કામો

અતારાંક્તિ : ૩૫૮૬ (૧૩-૬-૦૫)**શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-
(૧) સ્વજલધારા યોજના અંતર્ગત આણંદ જીલ્લામાં તાલુકાવાર ૩૧-૫-૦૫ની સ્થિતિએ ગત ૩ વર્ષમાં કઈ કઈ યોજનાઓ મંજુર કરવામાં આવી,
(૨) આ યોજનાઓ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,
(૩) કઈ કઈ ગ્રામ પંચાયતોની અરજીઓ હાલમાં પડતર છે, અને
(૪) તેનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૨૬-૭-૦૫) :
(૧) તાલુકાવાર નીચે મુજબના ગામોની યોજનાઓ મંજુર કરવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકા | ગામનું નામ |
|---|---|---|
| ૧ | ઉમરેઠ | (૧) થામણા (૨) ભાલેજ (૩) હેમરાજપુરા (વાણસોલ) (૪) લીંગડા (૫) રતનપુરા (૬) વાણસોલ (૭) બેરરી (૮) ઘોરા (૯) ઘોરા (ઈન્દીરાનગરી) |
| ૨ | આણંદ | (૧) અજરપુરા (૨) સંદેસર (૩) નાવલી (૪) નાપાડ-તળપદ (૫) બેડવા (૬) રાસનોલ (૭) અડાસ |
| ૩ | બોરસદ | (૧) ભાદરણીયા (૨) વ્હેરા (૩) રણોલી (૪) સંતોકપુરા (૫) સીગલાવ (૬) હજારીયાપુરા (વ્હેરા) (૭) વાસણા |
| ૪ | પેટલાદ | (૧) ભવાનીપુરા (૨) રામોદડી (૩) મોરડ |
| ૫ | સોજીત્રા | (૧) પીપળાવ (૨) બાલીન્ટા (૩) ડભોઈ (૪) વિરોલ |
| ૬ | આંકલાવ | (૧) આસોદર |
| ૭ | ખંભાત | (૧) જલસણ (૨) દહેડા (૩) નંદેલી |

કુલ ૩૪ યોજનાઓ મંજુર કરવામાં આવી.
(૨) રૂા. ૧,૧૪,૭૦,૭૬૮-૦૦.
(૩) (૧) વાસદ - કાયલાપુરા તા. બોરસદ.
(૨) વડેલી તા. બોરસદ
(૩) ચુવા તા. બોરસદ
(૪) કહાનવાડી તા. આંકલાવ
(૫) આસોદર તા. આંકલાવ
(૬) ખંભોળજ (ઈન્દીરાનગર) તા. આણંદ.
(૪) ઉપરોક્ત ગામોની નિયમોનુસાર દરખાસ્ત મળ્યેથી સ્વજલધારામાં સમાવેશ કરવાની કાર્યવાહી જીલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ દ્વારા કરવામાં આવશે.

----

## સરદાર સરોવર ડેમના કામની પ્રગતિ

અતારાંક્તિ : ૩૫૯૯ (૧૫-૬-૨૦૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે-
(૧) ૩૧મી મે, ૨૦૦૫ની સ્થિતિએ સરદાર સરોવર ડેમનું કુલ કેટલું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું, અને
(૨) ડેમ સંબંધીત ક્યા ક્યા કામો બાકી છે, તેમજ આ કામો માટે અંદાજીત કેટલું ખર્ચ થશે અને ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) (૨૯-૭-૨૦૦૫) :

(૧) તા. ૧૩-૩-૨૦૦૪ના રોજ મળેલ નર્મદા કંટ્રોલ ઓથોરીટીની ૭૦મી મિટીંગમાં આપવામાં આવેલી મંજૂરી મુજબ સરદાર સરોવર બંધની મુખ્ય છલતીના બ્લોક નં. ૨૯ થી બ્લોક નં. ૫૦નું કામ ૧૧૦.૬૪ મીટરના લેવલ સુધી પુર્ણ કરવામાં આવેલ છે. આ કામ ૩૦-૬-૨૦૦૪ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે. આ લેવલને અનુરૂપ ડાબી અને જમણી બાજુના બ્લોકને પણ ઉંચા કરવામાં આવ્યા છે. આ સાથે ૩૧ મે, ૨૦૦૫ની સ્થિતિએ દરેક બ્લોક જે લેવલ સુધી ઉંચા કરવામાં આવ્યા છે તેની માહિતી આ સાથેના પત્રક મુજબ છે.

સરદાર સરોવર બંધનું કામ પૂર્ણ કરવા માટે ૬૮.૨૦ લાખ ઘનમીટર કોંક્રીટ કામ કરવાનું થાય છે. જેમાંથી અત્યારે ૬૩.૭૮ લાખ ઘન મીટર કોંક્રીટ કામ પૂર્ણ થયેલ છે. એટલે કે ક્રોંકીટકામ ૯૩.૫૩ ટકા જેટલું પૂર્ણ કરવામાં આવ્યું છે.

વડગામ સેડલ ડેમનું કામ જાન્યુઆરી ૧૯૯૫માં પૂર્ણ થયેલ છે. અને પાવર ડેમનું કામ ફેબ્રુઆરી-૨૦૦૫માં પૂર્ણ થયેલ છે.

(૨) ડેમ સંબંધિત નીચે મુજબના કામો પૂર્ણ કરવાના બાકી છે. છલતીના બ્લોક નં. ૨૯ થી બ્લોક નં. ૫૦નેં ૧૧૦.૬૪મી. થી ૧૨૧.૯૨ મી. સુધી ઉંચા કરવાના છે. આ લેવલને અનુરૂપ ડાબી અને જમણી બાજુના બ્લોકો સંપૂર્ણ ઉંચાઈ સુધી એટલે કે ૧૪૬.૫૦ મીટર સુધી લઈ જવાના છે. આ કામમાં ૧.૯૫ લાખ ઘનમીટર કોંક્રીટનો સમાવેશ થાય છે. બીજા તબકકામાં પીયર્સ ૧૨૧.૯૨ મી.ના લેવલ થી ૧૪૬.૫૦ મી. સુધી ઉંચા કરવાના છે. આ પીયર્સ ઉપર રોડ માટેના સ્લેબ ભરી દેતાં ડેમનું કોંક્રીટ કામ પૂર્ણ થશે. આ કામમાં ૧.૩૫ લાખ ઘનમીટર કોંક્રીટનો સમાવેશ થાય છે. ત્યારબાદ ૧૮.૩૦ મી. x ૧૮.૩૦ મી. (૭ નંબર) તથા ૧૮.૩૦ મી. x ૧૬.૭૬ મી. (૨૩ નંબર) રેડીયલ ગેટસ લગાવવાના થાય છે. આમ કુલ-૩૦ ગેટસ લગાવવાના થાય છે. ઉપરોક્ત બાકી રહેલ કામો માટે અંદાજે રૂા. ૨૩૦ કરોડનો ખર્ચ કરવાનું આયોજન છે. ઉપરોક્ત કામો નર્મદા કંટ્રોલ ઓથોરીટી દ્વારા મંજુરી મળ્યેથી શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે.

નર્મદા કંટ્રોલ ઓથોરીટીએ તેની ૬૦મી મીટીંગમાં (તા. ૧૮-૭-૨૦૦૦) સિંચાઈ બાયપાસ ટનલ બાંધવાની મંજુરી આપી હતી. સિંચાઈ બાયપાસ ટનલનું બાંધકામ તા. ૧૨-૧૦-૨૦૦૦ના રોજ શરૂ થયું હતું. ડાબી ટનલ તા. ૨૩-૧--૦૧ના રોજ કાર્યાન્વિત થઈ હતી. જમણી ટનલ તા. ૨૦-૮-૨૦૦૨ના રોજ કાર્યાન્વિત થઈ હતી. હવે સિંચાઈ બાયપાસ ટનલમાં ફક્ત ""કટ અને કવર""નું કામ પ્રગતિ હેઠળ છે. બાયપાસ ટનલના બાકી કામ માટે અંદાજે રૂા. ૨૦ કરોડનો ખર્ચ કરવાનું આયોજન છે. આ કામ આ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

સરદાર સરોવર બ્લોકની ઉંચાઈ તથા પ્રકાર દર્શાવતું પત્રક

| અ.નં. | બ્લોકની ઉંચાઈ (મીટર) | કુલ કેટલા બ્લોક આ ઉંચાઈએ છે. | બંધમાં ક્યા સ્થળે આવેલ છે. | બ્લોક નંબર |
|---|---|---|---|---|
| ૧ | ૧૧૦.૬૪ | ૨૨ | મુખ્ય છલતી | ૨૮ થી ૫૦ |
| ૨ | ૧૨૧.૯૨ | ૨ (પાર્ટ) | છલતી | ૨૧,૫૧ |
| ૩ | ૧૨૫.૦૦ | ૧ (પાર્ટ) | લેફ્ટ નોન ઓવર ફ્લો | ૨૧ |
| ૪ | ૧૩૫.૦૦ | ૧ (પાર્ટ) | રાઈટ નોન ઓવર ફ્લો | ૫૧ |
| ૫. | ૧૨૮.૨૦ | ૬ | લેફ્ટ નોન ઓવર ફ્લો | ૧૫ થી ૨૦ |
| ૬ | ૧૨૫.૦૦ | ૪ | લેફ્ટ નોન ઓવર ફ્લો | ૧૧ થી ૧૪ |
| ૭ | ૧૪૦.૩૦ | ૧ | લેફ્ટ નોન ઓલર ફ્લો | ૧૦ |
| ૮ | ૧૪૪.૫૦ | ૯ | લેફ્ટ નોન ઓલર ફ્લો | ૧ થી ૯ |
| ૯ | ૧૧૮.૦૦ | ૧ | ઓક્સલરી છલતી | ૨૨ |
| ૧૦ | ૧૧૭.૦૦ | ૨ | ઓક્સલરી છલતી | ૨૩, ૨૪ |
| ૧૧ | ૧૧૬.૦૦ | ૨ | ઓક્સલરી છલતી | ૨૫, ૨૬ |
| ૧૨ | ૧૧૫.૦૦ | ૨ | ઓક્સલરી છલતી | ૨૭, ૨૮ |
| ૧૩ | ૧૪૬.૫૦ | ૩ | રાઈટ નોન ઓવર ફ્લો | ૫૨ થી ૫૪ |
| ૧૪ | ૧૪૬.૫૦ | ૬ | પાવર ડેમ | ૫૫ થી ૬૦ |
| ૧૫ | ૧૪૬.૫૦ | ૧ | કી | ૬૧ |
| ૧૬ | ૧૪૬.૫૦ | ૩ | કી | ૬૨ થી ૬૪ |
| | કુલ... | ૬૪ | | |

------------

**રાજકોટ જિલ્લાના પંચાયત હસ્તકના વિકાસના કામો**

અતારાંક્તિ : ૩૫૩૭ (૧૨-૫-૨૦૦૫)**શ્રી સિધ્ધાર્થ મા. પરમાર(રાજકોટ ગ્રામ્ય) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લાના લોધીકા, કોરડા અને રાજકોટ તાલુકાના કેટલાં પંચાયત હસ્તકના વિકાસ કામો અધુરા છે,

(૨) ક્યા કારણોસર કેટલા સમયથી અધુરા છે, અને

(૩) કેટલા સમયમાં પૂર્ણ કરવાનું સરકારનું આયોજન છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧-૮-૨૦૦૫) :

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લાના લોધીકા, કોરડા અને રાજકોટ તાલુકાના સંપૂર્ણ ગ્રામિણ રોજગાર કાર્યક્રમ અંતર્ગત પંચાયત હસ્તકના વિકાસના કોઈપણ કામ અધુરા નથી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----

**રાજ્યમાં સુજલામ સુફ્લામ યોજના હેઠળ જિલ્લાવાર થયેલ ખર્ચ**

અતારાંક્તિ : ૩૫૪૩ (૧૨-૫-૦૫)**શ્રી સિધ્ધાર્થ મા. પરમાર(રાજકોટ ગ્રામ્ય) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં સુજલામ સુફ્લામ યોજના અંતર્ગત ૨૦૦૩-૦૪ના વર્ષમાં કુલ કેટલી રકમ મંજુર કરવામાં આવેલ,

(૨) તે પૈકી જિલ્લાવાર ખેત તલાવડી પાછળ કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ, અને

(૩) આ યોજના અંતર્ગત ક્રમવાર ક્યા ક્યા જિલ્લાઓએ વધારે લાભ લીધેલ છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧-૮-૦૫) **:**

(૧) સુજલામ સુફ્લામ યોજના અંતર્ગત ૨૦૦૩-૦૪ દરમ્યાન ખેત તલાવડી, બોરીબંધ અને ચેકડેમની કામગીરી થયેલ ન હોઈ કોઈ રકમ મંજૂર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----

**રાજ્યમાં ગણોત ધારા હેઠળ સરકારમાં દાખલ જમીન પછાત વર્ગોને આપવા અંગે**

અતારાંક્તિ : ૩૨૬૦ (૧૬-૨-૨૦૦૫) **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ગણોત ધારા હેઠળ સરકારમાં દાખલ થયેલ જમીન પૈકી પછાત વર્ગની વ્યક્તિઓને કેટલી જમીન અપાઈ,

(૨) કડી તાલુકામાં આવી સરકારમાં દાખલ થયેલ જમીન ગામ પ્રમાણે કેટલી છે, જેના જાહેરનામા બહાર પાડવાના બાકી હોય, અને

(૩) જે જમીન અપાઈ છે તેમાં બક્ષીપંચ, અનુસૂચિત જાતિ તથા વિકલાંગ લાભાર્થીઓને કેટલો લાભ આપવામાં આવ્યો ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨૧-૭-૨૦૦૫) :

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ રાજ્યમાં ગણોત ધારા હેઠળ દાખલ થયેલ જમીનો પૈકી કુલ હે.આ. ૧૯૫.૫૬-૪૪ ચો.મી. પછાત વર્ગની ૨૨૫ વ્યક્તિઓને ફાળવવામાં આવી છે.

(૨) પત્રક-૧ મુજબ કડી તાલુકાના કુલ ૪૮ ગામોની સરકાર દાખલ થયેલ હે.આ. ૧૩૪-૬૯-૮૭ ચો.મી. જમીન અંગેના જાહેરનામા બહાર પાડવાના બાકી છે.

(૩) નીચેના કોઠામાં જણાવ્યા મુજબ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે.

| ક્રમ | ફાળવેલ જમીન હે.આ.ચો.મી. | બક્ષીપંચના લાભાર્થી | અનુસૂચિત જાતિના લાભાર્થી | વિકલાંગ લાભાર્થી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૯૫-૫૬-૪૪ | ૨૦૦ | ૨૫ | શૂન્ય | ૨૨૫ |

**કડી તાલુકામાં ગણોત ધારા હેઠળ ગામ પ્રમાણે સરકારમાં દાખલ થયેલ જમીનોની વિગત દર્શાવતું**

**પત્રક-૧**

| ક્રમ | ગામનું નામ | ક્ષેત્રફળ | ક્રમ | ગામનું નામ | ક્ષેત્રફળ |
|---|---|---|---|---|---|
| ૧ | ડરણ | ૧-૩૦-૦૮ | ૨૫ | વેરકા | ૧-૦૪-૬૩ |
| ૨ | ફુલેત્રા | ૫-૬૬-૫૫ | ૨૬ | કરણનગર | ૩-૪૧-૫૯ |
| ૩ | અચરાસણ | ૯-૮૬-૨૮ | ૨૭ | કોલાદ | ૧-૪૮-૭૨ |
| ૪ | બલાસર | ૧૪-૫૭-૩૦ | ૨૮ | સેંદરાણા | ૧-૯૦-૨૭ |
| ૫ | વાઘરોડા | ૦-૮૫-૬૨ | ૨૯ | ઝાલોડા | ૧-૭૮-૦૨ |
| ૬ | થોળ | ૧૫-૩૩-૩૭ | ૩૦ | દૂધઈ | ૦-૦૫-૦૬ |
| ૭ | ખંડમોરવા | ૨-૩૭-૧૧ | ૩૧ | ઈરાણા | ૧-૩૨-૫૩ |
| ૮ | કાસ્બા | ૩-૮૦-૯૯ | ૩૨ | વિસતપુરા | ૧-૯૯-૭૮ |
| ૯ | રાજપુર | ૨-૨૧-૨૦ | ૩૩ | અલદેસણ | ૦-૨૭-૦૦ |
| ૧૦ | ભટાસણ | ૧-૭૦-૦૫ | ૩૪ | વામજ | ૧-૩૯-૧૩ |
| ૧૧ | ડાંગરવા | ૧-૯૬-૨૭ | ૩૫ | વડાલી | ૧-૬૬-૪૮ |
| ૧૨ | બાવલુ | ૬-૦૯-૮૨ | ૩૬ | મોકાસણ | ૦-૨૪-૨૮ |
| ૧૩ | દેલ્લા | ૨-૩૯-૭૮ | ૩૭ | મેડા આદરજ | ૨-૩૮-૭૭ |
| ૧૪ | કુંડાળ | ૦-૨૧-૨૫ | ૩૮ | વામજ | ૧-૩૪-૩૭ |
| ૧૫ | વિડજ | ૪-૧૨-૩૮ | ૩૯ | ઝુલાસણ | ૧-૧૯-૦૩ |
| ૧૬ | સુરજ | ૦-૦૯-૩૮ | ૪૦ | જાસલપુર | ૧-૫૯-૮૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૭ | જમિયતપુર | ૨-૮૨-૮૦ | ૪૧ | સરસાવ | ૪-૭૭-૪૩ |
| ૧૮ | બોરીસણા | ૪-૧૨-૬૫ | ૪૨ | નાની કડી | ૦-૫૨-૯૭ |
| ૧૯ | વરખડીયા | ૧-૦૨-૧૭ | ૪૩ | વણસોલ | ૪-૫૧-૮૭ |
| ૨૦ | મેઢા | ૩-૧૧-૫૮ | ૪૪ | લુણાસણ | ૩-૬૦-૧૫ |
| ૨૧ | ઉંટવા | ૩-૨૦-૭૭ | ૪૫ | પંથોડા | ૧-૦૦-૧૭ |
| ૨૨ | દેઉસણા | ૦-૩૫-૬૭ | ૪૬ | ખેરપુર | ૦-૪૧-૪૮ |
| ૨૩ | કડી | ૦-૬૭-૭૮ | ૪૭ | શીપાપુર | ૦-૩૬-૮૬ |
| ૨૪ | છાલેસરા | ૩-૩૯-૧૨ | ૪૮ | કણઝરી | ૫-૦૯-૫૧ |
| **કુલ : હે.આર. ૧૩૪-૬૯-૮૭ ચો.મી.** | | | | | |

----

## રાજકોટના આજી ડેમની બાજુના દબાણો હટાવવા અંગે

અતારાંકિત : ૩૩૮૯ (૨૭-૪-૨૦૦૫)**શ્રી સિધ્ધાર્થ મા. પરમાર(રાજકોટ ગ્રામ્ય) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજકોટમાં ભાવનગર રોડ પાસે આવેલ આજી ડેમની બાજુમાં થયેલ દબાણ કાયદેસર છે કે ગેરકાયદેસર,
(૨) જો ગેરકાયદેસર હોય તો વહેલી તકે આ દબાણ સરકાર હટાવવા માંગે છે, અને
(૩) આ અંગે જવાબદાર અધિકારી સામે પગલાં લેવા માંગો છો જો હા, તો કેટલા સમયમાં ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨૨-૭-૨૦૦૫) :

(૧) ગેરકાયદેસર.
(૨) હા, જી.
(૩) વિગતો તપાસી જરૂર જણાયે જવાબદારી નક્કી કરવામાં આવશે.

----

## સાબરકાંઠા જિલ્લામાં નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવાના કેસો

અતારાંકિત : ૩૩૯૮ (૨૭-૪-૨૦૦૫) **શ્રી રણજિતસિંહ ન. ચાવડા(હિંમતનગર): માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ તાલુકાવાર નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાના કેટલા કેસો બાકી છે,
(૨) સન ૨૦૦૦ની સાલથી તા. ૩૧-૧-૨૦૦૫ સુધીમાં તાલુકાવાર કેટલા નામંજૂર કરવામાં આવ્યા છે,
(૩) આ સમય દરમ્યાન કેટલા કેસો તાલુકાવાર મંજૂર કરવામાં આવ્યા,
(૪) નામંજૂરીના કારણો શું છે, અને
(૫) પટની રકમ ન ભરાવાના કારણે જે કેસો નામંજૂર થયેલ છે તે રકમ ભરપાઈ કરવાથી પુનઃ વિચારણા કરવામાં આવેલ છે કે કેમ ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૧૨-૭-૨૦૦૫) :

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | બાકી કેસો |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૨૭ |
| ૨ | ભિલોડા | ૭૧ |
| ૩ | પ્રાંતિજ | ૪૯ |
| ૪ | તલોદ | ૧૦૧ |
| ૫ | મોડાસા | ૪૬ |
| ૬ | માલપુર | ૧૩૯ |
| ૭ | મેઘરજ | ૦૬ |
| ૮ | બાયડ | ૮૪૪ |
| ૯ | ધનસુરા | ૬૨ |
| ૧૦ | ઈડર | ૦૨ |
| ૧૧ | વડાલી | ૦૨ |
| ૧૨ | ખેડબ્રહ્મા | ૨૭૨ |
| ૧૩ | વિજયનગર | ૩૭૬ |
| | કુલ... | ૧૯૯૭ |

(૨)

| અ.નં. | તાલુકાનું નામ | ના મંજૂર કેસો |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૭૦ |
| ૨ | ભિલોડા | ૨૭૮ |
| ૩ | પ્રાંતિજ | ૭૨૭ |
| ૪ | તલોદ | ૧૦૯ |
| ૫ | મોડાસા | ૧૪૭ |

| | | |
|---|---|---|
| ૬ | માલપુર | ૧૨૪ |
| ૭ | મેઘરજ | ૭૨ |
| ૮ | બાયડ | ૬૪૯ |
| ૯ | ધનસુરા | ૫૧૨ |
| ૧૦ | ઈડર | ૨૧૭ |
| ૧૧ | વડાલી | ૧૦૮ |
| ૧૨ | ખેડબ્રહ્મા | ૮૯ |
| ૧૩ | વિજયનગર | ૪૨૮ |
| | કુલ... | ૩૬૩૦ |

(૩)

| અ.નં. | તાલુકાનું નામ | મંજૂર કેસો |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૨૮૩૮ |
| ૨ | ભિલોડા | ૫૯૯ |
| ૩ | પ્રાંતિજ | ૩૭૨૪ |
| ૪ | તલોદ | ૧૮૩૮ |
| ૫ | મોડાસા | ૨૨૧૬ |
| ૬ | માલપુર | ૫૬૩૧ |
| ૭ | મેઘરજ | ૧૭૦૮ |
| ૮ | બાયડ | ૧૬૮૭ |
| ૯ | ધનસુરા | ૨૧૦૦ |
| ૧૦ | ઈડર | ૬૮૨ |
| ૧૧ | વડાલી | ૫૦૦ |
| ૧૨ | ખેડબ્રહ્મા | ૩૪૪ |
| ૧૩ | વિજયનગર | ૪૭૪ |
| | કુલ... | ૨૪૩૪૧ |

(૪) પટની રકમ ન ભરાવાથી, શરતભંગ થવાથી અને ગણોતધારા હેઠળ જમીનની ખરીદ કિંમત જે તે સમયે ભરપાઈ કરેલ ન હોવાના કારણોસર.

(૫) પટની રકમ ન ભરાવાના કારણે જે કેસો નામંજૂર/દફતરે થયેલ છે તે પૈકી ૧૦૬૫ કેસોમાં પટની રકમ ભરપાઈ કરવાથી પુનઃ વિચારણા કરવામાં આવેલ છે.

------------

**જામનગર, દ્વારકા અને કાલાવડ તાલુકામાં ખેડૂતોને બ્લોક વિભાજનમાં મુશ્કેલી**

અતારાંકિત : ૩૪૮૮ (૧૨-૫-૨૦૦૫) **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લાના જામનગર, દ્વારકા અને કાલાવડ તાલુકાના ગામોમાં એકત્રીકરણની જે સ્કીમ છે, તે સ્કીમથી ખેડૂતોને બ્લોક
વિભાજન કરવામાં ઘણી જ તકલીફ પડે છે, તે સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો ખેડૂતોની મુશ્કેલીઓના નિવારણ માટે સરકાર શું પગલાં લેવા માંગે છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૩૦-૬-૨૦૦૫) :

(૧) જામનગર જિલ્લાના જામનગર, દ્વારકા અને કાલાવડ તાલુકાના કોઈ ગામોમાં એકત્રીકરણ યોજના લાગુ કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----

**જામનગર તાલુકામાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાના કેસો**

અતારાંકિત ૩૪૮૯ (૧૬-૫-૦૫) **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૫-૦૫ની સ્થિતિએ જામનગર તાલુકામાં છેલ્લા ૪ વર્ષમાં કુલ કેટલા ઈસમોની ખેતીની જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવામાં આવી

(૨) કેટલા કેસો રજૂ થયા, કેટલા કેસોમાં શરત ફેર કરવામાં આવ્યા,

(૩) કેટલા કેસો હજુ પડતર છે, પડતર હોવાના કારણો શું છે, અને

(૪) તે ક્યારે હલ થશે?

**મહેસૂલ મંત્રીશ્રી** (૩૦-૬-૦૫) :

(૧) ૧૫૭

(૨) ૧૯૮ કેસો રજુ થયા અને ૧૫૭ કેસોમાં શરતફેર કરવામાં આવ્યા.

(૩) ૪૧ કેસો પડતર છે. આ તમામ કેસો ચકાસણી કરવા ઉપર બાકીમાં છે.

(૪) સત્વરે.

**જામનગર તાલુકામાં વારસાઈ એન્ટ્રીના નિકાલ બાકી કેસો**

અતારાંક્તિ ૩૫૨૯ (૧૬-૫-૦૫) **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર તાલુકામાં તા. ૩૧-૫-૦૫ની સ્થિતિએ વારસાઈ એન્ટ્રી અંગેના કેટલા કેસો નિકાલ વિના બાકી છે

(૨) તેના નિકાલ અંગે કોઈ વ્યવસ્થા કરેલ છે કે કેમ,

(૩) જો, હા, તો કેટલા સમયમાં સરકાર આ કામ પૂર્ણ કરવા માંગે છે,

(૪) આ બાકી કેસો ક્યા કારણોસર બાકી રહ્યા છે,

(૫) તલાટી કમ મંત્રીની બેદરકારીથી બાકી હોય તેવા કિસ્સાઓમાં સરકારે શું પગલાં લીધા, અને

(૬) જો પગલા ન લેવાયા હોય તો હવે નિયમ મુજબના શિક્ષાત્મક પગલા લેવા માગે છે કે કેમ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૩૦-૬-૦૫) :

(૧) ૬૦.

(૨) હા,

(૩) ૬૦ બાકી નોંધો પૈકી ૨૨ નોધોનો નિકાલ થઈ ગયેલ છે. બાકી રહેલ ૩૮ નોંધો મુદત પૂર્ણ થવા પર બાકી છે. જે મુદત પૂર્ણ થયેથી, સત્વરે.

(૪) ૧૩૫-ડી ની નોટીસ સંબંધિત ખાતેદારોને મોડી બજવાના કારણે.

(૫) જાન્યુઆરી-૨૦૦૫ થી જમીન દફતર કોમ્પ્યુટરાઈઝેશન યોજના અન્વયે ફેરફાર નોંધો માટેની અરજીઓ મામલતદાર કચેરી દ્વારા સ્વીકારવામાં આવે છે અને કોમ્પ્યુટરમાં ""ઓન લાઈન"" ડેટા એન્ટ્રી કરી આ માટે જરૂરી એવી ૧૩૫-ડી ની નોટીસો સંબંધિત ખાતેદારોને બજાવવા માટેની કામગીરી ફક્ત તલાટી કમ મંત્રી દ્વારા બજાવવામાં આવે છે. જેથી પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૬) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------------

**એચબી-૨૭૭-૧૦**

**ભરૂચ જિલ્લામાં પંચાયત હસ્તકના ડામર સપાટી ન થયેલા રસ્તાઓ**

અતારાંક્તિ ૩૨૯૦ (૨૩-૨-૦૫) **શ્રીમતી રશીદા ઈ. પટેલ(વાગરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભરૂચ જિલ્લામાં પંચાયત હસ્તકના વરસોથી ડામર સપાટી ન થવા પામેલ તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કુલ કેટલા રસ્તા છે;

(૨) ક્યા રસ્તાઓ એમ.ડી.આર. અને ઓ.ડી.આર. કક્ષાના છે; અને

(૩) આવા રસ્તાઓને ડામર સપાટીથી કરવા શું આયોજન કરવામાં આવ્યું?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૩૦-૭-૦૫) :

(૧) ૮૩ પ્લાન રસ્તા

(૨) પત્રક-અ મુજબ

(૩) ત્રણ રસ્તાને મેટલથી ડામરના રસ્તા કરવાનું આયોજન થયેલ છે. બાકીના રસ્તાઓને મેટલથી ડામર સપાટીથી કરવાનું હાલમાં કોઈ આયોજન નથી.

-----------------

**પત્રક--અ**

**ભરૂચ જિલ્લામાં પંચાયત હસ્તકના ડામર સપાટી ન થયેલ રસ્તાઓની યાદી**

**એમ.ડી.આર.**

૧. દઢાલ જીતાલી સેંગપુર હીરાપુર રોડ સેક્શન : સેગપુર હરીપુરા જોઈનીંગ ઝઘડીયા વાલીયારોડ

૨. હેલોદ પીપલીયા પારખેત રોડ સેક્શન : પીપલીયાથી પારખેત

૩. ઉમલ્લા રાયસીંગપુરા કોલીયાપાડા રોડ

૪. વાગરા સારણ સાયખા વિલાયત કરમાડ રોડ સેક્શન : સાયખા ભેરસમ

**ઓ.ડી.આર.**

૧. કેશવાણ ત્રાંકલ ગોલાદરા નરનાવી રોડ
૨. નાહિયેર ભેગવા નિણામ ધમણાદ સીમરથા રોડ સેક્શન : ધમણાદ સીમરથા
૩. ધારોલી આંબોસ કોયલીવાલ ઝાખલા મોટા માલપોર રોડ
૪. જંબુસર કોટેશ્વર ભોદર ટુંડજ રોડ
૫. પડાલ એપ્રોચ રોડ
૬. જોલવા સુવા રોડ.

---------------------

## જિલ્લા માર્ગ અને પુલના વિકાસ માટેની ગ્રાન્ટ આપવા બાબત

અતારાંક્તિ ૩૩૦૬ (૩-૩-૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા માર્ગો પુલોના વિકાસ માટે મુખ્ય જિલ્લા માર્ગ, બીજા જિલ્લા માર્ગ અને ગ્રામ્ય રસ્તાઓ માટે કઈ કઈ જિલ્લા પંચાયતોને કુલ કેટલી ગ્રાન્ટો વર્ષ, ૨૦૦૪-૨૦૦૫માં આપવામાં આવી છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** : (૧૪-૭-૦૫)

ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા માર્ગો અને પુલોના વિકાસ માટે મુખ્ય જિલ્લા માર્ગ, બીજા જિલ્લા માર્ગ અને ગ્રામ્ય રસ્તાઓ માટે વિભિન્ન જિલ્લા પંચાયતોને ૨૦૦૪-૨૦૦૫માં આ સાથે રાખેલ પત્રકમાં જણાવ્યા મુજબની કુલ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

**પત્રક**

| ક્રમ | જિલ્લો/વિભાગ | તા. ૧-૪-૦૪ થી તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં ફાળવેલ ગ્રાન્ટ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | અમદાવાદ | ૫૧૧.૭૨ |
| ૨ | નડીયાદ | ૪૩૨.૩૫ |
| ૩ | આણંદ | ૧૭૪.૧૩ |
| ૪ | સાબરકાંઠા | ૫૮૬.૩૬ |
| ૫ | બનાસકાંઠા | ૬૨૪.૭૦ |
| ૬ | મહેસાણા | ૬૬૭.૬૬ |
| ૭ | પાટણ | ૪૦૫.૮૪ |
| ૮ | ગાંધીનગર | ૧૮૬.૯૨ |
| ૯ | કચ્છ | ૪૭૭.૭૦ |
| ૧૦ | ગોધરા | ૩૩૮.૫૬ |
| ૧૧ | દાહોદ | ૩૦૪.૩૭ |
| ૧૨ | વડોદરા | ૪૪૪.૯૪ |
| ૧૩ | ભરૂચ | ૪૪૭.૭૯ |
| ૧૪ | નર્મદા | ૧૧૫.૯૫ |
| ૧૫ | સુરત | ૫૨૦.૦૧ |
| ૧૬ | વલસાડ | ૪૨૯.૨૪ |
| ૧૭ | નવસારી | ૩૦૭.૪૯ |
| ૧૮ | ડાંગ | ૭૩.૫૦ |
| ૧૯ | રાજકોટ | ૮૪૬.૩૦ |
| ૨૦ | જામનગર | ૭૦૩.૬૨ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૬૯૫.૬૧ |
| ૨૨ | ભાવનગર | ૭૮૯.૨૨ |
| ૨૩ | અમરેલી | ૫૧૧.૪૦ |
| ૨૪ | જુનાગઢ | ૭૨૦.૨૭ |
| ૨૫ | પોરબંદર | ૨૦૨.૫૦ |
| | **કુલ :** | **૧૧૫૧૮.૧૫** |

----------------

## મહેસાણા પાટણ મીટર ગેજ લાઈનને બ્રોડ ગેજમાં રૂપાંતર કરવા કેન્દ્ર સમક્ષ રજૂઆત

અતારાંક્તિ ૩૫૬૨ (૧૩-૬-૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) એપ્રિલ-૨૦૦૫ની સ્થિતિએ મહેસાણા પાટણ વચ્ચેની મીટર ગેજ લાઈનને બ્રોડગેજમાં રૂપાંતર કરવા માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને ક્યારે ક્યારે રજુઆતો છેલ્લા બે વર્ષમાં કરી; અને

(૨) આ અંગે કેન્દ્ર સરકારના રેલ મંત્રાલયના ક્યારે ક્યારે અને શું શું જવાબો આવ્યા?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૭-૭-૦૫) :

(૧) તા. ૭-૬-૨૦૦૩, તા. ૩-૭-૨૦૦૪ અને તા. ૨૩-૭-૨૦૦૪ (બે પત્રો) પત્રોથી કેન્દ્ર સરકારને રજુઆત કરવામાં આવેલ છે.

(૨) પશ્ચિમ રેલ્વેના અમદાવાદ વિભાગ તરફથી મળેલ તા. ૨૨-૭-૨૦૦૫ના પત્રની માહિતી મુજબ મહેસાણા-પાટણ ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ રૂા. ૫૩.૪૩ કરોડના ખર્ચે મંજુર થયેલ કામ છે. જે ચાલુ વર્ષે હાથ ધરાઈ રહ્યું છે. માટીકામના ટેન્ડરો બહાર પાડવામાં આવેલ છે. જ્યારે મેજર અને માઈનોર બ્રીજના ટેન્ડરો માંગવામાં આવી રહ્યા છે. તથા નક્શા અંદાજો અને ડીઝાઈનની કામગીરી હાલમાં પ્રગતિમાં છે.

------------------

**હિંમતનગર, મહેસાણા, ચાણસ્મા અને રાધનપુર રાજ્ય ધોરી માર્ગોને રાષ્ટ્રીય ધોરીમાર્ગ જાહેર કરવા રજૂઆત**

અતારાંકિત ૩૫૬૪ (૧૫-૬-૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) એપ્રિલ-૨૦૦૫ની સ્થિતિએ રાજ્ય સરકારે હિંમતનગર, મહેસાણા, ચાણસ્મા, રાધનપુર રાજ્ય ધોરીમાર્ગોને રાષ્ટ્રીય ધોરીમાર્ગ તરીકે જાહેર કરવા માટે કેન્દ્ર સરકારને છેલ્લાં બે વર્ષમાં ક્યારે ક્યારે રજૂઆતો કરી;

(૨) આ અંગે કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને ક્યારે ક્યારે અને શું શું જવાબો મળ્યા; અને,

(૩) આ યોજનાનો રાજ્ય સરકારના અંદાજ મુજબ ખર્ચ કેટલો થાય એવો છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૫-૭-૦૫) :

(૧) સદરહુ રસ્તા માટે રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં માન. મંત્રીશ્રી (મા.મ.) અને માન. મુખ્ય મંત્રીશ્રી દ્વારા તા. ૧૮-૯-૨૦૦૩, તા. ૭-૧-૨૦૦૪ અને તા. ૨૭-૮-૨૦૦૪ના પત્રોથી રાજ્યના જુદા જુદા રસ્તાઓને રાષ્ટ્રીય ધોરીમાર્ગમાં અપગ્રેડ કરવા માન. મંત્રીશ્રી ભૂતળ પરીવહનને રજુઆત કરવામાં આવેલ છે.

(૨) આ અંગે કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકાર તા. ૩૧-૧૦-૨૦૦૪ના રોજ જવાબ મળેલ છે જેમાં જણાવવામાં આવેલ છે કે જ્યારે ભારત સરકાર હયાત રાષ્ટ્રીય ધોરીમાર્ગના નેટવર્કને વધારવાની પરિસ્થિતિમાં હશે ત્યારે ગુજરાતની માંગણીઓ, અન્ય રાજ્યોની માંગણીઓની સાથે જરૂરીયાત તેમજ ભલામણ અનુસાર નાણાંની ઉપલબ્ધીને ધ્યાને લઈ તેમજ અન્ય અગ્રિમતાઓને ધ્યાને લઈ યોગ્ય વિચારણામાં લેવામાં આવશે.

(૩) હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------------

**જામનગર જિલ્લામાં નિરાધાર વૃધ્ધ પેન્શન યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટ**

અતારાંકિત ૩૫૩૨ (૧૨-૫-૦૫)**ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જીલ્લામાં તાલુકાવાર સને ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૨૦૦૫ના નાણાંકીય વર્ષ માં નિરાધાર વૃધ્ધ પેન્શન યોજના અન્વયે કેટલી વ્યક્તિઓને સહાય આપવામાં આવી છે; અને

(૨) તે અન્વયે રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ, ક્યારે ફાળવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૧૫-૭-૦૫) :

(૧) જામનગર જીલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૦૩/૦૪ અને ૨૦૦૪-૦૫માં નિરાધાર વૃધ્ધોને તાલુકાવાર નીચે મુજબ સહાય આપવામાં આવી છે.

| ક્રમ | તાલુકાનું નામ | સહાયના લાભાર્થી | |
|---|---|---|---|
| | | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ |
| ૧ | જામનગર (શહેર) | ૧૩૧૯ | ૧૩૪૮ |
| ૨ | જામનગર (ગ્રામ્ય) | ૪૬૭ | ૪૫૬ |
| ૩ | કાલાવાડ | ૩૨૨ | ૩૧૧ |
| ૪ | લાલપુર | ૧૮૪ | ૧૮૩ |
| ૫ | જોડીયા | ૨૬૧ | ૨૫૨ |
| ૬ | ધ્રોલ | ૧૫૩ | ૧૪૨ |
| ૭ | દ્વારકા | ૩૦૦ | ૨૮૮ |
| ૮ | કલ્યાણપુર | ૨૪૪ | ૨૫૩ |
| ૯ | ખંભાળીયા | ૪૯૦ | ૪૭૦ |
| ૧૦ | ભાણવડ | ૩૬૨ | ૩૫૩ |
| ૧૧ | જામજોધપુર | ૩૨૯ | ૩૦૪ |

(૨) રાજ્ય સરકારે નીચે મુજબ ગ્રાન્ટની ફાળવણી કરેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | સને ૨૦૦૩-૨૦૦૪ | | સને ૨૦૦૪-૨૦૦૫ | |
|---|---|---|---|---|---|
| | | માસનું નામ | ગ્રાન્ટની રકમ (રૂા. લાખમાં) | માસનું નામ | ગ્રાન્ટની રકમ (રૂા. લાખમાં) |
| ૧ | ૨ | ૩અ | ૩બ | ૪અ | ૪બ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | જામનગર (શહેર) | એપ્રિલ-૦૩ | ૧.૦૦ | એપ્રિલ-૦૪ | -- |
| ૨ | જામનગર (ગ્રામ્ય) | મે-૦૩ | ૪૪.૫૦ | મે-૦૪ | ૧૮.૦૦ |
| ૩ | કાલાવાડ | જૂન-૦૩ | -- | જૂન-૦૪ | ૧૮.૦૦ |
| ૪ | લાલપુર | જુલાઈ-૦૩ | -- | જુલાઈ-૦૪ | ૧૮.૦૦ |
| ૫ | જોડીયા | ઓગષ્ટ-૦૩ | ૧૭.૫૦ | ઓગષ્ટ-૦૪ | ૧૫.૦૦ |
| ૬ | ધ્રોલ | સપ્ટેમ્બર-૦૩ | -- | સપ્ટેમ્બર-૦૪ | ૦૯.૦૪ |
| ૭ | દ્વારકા | ઓક્ટોબર-૦૩ | -- | ઓક્ટોબર-૦૪ | -- |
| ૮ | કલ્યાણપુર | નવેમ્બર-૦૩ | -- | નવેમ્બર-૦૪ | -- |
| ૯ | ખંભાળીયા | ડિસેમ્બર-૦૩ | -- | ડિસેમ્બર-૦૪ | ૧૦.૦૦ |
| ૧૦ | ભાણવડ | જાન્યુઆરી-૦૩ | ૧૮.૦૦ | જાન્યુઆરી-૦૫ | ૧૬.૦૦ |
| ૧૧ | જામજોધપુર | ફેબ્રુઆરી-૦૩ | ૩૭.૦૦ | ફેબ્રુઆરી-૦૫ | -- |
| | | | | માર્ચ-૦૫ | ૧૮.૫૦ |

----------------

**એચબી-૨૭૭-૧૧**

## રાજ્યમાં શહેરી વિકાસ વર્ષની ઉજવણી

અતારાંક્તિ ૩૫૫૬ (૧૩-૬-૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) એપ્રિલ-૨૦૦૫ને અંતે રાજ્ય સરકારે શહેરી વિકાસ વર્ષના ભાગ રૂપે ક્યા ક્યા જિલ્લામાં શું શું કાર્યક્રમો હાથ ધર્યા હતા.

(૨) આ અંગે કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું હતું, અને

(૩) વર્ષ ૨૦૦૫-૦૬માં આ કાર્યક્રમના ભાગરૂપે ક્યા ક્યા જિલ્લામાં ક્યા ક્યા કાર્યક્રમો ક્યારે અને કેટલા ખર્ચે હાથ ધરવામાં આવનાર છે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૨૭-૭-૦૫) :

(૧) શહેરી વિકાસ વર્ષના ભાગરૂપે રાજ્ય સરકારે તમામ નગરપાલિકાઓમાં માળખાકીય સુવિધાઓ, જેમ કે પીવાલાયક પાણીનું વિતરણ, ગટર વ્યવસ્થાના કામો, મુખ્ય ધોરી માર્ગો સુસજ્જ કરવા, ૨૪ કલાક વીજળીની સુવિધા પૂરી પાડવા, જેવા કામો માટેના કાર્યક્રમો હાથ ધર્યા છે, આ ઉપરાંત નગરજનોના જીવન ધોરણમાં વાતાવરણલક્ષી પરિવર્તન લાવવા માટે રાજ્ય સરકારે શહેરોને સુરમ્ય અને સ્વચ્છ બનાવવા કચરાના નિકાલ માટે પધ્ધતિસરનું આયોજન હાથ ધરેલ છે. જળસંચય અને નદી કીનારાઓનો વિકાસ, હરિયાળા નગરો માટે સામાજીક વનીકરણ, સ્મૃતિવન, ટ્રાફિક સર્કલોનો વિકાસ જેવા કાર્યક્રમો હાથ ધરેલ છે. શહેરી ગરીબો માટે સ્લમ પોલીસી તથા સ્ટ્રીટ વેન્ડર પોલીસી આખરી કરવાનું અને ૩૦,૦૦૦ આવાસો બાંધવા, પે એન્ડ યુઝ ટોયલેટસ અને રેન બસેરા બાંધવાના કાર્યક્રમો પણ હાથ ધરેલ છે.

રાજ્ય સરકારે શહેરોને પાઈપ લાઈન આધારિત ગેસ વિતરણ, શહેરોમાં અગ્નિશમન સેવા માટે અગ્નિશમન ઉપકરણો પૂરા પાડવા, અંતિમ ધામોનો વિકાસ, શહેરોના એતિહાસિક વારસાની જાળવણી, પ્રાચીન અને એતિહાસિક સ્મારકોનો વિકાસ અને સુદ્રઢ નગર આયોજન કરવા કાર્યક્રમ હાથ ધરેલ છે.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને શહેરી વિકાસ વર્ષના મોટા ભાગના કાર્યક્રમો લોક ભાગીદારીથી પૂરા કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવેલ છે.

(૨) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓએ રૂા. ૩૧.૧૯ કરોડના સામાજીક વનીકરણના અને રૂા. ૧૬૭૬.૬૩ કરોડના માળખાકીય સુવિધાઓના કામો રજૂ કરેલ હતા જેની સામે રૂા. ૨૧.૦૨ના સામાજીક વનીકરણના અને રૂા. ૨૩૨.૮૬ કરોડના કામો શરૂ કરવાની મંજૂરી આપવામાં આવેલ છે. આ કામો માટે રાજ્ય સરકારે અત્યાર સુધીમાં કુલ રૂા. ૧૨૩.૧૨ કરોડ ફાળવેલ છે. જીલ્લાવાર માહિતી

**પરિશિષ્ટ મુજબ છે.**

(૩) ખંડ ૧ અને ૨ મુજબ

**પરિશિષ્ટ**

| ક્રમ | જીલ્લાનું નામ | નગરપાલિકાઓએ રજૂ કરેલ પ્રોજેક્ટસની કીંમત (રૂા. લાખમાં) | | મંજૂર કરેલ પ્રોજેક્ટસ | | ફાળવેલ રકમ | |
|---|---|---|---|---|---|---|---|
| | | સામાજીક વનીકરણ | માળખાકીય સુવિધાઓ | સામાજીક વનીકરણના પ્રોજેક્ટસ (રૂા. લાખમાં) | મંજુર કરેલ માળખાકિય સુવિધાઓના પ્રોજેક્ટસ (રૂા. લાખમાં) | પ્રોજેક્ટસ માટે ફાળવેલ ૩૦ ટકા પ્રમાણે કુલ રકમ (રૂા. લાખમાં) | વનીકરણમાં ફાળવેલ રકમ (રૂા. લાખમાં) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | અમદાવાદ | ૯૮.૦૬૧૫ | ૧૫૦૧૮.૦૧ | ૩૫.૧૫૮૫ | ૨૩૨૨ | ૬૯૬.૬ | ૧૭.૫૭૯૨૫ |
| ૨ | અમરેલી | ૧૩૨.૦૭૦૯ | ૬૨૪૧.૩૪ | ૯૭.૭૨૪૧૫ | ૮૩૬ | ૨૫૦.૮ | ૪૮.૮૬૨૦૮ |
| ૩ | આણંદ | ૪૫.૯૧૫ | ૧૪૩૦૭.૩૯ | ૩૪.૫૫૭૪૩ | ૨૦૧૩ | ૬૦૩.૯ | ૧૭.૨૭.૮૭૨ |
| ૪ | બનાસકાંઠા | ૨૬૫.૮૫૫ | ૪૭૨૩.૬૩ | ૧૫૯.૫૧૩ | ૭૭૦ | ૨૩૧ | ૭૯.૭૫૬૫ |
| ૫ | ભરૂચ | ૪૯.૨૫૦૮૫ | ૬૬૪૦.૩૬ | ૨૯.૫૫૦૫૧ | ૮૦૦ | ૨૪૦ | ૧૪.૭૭૫૨૬ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૬ | ભાવનગર | ૧૮૩.૬૫૦૫૨ | ૬૯૮૮.૮૪ | ૧૧૦.૧૯૦૩૧ | ૯૮૦ | ૨૯૪ | ૫૫.૦૯૫૧૬ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૭ | દાહોદ | ૪૭.૦૦૬ | ૮૮૫.૪૩ | ૧૯.૫૬૮ | ૩૭૦ | ૧૧૧ | ૯.૭૮૪ |
| ૮ | ગાંધીનગર | ૧૨૪.૬૮૧૯૯ | ૧૦૨૩૮.૬૨ | ૯૫.૩૬ | ૮૫૦ | ૨૫૫ | ૪૭.૬૮ |
| ૯ | જામનગર | ૨૦૭.૧૨૭ | ૫૫૨૪.૫૩ | ૧૬૫.૬૧ | ૯૫૦ | ૨૮૬ | ૮૨.૮૦૫ |
| ૧૦ | જુનાગઢ | ૨૨૧.૯૬ | ૬૮૩૭.૬૫ | ૨૧૬.૯૬ | ૧૩૭૦ | ૪૧૧ | ૧૦૮.૪૮ |
| ૧૧ | ખેડા | ૨૬૩.૨૧૨૭૪ | ૧૩૪૫૮.૪ | ૨૦૦.૬૮૮૩૯ | ૧૨૩૮ | ૩૭૧.૪ | ૧૦૦.૩૪૪૨ |
| ૧૨ | કચ્છ | ૦ | ૫૬૬૮.૨૭ | ૦ | ૮૭૦ | ૨૬૧ | ૦ |
| ૧૩ | મહેસાણા | ૧૩૦.૬૩૮૬૪ | ૯૦૨૯.૫૪ | ૭૮.૩૮૩૧૮ | ૧૯૨૮ | ૫૭૮.૪ | ૩૯.૧૯૧૫૯ |
| ૧૪ | નર્મદા | ૦ | ૫૮૯૩.૩ | ૦ | ૨૧૦ | ૬૩ | ૦ |
| ૧૫ | નવસારી | ૪૪.૩૮૧૦૧ | ૪૭૪.૫ | ૩૦.૭૦૮૨૩ | ૫૯૨ | ૧૭૭.૬ | ૧૫..૩૫૪૧૨ |
| ૧૬ | પંચમહાલ | ૫.૦૭૦૪૯ | ૫૩૧૪.૪૭ | ૩.૭૩૦૩૯ | ૩૧૩ | ૯૩.૯ | ૧.૮૬૫૨ |
| ૧૭ | પાટણ | ૦ | ૪૩૭૫.૬૪ | ૦ | ૭૧૬ | ૨૧૪.૮ | ૦ |
| ૧૮ | પોરબંદર | ૧૨૦.૪૭૫૨૩ | ૨૧૫૫.૬૩ | ૭૨.૨૮૫૧૪ | ૪૦૧ | ૧૨૦.૩ | ૩૬.૧૪૨૫૭ |
| ૧૯ | રાજકોટ | ૪૩૦.૨૨૭૫ | ૧૦૦૧૯.૪૩ | ૨૯૭.૯૬૩૫૫ | ૧૩૩૧ | ૩૯૯.૩ | ૧૪૮.૯૮૧૭૮ |
| ૨૦ | સાબરકાંઠા | ૩૨૬.૩૭૯૨ | ૬૮૬૦.૭૨ | ૧૯૫.૮૨૭૫૨ | ૯૭૫ | ૨૯૨.૫ | ૯૭.૯૧૩૭૬ |
| ૨૧ | સુરત | ૧૧૪.૯૫૧૦૬ | ૨૦૬૨.૨૫ | ૧૦૧.૪૫૨૫૯ | ૬૮૦ | ૨૦૪ | ૫૦.૭૨૬૩ |
| ૨૨ | સુરેન્દ્રનગર | ૮૭.૭૯૫૭૯ | ૫૧૩૯.૯૩ | ૪૯.૪૩૧૪૩ | ૧૨૪૬ | ૩૭૩.૮ | ૨૪.૭૧૫૭૨ |
| ૨૩ | વડોદરા | ૧૩૩.૨૬૮૧૨ | ૩૯૮૦.૩૪ | ૩૪.૬૦૦૭૬ | ૬૫૦ | ૧૯૫ | ૧૭.૩૦૦૩૮ |
| ૨૪ | વલસાડ | ૮૭.૩૯૦૪૩ | ૧૫૮૨૫.૧૭ | ૭૩.૩૭૭૮૫ | ૮૭૫ | ૨૬૨.૫ | ૩૬.૬૮૮૯૩ |
| ૨૫ | કુલ રકમ | ૩૧૧૯.૩૬૯ | ૧૬૭૬૬૩.૩૯ | ૨૧૦૨.૬૪૦૯ | ૨૩૨૮૬ | ૬૯૮૬.૮ | ૧૦૫૧.૩૨૦૫ |
| ૧ | અમદાવાદ મહાનગરપાલિકા | | | -- | | ૧૫૦૦ | |
| ૨ | અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ | | | -- | ૭૫૦૦ | ૫૦૦ | -- |
| ૩ | રાજકોટ મહાનગરપાલિકા | | | -- | ૨૦૦૦ | ૭૫૦ | -- |
| ૪ | જામનગર મહાનગરપાલિકા | | | -- | ૧૫૦૦ | ૫૦૦ | -- |
| ૫ | ભાવનગર મહાનગરપાલિકા | | | -- | ૨૦૦૦ | ૫૦૦ | -- |
| ૬ | ભાવનગર એરિયા ડેવલપમેન્ટ ઓથોરીટી | | | -- | ૬૫ | ૨૫ | -- |
| ૭ | જુનાગઢ મહાનગરપાલિકા | | | -- | ૧૦૦૦ | ૫૦૦ | -- |
| | | | | | કુલ | ૪૨૭૫ | |
| | | | કુલ ફાળવેલ રકમની વિગત | | | ૧૧૨૬૧.૮ | ૧૦૫૧.૩૨૦૫ |
| | | | | | | | ૧૨૩૧૩.૧૨૦૫ |

-----------------

## અમદાવાદને મેગા સિટીનો દરજ્જો તથા મળનાર લાભો

અતારાંક્તિ ૩૫૬૧ (૧૩-૬-૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તાજેતરમાં કેન્દ્ર સરકારે અમદાવાદ સિટીને મેગા સીટી તરીકેનો દરજ્જો આપ્યો છે તે વાત સાચી છે,

(૨) જો હા, તો ક્યારે તે દરજ્જો આપવામાં આવ્યો, અને

(૩) આને કારણે અમદાવાદ શહેરને શું શું લાભ થશે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૧-૮-૦૫) :

(૧) હા, જી.

(૨) કેન્દ્ર સરકારનાં સને ૨૦૦૫-૦૬ના અંદાજપત્ર અંતર્ગત દેશના ૪૦ લાખથી વધુ વસ્તી ધરાવતા ૭ (સાત) શહેરોનો કેન્દ્ર સરકારના નેશનલ અર્બન રીન્યુઅલ મિશનમાં મેગા સિટી તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં અમદાવાદનો સમાવેશ થાય છે.

(૩) કેન્દ્ર સરકારે સને ૨૦૦૫-૦૬ના અંદાજપત્રમાં જાહેર કરેલ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન યોજના નીચે અમદાવાદ શહેરને પ્રોજેક્ટ આધારીત ગ્રાન્ટ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન યોજનાની જોગવાઈઓને આધિન મળી શકશે. જે મુજબ મંજૂર થયેલ પ્રોજેક્ટ માટે પ્રોજેક્ટ કોસ્ટનો ૩૫ ટકા ફાળો કેન્દ્ર સરકાર તરફથી અને ૧૫ ટકા ફાળો રાજ્ય સરકાર તરફથી મળવાપાત્ર થશે. જ્યારે બાકીનાં ૫૦ ટકા અર્બન લોકલ ઓથોરીટી ભોગવવાનો રહેશે.

-------------

## રાજ્યમાં જિલ્લાવાર વિદ્યુત શુલ્કની આવક અને બાકી વસુલાતો.

અતારાંક્તિ ૩૫૬૮ (૧૩-૬-૦૫) **શ્રી બલવંતસિંહ રાજપૂત** (સિધ્ધપુર): **માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે-

(૧) વર્ષ ૨૦૦૪-૦૫ના નાણાંકીય વર્ષમાં રાજ્ય સરકારને જિલ્લાવાર વિદ્યુત શુલ્કની કેટલી આવકો પ્રાપ્ત થઈ;

(૨) કુલ કેટલા ગ્રાહકો પાસેથી, આમાંથી કૃષિ વપરાશકારો કેટલાં હતાં, અને

(૩) ૧લી એપ્રિલ, ૨૦૦૫ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં જિલ્લાવાર કુલ કેટલી રકમોની વસુલાતો બાકી છે?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૧૬-૭-૦૫) :

(૧) વર્ષ ૨૦૦૪-૦૫ના નાણાંકીય વર્ષમાં રાજ્ય સરકારને કુલ રૂપિયા ૧૮૧૯.૧૨ કરોડની આવક થયેલ છે. જેની જિલ્લાવાર વિદ્યુત શુલ્કની આવકનું પત્રક નં. ૧ આ સાથે સામેલ છે.

(૨) રાજ્યમાં સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં કુલ ૯૫,૪૦, ૫૦૬ વીજવપરાશકારો પાસેથી વિદ્યુત શુલ્કની રકમ વસુલ કરવામાં આવેલ. જેમાં ૬,૫૧,૩૩૫ કૃષિ વપરાશકારો હતા. કૃષિ વપરાશ પરની ૫ ટકા વિદ્યુત શુલ્ક તારીખ ૧-૭-૨૦૦૪ થી રદ કરવામાં આવી છે.

(૩) ૧લી એપ્રિલ, ૨૦૦૫ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં જિલ્લાવાર કુલ બાકી વિદ્યુત શુલ્કની વસુલાતોનું પત્રક-૨ આ સાથે સામેલ છે.

-------------

**પત્રક--૧**

**સને ૨૦૦૪-૨૦૦૫ના વર્ષમાં જિલ્લાવાર વિદ્યુત શુલ્કની આવક દર્શાવતું પત્રક**

| અનુ. નં. | જિલ્લો | ગુજરાત વિદ્યુત મંડળ | લાયસંન્સી | જન. સેટ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | વડોદરા | ૬૫૪૩૬૪૦૦૮ | ૧૧૨૮૦૦૦૦૦ | ૬૧૦૦૦૦૦૦૦ | ૧૩૭૭૧૬૪૦૦૮ |
| ૨ | આણંદ | ૨૭૨૦૦૫૦૩૮ | - | ૧૪૪૦૦૦૦૦ | ૨૮૬૪૦૫૦૩૮ |
| ૩ | નડીયાદ | ૨૭૨૬૧૫૯૪૮ | - | ૨૦૦૦૦૦૦ | ૨૭૪૬૧૫૯૪૮ |
| ૪ | સુરત | ૨૨૩૩૨૨૭૭૧૦ | ૧૬૪૨૬૦૦૦૦૦ | ૩૫૧૮૫૦૦૦૦ | ૪૨૨૭૬૭૭૭૧૦ |
| ૫ | સુરેન્દ્રનગર | ૨૨૫૮૮૨૧૭૮ | - | ૨૦૦૦૦૦૦ | ૨૨૭૮૮૨૧૭૮ |
| ૬ | અમદાવાદ | ૫૨૧૩૩૨૨૦૯ | ૩૦૩૧૧૦૦૦૦૦ | ૩૦૦૦૦૦૦ | ૩૫૫૫૪૩૨૨૦૯ |
| ૭ | ગાંધીનગર | ૪૧૦૯૩૬૯૭૩ | - | ૧૦૦૦૦૦૦૦ | ૪૨૦૯૩૬૯૭૩ |
| ૮ | મહેસાણા | ૬૦૨૫૦૮૨૩૧ | - | ૫૦૦૦૦૦૦ | ૬૦૭૫૦૮૨૩૧ |
| ૯ | પાટણ | ૫૧૦૩૯૧૨૩ | - | ૫૦૦૦૦૦૦ | ૫૬૦૩૯૧૨૩ |
| ૧૦ | જામનગર | ૩૪૦૬૫૧૩૯૯ | - | ૧૦૦૦૦૦૦૦ | ૩૫૦૬૫૧૩૯૯ |
| ૧૧ | રાજકોટ | ૧૦૪૯૦૧૪૯૬૯ | - | ૩૦૦૦૦૦૦૦ | ૧૦૭૯૦૧૪૯૬૯ |
| ૧૨ | ભાવનગર | ૪૭૩૪૪૨૨૦૮ | - | ૫૦૦૦૦૦૦ | ૪૭૮૪૪૨૨૦૮ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧૩ | ભુજ | ૪૬૦૩૨૫૭૬૮ | ૧૭૭૦૦૦૦૦ | ૧૫૦૦૦૦૦૦ | ૪૯૩૦૨૫૭૬૮ |
| ૧૪ | પોરબંદર | ૧૭૨૯૯૮૦૨૯ | - | ૨૦૦૦૦૦૦ | ૧૭૪૯૯૮૦૨૯ |
| ૧૫ | જુનાગઢ | ૪૧૩૧૦૨૬૫૩ | - | ૨૦૦૦૦૦૦ | ૪૧૫૧૦૨૬૫૩ |
| ૧૬ | હિંમતનગર | ૧૮૦૭૦૮૬૬૬ | - | ૧૫૦૦૦૦૦૦ | ૧૯૫૭૦૮૬૬૬ |
| ૧૭ | પાલનપુર | ૯૬૪૪૩૯૫૬૮ | - | ૫૦૦૦૦૦૦ | ૯૬૯૪૩૯૫૬૮ |
| ૧૮ | ભરૂચ | ૯૦૧૩૭૯૮૮૪ | - | ૨૯૦૦૦૦૦૦૦ | ૧૧૯૧૩૭૯૮૮૪ |
| ૧૯ | નર્મદા | ૧૨૩૮૫૧૯૮૮ | - | ૧૦૦૦૦૦૦૦ | ૧૩૩૮૫૧૯૮૮ |
| ૨૦ | વલસાડ | ૭૫૬૯૧૭૨૮૯ | - | ૬૦૦૦૦૦૦૦ | ૮૧૬૯૧૭૨૮૯ |
| ૨૧ | ડાંગ | ૬૯૮૩૫૬૮૫ | - | ૦ | ૬૯૮૩૫૬૮૫ |
| ૨૨ | નવસારી | ૧૪૮૪૦૮૧૨૮ | - | ૩૦૦૦૦૦૦ | ૧૫૧૪૦૮૧૨૮ |
| ૨૩ | ગોધરા | ૭૪૪૯૫૯૦૯ | - | ૩૬૦૦૦૦૦ | ૭૮૦૯૫૯૦૯ |
| ૨૪ | દાહોદ | ૨૮૪૭૭૦૩૫૫ | - | ૩૦૦૦૦૦૦ | ૨૮૭૭૭૦૩૫૫ |
| ૨૫ | અમરેલી | ૨૭૧૭૪૬૦૮૪ | - | ૧૫૦૦૦૦ | ૨૭૧૮૯૬૦૮૪ |
| | કુલ | ૧૧૯૩૦૦૦૦૦૦૦ | ૪૮૦૪૨૦૦૦૦૦ | ૧૪૫૭૦૦૦૦૦૦ | ૧૮૧૯૧૨૦૦૦૦૦ |

**પત્રક--૨**

**૧લી એપ્રિલ, ૨૦૦૫ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં જિલ્લાવાર બાકી વિદ્યુત શુલ્કનું પત્રક**

| | | (રૂપિયા કરોડમાં) |
|---|---|---|
| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **વિદ્યુત શુલ્કની રકમ** |
| ૧ | સુરત | ૩૦૩.૨૫ |
| ૨ | અમદાવાદ | ૨.૮૧ |
| ૩ | ગાંધીનગર | ૦.૭૯ |
| ૪ | જામનગર | ૧૫.૯૨ |
| ૫ | સુરેન્દ્રનગર | ૧.૯૯ |
| ૬ | વડોદરા | ૫૫.૯૩ |
| | કુલ | ૩૮૦.૬૯ |

--------------------

**પિપાવાવ વિદ્યુત મથકને ગેસ પૂરો પાડવા માટે કેન્દ્ર સરકાર સમક્ષ રજુઆત**

અતારાંક્તિ ૩૫૭૦ (૧૫-૬-૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે-

(૧) એપ્રિલ-૨૦૦૫ની સ્થિતિએ પિપાવાવ વિદ્યુત મથકને ગેસ પૂરો પાડવા માટે સરકાર સમક્ષ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારે ક્યારે ક્યારે રજુઆતો કરી, અને

(૨) આ અંગે પેટ્રોલીયમ મંત્રીશ્રીના ક્યારે ક્યારે શું શું જવાબો આપ્યા છે?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૧૮-૭-૦૫) :

(૨) પિપાવાવ વિદ્યુત મથક માટે કેન્દ્ર સરકારને નીચે દર્શાવ્યા પ્રમાણેની તારીખોમાં રજૂઆતો કરવામાં આવી.

(ક) ૧૬-૦૫-૨૦૦૦,
(ખ) ૨૨-૫-૨૦૦૦,
(ગ) ૨૬-૧૧-૨૦૦૧,
(ઘ) ૧૪-૫-૨૦૦૩,
(ચ) ૨૦-૧-૨૦૦૪,
(છ) ૭-૨-૨૦૦૫,
(જ) ૪-૪-૨૦૦૫,

(૨) (ક) ૫-૬-૨૦૦૦
(ખ) ૨-૬-૨૦૦૩
(ગ)૨૫-૭-૨૦૦૩

(૨) ભારત સરકાર, પેટ્રોલીયમ મંત્રાલયે તેમના તા. ૫-૫-૨૦૦૦ના પત્રથી પીપાવાવ વિદ્યુત મથક માટે ૨.૨૫ એમ.એમ.એસ.સી.એમ.ડી. ગેસ ફાળવવાની સેધ્ધાંતિક મંજુરી આપેલી.

તા. ૨-૬-૦૩ના પત્રથી કેન્દ્ર સરકારના પેટ્રોલિયમ મંત્રીશ્રીએ તેમના તા. ૨૫-૭-૨૦૦૩ના પત્રથી જણાવેલ તે તાપ્તી ક્ષેત્રની વિકાસ યોજના આખરી થયેથી અને અમલ થયેથી ગેસ આપવાનું શક્ય બનશે.

-------------

## જામનગર મહાનગરપાલિકા વિસ્તારની આંગણવાડીઓ

અતારાંક્તિ ૩૪૯૦ (૧૨-૫-૦૫) **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર મહાનગરપાલિકા વિસ્તારમાં તારીખ ૩૧-૩-૦૫ની સ્થિતિએ કેટલી આંગણવાડીઓ છે, અને

(૨) જે વિસ્તારોમાં આંગણવાડી નથી ત્યાં આંગણવાડી ક્યારે શરૂ કરવામાં આવશે? ભારત સરકાર દ્વારા મંજૂર થયેથી શરૂ કરવામાં આવશે.

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (ઉર્જા) (૧૮-૭-૦૫) :

(૧) જામનગર મહાનગરપાલિકા વિસ્તારમાં તારીખ ૩૧-૩-૦૫ની સ્થિતિએ ૨૬૬ આંગણવાડીઓ છે.

(૨) વધારાની આંગણવાડીઓ ભારત સરકાર દ્વારા મંજૂર થયેથી શરૂ કરવામાં આવશે.

## અતારાંક્તિ યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | નંબર | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૩૨૨૮, ૩૨૯૨ | ૨ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૩૪૧૭, ૩૪૬૮, ૩૪૬૯, ૩૪૭૧ | ૪ |
| ૩ | નાણા વિભાગ | ૨૭૫૪ | ૧ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૩૪૯૮, ૩૫૦૦, ૩૫૦૧ | ૩ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૩૪૯૪, ૩૪૯૫, ૩૫૪૮ | ૩ |
| ૬ | ગૃહ વિભાગ | ૩૨૪૭, ૩૩૦૫, ૩૫૧૪, ૩૫૭૨, ૩૫૭૩, ૩૫૮૭ | ૬ |
| ૭ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૩૫૪૪, ૩૫૪૫, ૩૫૫૮ | ૩ |
| ૮ | કાયદા વિભાગ | ૩૫૩૩ | ૧ |
| ૯ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૩૫૦૨, ૩૫૦૮, ૩૫૧૦, ૩૫૧૮, ૩૫૧૯, ૩૫૪૧, ૩૫૪૨, ૩૫૮૬, ૩૫૯૯ | ૯ |
| ૧૦ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૩૫૩૭, ૩૫૪૩ | ૨ |
| ૧૧ | મહેસૂલ વિભાગ | ૩૨૬૦, ૩૩૮૯, ૩૩૯૮, ૩૪૮૮, ૩૪૮૯, ૩૫૨૯ | ૬ |
| ૧૨ | માર્ગ અને મકાન વિભાગ | ૩૨૯૦, ૩૩૦૬, ૩૫૬૨, ૩૫૬૪ | ૪ |
| ૧૩ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૩૫૩૨ | ૧ |
| ૧૪ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૩૫૫૬, ૩૫૬૧ | ૨ |
| ૧૫ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૩૫૬૮, ૩૫૭૦ | ૨ |
| ૧૬ | મહિલા અને બાળ કલ્યાણ વિભાગ | ૩૪૯૦ | ૧ |
| | **કુલ :-** | | **૫૦** |

# શોકદર્શક ઉલ્લેખો

**ગુજરાત રાજયના પૂર્વ રાજયપાલશ્રી સુંદરસિંહજી ભંડારી, મુંબઈ વિધાનસભાના પૂર્વ સભ્યશ્રીકીકુભાઈ ગુલાબભાઈ નાયક,પૂર્વ સભ્યશ્રી મનસુખભાઈ જયશંકર દવે, પૂર્વ સભ્યશ્રી મોતીભાઈ રણછોડભાઈ ચૌધરી, પૂર્વ સભ્યશ્રી ભગવાનદાસ નારણદાસ અમીન, પૂર્વ સભ્ય શ્રી રામજીભાઈ રાજીયાભાઈ ચૌધરી, પૂર્વ સભ્ય શ્રીમતી ગંગાબેન અમૃતલાલ વાઘેલા,પૂર્વ સભ્ય શ્રી આનંદલાલ ચીમનલાલ મહેતા પૂર્વ સભ્ય શ્રી અશોકભાઈ અમરાભાઈ ડાભીના અવસાન અંગે**

## ગુજરાત રાજયના પૂર્વ રાજયપાલશ્રી સુંદરસિંહજી ભંડારીના અવસાન અંગે

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (સભાગૃહના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત રાજયના પૂર્વ રાજયપાલશ્રી સુંદરસિંહજી ભંડારીનું તા. ૨૨-૬-૨૦૦૫ના રોજ ૮૪ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી ભંડારીનો જન્મ તારીખ ૧૨મી એપ્રિલ, ૧૯૨૧ના રોજ રાજસ્થાનમાં ઉદેપુર મુકામે થયો હતો. તેઓશ્રીએ એમ. એ., એલ. એલ. બી. સુધીનું શિક્ષણ મેળવી વકીલાતના વ્યવસાયમાં જોડાયા હતા.

સ્વર્ગસ્થશ્રી ભંડારી ૧૯૩૮માં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘમાં જોડાયા હતા અને ૧૯૪૬ થી ૧૯૫૧ દરમિયાન સંઘના વિભાગીય પ્રચારક તરીકે સેવાઓ આપી હતી. તેઓશ્રીએ ભારતીય જનસંઘના જનરલ સેક્રેટરી તરીકે પણ સેવાઓ આપી હતી તથા ૧૯૮૧ થી ૧૯૯૮ દરમિયાન ભારતીય જનતા પક્ષના રાષ્ટ્રીય ઉપપ્રમુખ તરીકે સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થશ્રી ભંડારી ત્રણવાર રાજયસભાના સભ્ય રહયા હતા અને રાજયસભામાં ભારતીય જનતાપક્ષના નેતા તરીકે કામગીરી બજાવી હતી. અનેકવિધ સંસદીય સમિતિઓના વિવિધ હોદ્દા પર રહી તેઓએ અમૂલ્ય યોગદાન આપ્યું હતું. સ્વર્ગસ્થશ્રીએ બિહારના રાજયપાલશ્રી તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થશ્રી તા. ૧૮મી માર્ચ, ૧૯૯૯થી તા. ૯ઠ્ઠીમે, ૨૦૦૩ સુધી ગુજરાતના રાજયપાલ તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. તેઓશ્રીના ગુજરાતના કાર્યકાળ દરમ્યાન ગુજરાતના વિકાસ કાર્યોમાં અને ગુજરાતના સાંસ્કૃત્તિક ક્ષેત્રોની અનેક પ્રવૃત્તિઓમાં રસ લઈને ગુજરાતના જનજીવનને પ્રેરણા આપી હતી. તેમની આ સેવાઓ ગુજરાત માટે ચિરસ્મરણીય રહેશે.

સ્વર્ગસ્થશ્રી ભંડારીએ ઈન્ટર પાર્લામેન્ટરી યુનિયનની સન ૧૯૭૮માં લિસ્બન ખાતેની બેઠકમાં તેમજ ૧૯૯૭માં સિઓલ ખાતેની બેઠકના ભારતીય પ્રતિનિધિ મંડળના સભ્ય તરીકે વિદેશ પ્રવાસ કર્યો હતો.

સ્વર્ગસ્થશ્રી ભંડારીના અવસાનથી માત્ર ગુજરાતને જ નહીં પરંતુ સમગ્ર રાષ્ટ્રના જાહેર જીવનમાં રાષ્ટ્રભાવનાને વરેલા એવા રાષ્ટ્રપ્રેમી આગેવાનની ખોટ પડી છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## મુંબઈ વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી કીકુભાઈ ગુલાબભાઈ નાયકના અવસાન અંગે

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, મુંબઈ વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી કીકુભાઈ ગુલાબભાઈ નાયકનું તા. ૬-૪-૨૦૦૫ના રોજ ૧૦૧ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી નાયકનો જન્મ તા. ૯મી નવેમ્બર, ૧૯૦૩ના રોજ નવસારી જિલ્લાના સાલેજ ગામે થયો હતો.

સ્વર્ગસ્થશ્રી નાયકે ૧૯૩૦માં દાંડીકૂચ માટે ખેડા, ભરૂચ અને સુરત જિલ્લામાં પ્રચાર કાર્ય કર્યુ હતું. તેઓશ્રીએ દેશની સ્વાતંત્રય ચળવળમાં સક્રિય ભાગ લીધો હતો અને ૧૯૩૨ના આંદોલનમાં તથા ૧૯૪૨ની 'હિંદ છોડો' ચળવળમાં જેલવાસ ભોગવ્યો હતો. તેઓશ્રીએ હિન્દી રાષ્ટ્રીય મહાસભામાં ગુજરાતના પ્રતિનિધિ તરીકે હાજરી આપી હતી.

સ્વર્ગસ્થશ્રી નાયકે અનેક સંસ્થાઓની સ્થાપના કરી હતી અને જીવંત પર્યંત આ સંસ્થાઓને અમૂલ્ય માર્ગદર્શન આપતા રહ્યા હતા. તેઓશ્રીએ કછોલીમાં પછાતવર્ગ કન્યા છાત્રાલયનું સફળ સંચાલન કર્યુ હતું. તેઓશ્રી અસ્પૃશ્યતા નિવારણ, વિકલાંગોની સેવા, સજીવ ખેતી પ્રચાર, નિસર્ગોપચાર, સામાજિક અને સહકારી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહ્યા હતા.

સ્વર્ગસ્થશ્રી નાયકને સ્વાતંત્રય સેનાની તરીકે તામ્રપત્ર, બાળ કલ્યાણ અને અપંગોના કલ્યાણની શ્રેષ્ઠ પ્રવૃત્તિ બદલ રાજય પારિતોષિક, તેમજ રાષ્ટ્રપતિશ્રી, ઉપરાષ્ટ્રપતિશ્રી, રાજયપાલશ્રી અને મુખ્ય મંત્રીશ્રી દ્વારા વિવિધ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

તેઓશ્રીએ સન ૧૯૫૨ થી સન ૧૯૫૭ સુધી વિધાનસભામાં એક જાગૃત ધારાસભ્ય તરીકે પ્રતિનિધિત્વ પૂરું પાડ્યું હતું.

તેઓશ્રીના અવસાનથી રાજયે ગાંધી મૂલ્યોના સાચા પથદર્શક, વિકલાંગો અને પછાત વર્ગના ઉત્કર્ષદાતા એવા એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**પૂર્વ સભ્યશ્રી મનસુખભાઈ જયશંકર દવેના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી મનસુખભાઈ જયશંકર દવેનું તા. ૧૫-૩-૨૦૦૫ના રોજ ૯૦ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વગર્સ્થશ્રી દવેનો જન્મ તા.૧૩મી ઓક્ટોબર, ૧૯૧૫ના રોજ થયો હતો. તેઓશ્રીએ બી.એ., એલ.એલ.બી. સુધીનું શિક્ષણ મેળવ્યું હતું. તેઓશ્રી વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

તેઓશ્રીએ પાલનપુર નગરપાલિકાના જુદા જુદા હોદાઓ ઉપરાંત ૧૭ વર્ષ સુધી જીલ્લા હોમસગાર્ડઝ કમાન્ડન્ટ તરીકે તેમજ જીલ્લા કક્ષાએ એસ.ટી.કર્મચારી મંડળ, સ્પોર્ટસ એસોસિએશન અને બાર એસોસિએશનના જુદા જુદા હોદાઓ પર રહી ઉમદા સેવાઓ આપી હતી. તેઓશ્રી વિવિધ સામાજિક સંસ્થાઓ સાથે અને વહીવટી સમિતિઓ સાથે પણ સંકળાયેલા હતા.

તેઓશ્રીએ પાંચમી ગુજરાત વિધાનસભામાં બનાસકાંઠા જિલ્લાના ધાનેરા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

સ્વર્ગસ્થશ્રી દવેના અવસાનથી રાજયએ એક રાજકીય અને ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**પૂર્વ સભ્યશ્રી મોતીભાઈ રણછોડભાઈ ચૌધરીના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત રાજયના પૂર્વ મંત્રીશ્રી મોતીભાઈ રણછોડભાઈ ચૌધરીનું તા.૧-૫-૨૦૦૫ના રોજ ૮૧ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયું છે.

સ્વર્ગસ્થશ્રી ચૌધરીનો જન્મ તારીખ ૩જી જુલાઈ, ૧૯૨૩ના રોજ માણસા તાલુકાના બાલદા ગામે થયો હતો. મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના સ્થાપક સભ્ય રહી સતત ૩૪ વર્ષ સુધી તેઓશ્રીએ દૂધસાગર ડેરીના ચેરમેન તરીકે ઉમદા સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થશ્રી ચૌધરીએ જિલ્લા ખાદી ગ્રામદ્યોગ સહકારી સંઘ, જિલ્લા તેલઘાણી સંઘના પ્રમુખ તરીકે તેમજ ગુજરાત રાજય નશાબંધી મંડળના સભ્ય તરીકે અને અમરાપુર ગ્રામભારતી ટ્રસ્ટના સંચાલક અને મેનેજીંગ ટ્રસ્ટી તરીકે ઉમદા સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થશ્રી ચૌધરીને ગ્રામ પુનરુત્થાન ક્ષેત્રે ઉત્તમ પ્રદાન કરવા બદલ દર્શન ફાઉન્ડેશન એવોર્ડ તેમજ ડેરી ક્ષેત્રે સેવાઓ બદલ કુરીયન એવોર્ડ અને પ્રિયદર્શિની એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

સ્વર્ગસ્થશ્રી ચૌધરીએ ચોથી અને પાંચમી ગુજરાત વિધાનસભામાં માણસા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને રાજયના રસ્તા અને મકાનો વિભાગના તથા પાટનગર યોજનાના મંત્રી તરીકે નોંધાપાત્ર સેવાઓ આપી હતી. તેઓશ્રી છઠ્ઠી લોકસભામાં સન ૧૯૭૭માં બનાસકાંઠા જિલ્લામાંથી તથા સાતમી લોકસભામાં સન ૧૯૮૦માં મહેસાણા જિલ્લામાંથી ચૂંટાઈ આવ્યા હતા અને ઉમદા કામગીરી કરી હતી.

સ્વર્ગસ્થશ્રી ચૌધરીના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજ સેવક અને સહકારી આગેવાન ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**પૂર્વ સભ્યશ્રી ભગવાનદાસ નારણદાસ અમીનના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ભગવાનદાસ નારણદાસ અમીનનું તા.૧૪મી જૂન, ૨૦૦૫ના રોજ ૮૨ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયું છે.

સ્વર્ગસ્થશ્રી અમીનનો જન્મ તારીખ ૩૧મી ઓકટોબર, ૧૯૨૨ના રોજ પાટણ જિલ્લાના ચાણસ્મા મુકામે થયો હતો.

સ્વર્ગસ્થશ્રી અમીને રણુંજ ગ્રામ પંચાયતના સરપંચ તરીકે તથા પાટણ તાલુકા પંચાયત, મહેસાણા જિલ્લા વ્યાયામ મંડળમાં, મહેસાણા જિલ્લા બાંધકામ સમિતિ અને લોકલ બોર્ડ જિલ્લા પંચાયત, મહેસાણાના ચેરમેન તરીકે ઉમદા સેવાઓ આપી હતી. તેઓશ્રીએ ઓલ ઈન્ડિયા સરદાર પટેલ ફાઉન્ડેશન, વસંત ગજેન્દ્ર ગડકર ટ્રસ્ટ, મહેસાણા જેવી સંસ્થાઓના કારોબારી સભ્ય તરીકે યોગદાન આપ્યું હતું.

ચોથી ગુજરાત વિધાનસભામાં રાજયના ચાણસ્મા મત વિસ્તારનું અને પાંચમી ગુજરાત વિધાનસભામાં પાટણ મત વિસ્તારનું તેઓએ પ્રતિનિધિત્વ કર્યું હતું.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**પૂર્વ સભ્ય શ્રી રામજીભાઈ રાજીયાભાઈ ચૌધરીના અવસાન અંગે**

મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રી રામજીભાઈ રાજીયાભાઈ ચૌધરીનું તારીખ ૧૫મી જૂન, ૨૦૦૫ના રોજ ૮૮ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયું છે.

સ્વર્ગસ્થ શ્રી ચૌધરીનો જન્મ તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૧૬ના રોજ સુરત જિલ્લાના તરસાડા ખુરદ ગામે થયો હતો.

સ્વર્ગસ્થ શ્રી ચૌધરી આદિવાસીઓમાં સામાજિક સુધારણા, દારૂબંધી તેમજ જંગલ મંડળીઓ, ખેડૂત સહકારી સંઘ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ખેડૂત સહકારી રાઈસ મિલ, ખેડૂત ધિરાણ સોસાયટી જેવી સહકારી મંડળીઓ સાથે સંકળાયેલા હતા. સુરત ડિસ્ટ્રિક્ટ બૅન્કના ડાયરૅક્ટર તરીકે પણ તેઓશ્રીએ સેવા આપી હતી.

તેઓશ્રીએ બીજી ગુજરાત વિધાનસભામાં સુરત જિલ્લાના માંડવી મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક સહકારી આગેવાન અને ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**પૂર્વ સભ્ય શ્રીમતી ગંગાબેન અમૃતલાલ વાઘેલાના અવસાન અંગે**

મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રીમતી ગંગાબેન અમૃતલાલ વાઘેલાનું તાજેતરમાં દુ:ખદ અવસાન થયું છે.

સ્વર્ગસ્થ શ્રીમતી વાઘેલાનો જન્મ તારીખ ૬ઠ્ઠી નવૅમ્બર, ૧૯૩૬ના રોજ મુંબઈ મુકામે થયો હતો. તેઓશ્રી સમાજ સેવાના કાર્ય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થ શ્રીમતી વાઘેલા બાલવાડી, સંસ્કાર કેન્દ્ર અને પછાત વર્ગના કુમાર-કન્યા છાત્રાલયો સાથે સંકળાયેલા હતા અને તેમાં તેઓએ ઉત્તમ યોગદાન આપ્યું હતું.

સ્વર્ગસ્થ શ્રીમતી વાઘેલાએ ત્રીજી અને ચોથી ગુજરાત વિધાનસભા દરમ્યાન ખેડા જિલ્લાના માતર મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.

સ્વર્ગસ્થ શ્રીમતી વાઘેલાના અવસાનથી રાજ્યએ એક ઉમદા સમાજ-સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**પૂર્વ સભ્ય શ્રી આનંદલાલ ચીમનલાલ મહેતાના અવસાન અંગે**

મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રી આનંદલાલ ચીમનલાલ મહેતાનું તારીખ ૧૮-૭-૨૦૦૫ના રોજ ૭૬ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી મહેતાનો જન્મ તારીખ છઠ્ઠી જૂન, ૧૯૨૯ના રોજ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર મુકામે થયો હતો.

સ્વર્ગસ્થ શ્રી મહેતાએ જિલ્લા ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, બનાસકાંઠાના મંત્રી તરીકે, ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બૅન્ક એસોસિએશન અને તેની કારોબારી સમિતિમાં સભ્ય તરીકે સેવાઓ આપી હતી. તેઓશ્રીએ પાલનપુર નાગરિક બૅન્કના મેનેજિંગ ડિરેક્ટર તરીકે તથા વાઇસ ચેરમેન તરીકે પણ ઉમદા સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થ શ્રી મહેતાએ ત્રીજી ગુજરાત વિધાનસભામાં રાજ્યના પાલનપુર મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.

સ્વર્ગસ્થ શ્રી મહેતાના અવસાનથી રાજ્યએ સામાજિક અને સહકારી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા અગ્રણી કાર્યકર ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**પૂર્વ સભ્ય શ્રી અશોકભાઈ અમરાભાઈ ડાભીના અવસાન અંગે**

મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રી અશોકભાઈ અમરાભાઈ ડાભીનું તારીખ ૧૭-૮-૨૦૦૫ના રોજ ૬૫ વર્ષની વયે દુ:ખદ અવસાન થયું છે.

સ્વર્ગસ્થ શ્રીડાભીનો જન્મ તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૩૯ના રોજ બનાસકાંઠા જિલ્લાના છનિયાણા ગામે થયો હતો.

સ્વર્ગસ્થ શ્રીડાભીએ અનેક સામાજિક સંસ્થાઓમાં સેવા આપી હતી તથા ઇન્ડસ્ટ્રીયલ કો-ઓપરેટીવ બૅન્ક, અમદાવાદ અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર અને હેન્ડલુમ હેન્ડીક્રાફ્ટ એસોસિએશન, અમદાવાદના ડિરેક્ટર તરીકે સેવા બજાવી હતી. તેઓશ્રીએ હરિજન કલ્યાણ તેમજ રચનાત્મક પ્રવૃત્તિઓમાં સક્રિય રસ દાખવ્યો હતો.

સ્વર્ગસ્થ શ્રી ડાભીએ પાંચમી ગુજરાત વિધાનસભામાં બનાસકાંઠા જિલ્લામાં વડગામ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

સ્વર્ગસ્થ શ્રી ડાભીના અવસાનથી રાજ્યએ એક સામાજિક આગેવાન ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે, એમાં હું મારો સૂર પુરાવું છું.

આપણા ભૂતકાળના રાજ્યપાલશ્રી અને બીજા લગભગ આઠ જેટલા મુંબઇ અને ગુજરાત વિધાનસભાના સભ્યશ્રીઓ હવે આપણી વચ્ચે નથી રહ્યા. સ્વ. સુંદરસિંહજી ભંડારી બીજા રાજ્યમાં જન્મ્યા, વર્ષો સુધી પાર્લામેન્ટની અંદર સેવાઓ આપી, ભારતીય જનતા પક્ષના અદના કાર્યકરથી શરૂ કરી ઉપપ્રમુખ સુધીના દરજ્જે પહોંચ્યા. એમણે પાર્લામેન્ટની અંદર જે સેવાઓ આપી છે એની નોંધ લેવા જેવું કહી શકાય એવી સેવાઓ અને એમનું પ્રદાન અનેક ક્ષેત્રમાં રહ્યું છે

અહીંયા ગુજરાતના રાજયપાલ તરીકે પણ માત્ર ઔપચારિકતા નહીં પરંતુ જયારે જયારે મોકો મળ્યો ત્યારે તેમણે સમાજનો જે છેવાડાનો વ્યકિત હતો તેમના સુધી પહોંચી અને તેમના દુ:ખ દર્દ સાંભળવાનો પણ તેમણે પ્રયાસ કર્યો છે.અમને પણ તેમની પાસે કયારેક એક કાર્યકર દરજ્જે કયારેક કોઈ શૈક્ષણિક ક્ષેત્રની અંદર હતા તે દરજ્જે તેમને મળવાનો મોકો મળતો હતો એ એટલા ઉમદા માણસ હતા કે દરેક બાબતની અંદર એમ ઔપચારિક હોદ્દા ઉપર હોવા છતાં તે રસ લેતા હતા અને તેને કારણે ઘણાં લોકો જે સમસ્યાઓ લઈને આવે, રાજયની ચિંતાઓ લઈને આવે તે ચિંતાઓની અંદર પણ તે પોતે સૂર પૂરાવતા હતા તે ગુજરાતની અંદર રહી અને ગુજરાતની પ્રજા જીવન સાથે એકદમ ભળી ગયા હતા અને રાજયપાલના હોદ્દા ઉપર હતા ત્યારે અને તે પછી પણ કયારેય જે સંવેદનશીલ બનાવો ગુજરાતના હોય તો તેની અંદર પણ પોતાના અભિપ્રાયો છે તે સ્પષ્ટ રીતે વ્યકત કરતા હતા.

સ્વ.કીકુભાઈ ગુલાબભાઈ નાયક માત્ર ધારાસભ્ય નહોતા પણ તે આઝાદી સંગ્રામની અંદર ઘડાઈ અને કસાઈને આવેલા આગેવાનો પૈકીના એક હતા. વિધાનસભાની અંદર રહયા, મુંબઈ વિધાનસભાની અંદર રહયા એટલું જ નહીં પરંતુ મહાત્મા ગાંધીએ જે ગ્રામ સ્વરાજય લઈ આવવાનું જે સ્વપ્નું સેવ્યું હતું તેને માટે તેમના વિસ્તારની અંદર ધૂણી ધખાવીને બેઠા હતા. ૧૦૧ વર્ષ જેટલું લાંબુ આયુષ્ય સમાજ સેવા પ્રત્યે સમર્પિત રહયા. અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે કામ કર્યું. જીવનના છેલ્લાં વર્ષ સુધી જે તાલીમ અને કેળવણી આઝાદી સંગ્રામ દરમિયાન આઝાદીના લડવૈયા પાસેથી લીધી હતી તેનો ઉપયોગ પ્રજાના સેવાની અંદર તેમણે કર્યો.

સ્વ.મનસુખલાલ જયશંકર દવે વિધાનસભ્ય તરીકે આ ગૃહની અંદર ચૂંટાયા હતા, પરંતુ તેનાથી આગળ તેમણે હોમગાર્ડ જેવી સેવાઓની અંદર સ્વૈચ્છિક રીતે પાર્ટીશીપેટ થયા, ભાગલીધો અને તે ક્ષેત્રની એક નવી દિશા પણ આપી. કામદાર યુનિયન હોય કે રમત ગમતનું ક્ષેત્ર હોય તેની અંદર તેમણે હંમેશા આગળ રહી તે યુનિયનોને, તે કામદાર મિત્રોને કે રમત ગમતની અંદર ભાગ લેતા યુવાનોને તેને એક નવી દિશા આપવાનું કામ પણ સ્વ.મનસુખલાલ દવેએ કર્યુ છે.

સ્વ.મોતીભાઈ ચૌધરીનું નામ આવે એટલે ભારતની શ્વેત ક્રાંતિ સાથે જોડાયેલાં જે થોડાં ઘણા બુઝર્ગો હતા, તેમના નામની સાથે મોતીભાઈ ચૌધરીનું નામ ચોકકસપણે સૌથી આગલી પંકિતમાં આવે. સ્વ.મોતીભાઈ ચૌધરી આ ગૃહના સભ્ય હતા, મંત્રી મંડળમાં હતા તે રીતે તો યાદ આપણે રાખવાના પરંતુ સમગ્ર ભારત અને સહકારી અને શ્વેત ક્રાંતિ સાથે જોડાયેલા આ દેશના અને વિદેશના કરોડો લોકો છે તે તેમને એક શ્વેત ક્રાંતિના પાયાના પત્થર તરીકે હંમેશા યાદ કરવાના છે. મહેસાણાની દૂધ સાગર ડેરી અને તેની સ્થાપનાકાળથી લઈને ૩૪ વર્ષ સુધી તેમના ચેરમેન રહયા. ૯૦૦ કરોડના ટર્ન ઓવર સાથે એશિયાની નંબર વન ડેરી બનાવવાનું શ્રેય જો કોઈને જતું હોય તો તેમાના જે બે-પાંચ આગેવાનો છે તે પૈકી સ્વ.મોતીભાઈ ચૌધરીને જાય છે. તે ઉપરાંત પણ પાયાની કેળવણીનું કામ પણ તેમણે જીવનના છેલ્લાં વર્ષો સુધી ચાલુ રાખ્યું અને અનેક પોતાના વિદ્યાર્થીઓ તૈયાર કર્યા અને તેમના દ્વારા સમાજ સેવાની અંદર કામ કરતા વિદ્યાર્થી કાર્યકરોની મોટી ફોજ મહેસાણા જિલ્લાને અને ગુજરાતને આપી.

સ્વ.ભગવાનદાસ ના.અમીન આ ગૃહના સભ્ય હતા, મહેસાણા જિલ્લાના આગેવાન હતા ગ્રામ પંચાયતના સરપંચથી શરુ કરી અને જિલ્લા પંચાયતો, લોકલ બોર્ડ અને અનેક સામાજિક સંસ્થાઓમાં તેમણે પણ કામ કરેલુ હતું.

સ્વ. શ્રી રામજીભાઈ ચૌધરી સુરત જિલ્લાના આદિવાસી પરિવારમાંથી જન્મ લઈને ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા અને આદિવાસી વિસ્તાર હોય કે પછાતવર્ગનો વિસ્તાર હોય જીવનના છેલ્લા દિવસો સુધી સરળ અને સાદા કાર્યકર તરીકે તેમણે કામ કર્યુ છે.

સ્વ. શ્રીમતી ગંગાબેન વાઘેલા એક મજબૂત મહિલા કાર્યકર હતાં અને આપણને એ વાતનું ગૌરવ છે કે એક સફાઈ કામદારના પરિવારમાંથી આવવા છતાં એક પુરુષ બોલી ના શકે એના કરતાં સવાયું બળ વાપરીને કોઈને પણ સ્પષ્ટ વાત કરવી હોય તો એ જીવનના છેલ્લા તબકકા સુધી કરતાં રહયાં છે અને અમે તો વર્ષો સુધી તેમની સાથે રહીને આ જોયું છે. બે વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયાં હતાં અને ગુજરાતનાં એક અગ્રીમ હરોળનાં મહિલા કાર્યકર બન્યાં હતાં. છેલ્લે તેમની સેવાની કદર કરીને કેન્દ્ર સરકારે ભારતના રાષ્ટ્રીય મહિલા સફાઈ કામદાર આયોગમાં પણ તેમની નિમણૂક કરેલી અને એના દ્વારા આખા દેશના સફળ કામદાર અને ખાસ કરીને બહેનોના પ્રશ્નો માટે જિલ્લે જિલ્લે અને રાજયે રાજયે જઈને તેમણે પોતાનું કાર્ય શરૂ કરેલ હતું. તેમના જવાથી ગુજરાતનાં અગ્રીમ હરોળનાં મહિલા કાર્યકર અને સફાઈ કામદારો અને પછાતવર્ગો માટે પોતાનો અવાજ રજૂ કરનાર વડીલ આગેવાનની ખોટ પડી છે.

સ્વ. આનંદલાલ મહેતા આ ગૃહના ધારાસભ્ય હતા અને પાલનપુર-ડીસામાંથી ચૂંટાયા હતા. સહકારી ક્ષેત્ર હોય કે વકીલાતનું ક્ષેત્ર હોય તેમાં એમનું પ્રદાન છે.

સ્વ. શ્રી અશોકભાઈ ડાભી પછાતવર્ગના એક પ્રતિનિધિ તરીકે આ ગૃહમાં બિરાજમાન હતા અને છેલ્લા દિવસો સુધી અનેક સામાજીક અને સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા.

આ એ પેઢીના આગેવાનો છે કે જેમણે ગુજરાતને એક દિશા આપવામાં, ગુજરાતને એક નવી દ્રષ્ટિ આપવામાં અને આજનું જે ગુજરાત છે એ ગુજરાત બનાવવામાં એ પાયાના પથ્થરો તરીકે એમણે કામ કરેલ અને સમાજમાં કેવી રીતે રાજનીતિ કળાય, કેવી રીતે વ્યવસ્થામાં ભાગ લેવાય અને કેવી રીતે જાહેર જીવન જીવી શકાય એની પ્રેરણા આપણને સૌને આપેલ છે. આપણે પરમ કૃપાળુ પરમાત્મને પાર્થના કરીએ કે એમના સદ્‌ગુણો આપણા બધામાં ઉતરે અને એમના પરિવારો ઉપર આ જે આફત આવી છે એને સહન કરવાની પ્રભુ તેમને શકિત આપે અને આપશ્રી મારફતે આ ગૃહની શોકની લાગણી તેમના કુટુંબીજનો સુધી પહોંચાડવામાં આવે એવી વિનંતી છે.

**શ્રી અશોક ભટ્ટ(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના માનનીય નેતાશ્રી જે શોક પ્રસ્તાવો લઈને આવ્યા છે અને જેને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ સમર્થન આપ્યું છે તેમાં હું પણ મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના પૂર્વ રાજયપાલશ્રી ભંડારીજી આ ગૃહના અનેક સભ્યો માટે એક પિતા તૂલ્ય વ્યકિતત્વ, આ દેશની અંદર એક રાષ્ટ્રને સમર્પિત વ્યકિત્વ ધરાવતા હતા, એવા એક વ્યકિતત્વને આપણે ગુમાવ્યું છે. આપણા રાજયના રાજયપાલપદે રહયા ત્યારે તેમનું ઘર નાનામોટા માનવી માટે ખુલ્લું રહેતું હતું, પરંતુ સૌથી વધારે તેમની સેવાઓ કહેવાય તો તેઓશ્રી રાજયપાલશ્રી પદે રહયા ત્યારે તેમણે કેન્સરથી પીડાતા અનેક બાળકોની કેન્સર હોસ્પિટલમાં જઈને અનેક વખત મુલાકાત લીધી હતી અને એમના માટે જે વાત્સલ્ય પ્રગટ કર્યુ હતું એનો હું પોતે સાક્ષી છું. જેમ સ્વ. મહેંદી નવાબનંગે કેન્સર હોસ્પિટલ પ્રત્યે કાયમી રસ લીધો હતો, તેવો જ રસ એક રાજયપાલશ્રી તરીકે આ કેન્સર સોસાયટીના વિકાસ માટે, એના વિવિધ વિભાગોના વિકાસ માટે સ્વ. શ્રી ભંડારીજીએ લીધો હતો અને એના પરિણામે આજે ગુજરાત કેન્સર સોસાયટી દ્વારા જે કાર્ય ગુજરાતમાં કેન્સરના નિવારણ માટે થાય છે એમાં તેમનું ખૂબ મોટું યોગદાન હતું, એટલું જ નહીં, પરંતુ મને યાદ છે કે એક નાનકડો વ્યકિત જો કેન્સરને રોકવા માટેનો પ્રચાર કરતો. હોય તો તેવા વ્યકિતત્વને પણ તેઓ પોતે પોતાના નિવાસસ્થાને બોલાવીને એને અભિનંદન આપવાનું કાર્ય પણ તેમણે રાજયપાલપદે રહીને કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, આપત્તિનો કાળ આવ્યો હોય ત્યારે તરત જ ઉભા રહ્યા હોય, ભૂકંપ હોય કે વાવાઝોડું હોય, રાજયપાલશ્રીના પદેથી આપત્તિગ્રસ્ત વિસ્તારોમાં જઈને સૌને સહાનુભૂતિ આપતા ગુજરાતની પ્રજાએ એમને જોયા છે. ૧૯૨૧માં જન્મીને ૧૯૩૯થી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શિક્ષા લીધી અને ત્યારથી પ્રચારક રહીને ભારત માતાને પોતાનું જીવન સમર્પિત કર્યુ અને ભારતીય જનસંઘના સ્થાપના કાળથી જીવન પર્યંત સુધી ભારતીય જનસંઘ અને ભારતીય જનતા પાર્ટી દ્વારા વિચાર અને પ્રચાર માટે અને અનેક કાર્યકર્તાઓ માટે પ્રેરણાની મૂર્તિ બન્યા. એમના જવાથી ભારતીય જનસંઘ અને ભારતીય જનતા પાર્ટીના અનેક કાર્યકર્તાઓએ એક પિતા ગુમાવ્યા હોય એટલું દુ:ખ અનુભવ્યું છે. એટલે એમને અંજલિ આપતા એમના જીવનમાંથી પ્રેરણા લેવા માટે એમનું જીવન આપણા સૌના માટે પ્રેરક બને એ જ સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.

ગુજરાતના જાહેર જીવનમાં રાષ્ટ્રીય ચળવળ અને ક્રાંતિમાં કીકુભાઈને જયારે દક્ષિણ ગુજરાતમાં જતો હતો ત્યારે મળવાનું થતું હતું, એમના જવાથી એમ કહી શકાય કે છેલ્લા દાંડીયાત્રી હતા તેમણે વિદાય લીધી. તેઓ દાંડી યાત્રાના એક પ્રેરક પુરુષ હતા. એમને જોઈએ ત્યારે આપણને દાંડીનો સત્યાગ્રહ જોવા મળતો હતો. એ જ રીતે

સ્વર્ગસ્થ મનસુખભાઈ દવે, સ્વર્ગસ્થ મોતીભાઈ ચૌધરી, સ્વર્ગસ્થ ભગવાનદાસ અમીન, ભગવાનદાસ અમીનને કોઈ ભગવાનદાસ અમીન તરીકે ઓળખતા નહોતા પણ મામા તરીકે સમગ્ર વિસ્તારમાં તેઓ ઓળખાતા હતા, તેવું તેમનું વ્યકિતત્વ હતું. સ્વર્ગસ્થ રામજીભાઈ ચૌધરી, સ્વર્ગસ્થ આનંદલાલ મહેતા સ્વર્ગસ્થ અશોકભાઈ ડાભી તથા સ્વર્ગસ્થ ગંગાબેન વાઘેલા વગેરે આગેવાનોના દુ:ખદ અવસાન થયાં છે તે માટે હું પણ એમને શોકાંજલિ અર્પુ છું. આમાંથી અશોકભાઈ, મનસુખભાઈ, મોતીભાઈ અને ભગવાનદાસ સાથે આ સભાગૃહમાં સભ્ય તરીકે સાથે બેસવાનો અને અનેક જાહેર જીવનના મુલ્યો શીખવાનો મને મોકો મળ્યો છે. એ જ રીતે સ્વર્ગસ્થ ગંગાબેનને પણ મેં એક બહેન તરીકે સફાઈ કામદારો માટે હંમેશા ઝઝૂમતાં જોયાં છે. આ સૌ સ્વર્ગસ્થોને અંજલિ અર્પતા હું કહીશ કે એમના જવાથી ગયા દાયકાઓ ઈતિહાસના આ બધા આગેવાનો આપણા સૌ માટે પ્રેરક બની રહે એ જ એમને આપણી સૌની અંજલિ ગણાશે.

**શ્રી બાબુભાઈ મે. શાહ (ભા.રા.કો.) :** માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના નેતાશ્રી જે શોકપ્રસ્તાવ લાવ્યા છે અને વિરોધપક્ષના નેતાશ્રીએ જેને સમર્થન આપ્યું છે એમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય પૂર્વ રાજયપાલશ્રી સુંદરસિંહ ભંડારી, એમનું વડિલપણું અમને બધાને યાદ આવે, કારણ કે એ પક્ષમાં હું પણ હતો. તેઓ અમારા રાષ્ટ્રીય કોષાધ્યક્ષ હતા. ૯મી લોકસભામાં ચૂંટાઈને હું ગયો ત્યારે અમારી આવકના સાધનો કયાંથી આવ્યા તેની ચકાસણી તેઓએ કરેલી, અમને સહકાર આપવામાં લોકોની શું અપેક્ષા છે તેની પણ એમણે તપાસ કરેલી. એમણે કહેલું કે એ વખતે મને સમર્થન આપનારા મોટાભાગના કચ્છના લોકો હતા એમને કચ્છમાં કોઈ ઈન્ટરેસ્ટ નથી. ત્યારે એમણે સંતોષ વ્યકત કરેલો હતો. આટલી ચોક્કસાઈપૂર્વક ચકાસણી કરનાર એ વડીલ હતા. ભારતીય જનતા પાર્ટી છોડયા પછી પણ એમની સાથેના મારા સંબંધો ઘનિષ્ઠ રહ્યા હતા. તેઓ જયારે રાજયપાલ હતા ત્યારે એમને મળવા જતા તો રાજભવનમાં એ વખતે પણ એટલી જ ઉષ્મા અમોને એમના તરફથી મળતી હતી. આવા રાજકીય સમર્પિત આગેવાનનું નિધન એ દુ:ખજનક છે. એ જ રીતે મોતીભાઈ ચૌધરી સાથેનો અમારો પરિચય સભાગૃહનો નહીં, પણ તે પછી હમણાં જ વિરોધપક્ષના નેતાશ્રીએ કહ્યું તે પ્રમાણે સહકારી ક્ષેત્રના તેઓ આગેવાન હતા અને શ્વેત ક્રાંતિના પ્રણેતા હતા. દૂધ મંડળીઓના હિતમાં કેટલી હિફાજત કરે છે એ જોઈએ તો રાજયનો સેલ્સટેકસ નાબૂદ કરવા માટે એમને ઝઝૂમતા મેં જોયા છે. આવા જુસ્સાદાર આગેવાન મોટે ભાગે ખેડૂતોની અને દૂધ ઉત્પાદકોની વાત કરતા હોય પછી ગમે તે ચમરબંધી હોય તેને ગણ્યા વગર પોતાનું મંતવ્ય આપતા. ' વ્રજ વહાલુ વૈકુંઠ નહિ રે આવું.' તેઓ લોકસભામાં ચૂંટાયેલા હોવા છતાં ધારાસભાની બેઠક જાળવી રાખીને લોકસભામાંથી રાજીનામું આપેલ.

બીજા સ્વ. શ્રીમતી ગંગાબેન વાઘેલા જેઓ ખૂબ લડાયક હતાં. માનનીય અશોકભાઈએ કહ્યું એ પ્રમાણે સફાઈ કામદારોના હક્ક માટે હંમેશા જાગૃત રહેતા. હું નાણામંત્રી હતો ત્યારે અનેક પ્રશ્નો લઈને મારી પાસે આવતા. વિધાનસભાની લોબીમાં હંમેશા એમની હાજરી હોય જ એવા સ્વ.શ્રીમતી ગંગાબેન વાઘેલા, સ્વ. શ્રી ભગવાનદાસ અમીન, સ્વ. શ્રી રામજીભાઈ ચૌધરી, સ્વ. શ્રી આનંદલાલ મહેતા, સ્વ. શ્રી અશોકભાઈ ડાભી, સ્વ.શ્રી કીકુભાઈ નાયક, સ્વ.શ્રી મનસુખભાઈ દવે વગેરે મહાનુભાવોને નમ્રતાપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પુ છું. એમના આત્માને ચીર શાંતિ મળે એવી પ્રભુ પાસે પ્રાર્થના કરું છું.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (ભા.જ.પ)** સભાગૃહના નેતાશ્રી જે શોક પ્રસ્તાવ લઈને આવ્યા છે જેને વિરોધપક્ષના નેતાશ્રીએ સમર્થન આપેલ છે, એમાં હું મારું સમર્થન આપવા માટે ઊભો થયો છું.

ગુજરાતના ભૂતપૂર્વ રાજ્યપાલ સ્વ. શ્રી સુંદરસિંહજી ભંડારીજી એક એવું વ્યકિતત્વ છે કે જેની સાથે રહેવાનો મને મોકો મળ્યો છે, કામ કરવાનો મોકો મળ્યો છે. એમને અહીંયા આપણે સૌએ રાજ્યપાલશ્રી તરીકે કામ કરતા જોયા હશે. એમને સહ સંગઠક તરીકે, સામાજિક કાર્યકર તરીકે અને સૌને સાથે લઈને ચાલનાર વ્યકિત તરીકે એમને મેં ખૂબ નજીકથી જોયા છે. નાનામાં નાની બાબતમાં ખૂબ ચીવટ રાખતા હતા, તેના તેઓ ખૂબ આગ્રહી હતા અને ભૂલને બિલકુલ ચલાવતા નહિ એવી ગણતરી કરીને આ સમાજમાં એવું વ્યકિતત્વ ઊભું કર્યુ છે. તેઓ પ્રવાસમાં અમારા વિસ્તારમાં આવતા હતા ત્યારે એક નાનામાં નાના કાર્યકરને ઘરે જઈને રહેતા. એમની પાસે લગેજ તો હોય જ નહિ. એમની પાસે ફક્ત એક જોડ કપડાં હોય. તેથી કાર્યકર ઉપર એમનું કોઈ ભારણ ન હોય. તેથી ગરીબમાં ગરીબ કાર્યકરને કોઈ તકલીફ ન પડે એ રીતે સહજભાવથી રહેતા હતા. એક સામાન્ય જીવનમાંથી રાજ્યપાલ તરીકે આવ્યા તો પણ એમનું વ્યકિતત્વ ખૂબ સાદાય ભરેલું રહેતું આ હાઉસમાં બેઠેલા સૌએ એમને સાંભળ્યા છે અને જોયા છે. ૮૪ વર્ષની વયે પણ ખૂબ વિદ્વાન એવા ભૂતપૂર્વ રાજ્યપાલ આજે આપણી વચ્ચે નથી ત્યારે ખૂબ દુ:ખ થાય છે.

સ્વ. શ્રી કીકુભાઈ નાયક જેઓ દક્ષિણ ગુજરાતના નવસારી તાલુકાના હતા. તેઓને નજીકથી મળવાના પ્રસંગો ખૂબ બન્યા છે. તેઓ સાચા સ્વાતંત્ર્ય સેનાની તરીકે યાદ કરીએ ત્યારે દાંડીકૂચના પ્રસંગો સંભળાવતા ત્યારે આપણને એમના દર્શન કરવાનું મન થાય તેવું તેમનું વ્યકિતત્વ હતું. એમનું જીવન શુદ્ધ હોવાને લીધે તેઓ ૧૦૧ વર્ષ જીવી શક્યા. એ વ્યકિત આપણી વચ્ચેથી ચાલ્યા ગયા છે.

તેવી રીતે સ્વ. શ્રી મોતીભાઈ ચૌધરી શ્વેતક્રાંતિના પ્રણેતા હું જે જિલ્લામાંથી આવું છું તે મહેસાણા જિલ્લાના શ્વેતક્રાંતિના ઉપાસક હતા. તેઓ ઉત્તર ગુજરાતના લોકોને આર્થિક રીતે પગભર કરવાની કામગીરી ૩૪ વર્ષ સુધી કરી છે. એને કોઈપણ સમાજ ભૂલી શકે તેમ નથી. તેવું વ્યકિતત્વ આજે આપણી વચ્ચે નથી.

સ્વ.શ્રી ભગવાનદાસ અમીન કે જેમને અમીન તરીકે ઓળખાતા નહિ પરંતુ મામા તરીકે ઓળખાતા હતા. હું જ્યારે નાનો હતો ત્યારે તેઓ ધારાસભ્ય તરીકે હતા, તેઓ એક સામાજિક કાર્યકર હતા. નાનપણમાં અદ્ભુત ઓલિયાપીર જેવા માણસ, જેઓ પૂજ્ય રવિશંકર મહારાજ જેવું સાવ સાદું જીવન જીવતા. એમને મેં અનેક રૂપમાં જોયા છે. હું તે વખતે નાના મોટા વ્યવસાયમાં હતો. એમને ખબર પડે કે આ ગામમાં એસ.ટી જાય છે.
તો એસ.ટી. જતી નથી. તો આ જમાનો નહોતો કે પાકા રસ્તા હતા. તો આ ભગવાનદાસ મામા જાતે પાવડો કોદાળી લઈને એસ.ટી.ની વચ્ચે આવતા ખાડા-ટેકરા પુરાવે અને પૂરે અને એ એસ.ટી.નો માર્ગ કરીને ગામડાંમાં એસ.ટી. પહોંચાડવામાં કોઈ બાધ ન રહી જાય એટલું જાતે કામ કરતા.બીજાઓ કરે તેના કરતાં વિશેષ કામ એ કરતાં. ઉપરથી દેખાય કઠોર પણ અંદર ખૂણે ખૂબ કરૂણા હતી. રણુજ કરીને પાટણ જિલ્લાનું સ્ટેશન છે. ત્યાં હંમેશા મળે. જેને દુ:ખ હોય તે ત્યાં તેમને મળી શકે. લોકો દોડતા આવે. ટ્રેનમાં જાય, ટ્રેનમાં ટિકિટ લીધી, ન લીધી, કોઈ ગરીબ માણસ પાસે પૈસા ન હોય . ટી.સી. એમને પકડે, હું તેમના પ્રસંગો કહું છું. ટી.સી. તેને કનડતો હોય તો મામા ત્યા ગેટ ઉપર હાજર હોય અને તેને કેવી રીતે છોડાવવો, એટલા માટે નહીં કે ચોરી કરીને ટિકિટ વગર માણસ આવ્યો છે. તેને છોડાવવા નહીં પણ કરૂણા હતી કે આ માણસને દુખ થાય છે. તો દુ:ખમાં મામાને યાદ કરે તો તેને છોડાવે, સમજાવે અને જરૂર પડે તો પોતે પૈસા ભરીને દંડ ભરી દે. એવું વ્યકિતત્વ હતું. એ મામા ૮૪ વર્ષની ઉંમરે આપણી વચ્ચે નથી. એવા ભગવાનદાસ મામાને આપણે યાદ કરી લઈએ. બાકીના શ્રેષ્ઠ પુરુષો અને ગંગાબહેન જેવા આપણી વચ્ચે નથી એ સૌ સજ્જનોને શ્રદ્ધાંજલિ આપું છું. અસ્તુ.

**સભાપતિશ્રી મહેન્દ્ર લી. મશરૂ અધ્યક્ષસ્થાને**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ(સયાજીગંજ) :** માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ જે શોકદર્શક ઉલ્લેખો કરેલ છે તેને અનુમોદન આપી, આ સમાજના સ્વર્ગસ્થ શ્રેષ્ઠીઓને મારી હ્રદયપૂર્વકની શ્રદ્ધાંજલિ અર્પિત કરું છું.

આપણા પૂર્વ રાજયપાલશ્રી શ્રી સુંદરસિંહ ભંડારી ૧૯૨૧ના વર્ષમાં રાજસ્થાનના ઉદયપુરમાં ડૉકટર પરિવારમાં તેમનો જન્મ. એમ.એ., એલ.એલ.બી.નો અભ્યાસ અને થ્રુ આઉટ ફર્સ્ટ ક્લાસ કૅરિયર. અભ્યાસ બાદ ૧૯૪૨માં એક વર્ષ વકીલાત કરી. ત્યાર પછી ત્રણ વર્ષ શાળાના આચાર્યપદે કામ કર્યું. તેમનું સંપૂર્ણ જીવન માતૃભૂમિને સમર્પિત જીવન હતું અને તેથી જ ૧૯૪૬માં સંઘના પ્રચારક તરીકે તેમણે કામગીરી શરૂ કરી. ભારતીય જનસંઘના ૧૯૫૧ના સ્થાપનાકાળથી તેના સંગઠન માટે, તેના જતન માટે અને તેના ડેવલપમેન્ટ માટે થઈને પણ તેમણે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કર્યું. મને એક જ વિગત યાદ આવે છે કે જનસંઘના સમયમાં સમગ્ર દેશનો તેઓ સંગઠન માટે થઈને પ્રવાસ કરતા. આવા ગુજરાતના પ્રવાસ દરમ્યાન તેમને સાથ આપવા માટે થઈને મારે ગુજરાતમાં તેમની સાથે ફરવાનું થયું. તેમની પાસેથી ઘણું બધું શીખવાનું મળ્યું. દરેક શબ્દ-શબ્દ તેમાં ભારોભાર રાષ્ટ્રભાવના, ઉત્કટ રાષ્ટ્ર પ્રેમ. એવું નિરામય વ્યકિતત્વ. તે પછી રાજનીતિમાં કામ કરતું હોય , આવા વ્યકિતઓ જવલ્લે જ રાજનીતિમાં આવતા હોય છે. તેવું એક મહાન વ્યકિતત્વ હતું. રાજ્યસભામાં પણ ત્રણ વખત રહ્યા. દેશ માટે ઘણું સારું કોન્ટ્રીબ્યુશન તેમણે ત્યાંથી આપ્યું. બિહાર અને ત્યાર પછી ગુજરાતમાં પણ રાજ્યપાલ પદે રહીને શ્રેષ્ઠ સેવાઓ આપી છે. ૮૪ વર્ષના તેમના જીવનકાળ દરમ્યાન સમગ્ર જીવન પોતે અવિવાહિત રહીને પોતે જનમ્યા છે જ માતૃભૂમિ માટે તે રીતે કાર્યરત રહીને રાષ્ટ્ર સેવાનું જ્વલંત ઉદાહરણ પૂરું પાડ્યું છે. સદ્ગતના આત્માને શાંતિ તો મળી જ હોય, હું મારી શ્રદ્ધાંજલિ અર્પું છું.

આ ગૃહના પૂર્વ ધારાસભ્યશ્રીઓ જેઓ આ સમયગાળા દરમ્યાન અવસાન પામ્યા છે તેમને પણ મારી શ્રદ્ધાંજલિ અર્પિત કરું છું. તેમાં પણ વિશેષ પરિચય શ્રી ભગવાનદાસ મામા સાથે હતો. એ વ્યકિતત્વ એવું નિખાલસ અને એટલું સુંદર હતું કે રાજનીતિમાં આ પ્રકારના વ્યકિતત્વને આપણે જોઈએ છીએ. આપણા પૈકી કેટલાક લોકો એવા છે કે આપણને એમના પ્રત્યે માન ઉપજે છે. હજુપણ આ સમાજમાં આવા જન પ્રતિનિધિઓ આટલી સારી કામગીરી કરી રહ્યા છે. આ સર્વે દિવંગત આત્માઓને હું મારી શ્રદ્ધાંજલિ આપું છું વંદન કરું છું.

**શ્રી હરજીવન હી. પટેલ (ભા.જ.પ.)**: માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા જે શોકદર્શક ઉલ્લેખ લાવ્યા છે અને તેમને વિરોધપક્ષના નેતાશ્રીએ અનુમોદન આપ્યું છે એમને હું મારું અનુમોદન આપું છું.

ગુજરાત રાજયના પૂર્વ રાજયપાલશ્રી સુંદરસિંહજી ભંડારી સાથે સંગઠનમાં મને કામ કરવાનો ઘણો મોકો મળ્યો. એ જ્યારે રાજ્યપાલ તરીકે હતા ત્યારે એ તેમના બંગલાના રીનોવેશનનું કામ ચાલતું હતું. એ વખતે તે વિભાગ મારી પાસે હતો એટલે મેં કહ્યું કે, આપ બાજુમાં રહો, થોડોક સુધારો કરવાનો છે. તો એમણે કહ્યું કે, મેરે અકેલે કે લીયે એ કયા જરૂરત હૈ, ઈસકી કોઈ આવશ્યકતા નહીં હૈ. જો ભી હોગા ઈસસે ચલેગા. આવી એમની ભાવના. આમાં કોઈ સુધારો નહીં કરો તો પણ ચાલે. આવી રીતના નિરાભીમાની અને જ્યારે રીનોવેશન થયા પછી ત્યાં કળશ મૂકવા માટે ગયા ત્યારે એમણે કહ્યું કે, તમારી સુપુત્રી છે એમના હાથે કળશ મુકાય. અને જે વખતે

રાજ્યપાલ પદેથી ગયા પછી દિલ્હીમાં ગયા ત્યારે એક વખતે દિલ્હીમાં એમના નિવાસસ્થાને મળવાનું થયું ત્યારે એમની સાથે વાતચીત થઈ કે, અભી બસ નિવૃત્ત જીવન હૈ, કોઈ તકલીફ નહીં હૈ, સબ ઠીક હૈ. કહેવાનું તાત્પર્ય એ છે કે, જે નિરાભીમાની વ્યકિતત્વ હતું કે આપણે આવી કલ્પના પણ ન આવે કે આટલા સારા ઉચ્ચ સ્થાને બેઠેલા હોવા છતાં કોઈપણ નાનામાં નાનો માણસ એમના નિવાસસ્થાને મળવા જઈ શકતો હતો.

બાકીના જે ૮ ધારાસભ્યો કે જેમના શોકદર્શક ઉલ્લેખ લાવ્યા છે એમાં ૩ ધારાસભ્યો તો બનાસકાંઠા જિલ્લા છે અને મોતીભાઈ ચૌધરી તો સંસદસભ્ય તરીકે બનાસકાંઠા જિલ્લામાંથી ચૂંટાઈ આવેલ હતા. આમાં મનસુખભાઈ દવે, મને યાદ છે કે, એક વખત બનાસકાંઠા જિલ્લાની અંદર ૧૯૬૨ની સાલમાં કોમીનલ દંગો થયો ત્યારે એ જિલ્લા હોમગાર્ડની જવાબદારી સંભાળતા હતા. એમને ખબર પડી કે, સામસામે હિન્દુ-મુસ્લિમો આવી ગયા છે ત્યારે એ પોતે એ જ વખતે ત્વરિત ડ્રેસ પહેરીને ઘોડા ઉપર સવાર થઈને બન્ને લોકોની વચ્ચે આવીને સુલેહ-શાંતિ માટે એ દિવસે એમણે જે કામ કર્યું છે એ અભિનંદનને પાત્ર ગણાય.

મોતીભાઈ ચૌધરી જોડે પણ એ ડેરીના ચેરમેન તરીકે હતા ત્યારે એમની સાથે બેસવાનો મોકો મળ્યો. બનાસકાંઠામાંથી સંસદસભ્ય તરીકે ચૂંટાઈને ગયા ત્યારે પણ એમની સાથે બેસવાનો મોકો મળેલો. ભગવાનદાસ અમીન મામા સાથે પણ અમદાવાદમાં સંગઠનમાં એમની સાથે બેસવાનો મોકો મળેલો. એ બહુ સરસ સ્વભાવના, દાઢીધારી મામા તરીકે હરહંમેશ પ્રખ્યાત હતા. આનંદલાલ ચી. મહેતા પાલનપુરના ધારાસભ્ય તરીકે ડમી ઉમેદવાર તરીકે જ્યારે એમણે ફૉર્મ ભરેલ હતું ત્યારે મુખ્ય ઉમેદવારનું ફૉર્મ રદ થયા પછી એ ચૂંટણી લડ્યા અને જીત્યા. આનંદલાલ મહેતા બહુ સરળ સ્વભાવના, નિરાભીમાની વ્યકિત હતા. એમની સાથે રહેવાનો ઘણો મોકો મળ્યો. અશોકભાઈ ડાભી છનીયાણાના વતની હતા, એક દલિત સમાજમાં જન્મ્યા હોવા છતાં એટલા નિખાલસ સ્વભાવવાળા કે, એમની જોડે કામ કરવાનો મોકો મળ્યો. ચાર-ચાર વ્યકિતઓ બનાસકાંઠા જિલ્લામાંથી ચૂંટાઈને આવી છે અને બાકીના જે ધારાસભ્યશ્રીઓ ભગવાનદાસ અમીન, રામજીભાઈ ચૌધરી તથા ગંગાબેન વગેરે સૌને આપણે સૌ આપ દ્વારા શ્રદ્ધાંજલિ આપીએ. સદ્‌ગતોના આત્માઓને પરમાત્મા શાંતિ આપે,એમના પરિવારજનોને સંદેશો પહોંચાડીએ.

**શ્રી ભરતભાઈ પંડયા (ભા.જ.પ.)** :માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવ લાવ્યા છે અને વિરોધપક્ષના નેતાએ જેને અનુમોદન આપ્યું છે એને હું હ્દયપૂર્વકની શ્રદ્ધાંજલિ વ્યક્ત કરું છું. પૂર્વ રાજયપાલશ્રી આદરણીય સુંદરસિંહજી અને બીજા ૮ સદસ્યશ્રીઓને કે જે સમાજ જીવનના વ્યકિતત્વો છે એમને હું હ્દયપૂર્વકની શ્રદ્ધાંજલિ આપું છું. ખાસકરીને ભંડારીજી એમની સાથેનો એક પરિચય, નાતો અને એમના જીવન સાથેના અનેક પ્રેરક પ્રસંગો અત્યારે પણ બળ પૂરું પાડે છે. મને યાદ છે કે ૧-૧-૮૮ના રોજ જ્યારે પૂર્ણ સમયના કાર્યકર્તા તરીકે કાર્યાલયમાં હું કામ કરતો હતો એ વખતે ભંડારીજી રાષ્ટ્રીય મહામંત્રી હતા અને એમની સાથે અનેક વખત પ્રશ્નોત્તરી પૂછવાનું થતું હતું.

**સભાપતિશ્રી** : માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે જ્યારે શોક દર્શક ઉલ્લેખો ચાલતા હોય ત્યારે કોઈ સભ્યશ્રી બહાર ન જાય..પ્લીઝ..

**શ્રી ભરતભાઈ પંડયા** : ભંડારીજીને હું જ્યારે એક નાનકડા કાર્યકર તરીકે કે પ્રબંધક તરીકે રેલ્વે સ્ટેશને મૂકવા જતો હોઉ કે એરપોર્ટ ઉપર મૂકવા જતો હોઉ કે કયાંક બેઠકમાં લેવા જતો હોઉં એ વખતે જે એમની વહેવારની કુશળતા અને કાર્યકર્તા સાથે કામ કરવાનો જે એમનો વહેવાર હતો એ જોઈને અનેક રીતે અમને પ્રોત્સાહન મળતું . આમ તો ભંડારીજી પોતાના કામ પ્રત્યે, શિસ્ત પ્રત્યે એટલા કઠોર હતા કે અમારી પાર્ટીમાં એમને હેડ માસ્ટર તરીકેનું બિરૂદ મળેલું અને એ જ્યારે બેઠક લેવા જાય ત્યારે ભલભલા કોઈપણ પ્રકારના, કોઈપણ કક્ષાના નેતા હોય એમને લેશન કરવાની ફરજિયાત ટેવ પડી જતી હતી અને એમની બેઠકમાં એ પ્રકારની શિસ્ત અને એ પ્રકારની કામગીરી જોવા મળતી અને તમામ કાર્યકર્તાને એક પ્રકારની લેશન કરાવવાની કામગીરી એ કરાવતા હતા. ગવર્નર હતા એ વખતે પણ આપણને સૌને ખબર છે કે પોતાની ધોતી એ પોતે ધોતા આવું સાદું સરળ જીવન. ૧૯૫૧માં જનસંઘની સ્થાપના થઈ ત્યારે આર.એસ.એસ.માંથી જે ચાર-પાંચ પ્રકારના મુખ્ય કાર્યકર્તાઓને જે કામ કરવા રાજકીય જીવનમાં મોકલવામાં આવ્યા એમાંના ભંડારીજી એક હતા. અમારું જે સંવિધાન છે એમાં પણ સમયસર જ્યારે પણ જરૂર પડે ત્યારે સંવિધાનના એક સંશોધનાત્મક તરીકે એમની કામગીરી પણ રહેતી. આ ઉપરાંત નીતિ નિર્ધારક તરીકે ભારતીય જનતા પાર્ટીમાં અનેક વર્ષો સુધી સેવા આપી. જનસંઘમાં સેવા આપી. રાજસ્થાનના જનસંઘના મહામંત્રીથી માંડીને પંડિત દિન દયાળજીનું જ્યારે અવસાન થયું એના પછી એ સમયના રાષ્ટ્રીય મહામંત્રી બન્યા,સંગઠનના ક્ષેત્રે અનેક નાની મોટી જવાબદારી ઉપાડી, રાજય સભાથી માંડીને ગવર્નર સુધીની પણ એમણે જવાબદારી ઉપાડી, પોતાના વિચારોની મકકમતા, પોતાનું સાદગીભર્યુ જીવન અને તમામ લોકોને સાથે રાખીને પ્રેમભર્યો જે એમનો વર્તાવ હતો એ આજે પણ અમને સૌને યાદ રહેશે.

ભંડારીજીના જીવનમાંથી પ્રેરણા લઈને અનેક કાર્યકર્તાઓ આજે પણ ગૃહમાં બેઠા છે તે એમના જીવનમાં કામ કરે છે. ભંડારીજીને હું હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ અર્પું છું અને સાથે સાથે જે ૮ સદસ્યો છે એમને હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ અર્પુ છું અને આપના દ્વારા સૌ સદસ્યશ્રીઓના પરિવારને દિલસોજીનો સંદેશો પાઠવું છું.

**દોલતરાય ના. દેસાઈ (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી , માનનીય મુખ્યમંત્રીશ્રી પૂર્વ રાજયપાલ અને પૂર્વ ધારાસભ્યશ્રીઓ માટે જે શોક દર્શક ઠરાવ લઈને આવ્યા છે અને વિરોધ પક્ષના નેતાશ્રીએ જેને ટેકો આપ્યો છે એને અનુમોદન આપવા ઉપસ્થિત થયો છું.

ખાસ કરીને જેની નજદીક રહીને કામ કરવાનો મને મોકો મળ્યો છે એવા કીકુભાઈ નાયક કે જે ગાંધીજીના આદર્શને નખશિખ પાળતા હતા અને ગાંધીજીના આદર્શને પાળતા હતા એટલે અમારે ત્યાં એમને બીજા ગાંધી તરીકે ઓળખતા હતા અને ગાંધીજીની જે કોઈ પ્રવૃત્તિ હતી એ પોતાની આગવી રીતે અમારા વિસ્તારમાં નિભાવી છે. એમાં ખાસ કરીને પ્રવૃત્તિ જે કે સમાજના તરછોડાયેલા એવા બહેરા મૂંગાના ઉત્થાન માટે એમણે બહેરા મૂંગાની સંસ્થા કછોલીમાં સ્થાપી અને એ સંસ્થાએ એવી સરસ પ્રગતિ કરી કે દરેક ક્ષેત્રે, શિક્ષણ ક્ષેત્રે કહો, રમત ક્ષેત્રે કહો, ભારતભરમાં એમનું નામ રોશન કર્યુ અને એના લીધે એને રાષ્ટ્રીય એવોર્ડ અને રાજયના અનેક એવોર્ડોથી નવાજવામાં આવ્યા. એમાં ખાસ કરીને ગાંધીજીનો આદર્શ વ્યસન મુકિતનો એમને ૧૦૦મું વર્ષ જ્યારે બેઠું ત્યારે એમણે આખું વર્ષ વ્યસનમુકિત ઉજવણીમાં જ કાઢયું. આવા આદર્શ વ્યકિત મને લાગે છે કે આજે કોઈ જોવાના મળે એવું નથી લાગતું. આ રીતે અનેક પ્રવૃત્તિઓ પછી સ્ત્રીઓના છાત્રાલયોની પ્રવૃત્તિ, આદિવાસી છાત્રાલયની પ્રવૃત્તિ, આદિવાસીના કોઈપણ જાતના કામ અને એમના ઉત્થાન માટે એમણે એમની આખી જિંદગી આ ક્ષેત્રે પસાર કરી છે. એવા કીકુભાઈ અમારી વચ્ચેથી ચાલ્યા ગયા છે. એની જબરજસ્ત ખોટ અમારા વિસ્તારને લાગશે જ. પણ મને લાગે છે કે વ્યસન મુકિતનો કાર્યક્રમ જે રીતે ચાલે છે. એના કરતા અધિક રીતે તેઓ ચલાવતા હતા. ત્યારે વ્યસન મુકત કરવા માટેના તેમના પ્રયત્નો અને એ માટેના એમના આદર્શોને અનુસરીને વ્યસન મુકિત માટે મંડી પડીએ એ જ એમની સાચી શ્રધ્ધાંજલિ થશે. અન્ય પૂર્વ ધારાસભ્યશ્રીઓના પણ અવસાન થયેલ છે. એમના આત્માને ઈશ્વર શાંતિ આપે એ માટે પ્રાર્થના કરું છું.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક ઠરાવ લઈને આવ્યા છે અને વિરોધ પક્ષના નેતાએ અનુમોદન આપ્યું છે તેમાં હું મારો સૂર પુરાવું છું અને બધાને શ્રધ્ધાંજલિ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને પૂર્વ રાજયપાલ અને મુરબ્બીશ્રી ભંડારીજી એક આદર્શ પુરુષ હતા. અમારે ત્યાં ડીસામાં એક કાર્યક્રમ હતો એમાં આવ્યા હતા. એમની સાથે બેસીને જે એમના વકતવ્યમાંથી પ્રેરણા લેવામાં આવી હતી એ ખરેખર વંદનીય અને આદર્શ પુરુષ હતા. એમાં કોઈ શંકા નથી. એવા પુરુષના જવાથી સમગ્ર રાજય અને દેશને પણ ખોટ પડી છે. સાથોસાથ આ ગૃહના સભ્યશ્રીઓમાં બનાસકાંઠાના મનસુખભાઈ દવે, જે અમારા જિલ્લાના એક અગ્રેસર વડીલ અને સ્વાતંત્ર્ય સેનાની હતા તેમજ તમામ હિન્દુ દેવસ્થાનોના આજીવન ટ્રસ્ટી હતા. એમણે સદાય લોકોની અંદર દરેક જુદા જુદા ધર્મના લોકોની ભાવના એક રહે, એકતા રહે એવું એમનું કાર્ય હતું. લાંબા વર્ષો સુધી હોમગાર્ડની સેવા આપીને લોકોમાં ઘણા યુવાનોને પ્રેરણા આપી હતી. એમના જવાથી ખાસ કરીને બનાસકાંઠામાં મોટી ખોટ પડી છે.

આનંદલાલ મહેતા એ પણ એક ઉમદા પુરુષ હતા. તેમણે કાયમ શિક્ષણ ક્ષેત્રે અને જિલ્લાનું શિક્ષણ વધુને વધુ આગળ જાય એવો પ્રયાસ કર્યો હતો. એમના જવાથી અમારે ત્યાં ઘણી ખોટ પડી છે. સાથોસાથ મોતીભાઈ ચૌદ ારી, મહેસાણાના હતા પણ બનાસકાંઠામાં પણ એક ખેડૂતના પ્રેમથી સહકારી આગેવાનો અને સહકારી માળખાને કાયમ સાચવી અને જીવંત રાખવાવાળા મોતીભાઈ ચૌધરીની ખૂબ ખોટ પડી છે. ઉત્તર ગુજરાતના ખેડૂતો માટેના એક મહાન વ્યકિત હતા. એમના જવાથી ખેડૂતોને અને સહકારમાં મોટી ખોટ પડી છે. ગંગાબેન વાઘેલા જે ગરીબ સફાઈ કામદાર હોઈ, કે કોઈપણ પ્રકારનો ગરીબ માણસ હોય એને મદદરૂપ થવું, એમને લાભ અપાવવો એ એમના જીવનનું કાર્ય હતું. એમના જવાથી ગરીબ લોકો માટે એક મોટી ખોટ પડી છે. આ બધા જ મહાનુભાવો એક સારા સજ્જન અને આ ગૃહમાં એમણે બધાએ ભાગ લીધેલ છે. એવા બધાને શ્રધ્ધાંજલિ આપું છું. સાથોસાથ અશોકભાઈ ડાભી જે વડનગરના ધારાસભ્ય હતા, પછાત સમાજમાંથી આવતા હતા પરંતુ કાયમ માટે તમામ સમાજો સાથે રહીને એક સારામાં સારા ધારાસભ્ય અને આગેવાન તરીકે બનાસકાંઠામાં એમણે પણ નામના મેળવી હતી. એમના જવાથી અમારા ગરીબ લોકોને ખોટ પડી છે. આ બધા મહાનુભાવોને હું મારી શ્રધ્ધાંજલિ આપું છું.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ(ભા.રા.કો.)**: માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જયારે શોક પ્રસ્તાવ લઈને આવ્યા છે અને વિરોધ પક્ષના નેતાશ્રીએ જયારે એને અનુમોદન આપ્યું છે તેમાં મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા પૂર્વ રાજયપાલ શ્રી ભંડારી સાહેબનું જીવન આપણે સૌ જાણીએ છીએ. સમાજ જીવન માટે સમર્પિત જીવન કેવું હોઈ શકે તેનું ઉત્તમ ઉદાહરણ ભંડારી સાહેબના જીવનમાંથી આપણને મળે છે. ગુજરાતના જાહેર જીવનમાં રાજયપાલ તરીકે એમણે જે કામગીરી બજાવી અને આપણી વચ્ચે વર્ષો સુધી રહ્યા, આપણે સૌ એમના કામને જાણીએ છીએ. એમના આત્માને પરમ શાંતિ મળે એવી ઈશ્વરને પ્રાર્થના કરું છું.

વિધાનસભાના પૂર્વ સભ્યો, ખાસ કરીને કીકુભાઈ નાયક,મહાત્મા ગાંધીની વિચારધારા પ્રમાણે જે લોકોએ આ જાહેર જીવનમાં કામની શરૂઆત કરી છે, એટલું જ નહિ, એમની યુવાનીની અવસ્થામાં એક સેવાદળના કામથી એમણે શરૂઆત કરેલી અને મહાત્મા ગાંધીએ રચનાત્મક કામનો સંદેશો આપ્યો. આ રચનાત્મક કામ ગામડામાં બેસીને કેવું થઈ શકે અને કેવા કેવા લોકોને કેવી રીતે ઉપયોગી થઈ શકાય તેનું કેન્દ્ર જોવું હોય તો આપણે કીકાભાઈનું કસોલી જોવું પડે. એ રીતે કીકુભાઈએ એમનું સમગ્ર જીવન એ વિસ્તારના લોકો માટે ખર્ચ્યુ.

બનાસકાંઠામાંથી મનસુખભાઈ દવે, આનંદલાલ મહેતા, અશોકભાઈ એ બધાના પરિચયમાં આવવાનો અનેક વખત મોકો મળ્યો છે. બનાસકાંઠા જેવા પછાત પ્રદેશમાં એ સમયે એમની શકિત-ભકિત પ્રમાણે એમણે લોકોસેવાનાં બહુ સારાં કામો કર્યા છે. અમારા જ વિસ્તારમાંથી ભગવાનદાસ મામા, એમને કોઈ નામથી બોલાવે જ નહિ, મામા તરીકે ઓળખાય. યુવાનો, બાળકો અને ગામ લોકોના એ ખૂબજ પ્રિયપાત્ર હતા. એમના વિસ્તારમાં કોઈપણ નાનું-મોટું કામ હોય ત્યાં પહોંચી જાય. એમાં મદદરૂપ થવાનું, ઉપયોગી થવાય, જરૂર પડે તો ૫-૨૫ રૂપિયા પોતાના ખિસ્સામાંથી ખર્ચીને પણ એ વિસ્તારને કેમ ઉપયોગી થવાય એવું પ્રભુદાસ ભાઈનું જીવન. અમારા જ વિસ્તારમાંથી ચૂંટાયેલા હતા. સમગ્ર જીવન એમણે લોકસેવા પાછળ ખર્ચ્યુ.

રામજીભાઈ ચૌધરી આદિવાસી વિસ્તારમાં જુગતરામભાઈ અને મહાત્મા ગાંધીની અસરથી જે લોકો તૈયાર થયા એમાંના રામજીભાઈ એક હતા. રામજીભાઈએ પણ એ વિસ્તારમાં આદિવાસીઓની સેવાનું ઘણું બધું કામ કર્યુ હતું.

મોતીભાઈ ચૌધરીને આપણે બધા આ ગૃહમાં બેઠેલા લગભગ લોકો એમને જાણીએ છીએ. એશિયાની મોટામાં મોટી દૂધસાગર ડેરી, એની સ્થાપનાથી માંડીને પોતે આજીવન ૩૨-૩૩ વર્ષથી એ ડેરીના ચેરમેન રહ્યાં. આવડી મોટી ડેરીનો વિસ્તાર ૧૧૦૦-૧૨૦૦ ગામોમાં પથરાયેલાનું પ્રતિનિધિત્વ અને મહેસાણા જેવો ભાતીગળ જિલ્લો અને રાજકીય રીતે પણ ઘણો જાગૃત જિલ્લો અને ૩૨-૩૩ વર્ષ સુધી એ બિનહરિફ ચેરમેન તરીકે રહ્યા. એક બહુ મોટી સિદ્ધિ હિન્દુસ્તાનના ઈતિહાસમાં "ના ભૂતો, ના ભવિષ્યતે" સહકારી ક્ષેત્રમાં આટલા વર્ષો સુધી એ ચેરમેન તરીકે રહીને ખેડૂતોની મોટી સેવા કરવાનું કામ મોતીભાઈએ કરેલું.

વિદ્યાર્થી અવસ્થાથી પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે પોતાના જીવનની શરૂઆત કરેલી. આઝાદીની ચળવળમાં એમણે ભાગ લીધેલો. એટલું જ નહિ, ઉત્તર ગુજરાતમાં એ સમયે સેવાદળની જે પ્રવૃત્તિ પાંગરી એના મૂળ પાયામાં મોતીભાઈ ચૌધરી હતા અને મોતીભાઈ, એ સમયે એમ કહી શકાય કે કોઈ યુનિવર્સિટીએ કામ ના કર્યુ એવું સેવાદળ દ્વારા મોતીભાઈએ કામ કર્યુ હતું. સેવાદળમાં આઝાદી આવતા વીસનગરમાં કોલેજની શરૂઆત થઈ ત્યારે જુદી જુદી કોમના લોકોના છાત્રાલયો શરૂ થયા, પણ પછાતવર્ગના યુવાન છોકરાઓને રહેવાની કોઈ સગવડ નહોતી ત્યારે ૧૯૪૭-૪૮માં સેવાદળ છાત્રાલયની વીસનગરમાં શરૂઆત કરીને જિલ્લાના યુવાનોને ભણવાનો એક મોકો પણ મોતીભાઈએ આપ્યો હતો. આવા એક લોકસેવક અને એમનું શૈક્ષણિક જીવન પણ ગ્રામભારતી જેવી એક રાષ્ટ્રીય સંસ્થાનું નિર્માણ કરીને પછાતવર્ગો માટે એમને આજીવન જે કામ કર્યુ એ પણ બેનમૂન હતું. તેઓ અનેક એવોર્ડથી વિભૂતિત થયેલા, એટલું જ નહિ મહેસાણા જિલ્લામાંથી એ ધારાસભામાં ચૂંટાઈને મંત્રી થયા અને બનાસકાંઠા-મહેસાણા એ બંને જિલ્લાના વિસ્તારમાંથી પાર્લામેન્ટમાં પણ ચૂંટાયા, આવું એક સબળ નેતૃત્વ મોતીભાઈ રામજીભાઈ ચૌધરીનું જાહેર જીવન આપણા સૌ માટે એક ઉદાહરણરૂપ હતું.

ગંગાબહેનને એક સ્ત્રી કાર્યકર્તા તરીકે આપણે સૌ જાણીએ છીએ. બહુ જાગૃત, બોલકા અને રજૂઆત કરનાર બહેન આપણી વચ્ચેથી ગયા, એમના આત્માને પરમ શાંતિ મળે, આપના દ્વારા એમના કુટુંબીજનોને દિલસોજી મળે એમાં હું પણ મારો સૂર પુરાવીને વિરમું છું.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક પ્રસ્તાવ, ઠરાવ લઈને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સુંદરસિંહજી, એ માતૃભૂમિ માટે એક એવું પુષ્પ હતું કે, એમણે સારું જીવન આ દેશ માટે સમર્પિત કર્યુ અને તે એક એવી શૃંખલાના હતા કે જેમણે પોતાનું તન-મન સર્વસ્વ આ દેશ માટે, દેશના લોકો માટે સમર્પિત કર્યુ હોય, માનનીય અધ્યક્ષશ્રી, તેમના ગુણો, તેમનું જીવન, તેમના જીવનની સાદગી આ બધું અનેક આવનારી પેઢીના જાહેર જીવનના કાર્યકર્તાઓ માટે પ્રેરણા રૂપ છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેમની સાથે અમારા બનાસકાંઠા અને પાટણ જિલ્લાના માનનીય સ્વ.શ્રી ભગવાનદાસ "મામા", સ્વ.શ્રી મનસુખલાલ દવે, સ્વ.શ્રી આનંદલાલ મહેતા, સ્વ.શ્રી અશોકભાઈ ડાભી અને સ્વ.શ્રી મોતીભાઈ ચૌધ ારી, એમની સાથે જે અત્યારે હાલ વિધાનસભાના ગૃહમાં અહીંયા આપણે જેમની શ્રદ્ધાંજલિની વાત કરીએ છીએ એ તમામ સદસ્યશ્રીઓને જેઓ એક વખત આ વિધાનસભા ગૃહમાં બેસતા હતા એવા, અત્યારે પૂર્વ કહેતાં આપણને દુ:ખ થાય એવા તમામ આત્માઓને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મામા એ મારા પાટણ જિલ્લાના, થોડો નાનો હું હતો ત્યારે પૂજ્ય રવિશંકર મહારાજની સાથે મારા બાપુજીના ઘરે, અમે ગામડામાં રહીએ છીએ ત્યાં ડેલામાં આવતા હતા અને એ સમયે મેં પણ એમની ઉંમર, શકિત બાકીનું બધું વ્યકિતત્વ જોઈએતો ખૂબ સરસ ત્યારે પણ મહાત્મા જ લાગે, પરંતુ તેમનું જીવન

સતત પહેલેથી જ બીજા માટે હતું. છેલ્લે જિલ્લાનો પાર્ટી પ્રમુખ હું બન્યો એ સમયે પણ જ્યારે એમને વંદન કરવા ગયો ત્યારે પણ, એમની વાત બહુ નાના નાના માણસો માટેની ચિંતા કરવાવાળા માણસ હતા. અમારા પાટણ જિલ્લાના એક સમાજ સુધારક અને બધાને પ્રેરણા આપે એવા નેતા ગુમાવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મોતીકાકા માટે બાકી વાતો અહીંયા થઈ, એક વાત વિશેષ તો એ રહી કે મહેસાણા જિલ્લો અને એમાં તમામ દૂધ મંડળીના મિત્રો એક સાથે મળીને એવું નક્કી કર્યુ કે, આપણે બધા મોતીકાકાએ આટલા વર્ષો સુધી જે કામ કર્યુ છે,યોગદાન આપ્યું છે તો એમને કાંઈક આપણે અર્પણ કરીએ અને એક દિવસના દૂધના જે પૈસા થાય એ આખા જિલ્લાની તમામ મંડળીઓ ભેગા થઈ, તમામ દૂધ ભરાવનારા ગ્રાહકો, મોતીભાઈને થેલી અર્પણ કરી, બાકી બધાને લાગતું હતું કે હવે આમાંથી મોતીભાઈ શું કરશે? અને ત્યારે મોતીભાઈએ એમનું જે ફાઉન્ડેશન બન્યું છે એમાં બધાને એક ફંડ આપ્યું અને કહ્યું કે, ઉત્તર ગુજરાતમાં પાણીની જે સમસ્યા છે, પાણીના તળ જે નીચે ચાલ્યા ગયા છે તો વોટર રિચાર્જીંગ માટે, વરસાદનું પાણી રોકવા માટે આમાંથી જે.સી.બી. મશીન લાવો અને આ પાણી રોકવા માટે કામ કરો અને અત્યારે પણ એ સંસ્થા કામ કરી રહી છે એક દીર્ઘદૃષ્ટા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રી અને આ ગૃહના પૂર્વ સદસ્યશ્રીઓને મારી હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ આપું છું.

**શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્ય મંત્રીશ્રી જે આઠ જેટલા આ ગૃહના અને મુંબઇ રાજયના ભૂતપૂર્વ સદસ્યશ્રીઓ અને માનનીય પૂર્વ રાજ્યપાલ અંગે જે શોક ઠરાવ લઈને આવ્યા છે અને વિરોધપક્ષના નેતાએ જેમાં સૂર પૂરાવ્યો છે કે અનુમોદન આપ્યું છે એમાં હું પણ મારી શોકની લાગણી વ્યક્ત કરું છું.

આમાંથી બધાની સાથે તો નહીં પરંતુ પૂર્વ રાજ્યપાલ માનનીય ભંડારીજી સાથે મને પણ થોડો ઘણો કામ કરવાનો મોકો મળ્યો છે, સંગઠનની બે-ચાર મિટિંગોમાં જવાનો મને જે મોકો મળ્યો છે અને એમાંથી જે કાંઈ શીખવાનું મળ્યું છે આજે પણ તાદ્રશ્ય યાદ રહે છે. રાષ્ટ્ર ભકિત માટે કેવું કામ કરવું જોઈએ, "વ્યકિત જેવો અંદર છે તેવો બહાર પણ હોવો જોઈએ", આ સંદેશને એ જે લોકો સમક્ષ નહીં પહોંચાડી શકે અને માત્ર જો દંભ કરશે તો સમાજમાં એ નહીં જીવી શકે. આવા વાકયો ભંડારીજીનાં હતાં. આવી વ્યકિત સાથે જેને કામ કરવાનો મોકો મળ્યો હોય , એમાંથી આચમનરૂપે જેણે કાંઈક ગ્રહણ કર્યું હશે એમનું જીવન ધન્ય હશે. એમને શ્રદ્ધાંજલિ આપવાનો મોકો મળે તો ચૂકવો ન જોઈએ. હું હૃદયપૂર્વક શોકની લાગણી વ્યકત કરું છું.

બાકીના ૮ જેટલા પૂર્વ સદસ્યશ્રીમાંથી મુરબ્બી મોતીકાકા અમારા ચૌધરી સમાજમાંથી આવતા હતા માણસા, જુના વિજાપુર તાલુકાના માણેકપુર ગામના તેઓ વતની હતા. ગાંધીજીના આદર્શો સાંગોપાંગ એમણે જિંદગીમાં ઉતાર્યા હતા. માથે ગાંધી ટોપી, ધોતી, બંડી અને ખાદીના કપડા પહેરવા, શિક્ષક હોવા છતાં ખેતરમાંથી માથે ઘાસનો પૂળો, ઉત્તર ગુજરાતની ભાષામાં ચારનો ભારો લાવતા હતા પણ શરમાતા નહોતા. સ્વ. માનસિંહભાઈ દુધ સાગર ડેરીના ચેરમેન હતા એમનું અકાળે અવસાન થયું અને મોતીભાઈને ચેરમેન બનાવવામાં આવ્યા. દૂધ સાગર ડેરી એશિયાની મોટામાં મોટી ડેરી છે જેના ૩૪ વર્ષ સુધી બિનહરિફ ચેરમેન તરીકે રહીને માત્ર મહેસાણા જિલ્લામાં જ નહીં પરંતુ શ્વેતક્રાંતિ થઈ છે એ બધી જગ્યાએ નેતૃત્વ પૂરું પાડયું અને ખાસ બહેનોને આ જિલ્લામાં જેના ઘરે કાળી અને સદાય દુલારી ભેંસ રાખે છે. અમારી બહેનો ભેંસ રાખે છે. અભણ અને વિધવા બહેનોના ઘરે ૧-૨ ભેંસો રાખીને ૧-૨ વીઘા જમીન ઉપર એના છોકરા મોટા કરીને ભણાવે છે. એ દુધ સાગર ડેરીને આભારી છે, શ્વેતક્રાંતિને આભારી છે, આ માત્ર ખેડૂત કક્ષાએ કે દૂધ સાગર ડેરી કક્ષાએ કે શ્વેતક્રાંતિની કક્ષાએ જ નહીં પરંતુ પંચાયતથી માંડીને પાર્લામેન્ટ સુધી આ ગૃહમાં રહીને કામ કર્યા છે, કેળવણી અંગેના કામ પણ કર્યા છે. તેમણે અનેક ક્ષેત્રોમાં પોતાનુ જ્ઞાન આપ્યું છે એટલે મહેસાણાના મોતી તરીકે એમને નવાજવામાં આવેલા. અમારો સમાજ એમને બાપુ તરીકે એટલે મોતીબાપુ તરીકે ઓળખે છે. હું માનું છું કે કોઈપણ સમાજનો વ્યકિત, કોઈપણ સંગઠનનો વ્યકિત, કોઈપણ યુનિયનનો વ્યકિત આગેવાન દેખતો હોય, આંધળો ન હોય અને આગેવાનીપૂર્વક સારી રીતે સમાજને, સંગઠનને અને યુનિયનને આગળ લઈ જતો હોય અને સાચો ન્યાય અપાવી શકતો હોય એવી વ્યકિત મૃત્યુ પામે ત્યારે સમાજની અંદર શોકની લાગણી ફેલાતી હોય છે. સમાજની અંદર આગેવાનની ખોટ પણ પડે છે. હું માનવી માનવ થાઉ તો ઘણું કારણ કે મુઠ્ઠી ઉંચેરો માનવી કોઈક જ હોય છે. ઘણા જીવી જાય છે તો પણ કોઈ એમને યાદ કરતું નથી. ઘણા મરીને જીવે છે. મૃત્યુને પણ શરમાવે એવી રીતે જીવે છે અને લોકો યાદ કરતા હોય છે. આવા લોકોને મુઠ્ઠી ઉંચેરો માનવી કહેવાય. હું માનવી માનવ થાઉ તો ઘણું. આમ તો જાતસ્ય હી ધ્રુવં મૃત્યુ. જે જન્મે છે એને આવાગમનનો ફેરો નકકી જ હોય છે તો પણ આ હું કરું છું. મારું, મારું એમાં અટવાઈને વ્યકિત પોતાની જાતને કયાંક નીચી દેખાડતી હોય છે પણ ગૃહના મુઠ્ઠી ઉંચેરા માનવી ખાસ કરીને પૂર્વ રાજયપાલશ્રીને હું વંદન કરું છું. આ તમામ સ્વર્ગસ્થોના પરિવારજનોને મારા વતી શોકની લાગણી આપના દ્વારા પહોંચાડજો. અસ્તુ.

**અધ્યક્ષશ્રી** : આ ગૃહના નેતા જે શોક પ્રસ્તાવ લઈને આવ્યા છે અને વિરોધ પક્ષના નેતાશ્રી અર્જુનભાઈએ જેને અનુમોદન આપ્યું છે એમાં મારો સુર પુરાવું છું.

માનનીય રાજયપાલશ્રી સુંદરસિંહ ભંડારી અને શ્રી કીકુભાઈ, શ્રી મનસુખભાઈ, શ્રી મોતીભાઈ, શ્રી ભગવાનદાસ, શ્રી રામજીભાઈ, શ્રીમતી ગંગાબેન, શ્રી આનંદલાલ, શ્રી અશોકભાઈને શ્રદ્ધાંજલિ આપું છું અને મારો સૂર પુરાવું છું. આપણને કલ્પના પણ નહોતી કે ગુજરાતના રાજયપાલ જે આ ગૃહને સંબોધતા હતા એમને આપણે આ ટર્મમાં જ આ સત્રમાં જ શોકાંજલિ આપવી પડશે. અહીંયાં જ્યારે આવતા ત્યારે હજુ પણ ઘણાં કામ કરી શકશે, ઘણી સેવા કરી શકશે એવું લાગતું હતું, પણ અચાનક એમનું અવસાન થયું. અહીયા સરકારમાંથી મુકત થઈને એ દિલ્હીમાં ગયા. પોતાનું કુટુંબ નહોતું, પણ બીજી વ્યકિત સાથે રહેતા હતા. મને થયું લાવો મળી આવું. હું દિલ્હીમાં મળવા ગયો, તો દિલ્હીમાં એમણે ગુજરાતની વાતો કરી અને ગુજરાત પ્રગતિ કરે તેવી ભાવના વ્યકત કરી. એ આજે પણ મને યાદ આવે છે. મને લાગે છે કે આ ગૃહમાં બેઠેલા ઘણા બધા મિત્રો એમના સંપર્કમાં હતા અને એમના જ્ઞાનનો વારસો કેટલાકે મેળવ્યો છે, એ જ્ઞાન, વારસો આપણા માટે હંમેશા માર્ગદર્શક બની રહેશે. જેટલાં વર્ષો સુધી એ ગુજરાતમાં રાજ્યપાલ તરીકે રહ્યા, ત્યાં સુધી એક પણ પ્રસંગ એવો નથી કે જે વિવાદમાં સપડાયા હોય. બિન વિવાદાસ્પદ. શાસક પાર્ટી અને વિરોધ પક્ષ, બધાને સાથે રાખીને એ ચાલ્યા છે, એ બહુ અગત્યની વાત છે. કોઈપણ વ્યક્તિ જ્યારે મળવા માટે એમના બંગલે ગઈ છે ત્યારે તેઓ હંમેશા કંઈક મેળવીને આવી છે. એવું લાગે છે. વૈદ્યાનિક બાબતમાં એકદમ મને પણ કલ્પના નહોતી કે આટલું બધું જ્ઞાન એમની પાસે હશે. ક્યાંક ગૃહ બાબતે ધ્યાન દોરવાનું થાય તો મને બોલાવીને ધ્યાન દોરતા હતા. આ સંસદીય બાબત છે, એમાં પૂરી કાળજી લેવી જોઈએ. કોઈપણ રાજ્યપાલ આટલી કાળજી લેતા હોય તેવું ભાગ્યે જ બને એવા સુંદરસિંહ ભંડારીને શોકાંજલિ અર્પીને એમને વંદન કરીને મારી વાત પૂરી કરું છું.

બીજું, મોતીભાઈ છે. માણસ રાજકારણમાં હોય છે, સમાજસેવામાં હોય છે, શિક્ષણમાં હોય છે, પણ મોતીભાઈ એક અલગ વ્યકિત હતા, ભલે બીજી પાર્ટીમાં હોય, કોઈપણ પાર્ટીમાં હોય એ પાર્ટીથી પર બનીને કામ કરતા હતા. તમે કલ્પના કરો મહેસાણા જેવો જિલ્લો હોય દૂધ સાગર ડેરી હોય, વિશ્વની મોટામાં મોટી ડેરી હોય અને મહેસાણા જિલ્લો એટલે રાજકીય લેબોરેટરી છે. એ જિલ્લામાં દૂધ સાગર ડેરીના પ્રમુખ તરીકે ૩૪ વર્ષ સુધી એકધારા પ્રમુખ તરીકે ચૂંટાવું અને એ પણ બીનહરિફ. આ નાનીસૂની વાત નથી. ભવિષ્યમાં ભાગ્યેજ આ શકય બને અને ૩૪ વર્ષ સુધી માણસ વહીવટમાં રહે તો કયાંકને ક્યાંક કોઈ આક્ષેપ કરે, કોઈ દાગ લાગે, ૩૪ વર્ષન વહીવટમાં એક પણ દાગ નહિ, કોઈનો આક્ષેપ નહિ આવું જીવન જીવવું એ અઘરું છે, છતાં માણસ આવું જીવન જીવ્યા અને મારા વિસ્તારમાંથી હતા, એ વ્યકિત માટે ગૌરવ છે અને જે ગૌરવ મને થાય છે, એ ખરેખર તેઓ એ પ્રકારનું જીવન જીવ્યા એને પરિણામે છે.

માનનીય ભગવાનદાસ ચાણસ્મા તાલુકામાંથી આવતા હતા. અહીયા નરોત્તમભાઈએ વાત કરી. સ્ટેશન ઉપર જાય ત્યારે બધાને પૂછે શું તકલીફ છે, પણ એના કરતાં આગળ વધીને કહું તો જયારે ગુજરાતમાં ભારતીય જનસંઘની માત્ર ૩ સીટો હતી, એમાં ભગવાનદાસ હતા. એ ભગવાનદાસ માત્ર મામા તરીકે ઓળખાતા. કેમ કે લોકોના કામકાજ માટે ભગવાનદાસમાંથી મામા બન્યા હતા. અહીયા કહેવાનું મન થાય છે કે મહિલા કાર્યકર તરીકે ગંગાબેનનો સીધો પરિચય નહોતો. કોઈક વખત અહીયા એકસ-એમ.એલ.એ. કાઉન્સિલમાં આવતા, ત્યારે કોઈ કોઈ વાર મળવાનું થાય. જે પ્રકારે જુસ્સાથી અને એકદમ બુધ્ધિપૂર્વક વાત કરીને કામ કરતાં હતાં, તેનાથી આપણને ગૌરવ થાય. આ બધા મિત્રો આ ગૃહના સભ્યો હતા. બધાને વંદન કરી અહીયા જે શોકાંજલિ આપી છે, શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે, એમાં મારો સૂર પુરાવું છું અને મારી વાત પૂરી કરું છું. હવે આપણે આપણા સ્થાન ઉપર ઉભા થઈ બે મિનિટ મૌન પાળી સદગતોના આત્માને શાશ્વત શાંતિ મળે તે માટે પ્રાર્થના કરીએ.

( બે મિનિટ મૌન બાદ )

સૌ સભ્યો પોતાનું સ્થાન લે. સભાગૃહની આ લાગણી સદ્‌ગતોના કુટુંબીજનો તરફ મોકલી આપવામાં આવશે.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## સન ૨૦૦૩-૨૦૦૪નો ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમનો વાર્ષિક અહેવાલ

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત લઘ ુઉદ્યોગ નિગમ લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**મુંબઈ મોટર વાહન વેરા અન્વયેની અધિસૂચનાઓ**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગની -

(અ) સન ૧૯૫૮ના મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ અન્વયેની-

(૧) તા.૧૭/૩/૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક:જીજી/૨૦૦૫/૨૪/એમટીએ/૧૭૦૪/૪૧૦૮/ખ

(૨) તા.૭/૫/૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક:જીજી/૨૦૦૫/૪૭/એમટીએ/૧૨૨૦૦૫/૧૩૪૧/ખ

(બ) સન ૧૯૮૮ના મોટહ વાહન અધિનિયમ અન્વયેની-

(૧) તા.૨૪/૮/૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક:જીજી/૨૦૦૫/૬૭/એમવીઆર/૧૫૯૯/૧/ખ

(૨) તા.૨૫/૮/૨૦૦૫નીઅધિસૂચના ક્રમાંક:જીજી/૨૦૦૫/૬૮/એમવીઆર/૧૦૯૭/ઓડીઈ/૧૬/ખ

- સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

**૧૯૬૩ના ગુજરાત રાજય બાંહેધરી અધિનિયમ અન્વયેના પત્રકો**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૬૩ના ગુજરાત રાજય બાંહેધરી અધિનિયમ અન્વયે -

(ક) રાજય સરકારે સન ૨૦૦૪-૨૦૦૫ દરમિયાન આપેલ બાંહેધરીની વિગત દર્શાવતું પત્રક

(ખ) રાજય સરકાર દ્વારા બાંહેધરી આપવાના કારણે સન ૨૦૦૪-૨૦૦૫ના વર્ષ દરમિયાન રાજયના એકત્રિત ભંડોળમાંથી ચૂકવાયેલ રકમોની વિગત દર્શાવતું પત્રક.

(ગ) બાંહેધરી આપનારની રૂએ સરકારે ચૂકવેલ રકમ પૈકી સન ૨૦૦૪-૨૦૦૫ દરમિયાન જે તે સંસ્થાઓ/વ્યકિતઓએ ભરપાઈ કરેલ રકમની વિગત દર્શાવતું પત્રક

- સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**પત્રકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલાં અનુમતિ મળેલાં વિધેયકો**

**સચિવશ્રી:** માનનીય અધ્યક્ષશ્રી, હુંઅગિયારમી ગુજરાત વિધાનસભાના સાતમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાષ્ટ્રપતિશ્રી/રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક: ૫, ૯, ૧૩, ૧૭, ૧૯, ૨૦, ૨૩, ૨૬, ૨૭, ૨૯, ૧૦ અને ૨૫ ને વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલાં વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## સમિતિઓના ચૂંટણી કાર્યક્રમ અંગે

**અધ્યક્ષશ્રી** : અંદાજ સમિતિ પર બે, જાહેર હિસાબ સમિતિ પર ત્રણ, જાહેર સાહસો માટેની સમિતિ પર બે અને પંચાયતી રાજ સમિતિ ઉપર એક સભ્યશ્રીની ચૂંટણી માટે હું નીચે મુજબનો કાર્યક્રમ રજૂ કરું છું. નામ નિર્દેશન પત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ, સમય નીચે પ્રમાણે છે. તારીખ: ૧૪/૯/૨૦૦૫, સાંજના ૪:૩૦ વાગ્યા સુધી, નામ નિર્દેશનપત્રોની ચકાસણી કરવાની તારીખ, સમય અને સ્થળ : ગુરૂવાર તા.૧૫/૯/૨૦૦૫ ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યા સુધી નાયબ સચિવશ્રી મહેન્દ્રભાઈ પરમારની ચેમ્બરમાં. નામ નિર્દેશનપત્રો પાછાં ખેંચવાની છેલ્લી તારીખ અને સમય : શનિવાર તા.૧૭/૯/૨૦૦૫ સાંજના ૫.૦૦ વાગ્યા સુધી. મતદાન જો જરૂરી બને તો તારીખ સમય અને સ્થળ પાછળથી જાહેર કરવામાં આવશે. આ ચૂંટણી માટેના નામ નિર્દેશનપત્રો કામકાજના દિવસ અને સમય દરમ્યાન વિધાનસભાના મકાનમાં પહેલા માળે આવેલ સમિતિ શાખા-૧માંથી મળી શકશે. નેકસ્ટ.

**વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત**

**બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના દશમા અહેવાલની રજૂઆત**

**અધ્યક્ષશ્રી** : સમિતિના પ્રમુખશ્રી, સમિતિના પ્રમુખશ્રી હાજર ન હોય તો સમિતિના કોઈપણ સભ્યશ્રી, માનનીય અશોકભાઈ આપ મૂકો.

**શ્રી અશોક ભટ્ટ ( વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો દશમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

**શ્રી અશોક ભટ્ટ ( વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ બિનસરકારી.....

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## સમિતિના અહેવાલની રજૂઆત અંગે

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે કે જે સમિતિના સભ્ય ના હોય એ સિવાયના માનનીય અધ્યક્ષશ્રી, કોઈ સભ્ય છે કે જેમને એની જાણકારી પણ ન હોય એ અહેવાલ રજૂ કરી શકે નહીં.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, સંસંદીય બાબતોના જે મંત્રી હોય એ આખું સંસદીય જે કાર્યવાહી હોય એ તમામમાં ભાગ લઈ શકે અને એ રીતે થઈ શકે, ફક્ત પ્રોસીજર પ્રમાણે જ અહીંયાં મૂકવાની વાત હોય છે, એટલે માનનીય અર્જુનભાઈએ જે મુદ્દો ઉઠાવ્યો છે એ મુદ્દા સાથે સહમત થઈ શકાય એમ નથી.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ત્યાં એક પરંપરા રહી છે કે, બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનું જે કંઈ કાર્ય હોય છે એના માટે આપણે કોઈ વિવાદ ઊભા કરતા નથી. એનો એક દાખલો આપું, આપણે જ્યારે મતદાન રજૂ થતું હોય છે ત્યારે પણ એને મતદાન પર મૂકતા નથી, બિનસરકારી સભ્યોનો આપણો જે કાર્યક્રમ લાવતા હોઈએ છીએ ત્યારે કોઈકવાર એવું બની ગયું હોય કે એના કોઈ પ્રમુખશ્રી કે સભ્યશ્રી હાજર ના રહ્યા હોય તો મારો અધિકાર રહે છે કે સંસદીય બાબતોની અંદર આ સભાગૃહની અંદર આ સત્ર દરમિયાન જે કામકાજ લાવવું છે એ લાવવા માટેની સૌની એ જવાબદારી છે કારણ કે બિનસરકારી સભ્યો (અંતરાય) એટલે આપણે એ રોકવાનો પ્રયત્ન નથી થતો અને એટલા માટે હું વિનંતી કરું છું કે આ પ્રકારનો પૉઈન્ટ ઑફ ઑર્ડર રહેતો નથી અને મારો સંસદીય બાબતોમાં બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિની વાતનો કાર્યક્રમ એજન્ડામાં લાવવા માટે જે કાર્યવાહી છે એ રજૂ કરવાનો મારો અધિકાર છે અને એ રીતે હું રજૂ કરું છું.

**અધ્યક્ષશ્રી** : મારે ગૃહને સહેજ માહિતી આપવાની છે કે બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ છે, એને માત્ર બિનસરકારી કામકાજ માટે સમયની ફાળવણી કરવાની હોય છે, બીજી કોઈ કામગીરી હોતી નથી, એટલે એવા જે વિધેયકો હોય એ વિધેયકોને માત્ર સમય ફાળવવાનો હોય છે, બીજી કોઈ કામગીરી હોતી નથી, માટે એમાં વિવાદમાં પડીએ એ ઠીક નથી એવું મને લાગે છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે વિવાદ ઊભો નથી કરવો પણ પરંપરા છે અને હવે સમિતિના પ્રમુખશ્રી પણ આવી ગયા છે, એટલે હું પૉઈન્ટ ઑફ ઑર્ડર મૂવ પણ કરતો નથી, મારે એમાં વિવાદ પણ નથી કરવો, સમિતિના પ્રમુખ હાજર છે, તેઓ ગૃહમાં આવી ગયા છે એટલે હવે હું આગળ વધારવા માગતો નથી.

**અધ્યક્ષશ્રી** : ઓ. કે.

**બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ (ક્રમશ:)**

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો દશમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના દશમા અહેવાલ સાથે સહમત થાય.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

# સરકારી વિધેયકો

## દાખલ થયેલાં સરકારી વિધેયકો

### સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક ૩૦.
### મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત દ્વિતિય સુધારા) વિધેયક, ૨૦૦૫
### મુંબઈ વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, •રાજયપત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલ સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક ૩૦, સન ૨૦૦૫ના મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત દ્વિતિય સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલ સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક ૩૦, સન ૨૦૦૫ના મુંબઈ શુલ્ક (ગુજરાત દ્વિતિય સુધારા) વિધેયક ૨૦૦૫ના ગુજરાતી ભાષાંતરના પાના નં. ૨ ના સ્પષ્ટીકરણ (ખ)માં બીજી લીટી નીચે પ્રમાણે વાચવી, " ઉપર્યુકત રોકાણકારોની કુલ કિંમતના સંબંધમાં હોય એટલી કિંમતનું કોઈ ઔદ્યોગિક હેતુસર ભારતમાં અગાઉ" પાના નં. ૩ ઉપર કલમ ૪ માં પેટા કલમ ૨ ની ચોથી લીટી નીચે પ્રમાણે વાચવી, " એવો દંડ વાર્ષિક ૧૨ ટકાથી વધુ નહીં તેટલો આવી રકમ ઉપર ભરવા પણ જવાબદાર થશે અને વ્યાજ અને " પાના નં. ૩ ઉપર કલમ ૪ માં પેટા કલમ ૩ માં ચોથી તથા પાંચમી લીટી નીચે પ્રમાણે વાચવી, " હુકમથી નક્કી કરેલ તેવો દંડ વાર્ષિક ૧૨ ટકાથી વધુ નહીં એટલે એવી રકમ ઉપર ભરવા પણ જવાબદાર થશે અને વ્યાજ અને દંડ સાથેની રકમ દિવાની કોર્ટ મારફતે "

માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક ૩૦, સન ૨૦૦૫ના મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત દ્વિતિય સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો**

**શ્રી સૌરભ પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, ઈલેકિટ્રસિટી ડયુટી આ રાજયની બીજા નંબરની આવક છે. ૨૦૦૪-૨૦૦૫માં ૧૮૧૯ કરોડની આવક થઈ હતી, ૨૦૦૩-૨૦૦૪માં ૧૫૮૫ કરોડની આવક થઈ હતી. આ ૧૮૧૯ કરોડની આવકમાં ઉદ્યોગોનો ખૂબ મોટો ફાળો છે. એમાં એચ.ટી. અને એલ.ટી.માં ૮૨૩ અને કેપ્ટીવમાં ૧૪૬ કરોડ એમ કરીને કુલ ૯૬૯ કરોડની આવક તો ફકત ઉદ્યોગોમાંથી આવી છે. આ આવક સચવાઈ રહે અને આવતા દિવસોમાં સરલીકરણ આવે અને પારદર્શકતા આવે એના માટે આ બધા નાના નાના અગત્યના સુધારા લાવ્યા છીએ કે જેના કારણે કેપ્ટીવ પાવર જનરેશનમાં જે લુફોલ્સ છે એ આપણે પૂરા કરી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમાં કેપ્ટીવ જનરેશનમાં બે ટાઈપની ઈલેકિટ્રસિટી ડયુટીમાં માફી આપવામાં આવે છે. એક તો જયારે ઉદ્યોગ નવું સ્થાપવામાં આવે ત્યારે એને પહેલા પાંચ વર્ષ માટે માફી આપવામાં આવે છે અને બીજું જયારે એ કેપ્ટીવ યુનિટ નાંખે છે ત્યારે એને પાંચ વર્ષની માફી આપવામાં આવે છે. એટલે આના કારણે કુલ ૧૦ વર્ષની માફી ઉદ્યોગવાળા લઈ શકે છે. એટલે જયારે અત્યારે નવા દિવસોમાં ગેસનું ઉત્પાદન વધશે એટલે નવા નવા ઉદ્યોગો ગેસબૈઝ કેપ્ટીવ પાવરમાં જવાના છે એટલે એના માટે આપણે સુધારો એ લાવ્યા છીએ કે, ઉદ્યોગ જયારે આપણે ત્યાં નવું સ્થાપિત થાય ત્યારથી એને પાંચ વર્ષની એક સાથે માફી આપવામાં આવશે. એને કુલ પાંચ વર્ષથી વધારે માફી આપવામાં આવશે નહીં. એક એ સુધારો આ બિલમાં લાવ્યા છીએ.

બીજો સુધારો એ લાવ્યા છીએ કે, ઉદ્યોગમાં મશીનરી કોને કહેવાય? નવી મશીનરી હોય એને આપણે સંપૂર્ણપણે માફીમાં ગણીએ છીએ. પહેલા એવું હતું કે, જૂની મશીનરીને પણ ગણતા હતા એમાં રાજયની બહારથી જૂની મશીનરી આવે અને ઉદ્યોગ નાંખવામાં આવે તો એને પણ આપણે એની અંદર ગણતા હતા. એને કારણે એવું

---

• **આ વિધેયક તા.૭મી સપ્ટેમ્બર ૨૦૦૫ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.**

બનતું હતું કે, ગુજરાતના જૂના ઉદ્યોગો બંધ પડેલા હોય એ ઉદ્યોગો પાટિયા બદલીને નવા નામે ચાલુ કરતા હતા. મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ કે બીજા રાજયોમાંથી બિલ લાવી અને પાંચ વર્ષની માફી લેતા હતાં એટલે આ લુફોલ્સ પૂરવા માટે આપણે એવું નકકી કર્યું કે નવા ઉપર જ માફી આપવી.

**વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫**

**અધ્યક્ષશ્રી પ્રો. મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી :** ઑર્ડર, ઑર્ડર, માનનીય સૌરભભાઈ,

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વિધેયકના સુધારા વિશે વાત કરતો હતો. ઈલૅક્ટ્રીસીટી ડ્યૂટીનું એક્ઝમ્પ્શન પાંચ વર્ષ માટે નવા ઉદ્યોગને આપવામાં આવે છે. હવે નવા ઉદ્યોગની અંદર જ્યારે ઉદ્યોગની સ્થાપના કરવામાં આવે અને જૂની મશીનરીની સ્થાપના કરવામાં આવે અને જૂની મશીનરી જો ગુજરાત બહારથી લેવામાં આવતી હોય તો એને પણ આપણે એલીજીબલ યુનિટ તરીકે ગણવામાં આવતું હતું. હવે આપણે સુધારો એ લાવ્યા છીએ કે જે કોઈ નવું યુનિટ નાંખે એમાં જૂની મશીનરી ભારત દેશમાંથી ગમે ત્યાંથી આવે તો એને એલીજીબીલીટીમાં ગણવામાં આવશે નહિ, એ વિદેશથી લાવે તો જ એને એલીજીબલ યુનિટ ગણવામાં આવશે. આના કારણે ઘણા બધા ઉદ્યોગો જે બંધ પડેલ હતા એ જુદી રીતથી લાભ લઈ જતા હતા. ખોટાં લાભ લેતા હતા અને એને માટે આ લૂફોલ્સ પ્લગ ઈન કરવા માટે આ નવો સુધારો લાવ્યા છીએ.

બીજો એક સુધારો એ લાવ્યા છીએ કે પ્લાન્ટ, બિલ્ડીંગ, મશીનરીમાં ગણવાનું શું? જમીન, વહીકલ્સ શું આપણે ગણવાનું? એટલે બહુ સ્પેસિફિક સુધારો લાવ્યા છીએ કે, પ્લાન્ટ બિલ્ડીંગ અને મશીનરી આ ત્રણ જ આઈટેમ વેલ્યુએશનની અંદર ગણવામાં આવશે.

એક સુધારો ડિફરમેન્ટ ઑફ ઈલૅક્ટ્રીસીટી ડ્યૂટીમાં લાવ્યા છીએ. અત્યારે રિવાઈવલ ઑફ સીક યુનિટ માટે પાંચ વર્ષના ડિફરમેન્ટની સત્તા એક્ટ દ્વારા કરવામાં આવી છે. ઘણી વખત ઉદ્યોગો પાસેથી રજૂઆત થાય છે કે, અમને પાંચ વર્ષથી વધારે વર્ષ કરી આપો પચાસ ટકા પૈસા અમે અત્યારે પહેલાં ભરવા તૈયાર છીએ એટલે આના માટે અમે પચાસ ટકા પૈસા જે વ્યક્તિ પહેલાં ભરે એને સાત વર્ષ સુધી ડિફરમેન્ટમાં સુધારો આ એક્ટ દ્વારા આપણે કરવા માગીએ છીએ.

જે સેલ્ફ જનરેશન યુનિટ છે હવે આવતા દિવસોની અંદર ટૅક્નૉલૉજી ઘણી બધી બદલાઈ છે અને ગેસબેઝડ યુનિટો ઘણા બધા કૅપ્ટિવ જનરેશનની અંદર આવવા માંડ્યા છે. અત્યારની તારીખમાં પૉલિસી એવી છે કે, ૧૨૫ કે.વી.એ. સુધી આપણે ઈલૅક્ટ્રીસીટી ડ્યૂટીમાં એકસમ્પ્શન આપીએ, ૧૨૫ કે.વી.એ. ની ઉપર જ્યારે ડી.જી. સેટ નાંખવામાં આવે ત્યારે એ લોકોએ ચાલીસ પૈસા પર યુનિટ ભરવું પડતું હોય છે આજે જે પ્રમાણે ટૅક્નૉલૉજી છે અને જે કાયદાની અંદર જોગવાઈ છે એમાં ૪૫૦ વોટ્સનું એકસીડ થવું જોઈએ નહિ, પણ આજે જે નવી ટૅક્નૉલૉજી છે એ ૨૦૦૦, ૩૦૦૦ કે.વી.એ. ના સેટ ૪૫૦ વોટ્સથી નીચેનું એનું ટૅક્નીકલ વૉલ્ટેજ બતાવતા હોય છે અને એને કારણે એ લોકો ચાલીસ પૈસા પરથી સીધા પાંચ પૈસાની જોગવાઈ પર આવી જાય છે એટલે એવું નક્કી કર્યુ કે આપણે જે આ નવા યુનિટો આવે છે એને ૧૨૫ કે.વી.એ. ની ઉપર હોય એ ચાલીસ પૈસા લેખે યુનિટનું લેવાનું આપણે નક્કી કર્યુ છે.

ઈલૅક્ટ્રીસીટી ડ્યૂટી લાયસન્સીસ દ્વારા લેવામાં આવે છે, એ.ઈ.સી. હોય કે સુરત ઈલૅક્ટ્રીસીટી હોય કે જી.ઈ.બી. હોય અને આ ત્રણેય ઉઘરાવી અને સરકારને આપતા હોય છે આજે એમની પાસેથી આપણે ચાલીસ દિવસની ઉપર થાય તો ૧૮ ટકા લેખે વ્યાજ લઈએ છીએ પણ ઘણી વખત વધી જાય છે એટલે આપણે નક્કી કર્યુ છે કે, મોડું કરે, આ પૈસા આપણા છે, મોડું કરવાનો એમનો હક્ક નથી, એટલે જો છ મહિનાથી વધારે મોડું કરે તો આપણે એમને ૧૨ ટકા પેનલ્ટી આ એક્ટ દ્વારા લગાવવાનું નક્કી કર્યુ છે.

એવી જ રીતે ગ્રાહકની વાત કરીએ, ગ્રાહકને જ્યારે આપણે વેચતા હોઈએ છીએ ત્યારે ગ્રાહક ૧૦ દિવસની અંદર બિલનું પેમેન્ટ કરે એની જોડે ઈલૅક્ટ્રીસીટી ડ્યૂટીનું પણ કરે છે. ઘણી વખત એવું કરે છે કે એનર્જી ચાર્જીસ ભરી નાંખે પણ ઈલૅક્ટ્રીસીટી ડ્યૂટી ભરતા નથી અને એ લોકો આપણને અઢાર ટકા લેખે વ્યાજ આપે છે એટલે એને કારણે ઈલૅક્ટ્રીસીટી ડ્યૂટીના ઘણા બધા રૂપિયા બાકી રહી જાય છે એટલે એવી રીતે એમના પર પણ જો છ મહિનાથી વધારે એ લોકોએ ઈલૅક્ટ્રીસીટી ડ્યૂટી ના ભરી હોય તો આપણે બાર ટકા લેખે પેનલ્ટીની આની અંદર જોગવાઈ કરવામાં આવી છે.

બીજું ઘણી વખત બને છે એવું કે ૧૦૦ રૂપિયા લેવાના નીકળે પણ તે લોકો આપણને ૯૦ રૂપિયા આપે અને ૧૦ રૂપિયા બાકી રાખે એટલે આપણે સ્પષ્ટ પ્રમાણે નકકી કર્યુ છે કે આ અધૂરી એમાઉન્ટ જયારે આપવામાં આવે તો એ કોની સામે આપણે એડજેસ્ટ કરવાની. એટલે પહેલું તેનું જે વ્યાજ બાકી હોય તે વ્યાજ સામે એડજેસ્ટ કરવાનું કે બાકી તેની પેનલ્ટી હોય તે પેનલ્ટી સામે એડજેસ્ટ કરવાનું અને જે એમાઉન્ટ વધે તેને પ્રિન્સિપલની સામે

નકકી કરવું આવી સ્પષ્ટપણે આપણે જોવગાઈ કરીએ છીએ. આ જોગવાઈ અત્યારે સેલ્સટેક્ષમાં પણ છે અને ઈન્કમટેક્ષમાં પણ છે. આ જ પ્રમાણે કાયદાની અંદર જોગવાઈ કરેલી છે. બીજું આપણે એકટ દ્વારા વેવરનો પાવર લઈએ છીએ. ઈન્ટરેસ્ટનું વેવર હોય પેનલ્ટીનું વેવર હોય અને બીજુ રૂલ્સ બનાવવા માટે કે એકટના જે રૂલ્સ બનાવવાના હોય તેને માટે પણ આપણે આ સુધારા દ્વારા પાવર્સ લઈએ છીએ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી) :** માનનીય ઉર્જા મંત્રીશ્રી મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત ધ્વિતિય સુધારણા વિધેયક) ૨૦૦૫ લઈને આવ્યા છે. માનનીય મંત્રીશ્રી વિદ્યુત શુલ્ક અંગે સુધારણા વિધેયક લઈને આવતા હોય ત્યારે ગૃહ જરૂર એવી અપેક્ષા રાખી શકે કે તેની અંદર સર્વગ્રાહી સુધારા પ્રતિબિંબિત થયેલાં હોય, ગ્રાહકને નજરમાં રાખવામાં આવેલો હોય અને આ વિધેયક શુલ્ક છે તેનો જે ક્ષેત્રમાંથી મેળવવામાં આવે છે તે ક્ષેત્રની અંદર અને તેના ગ્રાહકોને..એન્ડ યુઝરને કેટલો તેમાંથી ફાયદો મળવાનો છે માનનીય મંત્રીશ્રીના પ્રવચનમાંથી જાણવા મળ્યું કે કેટલાક સુધારાઓ છે તે તેના લૂપહોલ્સ બંધ કરવામાં ઉપયોગી થવાના છે. જૂની મશીનરી હોય કે નવી મશીનરી હોય તેના જે લૂપહોલ્સ લેવાતા હતા અને તેને કારણે રાજયની તિજોરીને નુકસાન કરવામાં આવતું હતું તે આવકાર્ય બાબત છે. અથવા તો ના ભરીને જે રાજયની તિજોરીમાં પૈસા મોડા ભરતા હતા તેને માટે બિલની અંદર જોગવાઈ છે તેને સ્વભાવિકપણે ગૃહના સભ્યો આવકારશે પણ જે વાત માનનીય ઉર્જા મંત્રીશ્રીએ કરી કે વિદ્યુત શુલ્કની આવક છે તે રાજયની તિજોરીઓમાં જે આવક જમા થાય છે તેનો સૌથી મોટો હિસ્સામાંનો એક હિસ્સો છે.

માનનીય ઉર્જા મંત્રીશ્રીએ કહયું કે ૧૮૦૦ કરોડ રૂપિયા જેટલી આવક વાર્ષિક વિદ્યુત શુલ્કમાંથી થાય છે તેમાં ઉદ્યોગોનો હિસ્સો છે ૯૬૯ કરોડ જેટલો છે. હું એવું માનું છું અને જે આંકડાઓ ઉપલબ્ધ છે તે પ્રમાણે સૌથી વધારે ઉર્જા વાપરનારો વર્ગ છે તે ઉદ્યોગો છે અને છતાં અડધા જેટલી આવક છે તે આ ઉદ્યોગોમાંથી મળે છે.

માનનીય ઉર્જા મંત્રીશ્રીએ જે વિદ્યુત શુલ્કની આવક છે તેમાં જે ઘર વપરાશની અંદર વીજળી વપરાય છે તે આંકડાઓ આપણને આપ્યા નથી પણ ઉપલબ્ધ આંકડાઓ એવા છે કે ઘર વપરાશના ક્ષેત્રમાં ૪૭૫ કરોડ રૂપિયા જેટલી આવક વિદ્યુત શુલ્કમાંથી મેળવાય છે. ઘરવપરાશમાં જે વીજળી વપરાય છે એ વર્ગ ખૂબ મોટો છે, પરંતુ વીજળીની જે વપરાશ છે, એમાં ઉદ્યોગ સૌથી પહેલાં આવે છે, છતાં ઉદ્યોગ ઉપર ઓછો બોજ નંખાયો છે. અહીંયાં ઘરવપરાશમાં જે વિદ્યુત શુલ્ક છે એની મારફતે વધારે પૈસા ઉઘરાવાય છે.માનનીય ઉર્જામંત્રીશ્રીએ એક વર્ષના આંકડા આપ્યા છે એ પ્રમાણે રહેણાંકનો જે વીજળી વપરાશ છે તેમાં વિદ્યુત દરનો સ્લેબ ૧૫ ટકા, ૨૦ ટકા અને ૩૦ ટકાનો છે અને એની મારફતે એવરેજ એક યુનિટ દીઠ ૧ રૂપિયો ૧ પૈસા વિદ્યુત શુલ્ક ઉઘરાવાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું ઈચ્છતો હતો અને અપેક્ષા રાખતો હતો કે જયારે આ રેશનાલાઈઝેશનની દરખાસ્ત આ ગૃહ સમક્ષ આવે ત્યારે ઉર્જાની જે કુલ કિંમત છે એના ત્રીજા ભાગનો તો વિદ્યુત શુલ્ક છે અને એ ઉપરાંત બીજા ટેકસ પણ છે એમાં થોડી ઘણી રાહત આપશે. ઔદ્યોગિકરણની પ્રકિયામાં આ મોંઘી વીજળીના કારણે આપણે ત્યાં બ્રેક લાગી છે એના બદલે એમાં એકસિલેરેશનનું કામ કરી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં વિદ્યુત ઉત્પાદનના આંકડા જે છે તેમાં ડિમાન્ડ અને સપ્લાય વચ્ચે પણ મોટી ગેપ છે. અનિયંત્રિત માંગ ૧૦ હજાર એમ.જી. કરતાં વધારે આવે છે, પરંતુ સામાન્ય માંગ જે ૭૩૫૯ એમ.જી.ની છે એની સામે ૫૭૦૯ એમ.જી.નું ઉત્પાદન રાજયના તમામ સ્ત્રોતોમાંથી મળે છે. એટલે લગભગ ૧૫૦૦ એમ.જી.ની ખાદ્ય છે અને એની સામે છેલ્લા ૨ વષમાં માત્ર ૭૫૦ એમ.જી. થી વધારે સરકાર આયોજન કરી શકી નથી. ઔદ્યોગિક વિકાસમાં હરણફાળ ભરવાની આપણે વાત કરીએ છીએ, પરંતુ જયાં સુધી ડિમાન્ડ અને સપ્લાય વચ્ચેનો ગેપ પૂરાય નહીં અને જયાં સુધી વાજબી ભાવથી વીજળી મળે નહીં ત્યાં સુધી જે વધારે પાવર વાપરનાર ઉદ્યોગો છે એ આપણા રાજયમાં આવવાના નથી. હું આપશ્રી મારફતે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું કે બીજા રાજયોમાં ઉદ્યોગો એટલા માટે જતા રહે છે બીજા રાજયો કરતાં આપણા રાજયની વીજળી મોંઘી છે અને એના કારણે આપણા રાજયમાં નવા ઉદ્યોગો આવતા નથી અને એના કારણે આપણા રાજયમાં યુવાનોને પૂરતી રોજગારી પણ મળી શકતી નથી અને મોંઘી વીજળી આપનાર થોડા ઘણાં રાજય છે એમાં ગુજરાત વધુ મોંઘી વીજળી આપનાર રાજય સાબિત થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં વીજળી ઉત્પાદનમાં અત્યારે જે ખર્ચ આવે છે એ ખર્ચ જે રીતે એનો આંતરરાષ્ટ્રીય સિનારીયો છે એ પ્રમાણે એની અંદર જે બળતણ વપરાય છે એમાં ભાવ વધારે છે એમાં આપણે કાપ મૂકી શકીએ એવી પરિસ્થિતિમાં નથી ત્યારે એની ઉપર અત્યારે જે વિદ્યુત શુલ્કનો દર છે એ દર ઘટાડવો ખૂબ જરૂરી છે. મેં કહયું તેમ જયાં સુધી આનો દૂરૂપયોગ થતો હોય તો એનાં લૂપહોલ્સ પૂરવા માટે જરૂરથી આપણે પગલાં લેવાં જોઈએ, પરંતુ મેં કહયું તેમ જો નવા પાવર પ્લાન્ટ નહીં આવે તો બીજા રાજયોમાંથી, એન.ટી.પી.સી. પાસેથી અથવા તો ખાનગી ઓપરેટરો પાસેથી આપણે મોંઘી વીજળી ખરીદવી પડવાની છે અને એના માટે વિદ્યુત ઉત્પાદનને પ્રોત્સાહન આપવાની ચોકકસ જરૂરિયાત છે. ૧૦ વર્ષનું પ્રોત્સાહન હતું એ ચાલુ રાખવું જોઈતું હતું અથવા તો તેમાં થોડોઘણો વધારો કરી આપવો જોઈતો હતો જેથી ડિમાન્ડ અને સપ્લાય વચ્ચેનો ગેપ છે એ દૂર કરી શકાય, પરંતુ ઉલટાનું નવા ઈન્વેસ્ટર્સ કે નવા લો.કો આવે એના માટેની પ્રોત્સાહનની યોજનાઓમાં અત્યારે ઘટાડો

કરવામાં આવ્યો છે. તેને કારણે પરિસ્થિતિ એવી થઈ છે કે છેલ્લા બે વર્ષમાં માત્ર ૭૫૦ મેગાવોટ વીજળી ઉત્પાદનનો વધારાનો સ્ત્રોત આપણે ઉભો કરી શકયા છીએ. અને આવનારા દિવસોમાં તેનાથી પણ ઘટે તેવી સંભાવના છે. પાવરની વાત થાય છે કે પાવર જોઈએ એટલો મળે છે, કયાંક ૨૪ કલાકની અને કયાંક ૨૨ કલાકની વાત થાય છે. પણ પાવરની જયારે ચર્ચા આવશે ત્યારે તે અંગે હું વાત કરીશ, પરંતુ માત્ર પાવરની તકલીફને કારણે ગુજરાતમાં નવા ઉદ્યોગો આવતા નથી તે હકીકત છે અને તેના માટે એક જ રસ્તો છે કે આની પાછળ જે વિદ્યુત શુલ્કનો વધારો છે તે ઘટાડવો જરૂરી હતો. સૌથી મોટો વિદ્યૂત શુલ્ક ભરનાર વર્ગ હોય તો તે આપણો નાનો વપરાશ કરનારો વર્ગ છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત ગુજરાતના લાખો ઘર વપરાશના ગ્રાહકો છે તેમની વાત પહોંચાડવા માગું છું. કે અત્યારે જે પરિસ્થિતિ પ્રવર્તે છે તે પરિસ્થિતિમાં આ મોંઘી વીજળીના કારણે અત્યારે ઘર વપરાશ માટે વીજળી વાપરનારો જે વર્ગ છે તે વર્ગ વધવો જોઈએ તેના બદલે આજે ગામડાંમાં જોઈએ તો જે ગરીબ લોકો છે, જે દોઢ પોઈન્ટ વીજળી વાપરતા હતા, તે દોઢ પોઈન્ટ વીજળી વાપરનારા લોકો છે તેમણે પોતાના વીજળી કનેકશન કપાવી નાખ્યા છે અને આવા એક ગામમાં પચ્ચીસ પચ્ચાસ લોકોએ કનેકશનો કપાવી નાખ્યા છે. અગાઉની સરકાર ૧૨૫ કરોડ રૂપિયા જેટલી સબસિડી આ નાના વપરાશકારોને આપતી હતી. દોઢ પોઈન્ટ વીજળી વાપરનારાઓ હતા તેમના માટેની એ રાહત પાછી ખેંચી લેવાઈ છે અને તેના પછી વીજળીના શુલ્કનો વધારો થયો તે પછી ગુજરાતમાં વીજળીનો માથાદીઠ વપરાશ છે, એ રાજયની પ્રગતિ, એ રાજયની ગતિ, એ રાજયની સમૃદ્ધિનો માપદંડ એના ઉપરથી નીકળતો હોય છે, એમાં પણ આપણે પાછળ જવાના છીએ, એટલે મારી આપના મરફત રાજય સરકારને વિનંતી છે અને માનનીય ઉર્જા મંત્રીશ્રી અભ્યાસ કરીને જે બિલ લાવ્યા છે એમાં જયારે પણ આ સમાપન કરે ત્યારે વિદ્યૂત શુલ્કનો જે મોટો બોજો છે અને તેના ઉપરના બીજા ટેકસીસ છે તે દ ટાડવાની જાહેરાત કરે. અને તેના મારફત રાજયના લોકો વધારે વીજળી વાપરતા થાય, નવા ઉદ્યોગો આવે અને ખાસ કરીને જે નવા યુનિટો માટે પ્રોત્સાહનો ઘટાડયા છે તે વધારે. જેથી ડિમાન્ડ અને સપ્લાય વચ્ચેનો જે ગેપ ઉભો થયો છે તે ગેપ ઓછો થાય. ઘણી વાત ભૂતકાળમાં કરી છે કે ગુજરાતને પાવર સરપ્લસ રાજય બનાવવાનું છે. માનનીય વજુભાઈએ તો રાજકોટમાં એક વખત એવું કહ્યું હતું કે હવે ગુજરાતમાં અમારી સરકાર રેંકડી લઈને વીજળી વેંચવા નીકળવાની છે. પાંચ સાત વર્ષ થઈ ગયા, પણ રેંકડીવાળાના બિચારાના ઘરના કનેકશન કપાઈ ગયા, તેમના ઘરમાં વીજળી નથી. એટલે રેંકડીમાં લઈને વીજળી ન વેચાય તો વાંધો નથી પણ જરાક એક વરસાદ ખેંચાય અને ૩ દિવસનો ઉદ્યોગોમાં વીજળી કાપ, જરાક સારો વરસાદ થયો અને શિયાળુ પાક ખેડૂતોએ કર્યો તો બે દિવસનો કાપ, સ્ટેગરીંગ, આ બધી રામાયણમાંથી બહાર નીકળવું હોય તો વિદ્યુત ઉત્પાદન વધારવું જોઈએ. અને તેના માટેના પ્રોત્સાહનો વધારવા જોઈએ. હમણાં માનનીય અધ્યક્ષશ્રી, કુદરતનો આભાર માનવો જોઈએ કે વરસાદ ગુજરાતમાં થઈ ગયો, પણ જયારે વરસાદ નહોતો તે વખતે ગુજરાતના ખેડૂતોની સૌથી મોટી ચિંતા હતી. અને ખાસ કરીને જે ખેડૂતો ડાંગર પકવે છે તેવા ડાંગર પકવનારા ખેડૂતોને ૨૦ થી ૨૫ ટકા નુકસાન માત્ર વીજળી ન પહોંચાડવાને કારણે થયું છે. મગફળી પકવનારા ખેડૂતો અને બીજા પાકો લે છે એ ખેડૂતો એને પણ ખૂબ મોટુ નુકસાન થયું છે. સભાની અંદર જાહેરાતો થાય અને એમ કહેવામાં આવે કે બીજા બધા ભલે વાતો કરે પણ ગુજરાતમાં ૨૪ કલાક વીજળી અપાય છે. ગુજરાતની અંદર ૨૨ કલાક વીજળી અપાય છે. સભામાં એ પણ જાહેરાત થાય કે ગુજરાતની અંદર ગેસ લીંકેજ અને કોલ લીંકેજ માટે કોઈ સંસદસભ્યશ્રીઓ રજૂઆત કરતા નથી. ફકત અમે એકલાજ કરીએ છીએ. જાહેરાતથી પાવર મળતો હોય તો અહીંથી કાયમ જાહેરાત કરાવડાવીએ. આ મારા સાથી ધારાસભ્યશ્રીઓ એક એક કોપી મોકલાવે રાખે એટલે એને પાવર મળી ગયો? એટલાથી પાવર મળતો નથી. આ ખૂબ ગંભીર વાત છે, હસવાની વાત નથી કરતો. મારા સાથી મિત્રો અમુક હસે છે. અમુકને હસવું આવતું હશે જયારે અમુકને રડવું પણ આવતું હશે. હું આ ગંભીર વાત કરી રહ્યો છું અને એમાં હસવાની કે બીજી વાત નથી થતી. રડવાનું સુરતમાં પણ થયું છે. હું સુરતમાં હાજર હતો, કેટલાકને મોરબીમાં રડવાનું થયું હતું. કયાંક કયાંક તમે હસવાનું કરો છો એની ના નથી પરંતુ મોટે ભાગે રડવાનું કરો છો. અંદરો અંદર રડો કે હસો એનો વાંધો નથી પરંતુ ગુજરાતની પ્રજાને ન રડાવો તેવી વિનંતી છે. માનનીય નરોત્તમકાકા કહે છે એટલે હસવું આવે છે. જયારે ગુજરાતના ખેડૂતને પાવર ન મળતો હોય, ઉદ્યોગોને પાવર ન મળતો હોય ત્યારે થોડો હસવા રડવાનો* •(XXX) થઈ જાય તો ઘણુ સારું. હું આડે વાતે ચડવા નથી માગતો.

**અધ્યક્ષશ્રી** આપે કયો શબ્દ વાપર્યો?

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** હસવા રડવાનું થોડો સમય બંધ થઈ જાય. *(XXX) કરવાનું બંધ થઈ જાય.

**અધ્યક્ષશ્રી .** આ શબ્દ કાઢી નાખવો પડશે.

• * (XXX) માનનીય અધ્યક્ષશ્રીના આ શબ્દો આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : * (XXX) શબ્દ અસંસદીય નથી. કોઈના સંદર્ભમાં મેં નથી વાપર્યો. કોઈ બંધ બેસતી પાઘડી પહેરી લે છે.

**અધ્યક્ષશ્રી :** * (XXX) શબ્દ અસંસદીય છે એટલે એને દૂર કરવામાં આવે છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા :** સરકારની સામે અમે કાર્યક્રમો કરીએ છીએ. એના માટે તમે * (XXXX) શબ્દ વાપરો તો મને કોઈ વાંધો નથી. * (XXX)ની પાઘડી બંધ બેસતી વાપરે છે. મને સૌથી વધારે ગંભીર ચિંતા વીજળીની છે ત્યારે ડિમાન્ડ અને પ્રોડકશનનો ગેપ છે એ જલદી પૂરાય જાય તેવી મારી લાગણી છે. અભ્યાસુ ઉર્જામંત્રી છે તેથી આની ઉપર ખાસ ધ્યાન આપે તેવી મારી વિનંતી છે. આપણે ત્યાં સસ્તી વીજળી થઈ શકે તેમ છે, નવા યુનિટો આવી શકે તેમ છે પરંતુ એના માટે રાજકીય વીલ પાવર બતાવે એટલી વિનંતી કરી મારું પ્રવચન પૂરું કરું છું.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જા મંત્રીશ્રી જે ઈલેકિટ્રસિટી ડયુટીને લગતું બિલ લઈને આવ્યા છે, વિદ્યુત શુલ્ક માટેનું બિલ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે અને મારા બે-ચાર વિચારો આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા ઉભો થયો છું.

ઘણી બધી વાતો મંત્રીશ્રીએ એમના પહેલા વાંચનની ભૂમિકા વિશે કરી છે કે આનો ઉદ્દેશ શું છે. એક વસ્તુ બરાબર છે કે રાજય સરકારની તિજોરીને નુકસાન થાય અને રાજયમાં અપ્રમાણિકતાનો આશરો લેનાર લોકોને પ્રોત્સાહન મળે એવી કયાંય કાયદાની જોગવાઈઓ હોય તો તેને ઠીક કરવી જોઈએ અને એ દૃષ્ટિથી આ બિલમાં જે જોગવાઈ કરવા માટે તેમણે પ્રયાસ કર્યો છે તેને ચોકકસ આવકારીએ, કારણ એવા ઘણાં બધા ઉદાહરણો આપણા બધા સમક્ષ હશે કે લોકો કંઈકને કંઈક ખોટું કરીને ગેરલાભ લેતા હોય,

વહીવટની કુશળતા અને વહીવટનું આદર્શપણું છેવટે એ છે કે જોગવાઈઓ સરળ છતાં એકદમ સ્વયંસ્પષ્ટ બનતી હોય કે જેનાથી બીજું કંઈ કરવાનું ન રહે એવી જોગવાઈઓ વધુ આવકારદાયક હોય છે અને તેમણે જે બે વિભાગો હતા પાંચ-પાંચ વર્ષ કરીને દસ વર્ષ માટે તેનો લાભ લેતા હતા તેનું નિવારણ કરીને માત્ર એક જ વખતે કેપ્ટીવ કરે કે નવું યુનિટ કરે તો તેને સળંગ પાંચ વર્ષ માટે તેનો લાભ મળી શકે એવી વ્યવસ્થા પણ કરવામાં આવી.

અર્જુનભાઈની વાત પણ સાંભળતો હતો. માનનીય મંત્રીશ્રીએ પણ તેમના પ્રવચનમાં કહયું કે ઉદ્યોગો પાસેથી સૌથી વધુ શુલ્કના રૂપમાં પૈસા આપણને મળે છે. વાત સાચી છે. જયારે ગયા વખતે પણ બજેટમાં થોડીક રાહતો જાહેર કરી ત્યારે મેં પણ સૂચન કર્યું હતું કે ભારે ઉદ્યોગોવાળાને હજુ વધુ શુલ્કમાં રાહત આપવાની જરૂર હતી. જે પ્રકારનું વાતાવરણ જોઈએ છીએ તેમાં કયારેક એવું બને છે કે માત્ર આ ઈલેકટ્રીસીટી ડયૂટી છે એ કદાચ ન ભરવાની હોય તો આ આખો ઉદ્યોગ વીજળીની ચોરી કર્યા વગર પ્રમાણિકતાથી તેનું યુનિટ કદાચ ચલાવી શકે, પણ ડયૂટી ભરવાને કારણે આ યુનિટ કાં તો બંધ કરવું પડે, કાં તો અપ્રમાણિકતાનો આશરો લેવો પડે. આવા ઘણાં બધાં ઉદાહરણો માનનીય મંત્રીશ્રી સમક્ષ મૂકયા છે. અમારા ભાવનગરનો હું દાખલો આપું. આખા ઓકસીજન પ્લાન્ટની અલંગની એન્સીલરી છે. માત્ર આના કારણે એ બધા યુનિટ આજે સીક થઈ ગયા. કદાચ તે વખતે તેને આ એક જ રાહત આપી હોત તો આજે પણ એ ઉદ્યોગો ચાલતા હોત અને ચાલતા હોત તો એટલું તેનું ટર્નઓવર ચાલતું રહેત. વેપાર ચાલુ રહેત. તેના કારણે પ્રવૃત્તિ ચાલુ રહેત. લોકોની રોજગારી ચાલુ રહેત. ત્યાંથી સેલ્સ ટેકસ અને બાકીની બીજી પ્રવૃત્તિ છે તેના માધ્યમથી રાજય સરકારને આવક રહેત. સાવ બંધ થયા તેનાથી ઘણાં બધાં ગેરફાયદા છે. પણ કોઈ એક ક્ષેત્રમાંથી રાજય સરકાર નુકસાન સહન કરતી હોય અને બાકીના બધાં ઠેકાણે ફાયદો થતો હોય ત્યારે એવો રચનાત્મક વિચાર ચોકકસ અપનાવવો જોઈએ કે જેના કારણે ઉદ્યોગ પણ નભી રહે અને આપણો જે મૂળ ઉદ્દેશ છે તેને પણ નુકસાન ન થાય. એટલે એ વાત માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકું છું કે કયારેક આવા સંજોગો થાય ત્યારે આની અંદર સરકારને એવા નિયમો બનાવવાની સત્તા છે કે કયારે કયા સંજોગોમાં કોને દંડ માફ કરવો કે વ્યાજ જતું કરવું. તો આ ઈલેકટ્રીસીટી ડયૂટીમાં કયારેક એવી પરિસ્થિતિ પેદા થતી હોય અને આખાને આખા બ્લોક માટે ઈન્ડસ્ટ્રીઝની કોમ્યુનિટી છે તેના માટે આવું થતું હોય ત્યારે તેને રાહત આપીને કેવી રીતે ઉગારી લેવા તેનો વિચાર મને લાગે છે કે બહુ મહત્વનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવી જ રીતે ફરીવાર આજે પણ આ ગૃહમાં હું ચોકકસ એ વાત મૂકીશ કે ભારે દબાણવાળા લોકોને વીજ ડયૂટીમાંથી હજુ પણ રાહત આપી શકાતી હોય તો આપવાની જરૂર છે અને આ દિશામાં સરકાર વિચારે તો એ ચોકકસ આવકારદાયક ગણાશે. એમ હું અહીં મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું એક એવું રચનાત્મક સૂચન જે ઉદ્યોગો કયારેક બંધ થઈ જાય દા.ત. અમારા ભાવનગરની લગભગ બધી રોલીંગ ઈન્ડસ્ટ્રીઝ બંધ છે. તેના કારણે અત્યારે તેની વાયેબિલીટી માત્ર ઈલેકટ્રીકના મોંઘા ભાવને કારણે અત્યારે બંધ કરવાનો વારો આવ્યો છે. કદાચ ઈલેકટ્રીસીટી સસ્તી મળતી હોત તો બધી રોલીંગ મિલો ધમધમતી હોત. કારણ કે, એમનું મુખ્ય રો-મટિરિયલ જ પાવર છે. પાવર મોંઘો પડે એટલે એ ધંધો બંધ થવાનો છે. એટલે એ બધી જ રોલીંગ ઇન્ડસ્ટ્રીઝ તો બંધ થવાની છે. એટલે ૫૦-૬૦-૭૦ જેટલી રોલીંગ ઇન્ડસ્ટ્રીઝ બંધ થવાની છે. એટલું જ નહીં એ લોકો એમ સમજે છે કે ક્યારેક તો સારો સમય આવશે એમ માનીને

પાવર ડિસકનેકટ કરાવતા નથી. ડિસકનેકટ કરાવે તો એમ.એમ.ડી. ભરવાનું આવે. રીકનેકટ થવું હોય તો કેટલા બધા નવા નવા ચાર્જીસના નામ પાડ્યા છે એ ભરવા પડે છે. એ માટે ઘણી બધી માથાકૂટ હોય છે એનો મોટો ખર્ચો થાય, પાછું કનૅક્શન થાય, મળે ન મળે એટલે વેપારીઓ ક્યારેક વરસ-વરસ સુધી, નુક્સાન સહન કરીને પણ ઉદ્યોગકારો મિનિમમ ચાર્જીસ ભર્યા કરે છે. મારે મંત્રીશ્રીને રચનાત્મક સૂચન કરવું છે. સાચા અર્થમાં સીકનેશ ભોગવતા ઇન્ડસ્ટ્રીઝ હોય, એનું વાજબીપણું સાચું હોય, ખોટી રીતે બંધ ન કર્યું હોય પણ સાચી રીતે બંધ કરવાનો વારો આવ્યો હોય તો એ એમ.એમ.ડી. ચાર્જીસ લેતી વખતે કમસેકમ ડ્યૂટી રાહત આપો તો પણ એને ઘણો બધો સહારો મળશે અને આ રીતે ઉદ્યોગોને ટકાવી રાખવા માટેનું એક સરસ કારણ પૂરું પાડીશું એવું મને લાગે છે અને એટલા માટે હું આ સૂચનો આ સભાગૃહ સમક્ષ અને માનનીય મંત્રીશ્રી સમક્ષ કરવા ઊભો થયો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ તકે એ યાદ કરવું છે કે, ખોટી રીતે અહીંયાં આપણી પાસે રજૂઆતો કરીને પૈસાની રાહતો, સરકારની રાહતની યોજનાનો લાભ લેતા હોય, મારે આ તકે રાજયની અંદર કોઈ એક ઉચ્ચ સ્થાને અધિકારી બેઠા હોય, પ્રામાણિક માણસ હોય, તો મને યાદ છે કે ૧૯૯૦-૯૫, ૧૯૯૫-૨૦૦૦ એ સમય એવો હતો કે, જ્યારે ઇન્ડસ્ટ્રીઝની અંદર ભરપૂર ઈન્સેન્ટીવનો આખો યુગ ચાલતો હતો. એ વખતે પણ ઈલેકટ્રીકસીટીમાં એક પ્રામાણિક ઑફિસર ખુમરી બેઠા હતા. કયાંય પણ ખોટું થવાનો અવકાશ નહોતો. આવા અધિકારીઓ પણ આ પ્રકારના એની પાસે પોતાનું એક કમિટમેન્ટ હોય, નિષ્ઠા હોય તો મને લાગે છે કે, કાયદો ન હોય તો પણ ખોટું ન થઈ શકે. આજે બધા પાસેથી અપેક્ષા રાખવી મુશ્કેલ છે. અને એટલા માટે ક્યાંક આવા કાયદા કરવા પડે છે. એને રાહત મળે કે નહીં, એના માટે કર્વોલિફાઈ છે કે નહીં. અન્ડરટેકીંગ તરીકે તો એનું ફૉર્મ નિયત મર્યાદામાં અરજી જિલ્લા કક્ષાએથી, આ બધામાં એવું થાય છે કે, ક્યારેક જિલ્લા કક્ષાએ જનરલ મેનેજરને ખબર હોય કે, હવે ટાઇમ પૂરો થવા આવ્યો છે, એનું ફૉર્મ નહીં મોકલું તો એને ઘણું નુકસાન થવાનું છે. ત્યારે કરપ્શન આવે છે. એટલે આવી જોગવાઈ હોવી જોઈએ કે, કદાચ એમ થાય કે, સીધું ઇન્ડસ્ટ્રીઝ કમિશનરની ઑફિસમાં સબમીટ કરશું તો કદાચ ત્યાંથી નહીં મોકલે તો અહીંયાં આપી દે. તો ભલે આપી દે. એની રજૂઆત કરીને ઇન્ડસ્ટ્રીઝ કમિશનર ઈન્કવાયરી કરીને ડી.આઈ.સી.ના જનરલ મેનેજરને પૃચ્છા કરે કે આ બરાબર છે કે નહીં ? તો આપણે આવા કોઈ વિકલ્પો આપવા જોઈએ કે કોઈ એક જ ઠેકાણે આવો બેફામ બનવાનો વિકલ્પ ન રહે. એને એમ થાય કે મારી પાસે વિકલ્પ છે. હવે અહીં મારી અરજી નહીં સ્વીકારાય તો કોઈ વાંધો નથી. આવી પણ જોગવાઈ થતી હોય તો કરવા માટે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

છેલ્લે વિદ્યુત શુલ્કની અંદર જે કોઈ અસમંજસતા હોય એ દૂર કરીને વધુ સરળતા કરીને કોઈને પણ રાજય સરકાર સાથે અપ્રામાણિક વ્યવહાર કરવાનું મન ન થાય એવા ઉમદા હેતુથી દંડ અને વ્યાજની જોગવાઈઓ રાખીને એનો લાભ લઈને લાંબા સમય સુધી રાજય સરકારના પૈસા વાપરી ન શકે એવી બધી જોગવાઈઓ કરીને એક સારું બિલ લઈને આવ્યા છે એને હું અનુમોદન આપું છું.

**શ્રી ભીખાભાઈ ગ. જોષી(માળિયા)** : માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યુત મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.જે ઊર્જા મંત્રીશ્રીએ ખેડૂતોને ઊંધા ચશ્મા પહેરાવ્યા છે એમને દુ:ખી કર્યા છે એના વિશે વાત કરીશ.

**અધ્યક્ષશ્રી** : બિલ યાદ છેને ?

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : આજે જે ઇલેક્ટ્રિક ડ્યૂટી નાખી છે, જે ઉદ્યોગો નુકસાન કરે છે એના માટે સરકાર જે બિલ લઈને આવી છે એને આવકારું છું. સાથેસાથે એ પણ વિચારવાની જરૂર છે કે આજે ઉર્જા મંત્રી જે અહીં બેઠા છે, કહેવત છે કે જેનો રાજા વેપારી એની પ્રજા ભિખારી. આજે ૨૪ કલાક વીજળી ગામડાને આપવાની વાત કરી છે એનો એક જ હેતુ છે કે ખેડૂતોને ૮ કલાક પાવર થ્રી ફેઈઝ અને સિંગલ ફેઈઝ આપે છે એમાં ખેડૂતો ડટ્ટાનો ઉપયોગ કરીને જે એનું ખેત ઉત્પાદન પકવતા હતા એમાં જે દંડ આ લોકોને ઉદ્યોગકારોને કર્યા છે એનો લાભ ખેડૂતોને આપ્યો હોત તો આવકાર્ય થાત પણ નથી આપ્યો. આજે ગામડાને ૨૪ કલાક વીજળી આપવાની વાત એટલા માટે કરે છે કે ૨૪ કલાક ગામડામાં પેખો ચલાવવાનો છે એનું બિલ આવવાનું છે. જયારે ખેડૂત જે ડટ્ટા ઉપર ઉપયોગ કરે છે એની આવક છે એ તો હોર્સ પાવર ઉપર બાંધેલી આવક છે એટલે નફો કરવા માટેનો હેતુ છે. આજે આ રીતે જો રાહત આપી હોત ખેડૂતોને તો હું આવકારેત, નથી આપી માટે નથી આવકારતો એટલું કહીને વિરમુ છું.

**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં ઉર્જા મંત્રીશ્રી જે વિધેયક લઈને આવ્યા છે એમાં હું મારું અનુમોદન આપું છું. આમ તો આ વિધેયકનું હાર્દ છે. સરકારશ્રીનું કે હંમેશાં રાજયને કેવી રીતે આવક થાય, આ વિધેયક આવતા ઉદ્યોગોને જે કંઈ થોડું ઘણું આડું અવળું કરીને પાટીયા બદલાવીને જે કંઈ કરતા હતા એમાં ઓટ આવશે. જૂની મશીનરી મૂકીને ફરી વખત એનો લાભ લેતા હતા. આ વિધેયકને હું આવકારું છું એટલા માટે કે રાજયના ઉર્જા મંત્રીશ્રી હંમેશા આપણા રાજય માટે ચિંતા કરે છે અને રાજયના મુખ્યમંત્રીશ્રી પણ ચિંતા કરે છે. વિરોધપક્ષના નેતાશ્રી કહેતા હતા કે લાઈટ મળતી નથી, મુશ્કેલી છે, મારે તો

એટલું કહેવું છે કે પહેલા જેટલા ચૂંટાઈને આવતા હતા એમને ૨૪ કલાક લાઈટ ગાંધીનગરમાં મળતી હતી અને હવે ઝુંપડા સુધી મળે છે. એટલો ફર્ક પડયો છે. જયોતિ ગ્રામ યોજના છે એને કારણે ભીખાભાઈ કહેતા હતા, વિધેયકને કંઈ લેવા દેવા નહીં અને ખેડૂતોની ચિંતા કરવા માંડયા છે. ખેડૂતોને પણ ફાયદો થયો છે. સરકારશ્રીએ જે પગલાં લીધાં છે, પહેલા ૨૪ કલાક લાઈટ આપતા હતા ત્યારે ખેડૂતો દુ:ખી હતા કારણ કે કૂવામાં બે બે હજાર ફૂટ સુધી પાણી રહેવા નહોતું દીધું. અગાઉની ચોરી અટકાવી નહોતા શકતા, કારણ કે એમનામાં તાકાત નહોતી આ વિધેયક લાવવાની. તાકાત હોય એ સરકાર લાવી શકે, સાચી વાતને. ખોટી વાતને દબાવી શકે. આ વિધેયકને કારણે ઉદ્યોગોને તો સરકારે સહાય કરી છે પણ જે ૫-૧૦ વર્ષ સુધી બીજા નામ બદલાવી ખોટા ઉદ્યોગકારો એનો લાભ લેતા હતા એનો ફાયદો હવે નહીં થાય. આ વિધેયકને લીધે સરકારની તિજોરીમાં આવક વધશે અને સાચા માણસોને ન્યાય મળશે. જયોતિ ગ્રામ યોજના તો ઘણા વર્ષોથી આવી છે પણ વાતો કરતા હતા કે ગરીબ માણસો માટે આમ કરવું પણ કરી શકતા નહોતા. આજે જે તાલુકાઓમાં જયોતિ ગ્રામ યોજના ૧૦૦ ટકા થઈ છે એના લોકોને પૂછો તો ખબર પડે કે કેટલી સગવડતા છે અને ખેડૂતોને તો ૨૪ કલાક લાઈટ આપતા હતા ત્યારે ખોટું પાણી બગાડતા, પાણી નથી રહેવા દીધું. ૮ કલાક કરી એ તો સારું થયું. પાણીના તળ ઉંચા આવ્યા એટલે પાણી બચશે, વીજળી બચશે તો આ રાજયની સુવિધા વધશે. આ વિધેયકને મારું અનુમોદન આપું છું. આ વિધેયકને કારણે સરકારને ફાયદો થશે. આભાર.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)** : માનનીય અધ્યક્ષશ્રી, મુંબઈ વિદ્યુત શુલ્ક અધિનિયમ ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક માનનીય ઊર્જા મંત્રીશ્રી આ ગૃહ સમક્ષ લઈને આવ્યા છે એમાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે વાત મૂકી એ વાતને અનુમોદન આપી આગળ વધારતાં મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલની રજૂઆત કરતાં જ માનનીય ઊર્જા મંત્રીશ્રીએ એમના મંતવ્યમાં કહ્યું કે, વિદ્યુત શુલ્કની આવકો આ રાજયની તિજોરીમાં બીજા નંબરની આવક છે. મારાથી એવું કહેવાય નહિ, પણ સારું થયું કે વજુભાઈએ સ્વીકારી લીધું કે આ બીજા નંબરની આવકને બે નંબરની આવકમાં ખપાવવાનો પ્રયત્ન થાય ત્યારે આ રાજયની પ્રજાએ રોવું પડે. આજની તારાંકિત પ્રશ્નોત્તરીના એક એલ.એ.કયુના જવાબમાં આ રાજયની અંદર ઘર વપરાશના જે વપરાશકારો છે, એની પાસેથી વિદ્યુત શુલ્કની જે વસૂલાત કરવામાં આવે છે એ વર્ષ ૨૦૦૪-૦૫ના એક વર્ષમાં રૂપિયા ૪૭૫.૧૮ કરોડ જેટલી વસૂલવામાં આવી છે. આ ગુજરાત રાજય ભૂતકાળમાં ઔદ્યોગિક દ્રષ્ટિએ નંબર-૧ રાજય હતું. હમણાં જે વિવિધ એજન્સીઓ દ્વારા થયેલા સરવે અને એ સરવેમાં રાજયનો જે ઔદ્યોગિક વિકાસનો ક્રમ છે એ ઔદ્યોગિક વિકાસના ક્રમમાં આપણે ચાલુ વર્ષમાં પીછેહઠ કરી. આ પીછેહઠ કરવાના કારણો શું છે એ તરફ બધાએ સામૂહિક વિચારવાની, ચિંતન કરવાની જરૂરિયાત ઊભી થઈ છે. માનનીય ઊર્જા મંત્રીશ્રીએ આ બિલની રજૂઆતમાં જે એના ઉદ્દેશો અને કારણો આપ્યાં કે તમામ નવા ઔદ્યોગિક અંડરટેકીંગને પ્રથમવાર માલ બનાવવાનું શરૂ કરે ત્યારથી પાંચ વર્ષ સુધીની મુદ્દત માટે આ વિદ્યુત શુલ્કમાં રાહત આપી શકાય, મુકિતનો લાભ આપી શકાય એ માટે થઈને એની જે વિટંબણાઓ છે એ નિવારવાનો પ્રયાસ કર્યો છે. ઊર્જા મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, આ રાજયમાં આપે કહ્યા મુજબ ૧૫૮૫ કરોડ જેટલી જે વિદ્યુત શુલ્કની આવક થાય છે, એમાં ઉદ્યોગોનો ફાળો આપના કહેવા મુજબ ૭૦૦ કરોડ રૂપિયાનો છે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ૭૦૦ કરોડ જેવી આવક ઉદ્યોગોમાંથી વિદ્યુત શુલ્કની થઈ.

એક એલ.એ.કયુ.ના જવાબમાં આંકડા આપ્યા કે ઘર વપરાશની વિદ્યુત શુલ્કની આવક ૪૭૫ કરોડ રૂપિયા છે. આ ગુજરાત રાજય છે એ ખેતી પ્રધાન રાજય છે. ૭૦ ટકા કરતાં વધુ લોકો માત્ર ને માત્ર ખેતી ઉપર નિર્ભર છે અને આ રાજયમાં ખેતીની આવકોથી આ રાજયની જે સમૃદ્ધિ વધી એનો જશ લેવા માટે જો સરકાર ચિંતિત હોય તો ખેડૂતોની ચિંતા કરવા માટે થઈને આ બધાએ સામૂહિક વિચારવું પડે એવો સમય ચોક્કસ આવી ગયો છે. આમાં જે કલમોમાં સુધારા કર્યા એમાં માત્ર ઉદ્યોગોને રાહત આપવા માટેનો એક વિચાર મૂક્યો છે. પણ સાથોસાથ ખેડૂતોની જો થોડી ચિંતા થઈ હોત તો મને લાગે છે કે ચોક્કસ ઊર્જા મંત્રીશ્રીને અભિનંદન પણ આપતો. હું દાખલો આપવા માગું છું કે આજથી એક મહિના પહેલા અમરેલી જિલ્લા સંકલન સમિતિમાં એક પ્રશ્ન મૂક્યો. અમરેલી તાલુકાના લીલાવદર ગામમાં એનો એક વીજ ગ્રાહક ઘર વપરાશ માટેની વીજળી વાપરતો હોય એણે ૧૯૭૩માં જી.ઈ.બી. મારફતે ફીટ કરાયેલ મિટર બદલવાની રાજય સરકારની તાજેતરની નીતિ મુજબ નવું મિટર ફીટ કર્યું. એનો ટેસ્ટીંગ રિપોર્ટ લેબોરેટરીમાંથી આવ્યો કે આ મિટરમાં ચક્કર પણ ફરતું નથી અને.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, બિલ ઉપર બોલો.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : સાહેબ, ચિંતાનો વિષય છે અને સિરિયસ પણ છે.

**અધ્યક્ષશ્રી** : નહીં.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : મારું કહેવાનું હાર્દ હતું કે ૧૯૭૩માં જે મિટર ફીટ કરવામાં આવ્યું હોય, અને એ મિટરોની અંદર કોઈ ક્ષતિ ના જણાય છતાં પુરવણી બિલ ૯૬૦૦૦ રૂપિયા આપવામાં આવે. આ જે મિટરો નવા ફિટ કરવામાં આવ્યાં છે એ રહેણાંકના હોય, કોમર્શિયલ હોય કે ખેતીવાડીના હોય એ મિટરોના ફોલ્ટનું

૯૬૦૦૦ રૂપિયા પુરવણી બિલ માત્ર એટલા કારણોસર વિદ્યુતબોર્ડ આપે, એની અંદર પોઈન્ટ પછી ડિઝિટ ઝીરો ઝીરો હોવો જોઈએ એના બદલે માત્ર એક ડિઝિટ છે એટલા માટે થઈને આ ૯૬૦૦૦ રૂપિયા ભર્યા.

માનનીય અધ્યક્ષશ્રી, જે નવા મિટરો દાખલ થયાં છે એ નવા મિટરો વધુ ફાસ્ટ ફરે છે અને વધુ યુનિટો જેમ વપરાશમાં આવે તેમ વિદ્યુત શુલ્કની રકમ એ ૧૫ ટકા, ૨૦ ટકા, ૩૫ ટકા એમ એના વિદ્યુત શુલ્કના દરો પણ આપણે વધારીએ ત્યારે આ ઔદ્યોગિક બાબતોની અંદર ફરીથી પાછું નંબર વન તરફ લઈ જવા માટે કમસેકમ ચિંતાની આજે શરૂઆત કરી છે, સાથે સાથે રાજ્યની અંદર ૭૦ ટકા લોકો જ્યારે કૃષિ સાથે સંકળાયેલા છે ત્યારે એક ખેડૂતના બિલની અંદર વિદ્યુત શુલ્ક આવતા હોય એની અંદર કયાંક માફી આપવાની વાત થાય તો વધુ આનંદ થાય. કોમર્શિયલ જે ઉદ્યોગોના કનૅક્શનો છે, પાનનો ગલ્લો હોય, કયાંક નાની કીટલી હોય એની અંદર વિદ્યુત શુલ્કનું ભારત છે એ ભારણ ઘટ્યું હોત તો એ ધંધાને પણ આપણે પ્રોત્સાહિત કરી શક્યા હોત આવી ક્યાંક વાત લઈને માનનીય ઊર્જામંત્રીશ્રી ફરી વખત આ ગૃહ સમક્ષ રજૂ થાય તો આનંદની વાત હોય, જ્યારે માત્ર ઉદ્યોગોની ચિંતા કરી, ગામડામાં ૨૪ કલાક લાઈટ આપવાની વાતા કરી. ગામડામાં ૨૪ કલાક લાઈટ ના મળે. ખેડૂતોને સિંચાઈ માટે થઈને વીજળી ના મળે અને ઉદ્યોગો ઉપર ત્રણ દિવસનો કાપ. એટલે આપણે તો ત્રણેય બાજુથી બગાડીએ છીએ ત્યારે માનનીય ઊર્જામંત્રીશ્રીને આપના મારફત વિનંતી કરવા માગું છું કે આ વિદ્યુત શુલ્કનો જે વિષય છે એ માત્ર ઔદ્યોગિક બાબતને નહિ સાંકળતા તમામ વિભાગોને સાંકળીને નવા જે ધંધા છે, કોમર્શિયલ કનૅક્શન છે, જે રહેણાંકના કનૅક્શનો છે.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, રિપિટ નહિ કરો, પુનરાવર્તન નહિ કરો, પ્લીઝ, એકની એક વાત આવ્યા કરે છે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : નહિ, સાહેબ, પ્લીઝ, સાહેબ, ૪૭૫ કરોડ રૂપિયા આપણા એલ.એ.કયુ.માં જવાબ આપ્યો છે. ઘર વપરાશની વીજળીમાં વિદ્યુત શુલ્ક તરીકે આપણે વસૂલ કરીએ છે એની સાથે સાથે ઉદ્યોગનો હિસ્સો ૭૦૦ કરોડ રૂપિયા એટલે બહુ લાંબો તફાવત નથી. એટલે અહીંયા આ વિદ્યુત શુલ્કની અંદર કયાંક રાહત મળશે તો લોકોને થોડીક રાહત થવાની છે અને એની ખરીદ શકિત વધવાની છે અને આ બાબતમાં ગંભીરતાથી ચિંતા કરવાની જરૂર છે.

માનનીય ઊર્જામંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આ બિલની અંદર સુધારા કરીને, નવા વિષયને આવરીને આ ગૃહ સમક્ષ આવશે તો ચોક્કસ અભિનંદનને પાત્ર થશે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઊર્જામંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે એમાં મારું અનુમોદન આપું છું,

રાજ્યની પ્રજાના વીજકર રૂપે આવતા વેરામાં ઘટાડો કરવા માટે, રાજ્યની પ્રજાને રાહત આપવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી તથા માનનીય ઊર્જામંત્રીશ્રીએ જે કામગીરી કરી છે તેમને સાથે સાથે અભિનંદન પણ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બધા જે બૂમો પાડે છે એમને મારે એટલું કહેવું છે કે દિલ્હીમાં હું થોડા દિવસ પહેલા ગયો હતો ત્યાં જનરેટરનો અવાજ લોકસભા સુધી આવતો હતો. સાહેબ, એના પછી આંધ્રની અંદર કોંગ્રેસની સરકાર છે..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પરેશભાઈ પ્લીઝ, જેઠાભાઈ પ્લીઝ.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : ભાઈ પરેશભાઈ હમણાં તમે બોલતા હતા ત્યાં કયાં અમરેલીનું આવતું હતું ( અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, જે ગુજરાતની અંદર વીજળીના વીજળીકરણ માટે જે કાંઈ કામગીરી થઈ છે એ ભારતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાય એવી કામગીરી ગુજરાત રાજયે કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ કોંગ્રેસના શાસનમાં ગુજરાતની પ્રજાને શું શું વિટંબણાઓ હતી, કેવી તકલીફો સહન કરવી પડતી હતી એતો અમને ખબર છે. અમે નાના ગામડાઓમાંથી આવીએ છીએ, ત્યાં કેવી સ્થિતિ હતી, પચાસ વર્ષના ઈતિહાસમાં લાઈટ શું છે એ ગામડાની પ્રજાને ખબર નહતી સાહેબ.

**અધ્યક્ષશ્રી** : જેઠાભાઈ પ્લીઝ, વિદ્યુત શુલ્ક છે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : આ લોકો કહે છે એટલે થોડુંક એમને કહેવું પડે સાહેબ હું એ વાતે જ લઈ જઉં છું, આંધ્રપ્રદેશમાં એમની સરકારે શું કર્યુ એ તો કહેવા દો

**અધ્યક્ષશ્રી** : ના, એ ના કહેવાય, નો, નો પ્લીઝ.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : ગુજરાતની અંદર વીજળીના લીધે ઉદ્યોગો માટે આ સરકારે જે કામગીરી કરી છે એવી ભૂતકાળની કોઈપણ સરકારોએ કામગીરી કરી નથી.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : આપ પણ સાહેબ જે પરીક્ષામાં બેસે છે એમને આવડે એવા પ્રશ્ન પૂછો, ન આવડે એવા ન પૂછો.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : વાંધો નહીં, તમે જે પ્રશ્નો કર્યા છે એનો જ જવાબ આપવા ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર જેનાથી ઘટાડો કરવા માટેનું છે. ૧-૪-૨૦૦૫થી ૨૨૯ કરોડની રાહતો

આપવા માટેની યોજના કરી છે, વિદ્યાર્થીઓ અને કુમાર છાત્રાલયો, રેસ્ટોરન્ટો, સીનેમાગૃહો આ બધા જે ઉદ્યોગો છે એની અંદર પણ જે કર ડયૂટી ઘટાડવા માટેનો સરકારે પ્રયત્ન કર્યો છે. એ ઘટાડીને ૩૦ટકાથી ઘટાડીને ૧૫ ટકા કરતાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં કાર્યરત એકમોને ૧૦ કરોડ જેટલી રાહતો આપવા માટે સરકારે વિચારણા કરી છે. હોટલો, રેસ્ટોરન્ટો, સીનેમાગૃહો આ બધામાં કર ડયૂટી ઘટાડવા માટેનો સરકારે પ્રયત્ન કર્યો છે એનાથી ખૂબ જ રાહતો અને ઘણા નાના ઉદ્યોગો છે એને ખૂબ લાભ થવાનો છે એના કારણે ગુજરાતમાં જે કાંઈ આજ સુધી કોઈ સરકારે નહોતુ કર્યુ એવું ભા.જ.પ.ની સરકારે, નરેન્દ્રભાઈ મોદીની સરકારે આ પગલું ભર્યુ છે એ ખરેખર અભિનંદનને પાત્ર અને આવકારને પાત્ર છે. મારે આપને એટલું જ કહેવું છે કે, આ કોંગ્રેસના મિત્રો કયારનાય બૂમો પાડે છે સાહેબ , જયાં કોંગ્રેસની સરકારો છે ત્યાં જઈને જરા પૂછો તો ખરા કે ત્યાંના ખેડૂતોની શું હાલત છે, ત્યાંના ખેડૂતોની શું દશા છે, એતો જઈને પૂછો ? મહારાષ્ટ્રમાં વીજળી નથી મળતી, ધાંધીયા કરે છે તો માનનીય અધ્યક્ષશ્રી, આ જે બીલ લઈને આવ્યા છે એ બીલને સંપૂર્ણ ટેકો આપું છું અને મારું વકતવ્ય પૂરું કરું છું.

**ડૉ.ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જા મંત્રીશ્રી મુંબઈ વિદ્યુત શુલ્ક ગુજરાત દ્વિતિય સુધારા વિધેયક લઈને અહીંયા આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ઉદેશ્યની અંદર, સુધારા વિધેયકની અંદર એમણે બે-ત્રણ કલમો સુધારા માટે અહીંયા આજે રજૂ કરી છે અને પ્રસ્તાવના પણ લઈને આવ્યા છે. એમના ઉદેશ્યમાં બે-ત્રણ વાતો કરી અને ઉદેશ્યમાં જયારે વાત કરી છે ત્યારે એમણે કહયું કે, સેલ્સ ટેકસ પછીની બીજી જો કોઈ ઈન્કમ હોય તો એ વિદ્યુત શુલ્કની અને વિદ્યુત શુલકની ઈન્કમ એ આવક સમસ્ત ગુજરાતમાં જે કોઈ વ્યકિત પાવર વાપરે છે એ પાવર વાપરતી વ્યકિત હોય એના ઉપર ગુજરાત સરકારનો ટેકસ છે. મારા ઘણા બધા ધારાસભ્યશ્રીઓએ પોતાની વાત આ સભાગૃહમાંક રજૂ કરી છે અને એ રજૂ કરી છે ત્યારે એમણે એક-બે વાત એવી પણ કરી કે જે કોઈ ઉદ્યોગો પાંચ વર્ષ માટે આપણે વિદ્યુત શુલ્ક ફ્રી આપીએ છીએ, પરંતુ ઘણાં ઉદ્યોગો એવા છે કે, જે ઉદ્યોગો પાંચ વર્ષ સુધી એ વિદ્યુત શુલ્કની માફી લઈને પછી બીજું પાટિયું બદલાવીને ફરી એજ જગ્યાએ નવો ઉદ્યોગ એજ ઈન્સ્ટ્રુમેન્ટ સાથે કરે, એમની એ વાતનો હું સ્વીકાર કરું છું પરંતુ ૨-૫-૨૫ ઉદ્યોગો આવું કરતા હોય એને કારણે બધા જ ઉદ્યોગો આવું કરે છે એવું માનવું ભૂલભરેલું છે. એમણે અન્ડર ટેકીંગની વાત કરી, ઉદ્યોગની વાત કરી, વિદ્યુત શુલ્કની વાત કરી. જી.ઈ.બી., અમદાવાદ ઈલેકટ્રીસીટી બોર્ડ, સુરત ઈલેકટ્રીસીટી બોર્ડમાંથી આવતા વિદ્યુત શુલ્કની વાત આવે ત્યારે મારે આપના દ્વારા મંત્રીશ્રીને કહેવું છે કે ઘર વપરાશના બીલ ઉપર જે ભયંકર બોજ આવ્યો છે એને કારણે મધ્યમ વર્ગનો વ્યકિત આજે ફફડતો થઈ ગયો છે. નાના નાના ઘરમાં પ્રમાણમાં ખૂબ મોટા બિલ આવે છે. જેને કારણે વ્યકિત ભરી શકતી નથી. સરકારમાં આવતી આવક અને એ આવકમાંથી રાજયનો વિકાસ થાય. ઉર્જામંત્રી એ દૃષ્ટિએ વિચારે એ ખોટી વાત નથી. પરંતુ સવાલ એ છે કે પાંચ કરોડની પ્રજા માટે આપણે અહીં બેઠા છીએ ત્યારે ઘર વપરાશના વિદ્યુત શુલ્ક માટે કાંઈ વિચારવા માગે છે? ઘર વપરાશના બિલમાં અમદાવાદ ઈલેકટ્રીસીટી, સુરત ઈલેકટ્રીસીટીની ભયંકર પરિસ્થિતિ છે. એમાં સરકાર વિદ્યુત શુલ્કમાં કાંઈ કરવા માગે છે કે કેમ? એ આ બિલમાં લઈને આવ્યા હોત તો આનંદ થાત. ૨-૩ પેટા કલમ સુધારી. પેટા કલમમાં ૫ વર્ષ સુધી અન્ડર ટેકીંગને વિદ્યુત શુલ્ક આપવું. ઈન્સ્ટ્રુમેંટની વાત કરી. એ વાત બરાબર છે, પરંતુ છેલ્લી પેટા કલમમાં એવું કહ્યું કે સરકાર એ સત્તા લે છે. આ કલમથી રાજય સરકારને જે સંજોગોમાં શરતોને આધીન રહીને મુદત માટે વ્યાજ અથવા દંડ જતો કરી શકાય એ નિયમોની સત્તા પણ રાજય સરકાર આ કલમથી સુધારવા ધારે છે ત્યારે મારે કહેવું છે કે ઉદ્યોગમાં ઘણીવાર એવી સ્થિતિનું નિર્માણ થાય કે ઉદ્યોગોમાં સત્તા તમારી પાસે આવે ત્યારે સત્તાની રૂએ મહેસૂલ જપ્ત કરવાની વાત આવે રેવન્યુ રાહે જપ્ત કરવાની વાત આવે, ઉદ્યોગના વિકાસની વાત કરીએ ત્યારે વિદ્યુત શુલ્કની આવક ગમતી હોવા છતાં આ દૃષ્ટિકોણથી વિચારવું જોઈએ.ઉર્જામંત્રીશ્રી મુરબ્બી છે. મારા ભાઈ જેવા છે. ઘણો અભ્યાસ કરીને આવે છે એટલે મારી વિનંતી છે કે સમસ્ત પાંચ કરોડની જનતામાં ઘર વપરાશની વિદ્યુત શુલ્ક ઉપર કાંઈક વિચારીને મંત્રીશ્રી ફરી બિલ લઈને આવે તો હું એમને આવકારીશ.

**શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા મંત્રીશ્રી, ૨૦૦૫નું વિધેયક ક્રમાંક ૩૦ લઈને આવ્યા છે એને અનુમોદન આપુ છું. મારા પહેલા ચંદ્રિકાબેન બોલતા હતા એમની ચિંતા કંઈક અંશે સાચી છે એવું જણાય છે. કોઈપણ રાજય હોય, કોઈપણ ઉદ્યોગ હોય જેટલી વીજળી સસ્તી હોય એટલો રાજયનો વિકાસ થઈ શકે. ખેડૂત હોય કે ઉદ્યોગ હોય, દા.ત. ડાયમન્ડનો ધંધો છે, એક હીરા ઉપર બે રૂપિયા વિદ્યુત બિલ આવતું હોય અને ચાયનામાં વીજળી મફત હોવાને કારણે ૧૫ પૈસામાં એક હીરો તૈયાર થાય છે. હીરાનો ધંધો ચાયનામાં પુષ્કળ ખીલ્યો છે. સુરતના કેટલાય ઉદ્યોગપતિઓએ ત્યાં ફેકટરી કરી કારણ કે ત્યાં વિદ્યુત શુલ્ક ઝીરો પર્સન્ટ છે. આપણી પાસે વિદ્યુત મોંઘી હોવાને કારણે આપણે ત્યાં હિમાચલ કે અન્ય પ્રદેશમાં ઉદ્યોગો ખેંચાતા જાય છે. આપણે ગરીબ માણસોની ચિંતા કરીએ. સુરત ઈલેકટ્રીસીટી અને ગાંધીનગર ઈલેકટ્રીસીટી એક જ કંપની ટોરેન્ટ અત્યારે ચલાવે છે. દા.ત. ટેલિફોન બિલ કદાચ એક મહિનો ઘરની બહાર ગયા હોઈએ અને ભરવાનું ચૂકી ગયા હોઈએ તો ટેલિફોન વિભાગ દંડનીય વ્યાજ લઈને રીકનેકશન કરી આપે, પરંતુ આ કંપની એક હજારનું બિલ દંડનીય વ્યાજ સાથે વસૂલ તો કરે પણ બહારગામ ગયા હોઈએ અને ભરવાનું ચૂકી જઈએ તો ત્રણ ગણી ડિપોઝિટ

લે, ૩૦૦૦ ડિપોઝિટ નોન રીફન્ડેબલ જયારે સર્વિસ કનેકશન કેન્સલ કરાવો ત્યારે રિફંડ આપે, ત્યાં સુધી નહીં. આવી કંપનીમાં આવી ડિપોઝિટ દર વર્ષે ૧૦૦કરોડ જેટલી જમા થાય છે. આજના દિવસે સુરત ઈલેકટ્રીસીટી ગણો, અમદાવાદ ગણો, આવી જે કંપનીના હિસાબ લગાવો તો એના રી-કનૅક્શનના દા.ત. બિલ ભરતા ચૂકી ગયા તો એ ડિપોઝિટ ૫૦-૬૦-૧૦૦ કરોડ જમા થાય. સુરત ઈલેક્ટ્રિસિટી કંપની સામે આ બાબતે આંદોલન કરેલ અને એ ટાઈમે ઊર્જા મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલ હતા અને આ બાબતે રજૂઆત કરેલી. આ વિદ્યુત અને સુરત ઈલેક્ટ્રિસિટી દંડનીય કદાચ બિલ ચૂકી ગયા તો ૧૦૦ રૂપિયા જેમ ટેલિફોન કપની જે રીતે લે છે, તે રીતે આ કંપની ૧૦૦ રૂપિયા ૧૨૫ રૂપિયા જે ખર્ચ હોય એ લઈને આ રી-કનૅક્શન ચાલુ કરી આપવું જોઈએ. આ કંપની માત્ર ૩-૩ ગણી ડિપોઝિટ લે છે અને પ્રજાના પૈસા વગર વ્યાજે વાપરે છે અને મોટા મોટા તાગડધિન્ના કરે છે. કોઈપણ કંપની ઉપર કોઈ અંકુશ નથી. અબજો રૂપિયા ખોટા ખર્ચ કરતી હોય છે. આજના દિવસોમાં નાનો માણસ એ નાનો બનતો જાય છે અને મોટો માણસ મોટો બનતો જાય છે, કારણ કે એને પરવડતું હોય છે.

વિદ્યાસહાયક, પોલીસ સહાયક, આરોગ્ય સહાયકની વાત કરીએ તો આપણે ૨૫૦૦ રૂપિયામાં ભરતી કરીએ અને આ ૨૫૦૦ રૂપિયામાં એના ઘરનું બિલ ૫૦૦ રૂપિયા આવતું હોય તો એ શું ખાય, એના છોકરાને શું ખવડાવે. આજના ટાઈમમાં મધ્યમ અને ગરીબ વર્ગના માણસોને જીવવું મુશ્કેલ બનતું હોય છે. આજના જમાનામાં મોંઘવારી માઝા મુકતી હોય, ડિઝલ-પેટ્રોલના ભાવો વધતા હોય અને આવા ટાઈમે ગરીબ માણસોને જે વિદ્યુત શુલ્કમાં રાહત મળવી જોઈએ એ નથી મળતી. વિદ્યા સહાયકની વાત કરીએ તો વિદ્યાસહાયક ભરીએ, પોલીસ સહાયક ભરીએ ૨૫૦૦ રૂપિયામાં પાંચ વર્ષ સુધી ભરીએ અને ૨૫૦૦ રૂપિયામાં ૫૦૦ રૂપિયા પાવર બિલ આવતું હોય. સુરતમાં આ વખતે આવ્યા હતા આપને ખ્યાલ હશે કે ૧૫ થી ૨૦ લાખ રત્નકલાકારો છે, જે દરેક પ્રાંતમાંથી આવે છે. ઓરિસ્સામાંથી પૂષ્કળ છે. ગરીબ માણસોનું સુરત ઈલેક્ટિસિટી કંપનીનું બિલ, ટોરેન્ટનું બિલ એક લૅમ્પ અને ટયૂબલાઈટનું હજાર-પંદરસો રૂપિયાનું આવે છે અને નવા મીટરો જૂના મીટરો કાઢીને નાખતા હોય છે, જે બંધ હોય તો પણ મીટર રીડિંગ થાય તે રીતે ઑટોમૅટીક ફરનાર મીટર આ કુત્રિમ કંપનીઓએ લાવી દીધા. એ લાઈટ બળે કે ન બળે તો પણ આ મીટર ૨૪ કલાક ફરે. સરકાર આ બાબતમાં સજાગ નથી. સરકારે આ બાબતમાં સજાગતા દાખવવી જોઈએ. પ્રજા પીસાય છે. આવી કંપની લૂંટે છે. આવી કંપની ડિપોઝિટો જમા લે છે અને એ પણ નૉન-રિફંડેબલ. દર વખતે ૧૦૦-૧૦૦ કરોડ રૂપિયા એના જમા થાય અને વગર પૈસે વાપરે એવી ડિપોઝિટ ન લેવાવી જોઈએ. ડિપોઝિટ કૅન્સલ થવી જોઈએ. અત્યાર સુધી લીધેલ ડિપોઝિટ પરત અપાવવી જોઈએ અને પાવર કનૅક્શન કપાયું હોય, પાવર બિલ ન ભર્યુ હોય અને કપાયું હોય તો રી-કનૅક્શન માટે નૉર્મલ ચાર્જ લેવાવો જોઈએ. આવી કંપનીઓ મોટામાં મોટી પોલિટિકલ લાગવગથી પોતાના નિયમો સેંકશન કરાવી જતી હોય છે. પ્રજાને ભોગવવું પડતું હોય છે. આ બાબતમાં બિલને અનુમોદન આપું છું, પરંતુ સામાન્ય પ્રજા મોટી કંપનીઓથી લૂંટાય છે, આવી કંપની સામે સરકારની કોઈ સજાગતા નથી અને સરકારે સજાગતા દાખવવી જોઈએ. આભાર.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઊર્જામંત્રીશ્રી બૉમ્બે વિદ્યુત શુલ્કનું જે બિલ લઈને આવ્યા છે. આ બિલની અંદર જે પરિસ્થિતિ બતાવેલ છે, તે પરિસ્થિતિના આધાર ઉપર એમણે એમ કહ્યું છે કે જે લાભ જૂની મશીનરી અને બધું હતું એના કારણે નવા મોટા મોટા પ્રોજેકટો આવે અને બહારથી સંપૂર્ણ નવી મશીનરી આવે એને આ પ્રકારનો લાભ થવાનો છે. આજની ઉદ્યોગની પરિસ્થિતિ છે તે પરિસ્થિતિ જુદી ટાઈપની છે. આ બિલ ઉપરથી સ્પષ્ટ દેખાઈ આવે છે કે કોને ફાયદો થવાનો છે. ગુજરાતની અંદર સૌથી મોટામાં મોટો ફાયદો થવાનો હોય તો ટોરેન્ટ અને એસ્સાર કંપનીઓને મોટામાં મોટો ફાયદો થવાનો છે. જે રીતે મહારાષ્ટ્રની અંદર વિરોધ જાગ્યો. રાજય સરકારે જોવાની બહુ જરૂરિયાત હોય છે કે આપણે જે નીતિ લાવતા હોઈએ છીએ એ નીતિના આધાર ઉપર કયા લોકોને ફાયદો થતો હોય છે. આમ જનતાને, નાના લોકોને ફાયદો થતો હોય કે પાંચ-પચ્ચીસ લોકોને કરોડો રૂપિયાનો ફાયદો થતો હોય છે એ જોવાની જરૂર છે. મહારાષ્ટ્રની અંદર જોયું હશે કે એન.આર.આઈ. મોટી પાવર કંપની હતી, ત્યાં આગળ મહારાષ્ટ્રની પ્રજાએ વિરોધ કર્યો, એટલા માટે વિરોધ કર્યો કે જેને લાભ થતો હતો એ મોટા મોટા લેતા હોય અને આ પ્રકારનો લાભ થતો હોય તો આ બાબતે રાજય સરકારે ચિંતન કરવાની જરૂર છે.

કેગના રિપોર્ટની અંદર ૨૦૦૧ અને ૨૦૦૩ની અંદર રિપોર્ટમાં સ્પષ્ટ બતાવ્યું છે કે ૭૬૩ કરોડ રૂપિયાની ખોટ હતી. આ એક અખબારી યાદીમાં બતાવ્યું છે કે એસ્સાર કંપની અને ગુજરાત વિદ્યુત બોર્ડ સાથે પાવર અંગેના કરારો થયા હતા તે કરારોનો ભંગ થયો છે તેના કારણે રાજય સરકારને ૧૨૫૫ કરોડ રૂપિયાથી મોટી રકમની વસૂલાત કરવાની છે. આવડી મોટી રકમ વસૂલ કરી હોત તો તેના કારણે કેટલો મોટો ફાયદો થયો હોત. તેમાં રાજય સરકારે મોટામાં મોટી ઉદાસીનતા દાખવી છે. તે રકમ વસૂલ કરવા માટે નકકર પગલાં લેવાં જોઈતાં હતાં પણ આજે પણ તે અંગે કોઈ પગલાં લીધાં નથી. આજે ઉદ્યોગ બાબતની અંદર એક બાબત નિશ્ચિત છે. હું પણ ઉદ્યોગક્ષેત્રમાંથી આવું છું. જાન્યુઆરી ૨૦૦૫ થી જુલાઈ ૨૦૦૫ સુધીમાં ગુજરાતમાં ૪૭૦૦ કરોડ રૂપિયાના મૂડી રોકાણો ઓછાં થયાં છે. ૨૦૦૪ની અંદર આપણા રાજયનો જે બીજો નંબર હતો તે ૨૦૦૫ની અંદર ત્રીજો થઈ ગયો છે. આમાં માત્રને માત્ર કારણ હોય તો ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવાની વાત થાય છે, મોટી મોટી વાતો થાય છે,

જાહેરાતો થાય છે, વાઈબ્રન્ટ ગુજરાતના નામે જાહેરાતો થાય છે. ઉદ્યોગોને ઓરીજીલ જે લાભ  થવો જોઈતે તે લાભ નહીં થવાને કારણે ઉદ્યોગો જે આવતા નથી. તે સ્પષ્ટ કાગળ ઉપર જ છે. રિપોર્ટમાં સ્પષ્ટ છે કે ૪૭૦૦ કરોડથી વધારે રૂપિયાના મૂડી રોકાણનો ઘટાડો થયો છે. આમાં બતાવવામાં આવ્યું છે બીજી કલમમાં  ૧૨ ટકા વ્યાજ બાબતમાં. એમ થાય છે કે એક બીજો લાભ આપવાનો છે અને એકબાજુ બાર ટકાની વાત કરો છો આ કયા પ્રકારની વાત છે તે ખ્યાલ આવતો નથી. મારા ઘણા બધા મિત્રોએ વાત કરી નાના લોકોને ફાયદો થવો જોઈએ. એક માણસને હજારો કરોડો રૂપિયાનો ફાયદો થઈ જાય અને લાખો લોકો હોય તેને માત્ર ૪૭૫ કરોડ રૂપિયાનો ફાયદો કરવાનો. જયારે આટલો બોજો હોય, લાખો લોકોને ફાયદો થયો હોય અને તેમાં આપણે રાહત આપીએ તો લાખો લોકોને ફાયદો થાય. પણ પાંચ પચ્ચીસ લોકોને ફાયદો કરવા માટે રાહત આપીએ, આટલી મોટી જંગી રકમ આપીએ, સરકારની આટલી મોટી રકમ વેડફાતી હોય અને નાના લોકોને લાભ ન મળે તો તેના માટે ખરેખર ચિંતન કરવાનો સમય પાકી ગયો છે. એકબાજુ ખેડૂતો માટેની ચિંતા થતી હોય, સરકાર ફરજિયાત મીટર પ્રથા દાખલ કરતી હોય, દિન પ્રતિદિન વીજળી મોંઘી થતી હોય તેવી સ્થિતિમાં નાના ખેડૂતોને, ઘર વપરાશકારોને લાભ આપવામાં આવે તો ચોકકસ આ બીલનો હેતુ ફળે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે જયાં મોટા લાભો મળે છે તેની જગ્યાએ નાના લોકોને લાભ મળે તેવી વાત સાથે ચોકકસ સુધારો કરીને લાવશે તો અમારો પણ તેમાં સહકાર રહેશે. આભાર.

**શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા)** :  માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જા મંત્રીશ્રી જે વિધેયક ક્રમાંક:૩૦ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યુત શુલ્ક અને ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા માટે રાહતો આપે તેમાં વાંધો નથી, ઉદ્યોગોની જરૂર છે પરંતુ ઉદ્યોગકારની કોઈપણ પ્રોડકટ તેની લાગત પર વેચાય છે. જે ઉદ્યોગ હોય તે જે પ્રોડકટ બનાવે તેની પ્રોડકટ પર વીજળીના બીલથી તમામ ખર્ચ લગાવી પછી વેચવામાં આવે છે કે આ ભાવની પડતર છે અને તેમાં નફો ચડાવી કિંમત નકકી કરી બજારમાં મૂકવામાં આવે છે. તેમાં લાભ કરાવે તેમાં વાંધો નથી. પણ સાથે સાથે સૂચન છે કે અગર સરકાર ગુજરાતના ખેડૂતોની હોય, ગુજરાતના ગરીબોની હોય તેવી વાત કરે, તેવા ભાષણો કરતી હોય તો તેમના માટે કંઈકને કંઈક લાવવું હતું કે આ ગુજરાતના ખેડૂતો છે તે એની કોઈક પ્રોડકટ તેની કોઈક ઉપજ તે લાગત પર વેચી શકતો નથી. તે પણ આપણો જ કાયદો બનાવેલો છે. તેનો માલ તે બજારમાં મૂકે અને માર્કેટના ભાવે તેને માલ વેચવો પડે છે.

અને ગમે એટલું નુકસાન આવતું હોય છતાં પણ એ માગી શકતો નથી. ખેડૂતોને કાયદાનું રક્ષણ પણ મળતું નથી કે મારી આટલી લાગત છે તો આ ભાવ આપો અને એ ખેડૂતને તો આપણે જગતનો તાત કહીએ છીએ તો એના માટે કંઈક વિચાર્યુ હોત તો અમને આપના પ્રત્યે લાગણી અને પ્રેમ થાત, ગરીબ માણસો એક લાઈટનો બલ્બ રાખી શકતા નથી અને શુલ્ક વધારે આવે છે, એ ગરીબ માણસ અંધારામાં રહેવાનું પસંદ કરે છે કે ચંદ્રમાના અજવાળામાં રાત્રે બહાર ખાટલો ઢાળીને એ સૂઈ જાય છે તો એવા ગરીબ માણસો માટે કંઈક  વિચાર્યુ હોત તો સારું થાત પણ દુ:ખ તો એ વાતનું છે કે, માનનીય મંત્રીશ્રી આવા ગરીબ એરિયામાં જઈને જુએ અને જાત અનુભવ કરે કે આ ગરીબ માણસો કઈ રીતે જીવી રહ્યા છે, ગરીબ માણસોને પંખો ચલાવવો છે પણ એ પંખો ચલાવી શકતો નથી, એ પંખો લાવી શકે છે પણ એ પંખાનું લાઈટ બિલ એ ભરી શકતો નથી તો એવા ગરીબ માણસો માટે કંઈક વિચાર્યુ હોત તો અમને ચોક્કસ લાગણી થાત કે માનનીય મંત્રીશ્રીએ અને આ સરકારે ગરીબ માણસો માટે, ખેડૂતો કંઈક વિચાર્યુ છે, જેમ મજૂર છે એને પણ કોઈ લાગત નથી, એને મજૂરી મળી તો નહીંતર ઘરે  બેસી રહે.

ઉદ્યોગોની આપણને સો ટકા જરૂર છે, રાજયની પ્રગતિ માટે એ જરૂરી છે, રાજયમાં ઉદ્યોગો હોવા જોઈએ, ઉદ્યોગોને પ્રોત્સાહન આપવું જોઈએ પણ મેં કહ્યું એમ એ લાગત પર છે અને જે વગર લાગતના મજૂરો છે, ગરીબ માણસો છે એને સાંજે રોટી મળી તો મળી, નહીંતર ભૂખ્યા એને સૂઈ રહેવું પડે, એ અંધારામાં સૂઈ રહે છે કારણ કે એ લાઈટનું બિલ નથી ભરી શકતો તો એવા માણસો માટે કંઈક વિચાર્યુ હોત તો સારું હતું,

માનનીય ધીરુભાઈએ વાત કરી એ એમણે સાચી વાત કરી છે કે હીરાના ધંધાથી બિલકુલ પ્રદૂષણ થતું નથી અને એ એના ઘરમાં સીંગલ ફેઈઝથી એ ચલાવી શકે, દશ બાય દશના રૂમમાં એ પાંચ દશ જણાને રોજી આપી શકે અને એ પોતાનો ધંધો શકી શકે તો આપે આ જાતું કર્યુ હોત તો સારું હતું. આપણે ગરીબ માણસોને નોકરી આપી શકતા નથી, આજે કેટલાય શિક્ષિત બેરોજગારો ફરે છે તો એ પણ હીરાના ઉદ્યોગમાં લાગે તો આ વિદ્યુત શુલ્ક છે એ બિલકુલ માફ કરીએ અને ઉદ્યોગો પણ વધારે ઓછા કરીને લાગત પર જાય છે. ગરીબ માણસોને રોજી મળી રહે અને હીરાના ઉદ્યોગથી બિલકુલ નુકસાન થતું નથી તો એ જાતનો એ ધંધો કરી શકે અને આ વીજળીના અભાવે તો ધીમેધીમે એ ઉદ્યોગ બીજા રાજયોમાં અને બીજા દેશોમાં ખસી રહ્યો છે તો એને રોકવા માટે માનનીય મંત્રીશ્રી વિચારે એવી મારી વિનંતી છે અને હીરાના ધંધામાં તો ખાસ કરીને બેરોજગારોને ધંધો આપવો જોઈએ અને એ માટે શુલ્ક બિલકુલ માફ કરવામાં આવે, બીજે લગાવો તો આપણે આવા ગરીબ લોકોને, બેરોજગારોને રોજી આપી શકીશું અને એ માણસોને જીવાડી શકીશું, એમને ટકાવી શકીશું તો આવું બધું આપ વિચારો એવું મારું સૂચન છે. આ બધામાં એક પણ આપણા સુધારામાં નથી માટે સમર્થન નહીં આપી શકું

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ જે બિલ લઈને આવ્યા છે, એ બિલ લાવ્યા છે ખરા પણ એ શો કરવા માટે લાવ્યા છે કે એનો અમલ કરવા માટે લાવ્યા છે ? એ શો કરવા માટે લાવ્યા હોય એવું મને લાગે છે, એનો અમલ કરતા નથી કારણ કે આ બિલ લાવ્યા છે, એમાં મોટા ઉદ્યોગોને લાભ થવાનો છે, નાના ઉદ્યોગપતિઓને ફાયદો થવાનો નથી, ખેડૂતોને પણ ફાયદો થવાનો નથી. આજે તો ખેડૂતોને ઓછા વૉલ્ટેજની વીજળી આપવામાં આવે છે એટલે ખેડૂતોને બે બે ત્રણ ત્રણ વાર મોટરો બળી જતી હોય છે અને મોટર બળી જવાથી ખેડૂતોને ઘણો ખર્ચ એ રિપેર કરાવવા માટે થતો હોય છે, ત્રણ વખત મોટર બળી જાય તો એ લાઈટ બિલ પણ ભરી શકતો નથી, તો ઓછા વૉલ્ટેજની વીજળી ખેડૂતોને કેમ આપવામાં આવે છે? મોટરો બળી જવાને લીધે ખેડૂતો પાયમાલ થઈ જતા હોય છે, ખેતી પણ એક ઉદ્યોગ છે પણ એને કોઈ ફાયદો થવાનો નથી. નાના ઉદ્યોગપતિઓ બેકાર થવાના છે અને નાના ઉદ્યોગો બંધ થવાથી મજૂરોને મજૂરી પણ નહીં મળે એટલે આ જે બિલ લાવ્યા છે એ બિલનો સદુપયોગ કરો તો સારું, એનો દુરુપયોગ કરો તો એનો કોઈ અર્થ નથી, તો એનો સદુપયોગ કરો એવું મારું સૂચન છે અને સદૂપયોગ કરશો તો લોકો તમણે વખાણશે નહીંતર પાછા આ પાટલી પર આવીને બેસવું પડશે એટલે આપ વિચારો, આપ તો બુધ્ધિશાળી છો તો સદુપયોગ થાય એવું વિચારો તો સારું.

**શ્રીસૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, ઈલેકિટ્રસિટી ડયુટીનું એમેન્ડમેન્ટ આ હાઉમાં લાવ્યા હતા એ બિલ ઉપર અગિયાર જેટલા માનનીય સભ્યશ્રીઓએ ભાગ લીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વખત મને એમ થયું કે, બે ત્રણ સભ્યશ્રીઓએ એમ કહ્યું કે, "આમાં ઉદ્યોગોને વધારે ફાયદો છે." ત્યારે મને એમ થયું કે આ બિલ હું બરાબર વાંચીને તો આવ્યો છું ને, મેં તો કોઈ ભૂલ નથી કરીને ? કેમ કે, આ બિલને વાંચ્યા પછી એનો અભ્યાસ કરીએ તો એમ સ્પષ્ટપણે દેખાય છે કે આ બિલમાં સુધારો લાવવાથી માત્રને માત્ર સરકારને ફાયદો છે. જે કોઈ નાના મોટા લુફોલ્સ હતા એ લુફોલ્સ પ્લગીંગ કરીએ છીએ. આ લુફોલ્સ પ્લગીંગ કરીએ એટલે આપણી આવક વધે. જે ખોટો ફાયદો લેતા હતા એ ફાયદો બંધ કરવા માટે આ સુધારો લાવ્યા છીએ. એટલે આમાં કોઈ મોટા ઉદ્યોગોને કોઈ જાતનો ફાયદો જ નથી સરકારને ફાયદો છે. એટલે જેઓ ખોટું કરવા ઈચ્છતા નથી એ બધાને આ બિલ દ્વારા ફાયદો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી ગૃહમાં આવી ગયા એથી મને આનંદ થયો. એમણે ઘણી વસ્તુની વાત કરી, મારે એક વસ્તુ તરફ આપનું ધ્યાન દોરવું છે કે, ગુજરાત સરકાર, ગુજરાત રાજય જયારે ૧૯૬૦થી બન્યું ત્યારથી કોંગ્રેસની સરકારો આવી, કોંગ્રેસના મુખ્યમંત્રીશ્રીઓ આવ્યા, ભારતીય જનતા પાર્ટીની સરકારો આવી, ભારતીય જનતા પાર્ટીના મુખ્યમંત્રીશ્રીઓ આવ્યા પણ ઈલેકિટ્રસિટી ડયુટીમાં જેની હમણાં બધાએ ચિંતા વ્યકત કરી કે ભાવો વધારે છે, ભાવો વધારે છે. એવી અનેક ચિંતા કરી પણ મારે કહેવું છે કે, આખા રાજયના આટલા વર્ષોના ઈતિહાસમાં જો કોઈએ ડયુટી ઘટાડવાનું કામ કર્યું હોય તો એ એક જ નાણામંત્રીશ્રીએ, આપણા માજી નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, કોઈ નાણામંત્રીશ્રીએ આટલા વર્ષોના બજેટમાં આ કર્યું નથી. આટલા ૫૦ વર્ષોના કોંગ્રેસના શાસનમાં એમણે વધારો કરવા સિવાય કોઈ કામ કર્યું નથી. તમે વિચાર તો કરો કે એક જમાનાનો ટેકસ રેટ કેટલો હતો? ૪ ટકા ઈલેકિટ્રસિટી ડયુટી, સેલ્સ ટેકસ લગાવાતો હતો. એ ૪ ટકા સેલ્સ ટેકસ ભારતીય જનતા પાર્ટીની સરકારે નાબૂદ કર્યો છે, કોંગ્રેસની સરકારે નહીં. કોંગ્રેસે તો ૪ ટકા સેલ્સટેકસ લગાવ્યો હતો. ગુજરાત આખા હિન્દુસ્તાનમાં એક માત્ર રાજય એવું હતું કે, જે ઈલેકિટ્રસિટી ડયુટી ઉપર સેલ્સટેકસ લગાવતું હતું એ ભારતીય જનતા પાર્ટીની સરકારે નાબૂદ કર્યો છે. આવા તો અનેક દાખલા આપીને કહીશ કે, ૨૦૦૦ની સાલથી આ છેલ્લું બજેટ આવ્યું ત્યાં સુધીમાં ૬૨૫ કરોડ રૂપિયાની રાહત આપી છે. તમે વિચાર તો કરો કોંગ્રેસના એક પણ નાણામંત્રીશ્રી કે એક પણ મુખ્યમંત્રીશ્રી એમ કહી શકશે કે અમે એક રૂપિયાની રાહત આપી છે? તેઓ ખેડૂતોની વાત કરે છે, એ ખેડૂતોની ચિંતા કરે છે પણ ખેડૂતોને ઈલેકિટ્રસિટી ડયુટીમાં સંપૂર્ણપણે માફી આપી હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપી છે. (અંતરાય) અરે ભાઈ, હજુ આગળ વાત સાંભળો. તમે ઉદ્યોગોની ચિંતા કરો છો ત્યારે કહું છું કે, ઉદ્યોગોના હાઈટેન્શનમાં ૨૦ ટકા લેતા હતા આ છેલ્લા બજેટમાં ૫ ટકા જેટલો ઘટાડો કરીને ૧૫ ટકા આ સરકારે કર્યા છે. રહેણાંક માટેની ચિંતા કરતા હતા, રહેણાંકમાં ૨૦૦૦ની સાલમાં ૫ ટકાનો ઘટાડો આ સરકારે કર્યો છે. કોમર્શીયલ ઉપર તમે લોકો ૬૦ ટકા ટેકસ લેતા હતા એના ઉપર અમે ૧૫ ટકાનો ઘટાડો કર્યો છે. શૈક્ષણિક સંસ્થાઓને પણ તમે છોડી નથી. શૈક્ષણિક સંસ્થાઓમાં પણ ૫ ટકાનો ઘટાડો કર્યો છે. આ બધા ભાવો તમે એચ. પી.ના એટલા બધા લાવી દીધા હતા કે, અમે એ એક સાથે ઘટાડીએ તો મુશ્કેલી થાય. અમારી પણ ઈચ્છા છે અને માનનીય ધારાસભ્યશ્રી મહેન્દ્રભાઈએ વાત કરી એ ખૂબ સાચી વાત કરી પણ એક સાથે ઘટાડી દઈએ તો રાજયમાં સેકન્ડ નંબરનો સોર્સ છે જેના ઉપર કેટલો મોટો ઘટાડો આવે. કેટલો મોટો ઘટાડો આવે, આ ઘટાડ્યું, આ ઘટાડ્યા પછી પણ આપણે પ્લાન સાઇઝ અગયિાર હજાર કરોડ કર્યો છે, ઘટાડ્યા પછી પણ, અને એ ઘટાડ્યા પછી પણ ઈલૅક્ટ્રીસીટી ડ્યૂટી, એમાં આવકમાં વધારો થયો છે અને વધારો પણ કેવો, આ વખતના પ્લાનમાં ઘટાડ્યા પછી અમે અઢીસો કરોડનો પ્લાન વધાર્યો છે. અઢારસો કરોડનું એક્સપેન્ડીચર નાંખ્યું છે. આ એમને એમ નથી થતું. આની

પાછળ આયોજન કરવામાં આવે છે. ઘણું પ્લાનિંગ કરવામાં આવે છે. ઈલૅક્ટ્રીસીટી ડ્યૂટીના દર વધાર્યા સિવાય અનેક અનેક ભૂલો કરી છે. અનેક અનેક ભૂલો કરી છે, હું ખાલી આપને એક દાખલો આપું કે કૅપ્ટિવ જનરેશનની અંદર ૨૦૦૪ અને ૨૦૦૫ની અંદર કુલ ઈન્સ્ટોલ્ડ કેપેસિટિ ૪૬૦૫ મેગાવોટ છે, જેનું ઉત્પાદન ૧૩૨૨૧ મિલિયન યુનિટ છે, એમાંથી એકઝમ્પ્ટેડ કેટલું છે? આજની તારીખે એકઝમ્પ્ટેડ ૮૩૨૭. એટલે ભરે છે ૪૮૯૪, જે માત્ર ૧૪૪ કરોડ ભરે છે. આ ૮૩૨૭નું એકઝમ્પ્શનનું પાપ કોણે કર્યુ છે? માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ આવ્યા પછી એમણે કલેરિટિ કરી નાંખી કે કોઈપણ સંજોગોમાં કોઈપણ ઉદ્યોગ ના આવે હવે એને પાંચ વર્ષ કરતાં વધારે એકઝમ્પ્શન આપણે આપવાનું નથી. એ કલેરિટિ કરી અને એને કારણે ખૂબ મોટો રાજ્યની આવકમાં ફાયદો થયો છે. કોંગ્રેસની સરકાર હતી, કેટલા વર્ષનું એકઝમ્પ્શન આપે? પંદર વર્ષ, મોટા મોટા ઉદ્યોગો આ જે નામ બોલ્યાને એ બધા, એ બધા ઉદ્યોગોને પંદર પંદર વર્ષ અને એ ક્યારે પૂરા થાય છે એકઝમ્પ્શન? ૨૦૦૮, ૨૦૦૯, ૨૦૧૦, ૨૦૧૧ અને ૨૦૧૨ (અંતરાય) તમે વિચાર તો કરો કે ૨૦૧૨ની અંદર આ ૮૩૨૭ જેટલા યુનિટોનું એકઝમ્પ્શન પૂરું થશે, જો આને પાંચ વર્ષ આપ્યા હોત તો અત્યારે ઈલૅક્ટ્રીસીટી ડ્યૂટીની આવક આપણી બે-અઢી હજાર કરોડ થઈ હોત અને જો આટલી જ રાખી હોત તો આ દર આનાથી ૨૫ ટકા કરી શક્યા હોત પણ કમનસીબે એ વખતના મુખ્યમંત્રીશ્રીઓએ મોટા ઉદ્યોગોને લાભ અપાવવા માટે, ઉદ્યોગોને ફાયદો કરાવવા માટે પંદર પંદર વર્ષનું એકઝમ્પ્શન અને આવા ૬૫ યુનિટો છે, આ ખેડૂતોની ચિંતા કરવાવાળા વિરોધપક્ષના આગેવાનો આ ૬૫ યુનિટોને ૧૦૬૫ મેગાવોટની વાતો કરવા નીકળે છે.

**અધ્યક્ષશ્રી**: કેટલા મેગાવોટ છે? મેગાવોટ કેટલા છે?

**સૌરભ પટેલ** : આપશ્રીને જે પૂછ્યું એકઝમ્પ્ટેડ યુનિટ, આજની તારીખે ૮૩૨૭ એકઝમ્પ્ટેડ યુનિટ છે, હું બીજી વાત કરું માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ વીજળીના ભાવની ચિંતા કરી એ વીજળીના ભાવ વધારામાં ઈલૅક્ટ્રીસીટી ડ્યૂટી તો એક ભાગ ખરો જ પણ બીજો એક ભાગ કયો? કોલસો, ફ્રેટ, બાજપાઈજી પાંચ વર્ષ રહ્યા, એક રૂપિયાનો ભાવ ના વધાર્યો અને અમારા • (xxx) આવ્યા, ચેરમેનશ્રી અને મનમોહનજીની સરકાર આવી તો કોલસાનો ભાવ વધારો કર્યો આપણે કોલસાનો ભાવ ખેડૂતો ઉપર કે પ્રજા પર નહિ નાંખ્યો.

**પોઈન્ટ ઓફ ઓર્ડર**

**હાઉસમાં ઉપસ્થિત ન હોય તે વ્યકિતના નામનું સંબોધન કરવા અંગે**

**ડૉ.દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, જે આ ગૃહમાં ઉપસ્થિત ન હોય એનું નામ લઈ અને કંઈ પણ ટીકા કરવામાં આવે અથવા તો તેની વિરુધ્ધમાં કોઈ જાતની વાત કરવામાં આવે તે આ ગૃહની શોભાને અનુરૂપ નથી માટે આ શબ્દો પાછા ખેંચવામાં આવે.

**શ્રી અશોક ભટ્ટ ( વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ડો. દિનેશભાઈનો જે પોઈન્ટ ઓફ ઓર્ડર છે અને માનનીય મંત્રીશ્રી જે કહેતા હતા તે તો ચેરમેન તરીકે આવ્યા એવું કહ્યું છે તેમાં કોઈની ટીકા કરી નથી, ટીકા નથી સાહેબ.

**અધ્યક્ષશ્રી** : આપણે * (xxx) નામ છે તે રદ કરીએ છીએ અને ચેરમેન તરીકે ચાલુ રાખીએ છીએ.

**મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત દ્વિતિય સુધારા) વિધેયક, ૨૦૦૫ (ક્રમશઃ)**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં ઘણી વખત વાત કરી, મેં કહ્યું આ કોલસાના ભાવ વધ્યા તો આપણને કેટલું નુકસાન ગયું? અરે, ભાઈ થોડી તમે ભલામણ કરી હોત આ કોલસાના ભાવમાં ઘટાડો થયો હોત અને લાભ થયો હોત. કોલસાનો ભાવ તો ગયો પછી પેલા રેલવેવાળા કહે અમે રહી ગયા, તો નૂર ભાડામાં વધારો કર્યો. તમે વિચાર તો કરો કે આ કાયદાઓ કેવા છે કે અહીંયાંથી ગેસ આપણે મોકલીએ અને એ જે ગુજરાતનો ગેસ જે હજીરામાં ભાવ પડે એજ દિલ્હીમાં ભાવ પડે. બન્ને સરખો. અન્યાય કેટલો? કોલસાનો ભાવ બિહારમાં જુદો અહીંયા જુદો, આ અન્યાય અત્યારે આપણને કેન્દ્ર તરફથી થઈ રહ્યો છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જામંત્રીશ્રીને એટલું જણાવું છું કે, આપના નાયબ વડાપ્રધાન હતા કોલસાની પ્રાઈસના રેસનાલાઈઝેશન માટે છ વર્ષમાં કોઈએ કંઈ કર્યું નહીં અને અત્યારે આપણા મુખ્યમંત્રી એમ કહે છે કે સંસદ સભ્યો તે વખતે આપના હતા ત્યારે કોઈએ કંઈ રજૂઆત કરી નહીં તો આપના ચૂંટાયેલા સંસદ સભ્યો તે દિવસે શું કરતા હતા? અને આપ તે દિવસે શું કરતા હતા? એટલે આ બધા મહેણા ટોણા મારવાની વાત રહેવા દો. ગુજરાતની અંદર આપણો ડિમાન્ડ એન્ડ સપ્લાઈનો જે ગેપ છે તે ગેપ

• * આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાં કાઢી નાંખવામાં આવ્યા છે.

ક્યારે પુરવાના છો ? અને આપે જે વાત કરી કે ખેડૂતોને આપ્યું છે મીટર પ્રથા અમે નાબૂદ કરેલી. ડબલ ભાવ આપના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના રાજમાં વધ્યા છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ કોસ્ટ ઓફ પાવરની આટલી ચિંતા કરી, ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી ત્યારે આપણને એડમીનીસ્ટ્રેટીવ પ્રાઈસમાં ગેસ મળતો (અંતરાય)

**અધ્યક્ષશ્રી:** પરેશભાઈ પ્લીઝ.

**શ્રી સૌરભ પટેલ** : સાચું બોલું છું સાંભળવાની તેમનામાં તાકાત નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી:** પરેશભાઈ પ્લીઝ. જવાબ આપે છે. પ્લીઝ, બિલ ઉપર બોલે છે. પ્લીઝ..

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધ પક્ષના નેતા શ્રી અર્જુનભાઈએ વાત કરી છે તે વિશે હું વાત કરું છું. આ જયારે ગેસના ભાવો વધ્યા ત્યારે આપણને એડમીનીસ્ટ્રેટીવ પ્રાઈસમાં ગેસ મળતો હતો, તો શું કામ એડમીનીસ્ટ્રેટીવ પ્રાઈસ કાઢી? આનાથી રાજયને ૬૦૦ કરોડનો બોજો વધાર્યો. આપણી વીજળી સંપૂર્ણપણે આના કારણે મોંઘી થઈ અને આનો બોજો જી.ઈ.બી.એ ઉપાડયો છે એ અમે પ્રજા ઉપર નાંખ્યો નથી. વિરોધ પક્ષના નેતાએ વીજળીના ભાવોના મુદ્દા ઉપર વાત કરી કે વીજળીના ભાવો વધવાથી આપણા ઉદ્યોગોમાં રોકાણ ઓછું થઈ ગયું છે. અનેક વખત બધા સભ્યશ્રીઓ બોલ્યા છે આ દસ-પંદર દિવસ પહેલા પાર્લામેન્ટની અંદર સવાલ પૂછવામાં આવ્યો કે ૨૦૦૪-૨૦૦૫ની અંદર સૌથી વધારે રોકાણ કયા રાજયમાં થયું છે ? તો તેમાં પહેલો નંબર ગુજરાતનો આવ્યો છે અને આ સવાલનો જવાબ કેન્દ્રના મંત્રીશ્રીએ લેખિતમાં આપ્યો છે. એટલે નવા રોકાણોની અને ભાવ વધારાની તમારી વાત છે એ અસ્થાને છે. એસ્સાર અને ટોરેન્ટની વાત કરે છે ત્યારે એમને એમ કહું કે કરાર તે લોકો કરે અને ઘટાડવાનું કામ અમારે કરવાનું. ૪૯૫ કરોડ રૂપિયા અને આ માનનીય મુખ્યમંત્રીશ્રીએ બધા ઉદ્યોગપતિઓને બોલાવીને કહયું કે તમારી વીજળી મોંઘી પડે છે તો એના ભાવ ઘટાડો અને બધાએ સાથે બેસીને ભાવ ઘટાડયા છે. કરાર તમે લોકોએ એમની સાથે કર્યા હતા અને ભાવ અમે ઘટાડયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, વીજળીની એમણે બહુ ચિંતા કરી અને એમણે ડિમાન્ડ અને સપ્લાયની વાત કરી, કોલસાના પથ્થરની વાત કરી, પરંતુ હું એ બધી વાત કરતો નથી. હું એક ખાલી ધ્યાન દોરું કે ૧૯૯૬ માં આપેણે સૌથી વધારે એમ.યુ. એક દિવસમાં આપી હોય તો એ ૧૧૮ એમ.યુ. છે, ૧૯૯૯ માં ૧૪૮ છે, ૨૦૦૩ માં ૧૭૧ છે અને ૨૦૦૫ માં ફકત એક જ દિવસમાં ચાર દિવસ પહેલાં સૌથી વધારે ૧૮૩ એમ.યુ. આપી છે, જે ગુજરાતના ઈતિહાસમાં સૌથી વધારે છે એટલે કે ૧૮૩ કરોડ કયારેય પણ આપી નથી અને ખેડૂતોની માંગ પૂરી કરવા માટે આપી છે. (અંતરાય)

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : આખા વર્ષના આંકડા આપો ને?

**શ્રી સૌરભ પટેલ** : અરે, એક દિવસના એમ.યુ. કાઢયા છે, પરંતુ જો પાકો એવરેજ કાઢું તો આનાથી પણ વધારે થાય અને ખેડૂતોની અમે આ રીતે ચિંતા કરી છે. આ નેપ્થાની વીજળી એન.ટી.પી.સી.પાસેથી આ સરકારે ૬.૪૭ ના ભાવથી ખેડૂતોને આપવા માટે ખરીદી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે બીજી વાત કરી કે તમે યુનિટો કેટલા સ્થાપ્યા? તો ગઈકાલે જ ટોરેન્ટનું ૧૦૦૦ મેગાવોટનો પ્રોજેકટ નાખવાનું ખાતમૂહૂર્ત કરવામાં આવ્યું છે. સરકારની સ્ટેટજી બહુ સ્પષ્ટ છે કે સેન્ટ્રલ પાસેથી લેવી, ખાનગી કંપનીઓને પ્રોત્સાહન આપવું અને સ્ટેટ કંપનીઓ દ્વારા કરાવવું. હું સેન્ટ્રલની વાત કરું તો સેન્ટ્રલ સાથે સસ્તી વીજળીના કરારો કર્યા છે. વિંદ્યાચલનું ૨૩૯ જે માર્ચ, ૨૦૦૭ માં આવશે, સીપત (સ્ટેજ-૧) ૨૩૯ નું સપ્ટેમ્બર, ૨૦૦૭ માં આવશે, કહલગાંવ ૯૨ નું માર્ચ, ૨૦૦૭ માં આવશે, બહાર ૨૬૦ નું માર્ચ, ૨૦૦૭ માં આવશે., નોર્થ કરનપુરા ૨૩૧ નું ૨૦૦૯ માં આવશે અને સીપત(સ્ટેજ-૨)નું ૪૭૩ નું ડિસેમ્બર, ૨૦૦૯ માં આવશે. એમ કરીને ૧૭૬૬ એમ.જી.ના આવતાં ત્રણ વર્ષનાં કેન્દ્રનાં યુનિટ જે ગેસ બેઈઝ છે અને કોલ બેઈઝ યુનિટના કરાર કરેલ છે જે ૨ રૂપિયા ૨૦ થી ૩૦ પૈસાના ભાવથી પડે છે. એવી જ રીતે હાઈડ્રોની વાત કરું તો સરદાર સરોવરનું કામ ફૂલફેઈઝમાં ચાલે છે.

**અધ્યક્ષશ્રી** : બળદેવજી એમ કહે છે કે એ અમારા માટે કામમાં આવશે.

**શ્રી સૌરભ પટેલ** : એવી જ રીતે જી.આઈ.પી.સી. એલ. લિગ્નાઈટ આધારિત ૨૦૦૦ એમ.જી.નું કરીએ છીએ અને એવી રીતે ઉત્તરાણ ૩૦૦ મેગાવોટ, પાનન્ધ્રો, સિકકા અને ઈમ્પોર્ટેડ કોલનાં એક બે પ્રાઈવેટ કંપનીઓને કરવા માટે પ્રોત્સાહન આપીએ છીએ. એટલે આપણે બધું જ ફયુઅલ રાખીએ છીએ. આપણે ઈમ્પોર્ટેડ કોલનું, આપણે લિગ્નાઈટ કોલનું ફયુઅલ રાખીએ છીએ, આપણે ગેસનું રાખ્યું છે અને આપણે કેન્દ્રની પાસે પણ રાખ્યું છે. આમ કરીને આપણે સૌથી વધારે વીજળીનું ઉત્પાદન કરવા માટે આ પ્રમાણેની ગોઠવણ કરી છે.

સૌથી વધારે અગત્યનો એક બીજો મુદ્દો એ કહેવા માગું છું કે. માજી વડાપ્રધાનશ્રી રાજીવ ગાંધીએ પીપાવવાના ગેસ માટેનું વચન આપ્યું હતું, બાજપાઈજીએ પણ આપ્યું હતું અને બધું આગળ પણ નીકળ્યું અને હમણાં જ દિલ્હીની સરકારે કહયું કે પીપાવાવમાં તમને ગેસ મળશે નહીં, પીપાવવાનો ગેસ તમને મળશે નહીં. આપણા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહયું કે કેન્દ્રનો ગેસ આવે કે ના આવે અમે પીપાવાવનો પ્રોજેકટ નાંખીશું અને એ ગેસ આપે કે ના આપે, અમને જી.એસ.પી.સી. ગેસ આપશે અને અમે એ રીતે ગમે ત્યાંથી ગેસ લાવીને સૌરાષ્ટ્ર અને પીપાવાવમાં ૩૧૫ મેગાવોટનું પાવર સ્ટેશન ચાલુ કરીશું અને હું ચેલેન્જ સાથે કહું છું કે આવતા ચાર છ મહિનામાં આ પ્રોજેકટનું ખાતમૂહૂર્ત કરીશું. એટલે અમે આ બધી ચિંતા કરીએ છીએ એના કારણે આ રાજયનો વિકાસ થયો છે અને આ ચિંતાના કારણે મૂડીરોકાણમાં આખા દેશમાં ગુજરાત નંબર ૧ તરીકે આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, એટલે ઘણીબધી વાતો થઈ.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, પૂરું કરો હવે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોની વાત કરી દઉં. ગુજરાત એક માત્ર એવું રાજય છે કે જે સૌથી વધારે સબસિડી ખેડૂતોને આપે છે. ૧૮૦૦ કરોડ રૂપિયા જેટલી સબસિડી ગુજરાત આપે છે. ગુજરાત કોઈપણ ઈલેકટ્રીસીટી ડયુટી ખેડૂતો પાસેથી લેતું નથી. અને આજની તારીખમાં સૌથી વધારે ખેડૂતોને વીજળી આપતું કોઈ રાજય હોય તો એ ગુજરાત છે. વીજળીની વાત કરીએ તો આજે એક પણ શહેરમાં એક મિનિટનો કાપ નથી. તમે દેશના ગમે તે શહેરમાં જઈને જોઈ આવો, દિલ્હી હોય, પુના હોય, હૈદરાબાદ હોય કે કલકતા હોય, તમે જઈને જોઈ આવો, બધી જ જગ્યાએ લોડ શેડીંગ છે. ગુજરાતમાં કોઈપણ શહેરમાં નગરપાલિકામાં લોડ શેડીંગ નથી. આજે ગુજરાતના ૧૮૦૦૦ ગામડાંમાંથી ૧૧૨૪૨ ગામડાં જયોતિગ્રામ થઈ ગયા છે અને ૨૪ કલાક વીજળી મેળવી રહ્યા છે. એથી આગળ વધીને કહું તો આજની તારીખમાં ઉદ્યોગોમાં એક મિનિટનો કાપ નથી. (અંતરાય) પહેલાના દિવસો યાદ કરો, માનનીય અમરસિંહભાઈના દિવસો યાદ કરો, માનનીય શંકરસિંહભાઈના દિવસો યાદ કરો, માનનીય માધવસિંહભાઈ હતા તે દિવસો યાદ કરો. છેલ્લા ૨૫ વર્ષથી અઠવાડિયામાં એક દિવસનો વીજળી કાપ ઉદ્યોગોમાં હતો. પણ અમે ઉદ્યોગોની ચિંતા કરી છે અને આજે ભારતીય જનતા પાર્ટીના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ઉદ્યોગોને કહ્યું છે કે સાતે સાત દિવસ તમે વીજળી વાપરો, જોઈએ એટલી વાપરો. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ઈલકેટ્રીસીટી ડયુટીના આ સુધારાઓ લઈને જયારે હું આ સભાગૃહ સમક્ષ આવ્યો છું ત્યારે વિરોધપક્ષના સભ્યશ્રીઓએ ઘણી બધી વાતો કરી છે. પણ માનનીય મહેન્દ્રભાઈએ જેવા સૂચનો કર્યા છે એવા સારા સૂચનો કર્યા હોત તો આનંદ થાત, પણ કમનસીબે વિરોધ કરવાની આદત પડી ગઈ છે. અને એમના કરેલા કામો અમારે સુધારવા પડે છે. એટલે હું વિનંતી કરું છું કે આ જે સુધારા વિધેયક લઈને હું આવ્યો છું એ બહુમતિથી પસાર કરવામાં આવે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : અમારી તો ફરજ છે વિરોધ કરવાની. પણ આપના લોકોને આદત પડી ગઈ છે આપને મજબૂર કરીને વિરોધ કરવાની તેની ખબર પડતી નથી.

**શ્રી વજુભાઈ વાળા** : આપના બધા સૂચનો સ્વીકારી લે છે, આવતી વિધાનસભામાં આપને સૂચનો કરવા માટે આવવાની જ જરૂર નહીં પડે, બધા જ સ્વીકારી લે છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : આપના બધા મિત્રોની મહેરબાની હશે તો આપને અહીં આવવાની ફરજ પડશે આવતા વખતે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૩૦-સન ૨૦૦૫નું મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત દ્વિતિય સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૭, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૩૦-સન ૨૦૦૫નું મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત દ્વિતિય સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૩૦-સન ૨૦૦૫નું મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત દ્વિતિય સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયકને પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૩૧
### મુંબઇ મોટર સ્પિરિટ વેચાણવેરા (ગુજરાત સુધારા) વિધેયક
### મુંબઇ મોટર સ્પિરિટ વેચાણવેરા અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું રાજયપત્રમાં* • અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૩૧-સન ૨૦૦૫નું મુંબઇ મોટર સ્પિરિટ વેચાણવેરા (ગુજરાત સુધારા) વિધેયક આપની પરવાનગીથી દાખલ કરુ છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ ખૂબ લાંબો સમય તેમની ફરજ બજાવી તેમની પાસેથી ચાર્જ લઈને નાણામંત્રી તરીકેનું પહેલું જ બિલ લાવ્યા છે અને ત્યારે મોટર સ્પિરિટ ઉપરનો ટેકસ ભરવામાં વિલંબ થાય અને તેના માટે જે જરૂરી પગલાં લેવાના હોય એ પગલાંને હું આવકારું છું. પણ આને આપણે અમલમાં મૂકીએ છીએ ખરા? તેના એક-બે પ્રશ્નો આપના મારફત માનનીય નાણામંત્રીશ્રીને ઉકેલવા માટે થઈને, સમજવા માટે થઈને કહેવા માગું છું. મોટર સ્પિરિટની અંદર કયારેય કોઈને ફોર્મ આપવાનું નથી, તેમ છતાં ૧૯૯૩ સુધી ૭ નંબરનું ફોર્મ એક જાણીતી રીફાઈનરીએ પાંચ પેટ્રોલિયમ કંપની પાસેથી લઈને કરોડો રૂપિયાનું રાજયને ટેકસનું નુકસાન કર્યું છે તેની તપાસ કરશે. ફોર્મ નં. ૭નો લાભ કોને મળ્યો? જે માછીમારોને નામે માત્ર ચાર ટકા ટેકસ ભરીને સબસિડી ખાઈ જનારા લોકો છે તેને આ લાભ મળી ગયો. આ ફોર્મ આપવાનું નહોતું. તેમ છતાં આ ૭ નંબરનું ફોર્મ અપાયું હોય એ કોણે આપ્યું? ફોર્મ કોણે લીધું? તેની માનનીય મંત્રીશ્રી તપાસ કરશે. તેમણે બીજી વાત કરી કે એસેસમેન્ટ અને નોટિસ તેની વચ્ચેનો સમયગાળો હોય અને તેની અંદર જે લાયેબિલીટી ઉભી થાય તેના ઉપર વ્યાજ વસૂલ કરવાની વાત કરી. નાણાં વિભાગ અને સેલ્સ ટેકસ વિભાગના જે અધિકારીઓ ખૂબ મહેનત કરી રહયા છે તેનો એક નમૂનો મારી પાસે આવેલો. * •(xxxx)

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈ, પ્લીઝ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : હું બિલ ઉપર જ બોલી રહયો છું.તેમણે કહયું કે આ નોટિસ(અંતરાય)

### પોઈન્ટ ઓફ ઓર્ડર

### વિષય બહાર બોલવા અંગે

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. આ જે બિલ છે તે મોટર સ્પિરિટ એકટ છે તેના માટેનો સેલ્સ ટેકસ છે. જનરલ સેલ્સ ટેકસ જુદો છે. મોટર સ્પિરિટ માટેનો જુદો છે. જયારે અહીં મોટર સ્પિરિટ એકટમાં એમેન્ડમેન્ટ આવતું હોય એ બીજાં એકટ વિષેની ચર્ચા ન થાય. આ નાણા ખાતાની ચર્ચા નથી ચાલતી. એટલે હું આપને વિનંતી કરું છું કે બાબુભાઈએ જનરલ ટેકસ માટેની જે વાત કરી છે એ તમામ શબ્દો રદ થવા જોઈએ. (અંતરાય) જનરલ ટેકસ માટેની ચર્ચાના તમામ શબ્દો રદ થવા જોઈએ. એટલી આપને વિનંતી છે. (અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : જયારે માનનીય વજુભાઈનો પોઈન્ટ ઓફ ઓર્ડર ચાલતો હોય ત્યારે તેમણે તેમનું વકતવ્ય બંધ કરવું જોઈએ.(અંતરાય)

**શ્રી બાબુભાઈ મે. શાહ** : મારો અધિકાર છે. (અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : વજુભાઈએ તેમનો પોઈન્ટ ઓફ ઓર્ડર રેઈઝ કર્યો છે.

**શ્રી વજુભાઈ વાળા** : હું ફરીથી કહું છું કે અત્યારે જે ચર્ચા ચાલે છે તે મોટર સ્પિરિટ ઉપર સેલ્સ ટેકસ હોય તેના માટેની વાત છે. માનનીય બાબુભાઈ જે વાત કરે છે એ જનરલ સેલ્સ ટેકસ એકટ જુદો છે. મોટર સ્પિરિટનો એકટ જુદો છે. અત્યારે ચર્ચા મોટર સ્પિરિટ એકટની છે એટલે બીજા એકટ ઉપરની ચર્ચા ન થઈ શકે. એટલે માનનીય બાબુભાઈ જે શબ્દો બોલ્યા છે તે તમામ શબ્દો રેકર્ડ ઉપરથી રદ થવા જોઈએ અને તેમને પણ વિનંતી કરું કે મોટર સ્પિરિટ એકટ ઉપર બોલે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : બિલ ઉપર બોલેલો છું. (અંતરાય)

---

• * વિધેયક તા.૭મી સપ્ટેંબર, ૨૦૦૫ના ગુજરાત ગવર્નમૅન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

• * (XXX ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુંસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, આપ જયારે મોટર સ્પીરીટ પરના સેલ્સટેકસનું બિલ છે. એના વિશે વાત કરવાની છે. એનો જે સેલ ટેક્ષ હોય એની વાત કરવાની હોય. જનરલ જે સેલ ટેક્ષ છે એની આપ વાત કરો છો એ કરી શકાય નહીં એટલે એમની જે માગણી છે એ હું ગ્રાહ્ય રાખું છું અને એ શબ્દો દૂર કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : આપ રેકર્ડ માગો, અસંસદીય શબ્દ હોય તો દૂર કરજો અને સુસંગત ન હોય તો પણ દૂર કરજો એ આપનો અધિકાર છે. પણ હું આપના મારફત આ ગૃહના સભ્યશ્રીઓનું ધ્યાન દોરવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : આમાં ચર્ચાનો વિષય જ નથી.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ચર્ચાનો વિષય હતો. આપ રેકર્ડ ઉપરથી જો પૂરક માહિતી હોય એને રદ કરવાના હોય...

**અધ્યક્ષશ્રી** :એ વિષયની હોવી જોઈએ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : મારી વાત સાંભળવી પડશે. માનનીય મંત્રીશ્રીઓ જે જવાબ આપે છે એમાં કેટલીક ઈરીલેવન્ટ બાબતો હોય છે અને આવા મુદ્દાઓ વારંવાર ઉભા થશે. આપની વાત સાચી કે, સ્કોપની અંદર બોલવું જોઈએ. પણ માનનીય બાબુભાઈ છે એ મંત્રીશ્રીએ જે પ્રસ્તાવ રજૂ કર્યો એમાં વાત કરી કે, બિલની અંદર જે હેતુ છે એ રાજયની આવક વધારવાનો છે. તો એનો જવાબ સ્વાભાવિક રીતે જ કોઈક જગ્યાએ આવી જાય અને એની અંદર કોઈને ન ગમતી બાબત આવી હોય તો એને આપણે પોઈન્ટ ઓફ ઓર્ડરમાં ખપાવી દઈએ એ બરાબર નથી. આ જે વાત છે એ માનનીય મંત્રીશ્રીએ રાજયની આવક વધારવાની અંદર કરી છે. એમાં કયાંક નુકસાન જાય છે એમ કરીને એ વિષય ઉપર આવતા હતા એટલીવારમાં પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને એમને આપે સાંભળ્યા નથી. આ પરંપરામાં આપ આવું કરશો. તો અમે એકેએક મુદ્દા ઉપર જયાં સ્કોપની બહાર માનનીય મંત્રીશ્રી ગયા હશે ત્યારે આપ એમ કહો છો કે જવાબ આપી રહ્યા છે. તો અમે બધી જ જગ્યાએ જવાબો સાંભળી રહ્યા છીએ. યુ.પી.એ. સરકારના ચેરમેનથી શરૂ કરીને બધાની વાત ઈરીલેવન્ટ જ હતી. પણ આ બધાજ મુળ હેતુ છે એ પ્રિએમ્બલમાં બતાવેલ છે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે કે, આમાં આવક વધારવાની ચિંતા કરવામાં આવી છે. અમારા સભ્યશ્રીએ ચિંતા કરી છે. એટલે મારી વિનંતી એટલે છે કે, આપે જે નિર્ણય લીધો છે એમાં ચર્ચા નથી કરતા પણ આપ રેકર્ડ જોઈને નિર્ણય કરો. એટલી વિનંતી છે. કારણ કે, અમે એવી પરંપરા ઉપર જવા નથી માગતા.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના નેતાશ્રીએ પણ કબૂલ કર્યું છે કે, મારું એટલું જ કથન છે કે, જે એકટ ઉપર ચર્ચા ચાલતી હોય એ એકટને લગતા જે વેરાની વસૂલાત હોય એમાં જે કોઈ ક્ષતિ રહી ગઈ હોયએની ચર્ચા કરો. આ વાત જુદી છે. એકટ જ જુદો છે. એની અંદર ઉઘરાવવામાં આવતા સેલ ટેક્ષની અંદર ચર્ચા કરે એ કોઈ રીતે વાજબી નથી. એટલે આપનું ડિસિસન છે એ માન્ય રાખવું જોઈએ અને હવે આ ચર્ચા બંધ કરવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** :વિષય પૂરો થઈ ગયો છે.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, બિલ ઉપર જયારે માનનીય બાબુભાઈ વાત કરી રહ્યા હતા ત્યારે બાબુભાઈ જેવા ભૂતપૂર્વ નાણાંમંત્રી અને આ ગૃહના એક સારા એવા સિનિયર સભ્યશ્રી છે.

**અધ્યક્ષશ્રી** : એ જ ભૂલ કરે છે. એ કેમ ભૂલ કરે છે ?

**ડૉ. દિનેશ પરમાર** : હું કહું એ તો સાંભળો, એવા સિનિયર વાત કરતા હોય ત્યારે સરકારે ખુલ્લું માનસ રાખવું જોઈએ અને જાણવાની તૈયારી રાખવી જોઈએ જેથી જ્ઞાનમાં વધારો થશે. માનનીય નાણાંમંત્રીશ્રી નવા છે. એમને ઘણું ઘણું જાણવા મળશે અને રેકર્ડ ઉપરથી દૂર કરવા પડે એવા કોઈ શબ્દો નથી.

**અધ્યક્ષશ્રી** : આગળ ચાલો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મોટર સ્પિરિટ અંગેનું બિલ છે. એની અંદર કેરોસીનની વાત આવે. રીફાઈનરીમાંથી લીધેલો માલ છે, રીફાઈનરીમાં પાછું ગયેલ છે એટલે ઓરીજીન છે. મોટર સ્પિરિટનું જે ઓરીજીન આવે છે એટલા માટે મેં વાત કરી છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : આપે જે નિર્ણય કર્યો છે, આપ રેકર્ડ જોઈ લેજો. નહીંતર ખોટી પરંપરા ઉભી થવાની છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : એની પ્રોસેસ કરીને અમુક વસ્તુ કાઢી અને કેરોસીન પાછું મોકલવામાં આવે. એની અંદર કોઈ તબક્કે ટેક્ષ ભરેલો અને સેલ ટેક્ષના અધિકારીઓને લાગતાં એમણે શો-કોઝ નોટીસ મોકલાવેલ છે અને શો-કોઝ નોટીસ ઉપર હજુ એનો ચૂકાદો નથી આવ્યો અને એનો ચૂકાદો આવે,
પણ આ ચૂકાદો આપવામાં જેટલું મોડું થાય, જેટલો વિલંબ થાય એ સમયની જો આકારણી વખતે જવાબદારી આવે તો એનું આમાંથી વ્યાજ લેવાની પણ વાત છે એટલે આ વાતને હું આગળ વધારી રહ્યો છું અને આ બિલને મેં સમર્થન આપ્યું છે, એટલા માટે કે આ જરૂરી છે. આ રાજયની આવકો વધારવા માટે નાનો જે સેલટેકસનો રજીસ્ટાર હોય એના ઉપર આપણે દરોડો પાડીએ, એના ઉપર આપણે બધું કરીએ, એની જાહેરાત કરીએ પણ મોટા જે હોય અને આ રાજયની અંદર આ રાજયની આવકો ઘટે તેમ છતાં ઔદ્યોગિકરણ વધે એટલા માટે આપણે આ ઉદ્યોગોને કેટલીક સેલટેકસની સવલતો આપી છે. આજે જ એક અતારાંકિત સવાલમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે

કહ્યું છે એ પ્રમાણે ૨૬ કંપનીઓને ૨૦૦૧ થી ૨૦૦૫ જાન્યુઆરી એટલે કે ૪ વર્ષની અંદર ૨૯,૫૬૫ કરોડ રૂપિયાની ૨૬ ઉદ્યોગો વચ્ચે આપણે સેલટેકસની માફી આપેલી છે અને એ પછી પણ જો આ ઉદ્યોગો આજે સવલતો છે એના સિવાયની સવલતો જે લુપહોલ્સ કરીને કરતા હોય તો આ લુપહોલ્સ બંધ કરવાની જરૂર છે અને એટલા માટે જે સેલટેકસના અધિકારીઓએ આ લુપહોલ્સ શોધી કાઢયા છે એમને રિવોર્ડ પણ આપવા જોઈએ, એવી હું આપના મારફતે ભલામણ કરું છું.

કેન્દ્ર સરકારમાં રિવોર્ડ આપવાની પણ જોગવાઈ છે આપણે ત્યાં નથી પણ આ લુપહોલ્સ શોધી અને જે કરોડો રૂપિયાની રાજયની તિજોરીને કોરી ખાતા જે તત્ત્વો છે એને બહાર લાવવા માટે આ ઉત્તેજન આપવું પણ ખૂબ જરૂરી છે. આમ તો બધા આ રાજયનું લુણ ખાઈએ છીએ. નમક ખાઈએ છીએ એટલા માટે અમારી ફરજ બજાવીને આવક જયાં ઓછી થતી હોય એ તરફ માનનીય મુખ્યમંત્રીશ્રીનું વિભાગનું સરકારશ્રીનું ધ્યાન દોરીએ છીએ પણ એના તરફ ધ્યાન આપવા માટે મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે સરકારને જરા પણ કાળજી નથી. જુદા જુદા ફોરમની અંદર જયારે ચર્ચા થતી હોય ત્યારે એનો પ્રતિભાવ એવો હોય કે તમારી વાત સાચી છે, પરંતુ પછી એકાએક કયા દબાણોની વચ્ચે આ બાબત ફરી જાય છે મને ખબર નથી. કોઈ ઠેકાણે એકાદ વર્ષ પૂરતી રાહત આપણે આપીએ (અંતરાય) એના ઉપર તો મારે ઘણું બોલવાનું છે. બિલના ઉપર માનનીય સંસદીય મંત્રીશ્રી તો ૬-૬ કલાક સુધી બોલેલા છે. કોઈક બિલ ઉપર પૂછો તો એમને અને ૬ કલાકની જે ચર્ચા છે એનો કોઈક તો અમારામાંથી રેકોર્ડ તોડે એવી આશા તો અમે રાખીએ. હું તો નથી બોલી શકું એમ કારણ કે વાચાળતા જે છે માનનીય સંસદીય મંત્રીશ્રી પાસે એવી મારી પાસે નથી. અમે તો માત્ર નકકર વાતો, આકડાના આધારે અમે જઈએ છીએ એટલા માટે મેં શરૂઆતમાં કહયુ ંકે આ બિલને હું સમર્થન આપું છું પણ સાથે સાથે આ અમલ કરાવવા માટેની જવાબદારી તો વિભાગની, સેલટેકસ વિભાગની અને એની અંદર એકબીજાના પૂરક બનવાનું હોય છે.

સેલટેકસ વિભાગ આ વસૂલાત કરવા માટે તત્પર હોય ત્યારે વિભાગની અંદર કોઈ આવે અને આ બાબતને કાયદા વિભાગમાં અભિપ્રાય માટે મોકલવામાં આવે, મને જાણવા મળ્યું એ પ્રમાણે આ બાબત કાયદા વિભાગમાં અભિપ્રાય માટે મોકલવામાં આવી છે. શા માટે? આજ બાબત બીજા કેટલાય એસેસમેંટ આપણે કરીએ છીએ જયારે ત્યારે સીધું એસેસમેંટ કરી અને પાર્ટીને મોકલાવીએ છીએ. આકારણી કરીને અને પછી આકારણી સામે જો કોઈને પણ વાંધો હોય તો આપણે ત્યાં કમિશ્નરેટની પોસ્ટ છે. એપેલેટ કમિશ્નર છે એ બધાની પાસે અપીલ કરી શકે. જાહેર ઓથોરીટી પાસે કરી શકે પણ આ બાબતની અંદર જયારે આટલી મોટી જવાબદારી થતી હોય અને કોઈપણ એક બાબતની અંદર આ તો કંઈ નથી. હમણાં એક અહીંની રીફાઈનરી ઉપર કેંન્દ્ર સરકારના એકસાઈઝ વિભાગે ૧૦ હજાર કરોડ રૂપિયાની આકારણી કરીને મોકલાવી. એ વખતે આ રાજય સરકારને લગતી બાબત છે કે કેન્દ્ર સરકારની જે આકારણી હોય ત્યાં આપણે સેલટેકસની પણ સજાગતા હોવી જોઈએ. એના ઉપર સેલટેકસની લાયેબીલીટી છે કે કેમ એની કોઈ તપાસ કરે. મારે આપના મારફત માનનીય નાણામંત્રીશ્રીને પૂછવાનું, નાણામંત્રીશ્રી ખૂબ સાફ હૃદયના છે. એમની પાસે વિઝન છે અને એટલા માટે અમે એમની ટીકા કરવાથી દૂર રહીએ છીએ કારણ કે એમનો મોટીવ જે છે એ સાચો હોય છે. સારો હોય છે. અમારા પૂર્વ નાણામંત્રીશ્રી પણ વાતો કરવામાં એક નંબરના પાણી પાણી કરી દે, વાચાળતા એમની છે પરંતુ અમલ કરવામાં કમનસીબે ગયા ૫ વર્ષમાં રાજયનું કર્જ એમના કાળ દરમિયાન જ વધ્યું છે એના કારણે એમણે દરેક વસ્તુ લાઈટલી લીધી હશે એમ હું માનું છું. આઈ મે બી રોંગ તો હું મારી જાતને સુધારીશ પણ ખરો પરંતુ જયારે રાજયની આવકો વધારવાની હોય, આજે મોટર સ્પીરીટ બિલ આવ્યું કે ત્રીજા નંબરની આવક છે તો સેલટેકસની આવક તો રાજયની પહેલા નંબરની આવક છે એમાં કયાંય પણ એના કારણે ઘટાડો ન પહોંચે એની ખાસ કાળજી લેવાની ખૂબ જરૂર છે એટલા માટે મારે કેટલાંક સૂચનો કરવાનાં છે.

એ સૂચનોની હું શરૂઆત કરું છું. બિલ ઉપરની આ તો શરૂઆત છે. ૯૦૦૦ કરોડ રૂપિયા સેલ્સ ટેકસની આવક હોય.. (પ્રવચન અધૂરું).

**અધ્યક્ષશ્રી** : સભાગૃહનો સમય પૂરો થાય છે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૧૫ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૧૩મી સપ્ટેમ્બર,૨૦૦૫ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા.૧૩મી સપ્ટેમ્બર,૨૦૦૫**
**ભાદ્રપદ ૨૨, ૧૯૨૭ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## નવસારી જિલ્લામાં આયુર્વેદ દવાખાનાઓમાં ડોકટરોની ઘટ

*૧૩૨૨૪ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ(ચીખલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલા આયુર્વેદ દવાખાનાઓ તા.૧૫-૦૮-૨૦૦૫ની સ્થિતિએ કાર્યરત છે.
(૨) આ દવાખાનાઓમાં ડૉકટરોની ઘટ કેટલા સમયથી છે, અને

(૩) આ ડૉકટરોની ઘટ પુરી કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) નવસારી જિલ્લામાં તાલુકાવાર ૧૬ આયુ- ર્વેદિક દવાખાના કાર્યરત છે.

(૨) જે તે આયુર્વેદ દવાખાનાની સામે દર્શાવ્યા મુજબના સમયથી

| ક્રમ | આયુર્વેદ દવાખાનુ | તાલુકાનુ નામ | ડૉકટરોની ઘટ (ખાલી જગ્યા)ની તારીખ. |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ધારાગીરી | નવસારી | તા.૦૧-૦૬-૨૦૦૧થી ખાલી |
| ૨ | પેરા | નવસારી | તા.૦૧-૦૫-૨૦૦૫થી ખાલી |
| ૩ | તવડી | જલાલપોર | તા.૧૫-૦૭-૨૦૦૧થી ખાલી |
| ૪ | ધકવાડા | ગણદેવી | તા.૩૧-૦૩-૨૦૦૧થી ખાલી |
| ૫ | પાટી | ચીખલી | તા.૨૦-૧૧-૨૦૦૧થી ખાલી |
| ૬ | સુરખાઈ | ચીખલી | તા.૩૧-૦૭-૨૦૦૧થી ખાલી |
| ૭ | બોડવાંક | ચીખલી | તા.૩૧-૦૩-૨૦૦૧થી ખાલી |
| ૮ | માંડવખડક | ચીખલી | તા.૦૬-૦૭-૨૦૦૫થી ખાલી |
| ૯ | પ્રતાપનગર | વાંસદા | તા.૦૯-૦૮-૨૦૦૧થી ખાલી |
| ૧૦ | વાંગણ | વાંસદા | તા.૩૧-૦૩-૨૦૦૧થી ખાલી |

(૩) ડૉકટરોની ઘટની જગ્યાઓ ભરવાની બાબત વિચારણા હેઠળ છે.

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, નવસારી જિલ્લામાં ૨૦૦૧ થી આઠ ડોકટરની અને ૨૦૦૫ મે-જુલાઈ થી બે આયુર્વેદ ડોકટરની એમ કુલ દસ ડોકટરોની ઘટ છે. આપણા રાજયમાં આયુર્વેદ ડોકટરો મોટી સંખ્યામાં ઉપલબ્ધ છે, તેમ છતાં આ જગ્યાઓ કેમ ભરવામાં આવતી નથી? સરકારે આ જગ્યાઓ ભરવા માટે શું પ્રયત્નો કર્યા છે અને કયારે કર્યા છે? બીજો પ્રંશ્ન એ છે કે કયા કારણસર આ ઘટ પૂર્ણ કરવામાં આવતી નથી અને આ ડોકટરોની ઘટના કારણે એ વિસ્તારમાં રોગની માત્રા આદિવાસીઓ અને અન્ય પછાત જાતિઓમાં વધી છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : એ વાત સાચી છે કે દસ ડોકટરોની જગ્યાઓ ખાલી છે. એમાં આઠ ડોકટરોની જગ્યાઓ ૨૦૦૧ થી અને બે ડોકટરની જગ્યાઓ ૨૦૦૫ થી ખાલી થઈ છે અને તરત જ આ જગ્યાઓની ભરતી કરવા માટે જી.પી.એસ.સી.માં માગણીપત્રક મોકલી આપેલ છે. ૧૭૦ જગ્યાઓ કુલ ભરવા માટેનો નિર્ણય થયેલ છે અને તે બધી એક રીતે જ ભરવાની છે, બીજું આયુર્વેદિક વર્ગ-૩ ના ડોકટરો છે તેમને વર્ગ-૨ માં બઢતી આપીને આ ખોટ પૂરી કરવાની છે. એટલે જેવી ભરતીની પ્રક્રિયા જી.પી.એસ.સી. પૂરી કરશે એટલે જયાં જયાં આયુર્વેદ ડોકટરોની જગ્યાઓ રાજયમાં ખાલી છે તે બધી જગ્યાઓ ભરવા માટેના અમારા પૂર્ણ પ્રયાસો રહેશે. બીજી વાત રોગચાળા અંગેની કરી છે, જયાં જયાં આયુર્વેદિક ડોકટરોની ઘટ છે ત્યાં એલોપથીના દવાખાના પી.એચ.સી. છે, એ ઉપરાંત આપણા મોબાઈલ દવાખાના દ્વારા પણ રોગનો ફેલાવો ન થાય તે માટેની તકેદારી અને સારવારના પૂર્ણ પગલાં લેવાઈ રહ્યાં છે.

**શ્રી બાલુભાઈ તંતી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રીના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ગ્રામ્ય કક્ષાએ જિલ્લા પંચાયત હસ્તક આયુર્વેદિક દવાખાના છે તે રાજય સરકારની ગ્રાન્ટના અભાવે બંધ કરવામાં આવ્યા છે. હાલમાં ૫૦ ટકા ઉપરાંતના દવાખાના જિલ્લા પંચાયત મારફત ગામડાંમાં બંધ થયાં છે અને રાજય સરકારની ગ્રાન્ટના અભાવે બંધ થયા છે. તો તે ગ્રામ્ય લેવલના સામાન્ય માણસોને પ્રાથમિક સારવાર મળી રહે તે હેતુસર રાજય સરકાર પ્રયાસો કરવા માગે છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન નવસારી જિલ્લાનો છે અને મેં એટલા માટે જ કહ્યું છે કે જે જગ્યાઓ ખાલી છે તે જગ્યાઓ ભરવા માટે રાજય સરકાર પ્રયત્ન કરી રહી છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય મંત્રીશ્રીએ એમ કહ્યું કે આ જગ્યાઓ વહેલામાં વહેલી તકે ભરવામાં આવશે, તો મારે વિનંતી એ કરવાની છે કે અગાઉ પણ અમુક જે જગ્યાઓ આયુર્વેદિક ડોકટરની ખાલી હતી તેના માટે ગયા વખતે પણ આ હાઉસમાં આ જ રીતે માનનીય મંત્રીશ્રીએ કહ્યું હતું. આયુર્વેદિક ડોકટરોની જગ્યાઓ પૂરાઈ નથી. તો અમારે કેવી રીતે વિશ્વાસ કરવો કે કેટલા સમયમાં આ જગ્યાઓ ભરાશે?

**ઉપાધ્યક્ષશ્રી** : આ નવસારીનો જ પ્રશ્ન છે તેથી નવસારીની જ વાત કરો પ્લીઝ.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : હું નવસારીની જ વાત કરું છું.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, એ વાત સાચી હતી કે અગાઉ કહ્યું હતું કે જગ્યાઓ ખાલી છે, આજે હું કહું છું કે જે જગ્યાઓ ખાલી છે તે જગ્યાઓ ભરવા માટે રાજય સરકારે પ્રક્રિયા શરૂ કરી દીધી છે અને જી.પી.એસ.સી. દ્વારા એ જગ્યાઓ ભરાશે અને બઢતીથી ભરવાની પ્રક્રિયા પણ ચાલુ થઈ ગઈ છે. એટલે જે અગાઉ જવાબ આપ્યો હતો તે પણ સાચો છે અને આજે જે જવાબ આપું છું તે પણ સાચો છે. આ ગૃહમાં સરકાર જે કંઈ વચનો આપે છે તે પાળે છે તેની આ પૂતીતિ છે.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે દવાખાનાની અંદર ખાલી જગ્યાઓ રહેવાની સમસ્યા હું જયાં સુધી સમજું છું ત્યાં સુધી ફકત અને ફકત ગ્રામ્ય કક્ષાએ ડોકટરોની જવાની તૈયારી ન હોવાને કારણે જ આ જગ્યાઓ ખાલી રહે છે.આપણી રાજય સરકારની બોન્ડની રકમ વધારીને અત્યારે જે જગ્યાએ પોસ્ટીંગ આપે ત્યાં એ જતા નથી અને બોન્ડની રકમ ભરપાઈ કરી આપે છે. આ બોન્ડની રકમમાં વધારો કરીને આવા ડોકટરોને ગામડાની અંદર ફરજિયાત સેવા આપવી પડશે એવી જોગવાઈ કરવા માગે છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : હમણાં એક પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ખાલી જગ્યાઓ ભરવા માટે જી.પી.એસ.સી. ને માગણી પત્રક મોકલી આપેલ છે. તો કઈ તારીખે આ માગણી પત્રક મોકલી આપેલ છે. બીજું કે નવસારી જિલ્લાની અંદર વર્ગ-૩ના ડોકટરો હતા એમાંથી કેટલા ડોકટરોને વર્ગ-૨ની નિમણૂક આપવામાં આવી અને છેલ્લી ભરતી કયારે કરવામાં આવી?

**શ્રી અશોક ભટ્ટ**: છેલ્લી ભરતીની તારીખ મારી પાસે અત્યારે નથી. પરંતુ જી.પી.એસ.સી. ને ૧-૯-૨૦૦૫ના રોજ માગણી પત્રક મોકલી આપેલ છે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : જી.પી.એસ.સી.ને પત્રક મોકલ્યું છે એ રાજયમાં જુદી જુદી ઘણી બધી જગ્યાઓ હશે, એમાં ભાવનગર જિલ્લાનો સમાવેશ થતો હોય તો જગ્યાઓ ત્યાં ખાલી પડતી ભરીને જે આયુર્વેદિક દવાખાના બંધ થયાં છે એ ચાલુ કરવા માગે છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : સમગ્ર રાજયમાં ૧૭૦ જેટલી આયુર્વેદિક ડોકટરોની જગ્યાઓ ખાલી છે એ બધી જ જગ્યાઓ ભરી શકાય એ હેતુથી ૧૭૦ જગ્યાઓનું માગણી પત્રક મૂકયું છે. માગણી પત્રક મુજબ પસંદગી થઈને આવશે એમાં બધા જિલ્લાઓને સમાવી લેવામાં આવશે.

## રાજયમાં વિદ્યાસહાયકોની ભરતી અંગે

*** ૧૩૫૮૫ શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય શિક્ષણમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં વિદ્યાસહાયકોની ભરતીમાં પી. ટી. સી. પાસ અને બી. એડ. થયેલા ઉમેદવારોની ભરતી કરવામાં આવે છે તે વાત સાચી છે,

(૨) રાજ્યમાં સન ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૨૦૦૫ના વર્ષમાં વિદ્યાસહાયકોની ભરતીમાં પી. ટી. સી. પાસ કેટલા અને બી. એડ. થયેલા કેટલા ઉમેદવારોની ભરતી કરવામાં આવી છે, અને
(૩) બંન્નેની ભરતીના માપદંડ શું નક્કી કરવામાં આવ્યા છે?

**શિક્ષણમંત્રીશ્રી :**

(૧) હા, જી.

| (૨) વર્ષ | ભરતી કરેલા વિદ્યાસહાયકો પેકી |
|---|---|
| | પી. ટી. સી. બી. એડ. |
| ૨૦૦૩-૦૪૩૮૪૮ | - |
| ૨૦૦૪-૦૫ ૫૪૨૧ | ૮૬૨૨ |

(૩) વિદ્યાસહાયકોની પસંદગી માટે નીચેના ધોરણો ઠરાવેલ છે.

(અ)એચ.એસ.સી./પી.ટી.સી.ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે

| | |
|---|---|
| એચ.એસ.સી.માં મેળવેલ ગુણના- | ૪૦ ટકા |
| પી.ટી.સી.માં મેળવેલ ગુણના- | ૬૦ ટકા |

(બ) તાલીમી સ્નાતક માટે સ્નાતક

| | |
|---|---|
| પરીક્ષામાં મેળવેલ ગુણના | ૪૦ ટકા |
| બી.એડ.માં મેળવેલ ગુણના | ૬૦ ટકા |

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ૨૦૦૪-૨૦૦૫ દરમિયાન કુલ ૧૪૦૮૩ વિદ્યા સહાયકોમાંથી ૮૬૨૨ એટલે કે ૫૫ ટકા બી.એડ કરેલાની પસંદગી કરવામાં આવી છે.આગામી દિવસોમાં ઘણી પી.ટી.સી. કોલેજોને માન્યતા આપી છે. હવે પછીની પસંદગીમાં બી.એડ અને પી.ટી.સી.ની ટકાવારી નકકી કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : વિદ્યા સહાયકની ભરતી માત્ર મેટિર ઉપર થાય છે. મેરિટ પ્રમાણે પી.ટી.સી. તાલીમ સ્નાતકની ભરતી થાય છે. તેથી આવો કોઈ વિભાગ આપણે કરવા માગતા નથી.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : મારો પ્રશ્ન એ છે કે ભરતીમાં ૪૦ ટકા પી.ટી.સી. અને ૬૦ ટકા બી.એડમાંથી આ દિશામાં વિચારણા હેઠળ છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : ના, જી.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : સરકારી નીતિ-નિયમ અનુસાર આ ભરતી કરવામાં આવે છે. પ્રાથમિક વિભાગમાં. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં કોઈ ઉંમરનો બાધ નથી.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : મારો પ્રશ્ન એટલો જ હતો કે જયારે આ યુવાનોની ઉંમર વધી જાય છે, પૈસા આપી શકતાં નથી એટલે બી.એડ થઈને પાંચ-પાંચ, સાત-સાત વર્ષ ઓછા પગારમાં નોકરી કરે છે. તો તેની ઉંમર સ્વાભાવિક વધી જાય છે. તો તેની ઉંમરમાં કોઈ છૂટછાટ આપવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી, કારણ કે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં ઉંમરનો કોઈ બાધ નથી. કોઈ પણ ઉંમરે નોકરી કરી શકે છે. એ નિયમ અનુસાર આપણે કરીએ છીએ. સરકારી કર્મચારીના જે નિયમો છે એ પ્રમાણે આપણે તેમને છૂટછાટ આપી છૈ અને ૩૫ વર્ષની છૂટછાટ આપી છે. બીજું, પૈસાની વાત જયારે કરવામાં આવે છે, કરપ્શનની, ત્યારે મારે એટલું કહેવું છે કે માત્રને માત્ર માધ્યમિક, ઉચ્ચતર

માધ્યમિક અને વિદ્યાસહાયકમાં ભરતી મેરીટના આધારે જ થાય છે અને એટલા માટે એ ક્રમમાં જે પહેલો નંબર આવે તેને નોકરી મળે છે. મેરીટ પ્રમાણે નોકરી મળે છે. આ પ્રમાણે રાજય સરકારે યોજના બનાવી છે. (અંતરાય) તદન ખોટી વાત છે. માત્રને માત્ર મેરીટ ઉપર આ અધ્યાપકોની નિમણૂંક થાય છે.

**સાવલી તાલુકામાં પ્રાથમિક શાળાના ઓરડા**

*૧૩૪૬૦ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ (સાવલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં પ્રાથમિક શાળાઓના કેટલા ઓરડાઓ સાવલી તાલુકામાં નવા બનાવવામાં આવ્યા?

**શિક્ષણ મંત્રીશ્રી:**

૪૯ ઓરડાઓ.

**શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં ૪૯ ઓરડાઓ બાંધવામાં આવ્યા છે તેવો જવાબ આપવામાં આવ્યો છે. હું આપના મારફત એ જાણવા માગું છું કે ૪૯ ઓરડા બનાવવામાં આવ્યા તેમાં એલ. એન્ડ ટી.ના કેટલા ઓરડા બનાવવામાં આવ્યા? એક એલ. એન્ડ ટી.ના ઓરડા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? અને અત્યારે એલ. એન્ડ ટી.ના જેટલા ઓરડા બનાવવામાં આવ્યા છે તેમાંના કેટલા ઓરડાઓમાં વિદ્યાર્થીઓ બેસીને અભ્યાસ કરે છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : ૪૯ ઓરડાઓમાંથી ૧૯ ઓરડાઓ ડી.પી.ઈ.પી. યોજના હેઠળ બન્યા છે અને સીન્ટેકસ દ્વારા ૩૦ ઓરડાઓ બન્યા છે. બધા જ ઓરડાઓ ઉપયોગમાં લેવામાં આવે છે. બધા જ વિદ્યાર્થીઓ તેમાં બેસે છે. ડી.પી.ઈ.પી.ના કે સીન્ટેકસના ઓરડાઓની આજ સુધી કોઈ ફરિયાદ આવી નથી.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : જે સીન્ટેકસના ઓરડાની માનનીય મંત્રીશ્રીએ વાત કરી, એ ઓરડાની કિંમત ૧,૬૦,૦૦૦ રૂપિયા છે અને આ ઓરડા છે એ જે તાલુકામાં મોકલવામાં આવેલા એ તમામ તાલુકાના હેડમાસ્તરથી માંડીને ગામના લોકોએ કહયું કે આ ઓરડાઓ પાછા લઈ જાવ.ઘણી શાળાઓમાં આ ઓરડાઓ બીજાં ઓરડાઓમાં ભરી રાખ્યા અને આજે એ ઓરડાને એક નાનકડું બાળક લાત મારે તો સોંસરવો તેનો પગ નીકળી જાય આ પ્રકારની તેની કવોલિટી છે. અમે ફરિયાદ કરી છે કે આ પ્રકારના જે ઓરડાઓમાં કરોડો રૂપિયાનો ખર્ચ થયો છે અને જે તેની કિંમત છે તેના કરતાં ત્રીજા ભાગની અંદર પણ તેની પ્રોડકશન કિંમત થતી નથી અને છતાં ગામડાંના લોકોને આ પ્રકારની હલકી ટેકનોલોજીના જે ઓરડાઓ ત્યાં લાદી દેવામાં આવ્યા છે તો આ બાબતમાં સરકાર તપાસ કરવા માગે છે કે કેમ અને આ ઓરડાનું ટોટલ વજન કેટલું થાય એ માનનીય મંત્રીશ્રી માહિતી આપે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : આ રીતે પ્રશ્ન પૂછે છે, ટોટલ વજન કેટલું છે.

**અધ્યક્ષશ્રી** : નહીં, અર્જુનભાઈ, પ્લીઝ. (અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : પ્રશ્ન ઓરડાનો છે. એ ઓરડાની તપાસ કરવા માગે છે કે કેમ? તેનું વજન કેટલું છે? સીન્ટેકસના ઓરડા બાંધેલા છે એટલા માટે મેં પ્રશ્ન પ્રછયો છે. ગયા વખતે પણ આ જ પ્રશ્ન પૂછયો હતો. સીન્ટેકસના ઓરડાની માહિતી માગી છે. સીન્ટેકસના ૩૦ ઓરડા બાંધેલા છે. કેમ માહિતી ન મળે? તેની જ માહિતી માગીએ છીએ.

**અધ્યક્ષશ્રી .** : વજન અને એવું ન મળે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : વજન શું કરવા ન મળે? તેની કિંમત ૧,૬૦,૦૦૦ રૂપિયા હોય તો તેનું વજન ટનમાં કેટલું થાય? કારણ પ્લાસ્ટીકની કિંમત ટનમાં હોય છે. એચ.ડી.પી.માં અને જે એચ.ડી.પી.ની ટાંકીઓ આવે છે તેનું વજન પણ એમ જ હોય છે. સભ્યોને તેની માહિતી મળે.એક ટનની અંદર કેટલા રૂપિયે આ ઓરડો પડેલો છે. કારણ કે, એચ.ડી.પી.ની કેટલી કિંમત એમાં થાય છે. આ માહિતી અમને મળવી જોઈએ. આજે નહીં તો ટેબલ ઉપર મૂકે. કારણ કે, Pre- fabricated ના ભાવ છે એ માત્રને માત્ર કિલો ઉપરના છે અને એચ.ડી.પી.ની તમામ આઇટમ કિલોના ભાવે બજારમાં મળે છે. એક ઓરડાની કિંમત રૂ.૧.૬૦ લાખ અપાઈ હોય તો આ માહિતી આજે એમની પાસે ન હોય તો પછી આપે. અમારે સાવલી તાલુકાની જ માહિતી જોઈએ છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : હવે એનું વજન કરાવીશું અને પછી જવાબ આપીશું કે એમાં કેટલું લોખંડ છે અને બીજું કેટલું વપરાયું છે. આ pre-fabricated ઓરડાઓ છે. આજ ઓરડાઓ આજે દિલ્હીમાં સરકાર બાંધી રહી છે ત્યારે આ સારું લાગે છે અને એ ૨ લાખ રૂપિયા કરતાં પણ વધારે ખર્ચે બંધાઈ રહ્યા છે. આજ હાઉસમાં માર્ચ મહિનામાં મારા જવાબમાં મેં આ બાબતનો ઉલ્લેખ કર્યો છે. ગયા વર્ષે મેં મારા પ્રવચનમાં આ જવાબ આપ્યો છે. તમારી સરકાર આજ સિન્ટેક્ષ પાસે આજ ઓરડાઓ બંધાવી રહી છે. આજે pre-fabricated ઓરડાઓ છે એ ૨ લાખ રૂપિયા કરતાં પણ વધારે કિંમતમાં થાય છે. જ્યારે અહીં રૂ.૧.૬૫ લાખમાં ઇલૅકટ્રીક ફિટિંગ સહિતનું ખર્ચ આવી જાય છે.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ૧૯૯૦થી ૧૯૯૫ની અંદર કુલ કેટલા ઓરડાઓ બનાવવામાં આવ્યા અને ૨૦૦૦થી ૨૦૦૫ સુધીમાં કેટલા ઓરડાઓ બનાવવામાં આવે છે ? એટલે રાજય સરકારે કેટલી કામગીરી કરી છે એના લેખાં-જોખાં આ પ્લેટફોર્મ ઉપર જાણી શકાશે અને કઈ સરકારના વખતમાં કેટલા ઓરડાનું કામ થઈ શક્યું છે અને કયા લોકોએ કેટલું કામ કર્યું છે એના આંકડા આપવામાં આવે તો ગૃહના બધા સભ્યો એનાથી વાકેફ બની શકે અને રાજયના લોકો પણ એનાથી વાકેફ થઈ શકે.

**અધ્યક્ષશ્રી** : આ સાવલી તાલુકાનો પ્રશ્ન છે. પ્લીઝ, પ્રશ્ન ક્રમાંક- ૪

## વિજયનગર તાલુકા મથકે સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં જરૂરી સુવિધાઓ આપવાનું આયોજન

* ૧૩૭૬૪**શ્રીમતી રમીલાબેન બે. બારા(ખેડબ્રહ્મા)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકા મથકે આવેલા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ધોરણ અનુસાર ઓપરેશન થીયેટર, લેબોરેટરી તથા નિયત લાયકાતવાળા ડોકટરોની સુવિધા ૧૫મી ઓગષ્ટ-૨૦૦૫ની સ્થિતિએ ઉપલબ્ધ નથી તે હકીક્ત સરકાર જાણે છે,

(૨) જો હા, તો આ સુવિધાઓ આપવા સરકારનું શું આયોજન છે, અને

(૩) ક્યાં સુધીમાં આ સુવિધાઓ પુરી પાડવામાં આવશે?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) વિજયનગર સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રીમતી રમીલાબેન બે. બારા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, વિજયનગરના સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લાખો રૂપિયાના ખર્ચે આધુનિક સાધનો વસાવવામાં આવ્યા છે. પરંતુ એમાં એનેસ્થેટિક ડૉક્ટરોની સેવાઓ ઉપલબ્ધ ન હોવાને કારણે આ સાધનોનો ઉપયોગ થઈ શકતો નથી. હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે એનેસ્થેસિયા ડોકટરોની સેવાઓ ઉપલબ્ધ કરાવવા માગે છે કે કેમ ?

**શ્રી અશોક ભટ્ટ:** માનનીય અધ્યક્ષશ્રી, એનેસ્થેસિયાના ડૉક્ટરોની સેવાઓ આપણને મળતી નથી એ હકીકત સાચી છે. એનેસ્થેસિયાના ડૉક્ટરો આપણને મળતા નથી એટલા માટે રાજય સરકારે મૅડિકલ કૉલેજોમાં વર્ગ-રના ડૉક્ટરોને એનેસ્થેટિકની ટ્રેનિંગ આપી અને એનેસ્થેસિયાનું કામ સોંપી અને ક્લાસ-૧ સર્જરીની સાથે એ એટેચ ડૉક્ટર તરીકે રહે એ જાતનો નિર્ણય કર્યો છે. રાજયની બધી મૅડિકલ કૉલેજોમાં ઈન સર્વિસ વર્ગ-રના ડૉક્ટરો છે એમને એનેસ્થેટિકનું જ્ઞાન આપી એનો કેટલે અંશે ઉપયોગ કરી શકાય એ માટેનું કાર્ય કરવાનો નિર્ણય કર્યો છે.

**શ્રીમતી રમીલાબેન બે. બારા** : માનનીય અધ્યક્ષશ્રી, વિજયનગરમાં અધિક્ષક વર્ગ-૧ની જગ્યા હતી. રાજય સરકારે તા.૫-૪-૨૦૦૫ના રોજ આ અધિક્ષક વર્ગ-૧ની જગ્યા થરાદ ખાતે તબદીલ કરવાનો નિર્ણય લીધો છે. વિજયનગર તાલુકા જેવા આદિવાસી વિસ્તાર અને પછાત વિસ્તારમાં અન્ય કોઈ દવાખાના ઉપલબ્ધ નથી, તજજ્ઞ ડૉક્ટરો ઉપલબ્ધ નથી. તેવા સમયે અધીક્ષક વર્ગ-૧ની જગ્યા વિજયનગર રહે એ માટે એમાં ફેરવિચારણા કરવા માગો છો કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : આજે તો વર્ગ-૧ના ત્યાં તબીબ છે એ કાર્યાન્વિત છે અને એના પરિણામે આઉટડોરની અંદર ૭૧૦૫ અને ઈન્ડોરમાં ૫૯૬ એપ્રિલ ૦૫થી જૂન ૦૫ સુધીમાં પેશન્ટોએ લાભ લીધો છે અને એમનો જે પ્રશ્ન છે એ હજી સુધી કોઈની બદલી કરી નથી.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે વિજયનગર તાલુકામાં જે સી.એચ.સી. છે એ સી.એચ.સી.માંથી સુપ્રિટેન્ડન્ટ અને મેડિકલ ઓફિસરની જગ્યાઓ પરત ખેંચી લેવામાં આવી છે અત્યારે અને જે સી.એચ.સી. છે એ સી.એચ.સી. ૩૦ બેડમાંથી ૧૦ની કરવામાં આવી છે તો એનું કારણ શું છે અને આ સી.એચ.સી.ની આજુબાજુના ૫૦ કિલોમીટરની રેડીયસમાં બીજું મોટું દવાખાનું નથી તો આવા દર્દીઓને કેવી રીતે સેવા આપવા માગો છો?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે જે નિર્ણય છે એનો પુર્નવિચારણા કરવાનો વિચાર કરી રહી છે. આજની તારીખમાં આની કોઈ બદલી કરી દેવામાં આવી નથી અને કાર્યાન્વિત છે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સાહેબ આપે કહ્યું કે વર્ગ-૧ની જગ્યા યથાવત રાખવામાં આવી છે પણ મારા જાણવામાં આવ્યું છે કે આરોગ્ય વિભાગ તરફથી એક જી.આર. કરવામાં આવ્યો છે અને તમામ પછાત તાલુકાઓમાં વર્ગ-૧ની જગ્યા નાબૂદ કરવા માટેનો જે નિર્ણય સરકારે લીધો છે એમાં આપને વિનંતી કરું છું માનનીય મંત્રીશ્રી કે પછાત તાલુકાઓમાં જયારે સારી હોસ્પિટલ ન હોય અને ખાનગી હોસ્પિટલો પણ સારી ન હોય ત્યારે વર્ગ-૧ની જે જગ્યા છે એ ઓ.પી.ડી., ઓપરેશન અને બીજી બધી જરૂરિયાતો માટે ખૂબ જ મહત્વની વર્ગ-૧ની જગ્યા છે તો વર્ગ-૧ની એ જગ્યા કાયમી ધોરણે પછાત તાલુકાઓમાં આપ રાખવા માગો છો કે કેમ અને ૩૦ બેડની હોસ્પિટલોમાંથી ૧૦ બેડની હોસ્પિટલ કરી છે એની જગ્યાએ ૩૦ બેડની હોસ્પિટલ આપ યથાવત રાખવા માગો છો કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન આમાંથી ઉપસ્થિત થતો નથી. એમનું સૂચન છે અને એમણે મારી પાસે રજૂઆત કરેલી છે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ હમણાં જે જવાબ આપ્યો છે અને પેરા-૧માં કીધું કે સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં આરોગ્યની સેવાઓ ઉપલબ્ધ છે, બહુ સાચી વાત છે પરંતુ ઓપરેશન થિયેટર, લેબોરેટરી જેવા વિભાગો છે કે જેનાથી સારવાર તરફ આગળ વધી શકાય આવી જગ્યાઓ ખાલી હોવાથી ઓરેટના ઘણા સાધનો ભૂતકાળમાં સરકારે વસાવ્યા હતા એ સાધનો ઉપયોગમાં નહીં આવતા ધૂળ ખાઈ ગયા અને આ માત્ર વિજયનગરની વાત નથી સમગ્ર રાજયમાં આ પરિસ્થિતિ છે. આવા સંજોગોમાં લેબોરેટરી ટેકનિશિયનની જે જગ્યાઓ છે એ જગ્યાઓ કાયમી ધોરણે ભરવા માગો છો કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ માત્ર વિજયનગરનો પ્રશ્ન છે જેનો અત્યારે જવાબ આપી શકું એમ છું અને વિજયનગરની અંદર બધી જ જગ્યાઓ અત્યારે ભરાયેલી છે.

## કચ્છ જિલ્લામાં મેડિકલ કોલેજની દરખાસ્ત અંગે

*** ૧૩૩૪૯ શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) કચ્છ જિલ્લાના ભુજ મધ્યે વડાપ્રધાનશ્રીના રાહત ફંડમાંથી ઉભી થયેલ હોસ્પિટલનું જે તે વખતમાં તે સમયના પ્રધાનમંત્રી તેમજ મુખ્ય મંત્રીશ્રીએ કરેલ જાહેરાત મુજબ મેડીકલ કોલેજની રાજ્ય સરકાર દ્વારા કોઈ દરખાસ્ત કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો ના, તો તેના કારણો શું છે?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) ના, જી.

(૨) હાલના તબક્કે નવી મેડીકલ કોલેજ સ્થાપવાનું સરકારનું આયોજન નથી.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લાની અંદર ભયાનક ભૂકંપ આવ્યો અને એ સમયમાં આ દેશના માનનીય મુખ્યમંત્રીશ્રી અટલબિહારી બાજપાઈજી ભુજ ખાતે આવી અને એ હોસ્પિટલની હાલત જોઈ અને એમના પ્રધાનમંત્રી ફંડમાંથી ભુજની અંદર મેડિકલ કોલેજ સાથેની હોસ્પિટલ આપવાની જાહેરાત કરી, એનું ખાતમુહૂર્ત કર્યુ , એનો શિલાલેખ છે ત્યારે એ મેડિકલ કોલેજ સાથેના હોસ્પિટલનો શિલાલેખ પણ આજે મોજૂદ છે અને આજ જવાબની અંદર પણ મને એમ કહેવામાં આવ્યું છે કે મેડિકલ કોલેજ માટેની હાલમાં કોઈ વિચારણા નથી તો આના સેકન્ડ ફેઝની અંદર હજી પૈસા પણ વડાપ્રધાનના ફંડમાંથી લેવાના બાકી છે તો સરકારે આ પૈસા પાછા મેળવવા માટેના શું પ્રયત્નો કર્યા અને મેડિકલ કોલેજ કયારે શરૂ કરવા માગો છો એ માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ હકીકત સાચી છે કે વડાપ્રધાન અટલબિહારી બાજપાઈજીએ ૧૦૦ કરોડના ખર્ચે અદ્યતન હોસ્પિટલ બાંધવાની જાહેરાત કરી એ હોસ્પિટલ શરૂ પણ થઈ ગઈ. એનું બાંધકામ ૩૦-૪-૨૦૦૩ના રોજ પૂરું થયું ત્યાર પછી એનું લોકાર્પણ થયું અને માર્ચ-૨૦૦૫માં પણ ઓ.પી.ડી.માં ૨૮,૭૨૦ ઈન્ડોરની અંદર ૩૭૧૬ એક્સરેની અંદર એટલે એના જૂદા જૂદા વિભાગની અંદર છે એ પ્રમાણે એને કરતા જઈએ છીએ.સૌથી પહેલા મૅડિકલ કૉલેજ શરૂ કરવી હોય તો એના માટે જરૂરી સાધનો અને તજજ્ઞો જોઈએ. એટલે પહેલા તબક્કામાં આ હૉસ્પિટલને સુપર સ્પેશિયાલિટી સાથેની હૉસ્પિટલ તરીકે કેવી રીતે કાર્યાન્વિત કરી શકાય એ માટે સોસાયટી રચાયેલ છે. રાજય સરકાર અને પી.એમ.ઓ.એ એ વખતે સરસ અભિગમ અપનાવ્યો કે આ માત્ર રાજય સરકારની હૉસ્પિટલ તરીકે નહિ પણ એક સોસાયટી તરીકે કામ કરે. રાજય સરકારે એક સોસાયટી રચી છે. એ

સોસાયટી સાથે હું તાત્કાલિક બેઠક પણ બોલાવવાનો છું. એ પછી પહેલા હૉસ્પિટલ સર્વાંગી હૉસ્પિટલ થાય અને એ હૉસ્પિટલની ક્ષમતા એટલી મોટી છે કે જે હૉસ્પિટલમાં કચ્છની બહાર ગયેલા લોકો અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ એનો મૅડિકલ ટુરિઝમ તરીકે કેવી રીતે વિકાસ થાય એ માટે અનેક કચ્છીઓ જ્યારે વિદેશ વસે છે ત્યારે એ ધોરણે તજજ્ઞોની સેવાઓ સાથે પહેલા તબક્કામાં આ હૉસ્પિટલને સર્વાંગી હૉસ્પિટલ તરીકે કરી શકીએ. ત્યાર પછી પેરા મૅડિકલ કોર્સિસની શૈક્ષણિક સંસ્થા તરીકે ચાલુ કરી શકાય અને મૅડિકલ કૉલેજ માટે માનનીય સભ્યશ્રીએ પોતે પણ પ્રશ્ન પૂછયો છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમનું કહેવું છે કે મૅડિકલ કૉલેજ કરશો કે કેમ? (અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : ભાષણ નહિ, માહિતી આપવાની છે. તમારે જે માહિતી જોઈતી હોય એ માહિતી આપવી પડે. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે એની પૂરી માહિતી આપવાની મારી ફરજ છે. આજે ૩૦૦ બેડની હૉસ્પિટલ છે. મૅડિકલ કૉલેજ શરૂ કરવા માટે પ્રાથમિક તબક્કે ૩૦૦ બેડની હૉસ્પિટલ જોઈએ એ છે. મૅડિકલ કૉલેજ શરૂ કરવા માટેની તૈયારી છે પણ એ માટેના પ્રાધ્યાપકો, એમ.સી.આઈ.ના નિયમ પ્રમાણે સ્ટાફ હોવો જોઈએ એ પૂર્તતા માટેના પ્રયત્નો ચાલુ છે અને મૅડિકલ કૉલેજ શરૂ કરવાની પૂર્ણતાની ચકાસણી કરીને હું આ સભાગૃહ દ્વારા લોકોને જણાવીશ.

**ડૉ. અતુલ કે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતનો વિકાસ એ મૅડિકલ ટુરિઝમ માટે સમગ્ર દુનિયામાં ગુજરાત એ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. એટલે જ ગુજરાતના મહત્તમ વિસ્તારોમાં, એ સૌરાષ્ટ્રમાં હોય તો મૅડિકલ કૉલેજ છે. દક્ષિણ ગુજરાતમાં મૅડિકલ કૉલેજ છે. મધ્ય ગુજરાત અને અમદાવાદ શહેરમાં પણ છે. પરંતુ કચ્છ અને ઉત્તર ગુજરાત આ બે વિસ્તારો મૅડિકલ કૉલેજથી વંચિત રહ્યા છે. મારે આપના દ્વારા વિનંતી કરવાની છે કે પ્રાઈવેટ મૅડિકલ કૉલેજ ખૂબ જ ટૂંકા સમયમાં હૉસ્પિટલ બનાવીને મૅડિકલ કૉલેજ બનાવી શકે છે. જ્યારે સરકાર દ્વારા ત્રણ વર્ષથી નિર્મિત કચ્છમાં એક હૉસ્પિટલ બની હોય અને મહેસાણામાં અનેક સિવિલ હૉસ્પિટલો હોય, તો આ બન્ને જગ્યાએ તાત્કાલિક મૅડિકલ કૉલેજ બનાવવી જોઈએ એવી મારી લાગણી છે. મારી આ લાગણી સાથે માનનીય મંત્રીશ્રી સંમત થાય છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : એમની લાગણી સાથે સંમત થાઉ છું. મારી એક વિનંતી છે કે એમ.સી.આઈ.ની અંદર એમની ખૂબ સારી લાગવગ છે. એમ.સી.આઈ.એ જે નિયમો કર્યા છે અને જે પરિસ્થિતિ છે, સ્ટાફની ઉપલબ્ધી ન હોવાના કારણે ડ મૅડિકલ કૉલેજોમાં પણ હું કરી શકતો નથી. પણ કચ્છમાં એ શક્યતાઓનો હું અભ્યાસ કરી રહ્યો છું કે સ્વનિર્ભર રીતે પણ આને ચાલુ કરી શકાય કે કેમ? એ માટેની શક્યતાઓ ચકાસી રહ્યો છું. કચ્છની મૅડિકલ કૉલેજના પ્રશ્નમાં હું આ સભાગૃહ સમક્ષ આવીશ.

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : કચ્છ જિલ્લો ભૌગોલિક રીતે મોટો વિસ્તાર છે. શૈક્ષણિક રીતે પછાત જિલ્લો પણ છે. આ જિલ્લામાં ૧૩૦ કરોડના ખર્ચે હૉસ્પિટલ બનાવવામાં આવી છે. આધુનિક સાધનોથી સજ્જ હૉસ્પિટલ આપવામાં આવી એ બાબત આવકાર્ય છે. પણ એના ઉદ્‌ઘાટન વખતે પણ મૅડિકલ કૉલેજની વાત કરવામાં આવી હતી. મૅડિકલ કૉલેજ સાથેની હૉસ્પિટલ આપવાની વાત હતી. પણ આજ સુધી મૅડિકલ કૉલેજની દરખાસ્ત પણ ગઈ ન હોય તો એ દુ:ખની વાત છે. કચ્છની લાગણી છે કે ગુજરાત સરકાર મૅડિકલ કૉલેજની દરખાસ્ત વહેલામાં વહેલી તકે મોકલાવે. કચ્છને મૅડિકલ કૉલેજ આપો એવી અમારા કચ્છની લાગણી છે.

**શ્રી અશોક ભટ્ટ** : આ જે પણ મૅડિકલ કૉલેજ માટે જે કાંઈ શક્યતા છે એ શક્યતાનો પૂરો અભ્યાસ કરીને મેં કહ્યું કે હું આ સભાગૃહ સમક્ષ આવીશ.

### *૧૩૭૭૨ પાલનપુર સિવિલ હૉસ્પિટલ ખાતે વર્ગ-૧ અને વર્ગ-૨ની ખાલી જગાઓ

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) પાલનપુર સિવિલ હૉસ્પિટલમાં તા.૩૧-૭-૨૦૦૫ની સ્થિતિએ વર્ગ-૧ અને વર્ગ-૨ના ડૉકટરોની જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**માનનીય આરોગ્ય મંત્રીશ્રી :**

વર્ગ-૧ : ૨ (બે)

વર્ગ-૨ : ૧ (એક)

(૨) સત્વરે

**શ્રીકાંતિલાલ ધ. કચોરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે, પાલનપુર સિવિલ હોસ્પિટમાં ક્લાસ-૧ અને ક્લાસ-૨ માં કુલ ત્રણ જગ્યાઓ ખાલી છે, આ જવાબમાં જણાવ્યું છે કે સત્વરે ભરવામાં આવશે, તો સત્વરે એટલે કેટલા સમયમાં ભરવામાં આવશે એ કલેરીફાય થઈ જાય તો સારું.

**શ્રીઅશોક ભટ્ટ**: બે જગ્યા ક્લાસ-૧ ની ખાલી છે. એમાં પાર્ટ ટાઈમ ડો. જે.આર. સાવલી કામ કરે છે, રેડિયોલોજીસ્ટમાં આર.એમ.ભટ્ટ ચાલુ છે તે કરે છે. બધી મૅડિકલ કૉલેજોની અંદર પીડિયાટ્રીશ્યન એમ.ડી. થયા છે

તે અને રેડિયોલોજીસ્ટમાં એમ.ડી. થયા છે એમને પણ ઈન કૉલેજ ઈન્ટરવ્યુ લઈને નક્કી કરીશું અને તેમાંથી જે આવશે તેમને હું ત્યાં મૂકીશ.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ કહ્યું પાર્ટ-ટાઈમવાળા છે એટલે અમુક ટાઈમ જ આવતા હોય છે. બિમાર એ ટાઈમમાં થાય એવું નથી હોતું, માટે કાયમી જગ્યા ક્યારે ભરવામાં આવશે? પ્રશ્ન પાલનપુરનો જ છે, પણ ડીસા હૉસ્પિટલમાં એક વર્ષથી હું લખું છું, રજૂઆત કરું છું, ગઈ વિધાનસભામાં એલ.એ.કયુ.માં કહ્યું હતું કે જગ્યા ભરાઈ જશે, હજુ સુધી ડૉકટરોની જગ્યા ભરાઈ નથી.

**શ્રી અશોક ભટ્ટ** : પાલનપુરની આ બે જગ્યા ભરવા માટે સરકારે બધા પ્રયત્નો કર્યા છે અને એના બધા પ્રયત્નો છતાં હજુ સુધી મળ્યા નથી, એટલે પાર્ટટાઈમ ડૉકટરો છે, પરંતુ એમને જ્યારે જરૂર હોય ત્યારે એમને ઈમરજન્સીમાં પણ બોલાવવામાં આવે છે.

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : આજે આ બધા ધારાસભ્યોની ચિંતા ડૉકટરોની ફરિયાદની છે. આ એક પાલનપુરનો પ્રશ્ન નથી. આજે ડૉકટર પાંચ રૂપિયા કોઈ પાસેથી ફી લેતા પકડાય તો એન્ટીકરપ્શન દ્વારા આને સસ્પૅન્ડ કરવામાં આવે છે. સસ્પૅન્ડ કર્યા પછી એ પ્રાઈવેટ દવાખાનું બનાવીને પોતે પોતાનો ધંધો ચાલુ રાખીને સરકાર સામે લડે છે. સરકાર સામે લડ્યા પછી એ જીતીને બધા પૈસા સરકાર પાસેથી વસૂલ કરે છે તો આજે મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આ પકડાયેલા ડૉકટર સામે..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ સવાલ બીજો છે.

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : આ મહત્ત્વનો પ્રશ્ન છે, ડૉકટર સામે ખાતાકીય તપાસ કરીને એને નોકરીમાં ચાલુ રાખવા માગો છો ? કેમ કે લોકો સુવિધાથી વંચિત રહે છે.

**અધ્યક્ષશ્રી** : આ સવાલ બીજો છે, પ્લીઝ, ભીખાભાઈ બેસો.

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : ડૉકટરોની જગ્યા ખાલી છે.

**અધ્યક્ષશ્રી** : હા, એ સવાલ છે.

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : સરકારના પૈસા જાય છે અને એની ખાતાકીય તપાસ કરીને ખાતાકીય પગલાં લેવાં જોઈએ.

### ખેડા જિલ્લામાં અસરગ્રસ્તોને થયેલ અન્યાય અન્વયે નવેસરથી સરવેની કામગીરી અંગે

*** ૧૩૧૭૩ શ્રી રાકેશ રાવ(માતર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જુલાઈ-૨૦૦૫ માં ખેડા જિલ્લાના માતર તથા ખેડા તાલુકાઓમાં શેઢી નદીમાં આવેલ પૂરને કારણે હૈજરાબાદ, આંગોલી, સંઘાણા, વણસર, સોખડા, રતપુર, ગાંધીપુરા, ગામોમાં નાશ પામેલા રહેલા લાયક મકાનોની સહાય ચૂકવવામાં અસમાનતાના કારણે અસરગ્રસ્તોને આંદોલન કરવું પડ્યું હોવાની હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો જે અસરગ્રસ્તોને અન્યાય થયો છે, તેવા લોકોને સહાય ચૂકવવા રાજ્ય સરકાર શું કરવા માગે છે?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) ખેડા જિલ્લામાં માતર તાલુકાના હૈજરાબાદના અસરગ્રસ્તોને નાશ પામેલા મકાન સહાયની ચૂકવણી ઓછી હોવા બાબતે અસંતોષ હતો તે હકીકત ખરી છે.

(૨) નાયબ કલેકટર ખેડા અને તાલુકા વિકાસ અધિકારીશ્રી માતરની ઉપસ્થિતિમાં તા.૧૫-૮-૨૦૦૫ના રોજ સમાધાન થયેલ હતું અને જે અસરગ્રસ્તના મકાન સંપૂર્ણ પડી ગયેલ છે, તેમને ઈન્દિરા આવાસ યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળ જીવતા લાભાર્થીઓની પાત્રતાને ચકાસી નિયમોથી સુસંગત હોય તે અસરગ્રસ્ત લાભાર્થીઓને મકાન બનાવવાની દરખાસ્તની કામગીરી ચાલુ છે.

**શ્રી રાકેશ રાવ** : સાહેબ, તાજેતરમાં ગુજરાતમાં જે અતિવૃષ્ટિ બની એમાં સૌથી વધુમાં વધુ ભોગ ખેડા જિલ્લો અને એની અંદર પણ માતર અને ખેડા તાલુકાનો વિસ્તાર બન્યો છે. ખૂબ ભયંકર પૂરના કારણે ચાર-ચાર દિવસ સુધી લોકોને મકાન પર રહેવું પડ્યું છે, આવી ભયંકર પરિસ્થિતિ ઊભી થઈ એની અંદર સાહેબ એલ એન્ડ ટી અને એકસપ્રેસ હાઈવે આ બે કારણે અમારા ગ્રામ્ય વિસ્તારની અંદર ખરાબ પરિસ્થિતિથી ખૂબ પાણી આવ્યું. કુદરતે તો અમને માર્યા પરંતુ જે રીતે અમારે ત્યાં મકાનોનું સરવે થયું અને જે રીતે વહિવટી તંત્રના સરવે કરવા માટે આવેલા લોકોએ અન્યાય કર્યો છે..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, તમે પ્રશ્ન પર આવો.

**શ્રી રાકેશ રાવ** : સાહેબ, હું મારા પ્રશ્ન પર આવુ છું. માનનીય મંત્રીશ્રીએ મારા પ્રશ્નમાં જ કબૂલ કર્યુ છે કે આ અસમાનતાને કારણે લોકોને વેઠવું પડ્યું છે. મારે ત્યાં એક મકાનની કિંમત ૪૦,૦૦૦ રૂપિયા અને એની

બાજુમાં પડેલા મકાનને ૨૦૦ રૂપિયા સહાય મળી છે.આ બસો રૂપિયામાં બે ઈંટો પણ ન આવે, અને વહીવટી તંત્ર દ્વારા ભૂલ થાય એ હું સ્વીકારું છું પરંતુ જ્યારે તંત્રના ધ્યાન ઉપર હું વાત મૂકું છું, મેં અનેક જગ્યાઓએ આ બાબતની રજૂઆત કરી કે, મારા વિસ્તારના લોકોને અન્યાય થયો છે, આ બસો રૂપિયાનો ચેક આપ્યો છે તેમ છતાં પણ કોઈ કાર્યવાહી કરવામાં ન આવે ત્યારે મને એમ લાગે કે, આપણે ખરેખર સંવેદનશીલતા ગુમાવી ચૂક્યા છીએ. મારી માગણી એટલી જ છે કે, મારા વિસ્તારમાં જે સરવે થયો છે એ રિ-સરવે થાય. માનનીય મંત્રીશ્રીને પણ મેં રજૂઆત કરી, એમણે ના પાડી કે રિ-સરવે નહીં થાય તો માનનીય અધ્યક્ષશ્રી, મારે અન્યાય કેવી રીતે સહન કરી લેવો, મારા વિસ્તારના લોકોને અન્યાય થતો હોય તો કેવી રીતે ચાલે ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતની પ્રજા અને આ હાઉસ, બધા જ જાણે છે કે, જૂન મહિનામાં ગુજરાત ઉપર જે મોટી આફત આવી હતી આ આફતમાંથી આપણે ઝડપભેર જે બહાર નિકળ્યા, મહારાષ્ટ્રની હેવી રેલી હોય, સુનામી હોય, અમેરિકાની કેટરિના હોય તેમ છતાં પણ ગુજરાતના ધારાસભ્યશ્રીઓ, એન.જી.ઓ., સરકારી અધિકારીઓ સૌના પ્રયત્નોથી આપણે ઝડપભેર ટૂંકા કલાકોમાં, હું દિવસો નહીં, કલાકોમાં આપણે લોકોને રાહતો પહોંચાડી શક્યા છીએ. માનનીય ધારાસભ્યશ્રી મારી પાસે આવ્યા હતા, એમણે જે સ્પેસિફિક વાત કરી, માનનીય અધ્યક્ષશ્રી, એટલું મોટું કામ થયું છે, ચાર દિવસમાં લાખો લોકોને કેશ-ડોલ્સ આપી છે, લાખો મકાનોની સહાય આપી છે, હવે ધારાસભ્યશ્રી મારી પાસે આવ્યા, મેં કહ્યું કે, સ્પેસિફિક મને વાત કરો, એ સ્પેસિફિક કોઈ કારણ લાવ્યા નથી, મને લેખિત આપ્યું નથી, આજે પ્રશ્નના સ્વરૂપમાં એમણે આ વિષય ઊભો કર્યો છે અને જ્યાં જ્યાં કંઈ પણ જ્યારે આટલું મોટું કામ થયું હોય, ક્યાંક ક્ષતિ રહી ગઈ હોય અને અસંતોષ છે, મારા જવાબમાં મેં સ્પષ્ટ કહ્યું છે કે, અસંતોષ તો ઘણા બધા લોકોને હોય પણ સરકાર એના નીતિ નિયમો પ્રમાણે એને મદદ કરતી હોય છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય રાકેશભાઈ પ્લીઝ, માનનીય મંત્રીશ્રીને તમે લેખિત આપો, જે ક્ષતિ હોય તે, એનો તેઓ નિકાલ કરવા તૈયાર છે ( અંતરાય ) પ્લીઝ ( અંતરાય ) વાત પૂરી થઈ. ( અંતરાય ) માનનીય મંત્રીશ્રી સંમત થયા છે, કોઈ એક ક્ષતિ હોય તો એ ક્ષતિ લખીને આપે, એ ચેક કરી લેશે ( અંતરાય ) પ્લીઝ ( અંતરાય )

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે ફરિયાદ કરી છે, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે, હું આપના મારફતે એ કહેવા માગું છું કે, માતર તાલુકાની મેં પણ મુલાકાત લીધેલી, તાલુકા પંચાયતના પ્રમુખશ્રીની આગેવાની નીચે દિવસો સુધી ત્યાં લોકો ઉપવાસ ઉપર બેઠેલા અને આ ફરિયાદ માનનીય ધારાસભ્યશ્રીએ તો આપી છે પણ અનેક લોકોએ પણ આપી છે અને જ્યારે પૂરની (અંતરાય) નહીં મહારાષ્ટ્રને યાદ કરું છું અને મહારાષ્ટ્રની ચર્ચા વિધાનસભામાં થાય છે, તમારે ચર્ચા કરવાની તૈયારી હોય તો સામે આવી જાવ ( અંતરાય) માનનીય મુખ્ય મંત્રીશ્રી એમ કહે કે, હવાઈ સુનામી છે અને જવાબ આપવામાંથી માનનીય મંત્રીશ્રી જાય, એ વાજબી નથી. આ બાબતનો જવાબ અહીંયા વિગતવાર આપવો જોઈએ અને હું આપના મારફતે એ કહેવા માગું છું કે, આની અંદર સંવેદનશીલતા રાખી માનનીય મંત્રીશ્રીએ ખાતરી આપવી જોઈએ કે જે ફરિયાદો છે એને આધારે એમાં સમગ્ર વ્યવસ્થાની જે તપાસ થઈ છે જે સરવે થયો છે એનો રિ-સરવે કરવામાં આવશે અને જેણે પણ ક્ષતિ કરી હોય એને સજા કરવામાં આવશે આ પ્રકારની માનનીય મંત્રીશ્રી ખાતરી આપવા માગે છે કે કેમ ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : મેં કહ્યું એમ એટલા મોટા પ્રમાણમાં ટૂંકા સમયમાં કામગીરી થઈ છે, માનનીય ધારાસભ્યશ્રી એક કેસની માહિતી સ્પેસિફિક આપે છે જે આજે માહિતી મળી છે એની ચોક્કસ તપાસ થશે. અસંતોષની ફરિયાદો આવી હશે, અમારી સરકારે નથી આપી એવું કયાંય નથી, માતર તાલુકાની વિગત આપું તો ૨૯૧૪૧ મકાનોના, કાચા-પાકા ઝૂંપડાઓને ૫૮ લાખ ૮૨ હજાર ૮૨૫ રૂપિયા ખાલી માતર તાલુકામાં ૨૦ લાખ રૂપિયાની કેશ-ડોલ્સ આપી છે, ત્રણ લાખ કરતાં વધારે મકાનોને સહાય આપી છે.આટલા મોટા પ્રમાણમાં પહેલી વાર ગુજરાત સરકાર ચોક્કસ મદદ કરવા સહાયભૂત છે. સરકારની લાગણી છે કે જેને પણ નુકસાન થયું છે , જેમને સહન કરવાનો વારો આવ્યો છે એને મદદ કરવી જોઈએ. આ સરકારની લાગણી છે અને એ પ્રમાણે મદદ થઈ છે. કયાંક અસંતોષ હોય તો નિકાલ કરી શકાય. સ્પેસીફીક આવે તો મદદ કરી શકાય.

**ડભોઈ હોસ્પિટલ ખાતે ઓર્થોપેડિક વિભાગ શરૂ કરવા અંગે**

***૧૩૩૬૧ શ્રી ચંદ્રકાન્ત મો.પટેલ (ડભોઈ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

ડભોઈની આજુબાજુમાં આવેલ શિનોર, નસવાડી, સંખેડા, છોટાઉદેપુર, પાવી જેતપુર, કવાંટ જેવી પૂર્વપટ્ટીમાં આવેલ એકમાત્ર ડભોઈની રેફરલ હોસ્પિટલ સરકારી આવેલી છે, તેમાં ઓર્થોપેડીક વિભાગ નથી તો સરકારે આ બાબતે જલદી પગલાં લઈ ઓર્થોપેડીક વિભાગ શરૂ કરવા કોઈ આયોજન કર્યું છે કે કેમ?

**આરોગ્ય મંત્રીશ્રી :**

છોટા ઉદેપુર ખાતે ઓર્થોપેડીક યુનિટ મંજૂર કરવામાં આવેલ છે.

**શ્રી ચંદ્રકાન્ત મો.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, છોટા ઉદેપુર ગામમાં ઓર્થોપેડીક વિભાગ શરૂ કરવાની મંજૂરી મળી છે એ બદલ અભિનંદન પણ વાસ્તવમાં ડભોઈ આખા વિસ્તારમાં પૂર્વપટ્ટીમાં કેન્દ્ર સ્થાને છે. બધા તાલુકાના

લગભગ સંખેડા, સિનોર, પાવી જેતપુર, નસવાડી આ બધાને ડભોઈ ઉપરથી જવાનું થાય છે. મારી માગણી છે ડભોઈ ખાતે લગભગ બધા વિભાગ છે. આ એક વિભાગ ઓર્થોપેડીક વિભાગ શરૂ કરવાની મારી માગણી હતી તો શરૂ કરવા માગે છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : આખી પૂર્વ પટ્ટીમાં છોટા ઉદેપુરમાં ઓર્થોપેડીક યુનીટ નકકી કરેલ છે. એમની માગણી ડભોઈ ખાતે શરૂ કરવાની છે. હું શકયતા જોઈ લઉં. શરૂ કરવામાં વાંધો નથી પણ પ્રશ્ન ઓર્થોપેડીકની ઉપલબ્ધીનો છે. આજે હું હા પાડું અને કાલે ના મળે એટલા માટે સમગ્ર પૂર્વપટ્ટીમાં અંતરિયાળ છોટા ઉદેપુર યુનિટને કાર્યરત કરવાની ખાતરી આપું છું અને કાર્યરત થશે.

**રાજયમાં બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડ ધારકો**

***૧૩૬૮૨ શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા) : : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજયમાં તા.૧૫-૮-૨૦૦૫ની સ્થિતિએ કુલ બી.પી.એલ.કાર્ડ ધારકો કેટલા છે અને એ.પી.એલ.કાર્ડ ધારકો કેટલા છે?

(૨) નવા બી.પી.એલ.કાર્ડ આપવા માટે સરકારનું શું આયોજન છે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

(૧) બી.પી.એલ.કાર્ડ ધારકો ૩૫,૪૯,૮૫૪ છે અને એ.પી.એલ. કાર્ડધારકો ૮૦,૨૯,૭૭૦ છે.

(૨) કાર્યવાહી ચાલુ છે.

**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા** : : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સમગ્ર ગુજરાત રાજયના શહેરી વિસ્તારમાં નવા બી.પી.એલ.કાર્ડ બનાવવાની કાર્યવાહી કોણ કરી રહ્યું છે તેમજ સમગ્ર રાજયના શહેરી વિકાસની અંદર હું જવાબદારી સાથે કહી રહ્યો છું સામ્યવાદી પક્ષના અને કોંગ્રેસ પક્ષના કાર્યકરો દ્વારા પ્રજા, જનતાને ગુમરાહ બનાવાઈ રહી છે કે અમે બી.પી.એલ.કાર્ડ બનાવીએ છીએ. (અંતરાય) જવાબદારી સાથે કહું છું કોંગ્રેસના કાર્યકરો દ્વારા અને સામ્યવાદી પક્ષના કાર્યકરો દ્વારા લોકોને ગુમરાહ કરવામાં આવી રહ્યા છે કે અમે બી.પી.એલ.કાર્ડ બનાવીએ છીએ. કોંગ્રેસવાળાને ત્યાં લોકોની લાઈન લાગે છે. આગામી કોર્પોરેશનની અને તાલુકા પંચાયતની ચૂંટણીને લક્ષમાં રાખીને રાજય સરકારને બદનામ કરવા માટેનો પ્રયાસ કરે છે. ફોર્મ દ્વારા આવા લોકોની અરજી કલેટકરને આપે છે. અમદાવાદ શહેરમાં બી.પી.એલ.કાર્ડ બનાવવાની કાર્યવાહી પુરવઠા અધિકારીની હોય છે. કલેકટરની નહીં પરંતુ કોંગ્રેસના અને સામ્યવાદી પક્ષના કાર્યકરો દ્વારા લોકોને ગુમરાહ કરવાના પ્રયત્નો કરાઈ રહ્યા છે તો આવા લોકો સામે પોલીસ કેસ કરવા માગો છો કે નહીં?

**શ્રી છત્રસિંહ પૂં. મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જો કોઈ વ્યકિતના નામ આપે તો હું ચોકકસ તપાસ કરાવીશ અને કોઈ આવી કાર્યવાહી કરતા હશે અને મારા ધ્યાનમાં આવશે, ગોમતીપુર, અમદાવાદમાં શ્રીમતી કમલાબેન આનંદ પરમાર બી.પી.એલ.કાર્ડ કાઢવા માટેનું કૌભાંડ કરતા હતા. એમણે મને ફોન કર્યો એટલે મેં તપાસ કરાવી. પોલીસ કેસ કર્યો છે. ધરપકડ કરવામાં આવી છે. આવું કોઈ કૃત્ય કરશે તો કડકમાં કડક કાર્યવાહી કરવા માટે સરકાર તૈયાર છે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બી.પી.એલ.કાર્ડ આપવા માટે સરકારે અગાઉ કેટલા સમય પહેલા સરવે કરાવ્યો છે? અને હાલ સરવે કરીને કેટલા સમયમાં બી.પી.એલ. કાર્ડ બનાવવાની કાર્યવાહી કરવા માગે છે? એટલા માટે કે સમગ્ર ધારાસભ્યશ્રીઓનો એક અવાજ છે કે બી.પી.એલ.કાર્ડના અત્યારે જેટલા નંબર છે એમાં ૫૦ ટકા લોકો ખોટા છે. અત્યારે સરકારે જે નીતિનિયમો નક્કી કર્યા છે, એમાં હૉસ્પિટલ, શાળાનો ગણવેશ, શિષ્યવૃત્તિ એ બધામાં જ્યારે બી.પી.એલ. નંબર મહત્ત્વનો ગણ્યો હોય, ત્યારે કોઈ સાચા બી.પી.એલ. કાર્ડ ધારકો રહી ન જાય, ખોટા આવે નહિ એના માટે સરકાર શું આયોજન કરવા માગે છે, એની માહિતી આપશો?

**શ્રી છત્રસિંહ પૂં. મોરી** : બી.પી.એલ. યાદી અમારો વિભાગ બનાવતો નથી. કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ ડી.આર.ડી.એ. ગ્રામ વિકાસ એને સૂચના આપવામાં આવે છે કે તમે બી.પી.એલ. યાદી બનાવો. વખતો વખત દર પાંચ-પાંચ વર્ષે આનો સરવે થતો હતો. આ સરવે મુજબ જે જે બી.પી.એલ. હેઠળ હતા એ બધાને પરમીટ રૅશનકાર્ડના આપી દીધા છે. કેન્દ્રની ઘણી બધી નવી યોજના, માહિતી પ્રમાણે કરવા જઈએ તો બી.પી.એલ. હેઠળ હાલ છે, એમાં ઘણા બધા લોકો નીકળી જશે અને ઘણો બધો ઊહાપોહ થવાની શક્યતા છે. આવું ૧૯૯૭માં કેશુભાઈની સરકાર હતી, ત્યારે આ જ પ્રમાણેનો બી.પી.એલ. યાદી પ્રમાણે સરવે કર્યા મુજબ રૅશનકાર્ડ આપ્યા, ત્યારે સભ્યશ્રીઓએ માગણી કરતી હતી કે આમાં હજુ રહી જાય છે, એટલે ફરી સરવે કરાવડાવ્યો અને ફરી રૅશનકાર્ડ આપ્યા, એમાં જે જૂના હતા એ લોકોને પણ આપ્યા. આ બધુ કરવા છતાં સંખ્યા ૩૫ લાખ કરતા વધારે થઈ ગઈ છે.

**શ્રી જગદીશ ઠાકોર** : બી.પી.એલ. સાચા લોકો રહી ગયા છે. સમગ્ર ગુજરાતનો પ્રશ્ન છે. ડી.આર.ડી.એ. પાસે કરાવતા હોઈએ કે કોઈપણ એજન્સી પાસે કરાવતા હોય ૩૫ લાખના ૫૦ લાખ થાય વાંધો નથી. સાચા બી.પી.એલ. કાર્ડ ધારકો રહી ન જાય, એટલા માટે ઘરે ઘરે જઈને સરવે કરવા માગો છો કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં. મોરી** : કેન્દ્ર સરકારે જે નોર્મ્સ નક્કી કર્યા તે મુજબ આપણે બી.પી.એલ. આપવા જઈએ તો ૨૧ લાખને આપી શકીએ. આજે બી.પી.એલ. પ્રમાણે ૩૫ લાખ કરતાં વધારે લોકોને આપી ચૂક્યા છીએ. હવે સભ્યશ્રી કહે છે કે આ બી.પી.એલ. પ્રમાણે નવી નીતિ કોઈપણ નક્કી કરીએ તો એના માટે સમિતિની રચના કરીને આખી કાર્યવાહી શરૂ થઈ રહી છે, એ માટે ટૂંક સમયમાં આ બાબતમાં નિર્ણય કરશે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય મંત્રીશ્રીએ કહ્યું આ આખી યોજના કેન્દ્ર સરકારની અને પાંચ વર્ષે યાદી નવી બને છે. મારે નમ્રતાપૂર્વક સૂચન કરવાનું છે કે જે મતદાર યાદીમાં પણ જો કોઈ માણસ ૧૮ વર્ષનો થાય તો દર વર્ષે નામ લખાવી શકે છે. કોઈ માણસની સ્થિતિ ૫ વર્ષ સુધી એકધારી રહે એવું નથી. આજે હું બી.પી.એલ. નથી, પણ કાલે હું બી.પી.એલ. થઈ જાવ કે કોઈ કુદરતી કારણ બને, કોઈ કમાનાર વ્યક્તિ મરી જાય કે પછી કુદરતી સંકટ ઊભું થાય, પુર, ધરતીકંપ એના કારણે બને, એટલા માટે જે રહી જવાની ફરિયાદ છે, એનો પણ ઉકેલ આ જ છે. આ સતત પ્રક્રિયા હોવી જોઈએ અને આપણે કલેક્ટર ઑફિસમાં કે વિભાગ સંભાળે ત્યાં વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. હું બી.પી.એલ. તરીકે મારો પુરાવો આપું તો મારી નોંધણી ન થઈ હોય તો પણ તપાસ કરીને બી.પી.એલ. માં નોંધણી થઈ શકે આવી વ્યવસ્થા ઊભી કરવા માટે જો ન જોગવાઈ હોય તો કેન્દ્ર સરકારને વિનંતી કરીને આવી જોગવાઈ કરવી જોઈએ, જેથી કરીને ભવિષ્યમાં આ પ્રશ્ન ઊભો ન થાય, આના માટે મંત્રીશ્રી શું કરવા માગે છે?

**શ્રી છત્રસિંહ પૂં. મોરી** : એમણે વાત કરી સૂચન છે. બીજી વાત કરી તો સભ્યશ્રી કહે છે કે હમણાં કેન્દ્ર સરકારે ૧૨ જાન્યુઆરી ૨૦૦૪ ના દિવસે પ્લાનિંગ કમિશને ગુજરાત સરકારને સૂચના આપી છે. એમાં ૩૨૪ રૂપિયા ગ્રામ્ય વિસ્તાર માટે ૫૨ વ્યક્તિની માસિક આવક હોવી જોઈએ અને શહેરી વિસ્તાર માટે ૫૦૧-૧૪ પૈ. માસિક આવક હોવી જોઈએ. આ સુધારેલ આવક આવી છે અને તે પ્રમાણે ધ્યાનમાં લઈને તેની કાર્યવાહી અત્યારે ચાલુ છે અને કાર્યવાહી પૂર્ણ થશે, એટલે એ પ્રમાણે આપવા તૈયાર છીએ.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે કુટુંબ બી.પી.એલ.કાર્ડ ધરાવે છે તે કુટુંબના પિતા તે કાર્ડ ધરાવે છે પણ તેનો પુત્ર જુદો થાય અને જુદો રહેવા જાય ત્યારે તે પુત્ર રેશનકાર્ડ માટે એપ્લાય કરે છે ત્યારે તેને એ.પી.એલ.કાર્ડ આપવામાં આવે છે. તેમની પાસે એક વીઘો જમીન પણ નથી, સંપૂર્ણપણે સો ટકા મજૂરી કરે છે, તેના પિતા બી.પી.એલ.કાર્ડ ધરાવે છે અને તે જયારે રેશનીંગ કાર્ડ મેળવવા જાય ત્યારે તેને એ.પી.એલ. કાર્ડ આપવામાં આવે છે. તેના પિતા બી.પી.એલ.કાર્ડ ધરાવતા હતા અને તેનો પુત્ર જુદો જાય તો એને નોર્મ્સ પ્રમાણે એ.પી.એલ.ના બદલે બી.પી.એલ. કાર્ડ આપવા માગો છો કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં. મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કહે છે કે બી.પી.એલ.કાર્ડ હોય, છૂટા પડે એટલે બી.પી.એલ. હોય તે આ જમાનામાં અને આ સમયમાં બધુ શકય નથી. તે નોકરી કરતો પણ હોય. આજે બી.પી.એલ.હોય તે કાલે ન પણ હોય અને કાલનો બી.પી.એલ. આજે પણ હોય. તેના માટે કેન્દ્ર સરકારે કર્યુ છે તે પ્રમાણે ગ્રામસભા મળે છે, તે ગ્રામસભામાં નામોની રજૂઆત કરે અને ગ્રામસભા તેનો ઠરાવ કરે અને તે ઠરાવ કર્યા પછી ડી.આર.ડી.એ. દ્વારા તેની ખાતરી કરાવીએ છીએ અને તે પૂર્તતા કર્યા પછી ચકાસણી કરીએ અને જો બી.પી.એલ. હોય તો તેને બી.પી.એલ. આપીએ છીએ અને ખોટા કાર્ડ હોય તો તે આપણે કાઢી નાંખીએ છીએ અને આપવાના હોય તેને આપીએ છીએ.

**શ્રી બિમલ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ વિરોધપક્ષના મિત્રો બૂમાબૂમ કરે છે ત્યારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કેન્દ્ર સરકારના ક્રાઈટેરીયા પ્રમાણે બી.પી.એલ. કાર્ડ આપવામાં આવે છે. આપણે ત્યાં ગુજરાતનો ક્રાઈટેરીયા અલગ રાખ્યો છે. એટલે આજે બી.પી.એલ.ની સંખ્યા ૨૧ લાખના બદલે ૩૫ લાખ છે. એટલે જ વિનંતી કરવા માગું છું કે, આ નવો ક્રાઈટેરીયા આવ્યો છે તેમાં ચેઈન્જ કરીને ગુજરાત પોતાના ક્રાઈટેરીયા પ્રમાણે બી.પી.એલ. કાર્ડ ધારકોને મદદ કરવા માગે છે કે નહી?

**શ્રી છત્રસિંહ પૂં. મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

**શ્રી ભાવિનભાઈ ન. શેઠ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, છેલ્લા કેટલાય સમયથી બી.પી.એલ.કાર્ડ એલોટ કરવાનું બંધ કરવામાં આવ્યું છે તે વાત સાચી?

**શ્રી છત્રસિંહ પૂં. મોરી** : માનનનીય અધ્યક્ષશ્રી, આવું બંધ કરવાનું કઈ છે જ નહીં. બી.પી.એલ.કાર્ડ હોય તેની ચકાસણી કરવાની હોય અને ચકાસ્યા પછી, ખાતરી કર્યા પછી આપવાપાત્ર છે કે નહી ં તે પ્રમાણે આગળ વધીએ છીએ.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જીતુભાઈએ જે પ્રશ્ન ઉઠાવ્યો તેવો જ પ્રશ્ન મારા વિસ્તારમાં પણ છે. કેટલાક લોકોએ જાહેરમાં બોર્ડ બનાવીને અને આ બાબતે મેં પોલીસ ફરિયાદ પણ કરી છે.

બી.પી.એલ.ની યાદી છેલ્લા ત્રણ-ચાર વર્ષથી બનાવવામાં આવી નથી અને બધા લાભ બી.પી.એલ.ને મળતા હોવાના કારણે મારી આ ગૃહ સમક્ષ એક માગણી છે કે કોઈ બેન વિધવા થાય અને તેનો એક કમાતો માણસ ગુજરી જાય તો એને ચાર વર્ષ સુધી બી.પી.એલ.ના સરવેની રાહ જોવાની જરૂર નહીં હોવી જોઈએ. બંધ મીલ કામદાર તો ખરેખર મીલ બંધ છે, કોઈ કમાતું નથી માટે ચાર વર્ષનો કેન્દ્રનો કાયદો ખરેખર તો ગરીબી, મીનીમમ વેજીસ એકટમાં પણ આ આવતું નથી. ૭૦ રૂપિયા મીનીમમ વેજીસ એકટ છે. ૨૧૦૦/- રૂપિયા કમાતા હોય તેની સામે ૩૭૪ રૂપિયા તો કોંગ્રેસના મિત્રો પણ કેન્દ્રને લખીને કહે કે આ ક્રાઈટેરીયામાં ફેરફાર કરે.

**સૂરત સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

***૧૩૪૭૨ શ્રી મનીષ ન.ગીલીટવાલા (સુરત શહેર (પૂર્વ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત ખાતે આવેલી જુની સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર કેટ કેટલી જગ્યાઓ તા. ૩૧-૭-૨૦૦૫ની સ્થિતિએ ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શી કાર્યવાહી કરી?

**માનનીય આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) જુની સિવિલ હોસ્પિટલ, સુરતને પાંચ જગ્યાઓના સેટઅપ સાથે ડિસ્પેન્સરીમાં ફેરવવામાં આવેલ છે, અને તે ડિસ્પેન્સરીની કોઈ જગ્યા ખાલી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી મનીષ ન. ગીલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જુની સિવિલ હોસ્પિટલને ડિસ્પેન્સરીમાં ફેરવી છે તે હવે ફરીથી હોસ્પિટલમાં કાર્યરત કરવા માગો છો? તે કયા કારણોસર ડિસ્પેન્સરીમાં ફેરવી છે

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, સુરત શહેરમાં બે હોસ્પિટલો સિવિલ હોસ્પિટલ કક્ષાની છે. એક ૧૯૬૯થી સિવિલ હોસ્પિટલ વીથ મેડીકલ કોલેજ છે અને એક જુની હોસ્પિટલ છે.રાજય સરકારે એ વિચાર કરીને નકકી કર્યુ છે અને મેં તેમને ગઈકાલે જ કહયું હતું કે સુરત મેડીકલ કોલેજ જોડે જુની સિવિલ હોસ્પિટલને જોડીને જેટલા શકય છે તેટલા અર્બન સેન્ટર બનાવીને અત્યારે જે નિદાનની સુવિદ્યા છે તેના કરતાં વધારે નિદાનની સુવિદ્યા તે જગ્યાએ મળે તે જરૂરી છે અને ત્યાં નિદાન થશે અને એ નિદાનની પ્રવૃત્તિ ઓર્થોપેડિક, સર્જરી, ચામડીના રોગો આ બધા વિભાગોના નિષ્ણાતોની તજજ્ઞ સેવાઓ જૂની હૉસ્પિટલમાં મળે અને એ મૅડિકલ કૉલેજ એટેચ હૉસ્પિટલ સાથે જોડીને અને એના અર્બન સૅન્ટર તરીકે વિકસાવવાનો નિર્ણય કરીએ છીએ.

**શ્રી મનીષ ન. ગીલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, એવી માહિતી આવી છે કે સરકારે કોઈ કૉર્પોરેટ કંપનીને જૂની સિવિલ હૉસ્પિટલ વેચાણ કરી દીધી છે એના કારણથી બંધ કરવામાં આવી છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈકને સ્વપ્નું આવે તો ખોટી વાત છે.

**શ્રી મનીષ ન. ગીલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સ્વપ્નું નથી, ત્યાં કૉર્પોરેટ કંપનીઓએ ગેરકાયદેસર થોડાક દબાણો પણ કર્યા છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહને ખાતરી આપવા માગું છું કે જૂની સિવિલ હૉસ્પિટલને અત્યારે જે સેવાઓ મળે છે સુરતના નગરજનોને એના કરતાં વધારે સારી સુવિધાઓ અર્બન સૅન્ટર તરીકે એ જગ્યાને સુરત મૅડિકલ કૉલેજ જોડે જોડીને નિદાનની બધી વ્યવસ્થાઓ ત્યાં આપવામાં આવશે અને એને એક સુંદર અર્બન સૅન્ટર એટેચ વીથ મૅડિકલ કૉલેજ કરવાનો સરકાર નિર્ણય કરશે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, આ ડિસ્પેન્સરીમાં ફેરવવામાં આવેલ છે તો ડિસ્પેન્સરીમાં ત્યાં ડૉકટરોનો શું સેટઅપ છે અને અત્યારે હાલ કેટલા ઓપીડી છે અને હાલ કેટલા ઈન્ડોર આવે છે અને એની અત્યારે જે ડિસ્પેન્સરી છે તેમાં આ સેવાઓ શકય બનશે કે કેમ ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૪-૦૫માં ૨૩૪ બહારના દર્દી તરીકે અને ૩૮ ઈન્ડોર દર્દીઓને આ હૉસ્પિટલને લાભ મળ્યો હતો અને માનનીય સભ્યશ્રી તબીબી વિષયના અને આ વિભાગ સંભાળી ચૂકયા છે એટલે તેઓ જાણે છે કે આ જો મૅડિકલ કૉલેજ જોડે એટેચ અર્બન સૅન્ટર થાય તો એને સંપૂર્ણ વધારાનો લાભ મળી શકે અને એને પીએસએમ ડિપાર્ટમૅન્ટના અન્ડરની અંદર મૂકીને હું આ અર્બન ડૅવલપમેન્ટ સૅન્ટર સુરતને એક આધુનિક ડૅવલપમેન્ટ સૅન્ટર એના મધ્યસ્થાનમાં મળે અને એમાં બધા જ વિભાગના નિદાનો થાય એ જાતની વ્યવસ્થાઓ ત્યાં ઊભી કરવાની ખાતરી આપું છું અને મૅડિકલ કૉલેજ સાથે જોડાશે એટલે મૅડિકલ કૉલેજના પીએસએમ વિભાગ દ્વારા એને સેટઅપ મળશે એટલે સેટઅપનો કોઈ પ્રશ્ન રહેશે નહીં.

## માનસિંહજી હૉસ્પિટલ પાલીતાણાના જર્જરિત મકાન અંગે

*** ૧૩૨૮૮શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ પાલીતાણા માનસિંહજી હૉસ્પિટલ જર્જરિત થયેલી છે, અને માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ મકાન ચાલે તેમ ન હોવાથી અન્ય જગ્યાએ ખસેડવા અભિપ્રાય આપેલ છે, ત્યારે આ હૉસ્પિટલને પુનઃ બાંધવા શું આયોજન છે, અને
(૨) કયાં સુધીમાં બાંધવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) હાલમાં કોઈ આયોજન નથી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પાલીતાણામાં માનસિંહજી હૉસ્પિટલના મકાનને લગભગ સો વર્ષ થયા છે અને એ મકાન ખૂબ જર્જરિત છે, એ મકાનમાં દર્દીઓને રાખી શકાય એવું છે નહીં, એવી કોઈ દરખાસ્ત રાજય સરકારને મળી છે કે કેમ, અને જો મળી હોય તો અન્ય શું વ્યવસ્થા છે અને નવું મકાન બાંધવાનું કોઈ આયોજન છે કે કેમ ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની રજૂઆત મળી છે અને એમની રજૂઆતના આધારે યુરોપીયન કમિશનના આધારે આ પ્રોજૅકટ બનાવવામાં આવ્યો છે અને એની અંદર પાલીતાણાના મકાનો સુધારા વધારા કરીને એફ.આર.યુ. ફર્સ્ટ રેફરલ યુનિટ તરીકે ડૅવલપમેન્ટ કરવાનો વિચાર છે અને એની ટેન્ડરની પ્રક્રિયાઓ ચાલુ કરી દીધી છે અને ૪૯ લાખ ૨૮ હજાર રૂપિયાનું ટેન્ડર પણ બહાર પડી ચૂકયુ છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ગારિયાધાર- પાલીતાણા આખા વિસ્તારમાં માનસિંહજી હૉસ્પિટલ માત્ર એક સેવાનું સાધન અત્યાર સુધી હતી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આવી જ બીજી હૉસ્પિટલ જેમાં તમામ સુવિધાઓ મળતી હતી એ પ્રકારે કરવા માગો છો કે કેમ ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સૂચન છે અને મેં ફરીથી કહ્યું કે એના કરતાં વધારે સારી ફર્સ્ટ રેફરલ યુનિટ તરીકે પાલીતાણાની આ જ હૉસ્પિટલમાં ૪૯ લાખ રૂપિયાનો વધારાનો ખર્ચ કરીને યુરોપીયન કમિશનના પ્રોજૅકટ હેઠળ એને વિકસાવવામાં આવશે અને ટેન્ડર બહાર પડી ચૂક્યા છે અને એમાં એક વર્ષની સમય મર્યાદા રાખી છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, યુરોપીયન કમિશનના મારફતે બનશે, એ સારી વાત છે પણ એ કામ સરકારના પીડબલ્યુડી મારફતે થશે કે યુરોપીયન કમિશનની અંદર ટેમ્પરરી એન્જિનીયરો કે જેમને હંગામી ચાર ચાર મહિના માટે રાખીને કે જેમની કોઈ જવાબદારી ન હોય એવા પાસે કરાવવા માગો છો?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, યુરોપીયન કમિશન નાણાં આપે છે ત્યારે એની એ પૂરતી ચકાસણી કરે છે અને એનું પૂરું સુપરવીઝન કરે છે અને એ રીતે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે એમને અને પ્રભારી સભ્ય છે એમને પણ ખાતરી આપું છું કે સારું કામ થશે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

**શ્રી ધીરુભાઈ ગજેરા :** માનનીય અધ્યક્ષશ્રી, મારો ૧૨ તારીખનો પ્રશ્ન હતો, પાછોતરો વરસાદ ખેંચાતા ખેતીના પાકને બચાવવા અંગે રાજય સરકારને નોટિસ આપી હતી કે..(અંતરાય)

**અધ્યક્ષશ્રી :** નો, નો. હજુ બાકી છે. અતારાંકિત યાદી બાકી છે. (અંતરાય) નેકસ્ટ. હું પાંચમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકું છું.

# અતારાંકિત પ્રશ્નો

## ( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### પંચમહાલ અને દાહોદ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકોની બદલીઓ

*૧૩૪૮૭ **શ્રી ભુરાભાઈ કટારા (ઝાલોદ):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ અને દાહોદ જિલ્લામાં મે અને જૂન-૨૦૦૫માં પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકોની બદલીઓમાં કેટલી શાળાઓમાં જ્ગ્યાઓ ખાલી હોવા છતાં બદલી વધ ઘટ કેમ્પમાં જાહેરબોર્ડ પર ક્યા ક્યા તાલુકાની કઈ કઈ શાળાઓની જ્ગ્યાઓ ભરેલી દર્શાવેલ હતી, અને | (૧) બદલી કેમ્પમાં ખાલી જગાઓવાળી શાળાઓજ દર્શાવવામાં આવતી હોઈ, ભરેલી જગાઓવાળી શાળાઓ દર્શાવવાનો પ્રશ્ન રહેતો નથી. |
| (૨) તે પૈકી કેટલી જ્ગ્યાઓ ભરી અને કેટલી જ્ગ્યાઓ ભરવાની બાકી રહેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

### અમદાવાદ શહેરમાં બેરોજગારોને રોજગારી અંગે

૧૩૫૭૭**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર):માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૭-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શિક્ષિત બેરોજગાર લોકોની નોંધણી કરવામાં આવી છે, અને | (૧) ૨૪૯૭૫ |
| (૨) આ સ્થિતિએ કેટલા બેરોજગાર લોકોને રોજગારી પૂરી પાડવામાં આવી? | (૨) ૫૭૯૨ |

-----------

### રાજકોટ જિલ્લાના ખેડૂત ખાતેદારોને લાગુ જમીન ફાળવવા મળેલ અરજીઓ

૧૩૫૨૫**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા) :માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના મોરબી, ટંકારા અને પડધરી તાલુકાના કેટલા ખાતેદાર ખેડૂતો દ્વારા લાગુ જમીન ફાળવવા કઈ કઈ તારીખે તા. ૩૧-૭-૨૦૦૫ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) કુલ ૭૦-અરજીઓ આવી જેની તારીખ દર્શાવતું પત્રક સામેલ છે. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરેલ છે, કેટલી નામંજૂર કરેલ છે અને કેટલી પડતર છે, અને | (૨) ૧-મંજૂર, ૬૧-નામંજૂર, ૮-પડતર છે. |
| (૩) પડતર અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ? | (૩) અરજદાર પાસેથી જરૂરી માહિતી રજુ થયેથી પડતર અરજીઓનો સત્વરે નિકાલ કરવામાં આવશે. |

## પત્રક

| મોરબી તાલુકો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | અરજદારનું નામ | ગામનું નામ | અરજીની તારીખ | મંજુર | નામંજુર | પડતર |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | કાશીબેન દયારામભાઈ | ખરેડા | ૨૬-૧૨-૦૩ | -- | નામંજુર | -- |
| ૨ | શ્રી કરમશી મોતીભાઈ | પાનેલી | ૧૬-૧૨-૦૩ | -- | નામંજુર | -- |
| ૩ | શ્રી પ્રભુલાલ મોહનભાઈ | ખાનપર | ૨૦-૧-૦૪ | -- | નામંજુર | -- |
| ૪ | શ્રી કરમશી નાજાભાઈ | મોડપર | ૧૭-૩-૦૪ | -- | નામંજુર | -- |
| ૫ | શ્રી પ્રહલાદ મોહનભાઈ | લાલપર | ૨૦-૩-૦૪ | -- | નામંજુર | -- |
| ૬ | કાશીબેન દયારામભાઈ | ખરેડા | ૧૬-૩-૦૪ | -- | નામંજુર | -- |
| ૭ | શ્રી અંબારામ મોહનભાઈ | લાલપર | ૨૦-૩-૦૪ | -- | નામંજુર | -- |
| ૮ | શ્રી ધરમશી અવચરભાઈ | માધાપર | ૨૬-૫-૦૪ | -- | નામંજુર | -- |
| ૯ | પુર્વીબેન દુર્લભભાઈ | ઘુંટુ | ૫-૮-૦૪ | -- | -- | પડતર |
| ૧૦ | શ્રી રમેશ કાનજીભાઈ | ઘુંટુ | ૫-૮-૦૪ | -- | -- | પડતર |
| ૧૧ | શ્રી ધરમશી ભુરાભાઈ | ઘુંટુ | ૧૫-૯-૦૪ | -- | -- | પડતર |
| ૧૨ | અંકિતાબેન વિરલકુમાર | જાંબુડીયા | ૨૧-૧૦-૦૪ | -- | -- | પડતર |
| ૧૩ | શ્રી રાઘવજીભાઈ ભીમજીભાઈ | રવાપર | ૫-૯-૦૩ | મંજુર | -- | -- |
| ૧૪ | શ્રી જીતેન્દ્ર વીરજીભાઈ | મહેન્દ્રનગર | ૧૨-૫-૦૫ | -- | નામંજુર | -- |
| ૧૫ | શ્રી નરશી કરમશીભાઈ | મહેન્દ્રનગર | ૧૨-૫-૦૫ | -- | નામંજુર | -- |
| ૧૬ | શ્રી હરાભાઈ બાબુભાઈ | અદેપર | ૩૦-૬-૦૫ | -- | -- | પડતર |
| પડધરી તાલુકો | | | | | | |
| ૧૭ | રમાબેન ડાડાભાઈ | ખોડાપીપર | ૨૫-૯-૦૩ | -- | નામંજુર | -- |
| ૧૮ | શ્રી લખમણભાઈ ભીમજીભાઈ | ખોડાપીપર | ૯-૧૦-૦૩ | -- | નામંજુર | -- |
| ૧૯ | શ્રી ભીમજી દાનાભાઈ | ખોડાપીપર | ૯-૧૦-૦૩ | -- | નામંજુર | -- |
| ૨૦ | દલીબેન ભીમજીભાઈ | ખોડાપીપર | ૯-૧૦-૦૩ | -- | નામંજુર | -- |
| ૨૧ | શ્રી પોપટભાઈ રામજીભાઈ | ખજુરડી | ૧૭-૧૦-૦૩ | -- | નામંજુર | -- |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૨૨ | ભાનુબેન પરસોતમભાઈ | ખોડાપીપર | ૧૪-૧૦-૦૩ | -- | નામંજુર | -- |
| ૨૩ | શ્રી પરસોતમ રણછોડભાઈ | ખોડાપીપર | ૧૪-૧૦-૦૩ | -- | નામંજુર | -- |
| ૨૪ | મંજુલાબેન ધીરજભાઈ | મેટોડા | ૧૪-૧૦-૦૩ | -- | નામંજુર | -- |
| ૨૫ | જાનબાઈ સાતમભાઈ | ખંઢેરી | ૧૨-૧૨-૦૩ | -- | નામંજુર | -- |
| ૨૬ | શ્રી છગનભાઈ નાથાભાઈ | અમરેલી | ૨૨-૧-૦૪ | -- | નામંજુર | -- |
| ૨૭ | શ્રી રાજાભાઈ ખોડાભાઈ | અમરેલી | ૨૨-૧-૦૪ | -- | નામંજુર | -- |
| ૨૮ | મંજુલાબેન પરસોતમભાઈ | હરીપર | ૨૨-૧-૦૪ | -- | નામંજુર | -- |
| ૨૯ | શ્રી મંગાભાઈ જીણાભાઈ | મેટોડા | ૭-૫-૦૪ | -- | નામંજુર | -- |
| ૩૦ | બાલુબેન વિરજીભાઈ | ફતેપર | ૮-૬-૦૪ | -- | નામંજુર | -- |
| ૩૧ | શ્રી માવજીભાઈ નરશીભાઈ | મોટા રામપર | ૨૨-૧-૦૪ | -- | નામંજુર | -- |
| ૩૨ | શ્રી જીવણભાઈ નગાભાઈ | દહીસરડા | ૭-૬-૦૪ | -- | નામંજુર | -- |
| ૩૩ | શ્રી પરસોતમ દેવરાજભાઈ | મેટોડા | ૨૫-૫-૦૪ | -- | નામંજુર | -- |
| ૩૪ | શ્રી વસરામભાઈ ખીમજીભાઈ | બાધી | ૨-૭-૦૪ | -- | નામંજુર | -- |
| ૩૫ | શ્રી પ્રવિણ બચુભાઈ | અમરેલી | ૧૩-૭-૦૪ | -- | નામંજુર | -- |
| ૩૬ | લાભુબેન આંબાભાઈ | થોરીયાળી | ૧૬-૭-૦૪ | -- | નામંજુર | -- |
| ૩૭ | શ્રી પોપટભાઈ ડાહયાભાઈ | સાલપીપળીયા | ૧૭-૧૧-૦૪ | -- | નામંજુર | -- |
| ૩૮ | શ્રી અરવિંદભાઈ સવજીભાઈ | મોટીચણોલ | ૨૭-૯-૦૪ | -- | નામંજુર | -- |
| ૩૯ | શ્રી જેરામ લખમણભાઈ | ગોવિંદપર | ૩૦-૭-૦૪ | -- | નામંજુર | -- |
| ૪૦ | શ્રી અજય મનુભાઈ | મોટોડા | ૬-૧-૦૪ | -- | નામંજુર | -- |
| ૪૧ | શ્રી શીવાભાઈ ભગાભાઈ | જીલરીયા | ૮-૩-૦૪ | -- | નામંજુર | -- |
| ૪૨ | નંદુબેન જગાભાઈ | જીલરીયા | ૮-૯-૦૪ | -- | નામંજુર | -- |
| ૪૩ | શ્રી અમરસી કાનજીભાઈ | ડુંગરકા | ૨૩-૧૨-૦૪ | -- | નામંજુર | -- |
| ૪૪ | શ્રી જેન્તીલાલ કાનજીભાઈ | ડુંગરકા | ૨૩-૧૨-૦૪ | -- | નામંજુર | -- |
| ૪૫ | શ્રી હરીભાઈ લખમણભાઈ | બાધી | ૨૨-૧૨-૦૪ | -- | નામંજુર | -- |
| ૪૬ | શ્રી ગણેશ રાઘવભાઈ | ખોડાપીપર | ૯-૯-૦૪ | -- | નામંજુર | -- |
| ૪૭ | શ્રી છબીલદાસ કાળીદાસ | ડુંગરકા | ૨૯-૬-૦૪ | -- | નામંજુર | -- |
| ૪૮ | શ્રી મંગાભાઈ જીણાભાઈ | મેટોડા | ૩૧-૩-૦૫ | -- | નામંજુર | -- |
| ૪૯ | શ્રી ગોવિંદભાઈ રતામલ | બાધી | ૨૧-૪-૦૫ | -- | નામંજુર | -- |
| ૫૦ | શ્રી રણમલભાઈ પાંચાભાઈ | બાધી | ૨૧-૪-૦૫ | -- | નામંજુર | -- |
| ૫૧ | શ્રી વલ્લભ જાદવ | અમરેલી | ૩-૬-૦૫ | -- | નામંજુર | -- |
| ૫૨ | લાભુબેન વલ્લભભાઇ | અમરેલી | ૩-૬-૦૫ | -- | નામંજુર | -- |
| ૫૩ | શ્રી પ્રવિણ હરીભાઇ | મોટાખીજડીયા | ૨૧-૫-૦૫ | -- | નામંજુર | -- |
| ૫૪ | શ્રી પ્રવિણ ભાણજીભાઇ | સરપદડ | ૬-૬-૦૫ | -- | નામંજુર | -- |
| ૫૫ | શ્રી રાજેશ નથુભાઇ | દોમડાભાયુના | ૪-૬-૦૫ | -- | નામંજુર | -- |
| ટંકારા તાલુકો | | | | | | |
| ૫૬ | શ્રી નરભેરામ અવચરભાઇ | જબલપુર | ૧-૭-૦૩ | -- | નામંજુર | -- |
| ૫૭ | શ્રી રમેશ ઓધવજીભાઇ | હડાળા | ૧૦-૧૦-૦૩ | -- | નામંજુર | -- |
| ૫૮ | શ્રી મંગળ નારણભાઇ | છતર | ૧૪-૮-૦૩ | -- | નામંજુર | -- |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૫૯ | મધુબેન ધામેચા | હડમતીયા | ૧૫-૭-૦૩ | -- | નામંજુર | -- |
| ૬૦ | શ્રી ઉસ્માન અલાવદીભાઇ | ટંકારા | ૯-૮-૦૩ | -- | નામંજુર | -- |
| ૬૧ | શ્રી અમરશી લખમણભાઇ | મહેન્દ્રપુર | ૬-૧-૦૪ | -- | નામંજુર | -- |
| ૬૨ | શ્રી ક્રાંતિલાલ દેવાભાઇ | જીવાપર (ચ) | ૩૦-૧-૦૪ | -- | નામંજુર | -- |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૬૩ | શ્રી હિંમત દેવાભાઇ | જીવાપર (ચ) | ૩૦-૧-૦૪ | -- | નામંજુર | -- |
| ૬૪ | હેમીબેન ગોવિંદભાઇ | છતર | ૧૫-૩-૦૪ | -- | નામંજુર | -- |
| ૬૫ | શ્રી ઓધવજી આબાંભાઇ | બેડી | ૨૬-૪-૦૪ | -- | નામંજુર | -- |
| ૬૬ | શ્રી અમરશીભાઇ આંબાભાઇ | બેડી | ૨૬-૪-૦૪ | -- | નામંજુર | -- |
| ૬૭ | શ્રી સુમિત દુર્લભભાઇ | હડાળા | ૫-૮-૦૪ | -- | નામંજુર | -- |
| ૬૮ | શ્રી નવઘણ જીવાભાઇ | જીવાપર (ચ) | ૨૪-૫-૦૪ | -- | -- | પડતર |
| ૬૯ | શ્રી અવચર વશરામભાઇ | સજ્જનપર | ૭-૧૨-૦૪ | -- | -- | પડતર |
| ૭૦ | શ્રી અરવિંદ ભગવાનજી | નેક્નામ | ૬-૧-૦૫ | -- | -- | પડતર |

-----------

**કચ્છ યુનિવર્સિટીમાં કુલપતિની નિમણૂંક કરવા અંગે**

૧૩૬૭૩ **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૧૫-૮-૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં અલગ કચ્છ યુનિવર્સિટીની રચના થયા છતાં કાયમી કુલપતિની નિમણૂંક કરવામાં આવી નથી તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) કુલપતિની કાયમી નિમણૂંક ન કરવાના કારણો શા છે; અને | (૨) અને (૩) કાયદાની જોગવાઇ હેઠળ જરૂરી પ્રક્રિયા પરિપૂર્ણ થયેથી. |
| (૩) કેટલા સમયમાં નિમણૂંક કરવામાં આવશે ? | |

-----------

**સોનગઢની સેન્ટ્રલ પેપર મીલનો કરાર**

૧૩૭૮૯**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર):માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સોનગઢ સેન્ટ્રલ પલ્પ મીલ્સ દ્વારા કરાર અનુસાર ગુજરાતની નાની પેપર મીલોને પલ્પ આપવામાં આવતો નથી, તે હકીકત સાચી છે, | (૧) મીલ સાથે થયેલ કરાર મુજબ આવી કોઇ જોગવાઇ અમલમાં નથી. |
| (૨) જો હા, તો મુખ્ય કરાર અનુસાર વર્ષે કેટલો પલ્પ નાની મીલોને ફાળવવાની જોગવાઇ છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) પલ્પ ન ફાળવવાનાં કારણો શાં છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) જો પલ્પ ફાળવવામાં આવેલ હોય તો છેલ્લા ત્રણ વર્ષની વર્ષવાર તા. ૩૧-૩-૦૫ની સ્થિતિની વિગતો શી છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ભાવનગર જિલ્લામાં ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ**

૧૩૪૯૩**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૧-૭-૦૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ માધ્યમિક | (૧) ૨૧૩. |

શાળાઓની કુલ સંખ્યા કેટલી,

(૨) ઉપરોક્ત માધ્યમિક શાળાઓ પૈકી નગરપાલિકા અને મહાનગરપાલિકા વિસ્તારમાં કેટલી અને ગ્રામ્ય વિસ્તારમાં કેટલી છે, અને

(૨) શાળાઓની સંખ્યા.

નગરપાલિકા વિસ્તાર-- ૧૩
મહાનગરપાલિકા વિસ્તાર-- ૪૭
ગ્રામ્ય વિસ્તાર-- ૧૫૩

(૩) જિલ્લાના કુલ ગામોની સંખ્યા મુજબ આ સંખ્યા પૂરતી છે કે કેમ, અને ન હોય તો સરકાર શું આયોજન કરવા માંગે છે ?

(૩) હા, જી. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**રાજ્યમાં ભારે વરસાદના કારણે થયેલ નુકશાન અને કરેલ ખર્ચ**

૧૩૩૧૯**શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના):માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) ચાલુ સાલે રાજ્યમાં આવેલ ભારે વરસાદ અને પૂરના કારણે રાજ્યને થયેલ નુકશાન અન્વયે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ કેટકેટલી રકમની સહાયતાની માંગણી કરી, અને

(૨) રાજ્યને મળેલ કુદરતી આપત્તિ ભંડોળમાંથી તારીખ ૩૧-૭-૨૦૦૫ સુધીમાં રાજ્ય સરકારે કેટલો ખર્ચ કર્યો ?

**જવાબ**

(૧) રૂા. ૫૧૦૨.૨૨ કરોડ.

(૩) તારીખ ૩૧-૭-૨૦૦૫ સુધીમાં રાજ્ય સરકારે રૂા. ૧૦૫.૯૮ કરોડનો ખર્ચ કર્યો.

-----------

**બી. એડ. કોલેજો શરૂ કરવા ના-વાંધા પ્રમાણપત્ર આપવા અંગે**

૧૩૪૬૬**શ્રી ધીરૂભાઈ હ. ગજેરા(સુરત શહેર (ઉત્તર):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં બી.એડ. કોલેજો શરૂ કરવા કઇ કઇ યુનિવર્સિટીએ કઇ કઇ કોલેજોને એન.ઓ.સી આપી અને તેના અનુસંધાને રાજ્ય સરકાર તરફથી કઇ કઇ કોલેજોને એન.ઓ.સી આપવામાં આવી, અને

(૨) રાજ્ય સરકારની એન.ઓ.સી. મળેલ ન હોય તેમ છતાં આઇસીટીઆઇ તરફથી કઇ કઇ કોલેજોને મંજુરી આપવામાં આવી ?

**જવાબ**

(૧) રાજ્ય સરકારે એકપણ એન.ઓ.સી. આપેલ નથી જ્યારે યુનિવર્સિટીઓની માહિતી નીચે મુજબ છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ૪૧

(૨) એકપણ નહીં.

-----------

**માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકાને કેરોસીન, ખાંડ અને અનાજની ફાળવણી**

૧૩૫૭૨**શ્રી કાંતિલાલ રે. ગામીત(સોનગઢ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) રેશનીંગ કાર્ડમાં કેરોસીન, ખાંડ તથા અનાજની વ્યક્તિ દીઠ કેટલી ફાળવણી કરવાની હોય છે,

**જવાબ**

(૧) કાર્ડ દીઠ કેરોસીન ૮.૬૦ થી ૧૦ લીટર વચ્ચે વ્યક્તિ દીઠ ખાંડ-૫૦૦ ગામ.

બી.પી.એલ. યોજના હેઠળ

વ્યક્તિ દીઠ ૧.૫ કિલો ઘઉં
વ્યક્તિ દીઠ ૧.૦૦ કિલો ચોખા
એ.પી.એલ. યોજના હેઠળ
વ્યક્તિ દીઠ ૫.૦૦ કિલો ઘઉં
વ્યક્તિ દીઠ ૨.૫ કિલો ચોખા

(૨) તા. ૧૫-૮-૨૦૦૫ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં આ ધોરણે છેલ્લા બે વર્ષમાં દર માસે કેટલી કેટલી ફાળવણી કરવાની થતી હતી અને તે પૈકી કેટલી ફાળવણી કરવામાં આવી, અને

(૨) પત્રક સામેલ છે. *

(૩) જો ઓછી ફાળવણી કરવામાં આવી હોય તો તેના શા કારણો છે ?

(૩) સરકારશ્રી દ્વારા દર માસે જિલ્લાની થતી કુલ કેરોસીન, ખાંડ તથા અનાજની ફાળવણી જિલ્લાના કાર્ડધારકોને સપ્રમાણ કરવામાં આવે છે.

*** (પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

-----------

## ખાનપુર અને લુણાવાડા તાલુકાના વન વિસ્તારોમાં ચેકડેમ

૧૩૫૯૧**શ્રી કાળુભાઇ હી. માલીવાડ(લુણાવાડા) :માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

પંચમહાલ જિલ્લામાં ખાનપુર તાલુકા અને લુણાવાડા તાલુકામાં વન વિસ્તારમાં ચેકડેમ બનાવવા માટેના ઘણાં સારાં લોકેશન છે જે માટે જિલ્લામાં નેશનલ ફુડ ફોર વર્ક યોજના હેઠળ રકમ ફાળવવામાં આવી છે જે ચેકડેમ ક્યાં સુધીમાં તૈયાર કરવામાં આવશે ?

**જવાબ**

નેશનલ ફુડ ફોર વર્ક યોજના હેઠળ ખાનપુર તાલુકામાં બે ચેકડેમની કામગીરી પ્રગતિમાં છે તથા લુણાવાડા તાલુકાના વન વિસ્તારમાં ચાર ચેકવોલની કામગીરી પ્રગતિમાં છે.

-----------

## રાજ્યમાં નવા સામુહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો બનાવવા વિચારણા

૧૩૭૯૯ **શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ):માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો આવેલા છે,

(૪) આ પૈકી એકપણ ડોકટર વિહિન કેટલા સી.એચ.સી./પી.એચ.સી. છે, અને

(૫) જે વિસ્તારમાં નવા સી.એચ.સી./પી.એચ.સી. બનાવવાની માંગ છે, તે અંગે સરકાર શું વિચારે છે ?

**જવાબ**

(૧) કુલ સામુહિક આરોગ્ય કેન્દ્ર ૨૭૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૧૦૭૦

(૩) સામુહિક આરોગ્ય કેન્દ્ર એકપણ નહીં, જ્યારે ૧૬૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ડોકટર વિહિન છે.

(૪) ભવિષ્યમાં નવા પ્રાથમિક/ સામુહિક આરોગ્ય કેન્દ્ર સ્થાપવાની સર્વગ્રાહી વિચારણા સમયે, જે તે સ્થળની જરૂરિયાતને ધ્યાનમાં રાખી વિચારવામાં આવશે.

-----------

## અમરેલી જિલ્લામાં આવેલ કંપનીઓ દ્વારા સ્થાનિક લોકોને રોજગારી આપવાના નિયમનો ભંગ

૧૩૬૭૯ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી(રાજુલા) :માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી શ્રમ અને રોજગાર** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં આવેલ પીપાવાવ પોર્ટ, નર્મદા સિમેન્ટ તથા અલ્ટ્રાટેક કંપનીઓએ ભરતીના નિયમો મુજબ સ્થાનિક વ્યક્તિઓને રોજગારી આપવા માટેના નિયમોનો ભંગ કરેલ છે તે વાત સરકારના ધ્યાન પર છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આવી કંપનીઓ સામે સરકારે કેવા પ્રકારના શિક્ષાત્મક પગલાં લીધેલ છે અથવા તો લેવા માંગે છે ? | (૨) અમરેલી જિલ્લામાં આવેલ નર્મદા સિમેન્ટ તથા અલ્ટ્રાટેક કંપનીઓએ સ્થાનિક વ્યક્તિઓને રોજગારી આપવા માટેની સૂચનાઓનો ભંગ કરેલ નથી. જ્યારે પીપાવાવ પોર્ટ કંપનીમાં ૩૧-૭-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્થાનિક વ્યક્તિઓને રોજગારી આપવાની સૂચનાનું પાલન થયેલ નથી. આ બાબતે સંબંધિત ખાતાઓને કાર્યવાહી કરવા જણાવેલ છે. |

-----------

## રાજ્યમાં ભારે વરસાદના કારણે થયેલ નુકશાન અંગે કેન્દ્ર સરકાર તરફથી મળેલ સહાય

૧૩૧૬૮ **શ્રીમતી રશીદા ઈ. પટેલ(વાગરા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સને ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં રાજ્યમાં તાજેતરમાં ભારે અતિવૃષ્ટિ અને પુરના કારણે થયેલ વ્યાપક તારાજીને પહોંચી વળવા કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ ક્યારે મંજૂર કરી, કેટલી રકમ ક્યારે રાજ્ય સરકારને મળી ? | રૂા. ૫૦૦/- કરોડની રકમ તારીખ ૮-૭-૨૦૦૫ના રોજ મંજુર કરી, અને તે જ દિવસે એટલે કે તા. ૮-૭-૨૦૦૫ના રોજ રાજ્ય સરકારને મળી. |

-----------

## રાજકોટ શહેરમાં ફાજલ જમીનનું વેચાણ

૧૩૮૧૭**શ્રી ટપુભાઈ લીંબાસિયા(રાજકોટ-૧) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ શહેરની હદમાં શહેરી જમીન ટોચ મર્યાદા કાયદા તળે ફાજલ જાહેર થયેલી જમીનમાંથી તારીખ ૩૦-૬-૨૦૦૫ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ચો.મી. જમીન જાહેર હરાજીથી વેચાણ કરવામાં આવી, | (૧) ૫૩૬૧-૨૦ ચો.મી. |
| (૨) વેચાણ કરવામાં આવેલી જમીનમાંથી કેટલી રકમની આવક થઇ, અને | (૨) રૂા. ૧,૦૮,૮૮,૫૯૧-૩૮. |
| (૩) આ આવકમાંથી શહેરી ગરીબો માટેની ક્યા વિસ્તારમાં આવાસ યોજના બનાવવામાં આવી અને કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) શહેરી ગરીબો માટેની આવાસ યોજના બનાવવાની કામગીરી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હસ્તક હોઇ, આ આવકમાંથી કોઇ ખર્ચ થયેલ નથી. |

-----------

**જિલ્લાવાર ગૃહરક્ષકદળની સંખ્યા**

૧૩૬૮૫**શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય ગૃહરક્ષક દળ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જુલાઇ-૨૦૦૫ની સ્થિતિએ જિલ્લાવાર હોમગાર્ડઝ દળમાં કેટકેટલા જવાનો છે, | (૧) પત્રક-"અ" મુજબ. |
| (૨) આમાંથી અનુજાતિ/અનુજનજાતિ અને અન્ય પછાત વર્ગના કેટલાં છે, | (૨) ૧. અનુસૂચિત જાતિ-૧૧,૦૫૧<br>૨. અનુસૂચિત જનજાતિ-૫,૭૦૮<br>૩. અન્ય પછાત વર્ગ--૧૩,૯૮૩ |
| (૩) છેલ્લા એક વર્ષમાં જિલ્લાવાર કુલ કેટલા હોમગાર્ડઝ છૂટા કરવામાં આવ્યા, અને | (૩) પત્રક-"અ" મુજબ. |
| (૪) ક્યા ક્યા કારણોસર ? | (૪) સભ્યોની અનિયમિત્તા, રાજીનામા, વય નિવૃત્તિ, અવસાન તથા ગેર શિસ્ત જેવા કારણોસર છૂટા કરેલ છે. |

**પત્રક--અ**

**જિલ્લાવાર ગૃહરક્ષક દળની સંખ્યા**

| ક્રમ | જુલાઇ-૨૦૦૫ની સ્થિતિએ જિલ્લાવાર હોમગાર્ડઝની સંખ્યા | | જિલ્લાવાર હોમગાર્ડઝની સંખ્યા પેકી | | | છેલ્લા એક વર્ષમાં જિલ્લાવાર છુટા કરવામાં આવેલ હોમગાર્ડઝની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | જિલ્લાનું નામ | હોમગાર્ડઝની સંખ્યા | અનુ. જાતિ | અનુ. જનજાતિ | અન્ય પછાત વર્ગ | |
| ૧ | અમદાવાદ શહેર | ૫૫૯૩ | ૩૯૧૫ | ૨૮૦ | ૧૧૧૮ | ૫૫૩ |
| ૨ | અમદાવાદ રૂરલ | ૧૧૨૦ | ૩૯૯ | ૨ | ૪૨૪ | ૨૬૨ |
| ૩ | ગાંધીનગર | ૧૧૫૯ | ૩૯૪ | ૧૨ | ૪૦૫ | ૨૫ |
| ૪ | મહેસાણા | ૧૩૧૩ | ૬૪૪ | ૦૪ | ૫૩૪ | ૨૫૧ |
| ૫ | પાટણ | ૯૬૨ | ૭૨૧ | ૯૬ | ૧૪૫ | ૦ |
| ૬ | સાબરકાંઠા | ૩૦૦૬ | ૯૩૦ | ૮૮૧ | ૧૧૯૫ | ૩૬૨ |
| ૭ | બનાસકાંઠા | ૧૯૧૭ | ૬૬૩ | ૧૨૧ | ૧૧૩૩ | ૦૩ |
| ૮ | ખેડા-નડીયાદ | ૧૪૯૮ | ૩૫ | ૨૧૦ | ૮૫૦ | ૨૧ |
| ૯ | આણંદ | ૧૩૯૯ | ૧૯૫ | ૨૫૯ | ૯૪૫ | ૧૦૭ |
| ૧૦ | ગોધરા | ૧૬૩૩ | ૪૩૩ | ૪૦૫ | ૭૯૫ | ૧૫૦ |
| ૧૧ | દાહોદ | ૧૦૬૮ | ૨૨ | ૬૨૩ | ૪૨૪ | ૦૯ |
| ૧૨ | વડોદરા | ૩૦૫૪ | ૩૭૦ | ૬૬૩ | ૬૭૦ | ૨૭૮ |
| ૧૩ | ભરૂચ | ૧૧૨૭ | ૧૪૬ | ૯૩ | ૪૦૦ | ૦૪ |
| ૧૪ | નર્મદા | ૮૨૬ | ૫૧ | ૫૬૦ | ૧૩૪ | ૮૭ |
| ૧૫ | સુરત | ૧૫૩૪ | ૨૩૧ | ૪૧૦ | ૪૦૧ | ૧૭૫ |
| ૧૬ | વલસાડ | ૫૬૪ | ૬૬ | ૩૯૭ | ૫૦ | ૯૧ |
| ૧૭ | નવસારી | ૫૨૨ | ૪૭ | ૨૪૬ | ૧૧૨ | ૧૧૯ |
| ૧૮ | સુરેન્દ્રનગર | ૧૦૦૭ | ૪૫૭ | ૩૦ | ૨૫૦ | ૯૩ |
| ૧૯ | રાજકોટ | ૧૧૧૦ | ૨૧૪ | ૨૧ | ૪૧૯ | ૪૩ |
| ૨૦ | જામનગર | ૧૨૯૧ | ૨૦૨ | ૨૭ | ૩૨૫ | ૧૫૩ |
| ૨૧ | જુનાગઢ | ૧૨૨૬ | ૨૦૦ | ૨૦ | ૫૨૫ | ૧૧૦ |
| ૨૨ | પોરબંદર | ૪૧૯ | ૯૪ | ૯૮ | ૧૩૪ | ૬૯ |
| ૨૩ | ભાવનગર | ૨૦૭૨ | ૩૦૯ | ૧૦૫ | ૧૨૫૫ | ૨૮ |
| ૨૪ | અમરેલી | ૯૬૨ | ૧૬૩ | ૧૨ | ૬૩૮ | ૨૨૮ |
| ૨૫ | કચ્છ-ભૂજ | ૯૮૫ | ૧૫૦ | ૧૩૩ | ૭૦૨ | ૩૦ |
| | કુલ : | ૩૭૩૬૭ | ૧૧૦૫૧ | ૫૭૦૮ | ૧૩૯૮૩ | ૩૨૫૧ |

-----------

**બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

૧૩૫૦૦**શ્રી દોલતભાઈ પરમાર(વડગામ):માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સામુહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સરકારી | (૧) પત્રક મુજબ |

દવાખાનાઓમાં તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે કેવા પ્રકારનું આયોજન કર્યુ છે ?

(૨) ૧. વર્ગ-૧ તથા વર્ગ-૨ની જગ્યાઓ નિયમિત તેમજ એડહોક ધોરણે વોક ઈન ઈન્ટરવ્યુથી ભરવા.

૨. સામુહિક આરોગ્ય કેન્દ્રની વર્ગ-૩ તથા વર્ગ-૪ની જગ્યા કાર્યભારણ તથા જરૂરીયાત ધ્યાને લઈ ભરવામાં આવે છે.

૩. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર/સરકારી દવાખાનાની વર્ગ-૩ તથા વર્ગ-૪ની જગ્યા ભરવા જિલ્લા પંચાયત દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે.

**પત્રક**

**(૧) તાલુકાવાર સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

| તાલુકાનું નામ | સંવર્ગ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | | સરકારી દવાખાના | |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | ક્યારથી ખાલી | સંખ્યા | ક્યારથી ખાલી | સંખ્યા | ક્યારથી ખાલી |
| દાંતા | વર્ગ-૨ | - | - | ૨ | ૧/૩/૦૫ | ૧ | ૩૧/૩/૦૪ |
| | વર્ગ-૩ | ૩ | ૨૪/૪/૦૫ થી ૨૦/૬/૦૫ દરમ્યાન | ૯ | ૩/૯૮થી ૧/૪/૦૫ દરમ્યાન | - | - |
| | વર્ગ-૪ | ૩ | ૩/૩/૯૧ થી ૪/૨૦૦૧ દરમ્યાન | ૧૪ | ૬/૯૬થી ૨૦૦૨ દરમ્યાન | ૨ | ૩૧/૩/૦૪ |
| ધાનેરા | વર્ગ-૧ | ૧ | ૪/૧૧/૦૪ | - | - | - | - |
| | વર્ગ-૩ | ૩ | ૧૯/૮/૦૪ થી ૨૮/૧/૦૫ દરમ્યાન | ૯ | ૭/૯૮થી ૩૦/૬/૦૫ દરમ્યાન | - | - |
| | વર્ગ-૪ | ૩ | ૧/૦૩ થી ૧/૦૪ દરમ્યાન | ૧૧ | ૪/૯૩થી ૪/૦૪ દરમ્યાન | - | - |
| વડગામ | વર્ગ-૩ | ૭ | ૬/૨/૦૫ થી ૪/૬/૦૫ દરમ્યાન | ૩ | ૧/૪/૦૫ | - | - |
| | વર્ગ-૪ | ૧ | ૧૪/૬/૯૨ | ૭ | ૧/૪/૮૭થી ૧/૩/૦૫ દરમ્યાન | - | - |
| દાંતીવાડા | વર્ગ-૩ | - | - | ૩ | ૧૭/૬/૯૯થી ૧/૫/૦૫ દરમ્યાન | - | - |
| | વર્ગ-૪ | - | - | ૬ | ૭/૯૬થી ૬/૨૦૦૦ દરમ્યાન | - | - |
| દિયોદર | વર્ગ-૧ | ૨ | ૨૦૦૦થી | - | - | - | - |
| | વર્ગ-૩ | ૮ | ૧૯/૨/૦૩ થી ૧૮/૨/૦૪ દરમ્યાન | ૯ | ૨૦૦૦થી ૧/૪/૦૫ દરમ્યાન | - | - |
| | વર્ગ-૪ | ૧૨ | ૧૯૮૭ થી | ૮ | ૨૦૦૦થી ૨૦૦૪ દરમ્યાન | - | - |
| કાંકરેજ | વર્ગ-૧ | ૫ | ૬/૨/૦૪ થી ૧/૮/૦૪ દરમ્યાન | - | - | - | - |
| | વર્ગ-૨ | ૨ | ૨૪/૫/૦૩ થી ૧૯/૮/૦૩ દરમ્યાન | ૪ | ૧/૪/૦૩થી ૧/૫/૦૫ દરમ્યાન | ૧ | ૩૧/૩/૦૪ |
| | વર્ગ-૩ | ૧૧ | ૧૩/૭/૦૦ થી ૧૨/૫/૦૫ દરમ્યાન | ૧૮ | ૨૪/૧૦/૮૧થી ૧/૬/૦૫ દરમ્યાન | - | - |
| | વર્ગ-૪ | ૫ | ૬/૨/૦૪ થી ૪/૩/૦૫ દરમ્યાન | ૧૮ | ૧/૧/૯૭ થી ૧/૧૦/૦૧ દરમ્યાન | ૨ | ૩૧/૩/૦૪ |
| થરાદ | વર્ગ-૨ | ૧ | ૩૧/૩/૦૫ | ૨ | ૧૫/૩/૦૫ થી ૧/૪/૦૫ દરમ્યાન | - | - |
| | વર્ગ-૩ | ૯ | ૨/૧૧/૯૮ થી ૧૦/૪/૦૫ દરમ્યાન | ૧૨ | ૬/૯૮ થી ૧૧/૬/૦૫ દરમ્યાન | - | - |
| | વર્ગ-૪ | ૫ | ૩૦/૭/૯૭ થી ૧૦/૪/૨૦૦૦ દરમ્યાન | ૧૯ | ૮/૯૬ થી ૩૧/૫/૦૫ દરમ્યાન | - | - |
| વાવ | વર્ગ-૨ | ૧ | ૧/૪/૦૫ | ૧ | ૨૮/૬/૦૫ | - | - |
| | વર્ગ-૩ | ૯ | ૯/૧/૦૩ થી ૨૭/૬/૦૫ દરમ્યાન | ૧૪ | ૨૫/૧૧/૯૫થી ૧૪/૭/૦૫ દરમ્યાન | - | - |
| | વર્ગ-૪ | - | - | ૧૨ | ૮/૯૪થી ૮/૦૪ દરમ્યાન | - | - |
| અમીરગઢ | વર્ગ-૩ | ૬ | ૨૧/૧/૦૦થી ૪/૬/૦૫ દરમ્યાન | ૪ | ૨/૦૨ થી ૪/૦૫ દરમ્યાન | - | - |
| | વર્ગ-૪ | ૩ | ૨૧/૧/૦૦ | ૯ | ૪/૮૧થી ૮/૦૨ દરમ્યાન | - | - |
| ભાભર | વર્ગ-૨ | ૧ | ૨૫/૭/૦૫ | ૨ | ૧/૧૦/૦૪ થી ૨/૫/૦૫ દરમ્યાન | - | - |
| | વર્ગ-૩ | ૮ | ૨/૪/૦૦ થી ૩/૧૨/૦૪ | ૭ | ૨૦૦૨થી ૨૦૦૪ | - | - |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | દરમ્યાન | | દરમ્યાન | | |
| | વર્ગ-૪ | ૭ | ૨/૪/૦૦ | ૫ | ૨૦૦૩ થી | - | - |
| પાલનપુર | વર્ગ-૧ | ૧ | ૬/૨/૦૪ | - | - | - | - |
| | વર્ગ-૨ | ૨ | ૩૧/૩/૦૫ | - | - | - | - |
| પાલનપુર (ક્રમશઃ) | વર્ગ-૩ | ૪ | ૬/૨/૦૫થી ૪/૬/૦૫દરમ્યાન | ૭ | ૧/૧૨/૦૦ થી ૧/૪/૦૫ દરમ્યાન | - | - |
| | વર્ગ-૪ | - | - | ૯ | ૧/૯/૦૦ થી ૨૦૦૪ દરમ્યાન | - | - |
| ડીસા | વર્ગ-૧ | ૨ | ૧૨/૮/૦૧થી ૭/૪/૦૨ દરમ્યાન | - | - | - | - |
| | વર્ગ-૨ | ૧ | ૨૧/૪/૦૫ | - | - | ૨ | ૩૧/૩/૦૪ |
| | વર્ગ-૩ | ૮ | ૩૦/૬/૯૬થી ૧૪/૬/૦૫દરમ્યાન | ૧૪ | ૨૦૦૩ થી ૧૩/૭/૦૫ દરમ્યાન | - | - |
| | વર્ગ-૪ | ૨ | ૧/૪/૯૦થી ૩૧/૩/૦૩ દરમ્યાન | ૨૮ | ૧૯૯૭ થી ૨૦૦૪ દરમ્યાન | ૪ | ૩૧/૩/૦૪ |

------------

## <SB#/ સુરેન્દ્રનગર જિલ્લામાં અતિભારે વરસાદના કારણે થયેલ નુક્સાન અંગે ચુક્વવાની બાકી રાહત

૧૩૨૩૨**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી):માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં જુન-જુલાઈ ૨૦૦૫માં થયેલ અતિભારે વરસાદના કારણે થયેલ નુક્સાનમાં તાલુકાવાર કેશ ડોલ્સ મકાન રાહત તથા અન્ય રાહત તા. ૩૧-૮-૦૫ની સ્થિતિએ કેટલી અપાઈ છે.

(૨) આ સ્થિતિએ કેટલી રાહત ચુક્વવાપાત્ર બાકીમાં છે, અને

(૩) આ રાહત ક્યારે ચૂક્વવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) સામેલ પત્રક -૧ મુજબ

(૨) ૬૦૨ કેસમાં મકાન સહાય ચુક્વવાની બાકીમાં છે.

(૩) બનતી ત્વારાએ.

**પત્રક-૧**

| તાલુકો | ચુક્વવામાં આવેલ કેશ ડોલ્સ (રૂપિયામાં) | ચુક્વવામાં આવેલ ઘરવખરી (રૂપિયામાં) | ચુક્વવામાં આવેલ સરકારી સહાય(રૂપિયામાં) | ચુક્વવામાં આવેલ સી. એમ. ફંડ | ચુક્વવામાં આવેલ મકાન સહાય( રૂપિયામાં) |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. વઢવાણ | ૨૫૫૨૭૦ | ૨૮૬૨૫૦ | ૧૧૫૦૦૦ | ૧૧૫૦૦૦ | ૩૫૩૭૦૫૭ |
| ૨. લીંમડી | ૨૬૮૮૨૦ | ૪૫૬૨૫૦ | ૫૦૦૦૦ | ૫૦૦૦૦ | ૪૬૨૨૬૬૪૧ |
| ૩. ચોટીલા | - | - | - | - | ૩૪૧૮૦૦ |
| ૪. ચુડા | ૧૧૫૮૦૦ | ૧૦૯૩૭૫૦ | ૧૫૦૦૦ | ૧૫૦૦૦ | ૫૩૯૭૮૭૧ |
| ૫. સાયલા | ૧૭૧૩૦ | ૩૨૫૦૦ | - | - | ૮૧૭૧૮૭ |
| ૬. લખતર | ૨૨૧૨૫ | ૨૬૨૫૦ | - | - | ૪૮૪૫૧૫ |
| ૭. પાટડી | ૫૩૫૫ | - | - | - | ૧૩૦૪૦૦ |
| ૮. મૂળી | - | - | - | - | ૧૫૦૧૫૦ |
| ૯. ધાંગધ્રા | - | - | - | - | - |
| ૧૦. હળવદ | - | - | - | - | - |
| કુલ | ૬૮૪૫૦૦ | ૧૮૯૫૦૦૦ | ૧૮૦૦૦૦ | ૧૮૦૦૦૦ | ૧૫૫૨૧૬૨૧ |

------------

## <SB#/ રાજ્યમાં જિલ્લાવાર રસ્તાઓ અને સિંચાઈ માટે ફાળવેલ ગ્રાન્ટ

૧૩૪૯૧**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા):માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ગુજરાત સરકારે આદિજાતિ કલ્યાણ વિભાગ માટે ગુજરાત પેટર્ન સહિત વર્ષ ૨૦૦૫-૦૬ના વર્ષ માટે કેટલા રૂપિયાની બજેટમાં જોગવાઈ કરી છે, અને

(૨) સરકારે રસ્તાઓ અને સિંચાઈને પ્રાધાન્ય આપવા જિલ્લાવાર કેટલા રૂપિયાની જોગવાઈ કરી છે

**જવાબ**

(૧) ગુજરાત સરકારે આદિજાતિ કલ્યાણ વિભાગ માટે ગુજરાત પેટર્ન સહિત વર્ષ ૨૦૦૫-૦૬ના વર્ષ માટે રૂા. ૪૪૬.૯૯ કરોડની બજેટમાં જોગવાઈ કરી છે, અને

(૨) રસ્તાઓ અને સિંચાઈને પ્રાધાન્ય આપવા માટે રાજ્ય સરકારે ચાલુ વર્ષ ૨૦૦૫-૦૬ માટે

?

રસ્તાના સદરે ગુજરાત પેટર્ન હેઠળ રૂા. ૨૦.૦૦ કરોડની જોગવાઈ સૂચવેલી છે, જ્યારે સિંચાઇ સદરે કુલે ગુજરાત પેટર્ન હેઠળ રૂા. ૩૨.૮૦ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલી છે. જિલ્લાવાર ગુજરાત પેટર્ન હેઠળ રસ્તાઓ અને સિંચાઈને ફાળવવામાં આવેલ રકમનું પત્રક આ સાથે સામેલ છે.

**પત્રક**

| ક્રમ | પ્રાયોજનાનું નામ | વર્ષ ૨૦૦૫-૦૬ની ફાળવેલ જોગવાઈ (રૂા. લાખમાં) | |
|---|---|---|---|
| | | રસ્તા | સિંચાઈ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | પાલનપુર | ૪૭.૬૭ | ૭૮.૧૮ |
| ૨ | ખેડબ્રહ્મા | ૧૧૯.૧૪ | ૧૯૫.૩૮ |
| ૩ | ગોધરા | ૧૩૬.૮૧ | ૨૨૪.૩૬ |
| ૪ | દાહોદ | ૩૫૧.૩૦ | ૫૭૬.૧૪ |
| ૫ | છોટાઉદેપુર | ૨૨૧.૬૩ | ૩૬૩.૪૭ |
| ૬ | રાજપીપળા | ૧૧૯.૨૯ | ૧૯૫.૬૩ |
| ૭ | ભરૂચ | ૯૧.૧૯ | ૧૪૯.૫૫ |
| ૮ | માંડવી | ૧૯૯.૫૮ | ૩૨૭.૩૧ |
| ૯ | સોનગઢ | ૧૭૮.૫૭ | ૨૯૨.૮૫ |
| ૧૦ | વાંસદા | ૧૫૬.૧૫ | ૨૫૬.૧૦ |
| ૧૧ | વલસાડ | ૨૨૨.૮૮ | ૩૬૫.૫૫ |
| ૧૨ | આહવા | ૫૨.૦૦ | ૮૫.૨૮ |
| | કુલ | | ૩૧૦૯.૭૭ |
| | રાજ્યકક્ષાએ | ૯૯.૮૦ | ૧૬૩.૬૭ |
| | છુટાછવાયા આદિવાસીઓ માટે | ૩.૯૯ | ૬.૫૭ |
| | એકંદરે કુલ | ૨૦૦૦.૦૦ | ૩૨૮૦.૦૧ |

-------------

## રાજ્યમાં પ્રાથમિક શાળાઓની આદિવાસી કન્યાઓને ઘઉં આપવાની યોજના

૧૩૪૭૬**શ્રી શંકરભાઈ વી. રાઠવા(છોટાઉદેપુર):માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્યમાં ધોરણ ૧ થી ૭ની આદિવાસી કન્યાઓને કન્યા કેળવણીને પ્રોત્સાહન માટે ૬૦ કિલોગ્રામ ઘઉં આપવાની યોજના છે કે કેમ ? | હા. |

----------------

## બારડોલી તાલુકાના પેટ્રોલ પંપોમાં ભેળસેળ

૧૩૭૬૧**શ્રી અનિલકુમાર મો. પટેલ(બારડોલી):માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં કેટલા પેટ્રોલ પંપો આવેલા છે, | (૧) ૧૧ પેટ્રોલ પંપો. |
| (૨) તે પેકી તા. ૧૫-૮-૦૫ની સ્થિતિએ છેલ્લા | (૨) ભેળસેળ અંગે કોઈ કેસ નથી. |

| | |
|---|---|
| ત્રણ વર્ષમાં ભેળસેળ અંગેના કેટલા કેસો કરવામાં આવેલ છે, | |
| (૩) ભેળસેળના કેસો થયા બાદ કેટલા સંચાલકો સામે પી. બી. એમ.ની કાર્યવાહી કરવામાં આવી, અને | (૩) ભેળસેળ અંગે કોઈ કેસ થયેલ ન હોઈ પ્રશ્ન રહેતો નથી. |
| (૪) ભેળસેળના કેસો થયા પછી સંચાલકો સામે સરકારે શી કાર્યવાહી કરી ? | (૪) ભેળસેળ અંગે કોઈ કેસ થયેલ ન હોઈ પ્રશ્ન રહેતો નથી. |

------------

## પી.ટી.સી. પ્રવેશ અને નોકરીમાં વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ક્વોટા

૧૩૪૫૨**શ્રી જેસાભાઈ ભા. બારડ(સોમનાથ):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પી.ટી.સી. તાલીમ અભ્યાસ ક્રમમાં પ્રવેશ માટે ધોરણ-૧૨ સાયન્સ પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ૩૦ ટકા ક્વોટા નક્કી થયેલ છે તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે પ્રમાણે વિદ્યાસહાયકની ભરતીમાં સાયન્સ પ્રવાહના ૩૦ ટકા ઉમેદવારોની ભરતી કરવામાં આવે છે ખરી, અને | (૨) ના, જી. |
| (૩) જો ના, તો સાયન્સ પ્રવાહના વિદ્યાર્થીઓને થતો આ અન્યાય દુર કરવા માટે સરકાર શું પગલાં લેવા વિચારે છે, અને કેટલા સમયમાં ? | (૩) પ્રવેશ અને ભરતી એ બન્ને બાબતો અલગ હોવાથી અન્યાયનો પ્રશ્ન રહેતો નથી. |

------------

## ડીસા ખાતે ડીસ્પેન્સરી ચાલુ રાખવા અંગે

૧૩૩૨૨**શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડીસામાં છેલ્લા ૩૦ વર્ષથી જિલ્લા પંચાયત હસ્તકની ડીસ્પેન્સરી જે સરકારે છેલ્લા એક વર્ષથી સંભાળેલ છે તે ડીસ્પેન્સરી બંધ કરવાના કારણો શાં છે, અને | (૧) ડીસા ખાતે જિલ્લા પંચાયત સંચાલિત ડીસ્પેન્સરી મંજુર થયેલ નથી. |
| (૨) આ ડીસ્પેન્સરી ચાલુ રાખવા અને દર્દીઓને તેનો સરળતાથી લાભ મળે તે માટે સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## રાજ્યમાં દારુ પીવાની પરમિટ

૧૩૬૭૮**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ(ગઢડા):માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૧૫-૮-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કેટલા લોકોને દારૂ પીવાની પરમિટ આપવામાં આવી છે, અને | (૧) અને (૨)સામેલ પત્રક ""અ"" મુજબ. |
| (૨) કેટલી પરમીટ રદ કરવામાં આવી છે, તેમજ કેટલી પરમીટ આપવાની બાકી છે ? | |

## પત્રક-અ

## તા.૧૫-૮-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર દારૂ પીવાની આપવામાં આવેલ પરમિટની સંખ્યા, રદ કરવામાં આવેલ પરમિટની સંખ્યા અને આપવાની બાકી પરમિટની સંખ્યાની વિગતો.

| અ.નં. | જિલ્લાનું નામ | આપવામાં આવેલ વિદેશી દારૂની પરમિટોની સંખ્યા | રદ કરવામાં આવેલ પરમિટોની સંખ્યા | પરમિટ આપવાની બાકીની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૫૧૨૭ | ૦૦ | ૨૦ |
| ૨ | ગાંધીનગર | ૪૭૬ | ૦૦ | ૦૦ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૩ | વડોદરા | ૪૯૭૯ | ૦૦ | ૦૧ |
| ૪ | સુરત | ૪૪૬૬ | ૧૨ | ૨૧ |
| ૫ | રાજકોટ | ૨૫૭૯ | ૦૦ | ૧૮ |
| ૬ | ભાવનગર | ૧૫૪ | ૦૦ | ૦૪ |
| ૭ | વલસાડ | ૪૯ | ૦૦ | ૦૦ |
| ૮ | ડાંગ | ૦૫ | ૦૦ | ૦૦ |
| ૯ | નવસારી | ૧૧૦ | ૦૦ | ૦૧ |
| ૧૦ | ભરૂચ | ૪૦૮ | ૦૦ | ૦૦ |
| ૧૧ | નર્મદા | ૩૪ | ૦૦ | ૦૨ |
| ૧૨ | ખેડા | ૧૭૫૪ | ૦૦ | ૦૦ |
| ૧૩ | આણંદ | ૩૫૦૪ | ૦૧ | ૦૦ |
| ૧૪ | દાહોદ | ૩૪ | ૦૦ | ૦૦ |
| ૧૫ | ગોધરા | ૧૫૫ | ૦૪ | ૦૦ |
| ૧૬ | સાબરકાંઠા | ૩૬૦ | ૦૧ | ૦૩ |
| ૧૭ | મહેસાણા | ૨૩૨ | ૦૨ | ૦૦ |
| ૧૮ | પાટણ | ૫૪ | ૦૦ | ૦૦ |
| ૧૯ | બનાસકાંઠા | ૪૯ | ૦૦ | ૦૦ |
| ૨૦ | ક્ચ્છ-ભુજ | ૧૮૬૧ | ૦૦ | ૦૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧ | જામનગર | ૮૭૭ | ૦૧ | ૧૮ |
| ૨૨ | જુનાગઢ | ૨૩૫ | ૦૦ | ૦૪ |
| ૨૩ | પોરબંદર | ૨૦૪ | ૦૦ | ૦૩ |
| ૨૪ | અમરેલી | ૩૪ | ૦૩ | ૦૦ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૧૯૪ | ૦૦ | ૦૦ |
| | કુલ | ૨૭૯૩૪ | ૨૪ | ૧૦૦ |

---------------

**મોરબી આઈ.ટી.આઈ.ને સરકારી મકાનની સગવડ આપવા અંગ**

૧૩૮૧૦**શ્રી કાંતિભાઇ અમૃતિયા (મોરબી):માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા )જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

રાજકોટ જિલ્લાના મોરબી શહેરમાં છેલ્લા પાંચ વર્ષથી આઈ.ટી.આઈ. ભાડાના મકાનમાં બેસે છે, અવાનવાર રજુઆત કરવા છતાં હજુ સુધી સરકારી મકાનની સુવિધા થયેલ નથી તો કેટલા સમયમાં સરકાર આ સુવિધા કરવા માંગે છે.

**જવાબ**

કલેકટરશ્રી, રાજકોટ સાથે યોગ્ય અને જરૂરિયાત મુજબની પુરતી જમીનની ફાળવણી માટે પત્ર વ્યવહાર ચાલે છે. જમીન ફાળવણી થયેથી નવા મકાન બાંધકામની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

તદ્ઉપરાંત એન.સી.સી. કંમ્પાઉન્ડ, મોરબી ખાતેના ખાલી થનાર સરકારી મકાનોની ફાળવણી માટે માંગણી કરવામાં આવેલ છે. તે ઉપલબ્ધ થયેથી સરકારી મકાનમાં આઈ.ટી.આઈ. ચાલુ કરવામાં આવશે.

-----------

**તાજેતરની અતિવૃષ્ટિથી નુકશાન પામેલ પાદરા તાલુકાના ખેડુતો માટે સરકારે જાહેર કરેલ પેકેજ અંગે**

૧૩૪૬૩**શ્રી પુનમ ર. પરમાર(પાદરા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

પાદરા તાલુકામાં તાજેતરમાં થયેલ અતિવૃષ્ટિના કારણે તમામ ગામોને નુકશાન થયેલ છે, તો સરકાર તરફથી આ નુકશાનગ્રસ્ત કિસાનો માટે જે પેકેજ જાહેર થયેલ છે તેમાં કેટલાક ગામોને બાકાત રાખ્યા છે, તો તેના ક્યા કારણો છે?

**જવાબ**

પાદરા તાલુકાના ૮૩ ગામો પૈકી ૧૩ ગામોને બાકાત રાખવામાં આવેલ છે. સરકારે નક્કી કરેલ ધારા-ધોરણમાં ન આવતા હોવાથી.

------------

## વડોદરા જિલ્લા રોજગાર વિનિમય ક્ચેરી દ્વારા અપાયેલ નિમણૂંક

૧૩૭૫૨**શ્રી નરેશકુમાર મી. કનોડિયા(કરજણ):માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૭-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લા રોજગાર વિનિમયની ક્ચેરીમાંથી કેટલા અરજદારોને નોકરીના ઈન્ટરવ્યુ લેટર મોક્લવામાં આવ્યા,

(૨) તેમાંથી કેટલાને નિમણૂંક આપવામાં આવી, અને

(૩) તેમાં અનુસૂચિત જાતિના કેટલા ઉમેદવારોનો સમાવેશ થયો છે ?

**જવાબ**

(૧) ૮૭૬૯૬.

(૨) ૧૧૬૦૦.

(૩) ૨૧૫૦.

----------

## ઉમરગામ તાલુકામાં પ્રાથમિક/સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ

૧૩૬૬૬**શ્રી શંકરભાઈ મં. વારલી(ઉમરગામ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં તારીખ ૩૧-૭-૨૦૦૫ની સ્થિતિએ પ્રાથમિક/સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શાં પ્રયત્નો કર્યા ?

**જવાબ**

(૧) સંવર્ગવાર ખાલી જગ્યાઓ

(અ) સામુહિક આરોગ્ય કેન્દ્ર

| સંવર્ગ | સંખ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|
| વર્ગ-૧ | ૨ | તા. ૧-૮-૦૪ |
| વર્ગ-૨ | ૧ | તા. ૧૮-૭-૦૫ |
| વર્ગ-૩ | ૯ | તા. ૩૧-૩-૮૨ થી તા. ૨૬-૬-૦૫ દરમ્યાન |
| વર્ગ-૪ | ૧૦ | તા. ૩૧-૩-૮૨ થી તા. ૩૦-૬-૦૫ દરમ્યાન |

(બ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર

| | | |
|---|---|---|
| વર્ગ-૨ | ૧ | તા. ૧-૦૯-૦૩ |
| વર્ગ-૩ | ૧૬ | તા. ૧-૮-૮૯ થી તા. ૧-૧૦-૦૩ દરમ્યાન |
| વર્ગ-૪ | ૨૬ | તા. -૭-૯૪ થી તા. -૭-૦૪ દરમ્યાન |

(૨) (૧) વર્ગ-૧ તથા વર્ગ-૨ની જગ્યાઓ નિયમિત તેમજ એડહોક ધોરણે વોક ઈન ઈન્ટરવ્યુથી ભરવા પ્રયત્ન કર્યા.

(૨) સામુહિક આરોગ્ય કેન્દ્રની વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ ભરવાની કાર્યવાહી ગતિમાં છે.

(૩) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ ભરવા જિલ્લા પંચાયત દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે.

## રાજકોટ જિલ્લામાં ભારે વરસાદના કારણે ઈસમોના મૃત્યુ અને સહાય

૧૩૨૧૪**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) :માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં રાજ્યમાં પડેલ અતિભારે વરસાદના કારણે રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલા ઈસમોના મૃત્યુ થયા, અને | (૧) તાજેતરમાં પડેલ અતિભારે વરસાદના કારણે રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકામાં એક ઈસમનું મૃત્યુ થયું. |
| (૨) રાજ્ય સરકાર દ્વારા તા. ૧૫-૮-૨૦૦૫ સુધીમાં આ અન્વયે તાલુકાવાર કેટકેટલી સહાયતા ચૂકવી ? | (૨) આ કિસ્સામાં મૃતક સાધુના વારસદારો ન હોઈ સહાય ચૂકવાઈ નથી. |

----------

## રાજ્યમાં અતિવૃષ્ટિના કારણે જિલ્લાવાર મૃત્યુ સહાયની બાકી રકમ અંગે

૧૩૬૬૦**શ્રી અમીત ચાવડા(બોરસદ) :માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરની અતિવૃષ્ટિમાં જિલ્લાવાર કેટલી જાનહાની થયેલ છે, | (૧) તાજેતરની અતિવૃષ્ટિમાં નીચે મુજબ જિલ્લાવાર જાનહાની નોંધાયેલ છે. |

| ક્રમ | જિલ્લો | નોંધાયેલ માનવ મૃત્યુ |
|---|---|---|
| ૧. | અમદાવાદ | ૨૮ |
| ૨. | અમરેલી | ૦૭ |
| ૩. | આણંદ | ૩૦ |
| ૪. | બનાસકાંઠા | ૦૧ |
| ૫. | ભરૂચ | ૧૨ |
| ૬. | ભાવનગર | ૧૩ |
| ૭. | દાહોદ | ૦૧ |
| ૮. | ગાંધીનગર | ૦૮ |
| ૯. | જામનગર | ૦૧ |
| ૧૦. | જૂનાગઢ | ૧૮ |
| ૧૧. | ખેડા | ૪૦ |
| ૧૨. | કચ્છ | ૦૧ |
| ૧૩. | મહેસાણા | ૧૬ |
| ૧૪. | નર્મદા | ૦૩ |
| ૧૫. | નવસારી | ૨૬ |
| ૧૬. | પંચમહાલ | ૦૪ |
| ૧૭. | પાટણ | ૦૨ |
| ૧૮. | રાજકોટ | ૦૪ |
| ૧૯. | સાબરકાંઠા | ૦૩ |
| ૨૦. | સુરત | ૨૫ |
| ૨૧. | સુરેન્દ્રનગર | ૦૮ |
| ૨૨. | વડોદરા | ૩૭ |
| ૨૩. | વલસાડ | ૧૬ |
| | કુલ | ૩૦૪ |

(૨) જિલ્લાવાર કેટલી મૃતક સહાય ચૂકવવામાં આવી,

(૨) જિલ્લાવાર નીચે પ્રમાણે મૃતક સહાય ચૂકવવામાં આવી.

| ક્રમ | જિલ્લો | ચૂકવેલ સહાય રૂા. |
|---|---|---|
| ૧. | અમદાવાદ | ૯૦૦૦૦૦ |
| ૨. | અમરેલી | ૨૩૦૦૦૦ |
| ૩. | આણંદ | ૬૩૦૦૦૦ |
| ૪. | બનાસકાંઠા | ૫૦૦૦૦ |
| ૫. | ભરૂચ | ૨૧૦૦૦૦ |
| ૬. | ભાવનગર | ૩૧૦૦૦૦ |
| ૭. | દાહોદ | ૫૦૦૦૦ |
| ૮. | ગાંધીનગર | ૫૦૦૦૦ |
| ૯. | જામનગર | ૫૦૦૦૦ |
| ૧૦. | જૂનાગઢ | ૨૩૫૦૦૦ |
| ૧૧. | ખેડા | ૧૨૪૦૦૦૦ |
| ૧૨. | મહેસાણા | ૧૬૦૦૦૦ |
| ૧૩. | નર્મદા | ૧૫૦૦૦૦ |
| ૧૪. | નવસારી | ૫૩૦૦૦૦ |
| ૧૫. | પંચમહાલ | ૧૬૦૦૦૦ |
| ૧૬. | પાટણ | ૫૦૦૦૦ |
| ૧૭. | રાજકોટ | ૧૩૦૦૦૦ |
| ૧૮. | સુરત | ૩૩૦૦૦૦ |
| ૧૯. | સુરેન્દ્રનગર | ૧૮૦૦૦૦ |
| ૨૦. | વડોદરા | ૯૪૦૦૦૦ |
| ૨૧. | વલસાડ | ૨૪૫૦૦૦ |
| | | કુલ ૬૮૩૦૦૦૦ |

(૩) કેટલા કેસોમાં ચૂકવવાની બાકી છે,

(૩) ૧૧

(૪) તેના શા કારણો છે, અને

(૪) ૯ કેસ ચકાસણી હેઠળ છે.
૨ કેસ વારસદાર નક્કી કરવા પર છે.

(૫) ક્યાં સુધી ચૂકવવામાં આવશે ?

(૫) બનતી ત્વરાએ.

----------

**વલસાડ જિલ્લામાં દારૂનો જથ્થો પકડવા બાબત**

૧૩૨૬૫**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ(પારડી):માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

વલસાડ જિલ્લામાં જુલાઈ ૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો દારૂનો જથ્થો પકડવામાં આવ્યો અને કેટલા ઈસમોને પકડવામાં આવ્યો ?

**જવાબ**

(૧) દેશી દારૂ ૧૪૬૨૫ લીટર
(૨) વોશ ૮૬૩૭૫ લીટર
(૩) વિદેશી દારૂ ૭૫૮૧૫૫ બોટલ
કુલ ૫૬૩૯ ઈસમોને પકડવામાં આવેલ છે.

----------

## જામનગર જિલ્લામાં ડેમી-૩ સિંચાઈ અન્વયે સંપાદન થયેલ જમીન મુક્ત કરવા મળેલ માંગણીઓ

૧૩૪૭૦**શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા(હળવદ) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લાની ડેમી-૩ સિંચાઈ યોજનામાં સંપાદન થયેલ જમીન મુક્ત કરવા મહેસુલ વિભાગ સમક્ષ કોઈ માંગણી આવી છે કે કેમ, | (૧) હા. જી. |
| (૨) જો હા, તો આ માંગણી ક્યારે આવી અને સિંચાઈ વિભાગે સંપાદન અધિકારીને આ જમીન મુક્ત કરવા ક્યારે પત્ર લખ્યો, અને | (૨) નાયબ ક્લેકટરશ્રી રાજકોટના તા. ૨૧-૩-૦૩ના પત્રથી મહેસુલ વિભાગને દરખાસ્ત મળેલ. સિંચાઈ વિભાગે તા. ૬-૨-૦૩ના પત્રથી સંપાદન અધિકારીને જમીન મુક્ત કરવા પત્ર પાઠવેલ. |
| (૩) હાલ આ જમીન મુક્ત કરવામાં આવી છે કે કેમ ? | (૩) હા, જી. (જાહેર હેતુ માટે જરૂરી એક સર્વે નંબર સિવાય) |

----------

## બરવાળાને સામુહિક આરોગ્ય કેન્દ્ર તરીકે વિચારણામાં લેવા અંગે

૧૩૬૬૮**શ્રી ભરતભાઈ પંડયા(ધંધૂકા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બરવાળા સી. એચ. સી. સેન્ટર બનાવવા સરકારની વિચારણામાં છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં તેની જાહેરાત કરવામાં આવશે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો તેના કારણો શું છે ? | (૩) બરવાળા તાલુકાને વસ્તીના ધોરણ અનુસાર સામુહિક આરોગ્ય કેન્દ્ર મળવાપાત્ર નથી. |

----------

## કડી તાલુકામાં જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૫ અન્વયે અપાયેલ પરવાનગી

૧૩૨૭૬**શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી):માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૬-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કડી તાલુકાના કડી તેમજ થોળ ગામે ગણોત ધારાની કલમ-૬૩, ૬૩એએ તથા જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૫ની કેટલી પરવાનગી માંગવામાં આવી.

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને કેટલી નામંજૂર કરવામાં આવી,

**જવાબ**

(૧)

| કઈ કલમ નીચે અરજી મળી. | કડી | થોળ | કુલ |
|---|---|---|---|
| ગણોત ધારા કલમ-૬૩ | ૧ | ૧ | ૨ |
| ગણોત ધારા કલમ-૬૩એએ | ૨૯ | ૨ | ૩૧ |
| જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૫ | ૪૬ | ૨ | ૪૮ |
| કુલ :- | ૭૬ | ૫ | ૮૧ |

(૨)

| કઈ કલમ નીચે અરજી મળી. | મળેલ | મંજુર | નામંજુર | વિચારણા હેઠળ અરજી |
|---|---|---|---|---|
| ગણોત ધારાની કલમ-૬૩ | ૨ | ૨ | - | - |
| ગણોત ધારાની કલમ-૬૩એએ | ૩૧ | ૫ | ૧૩ | ૧૩ |
| જમીન મહેસૂલ કાયદાની | ૪૮ | ૨૯ | ૧૯ | - |

| | | | | |
|---|---|---|---|---|
| કલમ-૬૫ | | | | |
| કુલ :- | ૮૧ | ૩૬ | ૩૨ | ૧૩ |

| | |
|---|---|
| (૩) નામંજૂર અરજીના અરજદારોએ પરવાનગી મેળવ્યા સિવાય શરતભંગ કરી જમીનનો ઉપયોગ કરેલ હોય તેવા એકમ સામે સરકારે શું પગલાં ભર્યા, અને | (૩) નામંજૂર અરજીના અરજદારોએ પરવાનગી મેળવ્યા સિવાય શરતભંગ કરી જમીનનો ઉપયોગ કરેલ નથી. |
| (૪) પગલાં નહિં ભરવાના કારણો શાં છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**વલસાડ અને નવસારી જિલ્લામાં વિદ્યાદીપ યોજના હેઠળ વિમા કંપનીને મોક્લેલ કેસો**

૧૩૩૨૬**શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વલસાડ તથા નવસારી જિલ્લામાં સને ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના વર્ષમાં વિદ્યાદીપ યોજના હેઠળ કેટલા કેસો વિમા કંપનીને મોક્લવામાં આવ્યા. | (૧) ૨૦૦૩-૦૪ ૨૦૦૪-૦૫<br>વલસાડ ૨૫ ૨૫<br>નવસારી ૧૯ ૨૨ |
| (૨) આ કેસો પૈકી વિમાના નાણાં જે તે લાભાર્થી વિદ્યાર્થીઓને ચુક્વાયા છે કે કેમ, અને | (૨) હા, જી.<br>પાત્રતા ધરાવતા ૧૭ કેસોમાં વિમાની સહાય ચુક્વવામાં આવેલ છે.<br>૨૦૦૩-૦૪ ૨૦૦૪-૦૫<br>વલસાડ ૪ ૬<br>નવસારી ૪ ૩ |
| (૩) જો ના, તો ક્યારે ચૂક્વાશે ? | (૩) બાકી રહેલ કેસોની ચકાસણી કરીને પાત્ર ઠરતા કિસ્સામાં વિમા કંપની દ્વારા વિમાની રકમ ચૂક્વવામાં આવશે. |

----------

**વનોષધિના સંરક્ષણ અને સંવર્ધન માટે લીધેલ પગલાં**

૧૩૭૫૫ **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય):માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વનોષધિઓના સંરક્ષણ અને સંવર્ધન માટે સરકારે શું વિચારણા હાથ ધરેલ છે, અને | (૧) વન અધિનિયમોની જોગવાઈઓનો અમલ કરી વનોષધિઓનું સંરક્ષણ અને જુદી જુદી યોજનાઓ હેઠળ વાવેતર કરી સંવર્ધન કરવામાં આવે છે. |
| (૨) બાયોડીઝલ-રતન જ્યોત પ્રોજેક્ટ માટે તેમજ આયુર્વેદિક લુપ્ત સંપતિ માટે સરકાર શું પગલાં લેવા માંગે છે ? | (૨) બાયોડીઝલ-રતન જ્યોતના પ્રોજેક્ટ તેમજ આયુર્વેદિક લુપ્ત થતી વનોષધિઓના પ્રોજેક્ટ મંજૂર કરાવી વાવેતર કરવામાં આવે છે. |

----------

**રાજ્યમાં ગેરકાયદે અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓ સામે પગલાં**

૧૩૬૬૨**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા(માંગરોળ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૧૫-૮-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યમાં ગેરકાયદે અભ્યાસક્રમો ચલાવતી કેટલી સંસ્થાઓ સામે છેલ્લા એક વર્ષમાં દરોડાઓ પાડી તપાસ કરવમાં આવી, અને | (૧) ૧૫ સંસ્થાઓ. |
| (૨) આવા અભ્યાસક્રમો ચલાવતી સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ભાવિ અંગે રાજ્ય સરકારે ક્યા પ્રકારનું આયોજન કરેલ છે ? | (૨) જે તે યુનિવર્સિટી દ્વારા અખબારી પ્રસિધ્ધિ આપીને વિદ્યાર્થી અને વાલીઓને આવા સેન્ટરોમાં પ્રવેશ ન લેવા જણાવવામાં આવેલ છે. આવા સેન્ટરોમાં પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓની વિગતવાર રજૂઆત મળ્યેથી તેમના ભાવિ અંગે યુ. જી. સી. ના પરામર્શમાં રહીને વિચારણા કરી શકાય. |

----------

**ડાંગ જિલ્લાના ખેડૂતોને ખેતરની ફરતે વાડનો લાભ**

૧૩૨૫૬**શ્રી માધુભાઈ જે. ભોયે(ડાંગ-વાંસદા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સૌરાષ્ટ્ર અને કચ્છમાં ખેતીના પાકના રક્ષણ માટે રાજ્ય સરકારે ખેડૂતોના ખેતરની ફરતે તારની વાડ માટેની જોગવાઇ કરી છે તે અન્વયે ડાંગ જિલ્લાના ખેડૂતોને આ જોગવાઇનો લાભ ન આપવાના કારણો શાં છે, અને | (૧) વન્યપ્રાણીઓ દ્વારા ખેડૂતોના ખેતરોમાં ઊભા પાકને થતું નુકશાન અટકાવવા માટે ખેતરોની ફરતે લોખંડની કાંટાળા તારની વાડ બનાવવા માટે સહાય આપવાની યોજના સમગ્ર રાજ્યમાં અમલમાં છે. ડાંગ જિલ્લામાં નીલગાયોની સંખ્યા નહીંવત હોવાથી આનો લાભ આપવાના પ્રશ્નો ઉપસ્થિત થયેલ નથી. |
| (૨) સરકાર ખેડૂતોને ડાંગ જિલ્લા માટે આ લાભ આપવા માંગે છે કે કેમ ? | (૨) આ અંગેની રજૂઆતો મળે તો વિચારણા થઇ શકે. |

-----------

**વલસાડ જિલ્લામાં ડીસ્ટ્રીક્ટ કોર્ટ તેમજ ડીસ્ટ્રીક્ટ જજ માટે રહેઠાણના મકાન અંગે**

૧૩૩૧૬**શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં ડીસ્ટ્રીક્ટ કોર્ટ ક્યા મકાનમાં બેસી કાર્ય કરે છે, અને | (૧) સીવીલ કોર્ટના મકાનમાં. |
| (૬) ડીસ્ટ્રીક્ટ કોર્ટ માટે અલાયદુ મકાન બનાવવા તથા ડીસ્ટ્રીક્ટ જજ માટે નિવાસ સ્થાનના મકાન બનાવવાની કાર્યવાહી તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) ડીસ્ટ્રીક્ટ કોર્ટ માટે અલાયદુ મકાન બનાવવાના નકશા તથા અંદાજોને વહીવટી મંજુરી આપવાની કાર્યવાહી ગતિમાં છે.<br><br>પ્રિન્સિપલ ડીસ્ટ્રીક્ટ જજ માટે નિવાસ સ્થાનનું સીવીલ કામ પૂર્ણ થયેલ છે. તથા વીજળીકરણની કામગીરી પૂર્ણ થયેલ નથી. |

## ભરૂચ જિલ્લામાં તાલુકાવાર વિધવા સહાયની ચૂકવણી

૧૩૩૨૮**શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર ):માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) વિધવા આર્થિક સહાય યોજના હેઠળ તારીખ ૩૧-૭-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓને કેટલી રકમની વિધવા સહાય ચુકવવામાં આવી છે, | | (૧) તાલુકાવાર ચુકવાયેલ સહાયની માહિતી નીચે મુજબ છે. |
| (૨) કેટલી વિધવા બહેનોને હજુ સહાય ચુકવવાની બાકી છે, અને | | (૨) ૨૯૬૭ મહિલાઓને જૂન-૨૦૦૫થી સહાય ચૂકવવાની બાકી છે. |
| (૩) આ સહાય કેટલા સમયમાં ચુકવવામાં આવશે ? | | (૩) ગ્રાન્ટ ઉપલબ્ધ થયે તુર્તજ. |

| તાલુકો | લાભાર્થીની સંખ્યા | ચુકવણીની રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧. ભરૂચ | ૧૨૭૨ | ૧૪૨.૫૬ |
| ૨. જંબુસર | ૩૨૧ | ૩૦.૮૯ |
| ૩. આમોદ | ૬૦૮ | ૭૭.૭૫ |
| ૪. વાગરા | ૩૨૩ | ૪૦.૨૬ |
| ૫. અંકલેશ્વર | ૨૮૧ | ૩૧.૮૧ |
| ૬. ઝઘડીયા | ૨૮૫ | ૩૩.૫૩ |
| ૭. વાલીયા | ૧૪૩ | ૧૬.૭૬ |
| ૮. હાંસોટ | ૧૭૭ | ૧૮.૦૮ |
| કુલ : | ૩૪૧૦ | ૩૯૧.૬૪ |

-----------

## રાજ્યમાં અતિભારે વરસાદના કારણે ચૂકવેલ સહાય

૧૩૭૫૬**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) :માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં વર્ષ-૨૦૦૫ દરમ્યાન થયેલ અતિભારે વરસાદના કારણે અસરગ્રસ્ત લોકોને તા. ૩૧-૭-૨૦૦૫ સુધીમાં કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવેલ છે ? | રૂા. ૬૯.૮૨ કરોડ. |

-----------

## ખેડા અને આણંદ જિલ્લામાં ભારે વરસાદના કારણે સહાય ચૂકવણીમાં અસમાનતા

૧૩૨૦૪ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) :માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ચાલુ સાલે તાજેતરમાં પડેલ ભારે વરસાદ અને પુરના કારણે ખેડા અને આણંદ જિલ્લામાં કેટલા મકાનો-ઝુંપડાઓ સંપુર્ણપણે નાશ પામ્યા, કેટલાને અંશતઃ નુકશાન થયું છે, | (૧) |

| ક્રમ | જિલ્લો | વિગત | સંપુર્ણ નાશ | અંશતઃ નુકશાન |
|---|---|---|---|---|
| ૧. | ખેડા | ઝુંપડા | ૪૦૦૪ | ૨૨૧૯ |

| | | | | |
|---|---|---|---|---|
| | | મકાન | ૧૨૪૬૯ | ૨૪૧૪૬ |
| ૨. | આણંદ | ઝુંપડા | ૩૨૮૪ | ૮૧૬૨ |
| | | મકાન | ૪૯૮૪ | ૧૨૦૬૨ |

(૨) આ બંને જિલ્લાના દરેક તાલુકામાં આ અંગે કરવામાં આવેલ સર્વે મુજબ સહાય રકમની ચુકવણીમાં ભારે અસમાનતા પ્રવર્તી રહી છે તે હકીક્ત સાચી છે, અને

(૨) ના, જી.

(૩) જો હા, તો આ અન્વયે રાજ્ય સરકાર ફરીથી સર્વે કરાવવા માંગે છે કે કેમ ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**વડોદરા, આણંદ અને ખેડા જિલ્લામાં ભારે વરસાદના કારણે ચૂકવવાની બાકી રાહતો**

૧૩૩૭૧**શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તાજેતરમાં આવેલ ભારે વરસાદ અને પુરના કારણે વડોદરા, આણંદ અને ખેડા જિલ્લાના મુસ્લીમ અસરગ્રસ્તોને મળવાપાત્ર રાહતો મળેલ નથી તેવી કેટલી ફરિયાદો રાજ્ય સરકારને તા. ૧૫-૮-૦૫ સુધીમાં મળી, અને

(૨) આવી રાહતો સત્વરે મળે તે માટે સરકારે શા પગલાંઓ લીધા ?

**જવાબ**

(૧) ભારે વરસાદ અને પૂરના કારણે અસર પામેલ પાત્રતા ધરાવતા અસરગ્રસ્તોને પ્રવર્તમાન સહાયતા ધોરણો મુજબ ધર્મ, નાત, જાત કે સંપ્રદાયના ભેદભાવ વગર સહાય આપવામાં આવી છે.

(૨) પાત્રતા ધરાવતા અસરગ્રસ્તોને સહાય મળે તેવા સરકારના પ્રયત્નો હંમેશા રહ્યા છે.

-----------

**સાવરકુંડલા તાલુકાના ભેંકરા ગામે ગોચરની જમીન વધારવા અંગે**

૧૩૫૭૪ **શ્રી કાળુભાઇ વી. વીરાણી(કુંડલા) :માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સાવરકુંડલા તાલુકાના ભેંકરા ગામના પશુઓની સંખ્યા સામે ધોરણ મુજબ ગોચરની જગ્યા ઘટે છે તે વાત સાચી છે,

(૨) જો હા, તો સરકાર ઘટતી ગોચરની જગ્યા ફાળવવા માંગે છે કે કેમ, અને

(૩) આના માટે ગ્રામ પંચાયત ભેંકરા તરફથી અનેક વખત માંગણી કરવા છતા તેના માટે શું કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા જી.

(૨) હા જી.

(૩) ગ્રામ પંચાયતે માંગણી કરેલ જમીન અનામત જંગલ પેકીની હોઇ, ગોચર સદરે નીમ કરી શકાય નહિ. તેમ સરપંચ ગ્રામ પંચાયત, ભેંકરાને જવાબ આપેલ છે છતાં અન્ય જમીન માંગણી થયેથી ઉપલબ્ધતાને ધ્યાને લઇને ગોચર નીમ કરવામાં આવશે.

-----------

## ગણોત ધારાની કલમ-૭૦ (ઓ) અન્વયેના ઠરાવોના અમલ અંગે

૧૩૪૫૬**શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગણોત ધારાની કલમ-૭૦ (ઓ) અન્વયે કાયદાકીય રીતે કલેક્ટરો તરફથી અપાયેલ ઠરાવોના અમલ, પુનઃ વિચારણાના કારણ હેઠળ સરકાર તરફથી અટકાવી દેવામાં આવ્યા છે તે વાત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો તેમ કરવા પાછળના ખરેખર શું કારણો છે, અને | (૨) ગણોત ધારાની કલમ-૭૦ (ઓ) હેઠળ મામલતદાર વ. કૃષિપંચ દ્વારા લેવાયેલ નિર્ણય સમયે ગણોત ધારાની કલમ-૪૩ (૧-બી)ની જોગવાઇઓ પરિપૂર્ણ થતી હોવાનું જણાઇ આવેલ નહિ. તેમ છતાં, પ્રતિબંધિત સત્તા પ્રકારના નિયંત્રણો દૂર કરવામાં આવેલ જેના કારણે સરકારને પ્રિમીયમની રકમનું નુકશાન થતું અટકાવવા માટે કરવામાં આવેલ ઠરાવો અંગે પુનઃ ચકાસણી કરવા અને જે કેસોમાં, ગણોત ધારાની કલમ-૪૩ (૧-બી)ની શરતો પરિપૂર્ણ થતી ન હોય તેવા કેસો રિવીઝનમાં લેવા માટે કલેક્ટરશ્રીઓને જણાવેલ છે. |
| (૩) જો ના, તો આવા ઠરાવોના અમલ, ક્યા ક્યા જિલ્લામાં ચાલુ રખાયા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## પોલીસ પહેરા હેઠળના કેદી ભાગી જવા અંગે

૧૩૬૫૩ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ(ગઢડા) :માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાંથી પોલીસ પહેરા હેઠળના કેદીઓ ભાગી જવાના કેટલા બનાવો બનેલા છે, | (૧) ૧૪૧ કેદીઓ ભાગી જવાના બનાવ બનેલ છે. |
| (૨) આમાં ખૂંખાર અને અન્ય કેદી કેટલા ભાગી ગયા; | (૨) ખૂંખાર ૧૯ અને અન્ય ૧૬૯ કેદી ભાગી ગયેલ છે. |
| (૩) જવાબદાર પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ સામે શાં પગલાં લેવામાં આવ્યા; અને | (૩) જવાબદાર પોલીસ અધિકારી/કર્મચારી સામે કસુરવાર જણાયે ઈ.પી.કો.ક. ૨૨૪,૨૨૫ મુજબના ગુનાઓ દાખલ કરવામાં આવેલ છે. તેઓને ફરજમોકુફ પણ કરવામાં આવેલ છે. તેમની વિરુધ્ધ ખાતાકીય તપાસ કરાવી સાબીત થયે દંડ કરવાની, ઈજાફો અટકાવવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. |
| (૪) ભવિષ્યમાં આ પ્રકારના બનાવો ન બને તે માટે શું આયોજન વિચારેલ છે? | (૪) (૧) અવારનવાર પોલીસ, લોકઅપ ગાર્ડ ચેક કરવામાં આવે છે, તેમાં ક્ષતિ જણાય તો તેનું તાત્કાલિક નિરાકરણ કરવામાં આવે છે.<br>(૨) કેદી જાપ્તામાં ફરજ પરના અધિકારી/કર્મચારીને ફરજની ગંભીરતા અને સતર્ક રહેવા સુચનાઓ આપવામાં આવે છે.<br>(૩) નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ |

કેદીને હાથકડી, દોરડા પહેરાવવા પર પ્રતિબંધ મુકેલ હોઈ કેદી જાપ્તાનો સ્કેલ રિવાઈઝ કરવા અને મહેકમ વધારવાની જરુરત જણાય છે.

(૪) મહદઅંશે કેદી સંડાસને બહાને ભાગી જતા હોઈ આ બાબતે સુચનાઓ આપવામાં આવે છે.

-----------

## ભૂજ ખાતે જનરલ હૉસ્પિટલમાં ડૉક્ટરોની ખાલી જ્ગ્યાઓ ભરવા આયોજન

૧૩૭૬૭ **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ)** : તા. ૧-૩-૨૦૦૫ના રોજ સભાગૃહમાં રજુ થયેલ તારાંક્તિ પ્રશ્ન ક્રમાંક ૧૦૦૯૧ અગ્રતા ૪૧ના અનુસંધાને **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

**પ્રશ્ન**

(૧) ભૂજ ખાતે નવી જનરલ હોસ્પિટલમાં પસંદગી પામેલ ડૉક્ટરો હાજર ન થવાથી કેટલી જ્ગ્યાઓ ૧૫મી ઓગષ્ટ, ૨૦૦૫ની સ્થિતિએ ખાલી છે,

**જવાબ**

(૧) તા. ૧૫મી ઓગષ્ટ, ૨૦૦૫ની સ્થિતિએ નીચે જણાવેલ નિષ્ણાત ડૉક્ટરોની જ્ગ્યાઓ ખાલી છે.

| ક્રમ | જ્ગ્યાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓર્થોપેડીક સર્જન વર્ગ-૧ | ૧ |
| ૨ | ફીઝીશીયન વર્ગ-૧ | ૧ |
| ૩ | રેડીયોલોજીસ્ટ વર્ગ-૧ | ૧ |
| ૪ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૧ |
| ૫ | બાયોકેમીસ્ટ વર્ગ-૨ | ૧ |

**પ્રશ્ન** (૨) આ ખાલી જ્ગ્યાઓ સત્વરે ભરવા સરકારે શું ખાસ આયોજન હાથ ધર્યુ છે, અને

**જવાબ** (૨) ઉમેદવારો ઉપલબ્ધ કરવા પ્રયત્ન કરવામાં આવે છે. ઓર્થોપેડીક સર્જન વર્ગ-૧ જ્ગ્યા તા. ૨૩-૮-૦૫થી ભરાયેલ છે. ફીઝીશીયન હાજર થયેલ નથી. અન્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી આ જ્ગ્યાઓ ભરવામાં આવશે.

**પ્રશ્ન** (૩) આ જ્ગ્યાઓ વહેલામાં વહેલા ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ** (૩) ઉમેદવારો ઉપલબ્ધ થયેથી તાત્કાલિક ભરવામાં આવશે.

-----------

## જાંબુઘોડા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં મેડીકલ ઓફીસરની ખાલી જ્ગા અંગે

૧૩૧૯૨**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જાંબુઘોડા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં કેટલા મેડીકલ ઓફીસરશ્રીની જ્ગ્યાઓ મંજુર થયેલ છે,

**જવાબ**

(૧) જાંબુઘોડા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં મેડીકલ ઓફીસરની બે જ્ગ્યાઓ મંજુર થયેલી છે.

**પ્રશ્ન** (૨) તા. ૩૧-૭-૦૫ સુધીમાં કેટલી જ્ગ્યાઓ ભરેલ છે, અને

**જવાબ** (૨) એક.

**પ્રશ્ન** (૩) ખાલી જ્ગ્યાઓ કેટલા સમયમાં ભરવા માંગો છો ?

**જવાબ** (૩) રાજ્ય હસ્તકની મેડીકલ કોલેજ તરફથી બોન્ડેડ ઉમેદવારો ઉપલબ્ધ થયેથી અથવા વિભાગીય નાયબ

| | |
|---|---|
| માંગો છો ? | નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, વડોદરા ખાતે યોજવામાં આવતા શૈક્ષણિક લાયકાત ધરાવતા ઇચ્છુક ઉમેદવારો ઉપલબ્ધ થયેથી નિમણૂંક આપવા અંગેની કાર્યવાહી હાથ ધરી શકાશે. |

-----------

## ઝઘડીયા ખાતેની ફેક્ટરીઓમાં સ્થાનિક નાગરિકોને રોજગારી અંગે

૧૩૪૯૬ શ્રી મહેશભાઈ છો. વસાવા(દેડિયાપાડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના ઝઘડીયા ખાતે આવેલ ઓદ્યોગિક વસાહતમાં આવેલ ફેક્ટરીઓમાં ૮૦ % ના ધોરણાનુસાર સ્થાનિક નાગરિકોને રોજગારી પૂરી પાડવામાં આવતી નથી તે હકીક્ત સરકાર જાણે છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ૧૫મી ઓગષ્ટ-૨૦૦૫ની સ્થિતિએ આ ઓદ્યોગિક વસાહતની ફેક્ટરીઓમાં કુલ કામદારો સામે કેટલા સ્થાનિક નાગરીકોને રોજગારી પુરી પાડવામાં આવી છે, અને | (૨) કામદાર કક્ષામાં કુલ ૧૪૩૧ સામે ૧૩૨૭ સ્થાનિકોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે. |
| (૩) આ સમસ્યાના ઉકેલ માટે સરકારે શું વ્યવસ્થા કરી છે ? | (૩) આ સમસ્યાના ઉકેલ માટે સરકારે કરેલ વ્યવસ્થાની વિગત નીચે મુજબ છે : |

(અ) સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૩૧-૩-૯૫ના ઠરાવથી જાહેર સાહસો અને સંયુક્ત ક્ષેત્રિય તેમજ મોટા ઉદ્યોગોમાં ૮૫ ટકા જગ્યાઓ સ્થાનિક ઉમેદવારોથી ભરવાની જોગવાઇ કરેલ છે.

(બ) આ જોગવાઇ મુજબ નીતિના પાલન માટે દર છ માસે જે તે એકમો પાસેથી રોજગારીની માહિતી તથા સ્થાનિક રોજગારીની માહિતી મેળવીને પ્રોત્સાહિત એકમો સ્થાનિકોની ટકાવારી ન જાળવતા હોય તેવા કિસ્સામાં આવા એકમોની યાદી ઉદ્યોગ કમિશનરશ્રીને જરૂરી કાર્યવાહી હાથ ધરવા મોકલી આપવામાં આવે છે.

(ક) ઓદ્યોગિક ભરતી મેળા યોજવામાં આવે છે.

(ડ) સ્થાનિક રોજગાર ક્ચેરી દ્વારા આવા એકમોની રૂબરૂ મુલાકાત લેવામાં આવે છે અને રૂબરૂ મુલાકાતના પ્રસંગે નીતિનું પાલન કરવા સૂચના આપવામાં આવે છે.

(ઇ) સ્થાનિક કક્ષાએ તાંત્રિક માનવબળ મળી રહે તે માટે ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં જરૂરીયાત મુજબ ટુંકાગાળાના તાલીમ વર્ગો શરૂ કરવામાં આવે છે.

-----------

## સંકલિત બાળ વિકાસ યોજના માટે વહીવટી સુધારણાના તાલુકાવાર ઘટકો

૧૩૨૯૭ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૭-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત વહીવટી સુધારણા હેઠળ તાલુકાવાર ઘટકો બનાવવાની જિલ્લા કક્ષાએ કોઇ માંગણીઓ આવેલ છે, | (૧) હા, જી. |
| (૭) જો હા, તો કેટલી, અને | (૫) કુલ ૩૩ નવા ઘટકો બનાવવાની દરખાસ્ત આવેલી છે. |
| (૮) આ અંગેની કાર્યવાહી ક્યા તબક્કામાં છે ? | (૩) ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના પત્ર ક્રમાંક :<br>૧૪-૧૦/૨૦૦૫/સીડીઆઇ-તારીખ<br>૧૯-૮-૨૦૦૫ મંજૂરી મળી ગયેલ છે. |

-----------

## રાજ્યમાં ભારે વરસાદને કારણે થયેલ નુકશાન અને સહાય

૧૩૧૮૨ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) સન ૨૦૦૫માં થયેલ ભારે વરસાદ/પૂરને કારણે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને આપેલ મેમોરેન્ડમમાં ક્યા હેડ નીચે કેટલી રકમોની સહાય માંગી હતી, અને | (૧) રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને મેમોરેન્ડમ રજૂ કરી નીચે મુજબ હેડવાર રકમોની સહાય માંગી હતી. |

| ક્રમ | હેડ | રાહત અને તાત્કાલિક પુનઃ સ્થાપન માટે માંગેલ સહાય | લાંબાગાળાના પુનઃસ્થાપન માટે માંગેલ સહાય |
| --- | --- | --- | --- |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | નાણા | -- | ૦.૦૮ |
| ૨ | સિંચાઇ | ૨૬.૭૭૬ | ૮૩.૦૦ |
| ૩ | ઉર્જા | ૧૧૬.૩૧૦ | ૧૧૪૭.૫૩ |
| ૪ | પાણી પુરવઠો | ૧૯.૫૫૦ | ૧૧૨.૨૮ |
| ૫ | શહેરી વિકાસ | ૨૨૦.૧૩૩ | ૫૮૮.૭૨ |
| ૬ | કૃષિ અને પશુપાલન | ૭૭.૨૦૧ | ૫૧૪.૮૯ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૭ | ઉદ્યોગ અને ખાણ | ૧૮.૪૧૫ | ૭૧૮.૭૦ |
| ૮ | માર્ગ અને | ૧૮૨.૦૨૦ | ૫૦૮.૦૦ |

| | | | |
|---|---|---|---|
| | મકાન | | |
| ૯ | બંદરો અને મત્સ્યોદ્યોગ | ૧.૯૯૯ | ૪.૨૮ |
| ૧૦ | નાગરિક પુરવઠો | ૨.૨૬૬ | ૧.૨૨ |
| ૧૧ | આરોગ્ય | ૩૨.૦૭૦ | ૨૮.૭૨ |
| ૧૨ | ગૃહ | ૩.૬૫૪ | ૨૧.૮૧ |
| ૧૩ | શિક્ષણ | -- | ૫૭.૭૭ |
| ૧૪ | પંચાયત | ૭૭.૬૯૫ | ૩૧૬.૧૨ |
| ૧૫ | મહિલા અને બાળવિકાસ | ૧.૧૬૦ | ૨.૮૨ |
| ૧૬ | શ્રમ અને રોજગાર | -- | ૦.૧૨ |
| ૧૭ | સામાજીક ન્યાય અને અધિકારીતા | -- | ૦.૧૨ |
| ૧૮ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | -- | ૦.૦૧ |
| ૧૯ | વન અને પર્યાવરણ | -- | ૪.૪૨ |
| ૨૦ | વિજ્ઞાન અને ટેક્નોલોજી | -- | ૨.૫૨ |
| ૨૧ | આદિજાતિ વિકાસ | -- | ૦.૨૧ |
| ૨૨ | સરદાર સરોવર નર્મદા નિગમ | ૨૨.૯૧૩ | -- |
| ૨૩ | ગ્રામ વિકાસ | ૬૦.૯૬૦ | -- |
| ૨૪ | ઇમરજન્સી રીલીફ (મહેસુલ) | ૧૨૫.૭૬૦ | -- |
| | કુલ : | ૯૮૮.૮૮૬ | ૪૧૧૩.૩૩ |

(૨) તા. ૧-૮-૨૦૦૫ સુધીમાં કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને કેટલી રકમ મળી અને કેટલી રકમ ખર્ચવામાં આવી ?

(૨) રૂા. ૫૯૨.૨૫ કરોડની રકમ મળી અને રૂા. ૧૦૭.૦૯ કરોડની રકમ ખર્ચવામાં આવી.

-----------

## વિરમગામ તાલુકામાં જમીન જૂની શરતમાં ફેરવવા અંગે

૧૩૩૯૪ **શ્રી વજુભાઈ પ. ડોડિયા(વિરમગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૭-૨૦૦૫ની સ્થિતિએ વિરમગામ તાલુકાના કેટલા ગામોની જમીન જૂની શરતમાં ફેરવવાની બાકી છે, અને

**જવાબ**

(૧) ૬૬ ગામો.

(૨) આ કાર્યવાહી ક્યારે પૂરી કરવામાં આવનાર છે ?

(૨) સત્વરે.

-----------

**વાવ તાલુકામાં જમીનના વળતર અંગે**

૧૩૩૭૬ **શ્રી હેમાજી દ. રાજપૂત(વાવ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

મોજે : રાધાનેસડા તા. વાવ ગામે બી.એસ.એફ.માં ૨૫ વરસ પહેલાં મકાનો કરેલ ત્યારે ખેડૂતોની ૧૦૦ એકર જમીન લીધેલું તેનું વળતર હજુ સુધી ન મળવાનાં કારણો શાં છે ?

**જવાબ**

રાધાનેસડા તા. વાવ ખાતે બી.એસ.એફ.ના ઉપયોગ માટે કુલ એ.૭૦-૦૦ ગુંઠા જમીનો લેવાયેલ હતી. જેનો કબજો ૧૯૭૭ થી બી.એસ.એફ. ધરાવે છે.

આ જમીન પૈકી એ. ૩૯-૦૪ ગુંઠા જમીન ખાનગી માલિકીની છે. જેના વળતર અંગેની માગણી ૧૯૯૭માં અરજદારો દ્વારા કરાયેલ હતી. પરંતુ તે પરત્વે કોઇ સંપાદન પ્રક્રિયા થયેલ ન હતી. હવે તા. ૧૫-૧-૨૦૦૪ના પરિપત્ર મુજબ લાંબા ગાળા બાદની માગણી હોવાથી વળતર ચુકવવાનું રહેતું નથી તે મુજબ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા આધારે નિર્ણય લેવાયેલ હોય પ્રવર્તમાન નિયમાનુસાર પ્રસ્તુત કિસ્સામાં વળતર ચુકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**અમદાવાદ શહેરમાં ડેન્ગ્યુ તેમજ ઝેરી તાવથી થયેલ મૃત્યુ**

૧૩૬૭૨ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ(સાબરમતી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૭-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા છ માસમાં અમદાવાદ શહેરમાં ઝેરી તાવથી કેટલા મૃત્યુ થયા,

(૨) તે પૈકી ડેન્ગ્યુથી કેટલા મૃત્યુ થયા, અને

(૩) આ પ્રકારના રોગોનો ફેલાવો અટકાવવા સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) ૧ (એક) મૃત્યુ નોંધાયેલ છે.

(૨) એક પણ નહીં.

(૩) આ પ્રકારના રોગોનો ફેલાવો અટકાવવા સરકાર દ્વારા નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી.

-સને-૨૦૦૫ દરમ્યાન જાહેર થયેલ ૧૩૩૬ મેલેરિયાના કેસોને સારવાર પુરી પાડવામાં આવી.

-શહેરી વિસ્તારમાં અઠવાડિક પોરાનાશક કામગીરી નિયમિત હાથ ધરવામાં આવી.

-મચ્છર ઉત્પત્તિ સ્થાનોનો નાશ કરવામાં આવ્યો.

-ઘરોમાં ફોગીગ અંગેની કામગીરી કરવામાં આવી.

-પત્રિકાઓનું વિતરણ કરી ડેન્ગ્યુ તથા મેલેરિયા રોગના નિયંત્રણ માટે લોકોમાં જન જાગૃતિ લાવવામાં

આવી તથા ઇલેકટ્રોનીક/પ્રિન્ટ મીડીયા દ્વારા પ્રચાર અને પ્રસારની કામગીરી કરવામાં આવી.

-ઘરોમાં સ્પેસ સ્પ્રે અંગેની કામગીરી કરવામાં આવી.

-----------

**નવસારી જિલ્લામાં ભારે વરસાદ અને પૂરના કારણે ઇસમોને બાકી કેશડોલ્સ રકમની ચૂકવણી અંગે**

૧૩૨૨૫ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ(ચીખલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ચાલુ વરસે તાજેતરમાં આવેલ ભારે વરસાદ અને પૂરના કારણે નવસારી જિલ્લામાં તાલુકાવાર તા. ૧૫-૮-૦૫ ની સ્થિતિએ કેટલી વ્યક્તિઓને કેટલી રકમની કેશડોલ્સ ચુકવવામાં આવી, અને

**જવાબ**

(૧) નવસારી જિલ્લામાં તા. ૧૫-૮-૦૫ની સ્થિતિએ તાલુકાવાર ચુકવવામાં આવેલ કેશડોલ્સની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | વ્યક્તિઓ | ચુકવેલ કેશડોલ્સની રકમ (રૂા.) |
|---|---|---|---|
| ૧ | નવસારી | ૩૦,૫૫૨ | ૩૦,૯૧,૦૮૫ |
| ૨ | જલાલપોર | ૧૬,૫૧૬ | ૧૬,૮૦,૮૪૦ |
| ૩ | ગણદેવી | ૫૮,૫૦૬ | ૫૯,૬૪,૬૪૫ |
| ૪ | ચીખલી | ૧,૪૨૮ | ૬૬,૭૬૫ |
| ૫ | વાંસદા | ૧૮૫ | ૧૩,૫૭૫ |
| | કુલ : | ૧,૦૭,૧૮૭ | ૧,૦૮,૧૬,૯૧૦ |

(૨) જે ઇસમોને હજુ સુધી આવી કેશડોલ્સ ચુકવાઇ નથી તેમને આ કેશડોલ્સ કેટલા સમયમાં ચુકવાશે ?

(૨) કોઇ ઇસમોને કેશડોલ્સ ચુકવવાની બાકી નથી.

---------------

**અમદાવાદ શહેરમાં ફાલ્સીપારમ અને ડેન્ગ્યુના દર્દીઓ અને લીધેલ પગલાં**

૧૩૫૮૬ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં ફાલ્સી-પારમ અને ડેન્ગ્યુ તાવના કેટલા દર્દીઓ તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નોંધાયા છે,

(૨) આ દર્દીઓમાંથી કેટલાના મૃત્યુ થયા છે, અને

(૩) આ તાવને અટકાવવા સરકારે કેવા પ્રકારના પગલાં લીધાં છે ?

**જવાબ**

(૧) ફાલ્સી-પારમના ૧૬૬૭ દર્દીઓ અને ડેન્ગ્યુ તાવના ૩૨ દર્દીઓ નોંધાયેલ છે.

(૨) ફાલ્સી-પારમથી ૨૯ અને ડેન્ગ્યુ તાવથી ૪ ના મૃત્યુ થયા છે.

(૩) આ તાવને અટકાવવા નીચે મુજબના પગલાં લીધા.

-સને ૨૦૦૫ દરમ્યાન જાહેર થયેલ ૧૩૬૮ મેલેરિયાના કેસોને સારવાર પૂરી પાડવામાં આવી.
-શહેરી વિસ્તારમાં અઠવાડિક પોરાનાશક કામગીરી

નિયમિત હાથ ધરવામાં આવી.
-મચ્છર ઉત્પત્તિ સ્થાનોનો નાશ કરવામાં આવ્યો.
-ઘરોમાં ફોગીંગ અંગેની કામગીરી કરવામાં આવી.
-પત્રિકાઓનું વિતરણ કરી ડેન્ગ્યુ તથા મેલેરિયા રોગના નિયંત્રણ માટે લોકોમાં જનજાગૃતિ લાવવામાં આવી તથા ઈલેક્ટ્રોનીક/પ્રિન્ટ મીડીયા દ્વારા પ્રચાર અને પ્રસારની કામગીરી કરવામાં આવી.
-ઘરોમાં સ્પેસ સ્પ્રે અંગેની કામગીરી કરવામાં આવી.

-----------

## સાવલી તાલુકામાં પોલીસ આવાસોની મરામત અંગે

૧૩૪૬૧**શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ(સાવલી) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાવલી તાલુકામાં સાવલી પાંડુ તથા ભાદરવા ગામે આવેલા પોલીસ આવાસોમાં કેટલાક આવાસો ખુબ જ ખરાબ થઈ ગયા છે, તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અંગે સરકારનું શું આયોજન છે ? | (૨) જમીનની ઉપલબ્ધિ, ગ્રાન્ટની જોગવાઈ અને વહીવટી અનુકૂળતાને ધ્યાને રાખી આ અંગેની અગ્રતાયાદીમાં સમાવેશ કરવામાં આવશે. |

----------

## વિજયનગર અને ખેડબ્રહ્મા તાલુકાઓના રાજસ્થાનની સરહદે આવેલા ગામોનો સરહદ-સીમા વિવાદ

૧૩૭૬૫ **શ્રીમતી રમીલાબેન બે. બારા(ખેડબ્રહ્મા) :માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તથા ખેડબ્રહ્મા તાલુકાના રાજસ્થાનની સરહદે આવેલા ગામોનો સરહદી સીમા વિવાદ લાંબા સમયથી ચાલી રહ્યો છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વિવાદ ઉકેલવા રાજ્ય સરકારે શા પ્રયત્નો કર્યા છે, અને | (૨) રાજસ્થાન સરકારના પ્રતિનિધિઓ સાથે ચર્ચા વિચારણા કરવા માટે બેઠકનું આયોજન કરવામાં આવી રહેલ છે. |
| (૩) આ અંગે રાજ્ય સરકારને શો પ્રતિભાવ મળ્યો છે ? | (૩) હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

## ભૂજ હોસ્પિટલ ખાતે નિષ્ણાત ડૉક્ટર તેમજ ટેકનિકલ સ્ટાફની સુવિધા અંગે

૧૩૩૫૦**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા(અબડાસા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડા પ્રધાનશ્રીના ફંડમાંથી ૧૩૦ કરોડના ખર્ચે કચ્છ જિલ્લામાં ભૂજ મધ્યે હોસ્પિટલ બનાવવામાં આવેલ છે જેમાં અદ્યતન સાધનો પણ ઉપલબ્ધ છે તો | (૧) જી. કે. જનરલ હોસ્પિટલ, ભુજ ખાતે ૪૧ નિષ્ણાત અને ડોકટરો<br>(૨) ૧૪ તબીબી અધિકારીઓ |

| | |
|---|---|
| તેને ઓપરેટ કરી શકે તેવા ટેક્નીક્લ સ્ટાફ તેમજ નિષ્ણાત ડોકટરોની સુવિધા હાલમાં પુરતા પ્રમાણમાં છે કે કેમ, અને | ૮૪ ટેક્નીક્લ સ્ટાફ અને ૨૮ નર્સીંગ સ્ટાફ છે, જેનાથી હોસ્પિટલની કામગીરી લેવામાં આવે છે. |
| (૨) જો નથી, તો તેની ઉપલબ્ધતા ક્યારે કરવામાં આવશે ? | |

-----------

**જનરલ હોસ્પિટલ વાપી ખાતે ડોકટરો અને નર્સોની સંખ્યા**

૧૩૬૮૪ **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા(શહેર કોટડા)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ વાપી ખાતે આવેલ રાજ્ય સરકારની જનરલ હોસ્પિટલમાં કુલ કેટલા ડોકટરો અને નર્સો છે, અને | (૧) તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ વાપી ખાતે આવેલ રાજ્ય સરકારની જનરલ હોસ્પિટલમાં કુલ-૧૦ ડોકટરો અને ૧૩ નર્સો છે. |
| (૨) બાકી રહેલ સ્ટાફ ક્યારે ભરવામાં આવશે ? | (૨) વીમા તબીબી અધિકારી વર્ગ-૧ની જગ્યા બઢતીથી ભરવાની કાર્યવાહી ગતિમાં છે. વીમા તબીબી અધિકારી, વર્ગ-૨ની જગ્યા ભરવાની કાર્યવાહી ગતિમાં છે.<br>નર્સોની ખાલી જગ્યાઓ ભરવા માટે ગૌણ સેવા પસંદગી મંડળને માંગણી પત્રક મોકલી આપેલ છે. ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યા ભરાશે. |

-----------

**ચોર્યાસી તાલુકાના બમરોલી (વડોદ) ખાતે સરકારી પડતર જમીન પર દબાણ**

૧૩૪૭૩**શ્રી મનીષભાઈ ગીલીટવાલા(સુરત શહેર પૂર્વ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મોજે : બમરોલી (વડોદ) તા. ચોર્યાસી જિલ્લો : સુરતમાં સરકારી પડતર જમીનો ઉપર તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ કેટલા દબાણો છે, અને | (૧) શૂન્ય. |
| (૨) આ દબાણો દૂર કરવા સરકારે શું કાર્યવાહી કરી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**પાલીતાણા તાલુકામાં શેત્રુંજ્ય નદીના કાંઠા વિસ્તારમાં સિંહોની સંખ્યા અને અભ્યારણ્ય તરીકેના વિકાસ અંગે**

૧૩૨૮૯ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા)**:**માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલીતાણા તાલુકાના શેત્રુંજ્ય નદીના કાંઠા વિસ્તારમાં તેમજ જેસર પંથકમાં તા. ૧૫-૮-૦૫ની સ્થિતિએ સિંહોની કેટલી સંખ્યા છે, અને | (૧) એપ્રિલ ૨૦૦૫ દરમિયાન થયેલી ગણતરી અનુસાર શેત્રુંજ્ય નદીના કાંઠા વિસ્તાર તેમજ જેસર વિસ્તારમાં સિંહોની સંખ્યા ૨૮ છે. |
| (૨) આ વિસ્તારને અભ્યારણ્ય તરીકે સરકાર વિકાસવવા માંગે છે કે કેમ ? | (૨) હાલ આ બાબત વિચારણામાં નથી. |

-----------

## તાજેતરની અતિવૃષ્ટિમાં ખેડા અને ભરૂચ જિલ્લાઓના અસરગ્રસ્તોને સહાય

૧૩૫૭૮ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ચાલુ વર્ષે ચોમાસા દરમ્યાન થયેલ અતિવૃષ્ટિને કારણે ખેડા જિલ્લા અને ભરૂચ જિલ્લાના અસરગ્રસ્તોને કેટલી રકમની કેશડોલ્સ ચૂકવવામાં આવી, અને | (૧) રૂા. ૫,૧૪,૨૩,૩૫૦/- |
| (૨) આ અસરગ્રસ્તોને બેઠા કરવા માટે સરકારે બીજી કઈ કઈ યોજનાઓ ચાલુ કરી છે ? | (૨) અસરગ્રસ્ત બનેલા લોકો માટે<br>(અ) કૃષિ સહાય પેકેજ<br>(બ) ઓદ્યોગિક એકમો અને વેપાર વાણિજ્ય એકમોને સહાય.<br>(ક) કુટીર અને ગ્રામોદ્યોગના પરંપરાગત કારીગરો તેમજ માન્યતા પ્રાપ્ત ઓદ્યોગિક સહકારી મંડળીઓને સહાય તેમજ<br>(ડ) દશ એકર સુધી જમીન ધરાવતા નાના મીઠા એકમોને નાણાકીય સહાય આપવાની યોજનાઓ રાજ્ય સરકારે ચાલુ કરી છે. |

-----------

## કચ્છ જિલ્લાની સ્વૈચ્છિક સંસ્થાઓની જમીન માટેની પડતર દરખાસ્તો

૧૩૬૭૪ **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧૫-૮-૨૦૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લાની સ્વૈચ્છિક સંસ્થાઓની જમીન માંગણીની દરખાસ્તો ક્યા ક્યા તબક્કે છે, | (૧) કુલ-૩૮ માંગણીઓ પેકી<br>૧: ૩૪ દરખાસ્તો કલેકટરશ્રી કચ્છ કક્ષાએ<br>૨: ૦૪ સરકાર કક્ષાએ |
| (૨) તે પેકી ૧૦ વર્ષ ઉપરાંતથી પેન્ડીગ કઈ કઈ સ્વૈચ્છિક સંસ્થાઓની દરખાસ્તો છે, અને તેના શા શા કારણો છે, | (૨) ૧: પ્રાણકુંવરબેન ચુનીલીલ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ, ભુજ<br>૨: શ્રી યશોધર વર્ધમાન ૭૨ જીનાલય ટ્રસ્ટ કોડાય, તા. માંડવી<br>-વહીવટી કારણોસર |
| (૩) તે પેકી કઈ કઈ સંસ્થાઓની દરખાસ્તો સચિવાલયમાંથી ગુમ થવાની ફરીયાદો મળી છે, અને | (૩) એક પણ નહિ. |
| (૪) આ બાબતે શા શા પગલાં ભરવામાં આવ્યા છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

## કચ્છ જિલ્લામાં સાંધી ઈન્ડસ્ટ્રીઝને ઓદ્યોગિક હેતુથી અપાયેલ જમીન પરત લેવા અંગે

૧૩૭૯૦ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) :માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના અબડાસા અને લખપત તાલુકામાં સાંધી ઈન્ડસ્ટ્રીઝને ઓદ્યોગિક હેતુ માટે અપાયેલ જમીનો લાંબા સમયથી ઉપયોગમાં લેવાતી નથી તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ જમીનોનો બે વર્ષ કરતાં વધુ સમયથી ઉપયોગ ન થતો હોય તો સરકાર આ જમીનો | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

સમયથી ઉપયોગ ન થતો હોય તો સરકાર આ જમીનો નિયમ અનુસાર પરત લેશે કે કેમ ?

-----------

**રાજ્યમાં નર્સિંગ કોલેજો અને ઉમેદવારોની સંખ્યા**

૧૩૪૯૫ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ કેટલી નર્સિંગ કોલેજ છે, | (૧) ૩ (ત્રણ). |
| (૨) તે પૈકી સરકારી કેટલી અને સેલ્ફ ફાયનાન્સ કેટલી, અને | (૨) સરકારી-૧<br>સેલ્ફ ફાયનાન્સ-૨ |
| (૩) આ કોલેજમાંથી દર વર્ષે રાજ્યમાં નર્સિંગ માટે કુલ કેટલા ઉમેદવારો પ્રાપ્ત થાય છે ? | (૩) વર્ષ ૨૦૦૩-૦૪--------૮૩<br>વર્ષ ૨૦૦૪-૦૫--------૧૩૯<br>વર્ષ ૨૦૦૫-૦૬--------૮૭ |

----------

**જૂનાગઢ જિલ્લામાં બેરોજગારોને રોજગારી આપવા અંગે**

૧૩૩૨૦ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી (રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે :-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ કેટલા શિક્ષિત અને કેટલા અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે, અને

**જવાબ**

(૧)

| શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|
| ૩૮૫૦૩ | ૬૮૪૭ | ૪૫૩૫૦ |

(૨) છેલ્લા બે નાણાકીય વર્ષમાં વર્ષવાર કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ?

(૨)

| વર્ષ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૩-૦૪ | ૪૪૬ | ૧૫૩૪ | ૧૯૮૦ |
| ૨૦૦૪-૦૫ | ૯૪૮ | ૧૭૧૯ | ૨૬૬૭ |
| કુલ : | ૧૩૯૪ | ૩૨૫૩ | ૪૬૪૭ |

----------

**રાજ્યમાં બોગસ ડિગ્રીના પકડાયેલ ડોકટરો સામે લીધેલ પગલાં**

૧૩૪૬૭ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા(સુરત શહેર (ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ-૨૦૦૪માં રાજ્યમાં કેટલા બોગસ ડિગ્રીવાળા ર્ડાક્ટરો પકડાયા ક્યા પ્રકારની ડિગ્રીઓ હતી | (૧) વર્ષ-૨૦૦૪માં બોગસ ડિગ્રીવાળા એકપણ ર્ડાક્ટર પકડાયેલ નથી. |

હતી,

(૨) આવા પકડાયેલ ર્ડાક્ટરો સામે શા પગલાં લેવામાં આવ્યા, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ભવિષ્યમાં આવા બોગસ ડિગ્રીવાળા ર્ડાક્ટરો પ્રોક્ટીશ ન કરી શકે તે માટે શું આયોજન કરવામાં આવેલ છે ?

(૩) આરોગ્ય વિભાગના તા. ૨૨-૦૫-૦૩ના પરિપત્રથી ગેરકાયદેસર પ્રેક્ટીશ કરતા વ્યક્તિઓ સામે પગલાં લેવા સરકાર દ્વારા જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી, જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પોલીસ વડાઓ વગેરેને ઘટતા પગલાં લેવા સૂચના આપવામાં આવેલ છે.

----------

## રાજ્યના બી. પી. એલ. કુટુંબોને અનાજ

૧૩૮૦૧ **શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ):માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભારત સરકારે બી.પી.એલ. જાહેર કરેલ રાજ્યના તમામ કુટુંબોને રાહત દરનું અનાજ આપવામાં આવે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો ના, તો તેના કારણો શું છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## અમરેલી જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોમાં સ્ટાફની ઘટ

૧૩૬૮૦ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૭-૨૦૦૫ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં ક્યા તાલુકાઓમાં કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, જિલ્લા પંચાયત સંચાલિત દવાખાના આવેલ છે, | (૧) તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ સામુહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, જિલ્લા પંચાયત સંચાલિત દવાખાના આવેલ છે. |

| અ.નં. | તાલુકાનું | સા.આ. | પ્રા. | જિ. પં. |
|---|---|---|---|---|
| ૧ | રાજુલા | ૧ | ૩ | ૦ |
| ૨ | જાફરાબાદ | ૧ | ૩ | ૦ |
| ૩ | ધારી | ૨ | ૪ | ૦ |
| ૪ | બાબરા | ૧ | ૩ | ૦ |
| ૫ | બગસરા | ૧ | ૨ | ૦ |
| ૬ | લીલીયા | ૧ | ૨ | ૦ |
| ૭ | લાઠી | ૨ | ૩ | ૦ |
| ૮ | કુકાવાવ | ૨ | ૨ | ૦ |
| ૯ | ખાંભા | ૧ | ૩ | ૦ |
| ૧૦ | સાવરકુંડલા | ૧ | ૬ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | સાવરકુંડલા | ૧ | ૬ | ૦ |
| ૧૧ | અમરેલી | ૦ | ૪ | ૦ |
| | કુલ | ૧૩ | ૩૫ | નીલ |

(૨) જેમાં મંજુર થયેલ મહેકમ કરતાં કેવા પ્રકારના કેટલા સ્ટાફની ઘટ છે, અને

(૨) સંવર્ગવાર સ્ટાફની ઘટ નીચે મુજબ છે.

| વર્ગ | સા.આ. કેન્દ્ર | પ્રા. આ. કેન્દ્ર | જિ.પં. સંચાલિત દવાખાના |
|---|---|---|---|
| વર્ગ-૧ | ૧૮ | ૦ | ૦ |
| વર્ગ-૨ | ૧૨ | ૧૫ | ૦ |
| વર્ગ-૩ | ૭૫ | ૬૪ | ૦ |
| વર્ગ-૪ | ૬૪ | ૪૪ | ૦ |

(૩) આ ઘટ કેટલા સમયમાં પુરી પાડવામાં આવશે ?

(૩) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને લાયક ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ જગ્યાઓ ભરવામાં આવશે.

----------

**ઓદ્યોગિક હેતુ માટે સરકારી પડતર જમીનની ફાળવણી અંગેના ધોરણો**

૧૩૧૬૯ **શ્રીમતી રશીદા ઈ. પટેલ(વાગરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** **જવાબ**

(૧) રાજ્ય સરકારે ઓદ્યોગિક હેતુ માટે સરકારી પડતર જમીનોની ફાળવણી કરવાનો કે વેચાણથી આપવાનો કોઇ નીતિ વિષયક નિર્ણય તાજેતરમાં લીધો છે કે કેમ, અને

(૧) ના. જી.

(૨) જો હા, તો આ પડતર સરકારી જમીનો આપવા અંગે ક્યા ધોરણો અપનાવવાનું નક્કી કરવામાં આવ્યું ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**રાજ્યમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ અને શિક્ષકોની સંખ્યા**

૧૩૬૮૬ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** **જવાબ**

(૧) જુલાઇ-૦૫ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી વિજ્ઞાન પ્રવાહની શાળાઓ અને કેટલા શિક્ષકો છે,

(૧) ૭૮૭ શાળાઓ
૩૪૮૩ શિક્ષકો
(પત્રક-અ સામેલ છે.)

(૨) આમાંથી જિલ્લાવાર કેટલી શાળાઓનું ધો. ૧૧ અને ધો. ૧૨નું પરિણામ ૪૦ ટકા કરતાં પણ ઓછું આવ્યું, અને

(૨) ધોરણ ૧૧ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
ધોરણ-૧૨ ૨૮૮ શાળાઓ.

(૩) આ શાળાઓના પરિણામની ટકાવારી વધારવા માટે છેલ્લા એક વર્ષમાં સરકારે શું શું પગલાં લીધા ?

(૩) લીધેલ પગલાંનું પત્રક-બ સામેલ છે.

**પત્રક-અ**

**રાજ્યમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ અને શિક્ષકોની સંખ્યા તથા ૪૦ ટકા થી ઓછું પરિણામ લાવવાવાળી શાળાઓની સંખ્યાની વિગત દર્શાવતું પત્રક.**

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ શાળાઓ ની સંખ્યા | શિક્ષકોની સંખ્યા | ૪૦ ટકા ઓછું પરિણામ વાળી શાળાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૯૭ | ૪૬૩ | ૨૪ |
| ૨ | અમદાવાદ ગ્રામ્ય | ૫૧ | ૨૫૯ | ૧૦ |
| ૩ | અમરેલી | ૧૨ | ૪૬ | ૦૧ |
| ૪ | કચ્છ-ભુજ | ૧૮ | ૬૪ | ૦૨ |
| ૫ | ખેડા | ૨૦ | ૧૦૪ | ૧૫ |
| ૬ | જામનગર | ૧૬ | ૬૪ | ૦૫ |
| ૭ | જુનાગઢ | ૩૩ | ૨૩૭ | ૧૫ |
| ૮ | આહવા-ડાંગ | ૦૨ | ૦૭ | ૦૨ |
| ૯ | પંચમહાલ | ૧૬ | ૪૮ | ૦૫ |
| ૧૦ | બનાસકાંઠા | ૧૬ | ૧૩૦ | ૦૬ |
| ૧૧ | ભરૂચ | ૨૪ | ૧૦૭ | ૧૨ |
| ૧૨ | ભાવનગર | ૧૯ | ૧૨૭ | ૦૯ |
| ૧૩ | મહેસાણા | ૩૨ | ૧૫૨ | ૧૨ |
| ૧૪ | રાજકોટ | ૫૮ | ૬૪ | ૧૨ |
| ૧૫ | વડોદરા | ૮૫ | ૩૮૦ | ૧૯ |
| ૧૬ | વલસાડ | ૨૬ | ૧૨૦ | ૧૨ |
| ૧૭ | સાબરકાંઠા | ૩૧ | ૯૯ | ૧૬ |
| ૧૮ | સુરત | ૯૦ | ૩૨૨ | ૪૩ |
| ૧૯ | સુરેન્દ્રનગર | ૧૧ | ૩૮ | ૦૩ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨૦ | કેન્દ્ર શાસિત | ૦૭ | ૩૫ | ૦૫ |
| ૨૧ | આણંદ | ૩૦ | ૨૨૩ | ૨૦ |
| ૨૨ | પાટણ | ૧૧ | ૫૮ | ૦૩ |
| ૨૩ | નવસારી | ૩૨ | ૧૧૨ | ૧૫ |
| ૨૪ | દાહોદ | ૧૧ | ૪૬ | ૦૬ |
| ૨૫ | પોરબંદર | ૦૫ | ૧૯ | ૦૨ |
| ૨૬ | નર્મદા | ૦૬ | ૨૫ | ૦૫ |
| ૨૭ | ગાંધીનગર | ૨૮ | ૧૩૫ | ૦૯ |
| | કુલ : | ૭૮૭ | ૩૪૮૪ | ૨૮૮ |

**લીધેલ પગલાંનુ પત્રક-બ**

**રાજ્યની શાળાવાર પરિણામ વધે તે માટે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી સંબંધિત શાળાઓ અને બોર્ડ દ્વારા વર્કશોપ યોજી નબળી શાળાઓએ પરિણામ સુધારવા શું કરવું તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું અને નીચે મુજબના પગલાં ભરવા જણાવ્યું.**

(૧) બોર્ડ દ્વારા તૈયાર થયેલ પ્રશ્નબેંકની પુસ્તિકાઓ (મફત) શાળા દીઠ બે નકલો આપી વિદ્યાર્થીઓને વધુ મહાવરો મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી.

(૨) નબળી શાળાઓ સાથે જે શાળાઓનું પરિણામ સારૂં આવેલ છે તેવી શાળાઓએ આ શાળાઓને દત્તક (પ્રેરક શાળા) તરીકે સ્વિકારી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા એકશન પ્લાન તૈયાર કરી માર્ગદર્શન આપવામાં આવ્યું.

(૩) ગુજરાતી, ગણિત અને સમાજવિદ્યા વિષયમાં સામાન્યતઃ આવી શાળાનું પરિણામ ઓછું આવે છે. તે અંગે બોર્ડ દ્વારા આ વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓનું પૃથક્કરણ કરી વિષયવાર બાળકો કેવા પ્રકારની ક્યા પ્રશ્નમાં ક્યા ક્યા વિષયોમાં ભૂલો કરે છે. તે તરફ ધ્યાન દોરી હવે આ પ્રકારની ભૂલો ન થાય તે માટે સંબંધિત શાળાઓને જાણ કરવામાં આવી. (બોર્ડના મેગેઝિન મારફતે)

(૪) શાળાઓએ વધારાના વર્ગો રજાના દિવસે તેમજ શૂન્ય તાસમાં ગોઠવી નબળા વિદ્યાર્થીઓને વધુ માર્ગદર્શન મળે તેવી વ્યવસ્થા ગોઠવવાની જાણ કરી.

(૫) રાત્રી વર્ગોની વ્યવસ્થા કરી સંબંધિત વિષય શિક્ષકો મારફતે માર્ગદર્શન મળે તેવા પગલાં ભરવા પણ સૂચવેલ છે.

(૬) શિક્ષકો માટે વેકેશનમાં તાલીમ વર્ગોનું આયોજન કરી તાલીમ આપવામાં આવી.

**વડગામ તાલુકા મથકે કોર્ટ શરૂ કરવા અંગે**

૧૩૫૦૧ **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) : માનનીય ન્યાય તંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના તાલુકા મથકે અલગ કોર્ટ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) અલગ કોર્ટ મંજુર કરવા છતાં હજુ સુધી તાલુકા મથકે આ કોર્ટ શરૂ નહીં કરવાના શાં કારણો છે, અને | (૨) અંદાજપત્રમાં નાણાંકીય જોગવાઇ અને માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ ન થવાને લીધે. |
| (૩) હવે, આ ન્યાયની કોર્ટ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) અંદાજપત્રમાં નાણાંકીય જોગવાઇ કર્યેથી અને માળખાગત સુવિધાઓમાં, સ્ટાફ, લાં. બુક્સ, ફંડ, ફર્નિચર પુરૂ પાડેથી. |

----------

**સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો અને ઓરડાઓની ઘટ**

૧૩૪૯૨ **ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં તાલુકાવાર ફરજિયાત એક ધોરણ એક શિક્ષક અને એક ઓરડો પૂરો પાડવા માટે કુલ કેટલા શિક્ષકોની અને કેટલા ઓરડાઓની ઘટ છે, અને | (૧) પ્રાથમિક શાળાઓમાં ધોરણદીઠ શિક્ષક મંજુર કરવાના નોર્મ્સ નથી, પરંતુ વિદ્યાર્થીની સંખ્યાના પ્રમાણમાં ૧૨૨ શિક્ષકોની ઘટ છે અને ૧૩૭૮ ઓરડાઓની ઘટ છે. |
| (૨) શિક્ષકોની તથા ઓરડાઓની ઘટ સરકાર ક્યાં સુધી પૂર્ણ કરવા માંગે છે ? | (૨) શિક્ષકોની ઘટ જેમ બને તેમ જલ્દી પૂર્ણ કરવામાં આવશે. જ્યારે ૪૫૦ નવા ઓરડાઓ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. બાકી રહેતા ૯૨૮ ઓરડાઓ માટે તબક્કાવાર આયોજન કરવામાં આવશે. |

**રાજ્યમાં પ્રાથમિક શિક્ષકોને નિયમિત કરવા અંગે**

૧૩૪૮૧ **શ્રી શંકરભાઈ વી. રાઠવા(છોટાઉદેપુર):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્યમાં સન ૨૦૦૪-૨૦૦૫માં કેટલા પ્રાથમિક શિક્ષકોને વિનિયમિત કરવા માટેની મંજુરી આપવામાં આવી, અને | (૧) વિદ્યાસહાયક યોજનાની મૂળભૂત જોગવાઇ અન્વયે ૨ વર્ષની નોકરીના અંતે સંતોષકારક સેવાઓ ધરાવનાર વિદ્યાસહાયકોને જે તે વર્ષમાં શિક્ષકોની નિવૃત્તિથી ખાલી પડતી જગાઓ ઉપર (વિદ્યાસહાયકો) ને તબક્કાવાર પ્રાથમિક શિક્ષકના નિયમિત પગાર ધોરણમાં ક્રમાનુસાર સમાવવામાં આવે છે. પાંચ |

| | |
|---|---|
| | વર્ષના અંતે બાકી રહેતા તમામ વિદ્યાસહાયકોને શિક્ષકના પગાર ધોરણમાં સમાવી લેવામાં આવતા હોઇ આ અંગે મંજુરી આપવાનો પ્રશ્ન રહેતો નથી. |
| (૨) તેમાંથી કેટલા નિયમિત થયા અને કેટલા બાકી ? | (૨) પ્રશ્ન ખંડ (૧)માં જણાવેલ જવાબની વિગતે ૧૩૧૮૧ વિદ્યાસહાયકો નિયમિત થયેલ છે. |

----------

## વિધવા સહાય યોજનાનો વ્યાપ વધારવા અંગે

૧૩૭૭૫ **શ્રી અનિલકુમાર મો. પટેલ(બારડોલી) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વિધવા સહાય યોજના માટેના લાભાર્થીઓનું બી.પી.એલ.માં નામ હોવું ફરજિયાત બનાવેલ છે તે વાત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો બી.પી.એલ.માં ન હોય એવી વિધવા બહેનો માટે સરકારે શી વૈકલ્પિક વ્યવસ્થા કરી છે, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બી.પી.એલ. ની જોગવાઇ રદ કરી વિધવા બહેનોને સહાય આપવાનું સરકારે શું આયોજન કરેલ છે ? | |

---------

## શિક્ષણ મેળવતા બાળકોને વીમા સુરક્ષા

૧૩૪૫૪ **શ્રી જેસાભાઈ ભા. બારડ(સોમનાથ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) શિક્ષણ મેળવતા બાળકોને વિમા સુરક્ષા માટે સરકારે કોઈ યોજના હાથ ધરેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૩-૨૦૦૫ સુધીના છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોને આ યોજના હેઠળ આવરી લેવાયા અને કેટલા બાળકોને લાભ આપ્યો? | (૨) ૨૩૨.૫૦ લાખ બાળકોને આ યોજના હેઠળ આવરી લેવાયેલ છે. અને ૫૧૨ બાળકોને વીમા સહાય ચુકવવામાં આવેલ છે. |

## ડીસા સિવિલ હૉસ્પિટલ ખાતે દવાઓની અછત

૧૩૩૨૩ **શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડીસા સિવિલ હોસ્પિટલમાં દવાઓની ખુબ જ અછત છે, તે હકીક્તથી સરકાર વાકેફ છે, અને | (૧) ડીસા સિવિલ હોસ્પિટલમાં દવાઓની કોઈ અછત નથી. |
| (૨) જો હા, તો છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૭-૦૫ સુધીમાં હડકવાની રસી તેમજ બીજી કઈ કઈ દવાઓ નથી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## મોરબી સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ

૧૩૮૧૧**શ્રી કાંતિભાઇ અમૃતિયા (મોરબી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ મોરબી સિવિલ હોસ્પિટલમાં જુદા જુદા સંવર્ગની કુલ કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને | (૧) |
| (૨) ખાલી જ્ગ્યાઓ કેટલા સમયમાં ભરવા માંગો છો? | (૨) સત્વરે. |

| સંવર્ગ | ખાલીજ્ગ્યા |
| --- | --- |
| વર્ગ-૧ | ૪ |
| વર્ગ-૨ | ૪ |
| વર્ગ-૩ | ૨૫ |
| વર્ગ-૪ | ૩ |
| કુલ : | ૩૬ |

-----------

## પાદરા તાલુકામાં અતિવૃષ્ટિ સહાયની ચૂકવણી

૧૩૪૬૫ **શ્રી પુનમ ૨. પરમાર(પાદરા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) પાદરા તાલુકામાં તાજેતરમાં થયેલ અતિવૃષ્ટિના કારણે કેટલા ગામોમાં કઈ કઈ સહાય ચૂકવવામાં આવી, અને | (૧) પાદરા તાલુકાના ૮૩ ગામોમાં મૃત્યુ સહાય, પશુ સહાય, કેશડોલ્સ, ઘરવખરી, ઝૂંપડા કાચા/પાકા-મકાન સહાય વગેરે સહાય ચૂકવવામાં આવી. |
| (૨) દરેક ગામ દીઠ અને દરેક સહાય દીઠ કુલ્લે કેટલા રૂપિયા ચૂકવવામાં આવ્યા? | (૨) સામેલ * પત્રક મુજબ<br>*** (પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)** |

----------

## વડોદરા જિલ્લાના પેટ્રોલ પંપો પર દરોડા

૧૩૭૫૩ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા(કરજણ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૭-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા શહેર અને જીલ્લામાં કેટલા પેટ્રોલ પંપ ઉપર દરોડા પાડી ચેકીંગ કરવામાં આવ્યું અને તેમાં કેટલી ગેરરીતિઓ પકડવામાં આવી, અને | (૧) (અ) વડોદરા શહેરમાં ૧૨ પેટ્રોલ પંપોની તપાસ કરી રૂા. ૩,૪૦,૦૪૯/-ની કિંમતનો જથ્થો કબજે કર્યો.<br>(બ) વડોદરા જીલ્લામાં ૩૭ પેટ્રોલ પંપોની તપાસ કરી રૂા. ૧૨,૪૦,૪૯૧/-ની કિંમતનો જથ્થો કબજે કર્યો. |
| (૨) કસુરવારો સામે શું પગલાં ભરવામાં આવ્યા? | (૨) (અ) વડોદરા શહેરમાં રૂા. ૨૫,૩૪૦/-ની કિંમતનો જથ્થો રાજ્યસાત કર્યો અને<br>રૂા. ૧,૭૫૦/- અનામત રાજ્યસાત કરી.<br>(બ) વડોદરા જિલ્લામાં રૂા. ૪૫,૬૨૪/-ની કિંમતનો જથ્થો રાજ્યસાત કર્યો અને |

રૂા. ૧,૮૭૫/- અનામત રાજ્યસાત કરી

૩ કેસમાં તાકીદ આપી છે.

-----------

## વલસાડ જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારોની સંખ્યા

૧૩૬૬૭ **શ્રી શંકરભાઈ મં. વારલી(ઉમરગામ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારોની સંખ્યા કેટલી નોંધાયેલ છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારોની સંખ્યા નીચે મુજબ નોંધાયેલ છે

| તાલુકો | શિક્ષિત | અર્ધશિક્ષિત |
|---|---|---|
| વલસાડ | ૬૭૪૩ | ૬૩૬ |
| પારડી | ૪૮૬૦ | ૩૯૬ |
| ધરમપુર | ૩૭૮૪ | ૩૬૨ |
| ઉંમરગામ | ૧૩૬૮ | ૧૭૮ |
| કપરાડા | ૧૫૬૫ | ૧૦૯ |

**પ્રશ્ન**

(૨) તે પૈકી છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપી?

**જવાબ**

(૨) તે પૈકી છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ બેરોજગારોને રોજગારી આપવામાં આવેલ છે :-

| તાલુકો | શિક્ષિત | અર્ધશિક્ષિત |
|---|---|---|
| વલસાડ | ૨૯૧ | ૧૪૬૨ |
| પારડી | ૪૦૪ | ૨૭૬૨ |
| ધરમપુર | ૨૮ | ૧ |
| ઉંમરગામ | ૬૧૪ | ૧૪૭૫ |
| કપરાડા | ૨૮ | ૦૦ |

-----------

## રાજ્યમાં એન.ઓ.સી. વગર ચાલતી કોલેજો

૧૩૨૧૫ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા.૧૫-૮-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર રાજ્ય સરકારની એન.ઓ.સી. વિના ચાલતી કેટલી બોગસ કોલેજો સરકારના ધ્યાને આવી, અને

**જવાબ**

(૧) કુલ-૬૪ સંસ્થાઓ

| યુનિવર્સિટી | જિલ્લો | કોલેજની સંખ્યા |
|---|---|---|
| એમ.એસ.યુનિ. | વડોદરા | ૧૫ |
| એસ.પી.યુનિ. | આણંદ | ૧૪ |

| | | |
|---|---|---|
| સૌરાષ્ટ્ર યુનિ. | રાજકોટ | ૧૧ |
| | જામનગર | ૦૨ |
| | જુનાગઢ | ૦૨ |
| ભાવનગર યુનિ. | ભાવનગર | ૦૦ |
| હેમચંદ્રાચાર્ય | મહેસાણા | ૦૩ |
| ઉ.ગુ.યુનિ. | સાબરકાંઠા | ૦૨ |
| ગુજરાત યુનિ. | અમદાવાદ | ૦૮ |
| કચ્છ યુનિ. | કચ્છ | ૦૨ |
| વિર નર્મદ દ.ગુ.યુનિ. | સુરત | ૦૫ |

(૨) આવી બોગસ ચલાવવામાં આવતી કોલેજોના સંચાલકો સામે રાજ્ય સરકારે ક્યા-ક્યા પગલાંઓ લીધા?

(૨) જે તે યુનિવર્સિટીને આવી બોગસ સંસ્થાઓ તાત્કાલિક બંધ કરવા જણાવવામાં આવેલ છે, અને પોલીસ ફરિયાદ નોંધાવી કાર્યવાહી કરેલ છે.

-----------

## રાજ્યમાં અતિવૃષ્ટિના કારણે જિલ્લાવાર ચૂકવાયેલ કેશડોલ્સની રકમ અંગે

૧૩૬૬૧ **શ્રી અમીત ચાવડા(બોરસદ):માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

તાજેતરની અતિવૃષ્ટિમાં અસરગ્રસ્તોને જિલ્લાવાર કેટલી કેશડોલ્સ ચૂકવવામાં આવી?

**જવાબ**

જિલ્લાવાર કેશડોલ્સ નીચે મુજબ ચૂકવવામાં આવી

| ક્રમ | જિલ્લો | ચૂકવેલ કેશડોલ્સ (રકમ રૂા.) |
|---|---|---|
| ૧. | અમદાવાદ | ૩૦૫૦૨૬૫ |
| ૨. | અમરેલી | ૮૬૫૧૭૯ |
| ૩. | આણંદ | ૨૯૨૨૩૦૦૦ |
| ૪. | ભરૂચ | ૬૮૪૮૩૫૦ |
| ૫. | ભાવનગર | ૪૨૦૦૦ |
| ૬. | દાહોદ | ૧૧૨૫ |
| ૭. | ગાંધીનગર | ૩૫૯૦૮૦ |
| ૮. | જૂનાગઢ | ૩૧૫૦ |
| ૯. | ખેડા | ૪૪૫૭૫૩૮૦ |
| ૧૦. | મહેસાણા | ૨૬૯૧૧૦ |
| ૧૧. | નર્મદા | ૧૩૯૦૦૦ |
| ૧૨. | નવસારી | ૧૦૮૧૬૯૧૦ |
| ૧૩. | પંચમહાલ | ૨૮૮૭૫ |
| ૧૪. | રાજકોટ | ૧૦૦૮૦ |
| ૧૫. | સાબરકાંઠા | ૧૪૭૬૦ |
| ૧૬. | સુરત | ૧૮૯૬૦૦૦૦ |
| ૧૭. | સુરેન્દ્રનગર | ૬૯૮૦૦૦ |
| ૧૮. | વડોદરા | ૭૭૦૧૩૩૫૮ |
| ૧૯. | વલસાડ | ૨૭૮૫૯૫૦ |
| | કુલ : | ૧૯૫૭૦૩૫૭૨ |

-----------

## વલસાડ જિલ્લામાં બેરોજગારોની નોંધણી અને નિમણૂંક

૧૩૨૭૨ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ(પારડી):માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગારોએ રોજગારી મેળવવા ઉમેદવારી નોંધાવી. | (૧) ૨૦૦૧૯ |
| (૨) તે પૈકીના તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કેટલાને રોજગારી માટે ઈન્ટરવ્યુ કોલ મોકલવામાં આવ્યા, અને | (૨) ૧૨૧૫૦ |
| (૩) તેમાંથી કેટલાને નિમણૂંક આપવામાં આવી? | (૩) ૧૦૭૧૯ |

-----------

## બરવાળા ગ્રામ પંચાયતે સ્મશાન માટે માંગેલ જમીન

૧૩૭૧૦ **શ્રી ભરતભાઈ પંડ્યા(ધંધૂકા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બરવાળા ગ્રામ પંચાયતે સ્મશાન માટે સરકાર પાસે જમીન માંગેલ છે તે કામ તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ ક્યા તબક્કે પહોંચ્યુ છે, અને | (૧) ક્લેકટર કક્ષાએ છે. |
| (૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે? | (૨) બનતી ત્વરાએ. |

---------

## કડી તાલુકામાં દારૂના અડ્ડાઓ ઉપર દરોડા

૧૩૨૭૮ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કડી તાલુકામાં કેટલા દારૂના અડાઓ ઉપર દરોડા પાડવામાં આવ્યા, | (૧) તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ એક વર્ષમાં કડી તાલુકામાં ૮૬૩ દરોડા પાડવામાં આવેલ છે. |
| (૨) કેટલા ઈસમોને પકડવામાં આવ્યા, | (૨) ૬૧૫ ઈસમોને પકડવામાં આવ્યા. |
| (૩) કેટલો જથ્થો પકડવામાં આવ્યો, અને | (૩) દેશી દારૂ ૨૦૮૬.૫ લીટર<br>વોશ લીટર ૨૭૪૨૦ લીટર<br>વિદેશી દારૂ ૧૧૩૬ બોટલ |
| (૪) કુંડાળ તેમજ કડી શહેરમાં કેટલા ઈસમો આ ધંધો કરે છે? | (૪) કુંડાળ ગામમાં ૫ અને કડી શહેરમાં ૧૭ ઈસમો એમ કુલ ૨૨ ઈસમો ચોરી છુપીથી આ ધંધો કરતા હોવાનું તપાસ દરમ્યાન જણાઈ આવેલ છે. |

-----------

## વલસાડ શહેરની હોસ્પિટલમાં ડોકટરો, ટેકનીશીયનોની ખાલી જગ્યાઓ

૧૩૩૨૭ **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાની ધરમપુર શહેરની હોસ્પિટલમાં તા.૩૧-૭-૦૫ની સિથતિએ ડોકટરો-ટેકનીશીયનો તેમજ સ્ટાફની કેટલી જગ્યાઓ કેટલા સમયથી કયા કારણોસર ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ ખાલી જગ્યાની પરિસ્થિતિ નીચે મુજબ છે.

| સંવર્ગ | જગ્યા | કયારથી ખાલી | ખાલી રહેવાનું કારણ |
|---|---|---|---|
| વર્ગ-૧ | ૩ | તા. ૧૭-૧-૦૧ થી ૨૮-૧૦-૦૪ દરમ્યાન | રાજીનામાને કારણે |
| વર્ગ-૨ | ૧ | તા. ૧૧-૫-૦૫ થી | રાજીનામાને કારણે |
| વર્ગ-૩ | ૭ | તા. ૮-૧૦-૮૬ થી ૧-૬-૦૫ દરમ્યાન | બદલી- નિવૃતિના કારણે |
| વર્ગ | ૨ | તા. ૧-૯-૦૩ અને તા. ૧-૧૦-૦૩ | નિવૃતિના કારણે |

(૨) વર્ગ-૧ અને વર્ગ-૨ની ખાલી જગ્યાઓ દર મંગળવારે ઓપન ઈન્ટરવ્યું યોજીને તેમજ બોન્ડેડ ઉમેદવારોને નિમણૂક આપીને ભરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. વર્ગ-૩ અને વર્ગ-૪ની ખાલી જગ્યાઓ સત્વરે ભરવાની કાર્યવાહી હાથ ધરેલ છે.

## રાજયની સ્વનિર્ભર માધ્યમિક શાળાઓ ધ્વારા ફી ના નામે ઉઘાડી લૂંટ

૧૩૬૬૩ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા(માંગરોળ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) રાજયમાં ચાલતી જુદી જુદી સ્વનિર્ભર માધ્યમિક શાળાઓમાં ફી ના નામે વિદ્યાર્થીઓની ઉઘાડી લૂંટ ચલાવાય છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ અંગે રાજય સરકારે તા. ૧૫-૮-૨૦૦૫ સુધીમાં છેલ્લા એક વર્ષમાં શા પગલાં લીધા?

**જવાબ**

(૧) આવી કોઈ રજૂઆત મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## સર્વ શિક્ષણ અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લાને ફાળવેલ ગ્રાન્ડ

૧૩૩૧૭ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં સર્વ શિક્ષણ અભિયાનમાં સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં રૂ.૨,૩૯,૫૫,૦૦૦/-ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ હતી. તેમજ ૨૦૦૩-૦૪ની બચત ગ્રાન્ટ રૂા. ૨,૫૭,૯૯,૨૯૯/- હતી. જે મળી કુલ રૂા. ૪,૯૭,૫૪,૩૩૯/-ની ગ્રાન્ટ ઉપલબ્ધ હતી.

(૨) સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં આ યોજના અન્વયે જિલ્લા અને સ્ટેટ પ્રોજેકટ કચેરી ધ્વારા આ જિલ્લામાં અંગે આ રૂા. ૨૬,૯૩,૯૫૩/-નો ખર્ચ કરવામાં આવ્યો હતો. જે મળી કુલ રૂા.

૫,૨૦,૫૧,૯૯૨/-નો ખર્ચ થયેલ હતો.

-----------

**ભરૂચ જિલ્લામાં ડૉકટરો કે વૈધની ખાલી જગ્યાઓ ભરવા અંગે**

૧૩૩૨૯ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં સરકારી દવાખાનામાં ડોકટરોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ડોકટરોની ખાલી જગ્યાઓ કેટલા સમયમાં સરકાર ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સરકારી દવાખાનામાં ડોકટરોની ૨૨ જગ્યાઓ ખાલી છે. જેની વિગતો નીચે મુજબ છે.

| | વર્ગ- ૧ | વર્ગ-૨ |
|---|---|---|
| સામુહિક આરોગ્ય કેન્દ્રો | ૫ | ૨ |
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ૦ | ૯ |
| મોબાઈલ દવાખાના + જિલ્લા પંચાયત દવાખાના | ૦ | ૬ |
| | ૫ | ૧૭ |

(૨) વર્ગ-૧ની ખાલી જગ્યાઓ ભરવા માટે દર મંગળવારે કમિશ્નરશ્રીની કચેરી ખાતે એડહોક નિમણૂક અંગે વોક ઈન ઈન્ટરવ્યુંનું આયોજન કરવામાં આવે છે. તેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરવા કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

વર્ગ-૨ની ખાલી જગ્યાઓ રાજય હસ્તકની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારો ઉપલબ્ધ થયેથી અથવા વિભાગીય નાયબ નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, વડોદરા ખાતે યોજવામાં આવતા એડહોક નિમણૂકના વોક ઈન ઈન્ટરવ્યુમાં યોગ્ય લાયકાત ધરાવતા ઈચ્છુક ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરી શકાશે.

-----------

**અમરેલી તાલુકામાં અતિભારે વરસાદના કારણે અસરગ્રસ્તોને સહાયની ચૂકવણી અંગે**

૧૩૭૫૮ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) અમરેલી તાલુકો તથા શહેરમાં સન ૨૦૦૫ના અતિભારે વરસાદના કારણે કુલ કેટલા ગામોના કેટલા અસરગ્રસ્તોને કંલ કેટલી રકમનું નુકશાન થયેલ છે, અને

(૨) તે પૈકી કુલ કેટલા અસરગ્રસ્તોને કેટલી રકમની સહાય તા. ૩૧-૭-૨૦૦૫ની સ્થિતિએ ચુકવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) અમરેલી તાલુકો તથા શહેરમાં સન ૨ત્રત્ર૫ના અતિભારે વરસાદના કારણે નીચે મુજબ નુકશાન થયેલ છે.

| ગામો | અસરગ્રસ્તો | કુલ નુકશાન (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૬૧ | ૬૮૩૭ | ૩૮૧.૨૫ |

(૨) તે પૈકી ૩૪૫૯ અસરગ્રસ્તોને તા. ૩૧-૭-૨૦૦૫ની સ્થિતિએ રૂા. ૫.૬૦ લાખની સહાય ચૂકવેલ છે.

-----------

## ખેડા અને આણંદ જિલ્લામાં રેશનકાર્ડમાંથી નામો અલગ કરવા અંગે

૧૩૨૦૫ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી (રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા અને આણંદ જિલ્લામાં એક જ કુંટુંબમાંથી રેશનકાર્ડના નામો અલગ કરવા માટેની રજુઆતો અન્વયે કુટુંબના સભ્યોના નામો અલગ કરી આપવામાં આવતા નથી, તે વાત સાચી છે, અને | (૧) ના, જી |
| (૨) જો હા, તો આ અન્વયે રાજય સરકાર ધ્વારા શા પગલાઓ લેવામાં આવ્યા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

## અમદાવાદ શહરેમાં સબસીડી વાળા રાંધણગેલના સિલીનડરોના ગેરકાયદેસર વપરાશ

૧૩૩૭૨ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી (રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૭-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સબસીડીવાળા રાંધણગેસના સિલીન્ડરોનો હોટલો, રેસ્ટોરન્ટો અને ઉદ્યોગોમાં ગેરકાયદેસર વપરાશ અન્વયે કેટલા દરોડા પાડી કેટલો જથ્થો પકડવામાં આવ્યો, અને | (૧) ૧૫૯ દરોડા પાડયા જે પૈકી ૧૩૪ કેસમાં રૂા. ૫,૮૬,૬૦૫/-ની કિંમતના ૩૭૭ ગેસ સિલિન્ડરો કબ્જે કર્યા. |
| (૨) આવા સિલિન્ડરોના દુરૂપયોગ બદલ જવાબદારો સામે સરકારે શાં પગલાં લીધા? | (૨) ૭૫ કેસમાં ૧,૭૫,૯૦૬/-ની કિંમતનો જથ્થો રાજયસાત કર્યો. ૫૯ કેસમાં કાર્યાવાહી ચાલુ છે. |

-----------

## સાવરકુંડલા સિવિલ હોસ્પિટલમાં બ્લડ બેંક બનાવવા અંગે

૧૩૫૭૫ **શ્રી કાળુભાઇ વી. વીરાણી(કુંડલા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાવરકુંડલા મુકામે સિવિલ હોસ્પિટલમાં બ્લડ બેંક બનાવવા માટે ૨૦૦૩-૨૦૦૪ના વર્ષમાં બજેટમાં જોગાવાઈ કરવામાં આવી તે વાત સાચી છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો તા. ૩૧-૭-૨૦૦૫ની સ્થિતિએ બ્લડ બેંક બાંધવા માટેની કાર્યવાહી કયા તબકકે છે, અને | (૨) અને (૩) તાલુકાઅ કક્ષાએ બ્લડના જથ્થાની ઓછી જરૂરીયાત રહેતી હોઈ બ્લડ બેંકના બદલે કલેકશન સેન્ટર બાંધવાની વિચારણા કરવામાં આવેલ છે. |
| (૩) કાર્યવાહીમાં કરવામાં આવેલ નથી તેના શું કારણો છે ? | |

-----------

## પ્રાથમિક શાળાઓમાં રમતગમતના સાધનો

૧૩૪૫૮**શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા)** : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રમતગમતના સાધનો ધોરણ ૧ થી ૭ સુધીની પ્રાણમિક શાળાઓમાં જ મૂકવા સરકારે આદેશ બહાર પાડયા હોવાની વાત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો એવા આદેશોમાં હવે અંશતઃ સુધારા ધ્વારા ધોરણ્-૪ સુધીની પ્રાથમિક શાળાઓમાં પણ રમતગરમત સાધનો મૂકવા સરકારની કોઈ વિચારણા ચાલે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત નથી. |

-----------

## સ્ટેમ્પ ડયુટીની કચેરી, રાજકોટ ખાતે અધિકારીઓની ખાલી જગાઓ

૧૩૬૫૪**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા)** : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારને લાખો રૂપિયા કમાવી આપતી રાજકોટની સ્ટેમ્પ ડયુડી કચેરીમાં લાંબા સમયથી જવાબદાર અધિકારીઓની જગ્યા ખાલી હોઈ, નાગરિકોને પારાવાર મુશ્કેલી પડે છે તે વાત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કેટલા સમયથી કયા કારણોસર ખાલી છે અને, | (૨) નિયમિત નિમણૂક ન થયેલી રાજકોટ વિભાગ-૧ની જગ્યા પર તા. ૧૫-૬-૦૫ થી અન્ય અધિકારીને ચાર્જ સોંપવામાં આવેલ છે. |
| (૩) વહેલામાં વહેલી આ ખાલી જગ્યાઓ કયારે પુરવામાં આવશે ? | (૩) સત્વરે |

-----------

## કચ્છ જિલ્લામાં ધોરણ કરતાં ઓછા ગૌચર અંગે

૧૩૭૬૮ **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ)** : તા.૨૩/૨/૨૦૦૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન - ૯૬૧૨ અગ્રતાક્રમ-૪૩ ના અનુસંધાને **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર, ૨૦૦૪ થી ઓગષ્ટ ૨૦૦૫ સુધીમાં માંડવી, મુંદરા, અંજાર, ગાંધીધામ, નખત્રાણા, અબડાસા તથા લખપત એમ કુલ ૭ તાલુકાના કયા કયા ગામોની ગૌચર જમીન અન્ય હેતુ માટે ફાળવવામાં આવી, | (૧) માંડવી, અંજાર, ગાંધીધામ, નખત્રાણા, અબડાસા તથા લખપત તાલુકાઓમાં એકપણ ગામની જમીન અન્ય હેતુ માટે ફાળવી નથી. માત્ર મુંદરા તાલુકાના નવીનાળ, લુણી, શીરાચા, બારોઈ, ગૈએરસમા, ગુંદાલા, મોખા, મુંદરા અને ટુન્ડા ગામોની જમીન ફાળવવામાં આવી છે. |
| (૨) આ રીતે ગૌચર જમીન ફાળવવાના શાં કારણો છે, | (૨) સ્પેશ્યલ ઈકોનોમીન ઝોનનો વિકાસ કરવા. |
| (૩ તેને માટે કોને જવાબદાર ઠેરવવામાં આવ્યા છે. | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## પંચમહાલ જિલ્લામાં મેડીકલ ઓફિસરની ખાલી જગ્યાઓ

૧૩૧૯૩**શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર(હાલોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૭-૦૫ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કેટલા પ્રાથમિકઆરોગ્ય કેન્દ્રો પણ મેડિકલ ઓફિસરશ્રીની જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવા માગો છો?

**જવાબ**

(૧) તા.૩૧-૭-૦૫ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં એકવીસ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પર મેડિકલ ઓફિસરશ્રીની જગ્યાઓ ખાલી છે.

(૨) રાજય હસ્તકની મેડિકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારો ઉપલબ્ધ થયેથી અથવા વિભાગીય નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, વડોદરા ખાતે યોજવામાં આવતા એડહોક વોક ઈન ઈન્ટરવ્યૂમાં યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા ઈચ્છુક ઉમેદવારો ઉપલબ્ધ થયેથી નિમણૂંક આપવા અંગેની કાર્યવાહી હાથ ધરી શકાશે.

-----------

## નર્મદા જિલ્લામાં એન.જી.ઓ. દ્વારા કરેલ કામગીરી અંગે.

૧૩૪૯૭ શ્રી મહેશભાઈ છો. વસાવા(દેડિયાપાડા):માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લામાં તાલુકા/જિલ્લા પંચાયત તથા ગુજરાત પેટર્નની ગ્રાન્ટોની કામગીરી કેટલીક એન.જી.ઓ. દ્વારા કરવામાં આવે છે, એ વાત સાચી છે, અને

(૨) જો હા, તો સન ૨૦૦૩-૨૦૦૪ અને સન ૨૦૦૪-૨૦૦૫ માં કઈ કઈ એન.જી.ઓ.એ ક્યા ક્યા કામો પૂર્ણ કર્યા?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ સાથેના પત્રકમાં સામેલ છે.

**પત્રક**

**ગુજરાત પેટર્ન યોજના હેઠળ સને ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૨૦૦૫ માં એન.જી.ઓ. દ્વારા કરેલ કામગીરીની માહિતી**

**પ્રાયોજના વહીવટદારની કચેરી, રાજપીપલા**

| અ.નં. | વર્ષ | એન.જી.ઓ.નું નામ | કામગીરીનો પ્રકાર | સહાયની ટકાવારી | સહાયની રકમ | કામની સ્થિતિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૩-૦૪ | એનાર્ડ ફાઉન્ડેશન, રાજપીપલા | ૧૬૦ આંબાવાડી | ૫૦ % | ૬૩૯૯૦૧ | પૂર્ણ |
| | | | મશરૂમ ઉત્પાદન, મશરૂમ તાલીમ | ૧૦૦ % | ૧૧૨૧૦૦ | પૂર્ણ |
| | | | એલોઈવીરાની ખેતી | ૧૦૦ % | ૧૫૦૦૦૦ | પૂર્ણ |
| | | | સફેદ મુશળીની ખેતી | ૧૦૦ % | ૩૦૦૦૦૦ | પૂર્ણ |
| ૨ | ૨૦૦૩-૦૪ | એકલવ્ય અનુ. આ. મંડળ, ગાંધીનગર | ૩૪૮ આંબાવાડી | ૫૦ % | ૧૩૧૪૧૫૯ | પૂર્ણ |
| | | | એલોઈવીરાની ખેતી | ૧૦૦ % | ૧૫૦૦૦૦ | પૂર્ણ |
| | | | સફેદ મુશળીની ખેતી | ૧૦૦ % | ૩૦૦૦૦૦ | પૂર્ણ |

| અ.નં. | વર્ષ | એન.જી.ઓ.નું નામ | કામગીરીનો પ્રકાર | સહાયની ટકાવારી | સહાયની રકમ | કામની સ્થિતિ |
|---|---|---|---|---|---|---|
| ૩ | ૨૦૦૩-૦૪ | આગાખાન ગ્રામસમર્થન, નેત્રંગ | ૧૦૦ આંબાવાડી | ૫૦ % | ૪૭૬૨૭૮ | પૂર્ણ |
| ૪ | ૨૦૦૩-૦૪ | અભ્યુથ્થાન ગ્રામ વિકાસ મંડળ | ૧૪૨ આંબાવાડી | ૫૦ % | ૪૧૫૪૫૨ | પૂર્ણ |
| ૫ | ૨૦૦૩-૦૪ | આદિવાસી પિ.સ. મંડળી, નવાગામ | ૩૬ આંબાવાડી | ૫૦ % | ૧૨૯૧૫૦ | પૂર્ણ |
| ૬ | ૨૦૦૩-૦૪ | ભીલ વાલ્મીકી સમાજ સેવા ટ્રસ્ટ, કાંટીપાડા | ૭૮ આંબાવાડી | ૫૦ % | ૩૨૨૪૦૯ | પૂર્ણ |
| ૭ | ૨૦૦૩-૦૪ | ઈનરેકા સંસ્થાન, ડેડીયાપાડા | ૮૮ આંબાવાડી | ૫૦ % | ૪૩૭૮૨૨ | પૂર્ણ |
| ૮ | ૨૦૦૩-૦૪ | ગ્રામ વિકાસ મંડળ, બાબલીયા | ૧૫૦ આંબાવાડી | ૫૦ % | ૨૭૩૭૫૦ | પૂર્ણ |
| ૯ | ૨૦૦૩-૦૪ | નર્મદા ગ્રામીણ વિકાસ સંઘ, કે.કો. | ૩૩ આંબાવાડી | ૫૦ % | ૧૩૫૬૪૭ | પૂર્ણ |
| ૧૦ | ૨૦૦૩-૦૪ | સમન્વય ટ્રસ્ટ, રાજપીપલા | ૧૫૫ આંબાવાડી | ૫૦ % | ૬૧૧૨૪૬ | પૂર્ણ |
| ૧૧ | ૨૦૦૩-૦૪ | બાયફ ડેવલપમેન્ટ રી. ફાઉ. વડોદરા | ૧૨ આંબાવાડી | ૧૦૦ % | ૨૮૫૦૦૦ | પૂર્ણ |
| ૧૨ | ૨૦૦૩-૦૪ | પ્રમુખશ્રી, આરાધના મહિલા મંડળ, ડેડીયાપાડા | ૨૫ બહેનો શિવણ તાલીમ | ૧૦૦ % | ૯૫૨૫૦ | પૂર્ણ |
| ૧૩ | ૨૦૦૩-૦૪ | શ્રી પ્રગતિ મહિલા વિ.ઓ.ઉ.સ.મં.લિ. રાજપીપલા | ૨૫ ભાઈઓ શિવણ તીલીમ | ૧૦૦ % | ૯૫૨૫૦ | પૂર્ણ |
| ૧૪ | ૨૦૦૩-૦૪ | પ્રમુખશ્રી આદિવાસી મહિલા વિકાસ સંઘ, ગરૂડેશ્વર | ૨૫ બહેનો શિવણ તાલીમ | ૧૦૦ % | ૯૫૨૫૦ | પૂર્ણ |
| ૧૫ | ૨૦૦૩-૦૪ | પ્રમુખશ્રી, સાગબારા આદિજાતિ મહિલા ઓ.સ.મં.લિ. દેવરૂપણ | ૨૫ બહેનો શિવણ તાલીમ | ૧૦૦ % | ૯૫૨૫૦ | પૂર્ણ |
| ૧૬ | ૨૦૦૩-૦૪ | અખિલ હિંદ મહિલા પરિષદ, રાજપીપલા | ૧૪ બહેનો શિવણ તાલીમ | ૧૦૦ % | ૫૧૩૦૦ | પૂર્ણ |
| ૧૭ | ૨૦૦૩-૦૪ | પ્રમુખશ્રી, સિવમ્ સામુદાય વિકાસ મંડળ, રાજપીપલા | ૧૨ બહેનો શિવણ તાલીમ | ૧૦૦ % | ૪૩૯૫૦ | પૂર્ણ |
| | | કુલ :- | | | ૬૫૨૯૧૬૪ | |
| ૧ | ૨૦૦૪-૦૫ | એકલવ્ય અનુ.આ. મંડળ, ગાંધીનગર | ૨૧૧.૫૦ આંબાવાડી | ૭૫ % | ૯૧૪૭૩૭ | પૂર્ણ |
| | | | ૫૨ વર્મીકમ્પોષ્ટ | ૧૦૦ % | ૪૮૬૨૦ | પૂર્ણ |
| ૨ | ૨૦૦૪-૦૫ | આગાખાન ગ્રામસમર્થન, નેત્રંગ | ૨૩૫ આંબાવાડી | ૭૫ % | ૧૦૮૧૨૫૦ | પૂર્ણ |
| ૩ | ૨૦૦૪-૦૫ | એનાર્ડ ફાઉન્ડેશન, રાજપીપલા | ૪૮ વર્મીકમ્પોષ્ટ | ૧૦૦ % | ૪૪૮૮૦ | પૂર્ણ |
| | | **કુલ :-** | | | ૨૦૮૯૪૮૭ | |
| | | **એકંદર કુલ :-** | | | ૮૬,૧૮,૬૫૧ | |

-----------

## બિન સરકારી પી. ટી. સી. કોલેજોમાં લેવામાં આવતી ઉંચી ફી

૧૩૨૯૮ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૪-૦૫ માં બિન સરકારી પી. ટી. સી. કોલેજના વહીવટકર્તાઓ દ્વારા ગેરકાયદે રીતે ખૂબજ ફી ઉઘરાવવાના કેટલા કિસ્સા ધ્યાને આવેલ છે,

**જવાબ**

(૧) ૫ (પાંચ).

(૯) જો, હા, તો આ અંગે કેટલી કોલેજો સામે કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) ૫ (પાંચ)

(૧૦) આ બાબતે વિભાગે શાં પગલાં ભરેલ છે ?

(૩) નિયમાનુસાર પગલાં ભરવામાં આવ્યા છે.

-----------

**વિરમગામ તાલુકામાં જમીન ખેડૂતોના નામે કરવા અંગે**

૧૩૩૯૫ **શ્રી વજુભાઈ પ. ડોડિયા(વિરમગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વિરમગામ તાલુકાના કેટલા ગામોમાં તા. ૧૫-૮-૨૦૦૫ ની સ્થિતિએ સરકારના નામે જમીનો આવેલ છે,

(૧) ૬૬ ગામોમાં.

(૨) આ જમીનો ખેડૂતોના નામે (હેડે) કરાવવાની માંગણી કરવામાં આવેલ છે કે કેમ અને કેટલી સંખ્યામાં, અને

(૨) હા, જી.
બે ગામમાં.

(૩) સરકાર આવી જમીનો ખેડૂતોના નામે (હેડે) કરવા માંગે છે કે કેમ અને ક્યારે કરવામાં આવશે ?

(૩) બાબત ચકાસણી હેઠળ છે.

-----------

**રાજ્યની જેલોમાં કેદીઓની સંખ્યા**

૧૩૫૬૭ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા):માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે :-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને ભૂજની જેલોમાં કેદીઓ રાખવાની કેટલી ક્ષમતા છે,

(૧)

| જેલનું નામ | કેદીઓ રાખવાની ક્ષમતા |
|---|---|
| અમદાવાદ | ૧૬૭૧ |
| સુરત | ૩૫૦ |
| વડોદરા | ૭૯૫ |
| રાજકોટ | ૨૧૨ |
| ભૂજ | ૬૮ |

(૨) જુલાઈ-૨૦૦૫ ની સ્થિતિએ ખંડ (૧) માં જણાવેલ શહેરોમાં કેટલા કેદીઓની સંખ્યા છે, અને

(૨)

| શહેરનું નામ | કેદીઓની સંખ્યા |
|---|---|
| અમદાવાદ | ૩૮૧૨ |
| સુરત | ૧૪૬૭ |
| વડોદરા | ૨૧૫૬ |
| રાજકોટ | ૦૬૧૮ |
| ભૂજ | ૦૦૯૫ |

એચબી-૩૮૩-૧૭

(૩) જેલોની ક્ષમતા કરતા વધારે કેદીઓની સંખ્યા હોય છે તેના ઉકેલ માટે સરકારે શાં પગલાં લીધા ?

(૩) **(૧) અમદાવાદ મધ્યસ્થ જેલ :-**

જેલ સુધારણા પર્સપેકટીવ પ્લાન તેમજ ૧૧માં નાણાં આયોગ હેઠળ ૧૧ (અગીયાર) નવી બેરેકો બનાવવાનું કામ ચાલુ છે. તેમજ ૧૦૦૦ કેદીઓની ક્ષમતા વાળી નવી અંડરટ્રાયલ જેલ બનાવવાનું કામ શરૂ થઈ રહેલ છે, જેના ટેન્ડરો મંજૂર થયેલ છે. તેમજ જેલમાં નવો સ્ત્રી વિભાગ બાંધવા રૂા. ૧/- કરોડનું આયોજન થયેલ છે. તેથી નવા બાંધકામના કામો આ વર્ષે પૂર્ણ થતાં અંદાજે ૧૨૫૦ કેદીઓની ક્ષમતા વધતાં ઓવરક્રાઉડીંગની સમસ્યા હલ થશે.

**(૨) સૂરત જીલ્લા જેલ :-**

સૂરત (સચીન) ખાતે લાજપોર ગામે અદ્યતન સુવિધાવાળી સૂરત મધ્યસ્થ જેલ બનાવવા ચાલુ નાણાંકીય વર્ષમાં રૂા. ૨ કરોડની જોગવાઈ થયેલ છે. અને આ જેલ ઝડપથી બનાવવા માટે જેલ સુધારણા યોજના સને ૨૦૦૫ -૦૬ (૭૫ :૨૫) હેઠળ આયોજન કરી વધુ રકમ મેળવવા ભારત સરકારશ્રીને દરખાસ્ત કરવામાં આવેલ છે. તેથી આ નવી જેલ તેયાર થયે આશરે ૨૫૦૦ કેદીઓની ક્ષમતા વધારી ઓવરક્રાઉડીંગની સમસ્યા પણ હલ થશે.

**(૩) વડોદરા મધ્યસ્થ જેલ :-**

જેલની ક્ષમતા કરતાં વધારે કેદીઓની સંખ્યા માટે નવી ૮ (આઠ) બેરેકોના બાંધકામનું કામ તથા અલગ નવો સ્ત્રી વિભાગના બાંધકામનું કામ હાલમાં ચાલુ છે.

**(૪) રાજકોટ જીલ્લા જેલ :-**

ત્રણ નવી બેરેકો બનાવવામાં આવી છે. તે મધ્યસ્થ જેલમાં રૂપાંતર કરવા બાંધકામની કામગીરી ગુજરાત પોલીસ આવાસન નિગમ લી. ગાંધીનગર દ્વારા હાથ ધરાયેલ છે. વળી ગોંડલ ખાતે નવી જેલ બનાવવા માટેનું બાંધકામનું કામ પણ પૂર્ણ થવાની તેયારીમાં હોઈ, ઓવરક્રાઉન્ડીંગનો પ્રશ્ન રહેશે નહિ.

**(૫) ભૂજ ખાસ જેલ :-**

પાલારા ખાતે નવી જેલ બંધાઈ રહેલ છે, તથા ગળપાદર (ગાંધીધામ) ખાતે ૨૫૦ કેદીઓની ક્ષમતા વાળી નવી જેલ બનાવવામાં આવી રહી છે, જે પૂર્ણ થયે ઓવરક્રાઉન્ડીંગનો પ્રશ્ન ઉપસ્થિત થશે નહિ.

-----------

## ખેડબ્રહ્મા તાલુકામાં ડોકટરો તથા ફાર્માસીસ્ટની ખાલી જગ્યાઓ

૧૩૭૬૬ **શ્રીમતી રમીલાબેન બે. બારા(ખેડબ્રહ્મા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા તાલુકામાં આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર તથા એલોપેથી દવાખાનાઓમાં ૧૫મી ઓગષ્ટ, ૨૦૦૫ની સ્થિતિએ કેટલા ડોકટરો તથા ફાર્માસિસ્ટની જગ્યા ખાલી છે,

**જવાબ**

(૧) ખાલી જગ્યાઓની વિગત

| | સંવર્ગ | સંખ્યા |
|---|---|---|
| સામુહિક આરોગ્ય કેન્દ્ર, ખેડબ્રહ્મા | વર્ગ-૧ | ૧ |
| સામુહિક આરોગ્ય કેન્દ્ર, પોશીના | વર્ગ-૧<br>ફાર્માસીસ્ટ | ૧<br>૧ |
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ફાર્માસીસ્ટ | ૩ |

ખેડબ્રહ્મા તાલુકામાં હાલ કોઈ એલોપેથી દવાખાના ચાલુ નથી.

(૨) આ જગ્યાઓ ભરવા સરકારનું શું આયોજન છે, અને

(૨) તજજ્ઞ વર્ગ-૧ ની જગ્યાઓ ભરવા કમિશ્નનરશ્રી (આરોગ્ય) ની ક્ચેરી ખાતે દર મંગળવારે વોક-ઈન-ઈન્ટરવ્યુનું આયોજન કરેલ છે. સામુહિક આરોગ્ય કેન્દ્રના ફાર્માસીસ્ટની જગ્યા ભરવાની કાર્યવાહી ગૌણસેવા પસંદગી મંડળ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના ફાર્માસીસ્ટની જગ્યા ગુજરાત પંચાયત પસંદગી મંડળ મારફત ભરવામાં આવે છે.

(૩) ક્યાં સુધીમાં જગ્યાઓ ભરવામાં આવશે ?

(૩) સત્વરે.

## કચ્છ જિલ્લામાં અછત અંગે

૧૩૩૫૧ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા(અબડાસા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૭-૦૫ ના સ્થિતિએ કચ્છ જિલ્લાના કેટલા તાલુકામાં વરસાદ ન પડવાને કારણે અછતની પરિસ્થિતિ છે, અને

(૨) જે તાલુકામાં અછતની પરિસ્થિતિ છે તે તાલુકામાં સરકાર દ્વારા કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ?

**જવાબ**

(૧) તા. ૩૧-૭-૦૫ ની સ્થિતિએ કચ્છ જીલ્લાના અબડાસા, ભૂજ, લખપત અને નખત્રાણા તાલુકામાં વરસાદ ઓછો પડવાને કારણે અર્ધ અછતની પરિસ્થિતિ પ્રવર્તે છે.

(૨) કચ્છ જીલ્લામાં ઓછો વરસાદ પડવાને કારણે અબડાસા, નખત્રાણા અને લખપત તાલુકામાં અછતની પરિસ્થિતિ તા. ૩૦-૯-૦૫ સુધી અથવા ઉક્ત તાલુકામાં ૧૨૫ મી. મી. વરસાદ પડે (બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી) અર્ધ અછતની સ્થિતિ લંબાવવામાં આવેલ છે.

ઉક્ત ત્રણ તાલુકામાં રોજગારી, ઘાસચારો અને પીવાના પાણીની વ્યવસ્થા અંગેનું આયોજન કરવામાં આવેલ છે.

----------

## સુરત પાસે હજીરા ખાતે સરકારી પડતર જમીનો પર દબાણ

૧૩૪૭૪ **શ્રી મનીષભાઈ ગીલીટવાલા(સુરત શહેર પૂર્વ):માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત નજીક હજીરા ખાતે સરકાર હસ્તકની પડતર નદી, નાળા, નહેર વિગેરે જમીનોમાં કેટલીક કોર્પોરેટ કંપનીઓ દ્વારા દબાણો કરવામાં આવેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) કોઈ કોર્પોરેટ કંપનીએ દબાણ કરેલ નથી. |
| (૨) જો હા, તો કેટલું દબાણ આ કંપનીઓએ કરેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે દબાણ દૂર કરવા સરકારે શું કાર્યવાહી કરી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

## અમદાવાદ શહેરમાં ઉર્દૂ શિક્ષકોની જગાઓ

૧૩૫૭૯**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૭-૨૦૦૫ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં પ્રાથમિક અને માધ્યમિક ઉર્દૂ શિક્ષકોની મંજૂર જગ્યા સામે કેટલા ઉર્દૂ શિક્ષકોની જગ્યા ભરાયેલ છે, અને

**જવાબ**

(૧)

| વિભાગ | મંજૂર જગાઓ | ભરાયેલ જગાઓ |
|---|---|---|
| પ્રાથમિક | ૭૨૪ | ૬૭૯ |
| માધ્યમિક | ૦૧૬ | ૦૧૪ |

(૨) ઉર્દૂ શિક્ષકોની ઘટ ક્યાં સુધીમાં પૂરી કરવાનું સરકારનું આયોજન છે ?

(૨) ઝડપથી ભરવાનું આયોજન કરેલ છે.

-----------

## રાજ્યના નાના ગામોમાં વાજબી ભાવની દુકાનો

૧૩૬૭૫ **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૧૫/ ૮/ ૦૫ની સ્થિતિએ રાજ્યમાં સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાનો ૧૦૦ પરિવારની સંખ્યા ધરાવતા ગામોમાં અલગ શરૂ કરવાનું સરકારે ક્યારે નક્કી કર્યું, | (૧) ઓછામાં ઓછા (સો) રેશનકાર્ડ ધરાવતા મહેસૂલી ગામે એક વ્યાજબી ભાવની દુકાન મંજૂર કરવાનો નિર્ણય સરકારશ્રીના તા. ૩૦/૪/૨૦૦૨ અને તા. ૩૧/૫/૨૦૦૨ના ઠરાવથી કરવામાં આવેલ હતો પરંતુ દુકાનોની પોષણક્ષમતાના મુદ્દાને તથા સરકારશ્રીને મળેલ વિવિધ રજૂઆતો ધ્યાને લઇ ગ્રામ્ય વિસ્તારમાં ૨,૦૦૦ (બે હજાર)ની વસ્તીએ એક વાજબી ભાવની દુકાન મંજુર કરવાનો નિર્ણય સરકારના તા. ૨/૮/૦૪ના ઠરાવથી કરેલ છે. અને અગાઉના તા. ૩૦/૪/૦૨ અને તા. ૩૧/૫/૦૨નો ઠરાવ રદ કરવામાં આવેલ છે. |
| (૨) છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ક્યા ક્યા ગામમાં મંજૂરી આપવામાં આવી, અને | (૨) કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૪૩ વાજબી ભાવની દુકાનો મંજુર કરવામાં આવેલ છે. (પત્રક સામેલ છે.) |

(૩) બાકી રહેતા ગામોમાં કેટલા સમયમાં આવી દુકાનો શરૂ કરવામાં આવશે ?

(૩) જેમ બને તેમ જલ્દી.

**પત્રક**

**દુકાન મંજુરીના હુકમ કરાયેલ છે તેનું લીસ્ટ**

| ક્રમ | તાલુકો | ગામ |
|---|---|---|
| | ભૂજ | ૧. ભૂજ શહેર સરપટ ગેટ<br>૨. કેરા<br>૩. માનકુવા<br>૪. વરલી<br>૫. કોટાય<br>૬. ભૂજ શહેર હંગામી આવાસ<br>૭. બળદીયા<br>૮. મીરઝાપર<br>૯. મીરઝાપર<br>૧૦. નારણપર<br>૧૧. કેરા<br>૧૨. કેરા<br>૧૩. કુકમા<br>૧૪. માનકુવા<br>૧૫. સુખપર |
| ૨ | માંડવી | ૧. લુડવા<br>૨. વેકરા |
| ૩ | મુંદરા | ૧. સમાઘોઘા<br>૨. નાની ભૂજપર<br>૩. મુંદરા સોસાયટી વિસ્તાર |
| ૪ | અબડાસા | ૧. ખીરસરા (વિ)<br>૨. પ્રજાઉ<br>૩. વાડાપધ્ધર<br>૪. વાધાપધ્ધર<br>૫. લાલા<br>૬. બાંડીયા<br>૭. સાંયરા |
| ૫ | લખતર | ૧. દયાપર<br>૨. કપુરાશી<br>૩. પાનધ્રો<br>૪. વર્માનગર |
| ૬ | અંજાર | ૧. સાપેડા<br>૨. મોડસર<br>૩. પાંતીયા |
| ૭ | ભચાઉ | ૧. કડોલ<br>૨. લુણવા<br>૩. ગણેશપર<br>૪. કુંભારડી<br>૫. મોરગર<br>૬. કબરાઉ<br>૭. નેર<br>૮. નવાગામ<br>૯. કરમરીયા |
| | કુલ .... ૪૩ | |

---------

## સુરત જિલ્લામાં આર્ટસ અને કોમર્સ કોલેજોમાં પ્રવેશ અંગે

૧૩૪૯૮ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા(સુરત શહેર (ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં કોમર્સ તથા આર્ટસની કેટલી કોલેજો આવેલ છે અને કેટલી સીટો ઉપલબ્ધ છે, | (૧) ૨૭ કોલેજો છે. જેમાં ૧૩૪૩૭ સીટો ઉપલબ્ધ છે. |
| (૨) ચાલુ વરસે સુરત શહેર અને પરાના વિદ્યાર્થીઓ પૈકી કેટલાક વિદ્યાર્થીઓને તેમાં પ્રવેશ મળ્યો નથી તે વાત સરકાર જાણે છે, અને | (૨) પ્રવેશ ન મળવા અંગે કોઇ રજુઆત થયેલ નથી. |
| (૩) જો હા, તો તે માટે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## રાજ્યમાં બક્ષી પંચની વસ્તી ધરાવતા ગામોમાં સ્ત્રી સાક્ષરતા

૧૩૬૮૧ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુલાઇ-૦૫ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાદીઠ ૩૦ ટકા કરતાં પણ ઓછી સ્ત્રી સાક્ષરતા ધરાવતાં બક્ષીપંચની વસ્તીવાળા ગામો કેટલા છે, | (૧) બક્ષીપંચ (સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ) ની વસ્તી ધરાવતા ગામોનું અલગથી વસ્તી ગણતરી અહેવાલમાં વર્ગીકરણ કરવામાં આવતું નથી. |
| (૨) સરકારે આ ગામોમાં સાક્ષરતા દર વધારવા માટે છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા પગલાં લીધા છે, અને | (૨) છેલ્લા ત્રણ વર્ષમાં સાક્ષરતા દર વધારવા રાજ્ય સ્તરે નિરંતર શિક્ષણ અને સાક્ષરદીપ કાર્યક્રમોનું આયોજન કરેલ છે. જેમાં બક્ષીપંચની વસ્તીનો પણ સમાવેશ થઇ જાય છે. |
| (૩) આ પ્રયાસોના કારણે ક્યા ક્યા ગામોમાં સાક્ષરતાનું પ્રમાણ વધ્યું છે ? | (૩) બક્ષીપંચની વસ્તીવાળા ગામોનું અલગથી વર્ગીકરણ વસ્તીગણતરી અહેવાલમાં આવતા ન હોઇ, આવા ગામો જુદા તારવવાના થતા નથી. |

----------

## ભરૂચ જિલ્લામાં અતિવૃષ્ટિથી થયેલ નુકશાન અને સહાય

૧૩૧૭૦ **શ્રીમતી રશીદા ઈ. પટેલ(વાગરા):માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તાજેતરની અતિવૃષ્ટિ સને ૨૦૦૫ થી ભરૂચ જિલ્લામાં તાલુકા દીઠ કેટ કેટલા ગામોમાં રહેણાંક્ના મકાનો / ઝુંપડા સંપુર્ણ પણે નાશ પામ્યા છે,

**જવાબ**

(૧) ક્રમ તાલુકો ગામો સંપૂર્ણ નાશ પામેલ

| ક્રમ | તાલુકો | ગામો | મકાન | ઝુંપડા |
|---|---|---|---|---|
| ૧ | ભરૂચ | ૧૩ | ૨૮ | ૧૬ |
| ૨ | આમોદ | ૨૨ | ૩૩ | ૪૨ |
| ૩ | વાગરા | ૨૦ | ૫૩ | ૧૩ |
| ૪ | જંબુસર | ૫૨ | ૮૦૨ | ૮૪ |
| ૫ | અંકલેશ્વર | ૦૭ | ૦૧ | ૧૮ |
| ૬ | હાંસોટ | ૦૮ | ૦૭ | ૦૮ |
| ૭ | ઝઘડીયા | ૦૧ | ૦૧ | - |
| ૮ | વાલીયા | ૦૨ | ૦૩ | - |
| | કુલ | ૧૨૫ | ૯૨૮ | ૧૮૧ |

(૨) કેટલા મકાનોને અંશત : નુકશાન થયું છે,

(૨) ૬૮૧૬ મકાનોને અંશત : નુકશાન થયું છે.

(૩) તે અન્વયે સહાય ચુકવણું કેટલાને કરવામાં આવ્યું, અને

(૩) સંપુર્ણ નાશ ૪૮૩ મકાનો અને ૯૮ ઝુંપડા તથા અંશત : નાશ ૪૮૯૨ મકાનોના કિસ્સામાં સહાય ચુકવણું કરવામાં આવ્યું.

(૪) તા. ૩૧-૭-૦૫ સુધીમાં કેટલાને ચુકવણુ કરવાનું બાકી છે ?

(૪) સંપૂર્ણ નાશ ૭૭૫ મકાન અને ૯૯ ઝુંપડા તથા અંશત : નાશ ૪૭૩૨ મકાનોના કિસ્સામાં ચુકવણું કરવામાં બાકી છે.

------------

## અમદાવાદ સ્થિત સાબરમતી આશ્રમની આસપાસની જમીનો અન્ય સંસ્થાઓને આપવા અંગે

૧૩૬૮૭ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** **જવાબ**

(૧) રાજ્ય સરકારે અમદાવાદ ખાતેના ગાંધીઆશ્રમની નજીકની જમીનો અન્ય બાંધકામ માટે આપી છે તે વાત સાચી છે.

(૧) ના, જી.

(૨) જો હા, તો આ જમીનો કોને અને શું ભાવે આપવામાં આવી, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ જમીનો મેળવવા માટે કુલ કેટલી સંસ્થાઓએ અરજી કરેલ હતી ?

(૩) કોઇ સંસ્થાએ અરજી કરેલ નથી.

-------------

## બનાસકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણી અને શોચાલયની સુવિધા

૧૩૫૦૨ **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળાઓ પીવાના પાણી અને શોચાલયની સુવિધાથી વંચિત છે,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | પીવાના પાણીથીવંચિત શાળાઓની સંખ્યા | શોચાલયની સુવિધાથી શાળાઓની વંચિત સંખ્યા |
|---|---|---|---|
| ૧ | દાંતા | ૭૯ | ૧૪૨ |
| ૨ | પાલનપુર | ૧૨ | ૭૫ |
| ૩ | વડગામ | - | ૫૭ |
| ૪ | ડીસા | ૭૬ | ૧૯૦ |
| ૫ | ધાનેરા | ૧૮ | ૪૩ |
| ૬ | દિયોદર | ૬૪ | ૭૩ |
| ૭ | કાંકરેજ | ૯૩ | ૧૪૦ |
| ૮ | થરાદ | ૮૬ | ૧૫૮ |
| ૯ | વાવ | ૬૩ | ૯૮ |
| ૧૦ | અમીરગઢ | ૫૩ | ૨૧ |
| ૧૧ | દાંતીવાડા | ૨૪ | ૨૯ |

| | | |
|---|---|---|
| ૧૨ ભાભર | ૫૨ | ૬૨ |
| કુલ.. | ૬૨૦ | ૧૦૮૮ |

(૨) આ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સરકારે કેવા પ્રકારનું આયોજન કર્યું છે, અને

(૧) જામનગર જિલ્લાનાં જામનગર, દ્વારકા અને કલ્યાણપુર તાલુકાના તળના પાણીમાં વધુ પડતી ખારાશ હોવાથી આ ગામોને શુધ્ધ પીવાલાયક પાણી મળે તે માટે સરકારે આયોજન કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ આયોજનની વિગતો શું છે, અને

(૩) આ યોજના ક્યારે શરૂ કરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૯-૮-૦૫)

(૧) હા જી.

(૨) હાલમાં જામનગર તાલુકાના ૬૭, દ્વારકા તાલુકાના ૩૭ અને કલ્યાણપુર તાલુકાના ૪૫ ગામોનો સ્થાનિક સરફેસ સોર્સ (ડેમ) આધારિત જુથ પાણી પુરવઠા યોજનામાં સમાવેશ કરવામાં આવેલ છે. અછતના સમયમાં આ સોર્સમાંથી અપૂરતું પાણી મળતું હોઈ લાંબા ગાળાના આયોજનરૂપે જામનગર તાલુકાના તમામ ૯૮ ગામો દ્વારકા તાલુકાના તમામ ૪૨ ગામો તથા કલ્યાણપુર તાલુકાના તમામ ૬૫ ગામોનો સમાવેશ નર્મદા પાઈપ લાઈન આધારિત ડીસ્ટ્રીબ્યુશન ગ્રુપ યોજનામાં કરવામાં આવેલ છે.

(૩) નર્મદા પાઈપ લાઈન આધારિત યોજના અંતર્ગત જામનગર તાલુકાના એક ગામની યોજનાના કામો પૂર્ણ થયેલ છે, ૭૨ ગામોની યોજનાના કામો પ્રગતિમાં છે જે ૧૨/૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. જ્યારે જામનગર તાલુકાના બાકી રહેતા ૨૫ ગામો, દ્વારકા તાલુકાના ૪૨ ગામો અને કલ્યાણપુર તાલુકાના તમામ ૬૫ ગામોના કામો ફંડની ઉપલબ્ધી મુજબ ક્રમશઃ હાથધરી ૩/૦૭સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

## જામનગર જિલ્લામાં પાણી પુરવઠા યોજના અંગે

અતારાંક્તિ : ૩૫૦૯ (૧૬-૫-૦૫) **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય):માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૩-૦૫ ની સ્થિતિએ પાણી પુરવઠા વિભાગની કેટલી જુથ યોજનાઓ કાર્યરત છે, અને કેટલી યોજનાઓનું કામ પ્રગતિમાં છે,

(૨) પ્રગતિ હેઠળની કઈ કઈ યોજનાઓ પાછળ કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે.

(૩) કેટલી રકમ વપરાઈ ચુકી છે,

(૪) છેલ્લા ૨ વર્ષમાં કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૫) આ યોજના ક્યારે પૂર્ણ થશે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૩-૮-૦૫)

(૧) તા. ૩૧-૩-૦૫ ની સ્થિતિએ જામનગર જીલ્લાની ૨૦ જુથ યોજનાઓ કાર્યરત છે. અને ૧૦ જુથ યોજનાઓના કામ પ્રગતિમાં છે.

(૨) અને (૩) પ્રગતિ હેઠળની ૧૦ જુથ યોજનાઓ માટે મંજુર થયેલ રકમ તથા વપરાયેલ રકમ નીચેની વિગતે છે.

| અનુ. નં. | પ્રગતિ હેઠળની જુથ યોજનાનું નામ | મંજુર થયેલ રકમ રૂા. લાખમાં | થયેલ ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|---|
| ૧ | વર્તુ--૨ જુથ | ૧૩૮૦.૯૧ | ૫૯૦.૬૬ |
| ૨ | હર્ષદ જુથ | ૯૩૫.૭૮ | ૧૦૧૨.૮૮ |
| ૩ | ઘી--૧ જુથ | ૮૦૯.૯૨ | ૬૪૫.૪૬ |
| ૪ | પન્ના જુથ | ૫૩૧.૧૮ | ૫૪૯.૭૪ |
| ૫ | વીરપુર-વેરતીયા જુથ | ૧૪૧.૫૭ | ૪૪.૦૩ |
| ૬ | ઉંડ--૧ જુથ | ૪૩૧.૩૦ | ૩૨૪.૭૨ |
| ૭ | ખીજડીયા ગૃપ | ૨૨૪૧.૧૫ | ૧૮૦૦.૦૦ |
| ૮ | ધ્રોલ ગૃપ | ૨૯૮.૦૦ | ૧૭૬.૮૨ |
| ૯ | સસોઈ-પન્ના ક્નેકટીંગ | ૩૫૧.૮૨ | ૧૮.૬૭ |
| ૧૦ | એન.સી ૨૦-૨૧ બલ્ક લાઈન | ૨૨૮૪૭.૦૦ | ૬૧૦.૦૦ |

(૪) છેલ્લા ૨ વર્ષમાં (૧) એન.સી. ૨૦.૨૧ બલ્ક પાઈપલાઈન અને (૨) એન.સી.ડી-૨ અને

(૫) (નર્મદા પાઈપલાઈન આધારીત ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક) યોજનાઓને મંજૂરી આપવામાં આવેલ છે. જેને ક્રમશઃ ૩-૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

----------------

## જામનગર જિલ્લામાં કાર્યરત હેન્ડપંપો

અતારાંક્તિ : ૩૫૨૦ (૧૬-૫-૦૫) **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય):માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૩-૦૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા હેન્ડપંપો મંજૂર કરવામાં આવ્યા,

(૨) કેટલા હેન્ડપંપ કાર્યરક કરવામાં આવ્યા,

(૩) તેની પાછળ કેટલો ખર્ચ વર્ષવાર કરવામાં આવ્યો,

(૪) મંજૂર થયેલ હેન્ડપંપો પેકી કેટલા હેન્ડપંપો હજી કાર્યરત કરવામાં આવેલ નથી, અને

(૫) તે ક્યારે કરવામાં આવશે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૩-૮-૦૫)

(૧) છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે હેન્ડપંપ માટેના બોર મંજૂર કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકો | મંજૂર થયેલ હેન્ડપંપના બોર | |
|---|---|---|---|
| | | વર્ષ-૨૦૦૩-૦૪ | વર્ષ-૨૦૦૪-૦૫ |
| ૧ | જામનગર | ૩૧ | ૧૦ |
| ૨ | કાલાવાડ | ૩૮ | ૦૨ |
| ૩ | ધ્રોળ | ૦૫ | ૦૦ |
| ૪ | જોડીયા | ૦૪ | ૦૦ |
| ૫ | ખંભાળીયા | ૦૫ | ૦૨ |
| ૬ | ભાણવડ | ૦૪ | ૦૧ |
| ૭ | કલ્યાણપુર | ૦૯ | ૦૧ |
| ૮ | ઓખામંડળ | ૦૦ | ૦૦ |
| ૯ | જામજોધપુર | ૧૧ | ૦૧ |
| ૧૦ | લાલપુર | ૦૬ | ૦૭ |
| | | ૧૧૩ | ૨૪ |

(૨) છેલ્લા બે વર્ષમાં મંજૂર થયેલ હેન્ડપંપના બોર પેકી સફળ બોર પર વર્ષવાર કાર્યરત કરેલ હેન્ડપંપની વિગત નીચે મુજબ છે.

| | વર્ષ | સફળ થયેલ બોર પર કાર્યરત કરેલ હેન્ડપંપની સંખ્યા |
|---|---|---|
| (૧) | ૨૦૦૩-૦૪ | ૫૨ |
| (૨) | ૨૦૦૪-૦૫ | ૦૫ |

(૩) જામનગર જીલ્લામાં મંજૂર થયેલ હેન્ડપંપના બોરના શારકામ તથા સફળબોર પર કાર્યરત કરવામાં આવેલ હેન્ડપંપ પાછળ વર્ષ વાર ખર્ચ નીચેની વિગતે છે.

| | વર્ષ | થયેલ ખર્ચ |
|---|---|---|
| (૧) | ૨૦૦૩-૦૪ | રૂા. ૧૯.૦૭ લાખ |
| (૨) | ૨૦૦૪-૦૫ | રૂા. ૪.૩૪ લાખ |

(૪) મંજૂર થયેલ હેન્ડપંપના બોર પેકી સફળ થયેલ તમામ બોર પર હેન્ડપંપ બેસાડી કાર્યરત કરવામાં આવેલ છે.

(૫) સફળ થયેલ તમામ બોર પર હેન્ડપંપ બેસાડી કાર્યરત કરવામાં આવેલ છે.

---------------

**જામનગર જિલ્લામાં નો-સોર્સ ગામો**

અતારાંક્તિ : ૩૫૨૧ (૧૬-૫-૦૫) **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય):માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર જિલ્લામાં તાલુકાદીઠ સન ૨૦૦૪-૦૫ ના વર્ષમાં કેટલા ગામોનો નોસોર્સ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો,

(૨) આ ગામો પેકી કેટલા ગામો માટે પાણી પુરવઠા યોજના મંજુર થયેલ છે,

(૩) કેટલા ગામોને ટેન્કર્સથી પાણી આપવું પડે છે, અને

(૪) કાયમી ધોરણે પાઈપ લાઈનથી પાણી પૂરું પાડવાની વ્યવસ્થા ક્યારથી કરવામાં આવશે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૪-૮-૦૫) :

(૧) તા. ૧-૪-૯૫ પછી પીવાના પાણીની મુશ્કેલીવાળા ગામોને નોસોર્સ ક્ક્ષામાં જાહેર કરવાનું સ્થગીત કરવામાં આવેલ છે. આમ, જામનગર જિલ્લામાં ૨૦૦૪-૨૦૦૫ ના વર્ષમાં કોઈ ગામ નોસોર્સ યોજનામાં જાહેર કરવામાં આવેલ નથી. પણ ૨૦૦૩-૨૦૦૪ માં રાજીવ ગાંધી નેશનલ ડ્રીંકીંગ વોટર મશીન અંતર્ગત થયેલ સર્વેક્ષણ મુજબ વર્ષ ૨૦૦૪-૨૦૦૫ માં જામનગર જીલ્લાના તાલુકાવાર નીચે મુજબના ગામો એન.સી. એટલે કે ""નોન કવર્ડ"" અને પી.સી. એટલે ""પાર્શીઅલી કવર્ડ"" ક્ક્ષામાં માલુમ પડેલ છે.

| અનુ.નં. | તાલુકો | ગામની સંખ્યા | |
|---|---|---|---|
| | | (એનસી. | પીસી) |
| ૧ | ધોળ | ૧ | ૧ |
| ૨ | જામનગર | ૦ | ૨ |
| ૩ | લાલપુર | ૦ | ૩૬ |
| ૪ | જોડીયા | ૦ | ૮ |
| ૫ | કાલાવડ | ૦ | ૯ |
| ૬ | ભાણવડ | ૦ | ૩ |
| ૭ | ખંભાળીયા | ૦ | ૪૪ |
| ૮ | કલ્યાણપુર | ૦ | ૨ |
| ૯ | ઓખામંડળ | ૦ | ૦ |
| ૧૦ | જામજોધપુર | ૦ | ૦ |
| | કુલ.. | ૧ | ૧૦૫ |

(૨) આ ગામો પૈકી સ્થાનિક ડેમો/નર્મદા આધારિત ગૃપ યોજનાઓમાં ૨૪ ગામોની યોજનાઓ મંજૂર થયેલ છે તે પૈકી ૧૧ ગામોએ કામગીરી પૂર્ણ કરેલ છે. ૧૩ ગામોએ કામગીરી પ્રગતી હેઠળ છે. લાંબાગાળાના આયોજન તરીકે આ તમામ ગામોનો સમાવેશ નર્મદા પાઈપ લાઈન આધારિત ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક આધારિત યોજનામાં કરેલ છે અને આ યોજના પણ મંજૂર થયેલ છે. (ગામવાર વિગતો પત્રક મુજબ સામેલ છે.)

(૩) તા. ૨૨-૬-૨૦૦૫ ની સ્થિતિએ ૫૦ ગામોને ટેન્કરથી પાણી આપવું પડેલ છે. ગામવાર માહિતી પત્રકમાં આપેલ છે.

(૪) ૧૧ ગામોને કાયમી ધોરણે પાઈપ લાઈનથી પાણી પુરું પાડવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. ૧૩ ગામો માટે કાયમી વ્યવસ્થા ના કામો પ્રગતિ હેઠળ છે અને બાકી રહેતા નર્મદા પાઈપ લાઈન યોજનામાં સમાવિષ્ટ ૮૨ ગામોએ ૩/૦૭ સુધીમાં વ્યવસ્થા કરવામાં આવશે.

-----------

**પત્રક**

વર્ષ ૨૦૦૩-૦૪ દરમ્યાન રાજીવગાંધી નેશનલ ડ્રીંકીંગ વોટર મશીન અંતર્ગત થયેલ સર્વેક્ષણ દરમ્યાન એનસી-પીસી કક્ષામાં પડેલ ગામોની ગામવાર વિગત દર્શાવતું પત્રક.

| અનુ. | ગામનું નામ | તાલુકો | વસ્તી ૨૦૦૧ | સ્થાનિક ડેમો-ગ્રુપ યોજના અંતર્ગત | | કઈ યોજના હેઠળ પૂર્ણ, પ્રગતિ | નર્મદા ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કમાં સમાવિષ્ટ ગામો | હાલમાં ટેન્કરથી આપવું પડતુ હોય તેવા ગામો | વિશષ નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | પૂર્ણ | પ્રગતિમાં | | | | |
| ૧ | ગઠડા | ધ્રોલ | ૫૧૩ | -- | ૧ | ધ્રોલ ગ્રુપ | ૧ | -- | |
| ૨ | લાખાણીનાની | જામનગર | ૭૨૭ | ૧ | -- | ઉડ-૧ | ૧ | -- | |
| ૩ | સુવરડા | જામનગર | ૫૧૫ | ૧ | -- | ખીજડીયા | ૧ | -- | |
| ૪ | અપીયા | લાલપુર | ૧૦૧૧ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૫ | બાબરીયા | લાલપુર | ૨૮૨ | -- | -- | -- | ૧ | -- | |
| ૬ | ચરણતુંગી | લાલપુર | ૭૬૦ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૭ | ચોરબેડી | લાલપુર | ૧૧૦૮ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૮ | ડબાસંગ | લાલપુર | ૧૨૯૮ | -- | -- | -- | ૧ | -- | |
| ૯ | ગજણા | લાલપુર | ૧૦૯૪ | -- | -- | -- | ૧ | -- | |
| ૧૦ | ગોદાવરી | લાલપુર | ૧૨૦૨ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૧૧ | ગોવાણા | લાલપુર | ૧૮૭૫ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૧૨ | જશાપર | લાલપુર | ૧૩૭૬ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૧૩ | કરણા | લાલપુર | ૧૦૩૬ | -- | -- | -- | ૧ | -- | |
| ૧૪ | કાઠીતડ | લાલપુર | ૬૫૯ | -- | -- | -- | ૧ | -- | |
| ૧૫ | ખડખંભાળીયા | લાલપુર | ૧૨૦૨ | -- | -- | -- | ૧ | -- | |
| ૧૬ | ખટીયા બેરાજ | લાલપુર | ૨૮૫ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૧૭ | ખીરસરા | લાલપુર | ૫૪૫ | -- | -- | -- | ૧ | -- | |
| ૧૮ | મચ્છુ બેરાજા | લાલપુર | ૧૬૨૬ | ૧ | -- | પન્ના | ૧ | -- | |
| ૧૯ | મેમાણા | લાલપુર | ૧૪૩૪ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૨૦ | મેમાણા (દેવગઢ) | લાલપુર | -- | -- | -- | -- | ૧ | -- | |
| ૨૧ | મોડપર | લાલપુર | ૩૧૯૩ | -- | -- | -- | ૧ | -- | |
| ૨૨ | મોટાભરડીયા (ચંદ્રીગઢ) | લાલપુર | ૬૬૮ | -- | -- | -- | ૧ | -- | |
| ૨૩ | મોટાખડબા | લાલપુર | ૨૨૧૦ | -- | -- | -- | ૧ | -- | |
| ૨૪ | મોટાખડબા (વલ્લભપુર) | લાલપુર | -- | -- | -- | -- | ૧ | -- | |
| ૨૫ | મોટાખડબા (માધુપુર) | લાલપુર | ૯૯૨ | -- | -- | -- | ૧ | -- | |
| ૨૬ | મોટા લખીયા | લાલપુર | ૩૭૫ | -- | ૧ | પન્ના | ૧ | ૧ | |

| અનુ. | ગામનું નામ | તાલુકો | વસ્તી ૨૦૦૧ | સ્થાનિક ડેમો-ગ્રુપ યોજના અંતર્ગત | | કઈ યોજના હેઠળ પૂર્ણ, પ્રગતિ | નર્મદા ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કમાં સમાવિષ્ટ ગામો | હાલમાં ટેન્કરથી આપવું પડતુ હોય તેવા ગામો | વિશષ નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | પૂર્ણ | પ્રગતિમાં | | | | |
| ૨૭ | મોટાપાંચસરા | લાલપુર | ૧૭૭૧ | -- | -- | -- | ૧ | -- | |
| ૨૮ | મોટીરાફદડ | લાલપુર | ૫૦૯ | -- | -- | -- | ૧ | -- | |
| ૨૯ | નવાધુણીયા | લાલપુર | ૧૯૩૮ | -- | -- | -- | ૧ | -- | |
| ૩૦ | નાનીરાફદડ | લાલપુર | ૧૩૮૭ | -- | -- | -- | ૧ | -- | |
| ૩૧ | નવીપીપર | લાલપુર | ૧૫૪૦ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૩૨ | નવીપીપર (ખાવડી) | લાલપુર | | -- | -- | -- | ૧ | ૧ | |
| ૩૩ | સણોસરા | | | | | | ૧ | -- | |
| ૩૪ | સણોસરી | લાલપુર | ૨૧૭૬ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૩૫ | સેવક ભરડીયા | લાલપુર | ૪૭૪ | -- | -- | -- | ૧ | -- | |
| ૩૬ | સેવક ભાટીયા | લાલપુર | ૩૮૦ | -- | -- | -- | ૧ | -- | |
| ૩૭ | સિંગચ | લાલપુર | ૩૫૧૪ | -- | ૧ | ધી જુથ | ૧ | ૧ | |
| ૩૮ | વડપાંચસરા | લાલપુર | ૮૪૬ | -- | -- | -- | ૧ | -- | |
| ૩૯ | ઝાખર | લાલપુર | ૨૬૦૨ | -- | ૧ | પન્ના | ૧ | ૧ | |
| ૪૦ | બાલાચડી | જોડીયા | ૧૫૧૮ | ૧ | -- | ખીજડીયા | ૧ | -- | |
| ૪૧ | બાલંભા | જોડીયા | ૫૦૫૧ | ૧ | -- | મોમાજો | ૧ | -- | |
| ૪૨ | બાચડી | જોડીયા | ૨૯૬ | ૧ | -- | આજી-૩ | ૧ | -- | |
| ૪૩ | ભીમકટા | જોડીયા | ૮૪૯ | ૧ | -- | મોમાજો | ૧ | -- | |
| ૪૪ | બોડકા | જોડીયા | ૧૦૬૯ | -- | ૧ | આજી-૩ | ૧ | ૧ | |
| ૪૫ | દુધય (જામ) | જોડીયા | ૨૧૩૬ | ૧ | -- | મોમાજો | ૧ | -- | |
| ૪૬ | જશાપરા | જોડીયા | ૧૪૯૬ | ૧ | -- | આજી-૩ | ૧ | -- | |
| ૪૭ | કોઈલી (કૃષ્ણગઢ) | જોડીયા | ૨૫૪૫ | ૧ | -- | આજી-૩ | ૧ | -- | |
| ૪૮ | બીજલકા | ધોળ | ૩૭૮ | ૧ | -- | આજી-૩ | ૧ | -- | |
| ૪૯ | ખીજડીયા-મણવર | કાલાવડ | ૨૬૧ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૫૦ | મકાજી મેઘપર | કાલાવડ | ૧૮૯૬ | -- | -- | -- | ૧ | -- | |
| ૫૧ | માખા ક્રોડ | કાલાવડ | ૯૧૮ | -- | -- | -- | ૧ | -- | |
| ૫૨ | મોરવાડી | કાલાવડ | ૩૮૯ | -- | -- | -- | ૧ | -- | |
| ૫૩ | મોટાવડાળા | કાલાવડ | ૪૩૦૯ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૫૪ | નાગાઝર મોટી | કાલાવડ | ૧૪૬૭ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૫૫ | પીપલીયા | કાલાવડ | ૪૪૩ | -- | -- | -- | ૧ | -- | |

| અનુ. | ગામનું નામ | તાલુકો | વસ્તી ૨૦૦૧ | સ્થાનિક ડેમો-ગ્રુપ યોજના અંતર્ગત | | કઈ યોજના હેઠળ પૂર્ણ, પ્રગતિ | નર્મદા ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કમાં સમાવિષ્ટ ગામો | હાલમાં ટેન્કરથી આપવું પડતુ હોય તેવા ગામો | વિશષ નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | પૂર્ણ | પ્રગતિમાં | | | | |
| | ધાધલીયા | | | | | | | | |
| ૫૬ | સણોસરા મકરાણી | કાલાવડ | ૧૫૧૭ | -- | -- | -- | ૧ | -- | |
| ૫૭ | ઉમરાળા | કાલાવડ | ૧૩૨૭ | -- | -- | -- | ૧ | -- | |
| ૫૮ | વિજ્યપુર | ભાણવડ | ૫૦૦ | -- | -- | -- | ૧ | -- | |
| ૫૯ | મેવાસા | ભાણવડ | ૧૬૫૩ | -- | -- | -- | ૧ | -- | |
| ૬૦ | શીવા | ભાણવડ | ૨૨૪૬ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૬૧ | કોલવા | ખંભાળીયા | ૨૦૧૮ | -- | -- | -- | ૧ | -- | |
| ૬૨ | કોટા | ખંભાળીયા | ૬૨૩ | -- | -- | -- | ૧ | -- | |
| ૬૩ | હાપાલાખાસર | ખંભાળીયા | ૧૦૨૦ | -- | -- | -- | ૧ | -- | |
| ૬૪ | પીર લાખાસર | ખંભાળીયા | ૧૦૯૫ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૬૫ | માધુપુર | ખંભાળીયા | ૫૯૦ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૬૬ | લાલપરડા | ખંભાળીયા | ૨૦૧૦ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૬૭ | મહાદેવીયા | ખંભાળીયા | ૧૧૦૧ | -- | ૧ | ધી જુથ | ૧ | -- | |
| ૬૮ | મોટામાંઢા | ખંભાળીયા | ૧૪૪૬ | -- | ૧ | ધી જુથ | ૧ | -- | |
| ૬૯ | મોવાણ | ખંભાળીયા | ૩૩૬૧ | -- | ૧ | વ્યક્તિગત | ૧ | ૧ | |
| ૭૦ | નવીમોવાણ | ખંભાળીયા | ૫૦૦ | -- | ૧ | વ્યક્તિગત | ૧ | ૧ | |
| ૭૧ | પરોડીયા | ખંભાળીયા | ૧૭૫૮ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૭૨ | સગારીયા | ખંભાળીયા | ૪૨૮ | -- | -- | -- | ૧ | -- | |
| ૭૩ | સામોર | ખંભાળીયા | ૨૨૯૮ | -- | -- | -- | ૧ | -- | |
| ૭૪ | સિધ્ધપુર | ખંભાળીયા | ૧૨૧૭ | -- | ૧ | વ્યક્તિગત | ૧ | ૧ | |
| ૭૫ | આંબલા નાના | ખંભાળીયા | ૧૪૪૩ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૭૬ | આસોટા નાના | ખંભાળીયા | ૧૩૮૮ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૭૭ | બજાણા | ખંભાળીયા | ૨૦૭૯ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૭૮ | ભારાબેરાજા | ખંભાળીયા | ૩૭૭ | -- | -- | -- | ૧ | -- | |
| ૭૯ | ભાતેલ | ખંભાળીયા | ૨૨૦૩ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૮૦ | ગોક્લપર | ખંભાળીયા | ૫૦૦ | -- | -- | -- | ૧ | -- | |
| ૮૧ | ચુડેશ્વર | ખંભાળીયા | ૧૭૫૧ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૮૨ | ભરાણા | ખંભાળીયા | ૪૧૧૩ | -- | ૧ | ધી જુથ | ૧ | ૧ | |
| ૮૩ | દાતાણા | ખંભાળીયા | ૧૮૬૫ | -- | -- | -- | ૧ | -- | |
| ૮૪ | કાઠીદેવળીયા | ખંભાળીયા | ૮૩૫ | -- | ૧ | ધી જુથ | ૧ | ૧ | |
| ૮૫ | ધધુસર | ખંભાળીયા | ૯૯૧ | -- | -- | -- | ૧ | ૧ | |

| અનુ. | ગામનું નામ | તાલુકો | વસ્તી ૨૦૦૧ | સ્થાનિક ડેમો-ગ્રુપ યોજના અંતર્ગત | | કઈ યોજના હેઠળ પૂર્ણ, પ્રગતિ | નર્મદા ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કમાં સમાવિષ્ટ ગામો | હાલમાં ટેન્કરથી આપવું પડતુ હોય તેવા ગામો | વિશષ નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | પૂર્ણ | પ્રગતિમાં | | | | |
| ૮૬ | ફોટજની | ખંભાળીયા | ૧૮૮૨ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૮૭ | જવાનગઢ | ખંભાળીયા | ૧૬૫૩ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૮૮ | કેશોદ | ખંભાળીયા | ૧૯૯૯ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૮૯ | સોડરચલા | ખંભાળીયા | ૧૧૧૬ | -- | -- | -- | ૧ | -- | |
| ૯૦ | સોનારડી | ખંભાળીયા | ૧૨૮૦ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૯૧ | સુતારીયા | ખંભાળીયા | ૧૧૬૯ | -- | ૧ | વ્યક્તિગત | ૧ | ૧ | |
| ૯૨ | સેઢા તરઘડી | ખંભાળીયા | ૮૭૩ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૯૩ | તથીયા | ખંભાળીયા | ૧૫૦૬ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૯૪ | ઠાકરશેરડી | ખંભાળીયા | ૧૯૦૮ | -- | -- | -- | ૧ | -- | |
| ૯૫ | ટીબડી | ખંભાળીયા | ૯૭૦ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૯૬ | વડતા | ખંભાળીયા | ૩૮૪૬ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૯૭ | વિજલપર | ખંભાળીયા | ૨૭૮૭ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૯૮ | વિરમદડ | ખંભાળીયા | ૨૩૭૫ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૯૯ | ક્બરવિસોતી | ખંભાળીયા | ૮૨૨ | -- | -- | -- | ૧ | -- | |
| ૧૦૦ | કોઠાવિસોતી | ખંભાળીયા | ૧૭૩૨ | -- | -- | -- | ૧ | -- | |
| ૧૦૧ | ઝાકશીયા | ખંભાળીયા | ૯૮૧ | -- | -- | -- | ૧ | -- | |
| ૧૦૨ | ઉગમણબારા | ખંભાળીયા | ૪૮૦૭ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૧૦૩ | દખણાદાબારા | ખંભાળીયા | ૧૦૧૫ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૧૦૪ | લાલુકા | ખંભાળીયા | ૧૨૧૬ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૧૦૫ | કનકપર | કલ્યાણપુર | ૧૯૬૦ | -- | -- | -- | ૧ | ૧ | |
| ૧૦૬ | સીદસરા | કલ્યાણપુર | ૧૭૦૪ | -- | -- | -- | ૧ | ૧ | |
| | | | ૧૪૮૯૮૩ | ૧૧ | ૧૩ | | ૧૦૬ | ૫૦ | |

---------------------

**જામનગર જિલ્લામાં તલાટી-કમ-મંત્રી વિરૂધ્ધ ફરિયાદ.**

અતારાંકિત : ૩૫૨૩ (૨-૫-૨૦૦૫) **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર તલાટી-કમ-મંત્રીઓ વિરૂધ્ધ કેટલી ફરિયાદો મળી,

(૨) આ ફરિયાદો કેવા પ્રકારની મળેલ છે, અને

(૩) આવા તલાટીઓ સામે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા અને કયા પ્રકારની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી ?

**પંચાયત મંત્રીશ્રી** (૫-૮-૨૦૦૫) :

(૧) કુલ-૯૧

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ ફરીયાદની સંખ્યા |
|---|---|---|
| ૧ | જામનગર | ૨૩ |
| ૨ | ધ્રોળ | ૦૪ |
| ૩ | જોડીયા | ૦૯ |
| ૪ | કાલાવાડ | ૧૦ |
| ૫ | લાલપુર | ૦૫ |
| ૬ | ભાણવડ | ૦૫ |
| ૭ | જામજોધપુર | ૦૬ |
| ૮ | ખંભાળીયા | ૦૨ |
| ૯ | કલ્યાણપુર | ૧૭ |
| ૧૦ | દ્વારકા | ૧૦ |
| | કુલ :- | ૯૧ |

(૨) અનિયમિતતા, ગેરહાજરી, ગેરરીતી, લોકોના કામ ન કરવા અંગે.

(૩) આવા તલાટીઓ સામે ગુજરાત પંચાયત સેવા (શિસ્ત અને અપીલ) નિયમો-૧૯૯૭ના નિયમો તળે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે, જેના અંતર્ગત સેવામાંથી બરતરફી, પેન્શન કાપ, ઈજાફો અટકાવવો અને ઠપકો આપવાની શિક્ષા કરવામાં આવેલ છે, તે ઉપરાંત ફરજમોકુફી પર ઉતારવામાં આવેલ છે, અને બિનપગારી રજા, એચ.આર.એ. વસુલાત, અને બદલી જેવા પગલાં લેવામાં આવેલ છે.

--------------

## જામનગર જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ

અતારાંકિત : ૩૫૨૪ (૧૨-૫-૨૦૦૫) **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ તાલુકાવાર તલાટી-કમ-મંત્રીની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ સરકાર કેટલા સમયમાં ભરવા માંગે છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૪-૮-૨૦૦૫) :

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ તાલુકાવાર તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | જામનગર | ૧૯ |
| ૨ | ધ્રોળ | ૦૫ |
| ૩ | જોડીયા | ૧૧ |
| ૪ | કાલાવાડ | ૧૬ |
| ૫ | લાલપુર | ૦૭ |
| ૬ | ભાણવડ | ૦૬ |
| ૭ | જામજોધપુર | ૧૨ |
| ૮ | ખંભાળીયા | ૦૭ |
| ૯ | કલ્યાણપુર | ૩૦ |

| | | |
|---|---|---|
| ૧૦ | દ્વારકા | ૧૬ |
| | કુલ :- | ૧૨૯ |

આ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, તે સામેલ પત્રક મુજબ.

(૨) જેમ બને તેમ જલ્દીથી.

## પત્રક

## જિલ્લા પંચાયત જામનગર

| તલાટી-કમ-મંત્રીઓની તાલુકાવાર ખાલી જગ્યાની વિગત તા. ૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | | સેજાનું નામ | ખાલી થયા તારીખ | વિશેષ નોંધ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | જામનગર | ૧ | ફલ્લા-બ | ૦૨/૦૬/૨૦૦૧ | |
| | | ૨ | બેડી-બ | ૦૪/૦૬/૨૦૦૧ | |
| | | ૩ | બેડ-બ | ૦૨/૦૬/૨૦૦૧ | |
| | | ૪ | વિભાપર-બ | ૦૨/૦૬/૨૦૦૧ | |
| | | ૫ | અલીયા-અ | ૦૧/૦૬/૨૦૦૧ | |
| | | ૬ | આમરા-બ | ૦૨/૦૬/૨૦૦૧ | |
| | | ૭ | ખંભાલીડા-બ | ૧૩/૦૭/૨૦૦૧ | |
| | | ૮ | જામવંથલી-બ | ૨૩/૧૦/૨૦૦૩ | |
| | | ૯ | જાંબુડા-બ | ૧૭/૦૫/૨૦૦૦ | |
| | | ૧૦ | ધુંવાવ-બ | ૦૧/૦૮/૨૦૦૧ | |
| | | ૧૧ | ધુતારપર-અ | ૨૩/૧૦/૨૦૦૩ | |
| | | ૧૨ | મોટી બાણુંગાર-બ | ૨૩/૧૦/૨૦૦૩ | |
| | | ૧૩ | લાખાબાવળ-બ | ૧૦/૦૮/૨૦૦૪ | |
| | | ૧૪ | મોટી લાખાણી | ૧૫/૦૨/૨૦૦૫ | |
| | | ૧૫ | મોટી ભલસાણ | ૧૦/૦૨/૨૦૦૫ | |
| | | ૧૬ | લીવ રીઝર્વ | ૨૩/૧૦/૨૦૦૩ | |
| | | ૧૭ | લીવ રીઝર્વ | ૨૩/૧૦/૨૦૦૩ | |
| | | ૧૮ | લીવ રીઝર્વ | ૨૩/૧૦/૨૦૦૩ | |
| | | ૧૯ | લીવ રીઝર્વ | ૨૩/૧૦/૨૦૦૩ | |
| ૨ | ધ્રોળ | ૧ | લતીપુર-બ | ૦૯/૦૩/૧૯૯૨ | |
| | | ૨ | લતીપુર-ક | ૨૪/૦૫/૨૦૦૨ | |
| | | ૩ | સુમરા/રાજપરા | ૧૫/૦૨/૨૦૦૫ | |
| | | ૪ | હજામચોરા | ૧૭/૦૪/૨૦૦૪ | |
| | | ૫ | લીવરીઝર્વ | ૦૧/૦૭/૧૯૯૭ | |
| ૩ | જોડીયા | ૧ | જોડીયા-બ | ૧૫/૦૧/૨૦૦૩ | |
| | | ૨ | હડીયાણા-અ | ૨૩/૧૦/૨૦૦૩ | |
| | | ૩ | બાલંભા-બ | ૨૪/૧૧/૧૯૯૭ | |
| | | ૪ | મેઘપર-અ | ૨૩/૧૦/૨૦૦૩ | |
| | | ૫ | આમરણ-બ | ૦૪/૦૯/૨૦૦૩ | |
| | | ૬ | બેલા-અ | ૧૩/૦૨/૨૦૦૩ | |
| | | ૭ | બેલા-બ | ૦૭/૧૧/૧૯૯૬ | |
| | | ૮ | ખારચીયા-બ | ૨૩/૧૦/૨૦૦૩ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | ૯ | પીઠડ-બ | ૨૩/૧૦/૨૦૦૩ | |
| | | ૧૦ | કોયલી-અ | ૩૦/૦૮/૧૯૯૯ | |
| | | ૧૧ | લીવ રીઝર્વ | ૨૩/૧૦/૨૦૦૩ | |
| ૪ | કાલાવડ | ૧ | મોટા પાંચદેવડા-બ | ૨૨/૧૦/૨૦૦૩ | |
| | | ૨ | ટોડા-બ | ૧૮/૦૩/૧૯૯૭ | |
| | | ૩ | મોટા વડાળા-બ | ૨૨/૧૦/૨૦૦૩ | |
| | | ૫ | રાજસ્થળી | ૨૩/૧૦/૨૦૦૩ | |
| | | ૬ | લલોઈ | ૧૫/૧૨/૨૦૦૪ | |
| | | ૭ | નાગપુર | ૧૫/૧૨/૨૦૦૪ | |
| | | ૮ | બામણગામ | ૧૫/૧૨/૨૦૦૪ | |
| | | ૯ | સનાળા | ૧૫/૧૨/૨૦૦૪ | |
| | | ૧૦ | માછરડા | ૨૪/૦૧/૨૦૦૫ | |
| | | ૧૧ | મોરીદડ | ૨૮/૦૧/૨૦૦૫ | |
| | | ૧૨ | ડેરી-મેટીયા | ૧૫/૧૨/૨૦૦૪ | |
| | | ૧૩ | ખંઢેરા | ૧૯/૦૧/૨૦૦૫ | |
| | | ૧૪ | શિશાંગ | ૨૨/૦૧/૨૦૦૫ | |
| | | ૧૫ | લીવ રીઝર્વ | ૨૨/૧૦/૨૦૦૩ | |
| | | ૧૬ | લીવ રીઝર્વ | ૨૩/૧૦/૨૦૦૩ | |
| ૫ | લાલપુર | ૧ | સીંગચ-બ | ૩૧/૦૭/૨૦૦૦ | |
| | | ૨ | હરીપર-બ | ૧૩/૦૭/૨૦૦૧ | |
| | | ૩ | પીપરટોડા-બ | ૩૦/૧૨/૨૦૦૩ | |
| | | ૪ | ચોરબેડી-વાવડી | ૧૪/૧૨/૨૦૦૪ | |
| | | ૫ | ગોવાણા | ૨૩/૦૩/૨૦૦૫ | |
| | | ૬ | નાના ખડબા | ૩૧/૦૭/૨૦૦૪ | |
| | | ૭ | લીવ રીઝર્વ | ૨૪/૧૦/૨૦૦૩ | |
| ૬ | ભાણવડ | ૧ | ચોખંડા | ૨૩/૧૨/૨૦૦૪ | |
| | | ૨ | ગુંદા-બ | ૧૫/૦૫/૨૦૦૦ | |
| | | ૩ | રૂપામોરા | ૨૩/૧૨/૨૦૦૪ | |
| | | ૪ | ફતેપુર | ૦૧/૧૦/૨૦૦૪ | |
| | | ૫ | સઈદેવળીયા | ૧૫/૦૧/૨૦૦૫ | |
| | | ૬ | લીવ રીઝર્વ | ૧૭/૧૦/૨૦૦૧ | |
| ૭ | જામજોધપુર | ૧ | જામવાળી-બ | ૩૦/૧૨/૧૯૯૭ | |
| | | ૨ | ગીંગણી-અ | ૧૫/૧૨/૨૦૦૪ | |
| | | ૩ | ગીંગણી-બ | ૧૫/૧૨/૨૦૦૪ | |
| | | ૪ | વરસાઈ-બ | ૨૧/૦૩/૧૯૯૬ | |
| | | ૫ | સીદસર-બ | ૧૧/૦૬/૨૦૦૧ | |
| | | ૬ | સતાપર-બ | ૦૨/૧૧/૨૦૦૨ | |
| | | ૭ | ધાફા-અ | ૧૫/૧૨/૨૦૦૪ | |
| | | ૮ | જશાપર | ૦૪/૦૭/૨૦૦૨ | |
| | | ૯ | લલોઈ | ૦૧/૦૨/૨૦૦૫ | |
| | | ૧૦ | બગધરા | ૦૧/૦૬/૨૦૦૪ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | ૧૧ | લીવ રીઝર્વ | ૨૩/૧૦/૨૦૦૩ | |
| | | ૧૨ | લીવ રીઝર્વ | ૨૩/૧૦/૨૦૦૩ | |
| ૮ | ખંભાળીયા | ૧ | ભાડથર-અ | ૦૪/૦૭/૨૦૦૨ | |
| | | ૨ | વડત્રા-બ | ૦૯/૦૬/૨૦૦૧ | |
| | | ૩ | વડત્રા-અ | ૨૭/૦૧/૨૦૦૫ | |
| | | ૪ | જુવાનગઢ | ૦૩/૦૧/૨૦૦૫ | |
| | | ૫ | ભટગામ | ૧૯/૧૨/૨૦૦૪ | |
| | | ૬ | ચુડેશ્વર | ૦૧/૦૧/૨૦૦૫ | |
| | | ૭ | લીવ રીઝર્વ | ૨૪/૧૦/૨૦૦૩ | |
| ૯ | કલ્યાણપુર | ૧ | કલ્યાણપુર-બ | ૧૭/૫/૨૦૦૧ | |
| | | ૨ | બાંકોડી-બ | ૦૧/૦૧/૧૯૯૬ | |
| | | ૩ | હરીપર-બ | ૨૦/૦૫/૨૦૦૦ | |
| | | ૪ | ખીજદડ-બ | ૦૧/૦૮/૨૦૦૨ | |
| | | ૫ | કેનેડી-બ | ૩૧/૦૭/૨૦૦૧ | |
| | | ૬ | ગોરાણા-બ | ૦૧/૦૮/૨૦૦૨ | |
| | | ૭ | રાવલ-અ | ૨૨/૧૦/૨૦૦૩ | |
| | | ૮ | લાંબા-બ | ૨૦/૦૫/૨૦૦૦ | |
| | | ૯ | સતાપર-બ | ૦૫/૦૯/૧૯૯૪ | |
| | | ૧૦ | ભોગાત-બ | ૨૧/૦૯/૧૯૯૬ | |
| | | ૧૧ | ભાટીયા-અ | ૨૨/૧૦/૨૦૦૩ | |
| | | ૧૨ | ખાખરડા-બ | ૦૧/૦૮/૨૦૦૨ | |
| | | ૧૩ | આસોટા-બ | ૨૨/૦૯/૧૯૯૭ | |
| | | ૧૪ | રાણ-અ | ૦૪/૦૮/૧૯૯૫ | |
| | | ૧૫ | નંદાણા-બ | ૦૮/૦૧/૧૯૯૮ | |
| | | ૧૬ | ગાગા-બ | ૦૬/૦૫/૧૯૯૪ | |
| | | ૧૭ | ટંકારીયા-બ | ૨૨/૧૦/૨૦૦૩ | |
| | | ૧૮ | દેવળીયા-બ | ૧૨/૦૭/૧૯૯૨ | |
| | | ૧૯ | પટેલકા-બ | ૨૬/૦૫/૧૯૯૪ | |
| | | ૨૦ | ગઢકા-બ | ૩૧/૧૨/૨૦૦૦ | |
| | | ૨૧ | મેવાસા | ૧૬/૧૨/૨૦૦૪ | |
| | | ૨૨ | મેઘપર-ટિટોડી | ૧૬/૧૨/૨૦૦૪ | |
| | | ૨૩ | કનકપર-માડી | ૧૮/૧૨/૨૦૦૪ | |
| | | ૨૪ | સુર્યાવદર | ૧૦/૦૨/૨૦૦૫ | |
| | | ૨૫ | કેનેડી-અ | ૨૭/૦૧/૨૦૦૫ | |
| | | ૨૬ | ટંકારીયા-અ | ૦૧/૦૩/૨૦૦૫ | |
| | | ૨૭ | દેવાળીયા-અ | ૦૧/૦૩/૨૦૦૫ | |
| | | ૨૮ | હડમતીયા | ૦૧/૦૯/૨૦૦૪ | |
| | | ૨૯ | લીવ રીઝર્વ | ૦૧/૦૮/૨૦૦૦ | |
| | | ૩૦ | લીવ રીઝર્વ | ૨૩/૧૦/૨૦૦૩ | |
| ૧૦ | દ્વારકા | ૧ | સુરજકરાડી-અ | ૩૦/૦૬/૧૯૯૫ | |
| | | ૨ | સુરજકરાડી-ક | ૧૬/૦૨/૨૦૦૨ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | ૩ | જુનો હોવાડ | ૨૨/૧૦/૨૦૦૩ | |
| | | ૪ | પોશીના-બ | ૧૫/૦૬/૧૯૯૬ | |
| | | ૫ | ટોબર-મેવાસા | ૧૪/૧૨/૨૦૦૪ | |
| | | ૬ | મુળવેલ | ૨૨/૧૦/૨૦૦૩ | |
| | | ૭ | બેટ-બ | ૨૨/૧૦/૨૦૦૩ | |
| | | ૮ | આરંભડા-અ | ૨૨/૧૦/૨૦૦૩ | |
| | | ૯ | વરવાળા-બ | ૨૨/૧૦/૨૦૦૩ | |
| | | ૧૦ | ખતુંબા | ૨૨/૦૩/૨૦૦૪ | |
| | | ૧૧ | મુળાવાસદ | ૧૪/૧૨/૨૦૦૪ | |
| | | ૧૨ | પાડલી | ૧૪/૧૨/૨૦૦૪ | |
| | | ૧૩ | વસઈ | ૧૪/૧૨/૨૦૦૪ | |
| | | ૧૪ | નાગેશ્વર | ૦૬/૦૧/૨૦૦૫ | |
| | | ૧૫ | મોટા ભાવડા | ૦૬/૦૧/૨૦૦૫ | |
| | | ૧૬ | લીવ રીઝર્વ | ૨૨/૧૦/૨૦૦૩ | |

--------------

## રાજકોટ શહેરમાં રહેણાંક માટે અપાયેલ સરકારી ખરાબાની જમીન

અતારાંકિત : ૩૩૨૩ (૩-૫-૨૦૦૫) **શ્રી ટપુભાઈ લીંબાસિયા(રાજકોટ-૧) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રાજકોટ મહાનગરપાલિકાની હદમાં અગાઉ સરકારી કર્મચારી, કામદારો વગેરેને રહેણાંકના હેતુ માટે સરકારી ખરાબામાં આપવામાં આવેલ જમીન પર કેટલી સોસાયટીઓ અસ્તિત્વ ધરાવે છે?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨૬-૮-૨૦૦૫) :

૨૯ (ઓગણત્રીસ).

--------------

## રાજયની કલેકટર કચેરીઓમાં ગેરકાયદેસર દબાણો અંગે ફરીયાદ બુક

અતારાંકિત : ૩૩૯૦ (૨૭-૪-૨૦૦૫) **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર(રાજકોટ ગ્રામ્ય) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં સરકારી જમીન ઉપર થતા ગેરકાયદેસર દબાણો અંગે ફરીયાદ બુક જીલ્લા કલેકટર કચેરીઓ ખાતે રાખવામાં આવે છે,

(૨) જો હા, તો તા. ૧-૧-૨૦૦૪ થી તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં કેટલી લેખિત ફરિયાદો આવી છે અને કેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે, અને

(૩) જે ફરિયાદોનો નિકાલ કરવામાં ન આવ્યો હોય તે જવાબદાર અધિકારી સામે શાં પગલા લેવામાં આવ્યા છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨૩-૮-૨૦૦૫) :

(૧) ૧૩ જિલ્લામાં રાખવામાં આવેલ છે.

૧૨ જિલ્લામાં રાખવામાં આવેલ નથી. અલબત્ત જિલ્લા કલેકટર કચેરીઓમાં દબાણ રજીસ્ટર નિભાવવા માટે સુચનાઓ આપાયેલ છે.

| (૨) | ફરિયાદો મળી | નિકાલ કર્યો |
|---|---|---|
| | ૬૮ | ૪૭ |

(૩) પગલાં લેવાનો પ્રસંગ ઉપસ્થિત થયેલ નથી.

--------------

**જામનગર તાલુકામાં મહેસૂલી રેકર્ડની નકલ ફીની આવક**

અતારાંકિત : ૩૪૮૬ (૧૬-૫-૨૦૦૫) **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય):માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગુજરાત જમીન મહેસૂલ નિયમો ૧૯૭૨ના નિયમ ૧૪૨માં મહેસૂલી રેકર્ડની નકલો આપવા ફી લેવાના કયા કયા ધોરણો છે,

(૨) ભૂતકાળમાં ગ્રામ અધિકારીએ આપવાની થતી નકલો માટે તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ છેલ્લા ૪ વર્ષમાં કુલ કેટલી રકમ જામનગર તાલુકામાં ગ્રામ અધિકારીઓ પાસે જમા થયેલ છે,

(૩) આ રકમ કયાં કયાં વાપરવાની થાય છે,

(૪) નવી પધ્ધતિ પ્રમાણે ૭/૧૨, ૮-અ હક્કપત્રકની રકમનો ઉપયોગ કયાં કરવાનો રહેશે, અને

(૫) આ નવી પધ્ધતિ પ્રમાણે સરકારને કેટલી આવકની ધારણા છે?

**મહેસુલ મંત્રીશ્રી** (૩૦-૮-૨૦૦૫) :

(૧) ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ના નિયમ ૧૪૨ માં ગા. ન. નં. ૭/૧૨, ૮-અ અને ૬ની કોમ્પ્યુટરાઈઝ નકલ મેળવવા માટે નકલ દીઠ રૂા. ૧૫/- ની ફી લેવાનું ધોરણ છે.

(૨) આ ધોરણ તા. ૧૭-૫-૦૪ના જાહેરનામાથી નક્કી કરવામાં આવેલું હોઈ ઉકત દિવસથી તા. ૩૧-૩-૦૫ના પૂરા થતા વર્ષ માટે જામનગર તાલુકાની રૂા. ૧,૭૪,૩૩૦/- ની આવક સરકારમાં જમા થયેલ છે.

(૩) અને (૪) આ રકમ રાજ્યના એકત્રિત નિધિમાં જમા કરાવવામાં આવતી હોઈ અન્ય આવકની જેમ આ આવકનો ઉપયોગ કરવામાં આવે છે.

(૫) આ પધ્ધતિથી સરકારને જામનગર તાલુકાની વાર્ષિક ૬ લાખ રૂા.ની આવક થવાની ધારણા છે.

----------------

**" રાજ્યમાં અછત રાહતના કામો "**

અતારાંકિત : ૩૫૪૯ (૬-૬-૨૦૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) :માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) એપ્રિલ-૨૦૦૫ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા અછત રાહતના હેડ હેઠળ કયા કયા કામો માટે છેલ્લા બે વર્ષમાં કુલ કેટલુ ખર્ચ કરવામાં આવ્યું,

(૨) રાહતના કામો જિલ્લાવાર કુલ કેટલા કરવામાં આવ્યા, અને

(૩) જિલ્લામાં આ માટે કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૯-૮-૨૦૦૫) :

(૧) રાજ્ય સરકાર દ્વારા વર્ષ : ૨૦૦૨-૨૦૦૩માં કુલ ૧૪ જીલ્લાના ૧૧૬ તાલુકામાં અર્ધ અછતની જાહેરાત કરવામાં આવેલી હતી. વર્ષ : ૨૦૦૩-૦૪માં અછત જાહેર કરવામાં આવેલી નથી. જ્યારે વર્ષ : ૨૦૦૪-૦૫ના વર્ષમાં ૩ જીલ્લાના એકંદરે ૮ તાલુકામાં અર્ધઅછત જાહેર કરવામાં આવેલી છે. જેમાં કેશડોલ, પાણી પુરવઠા, ઘાસચારા, રાહતકામ, ગૌશાળા, પાંજરાપોળ સબસીડી એમ વિવિધ સદરે થયેલા ખર્ચની વર્ષવાર વિગત નીચે મુજબ છે.

| વર્ષ | જિલ્લા | થયેલ કુલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૨-૦૩ | ૧૪ | ૨૦૪૩૪.૦૪ |
| ૨૦૦૩-૦૪ | અછત જાહેર કરવામાં આવેલી નથી. | |
| ૨૦૦૪-૦૫ | ૩ | ૬૧.૮૦ |

(પત્રક--૧ સામેલ છે.)

(૨) વિગતો નીચે મુજબ જોઈ શકાશે.

| વર્ષ | જિલ્લા | શરૂ કરાયેલા રાહત કામો |
|---|---|---|
| ૨૦૦૨-૦૩ | ૧૪ | ૫૦૫૭ |
| ૨૦૦૩-૦૪ | અછત જાહેર કરવામાં આવેલી નથી. | |
| ૨૦૦૪-૦૫ એપ્રિલ-૦૫ સુધી | ૧ | ૨૭ કામો ચાલુ કરવામાં આવ્યા છે. |

(પત્રક--૨ સામેલ છે.)

(૩) વિગતો નીચે મુજબ જોઈ શકાશે.

| વર્ષ | જિલ્લા | રાહત કામો પાછળ થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૨-૦૩ | ૧૪ | ૧૮૫૯૪.૯૨ |
| ૨૦૦૩-૦૪ | અછત જાહેર કરાયેલ નથી. | |
| ૨૦૦૪-૦૫ | ૧ | ૬૧.૮૦ |

(પત્રક--૩ સામેલ છે.)

## પત્રકઃ --૧

## એપ્રિલ ૨૦૦૫ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા અછત રાહતના હેડ હેઠળ કયા કયા કામો માટે છેલ્લા બે વર્ષમાં કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું.

| અ.નં | જિલ્લાનું નામ | વર્ષ | વર્ષ | વર્ષ |
|---|---|---|---|---|
| | | ૨૦૦૨-૨૦૦૩<br>(લાખમાં)<br>કેશડોલ, પાણી પૂરવઠો, ઘાસચારો, રાહતકામ, ગૌશાળા, પાંજરાપોળ સબસીડી વગેરે માટે | ૨૦૦૩-૨૦૦૪<br>(લાખમાં) અછત જાહેર થયેલ નથી. | ૨૦૦૪-૨૦૦૫<br>(લાખમાં)<br>કેશડોલ, પાણી પૂરવઠો, ઘાસચારો, રાહતકામ, ગૌશાળા, પાંજરાપોળ સબસીડી વગેરે માટે |
| ૧ | અમદાવાદ | ૫૬૮.૭૪ | - | - |
| ૨ | અમરેલી | ૯૬.૬૭ | - | - |
| ૩ | આણંદ | - | - | - |
| ૪ | બનાસકાંઠા | ૪૦૬૨.૨૧ | - | - |
| ૫ | જામનગર | ૧૮૭૮.૬૮ | - | - |
| ૬ | જુનાગઢ | ૧૭૫૦.૬૮ | - | - |
| ૭ | ખેડા | - | - | - |
| ૮ | કચ્છ | ૨૭૦૯-૩૪ | - | - |
| ૯ | પાટણ | ૮૨૯.૫૯ | - | - |
| ૧૦ | પોરબંદર | ૨૪૩.૩૧ | - | - |
| ૧૧ | પંચમહાલ | ૪૯૬.૦૧ | - | - |
| ૧૨ | રાજકોટ | ૩૩૦૧.૮૧ | - | - |
| ૧૩ | સાબરકાંઠા | ૨૪૨૬.૦૬ | - | ૬૧.૮૦ |
| ૧૪ | સુરેન્દ્રનગર | ૨૦૭૦.૯૪ | - | - |
| કુલ | | ૨૦૪૩૪.૦૪ | - | ૬૧.૮૦ |

------------

## પત્રકઃ --૨

## અછત વર્ષમાં શરૂ કરેલ રાહત કામોની વિગત

| અ.નં | જિલ્લાનું નામ | અછત વર્ષ | વર્ષ | અછત વર્ષ |
|---|---|---|---|---|
| | | ૨૦૦૨-૨૦૦૩ શરૂ કરવામાં આવેલ રાહતકામોની સંખ્યા | ૨૦૦૩-૨૦૦૪<br>(અછત જાહેર થયેલ નથી.) | ૨૦૦૪-૨૦૦૫<br>એપ્રિલ-૦૫ |
| ૧ | અમદાવાદ | ૧૧૯ | ૦ | અછત નથી |
| ૨ | અમરેલી | ૪૧ | ૦ | અછત નથી |
| ૩ | આણંદ | ૦ | ૦ | અછત નથી |
| ૪ | બનાસકાંઠા | ૭૩૩ | ૦ | એપ્રિલ-૦૫ની સ્થિતિએ સુધી રાહત કામ શરૂ થયેલ નથી. |
| ૫ | જામનગર | ૭૫૬ | ૦ | અછત નથી |
| ૬ | જુનાગઢ | ૩૬૨ | ૦ | અછત નથી |
| ૭ | ખેડા | ૦ | ૦ | અછત નથી |
| ૮ | કચ્છ | ૧૨૦૬ | ૦ | એપ્રિલ-૦૫ સુધી રાહત કામ શરૂ થયેલ નથી. |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | પાટણ | ૨૫૨ | ૦ | અછત નથી |
| ૧૦ | પોરબંદર | ૧૨૦ | ૦ | અછત નથી |
| ૧૧ | પંચમહાલ | ૧૮૯ | ૦ | અછત નથી |
| ૧૨ | રાજકોટ | ૭૧૧ | ૦ | અછત નથી |
| ૧૩ | સાબરકાંઠા | ૨૪૦ | ૦ | ૨૭ |
| ૧૪ | સુરેન્દ્રનગર | ૩૨૮ | ૦ | અછત નથી |
| કુલ | | ૫૦૫૭ | ૦ | ૨૭ |

**પત્રકઃ --૩**

**અછત દરમ્યાન રાહતકામ અંગે થયેલ ખર્ચ**

| અ.નં | જિલ્લાનું નામ | અછત વર્ષ ૨૦૦૨-૨૦૦૩ રાહતકામ અંગે થયેલ ખર્ચ (લાખમાં) | વર્ષ ૨૦૦૩-૨૦૦૪ રાહતકામ અંગે થયેલ ખર્ચ (અછત જાહેર થયેલ નથી) | અછત વર્ષ ૨૦૦૪-૨૦૦૫ રાહતકામ અંગે થયેલ ખર્ચ એપ્રિલ-૦૫ (લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૯૨.૯૩ | ૦ | અછત નથી |
| ૨ | અમરેલી | ૨૬.૪૨ | ૦ | અછત નથી |
| ૩ | આણંદ | ૦ | ૦ | અછત નથી |
| ૪ | બનાસકાંઠા | ૪૦૬૨.૨૧ | ૦ | એપ્રિલ-૦૫ સુધી રાહત કામ શરૂ થયેલ નથી. જેથી ખર્ચ શૂન્ય છે. |
| ૫ | જામનગર | ૧૮૭૮.૬૮ | ૦ | અછત નથી |
| ૬ | જુનાગઢ | ૧૭૫૦.૬૮ | ૦ | અછત નથી |
| ૭ | ખેડા | ૦ | ૦ | અછત નથી |
| ૮ | કચ્છ | ૨૭૦૯.૩૪ | ૦ | એપ્રિલ-૦૫ સુધી રાહત કામ શરૂ થયેલ નથી.જેથી ખર્ચ શૂન્ય છે. |
| ૯ | પાટણ | ૮૨૯.૫૯ | ૦ | અછત નથી |
| ૧૦ | પોરબંદર | ૨૪૩.૩૧ | ૦ | અછત નથી |
| ૧૧ | પંચમહાલ | ૪૯૬.૦૧ | ૦ | અછત નથી |
| ૧૨ | રાજકોટ | ૧૯૦૮.૭૫ | ૦ | અછત નથી |
| ૧૩ | સાબરકાંઠા | ૨૪૨૬.૦૬ | ૦ | ૬૧.૮૦ |
| ૧૪ | સુરેન્દ્રનગર | ૨૦૭૦.૯૪ | ૦ | અછત નથી |
| કુલ | | ૧૮૫૯૪.૯૨ | ૦ | ૬૧.૮૦ |

## ધોરવાડાથી ચોટીલા મંદિરના રોડનું કામ

અતારાંકિત : ૩૪૦૭ (૧૨-૫-૨૦૦૫) **શ્રી રણજિતસિંહ ન. ચાવડા(હિંમતનગર):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ધોરવાડાથી ચોટીલા મંદિરના રોડનું કામ કયારથી બાકી છે,

(૨) આ કયા કયા કારણોસર બાકી છે,

(૩) આ કામમાં વિલંબ થવામાં કોના દ્વારા બેદરકારી દાખવવામાં આવી છે, અને

(૪) આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૩-૮-૨૦૦૫) :

(૧) અને (૨) રસ્તાની કુલ લંબાઈ પૈકી ૭૦૦ મીટર લંબાઈમાં જંગલખાતાની જમીનના લીધે મે-૯૯ થી કામ બાકી છે,

(૩) જંગલખાતાની જમીન ઉપલબ્ધ ન થવાને લીધે કામમાં વિલંબ થયેલ છે.

(૪) વન વિભાગ તરફથી જમીન મળ્યા બાદ.

--------------

**હિંમતનગર તાલુકાના હડીયોલ ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન બનાવવા બાબત**

અતારાંકિત : ૩૪૦૮ (૩-૪-૨૦૦૫) **શ્રી રણજિતસિંહ ન. ચાવડા(હિંમતનગર): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) હિંમતનગર તાલુકાના હડીયોલ ગામે પ્રથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન કયારે મંજુર થયેલ,

(૨) આ કામનું ટેન્ડર કયારે મંજુર થયું,

(૩) ટેન્ડર મંજુર થયા પછી વર્ક ઓર્ડર કયારે આપવામાં આવ્યો,

(૪) આ કામ શરૂ કરવામાં આવેલ છે,

(૫) જો ના, તો તેના કારણો શું છે, અને

(૬) આ કામ કયારે શરૂ કરીને પૂર્ણ કરવામાં આવશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૩-૮-૨૦૦૫) :

(૧) તા. ૧૧.૨.૦૨ થી

(૨) બાંધકામ સમિતિ દ્વારા તા. ૨૦.૧.૦૫થી

(૩) તા. ૧/૧/૦૫ થી

(૪) હા જી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૬) કામ ૧૦-૧-૦૫ થી શરૂ કરીને ૧૧ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

--------------

**જામનગર તાલુકામાં પાકા રસ્તાથી વંચિત ગામો**

અતારાંકિત : ૩૫૨૨ (૧૨-૫-૨૦૦૫) ડૉ. **દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર તાલુકામાં કેટલા અને કયા કયા ગામો પાકા રસ્તાથી વંચિત છે, અને

(૨) આ ગામોને પાકા રસ્તાથી કયારે જોડવામાં આવશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૩-૮-૨૦૦૫) :

(૧) જામનગર તાલુકામાં તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ એક ગામ પી ટોટન પાકા રસ્તાથી વંચિત છે,

(૨) આ ગામ ટાપુ હોઈ જોડી શકાય તેમ નથી.

------------

## પાટણ જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના લાભાર્થી ગામો

અતારાંક્તિ : ૩૫૬૩(૧૩-૬-૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) માર્ચ ૨૦૦૫ને અંતે છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે પાટણ જિલ્લાના ક્યા ક્યા તાલુકાના ક્યા ક્યા ગામોને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે,

(૨) આમાંથી ક્યા ક્યા કામો પૂર્ણ થયા, ક્યા ક્યા બાકી છે,

(૩) આ માટે છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી નાણાંકીય ફાળવણી કરવામાં આવી હતી, અને

(૪) આ સ્થિતિએ કેટલુ ખર્ચ કરવામાં આવ્યું ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૮-૮-૦૫) :

(૧) અને (૨) માર્ચ ૨૦૦૫ અંતે છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ પાટણ જિલ્લાના મંજુર, પુર્ણ અને બાકી કામોની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | ગામ/પરાનું નામ | કામ પૂર્ણ/બાકી |
|---|---|---|---|
| ૧ | પાટણ | પંચક્વાડીયા | પૂર્ણ |
| ૨ | પાટણ | પ્રતાપપુરા | પૂર્ણ |
| ૩ | પાટણ | મહાદેવપુરા | પૂર્ણ |
| ૪ | પાટણ | આનંદપુરા | પૂર્ણ |
| ૫ | પાટણ | સાણાંદરડા | પૂર્ણ |
| ૬ | ચાણસ્મા | બળદેવપુરા | પૂર્ણ |
| ૭ | ચાણસ્મા | ઈન્દીરાનગર | પૂર્ણ |
| ૮ | ચાણસ્મા | લક્ષ્મીપુરા | પ્રગતિમાં |
| ૯ | સમી | નવીકુંવર | પૂર્ણ |
| ૧૦ | સમી | સીક્કરીયા ટીમ્બો | પૂર્ણ |
| ૧૧ | સમી | હરીપુરા ટીમ્બો | પૂર્ણ |

(૩) તાલુકાવાર નાણાંકીય ફાળવણી કરવામાં આવતી નથી પરંતુ જિલ્લાને રૂા. ૪૪૨.૯૨ લાખની નાણાંકીય ફાળવણી છેલ્લા બે વર્ષમાં કરેલ છે.

(૪) ૩૧-૩-૦૫ અંતિત રૂા. ૨૯૫.૫૩ લાખનો ખર્ચ થયેલ છે.

---------------

## અમદાવાદ શહેરમાં મહિલાઓ માટે શૈક્ષણિક, આરોગ્યના સર્વેક્ષણ

અતારાંક્તિ : ૩૩૨૭ (૭-૪-૦૫) **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અમદાવાદ શહેરમાં ઝૂંપડપટ્ટીમાં રહેતી શહેરી-ગરીબ મહિલાઓના શૈક્ષણિક, સામાજીક, આરોગ્ય અંગેના સ્તરનું સર્વેક્ષણ કોઈ અધિકૃત સંસ્થા દ્વારા થયું છે. કે કેમ,

(૨) જો હા, તો સર્વેક્ષણના શા તારણો છે, પરિસ્થિતિમાં પરિવર્તન માટે શું આયોજન છે. અને

(૩) જો ના, તો કરાવવા માગો છો કે કેમ ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૫-૮-૦૫) :

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) હાલ કોઈ આયોજન નથી.

---------------

એચબી-૩૪૬-૧૬

## રાજ્યમાં જિલ્લાવાર પુસ્તકાલયોની સંખ્યા અને ગ્રંથપાલોની ઘટ

અતારાંક્તિ : ૩૬૦૪ (૨૧-૬-૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યના ગ્રામ વિસ્તારોમાં જિલ્લાવાર કુલ કેટલાં પુસ્તકાલયો મે-૨૦૦૫ની સ્થિતિએ આવેલા છે,

(૨) આ પુસ્તકાલયોમાં હાલ ગ્રંથપાલોની સંખ્યા જિલ્લાવાર કેટલી છે, અને

(૩) જિલ્લાવાર ગ્રંથપાલોની ઘટ્ટ કેટલી છે ?

**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી મંત્રીશ્રી** (૧૦-૮-૦૫) :

(૧) રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં જિલ્લાવાર પુસ્તકાલયો મે-૨૦૦૫ની સ્થિતિએ નીચેના પત્રક્ના કોલમ નં.-૩ માં જણાવ્યા પ્રમાણેની છે.

(૨) ઉક્ત ગ્રંથાલયોમાં જિલ્લાવાર ગ્રંથપાલોની સંખ્યા નીચેના પત્રક્ના કોલમ નં. ૪માં જણાવ્યા પ્રમાણે છે.

| ક્રમ | જિલ્લાનું નામ | ગ્રામ ગ્રંથાલયોની સંખ્યા | ગ્રંથપાલોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૫૦ | ૫૦ |
| ૨ | ખેડા | ૪૩૭ | ૪૩૭ |
| ૩ | આણંદ | ૧૮૬ | ૧૮૬ |
| ૪ | સાબરકાંઠા | ૫૩ | ૫૩ |
| ૫ | મહેસાણા | ૪૬૬ | ૪૬૬ |
| ૬ | બનાસકાંઠા | ૩૬૬ | ૩૬૬ |
| ૭ | પાટણ | ૩૨૨ | ૩૨૨ |
| ૮ | ગાંધીનગર | ૬૨ | ૬૨ |
| ૯ | રાજકોટ | ૦૨ | ૦૨ |
| ૧૦ | જામનગર | ૦૦ | ૦૦ |
| ૧૧ | સુરેન્દ્રનગર | ૦૫ | ૦૫ |
| ૧૨ | ક્ચ્છ-ભુજ | ૦૧ | ૦૧ |
| ૧૩ | ભાવનગર | ૮૭ | ૮૭ |
| ૧૪ | અમરેલી | ૬૯ | ૬૯ |
| ૧૫ | જુનાગઢ | ૦૨ | ૦૨ |
| ૧૬ | પોરબંદર | ૦૦ | ૦૦ |
| ૧૭ | વડોદરા | ૬૩૯ | ૬૩૯ |
| ૧૮ | ભરૂચ | ૧૨૫ | ૧૨૫ |
| ૧૯ | નર્મદા | ૭૬ | ૭૬ |
| ૨૦ | દાહોદ | ૭૬ | ૭૬ |
| ૨૧ | પંચમહાલ | ૪૪૭ | ૪૪૭ |
| ૨૨ | સુરત | ૨૫૪ | ૨૫૪ |
| ૨૩ | નવસારી | ૪૮ | ૪૮ |
| ૨૪ | વલસાડ | ૫૨ | ૫૨ |
| ૨૫ | ડાંગ | ૦૦ | ૦૦ |
| | | ૩૮૨૫ | ૩૮૨૫ |

ઉક્ત અનુદાનિત ગ્રામ-ગ્રંથાલયોમાં ગ્રંથપાલોની એક માત્ર જગ્યા હોય છે. જે અંશકાલિન માનદવેતનથી ફરજ બજાવે છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

**રાજ્યના જુના પુસ્તકોની જાળવણી માટેનું આયોજન**

અતારાંક્તિ : ૩૬૧૬ (૧૩-૭-૦૫)**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા) :માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યના અસ્મિતા સમાન, ૬૦,૦૦૦ જેટલા ૧૦૦ વર્ષ જુના પુસ્તકોની જાળવણી માટે શું વ્યવસ્થા છે,

(૨) આ પુસ્તકોને બાઈન્ડીંગ કરીને સાચવવા અંગે કંઈ આયોજન છે કે કેમ, અને

(૩) જો હા તો, આ પુસ્તકોને સંપૂર્ણ દુરસ્ત કરીને સાચવવા અંગેનું કાર્ય કેટલા સમયમાં પૂર્ણ થશે ?

**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (૨૨-૮-૦૫) :

(૧) રાજ્ય સરકારશ્રી દ્વારા જાહેર ગ્રંથાલયોમાં સંગ્રહિત વર્ષ ૧૯૫૦ પહેલાના જુના પુસ્તકોની યોગ્ય જાળવણી અને સંરક્ષણ કરીને રાજ્યની અસ્મિતા સમાન આ પુસ્તકોને સમગ્ર રાજ્યમાંથી એકત્રીત કરીને સાચવવા માટે સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : ગથલ-૧૦૮૯-૬૧૯૬-૧૦૧૮-(૯૧)-બ, તા. ૧૩-૩-૯૧ના ઠરાવથી મહેસાણા ખાતે ""રાજ્ય કેન્દ્રીય અનામત ગ્રંથ ભંડાર""ની સ્થાપના સને ૧૯૯૧ થી કરવામાં આવેલ છે.

""રાજ્ય કેન્દ્રીય અનામત ગ્રંથ ભંડાર"" મહેસાણાને રાજ્યની એક માત્ર સંસ્થા છે. કે જ્યાં આવા અપ્રાપ્ય પુસ્તકોને ફ્યુમીગેશન ચેમ્બરમાં રાસાયણિક પ્રક્રિયાથી જીવાણું મુક્ત કરીને વાતાનુકૂલીત કક્ષમાં સાચવવામાં આવે છે. વળી, આ સંસ્થામાં લેમીનેશન મશીનની પણ સુવિધા છે. જેથી અપ્રાપ્ય પુસ્તકો પૈકી ફાટી તૂટી ગયેલા પુસ્તકોના પાના લેમીનેટેડ કરી લેવાય છે. જેથી આ અપ્રાપ્ય પુસ્તકોની યોગ્ય જાળવણી અને સુરક્ષા થઈ શકે. આ સંસ્થાના ગ્રંથસંગ્રહનો કોમ્પ્યુટરાઈઝ ડેટા પણ તેયાર કરવામાં આવેલ છે.

આ સંગ્રહિત સાહિત્ય રાજ્યના વિદ્યાર્થીઓ, સંશોધક, એમ.ફીલ કે પી. એચ.ડી. કરનાર વર્ગને જોઈતી માહિતી કે ગ્રંથોની સુવિધા પુરી પડાય છે. ઝેરોક્ષ મશીનની સગવડતા હોઈ ઝેરોક્ષ કોપી પણ પુરી પડાય છે.

હાલમાં આ સંસ્થા ખાતે ગુજરાતી ભાષાના કુલ ૬,૬૮૬, અંગ્રેજી ભાષાના કુલ ૬૭૧૪, હિન્દી ભાષાના કુલ ૨૮૪, સંસ્કૃત ભાષાના કુલ ૨૯૭ અને અન્ય કુલ ૨૬૭૩ પુસ્તકો મળી કુલ ૧૬૬૫૪ જેટલા અપ્રાપ્ય ગ્રંથોનો સંગ્રહ કરી તેને વૈજ્ઞાનિક ઢબે સાચવવામાં આવી રહ્યા છે. રાજ્યના અન્ય ગ્રંથાલયોમાં પત્ર વ્યવહાર કરીને તેમજ મુલાકાતો લઈ અપ્રાપ્ય પુસ્તકોનો સર્વે કરી તે ગ્રંથાલયોના સત્તામંડળો સાથે પરામર્શ કરી આવા ગ્રંથો મેળવવામાં આવે છે. અને આમ સંસ્થાના ગ્રંથ સંગ્રહમાં સમયાંતરે વધુ અપ્રાપ્ય ગ્રંથો પ્રતિ વર્ષ ઉમેરાતા રહે છે.

(૨) હા, ""રાજ્ય કેન્દ્રીય અનામત ગ્રંથ ભંડાર"" મહેસાણા ખાતે સંગ્રહિત અપ્રાપ્ય સાહિત્ય તેમજ રાજ્યમાં આવેલા અન્ય સરકારી ગ્રંથાલયોમાં પુસ્તક બાઈન્ડીંગ માટેની કામગીરી થાય છે. અનુદાનિત ગ્રંથાલયોમાં પુસ્તક બાઈન્ડીંગ માટેનો ખર્ચ ગ્રાન્ટ પાત્ર ગણાય છે.

(૩) જરૂરીયાત અનુસાર સમાયાંતરે રાજ્ય કેન્દ્રીય અનામત ગ્રંથ ભંડાર મહેસાણા ખાતે અપ્રાપ્ય પુસ્તકોની જાળવણી માટે બાઈન્ડીંગ કાર્ય કરાવાય છે. અને સરકારી ગ્રંથાલયો દ્વારા પણ ગ્રંથ સુરક્ષા અર્થે પુસ્તક બાઈન્ડીંગની કામગીરી હાથ ધરાતી હોઈ પ્રશ્ન રહેતો નથી.

-------------

## રાજ્યમાં જિલ્લાવાર ખેડૂતોને વીજ સબસીડી આપવા અંગે

અતારાંક્તિ : ૩૫૭૬ (૧૩-૬-૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે-

માર્ચ, ૨૦૦૫ને અંતે છેલ્લા ૩ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કુલ કેટલા ખેડૂતોને વીજ વપરાશમાં કેટલી રકમની સબસીડી આપવામાં આવી ?

**મંત્રીશ્રી મંત્રીશ્રી** (ઉર્જા) (૩-૮-૦૫) :

છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા વીજ યુટીલીટીઓને મારફત ખેડૂતોને વીજ વપરાશમાં આપવામાં આવેલ સબસીડીની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | ગ્રાહકોની સંખ્યા | કૃષિ વિષયક વીજ સબસીડીની રકમ (રૂા. કરોડમાં ) |
|---|---|---|
| ૨૦૦૨-૦૩ | ૬૦૬,૭૦૫ | ૧૭૯૧.૬૩૧૮ |
| ૨૦૦૩-૦૪ | ૬,૪૮,૫૦૭ | ૧૭૩૦.૭૧૪૧ |
| ૨૦૦૪-૦૫ | ૬૭૦,૮૯૦ | ૧૫૮૭.૧૩૭૦ |

---------------

## આણંદ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના અન્વયે બાકી વીજ જોડાણ

અતારાંક્તિ : ૩૫૮૫ (૧૩-૬-૦૫) **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે-

(૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર કુટિર જ્યોતિ યોજના અંતર્ગત તા. ૩૧-૫-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી માગણીઓ આવી,

(૨) તે પૈકી કેટલા વીજજોડાણો આપવામાં આવ્યા, અને

(૩) બાકી વીજજોડાણો ક્યારે આપવાનું આયોજન છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૧૮-૮-૦૫) :

(૧) અને (૨) આણંદ જિલ્લામાં તાલુકાવાર કુટિર જ્યોતિ યોજના અંતર્ગત તા. ૩૧-૫-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ માંગણી, આપવામાં આવેલ વીજજોડાણ અને બાકી જોડાણની વિગતો નીચે મુજબ છે.

**પત્રક**

| અનુક્રમ | તાલુકાનું નામ | મળેલ માંગણીઓ | પાત્રતા ધરાવતી અરજીઓની સંખ્યા | આપેલ વીજજોડાણની સંખ્યા | મે-૦૫ અંતિત પડતર અરજીઓ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | આણંદ | ૨૦૫ | ૨૦૫ | ૦ | ૨૦૫ |
| ૨. | બોરસદ | ૨૮૦ | ૨૮૦ | ૦ | ૨૮૦ |
| ૩. | ખંભાત | ૧૮ | ૧૮ | ૮ | ૧૦ |
| ૪. | પેટલાદ | ૨૦૩ | ૧૫૭ | ૧૧૩ | ૪૪ |
| ૫. | સોજીત્રા | ૩૬ | ૩૪ | ૧૭ | ૧૭ |
| ૬. | તારાપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭. | ઉમરેઠ | ૪૦૪ | ૩૭૨ | ૧૧૩ | ૨૫૯ |
| ૮. | આંકલાવ | ૧૬૮ | ૧૬૮ | ૧૫ | ૧૫૩ |
| | કુલ | ૧૩૧૪ | ૧૨૩૪ | ૨૬૬ | ૯૬૮ |

(૩) કેન્દ્ર સરકાર દ્વારા એ.આર. ઈ. પી. યોજના હેઠળ લક્ષ્યાંક મળ્યે શક્ય તેટલા વહેલાં.

-----------

## રાજ્યમાં જિલ્લાવાર વિધવા સહાયની ચૂકવણી

અતારાંક્તિ : ૩૨૪૮ (૧૫-૨-૦૫) **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં જિલ્લાવાર કેટલી વિધવા મહિલાઓને પેન્શનની સહાય મેળવવા તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ સરકારને મળેલ છે,

(૨) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી,

(૩) કેટલી સહાય ચૂકવવાની બાકી છે, અને

(૪) બાકી સહાય કેટલા સમયમાં ચૂકવાશે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૨૫-૮-૦૫) :

(૧) ૧૬૩૮૬ } જિલ્લાવાર માહિતીનું પત્રક

(૨) રૂા. ૧૩૦.૧૧ લાખ } પરિશિષ્ટ-૧ સામેલ છે.

(૩) અને (૪) } તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રૂા. ૭૭.૪૪ લાખની સહાય ચૂકવવાની બાકી રહેતી હતી જે ચૂકવાઈ ગયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પરિશિષ્ટ--૧**

| ક્રમ | જિલ્લો | છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં કેટલી અરજીઓ મળી? | તે પૈકી કેટલી સહાય ચુકવવામાં આવી (રૂા. લાખમાં) | કેટલી સહાય ચુકવવાની બાકી છે અને |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમદાવાદ | ૧૧૨૬ | ૨.૯૨ | ૨૪.૬૧ |
| ૨ | અમરેલી | ૨૮૨ | ૭.૭૨ | ૦.૧૮ |
| ૩ | બનાસકાંઠા | ૯૩૩ | ૧૨.૧૭ | ૩.૩૪ |
| ૪ | ભાવનગર | ૬૬૯ | -નીલ- | ૯.૦૫ |
| ૫ | ભરૂચ | ૩૪૮ | -નીલ- | ૨.૩૮ |
| ૬ | નર્મદા | ૨૦૮ | ૨.૧૫ | ૦.૫૨ |
| ૭ | ડાંગ | ૭૧ | ૦.૪૭ | ૦.૦૪ |
| ૮ | ગાંધીનગર | ૨૪૯ | -નીલ- | ૫.૩૫ |
| ૯ | જામનગર | ૨૬૮ | ૩.૫૯ | -નીલ- |
| ૧૦ | જુનાગઢ | ૫૩૨ | ૩.૭૯ | ૮.૧૦ |
| ૧૧ | પોરબંદર | ૧૯૪ | -નીલ- | ૪.૧૦ |
| ૧૨ | ખેડા | ૭૯૪ | ૩.૯૭ | -નીલ- |
| ૧૩ | આણંદ | ૬૫૬ | ૧૪.૯૧ | -નીલ- |
| ૧૪ | કચ્છ | ૪૨૮ | ૧.૭૩ | ૦.૮૯ |
| ૧૫ | મહેસાણા | ૫૭૬ | ૩.૦૨ | ૧.૩૦ |
| ૧૬ | પાટણ | ૫૪૫ | ૧૪.૧૦ | ૦.૦૬ |
| ૧૭ | પંચમહાલ | ૧૩૫૨ | ૦.૬૨ | ૦.૨૬ |
| ૧૮ | દાહોદ | ૨૩૧૨ | ૧૫.૫૪ | ૨.૩૧ |
| ૧૯ | રાજકોટ | ૭૯૧ | ૬.૧૨ | -નીલ- |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૩૬૪ | ૫.૭૯ | -નીલ- |
| ૨૧ | સાબરકાંઠા | ૧૦૦૪ | ૧૪.૦૧ | ૨.૦૯ |
| ૨૨ | સુરત | ૧૦૪૮ | ૯.૭૭ | ૭.૯૨ |
| ૨૩ | વડોદરા | ૭૪૬ | ૨.૩૨ | ૦.૯૦ |
| ૨૪ | વલસાડ | ૩૫૪ | ૩.૮૧ | ૧.૭૮ |
| ૨૫ | નવસારી | ૫૩૬ | ૧.૫૯ | ૨.૨૬ |
| | **કુલ :** | **૧૬,૩૮૬** | **૧૩૦.૧૧** | **૭૭.૪૪** |

------------------

## રાજ્યમાં વિધવા મહિલાઓને ચૂકવવાની થતી બાકી સહાય

અતારાંકિત ૩૨૪૯ (૧૫-૨- ૦૫) **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ૧-૪-૨૦૦૪ થી ૩૧-૧૨-૦૪ સુધીમાં નિરાધાર વિધવા મહિલાઓને જીવન નિર્વાહ માટે જિલ્લાવાર કેટલી મહિલાઓને રકમ ચૂકવાઈ છે,

(૨) કેટલી મહિલાઓને સહાય ચૂકવવાની બાકી છે, અને

(૩) ઓછી ગ્રાન્ટ ફાળવવાના શું કારણો છે?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૨૫-૮-૦૫) :

(૧) ૧,૦૧,૮૪૪ જિલ્લાવાર માહિતીનું પત્રક પરિશિષ્ટ-૧ સામેલ છે.

(૨)અને (૩)

૩૯૫૫૦ લાભાર્થીઓને તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સહાય ચૂકવવાની બાકી હતી. જે ચૂકવાઈ ગયેલ છે. લાભાર્થીઓની સંખ્યામાં વધઘટ થવાને કારણે આમ બનવા પામે છે, જેથી ગ્રાન્ટ ઓછી ફાળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પરિશિષ્ટ--૧**

| ક્રમ | જિલ્લો | તા. ૧-૪-૦૪ થી તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં ચુકવાયેલ નિર્વાહની વિધવા મહિલાઓની સંખ્યા | સહાય ચુકવવાની બાકી લાભાર્થીની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | અમદાવાદ | ૧૪,૩૭૦ | ૧૦૪ |
| ૨ | અમરેલી | ૨,૭૮૪ | ૩૨ |
| ૩ | બનાસકાંઠા | ૩,૯૫૧ | ૬૬ |
| ૪ | ભાવનગર | ૪,૨૨૨ | ૨૦૦ |
| ૫ | ભરૂચ | ૨,૯૨૦ | ૧૨૭ |
| ૬ | નર્મદા | ૮૯૨ | ૧૩ |
| ૭ | ડાંગ | ૭૪૦ | ૫૨૩ |
| ૮ | ગાંધીનગર | ૨,૬૦૧ | ૭૯ |
| ૯ | જામનગર | ૨,૫૯૮ | -નીલ- |
| ૧૦ | જુનાગઢ | ૨,૫૨૯ | ૧૬૨ |
| ૧૧ | પોરબંદર | ૧,૦૫૧ | ૮૨ |
| ૧૨ | ખેડા | ૩,૮૫૫ | -નીલ- |
| ૧૩ | આણંદ | ૩,૮૯૩ | -નીલ- |
| ૧૪ | કચ્છ | ૩,૩૪૮ | ૨૯૫૦ |
| ૧૫ | મહેસાણા | ૫,૧૦૦ | ૫૧૦૦ |
| ૧૬ | પાટણ | ૨,૪૨૫ | ૧૦ |
| ૧૭ | પંચમહાલ | ૮,૯૪૬ | ૮૯૪૬ |
| ૧૮ | દાહોદ | ૨,૩૭૬ | ૯૮ |
| ૧૯ | રાજકોટ | ૩,૯૬૬ | -નીલ- |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૨,૧૬૦ | -નીલ- |
| ૨૧ | સાબરકાંઠા | ૫,૨૭૧ | ૧૦૬ |
| ૨૨ | સુરત | ૭,૬૯૬ | ૭,૮૫૮ |
| ૨૩ | વડોદરા | ૬,૮૫૭ | ૬,૦૮૫ |
| ૨૪ | વલસાડ | ૩,૨૩૪ | ૩,૧૪૨ |
| ૨૫ | નવસારી | ૪,૦૫૯ | ૩,૮૬૭ |
| | **કુલ :** | **૧,૦૧,૮૪૪** | **૩૯,૫૫૦** |

----------------

**રાજ્યમાં વિધવા સહાય સમયસર ન ચૂકવવા અંગે મળેલી ફરિયાદો**

અતારાંક્તિ ૩૩૧૫ (૫-૩-૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિધવાઓને સહાય ના મળતી હોય/મોડી મળતી હોય તેની કુલ કેટલી ફરિયાદો જિલ્લાવાર સરકારને મળી છે, અને

(૨) આમાંથી કેટલી ફરિયાદોમાં તપાસ કરવામાં આવી ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૨૫-૮-૦૫) :

(૧) અને (૨) કુલ ૪૬૩૬ ફરિયાદો મળેલ જે પેકી ૪૩૬૮ ફરિયાદોમાં તપાસ કરી નિકાલ કરવામાં આવેલ છે. જિલ્લાવાર માહિતી પરિશિષ્ટ-૧ મુજબ છે.

**પરિશિષ્ટ--૧**

| ક્રમ | જિલ્લો | ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સહાય મળતી હોય/મોડી મળતી હોય તેવી મળેલ ફરિયાદો | મળેલ ફરિયાદોમાં તપાસ કરી કરવામાં આવેલ નિકાલ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | અમદાવાદ | ૯૫૬ | ૭૧૭ |
| ૨ | અમરેલી | ૨૮ | ૨૮ |
| ૩ | બનાસકાંઠા | ૧૨ | ૧૨ |
| ૪ | ભાવનગર | ૬૫ | ૬૫ |
| ૫ | ભરૂચ | ૯ | ૯ |
| ૬ | નર્મદા | ૪ | ૪ |
| ૭ | ડાંગ | ૩ | ૩ |
| ૮ | ગાંધીનગર | ૩૫૬ | ૩૫૬ |
| ૯ | જામનગર | ૫૪ | ૫૪ |
| ૧૦ | જુનાગઢ | ૨૬૫ | ૨૬૫ |

| | | | |
|---|---|---|---|
| ૧૧ | પોરબંદર | ૪૪ | ૪૪ |
| ૧૨ | ખેડા | ૨૬ | ૨૬ |
| ૧૩ | આણંદ | ૧૫ | ૧૫ |
| ૧૪ | કચ્છ | ૧૮ | ૧૮ |
| ૧૫ | મહેસાણા | ૩૪૭ | ૩૪૭ |
| ૧૬ | પાટણ | ૭૬ | ૭૬ |
| ૧૭ | પંચમહાલ | ૬૭૭ | ૬૭૭ |
| ૧૮ | દાહોદ | ૩૦૮ | ૩૦૮ |
| ૧૯ | રાજકોટ | ૩૧ | ૨૪ |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૨૫ | ૨૫ |
| ૨૧ | સાબરકાંઠા | ૯૨૧ | ૯૦૧ |
| ૨૨ | સુરત | ૨૬૭ | ૨૬૫ |
| ૨૩ | વડોદરા | ૩૨ | ૩૨ |
| ૨૪ | વલસાડ | ૧૪ | ૧૪ |
| ૨૫ | નવસારી | ૮૩ | ૮૩ |
| | **કુલ :** | **૪,૬૩૬** | **૪,૩૬૮** |

--------------------

## અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| **ક્રમ** | **વિભાગનું નામ** | **નંબર** | **કુલ** |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૩૩૩૨, ૩૪૮૦, ૩૪૮૨, ૩૫૭૭, ૩૫૭૯ | ૫ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૩૪૬૪, ૩૫૩૫, ૩૫૮૦, ૩૫૯૧ | ૪ |
| ૩ | નાણા વિભાગ | ૩૨૫૦, ૩૬૦૩ | ૨ |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૩૫૮૮, ૩૬૦૯, ૩૫૫૧ | ૩ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૩૩૯૩, ૩૪૯૨, ૩૫૧૧, ૩૫૧૨ | ૪ |
| ૬ | ગૃહ વિભાગ | ૩૬૧૨, ૩૬૧૩, ૩૬૧૪ | ૩ |
| ૭ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૩૫૫૯ | ૧ |
| ૮ | શ્રમ અને રોજગાર વિભાગ | ૩૫૯૭ | ૧ |
| ૯ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૩૨૭૪, ૩૨૮૯, ૩૪૫૫, ૩૪૫૭, ૩૫૦૩, ૩૫૦૪, ૩૫૦૯, ૩૫૨૦, ૩૫૨૧ | ૯ |
| ૧૦ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૩૫૨૩, ૩૫૨૪ | ૨ |
| ૧૧ | મહેસૂલ વિભાગ | ૩૩૨૩, ૩૩૯૦, ૩૪૮૬, ૩૫૪૯ | ૪ |
| ૧૨ | માર્ગ અને મકાન વિભાગ | ૩૪૦૭, ૩૪૦૮, ૩૫૨૨, ૩૫૬૩ | ૪ |
| ૧૩ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૩૩૨૭ | ૧ |
| ૧૪ | રમતગમત, યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૩૬૦૪, ૩૬૧૬ | ૨ |
| ૧૫ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૩૫૭૬, ૩૫૮૫ | ૨ |
| ૧૬ | મહિલા અને બાળ કલ્યાણ વિભાગ | ૩૨૪૮, ૩૨૪૯, ૩૩૧૫ | ૩ |
| | | **કુલ :** | **૫૦** |

----------------

**શ્રી ધીરુભાઈ ગજેરા :** માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન હતો કે (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** ઝીરો અવર્સ માટે મને તમે મળ્યા નથી. મારી મંજૂરી લીધી નથી અને મંત્રીશ્રીને મળીને પણ મંજૂરી લીધી નથી, એટલે ઝીરો અવર્સનો પ્રશ્ન રહેતો નથી. (અંતરાય) તમે ઓફિસમાં આવીને મને મળજો, આપણે ચર્ચા કરી લઈશું. પ્લીઝ, ઓફિસમાં મળજો, (અંતરાય) આપ ઓફિસમાં આવીને મને મળજો કોઈ પ્રશ્નમાં તમને તકલીફ હોય અથવા દાખલ થયેલ ન હોય, તો આપ મને મળી શકો છો. ચર્ચા કરીને કોઈ તકલીફ હશે તો જોઈ લઈશું. (અંતરાય) આગળ ચાલો. નેક્સ્ટ.

# મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રીનું નિવેદન(નિયમ-૪૪)

### સંકલિત બાળ વિકાસ સેવા યોજના હેઠળ મુખ્ય સેવિકાની જગ્યાઓ નોમીનેશનથી ભરવા અંગે B#>

**શ્રીમતી આનંદીબેન પટેલ મ.પટેલ (મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, સંકલિત બાળ વિકાસ સેવા યોજના (આઈ.સી.ડી.એસ.) અંતર્ગત મુખ્ય સેવિકાની ૮૦૦ જેટલી જગ્યાઓ છેલ્લા ૧૦ વર્ષથી આ કેડરમાં ભરતી ન થવાના કારણે ખાલી રહેવા પામેલ છે. અને તેને કારણે યોજનાના અમલીકરણમાં અસર પડી છે તેમજ રાજય સરકારની માગણીને ધ્યાને રાખીને તાજેતરમાં ભારત સરકાર દ્વારા વધારાના ૩૫૨૩ આંગણવાડી કેન્દ્રો મંજૂર કરતા બીજી વધારાની ૧૩૧ જગ્યાઓ ઉભી કરવામાં આવી રહેલ છે.

આથી આ બાળકો અને માતાઓના પોષણ અને સ્વાસ્થ્ય માટેની યોજનાના અમલીકરણ માટેની મુખ્ય સેવિકાની મહત્વની જગ્યાઓ ઘણા લાંબા સમયથી ખાલી રાખી શકાય નહીં. તેમજ સુપ્રિમ કોર્ટની પણ યોજનાના અસરકારક અમલીકરણ માટેની સૂચનાઓ વારંવાર મળતી રહેલ છે. આથી રાજય સરકારે મુખ્ય સેવિકાની જગ્યાઓ જે આંગણવાડી વર્કર એસ.એસ.સી. કે તેથી વધુ શૈક્ષણિક લાયકાત ધરાવતી હોય અને સતત ૧૦ વર્ષથી વધુ સેવાઓ આંગણવાડી કેન્દ્ર પર આપેલ હોય તેવા આંગણવાડી વર્કરોને નોમીનેશન દ્વારા મુખ્ય સેવિકાની જગ્યા પર મૂકવાનો નિર્ણય કરેલ છે. આ ખાલી જગ્યાઓ જે તે સંબંધિત જિલ્લામાં મંજૂર થયેલ મુખ્ય સેવિકાની જગ્યાઓ પૈકી ૫૦ ટકા જગ્યાઓ નોમીનેશનની પ્રક્રિયાથી ભરવામાં આવશે.

આથી માતાઓ અને બાળકો માટે આ સંકલિત બાળ વિકાસ સેવા યોજના મારફત અપાતી સેવાઓ વધુ સુદ્રઢ કરી શકાશે. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા :** માનનીય અધ્યક્ષશ્રી, નિયમ ૪૪ ઉપર નિવેદન કર્યું છે એના ઉપર કોઈ સભ્યશ્રીને માહિતી જોઈતી હોય તો માહિતી આપી શકાય છે. બહેન આ વ્યવસાય સાથે સંકળાયેલા છે એટલે પ્રશ્નો પૂછવાની મંજૂરી આપવામાં આવે.

**અધ્યક્ષશ્રી :** આમાં પ્રશ્નોતરી જેવું નથી હોતું પણ માહિતી જોઈતી હોય તો એક બે પ્રશ્ન પૂછી શકો છો.

**ડૉ.ચંદ્રિકાબેન ચુડાસમા :** માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રીએ જાહેર અગત્યની બાબતનું નિવેદન કર્યું અને જાહેર અગત્યની બાબતના નિવેદનમાં એમણે એમ કહ્યું કે, ૫૦ ટકા જગ્યાઓ જે ૧૦ વર્ષનો અનુભવ અને એસ.એસ.સી. સુધી પાસ થયેલ છે એમાંથી નોમીનેશનથી ભરશે. ત્યારે મારે એ પૂછવું છે કે, બીજી પચાસ ટકા જગ્યાઓ કઈ રીતે ભરાશે અને બીજું મારે આપના દ્વારા કહેવું છે કે, આ ગૃહના મહિલા ધારાસભ્યશ્રીને માત્રને માત્ર સ્યુસાઇડ કરવો પડે, કેરોસીન છાંટીને હું બળી મરીશ એવી આત્મવિલોપન કરવાની વાત કરવી પડે ત્યારે ..

**અધ્યક્ષશ્રી :** પ્લીઝ નહિ નહિ, નો નો, નેક્સ્ટ, નહિ નહિ નેક્સ્ટ.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## સન ૨૦૦૩-૦૪ ના ગુજરાત સરકારના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલના ઑડિટ અહેવાલો

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સરકારના

-

(૧) (અ) ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલનો સન ૨૦૦૩-૦૪ના વર્ષનો ઑડિટ અહેવાલ (મૂલકી)
(બ) ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલનો સન ૨૦૦૩-૦૪ના વર્ષનો ઑડિટ અહેવાલ (મહેસૂલી પ્રાપ્તિ)
(ક) ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલનો સન ૨૦૦૩-૦૪ના વર્ષનો ઑડિટ અહેવાલ (વાણિજ્યક)
- સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## સન ૨૦૦૩-૦૪ અને સન ૨૦૦૪-૦૫ના ગુજરાત ફિલ્મ વિકાસ નિગમ લિમિટેડના વાર્ષિક અહેવાલો

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ફિલ્મ વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૦૩-૦૪ અને સન ૨૦૦૪-૦૫ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા સન ૨૦૦૩-૦૪ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**આ તબક્કે કોંગ્રેસપક્ષના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યો તરફથી સતત સૂત્રોચ્ચાર કરવામાં આવ્યો.**

**માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહના બપોરના ૧-૦૭ વાગ્યે અરધો કલાક માટે મુલતવી રહ્યું.**

**મુલતવી રહેલ સભાગૃહ બપોરના ૧-૩૭ વાગ્યે ફરી મળ્યું**

**અધ્યક્ષશ્રી પ્રો. મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

. **અધ્યક્ષશ્રી** : ઑર્ડર ઑર્ડર, નેક્સ્ટ

**(સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો) (ક્રમશ:):**

## સન ૨૦૦૪-૦૫નો ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો વાર્ષિક અહેવાલ

**શ્રી મંગુભાઈ છ. પટેલ (વન અને પર્યાવરણ ।મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૦૪-૦૫નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

## સન ૨૦૦૩-૦૪નું ગુજરાત વિદ્યુત બોર્ડનું વાર્ષિક હિસાબી પત્રક

**શ્રી સૌરભ પટેલ (રાજ્ય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિદ્યુત બોર્ડનું સન ૨૦૦૩-૦૪નું વાર્ષિક હિસાબી પત્રક તથા આ પત્રકને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**પત્રક તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

## સન ૧૯૯૨-૯૩ તથા ૧૯૯૩-૯૪ ના અનુસૂચિત જાતિ રાષ્ટ્રિય આયોગના વાર્ષિક અહેવાલો

**શ્રી રમણલાલ ઈ. વોરા (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત અનુસૂચિત જાતિ રાષ્ટ્રિય આયોજનના સન ૧૯૯૨-૯૩ અને ૧૯૯૩-૯૪ના વાર્ષિક અહેવાલો તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

## સન ૨૦૦૪નો ગુજરાત તકેદારી આયોગનો વાર્ષિક અહેવાલ

**શ્રી અમિત અ. શાહ (રાજ્ય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૦૪નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

## માહિતી અને પ્રસારણ વિભાગની સન ૧૯૭૭ના ગુજરાત મનારંજન કર અધિનિયમ અન્વયેની અધિસૂચના

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા ( માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રસારણ વિભાગની સન ૧૯૭૭ના ગુજરાત મનોરંજન કર અધિનિયમ અન્વયેની તા.૨૨-૩-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: ( જીએચટી-૨૦૦૫-૬ ) -ઈપીટી-૧૦૨૦૦૫-એમપી-૧-અ ને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

## ગૃહ વિભાગની સન ૧૯૪૯ના મુંબઈ નશાબંધી અધિનિયમ અન્વયેની અધિસૂચના

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના નશાબંધી અને આબકારીમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગની સન ૧૯૪૯ના મુંબઈ નશાબંધી અધિનિયમ અન્વયેની-

(૧) તા.૧૮-૩-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીજી/૨૫/ડીએનએસ/૨૦૦૧/એમ/૩૦૩/ઈ.૧
(૨) તા.૧૮-૩-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીજી/૨૬/ડીએનએસ/૨૦૦૧/એમ/૩૦૩/ઈ.૧

-અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

**નાણા વિભાગની સન ૧૯૬૯ના ગુજરાત વેચાણવેરા અધિનિયમ અન્વયેની અધિસૂચનાઓ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણાં વિભાગની સન ૧૯૬૯ના ગુજરાત વેચાણવેરા અધિનિયમ અન્વયેની -

(૧)તા.૧-૪-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: (જીએચએન-૫)-જીએસટી-૨૦૦૫-(એસ.૪૯)(૩૯૯)-ઠ
(૨)તા.૨-૭-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: (જીએચએન-૧૪)-જીએસટી-૨૦૦૫-(એસ.૪૯)(૪૦૦)-ઠ
(૩)તા.૨-૭-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: (જીએચએન-૧૫)-જીએસટી-૨૦૦૫-(એસ.૪૯)(૪૦૧)-ઠ
(૪) તા.૧૧-૮-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક:(જીએચએન-૧૮)-જીએસટી-૨૦૦૫-(એસ.૪૯)(૪૦૨)-ઠ
(૫) તા.૧-૪-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: (જીએચએન-૬)-જીએસઆર-૨૦૦૫-(૧૧૧)-ઠ
(૬) તા.૧૭-૫-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: (જીએચએન-૧૧)-જીએસઆર-૨૦૦૫-(૧૧૨)-ઠ
(૭) તા.૪-૬-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: (જીએચએન-૧૩)-જીએસઆર-૨૦૦૫-(૧૧૩)-ઠ
(૮) તા.૨૯-૮-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: (જીએચએન-૧૯)-જીએસઆર-૨૦૦૫-(૧૧૪)-ઠ

-સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની જાહેરનામાઓ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના સન ૨૦૦૩ના વીજળી અધિનિયમ અને સન ૨૦૦૩ના ગુજરાત વીજ ઉદ્યોગ ( પુન:રચના અને નિયમન ) અધિનિયમ અન્વયેના-

(૧) તા.૩૦-૩-૨૦૦૫ના જાહેરનામા ક્રમાંક: ૨/૨૦૦૫
(૨ તા.૩૦-૩-૨૦૦૫ના જાહેરનામા ક્રમાંક: ૩/૨૦૦૫
(૩) તા.૩૦-૩-૨૦૦૫ના જાહેરનામા ક્રમાંક: ૪/૨૦૦૫
(૪) તા.૩૦-૩-૨૦૦૫ના જાહેરનામા ક્રમાંક: ૫/૨૦૦૫
(૫) તા.૩૦-૩-૨૦૦૫ના જાહેરનામા ક્રમાંક: ૬/૨૦૦૫
(૬) તા.૩૦-૩-૨૦૦૫ના જાહેરનામા ક્રમાંક: ૭/૨૦૦૫
(૭) તા.૩૧-૩-૨૦૦૫ના જાહેરનામા ક્રમાંક: ૮/૨૦૦૫
(૮) તા.૩૧-૩-૨૦૦૫ના જાહેરનામા ક્રમાંક: ૯/૨૦૦૫
(૯) તા.૩૧-૩-૨૦૦૫ના જાહેરનામા ક્રમાંક: ૧૦/૨૦૦૫
(૧૦) તા.૩૧-૩-૨૦૦૫ના જાહેરનામા ક્રમાંક: ૧૧/૨૦૦૫
(૧૧) તા.૩૧-૩-૨૦૦૫ના જાહેરનામા ક્રમાંક: ૧૨/૨૦૦૫
(૧૨) તા.૨-૮-૨૦૦૫ના જાહેરનામા ક્રમાંક: જીએચયુ-૨૦૦૫-૮૪-જીઆરસી-૨૦૦૩-૯૬૮૮-ક

-સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૦૬૭૨ ( અગ્રતાક્રમ-૬ ) તારીખ:૧૦-૩-૨૦૦૫ના અનુસંધાને વધારાની માહિતી.**

**શ્રી કૌશિકભાઈ જ.પટેલ (મહેસૂલ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા.૧૦-૩-૨૦૦૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્ય શ્રીમતી રશીદાબેન પટેલના " ભરૂચ જિલ્લામાં જમીન

બિન ખેતી કરવાની માંગણીઓ " અંગેના તારાંકિત પ્રશ્ન ક્રમાંક :૧૦૬૭૨ ( અગ્રતા ક્રમ-૬ ) અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

**કામકાજ સલાહકાર સમિતિના નવમા અહેવાલની રજૂઆત**

**અધ્યક્ષશ્રી** : હું કામકાજ સલાહકાર સમિતિનો નવમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

**શ્રી અશોક ભટ્ટ ( વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, " આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના નવમા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**( આ તબકકે વિરોધપક્ષ તરફથી " હિટલરશાહી બંધ કરો"ના સૂત્રોચ્ચારો સતત ચાલુ)**

## સરકારી વિધેયકો

**સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક :૩૧**

**મુંબઈ મોટર સ્પિરિટ વેચાણવેરા ( ગુજરાત સુધારા ) વિધેયક, ૨૦૦૫**

**મુંબઈ મોટર સ્પિરિટ વેચાણવેરા અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક.**

**અધ્યક્ષશ્રી :** માનનીય બાબુભાઈ આપનું પ્રવચન ચાલુ છે. આપે ભાગ લેવો હોય તો બોલી શકો છો.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી મોટર સ્પિરિટ અંગેનું જે બિલ લઈને આવ્યા છે તેમાં હું મારી વાતને આગળ વધારું છું. ગઈકાલે એક મુદ્દો ઉભો કરવામાં આવ્યો અને મારે ખૂબ ખેદ સાથે આપનું ધ્યાન દોરવાનું છે પૂર્વ નાણાંમંત્રીશ્રીએ એમ કહયું કે મોટર સ્પિરિટ એકટ અને સેલ્સટેક્ષ એકટ જુદો છે. એમણે રજૂ કરેલા અગાઉના તમામ બજેટોની અંદર મોટર સ્પિરિટ ટેકસનો અલગ કયાંય ઉલ્લેખ કરેલો નથી. સેલ્સટેક્ષની આવકો સાથેજ તેનો ઉલ્લેખ કરવામાં આવેલો છે અને હું તો તેને વિવાદમાં મૂકવા માગતો નથી પરંતુ હું તો લોકસાહિત્યનો જીવ છું અને વજુભાઈ પણ તેને પારખી શકશે. દુલા કાગનો દુહો કહું છું કે,

" છાશ, માખણ અને ઘી છેવટે જેની હાલત અળગી હોય પણ કદી ના કાળા હોય કારણકે તેના કૂળ દૂધળીયા કાગડા."

માનનીય અધ્યક્ષશ્રી, આ મોટર સ્પિરીટ છે તેમાં તમામ ઓઈલના પ્રકાર આવી જાય છે. તેમાં કેરોસીન હોય, પેટ્રોલ હોય, એમાં હાઈ સ્પીડ ડીઝલ હોય, એમાં લો સ્પીડ ડીઝલ હોય એ બધું આવી જાય છે.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

**વિધેયકના વિષયની મર્યાદામાં રહીને ચર્ચા કરવા અંગે**

**શ્રી વજુભાઈ વાળા(રાજકોટ-૨)** : માનનીય અધ્યક્ષશ્રી, હવે તો હું પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને વાત કરવા માગું છું કે મેં ગઈકાલે જે વાત કરી હતી કે સેલ્સ ટેકસને લગતા બે કાયદા છે એમાં એક કાયદો છે એ મોટર સ્પિરીટમાંથી મેળવેલ સેલ્સ ટેકસ અને બીજો કાયદો છે એ જનરલ સેલ્સ ટેકસ માટેનો છે. આજનું જે બિલ છે એ મોટર સ્પિરીટ માટેનું બિલ છે. તો એના માટે મોટર સ્પિરીટ ઉપર જ બોલવું જોઈએ. એમાં જનરલ સેલ્સ ટેકસ ઉપર ના બોલી શકાય. મોટર સ્પિરીટ ઉપર જે સેલ્સ ટેકસ લાગે છે એના ઉપર જ એમણે વાત કરવી જોઈએ. એ સિવાય આની ચર્ચામાં બીજી કોઈ વાત ના થઈ શકે. એટલે જ હું મારી ગઈકાલની વાતને વળગી રહું છું અને જે કુલ સેલ્સ ટેકસની આવક કહી છે એ બે વિભાગમાંથી મળે છે. એટલે આનું ઉદાહરણ આપીને વાત કરે છે એ ચર્ચા થઈ શકે જ નહીં એ મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : મેં તો માત્ર સ્પષ્ટતા કરવાના હેતુ જ ઉલ્લેખ કર્યો છે કે....

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર વાત કરવા માગું છું કે....

**અધ્યક્ષશ્રી** : માનનીય દિનેશભાઈ, પ્લીઝ, આપ બેસો. હું આપને પછી ચાન્સ આપું છું, મને આ ગૃહમાં એક વાતનો અનુભવ થયો છે કે આપણા બધા જ મિત્રો વિદ્વાન છે અને જે બિલ હોય છે, જે કાંઈ ચર્ચા કરવાની હોય છે એની ઉપર લગભગ કોઈ ચર્ચા કરતા જ નથી અ ને લગભગ બીજી જ વાતની ચર્ચા કરે છે. (અંતરાય) એટલે માનનીય વજુભાઈ, હું આપને કહેવા માગું છું કે આ બિલ ઉપરની ચર્ચાની બાબતમાં તમામ સભ્યશ્રીઓ ડાયવર્ટ થાય છે અને બધા બીજું જ બોલતા હોય છે. એટલે લગભગ આ રીતનો પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીએ તો સભાગૃહ ચાલી શકે એવી સ્થિતિ નથી. એટલે મારી વિનંતી છે કે આપ આપનો પોઈન્ટ ઓફ ઓર્ડર જતો કરો તો સારું.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આપે ગઈકાલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર જજમેન્ટ આપી દીધું છે. મારે તો એટલું જ કહેવું છે કે એની ઉપર રિપિટેશન ના કરે.

**અધ્યક્ષશ્રી .** : માનનીય બાબુભાઈ, આપ પ્રવચન ચાલુ કરો.

# મુંબઈ મોટર સ્પિરીટ વેચાણવેરા(ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૫ (ક્રમશ:)

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે કે માનનીય મંત્રીશ્રી આ જે બિલ લઈને આવ્યા છે કે વેરાની વસૂલાતમાં વિલંબ થાય તો એના ઉપર ૧૮ ટકા આપણે વ્યાજ લઈ શકીએ. એટલા માટે કે મેં ગઈકાલે કહયું હતું એ પ્રમાણે આપણે ફોર્મ નંબર ૭ નું વેચાણ ૨૦૦૩ ની સાલ સુધી થયું એ યોગ્ય હતું કે કેમ? એની માનનીય મંત્રીશ્રી તપાસ કરે અને એના કારણે રાજયને કેટલું નુકસાન થયું છે એની વસૂલાત કરવા માટે શું કરવાના છે એનો પણ જવાબ આપે. આ રાજયની આવક મોટેભાગે સેલ્સ ટેકસ ઉપર નિર્ભર છે.

**અધ્યક્ષશ્રી .** : માનનીય બાબુભાઈ, મારી આપને નિંતી છે કે આપ આ મોટર સ્પિરીટનું બિલ છે એના ઉપર જ વાત કરો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : એટલા માટે કે આ બિલ છે એ સેલ્સ ટેકની મોડી વસૂલાત થાય, મોટર સ્પિરીટ ટેકસની વસૂલાત મોડી થાય તો એના ઉપર વ્યાજ લેવા માટેનું આ બિલ છે અને મેં એને આવકાર પણ આપ્યો છે કે આ જરૂરી હતું. ગઈકાલે એક પ્રશ્નના જવાબમાં પણ આ ઓઈલ કંપનીઓ તરફથી રાજયની સેલ્સ ટેકસની મોટી રકમ એના પેટે આવવાની બાકી છે. એમાં ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની સૌથી મોટી રકમ છે, ત્યાર પછી આપણી નામાંકિત જે પાંચ પેટ્રોલિયમ કંપનીઓ છે તેનીપાસેથી પણ બાકી છે. કેન્દ્ર સરકાર પાસે આપણે બધા જ રજૂઆતો કરીએછીએ, અને કેન્દ્ર સરકાર હેઠળની સીધી જે કંપનીઓ છે તે રાજય સરકારને ગણકારતી નથી. દરકાર કરતી નથી તેને પાઠ ભણાવવા માટે કાયદામાં સુધારણા કરવાની જરૂરિયાત હતી એટલા માટે આ કાયદો લાવવામાં આવેલ છે. અત્યારના નાણા મંત્રી અનેપૂર્વ નાણા મંત્રી દરેકે રાજયની આવક જાળવવા માટેના પંયત્નો કરવા પડે પણ એમાં કયાંક છીદ્રો હોય તો હું આપના મારફત જયારે પણ તેના તરફ માનનીય નાણા મંત્રીશ્રીનું ધ્યાન દોરૂં ત્યારે તેના ઉપર ધ્યાન આપે તેવીમારી વિનંતી છે. ગઈ કાલે પણ મેં કહ્યું હતું કે પૂર્વ નાણા મંત્રીશ્રી હળવાશભરી રીતેલેતા હતા તેના કારણે રાજયની આવકમાં વધારો થવો જોઈએ તે થયો નથી. અને આ મોટર સ્પિરિટ એક એવું પરિબળ છે કે વિશ્વમાં ઓઈલના ભાવ વધે એટલે તેની સીધી અસર પ્રજા ઉપર પડે છે. અને રાજય સરકારના નાણા મંત્રીશ્રીઓને તેના કારણે ખુશી થતી હોય છે, કારણ કે જેટલા પેટ્રોલની પ્રોડકટના ભાવ અને પેટ્રોલના ભાવ વધે તેના ૨૦ ટકા ટેકસ રાજય સરકારની તિજોરીમાં આવતો હોય છે. એટલા માટે વેટમાં પણ મોટર સ્પિરિટ, પેટ્રોલિયમ પ્રોડકટને બાજુ પર રાખવામાં આવેલ છે. અને તેમાં બે ધોરણો કરવામાં આવેલ છે. રાજયમાં જે રાજયોએ વેટ સ્વીકાર્યો છે એમાં ૪ ટકા અને ૧૨ ટકા એમ બે ધોરણો છે, પણ પેટ્રોલિયમ પ્રોડકટના

ધોરણમાં કોઈ જફા ન પહોંચે અને રાજયની આવક ઘટે નહીં તેની કાળજી રાખવામાં આવી છે. કારણ કે આવક ઘટે તો કેન્દ્ર સરકારે રાજયને ભરપાઈ કરી આપવાની જોગવાઈ એમાં છે. આ બિલમાં બહોળો સ્કોપ છે અને રાજયના હિતની વાત છે એટલા માટેહું કહેવા માગું છું કે રાજયની આવકના સાધનો જે લેવાના હોયતેની અંદર કોઈ ભરતા ન હોય તો તેની શોધ આપણું સેલ્સટેકસ વિભાગ અને તેના પ્રમાણિક અધિકારીઓ મહેનતપૂર્વક કરતા હોય તેને કોઈ રૂકાવટ ન આવેતેની કાળજી પણ માનનીય નાણા મંત્રીશ્રીએ રાખવી જોઈએ. એટલા માટે કે આવી બાબત મારા ધ્યાન ઉપર આવી છે એટલા માટે હું ધ્યાન દોરવા માગું છું કે અલીન્દ્રાની એક ફેકટરી ઉપર ગઈ પાંચમી જાન્યુઆરીએ સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યુંઅને તેની તપાસ કરી અને ખુલાસાઓ અને સ્પષ્ટતાઓ ન થઈ એટલે પહેલી માર્ચના દિવસે એમને કોરપોરેટ વિભાગે નોટિસ નંબર ૨૧/૧૨ બી-૨૦૦૪-૦૫ ની શો-કોઝ નોટિસ આપેલી છે. એટલા માટે કે આ કેરોસીન વપરાયું છે તે પેટ્રોલિયમ પ્રોડકટમાંથી આવતું કેરોસીન વપરાયું છે. રિફાઈનરીમાંથી આવતું કેરોસીન વપરાયું છે અને તેનો જે વપરાશ થયો છે તેના ઉપર ટેકસ ભરાયો નથી. એટલા માટે ૨૬૨ કરોડ રૂપિયા જેટલી મોટી રકમની ડિમાન્ડ થઈ હોય ત્યારે તેના ઉપરનો નિર્ણય શા માટે લેવામાં આવતો નથી તેની તપાસ માનનીય નાણા મંત્રીશ્રી કરે. અહીં તો જાત જાતની વાતો અખબારોમાં આવેલી છે અને તેના આધારે સ્પષ્ટતાઓ પણ કરવામાં આવેલી છે કે કાયદાકીય રીતે આની ચકાસણી થવી જોઈએ. અમને તેનો વાંધો નથી પણ જે સેલ્સ ટેકસની આકારણી હોય તેનું માધ્યમ હોય તેને અનુરૂપ આકારણી થવી જરૂરી છે. તેના પછી એસ.એલ.સી. છે તેનાથી સંતોષ ન હોય તો વિભાગાં અપિલમાં જઈ શકે છે. સેલ્સ ટેકસ કમિશનર પાસે પણ જઈ શકે છે.

**અધ્યક્ષશ્રી .** : માનનીય બાબુભાઈ, પ્લીઝ, મુદ્દા ઉપર આવો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : હું મુદ્દા ઉપર જ કહું છું, આની અંદર માનનીય મંત્રીશ્રીએ જયારે બિલ દાખલ કર્યુ ત્યારે એના ઉદેશના મુદ્દાઓ કહ્યા હતા કે એમાં આકારણી દરમિયાન જો મોડું થયું હોય તો તેની મૂળ તારીખથી વ્યાજ લગાવવાની જોગવાઈ મુકેલી છે. શો-કોઝ નોટિસ આપી હોય અને આકારણી મોડી થાય તે દરમિયાનનું વ્યાજ તો તેને ભરવાનું આવે જ, એટલા માટે કેસનો જલદી નિકાલ થાય તે જરૂરી છે. તેની સમય મર્યાદા નક્કી થવી જરૂરી હોય છે. અને એટલા માટે જરૂર જણાય ત્યાં અમે માગણી કરી છે કે જયાં એપેલેટ ઓથોરિટીની જગ્યા ખાલી છેતે પણ ભરવામાં આવે.કોર્પોરેટ સેકટર ઉપર જે ભારણ વધ્યું છે ત્યાં નવા ઓફિસરોની નિમણૂક થવી જોઈએ અને એના કારણે વિલંબ ન થાય એ ખાસ જોવું જોઈએ. વિલંબ થવાને કારણે ઘણી વખત ટેકસ ભરનારને દંડાવાનું થતું હોય છે. જો સમયસર નિવેડો આવે તો અપીલમાં જાય એ પછી મુકિત મળે છે. આ મોટર સ્પિરિટનું બિલ છે એમાં સેલ્સટેકસની ચર્ચા ન થાય પરંતુ આપની મારફત હું સભાગૃહનું ધ્યાન દોરવા માગુ છું કે રાજયની આવકની ચર્ચા કરવાની આપણા સૌની ફરજ બની જતી હોય છે. અહીંયા ઝીરો અવર્સ આવી શકતો નથી. એ બહુ મુશ્કેલ હોય છે. ઝીરો અવર્સ આપવામાં આવે તો સંખ્યાબદ્ધ રાજયને નુકસાન કરતી બાબતો છે એનો અમે પણ ઉલ્લેખ કરી શકીએ. માટે ઝીરો અવર્સ ઉભો કરવાની અનુમતિ આપો તો તાત્કાલિક કોલ એટેન્શન થઈ શકે. આ રાજયની આવકો નાણા વિભાગે ઉભી કરવાની હોય છે. નાણા વિભા અને સેલ્સટેકસ વિભાગ છે એની ફરજ બની જતી હોય છે. મેં અગાઉ કહ્યું હતું કે રાજયમાં આવતી કુદરતી આફતો વખતે આપણે એના ઉપરનો સરચાર્જ નાખીએ છીએ અને એ રકમ રાજયની તિજોરીમાં જમા થવી જોઈએ એના બદલે કેટલાક ઉદ્યોગોને કોઈ વટહુકમ મારફતે... (અંતરાય) એ રાજયની કેલેમિટી વખતે એનો ઉપયોગ કરી શકયા હોત. અગાઉ મેં આ ગૃહની અંદર તાત્કાલીન નાણામંત્રીશ્રીને પૂછેલ કે આ સરચાર્જની રકમ એનો કયાંય જુદો ઉલ્લેખ છે ત્યારે એમણે ના પાડેલ પરંતુ સરચાર્જનું કોન્સોલિડેટેડ ફંડ છે એમાં જુદો ઉલ્લેખ કરવામાં આવતો હતો. કોન્સોલિડેટેડ ફંડમાં જેનો ઉલ્લેખ કરવામાં આવેલ હોય એ રાજયના હિતમાં છે...

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાંમંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે, માનનીય અધ્યક્ષશ્રી, આજની જે પરિસ્થિતિ છે એ પરિસ્થિતિને સ્પષ્ટ કરવા માટે માનનીય નાણાંમંત્રીશ્રીએ ૧૮ ટકા વ્યાજ વસૂલ કરવાની જે વાત કરી છે એ બાબતે આજની જે પરિસ્થિતિ થવાની છે અને આજના જે સંજોગો ચાલી રહયા હતા એ એવા પ્રકારના હતા કે આજે સહાયક વેચાણવેરા કક્ષાના અધિકારી સંભાળતા હતા. તેની અંદર કેન્દ્રના કાયદાહેઠળ આ ચાલતું હતું અને તેના કારણે જે પરિસ્થિતિ થઈ ૧૮ ટકાની એ આજની તારીખમાં આપણે કહી શકીએ કે ૧૮ ટકા ખરેખર અતિશય વસ્તુ છે. ઘણી વખત એવું થતું હોય છે કે એક વખત દંડની રકમ નકકી થઈ જતી હોય છે અને તેના ઉપર ઘણીવાર ગુણવત્તાનો કેસ હોય, હમણાં બાબુભાઈ સાહેબ જેમ કહેતા હતા કે માત્ર કોઈને ચલણ ભરવાનું ૧૦-૧૫ દિવસ માટે પણ રહી ગયું હોય તો પણ એ પ્રકારની વસૂલાત

કરવામાં આવતી હોય છે. એટલે આજની તારીખમાં એવું થવાનું કે વેપારીઓ ઉપર દિનપ્રતિદિન બોજો વધવાનો. આજે ૨૫,૦૦૦થી નાના વેપારીઓ છે અને સરળ પદ્ધતિથી ચાલે છે અને સરકાર લાવી છે. જે ખાસ વાપરવાવાળો વર્ગ છે, આજે ગુજરાતમાં ૮૦ લાખથી વધુ વાહનો છે અને આ વાહનોમાં ૧૦.૪૪નો દિનપ્રતિદિન વધારો થતો જાય છે. વાહનોમાં ૫૦૦ કરોડથી વધારે આપણે તેની અંદર દર મહિને ઉમેરો કરીએ છીએ. આજે હું કહું છું કે ૨૦૦૩-૨૦૦૪માં ૧૨૯૬ કરોડ રૂપિયા આવક હતી. આજે ૧૧ ટકા તેની અંદર વધારો થયો છે. ૨૦૦૫-૨૦૦૬માં ૧૪૩૫ કરોડ રૂપિયાનો અંદાજ છે. એટલે આ જે પરિસ્થિતિ છે તેમાં આની અંદર દિનપ્રપિદિન વધારો થતો જ જાય છે. માટે કરીને જે પ્રમાણેની પરિસ્થિતિ કરવાનું કારણ છે, તેમને એમ છે કે વહીવટને કારણે કદાચ આવક સારી થતી હશે. ખરેખર વેપારીઓની સારી પરિસ્થિતિ છે તેના કારણે આ દિનપ્રતિદિન વધારો થતો જાય છે. આ કાયદા હેઠળ વેપારીઓની સંખ્યા હતી આજે તેમાં દિનપ્રતિદિન ઘટાડો થાય છે. ૨૦૦૧માં ૧૨૬૮ હતી, ૨૦૦૧-૨૦૦૨માં ૧૨૪૨ થઈ અને ૨૦૦૩માં ૧૧૭૧ થઈ. દિનપ્રતિદિન ઘટાડો થવાનું માત્ર ને માત્ર જો કોઈ કારણ હોય, જે પરિસ્થિતિ થઈ છે એ પરિસ્થિતિ વહીવટી વિભાગમાં જે પ્રમાણમાં ખરેખર સહકાર મળવો જોઈએ, નાની ભૂલને કારણે લોકોને વધુમાં વધુ હેરાનગતિ થાય છે. આંકડા કહે છે કે ઘટાડો થયો છે. આનો લોકોએ લાભ લીધો હોય, ૩૭થી વધારે કંપનીઓએ કરોડો રૂપિયાનો લાભ લીધો છે. જેની અંદર સરકારે આપણી જે ગોકુળ ગ્રામ યોજના છે તેમાં બે થી ત્રણ ટકા આપવાનું કહેલું હતું. આજે ૩૭ કંપનીઓ પાસેથી ૮૩૧૧ કરોડ રૂપિયા આજે પણ લેવાના છે. ૧૮ કંપનીઓની આમાં વસૂલાત કરેલ છે. આજની જે પરિસ્થિતિ થઈ છે કે જે લોકો આપણી પાસેથી લાભ લઈ જાય છે અને જે પૈસા ખરેખર આપવા જોઈએ એ પૈસા પણ સમયસર આપતાં નથી. તેના કારણે જે ગામડાંઓને ગોકુળ ગ્રામ યોજનામાં જે ફાયદો થવો જોઈએ એ આજે પણ ફાયદો થતો નથી. આજની સ્થિતિ જોઈએ. હમણાં બાબુભાઈ સાહેબ કહેતા હતા કે ગેસ ઓથોરાઈઝ ઈન્ડિયન કંપની પાસેથી ૩૩૨૧ કરોડ રૂપિયા આજે પણ બાકી છે. ઈન્ડિયન ઓઈલ કંપની પાસેથી ૧૩૫૯ કરોડ રૂપિયા બાકી છે. ભારત પેટ્રોલિયમ કોરપોરેશન પાસેથી ૨૦૫ કરોડ રૂપિયા બાકી છે. હિંદુસ્તાન પેટ્રોલિયમ કોરપોરેશન પાસેથી ૫૯ કરોડ રૂપિયા બાકી છે. આઈ.બી.પી. કંપની પાસેથી ૨ કરોડ રૂપિયા બાકી છે. રીલાયન્સ પાસેથી ૧૧૧ કરોડ રૂપિયા બાકી છે. ગુજરાત સિદ્ધિ સિમેન્ટ કંપની પાસેથી ૧૦૦ કરોડ રૂપિયાથી વધારે બાકી છે. આવા અનેક પ્રકારના કેટલાય પૈસા કેટલા સમયથી આજે પણ ગુજરાતની મોટી-મોટી કંપનીઓ કહી શકાય. આટલા મોટા મોટા આજે પણ પૈસા બાકી છે. મારે તો એટલું જ કહેવું છે કે, માનનીય આપણા પૂર્વ નાણામંત્રીશ્રી વજુભાઈ સાહેબ ખાસ કરીને આ બિલની અંદર એક વસ્તુ મૂકવામાં આવી છે કે આપણને એમ થાય કે સરકાર ભવિષ્યમાં શું કરશે? ૨૦૦૪-૦૫ની અંદર વજુભાઈ સાહેબે એક ખાતરી આપી હતી. પ્રવચન ભાગ-ખની અંદર પાના નં.૨ ઉપર સ્પષ્ટતા કરી હતી કે, ગુજરાત સરકારે ટર્ન ઓવર વેરો અને એડિશનલ ટેક્સ નાબૂદ કર્યો હતો. આ બિલ ઉપરથી ચોક્કસ એવું ફલિત થાય છે કે, સરકાર ગમે ત્યારે એની અંદર મૂકી શકે. એટલા માટે "અભી બોલા અભી ફોક" એવું માનનીય મંત્રીશ્રી એમ કહેતા હતા કે, આ સ્પષ્ટપણે કાઢી નાખવાના છીએ. આ બિલની અંદર સ્પષ્ટ દેખાય......

## પૉઈન્ટ ઑફ ઈન્ફર્મેશન

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, પૉઈન્ટ ઑફ ઈન્ફર્મેશન. મેં જ્યારે વેટ આવેને ત્યારે વેચાણ ઉપર બીજો ટેક્સ ન હોય એના અનુસંધાને મારા પ્રવચનની અંદર વાત કરી હતી. હજુ વેટ આવ્યો નથી અત્યારે તો જૂનો સેલ ટેક્સ જ ચાલુ છે. આપ જરા કરેકશન કરજો.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ વાત કરતો હતો. કદાચ આ બિલ લાવ્યા અને સરકાર પાસે સત્તા રાખી છે. વધારાનો ટેક્સ ગમે ત્યારે લગાવી શકે. મારી તો માત્ર એટલી વિનંતી છે કે, આ બાબતમાં સ્પષ્ટતા કરે તો લોકોને એમ થાય કે પહેલાં હતું એ પણ આ નાણાંમંત્રીશ્રી ચોક્કસપણે ખાતરી આપશે એ પ્રમાણેનું લાગે. આજે ઘણા બધા સૂચનો કરવાનું એમ થાય કે, મહારાષ્ટ્ર, દિલ્હી, કર્ણાટક, તામિલનાડુ જેવા રાજયોમાં નિયમોનો અભ્યાસ કરીને સમાધાન યોજનાઓ કરવામાં આવે છે. મેં આ જે પૈસા બતાવ્યા છે એ કરોડો રૂપિયાની મોટી મોટી સંખ્યાની અંદર આ પૈસા છે. જેમ બીજા રાજયોમાં સમાધાન યોજનાઓ છે એ પ્રકારની સમાધાન યોજનાઓ આ રાજયમાં લાવવામાં આવે તો ગુજરાતના હિતની અંદર આ ચોક્કસપણે પાછા આવે....

**અધ્યક્ષશ્રી .** : મંત્રીશ્રી આપ ધીરજ રાખો. પ્લીઝ... આગળ ચાલો.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું તો સૂચન કરું છું. જે પ્રકારની ૧૮ ટકાની જોગવાઈ કરવામાં આવી છે. એમાં સ્પષ્ટ ૧૨ ટકાની જોગવાઈ કરવામાં આવે એવું હું બિલની

અંદર સૂચન કરું છું અને ખાસ કરીને વેપારીઓની નોંધણીની પ્રથા છે અને આકારણીની પ્રથા છે એ સરળ પદ્ધતિથી બને. જેના કારણે લોકોને સરળતા પ્રાપ્ત થાય એ પ્રકારનું સૂચન કરું છું. અને ખાસ કરીને સમગ્ર સભાગૃહ છે, માનનીય વજુભાઈ છે, આટલા બધા વિદ્વાન માણસો છે ત્યારે માત્ર મારું આ નાનું સૂચન છે. જેમ બને તેમ જલદી વેટ આ ગુજરાત સરકાર લગાવે. જેના કારણે સમગ્ર ગુજરાતમાં આજની તારીખે બીજા રાજયોમાં ધંધો જતો રહે છે અને આજે પણ ગુજરાત સરકાર નુકસાન કરી રહી છે. માટે વહેલામાં વહેલી તકે વેટ લગાવવામાં આવે એવું મારું સૂચન છે.

**અધ્યક્ષશ્રી . :** માનનીય અર્જુનભાઈ, કોઈને બોલવું છે? એક મિનિટ, ઓ.કે. માનનીય મંત્રીશ્રી.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મોટર સ્પિરિટ એકટ બિલ ઉપર જે સુધારા લાવ્યા હતા એની ઉપર સદસ્યશ્રીઓએ જે સૂચનો કર્યા. બીજું આપના પણ માર્ગદર્શન પ્રમાણે અને સૂચનો પ્રમાણે ૧૫-૨૦ મિનિટ ચર્ચા થઈ છે. સુધારા ઉપર સદસ્યશ્રીઓએ જે વાત કરી છે એ જ મુદ્દાઓને હું ટચ કરવા માગું છું. આ હાઉસનો કિંમતી સમય ખોટી વાત, ખોટી દિશામાં બગાડવા માગતો નથી. આખા બિલની અંદર થોડીક માહિતી આપું કે, ડીઝલ, પેટ્રોલ અને એવીએશન ફયૂલ, આ ત્રણ જ આઈટમ આ એકટ નીચે આવે છે. માનનીય પૂર્વ નાણામંત્રીશ્રી બાબુભાઈને જાણ કરું કે કેરોસીન આનામાં આવતું નથી એટલે ૫૦ ટકા ચર્ચાનો વિષય પૂરો. બીજું એટલી જાણકારી આપું કે આ ટેકસ ભરે છે કોણ? ડિઝલ, પેટ્રોલ કે એવીએશન ફ્યૂઝ ઉપર ટેકસ ભરે છે I.O.C H.P.C.L, D.P..C.L. , રીલાયન્સ પોલ અને I.B.P. જે અમારા માનનીય ધારાસભ્યશ્રીએ કીધું કે આનું ભારણ હજારો વેપારીઓ ઉપર પડશે. આ વાત તદ્દન સાચી નથી. ખાલી આ છ જ કંપનીઓ આ ટેકસ ભરે છે. બીજો સુધારો એટલો જ છે કે આ લોકોને ૧૨મે દિવસે ટેકસ ભરવો પડે. ઘણી વખત એ લોકો ૧૫મે દિવસે ભરે છે. ઘણી વખત ૧૮મે દિવસે, ઘણી વખત ૨૦મે દિવસે ભરે છે તો આપણને આ જે ૧૨ દિવસથી મોડું થાય છે એના ઉપર આપણને વ્યાજનું નુકસાન થાય છે એટલે આ સુધારો આજે આપણે હાઉસમાં લાવ્યા છીએ એટલે આ સુધારો અને એમાં એટલે જ જે માનનીય સભ્યશ્રીએ વાત કરી કે ૧૮ટકા મેકસીમમ લખ્યું છે નોટ એકસીડીંગ ૧૮ પર્સન્ટ. એમણે એવું નથી લખ્યું કે ૧૮ ટકા એટલે આવતા દિવસોમાં રાજય સરકાર નકકી કરશે કે ૧૫ ટકા લેવું, ૧૬ ટકા લેવું, ૧૭ ટકા લેવું કે ૧૮ ટકા લેવું. એટલે આપની ચિંતા છે એ ચિંતા પણ દૂર કરું છું. બીજું કોઈ ભારણ વધવાનું નથી. કોઈ એડમીનીસ્ટ્રેટીવ તકલીફ નથી અને આ સુધારાના કારણે ખાલી રાજય સરકારની તિજોરીમાં વ્યાજની આવક વધશે એટલે હું બધા સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે સર્વાનુમતે આ બિલ પસાર કરે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવા રજૂ કરું છું કે સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક: ૩૧-સન ૨૦૦૫નું મુંબઈ મોટર સ્પિરિટ વેચાણવેરા(ગુજરાત સુધારા)વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૫, કલમ-૧ દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવા રજૂ કરું છું કે સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક: ૩૧-સન ૨૦૦૫નું મુંબઈ મોટર સ્પિરિટ વેચાણવેરા(ગુજરાતસુધારા )વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક: ૩૧ સન ૨૦૦૫નું મુંબઈ મોટર સ્પિરિટ વેચાણવેરા (ગુજરાત સુધારા ) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૩૨**

**ગુજરાત મનોરંજન કર (દ્વિતિય સુધારા) વિધેયક, ૨૦૦૫.**

**ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા ( માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, •રાજયપત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલ સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૩૨-સન ૨૦૦૫નું ગુજરાત મનોરંજન કર (દ્વિતિય સુધારા) વિધેયક આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

• આ વિધેયક તા.૭મી સપ્ટેમ્મબર, ૨૦૦૫ના ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યુંછે.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા ( માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૩૨-સન ૨૦૦૫નું ગુજરાત મનોરંજન કર (દ્વિતિય સુધારા) વિધેયક્નું પહેલું વાંચન કરવામાં આવે

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત મનોરંજન કર અધિનિયમ દ્વિતિય સુધારા વિધેયક આજે અત્રે ગૃહ સમક્ષ રજૂ કરવામાં આવેલ છે. સમગ્ર ગુજરાતમાં મનોરંજન માટેની જે બાબતો રહેલી છે, એમાં ખાસ કરીને સિનેમાગૃહોને કયા પ્રકારે આપણે સપોર્ટ કરીએ કે જેના કારણે આ ઉદ્યોગ અને ઉદ્યોગ દ્વારા આજીવિકા પામતા અનેક લોકોને લાભ કરાવી શકાય. સિનેમેટોગ્રાફ એક્ઝિબીટર્સ એસોસિએશન દ્વારા સિનેમા પ્રદર્શન વ્યવસાયમાં રાહત આપવા રાજય સરકારમાં વિવિધ કક્ષાએ આ અંગે જુદી જુદી બાબતો અંગેની રજૂઆતો અંગે વિચારણા હાથ ધરાયેલ. જે પ્રમાણે વિડિયો માટેની અને ટી.વી. માટેની સુવિધાઓ વધી છે, આ અને અન્ય અનેક બાબતો કેબલ વિડિયોનો પ્રસાર અને બાકીની બાબતોથી સિનેમા ઉદ્યોગમાં ક્યાંક કોઈને કોઈ જગ્યાએ આવકો માટેની થોડી ક્ષતિઓ પણ ઊભી થયેલ છે. આ ઉપરાંત વધતા જતા નિભાવણી ખર્ચ સામે પણ આ ઉદ્યોગની આવકમાં ઘટાડો સ્પષ્ટપણે જણાઈ આવેલ છે. આ બધી બાબતો ધ્યાનમાં લઈને રાજય સરકારે આ વ્યવસાયને કયા પ્રકારે સક્ષમતા આપી શકાય એનો વિચાર કરવા માટે માનનીય મુખ્ય સચિવના અધ્યક્ષપદે એક ઉચ્ચ કક્ષાની સમિતિની તા. ૨૦-૨-૨૦૦૪ના રોજ રચના કરવામાં આવેલ. આ સમિતિએ પ્રવર્તમાન સંબંધિત કાયદાઓ અને નિયમોમાં ફેરફાર કરવા અને કર માળખાનું સરળીકરણ કરવા માટે જે કેટલીક ભલામણો કરેલ છે એ ભલામણોના આધારે મનોરંજન કર અંગેના જુદા જુદા ક્ષેત્રો પૈકી મનોરંજન કર માળખામાં સરળીકરણ લાવવા માટેની ભલામણો કરેલ અને એ ભલામણોના સંદર્ભમાં મનોરંજન કર અધિનિયમ ૧૯૭૭માં ફેરફાર કરવા રાજય સરકાર આ બિલ ગૃહ સમક્ષ લઈને આવી છે. આ અધિનિયમના ફેરફારથી હાલ પ્રવર્તમાન કાયદા મુજબ મનોરંજન સ્થળમાં દાખલ થવા માટે આપવાની રકમમાં કરનો સમાવેશ થતો હતો તેના બદલે આ બિલમાં એવી જોગવાઈ લાવ્યા છીએ કે જેના કારણે દાખલ થવા માટે આપવાની રકમમાં કરનો સમાવેશ થશે નહિ. બીજી બાબત જે છે એમાં બજારની હરિફાઈની પરિસ્થિતિ તેમજ માર્કેટના આધારે ટિકિટના દરો નક્કી થશે. પ્રેક્ષકોને આના હિસાબે થોડો લાભ થશે એની સાથોસાથ પ્રેક્ષકોની સંખ્યા વધવાના કારણે સિનેમાગૃહોમાં એ ઉદ્યોગને થોડો લાભ થશે. સિનેમાગૃહોની સાથોસાથ સિનેમા, એમ્યુઝમેન્ટ પાર્ક, વોટર પાર્ક વગેરે પણ મનોરંજનમાં સંકળાયેલા ઉદ્યોગોને આ પ્રકારનો લાભ થશે. કેટલાક મહિનાઓ પહેલા સ્ટેટ સિનેમેટોગ્રાફ એક્ઝિકયુટીવ એસોસિએશનની કેન્દ્ર સરકારે મિટિંગ બોલાવી. એ મિટિંગમાં પણ ૧૫-૧૬ એપ્રિલ ૨૦૦૫ના રોજ કેન્દ્રની સરકારે એ પ્રકારની બધા રાજયોને સૂચના આપી કે, જે પ્રમાણે ફિલ્મ ઉદ્યોગ જે સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે એ સ્થિતિમાં તમામ રાજયોએ એના માટેનો વિચાર કરવો જોઈએ. સાથોસાથ સર્વાનુમતે આ સ્ટેટ સિનેમેટોગ્રાફ એક્ઝિકયુટીવ એસોસિએશનની મિટિંગમાં એ નક્કી થયું કે તમામ રાજયોની સરકાર દ્વારા ૫૦ ટકા કરતા વધુ દર મનોરંજન ક્ષેત્રમાં ન રહે તે પ્રકારનો કલોઝ રહે. મને આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે કેન્દ્ર સરકારની આ ભલામણ સ્વીકારતું હોય એવું આ ગુજરાત પ્રથમ રાજય છે અને આ બિલ લઈને આવેલ છું. રાજય સરકારે તેની પહેલ કરીને ૫૦ ટકા કરતા વધારે કર રાખી શકશે નહિ તેનું આ બિલ રાજય સરકાર લઈને આવેલ છે અને તે દ્વારા પ્રતિબધ્ધતા વ્યક્ત કરીએ છીએ. ૫૦ ટકાની મર્યાદામાં રહીને સરકાર જરૂર જણાયે, એટલે કે ક્યારેક કોઈ પ્રકારની છૂટછાટ આપવાની થશે તો ૫૦ ટકાની મર્યાદામાં રહીને કર માળખામાં ફેરફાર કરી શકાશે તે પ્રકારના ફેરફારની આ બિલમાં જોગવાઈ લઈને આવ્યો છું.

હાલમાં રાજ્યમાં મનોરંજન કર બે પ્રકારે લેવાય છે. લૂઝ કર અને ઉચ્ચક કર સ્વરૂપે લેવાય છે. ઉચ્ચક કરમાં મનોરંજન કર ઝીરોથી ત્રણ લાખની વસ્તી પ્રમાણે ચાર ધોરણે ઉચ્ચક કરના વિકલ્પો સિનેમા માલિકોને આપવામાં આવેલા છે, તેના બદલે આ સુધારાથી ૧૫૦૦૦થી વધુ વસ્તીવાળા વિસ્તારના જે નિયત કરેલ દરે ઉચ્ચક કરનો વિકલ્પ રહેશે. પાંચ કિલોમિટરની ત્રિજ્યામાં ૧૫૦૦૦ કરતા વધુ વસ્તીવાળા વિસ્તાર આવેલો હોય તો એ વધુ વસ્તીવાળા વિસ્તાર મુજબ લૂઝ કર ભરવાપાત્ર રહેશે આને કારણે થોડી સરળીકરણની પ્રક્રિયા વધવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવર્તમાન મનોરંજન કર ૧૯૭૭માં ફેરફાર કરવા માટે આ રજૂ કરેલા બિલથી કાયદામાં સરળીકરણ થશે, એની સાથે સાથે સિનેમા ઉદ્યોગો હાલમાં જે કટોકટીમાંથી પસાર થઈ રહ્યાં છે તે સિનેમા ઉદ્યોગને થોડો સપોર્ટ અને થોડો વેગ મળશે, સાથે સાથે કરણભારણ ઓછું થવાને કારણે વધુ પ્રેક્ષકોની સંખ્યા મળશે અને એના કારણે મનોરંજન આપતા જે ઉદ્યોગોની બાબત રહેલ છે. ચાહે થિયેટર હોય, એમ્યુઝમેન્ટ પાર્ક હોય, વોટરપાર્ક હોય એમની પણ ક્ષમતા વધશે. આમ સમગ્ર પ્રવાસન ઉદ્યોગને વેગ આપવા માટે સરકાર કાર્યરત રહી છે ત્યારે આ મનોરંજન ઉદ્યોગને પણ એક આગવા ટેકા સાથે વેગ મળશે અને એની સાથે સાથે કેન્દ્ર સરકારે આ વર્ષમાં જે કેટલાક સૂચનો કર્યા એ સૂચનોને સ્વીકારતું બિલ હું અત્રે લઈને આવ્યું છું, સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે સર્વાનુમતે આ બિલને સ્વીકારે.

**ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક :૩૨ સન ૨૦૦૫ના ગુજરાત મનોરંજન કર (દ્વિતિય સુધારા) વિધેયક. ગુજરાત મનોરંજન કર અધિનિયમ ૧૯૭૭ ના વધુ સુધારા બાબતને માનનીય મંત્રીશ્રી લઈને આવ્યાં છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મોડે મોડે પણ સોએક જેટલા થિયેટરો બંધ થઈ ગયા પછી આટલી સરકારને સદ્‌બુદ્ધિ આવી એ આનંદની વાત છે. કારણ કે ધંધા બિલકુલ ખતમ થવા માંડ્યા હતા. જે રીતે સિનેમાગૃહોના માલિકો આર્થિક પરેશાનીનો ભોગ થયા હતા. જે રીલ ખરીદીને એના પૈસા પણ પૂરા પકવી શકતા નહોતા એવી પરિસ્થિતિ ઊભી થઈ, અધૂરામાં પૂરું આ સરકાર મૂડીવાદી અને મધ્યમવર્ગ માટે જે ભેદભાવ કાયમ માટે રાખતી આવી છે. મલ્ટીપેક્ષ ઉદ્યોગ વિકાસ પામે એ હેતુથી જે કરની રાહતો આપવામાં આવેલી એની સરખામણીમાં આ ઉદ્યોગ ગામની અંદર એસ્ટાબ્લિશ થયેલો. વર્ષોથી અનેક થિયેટરો ચાલતા હતા, એટલું જ નહિ એની સાથે સંલગ્ન પુરક ધંધા હતા. લારીગલ્લા હોય, પાનના ગલ્લા હોય, દુકાનો હોય, રીક્ષાવાળા હોય જે ધંધા ચાલતા હતા એ ધંધા બિલકુલ ચોપટ થઈ ગયા હતા. ૧લી મે થી ગુજરાતના મુખ્યમંત્રીએ સિનેમેટ્રો એકઝીબ્રિટર્સ એસોસિએશન ઑફ ગુજરાતની માગણીને માન આપીને ગુજરાતી પિકચરોની અંદર કરમુકિત આપેલી અને એની સાથે ખરેખર સારો એવો સુધારો થાય, પણ મારે કહેવું જોઈએ કે ૧૦૦ ટકા કરમુકિત આપ્યા પછી ગુજરાતી ફિલ્મો કેવા આવે છે, જે ગુજરાતી ફિલ્મોને રાહત આપવાની કોશિશ કરવામાં આવી છે એમાં કાંતો બહારવટિયાના પિકચર હોય, ઐતિહાસિક પિકચર હોય ત્યારે એમાં 'મા જીંઝકાવાળી', 'દશામા', 'બાપા સીતારામ' 'મેલડીમા' , 'માડી તારા અઘોર નગારા વાગે', 'સંતોષીમાતા' આવા જ પિકચરો આવતા હતા. ગુજરાતી પિકચરની અંદર કોઈ સામાજિક પિકચર, નીતિમતાના ધોરણ સુધારવાવાળું પિકચર અથવા તો કોઈ સારી જાતનો સંદેશો આપતું હોય એવા પિકચરો ચાલતા નહોતા. એટલે જે કરમુકિત આપી એનો એટલો બધો લાભ ગુજરાતની પ્રજાને મળવો જોઈએ એ નહોતો થતો, પણ અત્યારે જે મંત્રીશ્રી બિલ લઈને આવ્યા છે એ ખરેખર આવકારદાયક છે અને એના માટે જે ૫૦ ટકા ગ્રામ્ય વિસ્તાર માટે રાહત પ્રેક્ષક કરના અને મનોરંજન કર જે અગાઉ શહેરી વિસ્તાર માટે ગુજરાતીમાં હતો એના બદલે ટોટલ આપ્યો અને હવે મંત્રીશ્રી જે બિલ લાવ્યા છે એને હું ખરેખર આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આવી અંધશ્રદ્ધા ફેલાવાવાળા પિકચરો જોવાને બદલે સારા પિકચરો તો જ આવી શકે જો એને રાહત આપવામાં આવે અને સારી રીતે લોકો એકઝીબીટ કરી શકતા હોય તો મહારાષ્ટ્ર સરકારે સીંગલ સ્ક્રીન મનોરંજન કરમાં ૧૦ ટકાનો ઘટાડો અગાઉ કરેલો અને તેનાથી ૩૦ કરોડનું નુકસાન મહારાષ્ટ્ર સરકારને જવાનું હતું.પણ સરવાળે એમ જાણવા મળ્યું કે, નજીવા નુકસાનથી એ લોકોને વધુ આવક કરમાં કરી શકાય એ જાતનું બની શક્યું હતું. આંધપ્રદેશમાં માત્ર દસ ટકા ટેકસ લેવામાં આવે છે, બીજા એક રાજયમાં વીસ ટકા લેવામાં આવે છે જ્યારે આપણે અહીંયા સોએ સો ટકા લેવાને લીધે એટલો બોજો સિનેમા ગૃહો ઉપર આવી પડ્યો છે કે, જેના લીધે સિનેમા ગૃહો ચાલી શકે એવી પરિસ્થિતિ નથી. એ ઉપરાંત અસહ્ય કરભારણ, વિડિયો પાયરસીને લીધે અને ટી.વી.-ચેનલોને લીધે ગુજરાતનો આ ઉદ્યોગ ખતમ થવા લાગ્યો હતો, થિયેટરોને તાળા મારવા પડે એવી પરિસ્થિતિ થઈ હતી. ડિસેમ્બર-૦૩માં ૬૦ સિનેમા ગૃહોને તાળા લાગેલા અને રાજકોટમાં પચાસ ટકા સિનેમા ગૃહોને અલીગઢી તાળા લાગેલા છે એ શ્રી વજુભાઈ પણ સારી રીતે જાણે છે કારણ કે તેઓ રાજકોટમાં વસે છે. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને નડિયાદના ૨૪ સિનેમા ગૃહો વેચાઈ ગયા અને પરિસ્થિતિ એવી થઈ કે, સો ઉપરાંત થિયેટરો આજની તારીખે પણ રગડધગડ જે ચાલતા હતા, પુરી સહાય મળતી ન હતી એને લીધે એમાં કાંતો સેકસને લગતા કોઈ પિકચર અથવા તો ન જોવા લાયક

પિકચરો બતાવવામાં આવે છે, કારણ એને ટકવું છે. આવક ઉભી કરવા માટે આવા શોર્ટ કટસ રસ્તા લેવા માટે પણ સરકારે એને મજબુર કરેલ. ભૂતપૂર્વ કેન્દ્રિય માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી રવિ શંકર પ્રસાદ જેઓ બી.જે.પી.ના હતા તેઓએ પત્રકારોને જણાવેલ કે, ટેકસની આવક વધારવા રાજય સરકારોએ ટેકસનો દર નીચો રાખવો જોઈએ. છતાં પણ આ બી.જે.પી.ની સરકાર હોવા છતાં અત્યાર સુધી માની નહીં અને હમણાં હમણાં પણ આ જાતનું જે માની છે, કોંગ્રેસની સરકારની સુચનાને પણ અમલમાં મૂકી છે એ આવકારદાયક બાબત છે અને એ રીતે ટેકસનો દર પચાસ ટકાથી વધારે ન રાખવો જોઈએ, ૪૫ ટકાથી વધારે ન રાખવો જોઈએ અને એ રીતે ગુજરાતમાં વીસ ટકાથી વધુ ન રાખવો જોઈએ એવી મારી પોતાની લાગણી છે.

થિયેટર્સનો એસ્ટાબ્લીસ બિઝનેસ છે એ ડિસ્ટર્બ થઈ ગયો છે, નાના થિયેટરો ઉપર સંલગ્ન ધંધાઓ પણ પડી ભાંગ્યા છે. જેમ મેં કહ્યું એમ સિનેમા ગૃહોના માલિકોની હૈયા વરાળ એવી છે કે, અસહ્ય મનોરંજન કરને લીધે સર્વિસ ટેકસનું ભારણ સિનેમા ગૃહોની કંગાલ હાલત માટે જવાબદાર છે. વિડિયો પાયરસી, ટી.વી.ચેનલો, સિનેમા ગૃહોની ખરાબ હાલત આ માહિતી અને પ્રસારણના યુગમાં સિનેમા ગૃહોને પાછળ પાડતી જતી હોય અને એમાં કાગડા ઉડતા હોય તો આ સરકારે ગંભીરતાથી વહેલું વિચારવાની જરૂર હતી, આટલું મોડું કર્યુ છે એ પણ અક્ષમ્ય છે એમ કહી શકાય. મલ્ટી પ્લેકસને કર-મુકિતથી ૫૧ કરોડ રૂપિયાનું નુકસાન જાય છે ગુજરાત સરકારને, એમાં ગંભીરતાથી વિચારવાનો કોઈ દિવસ વિચાર ન આવ્યો? પાંચ ટકા વીજળીમાં રાહત આપવામાં આવે છે મલ્ટી પ્લેકસને ત્યારે પાંચ ટકા રાહતો જો આ નાના સિનેમા ગૃહોને આપવા માટેનું પણ વિચાર્યુ હોત તો આવકારદાયક બાબત કહી શકાત.

માનનીય અધ્યક્ષશ્રી, ગત ભૂકંપ વખતે કચ્છમાં ૧૧ થિયેટરો બરબાદ થયા, આ ૧૧ થિયેટરોનું સરવે થઈ ગયું, જાહેર બાંધકામ ખાતા તરફથી એને પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યા પણ એને કોઈ મદદ કરવામાં ન આવી અને આપણી સરકાર કેવી હરખઘેલી છે કે, ઈરાનના ધરતી કંપ વખતે બધી જ જાતની એને મદદ આપવા અમે તૈયાર છીએ. ઈરાનમાં મદદ આપવા માટેનો વિચાર આવે છે, ગુજરાતમાં જે ઉદ્યોગો ભાંગીને ભૂકકો થઈ ગયા છે એને બેઠા કરવા માટેની જે ચિંતા સેવવી જોઈએ એ ચિંતા સેવાતી નથી એનું આપણને દુ:ખ છે માટે અશ્લિલ ચેષ્ટા, દ્વિઅર્થી સંવાદોથી ભરપૂર હોય એવા નાટકોની પાંચસો-પાંચસો રૂપિયા ટિકિટ હોય અને છતાં એને સો ટકા કર મુકિત આપવામાં આવી. જરા વિચાર તો કરો કે જે રીતે નાટકો આપણે સંયુકત પરિવાર સાથે જઈને જોઈ ન શકીએ એવી પરિસ્થિતિ હોય તો એને સો ટકા મુકિત આપવામાં આવી હતી અને આ ઉદ્યોગ ભાંગી ગયો, થિયેટરો વેચાઈ ગયા ત્યાં કેમ ગંભીરતાથી વિચાર ન આવ્યો?

માનનીય અધ્યક્ષશ્રી, વોટર પાર્ક પણ વેરા માફી ભોગવે છે અને વોટર પાર્કમાં સામાન્ય અને ગરીબ માણસ કોઈ લાભ લઈ શકતો નથી. સામાન્ય અને ગરીબ માણસ શહેરની વચ્ચેવચ રહેતું અને દૂર ન જઈ શકાય એવા થિયેટરોમાં જઈ પોતે મનોરંજન મેળવતો હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, એક ડોકટરને નાતે કહું છું, એક સાયકોલોજીસ્ઠની રીતે કહું છું કે, માણસને મનોરંજનની જરૂર હોય છે અને જો મનોરંજન આપણે પૂરું ન પાડી શકીએ તો * •(XXXXXXXXXX) પણ લોકોને આપવાની ખાસ જરૂર છે. વોટર પાર્કમાં કોઈ સામાન્ય કે ગરીબ માણસ જતા નથી હોતા અને એને લીધે તો અત્યારે પરિસ્થિતિ એવી થઈ કે, થિયેટરોમાં ટીન એજર્સ, એડલ્ટ ફિલ્મો જોવાની જયાફતો ઉડાવવા માંડયા છે અને આ ટીન એજર્સ મારધાડની ફિલ્મો, સેકસની ફિલ્મો, ગાળોથી ભરપૂર હોય તેવી સબ-સ્ટાન્ડર્ડ ફિલ્મો જોવા લાગ્યા હતા એમાંથી હવે આ પ્રજા બહાર નીકળશે એવું મને પોતાને લાગે છે અને આ જાતનું જે અપરિપકવ માનસ જે બગડી રહ્યું હતું એમાં આ કર ઘટાડો કરી અને જે સુધારો કરવા માટેનું કામ કર્યુ છે એને ખરેખર હું આવકારું છું. માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લાવાર જે આવક છે એ આવકમાં જામનગરમાં ૧.૨૦ કરોડ બાકી છે, રાજકોટમાં ૪.૧૭ કરોડ બાકી છે, સુરેન્દ્રનગરમાં ૬૧ લાખ બાકી છે, જુનાગઢમાં ૧ કરોડ અને અમરેલીમાં ૩૦ લાખ બાકી છે.

**અધ્યક્ષશ્રી .** : આપનું પ્રવચન પૂરું થાય છે.

**વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૧૫**

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

• * (XXX) માનનીય અધ્યક્ષશ્રીના આ શબ્દો આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

# બિન સરકારી વિધેયકો

## સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૪
## ગુજરાત માહિતીના અધિકાર બાબત વિધેયક, ૨૦૦૫

**ગુજરાત રાજયમાં માહિતી જાણવાના અધિકારને અસરકારક રીતે સુરક્ષિત કરીને તેનો અમલ કરાવવાની અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે જોગવાઈ કરવા બાબત.**

**ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે અગાઉ •રાજયપત્રમાં પ્રસિધ્ધ થયેલ સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક: ૧૪-સન ૨૦૦૫નું ગુજરાત માહિતીના અધિકાર બાબત વિધેયક્નું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત માહિતીના અધિકાર બાબતનું વિધેયક લઈને હું આ સન્માનનીય ગૃહ સમક્ષ આવી છું. ૨૭ મી જાન્યુઆરીએ મેં આ વિધેયક રજૂ કરવા માટે દરખાસ્ત મૂકી અને ૨૪ મી ફેબ્રુઆરીએ આ વિધેયક પબ્લીશ થયું. એ પછી કેન્દ્ર સરકારે ૧૧ મી મે ના રોજ પાર્લામેન્ટમાં પણ આ વિધેયક મંજૂર કર્યું. ડિસેમ્બર-૨૦૦૨માં એન.ડી.એ. સરકારે ફ્રિડમ ઓફ ઈન્ફર્મેશનના નામે આ વિધેયક મંજૂર કર્યું. મને એ વાતનું ગૌરવ છે કે ભા.જ.પા.ના નેતૃત્વવાળી એન.ડી.એ. સરકારે ફ્રિડમ ઓફ ઈન્ફર્મેશન બીલ લાવવાની ક્રાંતિકારી પહેલ આ દેશમાં કરી હતી. માહિતી મેળવવાનો અધિકાર એ નાગરિકનો મુળભૂત અધિકાર છે અને લોકશાહીની આધારશીલા સાચા અર્થમાં જો ગણવા જઈએ તો નાગરિક છે, સામાન્ય માણસ છે, જેને આપણે કોમન મેન કહીએ છીએ એ છે. સુપ્રીમ કોર્ટે પણ માહિતી મેળવવાના અધિકારને બંધારણની કલમ-૧૯(૧) હેઠળ નાગરિકને મળેલ મુળભૂત હક્કના એક ભાગ તરીકે માન્યતા આપી છે. રાજય શાસનમાં જો ખરેખર ટ્રાન્સપરન્સી લાવવી હોય અને એકાઉન્ટીબીલીટી લાવવી હોય તો દરેક નાગરિકને માહિતી મેળવવાનો અધિકાર હોવો જ જોઈએ. ખૂબ દુ:ખ સાથે કહેવું પડે છે કે આપણે આઝાદ થયાને ૫૭ વર્ષ જેટલો સમય વીતી ગયો પરંતુ આ સામાન્ય માણસની ચિંતા આપણામાંથી કોઈએ કરી નથી. ઘણી બધી યોજનાઓ આવી, સરકારો ચાલી, પરંતુ આ યોજનાઓનો લાભ આ સામાન્ય માણસ લઈ ન શકયો. ગરીબી હટાવના માત્ર નારા લાગ્યા પણ ગરીબી હટી શકી નહીં. યોજના ત્યાંની ત્યાં રહી. પંચવર્ષીય યોજનાઓ આવી પણ પંચવર્ષીય યોજનાઓ પણ સામાન્ય નાગરિક સુધી પહોંચી શકી નહીં એટલે દુ:ખ સાથે દરેક નાગરિકને એમ થાય કે મારો અધિકાર શું? હું સરકાર પાસેથી કાંઈક માહિતી મેળવવા માગું છું તો મને કેમ માહિતી મળતી નથી? આ સામાન્ય નાગરિકના મનમાં પ્રશ્ન થાય ત્યારે કાયદા સ્વરૂપે એને અધિકાર આપવા માટે આપણે બંધાયેલા છીએ. એને માટે કેન્દ્ર સરકારે આ કાયદો મંજૂર કર્યો. સાચા અર્થમાં કહીએ તો અંગ્રેજોને દૂર કરીને આપણે સ્વરાજ મેળવ્યું પણ સુરાજયની સ્થાપના આપણે કરી શકયા નથી. સુરાજય ત્યારે જ આપણે પ્રસ્થાપિત કરી શકીશું કે જયારે એકેએક નાગરિકને એમ લાગશે કે મારા દ્વારા ચાલતી સરકાર છે, મારા માટે ચાલતી સરકાર છે. મારા દ્વારા આ સરકારનું સંચાલન થઈ રહ્યું છે. ત્યારે જ સાચા અર્થમાં સુરાજયની સ્થાપના આપણે કરી કહેવાશે. મહાત્મા ગાંધીજીએ સુરાજયની કલ્પનામાં રામ રાજયની કલ્પના કરી હતી. રામ રાજય એટલે આધ્યાત્મિક રીતે રામ રાજય નહીં પણ રામ રાજય એટલે સારું રાજય. દરેક નાગરિકને હક્ક આપતું રાજ્ય. રામ રાજ્યમાં એક ધોબીને પણ પોતાના મંતવ્ય વ્યક્ત કરવાના અધિકાર હતા અને એટલા માટે જ Modern Society needs strong meaningful, purposeful Government to steer for that effectiveness and efficiency is required. So we must explore new effective mechanisum. ડો. રાધાકૃષ્ણે કહ્યું આપણે જેટલા પ્રમાણમાં લોકોની ભાવનાઓનું વેળાસર અનુમાન કરી શકીશું, એટલું દુનિયાના લાભમાં રહેશે. દુનિયાને ખબર છે કે જ્યાં સુધી લોકોને અધિકારો નહિ આપીએ, ત્યાં સુધી લોકોનું કલ્યાણ નહિ થાય. આજે દુનિયાના ૫૫ દેશોમાં રાઈટ ટુ ઈન્ફર્મેશન કાયદો છે. કેન્દ્રમાં આ કાયદો પાસ થયો, એ પહેલાં ૧૧ રાજ્યોમાં સ્વતંત્ર રીતે પોત પોતાનો કાયદો

---

• **આ વિધેયક તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૪ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.**

હતો. આ રાજ્યોમાં જમ્મુ અને કાશ્મીર, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ગોવા, રાજસ્થાન, તામિલનાડુ, કર્ણાટક, દિલ્હી, આંધ્રપ્રદેશ જેવાં રાજ્યોનો સમાવેશ થાય છે. જો લોકશાહીને મજબૂત કરવી હશે તો સાચા અર્થમાં દરેક નાગરિકને અધિકારો આપવા પડશે. ૧૯૭૫ માં સુપ્રીમ કોર્ટના જસ્ટીસ મેથ્યુએ પહેલી વખત આનો ઉલ્લખે કર્યો હતો. દરેક નાગરિકને અધિકારો આપવા જોઈએ. માહિતી મેળવવાનો અધિકાર નાગરિકોને આપવામાં આવશે, ત્યારે સરકાર, સરકાર દ્વારા રચાયેલી સંસ્થાઓ, ગ્રાન્ટેબલ સંસ્થાઓ, અદાલતો, જાહેર સેવા આયોગ આ બધાને આવરી લેવામાં આવે અને કોઈપણ નાગરિક લેખિત નિયત ફી નક્કી કર્યા પછી જ્યારે માહિતી માગે તો નિયત સમયમાં માહિતી આપવા માટે અધિકારીઓ બંધાયેલા રહેશે.

નિયત ફીની જ્યારે વાત કરી છે, ત્યારે દરેક નાગરિકને પોસાય તેવી ફી નક્કી કરવી પડશે અને ખાસ કરીને બી.પી.એલ. ના નાગરિકોને એક પણ રૂપિયો લીધા વગર આ અરજી કરે તો એને માહિતી આપવાનો અધિકાર આપવાનો રહેશે. જ્યારે કાયદો પ્રસ્થાપિત થશે ત્યારે દેશમાં નવું પ્રભાત ઉગશે અને ભ્રષ્ટાચારના ભોરિંગને ડામી શકીશું. એક સમયના વડાપ્રધાનશ્રીએ પણ કહેવું પડે કે એક રૂપિયો લોકો સુધી પહોંચતા પહોંચતા ૧૫ પૈસા થઈ જાય છે, એનો અર્થ એ થયો કે આ દેશમાં કેટલો ભ્રષ્ટાચાર વ્યાપેલો છે અને ભ્રષ્ટાચારના ભોરિંગને ડામવો હોય તો પોતે જાગૃત થશે અને પોતાના અધિકારો માટે સજાગ થશે, ત્યારે જ સાચા અર્થમાં લોકશાહી પ્રસ્થાપિત કરી શકીશું. ઉત્તરદાયિત્વ નક્કી થશે, ત્યારે મનમાની હરકતો થવાની સંભાવનાઓ ઘટી જશે. Knowledge itself is power. It is the most powerful weapon which may be used to change the world. આ શબ્દો છે નેલ્શન મંડેલાના. નેલ્શન મંડેલાએ કહ્યું નૉલેજ, જ્ઞાન એવી વસ્તુ છે જે આખા વિશ્વને બદલી શકે છે. આપણે આપણા વિશ્વને, દેશને બદલવો હોય તો આ દેશના નાગરિકોને માહિતી સભર કરવા પડશે. કેન્દ્ર સરકારે જે બિલ મંજૂર કર્યુ છે, એના ચેપ્ટર-૪ માં રાજ્ય સરકારોએ પોત પોતાના કમિશનો નીમવાની જોગવાઈ છે. રાજ્ય સરકારો પોત પોતાની રીતે ફેરફાર કરીને પોતાનું બિલ મંજૂર કરાવી શકે છે. માહિતી માગનાર કઈ કઈ માહિતી ન માગી શકે એની પણ સ્પષ્ટતા છે, જેથી કરીને આપણી ગોપનીય બાબતો હોય કે કોઈ આંતરરાષ્ટ્રીય બાબતો હોય એવી જાતની બાબતોનો ઉલ્લેખ કરીને કઈ કઈ માહિતી માગી ન શકે એનો પણ સ્પષ્ટ ઉલ્લેખ એ બિલમાં આપવામાં આવ્યો છે. જે અધિકારી નિયત સમય-મર્યાદામાં માહિતી ન આપે તો દરેક દિવસ દીઠ ૨૫૦ રૂપિયા દંડ પેટે જોગવાઈ છે. વધારેમાં વધારે ૨૫,૦૦૦ સુધીની દંડનીય જોગવાઈ કેન્દ્ર સરકારે આ બિલ રજૂ કર્યુ તેમાં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું અધિકારીઓને એક નિવેદન કરીશ, અધિકારીઓને નિવેદન એ કરવા માગું છું કે આ બિલને સ્પોર્ટસમેનશીપથી લે, એક સ્પિરિટથી લેવું જોઈએ. . અધિકારીઓ ઉપર કોઈ બર્ડન આવી ગયું છે અને હવે અમારે માહિતી આપવી પડશે અને હવે અમે ખુલ્લા પડી જઈશું આ ભાવના નહીં રાખીને આ દેશના નાગરિકોનો અધિકાર છે અને અમારું આપવાનું કર્તવ્ય છે, આ અમારી ફરજ છે આ એક ભાવના સાથે સ્પિરિટથી આ બિલ લેશે તો આ બિલની સફળતા આપણને લાગશે. નહીં તો ઘણા કાયદા ઘડાય છે, કાયદા ઘડાય તો માત્ર કાયદા બની જાય પણ કાયદાને સાચા અર્થમાં સફળ ત્યારે જ થાય જયારે તે કાયદાને આપણે ઈમ્પ્લીમેન્ટ કરી શકીએ. અમલીકરણ કરી શકીએ. કાયદા બનાવવાથી લોકોને ફાયદા થતા નથી પણ કાયદાના અમલીકરણનું સાચા અર્થમાં અમલીકરણ કરવામાં આવે તો જ લોકોને લાભ થઈ શકે. આ તબકકે હું ગુજરાત સરકારને વિનંતી કરીશ કે મલેશિયામાં પેપરલેશ ગવર્નમેન્ટ ચાલે છે. ઈન્ફર્મેશન ટેકનોલોજીનો જમાનો છે. આપણે પણ કહીએ છીએ કે આઈ.ટી ઈઝ ઈકવલ ટુ ઈન્ડિયા ટુમોરો અને આ હોય ત્યારે આપણા બધાની ડયુટી છે દરેક માહિતી વેબ સાઈટ ઉપર કેમ ન મૂકીએ? ડયુટી ટુ પબ્લીક એવી એક વેબ સાઈટ બનાવો, દરેક માહિતી વેબ સાઈટ ઉપર અવેલેબલ હોય કે જેથી કરીને નાગરિક માહિતી મેળવી શકે અને તો જ ગુજરાતની પાંચ કરોડની જનતાને સાચા નાગરિક બનાવ્યા કહેવાશે. આજે દરેક નાગરિકના મનમાં એક પ્રશ્ન છે કે અમે ટેકસ આપીએ છીએ અને આ સરકાર ગમે ત્યાં ખર્ચ કરી નાંખે છે. આટલો બધો ખર્ચ શેનો થાય છે? ગરીબના મનમાં એમ લાગે છે, બી.પી.એલ.કાર્ડ ધારકને એમ લાગે છે કે હું રેશન લેવા જાઉંછું પણ મને પૂરતું રેશન મળતું હશે કે નહીં મળતું હોય? પાણીના કનેકશન માટેની કોઈએ અરજી કરી હોય તો એને એમ લાગે છે કે મને સમયસર પાણીનું કનેકશન કેમ નથી મળતું, કયાંક ભ્રષ્ટાચાર થાય છે કે કેમ? સરકાર આટલા મોટા મેળાવડાઓ કરે છે તેની પાછળ મારા ટેકસના પૈસા ખર્ચાઈ ગયા છે કે કેમ? આ બધા પ્રશ્નો જો આ માહિત આપે અને સાચા અર્થમાં કયાં ખર્ચ થાય છે તેની માહિતી આપવામાં આવે તો દરેક નાગરિકના મનની દ્વિધા દૂર થઈ શકે. ઈન્ફરમેશન ઈઝ

ઓકિસજન. આ ઓકિસજન આપણે પૂરો પાડવો જોઈએ. માનનીય મંત્રીશ્રીને આપના મારફત નિવેદન કરવા માગું છું કે સરકાર ઐતિહાસિક નિર્ણયો લઈને ઐતિહાસિક કાર્યક્રમો કરે છે ત્યારે હું બિન સરકારી બિલ લઈને આવી છું અને ૧૨૦ દિવસમાં કેન્દ્ર સરકારે મૂકેલું આ બિલ ૧૫મી ઓકટોબરે લાગુ પડવાનું છે ત્યારે આ બિન સરકારી બિલને મંજૂર કરીને એક ઐતિહાસિક પહેલ ન થઈ શકે? ૧૫મી ઓકટોબરથી આ બિલ લાગુ પડવાનું છે તો આ ગૃહના સદસ્યોનું સન્માન જળવાય અને બિન સરકારી સદસ્યોનું પણ સન્માન જળવાઈ રહે તે હેતુથી જો આ બિન સરકારી બિલ પણ મંજૂર કરવાની પહેલ, એક ઐતિહાસિક પહેલ સરકાર કરે તો મને લાગે છે કે ખૂબ ઉપયોગી થશે અને આ બિલ ચર્ચા માટે ખુલ્લું મૂકું છું અને સૌ સદસ્યશ્રીઓના સૂચનો આવકાર્ય છે.

**અધ્યક્ષશ્રી .** : માનનીય અર્જુનભાઈ, સમય એકદમ ઓછો છે, પાંચ મિનિટમાં પૂરું કરો. ત્રીસ મિનિટ ફાળવી છે. ત્રણ બિલનો સમય ફળવાઈ ગયો છે. ૪૫ મિનિટ, ૪૫ મિનિટ અને ૩૦ મિનિટ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, બે કલાકનો સમય છે. મને લાગે છે કે આ બિલ ઉપર થોડી વધારે ચર્ચા થવી જરૂરી એટલા માટે છે કે....

**અધ્યક્ષશ્રી** : જો ગૃહ સંમત હોય તો અને બે બીલમાં બે કલાક આપવા, ગૃહ સંમત હોય તો તે પ્રમાણે હું સમય ફાળવું.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ પૂરતી સંમતિ એટલા માટે આપીએ છીએ કે, માનનીય ડો.માયાબેન ખૂબ મહત્વનું બિલ લઈને આવ્યા છે. બિલ ભલે બિન સરકારી હોય. હા, અમે સંમત છીએ. આપ સંમત થાઓ. ચર્ચા ન કરવી પડે તેવું કશું છે નહીં. આમાં ચર્ચા ન કરવી પડે એવું નથી, અને માનનીય અધ્યક્ષશ્રી, હું ટ્રેજરી બેચને એટલા માટે વિનંતી કરું છું કે, આ બિલ તો ઓલરેડી ડો. માયાબેન કોડનાનીએ કહ્યું એમ એ પસાર થઈ ચૂક્યું છે. એનું માત્ર લોકોને જાણકારી મળે એટલા માટે થોડીક વધારે ચર્ચા થાય તો ખોટુ નથી.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, બધા જ બિલો અગત્યના હોય છે, વિધાનસભાના નિયમો મુજબ દરેક બિલ માટે અવધિ નક્કી કરેલી હોય છે. જ્યારે પણ બોલવાવાળા સભ્યો વધારે હોય તો બંને પક્ષ તરફથી ઓછા સભ્યો કરીને વધારે સમય ફાળવવાનું એ કરી શકે છે અને બિલ માટે જો જે સમય નિશ્ચિત કરેલો હોય છે એ નિશ્ચિત સમય પ્રમાણે જ આપણે કાર્યવાહી કરીએ છીએ.

**અધ્યક્ષશ્રી :** ઓ. કે.

**શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી :** માનનીય અધ્યક્ષશ્રી, મારી એટલી જ લાગણી છે કે માનનીય મંત્રીએ કહ્યું કે સમય નક્કી છે અને આપણા ગૃહની પ્રણાલિ, શિસ્તને અનુસરવું જોઈએ પણ મારી નાનકડી એટલી જ વિનંતી છે કે બિન સરકારી કામ છે અને બિન સરકારી કામમાં આપણે કયારેય આ પક્ષ કે તે પક્ષ જોતા નથી કારણ કે એના માટેની જોગવાઈ કરી છે કે બિન સરકારી માટે અઠવાડિયામાં એકવાર સમય ફાળવવામાં આવે તો સરકાર સિવાયના જે લોકો બેઠા છે એમના મનમાં વાતો હોય, એમની પાસે રહેલા વિચારો આ સભાગૃહમાં ચર્ચાય અને આપણે કયારેય બિલ પસાર નથી કરતા એ પરંપરા છે એમાંથી જે કંઈ વિચારો અહીંયાં આવે એની ચર્ચા થાય, હેલ્ધી ચર્ચા થાય એટલા માટે મારી એટલી વિનંતી છે કે જો આપણે આપણા નિયમોને વળગી રહ્યા કરતાં લાગણીને પ્રાધાન્ય આપીને બિલની ચર્ચા પૂરી કરીએ એવી મારી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી :** હું સભ્યશ્રીઓનું ધ્યાન દોરવા માગું છું કે, બિન સરકારી વિધેયક હોય છે એના માટે માત્ર બે કલાકનો સમય ફાળવેલો હોય છે, નિયમોમાં જ જોગવાઈ છે, એ મુજબ ત્રણ વિધેયકો માટે બે કલાક જ સમય ફાળવેલો છે. અહીયાં ચાર વિધેયક બતાવેલાં છે, જો એકાદ બિન સરકારી વિધેયક ન લેવાય તો ચોથું બિન સરકારી વિધેયક લેવાશે, એવું બતાવ્યું છે.

**શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા :** એટલી જ મારી વિનંતી છે કે, માનનીય સભ્યશ્રીઓને થોડીક લાગણી વ્યક્ત કરવા માટે સમય આપવામાં આવે અને ભૂતકાળમાં સરકારી કામકાજમાં અને સહકાર આપ્યો છે.

**અધ્યક્ષશ્રી** : ચાલો, થોડો સમય આપીશ.

**શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા :** માનનીય અધ્યક્ષશ્રી, સરકારી કામકાજમાં જ્યારે જરૂર પડી છે ત્યારે ગૃહને લંબાવવા માટે અમે સહકાર આપ્યો છે. હું દરખાસ્ત કરું છું કે સહકાર આપીને આમાં બિન સરકારી વિધેયકમાં વધારે ચર્ચા થાય....

**શ્રી જીતેન્દ્ર સુખડિયા ( મુખ્ય દંડકશ્રી )** : ત્રીસ મિનિટમાં પૂરું થાય એ માટે સહકાર આપીશું.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (પોરબંદર)** માનનીય અધ્યક્ષશ્રી, હું એવું માનું છું કે, આ બાબતમાં આપે સંમતિ આપી છે કે આ બિલ સરકારી બિલમાં થોડોક સમય લંબાવી આપશો, એટલા માટે કે સરકારી કામકાજ જ્યારે જ્યારે હોય છે અને એમાં જ્યારે ટ્રેજરી બેચ તરફથી દરખાસ્ત સમય લંબાવવા માટે આવી છે ત્યારે એબવ ધ પાર્ટી લાઈન કોઈ જોયા વગર બધા જ બિન સરકારી સભ્યો જે છે એ બધાએ સંમતિ આપી છે અને આ બિલ તો ઓલરેડી કેન્દ્ર સરકારમાં પસાર થઈ ગયેલું છે એટલે આમાં પણ બધા જ મિત્રો સહકાર આપે એટલી મારી વિનંતી છે. માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય માયાબેન જે બિલ લઈને આવ્યા છે એ બિલ એક જાગૃત ધારાસભ્ય તરીકે ગુજરાતની પ્રજાને એક મેસેજ આપવા, એક નવી વ્યવસ્થા રાજય સરકારમાં જે ઊભી થવાની છે. એની માહિતી આપવા માટેનો એક ઉચ્ચતમ પ્રયાસ કર્યો છે. આપના મારફત મારે યુ.પી.એ.સરકારના વડાપ્રધાન અને યુ.પી.એ.ના ચેરમેનને ધન્યવાદ એટલા માટે પાઠવવા છે કે, પહેલી વખત રાઈટ ટુ ઈન્ફર્મેશન બિલ લોકસભામાં પસાર કર્યું અને દરેક રાજયને ડાયરેકટીવ્સ આપ્યા છે કે ૧૨૦ દિવસમાં આ બિલની દરેક રાજયમાં અમલવારી કરો. અને જેમ ધારાસભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે ૧૫મી, ઓકટોબરે એમને ૧૨૦ દિવસ પૂરા થવાના છે. આ બિલમાં જે જોગવાઈ છે એ જોગવાઈ એ છે કે, રાજયોની અંદર માહિતી કમિશનની રચના કરવામાં આવે. એના એક મુખ્ય કમિશનર અને બીજા વધુમાં વધુ દસ કમિશનરોની નિમણૂક થાય અને એ માહિતી કમિશનરોની નિમણૂક કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને વિરોધ પક્ષના નેતાશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે નકકી કરે એ એક મંત્રીશ્રીની કમિટિ ગવર્નરને પેનલો મોકલે અને એમાંથી આ માહિતી કમિશનરોની નિમણૂક કરવાની થાય છે. રાજય સરકારે મુખ્ય માહિતી અધિકારીની પણ નિમણૂક કરવાની છે એ બધા પ્રકારની માહિતી છે એ આપે અને જો ન આપે તો માહિતી કમિશનર પાસે ફરિયાદ કરી શકાય એવી જોગવાઈ આ જે બિલ કેન્દ્ર સરકારે આપ્યું છે એ બિલમાં છે. અને જો માહિતી ન આપી હોય તો જે નોમીનલ ફી નકકી થઈ હોય એ ફી ભરે એટલે ૧૨૦ દિવસમાં માહિતી આપવા રાજય સરકાર બંધાયેલ છે. ખૂબ ક્રાંતિકારી કહી શકાય એ પ્રકારનું બિલ કેન્દ્ર સરકારે પસાર કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે મુશ્કેલી એ છે કે, ધારાસભ્યશ્રી પણ માહિતી માગે તો ધારાસભ્યને પણ માહિતી નથી મળતી. અહીંયા પ્રશ્નો પૂછવામાં આવે તો એક યા બીજા કારણસર, ટેકનિકલ કારણસર હજારોની સંખ્યામાં પ્રશ્નો કાઢી નાખવામાં આવે છે. પણ જો આ બિલ આવશે તો ધારાસભ્યો કરતા વિશેષ અધિકારો આ રાઈટ ટુ ઈન્ફર્મેશન બિલમાં અપાયેલા છે. મારે એના ઉપર રાજનીતિ નથી કરવી પણ આપના મારફત વિનંતી કરવા માગુ છું કે, પ્રજાના પ્રતિનિધિ તરીકે આપણને બધાને અહીંયા એટલા માટે અધિકારો આપ્યા છે કે એમનો જે અવાજ છે એ અવાજ ત્યાં બેઠા છે એમનો અવાજ દબાઈ ન જાય એમની ઈચ્છા છે માહિતીની માગણી કરવાની એ માગી હોય તો એ માહિતી એને મળે. પરિસ્થિતિ કેવી ચાલે છે એ હું કહીશ, વિરોધ પક્ષના નેતા તરીકે ગયા વખતે ભરુચમાં પૂર આવ્યું. મેં માનનીય મુખ્યમંત્રીશ્રી અને રેવન્યુ મંત્રીશ્રીને પત્ર લખીને કહ્યું છે કે અમારે કેન્દ્ર સરકાર પાસે રજૂઆત કરવી છે અમને માહિતી આપો કે કયા જિલ્લામાં કેટલું નુકસાન થયેલું છે? ચાર મહિના પછી મને જવાબ મળ્યો કે તમે જિલ્લા કલેકટરશ્રી પાસેથી આ માહિતી મેળવી શકો છો. એના પછી વિધાનસભામાં ગયા બજેટ સત્રમાં મેં ફરિયાદ કરી, મેં વાત કરી કે મને ગુજરાતની પ્રજા અને સરકારને મદદરૂપ થઈ શકે એટલા માટે માહિતી જોઈતી હતી. કેન્દ્રમાં એટલી વગ અમારી છે એથી અમારે મદદ કરવી છે. પણ એ વખતે આપે સૂચના આપી હતી કે આપે વિરોધ પક્ષના નેતા પાસે અધિકારીને મોકલી અને માહિતી પહોંચાડવી જોઈએ અને આપે એવી પણ સૂચના આપી હતી કે આપ માહિતી પહોંચાડી દેશો. પણ આજની તારીખે હું એ બે વર્ષ પહેલાની માહિતીની રાહ જોઉં છું. અને આ વખતે પણ માનનીય મુખ્યમંત્રીશ્રી અને રેવન્યુ મંત્રીશ્રીને કહ્યું કે, અમારે ગુજરાત સરકારને મદદ કરવી છે. અને અમે એમ કહ્યું કે રાજનીતિ કર્યા વગર મુખ્યમંત્રીશ્રી કહે. જયાં આજે પૂર આવેલ છે જેને હવાઈ સુનામીના નામની નવી ડેફિનેશન કરી છે ત્યાં મદદ કરવી છે અમને માહિતી આપો કે કયા જિલ્લામાં કેટલું નુકસાન કયા પ્રકારનું થયું છે અને કયા પ્રકારની મદદની જરૂર છે એની

માહિતીની આજે હું રાહ જોઉં છું. મારે આપના મારફત કહેવું છે કે ટોણા મારવા હોય મોરબીમાં સંસદસભ્યોને, સંસદસભ્યો કોઈ એક જ પક્ષના નથી હોતા. આદરણીય માનનીય અડવાણીજીથી માંડીને અમારા પક્ષના માનનીય અહેમદ પટેલ જેવા વગદાર અસંખ્ય બીજા સંસદસભ્યશ્રીઓ બેઠા છે એમની પાસે જઈને એમ કહી શકાય કે ચાલો ગુજરાતનો પ્રશ્ન છે, ગેસનો પ્રશ્ન છે અમારી સાથે ચાલો. પણ એવું કહેવું નથી પણ માનનીય કાશીરામ રાણા હોય કે અમારા વલ્લભભાઈ કથિરિયા હોય એને ઉતારી પાડવા હોય તો બધું કહેવાય છે. મારે કહેવું છે કે, ધારાસભ્યનું કે સંસદ સભ્યનું અપમાન કરીને આ નહિ ચાલી શકે, એમને માહિતી આપે આપવી પડશે, મારે આપને એટલી વાત કરવી છે કે, માનનીય મુખ્યમંત્રીશ્રીને મેં પત્ર લખીને જાણ કરી કે, ૧૨૦ દિવસ પૂરા થાય એ પહેલાં માહિતી કમિશનની આપ નિમણૂંક કરી આપો, પણ હજી બે દિવસ પહેલાં જવાબ એવો મળ્યો છે કે આ માહિતી પ્રોસેસમાં છે, કારણ?, કારણ એવું છે કે, ૧૨૦ દિવસ પૂરાં કરવાના છે, રાજ્ય સરકારની જો નીતિ સ્પષ્ટ હોય કે માહિતી, રાઈટ ટુ ઈન્ફરમેશન બિલનો બરાબર અક્ષરશઃ, સારી ભાવનાથી, બેટર ઇન સ્પિરિટની અંદર એનો અમલ કરવો છે તો જે દિવસે બિલ પાસ થયું ગેઝેટમાં નોટિફાય થયું એના પંદર દિવસની અંદર આ બિલની અમલવારી રાજ્ય સરકાર કરી શક્યું હોત. જો એવું કર્યુ હોત તો આદરણીય માયાબેનને જે આ બિલ લઈને અહીંયા આવવું પડ્યું છે એ કદાચ ન લઈને આવવું પડ્યું હોત. પણ મારી વાત એટલી જ છે કે, વારંવાર માહિતીના અધિકારથી હવે પ્રજાને વંચિત રાખી શકાશે નહિ. આઈ.ટી. એટલે 'ઈન્ડિયા ટુ મોરો' નહિ 'ઈન્ડિયા ટુ ડે' આજે માહિતી જોઈએ છે 'ટુ મોરો' તો કોઈ દિવસ ખૂટવાનું નથી આવતીકાલે ઊઠીશું એટલે 'ટુ મોરો' તો થવાનું જ છે અને એ માહિતી જેમ રામ રાજ્યની અંદર ધોબીએ માગણી કરી હતી, સામાન્ય માણસે એક કમ્પ્લેઈન કરી એનો અવાજ સંભળાતો હતો પણ આજે આદરણીય રમીલાબેન જેવાનો અવાજ સંભળાતો નથી અને એટલી હદ સુધી સંભળાતો નથી કે એમને એમ કહેવું પડે કે જો તમે મને ન્યાય નહિ આપો તો મારે આપઘાત કરવો પડશે હું એમ કહું કે આનાથી મોટી શરમ રાજ્ય સરકાર માટે બીજી કંઈ હોઈ શકે નહિ. આ સરકારની જગ્યાએ હું હોઉં તો રાજીનામુ ફેંકી દીધું હોય, પણ સત્તાની આસપાસ જે લોકો ફરે છે, રાજીનામુ નહિ આપો તો પ્રજા તમારી રાહ જોઈને બેઠી છે ભૂલી ના જતા, યાવત્ ચંદ્ર દિવાકરો એ ત્યાંસુધી કોઈ રાજ લખાવીને આવ્યા નથી. એન.ડી.એ. ની સરકાર ગઈ, એવી રીતે થોડા સમયની અંદર આપે પણ પ્રજાની પાસે જવું પડશે, માહિતી આપો, ન્યાય આપો અને રાજ કરો ત્યાંસુધી પ્રજાનો સહકાર હોય છે. એટલે મારી આપના મારફતે વિનંતી એટલી જ છે કે, આ બિલ કેન્દ્ર સરકારે એનું બિલ નોટિફાઈડ કરી દીધેલ છે જેમ માયાબેને ચિંતા વ્યક્ત કરી છે એ તમામ જોગવાઈઓ 'રાઈટ ટુ ઈન્ફરમેશન' બિલમાં છે અને એનો અમલ ૧૨૦ દિવસ પૂરા થાય ત્યારે નહિ પણ બે પાંચ દિવસની અંદર એનો અમલ થાય એવી કાર્યવાહી કરશો તો મને લાગે છે કે માયાબેન જે બિલ લઈને આવ્યા છે જે મહેનત કરી છે એ સફળ થયેલી ગણાશે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, આપણા બંધારણમાં જે કેટલાક મૂળભૂત અધિકારો જે જનસમુદાયોને પ્રાપ્ત થયાં છે અને કોઈને કોઈ કારણસર આપણે એ કરી શક્યા નહિ, મને લાગે છે કે આ એક એવું ક્રાંતિકારી બિલ બની રહેવાનું છે. કોઈપણ હકીકત જો એને વહીવટમાં કોઈ એક યા બીજા કારણોસર છુપાવવામાં આવે એને યોગ્ય વ્યક્તિ જેને જરૂર હોય તો એને પહોંચતી ના કરવામાં આવે, એને મળે નહિ, મને લાગે છે કે એવું એટલા માટે થતું હોય છે કે વહીવટમાં બેઠેલા લોકો એ જે કંઈ કામગીરી કરતા હોય એની અંદર જ્યારે જ્યારે જે કંઈ એમની ક્ષતિઓ હોય એ બીજાને ખબર પડશે તો મારા માટેની કેવી છાપ પડશે આના સતત ભયને કારણે એ ક્યારેય પણ આ વસ્તુ આપવા માટે સંમત થતાં નથી હોતા. હમણાં ફ્રેન્ડશીપ ડે થોડા દિવસ પહેલાં ગયો ત્યારે એક અખબારમાં એક સરસ કાર્ટૂન મેં જોયું હતું કાર્ટૂન એવું હતું કે પોલીસ, પોલિટિશયન અને એન્ટી સોશિયલ એલિમેન્ટ્સ લોકો, આ ત્રણેય એકબીજાને ગળે લગાવીને કહેતા હતા કે 'લેટ અસ

એન્જોય એ ફ્રેન્ડશીપ ડે'જો ગમે એટલા કાયદા બને પણ છેવટે જો આ જ થાય તો મને લાગે છે કે તેનો અર્થ ના રહે એટલે આપણે આ જયારે કાયદો બની રહયો છે ત્યારે પણ એવી પ્રાર્થના કરીએ કે એક સાચી કમિટમેન્ટથી, નિષ્ઠાથી આનું અમલીકરણ કરવા માટે આપણી પ્રતિબધ્ધતા બની રહે કારણ એકબાજુ આપણે સતત કહીએ છીએ કે વહીવટની અંદર પારદર્શકતા તે અમારું મુખ્ય ધ્યેય છે. આ પક્ષની સરકાર કે આ પક્ષની સરકાર એમ નહીં સાહેબ અહીંયા જે કોઈ બેઠા છે તેમને કાયમ માટે આ વાત કરી છે કે અમે પારદર્શીતાથી વહીવટ કરીએ છીએ અને જયારે પારદર્શીતાથી વહીવટ કરતા હોય ત્યારે શું કામ આવું કરવું પડે ? વાત બહું સાચી છે અને તે વાતને ગંભીરતાપૂર્વક મારે આ સભાગૃહમાં એટલા માટે કહેવી છે જે પરિસ્થિતિ જે હદ સુધી પહોંચી છે તે એટલી ગંભીર છે કે તેમાં સામાન્ય નાગરિક નહીં ચૂંટાયેલા પ્રતિનિધિઓને એક યા બીજા કારણસર માહિતી ન આપવાનો ઈરાદાપૂર્વકનો પ્રયાસ થઈ રહયો છે આ વસ્તુ બરાબર નથી થતી અને એટલા માટે મારે કોઈ દાખલો આપવો નથી. કારણકે જો દાખલા આપવા બેસું તો એ બહું લાંબી પ્રક્રિયા થશે અને એટલા માટે હું બહુ સ્પષ્ટતાપૂર્વક કહેવા માગું છું કે આ બિલ હોય કે ના હોય પરંતુ સત્તા ઉપર બેઠેલાં પ્રત્યેક વ્યકિતની તે પવિત્ર ફરજ છે કે તેની અંદર ખુલ્લાપણું હોવું જોઈએ અને તે ખુલ્લાપણું ના હોય તો ચોકકસ એમ માનવાને કારણ છે કે કંઈક છૂપાવવા માટેનો તેમની પાસે ઈરાદો છે અને એટલા માટે કહેવામાં આવતું નથી. અહીંયા માયાબેન કોડનાનીએ કહયું કે તેમણે કેટલા બધા મહાપુરૂષોના કવોટેશન પણ ટાંકયા. આપણે આ દેશની અંદર જે પ્રકારના આદર્શો છે, જે મહાપુરૂષો છે તે આપણા માટે પ્રેરણારૂપ બની ગયા. મને લાગે છે કમસે કમ આપણી જાતને એટલી ખુલ્લી કરીને આપણે એક સ્વચ્છ વહીવટના કમિટમેન્ટ સાથે આ બિલનું અમલીકરણ તે જે પણ તેની પ્રક્રિયા છે કમિશ્નરો નીમવાની આ તે તેને ખૂબ ઝડપથી પૂરી કરીને લોકોને એમ લાગે કે મને હવે આ અધિકાર પ્રાપ્ત થયો છે તે પ્રકારે તેનો અમલ થાય અને માયાબેનને આવું સુંદર બિલ લઈ આવવા માટે હું ખૂબ અભિનંદન પાઠવું છું. ધન્યવાદ.

**શ્રી સૌરભ પટેલ (રાજયકક્ષાના માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય માયાબેન નાગરિકોને માહિતી આપવા માટેનું જે વિધેયક લાવ્યા તે બદલ હું તેમને અભિનંદન આપું છું. લોકશાહીની અંદર દરેક ચૂંટાયેલા પ્રતિનિધિઓની ઘણી બધી જવાબદારીઓ હોય છે. દરેક ચૂંટાયેલા સભ્યો પોતાના વિસ્તારના એક જવાબદાર પ્રતિનિધિ તરીકે હોય છે. દરેક પ્રજાના લોકો ઈચ્છતા હોય છે કે સરકાર સારામાં સારી રીતે ચાલે. આ વિધાનસભા ગૃહની અંદર પણ સારામાં સારી ચર્ચા થાય તેવું પ્રજા ઈચ્છતી હોય છે. આ એક દિવસ વિધાનસભા ચાલે તેની પાછળ ઘણો બધો ખર્ચો થતો હોય છે અને આ સમય એકે એક મિનિટ બરાબર રીતે વપરાય તે બધા મિત્રોની જવાબદારી છે. આ રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ આવશે ત્યારે આ સમય આપણે કેવી રીતે વાપર્યો, કેટલો ખર્ચો કર્યો તે બધું બહાર આવશે. એટલે મારી આપ સૌને વિનંતી છે ધ ફ્રિડમ ટુ ઈન્ફર્મેશન એકટ ૨૦૦૨માં આદરણીય અટલજી તે વખતે હાઉસમાં લાવ્યા હતા. પરંતુ ૩ વર્ષ બગડયાં, અત્યારે આ વખતે ૨૦૦૫ માં એનું માળખું બદલીને, એનું ટાઈટલ બદલીને આ લોકસભામાં તા. ૧૧-૫-૨૦૦૫ ના રોજ આ બિલ પસાર કર્યુ છે અને ૧૨૦ દિવસમાં આ એકટ આવી જવાનો છે, તા. ૧૨-૧૦-૨૦૦૫ ના રોજથી આ એકટ અમલમાં આવવાનો છે. સરકાર એના માટેના રૂલ્સ બનાવી રહી છે, ખૂબ ઝડપથી બનાવી રહી છે અને આ કાયદો કેન્દ્ર માટે પણ લાગશે અને જમ્મુ-કાશ્મીર સિવાયના દરેક રાજયમા લાગુ પડવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ માટે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ઘણીબધી ચિંતા વ્યકત કરી છે. મારે તેમને ઘણી માહિતી આપવાની છે કે માહિતી પંચની નિમણૂક માટેની ભલામણ સમિતિની રચના થઈ ગઈ છે અને વિરોધપક્ષના નેતાશ્રીનો પણ એમાં સમાવેશ કરવામાં આવ્યો છે એટલે આપનાં જે સૂચનો હોય એ આપ સમિતિમાં રહીને ચોકકસ કરી શકો છો. બીજું કે રાજયમાં કલેકટરશ્રીઓ, ડી.ડી.ઓ.શ્રીઓ અને બધા સચિવશ્રીઓની અનેક મિટિંગો થઈ ગઈ છે અને વહેલામાં વહેલી તકે આ રૂલ્સ બને એના માટે સરકાર ખૂબ ચિંતિત છે. પબ્લિક ઈન્ફર્મેશન ઓફિસરોની નિમણૂક માટે માર્ગદર્શક સૂચનાઓ બહાર પડી રહી છે અને વહેલી તકે આ કામગીરી પૂર્ણ થશે. મારે એક ખાસ ધ્યાન દોરવાનું કે કેન્દ્રીય કચેરીઓ માટે પણ આ એકટ લાગુ પડે છે અને આપણે તેમનાથી ઘણા આગળ છીએ, તેમની તૈયારીઓ કરતાં આપણે ઘણા આગળ છીએ અને હું ચોકકસપણે બધા માનનીય સભ્યશ્રીઓને ખાતરી આપું છું કે આપણે આ બહુ જ ટ્રાન્સપરન્સીથી કરવા માગીએ છીએ. પ્રજાના હિત માટે, પ્રજાના લાભ માટે આ કરવા માગીએ છીએ. આની અંદર બધી જ વિગતો આવી જાય છે. આપણે કેટલો ખર્ચ કરીએ છીએ એની માહિતી પ્રજાને આપવી પડે કારણ કે રાતના ઉડીને દિલ્હી જાય, સવારના પાછા આવી જાય અને પાછા સાંજે દિલ્હી ફરી જાય, આ રીતે આવે અને જાય એવું

ભૂતકાળમાં થતું હતું એ બધું આમાંથી બહાર નીકળશે. એટલે અઠવાડિયા સુધી જે ખોટા ખર્ચ કરતા હતા એ બધો હિસાબ હવે પ્રજાને આપવો પડશે. જે ભ્રષ્ટાચાર થતો હતો એ ભ્રષ્ટાચાર વિશેનો બધો હિસાબ પ્રજાને આપવો પડશે. એટલે આ એકટના માધ્યમથી જે કાંઈ ખોટું થતું હતું એ બધું જ બહાર આવશે. (અંતરાય)

હું માનનીય સભ્યશ્રીને વિનંતી કરું છું કે હવે તો રાજય સરકારે આ એકટ લાવવાની જરૂર નથી. કેન્દ્રનો કાયદો તા. ૧૨-૧૦-૨૦૦૫ થી અમલમાં આવવાનો છે અને આપણે એ તારીખથી અમલ કરવાના છીએ. આ એક ખૂબ જ સારો કાયદો છે. જયારે આ કેન્દ્રનો કાયદો લાગુ પડવાનો છે ત્યારે માનનીય સભ્યશ્રી આ જે બિલ લાવ્યા છે એ પાછું ખેંચી લે.

મેરે સપનોં કો જાનને કા હક્ક રે,.... કયું સદીયોં સે ટૂટ રહે હૈ, ઈન્હે સજને કા નામ નહીં,
મેરે હાથોં કો યે જાનને કા હક્ક રે.... કયું બરસોં સે ખાલી પડે હૈં, ઈન્હે આજ ભી કામ નહીં,
મેરે પૈરોં કો યે જાનને કા હક્ક રે.... કયું ગાંવ ગાંવ ચલના પડે રે, કયું બસ કા નિશાન નહીં,
મેરી ભૂખ કો યે જાનને કા હક્ક રે.... કયું ગોદામોં મેં સડતે હૈ દાને, મુઝે મુઠ્ઠી ભર ધાન નહીં,
મેરી બુઢી માં કો જાનને કા હક્ક રે.... કયું ગોલી નહીં, સૂઈ, દવાખાને,પટ્ટી-ટાંકે કા સામાન નહીં,
મેરે બચ્ચોં કો યે જાનને કા હક્ક રે.... કયું રાત દિન કરે મજદૂરી, કયું શાળા મેરે ગાંવ નહીં,
મેરે ખેતોં કો યે જાનને કા હક્ક રે.... કયું બાંધ બને રે બડે-બડે, કયું ફસલોં મે જાન નહીં,
મેરી નદીયોં કો યે જાનને કા હક્ક રે.... કયું જહર મીલાયે કારખાને, જૈસે નદીયોં મે જાન નહીં,
મેરે જંગલો કો યે જાનને કા હક્ક રે... કહાં ડાલીયાં વો પત્તે, તને, મીટ્ટી, કયું ઝરનોં કા નામ નહીં,
મેરે ગાંવ કો યે જાનને કા હક્ક રે.... કયું બીજલી ના, સડકે ના પાની, ખુલી રાશનકી દુકાન નહીં,
મેરી બસ્તીયોં કો જાનને કા હક્ક રે... કયું બસે હુએ ઘર કો ઉજાડે, રહે નામો-નિશાન નહીં,
મેરે રામકો યે જાનને કા હક્ક રે....
રહમાન કો યે જાનને કા હક્ક રે... કયું ખુન બહે રે સડકોં પે, કયા સબ ઈન્સાન નહીં,
મેરે વોટો કો યે જાનને કા હક્ક રે.... કયું એક દિન બડે-બડે વાદે, ફીર પાંચ સાલ કામ નહીં,
મેરી જિંદગી કો જીને કા હક્ક રે... અબ હક્ક કે બીના ભી કયા જીના, યે જીને કે સમાન નહીં.

આ વિનય ચારૂલ નામના કવિએ લખેલ કવિતા છે તે હું અહીં સમર્પિત કરું છું. હું આ સન્માનનીય ગૃહને વિનંતી કરું છું કે સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૦૫ નું ગુજરાત માહિતીના અધિકાર બાબત વિધેયક પાછું ખેંચવાની આ સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી,, હું સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૦૫નું ગુજરાત માહિતીના અધિકાર બાબત વિધેયક પાછું ખેંચું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

## સન ૨૦૦૪નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧, ગુજરાત શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે દાન સ્વીકારવા ઉપર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક, ૨૦૦૪

**રાજયમાં કોઈ શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે દાન અથવા પ્રિમિયમ સ્વીકારવા ઉપર પ્રતિબંધ મૂકવાની જોગવાઈ કરવા બાબત વિધેયક**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, અગાઉ • રાજપત્રમાં પ્રસિધ્ધ થયેલ સન ૨૦૦૪નું વિધેયક ક્રમાંક ૧૨-સન ૨૦૦૪નું ગુજરાત શૈક્ષણિક

• આ વિધેયક તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૪ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

સંસ્થાઓમાં પ્રવેશ માટે દાન સ્વીકારવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની એજયુકેશન ઈન્સ્ટિટયૂટ્સમાં કે. જી. થી માંડીને પી. જી. સુધીના વિદ્યાર્થીઓના પ્રવેશ માટે કેપિટેશન ફી એક હજાર થી માંડીને લાખો રૂપિયા સુધીની બોલીઓ બોલીને લેવાય છે, આઝાદીના ૫૯ વર્ષ બાદ મોંઘવારી અને બેકારીના કારણે સર્જાયેલી વિષમ પરિસ્થિતિમાં ગરીબીનો આંક વધ્યો છે, અમીરી અને ગરીબી વચ્ચે મોટી ખાઈ પડતી જાય છે અને ગરીબ પરિવારના માતા પિતા મોટું પ્રવેશ શૂલ્ક ભરીને પોતાના બાળકોને સારી સ્કૂલમાં પ્રવેશ અપાવી શકતા નથી. આની સામે આ વિધેયક દ્વારા પોલીસ અધિકારનો અને માંડવાળ ન કરી શકાય તેવો ગુનો ગણવા માટે આ વિધેયકના માધયમથી આ સન્માનનીય સભાગૃહને વિનંતી કરવા માટે હું આવ્યો છું. આપણે સૌ જાણીએ છીએ કે આ દાન લઈને પ્રવેશ આપીને માં સરસ્વતિને ચિંથરેહાલ કરવાની માનસિકતા વાળા શૈક્ષણિક જગતના કહેવાતા તત્વો સામે આ વિધેયક દ્વારા રૂક જાઓ કહેવાનો સમય આવી ગયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સમાજ જો દાન સ્વીકારીને પ્રવેશ આપવાની પદ્ધતિ સામે પગલાં નહિ લે તો સમાજ આગામી દિવસોમાં બે ભાગ વચ્ચે વહેંચાઈ જશે. ડોનેશનને કારણે શિક્ષણના શબ્દની સાથે આદર્શો અને મૂલ્યોનું ધોવાણ થશે. માત્ર વેપારીકરણ અને નફાના અભિગમથી સમાજને ગમે તે હદે નુકસાન કરી શકે તેવી આ પ્રવૃત્તિ છે. ડોનેશનને કારણે ક્ષમતાવાળા વિદ્યાર્થીઓ યોગ્ય તકથી વંચિત રહે છે અને સાથે સાથે ગરીબ પરિવાર ઉચ્ચ શિક્ષણથી વંચિત રહે છે. ડોનેશનના પ્રયત્નથી બનેલો ડૉકટર શું સમાજ સેવા કરવાનો હતો? આ શૈક્ષણિક અસમાનતા દ્વારા આપણે માત્ર શિક્ષણ જગતમાં એની અસમાનતા ઊભી કરીશું અને એનાથી આર્થિક અસમાનતા આગામી દિવસોમાં સમાજની ઘેરી સમસ્યા બનશે. બુદ્ધિ શકિતથી લીધેલી ડીગ્રી અને ડોનેશનથી લીધેલ ડીગ્રી રાષ્ટ્રીય નિર્માણના કામમાં કઈ ડીગ્રી કામ લાગશે. એક જમાનો હતો જ્યારે વિદ્વાનો હોય ત્યાં અભ્યાસ કરવા લોકો જતા હતા. આજે જમાનો બદલાયો છે. જેની પાસે પૈસા હોય અને એ પૈસાના માધ્યમથી શિક્ષણ સંસ્થાઓ કરે. હવે બિલ્ડરો આ વ્યવસાયમાં પડ્યા છે. અને ત્યાં લોકો ડોનેશનના માધ્યમથી એડમિશન લેવા જાય છે. આ બિલ્ડર સમાજ શિક્ષણ સંસ્થા કરવા નીકળ્યો છે એ શું રાષ્ટ્રીય નિર્માણનું કામ કરવાનો છે? આ ડોનેશનથી ઉચ્ચ નીચ, ગરીબ તવંગર, શહેરીકરણ અને ખાલી ગામડાં જેવા ભાગમાં વહેંચાશે. આ ડોનેશન ગરીબ અને મધ્યમવર્ગ કયાથી લાવશે. એ પોતાના પી.એફ.માંથી લોન લે, બૅન્કમાંથી લોન લે, જો ફિકસ ડિપોઝિટ હોય તો એ તોડીને એડમિશન લે. મકાન કે ખેતર હોય તો એ ગીરવે મૂકીને એડમિશન લે અને અંતે એની આર્થિક સ્થિતિ બગડે. માતા સરસ્વતીની સાધનાના ઓછાયા હેઠળ ચાલતી વેપારી પ્રવૃત્તિ કરી સમાજની અંદર આવનારા દિવસોમાં વિષમ સમસ્યા ઊભી થવાની છે. આ સંસ્થાઓમાં શિક્ષણ મળે છે પરંતુ કેળવણી મળતી નથી. યાંત્રિકતા મળે છે પરંતુ સંવેદના મળતી નથી. નફાની વહેંચણી માટે ટ્રસ્ટીઓ વચ્ચે ઝઘડા થાય છે. ટ્રસ્ટીશીપ હોતી નથી. મારે મન શિક્ષણ જીવનનું સ્વપ્ન, નવસર્જનનો આનંદ, વ્યવસાય નહિ ધર્મ, એક અખંડયાત્રાને બદલે ભષ્ટાચાર ફુલેફાલે છે. શાળામાં પલાઠી વાળી બેઠેલા જ્ઞાન પીપાંસુ બાળકમાં પડેલ સુષુપ્ત શકિત જગાડવાને બદલે આપણા ચક્ષું તેનામાંથી આર્થિક વળતર માટે કાર્યરત હોય છે. કોઈપણ દેશનું ઘડતર તેના શિક્ષણ પર આધારિત હોય છે. રાષ્ટ્ર નિર્માણ, રાષ્ટ્ર ઉત્થાનમાં શિક્ષણ અગ્રેસર હોય છે. ધીરે ધીરે શિક્ષણનું વ્યાપારીકરણ થઈ રહ્યું છે. શિક્ષણમાં ડોનેશનને કારણે લૂંટવાની હાટડીઓ ખૂલી છે. નૉન ગ્રાન્ટેબલ શાળાઓએ ગરીબ અને તેજસ્વી બાળકોને શૈક્ષણિક રીતે લંગડા બનાવી દીધા છે. કરોડો રૂપિયા પ્રાથમિક શિક્ષણ પાછળ ખર્ચવા છતાં આજે મોટા ભાગની પ્રાથમિક શાળાઓ પાંજરાપોળ જેવી પરિસ્થિતિથી આગળ વધતી નથી. અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં ભણતા સાતમા ધોરણના બાળકો પાસે પાઠ્યપુસ્તકનું વાચન કરાવવામાં આવે તો એ વાચી શકતા નથી આવી દુર્દશા થઈ છે. શું આ ડોનેશન લેતી સંસ્થાઓ ચેતના કેન્દ્રો બની શકશે ખરા? દિશા કેન્દ્ર બની શકશે ખરા, રાષ્ટ્ર નિર્માણનું કામ કરી શકશે? ગરીબ પરિવાર મનોવ્યથા સાથે તેનું બાળક ટૂંટીયુ વાળીને ટગર ટગર આ સ્થિતિ જોઈ રહ્યો છે. ડોનેશનના કારણે ગરીબ પરિવારના અકાળે મૂરઝાતા ફુલડા માટે ભાર વગરના ભણતરની સાથે દાન વગરનું ભણતર જોઈએ. શિક્ષણ શાસ્ત્રી, સંચાલક સમાજનો ઘડવૈયો છે સ્વામી સચ્ચિદાનંદ

મહારાજ સમાજના ઘડવૈયા છે, આજે આ સમાજના ઘડવૈયા માટે કામ કરે છે. પંડિત દીનદયાળજીના શબ્દો છે. શિક્ષણનો સબંધ વ્યકિત કરતા સમાજ સાથે વધુ છે. આ સમસ્યાને સામાજિક દૃષ્ટિકોણથી જોવો પડે. શિક્ષણ એ ચેતનાની ખેતી છે. શિક્ષણ રાષ્ટ્ર નિર્માણ અને રાષ્ટ્ર કેળવણી સાથેનો પવિત્ર વ્યવસાય છે.

આપણને સૌને ચીની કહેવત ખબર છે કે જે આજનો વિચાર કરે છે તે અનાજ વાવે છે. જે દસ વર્ષનો વિચાર કરે છે તે વૃક્ષ વાવે છે, જે આવતી પેઢીનો વિચાર કરે છે તે માનવ વાવે છે અને માનવના નિર્માણ માટે સૌથી અગત્યનું કામ હોય તો તે શિક્ષણ છે. પદ, પદવી, પ્રતિષ્ઠાના મોહમાં શિક્ષણની હરાજીમાં કયાંક આપણે ભાગીદાર તો નથી બનતા ને? આ સન્માનનીય ગૃહના સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું કે આપણે તેને પડકારી આપણે સૌ સાચી દિશાના સહિયારા પુરુષાર્થથી જ્ઞાનની ભાગીદારી સ્વરૂપે ગંગોત્રી વહેવડાવવાનો પ્રયત્ન કરીએ. તો આ જ શિક્ષણના માધ્યમથી કંકરમાંથી શંકર બનાવવાની ક્ષમતા શિક્ષણમાં છે. ગુજરાત સરકાર દ્વારા ૧૯૨૫ કરોડ પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે અને માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે ૧૧૩૮ કરોડ, ૨૭૧૦ કરોડ રૂપિયાનો માતબર ખર્ચ કર્યા પછી આજે કેટલા ગ્રામ્ય કક્ષાના બાળકો બોર્ડમાં આવ્યા? ગ્રામ્ય કક્ષાના કેટલા બાળકોને મેડીકલમાં કે એન્જિનિયરીંગમાં પ્રવેશ મળ્યો? આપણો રાજય સરકારનો નિષ્ઠાપૂર્વકનો પ્રયાસ હોવા છતાં આપણે આની અંદર અપેક્ષા પૂરતી સિદ્ધિ નથી મેળવી શકયા.

માનનીય અધ્યક્ષશ્રી, education is social service, not an industry માનનીય અધ્યક્ષશ્રી, સરસ્વતીના ધામમાં વહેતી આ દાન અને ડોનેશન નામની ભ્રષ્ટાચાર રૂપી ગંગોત્રીને રોકવા માટેનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવો પડશે. સમાજનો ગરીબ, આર્થિક પછાત, નબળા વર્ગો, દલિત, આદિવાસી પોતે ડોનેશન નહીં આપવાને કારણે સારા શિક્ષણથી વંચિત છે. કે.જી.ના ૫૦ હજારથી ડોકટરના ૨૦ લાખ સુધી દાનના દૈત્યની સામે લડાઈના શ્રીગણેશ કરવાનો સમય પાકી ચૂકયો છે. તા. ૧૨-૭-૨૦૦૫ના દિવસે એક ઘટના બની કે જુદી જુદી વિદ્યાશાખાના મેનેજમેન્ટ કવોટાની બેઠકો માટે રીતસરની બોલી બોલાઈ. આ શરમજનક ઘટનાથી વિશેષ શું હોય? આપણે આપણી સંસ્કૃતિમાં જોયું છે કે કૃષ્ણ અને સુદામા સાથે ભણતા હતા. શું હવે ફરીથી કયારેય કૃષ્ણ અને સુદામા સાથે ભણી શકે એવી પરિસ્થિતિ આપણને દેખાય છે? માનનીય અધ્યક્ષશ્રી, કોઈ સફાઈ કામદારની દીકરી શું હવે ડોકટર બની શકશે? તો જે ડોનેશનની સીટ ઉપર ૨૫ લાખ ખર્ચી શકે એ બની શકે. લાખ-બે લાખથી પ્રવેશ મેળવેલ પી.ટી.સી.નો વિદ્યાર્થી એ રાષ્ટ્ર નિર્માણના કામમાં પોતાનું યોગદાન આપી શકશે કે પોતાના પિતાએ ઉધાર લીધેલ પૈસા પરત ચૂકવવા માટે પોતાની સતત ખેવના રાખશે? આ સમાજ બે ભાગમાં વહેંચાયેલો છે. આ ગરીબની વેદનાને, વ્યથાને વાચા આપવા સંવેદના સાથે ગુજરાતની પાંચ કરોડની પ્રજાના હિતમાં સમરસ સમાજના નિર્માણ માટે આ સન્માનનીય સભાગૃહને હું વિનંતી કરું છું કે આ વિધેયકને આપ સૌ સમર્થન આપો.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફીયા (રખિયાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહજીએ જે બિન સરકારી વિધેયક આ સન્માનનીય સભાગૃહમાં રજૂ કર્યું છે તેના સમર્થનમાં અને જે પ્રકારે ભારતના બંધારણે પણ આપણને કહયું છે કે ૧૪ વર્ષની ઉંમર સુધીના ભારતના તમામ બાળકોને વિના મૂલ્યે ફરજીયાત શિક્ષણ મળી રહેશે. આજે ૫૮ વર્ષ પછી પણ ડોનેશનની સવારના પાંચ વાગ્યાથી લાઈનો લગાવતી આ પ્રજા અને હેવ અને હેવ નોટના આ ઝઘડામાં મ્યુનિસિપલ સ્કૂલમાં ભણતાં બાળકોના ફાટેલાં બટનમાં આપણે ભારતનું ભવિષ્ય જોઈ શકીએ છીએ ખરા? આપણે એમ કહી શકીએ છીએ કે સા વિદ્યા ન ચોર હાર્યમ્ ન ચ રાજ હાર્યમ્. આ તો રાજ આપણે જ હારી જઈએ છીએ. ન ભાતૃ ભાજયમ્ ન ચ ભાર ભૂતા. આ ભાતૃભાજય નથી, આ ભારભૂતા બન્યું છે. ડોનેશનની આ પ્રથા ગરીબ માણસને ઝૂંપડામાંથી નીકળતા હવે ડો. બાબાસાહેબ આંબેડકર બનાવી શકશે? સમયના આ પ્રવાહને જો આપણે નહીં પારખીએ તો હજારો બાળકો વચ્ચે આ સમાજમાં બહુ મોટી ખાઈ સર્જાઈ જશે અને આ ખાઈના સર્જનકર્તા આપણે પોતે હોઈશું. એટલા માટે જે પ્રકારે આપણે કહીએ છીએ we want to go to ૨૧$^{st}$ century, જાવ તેનો વાંધો નથી. પણ પ્રવાહમાં પાછળ રહીને જશો તો એ ટાંટિયો પકડીને ઉપર નહીં જવા દે. જે પ્રકારની પરિસ્થિતિ આજે સમાજજીવનમાં પેદા થઈ, હું પગે ચાલીને મારા વિસ્તારમાં ગયો છું. ૭૫૦ બાળકોએ નિશાળ છોડી દીધી. શું કામ છોડી દીધી ? પ્રાઇવેટ સ્કૂલમાં જવાના, ફી ભરવાના દોઢ વર્ષના પૈસા બાકી છે. એના મા-બહેન આપણી પાસે આવીને રડે અને આપણે એમ કહીએ કે, આપણે એકવીસમી સદીમાં પહોંચ્યા છીએ. અને હું તો આ ગૃહને વિનંતી કરું છું કે, ઇન્ડિયન પીનલ કોડની અંદર દાન લેનારની સામે ફોજદારી કાયદો હોવો જોઈએ અને જો આપણે ઇચ્છતા હોઈએ કે સ્વનિર્ભર, સ્વનિર્ભરના આધાર ઉપર તવંગર વર્ગ માત્ર ભણી શકે. અમે તો ગામડામાંથી આવીએ છીએ એટલે ખબર છે. આઠ-આઠ કિલોમીટર સુધી ખભે થેલો નાખીને

હાઈસ્કૂલમાં ભણવા ગયા છીએ એટલે ખબર છે. એટલે માનનીય અધ્યક્ષશ્રી, હું વિનંતી કરું છું કે, જે રાજય અથવા જે પ્રજા પોતાના ગરીબ માણસોને બાળકને ઈકવલ- સમાન તક ન આપી શકે એ પોતે આ ખાઇના સર્જન કર્તા હશે. એટલે આજે ગુજરાતમાં હું વિનંતી કરું છું કે, આપણે ત્યાં બીજો પણ ક્રેઝ છે અંગ્રેજી માધ્યમનો. મારો અંગ્રેજી ભણે એની સામે વાંધો નથી પણ મહાત્મા ગાંધી અંગ્રેજી પ્રાઇમરીમાં નહોતા ભણ્યા, સરદાર વલ્લભભાઈ પણ નહોતા ભણ્યા, દુનિયામાં કોઈપણ ક્રાંતિ કરનારો માણસ એની ધરાનું ધાવણ ધાવીને એના દેશની પ્રગતિ કરી છે. એટલા માટે હું વિનંતી કરું છું કે, કોઈપણ પ્રકારનું ડોનેશન, પ્રાઇમરીમાં કે, માધ્યમિકમાં, ફી દેવાના પૈસા નથી અને એને તમે, કપરાળાની દીકરીને એમ કહો કે તું બારમામાં કોમ્પિટિશન કર, ડાંગની દીકરીને, જેની પાસે બધી સગવડો છે એ બારમા ધોરણમાં એક લાખ રૂપિયાનું ટ્યુશન કરતા દીકરાની સાથે કોમ્પિટિશન કરે અને એમાંથી આપણે પેદા કરીશું? એટલે આ ભલે પ્રાઇવેટ મેમ્બર બિલ હોય પણ હું આગ્રહભરી વિનંતી કરું છું, વેદનાભરી વિનંતી કરું છું કે, ગુજરાત રાજયમાં એક પણ રૂપિયાનું ડોનેશન કમસેકમ ન લેવામાં આવે અને લેતા હોય તો ફોજદારી કાયદામાં કડકમાં કડક સજા કરવામાં આવે અને છેલ્લી વિનંતી છે કે, આ શિક્ષણને વેપારીકરણ ભૂતકાળમાં આઝાદી પહેલાં નહોતું બનાવ્યું, સખાવતો ખોલી હતી અને અત્યારે વેપાર માંડીને બેઠેલી પ્રજા, એની અંદર બધા જ આવી જાય છે, એમાં ફરીથી નવચેતના મળે. આ બિલ પ્રદિપસિંહજી લાવ્યા છે એને હ્દયપૂર્વક સમર્થન આપું છું. કરોડો ફાટેલા કપડાંવાળા બાળકોની દયા ખાઈને પણ આ બિલ સ્વીકારે એવી વિનંતી કરું છું.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)** : માનનીય અધ્યક્ષશ્રી, મુરબ્બીશ્રી પ્રદિપસિંહજી જાડેજા શૈક્ષણિક સંસ્થાઓને દાન લેવા ઉપર પ્રતિબંધ મૂકવા અંગેનું બિનસરકારી વિધેયક લઈને આવ્યા છે એ વિધેયકમાં સહ્દય હું મારો સૂર પુરાવવા ઊભો થયો છું.

આ વિધાનસભાગૃહની અંદર ગત વર્ષોની અંદર મને વિચારો રજૂ કરવાની તક મળી ત્યારે પણ કહ્યું હતું. આજે ગુજરાતની અંદર ગરીબ અને મધ્યમવર્ગના અનેક વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત થઈ રહ્યા છે. શું કામ વંચિત થઈ રહ્યા છે ? એમની લાગણીને વાચા આપવાનું કામ પ્રદિપસિંહજીએ કર્યું છે માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આદરણીય ગોરધનભાઈએ કહ્યું કે, બાળકોને મૂળભૂત બંધારણની અંદર કરેલી જોગવાઈ મુજબ ૧૪ વર્ષ સુધીના બાળકોને મફત શિક્ષણ આપવાની જોગવાઈ છે. આ દેશની આર્થિક પરિસ્થિતિ, સામાજિક પરિસ્થિતિ, એને દિવસેને દિવસે પ્રગતિના પંથે જોડવાના તાલ સ્વરૂપ દરેક ક્ષેત્રે આપણે વિકાસ કરતા રહ્યા પણ વિકાસના પાયામાં મૂળભૂત જરૂરિયાત છે શિક્ષણની, જ્યાં સુધી જ્ઞાનની જ્યોત પ્રગટશે નહીં ત્યાં સુધી વિકાસનું સ્વપ્ન બની જવાનું છે. એની અંદર આ ગૃહની અંદર ચિંતા થઈ. આજે શિક્ષણની સેવાઓનો વિષય છે એ શિક્ષણના વિષયનું વ્યાપારીકરણની દૃષ્ટિથી જોવાનો શુભારંભ થોડાક વર્ષોમાં થયો. એના પરિણામે આજે સમાજની અંદર વિભાજનના સ્થાને આપણે પહોંચી રહ્યા છીએ.

ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓ કહ્યું કે ગરીબ અને મધ્યમ વર્ગના લોકો શિક્ષણ લઈ શકવાના નથી. અને અમીરદારોના પુત્રો પૈસાના જોરે પોતાના શિક્ષણથી ઉપર વધી અને ક્યાંક ડૉકટર થઈ જાય છે, કયાંક વકીલ થઈ જાય છે ક્યાંક એંજિનિયર થઈ જાય છે પછી પરિસ્થિતિ શું થવાની બનાવેલી બિલ્ડીંગો પડી જવાની, કાયદાના ખોટા અર્થઘટન પણ થવાના અને ડૉકટરની સલાહ લેવા જઈએ તો આવ્યો હોય તાવ અને ઝાડાની ટીકડી મળી જવાની. આ પરિસ્થિતિ નિર્માણ થઈ એનું મૂળ કારણ જો હોય તો આ શૈક્ષણિક સંસ્થાઓની અંદર જે ડોનેશન લેવાની પ્રથા ચાલુ થઈ, શિક્ષણને વ્યાપારીકરણથી જોવાની જે પ્રથા ચાલુ થઈ અને એનું પરિણામ આપણે ભોગવી રહ્યા છીએ. આ રાજયના ૧૮૦૦૦ ગામડાઓની અંદર માટી અને ઢેફાથી પોતાનો પરસેવો રેડી માંડ માંડ પોતાનું ગુજરાત ચલાવતા કુટુંબો, એ કુટુંબમાં જન્મ લેનાર કોઈ બાળકનો શું વાંક કે એ શિક્ષણથી વંચિત રહે, એ બાળકનો માત્ર વાંક એટલો કે એના વાલીઓની પાસે આવકના આવા કોઈ સ્ત્રોત નથી. ખેતી ઉપર નભવું છે, મજૂરી કરીને પોતાના કુટુંબનું ભરણપોષણ કરવું છે એ માબાપ એ બાળકના પાછળ, એ બાળકના શિક્ષણની પાછળ ખર્ચ કેવી રીતે કરી શકશે? ગઈ કાલે જ અમે બે-પાંચ આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી બેઠા હતા અને આ વિષય ઉપર ચર્ચા થતી હતી કે અમારા વિસ્તારની અંદર હમણાં હમણાં નવી નવી સ્કૂલો ચાલુ થઈ છે. નવી કોલેજો ચાલુ થઈ છે. બાલમંદિરમાં જતા બાળકો માટે ૩૫,૦૦૦ રૂપિયા

ડોનેશન થયું છે. ડૉકટર થવા માટે પ્રદિપભાઈ કહે છે એમ ૨૦ લાખ રૂપિયા ડોનેશન. આ ગામડાનો ગરીબ અને મધ્યમવર્ગનો વ્યકિત ૨૦ લાખાની ઉપર કેટલા મીંડા આવે એ ગણી શકે એમ નથી ત્યારે આદરણીય પ્રદિપસિંહજીએ જે વાત કરી કે શૈક્ષણિક સંસ્થાઓની અંદર જે દાન લેવા ઉપર પ્રતિબંધ હોવો જોઈએ. આદરણીય ગોરધનભાઈએ સુર પૂરાવતા કહ્યું કે માત્ર પ્રતિબંધ ન હોવો જોઈએ પણ આ શૈક્ષણિક સંસ્થાઓ કયાંય દાન લે એવું સાબિત થાય કે ખ્યાલ આવે, કોઈ અરજદારની ફરિયાદ આવે તો એના ઉપર ફોજદારી થવી જોઈએ, એનાથી ઉપરવટ જઈને આપની મારફત સન્માનનીય ગૃહને ફરી પાછી વિનંતી કરવા માગું છું કે ઘણા ક્ષેત્રની અંદર વિકાસના નામે રૂપિયા લગાવી રહ્યા છીએ ત્યારે શિક્ષણ એ આપણા વિકાસની પાયાની જરૂરિયાત છે, આપણા બંધારણે જે અધિકાર આપ્યો છે, આપણા મૂળભૂત બંધારણે જે અધિકાર આપ્યા છે કે ૧૪ વર્ષ સુધી મફત શિક્ષણ આપવું જોઈએ તો શિક્ષણની પાછળ આપણે વધુમાં વધુ રૂપિયા લગાડીએ.

**શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ)** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રદિપસિંહજી જાડેજાના ડોનેશનના સંદર્ભમાં જે બિલ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા ખડો થયો છું. ખાલી બે જ દાખલાઓ આપવા છે, મારે બીજું ભાષણ નથી કરવું. લેન્ડ માર્ક દાખલાઓ આપવા માટે જ ઉભો થયો છું. તારીખ : ૨૮-૨-૨૦૦૨, આ સન્માનનીય સભાગૃહમાં મારા દ્વારા એક પ્રશ્ન પૂછવામાં આવેલો ૩૬ નંબરનો અને ૯૯૮૦ રજીસ્ટ્રેશન નંબરનો પ્રશ્ન હતો. ભાવનગરની ફાતીમા કોન્વેન્ટ સ્કૂલમાં એનું એડમિશન લેવામાં આવ્યું. એની ફરિયાદ થઈ, ડી.ઓ. ઑફિસ ત્યાં ચેકીંગ કરવા ગઈ, ચેકીંગ કરતી વખતે મેનેજમેંટ આખું ભાગી ગયું. અહીં મને જવાબ આપવામાં આવ્યો કે આકસ્મિક ચેકીંગ દરમિયાન સંસ્થાના કાર્યવાહકો હાજર ન હતા એ હકીકત ખરી છે સાથોસાથ એવું કહેવામાં આવ્યું કે જિલ્લા શિક્ષણાધિકારી ભાવનગર દ્વારા શાળા મંડળને નોટિસ આપવામાં આવેલ છે અને પ્રવેશની કાર્યવાહી અટકાવવામાં આવેલ છે. આ ૨૮-૨-૨૦૦૫ના રોજ આ સન્માનનીય સભાગૃહમાં મને જવાબ આપવામાં આવ્યો. આજે શાળામાં આ જ ટર્મ ચાલુ છે. જે કાર્યવાહી અટકાવી હતી એ ટર્મ ચાલુ છે. સામાન્ય રીતે માનનીય પ્રદિપસિંહજી અને બધા સભ્યોની લાગણી છે. કોઈ વ્યકિત પોતાના દીકરા-દીકરી, પુત્ર-પૌત્રને એડમિશન અપાવે છે ત્યારે એની એફિડેવિટ નથી કરતો. અમારે ત્યાં ભાવનગરમાં દિલીપ ગિરિજાશંકર ત્રિવેદી એક જુઓલોજીના પ્રોફેસર છે એણે તા. ૨૪-૩-૨૦૦૫ના રોજ એક સોગંદનામું કર્યું અને કહ્યું કે હું સાયન્સ કોલેજમાં જુઓલોજીનો પ્રોફેસર છું. મારી દીકરીની દીકરી વેણું છે એનું એડમિશન લેવા ભાવનગર ફાતીમા કોન્વેન્ટ સ્કૂલમાં ગયો. મેરી મંગલ નામની એક બેન સ્કૂલના મેડમ છે એણે મારી પાસે ૨૫ હજાર રૂપિયા માગ્યા. માથાકૂટ કરતાં કરતાં મેં ૧૫ હજાર રૂપિયા આપ્યા. એને આપ્યા એ એસ.બી.એસ.ના એ.ટી.એમ.માં કેવી રીતે પૈસા લીધા એના નંબર સહિત પહોંચ પણ માગી અને પૈસા આપ્યા. એ પૈસા આપ્યા પછી એ ડોનેશનની રકમની પહોંચની માગણી કરી અને મેરી મંગલે કહ્યું કે પહોંચ આપતા નથી. આની એફિડેવિટ અહીંયા શિક્ષણ વિભાગ સમક્ષ રજૂ થઈ છે. આ સ્કૂલ ફાતીમા કોન્વેન્ટ દર વર્ષે ત્રણ ઈંગ્લિશ મિડિયમના ક્લાસ અને ૧ ગુજરાતી મિડિયમનો ક્લાસ ચલાવે છે. ૨૦૦૦ એડમિશન ગુણ્યા ૨૫ હજાર રૂપિયા, એના કરતાં ઓછામાં એકપણ એડમિશન નથી મળતું એ જવાબદારી પૂર્વક કહું છું. એક પણ એડમિશન નહિ, નોટ એ સિંગલ. દર વર્ષે ૫૦ લાખ રૂપિયા લે છે અને આ ખાલી ૧૦ વર્ષની રકમ ગણીએ તો પાંચ કરોડ કરતા વધારે થાય છે. અહીંયા જ્યારે પ્રદિપસિંહજીએ એમના વિધેયકમાં ડોનેશનની રકમ જેટલો ફાઈનનો ઉલ્લેખ કર્યો છે ત્યારે હું એમને કહીશ કે એ સુધારણા કરે કે કેટલા વર્ષથી એ સંસ્થા ચાલે છે એની સાથે એનો ગુણાકાર કરીને એ રકમ લેવી જોઈએ. એથી આગળ આ સિવાયના પણ દસેક લાખ રૂપિયા (સમય સૂચક ઘંટડી) બીજો લેન્ડમાર્ક દાખલો છે. દાખલા સિવાય કાંઈ નહિ કહું. બીજું કોઈ ભાષણ નથી કરવું. આ સિવાય આ સ્કૂલ બીજી અનેક પ્રકારની ફી લે છે. બીજો એક દાખલો ભાવનગર યુનિવર્સિટી દ્વારા, ગઈ કાલે જ ગુજરાત હાઈકોર્ટે જે ચુકાદો આપ્યો છે, ગુજરાત હાઈકોર્ટે ચુકાદો આપીને જે મેડિકલ કોલેજો અને ડેન્ટલ કોલેજોએ આર.જે.શાહ કમિટીનું ઉલ્લંઘન કરીને જે એડમિશન આપ્યા એ રદ કર્યા છે. એમાંની જે એમ.પી.પટેલ ડેન્ટલ કોલેજ, વાઘ ાડીયા, એ ટ્રસ્ટ દ્વારા મોરેશિયસમાં એક કોલેજ ચાલે છે. કેવું કૌભાંડ ચાલે છે એ સભાગૃહ સમક્ષ કહેવા માગું છું. મોરેશિયસમાં કોલેજ ચાલે છે એનું એફિલિએશન ભાવનગર યુનિવર્સિટીમાં છે. આ જ ટ્રસ્ટ દ્વારા ગુજરાતના વિદ્યાર્થીઓ મોરેશિયસમાં એના નામ બોલે, એના પાસપોર્ટ પરથી ચેક થઈ શકે. મોરેશિયસમાં એના નામ બોલે, પ્રોફેસરના પણ નામ મોરેશિયસમાં બોલે. અમે ૧૯૯૭માં ભાવનગર

યુનિવર્સિટી માટે આંદોલનો કર્યા છે, માથા ફોડ્યા છે. અમને ખબર ન હતી. અમે કમનસીબ, વાઈસ ચાન્સેલર રેજીમમાં અમે લોક પ્રતિનિધિઓ છીએ. નરેશ વેદ નામના કે જેમણે આવી કોલેજ ડેન્ટલની કોલેજ મોરેશિયસને માન્યતા આપી. એટલું જ નહિ, એના પહેલા અને બીજા વર્ષને આગળ વધાર્યું. ત્યાં પેશન્ટ નથી, જ્યાં સ્ટુડન્ટ નથી, જ્યાં પ્રોફેસર નથી, લાઈબ્રેરી નથી, જર્નલ નથી, બુક નથી. તા. ૧૯-૨-૦૫ના રિપોર્ટમાં કહ્યું છે એમ છતાં (સમયસૂચક ઘંટડી) પૂરું કરું છું.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપસિંહજી જાડેજા જે બિલ.....

**અધ્યક્ષશ્રી** : જે કહેવું હોય એ સારા શબ્દોમાં, ટૂંકમાં અને ત્રણ-ચાર મિનિટમાં કહો.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા)**: માનનીય અધ્યક્ષશ્રી, આ બધા નિયમો વિરોધ પક્ષ ઉપર જ લગાવવાના? અમને બોલવાની છૂટ પણ નહિ આપવાની? મારી તો લાગણી વ્યક્ત કરવા માગું છું કે આ જ્યારે મોકો છે ત્યારે આપ જ્યારે પણ કોઈપણ પ્રશ્ન આવે છે ત્યારે એટલો મહત્ત્વનો પ્રશ્ન હોય છે ત્યારે આજે ચર્ચા ન થવા દીધી. ખરેખર એનાથી લાગણી દુભાઈ છે. ખરેખર ત્રણ દિવસમાં શું વાત કરી શકીએ? એ બાબતમાં વિરોધ પક્ષ માટે ઉદાર થવું જોઈએ. અમારી વાત હોય એ રજૂ કરવાની તક આપવી જોઈએ એના બદલે ઊભા થઈએ ત્યારે.....

**અધ્યક્ષશ્રી** : મૂળ મુદ્દા ઉપર આવો.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા)** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રદિપસિંહ જાડેજાને અભિનંદન આપવા માગું છું. આ બહુ અતિ મહત્ત્વનું વિધેયક જ્યારે લાવ્યા છે ત્યારે અનેક મિત્રો અને અહીં જાહેર જીવનમાં પડેલા લોકોને ખબર છે કે, કે.જી.થી માડીને કૉલેજ સુધી છેલ્લા દસેક વર્ષમાં જે ઉદારીકરણની નીતિ આવી અને સ્વનિર્ભર કૉલેજોની જે વાત આવી છે એના કારણે જે ડોનેશન લેવાઈ રહ્યા છે એ ઉઘાડી લૂંટ ચાલી રહી છે અને જે કોઈ પક્ષ હોય, જે કોઈ ઘડીએ, જે કોઈ જગ્યાએ આ વસ્તુ બનતી હોય એને રોકવા રાજયે પગલા લેવા જોઈએ, કોઈ પણ જાતના હોય, કોઈપણ સાથે સંબંધ ધરાવતા હોય, આ એટલી મહત્ત્વની વસ્તુ છે કે, રાષ્ટ્રની પ્રગતિના આંકડા પાછા ફેરવવાનું આ એક કાવતરું ચાલી રહ્યું છે. આ રાજયમાં ૭૦ ટકા બહુજન સમાજ છે એ છોકરા- છોકરીઓને જે તકો નથી મળતી, પૉઈન્ટ માટે રહી જાય, મૅડિકલ કૉલેજોમાં અને છતાં એને એડમિશન ન મળે અને એને સ્વનિર્ભર કૉલેજોમાં જવું પડે ત્યારે ત્રણ લાખ, પાંચ લાખ અને પછી તો એ સંચાલકોની મહેરબાની ઉપર બધું નિર્ભર રહેતું હોય છે, એ સ્થિતિમાં જે પરિસ્થિતિ નિર્માણ થઈ છે એની અંદર રાજયે કડકમાં કડક પગલા લેવા જોઈએ અને આ જો નહીં લેવાય તો જે જાતની અત્યારે કૉલેજો અને ડિમ્ડ યુનિવર્સિટીઓ જે થઈ રહી છે એ યુનિવર્સિટીઓને એટલી સત્તાઓ મળતી જશે કે રાજયનો કોઈ એના ઉપર અધિકાર રહેશે નહીં અને સ્થિતિ એવી નિર્માણ થશે કે રાજય કંઈ પણ પગલા લેવા જાય ત્યારે કોર્ટ મેટર બનાવીને રાજયને પણ ગૂંચવીને એ એમની મનફાવતી કરવા જેવી પરિસ્થિતિ નિર્માણ થઈ રહી છે. પી.ટી.સી. લો, બી.એડ લો આ બધામાં કેટલા કેટલા ડોનેશન લેવાય છે? રાજયે ધોરણો નક્કી કરી આપ્યા છે પણ એ ધોરણો સચવાતા નથી. એ ધોરણમાં આવતા અધ્યાપકો જે ટ્રેઈન્ડ અધ્યાપકો છે એ લેવાય છે? એ લોકો એને પૂરેપૂરું શિક્ષણ આપે છે ? આ બધા સવાલો જોડાયેલા છે અને રાજયે એમાં ઊંડા ઊતરવું જોઈએ અને આ બાબતમાં જરૂર પડે તો કડકમાં કડક કાયદો કરીને પણ, જો સામાન્ય માણસને,એક ગુનેગારને તમે પાસા લગાડી શકો છો, બે-ત્રણ ગુનાઓ પોલીસ નોંધી નાખે એટલે એની લાઈન આવી જાય પાસાની પણ આતો પ્રજાના હિતની સાથે, પ્રજાના વિકાસની સાથે, સામાન્ય જનસમાજની સાથે મહત્ત્વનો પ્રશ્ન છે ત્યારે રાજયે વધારેમાં વધારે જાગૃત થવાની જરૂર છે. જે જાતના ડોનેશન લેવાઈ રહ્યા છે એ ડોનેશન ઉપર જો તમે કલ્પના કરશો, હું જાહેર જીવનમાં પડેલો માણસ, શિક્ષણ સાથે સંકળાયેલો માણસ છું, છેલ્લા ૪૦-૫૦ વર્ષ આઝાદી પછીના જે સામાન્ય વર્ગના લોકો આગળ આવ્યા, જે શિક્ષણ લઈને આવ્યા એ લોકો મૅડિકલમાં ગયા, એન્જીનિયરીંગમાં ગયા અને એમણે પોતાનો વિકાસ કર્યો, એને બ્રેક લાગી ગઈ છે અને એ સ્થિતિ પેદા થઈ છેકે, આવનારા દિવસોમાં અને એટલું જ નહીં જગ્યાઓ અનામતના નામે ખાલી રાખી કેરી ફૉરવર્ડ કરી ભરી દેવામાં આવે છે અને આવા બાળકોને, દીકરીઓને એમાંથી વંચિત રાખવામાં આવી રહ્યા છે. હું એ કહેવા માગું છું કે આ રાજયની મૅડિકલ-એન્જીનિયરીંગની કૉલેજોમાં જે રાજય સરકારે જે કંઈ આજ સુધીનો પ્રવેશ આપ્યો છે અને એ પ્રવેશના તમે આંકડા કાઢી શકશો, એ તો સાબિત છે હું તો દિન-પ્રતિદિન અભ્યાસ કરું છું કે પછાતવર્ગના કેટલા ટકાવારીમાં જઈ રહ્યા છે, બક્ષીપંચને કેટલી તકો મળી છે? આ બધાને એક બ્રેક લાગી ગઈ છે, એટલે રાજયે આ બાબતમાં જાગૃત થવાની જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટ્યુશનની પ્રથા, રાજયે માંડ વચ્ચે પગલા લીધા પણ મારે કહેવું જોઈએ કે ઉઘાડે છોગ લૂંટ ચાલે છે અને એટલે સુધી આ તંત્ર પહોંચે છે કે, જે છોકરાઓ એ અધ્યાપકનું

ટ્યુશન ન રાખે તો એ અધ્યાપક પણ એના માર્કિંગ કેમ કમી કરવા, કેવી રીતે એના ગુણ અટકાવવા, આ જાતની પરિસ્થિતિ નિર્માણ થઈ રહી છે . આ જાતની પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટે ભાઈશ્રી પ્રદિપસિંહ જે વિધેયક લઈને આવ્યા છે એને મારું અનુમોદન આપું છું અને રાજયે પણ જ્યારે એક બહેન તરીકે માનનીય મંત્રીશ્રી આ ખાતું સંભાળી રહ્યા છે ત્યારે મારી લાગણી પણ અને વિનંતી છે કે, આમાં જરૂરી કદમ ઉઠાવો અને તમારી ભાવના, તમે જો શિક્ષણ સાથે કામ કરતા કરતા જાહેર જીવનમાં આવ્યા છો, તમને અનેક પગલે પગલે એનો અનુભવ છે, તમે એના જાણકાર છો, તમે શિક્ષણ જગતમાં કામ કરી ચૂકેલા છો. કયા કયા પ્રશ્નો ઉભા છે એનાથી સારી રીતે વાકેફ છે તો પગલા લો. પ્રદિપભાઈ આ વિધેયક લાવ્યા છે એને હૃદયથી અનુમોદન આપુ છું.

**શ્રી ધીરૂભાઈ હ. ગજેરા(સુરત શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્ર અને આ ગૃહના સભ્ય પ્રદિપભાઈ આ બિલ લઈને આવ્યા છે એમને અભિનંદન આપુ છું. આ ગુજરાત રાજયમાં સૌથી વધારે ગુનાહિત પ્રવૃત્તિ થતી હોય તો શિક્ષણમાં થતી હોય એવું મને દેખાય છે. સુનિલભાઈએ કહ્યું કે કોઈપણ વિદ્યાર્થી ૨૫૦૦૦થી નીચે દાખલ થઈ શકતો નથી. કે.જી. નર્સરીમાં. હું સુનિલભાઈને કહેવા માગુ છું કે સુરત શહેરમાં બ્લેન્ક ચેક આપવામાં આવે છે. અસંખ્ય શાળાઓ આવેલી છે. અહીં નહી પરપ્રાંતની કર્ણાટક, કેરલ અને સાઉથની કોઈ સંસ્થાના ચેક લે અને એડમિશન સુરતમાં અપાય. આવી અસંખ્ય વખત મેં ગૃહને જાણ કરી છે. ઈન્કમ ટેકસ, સેલટેકસની ચોરી કરે, ટ્રાફિકનો ગુનો કરે, બે બોટલ દારુ પકડાય તો એને પાસામાં ફેંકાય છે પણ કરોડો રૂપિયાની ચોરી કરે, મા-બાપનું, સમાજનું શોષણ કરે અને છતાં એની પાછળ કોઈ ગુનો લાગતો નથી. ખરેખર મારા મિત્ર માલજીભાઈએ કહ્યું કે આવી શૈક્ષણિક સંસ્થાઓ ડોનેશન લે છે, અન્ય પ્રાંતના ચેક લે છે એની સામે ખરેખર તો દારુવાળા કરતા આની ઉપર પાસા લાગવા જોઈએ. દારુવાળા પોતાનું પેટ ભરવા માટે બે બોટલ દારુ વેચે છે એને રોજગારી મળતી નથી એટલા માટે પરંતુ જેના ઘરમાં લાખો કરોડો રૂપિયા છે એ ડોનેશન લે છે એના ઉપર કોઈ ગુનો લાગતો નથી. એ કેવું અંધારું છે રાજયમાં? રાજયનો સારો વિકાસ કરવો હોય તો શૈક્ષણિક સંસ્થા ઉપર ગુનો લાગવો જોઈએ. શિક્ષણ મંત્રીશ્રી છે, માનનીય અધ્યક્ષશ્રી, તમારી અધ્યક્ષતામાં એક કમિટિ રચો, છેલ્લા ૧૦ વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓ એડમીટ થયા, પહેલા ધોરણના કેટલા વિદ્યાર્થીઓ સાતમા ધોરણમાં પહોંચ્યા. ગરીબ અને મધ્યમ વર્ગના અસંખ્ય દીકરા આ ફીના ઉંચા ધોરણો, શિક્ષણના મોંઘા ચોપડા બીજી અન્ય ફી આ ફી લાવો, તે ફી લાવો, એમાં ૧ થી ૭માં ૨૫થી ૩૦ ટકા વિદ્યાર્થીઓ અભ્યાસ છોડી દે છે અને ૭ થી ૧૦ના બાકીના ૧૫-૨૦ ટકા છોડી દે છે અને ૧૨મા ધોરણમાં ગુજરાત રાજયમાં કેટલા પાસ થયા અને યુનિવર્સિટીમાં કેટલા પહોંચ્યા? માત્ર બે ટકા વિદ્યાર્થીઓ પહોંચે છે. કારણ કે શિક્ષણ મોંઘું થતું જાય છે. મારા મિત્ર પ્રદિપસિંહે કહ્યું ૨૯૦૦કરોડ રૂપિયા સરકાર ખર્ચે છે. ૨૯૦૦કરોડ ખર્ચતા હોઈએ કે ૫૦૦૦કરોડ ખર્ચીએ તો પ્રજાને શું મળ્યું? મોટામાં મોટો ભ્રષ્ટાચાર આ રાજયમાં થાય છે. મારા વિસ્તારની વાત કરવા માગુ છું. સુરત શહેરમાં નાકે નાકે સ્કૂલો છે. અમારી પાસે કોલેજની કમી છે. મારા રત્ન કલાકાર ગરીબ, મધ્યમ વર્ગના દીકરા, દીકરીઓ ૧૦મા થી ૧૨મા ધોરણમાં અભ્યાસ છોડી દે છે એને શાળામાં એડમિશન મળતું નથી અને મળે છે તો ૫૦-૬૦ કિલોમીટર દૂર મળે છે અને યુનિવર્સિટી પોતાની મનમાની કરે છે. યુનિવર્સિટી પોતે પોતાના મન પ્રમાણે પોતાના નિયમ બનાવે છે. એડમિશન મળતું નથી અને ૫૦-૬૦ કિલોમિટર ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને એડમિશન આપે છે. આની રજૂઆત અગાઉ મેં આનંદીબેનને કરી હતી. એક પત્ર પણ મેં લખ્યો છે. મુખ્યમંત્રીશ્રીને પણ પત્ર લખ્યો છે. હું આ બિલ દ્વારા રજૂઆત કરવા માગુ છું. આજના દિવસમાં કોઈ એમ કહે કે એક પણ વિદ્યાર્થીએ અભ્યાસ છોડયો નથી. આજના જવાબમાં છે, તો આજે હું દાવા સાથે કહુ છું છેલ્લા પાંચ વર્ષમાં હજારો વિદ્યાર્થીઓએ અભ્યાસ છોડ્યો છે અને જો હું ખોટો હોઉ તો હું જાહેર જીવન છોડી દેવા તૈયાર છું. આજના દિવસે અસંખ્ય વિદ્યાર્થીઓને એડમિશન મળતું નથી. ૧૨મા ધોરણ પછી સેલ્ફ ફાઈનાન્સ કોલેજો, પચાસ પચાસ હજાર રૂપિયા ફી, પેલો ગરીબનો દીકરો ૫૦૦૦ કે ૭૦૦૦નું કામ કરતો હોય એ રત્ન કલાકાર હોય કે ટેકસટાઈલમાં જતો હોય બિચારો ૨૫૦૦૦ ફી કયાંથી ભરી શકે? ૫૦૦૦૦ કયાંથી ભરી શકે? એક લાખ રૂપિયા કયાંથી ભરી શકે? દસમા ધોરણ પછી અભ્યાસ છોડી દે છે. ૧૨મા ધોરણ પછી અભ્યાસ છોડી દે છે.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, પ્લીઝ, પ્રવીણભાઈ મારુ. તમને બે મિનિટ.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ(ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રદીપસિંહ જાડેજા જે બિનસરકારી વિધેયક ભ્રષ્ટાચાર વિરોધી ડોનેશન ઉઘરાવવામાં આવે છે, એના માટેનું જે બિલ લઈને આવ્યા છે, એ માટે અભિનંદન આપું છું અને જે મિસાઈલની ઝડપે માનનીય સભ્યશ્રીએ સરકારની ઝાટકણી કરી

વિશેષ અભિનંદન આપું છું. શિક્ષણ ક્ષેત્રે ભ્રષ્ટાચાર એમાં માનનીય પ્રદીપસિંહે વાત કરી, બીજા સભ્યશ્રીઓએ પણ વાત કરી એમાં હું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બાબાસાહેબ આંબેડકરે જે બંધારણીય જોગવાઈ દ્વારા શિક્ષણમાં જે ૧૪ વર્ષ સુધીનાં બાળકોને મફત શિક્ષણની વાત કરી. આજે ખાનગી શાળાઓમાં જે ડોનેશન ઉઘરાવવામાં આવે છે, એના માટે દુ:ખ સાથે કહેવું પડે છે કે જે વિધેયક ખરેખર સરકારે લાવવું જોઈએ એ વિધેયક લાવતી નથી અને બિન સરકારી વિધેયક તરીકે આવે છે. મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે આપણે આપણી જાતને ઓળખવા માટે પ્રમાણપત્ર આપણી જાતે આપવું પડે છે, મુખ્યમંત્રી નં.૧ કહેવડાવવા માટે. આજે હું કહું છું કે કોઈપણ વ્યકિતની ઓળખ ઊભી કરવા માટે એની કામગીરીથી લોકો એને ઓળખતા હોય છે, એના માટે પ્રમાણપત્રની જરૂરિયાત રહેતી નથી, પણ અહીયા સરકાર પોતાની વાત જાહેરાત દ્વારા પ્રસિદ્ધ કરી કહેવા માગે છે. શિક્ષણની અંદર જે ભ્રષ્ટાચાર દ્વારા, ડોનેશન દ્વારા એડમિશન આપવામાં આવે છે. આજે દલિત, ગરીબ વિદ્યાર્થી માટે ડૉક્ટર થવું એ સ્વપ્ન થઈ ગયું છે. આજે શિક્ષણ ક્ષેત્રે જ્યારે. ( સમય સૂચક ઘંટડી)

**અધ્યક્ષશ્રી .** : આપનું પૂરું થયું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રદીપસિંહ જાડેજા જે વિધેયક લઈને આવ્યા છે, એના ઉપર ગોરધનભાઈ, પરેશભાઈ, સુનીલભાઈ, માલજીભાઈ, ધીરુભાઈ અને પ્રવીણભાઈએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. ગુજરાતમાં જે પ્રમાણે શિક્ષણની પરિસ્થિતિ છે, એના ઉપર ઘણા બધાએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. આ આખા વિષયને બે-ત્રણ ભાગમાં વહેંચીને જવાબ આપવા માગું છું.

પી.ટી.સી. પ્રવેશ જેમાં ૧૦૦ ટકા માત્રને માત્ર મેરિટ ઉપર વિદ્યાર્થીને પ્રવેશ આ રાજય સરકાર આપતી હતી, પરંતુ શેલ્ફ ફાઈનાન્સનું એસોસિયેશન બનાવી અને કોર્ટ મેટર બનાવી અને ૫૦ ટકા સીટોની માગણી કરી. ૧૦૦ ટકા સીટો રાજય સરકાર મેરિટના આધારે ભરતી હતી, પરંતુ કોર્ટ મેટર બનવાને કારણે કોર્ટની સામે લડવું પડ્યું. માત્ર ૧૦ ટકા રિઝર્વેશન કોર્ટના આદેશથી આપવી પડી છે. ૯૦ ટકા સીટો રાજય સરકાર માત્રને માત્ર મેરિટના આધારે ભરી રહી છે, જ્યાં એક રૂપિયો ડોનેશન નથી લેવામાં આવતું. બાકી રહી ૧૦ ટકા સીટો. ૫૦ સીટો એમની હોય તો ૫ સીટો એમણે ભરવી પડે છે. આમાં ૫ સીટોની અંદર કોઈપણ વ્યકિત માનનીય અધ્યક્ષશ્રી, પણ તમે તેની સાથે ડાયરેકટ જઈ આપી આવો, પ્રવેશ લઈ આવો તો ફરિયાદ અહીં કેવી રીતે કરી શકાય. મને આપો કે રૂપિયા ત્રણ લાખ આને ડોનેશનના આપ્યા છે આપના માટેની તૈયારી અમે રાખીશું. પણ સેલ્ફ ફાઈનાન્સ કોલેજોની અંદર પાંચ ટકા સીટો અંદર વ્યકિતઓ પોતે જ જઈને ઓછા ટકા હોવા છતાં જઈને ડોનેશન આપી સીટો ભરે છે તે હકીકત છે અને ખબર છે મને. આપનાર આપે છે અને લેનાર લે છે પણ કોઈ ઓફીશ્યલી પાવતી કે કશું આપવામાં આવતું નથી. કયાંય તેને જમા કરવામાં આવતા નથી. ફરિયાદ આપણે જયારે મને કરવામાં આવે છે ત્યારે હું તમને કહું છું કે માત્ર લેખીત આપો કે આ સંસ્થાએ પાંચ લાખ રૂપિયા અમારી પાસેથી લીધા છે. અમે ઈન્કવાયરી કરીને તમને પૈસા પાછા અપાવીશું અને આ રાજય સરકાર પાછા અપાવશે. કારણકે પી.ટી.સી.ની આઠ કોલેજોને આ જ કારણોસર બંધ કરી છે. રાજય સરકારે વધારાની ફી લેવાના કારણે બંધ કરી છે. બી.એડ કોલેજોમાં આ જ પ્રશ્ન ઉભો થયો છે. બી.એડકોલેજોમાં એસોસિએશન બનાવ્યું છે અને આ એસોસિએશનના પ્રમુખ કોણ? મુલાણી સાહેબ, કોર્ટમાં લડયા છે. ૫૦ ટકા સીટો બી.એડમાં કરવી જોઈએ. શાના માટે? ડોનેશન ઉઘરાવવા માટે. કેમ તે વખતે કોઈ બોલ્યું નહીં? શરમ આવવી જોઈએ. ડો. મુલાણી સાહેબ આપણી સામે લડયા છે, આ સરકાર સામે લડયા છે. એસોસિએશનની અંદર પંદર ટકા સીટો કરવા માટે અને રૂપિયા ઉઘરાવવા સિવાય કંઈ કરતા નથી. માત્રને માત્ર મેરીટના આધારે બી.એડકોલેજોમાં પ્રવેશ અપાય છે. સત્ય હકીકત અહીં રજૂ કરવી છે. મિત્રો આ સત્ય હકીકત છે અને તેનો તમારે સ્વીકાર કરવો જ પડે. આ બધી બાબતો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સેઈમ પરિસ્થિતિ ઈજનેરી કોલેજોમાં છે અને સેઈમ પરિસ્થિતિ મેડીકલ કોલેજોમાં છે. આજે પણ મેડીકલ કોલેજોમાં સુપ્રીમ કોર્ટની અંદર અને હાઈકોર્ટની અંદર કેસ ચાલી રહયા છે કે અમારે ૫૦ ટકા સીટોમાં સેલ્ફ ફાઈનાન્સની અંદર પ્રવેશ આપવો છે.તેનાથી આગળ જઈને હમણાં સુપ્રીમ કોર્ટે જાહેરાત કરી છે, સુપ્રીમ કોર્ટમાં આ બધા કોર્ટમાં ગયા છે. આમાં અનામત કાઢી નાંખવાનો હુકમ સુપ્રીમ કોર્ટે કર્યો છે. સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં અનામત ન હોવી જોઈએ. એસ.સી., એસ.ટી., બક્ષીપંચની જે અનામત હતી તે કાઢી નાંખવા માટેનો હુકમ સુપ્રીમ કોર્ટે કર્યો છે. શું પરિસ્થિતિ પેદા થશે તેનો વિચાર આપણે કરીએ. તે જ નહીં પરંતુ ફી નકકી કરવાનું કામ સેલ્ફ ફાઈનાન્સ કોલેજોને આપવામાં આવ્યું. આ હુકમોની સામે આપણે લડવું પડશે.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, પ્લીઝ. અત્યાર સુધી તમે જે બોલતા હતા તે બધા શાંતિથી સાંભળતા હતા. હવે આપણે બધાએ મંત્રીશ્રી જવાબ આપતા હોય ત્યારે શાંતિથી જવાબ સાંભળવો જોઈએ. નો.નો. પ્લીઝ બેસો

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વીકાર કરવો પડે. સેલ્ફ ફાઈનાન્સ કોલેજો પોતે ફી નકકી કરે આ પણ આદેશ આવ્યો છે. તેની ઉપર રાજય સરકારના મંત્રીશ્રીઓની બેઠક હતી ત્યારે આ વિચાર તેમાં મૂકવામાં આવ્યો હતો કે રાજય સરકાર આ ઈચ્છી રહી છે. આ જ રાજય સરકારે હમણાં વાત થઈ કે જેલ ભેગા કરવા જોઈએ. આ રાજય સરકારે એમ.બી.એ. અને એમ.સી.એ. કોલેજોની અંદર વધુ ફી જે લેવાઈ હતી તે વધુ ફી લેનાર કોલેજોની સામે કાયદેસર એકશન લીધા અને તે એકશન લેવાના કારણે વિદ્યાર્થીઓને ૨,૬૦,૨૮,૩૬૦/- વધારાની ફીના આ રાજય સરકારે પાછા અપાવ્યા છે. લેનારા કોણ, લેનારા કોણ, નોંધો છે મારી પાસે. ચીમનભાઈ પટેલ ફીજી ઈન્સ્ટિટયૂટ કોલેજ, ચીમનભાઈ પટેલ પી.ટી.સી. ઈન્સ્ટિટયૂટ ઓફ એપ્લીકેશન અમદાવાદ, નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ કોબા ગાંધીનગર, અમદાવાદ એજયુકેશન સોસાયટી ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ અમદાવાદ.... આ બધા નામો છે મારી પાસે, બધા નામો છે. બે કરોડ કરતાં વધારે રકમ પાછી અપાવી છે. હજુ તો સરકાર બે-ત્રણ કોલેજો એવી છે કે જે કોર્ટમાં લડી રહી છે કે અમે ફી પાછી નહીં આપીએ. આ રાજય સરકાર તેમની સામે લડી રહી છે કે ફી પરત કરવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, ટ્યુશનો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને આ સરકારે ટ્યુશનો પણ પ્રતિબંધ મૂકવાની હિંમત કરી છે, બીજાએ નથી કરી અને ટ્યુશનોમાં શું ચાલતું હતું એ પણ આપણે બધાએ જાણીએ છીએ અને શ્રી માલજીભાઈ અને બધાએ સારી રીતે જાણે છે કે ટ્યુશનોમાં શું ચાલતું હતુ. ધોરણ દશ અને બારમાની પરીક્ષાઓ કેવી રીતે લેવાતી હતી, કેવી સ્કૂલોમાં એ પરીક્ષાઓ લેવાતી હતી અને વધારે ટકા આપવા માટે ટ્યુશનોની કેવી વાતો થતી હતી, ત્યારે આ સરકારે ટ્યુશનો ઉપર પ્રતિબંધ મૂક્યો છે અને દશમા અને બારમા ધોરણમાં ચોરીઓ પણ અટકાવી છે, જેની અંદર પણ એટલો જ ભ્રષ્ટાચાર થતો હતો, આ બધા કામ કરવાનું કામ આ રાજય સરકારે કર્યુ છે, શિક્ષણનું વ્યાપારીકરણ થઈ રહ્યું છે, આપણે બધાએ સંયુક્ત રીતે પ્રયાસ કરવા પડશે, સંકલ્પ કરવો પડશે કે અમે જે સંસ્થાઓ ચલાવીએ છીએને ત્યાં ડોનેશન નહીં લઈએ. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં આવીને સરસ મજાની વાત કરવાની પણ પાછા પોતાની સંસ્થામાં જઈને તો ત્રણ લાખ રૂપિયા ડોનેશન તો લેવાના છે, પોતે ત્યાં જઈને તો લેવાના છે, ત્યાં કોઈને નડતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શિક્ષણમાં બાળકોના શિક્ષણ માટે આ રાજય સરકારે પ્રયાસ કર્યા છે એટલા ભૂતકાળમાં કોઈ સરકારે નથી કર્યા. ડ્રોપ આઉટ રેઈટ ઘટાડવાનો હોય કે બાળકોની પચ વર્ષની ઉંમર પૂરી થાય અને એ બાળકો શાળામાં દાખલ કરવાની વાત હોય, આ તમામ કામો આ સરકારે કર્યા છે, સામી પાટલી પર બેઠેલાઓએ નથી કર્યા એ હકીકત છે. આજે ડ્રોપ આઉટ રેઈટ આઠ ટકા ઘટાડીને આપણે લઈ આવ્યા છીએ, જે ૧૯૯૮માં ૩૮ હતો જે આજે ૮ ટકા ઘટાડી શક્યા છીએ, કારણ મૂળભૂત રીતે અનેકન શાળાઓ વગેરે શરૂ કરીને આપણે એ કરી શક્યા છીએ, અને આ જ બાળકો સાતમા ધોરણમાં પહોંચ્યા પછી એ આઠમા ધોરણમાં આવવાના છે અને આઠમા ધોરણમાં પહોંચ્યા પછી દશમા અને બારમા અને એ પછી કૉલેજ સુધી પહોંચવાના છે.

માનનીય અધ્યક્ષશ્રી, કાયદાઓ તો બધા જ છે, કોઈ નવો કાયદો કરવાની જરૂરત નથી, બધા જ કાયદા છે. પ્રાથમિક શિક્ષણ નિયામકનો ધારો પણ છે અને માધ્યમિક શિક્ષણ બોર્ડનો ધારો પણ આપણી પાસે છે. બધું જ છે, બધાની અંદર કાયદા રચવામાં આવ્યા છે કે કોઈપણ પ્રવેશની સામે ડોનેશન કે વધારે ફી નહીં લઈ શકે, પણ ડોનેશન લીધું હોય એ સાબિત કરવું મુશ્કેલ છે, મારા મિત્રોને મારે એટલું જ કહેવાનું છે કે તમે મને કહો કે ડોનેશન ઉપર પ્રતિબંધ કેવી રીતે મૂકી શકાય ? એની કેવી રીતે જાણકારી મળે એટલું મને કહો, મને એ તમે સમજાવો, તમારી પાસે એની કોઈ માહિતી હોય તો મને કહો કે આ રીતે ડોનેશન કોઈ વ્યકિત જઈને ડોનેશન આપી દે અને એની સામે પ્રવેશ મળે, એની માહિતી રાજય સરકારને કોઈ આપવા માટે, અને કોઈ લેખિતમાં ન આપે તો રાજય સરકાર એના ઉપર કાયદેસર કયાં પગલાં લઈ શકે અને જ્યાં જ્યાં આપણને ખબર પડી છે જ્યાં જ્યાં માહિતી અમને મળી છે, જ્યાં ડોનેશન લેવાય છે, વધારે ફી લેવાઈ છે ત્યાં તમામની સામે તપાસ કર્યા પછી એના ઉપર એકશન પણ લેવાયેલ છે, એવી સંસ્થાઓને બંધ પણ કરવામાં આવી છે અને પૈસા પરત કરવાનું કામ પણ આ રાજય સરકારે કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમયની પાબંધી હોવાને કારણે આની અંદર હું વધારે ચર્ચા નહીં કરી શકું પણ હજુ પણ સન્માનનીય સભાગૃહને મારી વિનંતી છે કે આપણી પાસે કોઈપણ સંસ્થાની માહિતી આવે તો મને લેખિતમાં આપજો, હું તપાસ કરાવીશ અને ડોનેશન લીધું હશે અથવા વધારે ફી લીધી હશે તો પરત કરવાની જવાબદારી આ રાજય સરકાર ઉઠાવવાની છે. હું માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહને વિનંતી કરું છું કે આના ઉપર કાયદાઓ છે અને એનું મોનિટરિંગ વધારે સારી રીતે બની શકે અને જે કોઈ માહિતી અમને આપશે એ માહિતીના આધારે રાજય સરકાર કડકમાં કડક વ્યવસ્થા ઊભી કરીને એને દૂર કરવા માટેના પ્રયત્ન કરશે અને એટલા માટે હું માનનીય પ્રદિપસિંહને વિનંતી કરું છું કે આપ આપનું બિલ પાછું ખેંચે.

**શ્રી પ્રદિપસિંહ જાડેજા (અસારવા):** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે દાન સ્વીકારવા ઉપર પ્રતિબંધ મૂકવા બાબતના આ બિન સરકારી વિધેયકમાં સન્માનનીય સભાગૃહના ઘણા જ સિનિયર આગેવાનો સભ્યશ્રીઓએ આની ચર્ચામાં ભાગ લીધો. માનનીય સભ્યશ્રી ગોરધનભાઈ ઝડફિયા, માનનીય સભ્યશ્રી પરેશભાઈ ધાનાણી, માનનીય સભ્યશ્રી સુનિલભાઈ ઓઝા, માનનીય સભ્યશ્રી માલજીભાઈ દેસાઈ, માનનીય સભ્યશ્રી ધીરુભાઈ ગજેરા, માનનીય સભ્યશ્રી પ્રવિણભાઈ મારુએ ભાગ લીધો છે. બધા જ સન્માનનીય સભ્યશ્રીઓ સમય મર્યાદાના કારણે આ વિધેયકમાં પોતાના વિચારો વ્યક્ત કરવા માગતા હતા પણ એ કરી શક્યા નથી છતાં પણ આ વિધેયક સાથે પોતાની લાગણી જોડાયેલી છે એવું સ્પષ્ટ ફલિત થાય છે, સાથે સાથે રાજયના માનનીય શિક્ષણ મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે સૌ સભ્યશ્રીઓની વ્યથા અને વેદના અને એના કારણે ઊભી થતી વિષમ પરિસ્થિતિ, ક્યાંક આ ડોનેશન ઉપર પ્રતિબંધના સંદર્ભમાં કાયદો અસ્તિત્વમાં હોવા છતાં ક્યાંક ક્યાંક કાયદાના અમલમાં કોઈ તૃટિ રહી ગઈ હશે. જેમ સુનિલભાઈએ કહ્યું કે, એફિડેવિટના આધારે વિભાગનું ધ્યાન દોરવામાં આવે છે એવા કેસોમાં કયાંક હજુ પુરતી માહિતી ઉપલબ્ધ લઈને પણ સમાજ જીવનમાં એક સચોટ ઉદાહરણ પૂરું પાડવામાં આવે, એવી સજા કરવામાં આવે કે જેના કારણે શિક્ષણ જગતમાં આપણે આમૂલ પરિવર્તનના અનેક સારા કામો કર્યા છે અને એ સારા કામોની સાથે સાથે ગુજરાત શિક્ષણ વિભાગની યશકલગીમાં એક વધારો થાય એવી શૈક્ષણિક સંસ્થાઓના પ્રવેશ માટે દાન સ્વીકારવા ઉપરના પ્રતિબંધમાં વધુ અસરકારકતાથી વિભાગ કામ કરે એવી લાગણી વ્યકત કરી માનનીય મંત્રીશ્રીએ જયારે આ સભાગૃહ સમક્ષ વિષય મૂકયો છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૪ના વિધેયક ક્રમાંક ૧૨ પાછું ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના-વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી પ્રદિપસિંહ જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૪ના વિધેયક ક્રમાંક-૧૨ સન ૨૦૦૪નું ગુજરાત શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે દાન સ્વીકારવા ઉપર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક પાછું ખેંચું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

## સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૧
## મુંબઈ પશુ સંરક્ષણ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૫.
## મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી ભાવિન શેઠ (એલિસબ્રીજ)** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, અગાઉ •રાજપત્રમાં પ્રસિધ્ધ થયેલ સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૦૫નું મુંબઈ પશુસંરક્ષણ (ગુજરાત સુધારા) વિધેયકાનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ભાવિન શેઠ :** માનનીય અધ્યક્ષશ્રી, હું અત્યારે જે બિનસરકારી બિલ લઈને આવ્યો છું એ પ્રસ્તાવ કોઈ નવો પ્રસ્તાવ આપણા માટે નથી. આજથી ૪૦૦ વર્ષ પહેલા પણ આ પ્રકારની વ્યવસ્થા આપણા દેશમાં હતી. અકબર રાજાના સમયથી ચાલી આવતી આ વ્યવસ્થા કે જે સ્લોટરીંગની વ્યવસ્થા કે જે સ્લોટરીંગ હાઉસ અઠવાડિયામાં બે-બે દિવસ સુધી બંધ રહે અને આ અબોલ જીવોને માફી મળે

• આ વિધેયક તા.૧૦મી માર્ચ, ૨૦૦૫ ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પસિદ્ધ કરવામાં આવ્યું છે.

અને પોતે જે વ્યથા અનુભવતા હોય એ વ્યથામાંથી એમને છૂટકારો મળે એવી વ્યવસ્થા આજથી ૪૦૦ વર્ષ પહેલા પણ આ દેશમાં અમલમાં હતી.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપનું એ વાત તરફ ધ્યાન દોરવા માગુ છું કે, આ કતલખાના વિધેયક બાબતનું જે બિલ છે એ બિલ કોઈ એક કોમ માટે, કોઈ એક સમાજ માટે લાગુ પડતું બિલ નથી પરંતુ સમગ્ર હિન્દુ સંસ્કૃતિ અને હિન્દુ સંસ્કૃતિમાં રહેતી દરેક કોમ એમાં હિન્દુ પણ આવી જાય, મુસલમાન પણ આવી જાય અને ક્રિશ્ચિયન પણ આવી જાય. દરેક સમાજના લોકો અને એમની ઉપાસનાની પધ્ધતિને કારણે અલગ અલગ રીતે ઉપાસના કરતા દરેક લોકો માટે આ બિલ એક એવો વિષય છે કે જેને કારણે આ બિલ લાવવાથી અનેક પશુઓ, અનેક મુંગા ઢોર કે જે બોલી શકતા નથી એને આનાથી વાચા મળશે અને એના મુંગા આશીર્વાદ આપણને મળશે. જેને કારણે થઈને જે અરાજકતા આ સમાજમાં ફેલાઈ છે એમાં એક વિશ્વ શાંતિનો સંદેશો ફેલાવવાની એક સુંદર તક આપણને મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ તો બોલી શકીએ છીએ, આપણી વ્યથા રજૂ કરી શકીએ છીએ. પરંતુ મુંગા અને અબોલ પ્રાણીઓ પોતાની વ્યથા કેવી રીતે રજૂ કરી શકે? આપણને એક નાનકડો ઘા પડે તો પણ કેટલી વ્યથા થાય છે, જયારે આ મુંગા પ્રાણીઓને એકદમ રહેંશી નાખવામાં આવે છે ત્યારે એનો જીવ તે ગુમાવે છે ત્યારે એ વખતે પશુ પોતાની વ્યથા પણ વ્યકત કરી શકતા નથી એ ખૂબ જ કમનસીબ બાબત છે. ત્યારે આવા સ્લોટરીંગ હાઉસ આપણે ત્યાં રેગ્યુલર અને રુટિંગ પ્રમાણે ચાલતા હોય તો એવા સ્લોટરીંગ હાઉસો અમુક ચોક્કસ દિવસોમાં બંધ રાખવા જોઈએ એવું મારું એક સૂચન છે. ખાસકરીને આમ તો આખા ગુજરાતમાં માત્ર ૩૪ જ કતલખાના એવા છે કે જે રેગ્યુલર કતલખાના કહી શકાય કે જેને લાયસન્સ મળેલ છે અને આ ૩૪ જ કતલખાના રેગ્યુલર ચાલે છે પરંતુ આ ૩૪ કતલખાના ઉપરાંત પણ આ ૩૪ કતલખાના ઉપરાંત અનેક કતલખાના કતલખાના એવા છે કે જે ગેરકાયદેસર રીતે ચાલે છે અને એને કારણે ખૂબજ મોટા પ્રમાણમાં જીવ હિંસા થઈ રહી છે. આ ગાંધીજીનું ગુજરાત, સરદાર વલ્લભભાઈ પટેલનું આ ગુજરાત, આ અહિંસાની ભૂમિ અને આ અહિંસાની ભૂમિ ઉપર આ રીતે મૂંગા ઢોરોની જે કતલેઆમ થઈ રહી છે તે કોઈપણ સંજોગોમાં અટકે એ પ્રમાણેનો પ્રસ્તાવ આ સમગ્ર ગૃહ કરે એવી વિનંતી કરવા માટે હું અહીંયા આગળ ઉપસ્થિત થયો છે. જે દેશો સંપૂર્ણપણે માંસાહારી છે એમાં પણ અઠવાડિયામાં બે દિવસ કતલખાનાઓ બંધ રાખવાનો કાયદો ત્યાં બનાવવામાં આવેલ છે ત્યારે અહીંયા તો લગભગ ૭૦ થી ૮૦ ટકા વસતિ એ શાકાહારી વસતિ છે તેમ છતાં પણ અહીંયા બારેમાસ આ કતલખાના ચાલુ રહે એ કેટલા પ્રમાણમાં યોગ્ય ગણી શકાય? માટે સભાગૃહને મારી વિનંતી છે કે આ અબોલ મૂંગા પ્રાણીઓનો અવાજ, એમની લાગણી સમજીને આપણે આ પ્રસ્તાવને ટેકો આપીએ અને હું જે પ્રસ્તાવ લઈને આવ્યો છે એ વધારે નહિ પરંતુ પવિત્ર દિવસોમાં કતલખાના બંધ રહે એ પ્રમાણેનું સમર્થન મળે એવી વિનંતી સાથે હું આ સભાગૃહને પ્રાર્થના કરું છું.

**શ્રી મહેન્દ્ર મશરૂ (જુનાગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી ભાવિનભાઈ મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ વધુ સુધારવા બાબતનું પ્રાઈવેટ મેમ્બર બિલ લઈને આવ્યા છે ત્યારે એમને હું હ્રદયપૂર્વકના અભિનંદન આપું છું. માનનીય ભાવિનભાઈ જે વિધેયક લઈને આવ્યા છે એના થોડા મૂળમાં હું જવા માગું છું. માત્ર બે ત્રણ મિનિટમાં જ મારી વાત હું પૂરી કરીશ. આદિ માનવ જ્યારે ખેતી શીખ્યો નહોતો ત્યારે પોતાના પેટનો ખાડો પૂરવા માટે આદિ માનવ હિંસા કરતો હતો અને પશુઓનું ભક્ષણ કરતો હતો પણ જેમ જેમ વિકાસ થતો ગયો અને જ્યારે આજે પુષ્કળ પ્રમાણમાં અનાજ પાકતું થયું છે ત્યારે આ પેટનો ખાડો પૂરવાની વૈકલ્પિક વ્યવસ્થા પણ થઈ ગઈ છે ત્યારે આ પશુ ભક્ષણ કરવાના બદલે પેટનો ખાડો પૂરવા પૂરતું અનાજ પ્રાપ્ત થયું છે ત્યારે હવે માત્ર ફેશન ખાતર પોતાના પેટનો ખાડો પૂરવા ખાતર નહિ પણ ફેશન ખાતર પોતાનો શોખ પૂરો કરવા ખાતર પશુઓની હત્યા થઈ રહી છે. ભાવિનભાઈએ બહુ સરસ વાત કરી છે અમુક ધાર્મિક દિવસોની અંદર કતલખાના બંધ રહેવા જોઈએ. હું તો તેનાથી પણ આગળ વધીને કહેવા માગું છું કે 'જીવો અને જીવવા દો' દરેક જીવને પોતાનો જીવ બચાવવાનો અધિકાર નથી? દરેક જીવને પોતાનો જીવ બહુ વહાલો હોય છે. દરેક જીવને પોતે જીવવું હોય છે પરંતુ મનુષ્યમાં બુદ્ધિ વધારે હોવાના કારણે પશુઓનો એ વધ કરે છે, પશુઓની હત્યા કરે છે અને એમની જે કાંઈ જીવવાની ઇચ્છા હોય છે એના ઉપર આપણે પોતાના અધિકાર સ્થાપિત કરીએ છીએ અને એની કતલ કરીએ છીએ. પહેલાં હું જોતો હતો કે ઘણા વર્ષો પહેલાં ઈંડાની રેકડી રોડ પર હોય એને શરમજનક ગણાતું હતું, આજે ગલીએ ગલીએ, લત્તે લત્તે ઈંડાની રેકડીઓ અને એના ઉપર ઈંડા ખાતા ફૅશનેબલ યુવાનોને આપણે જોઈએ છીએ. આપણી આ કરુણા છે હું તો ઘણા વર્ષોથી આ હાઉસમાં બેસુ છું પરંતુ જીવ દયાને

લગતી બાબત, પશુઓની વેદનાને લગતી બાબતની ચર્ચા ભાગ્યેજ થાય છે આ પણ આપણી એક કરુણતા છે. આજે આપણે અહિંસાના પૂજારી એવા મહાત્મા ગાંધીના રાજ્યમાં અહીંયા બેઠા છીએ ત્યારે હું માનનીય મંત્રીશ્રીને પણ વિનંતી કરવા માગું છું કે બને તેટલા ઓછા કતલખાના થાય, કતલખાના બિલકુલ ઓછા થાય, નષ્ટ થાય અને એક પણ જીવની હિંસા ન થાય...પશુઓનું ભક્ષણ ના થાય આવા કાયદાઓ ઘડવા જોઈએ. કતલખાનાઓની સંખ્યા ઓછી થવી જોઈએ અને જે મુંગા જીવો છે જે પોતાની વેદના વ્યકત કરી શકતા નથી તેને અભયદાન આપવું જોઈએ એટલી વાત સાથે ભાવિનભાઈને તેમનું બિલ લાવવા બદલ અભિનંદન આપું છું અને વિરમું છું.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, મુંબઈ પશુ સંરક્ષણ ગુજરાત સુધારા વિધેયક ૨૦૦૫ ક્રમાંક:૨૧ ભાઈશ્રી ભાવિનભાઈ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું અને ભાવિનભાઈને અભિનંદન આપું છું કે આ હાઉસમાં અને મંત્રીશ્રી સુધી પહોંચાડવા માટેનું વિધેયક લાવ્યા છે જે તેમને ફરીથી ધન્યવાદ આપું છું. કાયદાઓ બધા માટે છે જેટલા માણસો માટે છે એટલા પશુઓ માટે કાયદા છે પરંતુ કયાંક અને કયાંક એવી ખોટ છે કયાંક અને કયાંક બધા જ એમાં આવી જાય છે માત્ર એકલા સરકારને નથી કહેતો કે કોઈ પણ પશુને ગમે તેવો કતલખાને જઈને કાપી નાંખે. રસ્તામાંથી પકડીને કાપી નાંખે, ગમે તે ટકકર મારીને મારી નાંખે. મોરને મારી નાંખે, કબૂતરને મારી નાંખે. ગાયોની ધોળા દિવસે કત્લેઆમ કરી નાંખે. કાયદા તો ખૂબ છે તેમને જીવવા માટે, પશુઓને જીવવા માટે આજે પણ ભારત સરકારનો બનાવેલો કાયદો જે ગૌચર હતા તે પણ બધા આજે સાફ થઈ ગયા. આપણે જ આપ્યા. સરકારે જ આપ્યા તેને ગૌચરમાંથી રેસીડન્ટ બીજુ, ત્રીજું બનાવીને આજે રોડ ઉપર ગાયો ભટકતી થઈ. જેને હિંદુ આપને માતા કહીએ છીએ, તેની પૂજા કરીએ છીએ ઘણાં એવા મિત્રો છે કે તેના દર્શન કરીને સવારમાં પાણી પીવે છે તેને આજે આપણે રોડ ઉપર રખડીને, ટ્રકમાં ભરીને બહાર નાંખી આવીએ છીએ અને બહારથી તે ફરીને કતલખાને જ જાય છે તેને કોઈ બીજુ સંઘરતું નથી. શું તેને માટે કોઈ કાયદો નથી ? તેને માટે આપણે કોઈ વિચારતા નથી ? તો શાના માટે આપણે કહીએ છીએ કે હિન્દુ ધર્મની અંદર ગાય અમારી માતા છે. ગાયની અંદર ૩૩ કરોડ દેવતા સમાયેલા છે. મોર તે અમારું એક રાષ્ટ્રીય પ્રાણી છે. કબૂતર એક પક્ષી છે આને આપણે કેમ પેલું નથી કરતા. કાયદો આપણે બધા લઈને બેઠા હું પણ તમારી સાથે સામેલ છું. હું તમને એકલાને દોષ આપું તે પણ નથી પરંતુ કોઈના કોઈ તો વિચારો ? કયાં સુધી આપણે આને પોલિટિકલી રાજકારણ આને કહયું, આને નથી કહયું એમ કરીને આ હત્યાઓ કરાવતા રહીશું. આમને આમ રહીશું તો પશુઓ બિલકુલ નાશ થઈ જશે, પક્ષી નાશ થઈ જશે અને આપણાં કાયદાઓ કાગળમાં જ પડયાં રહેશે. કતલખાનાઓ સિત્તેર ટકા બિન મંજૂરીના ચાલે છે. જેમને કોઈ મંજૂરી નથી હોતી એવી જગ્યાએ કતલખાનાઓ ચાલે છે. કતલખાનાના પણ કાયદા છે. તેની રીતે અમલ કરાવોને ? ગમે તે ગમે તે પશુ કાપી નાંખે અને આપણે કશું જ નહીં કરવાનું ? રસ્તાની અંદર ગમે તે પશુને કોઈ પણ મારી નાંખે તેને કશું જ નહીં કરવાનું ? આ બધાજ કાયદાઓ છે તો આપણે તેનો અમલ કેમ નથી કરતા ? આપણાં કાયદાના રક્ષકોની સામે આની કતલ થાય તો પણ આપણે કશું જ નહીં કરવાનું ? તે તો પશુ હતું મરી ગયું. માણસ પણ પશુમાંથી જ માણસ બનેલો. વર્ષો પહેલાંના તો...મને થોડું કહેવા દો માનનીય અધ્યક્ષશ્રી.

**અધ્યક્ષશ્રી** : સમય નથી પ્લીઝ, ગોવાભાઈ.

**શ્રી રાકેશ રાવ (માતર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભાવિનભાઈ અહીંયા જે વિધેયક લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું ઉભો થયો છું. હું ભાવિનભાઈને અભિનંદન આપું છું કે એક મુંગા ઢોરોની વેદના, મુંગા પશુઓની વેદના તેમણે અહીંયા વ્યકત કરી છે. આજે આખી દુનિયા પર્યાવરણની સમસ્યાથી પીડાઈ રહી છે અને પર્યાવરણની સમસ્યા તે સંદર્ભમાં કે ખરેખર આ દુનિયા આપણી માટે છે કે આપણે આ દુનિયાની અંદર છીએ. કારણકે આ દુનિયાની અંદર પશુ પક્ષીઓ અને તેને કારણે આપણું અસ્તિત્વ છે અને આપણે જ આજે તેના દુશ્મન બન્યા છીએ. આપણે જાણીએ છીએ કે આ મુંગા ઢોરો આ માનવ સમાજ માટે કેટલાં બધા ઉપયોગી છે અને તેમ છતાં આપણે તેની જે રીતે હત્યા કરી રહયાં છીએ તેની ચિંતા માનનીય ભાવિનભાઈએ કરી છે હું તેમને ખરેખર અભિનંદન આપું છું. મુખ્ય વાત તેમની એ છે કે તેમનું આ એક સુધારા વિધેયક છે. આપણે જાણીએ છીએ કે જૈનોના પર્યુષણ નિમિત્તે હંમેશા ભારતીય જનતા પાર્ટીની સરકાર હોય કે કોંગ્રેસની સરકાર હોય દરેક સરકારે તે જૈન ધર્મ પ્રત્યે આદરભાવ વ્યકત કર્યો છે અને હંમેશા આપણે જે પણ રીતે અપીલ કરવી જોઈએ તે અપીલ પણ કરી છે. હું મુસ્લિમ બંધુઓનો પણ આભાર માનું છું કે આ વખતે

તેમણે સ્વયં પોતે પણ જયારે નામદાર હાઈકોર્ટે એમ કહયું કે આ એમનો કોન્સ્ટીટયુશનલ રાઈટ છે અને છે. જયારે કોઈ પણ વ્યકિતને બંધારણીય અધિકાર આપ્યો છે. કે જયારે કોઈપણ વ્યકિતને બંધારણે અધિકાર આપ્યો છે કે એને ફાવે એ રીતે પોતે ધંધો વ્યવસાય કાયદાકીય માળખામાં રહીને કરે. તો આ રીતની જયારે છૂટ આપી છે ત્યારે એ છૂટનો અમલ ન કરવા માટે સુપ્રીમ કોર્ટમાં પણ કેટલાક લોકો ગયા છે, હાઈકોર્ટનો આદેશ હોવા છતાં મુસ્લિમ સમાજના ભાઈઓએ જૈન સમાજના ભાઈઓ માટે  લાગણી બતાવીને  કતલખાનાં બંધ રાખેલ છે એ સામાજીક સમરસતાનું એક મોટામાં મોટું ઉદાહરણ છે. અહીંયાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ ગઈકાલે એક માનનીય સભ્યશ્રીના એક પ્રશ્નના જવાબમાં તેમણે વચ્ચે ઉભા થઈને અભિનંદન પાઠવ્યાં માનનીય શીવજીભાઈએ કે તમે મૂંગાં ઢોર માટે અવારનવાર વેદના વ્યકત કરો છો એ માટે હું તેમને અભિનંદન આપું છું. તો જયારે આ ગૃહના નેતા પોતે પણ મૂંગાં ઢોર માટે આટલી મોટી વેદના વ્યકત કરતા હોય અને માનનીય સભયશ્રી આ પ્રકારનું બિલ લઈને આવ્યા હોય ત્યારે મારી વિનંતી છે કે તેમની જે વેદના છે, તેમની જે વ્યથા છે, તેમની જે સાચી રજૂઆત મૂંગાં ઢોર માટેની છે તેને સરકાર પણ સમર્થન આપે અને આ વિધેયકને મંજૂરી આપે તેવી મારી પ્રાર્થના છે.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા):** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ભાવિનભાઈ શેઠ પશુ સંરક્ષણ (ગુજરાત સુધારા) વિધેયક જયારે લઈને આવ્યા છે ત્યારે હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશ એ એક ખંડ જેટલો વિશાળ દેશ છે અને દુનિયાભરના ધર્મના લોકો આ દેશમાં વસે છે. અનેક ભાષાઓ, અનેક બોલીઓ, અનેક જ્ઞાતિઓ, અનેક વિવિધતાવાળો છતાં એકતાવાળો આ દેશ અને એ બધામાં પણ દેશના અન્ય રાજયોમાં માંસાહારી પ્રજા વધારે વસે છે, પરંતુ ગુજરાત એક અપવાદરૂપ રાજય છે કે જયાં હજારો વર્ષોથી જૈન પરંપરાનો એક પ્રભાવ રહયો છે, વૈષ્ણવ સંપ્રદાયનો પણ એક પ્રભાવ રહયો છે અને છેલ્લાં ૨૦૦ થી ૨૫૦ વર્ષોથી સ્વામી નારાયણ સંપ્રદાયનો પણ આ રાજય ઉપર પ્રભાવ છે અને એના કારણે સામાન્યમાં સામાન્ય માનવી પણ માંસાહારનો ત્યાગ કરે છે, નશાબંધી અપનાવે છે, એની ગળથૂથીથી પેઢીઓની પેઢીઓ સુધી આ વણાયેલ છે. એટલું જ નહીં, પરંતુ અમે તો ગાયકવાડ રાજયના રહીશો છીએ અને ગામડાંમાં મુખી મતદારો એ ગામની અમુક જમીનમાંથી કબૂતરો અને કૂતરાંઓ માટે એમનાં ખેતરો કાઢતા હતા અને ગામ એમના માટેની ચણની વ્યવસ્થા ઉભી કરતું હતું, એટલું  જ નહીં, પરંતુ જયારે માણસો પશુનો ઉપયોગ કરી લે અને એ બીન ઉપયોગી પશુ થઈ જાય ત્યારે એ પશુને મહાજનને સુપ્રત કરતા હતા અને એમાંથી આ મહાજનની પરંપરા ઉભી થઈ અને એના કારણે ગુજરાતમાં પાંજરાપોળો છે એ બધી આપણી આના માટેની મૂળ સંસ્કૃતિમાંથી ઉભી થયેલ છે. આ બધામાં પશુઓની ગેરકાયદેસર કતલ ના થાય અને ખાસ કરીને ગાય એ આપણા માટે માતા તરીકે વણાયેલી છે અને આપણે એની એક ગૌ માતા તરીકે પૂજા કરીએ છીએ, ખેડૂતો પોતાના બળદને 'બાપા'  'બાપા' કહે છે એવી આપણા લોકોની પરંપરા છે  ત્યારે એ રાજયમાં જયારે આવી રીતે પશુઓની કતલ થાય ત્યારે સ્વાભાવિક છે કે કોઈની પણ લાગણી દૂભાય. કીડી ઉપર પગ આવે તો સાચો ધમિષ્ઠ માણસ હોય તો એનો જીવ બળે. ત્યારે આવા રાજયમાં જયારે બિન કાયદેસર કતલ આ રીતે પશુઓની ચાલતી હોય તો એને અટકાવવાનું કામ એ રાજય સરકારનું છે અને એટલા માટે આ એક અતિ મહત્વનું બ્લિ છે. આપણા રાજયમાં આના માટેનો કાયદો કર્યો છે. ગાય અને એના વંશજોની કતલ ના થાય, અમુક ઉંમર સુધી એમને કતલખાને ન લઈ જઈ શકાય એવો કાયદો સરકારે કરેલ છે ત્યારે આ બિલ અતિ મહત્વનું  છે કારણ કે આપણું ૭૦ ટકા લોકોનું જીવન એ ગામડાં અને પશુપાલન સાથે જોડાયેલું છે. તો એ પશુઓની બિન કાયદેસર કતલ ના થાય અને ભાઈશ્રી ભાવિનભાઈ શેઠે જે લાગણી વ્યકત કરી છે એમાં હું પણ મારો સૂર પુરાવું છું અને રાજય આ બાબતમાં વધારે સજાગ થાય, વધારે સક્રિય થાય અને આખા રાજયનો એક અવાજ છે કે હિન્દુ ધર્મમાં માનવાવાળા લોકો છે,  આમ તો બધા માનીએ જ છીએ, પરંતુ કેટલાક લોકો એના માટેનો ઠેકો લઈને ચાલે છે તેમની વિશેષ જવાબદારી થઈ પડે છે. મારા આટલા શબ્દો સાથે વિરમું છું.

**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવિનભાઈ શેઠ, પશુ સંરક્ષણ અધિનિયમ, બિન સરકારી બિલ ૨૦૦૫ લાવ્યા છે તેને હું અનુમોદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી,

ગુજરાત રાજયમાં ગુજરાતનું અસ્તિત્વ આવ્યું ત્યારથી અને તે પહેલાથી ગુજરાતમાં એસેન્સિયલ કોમોડિટીઝ એન્ડ કેટલ કન્ટ્રોલ એકટ, પ્રિવેન્સન ઓફ ક્રૂએલ્ટી ટુ એનિમલ્સ એકટ, બાન ઓફ સ્લોટર, આ બધા જ કાયદાઓ અમલમાંછે. ગેરકાયદેસર કતલખાના માટે આઈ.સી.ટી. એકટ અને પોલીસમાં પણ કેટલાક કાયદાઓ કામ કરે છે. સરકાર વખતો વખત, કોંગ્રેસની હોય કે ભાજપની, ગેરકાયદેસર પશુ, પ્રાણી અને પંખીની કતલ ન થાય તેની કાળખી રાખતી હોય છે. પણ મારો મૂળભૂત પ્રશ્ન એ છે કે સરકારના, પ્રજાના અને ગુજરાતના તમામલોકોનો એમ બધાનો અભિગમ હોવા છતાં જાનવરો કતલખાને કેમ જાય છે? સરકારે આ દિશામાં વિચારવું જોઈએ કે પશુઓ કતલખાને જવા જ ન જોઈએ. અને તેનો વિકલ્પ પૂરો પાડવો જોઈએ. જેમ માલજીકાકાએ કહયું એમ ગુજરાત રાજયમાં ગિર અને કાંકરેજી પશુઓની ઓલાદ સમગ્ર વિશ્વમાં ઉત્તમ છે.ભેંસમાં મહેસાણવી, સુરતી અને જાફરાબાદી ભેંસ સમગ્ર વિશ્વમાં ઉત્તમ છે. આ ગાયો ભેંસો જયારે પચાસ કે સો રૂપિયાનું દૂધ ઉત્પાદન કરતા હોય ત્યાકે કોઈપણ ખેડૂત પછી તે હિન્દુ હોય કે મુસલમાન, તે તેને કતલખાને મોકલતા નથી. પણ જયારે પશુ બિન ઉપજાઉ બને છે, આઠ દસ ઢોર-ઢાંખર જયારે થઈ જાય છે, કે કોઈ માલધારી પાસે પચ્ચાસ કે સો ઢોર ઢાંખર થઈ જાય છે અને ઉત્પાદનની કિંમત આવતી ન હોય તેમને ખવડાવવું પરવડે તેમ ન હોય ત્યારે જ......

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, પંદરેક મિનિટ ટાઈમ લંબાવવાની દરખાસ્ત મૂકો.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ ઉપરની ચર્ચા પૂરી થાય ત્યાંસુધી, દસ-પંદર મિનિટનો સમય લંબાવવામાં આવે તેવી હું આ સભાગૃહ સમક્ષ દરખાસ્ત કરું છું.

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : અમે સંમત છીએ.

**અધ્યક્ષશ્રી** : બિલની ચર્ચા પૂરી થાય ત્યાંસુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, બિન ઉપજાઉ જાનવરો હોય તેને રાજય સરકારે ગૌશાળા કે પાંજરાપોળ કે મહાજન મોકલવા માટેની એક તક પૂરી પાડવી જોઈએ. અને જયાંસુધી પાંજરાપોળ આ જાનવરોનો સ્વીકાર કરશે ત્યાં સુધી આ જાનવરો કતલખાને નહીં જાય. આપણે રાજયમાં છેલ્લા દસ વર્ષમાં કેટલી પાંજરાપોળો વધી અને કેટલી ગૌશાળાઓ વધી તેનો અભ્યાસ કરવો પડશે. ગુજરાત રાજયના મહેસૂલી કાયદામાં જોગવાઈ છે કે ૫૦ જાનવરોએ એક એકર ગૌચર રાખવું. અને રાજાશાહી વખતમાં કે ગાયકવાડના વખતમાં પૂરેપૂરો તેનો અમલ થતો હતો. આજે જે માલધારી પોતાની પાસે સો કે દોઢસો ગાયો રાખે છે એમાંથી ફકત પાંચ કે દસ ગાયો સારુ દૂધ આપતી હોય છે. ૧૧૦ જેટલી ગાયોદૂધ ઉત્પાદન આપતી ન હોવા છતાં આપણે હિન્દુ ધર્મમાં ગાયને માતા કહીએ છીએ તેને માલધારીઓ પોષે છે રાખે છે, ચરાવવા માટે લઈ જાય છે એટલા માટે આપણે માલધારી સમાજનો પણ આભાર માનવો જોઈએ. અને બીન ઉપજાઉ ગાયોને પાંજરાપોળમાં જયારે પ્રવેશ આપવામાંઆવતો નથી સંખ્યા વધી ગઈ હોય છે, જમીનના પ્રમાણમાં જાનવરો વધી ગયા હોય છે ત્યારે જીવદયા વાળા પણ છૂટી પડે છે, ત્યારે આ જાનવરો કાં તો રસ્તા ઉપર રખડતા થઈ જાય છે, અને આવી રખડતી ગાયો-ભેંસોને લોકો કતલખાના સુધી પહોંચાડે છે એવી પરિસ્થિતિ નિર્માણ થાય છે. એટલે રાજય સરકારે પશુ પાલન ક્ષેત્રે ક્રાંતિ થાય અને આપણા ઢોર ઢાંખરો કતલખાને ન જાય તે માટે સુખ સુવિધા, ગૌશાળાઓ, પાંજરાપોળો અને ગૌચરની જમીન અલાયદી રાખવાની વ્યવસ્થા ઉપાડી લેવી પડશે. આ દિશામાં માનનીય ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ગૌ-બ્રાહ્મણ પ્રતિ પાલક છે. એટલે તેઓ આ દિશામાં વધુ વિચારે એટલી વિનંતી સાથે આ બિલને ટેકો આપું છું.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ભાવીનભાઈ શેઠ બિન સરકારી વિધેયક લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું.

હિન્દુસ્તાનની સંસ્કૃતિ એવી છે કે પરિવારના ઘરની બાજુમાં કીડિયાનગર હોય તો એ કીડીઓ શું ખાશે એની પણ ચિંતા કરીને કીડિયાનગર પૂરવાની આપણી સંસ્કૃતિ છે. તમામ જીવોની પશુ પંખી જંતુ બધાની ચિંતા કરવાવાળી આપણી સંસ્કૃતિ પણ ધીમે ધીમે પશ્ચિમની ભોગવાદી સંસ્કૃતિ આવી માત્ર મનુષ્ય માટે જ જીવવાનો અધિકાર છે, દુનિયાની તમામ વસ્તુઓ માત્ર મનુષ્ય માટે જ છે આવી ભોગવાદી સંસ્કૃતિને કારણે ધીમે ધીમે આપણા દેશમાં એવી પરંપરા ઊભી થઈ જેના કારણે પશુઓની કતલ થવા માંડી. આમ તો કુદરતે જે નક્કી કર્યુ છે માસાહર કોણ કરશે અને શાકાહાર

કોણ કરશે. સેમ્પલ જોઈએ તો જીભ વડે ખોરાક લે એ માસાહારી કહેવાય છે પછી એમાં જંતુ હોય, પ્રાણી હોય કે પંખી હોય જીભથી ખોરાક લે એ માસાહારી હોય અને જે દાંત વડે ખોરાક ચાવીને ખાતો હોય એ શાકાહારનો ઉપયોગ કરતો હોય છે. પરંતુ ધીમે ધીમે કુદરતે બનાવેલ પરંપરા હતી એણે સિસ્ટમ બનાવી હતી એનાથી વિરુદ્ધ જઈને મનુષ્ય પણ પોતાના ખોરાક માટે પ્રાણી કે પંખીનો ઉપયોગ કરવા મંડ્યો. (અંતરાય)

હમણાં માનનીય સભ્યશ્રી ગોવાભાઈએ સરસ વાત કરી કે ગાયો રખડતી હોય છે. આ એક ગંભીર વિષય છે. ચિંતાવાળો વિષય છે. એને દૂધ પીવું છે માણસને દોહવન કરવું છે પરંતુ એની જવાબદારી છે એ માણસ ભૂલી જાય છે. આપણી એક ફરજ છે કે પ્રાણી દૂધ આપતું હોય આપણું પાલન પોષણ કરતું હોય ત્યારે એની સુરક્ષાની અને પાલન પોષણ કરવાની જવાબદારી આપણી છે. ધીમે ધીમે દોહવનની સંસ્કૃતિને બદલે શોષણની સંસ્કૃતિ તરફ માણસ આગળ વધવા માંડ્યો. "જીવો જીવસ્ય વત્સનમ" જીવ જીવને એકબીજાની સાયકલ બનેલી છે. હમણાં અમારે ત્યાં નીલ ગાયની વાત આવી. એની સંખ્યા વધવાનું કારણ શું, એના મૂળમાં ગયા ત્યારે ખ્યાલ આવ્યો. નીલ ગાયના બચ્ચા પેદા થાય ત્યારે શિયાળવા હોય એ એના કેટલાક બચ્ચાઓનું ભક્ષણ કરી જતાં. પરંતુ માણસ ધીમે ધીમે ભૂંડને મારવાની દવા મૂકતો ગયો એની સાથે સાથે શિયાળવા અને ગીધ પણ મૃત્યુ પામ્યા. જેના કારણે કુદરતે એનો ક્રમ અને નિયંત્રણ બનાવ્યા હતા એમાં અવરોધો ઊભા થયા. એના લીધે નીલ ગાયની સંખ્યા વધી ગઈ અને એના લીધે બીજી અનેક સમસ્યાઓ ઊભી થઈ. શ્રૃષ્ટિનો ક્રમ છે તેમાં માણસે જ્યાં ચાંચ અડાડી ત્યાં આવું બનતું આવ્યું છે. માનનીય ભાવિનભાઈ શેઠ આ બિલ લઈને આવ્યા છે. આપણે અહિંસાના પૂજક છીએ, આપણી સંસ્કૃતિ અહિંસાની સંસ્કૃતિ છે. મંદીરોની આજુબાજુ સો મીટરનો કાયદો છે પરંતુ ૨૦૦ મીટર સુધી માસ વેચાવું ન જોઈએ કારણ કે ત્યાં લોકોની લાગણી દુભાતી હોય છે. આ બાબતમાં મારો સુધારો છે. માનનીય ભાવિનભાઈ શેઠને અભિનંદન આપું છું.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભાવિનભાઈ શેઠ જે બિન સરકારી વિધેયક લઈને આવ્યા છે એની લાગણી સાથે આપણે સૌ સહમત છીએ. રાજય સરકાર પણ ગઈકાલે કતલખાના ન ચાલે એના માટે કટિબદ્ધ છે એ ઉપરાંત કાયદેસર કતલખાના પણ ન ચાલે જીવદયાને ધ્યાનમાં રાખીને એની સાથે અર્થતંત્રને જોડીને આ રાજયની ખેતી સમૃદ્ધ થાય એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી એક સુંદર વિચાર આ રાજયને આપ્યો છે અને એ વિચાર છે ગોબર બેંકનો. ઉપયોગી પશુઓ કામમાં આવે છે ગાય ભેંસ દૂધ આપે, બળદ ખેતીના કામમાં આવે છે. પરંતુ બિન ઉપયોગી પશુઓ છે એ કતલખાને જાય છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે વિચાર આપ્યો જે યોજના આપી છે. ગામદીઠ કે બે-પાંચ ગામ ભેગા થઈને કે તાલુકાદીઠ આવા બિન ઉપયોગી પશુઓને એકત્ર કરીને તેના છાણ-મૂત્રને એકત્ર કરીને તેની ગોબર બેંક બનાવીને તેમાંથી ખાતર અને ગેસ, ઈલેકટ્રીસીટી ઉત્પન્ન થાય, સેન્દ્રીય ખાતર મળે, અર્થતંત્રને આની સાથે જોડીને જીવદયાનું સંપૂર્ણ પાલન થાય તે માટે રાજય સરકાર કટિબદ્ધ છે અને આગામી દિવસોમાં આ અંગે ગોબરબેંકની યોજના રાજય સરકાર અમલમાં પણ લાવનાર છે. આ કાયદો અમલમાં હતો જ અને તેમાંય ગૌવંશ પ્રતિબંધ આ રાજયમાં ૧૯૯૮ સુધી હતો. પરંતુ ૧૯૯૮ અમદાવાદ મીરઝાપુર મોટી કુરેશી કસબ જમાત એન્ડ અધર્સ હાઈકોર્ટમાં ગયા અને નામદાર હાઈકોર્ટે આ બંધારણ વિરુદ્ધનું છે તેમ કહીને રાજય સરકાર વિરુદ્ધ ચુકાદો આપેલ છે અને રાજય સરકાર સિવિલ એપ્લીકેશન નંબર ૪૯૩૭ થી ૪૦/૯૮થી સુપ્રીમ કોર્ટમાં અપીલમાં ગયેલ છે અને અત્યારે ગયા ઓગસ્ટમાં જ તેનું હીયરીંગ પણ શરૂ થયું છે. આ જ મહિનામાં આ પર્યુષણ પર્વ નિમિત્તે સુરત, અમદાવાદ કોરપોરેશન અને અન્ય સામાજીક સંસ્થાઓ પણ હાઈકોર્ટમાં ગયેલ છે. સુપ્રીમ કોર્ટમાં પણ ગઈ છે અને મનાઈ હુકમ ટેમ્પરરી મળેલ છે. આ સંજોગોમાં રાજય સરકાર આ બિન સરકારી બિલ સાથે સંમત હોય તો પણ આ આખી બાબત નામદાર હાઈકોર્ટમાં સબજયુડીશ હોઈ આ અંગે કોઈ વધારે અવલોકન કે અભિપ્રાય કે સંમતિ દર્શાવી શકાય તેમ ન હોઈ માનનીય સભ્યશ્રીને મારી વિનંતી છે કે એટલા માટે આપનું બિલ પરત ખેંચી લો.

**શ્રી ભાવિન શેઠ:** માનનીય અધ્યક્ષશ્રી, અહિંસા પરમો ધર્મ એ આપણી સંસ્કૃતિ રહી છે. ત્યારે આ જે બિન સરકારી બિલ લઈને હું ઉપસ્થિત થયો છું તેમાં મારા સન્માનનીય મિત્રો માનનીય મહેન્દ્રભાઈ મશરૂ, ગોવાભાઈ રબારી, રાકેશભાઈ રાવ, માલજીભાઈ, ડો. સી.જે. ચાવડા અને અન્ય મિત્રોએ આ બિલ અંગે પોતાની લાગણી દર્શાવી છે. એ બદલ તેમનો આભાર માનું છું અને માનનીય

મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબે તે પ્રમાણે વાત કરી કે આખી મેટર સબજયુડીશ છે એટલા માટે તેની લાંબી ચર્ચા કે અવલોકન કરી શકાય તેમ નથી. તો મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે ભલે આ મેટર સબજયુડીશ હોય પરંતુ જેટલા કતલખાનાઓ ગેરકાયદેસર છે, હમણાં અઠવાડિયા પહેલાં સંદેશમાં આખું લીસ્ટ આવેલું કે આટલા આટલા કતલખાનાઓ ગેરકાયદેસર રીતે ચાલી રહયા છે. તો એ કતલખાનાનું લીસ્ટ સંદેશને મળતું હોય તો આપણે સત્તા ઉપર બેઠાં છીએ. એ લોકો પાસે તો આ લીસ્ટ હોય જ. તો આ કતલખાના તાત્કાલિક બંધ થાય એવી મારી લાગણી છે. આ સાથે હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૨૧ પાછું ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી ભાવિનભાઈ ન. શેઠ :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૦૫નું મુંબઇ પશુસંરક્ષણ (ગુજરાત સુધારા) વિધેયક પાછું ખેંચી લઉં છું.

**અધ્યક્ષશ્રી .:** વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૨૫ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર તા.૧૪મી સપ્ટેમ્બર,૨૦૦૫ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા.૧૪મી સપ્ટેમ્બર,૨૦૦૫**
**ભાદ્રપદ ૨૩, ૧૯૨૭ શાકે**
**સભાગૃહ સવારના ૮.૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી પ્રો. મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**ભરૂચ જિલ્લામાં અતિવૃષ્ટિથી કોતરો, ખાડીઓ અને કાંસનું પુરાણ થવા બાબત**

***૧૩૧૭૧ શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તાજેતરમાં ભરૂચ જિલ્લામાં અતિવૃષ્ટિથી થયેલ તારાજીમાં હયાત કોતરો, ખાડીઓ અને કાંસનું પુરાણ થતા પાણીનો નિકાલ થતો ન હોવાથી ખેતી અને રહેણાંક મકાનોને વ્યાપક નુકશાન થાય છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો આવી ખાડીઓ, હયાત કોતરોને ઊંડા કરવા અને પહોળા કરી પાણીનો નિકાલ કરવા સરકારે કોઇ સર્વે કરી આયોજન કરેલ છે કે કેમ ?

**જળ સંપત્તિ મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) ચોમાસુ પૂર્ણ થયે, સર્વે કરી આયોજન કરવામાં આવશે.

**શ્રીમતી રશીદા ઈ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભરૂચ જિલ્લામાં તાજેતરમાં અતિ ભારે વરસાદને કારણે આઠ હજાર જેટલા મકાનો તારાજ થતાં હજારો એકર જમીનમાં બિયારણ તથા પાકોને નુકસાન થવા પામેલ છે. પ્રત્યેક ચોમાસામાં મારા જિલ્લામાં ઓછુ વધતું નુકસાન થાય છે. પરંતુ છેલ્લા પાંચ વર્ષથી ભરૂચ જિલ્લાને પૂર નિયંત્રણ ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. કાંસ કે કોતરોને સુધારવાની કામગીરી થઈ નથી. તેથી મારો પ્રશ્ન એ છે કે હયાત કોતરો, ખાડીઓ અને કાંસોને ઊંડા કે પહોળા કરવા સરકારશ્રી પાસે કોઈ દરખાસ્ત આવી છે કે કેમ? આવા પાણીના ભરાવાના કારણે થતું નુકસાન અટકાવવા સરકાર કોઈ ચોક્કસ પ્રકારની ટીમ બનાવીને નાણાકીય જોગવાઈ કરવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ :** માનનીય સભ્યશ્રીની વાત સાચી છે. આ વરસે અતિ ભારે વરસાદ થયો છે. એમાં પણ ભરૂચ જિલ્લામાં પણ ભારે વરસાદ થયો છે. સામાન્ય રીતે ખાડીઓ હોય છે એ નૉર્મલ વરસાદના વહન માટેની હોય છે. ૩૨૯ જેટલી ખાડીઓ ભરૂચ જિલ્લામાં આવેલી છે અને એની લંબાઈ પણ લગભગ ૧૩૦૦ કિલોમીટર કરતાં વધારે છે. એના ઉપર દેખરેખ સરકાર તરફથી રાખવામાં આવે છે. પરંતુ લગભગ સાડા સત્તર ઈંચ જેટલો વરસાદ એક સામટો પડવાને કારણે ભરૂચ જિલ્લાની અમુક ખાડીઓના પાણી ઊભરાયા હતા. બીજી વાત એ છે કે ત્યાં નર્મદા કેનાલનું બાંધકામ થયા પછી પાણીનો અટકાવ કોઈ કોઈ જગ્યાએ થયો છે. દહેજ અને ભરૂચનો હાઈવે બનવાને કારણે પણ કોઈ જગ્યાએ પાણીનું રોકાણ થયું છે. આમ સાડા સત્તર ઈંચ જેટલો ભારે વરસાદ એક સામટો આવ્યો એના કારણે પાણી ન નીકળે એ સ્વાભાવિક છે. એમાં કોઈ જગ્યાએ ક્ષતિ હોય એ અમે જોઈ જઈશું. દસ ખાડીઓ આવેલી છે એનો સર્વે કરવામાં આવ્યો છે. પરંતુ વરસાદ પૂરો થતાંની સાથે એનો સર્વે કરવામાં આવશે અને જે ખાડીઓ ક્ષતિજનક છે એને રિપેર કરવા માટે વિચારીશું. અમે લગભગ તબક્કાવાર ખાડીઓ સાફ કરવાનું કામ કર્યુ છે અને એસ.જે.આર.વાય. માંથી ફંડ મેળવીને આ ખાડીઓ સાફ કરવામાં આવેલ છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** ગુજરાતમાં ભારે વરસાદ આવવાને લીધે મોટા પ્રમાણમાં નુકસાન થયુ હોય ત્યારે કેન્દ્ર સરકારે ૫૯૨ કરોડ રૂપિયા ગુજરાત સરકારને આપેલ છે એમાંથી મારા પ્રશ્નના જવાબમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે એમાંથી ૧૦૭ કરોડ રૂપિયા જ વપરાયા છે. તો મંત્રીશ્રીને મારે પૂછવું છે કે બાકીના પૈસા છે એમાંથી જ્યાં જ્યાં આવી તકલીફો પડે છે ત્યાં કેટલા સમયમાં વાપરવા માગો છો?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : આ પ્રશ્ન ફક્ત ભરૂચ જિલ્લા પૂરતો જ છે. એટલે આખા રાજયનો જવાબ મારા સ્થાનેથી આપી શકાશે નહિ. છતાં પણ ખેતીવાડીને થયેલ નુકસાન ૫૬ લાખ ૫૮ હજારની આકરણી થયેલ છે. એ જ રીતે મહેસૂલ વિભાગે આકરણી કરીને ચાર હજાર મકાનોને ૧૫૬ લાખનું નુકસાન બતાવેલ છે. નાના મોટા કાચા પાકા મકાનો એની પણ આકરણી કરવામાં આવેલ છે. સરકારના નીતિ નિયમો મુજબ એને આપવા પાત્ર થતી રકમ ચૂકવીએ છીએ.

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર :** ચાલુ વરસે આણંદ જિલ્લામાં અતિવૃષ્ટિને કારણે ભારે નુકસાન થયું છે. છેલ્લા પાંચ સાત વર્ષથી આ જિલ્લામાં એક પણ કાંસની મરામત થઈ નથી. માનનીય મંત્રીશ્રીએ કહયું કે એસ.જી.આર.વાય. યોજના હેઠળ...

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ભરૂચ જિલ્લાનો છે. પ્લીઝ, નો. નો.

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર :** એસ.જી.આર.વાય. યોજના હેઠળ અમારા જિલ્લામાં છેલ્લા એક વર્ષથી..

**અધ્યક્ષશ્રી** . : :નો, નો પ્લીઝ.

**શ્રી માધુભાઈ જે. ભોયે :** માનનીય અધ્યક્ષશ્રી, વરસાદથી ભરૂચ જિલ્લાને જે નુકસાન થયું છે તેનો અમારા માનનીય સભ્યશ્રીએ પૂશ્ન પૂછયો છે. એટલું જ નહીં, પણ સમગ્ર ગુજરાતમાં..

**અધ્યક્ષશ્રી .** : માધુભાઈ, પ્રશ્નની વાત કરો.

**શ્રી માધુભાઈ જે. ભોયે :** અતિવૃષ્ટિને કારણે આપણે આ વાત કરીએ છીએ. કેન્દ્ર સરકારે પૈસા આપ્યા છે ત્યારે ડાંગ જિલ્લો ૯૮ ટકા આદિવાસી વસતિ ધરાવતો જિલ્લો છે. કરોડો રૂપિયાનું નુકસાન થયું છે.

**અધ્યક્ષશ્રી .** : નો, નો, ભરૂચ જિલ્લા ઉપર વાત કરો.

**શ્રી ગોવાભાઈ હ. રબારી :** માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લાનું જે સરવે થયું છે. કાચા-પાકા મકાનો પડી ગયા છે એ તો તેમણે સરવે આવેલ છે એવો જવાબ આપેલ. જેના મકાનો કાચા કે પાકા બિલકૂલ નાશ થઈ ગયા છે, ચોમાસુ પૂરું થઈ રહેવા આવ્યું છે તો કેટલા સમયમાં બનાવી આપશો ? એ તો બહાર રોડ ઉપર બેઠાં છે. ખાડીનું નુકસાન થયું છે તેમાં કહયું છે કે ચોમાસુ પૂરું થયા પછી સરવે થશે તો ત્યાં સુધી તો ખેડૂત અને ગરીબ બધા રોડ ઉપર આવી જશે તો કેટલા સમયમાં આ કરવા માગો છો?

શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ : મેં જે સરવેનું કહયું તે ખાડીઓના સરવેનું એટલા માટે કહયું કે અત્યારે ખાડીઓમાં પાણી છે. ગોવાભાઈ આપ જાણો છો કે ખાડીઓમાં પાણી છે તેનો સરવે અત્યારે ન થાય તેનો મેં ઉલ્લેખ કર્યો છે. મકાનોની બાબતમાં રેવન્યુ વિભાગે સરવે કરેલ છે. તેના આધાર ઉપર ફીગર આપેલ છે અને સરકારે કરેલા નીતિ-નિયમો છે એ પ્રમાણે પેમેન્ટ આપવામાં સરકારે કોઈ આનાકાની કરી નથી ત્યારે આપને શું વાંધો હોઈ શકે?

પ્રશ્ન ક્રમાંક-૧૩૭૧૪ માનનીય સભ્યશ્રી ગેરહાજર.

પ્રશ્ન ક્રમાંક-૧૩૭૨૯ માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**દાહોદ અને પંચમહાલ જિલ્લામાં ખેતીવાડી એન્જિનિયરીંગ કોલેજો**

*** ૧૩૫૪૧ શ્રી ભુરાભાઈ જે. કટારા(ઝાલોદ) : માનનીય કૃષિમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૭-૨૦૦૫ની સ્થિતિએ દાહોદ અને પંચમહાલ જિલ્લામાં કેટલી ખેતીવાડી એન્જિનીયરીંગ કોલેજોને મંજૂરી આપવામાં આવી,

(૨) નવીન કોલેજોના ખર્ચની કેટલી જોગવાઈ કરવામાં આવેલ છે, અને

(૩) કેટલા સમયમાં શરૂ કરવામાં આવશે ?

**કૃષિમંત્રીશ્રી :**

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી ભુરાભાઈ જે. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, ખેતીવાડી એન્જિનિયરીંગ કોલેજ ખોલવા માટે દાહોદ જિલ્લામાં આયોજન કરવામાં આવ્યું છૈ કે કેમ અને ખોલવાના છે કે કેમ?

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : અત્યારે એન્જિનિયરીંગ કોલેજ જૂનાગઢ ખાતે ચાલે છે. છેલ્લા ત્રણ વર્ષમાં ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ તેમાં દાહોદ અને પંચમહાલ જિલ્લામાંથી જે અરજીઓ આવી છે ૨૦૦૩-૦૪માં કુલ અરજીઓ આવી ૩૭૩. તેમાં દાહોદમાંથી એક અને પંચમહાલમાંથી એક વિદ્યાર્થીની અરજી આવી. ૨૦૦૪-૦૫માં કુલ ૩૦૬ અરજીઓમાંથી દાહોદમાંથી બે અને પંચમહાલમાંથી એક. ૨૦૦૫-૦૬માં કુલ ૩૦૫ અરજીઓમાંથી દાહોદમાંથી ત્રણ અને પંચમહાલમાંથી એક. છેલ્લા ત્રણ વર્ષમાં નવ વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અરજી કરી. તેમાંથી એકે પ્રવેશ મેળવ્યો અને તેણે પણ તા. ૧-૮-૨૦૦૫થી અભ્યાસ છોડી દીધો. આ સંજોગોમાં ત્યાં કોલેજની મંજૂરી આપવી એ યોગ્ય નથી અને શકય પણ નથી.

શ્રી ભુરાભાઈ જે. કટારા : આ વાત ખોટી છે. દાહોદ જિલ્લાના વિદ્યાર્થીઓને બહારના જિલ્લામાં જવું પડશે. દૂર આણંદ અને ખેડા જિલ્લામાં જવું પડશે. દાહોલ અને પંચમહાલ જિલ્લાના વિદ્યાર્થીઓ ખેતીવાડી એન્જિનિયરીંગ કોલેજથી વંચિત રહે છે. તો આ માટે આપ મંત્રીશ્રી આયોજન કરીને દાહોદ અને પંચમહાલ જિલ્લામાં ખેતીવાડી એન્જિનિયરીંગ કોલેજો ખોલાય એવું આયોજન કરવા માટે મારું આપને સૂચન છે.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન જ છે.

શ્રી શંકરભાઈ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, જે અત્યારે વૈશ્વિકરણ અને એગ્રીકલ્ચરની અંદર જે નવી નવી ટૅક્નૉલૉજી ડેવલપ થઈ રહી છે એવા સંજોગોમાં જે અભ્યાસક્રમ છે એમાં પણ કેટલાક સુધારા કરીને નવી પેઢીના વિદ્યાર્થીઓ જે ખેતીના કોર્સમાં સુગ ધરાવે છે એવું ન રાખે એ માટે ખેતીના અભ્યાસક્રમમાં ફેરબદલ કરવા માગે છે કે કેમ ?

અધ્યક્ષશ્રી . : એ જુદી વાત છે. પ્રશ્ન અલગ છે.

શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, માત્ર ૩ વર્ષમાં ૯ જ અરજી આવી છે. પણ જ્યાં પછાતવિસ્તારો હોય અને આટલા પછાત વિસ્તારોના લોકો જ્યારે કૉલેજ જ ન હોય ત્યારે અરજી કેવી રીતે કરવાના છે ? એમને બહાર જવું ન પડે એ માટે આ જિલ્લાઓની અંદર એન્જિનિયરીંગ કૉલેજ કરવાની કોઈ યોજના છે કે નહીં ? આનો જવાબ આપો. જેથી ત્યાંના પછાત વિસ્તારના લોકોને આનો લાભ મળે ત્યાંના પછાત લોકોને એની આવશ્યકતા છે. આટલા વર્ષોથી બે-બે જિલ્લાઓનું વિભાજન થયું છે તો આ જિલ્લાઓમાં કૉલેજ જ ન હોય તો એ જિલ્લાઓને ડેવલપ કરવાની શું યોજના છે ?

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ વિષયક લાંબા અને ટૂંકા ગાળાના ટૅક્નીકલ તાલીમ વર્ગો શરૂઆતમાં ખોલી શકાય અને એમાં સંખ્યા થાય તો પછી એન્જિનિયરીંગ કૉલેજ માટે વિચારી શકાય.

શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, કેટલીય બાબતોમાં અનેક સૅક્ટર છે એન્જિનિયરીંગ. એમાં ઑલ એક ડિગ્રી તરીકે બધા કદાચ ન કરી શકે. ખેતીવાડી તો આપણા દેશનો સૌથી મોટામાં મોટો પાયાનો વ્યવસાય છે અને આખું અર્થતંત્ર એના ઉપર છે. આ ખેતીવાડીની અંદર આઈ.ટી.આઈ. ટાઇપના સર્ટિફિકેટ લોકલ કોર્સ છે. એવા કોઈ કોર્સનું ઘડતર કરીને આવા વિસ્તારોમાં આવી વ્યવસ્થા ઊભી કરવા માગો છો કે કેમ ? જેથી કરીને એકાદ વર્ષમાં ખેતીવાડીને લગતી ઘણી બધી બાબતોમાં પ્રેકટીકલ જ્ઞાન મેળવીને એ વૈજ્ઞાનિક ઢબે કામ કરતા થઈ જાય એવું આયોજન કરવા માગો છો કે કેમ ?

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન છે.

શ્રી ગોવાભાઈ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે ત્યાં અરજીઓ મળે તો કૉલેજ કરી શકાય. તો કેટલી અરજીઓ મળે તો કૉલેજ કરવા માગો છો ?

અધ્યક્ષશ્રી . : ગોવાભાઈ, પ્લીઝ, સાંભળો, અરજીની વાત નથી. પ્રવેશની વાત છે.

શ્રી ગોવાભાઈ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રવેશ માટેની કેટલી અરજીઓ મળશે તો કૉલેજ કરવા માગે છે એ જ હું કહું છું એ જ પૂછ્યું છે.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે એક કૉલેજ જુનાગઢમાં ચાલુ છે. એમાં ૫૦ની ક્ષમતા છે.

શ્રી ગોવાભાઈ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં ૫૦ વિદ્યાર્થીઓ તૈયાર થાય તો આપ કૉલેજ કરશો? વિદ્યાર્થીઓ મળી રહે તો ?

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સંખ્યા આધારે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

## ભરૂચ જિલ્લામાં ખેડૂત સહકારી મંડળીઓના મંત્રીઓ વિરુદ્ધ ફરિયાદ

*** ૧૩૩૩૭ શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૭-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભરૂચ જિલ્લાના અંક્લેશ્વર તથા હાંસોટ તાલુકામાં ખેડૂત સહકારી મંડળીઓ પેકી કોઇ મંડળીના મંત્રી વિરૂધ્ધ ફરિયાદ થવા પામેલ છે કે કેમ ,

(૨) જો હા, તો આવી મંડળીઓ કઇ કઇ છે, અને

(૩) જવાબદાર મંત્રીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**સહકાર મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) (૧) ધી મોટી માટી એડ વિવિધ કાર્યકારી સેવા સહ મંડળી લી. મુ. માટી એડ. તા.અંકલેશ્વર

(૨) સેગપુર કો. ઓ. મલ્ટીપરચઝ સો. લી. મુ. સેગપુર, તા. અંક્લેશ્વર

(૩) હજાત કો. ઓ. મલ્ટીપરચઝ સો. લી. મુ. હજાત, તા અંક્લેશ્વર

(૪) પારડી ઇદ્રિશ મોકદની ખેતી વિ. વિ.કા.સ. મં. લી., મું. પારડી ઇદ્રિશ તા. અંક્લેશ્વર

(૫) ધમરાડ કો.ઓ.મ.પ.સો.લી. મુ. વેમરાડ, તા. હાંસોટ

(૩) જવાબદાર મંત્રીઓ સામે ફરિયાદ નોંધાવવામાં આવેલ છે.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા ભરૂચ જિલ્લામાં મારા અંકલેશ્વર મત વિસ્તારમાં જે સહકારી મંડળી આવેલી છે એ પૈકી પારડી ઈદ્રિશ મો.ક.દ.ની ખેતી વિ.વિ. કા.સ.મં.લી. મુ.પારડી ઈદ્રિશ તા.અંકલેશ્વર એના કાર્યક્ષેત્ર ૩ ગામનું છે. એ પૈકી ૬૦૦ સભાસદો આ મંડળીમાં નોંધાયેલા છે. આ મંડળીમાં છેલ્લા ૧૫-૨૦ વર્ષથી કૌભાંડો આચરવામાં આવેલ છે. જે સભાસદો મૃત્યુ પામેલા છે એમના નામે પણ આ મંડળીમાંથી લોન આપવામાં આવે છે. ખોટા ડોકયુમેન્ટ ઊભા કરી, શાખ પત્રક બનાવી, આના આધારે ગામના જે તે મંડળીના મંત્રી, ચેરમેનશ્રી અને જે તે ખેડૂતની હાજરીમાં શાખ પત્રક બનાવવામાં આવે છે અને મૃત્યુ પામનારના નામે ધીરાણ આપવામાં આવે છે. ફેબ્રુઆરી મહિનાથી આ મંડળીની તપાસ કરવા માટે મેં ઘણા પત્રો લખ્યા હોવા છતાં સહકાર વિભાગ તરફથી કોઈ પગલાં લેવામાં આવતાં નથી. આ મંડળીમાં એક જ ઘરના ૫-૫ સભાસદો ૧૫-૨૦ વર્ષથી કાર્યરત છે.

અધ્યક્ષશ્રી . : તમે પ્રશ્ન પૂછો, પ્લીઝ, તમારો પ્રશ્ન શું છે ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ મંડળીની અંદર બૅન્કના ઈન્સ્પેકશનની અંદર રૂ.૪.૭૬ કરોડની ઉચાપત કરેલી માલૂમ પડેલ છે. એ માટે મંત્રીશ્રીની જવાબદારી ફિક્સ કરીને એની સામે કેસ કરવામાં આવેલ છે. આ સમગ્ર જવાબદારી મંડળીના વ્યવસ્થાપક મંડળની હોવી જોઈએ. આથી જે તે વ્યકિતઓ ઉપર પગલાં લેવામાં આવશે કે કેમ ?

શ્રી સી. ડી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વિગત અહીં ધી પારડી ઈન્દ્રિશ મોકદની શીવા સહકારી મંડળી લિમિટેડના પ્રશ્નના રૂપમાં પૂછી છે એમાં એમણે જ પ્રશ્નનો સ્વયંસ્પષ્ટ જવાબ એમણે પોતે જ આપેલો છે. આ સંસ્થા ૧૯૨૪થી રજીસ્ટર થયેલ છે એમાં ૮૦૨ સભાસદો છે. આ સંસ્થામાં છેલ્લે ૧૯૯૦ થી ૨૦૦૪ દરમિયાન કયાંક ઘાલમેલ, ગોટાળો અને

છેતરપિંડી થયાની વાત જે છે એનું તથ્ય આ પ્રમાણે છે અને આ બાબતમાં માનનીય ધારાસભ્યશ્રી ઈશ્વરભાઈએ જે પત્ર લખી અને માહિતી માગી હતી અને એ માહિતીના આધારે અને તપાસના આધારે ઉપરોકત ગુના માટે મંડળીના સેક્રેટરી શ્રી યોગેશભાઈ પંચાલ પાસેથી પૂરી વિગતો જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ તરફથી પૂર્ણ રીતે તા:૨-૩-૨૦૦૫ના પત્રથી કરવામાં આવી છે અને ત્યારબાદ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ તરફથી કુલ ૧૯૯૦થી આજ સુધી ૧૫૭ સભાસદોના નામે બોગસ ધીરાણ ઉધારીને ૧,૫૫,૩૬,૧૫૪ અને ૬૫ પૈસાની નાણાકીય ગેરરીતિની એમણે કબૂલાત કરેલ છે. આ ઉપરાંત અન્ય સભાસદોના નામે ૨,૭૧,૯૭૩ રૂપિયાની પણ ઉચાપત કિસાન ક્રેડીટ કાર્ડ દ્વારા કરવામાં આવેલી છે અને છેલ્લે રોજમેળ ધીરાણ ઉપર પણ જે ૪,૨૦,૦૦૦ની નાણાકીય ઉચાપત કરવામાં આવી છે એની ઉપર તપાસણી કરવામાં આવી છે અને પૂરી તપાસણીના આધારે જ્યારે તેઓ સંસ્થામાં દાખલ થયા ત્યારે ૨,૪૦,૦૦૦ પૂરાની એમની પોતાની સ્થાવર મિલકતો હતી અને આ ભાઈશ્રી યોગેશભાઈ પંચાલે તેમના પત્ની, પુત્રોના નામે ૧,૩૪,૫૩,૦૦૦ની સ્થાવર મિલકતો બતાવી છે અને આ નાણાકીય ગેરરીતિ અંગે એમણે પોતે એનો સ્વીકાર કરેલો છે કે એમના દ્વારા આ નાણાકીય ગેરરીતિ થયેલ છે અને એ નિમિત્તે અત્યારે છેલ્લે ૧૨-૫-૦૫ના સ્પેશિયલ હુકમથી ઑડિટર, સહકારી મંડળી દૂધની ફરીથી ભરૂચની નિમણૂક કરી અને રીઓડીટની કામગીરી હાલમાં ચાલુ છે અને આ કામગીરી ચાલુ છે ત્યારે ચેરમેનશ્રીએ સેક્રેટરીશ્રી વિરુદ્ધ ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ ૧૫૬ (૩) મુજબ કોર્ટે ક્રિમિનલ ઈન્કવાયરી ૧૧-૩-૨૦૦૫ના રોજથી નામદાર કોર્ટ, અંકલેશ્વરમાં દાખલ કરેલી છે અને આ બાબતે જ્યારે કોર્ટ થ્રુ આ ઈન્કવાયરી દાખલ થયેલ છે ત્યારે પી.એસ.આઈ. અંકલેશ્વર, ભરૂચને નામદાર કોર્ટે તે તપાસ માટેનો હુકમ કર્યો છે. આની કામગીરી ઉપરની તપાસણી ચાલુ છે અને અંદાજે ધારાસભ્યશ્રીએ કહ્યું એવી ૪,૭૩,૦૦,૦૦૦ જેવી રકમ પણ આજ દીન સુધી હજી તપાસમાં બાકી છે અને ચાલુ છે. માનનીય ધારાસભ્યશ્રીએ બીજી જે વાત કરી કે આમાં આજ દિન સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. માનનીય અધ્યક્ષશ્રી, એવું નથી. આ બાબતે પૂરી ચિંતા કરી અને સરકારશ્રીએ પગલાં લીધા છે. આ ચેરમેનશ્રી અને એની આખી બોડીને કાયદાની રૂએ એમાંથી રદ કરવામાં આવી છે. સેક્રેટરીને પણ એમાંથી છૂટા કરવામાં આવ્યા છે અને એમની સામે સંપૂર્ણ કાયદેસર કાર્યવાહી કરી અને તપાસ હાલમાં ચાલુ છે. તપાસ આવેથી બાકીની કાર્યવાહી નિયમબધ્ધ કરવામાં આવશે.

શ્રી નારાયણભાઈ લ. પટેલ : : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે કાર્યવાહી કરવામાં આવી છે પણ અહીં ધારાસભ્યશ્રીએ લેખિતમાં જણાવ્યું છે એના પછી આ મંડળીના મંત્રીશ્રી અને એમના ચેરમેને કીધું કે અમે ગેરરીતિ કરી છે તો કેટલી વસુલાત કરી એમના ઉપર ફોજદારી રાહે પગલાં લીધા અને એમને જેલ ભેગા કર્યા કે નહીં એ હું જાણવા માગું છું.

શ્રી સી. ડી. પટેલ : : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ જે વાત કરી એમાં ચેરમેનશ્રીએ સેક્રેટરી ઉપર કેસ કરેલ છે. ચેરમેનશ્રી ઉપર કોઈ પણ પ્રકારનો કેસ અથવા તો એમના દ્વારા એમની તપાસમાં કયાંય પણ હજી ખોટું કર્યુ હોય એવું હજી તપાસમાં ધ્યાનમાં આવ્યું નથી અને આ જે તપાસ છે આ તપાસમાં ક્રિમિનલ કોર્ટ દ્વારા તપાસનો હુકમ આપેલ છે એટલે પૂર્ણ તપાસ થયેથી એમના ઉપર જે કંઈ પગલાં લેવાના હશે એ નામદાર કોર્ટ દ્વારા સૂચવેલ તપાસના આધારે પગલા લેવામાં આવશે.

શ્રી કાળુભાઇ વી. વીરાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે જવાબદાર મંત્રીઓ સામે કાર્યવાહી કરવામાં આવી અને ફરિયાદ નોંધવામાં આવી છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આવી મોટી ઉચાપત થઈ હોય તો આમાં ફક્ત સેવા સહકારી મંડળીના મંત્રી, ચેરમેન નહિ પણ આ મંડળીનું જોડાણ કઈ બેંક સાથે છે, બેંકના અધિકારીઓ આમાં કેટલા સંડોવાયેલા છે અને એ કર્મચારીઓ સામે સરકાર કોઈ પગલાં ભરવા માગે છે કે કેમ?

શ્રી સી. ડી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય ધારાસભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે એમાં સ્વયંસ્પષ્ટ છે કે સંપૂર્ણપણે તપાસ ચાલું છે અને આ તપાસને ક્રિમિનલ કોર્ટની પ્રોસિજર ૧૫૬ ની નોટિસ મુજબ સન્માનનીય કોર્ટના અધિકારીએ પી.એસ.આઈ. ભરુચને જ્યારે આ તપાસ સોંપી છે ત્યારે એની તપાસ પૂર્ણ થયેથી જ જે કાંઈ કાયદાની મર્યાદામાં કાર્યવાહી થઈ શકે એ સ્વયંસ્પષ્ટ છે.

શ્રીમતી રશીદા ઈ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ખેડૂત સહકારી મંડળીઓ પૈકી પારડી ઈદ્રિશ મોકદની બેંક તરફથી ત્રણ કરોડ ઉપરાંતનું ધિરાણ થયું

છે અને એક જ કુટુંબના વહીવટદારોને ધિરાણ કર્યું છે. તેમાં મૃત્યુ પામેલ હોવા છતાં ધિરાણ આપેલ છે એ હકીકત સાચી છે? આ અંગે કોઈ તપાસ કરવા માગો છો કે કેમ?

શ્રી સી.ડી.પટેલ : મને બેંકની વિગતો બાબતમાં જો પૂરક પ્રશ્ન એમના તરફથી નોટિસ રૂપે મળશે તો જવાબ આપી શકાય. અત્યારે તો વિભાગીય મંડળીઓ બાબતની ચર્ચા છે અને એ મેં કરેલ છે અને આવી તપાસના અંતે કોલ સ્થિતિ હાજર નથી.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે આ મંડળીના ચેરમેનશ્રીએ ૧૫૬(૩) પ્રમાણે ફરિયાદ કરી તો આટલી મોટી રકમનો જ્યારે ગોટાળો થયો હોય તો આપણા સહકાર વિભાગના અધિકારીશ્રીઓએ ધ્યાન આપીને ફરિયાદ કેમ દાખલ ન કરાવી? ચેરમેનશ્રીએ કેમ ફરિયાદ કરવી પડી એ હું જાણવા માગું છું.

શ્રી સી.ડી.પટેલ : ચેરમેનશ્રીના ધ્યાને વિગતો આવી છે ત્યારે ચેરમેનશ્રીએ પોતાના હોદ્દાની રૂએ અને જવાબદારીના ભાગરૂપે આ ફરિયાદ દાખલ કરી છે અને તપાસ ચાલું છે.

શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જ્યારે મંત્રીએ પોતે કબૂલાત કરી છે કે, મેં અને મારા પરિવારે આ કૌભાંડ કર્યું છે અને ઈન્કવાયરી ચાલું છે, તપાસ ચાલું છે. એ દરમિયાન એ પોતાની એસેટસ વેચી ન નાખે કે આઘીપાછી ન કરી નાખે એ માટે સરકારે તકેદારીના કોઈ પગલાં લીધા છે કે કેમ?

શ્રી સી.ડી.પટેલ : જ્યારે અહીંયા સ્વયંસ્પષ્ટ વાત થઈ કે ૧.૩૪ કરોડની મિલકતો એફિડેવિટ કરીને એની નોંધણી કરાવી છે ત્યારે આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સહકારી મંડળીઓ અને સહકારી સંસ્થાઓમાં જે નાણાકીય ગેરરીતિઓ થાય છે એ વર્ષોથી થતી આવી છે. આના માટે દર વર્ષે સરકારના ઓડિટ વિભાગ દ્વારા ત્રિમાસિક અને વાર્ષિક ઓડિટ પણ કરવામાં આવતું હોય છે. ઓડિટરો બધું જાણતા હોય છે. છતાં પણ આ ગેરરીતિઓને સતત ખેંચ્યા કરીને પ્રજામાંથી ચૂંટાઈને આવે છે એના સામે પગલા લેવામાં આવે છે. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ જેટલી મંડળીઓમાં ગેરરીતિઓ થઈ છે એમાં ઓડિટ કર્યું હોય અને ગેરરીતિ સાબિત થાય તો એ ઓડિટ અધિકારીઓ સામે પગલા લેવા માગો છો કે કેમ?

શ્રી સી.ડી.પટેલ : કોઈપણ વ્યકિત હશે, શેહશરમ રાખ્યા વગર આ સરકાર કોઈપણ વ્યકિતને બાકાત રાખવા માગતી નથી. આ ગૃહને હું જણાવવા માગું છું કે આવા પ્રકાર કોઈપણ કૌભાંડમાં સંડોવાયેલા વ્યકિતની સામે કાયદાની મર્યાદામાં રહીને કાયદેસરની કાર્યવાહી કરવા આ સરકાર પૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

## પંચાયત વિભાગમાં રહેમરાહે નોકરીના હુકમો

*** ૧૩૭૦૫ ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ પંચાયત વિભાગમાં રહેમરાહે નોકરી આપવાના કેટલા કેસો કેટલા સમયથી પડતર છે, અને

(૨) તે પૈકી કેટલા અરજદારોને આશ્રિત તરીકેના હુકમો આપવામાં આવ્યા?

**પંચાયત મંત્રીશ્રી** :

(૧) અને (૨) તા. ૩૧-૭-૦૫ની પરિસ્થિતિએ રહેમરાહે નોકરી માટેની કુલ-૨૮૦૦ દરખાસ્તો મળી હતી. તે પૈકી ૧૮૫૨ કિસ્સામાં રહેમરાહે નોકરી માટેની મંજૂરી આપવામાં આવી છે. મળેલ દરખાસ્તો પૈકી હવે ૫૫૦ દરખાસ્તો પડતર છે.

ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એમાં ૫૫૦ જેટલી દરખાસ્તો રહેમરાહે નોકરીની પડતર છે એમ જણાવ્યું છે. મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે આશ્રિત કેસોમાં નોકરી આપવાની પ્રક્રિયામાં એટલો બધી લાંબો સમય જાય છે અને સમય જાય છે ત્યારે વિધવાને પોતાના બાળકો હોય, એક વ્યકિતને આધારમાં કશું જ ન હોય, ત્યારે એવી સ્થિતિની અંદર આ નોકરી આપવાની પ્રક્રિયાને સરળ બનાવવા માગો છો કે કેમ? બીજું, ૫૫૦ જે અરજીઓ પડતર છે તેનો નિકાલ માનનીય મંત્રીશ્રી કેટલા સમયમાં કરવા માગે છે?

શ્રી ભરત બારોટ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે પ્રશ્ન પૂછયો એ પડતર પ્રશ્ન ૫૫૦ ના સંદર્ભમાં છે. આ ૫૫૦ અરજીમાં ૯૦ ટકા અરજીઓ પાંચ વર્ષની અંદરની છે. માત્ર ૧૦ ટકા જ એવી અરજીઓ છે કે જેનો અન્ય અન્ય કારણોસર એ બાકી રખાઈ છે, પણ એમણે જે માનવીય પહેલની વાત કરી છે એના સંદર્ભમાં, આખી યોજનાના સંદર્ભમાં છેલ્લા ૧૦ વર્ષની અંદર ત્રણ હજાર કરતા

વધારે લોકોને રહેમરાહે નોકરી અપાઈ છે. ૧૯૯૫ થી ૨૦૦૦ ની અંદર ૧૩૦૦ અને ૨૦૦૦ થી ૨૦૦૫ ની અંદર ૧૮૦૦ લોકોને આપણે રહેમરાહે નોકરી આપી છે. કુલ અરજીઓ જે પડતર છે એમાં ૯૦ ટકા અરજી એ પાંચ વર્ષથી નીચેની છે. માત્ર પાંચ ટકા જ અરજીઓ એવી છે કે જે પાંચ વર્ષ કરતા વધારેની છે. આમ છતાં, એમની જે વાત છે એ પ્રમાણે આખી યોજનામાં ત્વરિત નિર્ણય આવે અને જે રહેમરાહે નોકરીના આશ્રિતો છે કે રહેમરાહે નોકરી માટે પાત્રતા ધરાવતા લોકો છે એને ત્વરિત નોકરી મળે એના માટે આખી યોજનામાં વધુ સરળીકરણ કરવા માટે રાજ્ય સરકાર વિચારી રહી છે.

ડૉ. દિનેશ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, રહેમરાહે નોકરી માટે સરકારે તાજેતરની અંદર આમાં ગાઈડલાઈન નક્કી કરી છે એમાં ૧૦ પાસ થયેલાને વર્ગ-૪ માં નિમણૂક આપવી. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે હમાલ હોય, સફાઈ કામદાર હોય, કૂક હોય, પાણી પાવાવાળા આ લોકો માટે મૅટ્રિક પાસ થયેલાનું શું મહત્ત્વ છે? આ બાબતમાં જો સરકારે વિવેકબુદ્ધિ વાપરી અને જો નિયમોમાં વિચાર કર્યો હોત તો ૩૧૭ જેટલા આવા રહેમવાંછું લોકો હતા એના ઉપર સરકારની રહે ઉતરી હોત અને આ લોકોને નોકરી મળી શકી હોત એ બાબતે સરકાર પુનઃવિચારણા કરવા માગે છે કે કેમ?

શ્રી ભરત બારોટ : સાહેબ, આ જી.એ.ડી. ડિપાર્ટમૅન્ટ પુરતુ છે. અહીંયા તો આ નીતિવિષયક રીતે નોકરી કોને આપવી, પાત્ર કોણ એ જી.એ.ડી. નક્કી કરે અમે તો એનું અમલીકરણ કરવાવાળા છીએ.

શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે આ તો સામાન્ય વહિવટ વિભાગ નીતિ નક્કી કરે એની સાથે સંમત છીએ. મારે મંત્રીશ્રીને એ પૂછવું છે કે કોઈ સાહેબ, નિયમની અંદર સુધારો કરીએ એ સરકારને એનો અધિકાર છે અને સરકારશ્રી એ કરી શકે, પણ જેમાના પસંદગી સમિતિમાં પાસ, ગૌણ સેવા પસંદગી મંડળે પસંદગીનું લિસ્ટ બનાવી નાખ્યું હોય ખાલી એની રિક્રુટમેન્ટ બાકી હોય આવા કિસ્સામાં પણ પાછોતરી અસરથી આ નિયમમાં લાગુ પાડી શકે. ઓલરેડી જે નોકરીની પ્રક્રિયામાં પાસ થઈ ગયા છે. આ બાબતે માનનીય મંત્રીશ્રી પ્રકાશ પાડે કે અમે પાછલી રિસ્ટ્રોસ્પેકટીવ અસરથી આ નિયમ લાગુ પાડવા માગે છે કે કેમ?

શ્રી ભરત બારોટ : સાહેબ, સૂચન છે.

શ્રી રાજેશભાઈ પાઠક : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત વિભાગે ૨૮૦૦ દરખાસ્ત પૈકી ૧૮૫૨ જેટલા કિસ્સામાં નોકરી આપવામાં આવી છે, ખૂબ સારી બાબત છે. પરંતુ જે ૫૫૦ કેસ બાકી રહ્યાં છે એમાં કેટલી અરજીઓ એવી છે કે જે પાછળથી મળી છે એની વિગત પૂર્ણ છે, જ્યારે અગાઉની ૫૫૦ માં થોડી અરજી એવી છે કે જેની વિગત અપૂર્ણ છે તો અપૂર્ણ વિગતોને કારણે બાકીની પાછળથી આવેલી અરજી જેની વિગત પૂર્ણ છે એને મંજૂરી મળે એવું નથી તો આવી જે વિગતો પૂર્ણ થયેલી છે એવી અરજીઓને કેટલા સમયમાં મંજૂરી આપવામાં આવશે કે કેમ?

શ્રી ભરત બારોટ : સાહેબ, સૂચન છે.

શ્રી મનહરલાલ મ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે રહેમરાહે નોકરી એટલે કોઈ એના વારસદાર ગુજરી જાય એને નોકરી આપવા માટેની વાત છે. એની અંદર જે સરકારે સૂચનની વાત કરે છે, પણ જી.એ.ડી. એ જે નવા નિયમો આપ્યો છે કે ટ્રિપલ સીનો કોર્સ કરે પછી જ એને કલાર્ક, પટાવાળામાં લેવા. હવે રહેમરાહે માટે એના કુટુંબનો કોઈ આધાર ગુજરી ગયા હોય ત્યારે જ નોકરી માગવા આવે છે, સીધી ભરતી તો છે નહિ. હવે એણે એ કોર્સ કરેલો ના હોય ત્યારે બારમું અને દસમું ધોરણ પાસ માણસને પટાવાળામાં લેવાય અને ૧૫૦૦ની નોકરી આપવામાં આવે. માનનીય મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રી જ્યારે અહીં બેઠા છે ત્યારે જી.એ.ડી.માં આ સુધારો કરવા માગે છે કે નહિ? કારણ કે, આ સુધારો ના કરે તો કોઈ માણસને નોકરી મળે જ નહિ. દસમા અને બારમા ધોરણવાળાને પટાવાળામાં જવું પડે એટલે આ નિયમો જી.એ.ડી. મારફતે આપ સુધારવા માગો છો કે કેમ?

શ્રી ભરત બારોટ : તમારી લાગણી રાજય સરકારે ધ્યાને લીધી છે, સૂચન છે.

શ્રી મોહનભાઈ ક. કુંડારીયા : આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, જે આ પાંચસો ઉપર અરજીઓ બાકી છે અને પાંચ વર્ષ કે પાંચ વર્ષ કે પાંચ વર્ષ કરતાં વધુ સમયથી બાકી છે તો આ આશ્રિતો જ્યારે અરજી કરે અને કેટલા સમયમાં આને નોકરી આપવી જોઈએ એવી કોઈ સમયમર્યાદા નક્કી કરવા માગો છો કે કેમ અને આવકનું પ્રમાણ છે એનું પણ એક ધોરણ નક્કી કરી એમાં પણ વારસદારોમાં કોઈ કમાવનારો ન હોય પણ એમાં એમ કહે છે કે, આની આવક આટલી છે,

પેન્શનની આવક આટલી છે એના કારણે એને નોકરી મળતી નથી અને અરજી કરે પછી સમયમર્યાદા ખાસ નક્કી કરવા માગો છો કે કેમ ?

શ્રી ભરત બારોટ : મેં હમણાં અગાઉ પણ કહ્યું કે આ બધા નીતિ-નિયમો, માપદંડ જી.એ.ડી. નક્કી કરે છે, અલગ નોટિસ આપીને આના માટે પૂછે.

## રાજયના ખેડૂતો દ્વારા પાક પેદાશોનું વેચાણ

*** ૧૩૧૮૮ શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વર્ષ ૨૦૦૫-૦૬ દરમિયાન રાજયના તમામે તમામ ખેડૂતોને સીધા ગ્રાહકોને જ પોતાની પેદાશોનું વેચાણ કરી શકે એવું " કૃષિ બજાર" રાજય સરકાર ઉભું કરવા માગે છે કે કેમ,
(૨) જો હા, તો ક્યારે, કયા સ્થળે, અને
(૩) કેટલા ખર્ચે આ અંગે ચાલુ વર્ષે કેટલી રકમો ફાળવવામાં આવી છે?

**સહકાર મંત્રીશ્રી :**

(૧) ના, જી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારો જે પ્રશ્ન હતો એ પ્રશ્નમાં ના,જી લખ્યું છે, હમણાં જ ત્રણ મહિના પહેલા રાજય સરકારે 'કૃષિ રથ' નીકાળેલો અને એમાં જબરજસ્ત મોટો ખર્ચ કરી ખેડૂતોને કેવી રીતે ફાયદો થાય, કેવી રીતે ખેડૂતો આગળ આવે એના બાબતની સરકારે ગામડે ગામડે ફરીને વાતો કરતી હતી એમાં આ વાત એમણે કરેલી, જે અધિકારીઓ આવેલા એમણે કે ખેડૂતોને મોટો ફાયદો થશે, એના માટેની બધી સુવિધાઓ પ્રાપ્ત કરશું, માટે સરકારશ્રીને પૂછેલ કે, આપે જે કૃષિનો જે ખેડૂતોનો માલ તૈયાર થાય છે એના માટે સરકારશ્રી ડાયરેકટ કોઈ બજાર ઉભું કરવા માગે છે કે કેમ ? ના,જી પાડે છે. મારે એ સરકારશ્રીને પૂછવું છે કે, આ ત્રણ મહિનામાં તો પછી કૃષિનો આટલો મોટો જો ખર્ચ કર્યો હોય તો સરકારે આ ત્રણ મહિનામાં શું શું પગલા લીધા, જેના કારણે આ ખેડૂતોને વધુમાં વધુ ભાવો મળ્યા હોય, પોષણક્ષમ ભાવો મળ્યા હોય અને ખેડૂતોની વૃદ્ધિ થઈ હોય અને સરકારે ખેડૂતો માટેની કોઈ નીતિ જાહેર કરેલ છે કે કેમ એ મારે જાણવું છે અને બજેટમાં આ બાબતની રકમ ફાળવી છે કે કેમ?

શ્રી સી. ડી. પટેલ : આ એમનું સૂચન છે.

શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, દરેક ઉત્પાદક કર્તા છે એ એનો પોતાનો માલ પોતાના ભાવથી વેચે છે, માત્ર ખેડૂત એવી વ્યકિત છે જે આખું વર્ષ મહેનત કરશે અને પોતાનો ભાવ એક, બે , ત્રણમાં માર્કેટ યાર્ડમાં હરાજી થઈ જાય, દુનિયામાં વૈશ્વિક પ્રક્રિયામાં ઉત્પાદક ખેડૂતના ભાવ એને ડાયરેકટ ગ્રાહકને મળે એ માટેની જોગવાઈ જો આપણે એકસપોર્ટ ઝોનનો વિચાર કરતા હોઈએ, ૨૦૦૪-૦૫ના બજેટમાં માનનીય વજુભાઈ વાળાની સ્પીચમાં પણ છે કે, આપણે રાજયમાં માર્કેટ યાર્ડોને અપગ્રેડ કરીશું અને ડાયરેકટ કસ્ટમ સુધી જો ખેડૂત ન પહોંચી શકે તો આ વચટીયા, દલાલો અને વેલ્યુએડીશન જે થાય છે પ્રોડકટ એ ખેડૂતને લાભ મળી શકે નહીં એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, ખેડૂત પોતે આખું વર્ષ મહેનત કરે અને પોતાનો ભાવ પોતે નક્કી ન કરી શકે કયાંક કપાસ પાંચસો રૂપિયે વેચાય અને કયાંક ૩૫૦ રૂપિયે વેચાય એટલે ખેડૂત માટેનું બજાર ચોક્કસપણે હોવું જોઈએ, એ કરવા માગે છે કે કેમ ?

શ્રી સી. ડી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમનું આ સૂચન છે.

શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, સમગ્ર રાજયમાં માર્કેટ યાર્ડ દ્વારા જે ખેડૂતોના માલનું વેચાણ થાય છે એમાં ખેડૂતો માર્કેટ યાર્ડમાં જે માલ લઈને જાય છે એમાં કપાસ, મગફળી હોય આ માર્કેટ યાર્ડમાં એમનો માલ ગયા પછી એના ઉપર સેસ લેવામાં આવે છે મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે સમગ્ર રાજયમાં ઓઈલ મિલરો અને કપાસના જીનવાળા અને ઓઈલ મિલરો ડાયરેકટ ખેડૂતો પાસેથી માલ લે છે અને આ ઉપરાંત કોઈ પ્રગતિશીલ ખેડૂત હોય અને સારું બિયારણ તૈયાર કરેલ હોય તો એમની પાસેથી બીજા ખેડૂતો પણ માલ લે પણ હું એ જાણવા માગુ છું કે યાર્ડમાં ખેડૂત માલ લઈ જાય એટલે એના ઉપર

સેસ લે એ બરાબર પણ એક ખેડૂત બીજા ખેડૂતને માલ વેચે એના ઉપર પણ તાલુકાનું યાર્ડ સેસ લે છે અને કૃષિ બજાર મિલરો અને જીનવાળા પણ ડાયરેકટ ખેડૂતો પાસેથી માલ લે છે એના ઉપર સેસ લેવામાં આવે છે. અમરેલી જિલ્લાના યાર્ડ ધારોકોએ ધમકી આપે છે ખેડૂતોને કે તમે તમારો માલ વેચો તો અમને જાણ કરી સેસ પહોંચાડો. સેસ નહીં પહોંચાડવામાં આવે તો તમારા ઉપર પોલીસ કેસ કરીશું. મિલરોને કહે છે કે તમારા ઉપર સેલટેકસના દરોડા પાડીશું તો હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ખેડૂતો ડાયરેકટ માલ વેચે અને મિલરો ડાયરેકટ માલ ખેડૂતો પાસેથી ખરીદે તો એક ટ્રકે ૮૦૦ થી ૧૦૦૦ રૂપિયા સેસ લાગે છે તો ખેડૂતોને આ ત્રાસમાંથી મંત્રીશ્રી છોડાવવા માગે છે કે નહીં?

શ્રી સી. ડી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મોડલ એકટમાં સીંગલ લેવી સેસની જોગવાઈના સંદર્ભે આ અંગે સરકારશ્રીએ તા:૧-૫-૨૦૦૪ના રોજ પ્રાથમિક જાહેરનામું બહાર પાડેલું છે. આ અનુસંધાને બજાર સમિતિના સદસ્યો, વેપારીઓ અને જવાબદાર કિસાન આગેવાનો દ્વારા આ બાબતમાં સૂચનો મંગાવ્યા છે અને બધાનો સરવાળો કરીને ખેડૂતોના હિતમાં, બજાર સમિતિના હિતમાં નિર્ણય લેવામાં આવશે અને માનનીય ધારાસભ્યશ્રીએ બાકીની જે બાબત પૂછી છે એના માટે અલગથી નોટિસ આપે. શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા જાણવા માગું કે માનનીય મંત્રીશ્રી વારંવાર સૂચન છે, સૂચન છે કહીને નીચે બેસી જાય છે. સૂચનની વ્યાખ્યા શું અને અમારી લાગણી અને માગણીની વ્યાખ્યા શું? અમને આપના દ્વારા જાણવા મળે કે સૂચન કોને કહેવાય?

**અધ્યક્ષશ્રી:** પ્રશ્ન ક્રમાંક : ૮

**બનાસકાંઠા જિલ્લાના સીપુ અને દાંતીવાડા ડેમમાં પાણી ભરવા બાબત**

*** ૧૩૩૪૪ શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા)** : **માનનીય જળસંપત્તિમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) બનાસકાંઠા જિલ્લાના સીપુ અને દાંતીવાડા ડેમમાં સરકારે કડાણા હાઇ લેવલ કેનાલમાંથી પાણી ભરવાનું નક્કી કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ બંન્ને ડેમમાં તા.૩૧-૭-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું પાણી ભરવામાં આવ્યું, અને

(૩) જો પાણી ભરવામાં આવ્યું ન હોય તો તેના કારણો શાં છે ?

**જળસંપત્તિમંત્રીશ્રી :**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી ગોવાભાઈ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે સીપુ અને દાંતીવાડામાં પાણી નાખવાની જોગવાઈ નથી. ગઈ વિધાનસભામાં પણ મારા એલ.એ.કયુ.માં કહ્યું છે કે સરવે ચાલુ છે. આ વખતે કહ્યું છે ના,જી. બનાસકાંઠાના સીપુ અને દાંતીવાડા ડેમમાં કોઈપણ ડેમમાંથી પાણી કડાણા, નર્મદામાંથી પાણી નાખવા માગો છો કે કેમ? અને માગો છો તો કયારે? આના માટે રજૂઆત કોની કોની આવી અને કયારે કયારે? આ બે વર્ષમાં આવી.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ**: ગોવાભાઈ ખૂબ અભ્યાસુ છે અને બનાસકાંઠાની સતત ચિંતા કરે છે.

**અધ્યક્ષશ્રી** : તમને કયારે ખ્યાલ આવ્યો?

શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ : એટલા માટે કે બનાસકાંઠા વિશે અથથી ઈતિ સુધી જાણતા હોય એવો તેમનો દાવો છે પરંતુ કહેતા મને દુ:ખ થાય છે ગોવાભાઈ દાંતીવાડા અને સીપુ ડેમમાં પાણી કયાંથી નાખવાનું છે એને અવળા હાથે પકડીને ટ્રાય કરે છે એટલા માટે ઉલ્લેખ કર્યો છે. એમને મેં જવાબ બરાબર આપ્યો છે. કડાણા હાઈ લેવલ કેનાલમાંથી દાંતીવાડા અને સીપુને પાણી આપવાની કોઈ યોજના નથી. કદાચ તેઓ જાણે છે અને જાણીને પ્રશ્ન પૂછે છે પરંતુ દાંતીવાડા અને સીપુમાં નર્મદા કેનાલમાંથી પાણી ભરવાનું છે એ જાણતા ન હોય તો જણાવું. મહી કડાણામાંથી પાણી ભરવાનું નથી પરંતુ નર્મદામાંથી ભરવાનું છે.

શ્રી ગોવાભાઈ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદામાંથી કયારે આપશો એના માટે કોઈ સરવે થયો છે? જોગવાઈ કરી છે? ગઈ વખતે સરવે હતો તો આ વખતે શું કહેવા માગો છો?

શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ : આપે કડાણાનો પ્રશ્ન પૂછયો ત્યારે હું જવાબ આપવા બંધાયેલો નથી પણ સવાલને સરખો કર્યો છે એટલે મને જવાબ આપવામાં વાંધો નથી. સરકાર ઉત્તર ગુજરાતના ૯ ડેમ છે.ખાલીખમ પડ્યા છે, એમાં પાણી ભરવા માટેની નર્મદા કેનાલમાંથી યોજના બનાવી છે, એમાં દાંતીવાડા, સીપુ બંનેને આમેજ કરેલ છે. દાંતીવાડામાં બે લાઈન નાખવાની છે. આપે જોયું હશે કે પીયજથી ધરોઈની લાઈન નાખ્યા પછી આપને વિશ્વાસ આવ્યો હશે કે દાંતીવાડામાં પાણી ભરવાની સરકારની યોજના સફળ યોજના છે. બે લાઈન દાંતીવાડામાં નાખવાની છે. એક લાઈન સીપુમાં નાખવાની છે. ત્રણેય લાઈનનો સરવે કર્યો છે. કન્સલ્ટન્ટ નીમી દીધા છે. દાંતીવાડામાં બે લાઈન જાય છે. દાંતીવાડામાં કામ જાન્યુઆરી-૦૬ માં શરૂ કરવાનું આયોજન છે. આપનું ધ્યાન દોરીને હાઉસને જણાવું છું કે અત્યારે ૩૪૬ કિ.મી. લંબાઈ સુધી નર્મદાની કેનાલ પૂરી કરી છે. ૩૪૬ થી ૩૫૭ કિ.મી. સુધી માટીનાં લાઈનિંગનું કામ પૂરું કર્યુ છે. ૩૫૭ થી ઓફટેક પોઈન્ટ કરવાના છીએ. જ્યાંથી દાંતીવાડામાં ભરવાનું પાણી લેવાના છીએ. ૩૫૭ કિ.મી. ત્યાંનું કામ અધૂરું છે. ચાલુ છે એ કામ પૂરું થાય એ રીતે સીકવન્સમાં ગોઠવ્યું છે. જાન્યુઆરી-૦૬ માં શરૂ થાય અને એક વર્ષમાં પૂરું થાય એ પ્રમાણેનું આયોજન છે. દાંતીવાડાનો આ લાભ બનાસકાઠાંમાં પૂરો મળવાનો છે.

શ્રી દોલતભાઈ પરમાર : અત્યારે ગુજરાતના ૯ ડેમ ભરવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે. બનાસકાંઠા જિલ્લાના મુક્તેશ્વર ડેમનો સમાવેશ છે તો એ કયા તબક્કે છે?

શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ : મુક્તેશ્વર ડેમનો સમાવેશ કરેલ છે, એમાં કામ સ્ટેજવાઈઝ લેવામાં આવે છે.

શ્રી કાંતિલાલ ધ. કચોરિયા : એલાઈમેન્ટ આનું અત્યારે ફાઇનલ થઈ ગયું છે. ડીટેઈલ સરવે ચાલુ છે. આ ડીટેઈલ સરવેની કામગીરી વહેલામાં વહેલી તબક્કે પૂરી થાય અને વહીવટી મંજૂરી મળે અને વહીવટી મંજૂરી મળે તો આગળની ટેન્ડરાઈઝની પ્રોસેસ ચાલુ થાય. વહીવટી મંજૂરીની પ્રક્રિયા જલ્દી પૂરી થાય એમાં મંત્રીશ્રી ચોક્કસ સમય નક્કી કરીને કહે તો સારું.

શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ : એમના સૂચન ઉપર પૂરેપૂરું ધ્યાન આપવામાં આવે છે. વહીવટી મંજૂરીની પ્રક્રિયા ચાલુ છે. ટૂંક સમયમાં સિક્વંસવાર કામ હાથ ઉપર લેવામાં આવશે.

શ્રી ધારશીભાઈ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, દાંતીવાડામાં પાણી નાખવા માટે ચિંતા સેવી છે તેમ બધી નદીમાં પાણી નાખે તો બનાસ કેમ કોરી રહી છે. અહી વરસાદ વધારે પડ્યો. થોડો મોકલ્યો હોત તો સારું હતું. વરસાદ ન મોકલ્યો તો મારી વિનંતી છે કે અત્યારે દાંતીવાડાથી માંડી નર્મદા કેનાલ નીકળી છે, ત્યાં સુધી ખેડૂતોની પરિસ્થિતિ ખરાબ છે. આ યોજના જલ્દી પૂરી થાય અને જો ભૂગર્ભ જળ સચવાઈ રહે અને બનાસમાં જલ્દી પાણી નાખવામાં આવે, જેથી ખેડૂતોની પરિસ્થિતિ સારી થાય એ રીતનું સૂચન છે.

શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ : એમનું સૂચન સારું છે, એટલા માટે જ દક્ષિણ ગુજરાતમાં અને મધ્ય ગુજરાતમાં પડતા વરસાદને કડાણા ડેમમાંથી સુજલામ સુફલામ કેનાલ કરીને બનાસ નદી સુધી લઈ જવાશે, એના કારણે બનાસના ૪ તાલુકા ડીસા, કાંકરેજ, દિયોદર અને થરાદને લાભ મળવાનો છે. લગભગ ૯૦,૦૦૦ હેકટરને ડાયરેકટ રી-ચાર્જ કેનાલનો લાભ મળવાનો છે.

**ગાંધીનગર તાલુકામાં રાજય અને પંચાયત હસ્તકના રસ્તાઓને જોબ નંબર આપવા બાબત**

*** ૧૩૫૩૨ ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય જળસંપત્તિમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) નાણાંકીય વર્ષ ૨૦૦૪--૦૫ના વર્ષમાં ગાંધીનગર તાલુકામાં રાજ્ય અને પંચાયત હસ્તકના કેટલા અને ક્યા ક્યા રસ્તાઓને જોબ નંબર કેટકેટલી રકમના આપ્યા, અને

(૨) આ સિવાય બીજી કઇ યોજના હેઠળ રસ્તાઓના જોબનંબર આપેલ છે કે કેમ ?

**જળસંપત્તિમંત્રીશ્રી :**

(૧) વર્ષ ૨૦૦૪-૦૫માં ગાંધીનગર તાલુકામાં ખાસ મરામત હેઠળ રાજ્ય અને પંચાયતના સામેલ પત્રક મુજબ ૧૩ માર્ગોના રૂા. ૨૬૮.૨૦ લાખનો જોબનંબર ફાળવેલ છે.

(૨) બજેટ ઉચ્ચક જોગવાઇ હેઠળ પંચાયત હસ્તકના ૩ માર્ગોને રૂા. ૪૧.૦૦ લાખના જોબનંબર ફાળવેલ છે.

| વિભાગ | ક્રમ | રસ્તાનું નામ | અંદાજી કિંમત (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| રાજ્ય | ૧. | રૂપાલ-નારદીપુર | ૪૬.૦૦ |
| | ૨. | અડાલજ-ઉવારસદ મોટી આદરજ | ૫૬.૦૦ |
| | ૩. | વાવોલ-કોલવડા રોડ (નાળા કામ) | ૨.૦૦ |
| | ૪. | કોલવડા-રાંધેજા | ૨૫.૦૦ |
| | ૫. | કોબા-સાબરમતીથી મોટેરા સ્ટેડીયમ | ૧૨.૦૦ |
| | ૬. | ચિલોડા-સાદરા | ૨૫.૦૦ |
| | ૭. | અડાલજ-ઉવારસદ-મોટીઆદરજ-સરઢવ | ૩૦.૦૦ |
| | | નારદીપુર રોડના સ્લેબડ્રેઇન કુલ : | ૧૯૬.૦૦ |
| પંચાયત | ૧. | પોર અડાલજ | ૨૦.૦૦ |
| | ૨. | પાલજથી નેશનલ હાઇવે | ૧૮.૦૦ |
| | ૩. | ટીંટોડા હાઇસ્કુલથી ભોંયણ રાઠોડ સુધી | ૫.૨૦ |
| | ૪. | ને. હા. થી ગોળવંટા વિરાતલાવડી | ૧૨.૦૦ |
| | ૫. | છાલા થી દશેલા | ૮.૦૦ |
| | ૬. | ને. હા. થી માતાપુરા મહાદેવપુરા | ૯.૦૦ |
| | | કુલ : | ૭૨.૨૦ |
| | | એકંદરે કુલ : | ૨૬૮.૨૦ |

ડૉ. સી. જે. ચાવડા : માર્ગ મકાન વિભાગના અધિકારીઓ અને માન.મંત્રીશ્રીએ જોબ નંબર આપ્યા છે એ બદલ અભિનંદન આપું છું, પણ આ કામગીરી જલ્દી પૂરી કરવાનું સરકારે શું આયોજન કર્યું છે અને માનનીય મંત્રીશ્રી ખિસ્સામાં• * (xxx) રાખે છે અને (xxx) છે કે કામગીરી પૂર્ણ કરવાની છે એ જણાવો.

અધ્યક્ષશ્રી : (xxx) જેવો શબ્દ નહિ વાપરો. એ શબ્દને હું દૂર કરું છું.

શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા : જે પ્રમાણે કહેવાયું એ મુજબ ગાંધીનગર તાલુકામાં જે ૧૩ જેટલા જોબનંબરો આપવામાં આવ્યા છે, એમાં ૬ કામ પૂર્ણ થયાં છે. ૭ કામો પ્રક્રિયામાં છે અને આ ૭ કામમાંથી ૨ કામ જિલ્લા પંચાયત બાંધકામ સમિતિમાં બાકીના પાંચ કામોના વર્ક ઓર્ડર આપવામાં આવ્યા છે. આ ગૃહમાં પહેલાં પણ જણાવવામાં આવ્યું છે કે આ સરકાર આવ્યા પછી અને જે પ્રમાણે માનનીય મુખ્યમંત્રી દીર્ઘદૃષ્ટિ રાખીને રસ્તાઓની રચના કરેલ છે અને જે જોબ નંબરો આપીએ છીએ તે એક વર્ષના ગાળામાં પૂર્ણ થાય તે પ્રકારની પ્રક્રિયા હાથ ધરેલ છે. આ જે જોબ નંબરો આપેલા છે તેની કાર્યવાહી એક વર્ષના ગાળામા પૂર્ણ થાય તે પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## મહેસાણા પાલનપુર સ્ટેટ હાઈવે ઉપર શહેર વિસ્તારમાં સોડિયમ લાઈટો બંધ હોવા બાબત

***૧૩૩૦૦ શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) મહેસાણા-પાલનપુર સ્ટેટ હાઈવે ઉપર માર્ગ અને મકાન વિભાગ દ્વારા કયારે સોડિયમ લાઈટો શહેર વિસ્તાર પૂરતી નાંખવામાં આવેલ છે, હાલના તબકકે સદર લાઈટો બંધ છે, તે સરકાર જાણે છે, અને

• * (xxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યો છે.

(૨) જો હા, તો સરકારે લાઈટો ચાલુ કરવા શું આયોજન કર્યુ છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી:**

(૧) મહેસાણા-પાલનપુર સ્ટેટ હાઈવે ૫૨ પાલનપુર, ઉંઝા અને સિધ્ધપુર શહેર વિસ્તારમાં ૨૦૦૨-૨૦૦૩માં સ્ટ્રીટ લાઈટો નાંખવામાં આવેલ છે. જે નગરપાલિકાઓએ વીજ બીલ તથા વીજ કનેકશનના નાણાં ભરવાની અસંમતિ દર્શાવતાં ચાલુ થઈ શકેલ નથી.

(૨) અન્ય વિકલ્પો વિચારવામાં આવી રહેલ છે.

શ્રી નારાયણભાઈ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર ફોર વે અને એવા એવા મોટા રસ્તાઓ ઉપર સોડિયમ લાઈટો જયાં જયાં નગરપાલિકાનો વિસ્તાર જતો હોય ત્યા નાંખવાનું આયોજન કર્યુ છે. નગરપાલિકાઓ કરોડો રૂપિયાના વીજળી બીલ ભરી શકતી નથી. તો આ સરકાર સોડિયમ લાઈટો કેવી રીતે ચાલુ કરવા માગે છે અને કેટલા સમયમાં ચાલુ કરવા માગે છે?

શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણાથી પાલનપુરનું રસ્તાનું કામ ૧૮૮ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. જે પ્રમાણે ગુજરાતમાં શહેરોની અંદર રસ્તાઓ પસાર થતા હોય અને એસ.આર.પી.ના અને બાકીના કામોની અંદર જે તે શહેરોને ફોરલેન રસ્તાઓ અથવા સોડિયમ લાઈટ વીથ ફોર લેન રસ્તાઓ આપવામાં આવેલ છે અને વચ્ચે સ્ટ્રીટ લાઈટો નાંખવા માટેનું આયોજન કર્યુ છે. માર્ગ અને મકાન વિભાગ ધ્વારા આયોજન કર્યા પછી જે તે નગરપાલિકાઓએ સંચાલન સ્વીકારવાનું હોય છે. ઉંઝા, સિધ્ધપુર અને પાલનપુર આ ત્રણ નગરપાલિકાઓએ આ સંચાલન સ્વીકાર્યુ નથી તેના કારણે સ્ટ્રીટ લાઈટો એટલે કે રસ્તા ઉપરની લાઈટો બંધ રહેલ છે. આના માટેની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા અન્ય વિકલ્પો ચકાસીને ઉંઝા, સિધ્ધપુર અને પાલનપુરમાં વચ્ચે સ્ટ્રીટ લાઈટો છે તેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ તમામ ખર્ચ માર્ગ અને મકાન વિભાગ કરીને નગરપાલિકાઓને ફકત મેન્ટેનન્સ અને ઉપયોગ માટે સોંપવામાં આવે છે તે લેવા નગરપાલિકાઓએ અસમર્થતા જાહેર કરેલ છે. જે પ્રકારે ધારાસભ્યશ્રીએ વિચાર વ્યકત કર્યો તે મુજબ ગત વિધાનસભામાં માનનીય ઉર્જામંત્રીશ્રીએ જાહેરાત કરેલી હતી કે નગરપાલિકાઓમાં ચડત વીજ બીલની અંદર ખૂબ મોટા પ્રમાણમાં રાજય સરકારે રાહત આપી છે અને મને એ વાત કહેતાં આનંદ થાય છે કે મોટાભાગની નગરપાલિકાઓએ આ સમાધાન યોજનામાં જોડાઈને આ રાહતને સ્વીકારેલ છે જયારે ઉંઝા, સિધ્ધપુર અને પાલનપુર માટે અલગતાથી વિચાર કરવામાં આવશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સોડિયમ લાઈટો કેટલાય સમય એટલે કે ૨૦૦૩થી નાંખવામાં આવી છે. આટલો મોટો રાજય સરકાર ખર્ચ કરતી હોય અને છેલ્લા બે વર્ષથી લાઈટો બંધ હોય ત્યારે મારે એટલું જ પૂછવું છે કે જે તે ટાઈમે કરતાં પહેલાં રાજય સરકારે નગરપાલિકાની સંમતિ લીધેલી કે કેમ? આજે નગરપાલિકાઓની પરિસ્થિતિ ખરાબ છે ત્યારે આ લાઈટો આટલો મોટો ખર્ચ કર્યા પછી છેલ્લા બે વર્ષથી બંધ છે ત્યારે તો એવું લાગે છે કે રાજય સરકારના પૈસા વેડફાય છે માટે જલદીમાં જલદી થોડાક પૈસા નગરપાલિકાઓ પાસેથી અને બાકીના પૈસા રાજય સરકાર ઉમેરી ચાલુ કરે તેવી મારી વિનંતી છે.

શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં આ પ્રકારના અનેક જગ્યાએ પ્રોજેકટ હાથ ધરવામાં આવેલ છે. ફકત ઉત્તર ગુજરાત મહદ્‌અંશે આ પ્રશ્ન ઉભો થયો છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં મોટાભાગની નગરપાલિકાઓએ આ પ્રકારની કાર્યવાહી સ્વીકારેલ છે અને એટલા માટે સ્વીકારેલ છે કે આટલા મોટા પ્રમાણમાં નગરપાલિકાઓને કામ માર્ગ અને મકાન વિભાગ કરીને આપતું હોય ત્યારે એક સામાન્ય વર્ષે આઠ-દસ લાખનું વીજ બીલ આવતું હોય તે બીલ ભરવા માટે નગરપાલિકાઓ પાછી પડે છે. આના માટે શહેરી વિકાસ વિભાગ સાથે નગરપાલિકાઓને બોલાવીને રસ્તો નીકળે તેના માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ઉંઝા, સિધ્ધપુર અને પાલનપુર રસ્તા ઉપર નંબર વન લાઈટો નંખાઈ છે. ગુજરાતમાં આ નંબર વન લાઈટોનું નંબર વન રીતે મેન્ટેનન્સ કરવા માટે તે નગરપાલિકાઓ પાસેથી પહેલાં બાંહેધરી લીધી હતી કે કેમ? બાંહેધરી લીધા વગર જ લાઈટો નંખાઈ ગઈ પછી બાઈ બાઈ ચારણી જેવું થયું છે કે તેનું મેન્ટેનન્સ કોણ કરશે. નગરપાલિકાઓ પાસે પૈસા હોતા નથી એટલા માટે સરકાર આ જવાબદારી નંબર વન રીતે લેવા માટે છે કે નહી?

શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાત દેશમાં નંબર વન બન્યું છે. અને એ પ્રમાણે ગુજરાતના રસ્તાઓ પણ નંબર વન બન્યા છે ત્યારે સમગ્ર દેશમાં ગુજરાતના રસ્તાઓએ શ્રેષ્ઠતમ સ્થાન પ્રાપ્ત કર્યુ હોય ત્યારે શહેરોની અંદરથી પસાર થતા રસ્તાઓ બાબતે ફક્ત દેશની અંદર ગુજરાત એક માત્ર રાજય છે કે જ્યાં જ્યાં શહેરોમાં પસાર થતા રસ્તાઓને વિકાસતળની

યોજના હેઠળ આવરી લઈને રૂપિયા ૧૫૦ કરોડના ખર્ચે આયોજન હાથ ધર્યુ છે ત્યારે સમગ્રતયા સામૂહિક જવાબદારી રાજય સરકારની છે અને એના અન્ય વિકલ્પો વિચારીને પણ એનું આયોજન કરવામાં આવશે.

**વરસાદને કારણે ઉના તાલુકામાં કાચા અને પાકા માર્ગોને થયેલ નુકસાન**

***૧૩૩૪૧ શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જૂન- જુલાઈ, ૨૦૦૫ના પડેલ ભારે વરસાદના કારણે જુનાગઢ જિલ્લાના ઉના તાલુકામાં કુલ કેટલા કાચા અને પાકા માર્ગોને નુકસાન થયું,
(૨) આ રસ્તાઓની મરામત કામગીરી માટે સરકારે શું આયોજન કર્યુ, અને
(૩) આ મરામત કામગીરી પાછળ કેટલો ખર્ચ થયો ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**
(૧) કુલ ૩૨ પાકા રસ્તાને કુલ રૂા. ૯૧.૫૭ લાખનું અંદાજિત નુકસાન થયેલ છે.
(૨) તાત્કાલિક મરામતની કામગીરી હાથ ધરી, રસ્તાઓને વાહનવ્યવહાર યોગ્ય રાખેલ છે.
(૩) રૂા. ૭.૫૩ લાખ.

શ્રી પુંજાભાઈ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે, ઉના તાલુકાના કુલ ૩૨ પાકા રસ્તાને કુલ રૂા. ૯૧.૫૭ લાખનું અંદાજિત નુકસાન થયેલ છે. તો આ ૩૨ રસ્તાઓ કયા કયા છે એ અંગેની માહિતી ટેબલ ઉપર મૂકવામાં આવે અને રૂપિયા ૯૧.૫૭ લાખ છે એમાંથી આજની તારીખે કેટલા રૂપિયાનું ફાળવણું કર્યુ છે ? અને જો ફાળવણું ન કર્યુ હોય તો આ રૂ ૯૧.૫૭ લાખ જે છે એ જે રકમ ભારત સરકારે અતિવૃષ્ટિને કારણે ફાળવી છે એમાં સંપૂર્ણપણે એ રકમ રસ્તાઓ માટે મંજૂર કરવા માગો છો કે કેમ?

શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ઉના તાલુકામાં વધુ વરસાદને કારણે જે રસ્તાઓને નુકસાન થયેલ છે એ પંદર જેટલા રસ્તાઓનું લિસ્ટ છે એ લિસ્ટ ટેબલ પર મૂકવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, જે રસ્તાઓને બે પ્રકારનું નુકસાન થયેલ છે એક તો તાત્કાલિક મરામત કરવા પડે એવી સ્થિતિના છે અને એ મુજબ એ ખર્ચ લગભગ રૂા. ૯૧ લાખ જેટલો અંદાજવામાં આવેલ છે અને એમાંથી જે હાલ રસ્તા વાહન વ્યવહાર યોગ્ય બને, ક્યાંક પાઈપ મૂકવાની થતી હોય તો ક્યાંક પુરાણ કરવાનું થતું હોય એ પ્રકારના પ્રાથમિક તબક્કાની કાર્યવાહી કરવામાં આવી છે, ડામર રિસરફેસિંગના કામો હોય કે અન્ય કામો હોય એ વરસાદ રહી ગયા પછી જ એટલે કે ચોમાસા પછી એ કાર્યવાહી હાથ ધરાશે. માનનીય સભ્યશ્રીએ કેન્દ્ર સરકારનો સરસ મજાનો ઉલ્લેખ કર્યો છે ત્યારે હું એ જણાવવા માગું છું કે માર્ગ અને મકાન વિભાગે જે કેન્દ્ર સરકાર પાસે ફ્લડમાં જે પ્રકારની માગણી કરી એ માગણી માટેની જે ટીમ આવી અને એ ટીમ આવ્યા પછી કેન્દ્ર સરકારે જે પૈસા આપ્યા છે એનું એલોકેશન આપવું જોઈએ એ આજ દિવસ સુધી આપેલ નથી અને એ એલોકેશન થ થવાને કારણે અહીંયાં વિભાગવાર કાર્યવાહી આપણે હાથ ધરી શકતા નથી. માનનીય સભ્યશ્રીએ કહ્યું કે, આ જે કામ હાથ ધરવાના એના માટે કેટલું ફંડ ફાળવ્યું તો માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે રસ્તાઓને અગ્રિમતા આપીને ગતવર્ષ હોય કે આ વર્ષ હોય ફ્લડના કામો જ્યાં જ્યાં હાથ ધરવાના હતા, રાજય સરકારે ફંડનું આયોજન કરીને એ તમામ કામો હાથ ધરેલ છે અને એ પ્રકારની કાર્યવાહી પણ આગળના તબક્કે પણ ચાલુ રહેશે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ :** માનનીય અધ્યક્ષશ્રી, મારો સ્પષ્ટ સવાલ છે કે આ જે ૩૨ પાકા રસ્તાઓને કુલ રૂા. ૯૧.૫૭ લાખનું અંદાજિત નુકસાન થયેલ છે તો એ ૯૧.૫૭ લાખ રૂપિયાનું ફાળવણું કરવા માગો છો કે કેમ ? માનનીય અધ્યક્ષશ્રી, પરિસ્થિતિ એવી નિર્માણ થશે કે જોબ નંબર અન્ય જગ્યાએ ફાળવી દેશે અને આ રસ્તાઓ રહી જશે, હું એની ચિંતા કરું છું તો આ ૯૧.૫૭ લાખ રૂપિયાનું ફાળવણું ચોમાસા પછી કરવા માગો છો કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એ પ્રમાણે ફાળવણીની કોઈ પ્રક્રિયા હોતી નથી, જેમ જેમ પૈસાનું એલોકેશન થાય એ મુજબ આપણે કાર્યવાહી હાથ ધરીએ છીએ. માનનીય સભ્યશ્રીને એમના ગત વર્ષે પણ ફ્લડના કામો હતા એ તમામ ફ્લડના કામો ગત વર્ષે પૂર્ણ કરેલા છે એ બતાવે છે કે, જે પ્રકારે રાજય સરકારે કાર્યવાહી કરવાની હોય એ મુજબની વરસાદ બંધ રહી ગયા પછી એની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, ૯૧.૫૬ લાખનું નુકસાન થયું છે એવું કહ્યું છે ત્યારે એમાં ખર્ચ થયો છે ૭.૫૩ લાખનો તો બધા રસ્તાઓ ધોવાઈ ગયા છે અને બીજા જોબનંબરો આપ્યા છે એના સિવાય ચાલુ વર્ષેના માર્ચ પહેલા આનું રિપેરીંગ કામ કરાવીને ૯૧ લાખનો ખર્ચ કરવા માગે છે કે કેમ, અને માર્ચ પહેલા એ બધા રિપેરીંગ થઈ થશે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું કે ગયા વર્ષે પણ ઉના તાલુકામાં જે ફલડ આવ્યું હતું એમાં ધોવાઈ ગયેલા બધા રસ્તાઓનું કામ હાથ ધરવામાં આવ્યું છે. અત્યારે રાજય સરકારે કેન્દ્ર સરકાર પાસે કુલ રસ્તાના કામ હતા એમાં લગભગ ૬૫૭ કરોડ રૂપિયા જેટલી માગણી કરેલ છે હવે એમાંથી કેટલા રૂપિયા કેન્દ્ર સરકાર આપે છે એ પણ જોવાનું રહ્યું. ત્યાં તમારી લાગવગનો ઉપયોગ કરીને રાજય સરકારે જે ફલડના કામો માટે પૈસાની માગણી કરી છે એ ૬૫૭ કરોડ રૂપિયા લાવવા માટે પણ આપે પ્રયત્ન કરવો જોઈએ. (અંતરાય) માનનીય પુંજાભાઈ, રાજય સરકારે જવાબદારી નિભાવી છે ગયા વર્ષના ફલડના તમામ કામો પૂર્ણ કર્યા છે અને અત્યારે ૯૧.૫૭ લાખનો પ્રાઈમરી તબક્કે જે ખર્ચ કરવાનો હતો એમાં ચોમાસાની ચાલુ સીઝનમાં રસ્તાઓ વાહન-વ્યવહારને માટે ઉપયોગી થાય એ પ્રકારનું કામ કર્યું છે અને બાકીની પ્રક્રિયા આગળ ઉપર હાથ ધરવામાં આવશે.

**શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માત્ર ખાતરી માગી છે ૯૧.૫૭ લાખના કામો છે એના માટે ફંડ ફાળવવા માગો છો કે કેમ? માનનીય મંત્રીશ્રીએ વાત કરી, કેન્દ્રમાંથી ફંડ આપશે. ૫૯૨ કરોડ રૂપિયા આપ્યા છે અને નંબર વન થવું હોય તો જાહેરાત કરીને નહીં થાય, આ ૯૧.૫૭ લાખ રૂપિયા આપો નંબર વન કપડા પહેરવાથી નહીં થાય, જાહેરાત કરવાથી નહીં થાય, • (xxx) કરવાથી પણ નહીં થાય. એના માટે તો..(અંતરાય)

**અધ્યક્ષશ્રી :** (xxx) શબ્દ કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવે છે. (અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ (xxx) શબ્દો કાઢી નાખો. આ શબ્દો કાર્યવાહીમાંથી કાઢી નાંખો અને માફી મંગાવો.

**અધ્યક્ષશ્રી :** આ શબ્દો કાર્યવાહીમાંગી કાઢી નાંખ્યા છે.

**શ્રી અશોક ભટ્ટ** : સાહેબ, એમણે માફી માગવી જોઈએ. ગૃહમાં ગમે તેવા આક્ષેપ વિરોધ પક્ષના નેતા કરે એ ચાલે નહીં. એમણે ગૃહની માફી માગવી જોઈએ. તેઓ જવાબદાર સભ્ય છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપ બોલવામાં કાળજી રાખો તમે આ ગૃહના જવાબદાર સભ્ય છો.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, શબ્દો પાછા ખેંચાવો, કાઢી નાંખવા એ પુરતું નથી.

**અધ્યક્ષશ્રી** : આપ ગૃહના જવાબદાર સભ્ય છો આપે બોલવામાં કાળજી રાખવી જોઈએ. નેકસ્ટ પ્રશ્ન ક્રમાંક-૧૨.

**<SB#/ નર્મદા યોજના આધારિત શેઢી શાખાની માઈનોર કેનાલો તૂટી જવા અંગે/#SB>**

***૧૩૨૦૩ શ્રી નટવરસિંહ ફુ ઠાકોર (મહુધા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તાજેતરમાં ભારે વરસાદને કારણે નર્મદા યોજના આધારિત શેઢી શાખાની કેનાલોમાં પાણી ભરાતા માઈનોર કેનાલો તૂટી ગઈ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તે ક્યારે મરામત કરવામાં આવશે.

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧) હા,જી.

(૨) માઈનોર કેનાલોનું મરામત કામ પ્રગતિમાં છે જે ડિસેમ્બર, ૨૦૦૫ અંત સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રી નટવરસિંહ ફુ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, શેઢી શાખા એ ખેડા જિલ્લાની જીવાદોરી છે, હું ગઈકાલે સચિવશ્રી એમ.એસ. પટેલને તથા માનનીય મંત્રીશ્રી નરોત્તમભાઈને મળ્યો હતો, કામકાજ તો ચાલુ કર્યું છે પણ જે ટેન્ડરની પ્રક્રિયા છે એમાં મહિના બે મહિના જેવો સમય જાય તેમ છે, તો વહેલું કામ પૂર્ણ કરવા માટે મંજૂરીની અપેક્ષાએ કામ શરૂ કરવામાં આવે તો સારું, કેમ કે જે ચાર પાં

• (xxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

માઈનોર કેનાલો છે જેવી કે ડાકોર, બોરડી, મહીસા, મહુધા વિગેરે માઈનોર કેનાલોને શેઢી નદીના પૂરને કારણે નુકશાન થયું છે, બીજું, એના ગેઈટ છે તે પણ તાત્કાલિક મંજૂરીની અપેક્ષાએ રીપેર કરી દેવા જોઈએ, કારણ કે, તમે ટેન્ડરની પ્રક્રિયા કરશો ત્યાં સુધીમાં તો બહુ મોડુ થઈ જશે, આપે કહ્યું છે કે, ડિસેમ્બરના અંત સુધીમાં પૂરું કરીશું પરંતુ ડિસેમ્બરના અંત સુધીમાં નહિ પણ એક મહિનામાં પૂરું કરી દો. તૂટક તૂટક કોન્ટ્રાકટરને આપી જલ્દી પૂરું કરી દેવામાં આવે તો ડાંગરના પાકને ફાયદો થાય, કારણકે ડાંગરનો પાક છેલ્લાં બે એક વખતથી બળી જાય છે, આ વખતે પણ વરસાદ ન આવ્યો હોત તો બળી જાત. તો મારું કહેવું છે કે, જલ્દી રીપેરીંગ થઈ જાય તો પાછોતરો વરસાદ ખેંચાય તો પણ ડાંગરના પાકને નુકશાન ન થાય. તો એ માટે મારી વિનંતી છે કે આ કામ જલ્દી પૂર્ણ કરવું જોઈએ.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### અમદાવાદ જિલ્લામાં પંચાયત ઘર બનાવવા અંગે

*૧૩૭૧૪**શ્રી ભરતભાઈ પંડયા(ધંધૂકા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

**પ્રશ્ન**

અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૭-૦૫ સુધીમાં સરકાર દ્વારા કુલ કેટલા પંચાયત ધર બનાવવામાં આવ્યા ?

**જવાબ**

અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૭-૨૦૦૫ સુધીમાં સરકાર દ્વારા સી.ડી.પી.-૫ યોજના હેઠળ ૮, ભૂકંપમાં ૮ અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા રીલાયન્સના ૫૦ એમ મળી કુલ-૬૬ પંચાયત ઘર બનાવવામાં આવ્યા તેની તાલુકાવાર અને વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | સી.ડી.પી. હેઠળ બનેલ | | | ભૂકંપમાં બનેલ | | | રિલાયન્સ હેઠળ બનેલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૦૩-૦૪ | ૦૪-૦૫ | ૧-૪ થી ૩૧-૭-૦૫ અંતિત | ૦૩-૦૪ | ૦૪-૦૫ | ૧-૪-થી ૩૧-૭-૦૫ અંતિત | ૦૩-૦૪ | ૦૪-૦૫ | ૧-૪-થી ૩૧-૭-૦૫ અંતિત |
| સીટી | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| દશ્ક્રોઇ | -- | ૧ | -- | -- | -- | -- | ૧ | -- | -- |
| સાણંદ | -- | ૨ | -- | -- | -- | -- | -- | ૩ | -- |
| વિરમગામ | -- | ૧ | -- | -- | -- | -- | -- | -- | -- |
| માંડલ | -- | -- | -- | -- | -- | -- | ૨ | -- | -- |
| દેત્રોજ | -- | ૧ | -- | ૨ | -- | -- | ૧૦ | -- | -- |
| ધોળકા | -- | ૧ | -- | -- | -- | -- | -- | ૧૫ | ૧ |
| બાવળા | -- | ૧ | -- | -- | -- | -- | -- | ૦૬ | -- |
| ધંધુકા | -- | ૧ | -- | -- | ૦૬ | -- | -- | ૦૩ | -- |
| રાણપુર | -- | -- | -- | -- | -- | -- | -- | ૦૧ | -- |
| બરવાળા | -- | -- | -- | -- | -- | -- | -- | ૦૮ | -- |
| કુલ :- | -- | ૦૮ | -- | ૦૨ | ૦૬ | -- | ૧૩ | ૩૬ | ૦૧ |

----------

## અમરેલી જિલ્લામાં પંચાયત ઘરોની ઘટ

*૧૩૭૨૯ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી(રાજુલા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તાલુકાવાર તા. ૧૬-૮-૨૦૦૫ની સ્થિતિએ કેટલા પંચાયત ઘરોની ઘટ છે, | (૧) (૧) અમરેલી ૦૬<br>(૨) ધારી ૦૯<br>(૩) રાજુલા ૧૦<br>(૪) જાફરાબાદ ૦૧<br>(૫) ખાંભા ૦૬<br>(૬) સાવરકુંડલા ૦૩<br>(૭) લાઠી ૦૪<br>(૮) લીલીયા ૦૪<br>(૯) બાબરા ૦૬<br>(૧૦) કુંકાવાવ ૦૪<br>(૧૧) બગસરા ૦૧<br>કુલ : ૫૪ |
| (૨) આયોજન પાછળ કેટલી રકમ ફાળવવામાં આવી છે, અને | (૨) બનતી ત્વરાએ |
| (૩) તેમાં કેટલો ખર્ચ થશે ? | (૩) ૧૨૯.૬૦ (લાખ) |

----------

## અમરેલી, રાજકોટ, જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજનામાં બનેલ ચેકડેમ

૧૩૫૧૪**શ્રી ધીરૂભાઈ હ. ગજેરા(સુરત શહેર (ઉત્તર) :માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી, રાજકોટ, જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના હેઠળ કેલેન્ડર વર્ષ ૨૦૦૨, ૨૦૦૩, ૨૦૦૪માં વર્ષવાર ક્યા તાલુકામાં કેટલા ચેકડેમ બન્યા, | (૧) અમરેલી, રાજકોટ, જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના હેઠળ કેલેન્ડર વર્ષ ૨૦૦૨, ૨૦૦૩, ૨૦૦૪માં વર્ષવાર તાલુકાવાર બિડાણ-૧ના પત્રક મુજબ ચેકડેમ બન્યા છે. |
| (૨) તા. ૩૦-૬-૦૫ સુધીમાં કેટલા ચેકડેમોની ક્યા ક્યા તાલુકામાંથી કેટલી કેટલી દરખાસ્તો મળી અને કેટલી કેટલી મંજૂર કરાઇ, અને | (૨) કુલ ૬૫૨૦ દરખાસ્તો આવી તેમાંથી ૩૨૮૭ દરખાસ્તો મંજૂર કરવામાં આવેલ છે. તાલુકાવાર વિગતો બિડાણ-૧ના પત્રક મુજબ છે. |
| (૩) આ પૈકી કેટલા કામો બાકી છે અને શા કારણે ? | (૩) આ પૈકી ૨૯૧૮ કામો બાકી છે જેના કારણોમાં ચાલુ ચોમાસામાં પ્રથમ રાઉન્ડમાં ભારે વરસાદ થતાં, નદીઓમાં પાણી સતત વહેતુ હોવાથી, નદી-નાળામાં પાણી ભરાઇ જવાથી, સાઇટો એપ્રોચેબલ ન થવાથી, નકશા-અંદાજો મંજૂરીની પ્રક્રિયામાં હોવાથી, મંજૂરી મળેલ કામોને પ્રયોજકો દ્વારા હાથ ન ધરવાને કારણે એમ વિવિધ કારણોસર આ કામો બાકી રહેલ છે. |

## પત્રક

બિડાણ-૧

| જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ૨૦૦૨ | ૨૦૦૩ | ૨૦૦૪ | મળેલ દરખાસ્તો | મંજુર થયેલ દરખાસ્તો | બાકી કામો |
|---|---|---|---|---|---|---|---|
| અમરેલી | અમરેલી | ૨૫ | ૦ | ૫ | ૨૭ | ૧૭ | ૮ |
| | બાબરા | ૨૫ | ૨ | ૮ | ૧૨૫ | ૬૩ | ૫૯ |
| | બગસરા | ૭ | ૩ | ૧૩ | ૧૮ | ૧૧ | ૬ |
| | ધારી | ૭૩ | ૦ | ૨ | ૧૫૨ | ૬૯ | ૬૯ |
| | જાફરાબાદ | ૨૩ | ૦ | ૦ | ૭૮ | ૩૫ | ૩૫ |
| | ખાંભા | ૫૫ | ૦ | ૧ | ૧૬૬ | ૯૫ | ૯૧ |
| | કુકાવાવ | ૫૧ | ૩ | ૨ | ૭૭ | ૪૪ | ૪૩ |
| | લાઠી | ૮ | ૦ | ૨૧ | ૨૦ | ૧૪ | ૫ |
| | લીલીયા | ૨૩ | ૦ | ૧ | ૨૦ | ૬ | ૬ |
| | રાજુલા | ૫૪ | ૦ | ૦ | ૮૪ | ૫૦ | ૫૦ |
| | સાવરકુંડલા | ૬૬ | ૧ | ૨૫ | ૧૭૭ | ૯૩ | ૮૮ |
| | કુલ | ૪૧૦ | ૯ | ૭૮ | ૯૪૪ | ૪૯૭ | ૪૬૦ |
| ભાવનગર | ભાવનગર | ૧૭ | ૯ | ૧૭ | ૧૦૯ | ૭૪ | ૬૫ |
| | બોટાદ | ૦ | ૨ | ૮ | ૧૧૭ | ૬૧ | ૫૫ |
| | ગઢડા | ૦ | ૩૮ | ૧૨ | ૨૫૮ | ૯૮ | ૯૦ |
| | ગારીયાધાર | ૧૨ | ૧૦ | ૨ | ૯૨ | ૭૩ | ૬૯ |
| | ઘોઘા | ૩૯ | ૪ | ૨૦ | ૨૧૭ | ૧૫૦ | ૧૪૪ |
| | મહુવા | ૩૮ | ૬ | ૨૨ | ૧૮૦ | ૧૧૮ | ૧૦૨ |
| | પાલીતાણા | ૬૪ | ૨ | ૩૧ | ૧૫૩ | ૧૩૦ | ૧૨૨ |
| | શિહોર | ૫૩ | ૩ | ૧૭ | ૨૫૪ | ૧૪૪ | ૧૩૯ |
| | તળાજા | ૩૯ | ૩ | ૧૩ | ૧૦૧ | ૭૩ | ૬૩ |
| | ઉમરાળા | ૪૯ | ૧૬ | ૭ | ૧૭૬ | ૧૧૧ | ૧૦૫ |
| | વલ્લભીપુર | ૭૫ | ૯ | ૮ | ૩૦ | ૨૧ | ૧૨ |
| | કુલ : | ૩૮૬ | ૧૦૨ | ૧૫૭ | ૧૬૮૭ | ૧૦૫૩ | ૯૬૬ |
| જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ૨૦૦૨ | ૨૦૦૩ | ૨૦૦૪ | મળેલ દરખાસ્તો | મંજુર થયેલ દરખાસ્તો | બાકી કામો. |
| જૂનાગઢ | ભેંસાણ | ૩ | ૦ | ૧ | ૧૩૦ | ૫૧ | ૪૬ |
| | જુનાગઢ | ૦ | ૪ | ૮ | ૧૧૯ | ૮૮ | ૬૯ |
| | કેસોદ | ૫ | ૨૩ | ૨૯ | ૩૬૨ | ૧૧૨ | ૧૧૦ |
| | કોડીનાર | ૧ | ૮ | ૧૫ | ૮૮ | ૪૨ | ૩૬ |
| | માળીયા | ૨૪ | ૯૭ | ૩૫૮ | ૫૭ | ૨૬ | ૨૨ |
| | માણાવદર | ૦ | ૨ | ૫ | ૩૯ | ૧૮ | ૧૬ |
| | માંગરોળ | ૦ | ૭ | ૬ | ૬૫ | ૩૫ | ૩૪ |
| | મેંદરડા | ૨ | ૧૨ | ૨૭૮ | ૨૪૨ | ૭૭ | ૭૩ |
| | સુત્રાપાડા | ૧૦ | ૩૬ | ૨૯ | ૫૯ | ૩૨ | ૨૯ |
| | તલાલા | ૨૭ | ૧૧૭ | ૨૨૪ | ૨૨૧ | ૫૦ | ૪૮ |
| | ઉના | ૬ | ૧૫ | ૨૯ | ૪૦૦ | ૧૫૬ | ૧૫૨ |
| | વંથલી | ૩ | ૫ | ૧૭ | ૫૭ | ૪૭ | ૩૮ |
| | વેરાવળ | ૧૭ | ૨૮ | ૫૮ | ૩૯ | ૨૫ | ૨૫ |
| | વિસાવદર | ૩ | ૮ | ૪૩ | ૩૩૯ | ૭૪ | ૬૩ |
| | કુલ | ૧૦૧ | ૩૬૨ | ૧૧૦૦ | ૨૨૧૭ | ૮૩૩ | ૭૬૧ |
| રાજકોટ | ધોરાજી | ૧૯ | ૧૦ | ૩ | ૫૯ | ૩૯ | ૩૧ |
| | ગોંડલ | ૧૩૧ | ૯૨ | ૨૧ | ૧૪૮ | ૬૭ | ૫૦ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | જામકંડોરણા | ૧૫ | ૧૫ | ૧૩ | ૩૩ | ૧૩ | ૧૨ |
| | જસદણ | ૮૦ | ૨૬ | ૪૨ | ૨૧૨ | ૧૬૩ | ૧૫૯ |
| | જેતપુર | ૬૯ | ૦ | ૩૦ | ૫૫ | ૨૭ | ૨૪ |
| | કોટડાસાંગણી | ૨૮ | ૧૨ | ૩ | ૭૦ | ૪૫ | ૩૯ |
| | લોધીકા | ૨૯ | ૯ | ૩૩ | ૪૧ | ૧૩ | ૧૨ |
| | માળીયા | ૧ | ૦ | ૧૧ | ૨૩ | ૧૫ | ૮ |
| | મોરબી | ૯ | ૧૯ | ૭૬ | ૭૭ | ૩૭ | ૧૭ |
| | પડધરી | ૧૧૪ | ૯૯ | ૩૮ | ૧૮૪ | ૧૨૭ | ૧૧૭ |
| | રાજકોટ | ૮૫ | ૬૬ | ૬૬ | ૨૪૩ | ૧૦૦ | ૫૬ |
| | ટંકારા | ૭૨ | ૩૪ | ૪૮ | ૧૩૨ | ૯૮ | ૮૩ |
| | ઉપલેટા | ૫૮ | ૩૬ | ૨૧ | ૮૨ | ૫૮ | ૩૯ |
| | વાંકાનેર | ૧૬૦ | ૭૫ | ૯૭ | ૩૧૩ | ૧૦૨ | ૮૪ |
| | કુલ | ૮૭૦ | ૪૯૩ | ૫૦૨ | ૧૬૭૨ | ૯૦૪ | ૭૩૧ |
| | | ૧૭૬૭ | ૯૬૬ | ૧૮૩૭ | ૬૫૨૦ | ૩૨૮૭ | ૨૯૧૮ |

---------------

**પાલીતાણા તાલુકાની સગાપરા ગામે રજાવલ સિંચાઇ યોજનામાં ઢુઢસર ગામને જોડતા રસ્તા ઉપર પુલ બાંધવા બાબત**

૧૩૨૯૧**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા) :માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પાલીતાણા તાલુકાના સગાપરા ગામે રજાવલ સિંચાઇ યોજના બનતાં સગાપરા ગામની સીમમાં અને ઢુઢસરને જોડતા રસ્તાપર પુલ બાંધવાનું આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ ક્યા તબક્કે છે અને તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) હાલમાં સર્વેક્ષણની કામગીરી હાથ ધરવામાં આવેલ છે અને આગામી વર્ષ સને ૨૦૦૬-૦૭માં પૂર્ણ કરવાનું આયેજન છે. |

---------------

**પારડી તાલુકાના કોલક ગામે થયેલ ધોવાણ**

૧૩૨૮૦**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ(પારડી) :માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના પારડી તાલુકાના કોલક ગામ સમુદ્ર કિનારે વસેલું છે. છેલ્લા ત્રણ વર્ષથી સતત ધોવાણ થઇ રહેલ છે, જે સરકાર જાણે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સરકાર દરિયાઇ ધોવાણ અટકાવવા માટે ત્વરીત શું પગલાં ભરવા માંગે | (૨) દરિયાઇ ધોવાણ અટકાવવા સંરક્ષણ દિવાલ બનાવવા માંગે છે. જે માટે વહીવટી |

| | |
|---|---|
| છે અને તે ક્યારે ? | મંજુરી માટેની પ્રક્રિયા ચાલુ છે. |

---------------

**દિયોદર અને ભાભર તાલુકામાં પીવાના પાણીના નવા બોર બનાવવા બાબત**

૧૩૩૮૫**શ્રી ભેમાભાઈ રા. પટેલ(દીઓદર):માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાના સોની, નવાપુરા, ઓઢા અને ભાભોર તાલુકાના રૂણી. ખારા, વજાપુર નવા ગામોમાં પીવાના પાણીની વ્યવસ્થા નથી ત્યાં સરકાર નવો બોર બનાવીને પીવાનું પાણી પૂરૂં પાડવાનું કામ ક્યાં સુધીમાં કરવાનું સરકારનું આયોજન છે ? | બનાસકાંઠા જિલ્લા દિયોદર તાલુકાના સોની તથા ઓઢા ગામમાં પીવાના પાણીની વ્યવસ્થા છે. અને હાલમાં પાણી પુરવઠો ચાલુ છે, જ્યારે નવાપુરા ગામમાં ઉત્તર ગુજરાત વીજકંપની તરફથી વીજ જોડાણ માટે ગ્રામ પંચાયતને ""ના-વાંધા"" પ્રમાણપત્ર મળ્યેથી એક માસમાં નવીન બોર કરવાનું આયોજન છે.<br><br>જ્યારે ભાભર તાલુકાના રૂણી ગામમાં પીવાના પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ છે. ખારા તથા વજાપુર નવા ગામે નવીન બોરથી પીવા લાયક પાણી મળી શકે તેમ ન હોઈ નવીન બોર કરવાનું આયોજન નથી. |

-----------

**કલોલ તાલુકામાં નર્મદા નહેરનું પાણી આપવા અંગે**

૧૩૩૯૯ **ડૉ. અતુલ કે. પટેલ(કલોલ):માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| નર્મદા નહેરનું પાણી કલોલ તાલુકામાં પીવા માટે કેટલા સમયમાં આપવામાં આવશે ? | માર્ચ-૨૦૦૬થી ક્રમશઃ પીવાનું પાણી આપવાનું આયોજન છે. |

-----------

**લીંબડી તાલુકામાં ભારે વરસાદને કારણે ડેમ અને ચેકડેમને થયેલ નુકસાન**

૧૩૧૯૭**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જુન, જુલાઈ-૨૦૦૫માં થયેલ ભારે વરસાદને કારણે લીંબડી તાલુકામાં કેટલા ડેમ-ચેકડેમને નુકસાન થયેલ છે, | (૧) પંચાયત હેઠળના નાની સિંચાઈના બે ડેમ તથા એક ચેકડેમને નુકસાન થયેલ છે. |
| (૨) તે પેકી તા. ૧૫-૮-૦૫ સુધીમાં કેટલા રીપેર થયાં છે, | (૨) એક પણ નહીં. |
| (૩) કેટલાનું રીપેરીંગ કામ બાકીમાં છે, અને | (૩) નાની સિંચાઈના બે ડેમ તથા એક ચેકડેમનું રીપેરીંગ કામ બાકી છે. |
| (૪) આ બાકી કામ ક્યારે પૂરું થનાર છે ? | (૪) ૨૦૦૫-૨૦૦૬ના વર્ષ દરમિયાન પૂર્ણ કરવાનું આયોજન છે. |

-----------

## દાંતીવાડા ડેમમાં નર્મદાનું પાણી પાઈપ લાઈન દ્વારા નાંખવા બાબત

૧૩૭૮૨**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા(પાલનપુર) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાંતીવાડા ડેમમાં નર્મદાનું પાણી પાઈપ લાઈન દ્વારા નાંખવાની કામગીરી ક્યા તબક્કે છે, અને | (૧) લાઈનદોરી મંજૂર થયેલ છે. સર્વેની કામગીરી હાલ ચાલુ છે. આ યોજનાની વહીવટી મંજૂરીની પ્રક્રિયા વિચારણા હેઠળ છે. |
| (૨) આ પાઈપ લાઈન નાખવાનું કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) ટેન્ડર મંજુર થયા બાદ એજન્સી નક્કી થયેથી બાર માસમાં આ કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે. |

-----------

## અમરેલી જિલ્લામાં નર્મદાના પાણીથી ડેમો ભરવા બાબત

૧૩૫૫૯**શ્રી કાળુભાઇ વી. વીરાણી(કુંડલા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં નર્મદા કેનાલ દ્વારા જિલ્લાની નદીઓ ઉપરના ડેમોમાં પાણી ભરવા કોઈ યોજના બનાવવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેમાં થયેલ કામગીરી અને સરકાર તરફથી શી કાર્યવાહી કરવામાં આવેલ છે ? | (૨) યોજના પ્રાથમિક સર્વેક્ષણ તબક્કે છે. |

-----------

## રાજ્યની પ્રાથમિક શાળાઓના બાળકોને ગણવેશ

૧૩૬૮૩**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા(શહેર કોટડા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યની પ્રાથમિક શાળાઓમાં સરકાર દ્વારા આપવામાં આવતાં ગણવેશ બી..પી..એલ. કાર્ડ હોય તેને જ આપવામાં આવે છે પરંતુ આ બી.પી.એલ. કાર્ડની યાદીમાં વિસંગતતા હોઈ, બી.પી.એલ. સિવાયના કાર્ડ ધારકોના બાળકોને સરકાર ગણવેશ આપવા માંગે છે કે કેમ ? | હા, જી. |

-----------

### બારડોલી, વાલોડ અને વ્યારા તાલુકામાં નાળા પુલ બિસ્માર હોવા બાબત

૧૩૭૭૪**શ્રી અનિલકુમાર મો. પટેલ(બારડોલી) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૧૬-૮-૦૫ની સ્થિતિએ ચોમાસા દરમિયાન સુરત જિલ્લાના બારડોલી, વાલોડ અને વ્યારા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કેટલા નાળા, પુલો બિસ્માર અને ભયજનક સ્થિતિમાં છે, અને<br>(૨) આવા નાળા, પુલ ક્યાં સુધીમાં રીપેર કરવામાં આવશે ? | (૧) અને (૨)કોઈ નાળા, પુલો બિસ્માર કે ભયજનક સ્થિતિમાં ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### રાજ્યમાં માછીમારની યાંત્રિક બોટમાં ટર્ટલ એસ્ક્યુલુઝર ડીવાઈસ સાધન બેસાડવા

૧૩૭૭૯**શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) :માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ૧૬મી ઓગષ્ટ, ૨૦૦૫ની સ્થિતિએ કેટલી યાંત્રિક બોટ કાર્યરત છે તથા કેટલા વિદેશી ટ્રોલર્સ કાર્યરત છે, | (૧) રાજ્યમાં મત્સ્યોદ્યોગ સંબંધિત આંકડાકીય માહિતી નાણાકીય વર્ષને અનુલક્ષીને તૈયાર કરવામાં આવતી હોવાથી તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ કુલ ૧૮૩૬૯ યાંત્રિક બોટો કાર્યરત છે. આમાં એકપણ વિદેશી ટ્રોલર કાર્યરત નથી. |
| (૨) તે પૈકી કેટલામાં ટર્ટલ એસ્કલ્યુઝર ડીવાઈસ મૂકવામાં આવ્યા છે, | (૨) એક્યમાં નહિ. |
| (૩) જો ન મૂકવામાં આવ્યા હોય તો તેના શા કારણો છે, અને | (૩) આ સાધન બોટમાં બેસાડવામાં આવતું નથી પરંતુ ટ્રોલીંગ કરતી બોટની જાળમાં બેસાડવામાં આવે છે. |
| (૪) દરિયાઈ રક્ષીત કાચબાઓ તથા અન્ય કાચબાઓને બચાવી લેવા આ તમામ બોટ તથા ટ્રોલર્સમાં આ સાધન બેસાડવા સરકારનું શું આયોજન છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

### રુપેણ નદી ઉપરના પુલનું કામ પૂર્ણ કરવા અંગે

૧૩૨૪૫**શ્રી માલજીભાઈ દે. દેસાઈ(ચાણસ્મા):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રુપેણ નદી ઉપરનો આદીવાડા (તાલુકો બેચરાજી) ગામે આવેલા પુલનું કામ કોન્ટ્રાકટર અધૂરૂ છોડીને ચાલ્યો ગયો છે તે હકીક્ત સાચી છે, | (૧) ઈજારદારશ્રીએ કામ બંધ કરેલ છે. |
| (૨) જો હા, તો આ વિસ્તારના લોકો હેરાન પરેશાન થાય છે તે હકીક્ત સાચી છે, અને | (૨) પુલથી લાભાન્વિત થનાર ગામોના લોકો ચોમાસામાં અન્ય રસ્તાનો ઉપયોગ કરે છે. |
| (૩) જો હા, તો આ પુલનું કામ ક્યારે પૂરું કરવાનું સરકારનું આયોજન છે ? | (૩) જેમ બને તેમ ઝડપથી કામ પૂર્ણ કરવાનું આયોજન છે. |

-----------

## સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના પેવરકામ વિનાના રસ્તાઓ

૧૩૫૪૮ **ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૭/૦૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના કુલ કેટલા કિ.મી.ના રસ્તાઓ છે, | (૧) ૪૧૮.૫૮ કિ.મી. ના પ્લાન રસ્તા છે. |
| (૨) જેમાં ૩ વર્ષથી ઉપરના પેવરકામ કર્યા વગરના કેટલા કિલોમીટરના રસ્તાઓ છે, અને | (૨) ૩૭૩.૫૮ કિ.મી. નાં ડામર સપાટીવાળા રસ્તા પૈકી ૨૩૭.૮૮ કિ.મી.નાં રસ્તાઓ. |
| (૩) આ રસ્તાઓને સરકાર ક્યારે પેવરકામ કરવા માંગે છે ? | (૩) ૬૩.૨૫ કિ. મી. લંબાઈનાં રસ્તાને પેવર કરવાનું આયોજન છે. |

-----------

## મોરબી શહેરના પાકા રસ્તા બનાવવા બાબત

૧૩૮૧૪ **શ્રી કાંતિભાઇ અમૃતિયા (મોરબી): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૦૧ના ભૂકંપ પછી મોરબી શહેરના પાકા રસ્તા બનાવવા માટેનું ટેન્ડર બહાર પડેલ છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો હજુ સુધી કોઈ કામ ચાલુ થયેલ નથી તો આ બાબતે શી કાર્યવાહી થયેલ છે, અને | (૨) ઉંચા ભાવોના કારણે આ ટેન્ડર નામંજૂર થયેલ અને એશીયન ડેવલપમેન્ટ બેંક્ની સહાય ઉપલબ્ધ ન થતાં આ કામ માટેની આગળની કાર્યવાહી થઈ શકેલ નથી. |
| (૩) આ કામ કેટલા સમયમાં ચાલુ કરવા માંગો છો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

## બનાસકાંઠા જિલ્લામાં રોડની બન્ને બાજુ ગીચ બાવળોના કાપણી ખર્ચમાં વધારો કરવા બાબત

૧૩૫૦૬**શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં પાકા રસ્તાઓની બંને તરફના ગીચ બાવળોના કારણે સર્જાતા જીવલેણ અક્સ્માતોના નિવારણ અર્થે સરકાર બાવળ કાપણી ખર્ચની જોગવાઈમાં વધારો કરવા વિચારી રહી છે, તે વાત સાચી છે, અને | (૧) અને (૨)ચાલુ મરામતની જોગવાઈમાંથી જરૂરીયાત મુજબ કાર્યવાહી કરવામાં આવે છે. |
| (૨) જો હા, તો તેવા ખર્ચ વૃધ્ધિની જોગવાઈની વિગતો શું છે ? | |

-----------

## નારગોળ અને ઉમરગામ વચ્ચે પુલ ન હોવાથી રોડ ન બનવા બાબત

૧૩૭૦૭**શ્રી શંકરભાઈ મં. વારલી(ઉમરગામ):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) ઉમરગામ તાલુકામાં પસાર થતો કોસ્ટલ હાઈ-વે નારગોળ અને ઉમરગામ વચ્ચે પુલ ન હોવાના કારણે રોડ બનેલ નથી તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ રસ્તાનું કામ ક્યારે હાથ પર લેવામાં આવશે ?

**જવાબ**

(૧) આ કોસ્ટેલ હાઈવે પર નારગોળ અને ઉમરગામ વચ્ચે પુલ ન હોવાથી ૪.૮ કિ. મી. લંબાઈનો રોડ બનેલ નથી.

(૨) બજેટ સદરમાં પ્રગતિ હેઠળના કામો ધ્યાને લેતા હાલ શરૂ કરવાનું આયોજન નથી.

-----------

## રાજ્યમાં બી.પી.એલ. કાર્ડ ધરાવતા બાળકોને ગણવેશ આપવા અંગે

૧૩૮૦૪ **શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ રાજ્યમાં ગણવેશના બદલે હવે રોકડ સહાય આપવાની યોજના બી.પી.એલ. ના કાર્ડ ધારકોને આપવાની વાત ખરી છે ?

**જવાબ**

ના, જી.

-----------

## જુનાગઢ જિલ્લામાં સોઈલ હેલ્થ કાર્ડ આપવા અંગે

૧૩૫૦૩ **શ્રી જેસાભાઈ ભા. બારડ(સોમનાથ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૭-૨૦૦૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં સોઈલ હેલ્થ કાર્ડ કેટલા ખેડૂતોને આપવામાં આવ્યા,

(૨) ક્યા ક્યા તાલુકામાં કેટલા ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૭-૨૦૦૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં ૪૯,૨૧૪ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા.

(૨) તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભેંસાણ | ૩૧૦૨ |
| ૨ | જૂનાગઢ | ૨૭૩૭ |
| ૩ | કેશોદ | ૪૩૭૮ |
| ૪ | કોડીનાર | ૧૯૬૩ |
| ૫ | માળીયા | ૩૦૨૯ |
| ૬ | માણાવદર | ૪૭૮૭ |
| ૭ | માંગરોળ | ૩૭૫૮ |

| | | |
|---|---|---|
| ૮ | મેંદરડા | ૨૯૪૨ |
| ૯ | પાટણ-વેરાવળ | ૩૧૬૪ |
| ૧૦ | સુત્રાપાડા | ૫૩૬ |
| ૧૧ | તાલાળા | ૫૬૩૩ |
| ૧૨ | ઉના | ૪૯૦૯ |
| ૧૩ | વંથલી | ૪૩૨૦ |
| ૧૪ | વિસાવદર | ૩૯૫૬ |
| | કુલ :- | ૪૯૨૧૪ |

(૩) બાકી રહેતા ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ ક્યારે આપવામાં આવશે ?

(૩) બાકી રહેતા ખેડૂતોને દર વર્ષે ઉપલબ્ધ ડેટા એન્ટ્રી તેમજ જમીન ચકાસણી પ્રયોગશાળાઓની ક્ષમતા મુજબ તબક્કાવાર સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવશે.

-----------

## કચ્છ જિલ્લામાં નર્મદા આધારિત પાણી પુરવઠા યોજના અંગે

૧૩૭૨૩ **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી):માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા. ૧૬-૮-૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં નર્મદા આધારિત પાણી પુરવઠા યોજનાનું કામ ક્યા તબક્કે છે,

**જવાબ**

(૧) (અ) કચ્છ જિલ્લામાં નર્મદા આધારિત પાણી પુરવઠા યોજના અંતર્ગત આવરી લેવાયેલ ગામો શહેરો પૈકી ૮ શહેરો અને ૨૫૭ ગામોને તા. ૧૬-૮-૦૫ની સ્થિતિએ નર્મદાનું પાણી શરૂ કરવામાં આવેલ છે.

(બ) ૨ શહેર અને ૧૭૮ ગામોને ક્રમશઃ માર્ચ-૦૬ સુધીમાં પાણી આપવામાં આવનાર છે.

(ક) ૩૭૭ ગામોની એનસી-૨૨ પાઈપ લાઈન યોજનાના નકશા અંદાજો મંજૂરી હેઠળ છે.

(ડ) બાકી રહેતા ગામોના કામો ૨૦૦૫ થી શરૂ કરીને ૨૦૦૭ સુધીમાં હાથ ધરવામાં આવનાર છે.

(૨) ક્યા ક્યા વિસ્તારોમાં આ યોજનામાંથી પાણી નિયમિત આપવામાં આવશે, અને

(૨) સમગ્ર કચ્છ જિલ્લાના તમામ તાલુકાના ગામોમાં નિયમિત પાણી આપવાનું આયોજન છે.

(૩) બાકીનાં ક્યા ક્યા વિસ્તારોમાં ક્યાં સુધીમાં પાણી પુરવઠો પહોંચાડવાનું આયોજન છે?

(૩) સમગ્ર કચ્છ જિલ્લામાં નાણાકિય ઉપલબ્ધતા અનુસાર ક્રમશઃ માહે ડિસેમ્બર-૦૬ થી જુન-૨૦૦૭ સુધીમાં પાણી પુરવઠો પહોંચાડવાનું આયોજન છે.

-----------

## ડાંગ જિલ્લામાં અતિ વરસાદથી ખેડૂતોને નુકસાનનું વળતર

૧૩૨૫૮**શ્રી માધુભાઈ જે. ભોયે(ડાંગ-વાંસદા) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ડાંગ જિલ્લામાં ચાલુ ચોમાસામાં ભારે વરસાદના કારણે ખેડૂતોની જમીન, ઘરવાડીયા વૃક્ષો અને ફળાઉ ઝાડોની નુકસાની સામે ખેડૂતોને યોગ્ય વળતર આપવા રાજ્ય સરકારે કેટલી રકમની ચૂકવણી તા. ૧૬-૮-૨૦૦૫ સુધીમાં કરી, અને | (૧) ડાંગ જિલ્લાને અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત જાહેર કરાયેલ ના હોઈ, સહાય ચૂકવવાની રહેતી નથી. |
| (૨) કેટલા ખેડૂતોને હજુ આ ચૂકવણી થઈ નથી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

## કચ્છ જિલ્લામાં વોટરશેડના કામો પાછળ થયેલ ખર્ચ

૧૩૭૯૪**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) કચ્છ જિલ્લામાં વોટર શેડના મંજૂર થયેલા કામો માટે ફાળવાયેલી રકમનો છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં પૂરો ઉપયોગ થયો નથી તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ સમયગાળા દરમ્યાન કેટલી રકમની ફાળવણી સામે ક્યા ક્યા તાલુકામાં કેટલું ખર્ચ થયું, અને | (૨) તાલુકાવાર થયેલ ફાળવણી અને ખર્ચની વિગત આ સાથે બિડેલ પત્રક-અ માં દર્શાવેલ છે. |
| (૩) સન ૨૦૦૫નાં તા. ૩૦ જૂનની સ્થિતિએ તાલુકા દીઠ કેટલા કામો અન્વયે ફાળવાયેલી રકમમાંથી કેટલા કામો પૂર્ણ થયા? | (૩) તા. ૩૦-૬-૦૫ સુધી ૫૫૨૦ કામો મંજૂર કરવામાં આવ્યા, જેમાં ૫૩૩૩ કામો પૂર્ણ થયેલ છે, તેની વિગત પત્રક-બ માં સાદર કરેલ છે. |

**પત્રક-અ**

| ક્રમ | તાલુકાનું નામ | ફાળવેલ ગ્રાન્ટ રૂા. લાખમાં | | | | | થયેલ ખર્ચ રૂા. લાખમાં | | | |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| | | ઉઘડતી સિલક ૨૦૦૨-૦૩ | ૨૦૦૨-૦૩ | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | કુલફાળવેલ ગ્રાન્ટ | ૨૦૦૨-૦૩ | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | કુલ ખર્ચ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | ભુજ | ૨૪૮.૮૦ | ૭૭૭.૮૦ | ૪૩૫.૬૫ | ૩૦૮.૩૮ | ૧૭૭૦.૬૩ | ૬૩૮.૨૭ | ૫૬૦.૬૩ | ૩૧૫.૮૮ | ૧૫૧૪.૭૮ |
| ૨ | રાપર | ૭૬.૪૭ | ૩૨૩.૧૯ | ૨૪૭.૫૦ | ૨૦૦.૬૯ | ૮૪૭.૮૫ | ૨૨૮.૭૪ | ૩૩૩.૨૮ | ૧૯૯.૯૦ | ૭૬૧.૯૨ |
| ૩ | માંડવી | ૬૯.૦૨ | ૧૯૨.૯૬ | ૧૦૯.૦૦ | ૮૮.૦૦ | ૪૫૮.૯૮ | ૧૬૨.૩૯ | ૧૫૦.૭૪ | ૭૫.૬૩ | ૩૮૮.૭૬ |
| ૪ | અંજાર | ૧૬.૩૧ | ૯૧.૨૦ | ૭૪.૩૦ | ૮૪.૧૭ | ૨૬૫.૯૮ | ૬૫.૪૨ | ૧૦૮.૩૧ | ૬૫.૧૩ | ૨૩૮.૮૬ |
| ૫ | નખત્રાણા | ૪૯.૮૮ | ૨૧૯.૩૬ | ૧૪૧.૧૪ | ૧૨૬.૨૫ | ૫૩૬.૬૩ | ૧૫૫.૩૯ | ૧૯૩.૯૫ | ૧૪૪.૩૩ | ૪૯૩.૬૭ |
| ૬ | અબડાસા | ૧૧૨.૨૦ | ૩૫૬.૪૫ | ૧૨૨.૨૯ | ૫૭.૭૮ | ૬૪૮.૭૨ | ૩૬૯.૫૯ | ૨૦૦.૭૫ | ૪૧.૦૯ | ૬૧૧.૪૩ |
| ૭ | ભચાઉ | ૫૭.૩૦ | ૧૫૧.૫૦ | ૧૯૧.૨૫ | ૧૭૫.૩૭ | ૫૭૫.૪૨ | ૧૬૬.૦૪ | ૧૮૧.૯૧ | ૧૭૭.૮૪ | ૫૨૫.૭૯ |
| ૮ | મુન્દ્રા | ૪૫.૧૦ | ૯૫.૯૯ | ૮૪.૫૪ | ૮૨.૯૪ | ૩૦૮.૫૭ | ૬૩.૯૯ | ૮૯.૮૮ | ૫૭.૧૮ | ૨૧૧.૦૫ |
| ૯ | ગાંધીધામ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૦ | લખપત | ૨૧.૮૯ | ૪૩.૬૦ | ૦.૫૦ | ૧.૪૦ | ૬૭.૩૯ | ૩૨.૯૯ | ૯.૪૭ | ૧.૭૫ | ૪૪.૨૧ |
| | કુલ | ૬૯૬.૯૭ | ૨૨૫૨.૦૫ | ૧૪૦૬.૧૭ | ૧૧૨૫.૯૮ | ૫૪૮૧.૧૭ | ૧૮૮૨.૮૨ | ૧૮૨૮.૯૨ | ૧૦૭૮.૭૩ | ૪૭૯૦.૪૭ |

## પત્રક-બ
## કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૦૨-૦૩ થી ૨૦૦૫-૦૬ (તા. ૩૦-૬-૦૫ અંતિત) વોટરશેડ યોજના હેઠળ મંજુર થયેલ કામો અને પૂર્ણ થયેલ કામોની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | તાલુકો | વર્ષવાર કામગીરીની વિગત | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૦૨-૦૩ | | વર્ષ ૨૦૦૩-૦૪ | | વર્ષ ૨૦૦૪-૦૫ | | વર્ષ ૨૦૦૫-૦૬ (જુન-૦૫ અંતિત) | | કુલ કામોની સંખ્યા | | |
| | | મંજુર થયેલ કામોની સંખ્યા | પૂર્ણ થયેલ કામોની સંખ્યા | મંજુર થયેલ કામોની સંખ્યા | પૂર્ણ થયેલ કામોની સંખ્યા | મંજુર થયેલ કામોની સંખ્યા | પૂર્ણ થયેલ કામોની સંખ્યા | મંજુર થયેલ કામોની સંખ્યા | પૂર્ણ થયેલ કામોની સંખ્યા | મંજુર થયેલ કામોની સંખ્યા | પૂર્ણ થયેલ કામોની સંખ્યા | બાકી રહેલા કામોની સંખ્યા |
| **૧** | ભૂજ | ૭૮૬ | ૭૮૬ | ૬૪૦ | ૬૪૦ | ૪૦૧ | ૪૦૧ | ૧૬૦ | ૧૪૨ | ૧૯૮૭ | ૧૯૬૯ | ૧૮ |
| **૨** | માંડવી | ૮૭ | ૮૭ | ૮૧ | ૮૧ | ૨૬ | ૨૬ | ૧૦ | ૯ | ૨૦૪ | ૨૦૩ | ૧ |
| **૩** | નખત્રાણા | ૧૭૦ | ૧૭૦ | ૧૮૬ | ૧૮૬ | ૨૮૧ | ૨૮૧ | ૭૪ | ૬૪ | ૭૧૧ | ૭૦૧ | ૧૦ |
| **૪** | રાપર | ૧૭૮ | ૧૭૮ | ૫૫૮ | ૫૫૮ | ૧૪૭ | ૧૪૭ | ૧૩૨ | ૮૯ | ૧૦૧૫ | ૯૭૨ | ૪૩ |
| **૫** | અંજાર | ૫૭ | ૫૭ | ૮૧ | ૮૧ | ૪૧ | ૪૧ | ૧૭૨ | ૧૪૦ | ૩૫૧ | ૩૧૯ | ૩૨ |
| **૬** | મુંન્દ્રા | ૪૦ | ૪૦ | ૩૯ | ૩૯ | ૪૮ | ૪૮ | ૮૮ | ૬૧ | ૨૧૫ | ૧૮૮ | ૨૭ |
| **૭** | ભચાઉ | ૧૨૬ | ૧૨૬ | ૨૧૯ | ૨૧૯ | ૧૭૦ | ૧૭૦ | ૫૩ | ૨૮ | ૫૬૮ | ૫૪૩ | ૨૫ |
| **૮** | લખપત | ૧૬ | ૧૬ | ૫ | ૫ | ૨ | ૨ | ૦ | ૦ | ૨૩ | ૨૩ | ૦ |
| **૯** | અબડાસા | ૨૨૫ | ૨૨૫ | ૧૪૯ | ૧૪૯ | ૨૮ | ૨૮ | ૪૪ | ૧૩ | ૪૪૬ | ૪૧૫ | ૩૧ |
| **૧૦** | ગાંધીધામ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કુલ | | ૧૬૮૫ | ૧૬૮૫ | ૧૯૫૮ | ૧૯૫૮ | ૧૧૪૪ | ૧૧૪૪ | ૭૩૩ | ૫૪૬ | ૫૫૨૦ | ૫૩૩૩ | ૧૮૭ |

-----------

## ડોસવાડા તળાવની કેનાલના મરામત કામમાં ગેરરીતિ

૧૩૩૭૯**શ્રી પુનાભાઈ ઢે. ગામીત(વ્યારા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) વ્યારા તાલુકાના ડોસવાડા તળાવમાંથી જે કેનાલ નીકળે છે તે કેનાલની મરામત કામગીરી ખૂબજ હલકી કક્ષાની થઈ છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો આ કેનાલની મરામત માટે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ગેરરીતિ આચરનારા સામે સરકારે શાં પગલાં લીધા છે?

**જવાબ**

(૧) મરામત કામગીરી ગુણવત્તાવાળી થયેલ છે.

(૨) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૭-૦૫ સુધીમાં નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| વર્ષ | ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૨.૬૦ |

(૩) કેનાલ મરામત માટેના કામો પેટે કોઈ ગેરરીતિ આચરેલ ન હોય પગલા ભરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજ્યમાં બી.પી.એલ કાર્ડ ધારકોના બાળકોને ગણવેશના બદલે રોકડ સહાય

૧૩૨૧૭**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં ધોરણ એક થી સાતમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ અને બક્ષીપંચના તમામ બાળકોને ગણવેશના બદલે ૧૫૦-૦૦ રૂા. રોકડા સહાયતા ચૂકવવાની તેના બદલે બી.પી.એલ. કાર્ડ ધારક્ના પરીવારના બાળકોનેજ રોકડ સહાય આપવાનો સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે તે હકીક્ત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો બાકીના બાળકોને સહાયથી વંચિત રાખવાના કારણો શા છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

## સુરેન્દ્રનગર જિલ્લામાં મંડળીની જમીનોની હરાજી

૧૩૫૧૭**શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) :માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સહકાર વિભાગ દ્વારા તા. ૧૬-૮-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મંડળીની જમીનો હરાજી કરવામાં આવી છે, કે કેમ, | (૧) હા,જી. |
| (૨) જો હા, તો આ હરાજી નિયમ મુજબ કરવામાં આવી છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો ના, તો જવાબદાર અધિકારી સામે કોઈ પગલાં લીધેલ છે કે કેમ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

## માણસા તાલુકાના મંડાલી ગામે ગોચરની જમીન પર દબાણ

૧૩૨૨૦**શ્રીમતી ભારતીબેન ન. પટેલ(ચીખલી) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) મંડાલી (વિહાર) તા. માણસા જી. ગાંધીનગરમાં ગોચરની જમીનમાં માથાભારે શખ્શોએ દબાણ કરેલ છે, તે વાત સાચી છે, અને | (૧) મંડાલી (વિહાર) તા. માણસા જી. ગાંધીનગરમાં ગોચર જમીનમાં દબાણો થયેલ છે, તે વાત સાચી છે. |
| (૨) જો હા, તો આ દબાણ સરકાર ક્યાં સુધીમાં દૂર કરવા માગે છે ? | (૨) દબાણો દૂર કરવાની કાર્યવાહી ગ્રામ પંચાયત મારફત હાથ ધરવામાં આવેલ છે. |

-----------

**કચ્છ જિલ્લાના નખત્રાણાથી પ્રાન્ધ્રો નારાયણ સરોવર રોડને રીસરફેસીંગ કરવા બાબત**

૧૩૩૫૨**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા(અબડાસા):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના નખત્રાણાથી પ્રાન્ધ્રો નારાયણ સરોવર રોડને રીસરફેસીંગ કરવાનું કામ હાથ પર ધરવામાં આવેલ છે તે વાત સાચી છે, અને | (૧) અને (૨) ના, જી. |
| (૨) જો હા, તો આ કામ કેટલા સમયમાં પૂરું કરવામાં આવશે ? | |

-----------

**વડોદરા જિલ્લામાં કરજણ તથા શિનોર તાલુકામાં અતિવૃષ્ટિથી માર્ગ તથા નાળાઓને થયેલ નુકસાન**

૧૩૬૮૯**શ્રી નરેશકુમાર મી. કનોડિયા(કરજણ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂન-જુલાઈ-૦૫માં વડોદરા જિલ્લામાં થયેલ અતિવૃષ્ટિમાં કરજણ તથા શિનોર તાલુકાના કેટલા માર્ગો તથા નાળાઓને નુક્સાન થયેલ છે, અને | (૧) ૩૬ માર્ગો તથા ૧૦૨ નાળાઓને નુક્સાન થયેલ છે. |
| (૨) નુક્સાન થયેલ માર્ગો તથા નાળાઓના રિપેર તથા નવા બનાવવા માટે સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી છે ? | (૨) તાત્કાલીક મરામત કરી રસ્તાઓ તથા નાળાઓ વાહનવ્યવહાર યોગ્ય રાખેલ છે. |

-----------

**પ્રાચીન તીર્થ ચાણોદ તથા કરનાળીને પ્રવાસનધામ તરીકે વિકસાવવા બાબત**

૧૩૩૬૨**શ્રી ચંદ્રકાન્ત. મો. પટેલ (ડભોઇ):માનનીય યાત્રાધામ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રાચીન તીર્થો ચાણોદ અને કરનાળીને પ્રવાસન અને યાત્રાધામ તરીકે વિકસાવવાનું સરકારનું શું આયોજન છે, અને | (૧) હાલમાં કોઈ આયોજન નથી. |
| (૨) આ બાબતમાં સરકારે શી કાર્યવાહી કરી છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ઉચ્છલ તાલુકાના કરોડ ગામથી ફુલઉમરાણ થઈ ટાવલી ગામને અને કરોડથી આમોદા**

**રસ્તાને ડામર કામ**

૧૩૫૯૨ **શ્રી કાંતિલાલ રે. ગામીત(સોનગઢ):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરત જિલ્લાના ઉચ્છલ તાલુકાના કરોડ ગામથી ફુલઉમરાણ થઈ ટાવલી ગામને જોડતો અને કરોડ ગામથી આમોદાને જોડતા રસ્તાનું ડામર કામ સરકાર કરવા માગે છે, અને | (૧) અને (૨) આ બે રસ્તાઓનું ડામરકામ કરવાનું હાલમાં કોઈ આયોજન નથી. |
| (૨) જો હા, તો ડામર કામ કેટલા સમયમાં પૂરું કરવામાં આવશે ? | |

-----------

**તાલુકાથી તાલુકાને જોડતો વિરમગામ શંખેશ્વર રોડ બનાવવા બાબત**

૧૩૬૦૨**શ્રી વજુભાઈ પ. ડોડિયા(વિરમગામ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તાલુકાથી તાલુકાને જોડતો વિરમગામ-શંખેશ્વર રોડ બનાવવાની યોજના છે કે કેમ, અને | (૧) અને (૨) વિરમગામ-શંખેશ્વર રસ્તાની કુલ લંબાઈ ૫૮.૨૦ પૈકી ૩૮.૨૦ કી.મી. લંબાઈના અનુભાગો માટેની યોજના મંજુરી હેઠળ છે. |
| (૨) જો ના, તો તેનું આયોજન ક્યારે કરવામાં આવશે ? | |

-----------

**વલસાડ જિલ્લામાં કાર્યરત પાણી પુરવઠાની યોજનાઓ**

૧૩૩૩૬ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા):માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વલસાડ જિલ્લામાં તા.૩૧-૭-૦૫ની સ્થિતિએ કઈ કઈ અને કેટલી પાણી પુરવઠાની યોજનાઓ કાર્યરત છે, અને | (૧) વલસાડ જિલ્લામાં તા.૩૧-૭-૦૫ની સ્થિતિએ ૨૬૦ સ્વતંત્ર પાણી પુરવઠા યોજના અને ૭ જૂથ પા.પુ. યોજનાઓ કાર્યરત છે. વિગતો સામેલ પત્રક* મુજબ |
| (૨) કેટલી યોજનાના કામો હજુ પૂર્ણ થયા નથી ? | (૨) ૧૧૦ ફળીયાઓની સ્વતંત્ર પાણી પુરવઠા યોજનાઓ તથા ૪૯૭ ફળિયા સમાવિષ્ટ ૨ જૂથ યોજનાઓના કામો મળી કુલ ૧૧૨ યોજનાઓના કામો પ્રગતિમાં છે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

## પાદરા તાલુકામાં સહકારી મંડળી વિરૂધ્ધ ફરિયાદ

૧૩૫૩૫**શ્રી પુનમ ૨. પરમાર(પાદરા) :માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ પાદરા તાલુકામાં ક્યા ક્યા ગામોમાં કઈ કઈ ખેડૂતની વિવિધ સહકારી મંડળી વિરૂધ્ધ કેટલી ફરિયાદ થવા પામી છે, અને

(૨) આ ફરિયાદ અન્વયે સરકાર દ્વારા શા પગલાં ભરવામાં આવ્યા છે?

**જવાબ**

(૧) નીચે મુજબની પાંચ વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓમાં ફરિયાદ થવા પામેલ છે.

૧. વણદરા વિ.કા.સ.મં.લી.
૨. આમળા વિ.કા.સ.મં.લી.
૩. તિથોર વિ.કા.સ.મં.લી.
૪. ભદારી વિ.કા.સ.મં.લી.
૫. પીડાંપા વિ.કા.સ.મં.લી.

(૨) આ મંડળીઓ સામે સહકારી કાયદાની વિવિધ કલમો હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે જેમાં, તપાસ અધિકારીની નિમણૂંક તથા વ્યવસ્થાપક સમિતિને બરતરફ કરી વહીવટીદારની નિમણૂંક વગેરેનો સમાવેશ થાય છે.

-----------

## રાજકોટ જિલ્લામાં ખેડૂત મૃત્યુ વિમા યોજનાની મળેલ અરજીઓ

૧૩૫૨૬**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના મોરબી, ટંકારા અને પડધરી તાલુકાના ખેડૂત મૃત્યુ વિમા યોજના હેઠળ વિમો ચૂકવવા કેટલા ખેડૂતોની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલા ખેડૂતોને વિમો ચૂકવવામાં આવેલ છે, અને

(૩) બાકી રહેલ અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે?

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **અરજીની સંખ્યા** |
|---|---|
| મોરબી | ૧૮ |
| ટંકારા | ૧૩ |
| પડધરી | ૮ |

(૨) ૧૦

(૩) બાકી રહેલ અરજીઓની નિયમોનુસાર પૂર્તતા થયે નિકાલ કરવામાં આવશે.

-----------

## હિંમતનગર તાલુકામાં ચેકડેમ બનાવવા બાબત

૧૩૨૬૨**શ્રી રણજિતસિંહ ન. ચાવડા(હિંમતનગર):માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તાલુકામાં તા. ૩૧-૩-૦૫ સુધીમાં છેલ્લા ૨(બે) વર્ષમાં કેટલા ચેકડેમ બન્યા તે પૈકી કેટલા ચેકડેમ ભરાયા,

**જવાબ**

(૧) ૧૦૯૬ ચેકડેમ ભરાયા તા. ૩૧-૩-૦૫ સુધીમાં બન્યા છે, જે તમામ ચેકડેમ પાણીથી ચાલુ વર્ષે ભરાયેલ છે,

અને

| | |
|---|---|
| (૨) જૂન, જુલાઈ-૨૦૦૫ના ચોમાસા દરમ્યાન નબળી કામગીરીને કારણે ચેકડેમ તૂટી ગયાની ફરીયાદ મળી છે કે કેમ ? | (૨) નબળી કામગીરીને કારણે ચેકડેમ તૂટી ગયાની કોઈ ફરીયાદ મળી નથી, પરંતુ જુન, જુલાઈ-૨૦૦૫ના ચોમાસા દરમ્યાન ભારે પૂરના કારણે માટીકામ વિગેરેને આંશીક નુક્સાન થયેલ છે. |

-------------

**સુજલામ સુફલામ યોજના હેઠળ નર્મદા યોજના નીચે પીવાનુ શુધ્ધ પાણી**

૧૩૭૨૦**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ(સાબરમતી) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં સુજલામ સુફલામ યોજના અંતર્ગત તા. ૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ કેટલા ગામોને નર્મદા આધારિત પીવાના શુધ્ધ પાણીનો લાભ મળેલ છે. | (૧) એક પણ નહીં. |
| (૨) બાકી રહેલ કેટલા ગામોને આ યોજનાનો લાભ કેટલા સમયમાં મળશે, અને | (૨) ૪૦૬૦ ગામોને નીચેની વિગતે<br>કુલ : અ. ૬૮૪ ગામોને માર્ચ-૨૦૦૬ સુધીમાં<br>બ. ૭૫૨ ગામોને જુન-૨૦૦૬ સુધીમાં<br>ક. ૬૫૫ ગામોને ડીસેમ્બર-૨૦૦૬ સુધીમાં<br>ડ. ૧૦૨૭ ગામોને જુન-૨૦૦૭ સુધીમાં<br>ઈ. ૯૪૨ ગામોને ડીસેમ્બર-૨૦૦૭ સુધીમાં. |
| (૩) આ યોજના ક્યારે પૂર્ણ થશે ? | (૩) તબક્કાવાર ડીસેમ્બર - ૨૦૦૭ સુધીમાં |

-------------

**અમરેલી જિલ્લામાં અતિ વરસાદથી ખેડૂતોને નુક્સાનનું વળતર**

૧૩૬૯૪**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ચાલુ સાલે તાજેતરમાં પડેલ અતિભારે વરસાદના કારણે અમરેલી જિલ્લામાં ખેડૂતોને ચેમાસુ વાવેતર કરેલ પાકો તથા જમીન ધોવાણ થવાથી કુલ કેટલું નુક્સાન થયેલ છે, અને | (૧) અમરેલી જિલ્લામાં અતિભારે વરસાદથી ખેડૂતોને વાવેતર કરેલા પાકો તથા જમીન ધોવાણ થવાથી કુલ રૂા. ૨૨૨૯.૦૨ લાખનું નુક્સાન થયાનો અંદાજ છે. |
| (૨) તે અન્વયે ખેડૂતોને થયેલ આ નુક્સાની ભરપાઈ કરવાની કાર્યવાહી હાલ ક્યા તબક્કે છે ? | (૨) સરકારશ્રીએ તા. ૨૫-૭-૦૫ના ઠરાવથી જાહેર કરેલ સહાય યોજના હેઠળ તા. ૧-૯-૦૫ સુધીમાં મળેલ ૨૫૮૫૮ અરજીઓ ચકાસણી હેઠળ છે. |

-------------

**વડોદરા જિલ્લાના ક્વાંટથી ભાખા સુધીનો રસ્તો બિસ્માર હોવા બાબત**

૧૩૫૩૭**શ્રી શંકરભાઈ વી. રાઠવા(છોટાઉદેપુર):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના ક્વાંટથી ભાખા | (૧) રસ્તો મરામતમાં રીપેરીંગ કરી |

સુધીનો રસ્તો અત્યંત બિસ્માર છે તે હકીક્ત સરકાર જાણે છે, અને

(૨) આ રસ્તાનું પેવરકામ સરકાર ક્યાં સુધીમાં કરવા માંગે છે ?

વાહનવ્યવહાર યોગ્ય રાખેલ છે.

(૨) નાણાંકીય ઉપલબ્ધતા પ્રમાણે તબક્કાવાર પેવરકામ કરવાનું આયોજન છે.

-------------

**સાગબારા તાલુકામાં આવેલ ચોપડવાવ ડેમના વિસ્થાપિતો**

૧૩૫૪૪શ્રી મહેશભાઈ છો. વસાવા(દેડિયાપાડા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં આવેલ ચોપડવાવ ડેમમાં કુલ કેટલા વિસ્થાપિત થયેલ છે, અને | (૧) ૯૮ ખેડૂતો અને ૧૧૫ બિનખેડૂત મળી કુલ ૨૧૩ વિસ્થાપિત થયેલ છે. |
| (૨) ૧૬મી ઓગષ્ટ, ૨૦૦૫ની સ્થિતિએ કુલ કેટલા વિસ્થાપિત થયેલ કુટુંબોને સ્થાપિત કરવામાં આવ્યા છે, તેમને શું શું લાભો આપવામાં આવ્યા છે, અને | (૨) તા. ૧૬-૮-૨૦૦૫ની સ્થિતિએ બધાજ કુટુંબોને સ્થાપિત કરવામાં આવેલ છે, તેઓને પ્રાથમિક શાળા, પીવાના પાણીના કુવા-૩, પંચાયત ઘર-૧, મંદિર-૩, સ્મશાનગૃહ, ગોચર માટે જમીન આંતરિક તથા એપ્રોચ રોડ તેમજ જી.ઈ.બી. દ્વારા લાઈટની સુવીધાના લાભો આપવામાં આવેલ છે. |
| (૩) બાકી રહી ગયેલ વિસ્થાપિતો છે તેમને ક્યાં સુધીમાં પુનઃવસવાટ કરાવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ વાંસદા તાલુકામાં ચેકડેમો બનાવવા બાબત**

૧૩૩૩૨**શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર):માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરદાર પેટલ જળસંચય યોજના હેઠળ સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં તા. ૩૧-૭-૦૫ સુધીમાં નવસારી જિલ્લામાં વાસંદા તાલુકામાં કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા, | (૧) ૧૦૬ ચેકડેમો. |
| (૨) કેટલા ચેકડેમોના કામો ચાલુ છે, | (૨) ૩૩ ચેકડેમોના |
| (૩) આ ચેકડેમોના નાણાં એન.જી.ઓ.ને કેટલા સમયથી ચૂકવવાના બાકી છે, | (૩) માર્ચ-૨૦૦૫થી ચૂકવવાના બાકી હતા. |
| (૪) આ નાણાં કેટલા સમયમાં ચૂકવવામાં આવશે ? | (૪) આ નાણાંનું ચુકવણું તા. ૨૯-૮-૦૫ના રોજ કરી દેવામાં આવેલ છે. |

----------------

## ઇટાદરા ગામનું તળાવ પૂરી દેવાથી વરસાદના પાણી ઘરોમાં જવા બાબત

૧૩૨૧૦**શ્રી શિરીષકુમાર મ. શુકલ(ખંભાત) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લાના ઇટાદરા ગામે પપેરીયા/બળીયાદેવ તથા ગુડા તળાવ તેમજ બીજા તળાવો તથા ગામના કુવાઓ પૂરી દેવાથી તાજેતરના ભારે વરસાદના કારણે લોકોના ઘરોમાં પાણી ભરાઇ ગયા હતા તથા ગામમાં આવવા જવાનો રસ્તો બંધ થઇ ગયો હતો તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. ભારે વરસાદને કારણે પાણી ભરાયેલ હતા. |
| (૨) જો હા, તો આ તળાવો અને કુવાઓમાં પુરાણ કરનાર/કરાવનાર શખ્શો કોણ કોણ છે અને તેની સામે શી કાર્યવાહી કરવામાં આવેલ છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) વરસાદી પાણી તળાવ-કુવામાં જ જાય તે માટે સરકાર આ તળાવો તથા કુવાઓ ફરીથી ઉંડા કરાવવા માગે છે, કે કેમ, અને | (૨) વરસાદી પાણી તળાવમાં ભરાય તે માટે લોકભાગીદારીથી ૯૦ : ૧૦ની યોજનામાં તળાવ ઉંડા કરવાની યોજના હાલ અમલમાં છે, |
| (૪) જો હા, તો ક્યાં સુધીમાં ? | (૪) આ યોજના હાલ ચાલુ છે. લાભાર્થીઓ આ યોજનાનો લાભ લઇ શકે છે. |

----------

## બક્ષીપંચમાં સમાવિષ્ટ શેખ-સિપાઇ જ્ઞાતિના લોકોને પ્રમાણપત્ર

૧૩૫૯૭**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બક્ષીપંચમાં સમાવિષ્ટ શેખ-સિપાઇ જેવી જ્ઞાતિઓને બક્ષીપંચના જાતિના પ્રમાણપત્ર આપતી વખતે ૧૯૭૬ પહેલાની તેમની જાતિ અંગેનો પુરાવો માંગવામાં આવે છે તે વાત સાચી છે, | (૧), (૨) અને (૩) રાજ્ય સરકારે જાહેર કરેલી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં શેખ- સિપાઇ જાતિનો સમાવેશ થતો ન હોવાથી જાતિ પ્રમાણપત્ર/દાખલા આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ જાતિ પ્રમાણપત્રો આપતી વખતે શંકાસ્પદ જણાતા કિસ્સાઓમાં આવી રીતે વિગતો માંગીને ખરાઇ કરવામાં આવે છે. |
| (૨) જો હા, તો અમદાવાદ શહેરમાં છેલ્લા ત્રણ વર્ષમાં આવા શેખ-સિપાઇ જ્ઞાતિના કેટલા લોકોને બક્ષીપંચની જાતિ અંગેના પ્રમાણપત્ર આપવામાં આવ્યા, અને | |
| (૩) તા. ૩૧-૭-૨૦૦૫ની સ્થિતિએ કેટલા લોકોને દાખલા આપવાના બાકી છે ? | |

----------

**સાવલી તાલુકામાં ભારે વરસાદને કારણે રસ્તાને થયેલ નુકશાન**

૧૩૫૧૧**શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ(સાવલી):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાવલી તાલુકામાં જૂન-જુલાઇ-૦૫માં ભારે વરસાદ અને પુરના કારણે રસ્તાઓને નુકશાન થયુ છે તે વાત સાચી, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યા ક્યા રસ્તાઓ છે, અને | (૨) પત્રક મુજબ. |
| (૩) તેને રીપેર કરવા કે નવા બનાવવા સરકારે શું આયોજન કર્યુ છે ? | (૩) વાહન વ્યવહાર લાયક રાખવા કામચલાઉ ધોરણે મરામત કરેલ છે. |

**પત્રક**

**સાવલી તાલુકાના જુન-જુલાઇ-૦૫માં ભારે વરસાદ અને પુરના કારણે નુકશાન પામેલ રસ્તાઓ**

| ક્રમ | રસ્તાનું નામ |
|---|---|
| ૧ | વડોદરા-સાવલી રોડ |
| ૨ | સાવલી ટીંબા રોડ |
| ૩ | સાવલી અહિમા પોઇચા રોડ |
| ૪ | જરોદ સમલાયા રોડ |
| ૫ | સાવલી વડીયા ચાંપાનેર રોડ |
| ૬ | હરણી વિરોદ પીલોલ રોડ |
| ૭ | પાલડી એપ્રોચ રોડ |
| ૮ | ચંદ્રનગર ઇન્દ્રાડ ખોખર રોડ |
| ૯ | પરથમપુરા વીટોજ રોડ |
| ૧૦ | રાનીપુરા નમીશરા બહુથા રોડ |
| ૧૧ | સાંકરદા ભાદરવા સાવલી રોડ |
| ૧૨ | મોક્ષી એપ્રોચ રોડ |
| ૧૩ | વેજપર જાંબુગોરલ રોડ |
| ૧૪ | સમલાયા ગાંગડીયા ચાંપાનેર રોડ |
| ૧૫ | સમલાયા ટુંડાવ અંજેસર રાણીયા રોડ |
| ૧૬ | સમલાયા નાનીભાડોલ મોટી ભાડોલ મેવલા રોડ |
| ૧૭ | પાન્ડુ વાલાવાવ રોડ |
| ૧૮ | સાવલી વસનપુરા રોડ |
| ૧૯ | સાઢાસાલ ધન્તેજ પલાસા રોડ |
| ૨૦ | શિહોરા છાલીયેર લટવા રોડ |
| ૨૧ | કુનપાડ એપ્રોચ રોડ |
| ૨૨ | ઘેટીયાલા કંબોલા ચાંપાનેર રોડ |
| ૨૩ | સુભેલાવ લસુન્દ્રા રોડ |
| ૨૪ | રાસાવાડી અમરાપુરા રોડ |
| ૨૫ | ઘંટીયાલ લોટના ધનોરા રોડ |
| ૨૬ | વચ્છેર કલ્યાણા રોડ |
| ૨૭ | પીપળયા એપ્રોચ રોડ |
| ૨૮ | કડાછલા કેસરાના મુવાડા ભાટપરા રોડ |

| | |
|---|---|
| ૨૯ | લીમડી એપ્રોચ રોડ |
| ૩૦ | અંન્દ્રેખિયા એપ્રોચ રોડ |
| ૩૧ | જાંબુગોરલ રામનગર વરસડા રોડ |
| ૩૨ | હીંમતનગર ત્રાંસયા કોઠારા રોડ |
| ૩૩ | ઇટવાડ ડુંગરીપુરા રોડ |
| ૩૪ | જુના સિહોરા એપ્રોચ રોડ૩૫ |
| ૩૫ | લટીયાપુરા એપ્રોચ રોડ |
| ૩૬ | ભાદરવા પરથમપુરા ખાંડી રોડ |
| ૩૭ | રસુલપુર લાછનપુરા રોડ |
| ૩૮ | ડેસર ભાટપુરા રોડ |
| ૩૯ | સાવલી તાડીયાપુરા રોડ |
| ૪૦ | પીપલછટ વાંટા રોડ |
| ૪૧ | સાંપીયા મોક્મપુરા રોડ |
| ૪૨ | લાટીયા ઓક્લીયા રોડ |
| ૪૩ | રાણીયા એપ્રોચ રોડ |
| ૪૪ | ધેલાપુરા એપ્રોચ રોડ |
| ૪૫ | સાવલી ભવાનીપુરા રોડ |
| ૪૬ | વરસડા-કોઠારા રોડ |
| ૪૭ | રાણીયા પોઇચા રોડ |
| ૪૮ | સતનગર એપ્રોચ રોડ |
| ૪૯ | કુનપાડ સીસોદીયાપુરા રોડ |
| ૫૦ | સાંઢાસાલ ન્હારા રોડ |
| ૫૧ | ધન્તેજ તુલસીપુરા ચાંપાનેર રોડ |
| ૫૨ | લોટીયાપુરા ગુલાબપુરા ન્હારા રોડ |
| ૫૩ | સરદારપરા નવાપરા રોડ |
| ૫૪ | ગોઠડા ચોરપુરા રોડ |
| ૫૫ | નરભાપુરા એપ્રોચ રોડ |
| ૫૬ | ટુંડાવ નમીપુરા રોડ |
| ૫૭ | ઇન્દ્રપુરી એપ્રોચ રોડ |
| ૫૮ | પાન્ડુ વાંટા રોડ |

----------

## બનાસકાંઠા જિલ્લામાં સુજલામ્ સુફ્લામ્ યોજના હેઠળ કરવામાં આવેલ આયોજન

૧૩૫૫૧**શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે
-

**પ્રશ્ન**

(૧) સુજલામ્ સુફ્લામ્ યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ કેવી કામગીરી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ નીચે મુજબની કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે.

૧. સુજલામ્ સુફ્લામ્ યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લાના ડીસા, દિયોદર-કાંકરેજ-થરાદ તાલુકામાંથી ૬૩ કી.મી. સ્પ્રેડીંગ કેનાલના ખોદાણકામ તથા ૫૯ સ્ટ્રક્ચર્સના બાંધકામનું આયોજન કરવામાં આવેલ છે.

૨. નર્મદા મુખ્ય નહેરથી ઉદ્વવહન પાઇપ લાઇન દ્વારા સીપુ, દાંતીવાડા જળાશય ભરવાની કામગીરીનું આયોજન.

૩. અમીરગઢ તાલુકામાં બાલારામ નાની સિંચાઇ યોજનાની બાંધકામની કામગીરી.

૪. અને જિલ્લામાં સરદાર પટેલ સહભાગી સિંચાઇ યોજના હેઠળ ચેકડેમ બાંધકામની કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે.

(૨) આયોજન પાછળ કેટલી રકમ ફાળવવામાં આવી છે, અને

(૨) ચાલુ સાલે રૂા. ૧૮.૯૭ કોરડ ફાળવવામાં આવેલ છે.

(૩) તા. ૩૧-૭-૨૦૦૫ની સ્થિતિએ આ યોજના હેઠળ કેવા પ્રકારની કેટલી કામગીરી થઈ છે, અને આ અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

(૩) તા. ૩૧-૭-૨૦૦૫ની સ્થિતિએ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

૧. સુજલામ્ સુફલામ્ સ્પ્રેડીંગ કેનાલના ૧૩૬.૫૬ લાખ ઘનમીટર ખોદાણકામની સામે ૭૮.૦૬ લાખ ઘનમીટર ખોદાણ કામ પૂર્ણ કરવામાં આવેલ છે તે કામગીરીમાં જરૂરી જમીન સંપાદનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ સ્ટ્રક્ચર બાંધકામ માટેના નકશા અંદાજ મંજૂર કરવામાં આવેલ છે. અને ટેન્ડરની પ્રક્રિયા પ્રગતિમાં છે.

૨. નર્મદા મુખ્ય નહેરની સાં. ૩૫૭.૫૦ કી.મી. થી ઉદ્વવહન પાઈપ લાઈન માટેની બે પથરેખાને તાંત્રીક કમિટી દ્વારા મંજુરી મળેલ છે તેમજ રેકગનાઈઝેશન સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ સીપુ જળાશય ભરવાની પથરેખાની તાંત્રિક કમિટી દ્વારા મંજુરી મળેલ છે.

૩. બાલારામ નાની સિંચાઈ યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

૪. જિલ્લામાં તાલુકાવાર નીચે પ્રમાણે ચેકડેમ પૂર્ણ કરવામાં આવેલ છે.

| તાલુકાનું નામ | પૂર્ણ થયેલ ચેકડેમ | તાલુકાનું નામ | પૂર્ણ થયેલ ચેકડેમ |
|---|---|---|---|
| પાલનપુર | ૫૬ | ડીસા | ૬૫ |
| વડગામ | ૨૨૦ | કાંકરેજ | ૫૨ |
| દિયોદર | ૧૩ | દાંતીવાડા | ૧૯૧ |
| ધાનેરા | ૪૬ | અમીરગઢ | ૨૧૦ |
| વાવ | ૨૩ | ભાભર | ૬૫ |
| દાંતા | ૧૪૭ | થરાદ | ૦૧ |
| કુલ ..... | ૧૦૮૯ | | |

ઉક્ત કામગીરી જેવી કે સ્પ્રેડીંગ કેનાલ, ચેકડેમ બાલારામ સિંચાઈ યોજના વગેરે કામગીરી માટે સુજલામ્ સુફલામ્ યોજના સદરે ચાલુ વર્ષ જુલાઈ-૨૦૦૫ સુધી રૂા. ૯.૪૨ કરોડ ખર્ચ થયેલ છે.

----------

**મહી નદી આધારિત હિન્દ્રોલીયા અને કારંટા જૂથ પાણી પુરવઠા યોજના માટે ચેકડેમ બનાવવા બાબત**

૧૩૬૧૦**શ્રી કાળુભાઇ હી. માલીવાડ(લુણાવાડા):માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં મહી નદી આધારિત "હિન્દ્રોલીયા" અને "કારંટા" જૂથ પાણી પુરવઠા યોજનામાં કુવા કાયમી રીચાર્જીંગ થાય તે માટે મહી નદી પર ચેકડેમ બનાવવાની સર્વે અંગેની કામગીરી ક્યા તબક્કે છે, અને | (૧) આ યોજનાઓના સોર્સ ઉપર મહી નદીનું પૂરતું પાણી ઉપલબ્ધ થતું હોય ચેકડેમના સર્વે અંગે કાર્યવાહી હાથ ધરવામાં આવેલ નથી. |
| (૨) આ ચેકડેમ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ? | (૨) પ્રશ્ન રહેતો નથી. |

----------

**રાજકોટ મહાનગરપાલિકાની હદમાં આવેલ ઝુંપડપટ્ટી**

૧૩૫૨૦**શ્રી ટપુભાઈ લીંબાસિયા(રાજકોટ-૧):માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ મહાનગરપાલિકાની હદમાં તા. ૩૧-૮-૨૦૦૫ની સ્થિતિએ કુલ કેટલી ઝુંપડપટ્ટી છે, અને | (૧) ૬૯ |
| (૨) તેમાં કેટલા કુટુંબો વસવાટ કરે છે ? | (૨) ૪૪,૫૧૬ |

----------

**ખેડબ્રહ્મા તથા વિજયનગર તાલુકાના ૫૦૦ થી વધુ વસ્તી ધરાવતા ગામોના રસ્તાઓને ડામર રોડ કરવા બાબત**

૧૩૭૭૬**શ્રીમતી રમીલાબેન બે. બારા(ખેડબ્રહ્મા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તથા વિજયનગર તાલુકાના ૫૦૦ થી વધુ વસ્તી ધરાવતા ક્યા ક્યા ગામોના રસ્તાઓને તા. ૧૬મી ઓગષ્ટ, ૨૦૦૫ની સ્થિતિએ ડામર રોડ સપાટીથી જોડાયા નથી, | (૧) મેટલ સપાટીથી જોડાયેલ ૧૬ ગામો કે જે ડામર સપાટીથી જોડવાના બાકી છે તેની યાદી સામેલ પત્રક-૧ મુજબ |
| (૨) આ ગામોના રસ્તાઓને ડામર રોડ સપાટીથી જોડવાનું શું આયોજન છે, અને | (૨) અને (૩) હાલમાં કોઈ આયોજન નથી. |
| (૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | |

**પત્રક-૧**

| અનુ. નં. | તાલુકો | રસ્તાનું નામ | ગામનું નામ |
|---|---|---|---|
| (૧) | ખેડબ્રહ્મા | મોવતપુરા નાડા રોડ | નાડા |
| (૨) | "" | લાંબડીયા દેડકા રોડ | દેડકા |
| (૩) | "" | ખેરોજ બબુડીયાના છાપરા | બબુડીયાના છાપરા |
| (૪) | "" | પોશીના પેટા છાપરા રોડ | પેટા છાપરા (યો) |
| (૫) | "" | પાટડીયા-પાથોરા રોડ | પાથોરા |
| (૬) | "" | લાંબડીયા દેડકા પોલાપણ રોડ | પોલાપણ |
| (૭) | "" | સેંબલીયા (પ્રો) અંબાસણ રોડ | અંબાસર |
| (૮) | "" | પડાયાટ સોનગઢ રોડ | સોનગઢ |
| (૯) | "" | દેરોલથી વાઘેશ્વરી રોડ | વાઘેશ્વરી |
| (૧૦) | "" | ખેરગઠ ખેરીવાવ રોડ | ખેરગઢ |
| (૧૧) | વિજયનગર | ગાડી એપ્રોચ રોડ | ગાડી |
| (૧૨) | "" | સ્ટેટ હાઈવે થી અંદ્રોખા ભાંભુડી રોડ | અંદ્રેખા |
| (૧૩) | "" | આંતરસુબા વિરપુર રોડ | વિરપુર |
| (૧૪) | "" | નવાખોલા એ. રોડ | નવાખોલા |
| (૧૫) | "" | ભાંભુડી અદેપુર રોડ | અદેપુર |
| (૧૬) | "" | સ્ટેટ હાઈવેથી આંતરી રોડ | આંતરી |

----------

## નર્મદાનું વધારાનું પાણી સૌરાષ્ટ્રને આપવા આયોજન

૧૩૪૪૩**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર):માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદામાંથી વહી જતું વધારાનું પાણી સૌરાષ્ટ્રને આપવા શું આયોજન કરેલ છે, | (૧) નર્મદા યોજનાની ૬ પ્રશાખાઓને છેદ્દતી સૌરાષ્ટ્રની ૧૭ નદીઓ પર ૧૦૭ ચેકડેમ બાંધવા તેમજ મોરબી પ્રશાખાને મચ્છુ-૨ જળાશય સાથે જોડી ફુલઝર-૨ યોજના સુધી લીન્ક કેનાલ કાઢીને અને બોટાદ પ્રશાખાને કાળુભાર સાથે જોડીને કાળુભારથી રાયડી સુધી લીન્ક કેનાલ કાઢીને પથરેખામાં આવતાં જળાશયો પૂરના પાણીનો સંગ્રહ કરવાનું આયોજન છે. |
| (૨) કેટલું પાણી આપવામાં આવશે, અને | (૨) ૧ મીલીયન એકર ફુટ. |
| (૩) સમગ્ર યોજના પાછળ કેટલો ખર્ચ થશે અને ક્યારે પૂરી કરાશે ? | (૩) પ્રાથમિક અંદાજ પ્રમાણે રૂા. ૫૧૫ કરોડ કામગીરી ૨૦૦૯માં પૂર્ણ કરવા આયોજન છે. |

----------

## રાજકોટ જિલ્લાની નગરપાલિકાઓને વિકાસ વર્ષ નિમિત્તે ફાળવવામાં આવેલ વધારાની ગ્રાન્ટ

૧૩૬૯૯**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** **જવાબ**

(૧) શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા રાજકોટ જિલ્લાની નગરપાલિકાઓને કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૧)

| નગરપાલિકાઓનું નામ | ફાળવવામાં આવેલ ગ્રાન્ટની રકમ (રૂા. લાખમાં) |
|---|---|
| ગોંડલ | ૨૦૦ |
| વાંકાનેર | ૨૧૧ |
| ધોરાજી | ૧૫૦ |
| જેતપુર-નવાગઢ | ૨૦૦ |
| મોરબી | ૨૦૦ |
| ઉપલેટા | ૧૫૦ |
| જસદણ | ૧૦૦ |
| ભાયાવદર | ૧૨૦ |

(૨) ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી કઈ નગરપાલિકાઓએ ક્યા ક્યા કામો હાથ ધર્યા ?

(૨)

| નગરપાલિકાઓનું નામ | નગરપાલિકાઓએ હાથ ધરેલ કામોની વિગતો | | |
|---|---|---|---|
| | પાણી પુરવઠાના કામો | રસ્તાના કામો | ગટરના કામો |
| ગોંડલ | ૨૦૦.૦૦ | ૦૦ | ૦૦ |
| વાંકાનેર | ૨૧૧.૦૦ | ૦૦ | ૦૦ |
| ધોરાજી | ૧૫૦.૦૦ | ૦૦ | ૦૦ |
| જેતપુર-નવાગઢ | ૦૦ | ૨૦૦.૦૦ | ૦૦ |
| મોરબી | ૦૦ | ૨૦૦.૦૦ | ૦૦ |
| ઉપલેટા | ૪૦.૦૦ | ૧૦.૦૦ | ૦૦ |
| જસદણ | ૧૦૦.૦૦ | ૦૦ | ૦૦ |
| ભાયાવદર | ૧૦૦.૦૦ | ૦૦ | ૨૦.૦૦ |

---------

**માતર તાલુકાના પરિએજ ગામના તળાવની પાળો મજબૂત કરવા બાબત**

૧૩૧૭૬**શ્રી રાકેશ રાવ(માતર) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૧૬-૮-૨૦૦૫ની સ્થિતિએ માતર તાલુકામાં આવેલ અને સમગ્ર સૌરાષ્ટ્રને પીવાના પાણીની સગવડ પૂરી પાડે છે તે પરિએજ તળાવ અતિવૃષ્ટિ દરમિયાન તૂટી જાય તેવી સ્થિતિ સર્જાતા પરિએજ, વિરોજા, સાયલા, બામણ તથા દલોલી ગામોને જોખમ ઉભું થયું | (૧) હા, જી. |

હોવાની હકીકત ખરી છે,

| | |
|---|---|
| (૨) જો હા, તો આ તળાવની પાળોને મજબૂત બનાવવા માટે રાજ્ય સરકાર શું આયોજન કરવા માગે છે, અને | (૨) પરીએજ તળાવની પાળોને મજબુત બનાવવા માટે મજબુતીકરણના કામો ચોમાસા બાદ હાથ ધરવાનું આયોજન છે. |
| (૩) પરિએજ તળાવની આજુબાજુના ગામોને, ભવિષ્યમાં તળાવ તૂટે તો રક્ષણ મળી રહે તે માટે કેવા પ્રકારની વ્યવસ્થા આ ગામોમાં ઉભી કરવા માંગો છો ? | (૩) તળાવના વધારાના પાણીના નિકાલ માટે તાંત્રિક દ્રષ્ટિએ અભ્યાસ કરી, તળાવને સુરક્ષિત રાખવા જરૂરી આયોજન કરવામાં આવશે. |

----------

**વાજપાઇનગર વિકાસ યોજના નીચે મળેલ ગ્રાન્ટ**

૧૩૭૩૪**શ્રી જગદીશ ઠાકોર(દહેગામ):માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ઓગષ્ટ, ૨૦૦૫ની સ્થિતિએ રાજ્યને વાજપાઇ નગર વિકાસ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ કેન્દ્રમાંથી મળી હતી, કેટલી ખર્ચવામાં આવી, અને | (૧) શૂન્ય, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) આ યોજના હેઠળ જાહેર દિવાબત્તીના અને ગંદા વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓ, શૌચાલયો અને બાથરૂમની સુવિધા માટે કેટલી નગરપાલિકાઓને કેટલી ગ્રાન્ટ આપવામાં આવી ? | (૨) ૪૬ નગરપાલિકાઓને દિવાબત્તી માટે કુલ<br>રૂા. ૩૬૨ લાખની ગ્રાન્ટ,<br>૧૩૫ નગરપાલિકાઓને ગંદા વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓ, શૌચાલયો અને બાથરૂમની સુવિધા માટે કુલ રૂા. ૨૫૦૫.૯૧ લાખની ગ્રાન્ટ આપવામાં આવી. |

----------

**પ્રાથમિક શાળામાં બી.પી.એલ. કાર્ડધારકને જ ગણવેશ સહાય આપવા અંગે**

૧૩૭૦૧**શ્રી અમીત ચાવડા(બોરસદ) :માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પ્રાથમિક શાળામાં ગણવેશ સહાય માટે બી. પી. એલ. કાર્ડધારક ફરજીયાત બનાવવામાં આવ્યો છે તે હકીક્ત સાચી છે, અને | (૧) ના. જી. |
| (૨) જો હા, તો બી.પી. એલ.ના કાર્ડધારક ન હોય તેવા બાળકોને અન્યાય થતો રોકવા સરકારે શું વિચારેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## ભાવનગર જિલ્લામાં ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટ

૧૩૭૨૬**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ(ગઢડા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)ડૉ. આંબેડકર આવાસ યોજના અંતર્ગત અનુસૂચિત જાતિઓ માટે ભાવનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૧૬-૮-૨૦૦૫ની સ્થિતિએ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, | (૧) વર્ષ કુલ રકમ (રૂા. લાખમાં)<br>૨૦૦૩-૨૦૦૪ ૧૩.૪૩<br>૨૦૦૪-૨૦૦૫ ૬.૪૬<br>૨૦૦૫-૨૦૦૬ ૦.૭૫<br>કુલ : ૨૦.૬૪ |
| (૨) તે ગ્રાન્ટમાંથી ક્યા ક્યા તાલુકામાં ક્યા ક્યા ગામમાં કેટલા આવાસો બનાવ્યા અને કેટલા બાકી છે, અને | (૨) સામેલ પત્રક મુજબ |
| (૩) તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૩) રૂા. ૧૯.૬૦ લાખ |

**પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ગામદીઠ બાંધવામાં આવેલ આવાસોની સંખ્યા | ગામદીઠ બાંધવાના બાકી આવાસની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | **બોટાદ** | પાળીયાદ | ૩ | ૨ |
| | | સમઢીયાળા | ૨ | ૧ |
| | | કુંભારા | ૧ | |
| | | તુરખા | ૧ | ૨ |
| | **બોટાદ** | રંગપર | ૧ | |
| | | બોટાદ | ૧૯ | |
| | | હડદડ | ૦ | ૨ |
| | | ભાંભલા | ૦ | ૧ |
| (૨) જો હા, તો આ પુર સંરક્ષણ દિવાલો સત્વરે બની જાય તે માટે રાજ્ય સરકારનું શું આયોજન છે ? | (૨) પુર સંરક્ષણ દિવાલો સત્વરે બની જાય તે માટે નાણાકીય જોગવાઈને આધીન કામગીરી સત્વરે હાથ ધરવાનું આયોજન છે. |

----------

**દહેગામ તાલુકામાં અતિવૃષ્ટિના કારણે ગ્રામ્ય માર્ગ અને સ્ટેટ હાઈવેને નુક્સાન**

૧૩૭૩૫**શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુન-જુલાઈ-૦૫માં દહેગામ તાલુકામાં અતિવૃષ્ટિના કારણે તાજેતરમાં કેટલા ગ્રામ્ય માર્ગ-સ્ટેટ હાઈવે અને સીસી રોડને નુક્સાન થયું, | (૧) દહેગામ તાલુકાના ૫૫ ગ્રામ્ય માર્ગો (પ્લાન) અને ૩ રાજ્ય ધોરી માર્ગોને અતિવૃષ્ટિના કારણે નુક્સાન થયેલ છે. |
| (૨) તે માટે સરકારે શું આયોજન કર્યું છે, અને | (૨) અને (૩) માર્ગોને તાત્કાલિક મરામત કરી વાહનવ્યવહાર યોગ્ય બનાવાયેલ છે. |
| (૩) આ માર્ગો ને ક્યાં સુધીમાં રીપેર કરવામાં આવશે? | |

## ભાવનગર જિલ્લામાં સો ચોરસવારના પ્લોટની ફાળવણી

૧૩૭૨૭**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ(ગઢડા) :માનનીય ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તાલુકાવાર તા.૧૬-૮-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં ૧૦૦ ચો.વારના પ્લોટ ફાળવવા માટે લેન્ડ કમીટીની કેટલી બેઠકો મળી,

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૧૬-૮-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં નીચે મુજબ ૧૦૦ ચો.વારના પ્લોટ ફાળવવા માટે લેન્ડ કમીટીની તાલુકાવાર કુલ-૧૬ બેઠકો મળી.

| ક્રમ | તાલુકાનું નામ | લેન્ડ કમીટીની મળેલ બેઠકની કુલ સંખ્યા. |
|---|---|---|
| ૧. | ભાવનગર | ૦૦ |
| ૨. | ઘોઘા | ૦૩ |
| ૩. | તળાજા | ૦૨ |
| ૪. | મહુવા | ૦૧ |
| ૫. | ગારીયાધાર | ૦૨ |
| ૬. | પાલીતાણા | ૦૦ |
| ૭. | શિહોર | ૦૧ |
| ૮. | ઉમરાળા | ૦૧ |
| ૯. | વલ્લભીપુર | ૦૨ |
| ૧૦. | ગઢડા | ૦૦ |
| ૧૧. | બોટાદ | ૦૦ |
| | કુલ : | ૧૬ |

(૨) આ કમિટીમાં કેટલી અરજીઓ વિચારણામાં લેવામાં આવી અને કેટલા પ્લોટ ફાળવવામાં આવ્યા, અને

(૨) આ કમિટીમાં કુલ-૩૩૬૪ અરજીઓ વિચારણામાં લેવામાં આવી અને કુલ-૧૪૨૮ અરજીઓના લાભાર્થીઓને પ્લોટ ફાળવવામાં આવ્યા.

(૩) કેટલા પ્લોટ ફાળવવાના બાકી છે?

(૩) કોઈ પ્લોટ ફાળવવાના બાકી નથી.

-----------

## ભરૂચ-દહેજના માર્ગના બાંધકામથી પાણીનો ભરાવો થવા બાબત

૧૩૧૭૫**શ્રીમતી રશીદા ઈ. પટેલ(વાગરા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં પડેલ ભારે વરસાદના કારણે ભરૂચ જિલ્લાની ઓદ્યોગિક વસાહત દહેજને જોડતા ભરૂચ-દહેજ માર્ગના બાંધકામના કારણે કેટલાક વિસ્તારોમાં પાણી રોકાવાના કારણે થયેલ ભારે તારાજીથી સરકાર વાકેફ છે,

**જવાબ**

(૧) તાજેતરમાં રાજ્યમાં તથા ભરૂચ જિલ્લામાં અતિભારે વરસાદને કારણે ભરૂચ દહેજ રસ્તાની ઉપરથી પાણી વહેતુ હતુ.

અને

(૨) જો હા, તો આ પાણીના નિકાલ માટે કેટલી ફરિયાદો સરકારને ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં તા. ૧૬-૮-૨૦૦૫ સુધીમાં મળી છે?

(૨) છ (૬)

-----------

**રેફડા અને ચાંચરીયા ગામને પીવાનું પાણી પુરું પાડવા બાબત**

૧૩૭૧૮**શ્રી ભરતભાઈ પંડયા(ધંધૂકા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

બરવાળા તાલુકાનાં રેફડા અને ચાંચરીયા ગામને કેટલા સમય સુધીમાં પીવાના પાણીની પાઈપ લાઈન નાખી પાણી પૂરૂ પાડવામાં આવશે?

**જવાબ**

માહે ૧૦/૨૦૦૫ સુધીમાં કામગીરી પૂર્ણ કરી પાણી પુરુપાડવાનું આયોજન છે.

-----------

**ભરૂચ જિલ્લામાં સહકારી મંડળીઓના રજીસ્ટ્રેશન રદ કરવાની રજૂઆત**

૧૩૩૩૯**શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર ):માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) જુલાઈ-૨૦૦૫ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં સહકારી કાયદા અન્વયે નોંધાયેલી પરંતુ કામકાજ ન કરતી હોય એવી સહકારી મંડળીઓની સંખ્યા કેટલી,

(૨) આવી મંડળીઓના રજીસ્ટ્રેશન રદ કરવા માટેની અરજીઓ સરકારને મળી છે કે કેમ, અને

(૩) જો હા, તો આવી મંડળીઓના રજીસ્ટ્રેશન રદ નહીં કરવાના કારણો શાં છે?

**જવાબ**

(૧) ૪૭૩

(૨) ના, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં પાકા ડામરના રસ્તાથી વંચિત ગામો**

૧૩૩૪૬**શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા) :માનનીય માર્ગ અને મકાનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો તા.૩૧-૭-૦૫ સુધીમાં પાકા ડામર રસ્તાઓથી વંચિત છે,

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ડામર રસ્તાથી વંચિત ગામો નીચે મુજબ છે.

| તાલુકો | ગામની સંખ્યા |
|---|---|
| અમીરગઢ | ૧૧ |
| દાંતા | ૩૫ |
| દાંતીવાડા | ૩ |

| | |
|---|---|
| ડીસા | ૧ |
| દીયોદર | ૩ |
| ધાનેરા | ૧ |
| કાંકરેજ | ૭ |
| પાલનપુર | ૧ |
| થરાદ | ૫ |
| વડગામ | ૨ |
| વાવ | ૬ |

**કુલ ૭૫**

(૨) આ ગામોને રસ્તાથી જોડવા સરકારનું ક્યા પ્રકારનું આયોજન છે, અને

(૨) ૭૫ ગામો પેકી ૭ ગામોને ડામર રસ્તાથી જોડવાનું આયોજન છે, ૧૫ ગામો વન અભયારણ્યમાં અને ૧ ગામ રક્ષિત વન વિસ્તારમાં આવેલ હોઈ જોડી શકાય તેમ નથી, ૨ ગામો ડૂબમાં ગયેલ હોવાથી રસ્તાથી જોડવાના રહેતા નથી.

૧૦૦૦થી વધુ વસ્તી ધરાવતા ૫ મેટલ સપાટીથી જોડાયેલ ગામોને ડામર કરવાનું આયોજન વિચારણામાં છે જ્યારે ૧૦૦૦થી ઓછી વસ્તી ધરાવતા ૪૫ ગામો મેટલ સપાટીના રસ્તાથી જોડાયેલ હોય ડામર કરવાનું આયોજન નથી.

(૩) કેટલા સમયમાં તે પૂર્ણ કરવામાં આવશે?

(૩) ડામર રસ્તાથી જોડવાનું આયોજન કરેલ ૭ ગામોના રસ્તા બનતી ત્વરાએ.

-----------

**રાજ્યમાં કૃષિ રથયાત્રા માટે કરેલ ખર્ચ**

૧૩૩૪૩**શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના):માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં કૃષિ રથયાત્રાના કરેલ આયોજન અન્વયે તા.૩૧-૭-૦૫ સુધીમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં કૃષિ રથયાત્રાના કરેલ આયોજન અન્વયે તા.૩૧-૭-૦૫ સુધીમાં નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

(૧) કૃષિ રથ (ફરતુ પ્રદર્શન) રૂા. ૪,૮૦,૯૯,૦૦૦

(૨) **કિટસ વિતરણ ખર્ચ**

કૃષિ કિટસ રૂા. ૫,૦૧,૭૫,૮૧૫

બાગાયત કિટસ રૂા.

૮,૯૨,૨૧,૮૦૦

પશુપાલન કિટસ રૂા. ૭૯,૮૫,૦૦૦

(૩) પ્રચાર/સાહિત્ય રૂા. ૪૦,૮૩,૦૦૦

(૪) કિશાન શિબિર/બેઠક રૂા. ૧૩,૧૧,૦૦૦

(૫) ગામ તળાવ ઉંડા કરવાનો ખર્ચ રૂા. ૬,૬૬,૩૮,૦૦૦

(૬) પશુ રસીકરણ ખર્ચ રૂા. ૮૬,૮૬,૦૮૮

**કુલ** રૂા. ૨૭,૬૧,૯૯,૭૦૩

-----------

**નડીયાદ તાલુકાના આલજડાથી મંજીપુરાને એપ્રોચ પુલની મંજૂરી આપવા બાબત**

૧૩૨૦૮**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના આલજડાથી મંજીપુરાને એપ્રોચ પુલની મંજૂરી ક્યારે આપવામાં આવી, | (૧) પુલના કામની મંજૂરી જાન્યુઆરી "૯૨માં તથા એપ્રોચની મંજુરી એપ્રીલ ૯૯થી આપેલ છે. |
| (૨) હાલ તેની કામગીરી ક્યા તબક્કે છે, અને | (૨) પુલનું કામ પૂર્ણ તથા એપ્રોચમાં અંશતઃ માટીકામ પુર્ણ થયેલ છે. |
| (૩) તા. ૧૬-૮-૨૦૦૫ સુધીમાં આ અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે? | (૩) રૂા. ૧૨૧.૬૭ લાખ |

-----------

**પાલીતાણા તાલુકાની પાંડેરીયા જૂથ પાણી પુરવઠા યોજના**

૧૩૨૯૩**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા):માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) પાલીતાણા તાલુકામાં આવેલ પાંડેરીયા જૂથ પાણી પુરવઠાની યોજના ક્યારે મંજૂર થઈ, | (૧) તા.૩૧-૧૨-૦૨ના રોજ મંજુર થયેલ છે. |
| (૨) તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ આ યોજનાનું કામ | (૨) યોજના બાંધકામના વિવિધ તબક્કે છે. |

ક્યા તબક્કે છે, અને

(૩) ક્યારે તે પૂર્ણ કરવામાં આવશે?

(૩) માર્ચ-૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

**અમદાવાદ મહેસાણા હાઈવેનો સર્વીસ રોડ પહોળો કરવા બાબત**

૧૩૪૦૭ડૉ. **અતુલ કે. પટેલ(કલોલ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| અમદાવાદ-મહેસાણા હાઈવે જે એલ. એન્ડ ટી. દ્વારા બનાવવામાં આવેલ છે તેની બંને બાજુમાં સર્વીસ રોડ છે, તે સર્વીસ રોડ ક્યાં સુધીમાં પહોળો કરવામાં આવશે? | સર્વિસ રોડ જરૂરિયાત મુજબ પહોળો બનાવેલ છે. |

-----------

**લીંબડી તાલુકામાં અતિવૃષ્ટિથી નુક્સાનની પાક વીમાની ચૂકવવાની રકમ**

૧૩૧૯૮**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુન-જુલાઈ-૨૦૦૫ની અતિવૃષ્ટિમાં લીંબડી તાલુકામાં કૃષિ પાકને કેટલું નુક્સાન થયું છે, | (૧) જુન-જુલાઈ-૨૦૦૫માં અતિવૃષ્ટિથી લીંબડી તાલુકામાં કૃષિ પાકોને ૬૫૫ હેકટરમાં રૂા. ૮,૩૯,૦૦૦/- નું અંદાજિત નુક્સાન થયેલ છે. |
| (૨) આ નુક્સાન અંગે કૃષિ પાક-વીમાની કેટલી રકમ ચૂકવવાની થાય છે, અને | (૨) પાક વીમા માટે રાષ્ટ્રીય કૃષિ વીમા યોજનામાં કેન્દ્ર સરકારશ્રી નિયુક્ત અમલીકરણ સંસ્થા ભારતીય કૃષિ વીમા કંપનીના જણાવ્યાનુસાર યોજનાની જોગવાઈ મુજબ પાક કાપણી અખતરાંના પરિણામોનાં આધારે દાવાઓની ચુકવણી કરવાની થશે. તેથી ઋતુના અંતે જ દાવાઓની પરિસ્થિતિ જાણી શકાશે. |
| (૩) આ રકમ ક્યારે ખેડૂતોને ચૂકવવામાં આવશે? | (૩) -ઉપર મુજબ- |

**કચ્છ જિલ્લામાં પરકોલેટીંગ વેલ બનાવવા બાબત**

૧૩૭૮૧**શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ૧૫૦ રિચાર્જ-વેલ (પરકોલેટીંગ વેલ) તેયાર કરવાનું આયોજન થયું છે તે હકીક્ત સાચી છે. | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ૧૬મી ઓગષ્ટ-૨૦૦૫ની સ્થિતીએ આ આયોજન પેકી કેટલા રિચાર્જ-વેલ તેયાર કરવામાં આવ્યા, અને | (૨) આયોજન પેકી કોઈ રિચાર્જ-વેલ તેયાર કરવામાં આવેલ નથી. |

| | |
|---|---|
| (૩) બાકીના ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ? | (૩) નાણાંકીય ઉપલબ્ધી અનુસાર આ કામો હાથ ધરવામાં આવશે. |

-------------

**રાજ્યમાં પશુપાલન યુનિવર્સિટીની સ્થાપના અંગે**

૧૩૨૫૦**શ્રી માલજીભાઈ દે. દેસાઈ(ચાણસ્મા):માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૧૬-૮-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યમાં પશુપાલન યુનિવર્સિટીની સ્થાપના કરવા માટે સરકારે કોઈ વિચારણા કરી છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ કામ હાલ ક્યા તબક્કે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**મોરબી શહેરમાં પીવાના પાણીની યોજના**

૧૩૮૧૬**શ્રી કાંતિભાઇ અમૃતિયા (મોરબી): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મોરબી શહેરમાં પીવાના પાણીની યોજના જે મંજૂર કરવામાં આવેલ છે. તેમાં ફિલ્ટર પ્લાન્ટ, પાણીની ઉંચી ટાંકીઓ, પાણીની લાઈનો બદલાવવાની કામગીરી ચાલુ છે તે કેટલા સમયમાં પુરી કરવામાં આવશે, | (૧) ફિલ્ટર પ્લાન્ટ માહે ૧૦-૨૦૦૫ અને પાણીની ઉંચી ટાંકીઓ તથા પાઈપ લાઈનના કામો માહે ૩-૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૨) આ યોજનામાં અંદાજે કેટલો ખર્ચ થયો છે, અને | (૨) રૂા. ૨૦.૦૯ કરોડ |
| (૩) હજી કેટલો ખર્ચ થવાનો અંદાજ છે ? | (૩) રૂા. ૧૭.૮૭ કરોડ |

----------

**ઉમરગામ સુગર ફેક્ટરી ચાલુ કરવા અંગે**

૧૩૭૦૯**શ્રી શંકરભાઈ મં. વારલી(ઉમરગામ):માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ઉમરગામ તાલુકામાં દમણગંગા સુગર ફેક્ટરી કેટલા સમયથી બંધ છે, અને | (૧) આ સુગર ફેક્ટરી હાલ બાંધકામ હેઠળ છે. |
| (૨) આ સુગર ફેક્ટરીને ચાલુ કરાવવા સરકારનું શું આયોજન છે ? | (૨) ખાંડ સહકારી મંડળીની એન.સી.ડી.સી.ની નાણાંકીય ટર્મલોન માટેની બાબત એન.સી.ડી.સી. સાથે વિચારણા હેઠળ છે. |

-------------

## કૃષિ મહોત્સવથી કિસાનોને વિશિષ્ટ લાભ

૧૩૮૦૯**શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ):માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

કૃષિ મહોત્સવ-૨૦૦૫ દરમ્યાન રાજ્યના કિસાનોને ક્યા ક્યા પ્રકારના વિશિષ્ટ લાભો અને નવી જાણકારી આપવામાં આવી ?

**જવાબ**

કૃષિ મહોત્સવ-૨૦૦૫ દરમ્યાન રાજ્યના કિસાનોને કૃષિ, બાગાયત, તેમજ પશુપાલન ક્ષેત્રે નીચે મુજબના વિશિષ્ટ લાભો અને જાણકારી આપવામાં આવી.

| ૧ | કિટ્ટસ વિતરણ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| (અ) | કૃષિ કીટ | ૯૧,૪૬૫ |
| (બ) | બાગાયત કીટ | ૯૧,૫૮૦ |
| (ક) | પશુપાલન કીટ | ૯૦,૪૫૪ |
| (૨) | સોઈલ હેલ્થ કાર્ડ | ૯,૪૭,૧૫૬ |
| | (સમપ્રમાણ ખાતરના ઉપયોગ અને માર્ગદર્શન) | |
| (૩) | ન્યુ સોઈલ હેલ્થ કાર્ડ | ૫,૬૩,૪૪૭ |
| | (જમીનની ચકાસણીના નમુના) | |
| (૪) | કિસાન ક્રેડીટ કાર્ડ (સરળ ધિરાણની વ્યવસ્થા) | ૧,૫૪,૮૨૦ |
| (૫) | પશુરસીકરણ | ૪૩,૪૦,૦૦૮ |
| (૬) | ખેત તલાવડી | ૩૧,૬૯૩ |
| (૭) | બેન્કેબલ સ્કીમ (સરળ લોનની વ્યવસ્થા) | ૨૨.૯૬૯ |
| (૮) | વાડી યોજના | ૧૫,૧૭૬ |
| | સામુહિક લાભાર્થી યોજના | |
| (૧) | બોરીબંધ | ૨૧,૫૮૫ |
| (૨) | ચેકડેમ | ૮,૫૩૧ |
| (૩) | ગામતલાવ | ૩,૦૫૪ |
| (૪) | ગ્રામ કૃષિ આયોજન | ૧૮,૬૦૦ |
| (૫) | નવી દૂધ સહકારી મંડળીની સ્થાપના | ૭૧૬ |
| (૬) | નવી ક્રેડીટ કો. ઓ. સોસાયટીની સ્થાપના (૩૧૦ મહિલા મંડળીઓ) | ૪૭૬ |
| (૭) | કિસાન રથ દ્વારા મુલાકાત લેવાયેલ ગામોની સંખ્યા (કૃષિ નિષ્ણાતો વૈજ્ઞાનિકો દ્વારા નિદર્શન અને માર્ગદર્શન) | ૧૮,૦૦૬ |
| (૮) | ખેત ઓજારોનું પ્રદર્શન | ૨૨,૧૭૫ |
| (૯) | ભીત સૂત્રો | ૩,૮૦,૭૫૭ |
| (૧૦) | કિસાન શિબીરમાં ખેડૂતોને માર્ગદર્શન | ૨૮,૨૪,૯૭૧ |
| (૧૧) | ખેડૂતોને અંગત માર્ગદર્શન | ૬,૭૭,૯૩૯ |
| (૧૨) | વોટર શેડ | ૪,૦૪૭ |

-------------

## રાજ્યના માછીમારોના કુટુંબીજનોને આર્થિક સહાય

૧૩૫૦૫**શ્રી જેસાભાઈ ભા. બારડ(સોમનાથ): માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) રાજ્યના જે માછીમારોને પાકિસ્તાન દ્વારા પકડી જેલમાં લઈ જવાય છે તે માછીમારોના કુટુંબીજનોને દિવસના રૂા. ૫૦/- લેખે આર્થિક સહાય આપવાની રાજ્ય સરકારની યોજના છે, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૭-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા માછીમારોના કુટુંબને કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી, અને

**જવાબ**

(૧) હા.

(૨) તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૨૨૧ માછીમારોના કુટુંબને રૂા. ૩૮,૭૭,૯૫૦/- ની રકમ સહાય પેટે ચૂકવવામાં આવી છે.

(૩) આવી સહાય ચૂકવવી બાકી હોય તો તેના શાં કારણો છે ?

(૩) વહીવટી અને નાણાંકીય ચકાસણીને આધીન બાકી રકમ ચૂકવવાની કાર્યવાહી ચાલુ છે.

-------------

**કચ્છ જિલ્લામાં રસ્તાઓને ડામર કરવા બાબત**

૧૩૭૨૫**શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા. ૧૫-૮-૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા નવા રસ્તાઓને ડામરમાં ફેરવવા કેટલા ખર્ચે કઈ કઈ યોજના હેઠળ મંજુરી આપવામાં આવી,

(૨) તે પૈકી કેટલા અને ક્યા ક્યા રસ્તાના કામો પૂરા થયા,

(૩) કેટલા રસ્તાના કામો અધૂરા છે અને જે રસ્તાના કામો શરૂ કરવામાં આવ્યા નથી તેના કારણો શા છે, અને

(૪) તે કેટલા સમયમાં પૂરા કરવામાં આવશે ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૧૫-૮-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૧૬ રસ્તાઓને પ્રથમ વખત ડામર કરવાની રૂા. ૫૮૫.૮૦ લાખની મંજૂરી આપવામાં આવેલ છે. સામેલ પત્રક મુજબ

(૨) મંજૂર કામો પૈકી ૩ કામો પૂરા થયેલ છે.
(૧) ખુઅડો એપ્રોચ રોડ
(૨) મંજલ વરંડી મોટી એપ્રોચ રોડ
(૩) મોડ પર એપ્રોચ રોડ

(૩) અને (૪) ૧૦ કામો પ્રગતિમાં છે અને ૩ કામોની એજન્સી નક્કી કરવાની કામગીરી હાથ પર છે. આ કામો બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે.

**પત્રક**

| અ.નં. | સદર | રસ્તાનું કામ | અંદાજીત રકમ (રૂા. લાખમાં |
|---|---|---|---|
| ૧ | ખાસ મરામત | ૧. ખુઅડો એપ્રોચ રોડ | ૧૫.૦૦ |
| | | ૨. મંજલ વરંડી મોટી એપ્રોચ રોડ | ૧૫.૦૦ |
| | | ૩. મોડપર એપ્રોચ રોડ | ૧૨.૦૦ |
| | | ૪. રાધા એપ્રોચ રોડ | ૧૨.૦૦ |
| | | ૫. વિથોણ ભડલી થરાવડા રોડ | ૧૫.૦૦ |
| | | ૬. ભચાઉ ગુણાતીતપુરા રોડ | ૨૧.૯૭ |
| | | ૭. ભાનાડા વાડાપધ્ધર રોડ | ૧૮.૧૦ |
| ૨ | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના | ૮. ગલપાદર સોસાયટી વિસ્તાર રોડ | ૨૦.૬૧ |
| | | ૯. અંતરજાલ સોસાયટી વિસ્તાર રોડ | ૨૩.૯૨ |
| | | ૧૦. કિડાણા સોસાયટી વિસ્તાર રોડ | ૪૪.૫૮ |
| | | ૧૧. હમીરપર ખેડુકાવાંઢ રોડ | ૯૭.૮૪ |
| | | ૧૨. રવનાની એપ્રોચ રોડ | ૧૬.૩૯ |
| | | ૧૩. સણવા ફુલપરા રોડ | ૧૧૬.૮૬ |
| | | ૧૪. સુખપરા એપ્રોચ રોડ | ૩૬.૬૮ |
| | | ૧૫. ઓડીવાંઢ એપ્રોચ રોડ | ૧૦.૭૬ |
| ૩. | બી.એ.ડી.પી. | ૧૬. જુના કટારીયા નારણસરી શિકારપર અમરતપર રોડ | ૬૦.૨૨ |
| | | **એકંદર કુલ - ૧૬ રસ્તા** | **૫૮૫.૮૦** |

------------

**રાજકોટ જિલ્લામાં કૃષિ મહોત્સવ પાછળ ખર્ચ**

૧૩૨૧૯**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ):માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) કૃષિ મહોત્સવ ૨૦૦૫ અંતર્ગત રાજકોટ જિલ્લામાં તાલુકાદીઠ ક્યા ક્યા હેતુ

**જવાબ**

(૧) કૃષિ મહોત્સવ-૨૦૦૫ અંતર્ગત રાજકોટ જિલ્લામાં તાલુકાદીઠ નીચે મુજબ ખર્ચ કરવામાં

| | |
|---|---|
| પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | આવ્યો.<br>(અ) કૃષિરથ (ફરતું પ્રદર્શન) તાલુકાદીઠ એક કિસાનરથનો રૂા. ૧,૭૧,૦૦૦ લેખે કુલ રૂા. ૨૩,૯૪,૦૦૦ કૃષિરથનો ખર્ચ થયો.<br>(બ) પ્રસાર/સાહિત્ય-રૂા. ૩,૮૨,૧૪૦ (તાલુકાવાર પત્રક-૨ સામેલ છે.)<br>(ક) કિટસ વિતરણ-કૃષિ કિટસ-રૂા. ૫૮,૬૪,૭૦૦<br>બાગાયત કિટસ-રૂા. ૪૨,૦૯,૩૦૨<br>પશુપાલન કિટસ-રૂા. ૩,૮૪,૫૧૮ (તાલુકાવાર પત્રક-૧ સામેલ છે.) ઉપરાંત તાલુકાદીઠ ઈનપુટ કિટસ લોડીંગ-અનલોડીંગ વાહતુક ખર્ચ રૂા. ૫૦૦૦/- લેખે રૂા. ૭૦,૦૦૦/- તથા જિલ્લા કક્ષાએ રૂા.૩૦,૦૦૦/- મળી કુલ રૂા. ૧/-લાખ ખર્ચ થયેલ છે.<br>(ડ) પશુ રસીકરણ ખર્ચ-જિલ્લામાં કુલ ૧,૬૭,૪૩૯ પશુઓને રસીકરણ કરવામાં આવ્યું જેનો કુલ ખર્ચ રૂા. ૨,૮૦,૯૨૧/- થયેલ છે,<br>(ઈ) ગામ તળાવ ઉંડા કરવા તથા જમીન સંરક્ષણની કામગીરીનો ખર્ચ (રૂા. ૧,૪૯,૬૦,૦૦૦/- (તાલુકાવાર પત્રક-૩ સામેલ છે) |
| (૨) ખેડૂતોને ક્યા પ્રકારના કિટસનું વિતરણ કરવામાં આવ્યું? | (૨) નીચે મુજબના કીટસનું વિતરણ કરવામાં આવેલ છે.<br>(અ) કૃષિ કિટસ-બિયારણ, જંતુનાશક દવા, રાસાયણિક ખાતર તથા હેન્ડ સ્પ્રેયર.<br>(બ) પશુપાલન કિટસ-જુવાર સ્વીટ સુદાન પાક્ના ઘાસચારા બિયારણનું કિટસ<br>(ક) શાક્ભાજી/મસાલા તથા પાક ઈનપુટ કિટસ. |

**પત્રક-૧**

કૃષિ મહોત્સવઃ ૨૦૦૫ અંતર્ગત રાજકોટ જિલ્લામાં તાલુકાદીઠ કિટસના વિતરણના ખર્ચનું પત્રક

| ક્રમ | તાલુકાનું નામ | મગફળી/તલના કૃષિ કિટસનો ખર્ચ રૂા. | શાક્ભાજી/મસાલા પાક ઈનપુટ કિટસનો ખર્ચ રૂા. | પશુપાલન કિટસનો ખર્ચ રૂા. |
|---|---|---|---|---|
| ૧. | રાજકોટ | ૬,૧૬,૯૮૦ | ૪,૪૬,૭૯૮-૮૫ | ૩૭,૯૯૨-૫૦ |
| ૨. | વાંકાનેર | ૬,૭૮,૦૦૦ | ૪,૮૮,૯૫૧-૫૫ | ૪૧,૭૫૦-૦૦ |
| ૩. | ગોંડલ | ૫,૪૨,૪૦૦ | ૩,૯૧,૯૦૩-૩૫ | ૩૩,૪૦૦-૦૦ |
| ૪. | જામ કંડોરણા | ૩,૩૯,૦૦૦ | ૨,૪૨,૧૮૮-૩૫ | ૨૦,૮૭૫-૦૦ |
| ૫. | જેતપુર | ૩,૨૫,૪૪૦ | ૨,૩૨,૯૭૬-૫૦ | ૨૦,૦૪૦,-૦૦ |
| ૬. | ધોરાજી | ૨,૦૩,૪૦૦ | ૧,૪૩,૬૬૯-૪૫ | ૧૨,૫૨૫-૦૦ |
| ૭. | ઉપલેટા | ૩,૪૫,૭૮૦ | ૨,૪૭,૧૭૮-૮૫ | ૨૧,૨૯૨-૫૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૮. | મોરબી | ૫,૪૯,૧૮૦ | ૩,૯૪,૯૦૦-૭૫ | ૩૩,૮૧૭-૦૦ |
| ૯. | માળીયા | ૨,૯૮,૩૨૦ | ૨,૧૨,૨૪૫-૩૫ | ૧૮૩૭૦-૦૦ |
| ૧૦. | ટંકારા | ૩,૪૫,૭૮૦ | ૨,૪૩,૮૨૪-૪૯ | ૨૦૦૪૦-૦૦ |
| ૧૧. | લોધીકા | ૨,૫૭,૬૪૦-૦૦ | ૧,૮૩,૫૯૩-૪૫ | ૧૫૮૬૫-૦૦ |
| ૧૨. | જસદણ | ૬૮૪૭૮૦ | ૪,૯૬,૭૦૩-૮૫ | ૪૨૧૬૭-૫૦ |
| ૧૩. | પડધરી | ૪,૦૦,૦૨૦ | ૨,૮૭,૦૯૩-૮૫ | ૨૪,૬૩૨-૫૦ |
| ૧૪. | કોટડા-<br>સાંગાણી | ૨,૭૭,૯૮૦ | ૧,૯૭,૨૭૩-૮૫ | ૧૭૧૧૭-૫૦ |
| | વધારાના | -- | -- | ૨૪,૬૩૨-૫૦ |
| | કુલ :- | ૫૮,૬૪,૭૦૦ | ૪૨,૦૯,૩૦૨-૪૯ | ૩,૮૪,૫૧૭-૫૦ |

## પત્રક-૨

## કૃષિ મહોત્સવ અંતર્ગત રાજકોટ જિલ્લામાં કૃષિ ગીતો, લોકડાયરો, ઓડિયો-વીડીયો કેસેટસ બનાવવા તેમજ સ્ટેશનરી પ્રિન્ટીગના ખર્ચનું પત્રક

| ક્રમ | તાલુકાનું નામ | ખર્ચ (રૂા.) |
|---|---|---|
| ૧. | રાજકોટ | ૩૩,૪૭૯ |
| ૨. | માળીયા-મીયાણા | ૨૫,૧૫૬ |
| ૩. | મોરબી | ૨૭,૮૪૦ |
| ૪. | વાંકાનેર | ૨૬,૭૫૨ |
| ૫. | પડધરી | ૨૨,૧૪૨ |
| ૬. | લોધીકા | ૨૯,૩૯૬ |
| ૭. | જામકંડોરણા | ૨૫,૧૯૬ |
| ૮. | ધોરાજી | ૨૯,૬૨૦ |
| ૯. | જેતપુર | ૨૬,૭૪૦ |
| ૧૦. | ગોંડલ | ૨૬,૬૪૦ |
| ૧૧. | કોટડાસાંગાણી | ૨૭,૦૨૧ |
| ૧૨. | જસદણ | ૨૭,૫૬૬ |
| ૧૩. | ટંકારા | ૨૫,૧૪૩ |
| ૧૪. | ઉપલેટા | ૨૯,૪૪૯ |
| | કુલ : | ૩,૮૨,૧૪૦ |

## પત્રક-૩

| તાલુકાવાર તથા યોજનાવાર થયેલ ખર્ચ | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ. નં. | તાલુકાનું નામ | એસ. એલ. સી.૧ ભોતિક | નાણાં હેકટર રૂ.લાખમાં | એસ. એલ. સી.૨ ભોતિક નાણાં હેકટર રૂ.લાખમાં | | એસ. એલ. સી.૧૧ ભોતિક નાણાં સંખ્યા રૂ.લાખમાં | | એસ. એલ. સી.૧૨ ભોતિક નાણાં સંખ્યા રૂ.લાખમાં | | એસ. એલ. સી.૧૪ ભોતિક નાણાં સંખ્યા રૂ.લાખમા | | એસ. એલ. સી.૨૨ ભોતિક સંખ્યા | નાણાં રૂ.લાખમાં | કુલ ભોતિક નાણાં હેકટર/સંખ્યા રૂા.લાખમાં | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧ | મોરબી | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૬ | ૬.૫૫ | ૭ | ૭.૬૭ | ૦ | ૦ | ૧૨ | ૪૨ | ૨૫ | ૫૬.૨૨ |
| ૨ | વાંકાનેર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦ | ૦ | ૧ | ૨.૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨.૧૦ |
| ૩ | ટંકારા | ૬.૦૦ | ૦.૫૮ | ૨.૦૦ | ૦.૧૧ | ૨ | ૧.૯૬ | ૨ | ૬.૫૧ | ૩ | ૩.૯૧ | ૦ | ૦૮/૭ | - | ૧૩.૦૭ |
| ૪ | માળીયા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨ | ૧.૬ | ૨ | ૩.૪૯ | ૧ | ૧.૧૧ | ૦ | ૦ | ૫ | ૬.૨૦ |
| ૫ | રાજકોટ | ૩.૦૦ | ૦.૨૧ | ૧.૦૦ | ૦.૦૮ | ૫ | ૮.૪૬ | ૮ | ૧૫.૭૧ | ૦ | ૦ | ૦ | ૦૪/૧૩ | - | ૨૪.૪૬ |
| ૬ | પડધરી | ૧૩.૦૦ | ૧.૨૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૨ | ૩.૯૧ | ૧ | ૧.૦૫ | ૦ | ૦ | ૦ | ૦૧૩/૩ | - | ૬.૧૭ |
| ૭ | લોધીકા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧.૧ | ૦ | ૦ ૧/૧ | - | ૧.૧૦ |
| ૮ | જસદણ | ૧.૦૦ | ૦.૦૦ | ૦.૦૭ | ૦.૦૦ | ૩ | ૫.૯૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૨૦/૩ | | ૬.૦૪ |
| ૯ | ગોંડલ | ૨૦.૦૦ | ૧.૭૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૨ | ૨.૪૯ | ૧ | ૦.૯૭ | ૦ | ૦ | ૦ | ૦ ૧૦/૩ | | ૫.૧૮ |
| ૧૦ | કોટડા-<br>સાંગાણી | ૧૦.૦૦ | ૦.૬૩ | ૦.૦૦ | ૦.૦૦ | ૦ | ૦ | ૧ | ૫.૫૫ | ૨ | ૧.૦૪ | ૦ | ૦ | ૩ | ૭.૨૨ |
| ૧૧ | ધોરાજી | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦ | ૦ | ૨ | ૨.૦૯ | ૦ | ૦ | ૦ | ૦ ૫૦/૨ | | ૨.૦૯ |
| ૧૨ | જેતપુર | ૫૦.૦૦ | ૪.૦૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૮ | ૭.૫૫ | ૦ | ૦ | ૧ | ૦.૭૯ | ૦ | ૦ | ૯ | ૧૨.૩૫ |
| ૧૩ | ઉપલેટા | ૭.૦૦ | ૦.૫૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૧ | ૦.૪૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ ૭/૧ | | ૧.૦૧ |
| ૧૪ | જામકંડોરણા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨ | ૨.૧૪ | ૨ | ૨.૮૨ | ૨ | ૧.૪૩ | ૦ | ૦ | ૬ | ૬.૩૯ |
| | કુલઃ | ૧૧૦.૦૦ | ૮.૯૫ | ૩.૦૦ | ૦.૧૯ | ૩૩ | ૪૧.૧૨ | ૨૭ | ૪૭.૯૬ | ૧૦ | ૯.૩૮ | ૧૨ | ૪૨૧૧૩/૮૨ | | ૧૪૯.૬૦ |

-----------

## નવસારી જિલ્લા પંચાયતમાં પશુ ડૉકટરોની ખાલી જગ્યાઓ

૧૩૨૨૭**શ્રીમતી ભારતીબેન ન. પટેલ(ચીખલી):માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લા પંચાયતના પશુ દવાખાનાઓમાં તા. ૩૧-૭-૨૦૦૫ની સ્થિતિએ કેટલા પશુ ડૉકટરોની જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

**જવાબ**

(૧) ૬ પશુ ચિકિત્સા અધિકારીની જગ્યાઓ નીચે જણાવેલ સમયથી ખાલી છે.

| અ. નં. | તાલુકો | પશુ દવાખાના | જગ્યા ક્યારથી ખાલી છે. |
|---|---|---|---|
| ૧ | ગણદેવી | અમલસાડ | ૯-૪-૦૪ |
| ૨ | ચીખલી | મોબાઈલ | ૨૨-૬-૯૯ |
| ૩ | ચીખલી | રાનકુવા | ૨૮-૪-૦૪ |
| ૪ | ચીખલી | ખેરગામ | ૧૫-૬-૦૨ |
| ૫ | વાંસદા | મોબાઈલ (વાંસદા) | ૧-૧૨-૯૯ |
| ૬ | વાંસદા | લીમઝર | ૧-૪-૦૩ |

(૨) આવી ખાલી જગ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી કરી, અને

(૨) પશુ ચિકિત્સા અધિકારીની ૫૦ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા ગુજરાત જાહેર સેવા આયોગને માંગણીપત્રક મોકલવામાં આવેલ છે. તેઓ તરફથી ઉમેદવાર ઉપલબ્ધ થાય ત્યાં સુધી ૫૦ ઉમેદવારોને સહાયક પશુચિકિત્સકો તરીકે નિમવા હુકમો કરવામાં આવ્યા છે.

(૩) આ પશુ ડૉકટરોની નિમણૂકો કેટલા સમયમાં કરવામાં આવશે ?

(૩) ગુજરાત જાહેર સેવા આયોગ તરફથી ઉમેદવારો ઉપલબ્ધ થયેથી નિમણુંક કરવામાં આવશે.

-----------

## નર્મદા યોજનામાં અબડાસા, નખત્રાણા અને લખપત તાલુકામાં પીવાનું પાણી આપવા બાબત

૧૩૩૫૪**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા(અબડાસા):માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનામાં પીવાના પાણીની પાઈપ લાઈન દ્વારા અબડાસા, નખત્રાણા, લખપત તાલુકાને કેટલા સમયમાં પીવાનું પાણી પહોંચતું કરવામાં આવશે ?

**જવાબ**

(૧) નર્મદા યોજનામાં પીવાના પાણીની પાઈપ લાઈન દ્વારા અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકાને ડીસેમ્બર-૨૦૦૬ સુધીમાં પાણી આપવાનું આયોજન છે.

-----------

## પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત મંજૂર થયેલા રસ્તા

૧૩૫૯૪**શ્રી કાંતિલાલ રે. ગામીત(સોનગઢ):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત સુરત જિલ્લાના સોનગઢ, માંડવી, ઉચ્છલ તેમજ નિઝર તાલુકામાં તા. ૩૧-૭-૨૦૦૫ સુધીમાં કેટલા રસ્તા મંજૂર થયેલ હતા અને તે પેકી કેટલા રસ્તાનું કામ પૂર્ણ થયેલ છે ? | કુલ ૨૦ રસ્તા મંજૂર થયેલ હતા, તે પેકી ૧ રસ્તાના કામો પૂર્ણ થયેલ છે. |

-----------

## વિરમગામ અને સાણંદ તાલુકામાં રસ્તા અને નાળા રીપેર કરવા બાબત

૧૩૬૦૪**શ્રી વજુભાઈ પ. ડોડિયા(વિરમગામ):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| જૂન-જુલાઈ, ૨૦૦૫ના ભારે વરસાદના પાણીથી વિરમગામ અને સાણંદ તાલુકાના ગામડાના રસ્તા અને નાળા તૂટી ગયા છે તો સરકારે સમારકામ માટે શાં પગલાં ભર્યા ? | માર્ગો અને નાળાની તાત્કાલિક મરામત કરી રસ્તાઓ વાહનવ્યવહાર યોગ્ય કરેલ છે. |

-----------

## મોરબી નગરપાલિકાને મહાનગરપાલિકામાં ફેરવવા બાબત

૧૩૫૩૧**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા):માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૭-૨૦૦૫ની સ્થિતિએ મોરબી નગરપાલિકાને મહાનગરપાલિકામાં ફેરવવા માટેની રાજ્ય સરકારને દરખાસ્ત મળેલ છે કે કેમ, અને | (૧) હા,જી. |
| (૨) જો હા, તો આ દરખાસ્તનો સરકાર ક્યારે સ્વીકાર કરવા માગે છે ? | (૨) આ બાબતમાં બંધારણીય જોગવાઈ મુજબ સમગ્રપાસાઓ ચકાસીને વિચારણા કરી શકાશે. |

## અમરેલી શહેરની પાણી પુરવઠા સુધારણા યોજનાને મંજૂરી આપવા બાબત

૧૩૬૯૬**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી):માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૭-૦૫ની સ્થિતિએ અમરેલી શહેરની પાણી પુરવઠા સુધારણા યોજના અંગેની દરખાસ્ત રાજ્ય સરકારને મળી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનાને વહીવટી મંજૂરી આપી અને સુચિત કામ કેટલા સમયમાં | (૨) નાણાની ઉપલબ્ધિ અનુસાર તબક્કાવાર યોજનાના કામો હાથ ધરી યોજના |

| | |
|---|---|
| પૂર્ણ કરવામાં આવશે ? | પૂર્ણ કરવાનું આયોજન છે. |

-----------

## છોટા ઉદેપુર અને પાવી જેતપુર તાલુકા વચ્ચે આવેલ સિંચાઈ વિભાગના રસ્તા અંગે

૧૩૫૪૦**શ્રી શંકરભાઈ વી. રાઠવા(છોટાઉદેપુર):માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| છોટા ઉદેપુર તાલુકાના ધોળીસામેલથી પાવી-જેતપુર તાલુકાના ભીખાપુરા સુધીનો સિંચાઈ વિભાગનો રસ્તો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | સને ૨૦૦૫-૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

## સાવલી તાલુકામાં આવેલા તળાવોને નર્મદા યોજનામાં સાંકળવા અંગે

૧૩૪૧૯**શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ(સાવલી):માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાવલી તાલુકામાં આવેલા જિલ્લા પંચાયત હસ્તકનાં સિંચાઈ તળાવોમાં પાણી ભરવા અંગે સરકાર વિચારે છે કે કેમ, | (૧) સારા વરસાદને કારણે તળાવો ભરાયેલ છે.<br>પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) આ સિંચાઈ, તળાવો નર્મદા યોજનાને સોંપવામાં આવે તેવી માંગણી સરકારમાં થઈ છે કે કેમ, અને | (૨) હા જી, |
| (૩) જો હા, તો તે અંગે શું આયોજન થયું છે? | (૩) આયોજન વિચારણા હેઠળ છે. |

-----------

## ધરોઈ ડેમ આધારિત ઉંચી ધનાલ જૂથ પાણી પુરવઠા યોજનાનું કામ

૧૩૭૭૮**શ્રીમતી રમીલાબેન બે. બારા(ખેડબ્રહ્મા):માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્મા તાલુકામાં ધરોઈ ડેમ આધારિત ઉંચી ધનાલ જૂથ પાણી પુરવઠા યોજના ૧૬મી ઓગષ્ટ, ૨૦૦૫ની સ્થિતિએ ક્યા તબક્કામાં છે, અને | (૧) સાબરકાંઠા જીલ્લામાં ખેડબ્રહ્મા તાલુકામાં ધરોઈ ડેમ આધારિત ઉંચી ધનાલ જૂથ પાણી પુરવઠા યોજના નથી પરંતુ ઉંચી ધનાલ ખાતે સાબરમતી નદી પર સોર્સ આધારિત ખેડબ્રહ્મા જૂથ યોજના છે. જેની કામગીરી પૂર્ણ થયેલ છે. |
| (૨) આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૨) પ્રશ્ન રહેતો નથી. |

-----------

## ખેડા અને માતર તાલુકામાં પૂરથી ખેતી લાયક જમીન ધોવાઈ જવા અંગે

૧૩૧૭૮**શ્રી રાકેશ રાવ(માતર):માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જુલાઈ, ૨૦૦૫ માં ખેડા જિલ્લાના માતર અને ખેડા તાલુકાઓમાં આવેલ પૂરના કારણે વાત્રક-શેઢી સાબરમતી નદીના કિનારાના વિસ્તારોની ખેતી લાયક જમીન ધોવાઈ જઈ, રેત પથરાઈ જતાં બીન ખેતી લાયક થઈ ગઈ હોવાની હકીકત રાજ્ય સરકારના ધ્યાને આવેલ કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ખેડા અને માતર તાલુકામાં કેટલી જમીન ધોવાઈ ગઈ છે તથા કેટલી જમીનમાં રેત પથરાઈ ગઈ છે ? | (૨) ખેડા અને માતર તાલુકામાં કુલ ૧૨૭૮.૯૨ હેક્ટર જમીન ધોવાઈ ગઈ છે અને ૨૧૮.૩૮ હેક્ટરમાં રેત પથરાઈ ગઈ છે. |

-----------

## ભાવનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનાના આવાસો પાછળ ખર્ચ

૧૩૭૨૮**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ(ગઢડા):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૧૬-૮-૨૦૦૫ની સ્થિતિએ ઈન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા આવાસો તાલુકાવાર ફાળવેલ છે, અને | (૧) ભાવનગર જિલ્લામાં કુલ ૧૧ તાલુકામાં છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૧૬-૮-૦૫ની સ્થિતિએ ઈન્દિરા આવાસ યોજના હેઠળ કુલ ૪૨૨૩ આવાસો પત્રક-અમાં દર્શાવ્યા મુજબ તાલુકાવાર ફાળવેલ છે. અને |
| (૨) તે પૈકી કેટલા મકાન પૂર્ણ થયા છે. તેનો કુલ ખર્ચ કેટલો થયેલ છે ? | (૨) તે પૈકી પત્રક-બમાં દર્શાવ્યા મુજબ કુલ ૧૧૬૧ મકાનો પૂર્ણ થયા છે અને તેનો કુલ ખર્ચ રૂા. ૪૦૩.૪૧ લાખનો ખર્ચ થયેલ છે. |

### ભાવનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ તાલુકાવાર આવાસોની ફાળવણીની વિગત.

**પત્રક-અ**

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ-૨૦૦૨-૦૩ | વર્ષ ૨૦૦૩-૦૪ | વર્ષ ૨૦૦૪-૦૫ | તા. ૧૬-૮-૦૫ સુધી વર્ષ ૨૦૦૫-૦૬ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ભાવનગર | ૩૫ | ૩૯ | ૪૯ | ૩૬૩ | ૪૮૬ |
| ૨ | બોટાદ | ૨૭ | ૩૦ | ૩૮ | ૨૮૨ | ૩૭૭ |
| ૩ | ઘોઘા | ૧૪ | ૧૬ | ૨૦ | ૧૪૭ | ૧૯૭ |
| ૪ | ગઢડા | ૨૬ | ૨૮ | ૩૭ | ૨૬૯ | ૩૬૦ |
| ૫ | ગારીયાધાર | ૨૦ | ૨૧ | ૨૮ | ૨૦૬ | ૨૭૫ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૬ | મહુવા | ૪૮ | ૫૪ | ૬૮ | ૫૦૫ | ૬૭૫ |
| ૭ | પાલીતાણા | ૨૭ | ૩૧ | ૩૯ | ૨૮૭ | ૩૮૪ |
| ૮ | શિહોર | ૩૧ | ૩૪ | ૪૪ | ૩૨૩ | ૪૩૨ |
| ૯ | ઉમરાળા | ૧૪ | ૧૬ | ૨૦ | ૧૪૬ | ૧૯૬ |
| ૧૦ | વલ્લભીપુર | ૨૦ | ૨૨ | ૨૮ | ૨૦૯ | ૨૭૯ |
| ૧૧ | તળાજા | ૪૦ | ૪૫ | ૫૭ | ૪૨૦ | ૫૬૨ |
| | કુલ.... | ૩૦૨ | ૩૩૬ | ૪૨૮ | ૩૧૫૭ | ૪૨૨૩ |

## ભાવનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ તાલુકાવાર પૂર્ણ થયેલ આવાસો અને ખર્ચની વિગત.

**પત્રક-બ**

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ-૨૦૦૨-૨૦૦૩ | | વર્ષ ૨૦૦૩-૨૦૦૪ | | વર્ષ ૨૦૦૪-૨૦૦૫ | | વર્ષ ૨૦૦૫-૨૦૦૬ તાઃ ૧૬-૮-૦૫ની સ્થિતિએ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પૂર્ણ મકાનોની સંખ્યા | થયેલ કુલ ખર્ચ | પૂર્ણ મકાનોની સંખ્યા | થયેલ કુલ ખર્ચ | પૂર્ણ મકાનોની સંખ્યા | થયેલ કુલ ખર્ચ | પૂર્ણ મકાનોની સંખ્યા | થયેલ કુલ ખર્ચ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | ભાવનગર | ૧૯ | ૬.૯૨ | ૩૬ | ૧૨.૬૭ | ૩૨ | ૧૦.૮૩ | ૦૧ | ૧.૨૨ |
| ૨ | બોટાદ | ૧૪ | ૮.૦૧ | ૩૭ | ૧૧.૨૬ | ૪૬ | ૧૬.૯૬ | ૧૬ | ૬.૪૫ |
| ૩ | ઘોઘા | ૧૪ | ૨.૬૫ | ૦૯ | ૪.૨૫ | ૨૩ | ૭.૦૮ | ૦૦ | ૯.૫૩ |
| ૪ | ગઢડા | ૩૫ | ૬.૯૨ | ૦૯ | ૮.૫૬ | ૩૯ | ૧૫.૭૦ | ૦૯ | ૨.૭૩ |
| ૫ | ગારીયાધાર | ૨૨ | ૬.૩૫ | ૩૨ | ૧૧.૯૭ | ૫૩ | ૧૭.૧૧ | ૦૦ | ૧.૨૮ |
| ૬ | મહુવા | ૪૧ | ૧૦.૭૮ | ૧૬ | ૮.૮૧ | ૨૯ | ૯.૨૭ | ૦૭ | ૧.૫૭ |
| ૭ | પાલીતાણા | ૨૫ | ૭.૫૨ | ૧૫ | ૯.૧૯ | ૪૮ | ૧૨.૧૩ | ૦૦ | ૩.૬૬ |
| ૮ | શિહોર | ૭૦ | ૧૪.૩૨ | ૫૭ | ૨૦.૦૩ | ૪૬ | ૧૭.૯૩ | ૩૩ | ૬.૬૧ |
| ૯ | ઉમરાળા | ૧૫ | ૫.૬૨ | ૧૯ | ૮.૩૪ | ૪૬ | ૧૫.૨૬ | ૦૨ | ૧.૭૯ |
| ૧૦ | વલ્લભીપુર | ૩૨ | ૭.૨૨ | ૩૪ | ૧૨.૭૯ | ૩૧ | ૧૫.૧૪ | ૦૨ | ૨.૬૯ |
| ૧૧ | તળાજા | ૨૭ | ૧૦.૧૮ | ૭૯ | ૨૨.૩૯ | ૩૭ | ૧૧.૪૯ | ૦૪ | ૪.૭૮ |
| | કુલ.... | ૩૧૪ | ૮૬.૪૯ | ૩૪૩ | ૧૩૪.૨૬ | ૪૩૦ | ૧૪૯.૩૫ | ૭૪ | ૩૩.૩૧ |

કુલ પૂર્ણ કરેલ આવાસોની સંખ્યા : : ૧૧૬૧
કુલ નાણાકીય ખર્ચ -- ૪૦૩.૪૧ (રૂા. લાખમાં)

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**સ્થાનિક ભંડોળ હિસાબોના નિરીક્ષકશ્રીનો અહેવાલ**

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (પંચાયત મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું સ્થાનિક ભંડોળ હિસાબોના નિરીક્ષકશ્રીનો સન ૧૯૯૮-૯૯ ના વર્ષનો જિલ્લા અને તાલુકા પંચાયતોના હિસાબો પરનો ઑડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૨-૦૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિમિટેડનો સન ૨૦૦૩-૦૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (પાણી પુરવઠા મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૦૨-૦૩ના વાર્ષિક હિસાબો અને ઑડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**હિસાબો, ઑડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**આ તબકકે કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓએ પોતાની જગ્યા ઉપર ઉભા થઈને સૂત્રોચ્ચારો ચાલુ રાખ્યા અને સભ્યશ્રી જગદીશ ઠાકોર વેલમાં ધસી આવ્યા.**

**અધ્યક્ષશ્રી :** હું સભાગૃહની બેઠક અરધો કલાક માટે મુલતવી રાખું છું.

**(સભાગૃહ સવારના ૯-૩૩ વાગ્યે અરધો કલાક માટે મુલતવી રહ્યું.)**

**મુલતવી રહેલ સભાગૃહ સવારના ૧૦-૦૩ વાગ્યે ફરી મળ્યું**

**અધ્યક્ષશ્રી પ્રો. મંગળભાઈ પટેલ અધ્યક્ષ સ્થાને**

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો (ક્રમશ:):**

**આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યોએ પોતાની જગ્યા ઉપર ઉભા થઈને સૂત્રોચ્ચારો ચાલુ રાખ્યા અને સભ્યશ્રી પરેશભાઈ વસાવા વેલમાં ધસી આવ્યા.**

**ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લિમિટેડના વાર્ષિક અહેવાલો**

**શ્રી રમણલાલ ઈ. વોરા (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૯૬-૯૭ અને સન ૧૯૯૭-૯૮ ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ**

**શ્રી છત્રસિંહ પુ. મોરી (રાજયકક્ષાના નાગરિક પુરવઠા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યોશ્રીઓએ સતત સૂત્રોચ્ચારો ચાલુ રાખી અને વેલમાં ધસી આવતાં**

**અધ્યક્ષશ્રી:** હું સભાગૃહની બેઠક વિરામના સમય સુધી મુલતવી રાખું છું.

**(સભાગૃહની બેઠક સવારના ૧૦-૦૫ થી વિરામના સમય સુધી મુલતવી રહ્યું.)**

**મુલતવી રહેલ સભાગૃહ ૧૧-૦૦ વાગ્યે ફરી મળ્યું.**
**અધ્યક્ષશ્રી. પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ ૫૧ નીચે બહુ સ્પષ્ટ છે જે પ્રમાણે દેખાવો થઈ રહયા છે, આપની સમક્ષ થઈ રહયા છે મારી વિનંતી છેકે નિયમ-૫૧ નીચે આપ કાર્યવાહી કરો. માનનીય અધ્યક્ષશ્રી, આપને ફરી વિનંતી કરું છું કે વિરામ પહેલાં પણ..

( આ તબકકે વિરોધપક્ષ દ્વારા સતત સૂત્રોચ્ચારો કરતાં)

**અધ્યક્ષશ્રી : મા**નનીય સભ્યશ્રી, આપે બે-બે વખત ગૃહમાં અવાજો કર્યા અને મેં મારી મર્યાદામાં રહીને બે વખત ગૃહને એડજોર્ન કર્યુ હવે મારી વિનંતી છે કે ગૃહ શાંતિથી ચાલે, થોડું કામ બાકી છે અને બધા સામુહિક રીતે શાંતિથી કામ કરીએ. આપણી વિધાનસભામાં ઝીરો અવર્સની કોઈ જોગવાઈ નથી અને છતાં પણ એવો કોઈ બનાવ બન્યો હોય તો તેમાં જે તે વિષયના મંત્રી હોય તે મંત્રી પરમીશન આપે અને પછી મારી સામે રજૂઆત કરે અને મને એવું લાગે કે આ ઝીરો અવર્સની મંજૂરી આપવા જેવી છે તો મંજૂરી મળી શકે. આપણી વિધાનસભાના નિયમોના નિયમની જોગવાઈ છે, તેમાં ઝીરો અવર્સની કોઈ જોગવાઈ છે જ નહીં અને તે માટે આપ આગ્રહ રાખો તે પણ ઠીક નથી.

**(સતત સૂત્રોચ્ચાર ચાલુ)**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીઆ ( વિપક્ષના નેતાશ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી, આપની વાત ઝીરો અવર્સની અંદર અધ્યક્ષશ્રીની સૂચનાથી કે મંત્રીશ્રીની સૂચનાથી ઝીરો અવર્સની અંદર મુદ્દાઓ ઉઠાવી શકાય તે વાત સાચી છે. ભૂતકાળની અંદર મેં રેકાર્ડ જોયેલા છે કે દરરોજ ઝીરો અવર્સની અંદર વિપક્ષના સભ્યો મોટાભાગના ઘણા બધા આમાંથી સામે બેઠાં છે, સંસદીય મંત્રી સહિતનાં દરરોજ તેમને ઝીરો અવર્સમાં ટ્રેઝરી બેચ ઉપરથી મંજૂરી આપવામાં આવતી હતી પણ છેલ્લાં ત્રણ વર્ષની અંદર એકપણ અમારા સભ્યને ઝીરો અવર્સની અંદર ગમે તેટલો મહત્વનો મુદ્દો હોય તો પણ તેની પરવાનગી મળતી નથી અને જયારે આ ધારાસભાનું સત્ર માત્ર બંધારણીય જવાબદારીઓ પૂરી કરવા માટે કયારેક એક દિવસ માટે કે કયારેક બે દિવસ માટે મળતું હોય ત્યારે અમારી પાસે બીજો કોઈ વિકલ્પ નથી કે પ્રજાના પ્રશ્નો આમાં રજૂ કરી શકાય. મેં આપને પત્ર લખીને પણ વિનંતી કરી છે કે પૂરની પરિસ્થિતિની ચર્ચા કરવા માટે અમને મોકો આપો. તે અમને આપ્યો નથી. અનેક સભ્યશ્રીઓના તેમાં આ બેચની અંદર બેઠેલાં છે તેમનાં પણ એક યા બીજા કારણોસર ટેકનીકલ કારણો દર્શાવી અને પ્રશ્નો રદ કરવામાં આવ્યા છે. જવાબ આપવાની અંદર પણ એવી પરિસ્થિતિ ઉભી થાય છે કે...

**અધ્યક્ષશ્રી** : આપે મને જે પત્ર આપ્યો હતો તે પત્રને કામકાજ સલાહકાર સમિતિમાં મૂકયો હતો, જે સમિતિમાં આપ પણ સભ્ય છો. તેની વ્યાપક ચર્ચા થઈ અને ચર્ચાને અંતે જે નિર્ણય થયો તે આપે પણ સ્વીકાર્યો હતો, પછી તેની ચર્ચા કરવી તે ઠીક નહીં.

**સતત સૂત્રોચ્ચાર અને અંતરાય ચાલુ**

**શ્રી અર્જૂનભાઈ મોઢવાડીયા:** બહુમતિએ નિર્ણય લેવાયો છે.

(સતત અંતરાય અને સૂત્રોચ્ચાર ચાલુ)

**શ્રી પરેશભાઈ ધાનાણી:** છેલ્લા ૩ વર્ષમાં એક પણ ઝીરો અવર્સનો મુદ્દો લેવાયો નથી.

**અધ્યક્ષશ્રી:** પ્લીઝ, હવે જુઓ, હું આપને સૂચના આપું છું કે આ ગૃહને નહીં ચાલવા દો અને એમાં જે સભ્યશ્રીઓ એવું કરનાર મારા ધ્યાનમાં આવશે તેમને હું સભાગૃહમાંથી દૂર કરીશ. (અંતરાય)

**( સતત સૂત્રોચ્ચાર ચાલુ)**

**શ્રી પરેશભાઈ ધાનાણી:** અમને પ્રશ્નો પૂછવા દેવામાં આવતા નથી. (સતત અંતરાય)

(આ તબકકે સૌ પ્રથમ માનનીય સભ્યશ્રી પરેશભાઈ વસાવા, ત્યારબાદ માનનીય સભ્યશ્રી માધુભાઈ ભોયે અને એમ કરીને ક્રમશઃ કોંગ્રેસ પક્ષના હાજર રહેલા તમામ સભ્યશ્રીઓ વેલમાં આવી ગયા.)

**(સતત સૂત્રોચ્ચાર ચાલુ)**

**અધ્યક્ષશ્રી**: કોંગ્રેસના તમામ સભ્યશ્રીઓ આ સભાગૃહના વેલમાં આવી ગયા છે એ સભ્યશ્રીઓને હું સભાગૃહ છોડી જવાનો આદેશ કરું છું. સલામતી અધિકારીઓ મારા આદેશનું પાલન કરે.

(આ તબકકે વેલમાં ધસી આવેલા સભ્યશ્રીઓ વેલમાં બેસી ગયા)

**અધ્યક્ષશ્રી:** ગૃહની વેલમાં બેઠેલા અને સૂત્રોચ્ચાર કરી રહેલા સભ્યશ્રીઓને હું આ સભાગૃહ છોડી જવાનો આદેશ આપું છું. સલામતી અધિકારીઓ મારા આદેશનો અમલ કરે. નિયમ ૫૧ મુજબનો આ મારો આદેશ છે.

(આ તબકકે સલામતી અધિકારીઓ દ્વારા વેલમાં બેસેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓને સભાગૃહમાંથી બહાર લઈ જવામાં આવ્યા.)

**શ્રી અશોક ભટ્ટ ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતાશ્રીએ એમના નિયમોના અજ્ઞાનનું પ્રદર્શન કરીને આ સભાગૃહમાં, કામકાજ સલાહકાર સમિતિમાં થયેલ નિર્ણયની એમણે ટીકા કરી, માનનીય અધ્યક્ષશ્રી, મારે એમને આપના દ્વારા જણાવવું છે કે એમણે એ આક્ષેપ કર્યો કે "આ સભાગૃહમાં કેટલાંક અગત્યના પ્રશ્નો અમે ચર્ચાવા માગીએ છીએ, પણ ચર્ચાને સ્થાન મળતું નથી." જો વિપક્ષના નેતાશ્રીએ આ વિધાનસભા ગૃહના નિયમોનો અભ્યાસ કર્યો હોત અને અભ્યાસ કરીને કાર્યવાહી કરી હોત તો આ અતિવૃષ્ટિના પ્રશ્નની ચર્ચા કરવા માટે પત્ર લખવાને બદલે નિયમ ૧૦૧ હેઠળ તેઓએ દરખાસ્ત લાવવી જોઈતી હતી. કામકાજ સલાહકાર સમિતિમાં થયેલ કાર્યવાહી અંગે હું કહેવા માગતો નથી. પણ હું એ કહેવા માગું છું કે વિપક્ષના નેતાના આ અજ્ઞાનના કારણે આ વિધાનસભાગૃહમાં તેઓ નિયમ ૧૦૧ હેઠળ ચર્ચા માટેની દરખાસ્ત લાવ્યા જ નથી. તેથી તેઓ જે પ્રશ્નની ચર્ચા કરવા માગે છે એમ જણાવતાં હતાં તેની ચર્ચા કરવા માગતા જ નહોતા, એ જ રીતે એમણે એ પણ આક્ષેપ કર્યો અને સભ્યશ્રી જગદીશભાઈની વાત કરી છે, તો ગઈકાલે જગદીશભાઈએ એમના પ્રશ્નની રજૂઆત માનનીય મંત્રીશ્રી કૌશિકભાઈને કરી હતી, પણ તે કોઈ તત્કાળ બનેલો બનાવ નથી. ઝીરો અવર્સ માટેની આપણી પ્રણાલિ એ તત્કાળ બનેલા બનાવ માટેની અને વહીવટી છે. કેટલાક વિસ્તારના ગામડાંઓ આજથી ઘણાં વખત પહેલા દોરાયા છે, વિપક્ષના સભ્યશ્રીઓએ જો નિયમોનો આશ્રય લીધો હોત તો એ પ્રશ્નને પણ તે પ્રશ્નોત્તરીમાં પ્રશ્ન પૂછીની પૂછી શકયા હોત, અહીં બહાર તેઓ જે પ્રશ્ન ઉપસ્થિત કરે છે તેમાનો એક પણ પ્રશ્ન વિરોધપક્ષના નેતાશ્રી કે કોઈપણ સભ્યશ્રીએ પ્રશ્નોમાં પૂછયો નથી. એટલે આપણા નિયમોમાં જે નિયમો હેઠળ એમને પ્રજાના પ્રશ્નો રજૂ કરવા માટેની તક છે એ તકનો ઉપયોગ કરતા નથી આવડયો એ કાં તો એમની અજ્ઞાનતા હોય કાં તો તેઓ અસંસદીય પ્રવૃત્તિનું પ્રદર્શન કરવા માગતા હોય તો તે સૌથી વધુ દુ:ખદ છે. ગુજરાતની સંસદીય પ્રવૃત્તિના ઈતિહાસમાં એમની અજ્ઞાનતાના કારણે અને અસંસદીય પ્રવૃત્તિના કારણે ગુજરાતને ભારે દુ:ખ છે. કોઈ પણ સભ્યશ્રી માટે આક્ષેપ કરવો હોય તો તેના માટે પણ નિયમોમાં બહુ સ્પષ્ટ જોગવાઈ છે. અને એ નિયમ નીચે પણ એમણે કાર્યવાહી કરવી જોઈએ. પણ સભાગૃહને બાનમાં લેવાનો પ્રયાસ કરે અને રિશેષમાં પણ આપે જયારે સભાગૃહ મુલતવી રાખ્યું ત્યારે એમણે જે રીતે આ સભાગૃહમાં અંદર પ્રવચન કર્યા અને જે જાતનો વ્યવહાર કર્યો છે તે વ્યવહાર ખૂબ જ દુ:ખદ છે. મને દુ:ખ એ વાતનું છે કે જે કોંગ્રેસ પક્ષે આજથી સો વર્ષ પહેલા ગુજરાતમાં સંસદીય પ્રવૃત્તિની શરૂઆત કરી અને સમગ્ર દેશમાં સંસદીય પ્રવૃત્તિઓની માવલંકરદાદા અને વિઠ્ઠલભાઈ પટેલે જે શરૂઆત કરી હતી તે સંસદીય પ્રવૃત્તિમાં વિપક્ષના નેતાએ પોતાની અજ્ઞાનતાને કારણે આ અસંસદીય પ્રવૃત્તિ વિપક્ષના નેતાએ પોતાની અજ્ઞાનતાને કારણે આજે જે પ્રકારની પ્રવૃત્તિ કરી છે એ દુ:ખદ પ્રકરણ વિધાનસભાના ઈતિહાસની અંદર ઉમેરાયું છે. એટલા માટે આપના દ્વારા આપે નિયમ ૫૧ નીચે લીધેલા પગલાં પૂરતા નથી, અને આપ વિપક્ષના નેતાને બોલાવો

આ વિધાનસભાના દરેક સત્રની અંદર ગયા સત્રમાં પણ આ પ્રકારની અસંસદીય પ્રવૃત્તિ કરી હતી. એના પહેલાના સત્રમાં પણ આવી જ પ્રવૃત્તિ કરી હતી. આ સભાગૃહ ચર્ચાઓ માટેનું છે. પ્રજાના પ્રશ્નો માટે જેટલા નિયમો છે એ બધા નિયમોનો ઉપયોગ કરે તો એક પણ નિયમ નીચે આ ચર્ચાઓને ઉપસ્થિત કરવાનો પ્રયાસ એમણે કર્યો નથી. સૌથી દુ:ખદ બાબત એ છે કે કામકાજ સલાહકાર સમિતિમાં સર્વાનુમતે નિર્ણયો થતા હોય છે. ત્યારે તેઓ કહે કે તમારા પત્રકો જ મળ્યા છે. ૧૦૧ નીચે તમે પ્રસ્તાવો લાવ્યા નથી. આવી જાણકારી પછી કામકાજ સલાહકાર સમિતિએ બહુમતિએ આ રીતે કર્યું છે એ રીતના ઉદ્દગારો કાઢે ત્યારે મારે દુ:ખ સાથે કહેવું પડે કે આજ સુધીના ગુજરાતના વિરોધપક્ષના નેતાઓએ જે સૌજન્ય જાળવ્યું છે એ સૌજન્ય જાળવવાની અંદર આ વિરોધપક્ષના નેતાએ પોતાની સૌજન્યતા ગુમાવી છે. એ સંસદીય પ્રણાલિકાની અંદર સૌથી વધારે દુ:ખદ છે.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો (ક્રમશ:)

## સન ૨૦૦૪-૦૫નો ગુજરાત જાહેર સેવા આયોગનો વાર્ષિક અહેવાલ

**શ્રી સૌરભ પટેલ (સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા રાજ્ય કક્ષાના મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૦૪-૦૫નો વાર્ષિક અહેવાલ અને સ્પષ્ટીકરણાત્મક યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા સ્પષ્ટીકરણાત્મક યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

## સન ૨૦૦૨-૦૩નો ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી <#Miઅમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૨-૦૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## સન ૨૦૦૧-૦૨નો ગુજરાત રાજય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી અનિલકુમાર મો. પટેલ (રાજ્ય કક્ષાના કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૧-૦૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

## સન ૨૦૦૫-૨૦૦૬નું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ લિમિટેડનું નાણાકીય પત્રક (અંદાજપત્ર)

શ્રી **અનિલકુમાર મો. પટેલ (રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ લિમિટેડનું સન ૨૦૦૫-૨૦૦૬નું

નાણાકીય પત્રક (અંદાજપત્ર) તથા આ નાણાકીય પત્રકને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું

**.નાણાકીય પત્રક(અંદાજપત્ર) તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## સન ૨૦૦૨-૦૩નો ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનો વાર્ષિક અહેવાલ

**શ્રી અનિલકુમાર મો. પટેલ (રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનો સન ૨૦૦૨-૦૩નો વાર્ષિક અહેવાલ અને હિસાબો તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની અધિસૂચનાઓ

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (પંચાયત મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયેની-

(૧) તા.૧૫-૪-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક : કેપી-૭-૨૦૦૫-પીએસઆર-૧૨૯૪-૫૬૮-ડી
(૨) તા.૭-૯-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: કેપી-૨૧-૨૦૦૫-પીઆરઆર-૧૦-૨૦૦૨-૯૩૭-ડી

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ મૂકવામાં આવી**

## ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચનાઓ

**શ્રી અનિલકુમાર મો. પટેલ (રાજયકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગની સન ૧૯૬૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ અન્વયેની-

(૧) તા.૩૧/૮/૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૦૫-(૨૦)-જીઆઈડી-૨૦૦૨-૨૯૯૮(૧)જી
(૨) તા.૩૧/૮/૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૦૫-(૨૧)-જીઆઈડી-૨૦૦૨-૨૯૯૮(૨)જી
(૩) તા.૩૧/૮/૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૦૫-(૨૨)-જીઆઈડી-૨૦૦૨-૨૯૯૮(૩)જી
(૪) તા.૩૧/૮/૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૦૫-(૨૩)-જીઆઈડી-૨૦૦૨-૨૯૯૮(૪)જી
(૫) તા.૩૧/૮/૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૦૫-(૨૪)-જીઆઈડી-૨૦૦૨-૨૯૯૮(૫)જી
(૬) તા.૩૧/૮/૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૦૫-(૨૫)-જીઆઈડી-૨૦૦૨-૨૯૯૮(૬)જી
(૭) તા.૩૧/૮/૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૦૫-(૨૬)-જીઆઈડી-૨૦૦૨-૨૯૯૮(૭)જી
(૮) તા.૩૧/૮/૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૦૫-(૨૭)-જીઆઈડી-૨૦૦૨-૨૯૯૮(૮)જી
(૯) તા.૩૧/૮/૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૦૫-(૨૮)-જીઆઈડી-૨૦૦૨-૨૯૯૮(૯)જી
(૧૦) તા.૩૧/૮/૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૦૫-(૨૯)-જીઆઈડી-૨૦૦૨-૨૯૯૮(૧૦)જી

(૧૧) તા.૩૧/૮/૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૦૫-(૩૦)-જીઆઈડી-૨૦૦૨-૨૯૯૮(૧૧)જી
(૧૨) તા.૩૧/૮/૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૦૫-(૩૧)-જીઆઈડી-૨૦૦૨-૨૯૯૮(૧૨)જી
(૧૩) તા.૩૧/૮/૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૦૫-(૩૨)-જીઆઈડી-૨૦૦૨-૨૯૯૮(૧૩)જી
(૧૪) તા.૩૧/૮/૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૦૫-(૩૩)-જીઆઈડી-૨૦૦૨-૨૯૯૮(૧૪)જી
(૧૫) તા.૩૧/૮/૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૦૫-(૩૪)-જીઆઈડી-૨૦૦૨-૨૯૯૮(૧૫)જી
(૧૬) તા.૩૧/૮/૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૦૫-(૩૫)-જીઆઈડી-૨૦૦૨-૨૯૯૮(૧૬)જી
(૧૭) તા.૩૧/૮/૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૦૫-(૩૬)-જીઆઈડી-૨૦૦૨-૨૯૯૮(૧૭)જી
(૧૮) તા.૩૧/૮/૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૦૫-(૩૭)-જીઆઈડી-૨૦૦૨-૨૯૯૮(૧૮)જી
(૧૯) તા.૩૧/૮/૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૦૫-(૩૮)-જીઆઈડી-૨૦૦૨-૨૯૯૮(૧૯)જી
(૨૦) તા.૩૧/૮/૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૦૫-(૩૯)-જીઆઈડી-૨૦૦૨-૨૯૯૮(૨૦)જી
(૨૧) તા.૩૧/૮/૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૦૫-(૪૦)-જીઆઈડી-૨૦૦૨-૨૯૯૮(૨૧)જી
(૨૨) તા.૩૧/૮/૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૦૫-(૪૧)-જીઆઈડી-૨૦૦૨-૨૯૯૮(૨૨)જી
(૨૩) તા.૩૧/૮/૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૦૫-(૪૨)-જીઆઈડી-૨૦૦૨-૨૯૯૮(૨૩)જી

-સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

## શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની અધિસૂચના

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની સન ૧૯૬૩ના ગુજરાત નગરપાલિકા અધિનિયમ અન્વયેની તા. ૧૪/૬/૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: કેવી-૨૦૦૫નો ૧૯૬-એનપીએલ-૧૦૦૩-૨૫૬૮-એમ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.**

## તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૩૩૪૮ના અનુસંધાને વધારાની માહિતી

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૧૨/૯/૦૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી નરેન્દ્રસિંહ જાડેજાના " કચ્છ જિલ્લામાં ખૂન, લૂંટ અને બળાત્કારના કિસ્સાઓ" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૩૩૪૮(અગ્રતા ક્રમ-૭)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

**પંચાયતી રાજ સમિતિના ત્રીજા અહેવાલની રજૂઆત**

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (સમિતિના પ્રમુખશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયતી રાજ સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના ચોથા અહેવાલની રજૂઆત**

**શ્રી કાંતિલાલ રા. લકુમ (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો ચોથો અહેવાલ રજૂ કરું છું.

**હેવાલ રજૂ કરવામાં આવ્યો.**

# સરકારી વિધેયકો

**સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક-૩૨**
**ગુજરાત મનોરંજન કર (દ્વિતિય સુધારા) વિધેયક, ૨૦૦૫.**
**ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ વધુ સુધારવા બાબત વિધેયક.**

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, આઈ.કે. જાડેજા સાહેબ જે ગુજરાત મનોરંજન કર સુધારા વિધેયક ૨૦૦૫ લઈને આવ્યા છે તેમાં આ વિધેયકને સમર્થન આપવા અને મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પણ રાજય કે દેશની પ્રજાને સમૃદ્ધિના શીખરે લઈ જવા હોય તો કઠોર પરિશ્રમ કરતી સરકારની જરૂર પડે છે અને આમેય ગુજરાતની પ્રજા કઠોર પરિશ્રમને વરેલી છે. આ કઠોર પરિશ્રમના દિપકને પ્રજવલિત રાખવો હોય તો માણસને આનંદ-પ્રમોદ અને મનોરંજનની ઉર્જા આપવી જરૂરી છે. વર્તમાન ગુજરાત સરકારે મનોરંજનના માધ્યમને ખૂબ ઉદારતાપૂર્વક પ્રોત્સાહન આપ્યું છે. ૧લી મે-૧૯૬૦ના રોજ ગુજરાતની સ્થાપના થઈ તે પૂર્વેની વાત કરું તો ગુજરાતમાં મુંબઈ રાજયનો મુંબઈ મનોરંજન કર અધિનિયમ ૧૯૨૩ અમલમાં હતો, તે સમયે ગુજરાતમાં પાંચ ટકા જેટલો નજીવો મનોરંજન કર હતો. પણ ધીમે ધીમે મનોરંજનમાં ફિલ્મોની ગુણવત્તા વધતાં, સુધારો થતાં, સારી ફિલ્મો આવતાં સમયાંતરે મનોરંજન કરમાં સુધારા થતાં રહયા. ગુજરાતમાં ૧૯૭૭માં ગુજરાત મનોરંજન કર અધિનિયમ ૧૯૭૭ અમલમાં આવ્યો. આ અધિનિયમ અમલમાં આવ્યા પછી ખાસ કરીને ૧૯૯૦ પછીની વાત કરીએ તો ફિલ્મ ક્ષેત્રે તેના વિકાસ અને તેની ટેકનોલોજીને કારણે વિડિયો, વી.સી.ડી., ડી.વી.ડી., મલ્ટીપ્લેકસ થિયેટરો અને કેબલ જોડાણના કારણે મનોરંજનમાં જે વિકાસ થયો તેના કારણે પરંપરાગત સીંગલ સ્ક્રીનવાળા થિયેટરો હતા તેની અંદર જતા પ્રેક્ષકોમાં નોંધપાત્ર ઘટાડો થયો. ગઈકાલે વિરોધપક્ષના માનનીય સભ્યશ્રી દિનેશભાઈ બોલતા હતા કે મનોરંજન કર વધારવાથી ગુજરાતમાં આવક ઘટી છે. એવું નથી. ગુજરાતની અંદર આ સરકારે ખૂબ જ પ્રોત્સાહનપૂર્વક મનોરંજન ટેકસ રાખ્યો છે. દિલ્હીમાં માર્ચ-૨૦૦૫ના રોજ સીમકોની બેઠક મળી હતી. સેન્ટ્રલ ઈન્ફર્મેશન મિનિસ્ટર્સ કોન્ફરન્સ. જેના અધ્યક્ષ કેન્દ્રના માહિતી ખાતાના પ્રધાન હતા. તેની અંદર ચર્ચા થઈ હતી. દેશના જે જે રાજયોમાં ટેકસનો વધારો હોય તેને ઘટાડવાનું આ મિટિંગમાં સૂચન કર્યું હતું. દેશના બીજાં રાજયના ટેકસની વાત કરવા જઈએ તો દિલ્હીમાં ૬૦ ટકા ટેકસ છે. છત્તીસગઢમાં ૭૫ % ટેક્સ છે, ગોવામાં ૬૦%, બિહારમાં ૧૦૦ %, હરિયાણામાં ૧૨૫ %, મધ્યપ્રદેશમાં ૬૦ %, રાજસ્થાનમાં ૧૦૦ %, ઉત્તરપ્રદેશમાં ૧૦૦ %, ઉત્તરાંચલમાં ૧૦૦ %, પશ્ચિમ બંગાળમાં ૭૫ % છે. ગુજરાત સરકારે આ સુધારા વિધેયક લાવીને પહેલ કરી છે. ૫૦ %થી વધારે કર નહીં કરવાનું વિધેયક આ સભાગૃહમાં લાવી છે જેને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતની અંદર ૩૯૫ જેટલા પરંપરાગત સિંગલ સીન થિયેટરો, ૨૨ જેટલા મલ્ટીપ્લેક્ષ થિયેટરો, ૧૧ જેટલા વોટર પાર્ક અને ૫૬૯ જેટલી હોટલ, ૧૦.૮૦ લાખ કેબલ જોડાણ છે. હવે આ જોતાં મને એવું લાગે છે કે, દિનેશભાઈએ રાજયની આવક દ ટાડવાની વાત કરી હતી. ૨૦૦૨-૦૩માં ૩૬ કરોડની આવક થઈ હતી. ૨૦૦૩-૦૪માં ૪૨.૪૭ કરોડની આવક હતી અને ૨૦૦૪-૦૫માં ૪૦.૬૦ કરોડની આવક હતી. ગુજરાત સરકારે જે રાહત આપી છે, ૫૦ %ના દરે કર માળખું કરવાથી હું માનું છું કે, ફિલ્મ ઉદ્યોગને ખૂબ જ મોટું પ્રોત્સાહન

મળશે. ગુજરાતમાં પ્રવાસન નીતિમાં ૧૯૯૫-૨૦૦૦ની અંદર મલ્ટીપ્લેક્ષ થિયેટરોને મનોરંજન કરમાંથી મૂકિત આપવામાં આવી છે. ૨૨ જેટલા મલ્ટીપ્લેક્ષ થિયેટરો છે. એમાં ૧૦ જેટલા મલ્ટી પ્લેક્ષ થિયેટરો મનોરંજન કર ભરવો ન પડે એ માટે કોર્ટમાં ગયા છે. એના માટે થોડી ઘણી ચિંતા  છે એ માટે સરકારને સૂચન છે કે આ ૨૨ જેટલા મલ્ટીપ્લેક્ષ થિયેટરોના મનોરંજન કરની આકારણી કરવી જોઈએ. આ ૧૧ જેટલા થિયેટરોનો કર ૯૭ કરોડ રૂપિયા થાય છે અને એ ન ભરવો પડે એટલા માટે હાઈકોર્ટમાંથી મનાઈ હુકમ મેળવેલ છે. એનો મનોરંજન કર આશરે ૩૦ કરોડ જેટલો થાય છે. ત્યારે આ ગૃહની ચિંતા અને સરકારશ્રીને વિનંતી છે કે, હાઈકોર્ટની અંદર આનો જલદી નિર્ણય થાય અને રાજયના હિતમાં આવક વધે એવા રાજય સરકાર પણ પગલાં લે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું રાજય સરકારને સૂચન છે કે, આખા ગુજરાત રાજયની અંદર ૧૦.૮૦ લાખ કેબલ જોડાણ છે. આ બાબતે પણ રી-સરવે કરાવાની જરૂર છે.  મને લાગે છે કે, એમને ૧ મહિનાનો માસિક ટેક્સ ૬ રૂપિયા ભરવો પડે અને એમાં કેબલ જોડાણમાં ચોરી કરતા હોય તો મારું રાજય સરકારને સૂચન છે કે, રેવન્યૂ વિભાગ કે પંચાયત જે કોઈ વિભાગ આ કામ કરતો હોય એની અંદર સુધારા વિધેયક લાવવું જોઈએ. ચિંતાનો વિષય એ છે કે, જેના ઉપર કરનું ભારણ છે એવા પરંપરાગત થિયેટરોને આ મનોરંજન કર લાગે છે અને મલ્ટીપ્લેક્ષને કરનું ભારણ નથી. અને જે કર ભરતા નથી એમાં પ્રેક્ષકો જોવા જાય છે અને એના કારણે રાજય સરકારની આવકમાં ઘટાડો થાય છે. ઘટાડાનું કારણ માત્ર આ નથી ઘટાડાનું કારણ બીજું પણ છે.  અત્યારે ફિલ્મ ઉદ્યોગ મંદીમાંથી પસાર થઈ રહ્યો છે અને સફળ ફિલ્મોનું પ્રમાણ ઘટ્યું છે. જ્યારે જ્યારે સફળ ફિલ્મ આવે છે ત્યારે એને મંદી નડતી નથી. આવા કારણે પણ સરકારશ્રીને સૂચન છે કે આની અંદર પણ થોડુંક વિચારે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આ વિધેયકની વાત કરવા જાઉં તો જૂનો મનોરંજન કર અધિનિયમ ૧૯૭૭ હતો એમાં હાલની જોગવાઈની કલમ- ૨/જની અંદર દાખલ થવા માટે આપવાની રકમમાં કરનો સમાવેશ થતો હતો. આમાં દાખલ થવા માટે આપવાના કરનો સમાવેશ થતો નથી. આના કારણે એવું બનશે કે, દા.ત.૧૨ રૂપિયાની ફિલ્મની ટિકિટ હોય તો મનોરંજન કર જૂના કાયદા પ્રમાણે ૬ રૂપિયા થતો હતો અને ૬ રૂપિયા એ સિનેમાના માલિકને મળતા હતા. આ જે સુધારા વિધેયકથી પ્રવેશ દર ૬ રૂપિયા હોય તો હવે એમાં ૧૨ રૂપિયાના બદલે ફક્ત ૩ રૂપિયા જ ટેક્સ ભરવો પડશે. એટલે પ્રેક્ષકને ૩ રૂપિયા ઓછા આપવા પડે. એટલે કે પ્રેક્ષકોને, જોનારને ફાયદો થશે અને સુધારા વિધેયકથી ટિકિટનો દર ઘટશે અને પરંપરાગત રીતે થિયેટરમાં જોવા જનારનો વર્ગ વધશે.

બીજું જૂના કાયદાની કલમ ૩/૧ની અંદર મનોરંજન કરમાં દાખલ થવાની આપવાની રકમ બાબત ૧ લાખથી વધુ વસ્તીવાળા વિસ્તારમાં ૫૦ ટકા કર અને ૧ લાખથી ઓછી વસ્તીવાળા વિસ્તારમાં ૪૫ ટકા કર.  આમ આ જૂદા જૂદા કરના દર હતા  હવે રાજય સરકારે એવું નકકી કર્યુ છે આ સુધારાથી કે રાજય સરકાર કરના દર વખતો વખત જાહેરનામાથી નકકી કરશે.  સમય સંજોગો પ્રમાણે પરંતુ ૫૦ ટકાથી વધારી નહીં શકે એવું આ સુધારા વિધેયક આવકારદાયક છે.  બીજો એક સુધારો છે કે કરની કલમ-૬ની અંદર જે જૂની જોગવાઈ હતી કે કરની એકત્રિત ચૂકવણી અનુસૂચી-૧માં જે દર્શાવી છે તે મુજબ ઉચ્ચક કર ભરવાનો વિકલ્પ સ્વીકારી શકાશે.  ૩લાખથી ઓછી વસ્તીવાળા માટે આ જોગવાઈનો વિકલ્પ રહેશે. નિર્દેશ વિસ્તારમાં જેમાં વસ્તીની મર્યાદામાં ૧ લાખથી ૩લાખની વસ્તી ધરાવતા વિસ્તારમાં શોની એકંદર કિંમત વસુલાતના ૨૦ ટકાથી ૪૦ ટકા કરનો ૧૨ વડે ૨૬ વડે ગુણતા જે આવે એ દર વડે એટલે કે ઉદાહરણે ૧૫૦૦૦ સુધીની વસ્તી ધરાવતા સિનેમાની બેઠક ક્ષમતા નિર્દિષ્ઠ વિસ્તાર માટે કરની વસુલાતના ૨૦ ટકાની રકમ અઠવાડિયાના કુલ શોમાં ૧૨ શો વડે ગુણતા આવે તે આ હાલમાં જોગવાઈ હતી પણ આ સુધારા વિધેયકથી ૧૫હજારથી વધુ વસ્તીવાળું જો કોઈ થિયેટર હોય અને ૫ કિલોમિટરની ત્રિજ્યામાં જો કોઈ આવતું હોય તો પણ એને  ૧૫હજારથી વધુ વસ્તીવાળા મનોરંજન કરની આવકની ગણતરીમાં લેવાશે એટલે એને ઉચ્ચક કરના વિકલ્પનો લાભ મળશે. દા.ત. ગાંધીનગરની નજીકના કોઈ ગામડામાં કોઈ થિયેટર બનાવે તો એને પણ ગાંધીનગરની ૧૫હજારની વધુ વસ્તી હોવાનો નિયમ લાગે પડે.  કારણ કે સરવાળે તો શહેરની જ વસ્તી ત્યાં જોવા જવાની છે.  આના કારણે આ જે સુધારા વિધેયક જે માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે એને હું આવકારું છું અને આ વિધેયકથી મને ખાતરી છે કે રાજયની આવક પણ વધશે અને પ્રેક્ષકોને પણ આમાં ફાયદો થશે અને સિનેમા માલિકોને પણ ફાયદો થશે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી  (ભાવનગર શહેર (ઉત્તર))** : માનનીય અધ્યક્ષશ્રી, મનોરંજન એ શબ્દની સાથે એક તરત જ આપણને ભાવના થાય કે લોકો ખુશી મેળવવા માટે પૈસા ખર્ચે છે ત્યારે એની ઉપર કર લાગવો જોઈએ.  મને લાગે છે છકે આ વાતને બે ભાગમાં વહેંચવી જોઈએ.  કારણ કે આપણા દેશની અંદર જે પ્રકારનો એક વર્ગ છે ૯૦ટકા વર્ગ એવો છે કે જેના માટે મનોરંજન માટેના

સાધનો બહુ મર્યાદિત વિકલ્પમાં છે અને છએ લોકો જ્યારે આ કારના કોઈ મનોરંજન કાર્યક્રમમાં જાય ત્યારે એના પાસેથી કેટલો વેરો વસૂલ કરવો જોઈએ એ આ ગૃહની ચિંતાનો વિષય હોવો જોઈએ કારણ કે આપણે આ વિધાનસભા ગૃહમાં સૌથી છેવાડાના માનવીનો સૌથી પહેલા વિચાર કરવાની દૃષ્ટિવાળા લોકો અહીં બેઠા છીએ. પ્રતિનિધિઓ અને એટલે કેવળ મનોરંજનમાં આ મલ્ટી પ્લેક્સમાં ગાડી સાથે લોકો જાય છે એને નજરમાં રાખીને જો ટેક્સના માળખા ગોઠવીએ તો મને લાગે છે કે આપણે ૯૦ ટકા લોકોને અન્યાય કરીશું અને એટલા માટે હું સ્પષ્ટ માનુ છું કે આ મનોરંજન માણવા માટે જે લોકો જાય છે એ કદાચ જો આવા વિકલ્પો એની પાસે ન હોયને તો એ દારૂની લતે ચડી શકે છે, એ બીજા કોઈ એવા અવૈધિક ઉપાયો શોધે જે છએની તબિયત માટે પણ નુકસાનકારક થાય જે એના પોતાના નૈતિક જીવન માટે પણ અધ:પતન કરનારું થાય અને એટલા માટે રાજય સરકારે આનો વિચાર પહેલા કરવો જોઈએ સરકારે. આ કલ્યાણ રાજયને વરેલું રાજય હોય ત્યારે એને પ્રજાના કલ્યાણનો પહેલો વિચાર અને પછી તિજોરીમાં કેટલા પૈસા આવશે એનો વિચાર હોવો જોઈએ. એ વાત મારે દુ:ખ સાથે કહેવી છે કે બન્યું છે એવું કે એ વખતે જેણે નીતિ નકકી કરી છે એનો ઈરાદો એવો નહીં હોય પણ આપણે આવા અનેક દાખલાઓ જોયા છે કે જયારે કોઈ વસ્તુ પ્રમોટ કરવા જઈએ એના કેટલાક લાભો આપીએ ત્યારે એના ભોગે બીજા લોકો મરી જશે એની ચિંતા આપણે કરી નથી અને એટલા માટે મારે અહીં કહેવું છે કે મલ્ટીપ્લેક્સનો જયારે જે વિચાર જેને આવ્યો હશે અને જે યોજના કરી એના કારણે છેક ગ્રામ્ય વિસ્તારમાં સીધો આપણો થિયેટર ઉદ્યોગ મૃતપ્રાય થઈ ગયો અને એટલા માટે એને ફરીથી જો બેઠો કરવો હશે તો કયાંક એના માટેનો વિચાર કરવો પડશે અને એનો લાભ લેનાર ગરીબ લોકોને, એનો લાભ લેનાર એકદમ નીચેના મધ્યમ વર્ગના લોકો કે જે બીજે કયાંય જઈ શકતા નથી જે કોઈ કલબના મેમ્બર નથી. અન્ય લોકો ક્લબમાં રોજ મનોરંજન મેળવવા જઈ શકતા હશે, રેગ્યુલર ક્લબના મેમ્બર હશે. જીમ્નેશિયમમાં જતા હશે. પરંતુ અમારા ગામડાંના અને શહેરના મધ્યમવર્ગના લોકો પાસે મનોરંજનનું બીજું કોઈ સાધન નથી ત્યારે હું સરકારને વિનંતી કરીશ કે આ પ્રકારના થિયેટરની એવી કોઈ વ્યાખ્યા કલ્પે કે જેના અંદર મનોરંજન કરમાંથી મુકિત આપીને એ થિયેટરના માલિક ઉપર પર્યાવરણીય વધુ સ્વચ્છતા, વધુ સુવિધા આપે એનો કડક નિયમ બનાવે અને આ પૈસા એમાં વાપરે. મનોરંજનનો એક પૈસો ન લે પણ સારી રીતે અમારા ગ્રામ્ય વિસ્તારના લોકોને સારા વાતાવરણમાં સ્વચ્છ ફિલ્મો જોવા મળે એવું આયોજન સરકાર કરે એવી ચોક્કસ વિનંતી છે. આ એવો કોઈ આવકનો સ્ત્રોત નથી કે આપણી તિજોરીમાં મોટો ફેર પડવાનો હોય. પ્રશ્ન એ જ છે કે આ બધાની પાછળ તંત્રને કામે લગાડવાનો ખર્ચ થાય છે એ આવકના અડધા ભાગના પૈસા ખર્ચતા હોઈશું. એની પાછળ શકિત અને સમયનો વ્યય કરતા હોઈશું એવું બની શકે. મારું સૂચન છે કે નાના થિયેટરોમાં ગ્રામ્ય વિસ્તારોમાં મનોરંજન કર આવી રીતે લેવાના બદલે ટિકિટ વેચે તો વેચાણવેરો લાગું કેમ ન પડાય? એના માધ્યમથી કર આવી જાય. આવું પણ થઈ શકે કે જેના કારણે કોઈ ટેક્સ નહિ આવે અને નવું તંત્ર પણ ઊભું કરવું ન પડે. એટલા માટે કહું છું કે નાના લોકો માટે આમાં મેં જોયું કે ૧૫ હજારની વસ્તી સુધીના કેટલા ટેક્સ આવવાના છે એની વિગતો છે. પણ તકલીફ એ છે કે રાજય સરકારે પ્રોવિજન કર્યું છે કે વખતોવખત પછી જે કાંઈ ટેક્સ વધારવો હોય ત્યારે વિધાનસભા ગૃહ પાસે આવવું પડશે નહિ. એમને એમ વધારવાની સત્તા લે છે એટલે વધારી દેશે. આમાં એવું ન હોય તો સારું. એ પ્રકારે ટેક્સમાં ભારણ વધ્યા કરે તો નાના લોકોને માટે મનોરંજનના બીજા સાધનો ઉપલબ્ધ ન થાય. એટલા માટે મારી એક માત્ર એ લોકો માટે રજૂઆત છે કે જેને મનોરંજનનું બીજું કોઈ સાધન નથી એવા લોકોનો વિચાર કરીને એમને મનોરંજન કર લાગું ન પડે અથવા એ લોકો સહી શકે એવો થાય અને સારું મનોરંજન સ્વચ્છ પર્યાવરણમાં મળી શકે એના માટે વધુ ખેવના રાખવાનું કોઈ આયોજન રાજય સરકાર વિચારે તો મને લાગે છે કે આપણે અમુક હદ સુધી પૈસાનો વિચાર કર્યા વગર જે લોકો પાસે કોઈ સાધનો નથી એમની ચિંતા કરી એવું ફલિત થશે. એમના માટે સારી વ્યવસ્થા ઓછા પૈસાથી સારું મનોરંજન મેળવી શકે એવી ચિંતા કરવામાં આવે એવી વિનંતી છે. માનનીય મંત્રીશ્રી જે વિધેયક લાવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું.

**અધ્યક્ષશ્રી :** કોઈને પોતાના વિચારો વ્યક્ત કરવા હોય તો કરી શકે છે.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, વિધેયક ઉપર સન્માનનીય ગૃહના સભ્યશ્રીઓએ એમના વિચારો વ્યક્ત કર્યા છે. મેં શરૂઆતમાં જ કહ્યું હતું કે નાના થિયેટરોને લાભ કરતા એની સાથોસાથ જે ઉદ્યોગો રોજગારી ઘણી આપે છે એ વધુ રોજગારી આપી શકે એ પ્રકારના કાર્ય સાથે અને વહીવટી સરળીકરણની પ્રક્રિયા સાથેનું આ વિધેયક રહેલું છે. સન્માનનીય ગૃહના સભ્યશ્રીઓએ જે લાગણી વ્યક્ત કરી છે એ મહદઅંશે લાગણી આની સાથે સમાયેલી છે. માનનીય સદસ્યશ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ વિચારો વ્યક્ત કર્યા એ મુજબ ટેક્સ વધારવા

માટે આ ગૃહમાં આવવું નહિ પડે એવું નથી. ૫૦ ટકા મેક્સિમમ ટેકસ, જેમાં કેન્દ્ર સરકારે બધા રાજયોને એક સર્વસામાન્ય નીતિ અખત્યાર કરીને સૂચના આપી એ મુજબ ગુજરાત પ્રથમ રાજય છે કે જેણે નક્કી કર્યું છે કે આ ઉદ્યોગ ઉપર ૫૦ ટકાથી વધારે ટેકસ કરીશું નહિ. અને આ પ્રકારનું વિધેયક લાવ્યા છીએ ઘટાડો જો કરવો હશે તો વિધાનસભામાં નહિ આવવું પડે એ પ્રકારની કાર્યવાહીની જોગવાઈ આમાં કરેલી છે. એટલે જે પ્રકારની કાર્યવાહી આમાં કરવામાં આવી છે એ ઉદ્યોગને લાભ કર્તા કાર્યવાહી છે. એની સાથે સાથે રોજગારી આપવા આ ઉદ્યોગને વધુ ટકી શકે એ પ્રકારની સક્ષમતા રહેલી છે અને પ્રવેશ મુકિત આપવાના કારણે લોકો સરળતાથી ઓછા ખર્ચે મનોરંજન પ્રાપ્ત કરી શકે એ પ્રકારની વહિવટી સરળીકરણની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. સાથે સાથે ઉચ્ચક અને લૂઝ ૧૫૦૦૦ થી ઉપરનાને લૂઝ કરમાંથી મુકિત આપીને ઉચ્ચક જ` દર નક્કી કરેલા છે એ પ્રકારના દરમાં સામેલ કરવામાં આવ્યાં છે અને૧૫૦૦૦ થી નીચેની વસ્તી જ્યા હશે એને આ ઉચ્ચક દરમાં સામેલ કરવામાં આવ્યા છે. હું સન્માનનીય ગૃહના સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આ વિધેયને મંજૂરી આપો.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૫ ના વિધેયક ક્રમાંક ૩૨ નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૭ , કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયનો ભાગ બની.**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૫ ના વિધેયક ક્રમાંક ૩૨ નું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૫ ના વિધેયક ક્રમાક ૩૨નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

# નિયમ-૧૦૧ અન્વયેનો પ્રસ્તાવ

## લાઉડસ્પીકરના ઉપયોગના પ્રતિબંધાત્મક નિર્દેશ દૂર કરવા અંગે

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે -

"પર્યાવરણની જાળવણી એ સમગ્ર સૃષ્ટિને સ્પર્શતો મુદ્દો છે. છેલ્લા ઘણા વર્ષોથી આ બાબતે વૈશ્વિક સ્તરે પ્રજામાં જાગૃતતા આવી છે. રાજ્ય સરકાર પણ પર્યાવરણની જાળવણીના પ્રશ્ને સતત ચિંતિત છે. ગુજરાતની પ્રજા પર્યાવરણની જાળવણી માટે હંમેશા સજાગ રહે છે અને આ અંગેના કોઈપણ કાયદાના પાલન માટે કટિબદ્ધ છે.

પર્યાવરણની સાથોસાથ લોકોની સુખાકારીને પણ એટલું જ મહત્ત્વ આપવું જરૂરી છે. સમૃદ્ધ પર્યાવરણમાં સમૃદ્ધ સંસ્કૃતિ પાંગરે છે. પ્રજા જીવન સાથે સંકળાયેલ લોકોત્સવ, ધાર્મિક ઉત્સવો, સાંસ્કૃતિક પરંપરા પણ તેટલી જ મહત્ત્વની બાબત છે. વિવિધતામાં એકતા અને એકતામાં વિવિધતા તે આપણી સંસ્કૃતિની આગવી ઓળખ છે.

ભારતની આ અમૂલ્ય સાંસ્કૃતિક ધરોહર અનેક ધાર્મિક - સાંસ્કૃતિક તહેવારોમાં દેખાય છે. આવા લોકોત્સવની ઉજવણી રાષ્ટ્રના વિવિધ પ્રાંતોની આગવી સાંસ્કૃતિક પરંપરા રહી છે. આવા વિવિધ તહેવારોમાં જુદા જુદા પ્રાંતની પ્રજા ઓતપ્રોત થઈને તેની ઉજવણી કરે છે અને સાચા અર્થમાં ભારતની સર્વ ધર્મ સમભાવની ભાવનાનું પ્રતિબિંબ પાડે છે. આપણા અમૂલ્ય સાંસ્કૃતિક વારસાનું સતત જતન થાય તે માટે રાજ્ય સરકાર પણ આવા લોકોત્સવને પ્રાધાન્ય આપતી રહી છે. સમગ્ર જન સમુદાય એક રસ થઈ તેમાં ભાગ લે અને ખાસ કરીને આવા ઉત્સવોમાં મહિલાઓ કોઈ પણ જાતના ભય વગર સામેલ થઈ સાચા સ્વરૂપમાં સાંસ્કૃતિક પરંપરાને આગળ વધારે તે સમાજ જીવનનું ઊજળું પાસુ છે. સ્વાભાવિક રીતે આવા ઉત્સવો મોડી રાત સુધી ઊજવાતા લોકત્સવ છે અને સામાન્યતઃ આવા ઉત્સવો શાંતિપૂર્ણ રીતે અને કોઈ નાગરિકને ખલેલ ન પહોંચે તે રીતે ઉજવવાની આપણી પરંપરા રહેલ છે.

નવરાત્રી એટલે નવ રાત્રિઓનો સમૂહ (એ ફેસ્ટીવલ ઓફ નાઈન નાઈટસ ) ગુજરાતમાં સદીઓથી નવરાત્રિનો તહેવાર પરંપરાગત રીતે ઉજવવામાં આવે છે. આ તહેવાર ધાર્મિક વિભાવના ઉપરાંત પ્રજાનો સાંસ્કૃતિક તહેવાર છે. આ તહેવારનો મહિના ગ્રામ્ય સ્તરથી શહેરી વિસ્તારોમાં બધે જ

સાંસ્કૃતિક ઉત્સવ તરીકે શાંતિપૂર્ણ રીતે ઉજવવામાં આવે છે. ગુજરાતની સાંસ્કૃતિક પરંપરા અને સામૂહિક લોકજીવનની પ્રતિતી કરાવતું પર્વ એટલે નવરાત્રિ. આનંદની સાથે ધર્મ અને પરંપરાનું પોષણ થાય છે. તો બીજી તરફ કલાકારો, કારીગરોને આજીવિકા પણ મળી રહે છે. આ તહેવાર ધાર્મિક રીતરિવાજો સાથે રૂઢિગત રીતે સંકળાયેલ છે. નવરાત્રિના મહોત્સવ દરમિયાન લાઉડસ્પીકરના ઉપયોગ સાથે રાસ ગરબાની રસલ્હાણ સમગ્ર રાજયની પ્રજા ઉત્સાહભેર માણે છે. હવે તો આ પર્વ વિશ્વમાં વસતા ભારતીયો અને વિદેશીઓ માટે પણ આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. સમાજનો શ્રીમંત વર્ગ કલબોમાં અને ખાનગી હોલમાં સંગીતની રમઝટ અને લાઉડસ્પીકર સાથે નવરાત્રિનો તહેવાર માણે છે. જ્યારે બીજો વર્ગ જાહેર ચોકમાં અને માર્ગો ઉપર ગરબા માણે છે. નવરાત્રિના તહેવારમાં લાઉડસ્પીકરના ઉપયોગથી કોઈને પણ અરૂચિ ન થાય તે રીતે પરવાનગી આપવામાં આવે છે.

તાજેતરમાં નામદાર સર્વોચ્ચ અદાલતે પર્યાવરણના મુદ્દે જાહેર હિતની એક અરજીનો નિકાલ કરતાં કેટલાક નિર્દેશાત્મક આદેશો આપ્યા છે. જેને કારણે નવરાત્રિ જેવા રાત્રિ ઉત્સવોમાં રાત્રિના દસ વાગ્યા પછી લાઉડસ્પીકર કે ડ્રમ જેવા સાધનોનો ઉપયોગ થઈ શકશે નહિ, સાથે સાથે નામદાર સર્વોચ્ચ અદાલતે એમ પણ જણાવેલ છે કે, આ ચુકાદાના અમલીકરણમાં કોઈ મુશ્કેલી જણાય તો સદરહું અદાલત પાસે પુન:નિર્દેશો મેળવવા સંબંધિતો અરજી કરી શકશે.

સદીઓથી ચાલ્યા આવતા આ સાંસ્કૃતિક વારસાને વધુ ઉત્તજેન મળે તે હેતુથી તથા નવરાત્રિ સહિતના વિવિધ ધર્મોના પરંપરાગત તહેવારો તથા લોકોત્સવો રાજયની પ્રજા ઉત્સાહભેર માણી શકે તે માટે રાત્રિના દસ વાગ્યા પછી લાઉડસ્પીકરના ઉપયોગ માટે જે પ્રતિબંધાત્મક નિર્દેશ છે તે દૂર કરવાના હેતુથી કેન્દ્ર સરકાર નામદાર સર્વોચ્ચ અદાલતને યોગ્ય તે વિનંતી કરે તેવો આ સભાગૃહ કેન્દ્ર સરકારને અનુરોધ કરે છે અને જરૂર જણાય તો " ધ એન્વારમેન્ટ ( પ્રોટેકશન) એકટ ૧૯૮૬ ( ૨૯ ઓફ ૧૯૮૬)"માં તેમજ અન્ય સંબંધિત કાયદાઓમાં જરૂરી સુધારો તાત્કાલિક કરવા માટે પણ આ સભાગૃહ કેન્દ્ર સરકારને અનુરોધ કરે છે. નવરાત્રિનો ઉત્સવ તા.૪થી ઓકટોબર, ૨૦૦૫થી શરૂ થનાર હોઈ, કેન્દ્ર સરકાર આ સમગ્ર પ્રક્રિયા સપ્ટેમ્બર માસના અંત સુધીમાં પૂરી કરે તેવો આ સભાગૃહ કેન્દ્ર સરકારને અનુરોધ કરે છે".

**શ્રી અશોક ભટ્ટ ( વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રસ્તાવને હું અનુમોદન આપું છું અને આ પ્રસ્તાવને આ સભાગૃહ સર્વાનુમતે પસાર કરે તેવી વિનંતી સાથે ફરીથી આ મુખ્યમંત્રીશ્રી જે પ્રસ્તાવ લાવ્યા છે તેનો હાર્દ એ ગુજરાતની પ્રજાનો હાર્દ છે, ગુજરાતની પ્રજાનો એક અવાજ છે તેને આ સભાગૃહમાં રજૂ કર્યો છે તેને મારો ટેકો આપું છું.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રિમ કોર્ટના ચુકાદાના કારણે ગુજરાતના એક સાંસ્કૃતિક જીવન પર પ્રભાવ પેદા થાય એવી પરિસ્થિતિ પેદા થઈ છે. સવાલ આ ઉત્સવ કે પેલો ઉત્સવ એના કરતાં લોકજીવનની આ જે વ્યવસ્થાઓ છેએને પોષક અને પૂરક વ્યવસ્થા ઉભી કરવી આવશ્યક છે અને સુપ્રીમ કોર્ટે પણ ભારત સરકાર પાસે અપેક્ષા કરી છે કે સરકાર પોતે કોઈ ચોકકસ સ્પષ્ટતા સાથે નિર્ણય કરે તો સુપ્રિમ કોર્ટને કોઈ વાંધો હોવાનું કારણ નથી. આપણી કઠણાઈ એ છે કે પહેલા તો રાજય સરકારને પણ થોડી છૂટછાટ આપવાની પરવાનગી હતી. છેલ્લા ચૂકાદા પ્રમાણે એ પણ અધિકાર રહ્યો નથી. આ સંજોગોમાં લોકોત્સવ માટે કેંદ્ર સરકાર પોતે જ ઓર્ડિનન્સ કરીને કોઈક રસ્તો કાઢે તે જરૂરી છે. દરેક રાજયનો કોઈને કોઈ એવો ઉત્સવ છે કે જેના લોક જીવનને વાચા આપવા માટે સામુહિકતા એક બહુ મોટી તાકાત છે અને ભારત જેવા દેશમાં સામૂહિક જીવનને આંચ આવશે તો ભારત જેવા ગરીબ દેશ માટે તો અનેક મુશ્કેલીઓ આવે અને તેથી આ સભાગૃહ કેંદ્ર સરકારને વિનંતી કરે એ હું માનું છું કે સમયોચિત છે. મારે સાથી પક્ષના મિત્રોનો આભાર માનવો છે કે આ પ્રસ્તાવમાં સર્વ સંમતિ સધાઈ છે. કામકાજ સલાહકાર સમિતિમાં સત્તા પક્ષ અને સાથી પક્ષ બંનેએ સંયુકત રીતે નિર્ણય કર્યો કે આ પ્રકારનો અનુરોધ આપણે કરવો જોઈએ અને ગઈકાલે માનનીય અધ્યક્ષશ્રી, આપને પણ બંને પક્ષના દંડકોએ સહીથી આ પ્રસ્તાવ મૂકવા માટેની વિનંતી કરી હતી અને જેના કારણે આજે આપે આ સમય આપ્યો છે. સાથી પક્ષના નેતા પણ ગૃહમાં હોત તો જરૂર આના સમર્થનમાં બોલવાના હતા એટલે એક અર્થમાં અન્ય કારણોસર સાથી પક્ષની ગેરહાજરી હશે પરંતુ મુદ્દે બંને પક્ષોએ સંયુકત રીતે આ પ્રસ્તાવ મૂકયો છે અને ભારત સરકારને એક ડેલીગેશન મળે અને તત્કાલ આની વિનંતી કરે એ દિશામાં આપણે પ્રયાસ કરવાના છીએ અને માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા પણ આ સમગ્ર રાજયનો અવાજ ભારત સરકાર સુધી પહોંચશે અને પરિણામે રાજયના આગામી વિકાસના કામોમાં આ લોકોત્સવને સ્થાન મળશે. બીજી એક વાત સ્પષ્ટ છે કે સામાજિક જીવનની અંદર વધતા જતા ટ્રેસના સમયમાં સામૂહિક રીતે ઉર્મિની અભિવ્યકિત એ જીવનમાં અનિવાર્ય

હોય છે અને સામૂહિક ઉર્મિની અભિવ્યકિત આ પ્રકારના સામૂહિક સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા શકય બનતી હોય છે એને પ્રોત્સાહિત કરવી જોઈએ અને જેનું જે મહાત્મ્ય હોય એ રીતે ઉજવવું જોઈએ. હવે દા.ત. ભારતને આઝાદી ૧૪મી ઓગસ્ટે રાત્રે ૧૨-૦૦ વાગે મળી. હવે જો આ દેશની જનતાના મનમાં વિચાર આવે કે ૧૪મી ઓગસ્ટ રાત્રે ૧૨-૦૦ વાગે જ મારે મારા ભારતની આઝાદીનું જશન મનાવવું છે. હું માનુ છું કે અવકાશ જોઈએ. અવસર એવો જોઈએ કે ભારતની આઝાદી રાત્રે ૧૨-૦૦ વાગે મળી છે તો રાત્રે ૧૨-૦૦ વાગે ઉજવવાનો એને અવસર મળવો જોઈએ. એના માટે આવશ્યક પ્રબંધોની વ્યવસ્થા હોવી જોઈએ. અગર જો ભારતને આઝાદી રાત્રે ૧૨-૦૦ વાગે મળી હતી પરંતુ કેટલાક કાયદાના નિયમો એવા નડે છે જેના કારણે આઝાદી ન મનાવી શકાય તો સ્થિતિ કેવી કફોડી થાય? નવરાત્રીએ રાત્રી માટેનો જ કાર્યક્રમ છે અને કોઈ એક સરકારે ઘડેલો કાર્યક્રમ નથી. સહસ્ત્ર વર્ષોથી ચાલતો સાંસ્કૃતિક પરંપરાનો ભાગી છે. હવે નવરાત્રીને દિવસમાં કન્વર્ટ કરીને ૯ દિવસ ઉજવવાની વાત સમાજને ગળે ઉતારી ન શકીએ તો એના જે મૌલિક અધિકાર છે એ મૌલિક અધિકારની અપેક્ષા માટે પણ પ્રયાસ કરવા જોઈએ. બીજી વાત છે સમગ્ર વિશ્વમાં વિકસતો જતો કોઈ ઉદ્યોગ હોય તો એ ટુરિઝમ છે અને ટુરિઝમની અંદર દુનિયાના દરેક દેશો બીજી પ્રજાને આકર્ષવા માટે પોતાની જે શકિત છે એનું પ્રદર્શન કરતા હોય છે. ભારતના રાષ્ટ્રપતિ મહામહિમ અબ્દુલ કલામજીએ ભારતના વિકાસના ભાવિની રૂપરેખા ઘડી છે એ ભારતના વિકાસની ભાવિ રૂપરેખામાં એમણે હિન્દુસ્તાનને કેટલાક ભાગોમાં વહેંચ્યું છે અને કયા ભાગમાં કઈ પ્રવૃત્તિને પ્રાધાન્ય આપવામાં આવે તો ૨૦૨૦ સુધી હિન્દુસ્તાન એક પ્રગતિશીલ સંદેશ તરીકે વિકાસ પામી શકે અને એમાં એમણે જે હિન્દુસ્તાનનું વિભાગીકરણ કર્યુ છે એમાં રાજસ્થાન અને ગુજરાતને એમણે ડેઝર્ટ ઝોન તરીકે વ્યાખ્યાયિત કર્યા છે અને એમણે સૂચવ્યું છે કે આ ડેઝર્ટ ઝોનનો વિકાસ કરવો હોય તો સૌથી અનુકૂળ વ્યવસ્થા હોવી જોઈએ. ટુરિઝમ ઉપર બળ આપવું જોઈએ. આ ટુરિઝમને બળ આપી દુનિયાને આપણી શકિતથી પરિચિત કરાવીએ. આપણે વેસ્ટર્ન મોડલ ઉપર ટુરિઝમ વિકસાવી નહીં શકીએ. આપણે સાંસ્કૃતિક વિરાસત દ્વારા, આપણા સ્થાપત્ય દ્વારા આપણી આતિથ્ય દેવોની પરંપરા દ્વારા આપણે ટુરિઝમને વિકસાવી શકીએ.

રાજસ્થાન જેવો પ્રદેશ એ એક પ્રકારે કહી શકાય કે બાલુ બતાવીને ડોલર કમાતો થયો છે, એના માટે ૨૦-૨૫ વર્ષ લગાતાર રાજસ્થાનમાં એકધારી રીતે ટુરિઝમના પ્રોત્સાહન માટે અનેક યોજના બને, અનેક ઈવેન્ટ ક્રિએટ કરવામાં આવ્યા અને પરિણામે ધીરેધીરે એ દિશામાં આગળ વધ્યા. ટુરિઝમના ક્ષેત્રે ગુજરાત માટે પણ નવરાત્રિના ગરબાની એક અદ્ભુત તાકાત છે. વિશ્વની અંદર નવ રાત સુધી લગાતાર લાખો લોકો તાલબદ્ધ રીતે આ મહોત્સવ મનાવતા હોય, ભક્તિમાં લીન થતા હોય એ વિશ્વમાં અજોડ ઘટના છે. આનો વિશ્વમાં પરિચય કરાવીને ગુજરાતના ટુરિઝમને માટે આ ગરબાને પણ ગ્લોબલ બનાવવાની દિશામાં પ્રયત્ન આદર્યો છે અને મહામહીમ રાષ્ટ્રપતિજીએ ઇચ્છા વ્યક્ત કરી છે એ ઇચ્છાની પરિપૂર્તિ માટે આ પ્રયાસ એક સ્તુત પ્રયાસ છે. આ સંજોગોમાં ભારત સરકારને અનુરોધ કરવાથી ભારત સરકાર વેળાસર આ દિશામાં કોઈ કદમ ઉઠાવે અને આ ગુજરાતની ૫ કરોડ જનતાની લાગણીને વ્યક્ત કરવાનો પ્રયાસ આ સભાગૃહે કર્યો છે અને મને વિશ્વાસ છે કે સૌ માનનીય સદસ્યો અને આની સામે બીજુ દા.ત. ચૂંટણીમાં ૧૦-૦૦ વાગ્યા પછી માઈક બંધ છે, એની સામે વાંધો લીધો નથી. અનેક લાંબા સમયથી સ્વીકારીને ચાલીએ છીએ, તેથી માઈક વગાડવાની બાબતમાં ૧૦-૦૦ વાગ્યાની મર્યાદા અગર ચૂંટણીની બાબતમાં આવી તો રાજકીય પક્ષો એડજસ્ટ થઈને ગોઠવાઈ ગયા, સારું થયું, પણ આ લોક ઉત્સવ છે અને રાત્રિનો છે, એમાં સમાજની લાગણીઓનો આદર થવો જોઈએ. આપણી લોકશાહી વ્યવસ્થા છે. જેમાં કરોડો કરોડો લોકો સામેલ હોય, જેમાં કોઈ ભેદભાવ ન હોય કોઈ સાંપ્રદાયિક ભેદભાવ ન હોય, ઊંચ નીચનો ભેદભાવ ન હોય, આર્થિક અસમાનતા ન હોય, સૌ રંગેચંગે જોડાતા હોય એવા આપણા સમાજના શક્તિરૂપ નવરાત્રિ પર્વને અને બીજા પર્વને પણ પ્રાથમિકતા મળવી જોઈએ, એના માટે યોગ્ય કાનૂની વ્યવસ્થા થવી જોઈએ, એના માટે ભારત સરકાર જ સક્ષમ છે, તેથી આપણા માધ્યમથી સભાગૃહ એક પ્રસ્તાવ પારિત કરીને મોકલે. ફરી એક વાર આપનો આભાર.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તો આ પ્રસ્તાવને ખૂબ જ દિલથી આવકારું છું. વિશેષ ધ્યાન દોરવું હતું કે હમણા વાત કરતા હતા કે ન્યુ જર્સીમાં પ્રતિબંધ મૂક્યો. સરકાર સામે ત્યાં કોર્ટમાં લડીને ૧૨-૦૦ વાગ્યા સુધી અમેરિકાના ન્યુ જર્સીમાં નવરાત્રિ માણવાની છૂટ હોય, ત્યારે ગુજરાતની ભૂમિ ઉપર માતાજીનું આવું સરસ પર્વ, એટલું જ નહિ માત્ર આપણા મુખ્યમંત્રીશ્રીએ સાચી વાત કરી આપણી લોકપરંપરા. હું પણ એક લોક સાહિત્યનો માણસ છું, એટલે કહું આ વ્યવસ્થાને કારણે કેટલાક લોક સાહિત્યકારોનો વ્યવસાય છે, એના ઉપર માઠી

અસર થાય. લોક સાહિત્યની પરંપરાને કારણે સંસ્કાર ઘડતરનું કામ થયું છે. જો ડાયરા બંધ થઈ જાય તો શું થાય? આ બધી બાબતોનો વિચાર કરીને મને લાગે છે કે આ આખી બાબતને ભાવનાત્મક રીતે લોકશાહીની અંદર આપણો મૂળભૂત અધિકાર છે, એને ધ્યાનમાં રાખીને એના માટે જે પણ કઈ જરૂર પડે એકમત થઈને, એકત્રિત તાકાત થઈને રજૂઆત થાય અને આપણા અવાજનો પડઘો પડીને ખૂબ સરસ પરિણામ સમયસર મળે એ અપેક્ષા સાથે મુખ્યમંત્રીશ્રીને પ્રસ્તાવ લાવવા બદલ ખૂબ અભિનંદન આપું છું.

**પ્રસ્તાવ મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

# નિયમ-૧૦૧ અન્વયેનો પ્રસ્તાવ

### જયોતિગ્રામ યોજનામાં રાજયના તમામ ગામડાઓને આવરી લેવા અંગે

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, " રાજયના ગામડાઓમાં કુટિર/ગૃહ ઉદ્યોગ જેવા નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ થાય, સ્થાનિક લોકોને તેને કારણે સ્થાનિક રોજગારીની વધુ તકો ઉભી થાય અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે, લોકોને સારી આરોગ્ય સેવાઓ તથા માળખાગત સુવિદ્યાઓ પૂરી પાડી શકાય તે માટે ગ્રામ્ય વિસ્તારોમાં સતત ચોવીસ કલાક થ્રી ફેઝ વીજ પુરવઠો પુરો પાડવાનું રાજય સરકારે નકકી કરેલ છે. આ દિશામાં અસરકારક અમલીકરણ કરીને ગ્રામ્ય વિસ્તારના લોકોના વ્યકિતગત ઉત્કર્ષ, લોકોની રોજીરોટી તેમજ સુખ સગવડમાં વધારો કરવા, શહેરો તરફનું સ્થળાંતર અટકાવવા તથા ગ્રામિણ વિસ્તારોના સર્વાંગી વિકાસના આયોજનરૂપે રાજય સરકારે વર્ષ ૨૦૦૩-૨૦૦૪થી જયોતિગ્રામ યોજના અમલમાં મૂકેલ છે. આ યોજના હેઠળ તા. ૪-૯-૨૦૦૫ની સ્થિતિએ રાજયના ૧૮,૦૬૬ ગામડાઓ પૈકી ૧૧,૨૪૨ ગામડાઓને સતત વીજ પુરવઠાથી આવરી લેવામાં આવેલ છે. વળી, તે હેઠળ રાજયના ૨૫ જિલ્લાઓ પૈકી અમદાવાદ, ગાંધીનગર, કચ્છ, આણંદ, પાટણ, મહેસાણા અને ડાંગ જિલ્લાઓ ૧૦૦% આવરેલ છે અને ચાલુ વર્ષે એટલે કે સને ૨૦૦૫-૦૬ના નાણાંકીય વર્ષમાં રાજયના તમામ ગામોને આવરી લેવાનું આયોજન કરેલ છે. પ્રસ્તુત યોજના અંગે રાજય સરકારે કરેલ આયોજન સંબંધમાં આ સભાગૃહ વિચારણા કરે."

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બે વર્ષ પહેલાં આ સભાગૃહની અંદર આદરણીય વજુભાઈ વાળાએ આ યોજના વિશેની વાત કરીને બજેટ રજૂ કર્યુ હતું. ઘણાબધા સભ્યો અને તેમાંય ખાસ કરીને વિરોધપક્ષના સભ્યશ્રીઓ આ યોજના કયારેય પણ અમલમાં આવશે નહીં તે પ્રમાણેની હાંસી ઉડાવતા હતા.આજે ટૂંકા ગાળની અંદર મને આ સભાગૃહમાં કહેતાં આનંદ થાય છે કે રાજયના ૧૮,૦૬૬ ગામડાઓ પૈકી આજની તારીખે ૧૧,૨૪૨ ગામડાઓને ચોવીસ કલાક થ્રી ફેઝ લાઈટ આપવાનું કામ સંપૂર્ણપણે પૂરું કર્યુ છે. ગુજરાત રાજય આખા દેશમાં એકમાત્ર રાજય છે કે જે પોતાના ગામડાઓને ચોવીસ કલાક વીજળી આપે છે. આ દેશમાં વીજળીનો બહુ મોટો પ્રશ્ન છે. તમે ગમે તે શહેરમાં જાઓ, ગમે તે રાજયમાં જાઓ અને ગામડાઓમાં જાઓ તો ત્યાં વીજળી વિશે ચર્ચા થતી હોય છે. આ દેશના બીજા ગમે તે શહેરમાં જાઓ તો એક કલાકથી છ કલાક વીજળી બંધ હોય છે. ઉદ્યોગો માટે રોજ તે જ સમયે એક કલાકથી છ કલાક વીજળી બંધ હોય છે. બીજા રાજયના ગામડાઓમાં જાઓ તો આઠ કલાક, દસ કલાક , બાર કલાક અને ચૌદ કલાક વીજળી બંધ હોય છે. એવા રાજયો છે કે તેની અંદર થાંભલા કાઢી લીધા છે, વાયરો કાઢી નાંખ્યા છે અને તમે પ્રશ્ન પ્રછો કે ભાઈ તમારે વીજળી કયારે આવી હતી તો કહે છે કે બે મહિના પહેલાં આવી હતી. આવા ગામડાઓ આ દેશની અંદર છે. આની અંદર આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વ નીચે આપણે છેલ્લા દોઢ-બે વર્ષની અંદર રાજયના ૧૧,૨૪૨ ગામડાઓને ચોવીસ કલાક વીજળી આપી છે. આ દેશમાં આની ઘણી બધી ચર્ચાઓ થાય છે. અમારા અધિકારીઓને બોલાવવામાં આવે છે અને પૂછે છે કે આટલું કામ તમે કેવી રીતે કર્યુ? આ કામ નાનુ નથી. ૧૮,૦૦૦ ગામડાઓ ગણો અને ૮,૦૦૦ પેટાપરા ગણો એટલે ૨૬,૦૦૦ થાય. ૨૬,૦૦૦ માં ચાર કિલોમીટરનું અંતર ગણો તો એક લાખ કિલોમીટરની નવી લાઈનો થાય. જયારથી ગુજરાતમાં વીજળીના થાંભલાઓ નાંખવામાં આવ્યા, મારા ખ્યાલ પ્રમાણે બ્રિટીશરોના સમયથી નાંખવામાં આવ્યા હશે ત્યાંથી માંડીને ૨૦૦૩ સુધીમાં જેટલા થાંભલા નાંખવામાં આવ્યા, જેટલા કંડકટર નાંખવામાં આવ્યા તે છેલ્લા પોણા બે વર્ષમાં સંપૂર્ણપણે ફરીથી નાંખ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમાં સાત જિલ્લાઓ સંપૂર્ણ પતી ગયા છે. પણ બાકીના ગામડાઓને માર્ચ-૩૧ પહેલાં એટલે કે ૧૮,૦૦૦ ગામડાઓને પૂર્ણ કરવાના પ્રયત્નો કરીએ છીએ. ૬

ાણા બધા ધારાસભ્યશ્રીઓ પેટા પરાના વીજળીકરણની વાત કરતા હતા. હમણાં બે દિવસ પહેલાં માનનીય રમીલાબહેને તેમના વિસ્તારના પેટા પરાની વાત કરી હતી. એમણે કહયુંહતું કે મારા વિસ્તારમાં વર્ષોથી પેટા પરામાં વીજળીકરણ નથી. આજની તારીખમાં વીજળીકરણ નથી. આ સભાગૃહની અંદર આદરણીય માજી મુખ્યમંત્રીશ્રીના વિસ્તારમાં આટલા વર્ષો સુધી રાજયમાં રાજ કર્યુ, નેતૃત્વ આપ્યુ અને તેમના જ વિસ્તારમાં આજની તારીખ સુધીમાં ૪૦ પેટા પરાઓમાં લાઈટ નથી. ખેડબ્રહમામાં લાઈટ નથી. આવા સંજોગોની અંદર જયારે માજી મુખ્યમંત્રીશ્રી લાઈટ ન આપી શકયા ત્યારે જયોતિગ્રામ દ્વારા આપણે સંપૂર્ણપણે તેમાં નોન ટ્રાયબલ પેટા પરા ૫૬૭૭ છે અને ટ્રાઈબલ પેટા પરાં ૨૯૯૧ આમ કરીને ૮૬૬૮ પેટાં પરાંને અમે લાઈટ આપવાના છીએ. આનંદ સાથે વાત કરું કે, આજની તારીખમાં ઓછામાં ઓછા ચાર હજાર પેટાપરાંને ઓલરેડી જોડી દીધા છે એટલે જે પચાસ વર્ષમાં પેટાપરાંને વીજળીકરણ આપી ન શક્યા એ આપણે આ બે વર્ષમાં આ બધા પેટા પરાંને વીજળીકરણ આપશું.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં ઘણી બધી ફરિયાદો આવતી હતી, માનનીય સભ્યશ્રીઓ પાસેથી ફરિયાદો આવતી હતી કે ઘણા બધા વ્યકિતઓ, ખેડૂતભાઈઓ ખેતરોમાં રહે છે. એટલે આપણે નક્કી કર્યુ, માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આદેશ આપ્યો કે ભાઈ, આ આઠ કલાક પછીના જ્યારે ખેતરોમાં વીજળી આપવાની બાબતમાં કંઈક વિચાર કરો. આપણું રાજય એક માત્ર રાજય છે જે નવી ટૅક્નૉલૉજી લાવ્યું અને સ્પેશિયલ ટ્રાન્સ્ફૉર્મર લાવ્યા અને સ્પેશિયલ ટ્રાન્સ્ફૉર્મર દ્વારા આજની તારીખમાં આ કામ ચાલુ કર્યુ છે અને જ્યાં જ્યાંથી માનનીય ધારાસભ્યશ્રીઓની વિનંતી આવે છે ત્યાં વધારે ફીડર ઉપર ખેડૂતો રહે છે એમાં આપણે કામ ચાલુ કર્યુ છે અને આ જયોતિગ્રામ યોજનામાં ખેતરોમાં સીંગલ ફેઝ આપવાનું પણ આની અંદર નક્કી કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા બધા ફાયદા આ યોજના દ્વારા થયા છે, સૌથી વધારે ફાયદો કહીએ તો ઘણી બધી ફરિયાદો આવતી કે વારુ વખતે લાઈટ નથી, જમવા વખતે લાઈટ નથી આ બધી ફરિયાદો કાયમ માટે જતી રહી છે અને હવે એવી પરિસ્થિતિ થઈ છે કે ઘરમાં રાતના સમયમાં બેનો એન્ટરટેઈનમેન્ટ કરી શકે છે, ટીવી જોઈ શકે છે, બાળકો કૉમ્પ્યુટરનો લાભ લઈ શકે છે અને સૌથી વધારે અગત્યનું કે ગામડાંમાં અંધારપટની અંદર બહુ ચોરીઓ થતી હતી તો આ વીજળી આવવાને કારણે ગામડાંમાં ચોરીઓનું પ્રમાણ પણ ઓછું થયું છે. ગામડાં ભાંગી ગયાં, ગામડાં તૂટી ગયા અને આ ગામડાં ભાંગી ગયા એનું કારણ લોકો શહેરોમાં આવી ગયા તો આ વીજળી આપવાથી સૌથી મોટો લાભ જો થયો હોય તો માઈગ્રેશન અટકયુ છે, ગામડાંમાં માતાપિતા રહે અને દીકરાઓ શહેરોમાં રહે એવી પરિસ્થિતિ હતી, આજની તારીખમાં આજે ચોવીસ કલાક વીજળી આપવાથી ઘણા બધા વિસ્તારોમાં અને શહેરોમાંથી લોકો ગામડાં તરફ જવા માંડ્યા છે. બીજું, કોટેઝ ઇન્ડસ્ટ્રીઝ વધી, હાઉસહોલ્ડ ઇન્ડસ્ટ્રીઝ વધી, સ્મોલસ્કેલ ઇન્ડસ્ટ્રીઝ વધી અને એના કારણે નાના નાના ઉદ્યોગો પણ ગામડાંમાં આવવા માંડ્યા, એમ્પ્લોયમેન્ટ વધ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની વાત કરીએ તો ગામડાંનાં બાળકોને કૉમ્પ્યુટરનો લાભ મળતો થયો છે. આજે શિક્ષણ વિભાગ દ્વારા સ્કૂલોમાં કૉમ્પ્યુટરની સગવડ કરવામાં આવી, પ્રાઇવેટ શાળાઓમાં પણ એની સગવડ થઈ. આરોગ્યની વાત કરીએ તો વીજળી વગર દવાઓ રહેતી ન હતી, મશીનો જે, ડીપફ્રીઝ રાખવામાં આવતાં ન હતાં એ ડીપફ્રીઝ ન રાખવાને કારણે દવાઓ બગડી જતી હતી એટલે કોઈ માંદું પડે તો એને સીધા શહેરમાં લઈ જવું પડતું હતું, હવે આ લાઈટના કારણે દવાઓ પણ હૉસ્પિટલોમાં રાખવા માંડ્યા છે, ઘણી બધી ફરિયાદો વીજળી ન હોવાને કારણે આવતી હતી, વીજળી ન હોવાને કારણે પીવાનું પાણી નથી એવી પણ ફરિયાદો આવતી હતી, આજે આવી ફરિયાદો સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે એટલે આ રીતે ઘણા બધા ફાયદા થયા છે, ખેડૂતોને પણ ફાયદો થયો છે, ખેડ્રતોનાં ટ્રાન્સ્ફૉર્મર બળી જતાં હતાં એ બળવાનું પ્રમાણ ઘણું બધું ઓછું થઈ ગયું છે. , દરેક ખેડૂતને રિવાઈન્ડીંગનું ઓછામાં ઓછું દશથી માંડીને પચાસ હજાર રૂપિયા સુધીનો ખર્ચ એની પાછળ થતો હતો, તો આજની તારીખમાં આ રિવાઈન્ડીંગના યુનિટો બંધ થઈ ગયા છે એમ કહીએ તો ચાલે. ખેડ્રત ભાઈઓને સૌથી મોટો ફાયદો છે, ખેડ્રતોની એક ફરિયાદ હતી કે અમને તૂટક તૂટક વીજળી મળતી હતી, લંગડો વીજળી મળતી હતી એ આજની તારીખમાં આ યોજનાના કારણે આપણે કવોલિટી આપી શક્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે એક સર્વે કરાવ્યો અને એ સર્વેમાં આવ્યું કે બહેનોથી માંડીને બધા બહુ રાજી. બહેનોનું એવું કહેવું છે કે અમારા દિવસો લાંબા થઈ ગયા, અમને કયારેય આટલા આટલા દિવસો સુધી આટલા વધુ કલાકો કામ કરવા મળતું ન હતું, બાર કલાકનો દિવસ ગણાતો હતો પણ આજની તારીખમાં એ લોકો એમ કહે છે કે અમારો દિવસ ચોવીસ કલાકનો થયો છે. મેં મારા

વિસ્તારના ખાલી ચાર ગામોમાં એક સર્વે કરાવ્યો, તલાટી મંત્રી અને સરપંચશ્રી અને ગામના લોકો દ્વારા, પંદર હજારની વસતિના ચાર ગામો એ ચાર ગામોમાં સાત હજાર ૧૮ વર્ષની ઉપરના ભાઈઓ અને બહેનો, પહેલાં રોજગારી બે હજાર માણસોને મળતી હતી, આજની તારીખમાં ચાર ગામોમાં સર્વે પ્રમાણે ૩૪૯૦ વ્યકિતઓને રોજગારી મળે છે એટલો મોટો લાભ કયારેય અગાઉ આ ગામડાંઓમાં મળ્યો નથી અને આના કારણે એ લોકોની આવક, ખાલી ચાર ગામોમાં આ ૩૪૯૦ લોકોની આવક, એમની આવકની સાથે એમના નામ સાથેનો સર્વે કરાવ્યો કે કઈ વ્યકિતને ક્યારે રોજગારી મળી.એની શું માસિક આવક તો એ ૩૪૯૦ વ્યકિતઓને ૮૨,૫૪,૨૦૦/- રૂપિયાની માસિક આવક થઈ છે. એટલે તમે વિચાર કરો કે આટલો બધો લાભ જયોતિગ્રામ યોજનાને કારણે મળ્યો છે અને જે જે રોજગારી પહેલા મળતી હતી દા.ત. દરજી, તો એનો સર્વે કર્યો કે દરજીની આવક ૨૪૫૦ જયોતિગ્રામ યોજના પહેલા હતી વીજળી આવવાના કારણે એની આવક ૪૨૦૦ થઈ, છરીકામ કરતા હતા એની આવક ૧૯૦૦ રૂપિયા હતી એની ૩૫૫૦ થઈ, સુથારી કામ કરતા હતા એની ૨૮૮૦ હતી એની ૬૦૧૦ થઈ અને જે ફરનિચરનું કામ કરતા હતા એની ૧૫૦૦૦ ની આવક હતી એની ૨૮૦૦૦ થઈ. એવી જ રીતે જયાં જયાં જયોતિગ્રામ યોજના આવી છે અને ત્યાં સર્વે કર્યો છે પહેલા અને પછી ત્યાં બધાની જયોતિગ્રામ યોજનાના કારણે ખૂબ મોટી આવક થઈ છે. એટલે આવી સરસ યોજના માનનીય મુખ્યમંત્રીશ્રી ગુજરાતના ૧૮૦૦૦ ગામડાઓ અને ૮૦૦૦ પેટાપરાઓ માટે લાવ્યા છે એ ૩૧મી, માર્ચ પહેલા સંપૂર્ણપણે ખર્ચ કરીને પૂરી કરવાના છીએ અને ૫૮૫ કરોડ રૂપિયા અત્યાર સુધીમાં ખર્ચ થયો છે એની અંદર આનંદની વાત એ છે કે ૧૩૦ કરોડ રૂપિયા લોકભાગીદારીથી મળ્યા છે. કોઈ યોજના એવી નથી કે ૫૮૫ કરોડમાં ૧૩૦ કરોડ લોકભાગીદારીથી મળ્યા હોય. રાજય સરકારે ૪૫૦ કરોડ રૂપિયા ખર્ચ્યા છે એટલે આવતા દિવસોમાં આ યોજના ૩૧-૩ પહેલા પૂરી કરવાનું અમારું આયોજન છે અને અમારા અધિકારીઓ આ માટે કટિબધ્ધ છે.

**શ્રી કનુભાઇ મે. ભલાળા(વિસાવદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સૌરભભાઈ જે વાત લઈને આવ્યા છે એને હું મારો સંપૂર્ણ ટેકો આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત એ કરવી છે કે, જયોતિગ્રામ યોજના છે એ ખરેખર ગુજરાતના ગામડાઓ બે નંબરનું સ્થાન ધરાવતા હતા વીજળી બાબતમાં એ આજે શહેરોની બરોબરી કરી રહ્યાં છે. ઉદ્યોગ ક્ષેત્રે જે કોઈ માનનીય મંત્રીશ્રીએ વાત કરી એ બધો દરજ્જો આજે ગામડાને મળી રહ્યો છે. ખૂબ આવક થઈ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું બીજી વાત કરું તો જયોતિગ્રામ યોજના આવતા જે ખેતીવાડીમાં ૧૫ થી ૧૬ કલાક સીંગલ ફૈઝ અને થ્રી ફૈઝ વીજળી મળતી હતી એમાં ખેડૂતો ટેટા ચડાવીને જરૂર ખેતી કરતા અને બિનઅધિકૃત રીતે પાવરનો ઉપયોગ કરતા હતા. પરંતુ ૮ કલાક ખેતીવાડીમાં વીજળી મળવાથી ઉનાળુ અને શિયાળાના પાક માટે તો બરાબર છે કે ખેડૂતને ખ્યાલ જ હોય કે ૮ કલાક આપણને વીજળી મળવાની છે એટલે ૮ કલાક પુરતું જ પિયત કરે પણ ચોમાસાની સીઝનમાં જયારે સમગ્ર ખેતીવાડીમાં વાવેતર થઈ જતુ હોય અને જયારે વરસાદ ખેંચાય ત્યારે ૮ કલાક જ જો માત્ર વીજળી આપવામાં આવે તો એનાથી ખેતીવાડીને પારાવાર નુકસાન થાય છે. એટલે જે કોઈ ગામડાઓને લાભ થાય એની સામે આ ખેતીવાડીને મોટું નુકસાન થાય. તો આમાં જયોતિગ્રામ યોજનામાં ચોમાસામાં જયારે ખેડૂત વીજળી માગે ત્યારે તાત્કાલીક ૨૦-૨૨ કે ૨૪ કલાક વીજળી આપવી જોઈએ. જો આપણે હિસાબ કરીએ તો ચોમાસાના ૯૦ દિવસમાં ૮ કલાક તમે ગણો તો પણ ૭૨૦ કલાક ખેડૂત વીજળી માંગવાનો હક્કદાર બને છે. તો ચોમાસામાં વરસાદ જયારે પડતો હોય ત્યારે ખેડૂત ૧૫ કે ૨૦ દિવસ ખેતી માટે ઈલેકિટ્રક મોટર ચલાવતા નથી તો મજરે પણ વીજળી આપવી જોઈએ અને ૨૦ થી ૨૫ કલાક વીજળી આપવી જોઈએ અને આ બાબતમાં વીજમંત્રીએ કૃષિમંત્રીશ્રી સાથે અને કૃષિ સચિવશ્રી સાથે અને બીજા અધિકારીઓ સાથે આ બાબતમાં ચર્ચા કરી લેવી જોઈએ કે વરસાદ ખેંચાય તો ખેતીવાડીને કેટલું નુકસાન જાય છે. જો ખેડૂતો રજૂઆતો કરતા રહે અને અમે ધારાસભ્યશ્રીઓ મંત્રીશ્રીને રજૂઆતો કરતા રહીએ તો એમાં દસ દિવસ જેવો સમય નીકળી જાય છે અને દસ દિવસ પછી વીજળી આપવાનો પ્રબંધ કરે ત્યાં સુધીમાં તો ખેડૂતોનું એક આખું પિયત માર્યું જાય છે. તો હું ધ્યાન એ બાબત તરફ દોરું છું કે, આપણું ગુજરાત રાજય જયારે ખેતીવાડી ઉપર આધારિત છે, ગ્રામીણ અર્થતંત્ર પર આધારિત છે ત્યારે અને વધારે ચોમાસાના પાક ઉપર આધારિત આપણા ગુજરાતના ગામડાં છે ત્યારે એમાં તાત્કાલીક નિર્ણય લઈ સાથે બેસીને મિટિંગ કરીને જે તે વિસ્તારમાં જયાં જયાં ચોમાસા દરમ્યાન વરસાદ ન થયો હોય ત્યાં તાત્કાલીક વીજળી બે જ દિવસમાં પૂરી પાડવી જોઈએ અને એક સાથે બે-ત્રણ દિવસમાં આખા પાકમાં પિયત કરી શકે એવું આયોજન થાય એવી ચર્ચા વિચારણા મંત્રીશ્રી કરી લે એવું મારું સૂચન છે અને મારી માગણી છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઊર્જા મંત્રીશ્રી જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં હું મારું અનુમોદન આપું છું. જ્યોતિ ગ્રામ યોજના એ મને લાગે છે કે ગ્રામ્ય ક્રાંતિકારી માટેનું ખૂબ મહત્ત્વનું પગલું છે. અરધી સદી જતી રહેવા છતાં પણ ગામડામાં વસતા લોકોને પૂરતા પ્રમાણમાં જે સુવિધા મળવી જોઈએ એ મળે નહિ અને જાણે એક જ દેશમાં રહેતા નાગરિકો જે ગામડામાં રહેતા હોય અને બીજા શહેરમાં રહેતા હોય, ગામડામાં રહેવાવાળી વ્યક્તિને પૂરતા અધિકારો જાણે ન હોય, એ આરોગ્યની બાબત હોય કે બીજી કોઈપણ બાબત હોય, ત્યાં આગળ ડૉકટરની વાત આવે કે બીજી કોઈ વાત આવે તો ત્યાં આગળ વીજળી ચોવીસ કલાક નથી એટલે આ ન થઈ શકે આ વાત અત્યારસુધી આખા દેશના ગામડામાં હતી. ગુજરાત સરકારે એવી પહેલ કરી છે કે ગામડાને પણ શહેરમાં મળતી તમામ સુવિધાઓ મળી રહે, જેના માટે થઈને ચોવીસ કલાક વીજળીની જ્યોતિ ગ્રામ યોજના અંતર્ગત આ ખૂબ જબરદસ્ત ક્રાંતિકારી શરૂઆત થઈ છે, આના કારણે કૃષિની અંદર ખૂબ મોટો ફાયદો થયો છે. ખેતીની તૈયાર કરેલી વસ્તુનું યોગ્ય માર્કેટ ના મળે, એનું કારણ એ હતું કે તૈયાર કરેલી વસ્તુ એના એજ પ્રમાણે માર્કેટમાં વેચવામાં આવતી. હવે ગામડામાં રહેતો માણસ, વ્યક્તિ, ખેડૂત પોતે તૈયાર કરેલી વસ્તુઓ એ ગામડાની અંદર જ નાનો ઉદ્યોગ કરીને નાનો ગૃહઉદ્યોગ કરીને રૂપાંતર કરી શકે. દા.ત. ઇસબગૂલ હોય તો એના ઉપરનું જે પડ છે એ દૂર કરવાનું કારખાનું ગામડાની અંદર જ નાંખીને એ ૩૦૦ રૂપિયે વેચાતુ ઇસબગૂલ ૨૦૦૦ રૂપિયે વેચતું હવે એ કરી શકે આ સ્થિતિ નિર્માણ થઈ છે. બીજું ટ્રૅક્ટરો અમારે ત્યાં ચાલતા હોય ગામડામાં તો ટ્રૅક્ટરના ચપલા જે હોય એને ટિપાવવા માટે શહેરમાં જવું પડે, ચોવીસ કલાક કૂટવા માટેનું લુહારનું મશીન પણ ગામડામાં ન હોય અને ત્યાં આગળ શહેર સુધી દશ - પંદર કિલોમીટર સુધી જાય, ડિઝલ વપરાય, ખર્ચ થઈ જાય ત્યાં સમય આખો એનો વેડફાય, ગામડાની અંદર આ સ્થિતિ ઊભી થઈ હતી. બીજું ખેડૂતો ગામડામાં ટ્યુબવેલ ચલાવે, લાઈટ એમને બાર કલાક, આઠ કલાક આપે, ૧૦ કલાક આપે પરંતુ લાઈટ આવે તો કેવી આવે? અત્યારે આવી અને વળી પાછી જતી રહે તો એમાં ટ્રીપ મારે અને એમાં એમની મોટરો બળી જાય દર વરસે વીસ હજાર, પચીસ હજાર, પચાસ હજાર રૂપિયા એના રીપેરીંગના થાય, જ્યોતિ ગ્રામ યોજના અંતર્ગત ગામડા અને એગ્રીકલ્ચર બન્નેનો અલગ અલગ ભાગ થવાના કારણે અમારા જિલ્લાનો જ હું એક દાખલો આપું છું કે જે કારખાના મોટર રીપેરીંગના હતા જે સતત આખી લાઈનો લાગી ગઈ હતી એ કારખાના બંધ થઈ જવા લાગ્યા છે, દરેક ખેડૂતને એક એક ટ્યુબવેલ દીઠ ચાલીસ હજાર- પચાસ હજાર રૂપિયાનો જે રીપેરીંગનો ખર્ચ વધારાનો આવતો હવે જ્યોતિ ગ્રામ યોજના અંતર્ગત પાવર પૂરતા પ્રમાણમાં, એગ્રીકલ્ચરનો પાવર અને ગ્રામ્યનો બનેલો પાવર અલગ થવાના કારણે પૂરતા પ્રમાણમાં પાવર, પાવરફુલ પાવર મળવાના કારણે મોટરો બળી જવાની સમસ્યા ભૂતકાળ બની ગઈ છે. પૂરતા વૉલ્ટેજ સાથેની લાઈટ મળે છે. હું માનું છું કે, દર વરસે આ એક જ્યોતિ ગ્રામ યોજના થવાના કારણે ચાલીસ હજાર, પચાસ હજાર તો અમસ્તાં જ ટ્યુબવેલવાળા ખેડૂતોના બચ્યા છે. દૂધના વ્યવસાય સાથે સંકળાયેલા ગામડાના લોકો, ગામડામાં તૈયાર કરેલ દૂધ કોલ્ડ સ્ટોરેજમાં ત્યાં આગળ સ્ટોર કરીને રાખવું હોય એને ઠંડુ રાખવું હોય એ ગામડામાં રહી ના શકે દૂધ શીત કેન્દ્ર હોય ત્યાં આગળ પહોંચાડવાની એમને મુશ્કેલી ઊભી થાય, જેના કારણે ગામડાનું દૂધ ત્યાં આગળ બગડી જાય અથવા તો દૂધ એમને સસ્તા ભાવે આપી દેવું પડે, હવે ગામડાની અંદર જ એનું સ્ટોરેજ થઈને ગામડાની જ ડેરીની અંદર ત્યાં જ પોતાનું દૂધ પોતે સંગ્રહી રાખે અને પૂરતા પ્રમાણમાં જ્યારે ઠીક લાગે ત્યારે પોતાને યોગ્ય માર્કેટ મળે ત્યારે વેચી શકે એવી સુવિધા ઊભી થઈ છે. હું માનું છું કે કૃષિ અને પશુપાલનના વ્યવસાય માટે જબરદસ્ત એક ક્રાંતિકારી શરૂઆત થઈ છે.

જ્યોતિ ગ્રામ યોજનાને કારણે આરોગ્યની દૃષ્ટિએ તો અમારા ગામડામાં ડૉકટરો જ ન રહે ડૉકટરોને વાત કરીએ તો ડૉકટરો એમ કહે કે અહીંયા ક્યાં પંખો ચાલે છે, અહીંયા ક્યાં ટી.વી. છે એ.સી. ક્યાં ગોઠવી શકાય છે હું શું કામ ગામડામાં રહું એવી વાત હતી, જેના કારણે ડૉકટરો ગામડામાં રહેતા નહિ, ગામડાનો માનવી જ્યારે બીમાર પડે ત્યારે એને શહેર તરફ દોડવું પડે. એક્સ - રે મશીન ત્યાં આગળ લાવેલા હોય પરંતુ એ જ્યારે દર્દી આવે ત્યારે લાઈટ જ ના હોય, ક્યાંથી પી.એચ.સી.ની અંદર આરોગ્યની સુવિધા ઊભી થાય. હવે ચોવીસ કલાક લાઈટ આવવાના કારણે ડૉકટરો ગામડામાં રહેતા થયાં છે એટલું જ નહિ ત્યાં આગળ ઈલેક્ટ્રોનિક આધારિત જે જરૂરિયાત હોય એ બધી સુવિધાઓ ગામડાની અંદર મળતી થઈ છે. ગામડાનું આરોગ્ય જ્યોતિ ગ્રામ યોજનાના કારણે સુધરશે. ગામડાની બીમાર વ્યક્તિને ત્યાં આગળ ગામડામાં જ આરોગ્યની સુવિધા મળી રહે આવી એક નવી શરૂઆત થઈ છે. શિક્ષણની દૃષ્ટિએ જોઈએ તો જ્ઞાન અને માહિતીનો યુગ આવ્યો છે.

ઈન્ફરમેશન અને નૉલેજ..જેના આધાર ઉપર હિન્દુસ્તાન વિશ્વમાં સર્વશ્રેષ્ઠ દેશ બની શકે એવી સ્થિતિ નિર્માણ થઈ છે ત્યારે ગામડાંનો યુવાન જ્ઞાન અને માહિતીના ક્ષેત્રમાં પાછળ ના રહી જાય એટલા માટે કરીને કોમ્પ્યુટર અને ૨૪ કલાક તેને વીજળી મળી રહે તેવી શરૂઆત થઈ છે. ગામડાંઓની પ્રાથમિક શાળાઓમાં પણ કોમ્પ્યુટરની શરુઆત થઈ છે. હવે શહેરના કે દિલ્હીની અંદર કે બીજા મોટા મોટા શહેરોમાં જે રીતે વિદ્યાર્થીને કોમ્પ્યુટરનું શિક્ષણ મળતું, આઈ.ટી.નું નોલેજ મળતું તે હવે ગામડાંની અંદર પણ મળતું થઈ રહયું છે. નાના નાના ગૃહ ઉદ્યોગો પણ મોટા પ્રમાણમાં વિકસિત થઈ રહયાં છે. ગામડાંની અમારી બહેનો ગામડાંમાં બેઠાં બેઠાં પોતે ભરતકામ કરી શકે હિન્દુસ્તાનની અંદર એક મોટો ઉદ્યોગ ગૃહ આર્મીના કપડાં સિવડાવવા માટેનો છે અને તે ઉદ્યોગ મોટા મોટા શહેરોની અંદર થાય આર્મીના કપડાંનું તો એક ઉદાહરણ આપુ છું. હવે ગામડાંની અંદર ગામડાંની બહેનો જેને રોજગાર ના મળતો હોય તે પોતાના ઘરે બેઠાં સંચો રાખીને આ મોટું એક કામ કરી શકે. દુનિયાની અંદર પણ રેડિમેઈડ કપડા માટેનું માર્કેટ છે તેમાં પણ હિન્દુસ્તાનની બહેનો આ વ્યવસાય સાથે સંકળાયને દુનિયાભરની અંદર તૈયાર કપડા આપી અને વહેંચી શકે એવી સ્થિતિ નિર્માણ થઈ છે. જયોતિ ગ્રામ યોજનાને કારણે જીવન ધોરણ પણ લોકોનું ખૂબ ઉંચુ આવ્યું છે. હવે ફ્રીઝ ચોવીસ કલાક રહી શકે નહીંતર ઠંડુ પાણી પીવું હોય તો ગામડાંમાં મુશ્કેલી પડે તે તો જાણે બહારના લોકોનો બીજાનો જ અધિકાર. ટી.વી.ના સમાચાર ૨૪ કલાક લેવા હોય તો અમારા ગામડાંની અંદર મળતા થયા છે. રાત્રેના સમયે પંખો પણ અમને મળતો થયો છે. અરે, બિમાર માણસ હોય તો તેમણે પણ રાત્રેના ૧૨ વાગ્યે પણ પંખો ચાલતો હોય. બિમાર માણસને પોતાના દિકરાને ઉભા રહીને પંખો ચલાવવો પડતો નથી પણ પંખો લાઈટથી ચાલે છે. જયોતિ ગ્રામ યોજનાને કારણે સાચા અર્થની અંદર ગામડાંની પ્રગતિ થઈ છે અને લોકોએ આ કાર્યક્રમને કેટલો એકસેપ્ટ કર્યો છે હમણાં અમારા પાટણ જિલ્લાનો જયોતિ ગ્રામ યોજનાને લોકાર્પણ કાર્યક્રમ થયો. મારા વિસ્તાર રાધનપુરમાં અમને લાગતું હતું કે અહીંયા આગળ છેક સરહદનો વિસ્તાર છે આખા દેશની સરહદ ઉપર આવેલુ ગામ અને ત્યાં આગળ કેવો કાર્યક્રમ થશે. લોકોએ આ વાતને કેટલી સ્વીકારી છે તેની વાત કરીએ તો આપણને આશ્ચર્ય થાય. મારી ગણતરી હતી કે ચાર પાંચ હજાર લોકો કદાચ આવી જાય. સૌથી મોટા કાર્યક્રમો અમારે થયેલાં છે તે ચાલીસ પચાસ હજાર લોકો અને તે પ્રમાણે આયોજન કર્યુ હતું કે લોકોમાં ઉત્સાહ છે, આટલા લોકો આવશે. પણ કલ્પના ના હોય લોકો સ્વયંભૂ ચૂંટણીની અંદર લોકો મહેનત કરતા હોય છે. લોકોને એકબીજાને લાવીને જેમ કે સાધનની વ્યવસ્થા કરીએ, વ્હીકલ મૂકીએ. એકપણ રૂપિયાના ખર્ચ વગર સ્વયંભૂ લોકો ત્રણ લાખની પ્રજા એમ આવીને કહે કે જયોતિ ગ્રામ યોજના દ્વારા અમારા ગામડાંની સાચા અર્થમાં ક્રાંતિ થઈ રહી છે. આ ક્રાંતિની અંદર અમે પણ સહભાગી બનીએ આવું વિચારીને ગામડે ગામડેથી લોકો ત્યાં આગળ પહોંચે એટલું જ નહીં ગામડાંનો યુવાન તે વાત વિચારતો થયો છે કે આવતીકાલ કોની હશે ? આવતીકાલ આપણાં માટે કોણ મૂકતું જશે ? યુરોપ, અમેરીકા આ રીતે આગળ વધ્યું હોય આપણું ગુજરાત પણ આ દિશામાં દુનિયાના જે દેશો વિકસિત બન્યા છે તે પ્રમાણે અમારું ગુજરાત પણ આ દિશામાં આગળ વધે અને અમને વિશ્વાસ છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી જે પ્રમાણે ગુજરાતને દિશા આપી રહયાં છે અને જેના આધાર ઉપર ગુજરાતે આ દિશામાં પહેલ કરી છે અને જયોતિ ગ્રામ યોજના અંતર્ગત ગામડાંનો જે વિકાસ થવાનો છે તેને આધારે યુવાનોમાં નવો ઉત્સાહ, નવી પ્રેરણા ઉભી થઈ છે અને જેને આધારે આ કાર્યક્રમની અંદર અમે જોયું હતું સાહેબ પચાસ હજારથી વધારે યુવાનો જે કોલેજમાં ભણતાં યુવાનો ત્યાં આગળ પહોંચીને કહેતા હતા કે નરેન્દ્રભાઈ મોદી આગે બઢો હમ તુમ્હારે સાથ હૈ. આ વાત મને લાગે છે આવતીકાલનું ગુજરાત જે પ્રગતિમય દિશામાં આગળ વધી રહયું છે તેનું ત્યાં આગળ નાનકડું એક સ્વપ્ન હતું. જે માનનીય મંત્રીશ્રી પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને હ્રદયપૂર્વક હું ટેકો આપું છું.

**શ્રી બાબુભાઈ જ. પટેલ (દસક્રોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જામંત્રીશ્રી જે પ્રસ્તાવ લાવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું અને એના માટે ગૌરવભેર વાત કરતાં ગૌરવની લાગણી અનુભવું છું. (અંતરાય)

હું એક વાત કરું કે હું મારા વિસ્તારની વાત કરવા માટે ઉભો થયો છું મારા વિસ્તારની કદાચ એ ભાઈઓને ખ્યાલ નહીં હોય કે મારો વિસ્તાર ૯૦ ગામનો વિસ્તાર છે અને આ યોજના માટે જયારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ પ્રથમ એની શરૂઆતની વાત કરી અને જયોતિ ગ્રામનો પ્રસ્તાવ મૂકયો ત્યારે આ કોંગ્રેસના મિત્રો કે જેઓ અત્યારે હાઉસમાં હાજર નથી, પરંતુ એ લોકોએ એ વખતે એની ઠેકડી ઉડાડી હતી. મારે એ વાત કરવી છે કે જયારે આ જયોતિગ્રામ યોજનાનું વિસ્તારપૂર્વક કામ ચાલુ કર્યુ, દબદબાપૂર્વક કામ ચાલુ કર્યુ તો આજે ૧૨ હજાર જેટલાં ગામોને આ યોજનાના લાભ નીચે આવરી લીધાં છે. હવે મારા વિસ્તારની વાત કરું તો મારો વિસ્તાર ૯૦ ગામોનો વિસ્તાર છે અને આખા

વિસ્તારના ૨૫ ટકા લોકો ખેતરોમાં રહે છે. હું માનનીય સૌરભભાઈને અભિનંદન આપું છું કે મારા વિસ્તારના બોર-કૂવાઓ ઉપર ૨૪ કલાક સીંગલ ફેઈઝ વીજળી મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કરું કે મારો વિસ્તાર એ ડાંગર પકવતો વિસ્તાર છે અને મેં એના માટે જયારે પણ માગણી કરી છે કે ડાંગરના ડોડાં આવી ગયાં હોય અને ડાંગરના દાણા થવાની શરૂઆત થઈ હોય અને વરસાદ ના હોય એવા સંજોગોમાં મેં જયારે વીજળી માટેની માગણી કરી છે તો મને એ સમયે વીજળી મળી છે. આજે પણ મારા વિસ્તારમાં ૨૪ કલાક વીજળી મળે છે. મેં જયારે પણ વીજળી માગી છે ત્યારે મને ૨૪ કલાક, ૧૦ કલાક, ૧૨ કલાક વીજળી મળી છે અને એના માટે હું માનનીય ઉર્જા મંત્રીશ્રીને અભિનંદન આપું છું. મિત્રો, ખેડૂતો માટેની વાત કરું તો અમારા વિસ્તારના ખેડૂતોના બોર-કૂવાઓ ઉપર ચોરીઓ થતી હતી ત્યારે મેં તેમને મારી લાગણી સાથે વાત કરી અને અત્યારે મારે ત્યાં એક પણ કૂવો એવો નથી કે જે કૂવા ઉપર સીંગલ ફેઈઝ લાઈટ ના હોય. આજે મારા વિસ્તારના ખેડૂતોના ખેતરોમાં ૨૪ કલાક લાઈટ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાંની વાત કરીએ તો મારો વિસ્તાર બે જાતનો છે એમાં અરધો વિસ્તાર શહેરી વિસ્તારમાં આવે છે અને અરધો વિસ્તાર ગ્રામ્ય વિસ્તાર છે. મારો ગામડાંનો વિસ્તાર છે...(અંતરાય)

**અધ્યક્ષશ્રી:** સભ્યશ્રી ગામડાના હોય કે શહેરના હોય, પરંતુ વિધાનસભામાં જે પ્રશ્ન મૂકાય એના ઉપર એ ચર્ચા કરી શકે છે.

**શ્રી બાબુભાઈ જે. પટેલ:** હું આ સત્ય હકીકત કહું છું કે ૨૪ કલાક જયારે પણ વીજળીની જરૂર પડી છે ત્યારે મને વીજળી મળી છે. મને જયારે જરૂર પડી ત્યારે ૨૪ કલાક બોર-કૂવાઓ ઉપર વીજળી મળી છે. (અંતરાય) મિત્રો, તમે વિરોધપક્ષની ભૂમિકા ભજવો છો, મને બોલવા દો તો સારું, અંદરો અંદર આ રીતની વાત કરો એ બરાબર નથી. (અંતરાય) મારે મારી રીતે વાત કરવી છે અને મારા વિસ્તારમાં ગામડાંમાં પણ ૨૪ કલાક લાઈટ મળે છે જેના લીધે દૂધની ડેરીમાં હાથે મશીન ફેરવીને ફેટ કાઢવા પડતા હતા એની જગ્યાએ આજે ઈલેકટ્રોનિક મશીનો આવ્યાં છે જેનાથી ૨૪ કલાક વીજળી ચાલુ રહેવાથી સાચા ફેટ નીકળે છે. હું મારા વિસ્તારની વાત કરું તો મેં મારા વિસ્તારમાં એમ વાત કરી કે તમને મહિના બે મહિનમાં ૨૪ કલાક લાઈટ મળતી થઈ જશે ત્યારે લોકો મને એમ કહેતા કે અમને ૨૪ કલાક લાઈટ ન આપો તો કાંઈ નહીં, પરંતુ અમે સાંજે વાળુ કરીએ ત્યારે તો બે કલાક લાઈટ આપો, દૂધની ડેરીએ જયારે દૂધ ભરાવવા જઈએ ત્યારે લાઈટ હોય તો અમે એનો સાચો ફેટ નીકળતો જોઈ શકીએ. તો આવી તેમની માનસિકતા હતી કે અમને વીજળી નહીં મળે, તો એ લાઈટ તેમને મળી છે અને એ લાઈટ મળ્યા પછી તેઓ આજે રાત્રે ટી.વી.ના કાર્યક્રમો શહેરી વિસ્તારના નાગરિકોની માફક જોઈ શકે છે. 'કયાંકી સાસ ભી કભી બહુ થી' જેવી ટી.વી. સિરીયલો એ લોકો આજે જોઈ શકે છે અને ટી.વી.ના બીજા કાર્યક્રમો પણ આજે સારી રીતે જોતા થયા છે. વિદ્યાર્થીઓની વાત કરું તો આજે વિદ્યાર્થીઓ એમ કહે છે કે અમને વાંચવા માટેનો વધારે સમય લાઈટના હિસાબે મળ્યો છે અને અમે શહેરના વિસ્તાર કરતાં સારું પરિણામ લાવી શકીએ છીએ એવી વિદ્યાર્થીઓએ ખાતરી આપી છે.એમને શું ખબર હોય કે લાઈટ નથી મળતી કે મળે છે? અમારું એમ કહેવું છે કે આજે ૨૪ કલાક લાઈટ મળે છે.

**અધ્યક્ષશ્રી** . : માનનીય બાબુભાઈ, આપને જે ખબર હોય તે જ બોલો.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : સાહેબ તેઓ એમ કહે છે કે હું શહેરમાંથી આવું છું. પણ હુંગામડાંમાંથી આવું છું અને મોટો ખેડૂત છું. સાહેબ ગુજરાતનો સર્વાંગી વિકાસ જે મુખ્ય મંત્રીશ્રીએ કર્યો છે તેને આધારે તેઓ આજે ગુજરાતના જ નહીં પણ સમગ્ર દેશમાં આ મુખ્ય મંત્રીશ્રીનો જોટો નથી. માટે જ તેઓ રાષ્ટ્રના શ્રેષ્ઠ મુખ્ય મંત્રીશ્રી બન્યા છે. તેથી તેમને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આટલી વાત કરીને બીજા મિત્રોને વાત કરવાની તક આપવા માટે મારી વાત ટૂંકાવું છું.

**શ્રી અંબાલાલ આ. રોહિત(સોજીત્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય કક્ષાના ઉર્જા મંત્રીશ્રી સૌરભ દલાલ સાહેબ ૧૦૧ અન્વયેનો પ્રસ્તાવ લાવ્યા છે તેને મારું અનુમોદન આપવા માટે ઉભો થયો છું. ગુજરાતના સ્વપ્નદૃષ્ટા, ગુજરાતના પ્રણેતા, આદરણીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ જે જયોતિ ગ્રામ યોજના લાવ્યા છે તેને હું નવાજું છું. મારા આણંદ જિલ્લામાં ત્રીજી એપ્રિલ ૨૦૦૫ના રોજ આ યોજનાનું લોકાર્પણ થયું ત્યારે અમારા જિલ્લાના લોકોને સ્વપ્ન પણ નહોતું કે ૨૪ કલાક લાઈટ મળશે. પણ એ ૨૪ કલાક લાઈટ જયારે મળતી થઈ અને આ લોકાર્પણનો કાર્યક્રમ થયો અને અમારા પેટલાદ તાલુકામાં એ દિવસને દિવાળી જેવો તહેવાર મનાવવામાં આવ્યો. એ સમયમાં ગામડે ગામડે ઘઉં, તમારુ કાપવાની સીઝન હોવા છતાં પણ લોકો ઉમટી પડયા હતા અને અમારા જિલ્લામાં કોઈપણ કાર્યક્રમમાં વધુમાં વધુ વીસ કે પચ્ચીસ હજાર લોકો ભેગા થતા હોય છે, પણ આ જયોતિ ગ્રામ

યોજનાના કાર્યક્રમમાં ૫૦ હજાર લોકો પેટલાદ મુકામે પધાર્યા અને માનનીય મુખ્ય મંત્રીશ્રીના લોકાર્પણ કાર્યક્રમને વધાવ્યો છે. આણંદ જિલ્લો મહિ સિંચાઈ વર્તુળમાં હોવાથી ત્યાં સતત પાણી મળતું રહે છે. હવે સતત પાણી હોવાને કારણે મચ્છરોનો ઉપદ્રવ છે તેનો કયાસ કાઢીએ તો મારા નાના ગામમાં ચોમાસાની શરૂઆત થાય અને દિવાળી આવે ત્યાંસુધીમાં મારા ગામમાંથી ઓછામાં ઓછા દસ લાખ રૂપિયા મેલેરિયાનો તાવ મટાડવાની દવા પાછળ જાય છે. આજે મારે ત્યાં સો ટકામાંથી મારે ત્યાં માત્ર બે ટકા લોકોને પણ મેલેરિયા થયો નથી. અને તેનું મુખ્ય કારણ હોય તો તે ૨૪ કલાક વીજળી મળતી થઈ અને દરેક ઘરમાં પંખો ફરતો થયો છે. મારો ખેડૂત ખેતી કરીને જયારે સાંજે પોતાના ઘરે આવે ત્યારે એમને ૨૪ કલાક લાઈટ હોવાને કારણે તે આરામથી ઉંઘી શકે છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય જેઠાભાઈ, પ્લીઝ, અહીં તાલી લેવાનો સમયની થથી, આ ગૃહ છે.

**શ્રી અંબાલાલ આ. રોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, દરેક ખેડૂતના ઘરમાં ગાય, ભેંસ અને દૂધાળા ઢોર હોવાને કારણે જયારે સવારમાં લાઈટ જતી રહેતી હતી તેના કારણે મારી માતા-બહેનોને ગાય અને ભેંસ જેવા ઢોરને દોહી અને દૂધ પહોંચાડવામાં બહુ મુશ્કેલી પડતી હતી. હવે તેનું પણ નિવારણ થયું છે. અને સવારમાં લાઈટ હોવાને કારણે ઢોરને દોહી અને ગાતા ગાતા દૂધ ડેરીએ લઈ જાય છે અને આ મુખ્ય મંત્રીશ્રીનું સો વર્ષ સુધી ભલું કરજો. અમારા ગામમાં ૨૪ કલાક લાઈટો નહોતી ત્યારે અમારા ગામમાં સુથાર નહોતા, અમારા ગામમાં લુહાર નહોતો, દરજી નહોતો, ૨૪ કલાક લાઈટ આવવાને કારણે શહેરીકરણ થતું હતું તે અટકયું છે. અને ગામડાં આબાદ બન્યા છે. અને ગામડાંમાં લઘુ ઉદ્યોગો આજે ચાલુ થયા છે.

અમારા ગામની વાત કરુ તો મારા ગામના ૬૦ છોકરાઓ હીરા ઘસવા માટે ખંભાત જતા હતા. એ જ રીતે ૪૦ છોકરાઓ ભાવનગર હીરા ઘસવા માટે જતા હતા. એ જ રીતે સુરત ખાતે પણ હીરા ઘસવા માટે જતા હતા. અમારા ગામમાં ૨૪ કલાક લાઈટ આવવાને લીધે આ બધા છોકરાઓ ગામમાં જ હીરા ઘસવા લાગ્યા છે. ખંભાત અપડાઉન કરતાં હતા એમને મહિને ૨૦૦ થી ૫૦૦ રૂપિયા ફક્ત ભાડામાં જતા હતા એ બંધ થઈ ગયા છે. પોતાના મા-બાપને ઘેર મૂકીને છોકરાઓ સુરત હીરા ઘસવા જતા હતા એ આજે પોતાના ગામમાં હીરાનો ધંધો કરવા લાગ્યા છે. માનનીય મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદૃષ્ટિને લીધે ગુજરાતને આબાદ બનાવવા માટે જ્યોતિ ગ્રામ યોજનાનું સ્વપ્ન લાવ્યા હતા એ સ્વપ્ન અમારુ સાકાર થયું છે એ સિવાય મોટી સિદ્ધિ આ રાજયમાં કઈ હોઈ શકે.

હમણાં જૂન જુલાઇ મહિનામાં અમારે ત્યાં ભારે અતિવૃષ્ટિ થઈ. મારા તારાપુર તાલુકાના ૪૨ ગામોને અતિવૃષ્ટિથી ભારે અસર થઈ હોવા છતાં ત્યાં ૨૨ થી ૨૪ કલાક લાઈટ તે વખતે પણ મળતી હતી. હમણાં મુંબઇમાં પણ આપણા જેવી જ અતિવૃષ્ટિ આવી હતી તે અતિવૃષ્ટિને લીધે મુંબઇ શહેરને પણ ૧૫-૧૫ દિવસ સુધી લાઈટ મળી નહોતી. ગુજરાત સરકારે જ્યોતિગ્રામ યોજના નીચે જળહળતી જ્યોત આપી એના લીધે ગામડાંના લોકો ગૃહ ઉદ્યોગ જેવા કે સુથારી કામ, દરજીકામ કે ખેતીનો ઉદ્યોગ સારી રીતે કરી શકે છે આ બહુ મહત્ત્વની વાત છે એવા તબક્કે આદરણીય રાજ્યકક્ષાના ઊર્જા મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપુ છું. ગુજરાતના ગામડાં આબાદ બનવા જઈ રહ્યા છે ત્યારે ચોક્કસ તેઓને અભિનંદન આપવા ઘટે.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઊર્જા મંત્રીશ્રી જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એને મારુ સમર્થન આપવા માટે ઊભો થયો છું.

બે વર્ષ પહેલા આ ગૃહમાં જ્યારે ઊર્જા મંત્રીશ્રીએ જ્યોતિગ્રામ યોજનાની જાહેરાત કરી ત્યારે સ્વાભાવિક છે કે વિરોધપક્ષને તો મનમાં શંકા હોય પરંતુ મને પોતાને પણ શંકા હતી કે આજે આવડુ મોટુ કામ કે જે ૫૦-૫૦ વર્ષ સુધી હજી આપણે ગામડાંને લાઈટ આપી શક્યા નથી તેવા અઢાર હજાર ગામોમાં ફરીથી લાઈનો ઊભી કરીને લાઈટ આપવી એ મને લાગતુ હતુ કે અઘરુ કામ છે. આ કામ આ રાજયના મુખ્યમંત્રીશ્રી અને આ રાજયના ઊર્જા મંત્રીશ્રી અને આ જી.ઈ.બી.ના અધિકારીઓને અભિનંદનને પાત્ર છે. એ એટલા માટે કહું છું કે આજે અહીંયા બેઠેલા સભ્યોએ મારા વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ જોઈ હશે. આજે રાજયના ૧૨ હજાર ગામોમાં જ્યોતિગ્રામ યોજના નીચે આવરી લેવામાં આવેલા છે. એ ગામોને જો ન આવરી લીધા હોત તો આજે અહીંયા બેઠેલા માનનીય ધારાસભ્યોને એ ગામડાંમાં જવા માટે મુશ્કેલી પડત. ભારતના તમામ રાજયોની સરખામણી કરીએ તો ગુજરાતના ગામડાંમાં વીજળીની પરિસ્થિતિ ઘણી સારી છે એનું જો કોઈ કારણ હોય તો એ જ્યોતિગ્રામ યોજના છે. જ્યોતિગ્રામ આવવાથી ગામડાંને અનેક ફાયદા થયા છે. આજે ગામડાંની અંદર અનેક ઉદ્યોગો ચાલુ થઈ ગયા છે. એમાં સૌથી મોટો ફાયદો હીરા ઉદ્યોગને થયો છે. દ ારમાં એકજ છોકરો હોય એ સુરત કમાવવા માટે જાય એના કરતાં ગામડાંમાં જ લાઈટ ચાલુ હોય

તો હીરાની ઘંટીઓ ત્યાં જ ચાલે. આજે ગામડાંની અંદર આવેલા અનેક કારખાનાઓમાં છોકરીઓ પણ હીરા ઘસવાનું કામ કરે છે. આ જ્યોતિગ્રામ યોજનાને આભારી છે. એચ.ટી. ફિડરમાં આઠ કલાક લાઈટ આપવામાં આવે છે. પરંતુ ચોમાસુ બેસવાની શરૂઆત હોય ત્યારે ખેડૂતો આગોતરુ વાવેતર કરતા હોય છે. તેવે વખતે આઠ કલાકને બદલે દસ બાર કલાક વીજળી આપવી જોઈએ જેથી એનો પાક બચી જાય. ચોમાસામાં વરસાદ હોય તો ઓછી વીજળી વપરાય તેથી વીજળીમાં પણ બેલેન્સ જળવાઈ જાય પરંતુ જ્યારે ખેતીવાડી માટે પાણીની ખાસ જરૂર હોય તેવા સમયે દોઢ બે મહિના માટે રોજ બે થી ત્રણ કલાક વીજળી વધારે આપીને ખેડૂતોને પ્રોત્સાહિત કરવા જોઈએ. અગાઉના વરસોમાં મારા વિસ્તારમાં દર વરસે બોરમાં ૫૦ ફૂટ મોટર ઊંડે ઉતારવી પડતી હતી. પરંતુ હવે દર વરસે એ મોટર ૫૦ ફૂટ ઉપર લેવી પડે છે. એટલે પાણીમાં ફેર પડયો છે અને પાણી વર્ષો સુધી પીવા લાયક નહોતા એ પાણી પણ આજે સુધરી ગયા છે. પાણી પીવા લાયક બન્યા છે. મારા વિસ્તારમાં તો ટી.સી. માટેની એજન્સીઓ હતી. ત્રણ-ત્રણ મહિના ટી.સી. મળતા નહોતા. ભાડે આપવા માટે ૧૫૦-૧૫૦ ટી.સી. લઈને ત્રણ-ત્રણ, ચાર-ચાર પ્રાઈવેટ કંપનીઓ બેઠી હતી. ખેડૂતનું ટી.સી. બળી જાય એટલે રોજના ૫૦૦ રૂપિયા લેખે ભાડે આપવાનું. આ હકીકત છે. આજે એ ભાડાવાળા ગયા, ટી.સી. પણ ગયા અને ટી.સી. બળવાના બંધ થઈ ગયા. આજે ટી.સી. બળતા નથી. જેના કારણે વોલ્ટેજ પૂરા મળે છે. હું આ દાખલા સાથે કહું છું. કોઈને સરવે કરાવવો હોય તો કરાવી લે. મારા વિસ્તારમાં મોટર બાંધવા માટે એટલી દુકાનો હતી, મોટરો વેચવા માટેની એટલી દુકાનો હતી. વાયરો વેચવા માટેની એટલી દુકાનો હતી. જેનો વર્ષનો ૭૦-૭૦ લાખનો વેપાર હતો. એવા વાયરની એજન્સીઓવાળાને આજે ૧૦ લાખનો વર્ષનો વેપાર નથી. જે ખેડૂતનો રૂપિયો જતો હતો. આ દુકાને મોટર બાંધવા માટે ખેડૂતનો રૂપિયો જતો હતો. આ આંકડા સાથે કહું છું. તો આજે જયોતિગ્રામને કારણે જે કંઈ પરિસ્થિતિ થઈ છે તેના માટે કહું તો આદેશમાં એક નમૂનારૂપ છે. આજે આપણે વિચાર કરીએ કે ગામડાં અને શહેરનું જે અંતર હતું, ગામડાંમાં રહેતા માણસે કલ્પના કરી નહોતી કે અમને ૨૪ કલાક વીજળી મળશે. તેણે માગી નહોતી. આજે એ ગામમાં ૨૪ કલાક વીજળીના કારણે હું તો એમ કહું કે ગામડાંનું અને શહેરનું અંતર ઘટી જાય. ગામડાંમાં જીવતો માણસ ગૌરવ સાથે જીવે કે હું એક શહેરના નાગરિકની જેમ જીવું છું. કેટલાય છોકરાના સગપણ નહોતા થતાં. તેમાં પણ ફેર પડયો છે. હવે સગપણ થવા માંડયા છે. તો આ બધી પરિસ્થિતિ થઈ છે. ખરેખર જયોતિગ્રામને કારણે જે ખેડૂતોને વેર એન્ડ ટેર બચ્યું છે અને ખેડૂતોને વેર એન્ડ ટેર બચવા કરતા પહેલાંની જેમ પરિસ્થિતિ ચાલુ રહી હોત તો ખેડૂતો પાંચ વર્ષે વાડી વગરના થઈ જાત. આ આંકડા સાથે કહું છું. આપણે સ્વીકારીએ કે ન સ્વીકારીએ. ૮૦૦ કે ૯૦૦ ફૂટથી પાણી ખેંચવાનું. પાણી એટલા ખરાબ થઈ ગયા હતા કે ખેતરમાં મૂકાય એવા પાણી નહોતા. એ પાણી આજે સુધરી ગયા છે અને તેના કરતાં પહેલાં ૧૬ કલાક મોટર ચલાવતા અને ત્યારે જે પાણી નીકળતું અને આજે જે પાણી નીકળે છે તેમાં દોઢો ફેર છે. કોઈને જોવું હોય તો આંકડા સાથે આવો આપણે ગણાવી દઈએ. પહેલાં ૧૫૦૦ એચ.પી.ની મોટર પાણી કાઢતી હતી. એ જ મોટર આજે પાણી વધારે કાઢે છે. જેનું કારણ સમયમર્યાદા છે. તેને કારણે આ ફેર પડયો છે. આટલી આટલી લાઈનો ફોલ્ટમાં જાય, કારણ કે ૧૬ કલાક ચલાવતા, દટ્ટા ઉપર ચલાવતા હતા. જેમ ભલાળા ભાઈએ કહયું તેમ દટ્ટા ઉપરથી ખેડૂત ખેંચતા હતા. જેના કારણે વાયરો બળી જતા હતા. ત્રણ-ત્રણ દિવસ સુધી આખો ફીડર ફોલ્ટમાં રહે અને જે હેરાન થતા હતા એ આજે જયોતિગ્રામના કારણે જે થયું છે એ ખરેખર એક નમૂનારૂપ છે. તેના પછી જે મંત્રીશ્રીએ કહયું તેમ કે જે વાડીમાં ખેડૂત કે અમુક મજૂર વર્ગ રહે છે તેને મુશ્કેલી પડતી હતી. તો તેના માટે આયોજન થઈ રહયું છે. તે પણ બહુ મોટું આયોજન છે.

છેલ્લા બે વર્ષ આ રાજયના મુખ્યમંત્રી અને આ રાજયના ઉર્જા મંત્રીએ એકધારું ધ્યાન કેન્દ્રિત કરીને ખરેખર વીજળી માટે ગુજરાતને બચાવી લીધું છે હું તો એમ કહું છું. આ તો કયાંય જઈ ન શકે એવી પરિસ્થિતિ નિર્માણ થાત. દિલ્હીમાં જોઈએ, મહારાષ્ટ્રમાં જોઈએ. મહારાષ્ટ્રમાં ચૂંટણી લડવા આવે ત્યારે મફત વીજળીની જાહેરાત કરીને આવે. કોને મફત વીજળી આપી? આજે આ દેશની રાજધાનીમાં લોડ શેડીંગ છે. દેશના કોઈ પણ મોટા સિટીમાં લોડ શેડીંગ છે. આ ગુજરાતમાં આજે એક પણ શહેરમાં એક પણ ગામમાં લોડ શેડીંગ નથી. દરેક રાજયની પરિસ્થિતિ જોઈએ છીએ એ રાજયની પરિસ્થિતિને આધારે હું તો આજે વટથી કહું છું કે આ ગુજરાતમાં વીજળીની જે પરિસ્થિતિ છે તે દેશમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પરિસ્થિતિ છે. તો આજે આ જયોતિગ્રામના બાકીના ગામડા છે એ ગામડાઓ પણ પૂરા કરવા માટે ૨ કે ૩ મહિનાની સમય મર્યાદા છે. આ બધાય ગામડાઓને અનેક પ્રકારના લોકો હોય છે. એક ગામડામાં ૨૦૦૦ ઘર હોય એમાં ફક્ત ખેડૂતો જ નથી રહેતા પણ બાકીના લોકો પણ રહેતા હોય છે. એમના પણ ધંધામાં ફાયદો થયો છે. જે આજે ખરેખર આ ગૃહ

સમક્ષ આ વાત કરી આ રાજયના મુખ્યમંત્રીને આ રાજયના ઊર્જા મંત્રીએ ૧૨૦૦૦ ગામડાઓને જયોતિગ્રામનું કામ પૂરું કર્યું છે એ બદલ અભિનંદન આપું છું સાથે ઊર્જા વિભાગના અધિકારીઓને પણ ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, જયોતિગ્રામ યોજનાને વાસ્તવિકતાની ઉપર લાવવાનું કામ ગુજરાત રાજયના મુખ્યમંત્રી અને આપણા ઊર્જા મંત્રીએ સાકાર કર્યું છે. એ અનુભવ સમગ્ર ભારતમાં કામ લાગશે. જયોતિગ્રામ યોજનાની શરૂઆત ગુજરાત રાજયે કરી છે અને એમાં માર્ગદર્શક બનવાનું કામ ગુજરાત રાજયે કર્યું છે. સાત જિલ્લાઓમાં જયોતિગ્રામ યોજનાનું અમલીકરણ કર્યું છે. હું તો ગર્વ લઉં છું કે, સૌથી પહેલાં શરૂઆત થઈ ત્યારે ઉંઝા તાલુકામાં અને વડનગર તાલુકામાં પૈસા ભરીને જયોતિગ્રામ યોજનાની શરૂઆત થઈ છે અને એનાથી લોકોને લાભ થયો છે. જયોતિગ્રામ થવાથી વિદ્યુત બોર્ડની આવક ૯૫૦ કરોડ ઉપર આ આવક વધી છે. જે ૬૦૦ કરોડથી કે ૬૬૦ કરોડથી કોઈ દિવસ વધી નથી. આ જયોતિગ્રામ યોજનાથી આટલો મોટો ફાયદો થયો છે. સિંગલ ફેઈઝમાંથી ખેડૂતો ટેટા નાખીને થ્રી ફેઈઝ કરતા હતા અને ગુજરાત રાજયમાં જે વીજ ચોરી થતી હતી અને એના કારણે વિદ્યુત બોર્ડ આર્થિક રીતે નુકસાનમાં જતું હતું. એમાં આ ચોરી અટકાવવાનું કામ આ જયોતિગ્રામ યોજનાના કારણે થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યો જ્યારે પોતાના મત વિસ્તારના પ્રવાસે જતા હતા ત્યારે એમને ગામડાઓના પ્રજાજનોના જવાબો આપવામાં મુશ્કેલી પડતી હતી. તમારા શહેરના લોકોને એરકન્ડીશનમાં રહેવું છે, તમારે ૨૪ કલાક વીજળી લેવી છે અને અમારા જેવા ગામડાના લોકોને વીજળી આપવી નથી. આવા પ્રશ્નોનો મારો થતો હતો. ગામડાના બાળકોને અભ્યાસમાં પણ ખૂબ જ તકલીફ પડતી હતી. શહેરના બાળકોને ૨૪ કલાકની લાઈટને લીધે અભ્યાસ સારો થતો હતો અને અમારા ગામડાઓના બાળકોને અભ્યાસ થાય નહિ અને લાઈટથી વંચિત રહેવું પડતું હતું. આવા અનેક વીજ પ્રશ્નોનો સામનો ધારાસભ્યોને કરવો પડતો હતો અને એના કારણે આપણે એનો જવાબ આપી શકતા નહોતા અને મંત્રીઓ આગળ વારંવાર રજૂઆતો કરતા હતા. પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળામાં અત્યારે જઈએ છીએ ત્યારે ત્યાંના આચાર્યથી લઈને ટ્રસ્ટીઓ આપણને કહે છે કે, તમારા ધારાસભ્યના ફંડમાંથી, એમ.પી. ફંડમાંથી કમ્પ્યુટર અપાવો. આ માંગ થવા માંડી છે આ ૨૪ કલાક વીજ પ્રવાહના કારણે. અને કનુભાઈએ જે વાત કરી, એમની વ્યથા હું સમજું છું. પણ સમગ્ર ગુજરાતમાં પાછોતરો વરસાદ ન આવ્યો એક સાથે એટલી બધી માંગ ઊઠી કે, એને સરભર ન કરી શકાય. પણ હું ઊર્જા મંત્રીશ્રીને શાબાશી આપું છું. એમણે ઉદ્યોગો ઉપર એક દિવસનો કાપ મૂક્યો અને ખેડૂતોને ૨૪ કલાક, ૧૮ કલાક વીજળી આપવાનું કામ કર્યું છે એ આપણે જાતે જોઈ રહ્યા છીએ. આવા અનેકવિધ કાર્યો, જ્યારે જયોતિગ્રામ યોજનાથી લાભ થતો હતો ત્યારે આપણે આવી યોજના લાવનારની હરહંમેશ પ્રશંસા કરવી જોઈએ. હું તો એ કહેવા માગું છું કે, આ યોજના જલદીથી પૂર્ણ થાય. પરા વિસ્તારોમાં બાકી રહ્યા હોય એ પણ ઝડપથી પૂરા થાય અને ગુજરાત એક વીજ પ્રવાહમાં, આખા ભારતમાં એક નંબરનું રાજય બની રહે એ જ કહેવા અને સમર્થન આપવા ઊભો થયો છું.

**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જા મંત્રીશ્રી જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એ પ્રસ્તાવના સમર્થનની અંદર હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, હું આ સરકારને અભિનંદન એટલા માટે આપીશ કે જયોતિ ગ્રામ યોજનાના માધ્યમથી આ રાજયના દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રીશ્રી અને જેમની પાસે આગવી ટૅક્નૉલૉજીનું જ્ઞાન છે એવા ઉર્જા મંત્રીશ્રી સૌરભ પટેલે સૌરાષ્ટ્રના ગામડાને ભાંગતા બચાવવાનું કામ કર્યુ છે એમ કહું તો અસ્થાને નથી. આજે હું એક જ ઉદાહરણ આપું. સૌરાષ્ટ્રના ગામે ગામથી સુરતની અંદર અમારા હજારો બેરોજગાર યુવાનો સુરતમાં સ્થાયી થયા છે. આજે એક વસ્તુ મારે આપના ધ્યાન પર મૂકવી છે કે હમણાં લોકસભા અને વિધાનસભાનું ડીલીમીટેશન કમિશન બેઠું હતું એ ડીલીમીટેશન કમિશને એવી ભલામણ કરી કે સૌરાષ્ટ્રની અંદર ૬ બેઠકોનો ઘટાડો થશે અને ૬ બેઠકો આવશે એમાંથી ૪ બેઠકો સુરતમાં રહેશે અને ૨ અમદાવાદને પ્રાપ્ત બનશે. આ ગામડાને ભાંગતા બચાવવાનું કામ આ જ્યોતિ ગ્રામ યોજનાના માધ્યમથી હવે થવાનું છે. ગામડાના પુનરુત્થાનનું કામ એ આ સરકારની જયોતિ ગ્રામ યોજનાને કારણે સાકાર થવાનું છે. આજ સુધી આઝાદીના ૫૮ વર્ષમાંથી આવો કોઈને પણ વિચાર આવ્યો નથી. આ રાજય સરકારે ૨૦૦૩-૦૪ના વર્ષની અંદર એ યોજના અમલમાં મૂકી છે અને પ્રથમ ચરણની અંદર જેમાં ધારાસભ્યશ્રીઓના ફાળાથી આ યોજના અમલમાં લાવવાની વાત હતી ત્યારે હું એમાં પહેલો સહભાગી બન્યો. શરૂઆતના તબકકે કેટલીક વિટંબણાઓ હતી. લોકોની અંદર

એનો સ્વીકાર નહોતો પરંતુ ધીમે ધીમે લોકોનો એટલો બધો પ્રતિસાદ મળતો થયો અને હું એક જ દાખલો આપીશ કે આજે જયોતિ ગ્રામ યોજનાનું ઠેર ઠેર સ્વાગત થઈ રહ્યું છે.

**અધ્યક્ષશ્રી** . : માનનીય દંડકશ્રી, ટાઈમ માટે પ્રપોઝલ કરો. ૨-૪ મિત્રો બાકી છે.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : આ એક થયા પછી મંત્રીશ્રી જવાબ આપે ત્યાં સુધીનો સમય રાખીએ.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : જે વ્યવસ્થાપન જે વિતરણ જે ઉત્પાદન અને જે વહીવટ આ ઉર્જા ક્ષેત્રમાં કરવો જોઈએ આજ સુધીમાં ભૂતકાળની સરકારો કરી શકી નથી જેના કારણે ગામડાની સમસ્યા વધુ ઘેરી બની છે. હું રાજય સરકારશ્રીને અભિનંદન આપીશ કે આ ફકત આપણે જ ગર્વ લેવા જેવી બાબત નથી પણ ભારત સરકારે પણ આ રાજય સરકારને જયોતિ ગ્રામ યોજના માટે અભિનંદન આપવા જોઈએ.

**શ્રી બિમલ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી , મારે આપને વિનંતી કરવાની છે. આ પદ્ધતિ બરાબર થતી નથી. શરૂઆતમાં બોલી ગયા છે સમય લંબાવવા બાબત.

**અધ્યક્ષશ્રી** . : સમય થઈ ગયો છે પ્લીઝ...

**શ્રી બિમલ શાહ** : એ શરૂઆતમાં બોલી ગયા છે સમય લંબાવવા માટે.

**અધ્યક્ષશ્રી** . : સમય પૂરો થઈ ગયો છે, એ સમય લંબાવતા નથી અને સમય થઈ ગયો છે, પ્લીઝ.

**શ્રી બિમલ શાહ** : માનનીય મંત્રીશ્રી એક મિનિટ ઓછું બોલશે, હું આપને વિનંતી કરું છું.

**અધ્યક્ષશ્રી** : સમય પૂર થઈ ગયો છે.

**શ્રી બિમલ શાહ** : સાહેબ આપે જાહેરાત કરી હતી.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એક મિનિટ ઓછું બોલીશ.

**શ્રી બિમલ શાહ(કપડવંજ) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ૧૦૧ની કલમ નીચે જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે જ ઉભો થયો છુ. આ જયોતિ ગ્રામ યોજનાથી સમગ્ર ગુજરાતની અંદર આપણને બધાને અનુભવ છે કે ગામડાની પરિસ્થિતિ જે હતી , એવા અનેક પ્રસંગો અમારી જાણમાં આવ્યા છે કે બહેન ડિલિવરી ઉપર હોય, રાત્રે જાય, લાઈટ ન હોય એટલે કાં બેન ગુમાવવી પડે કાં બાળક ગુમાવવું પડે અને આ પ્રક્રિયાની અંદર જયોતિ ગ્રામ યોજનાથી આ ગામડામાં જે લાભ મળ્યો છે.અને માનનીય મંત્રીશ્રીએ કેટલીક વાતો કરી. એનાથી રોજગારીનો કેટલો લાભ મળ્યો છે એના ગામોના આંકડા મારી પાસે આવ્યા હતા. ખરેખર આનંદ થયો. મારું સૂચન હતું અને એટલા માટે ઊભો થયો છું કે આ જ લાગણી અને આ જ ભાવનાથી અમે ધારાસભ્ય તરીકે ૫૦ લાખ રૂપિયા બજેટના વિકાસના કામોને બાજુમાં મૂકીને અમે માનનીય મંત્રીશ્રી સમક્ષ ધરી દીધા. અમને એમ કે અમારા ગામમાં જયોતિગ્રામ યોજના થાય. પણ દુ:ખ સાથે કહેવું પડે છે કે બાકીના અનેક ગામડાંઓમાં જયાં ધારાસભ્યે પોતાની ગ્રાન્ટ ન આપી હોય ત્યાં કામો પૂરા થઈ ગયા છે. અમારા જેવા ધારાસભ્યે ગ્રાન્ટ આપી હોવાછતાં કામો પૂરા થયા નથી. મારું સૂચન છે કે બાકીના કામો તાકીદે પૂરા થાય. સાથોસાથ સૂચન છે કે આજે પણ ગ્રાઉન્ડ રિઆલિટી ઉપર જઈએ છીએ ત્યારે કેટલીક જગ્યાએ ગામડાંમાં નાના નાના અધિકારી હોય એ ગામડાંમાં બે ભાગ પાડે છે. એકમાં વીજળીકરણ કરવામાં આવે છે જયારે બીજામાં કરવામાં આવતું નથી. માનનીય મંત્રીશ્રીનું ગામોના નામ સાથે ધ્યાન દોરીને વાત કરી છે. જયારે સમગ્ર રાજયની ચિંતા આપણે કરી રહ્યા છીએ ત્યારે આ વાત પણ આપના ધ્યાનમાં મૂકાય એટલા માટે ઉપસ્થિત થયો છું. ફરીથી હું જયોતિગ્રામ યોજના માટે લાખ લાખ અભિનંદન આપું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, બે મિનિટમાં વાત પૂરી કરશો, પ્લીઝ.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓએ જયોતિગ્રામ યોજના વિશે દ ણી વાતો કરી, ઘણા સૂચનો આપ્યા. બિમલભાઈનું સૂચન હતું એ બાબતે હું પર્સનલી ધ્યાન દઈ એમનો પ્રશ્ન ઉકેલવાની કોશિષ કરીશ. આઠ કલાક વીજળીની વાત કરી હતી. જયારે ખેડૂતોને જરૂર પડી હતી ત્યારે વધારે વીજળી આપી છે. ૧૨ કલાક, ૧૪ કલાક આપી છે. મારે એક જ દાખલો કહેવો છે કે ચાર દિવસ ૨૨ કલાક વીજળી આપી છે. ઘણા ખેડૂતોએ મારા ઉપર પર્સનલી ફોન કર્યા છે અને મને એમ કહેવામાં આવ્યું છે કે પાણી ખલાસ થઈ જશે એટલે આપ ન આપો. વધારે વીજળી મોટા ખેડૂતોને જોઈએ છે. નાના ખેડૂતોને જોઈતી નથી. ૮૦ ટકા જેટલા નાના ખેડૂતો છે. આવી લાગણી ખેડૂતોએ મારી સમક્ષ વ્યકત કરી હતી.

**અધ્યક્ષશ્રી** : ચર્ચા પૂરી થાય છે.

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)

### સરકારી પડતર જમીન ખેતી માટે આપવા અંગે

માનનીય સભ્યશ્રી ડૉ. અનિલભાઈ જોષીયારાને ગૃહની સેવા બજાવવામાંથી નિયમ-૫૧ હેઠળ સસ્પેન્ડ કર્યા હોવાથી આ પ્રસ્તાવ રજૂ થઈ શકયો નહીં.

**સચિવશ્રી :** માનનીય અધ્યક્ષશ્રી, હું જેના લેખિત જવાબો સત્ર દરમિયાન મળ્યા છે પણ સમયના અભાવે સભ્યશ્રીઓને મોકલી શકાયા નથી તેવા ૧૨૭ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭(ક) અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

# અતારાંકિત પ્રશ્નો

### નિયમ ૮૭(ક) અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭(ક) અન્વયે તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૦૫ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલ અતારાંક્તિ પ્રશ્નો અને તેના જવાબોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | શ્રી અમીતભાઇ ચાવડા | ૩૩૫૧,૩૫૮૧,૩૫૮૨,૩૫૮૩,૩૫૮૪, |
| ૨. | ડૉ. અનિલભાઇ જોષીયારા | ૩૨૬૫ |
| ૩. | શ્રી ઉપેન્દ્રસિંહ ગોહિલ | ૩૨૯૫ |
| ૪. | શ્રી કાંતિભાઇ ક્યોરીયા | ૩૩૧૩ |
| ૫. | શ્રી કાળુભાઇ વિરાણી | ૩૬૨૦,૩૬૨૧,૩૬૨૨ |
| ૬. | શ્રી કુંવરજીભાઇ બાવળીયા | ૩૬૫૯,૩૬૬૦,૩૬૬૧,૩૬૬૬,૩૬૭૧,૩૬૭૩,૩૬૭૯,૩૬૮૪,૩૬૯૧,૩૬૯૬, ૩૭૦૦,૩૭૦૩, |
| | | ૩૭૦૪,૩૭૦૯,૩૭૧૯,૩૭૨૪,૩૭૨૬,૩૭૨૭,૩૮૧૦ |
| ૭. | શ્રી ગોપાલભાઇ ધુઆ | ૩૬૨૩ |
| ૮. | શ્રી ગોવિંદભાઇ પરમાર | ૩૨૫૯ |
| ૯. | શ્રી ગોત્તમભાઇ ઝાલા | ૩૩૧૦ |
| ૧૦. | શ્રી છબીલભાઇ પટેલ | ૩૧૩૦ |
| ૧૧. | શ્રી છનાભાઇ ચોધરી | ૩૬૨૯,૩૬૩૦,૩૬૩૧,૩૬૩૨,૩૬૩૩,૩૬૩૪,૩૬૩૫,૩૬૩૬,૩૬૩૭,૩૬૩૯, |
| | | ૩૬૪૦,૩૬૪૧,૩૬૪૨,૩૬૪૩,૩૬૪૭,૩૬૪૮,૩૬૪૯,૩૬૫૧ |
| ૧૨. | શ્રી જ્યદ્રથસિંહજી પરમાર | ૩૬૨૪,૩૬૨૬ |
| ૧૩. | શ્રી જેસાભાઇ બારડ | ૩૨૯૧,૩૭૭૭ |
| ૧૪. | શ્રી જેઠાભાઇ ભરવાડ | ૩૫૭૯ |
| ૧૫. | શ્રી જોધાજી ઠાકોર | ૩૩૧૪ |
| ૧૬. | શ્રી દિપસિંહ રાઠોડ | ૩૬૧૭,૩૬૪૮ |
| ૧૭. | ડૉ. દિનેશભાઇ પરમાર | ૩૪૪૨,૩૪૪૩,૩૪૪૪,૩૪૫૨,૩૪૫૩,૩૪૫૪,૩૪૫૬,૩૪૬૩,૩૪૭૦, ૩૪૭૩,૩૪૯૩, ૩૪૯૭, |
| | | ૩૫૦૫,૩૫૧૫,૩૫૧૬,૩૫૧૭,૩૫૨૫,૩૫૨૬,૩૫૨૭, ૩૫૨૮,૩૫૩૦ |
| ૧૮. | શ્રી નટવરસિંહ ઠાકોર | ૩૩૧૧ |
| ૧૯. | શ્રી પરેશભાઇ ધાનાણી | ૩૫૪૬ |
| ૨૦. | શ્રી પુનમભાઇ પરમાર | ૩૩૫૫,૩૩૬૦ |
| ૨૧. | શ્રી બચુભાઇ ખાબડ | ૩૩૦૯ |
| ૨૨. | શ્રી બલવંતસિંહ રાજપૂત | ૩૫૪૭,૩૫૬૬,૩૫૭૧,૩૫૭૪,૩૫૮૯,૩૫૯૨,૩૫૯૬,૩૬૦૦,૩૬૦૨,૩૬૦૬, ૩૬૧૧,૩૬૭૫, |
| | | ૩૭૪૫,૩૭૪૮,૩૭૫૧,૩૭૭૧,૩૭૭૪ |
| ૨૩. | ડૉ. માયાબેન કોડનાની | ૩૩૧૬ |
| ૨૪. | શ્રી માધુભાઇ ભોયે | ૩૭૪૦,૩૭૪૩,૩૭૪૪ |
| ૨૫. | શ્રી મુકેશભાઇ ગઢવી | ૩૨૮૦ |
| ૨૬. | શ્રી રણજીતસિંહ ચાવડા | ૩૪૦૦,૩૪૦૫,૩૪૦૬ |
| ૨૭. | શ્રી રાકેશભાઇ રાવ | ૩૨૭૭ |
| ૨૮. | શ્રી રામસિંહજી સોલંકી | ૩૩૧૮ |
| ૨૯. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર | ૩૨૮૨ |
| ૩૦. | લક્ષ્મણભાઇ પટેલ | ૩૨૭૬ |
| ૩૧. | શ્રી સિધ્ધાર્થભાઇ પરમાર | ૩૩૭૩,૩૩૭૯,૩૩૮૩,૩૩૮૭,૩૫૩૮,૩૫૪૯, |
| ૩૨. | શ્રી શિવજીભાઇ આહીર | ૩૩૩૮,૩૩૪૦,૩૪૧૬,૩૪૨૧,૩૪૩૦,૩૪૩૨ |

**ધારાસભ્યશ્રીઓ/સંસદસભ્યશ્રીઓએ મંત્રીશ્રીઓને ઉદ્દેશીને લખેલ પત્રોનો નિયત કરેલ સમયમર્યાદામા જવાબ આપવા બાબત**

અતારાંક્તિ : ૩૪૭૩ (૧૨-૫-૨૦૦૫) **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦/૪/૦૫ની સ્થિતિએ ધારાસભ્યશ્રી/સંસદ સભ્યશ્રીઓએ માન. મંત્રીશ્રીઓને ઉદ્દેશીને લખાયેલ પત્રોના આખરી જવાબ સરકારશ્રી તરફથી સમય-મર્યાદામાં મળતા નથી, તે હકીક્ત સરકાર જાણે છે,

(૨) જો હા, તો જામનગર જિલ્લાના કુલ કેટલા પ્રશ્નો આ સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રજૂ થયા, તેમાં કેટલાનો નિકાલ સમય મર્યાદામાં થયો, કેટલાનો નિકાલ બાકી છે, અને

(૩) જે પ્રશ્નો સમય-મયાર્દામા હલ થયા નથી તે માટે સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે અને તેઓને આખરી જવાબો ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી ( સામાન્ય વહીવટ )** ( ૬ - ૯-૨૦૦૫ )

(૧) નીતિ વિષયક અને નાણાંકીય બાબતો સંકળાયેલ હોય તે સિવાયના પત્રોનું અપવાદ રૂપ કિસ્સા સિવાય સમયમર્યાદામાં જવાબ ન આપવાનું સરકારની જાણમાં નથી.

(૨) ૩૭૪ પત્રો મળ્યા,
૩૦૬ પત્રોનો નિકાલ સમયમર્યાદામાં થયો છે અને,
૩૦ પત્રોનો નિકાલ સમયમર્યાદામાં બાદ થયેલ છે.
૩૮ પત્રો પડતર રહેવા પામેલ છે.

(૩) નીતિ વિષયક અને નાણાંકીય બાબતોમાં નિર્ણય થયેથી પ્રશ્નોનો નિકાલ કરવામાં આવશે, તે સિવાયના પત્રો માટે સરકારશ્રી તરફથી ત્વરિત નિકાલ કરવા સંબંધિત વિભાગોને સૂચના આપવામાં આવે છે તેમજ સમીક્ષા કરવામાં આવે છે.

---

**રાજ્યમાં જિલ્લાવાર કર્મચારીઓને કર્મયોગીની તાલીમ અને કરેલ ખર્ચ**

અતારાંક્તિ : ૩૬૯૧ ( ૬-૮-૦૫ ) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ વિભાગ) જણાવવા કુપા કરશે કે :

(૧) તા. ૩૦૬૨૦૦૫ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર રાજ્ય સરકારના કેટલા કર્મચારીઓને કર્મયોગી તાલીમ આપવામાં આવી,

(૨) બાકી કર્મચારીઓને ક્યાં સુધીમાં તાલીમ આપવાનું સરકારનું આયોજન છે,

(૩) આ તાલીમ કઇ એજન્સી મારફતે આપવામાં આવી, કેટલી રકમના કોન્ટ્રાકટ કરવામાં આવેલ છે, અને

(૪) તે પૈકી કેટલો ખર્ચ થયો, આ ખર્ચ ક્યા સદરે ઉધારવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** ( સામાન્ય વહીવટ વિભાગ ) (૧-૯-૦૫)

(૧) તા. ૩૦૬૦૫ ની સ્થિતિએ રાજ્યમાં ૧,૨૭,૩૪૯ અધિકારીઓ / કર્મચારીઓને તાલીમ આપવામાં આવેલ છે. જિલ્લાવાર માહિતી દર્શાવતુ પત્રક૧ આ સાથે સામેલ રાખેલ છે.

(૨) બાકી કર્મચારીઓ પૈકી વધુ એક લાખ કર્મચારીઓને ૧૫ માર્ચ ૨૦૦૬ સુધીમાં તાલીમ આપવાનું સરકારનું આયોજન છે.

(૩) આઇ. એલ. એન્ડ એફ. એસ. એજ્યુકેશન એન્ડ ટેક્નોલોજી સર્વિસીઝ લીમીટેડ સંસ્થા અમદાવાદ ધ્વારા તેમના ટ્રેનર તથા રાજ્ય સરકારના ટ્રેનરો ધ્વારા આ તાલીમ આપવામાં આવે છે. ગુજરાત સરકાર અને સદરહુ સંસ્થા માર્ચ-૨૦૦૪ માં તાલીમાર્થી દીઠ રૂા. ૨૫૦/- નો કરાર થયેલ હતો. ગુજરાત સરકાર વતી સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા તથા આઇ.એલ.એન્ડ એફ.એસ. એજ્યુકેશન એન્ડ ટેક્નોલોજી સર્વીસીઝ લિમિટેડ વચ્ચે વર્ષ ૨૦૦૫-૦૬ માટે તાલીમાર્થી દીઠ રૂા. ૨૨૦/ લેખે કરાર કરવામાં આવેલ છે.

(૪) તા. ૩૦૬૦૫ સુધી આ તાલીમ પાછળ રૂા. ૩,૦૫,૮૨,૫૦૦/ નો ખર્ચ થયો. આ ખર્ચ મુખ્ય સદર ૨૦૭૦ગોણ સદરતાલીમ૦૦૩પેટા સદર૦૫રાજ્ય સરકારના અધિકારીઓ અને કર્મચારીઓને તાલીમ (આયોજન) હેઠળ ઉધારવામાં આવેલ છે.

**પત્રક ૧**

## Participants Trained Under V-Governance Training Programme till 30/06/2005

| Sr. No. | District Name | Total |
|---|---|---|
| 1 | Ahmedabad | 19380 |
| 2 | Amreli | 2562 |
| 3 | Anand | 3799 |
| 4 | Banaskantha (Palanpur) | 4052 |
| 5 | Bharuch | 4204 |
| 6 | Bhavnagar | 4817 |
| 7 | Dahod | 2679 |
| 8 | Dang | 872 |
| 9 | Gandhinagar | 15407 |
| 10 | Jamnagar | 3902 |
| 11 | Junagadh | 10138 |
| 12 | Katchh (Bhuj) | 3038 |
| 13 | Kheda (Nadiad) | 5852 |
| 14 | Mehsana | 4734 |
| 15 | Narmada (Rajpipla) | 2741 |
| 16 | Navsari | 2315 |
| 17 | Panchamahal (Godhara) | 3670 |
| 18 | Patan | 1957 |
| 19 | Porbandar | 1611 |
| 20 | Rajkot | 7773 |
| 21 | Sabarkantha (Himatnagar) | 3702 |
| 22 | Surat | 4594 |
| 23 | Surendranagar | 3745 |
| 24 | Vadodara | 7477 |
| 25 | Valsad | 2328 |
| | **Total** | **127349** |

**ખેતીનો વિકાસ દર ઉંચો લઇ જવા બાબત**

અતારાંકિત : ૩૩૧૬ ( ૫-૩-૦૫ )**ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ રાજ્યમાં ખેતીનો વાર્ષિક વિકાસ દર છેલ્લા બે વર્ષમાં શુ રહેવા પામ્યો છે;

(૨) કૃષિ વિકાસ દરને ઉંચો લઇ જવા રાજ્ય સરકારનું શુ આયોજન છે; અને

(૩) રાજ્યની કુલ આવકના કેટલા ટકા ખર્ચ ખેતી પાછળ છેલ્લા બે વર્ષોમાં કરવામાં આવ્યા છે ?

**કૃષિમંત્રીશ્રી :** ( ૧૩-૯-૦૫ )

(૧) તા. ૩૧૧૨૦૦૫ ની સ્થિતિએ રાજ્યમાં ખેતીનો વાર્ષિક વિકાસ દર છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ રહેવા પામેલ છે.

(અ) ૨૦૦૨૦૩ માં ખેતીનો વિકાસ દર સ્થિર ભાવે (૧૯૯૩૯૪) ગત વર્ષની સરખામણીએ() ૧૫ %

(બ) ૨૦૦૩૦૪ માં ગત વર્ષની સરખામણીએ ૭૭ % રહેવા પામેલ છે.

(૨) કૃષિ વિકાસ દરને ઉંચો લઇ જવા માટે નીચે મુજબનું આયોજન છે.

૧ કૃષિ વિસ્તરણમાં ઈન્ફર્મેશન ટેક્નોલોજી અને બાયો ટેક્નોલોજીનો ઉપયોગ.

૨ સોઈલ હેલ્થ આધારીત ગ્રામ્ય કક્ષાનું રવિ અને ખરીફ પાકોનું આયોજન.

૩ સિંચાઇના પાણીનો કરક્સર યુક્ત ઉપયોગ કરવા માટે ડ્રીપ/સ્પ્રીન્કરલની યોજનાનો વ્યાપ વધારવો.

૪ કપાસ, તેલીબીયાં અને અનાજનું ઉત્પાદન વધારવું, રાજ્ય અને કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓનો વ્યાપ
વધારીને ખેડૂતોને માર્ગદર્શન આપવું.

૫ ખેડૂતોને સહેલાઇથી દૂરદર્શન, આકાશવાણી, વર્તમાનપત્રો, સામયિકો વગેરેમાં ખેતી વિષયક માહિતી
મળી રહે તેવા કાર્યક્રમો કરવા તથા કિસાન, કોલ સેન્ટર, સેટકોમ દ્વારા સીધો વાર્તાલાપ કરવો.

૬ ખેડૂત તાલીમ કેન્દ્રો અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રો દ્વારા આધુનિક ટેક્નોલોજીના ખેડૂતોને તાલીમ આપવી.

૭ કૃષિ મેળા, કૃષિ સંમેલનો, સમારંભો દ્વારા ખેડૂતોને આધુનિક ટેક્નોલોજીની જાણકારી પૂરી પાડવી.

(૩) રાજ્યની કુલ આવકના છેલ્લા બે વર્ષમાં ખેતી પાછળ કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.
૨૦૦૨૦૩ રાજ્યની કુલ આવક રૂા. ૪૨૪૯૯૫૨.૦૦ કરોડના ૦.૩૮ ટકા.
૨૦૦૩૦૪ રાજ્યની કુલ આવક રૂા. ૪૦૬૧૫૯૩.૦૦ કરોડના ૦.૬૪ ટકા.

---

**પુર્વ પશુપાલન મંત્રીના કાર્યાલયમાં ફાળવેલ જીપના પેમેન્ટનું બાકી બીલ**

અતારાંક્તિ ૩૩૪૦( ૭-૪-૦૫ ) **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) :માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) પશુપાલન નિયામકની ક્ચેરી દ્વારા સરકારી કામના અર્થે સને. ૨૦૦૨ ની સાલમાં રા.ક.મંત્રીશ્રી પશુપાલનના કાર્યાલય માટે ડિઝલ જીપ ફાળવવામાં આવી હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા તો આ વાહનના ડિઝલ ખર્ચના આશરે રૂા. ૩૦,૦૦૦/- હજારથી વધુ રકમના બીલોના પેમેન્ટ પેકી રૂા. ૧૦૦૦ થી ૧૫૦૦ ચુકવ્યા બાદ પશુપાલન નિયામકના તાબાની ક્ચેરી સંયુક્ત પશુપાલન નિયામક,પશુ જેવીક સંસ્થા, ગાંધીનગર ધ્વારા આશરે ૩૬ માસ જેટલાં લાંબા સમયથી બાકીની રકમ ચુકવવામાં આવી નથી તે હકીક્ત પણ સાચી છે,

(૩) જો હા તો તેના શા કારણો છે. અને,

(૪) બાકી રહેલ પેમેન્ટ ક્યા સુધીમાં ચુકવી આપવામાં આવશે ?

**પશુપાલન મંત્રીશ્રી** (૩૧-૮-૦૫)

(૧) હા. જી.

(૨) હા. જી.

(૩) પેટ્રોલ પંપ ખાતે કોઈ ચુકવણુ કરવાનું બાકી રહેતુ નથી પરંતુ ડ્રાયવર તરફથી જે બીલો પેઇડ બાય મી કરવામાં આવેલ છે. જે તેમને ચુકવવાના બાકી હોઈ નાણા વિભાગ/ સામાન્ય વહીવટ વિભાગની મંજુરી મેળવવા દરખાસ્ત રજુ કરેલ છે.

(૪) મંજુરી મળ્યેથી ચુકવવામાં આવશે.

---

**સહકારી મંડળીઓમાં અનુસૂચિત જાતિઓના સભ્યોને કારોબારી સમિતિમાં સમાવવા અંગે**

અતારાંક્તિ : ૩૫૬૬ (૬-૬-૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સહકારી મંડળીઓ અને સહકારી બેંકોમાં અનુસૂચિત જાતિઓના સભ્યોને કારોબારી સમિતિમાં કમિટિ સભ્યો તરીકે લેવા અંગે ૧૯૮૨ ના પરિપત્રનો અમલ રાજ્યમાં ક્યા ક્યા જિલ્લામાં અને કઇ કઇ સહકારી મંડળીઓમાં માર્ચ-૨૦૦૫ ને અંતે કરવામાં આવ્યો નથી, અને

(૨) આ અંગે રાજ્ય સરકારે છેલ્લા એક વર્ષમાં ક્યારે અને શું શું પગલા લીધા ?

**સહકાર મંત્રીશ્રી** (૧૩-૯-૦૫)

(૧) તા. ૫-૪-૮૨ ના હુકમમાં દર્શિત ૭ પ્રકારની મંડળીઓની યાદી જિલ્લાવાર *પરિશિષ્ટમાં સામેલ છે. આ યાદીઓ મુજબ રાજ્યની કુલ ૪૨૩૦ જેટલી મંડળીઓએ માર્ચ-૨૦૦૫ ના અંતે ૧૯૮૨ ના હુકમનો અમલ કરેલો નથી.

(૨) નામ. ગુજરાત હાઇકોર્ટના તા. ૨૧/૭/૦૪ ના જજમેન્ટથી જાહેરનામું રદ કરેલ હોઇ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ ફરીવાર જાહેરનામું ઇસ્યુ કરવાની કાર્યવાહી ચાલુ છે.

( * પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે. )

**<u>૭૪(ખ) નો અમલ નહિ કરનાર મંડળીઓની પ્રકારવાર યાદી</u>**

| પરિશિષ્ટનો નંબર | પ્રકાર | મંડળીની સંખ્યા |
|---|---|---|
| ૧. | સેવા મંડળીઓ | ૧૨૫૯ |
| ૨. | દૂધ મંડળીઓ | ૧૩૯૬ |
| ૩. | પ્રાથમિક ઓઇલ સીડસ સ. મંડળીઓ | ૧૮૦ |
| ૪. | નાગરિક સહકારી બેન્કો | ૧૫૯ |
| ૫. | પ્રોસેસીંગ સહકારી મંડળીઓ | ૭૫ |
| | ખાંડ સહકારી મંડળીઓ | ૮ |
| ૬. | માર્કેટીંગ સહકારી મંડળીઓ | ૪૧૨ |
| ૭. | પ્રાથમિક ઓદ્યોગિક સહકારી મંડળીઓ | ૭૪૧ |
| | કુલ ... | ૪૨૩૦ |

**૫-૪-૮૨ના પરિપત્રનો અમલ નહિ કરેલ મંડળીઓની સંખ્યા**

| અ.નં. | જીલ્લાનું નામ | સેવા મંડળીઓ | દુધ મં.ઓ | પ્રા. ઓદ્યો. સ.મં.ઓ | પ્રા. ઓઇલ સીડસ.સ. મંડળીઓ | નાગરીક સહકારી બેંકો | પ્રોસેસીંગ સહકારી મંડળીઓ | માર્કેટીંગ સહકારી મંડળીઓ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ(શ) | | | | | ૨૩ | | |
| ૨. | અમદાવાદ (ગ્રા) | ૬૮ | | | | | | |
| ૩. | મહેસાણા | ૦૩ | ૦૬ | ૩૫ | ૦૦ | ૧૨ | ૦૧ | ૪૭ |
| ૪. | પાટણ | ૨૯ | ૧૩૯ | ૦૯ | ૦૫ | ૦૭ | ૧૩ | |
| ૫. | બનાસકાંઠા | ૩૦૫ | ૧૬૨ | ૩૭ | ૪૮ | ૦૩ | ૦૩ | ૧૮૧ |
| ૬. | સાબરકાંઠા | ૩૪૯ | ૧૧૯ | ૬૭ | ૩૯ | ૧૩ | ૧૨ | ૧૧ |
| ૭. | વડોદરા | ૮૯ | | ૨૪ | ૦૩ | ૦૮ | ૦૨ | ૩૮ |
| ૮. | નડીયાદ | ૪૨ | ૧૪ | ૬૬ | ૧૧ | ૧૬ | ૦૧ | |
| ૯. | ભરૂચ | ૭૫ | ૧૯૦ | ૨૦ | ૧૨ | ૦૧ | ૧૦ | ૦૭ |
| ૧૦. | સુરત | | | ૧૩૬ | | ૨૬ | ૪(ખાંડ) | |
| ૧૧. | વલસાડ | | | ૨૨ | | ૦૩ | | |
| ૧૨. | ગોધરા | ૫૦ | ૨૧૦ | ૧૮ | ૧૪ | ૦૪ | ૦૧ | ૦૬ |
| ૧૩. | નર્મદા | | | | | | | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૪. | દાહોદ | ૫૦ | ૨૦૨ | ૧૩ | | ૦૬ | ૦૨ | ૦૫ |
| ૧૫. | આણંદ | | ૨૨૦ | ૫૫ | | ૧૯ | | ૬૫ |
| ૧૬. | નવસારી | | | ૧૦ | | | ૦૨(ખાંડ) | |
| ૧૭. | રાજકોટ | ૦૨ | | | | ૦૧ | | |
| ૧૮. | સુરેન્દ્રનગર | | | | | ૦૧ | ૧૭ | |
| ૧૯. | ભાવનગર | ૩૪ | | ૯૦ | ૧૮ | ૧૧ | ૧૧ | ૩૧ |
| ૨૦. | જામનગર | | | | | | | |
| ૨૧. | જુનાગઢ | ૨૬ | ૧૧૦ | | ૨૦ | | -૨(ખાંડ) | |
| ૨૨. | પોરબંદર | | | ૦૬ | | ૦૧ | | ૦૬ |
| ૨૩. | અમરેલી | ૯૧ | ૧૫ | ૭૨ | ૧૦ | | | ૦૫ |
| ૨૪. | કચ્છ-ભૂજ | ૪૬ | ૦૯ | ૬૧ | | ૦૪ | ૦૨ | ૧૦ |
| ૨૫. | ડાંગ-આહવા | | | | | | | |
| | સરવાળોઃ- | ૧૨૫૯ | ૧૩૯૬ | ૭૪૧ | ૧૮૦ | ૧૫૯ | ૮૩ | ૪૧ |
| | કુલ સરવાળો | ૪૨૩૦ | | | | | | |

## સાવરકુંડલા માર્કેટયાર્ડની દુર્ઘટનાના જવાબદારો સામે કાર્યવાહી

અતારાંકિત : ૩૬૨૨ (૨૯-૭-૨૦૦૫)**શ્રી કાળુભાઇ વી. વીરાણી(કુંડલા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સને. ૨૦૦૨-૦૩ના કેલેન્ડર વર્ષમાં સાવરકુંડલા માર્કેટયાર્ડમાં થયેલ દુર્ઘટના માટે જવાબદારો પાસેથી રૂા. ૬૪ લાખ વસુલ કરવા તેવો હુકમ નિયામક, કૃષિ બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગાંધીનગર કરેલ છે. તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો આ વસુલાત અંગેની સરકારે કાર્યવાહી કરેલ છે કે કેમ ?

(૩) જો, ના તો તા. ૩૦-૬-૨૦૦૫ સુધી વસુલાત નહિ કરવાનાં શા કારણો છે અને

(૪) સરકાર આ વસુલાત કેટલા સમયમાં કરવા માંગે છે ?

**સહકાર મંત્રીશ્રી** ( ૭-૯-૨૦૦૫)

(૧) હા, જી.

(૨) નિયામકશ્રી, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગુજ. રાજ્ય, ગાંધીનગરના તા. ૨૯-૧૦-૦૩ના હુકમ ક્રમાંકઃનબસ/૦૧/થ/સ.૩/૨૧૫૬/૦૩ થી બજાર ધારાની કલમ૫૦ અન્વયે વસુલાત અંગેનો દાવો કરવા માટે નાયબ નિયામક ખેત બજાર અને જિલ્લા રજીસ્ટ્રાર, સ.મ. અમરેલીને અધિકૃત કરવામાં આવેલ છે.

(૩) નિયામકશ્રી, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગાંધીનગરના તા. ૨૯-૧૦-૦૩ના ઉપરોક્ત હુકમ સામે નાયબ સચિવશ્રી (અપીલ) સમક્ષ રીવીઝન અરજી નં. ૨૭૪/૦૩, ૨૮૮/૦૩ અને ૨૮૯/૦૩ દાખલ થયેલ છે. અને જેમાં મનાઇ હુકમ આપેલ છે. જેથી આગળ કાર્યવાહી થઇ શકેલ નથી.

(૪) હાલ મેટર એપેલેટ ફોરમ સમક્ષ સબજ્યુડીસ હોઇ જેનો નિકાલ આવ્યેથી નિયમોનુસાર આગળની કાર્યવાહી હાથ ધરી શકાશે.

## રાજ્યની શાળાઓમાં રમત ગમતના મેદાનો અંગે

અતારાંકિત : ૩૩૧૧ ( તા. ૩-૩-૦૫ ) **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ફાળવેલ કઇ કઇ હાઇસ્કુલોમાં રમત-ગમતના મેદાનો નથી;

(૨) કેટલી સ્કુલો ભાડાના મકાનમાં ચાલે છે, અને
(૩) સ્કુલોની મંજુરી આપતી વખતે મેદાન હોવું જોઇએ તેવી સ્પષ્ટતા છે કે કેમ ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૭-૯-૦૫)
(૧) પત્રક-અ સામેલ છે.
(૨) ૬૬૦ હાઇસ્કુલો
(૩) હા, જી.

**પત્રક - અ**

| ક્રમ | જિલ્લાનું નામ | રમત-ગમતના મેદાન નથી તેવી શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૧. | અમદાવાદ (શહેર) | ૧૦ |
| ૨. | અમદાવાદ (ગ્રામ્ય) | ૦૩ |
| ૩. | અમરેલી | |
| ૪. | કચ્છ-ભૂજ | ૦૨ |
| ૫. | ખેડા નડિયાદ | ૦૧ |
| ૬. | આણંદ | |
| ૭. | જામનગર | |
| ૮. | જુનાગઢ | ૦૫ |
| ૯. | પોરબંદર | |
| ૧૦. | ડાંગ-આહવા | |
| ૧૧. | પંચમહાલ (ગોધરા) | |
| ૧૨. | દાહોદ | |
| ૧૩. | બનાસકાંઠા (પાલનપુર) | ૧૩ |
| ૧૪. | ભરૂચ | |
| ૧૫. | નર્મદા (રાજપીપળા) | |
| ૧૬. | ભાવનગર | ૦૭ |
| ૧૭. | મહેસાણા | |
| ૧૮. | પાટણ | |
| ૧૯. | રાજકોટ | ૧૧ |
| ૨૦. | વડોદરા | ૦૧ |
| ૨૧. | વલસાડ | ૦૫ |
| ૨૨. | નવસારી | ૦૩ |
| ૨૩. | સાબરકાંઠા (હિંમતનગર) | |
| ૨૪. | સુરત | |
| ૨૫. | સુરેન્દ્રનગર | ૦૩ |
| ૨૬. | ગાંધીનગર | ૧૫ |
| | કુલ ૭૯ | |

## પાદરા તાલુકાનાં ડબકા ખાતે પી.ટી.સી. કોલેજોનું જર્જરીત મકાન

અતારાંક્તિ :- ૩૩૫૫ (૭-૪-૦૫) **શ્રી પુનમ ર. પરમાર(પાદરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૫-૦૫ની સ્થિતિએ પાદરા તાલુકાનાં ડબકા ગામે આવેલ પી.ટી.સી. કોલેજનું મકાન જર્જરીત હાલતમાં છે તેની સરકારને જાણ છે ;
(૨) જો હા, તો નવું મકાન બનાવવા શી વિચારણા થઇ છે;
(૩) જો હા, તો ક્યાં સુધીમાં ; અને
(૪) તેમાં કેટલી રકમ ફાળવાઇ છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૭-૯-૦૫)

-(૧) હા.
(૨) નકશા અને અંદાજો તેયાર કરી માર્ગ અને મકાન વિભાગે શિક્ષણ વિભાગને વહીવટી મંજુરી માટે મોક્લી આપેલ છે.
(૩) સરકારશ્રીની વહીવટી મંજુરી મળ્યેથી તુર્તજ
(૪) ૨૦૦૫-૦૬ના બજેટ પ્રોવીજનમાં રૂા. ૯૮.૯૦ લાખની જોગવાઇ કરેલ છે.

## ભૂજ અને નખત્રાણા તાલુકામાં કોમ્પ્યુટર દાન યોજના અન્વયે મળેલાં કોમ્પ્યુટરા

અતારાંક્તિ : ૩૪૧૬ (૧૬-૪-૨૦૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ભૂજ અને નખત્રાણા તાલુકામાં પ્રાથમિક શાળામાં કોમ્પ્યુટર દાન યોજના અન્વયે કઇ-કઇ શાળામાં ૨૦૦૩-૦૪ તથા ૨૦૦૪-૦૫ના શેક્ષણિક વર્ષમાં કોમ્પ્યુટર દાનમાં મળેલ છે,
(૨) આ દાન સામે રાજ્ય સરકાર તરફથી કેટલા કોમ્પ્યુટર સુપ્રત થયા, અને
(૩) પ્રાથમિક શાળામાં વધુ સંખ્યામાં કોમ્પ્યુટર દાનમાં મળે તે માટે શા પ્રયાસો થયા છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૯-૯-૦૫)

(૧) વર્ષ ૨૦૦૩-૨૦૦૪ની યાદી સામેલ છે. (પત્રક -અ)
વર્ષ ૨૦૦૪-૦૫ માં કોઇ પ્રાથમિક શાળામાં કોમ્પ્યુટર દાનમાં મળેલ નથી.
(૨) રાજ્ય સરકાર તરફથી ૧૧ શાળાઓને વર્ષ ૨૦૦૪-૦૫ માં કોમ્પ્યુટરો પુરા પાડેલ છે.
(૩) શાળા પ્રવેશોત્સવ તથા ક્ન્યા કેળવણી રથયાત્રા કાર્યક્રમ અન્વયે લોકભાગીદારી વધારી વધુ કોમ્પ્યુટરો દાનમાં મળે તે માટે પ્રયાસો થયા છે.

**પત્રક અ**

વર્ષ ૨૦૦૩-૨૦૦૪

| ક્રમ | તાલુકો | શાળાનું નામ |
|---|---|---|
| ૧ | ભુજ | સુખપર ક્ન્યા શાળા નં૧ |
| ૨ | ભુજ | સુખપર ક્ન્યા શાળા નં૨ |
| ૩ | ભુજ | મિરઝાપર કુમાર શાળા |
| ૪ | ભુજ | મિરઝાપર ક્ન્યા શાળા |
| ૫ | ભુજ | કેરા ક્ન્યા શાળા |
| ૬ | ભુજ | આણંદસર પ્રાથમિક શાળા |
| ૭ | ભુજ | સામત્રા પ્રાથમિક શાળા |
| ૮ | ભુજ | મેઘપર પ્રાથમિક શાળા |
| ૯ | ભુજ | ભારાસર કુમાર શાળા |
| ૧૦ | ભુજ | ભારાસર ક્ન્યા શાળા |
| ૧૧ | ભુજ | ખોંભડી પ્રાથમિક શાળા |
| ૧ | નખત્રાણા | શુન્ય |

## જામનગર જિલ્લામાં તાલુકાવાર શાળામાં અનામતની બાકી જ્ગ્યાએ નિમણૂક અંગે

અતારાંક્તિ : ૩૪૬૩ (૧૨-૫-૨૦૦૫)**ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ગ્રાન્ટેડ અને નોનગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શેક્ષણિક અને બિનશેક્ષણિક સ્ટાફની ભરતીમાં અનામત પ્રથાની જોગવાઇ કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો માર્ચ-૦૫ની સ્થિતિએ છેલા ચાર વર્ષમાં જામનગર જીલ્લામાં તાલુકાવાર શાળાઓ દીઠ કેટલો અમલ થયો છે અને કેટલી જ્ગ્યાઓ ભરવાની બાકી છે,
(૩) અનામતનો અમલ કરાવવા સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી, અને
(૪) કુલ કેટલી સંસ્થાઓનાં કેટલાં સંચાલકો સામે અમલવારી નહીં કરવા બદલ સરકારે શા પગલાં લીધાં ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૭-૯-૨૦૦૫)
(૧) ગ્રાન્ટેડ શાળામાં અનામતની જોગવાઇ કરવામાં આવેલ છે.
(૨) ગ્રાન્ટેડ શાળાઓનું તાલુકાવાર *લીસ્ટ સામેલ છે તે મુજબ અમલવારી થયેલ છે.
(૩) ભરતી માટે અમલ કરવામાં આવે છે. નિયમ મુજબ અનામત કક્ષામાંથી ભરતી માટે એન.ઓ.સી આપવામાં આવે છે.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---

**જામનગર જિલ્લામાં શાળા માટે ઓપરેશન બ્લેકબોર્ડ અંતર્ગત ખરીદીમાં ગેરરીતી**

અતારાંક્તિ :- ૩૪૭૦ (૧૨-૫-૨૦૦૫) **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-
(૧) સને ૨૦૦૩-૦૪ અને ૦૪-૦૫ના વર્ષમાં તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ જામનગર જિલ્લામાં ઓપરેશન બ્લેક બોર્ડ અંતર્ગત કેટલી ખરીદી કરવામાં આવી તથા તેની કુલ કિંમત કેટલી છે,
(૨) આ ખરીદી પૈકી જિલ્લામાં તાલુકાવાર શાળાઓને કેટકેટલી ફાળવણી કરવામાં આવી,
(૩) આવી ખરીદી સરકારના પ્રવર્તમાન નિયમો વિરૂધ્ધ કરવામાં આવી છે, તે હકીક્ત સાચી છે, અને
(૪) જો હા, તો જવાબદારો સામે શું પગલા ભર્યા ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૯-૯-૦૫)
(૧) જામનગર જિલ્લામાં ઓપરેશન બ્લેકબોર્ડ યોજના નીચે પ્રાથમિક શિક્ષણ નિયામક / ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ દ્વારા આ યોજના અમલમાં ન હોઇ કોઇ ગ્રાન્ટ ફાળવેલ નથી.
(૨) ઓ.બી.સી. અંતર્ગત કોઇ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---

**રાજ્યમાં જિલ્લાવાર નોન-ગ્રાન્ટેડ માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ અને લાયકાત વિનાના શિક્ષકો**

અતારાંકિત : ૩૫૮૯ (૧૫-૬-૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-
(૧) એપ્રિલ-૦૫ની સ્થિતિએ રાજ્યમાં નોન-ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ જિલ્લાવાર કેટલી આવેલી છે ?
(૨) આ દરેક જિલ્લાઓમાં પ્રતિ શિક્ષક બાળકોની સંખ્યા ૪૦ કરતાં વધારે હોય એવા જિલ્લાઓ કેટલા છે ?
(૩) આ શાળાઓમાં લાયકાત વિનાના શિક્ષકો હોવાની રાજ્ય સરકારને છેલ્લા એક વર્ષમાં કેટલી ફરિયાદો મળી ? અને
(૪) આ અંગે રાજ્ય સરકારે છેલ્લા એક વર્ષમાં શી કાર્યવાહી કરી છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૬-૯-૦૫)
(૧) પત્રક - અ - સામેલ છે.
(૨) ૧૧ જીલ્લાઓ.
(૩) કુલ - ૦૯ ફરીયાદો મળેલ છે.

(૪) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ ક્ચેરીના તા. ૨૦-૧-૨૦૦૫, તા. ૮-૪-૨૦૦૫ અને તા. ૧૪-૭-૨૦૦૫ના રોજ પરિપત્ર દ્વારા લેખિતમાં સુચના આપવામાં આવી છે. જે શાળામાં લાયકાત વિનાના શિક્ષકો હોય તેવી શાળાની નોંધણી રદ કરવા સુધીની કાર્યવાહી કરી બોર્ડને નોંધણી રદ કરવાની દરખાસ્ત મોક્લી આપવા જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીઓને સુચના આપવામાં આવેલ છે. જીલ્લા કક્ષાએ શાળા મંડળો સાથે મિટીંગ યોજી લાયકાત વાળા શિક્ષકોની નિમણૂંક કરવા સુચના આપવામાં આવી છે.

**પત્રક - " અ "**

| ક્રમ | જિલ્લાનું નામ | માધ્યમિક શાળઓ | ઉચ્ચતર માધ્યમિક શાળઓ | કુલ શાળાઓ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ (શહેર) | ૧૪૩ | ૧૧૦ | ૨૫૩ |
| ૨ | અમદાવાદ (ગ્રામ્ય) | ૬૪ | ૫૬ | ૧૨૦ |
| ૩ | અમરેલી | ૩૮ | ૧૧ | ૪૯ |
| ૪ | ક્ચ્છ-ભૂજ | ૪૨ | ૨૩ | ૬૫ |
| ૫ | ખેડા નડિયાદ | ૧૫ | ૧૬ | ૩૧ |
| ૬ | આણંદ | ૧૬ | ૧૨ | ૨૮ |
| ૭ | જામનગર | ૬૭ | ૨૯ | ૯૬ |
| ૮ | જુનાગઢ | ૯૮ | ૨૯ | ૧૨૭ |
| ૯ | પોરબંદર | ૧૪ | ૦૮ | ૨૨ |
| ૧૦ | ડાંગ-આહવા | ૦૩ | ૦૧ | ૦૪ |
| ૧૧ | પંચમહાલ (ગોધરા) | ૭૦ | ૩૬ | ૧૦૬ |
| ૧૨ | દાહોદ | ૪૩ | ૨૦ | ૬૩ |
| ૧૩ | બનાસકાંઠા | ૧૧૭ | ૨૭ | ૧૪૪ |
| ૧૪ | ભરૂચ | ૪૯ | ૨૩ | ૭૨ |
| ૧૫ | નર્મદા (રાજપીપળા) | ૦૧ | ૦૧ | ૦૨ |
| ૧૬ | ભાવનગર | ૮૫ | ૪૭ | ૧૩૨ |
| ૧૭ | મહેસાણા | ૪૨ | ૧૮ | ૬૦ |
| ૧૮ | પાટણ | ૨૬ | ૧૮ | ૪૪ |
| ૧૯ | રાજકોટ | ૧૯૩ | ૫૫ | ૨૪૮ |
| ૨૦ | વડોદરા | ૧૦૦ | ૫૩ | ૧૫૩ |
| ૨૧ | વલસાડ | ૨૧ | ૨૪ | ૪૫ |
| ૨૨ | નવસારી | ૨૦ | ૧૪ | ૩૪ |
| ૨૩ | સાબરકાંઠા(હિંમતનગર) | ૩૨ | ૧૮ | ૫૦ |
| ૨૪ | સુરત | ૨૭૫ | ૮૧ | ૩૫૬ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૨૮ | ૧૮ | ૪૬ |
| ૨૬ | ગાંધીનગર | ૪૯ | ૩૮ | ૮૭ |
| | કુલ | ૧૬૫૧ | ૭૮૬ | ૨૪૩૭ |

## શિક્ષણ સ્તર સુધારવા પંચોની રચના, ભલામણો અને અમલીકરણ અંગે

અતારાંક્તિ ૩૫૯૨ ( ૧૫-૦૬-૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) એપ્રિલ-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ સુધારવા માટે ક્યા ક્યા પંચોની રચના કરી હતી,

(૨) આ પંચોએ પોતાના અહેવાલો સરકારને ક્યારે સુપ્રત કર્યા, આ અહેવાલોમાં તેમણે સરકારને કઇ કઇ ભલામણો કરી હતી, અને

(૩) આ ભલામણોમાંથી કુલ કેટલી ભલામણોનું અમલીકરણ કરવામાં આવ્યું ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૯-૯-૦૫)

(૧) કોઇ પંચની રચના કરવામાં આવી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## વલસાડ જિલ્લામાં ઉચ્ચત્તર માધ્યમિક કન્યા વિદ્યાલયો શરુ કરવાની મંજુરી અંગે

અતારાંક્તિ : ૩૬૬૧ ( ૨૯-૭-૨૦૦૫)**શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૦-૬-૦૫ની સ્થિતિએ વલસાડ જિલ્લાના તાલુકાઓમાં ઉચ્ચત્તર માધ્યમિક ક્ન્યા વિદ્યાલયો કેટલાં છે,

(૨) આ તાલુકામાં સરકાર નવા ઉચ્ચત્તર માધ્યમિક ક્ન્યા વિદ્યાલયો શરૂ કરવા માંગે છે કે કેમ, અને

(૩) જો હા, તો કેટલા સમયમાં ઉચ્ચત્તર માધ્યમિક ક્ન્યા વિદ્યાલયો નવા શરૂ કરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૭-૯-૦૫)

(૧) ૦૩ (ત્રણ)

(૨) વલસાડ જિલ્લાના કોઇ તાલુકાના મંડળો તરફથી ક્ન્યાશાળા શરૂ કરવાની માંગણી આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---

## વલસાડ જિલ્લામાં પ્રાથમિક શાળાના નવા ઓરડાની મંજૂરી

અતારાંક્તિ : ૩૬૩૨ ( ૨૯-૭-૨૦૦૫) **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૫-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લાના તાલુકા દીઠ ક્યા ક્યા ગામે પ્રાથમિક શાળાના કેટ કેટલા ઓરડાઓ નવા બનાવવાની દરખાસ્તો સરકારને મળી,

(૨) મળેલ દરખાસ્તો પૈકી કાયા ક્યા ગામ અને ક્યા ક્યા તાલુકામાં કેટલી દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી, અને

(૩) બાકીની દરખાસ્તોને મંજૂરી આપવાનું શું આયોજન છે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૯-૯-૦૫)

(૧) અને ૨

પત્રક-૧ મુજબ

(૩) ૩૨ નવા ઓરડાઓ બનાવવા આયોજન કરવામાં આવેલ છે. જ્યારે ૩ ઓરડાઓ જમીન ઉપલબ્ધ થયેથી નવા ઓરડાઓ બનાવવા આયોજન કરવામાં આવશે.

### વલસાડ જિલ્લામાં પ્રાથમિક શાળાના નવા ઓરડાની મંજૂરીની વિગત (પત્રક : ૧)

નવાં ઓરડા બાંધવા મળેલ દરખાસ્તની વિગત

| ક્રમ | તાલુકો | ક્રમ | ગામનું નામ | શાળાનું નામ | ઓરડાની | મંજૂર કરેલ | મંજૂર કરવાની |
|---|---|---|---|---|---|---|---|
| | | | | સંખ્યા | દરખાસ્ત | બાકી | |
| | | | | | | ઓરડાની | ઓરડાની |
| | | | | | | સંખ્યા | સંખ્યા. |
| ૧ | વલસાડ | ૧ | પારનેરા પારડી | ખોખરા ફ. | ૨ | ૨ | ૦ |
| | | ૨ | મોગરાવાડી | સુકી તળાવ | ૪ | ૩ | ૧ |
| | | ૩ | ગોરવાડા | ગોરવાડા | ૨ | ૨ | ૦ |
| | | ૪ | ભદેલી | ભદેલી મુખ્ય | ૧ | ૧ | ૦ |
| | | ૫ | સરોણ | નાની સરોણ | ૧ | ૧ | ૦ |
| | | ૬ | વાંક્લ | વાંક્લ દોણી | ૧ | ૦ | ૧ |
| | | | | | ૧૧ | ૯ | ૨ |
| ૨ | ધરમપુર | ૧ | આવધા | નાયકી ફ. વર્ગ. | ૧ | ૧ | ૦ |
| | | ૨ | ભવાઠા | ભવાડા | ૨ | ૨ | ૦ |
| | | ૩ | સિદુમ્બર | ભટાડી વર્ગ | ૧ | ૧ | ૦ |
| | | ૪ | પોઢા જંગલ | પોઢા જંગલ | ૧ | ૧ | ૦ |
| | | ૫ | કેળવણી | કેળવણી | ૨ | ૨ | ૦ |
| | | ૬ | પીપરોળ | પીપરોળ | ૨ | ૨ | ૦ |
| | | ૭ | બારોલીયા | બારોલીયા | ૧ | ૧ | ૦ |
| | | ૮ | પેણધા | પેણધા | ૨ | ૦ | ૨ |
| | | ૯ | વણખાસ | વણખાસ | ૩ | ૩ | ૦ |
| | | ૧૦ | વાધવળ | વાધવળ | ૧ | ૧ | ૦ |
| | | ૧૧ | ખપાડીયા | ખપાડીયા | ૧ | ૧ | ૦ |
| | | | | | ૧૭ | ૧૫ | ૨ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૩ | પારડી | ૧ | બલીઠા | બલીઠા | ૩ | ૩ | ૦ |
| | | ૨ | નાની તંબાડી | નાની તંબાડી | ૧ | ૧ | ૦ |
| | | ૩ | નાનાવાભછીપા | નાનાવાભછીપા | ૧ | ૧ | ૦ |
| | | ૪ | સોઢલવાડા | વાડીયાક્રચ્છ | ૧ | ૧ | ૦ |
| | | ૫ | ઉમરસાડી | ક્રેયવાલ | ૧ | ૧ | ૦ |
| | | | | | ૭ | ૭ | ૦ |
| ૪ | કપરાડા | ૧ | આબાજંગલ | આબાજંગલ | ૨ | ૨ | ૦ |
| | | ૨ | નિલોસી | નિલોસી | ૧ | ૧ | ૦ |
| | | ૩ | બુરલા | બુરલા મુખ્ય | ૧ | ૧ | ૦ |
| | | ૪ | મેણધા | મેણધા | ૨ | ૦ | ૨ |
| | | ૫ | મેધવળ | મેધવળ | ૧ | ૧ | ૦ |
| | | ૬ | વેરીભવાડા | વેરીભવાડા | ૪ | ૩ | ૧ |
| | | ૭ | ખાતુનિયા | ખાતુનિયા | ૧ | ૧ | ૦ |
| | | ૮ | સુથારપાડા | સુથારપાડા | ૨ | ૧ | ૧ |
| | | ૯ | ક્રચોડ | ક્રચોડ | ૩ | ૩ | ૦ |
| | | ૧૦ | પેઢાર દેવી | પેઢાર દેવી | ૨ | ૨ | ૦ |
| | | ૧૧ | ક્રાસ્ટોડીયા | ક્રાસ્ટોડીયા | ૧ | ૦ | ૧ |
| | | ૧૨ | અરણાઇ | અરણાઇ | ૩ | ૦ | ૩ |
| | | ૧૩ | પીપરોટી | પીપરોટી | ૧ | ૧ | ૦ |
| ક્રમ | તાલુકો | ક્રમ | ગામનું નામ | શાળાનું નામ | ઓરડાની | મંજૂર કરેલ | મંજૂર કરવાની |
| | | | | સંખ્યા | દરખાસ્ત | બાકી | |
| | | | | | | ઓરડાની | ઓરડાની |
| | | | | | | સંખ્યા | સંખ્યા. |
| | | ૧૪ | આસલુણા | વાધુનિયા | ૨ | ૦ | ૨ |
| | | ૧૫ | નાંદગામ | ખોબાપાડા વર્ગ | ૧ | ૦ | ૧ |
| | | | નાંદગામ | બરડા .ફ. | ૧ | ૦ | ૧ |
| | | | નાંદગામ | ક્રાંવચાલી .ફ. | ૧ | ૦ | ૧ |
| | | ૧૬ | ઓઝરડા | ઓઝરડા | ૧ | ૦ | ૧ |
| | | ૧૭ | ચાંદવેગણ | ગંધેડી .ફ. | ૧ | ૦ | ૧ |
| | | ૧૮ | મોટાભવાડા | આંબાપાડા .ફ. | ૧ | ૦ | ૧ |
| | | ૧૯ | નારવડ | સીન્ડા ચીમાળી .ફ. | ૧ | ૦ | ૧ |
| | | ૨૦ | ચાવશાળા | બરૂમાળ .ફ. | ૧ | ૦ | ૧ |
| | | ૨૧ | ધોટણ | કુમદા .ફ. | ૧ | ૦ | ૧ |
| | | ૨૨ | માલધર | ઇદદર .ફ. | ૧ | ૦ | ૧ |
| | | | માલધર | મોહપાડા .ફ. | ૧ | ૦ | ૧ |
| | | ૨૩ | વિરક્ષેત | ચાશપાડા .ફ. | ૧ | ૦ | ૧ |
| | | | વિરક્ષેત | ગાંગોડા .ફ. | ૧ | ૦ | ૧ |
| | | ૨૪ | પીપલસેત | ઝાઝુનિયા .ફ. | ૧ | ૦ | ૧ |
| | | | પીપલસેત | સાતીમાળ .ફ. | ૧ | ૦ | ૧ |
| | | | પીપલસેત | સાતીબાળ .ફ. | ૧ | ૦ | ૧ |
| | | ૨૫ | વાવર | ક્થોળ માળ .ફ. | ૧ | ૦ | ૧ |
| | | ૨૬ | શાહુડા | આંબાપાની .ફ. | ૧ | ૦ | ૧ |
| | | ૨૭ | સરવર ટાંટી | જાંબલી .ફ. | ૧ | ૦ | ૧ |
| | | | | | ૪૫ | ૧૬ | ૨૯ |
| ૫ | ધરમપુર | ૧ | માલખેત | માલખેત | ૨ | ૨ | ૦ |
| | | ૨ | સરોન્ડા | સરોન્ડા મુ. | ૧ | ૧ | ૦ |
| | | ૩ | તલવાડા | તલવાડા | ૧ | ૧ | ૦ |
| | | ૪ | ક્લગામ | ક્લગામ બંધાડી | ૧ | ૧ | ૦ |
| | | ૫ | ધોડીપાડા | નિક્રોલીપાડા | ૨ | ૨ | ૦ |
| | | ૬ | ક્રાલય | ક્રાલય | ૧ | ૧ | ૦ |
| | | ૭ | સંજાણ | સંજાણ સ્ટેશન | ૧ | ૧ | ૦ |
| | | ૮ | મરોલી | ગાદીક્રપાડા | ૧ | ૧ | ૦ |
| | | ૯ | ખતલવાડા | તરમોરા | ૩ | ૩ | ૦ |
| | | ૧૦ | અચ્છારી | અચ્છારી | ૧ | ૧ | ૦ |
| | | ૧૧ | ડેહીલી | ડેહીલી | ૨ | ૦ | ૨ |
| | | | | | ૧૬ | ૧૪ | ૨ |
| | | | એકંદર કુલ | | ૯૬ | ૬૧ | ૩૫ |

**વલસાડ શહેર અને જીલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ફાજલ શિક્ષકોની નિમણૂંક અંગ**

અતારાંકિત ૩૬૬૩ ( ૨૯-૭-૦૫)**શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) ૩૧-૫-૦૫ની સ્થિતિએ વલસાડ શહેર અને જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં કેટલા શિક્ષકોની ઘટ છે;

(૨) તે પેકી કેટલા ફાજલ શિક્ષકોને નિમણૂંક આપી હાજર કરવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલ ખાલી જગ્યાઓ સરકાર ક્યારે ભરવા માંગે છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૩-૯-૦૫)

(૧) ૧૬

(૨) એક પણ નહિ.

(૩) ભરતી પ્રક્રિયા ચાલુ છે.

---o---

**ધરમપુર તાલુકાની પ્રાથમિક શાળામાં શિક્ષકોની ઘટ**

અતારાંકિત ૩૬૩૪ ( ૨૯-૭-૦૫)**શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા ૩૦/૬/૦૫ ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં ક્યા ક્યા ગામોએ પ્રાથમિક શિક્ષકોની કેટલી ઘટ છે, અને

(૨) આ ઘટ ક્યારે પુરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૯-૯-૦૫)

(૧) એક પણ શિક્ષક્ની ઘટ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---o---

**ધરમપુર તાલુકામાં સાક્ષરતા અભિયાન અન્વયે કરેલ ખર્ચ**

અતારાંકિત ૩૬૩૫ ( ૨૯-૭-૦૫) **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં સને ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ ના વર્ષમાં સાક્ષરતા અભિયાન હેઠળ કેટલી વ્યક્તિઓ આવરી લીધી,

(૨) ગામવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) સાક્ષરતા અભિયાન કોના કોના મારફતે કરવામાં આવેલ છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૯-૯-૦૫)

(૧)

| વર્ષ | વ્યક્તિઓની સંખ્યા |
|---|---|
| ૨૦૦૩-૦૪ | શૂન્ય |
| ૨૦૦૪-૦૫ | ૪૧૬૮ |

(૨) શૂન્ય

(૩) રાજ્ય સાક્ષરતા મિશન ઓથોરીટી, જિલ્લા સાક્ષરતા સમિતિ, પી.ટી.સી. અને બી. એડ, ના તાલીમાર્થીઓ અને પ્રાથમિક શાળાના શિક્ષકો મારફતે.

---o---

**ધરમપુર તાલુકામાં વિષયવાર શિક્ષકોની ઘટ**

અતારાંકિત : ૩૬૩૬ (૨૯-૭-૦૫) **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ધરમપુર તાલુકામાં કેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલ છે,

(૨) તે પેકી કઇ કઇ શાળામાં તા. ૩૧-૩-૦૫ ની સ્થિતિએ વિષયવાર શિક્ષકોની ઘટ છે,

(૩) તે પેકી કેટલી શાળાઓને ભરતી કરવા અંગે એન.ઓ.સી આપવામાં આવી, અને

(૪) બાકી રહેલી શાળાઓને ક્યારે એન.ઓ.સી આપવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૬-૯-૦૫)

(૧) માધ્યમિક શાળાઓ ૧૩ અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ ૦૭

(૨)

| ક્રમ | શાળાનું નામ | વિષયવાર ઘટ |
|---|---|---|
| ૧ | એસ.એમ.એસ. હાઇસ્કુલ, ધરમપુર | એમએબીએડ અંગ્રેજી, ( ઉચ્ચતર માધ્યમિક વિભાગ) |
| ૨ | ઉચ્ચત્તર માધ્યમિક શાળા, ભેંસદરા, | એમએબીએડ મનોવિજ્ઞાન ( ઉચ્ચત્તર માધ્યમિક )<br>એમએબીએડ અંગ્રેજી( ઉચ્ચતર માધ્યમિક )<br>બીએડીપીએડ સમાજવિદ્યા (મા.વિ.) |
| ૩ | એસ.વી. પટેલ સાર્વજનિક હાઇસ્કુલ, આસુરા, | એમએબીએડ અંગ્રેજી ( ઉ. મા.) |

(૩) ત્રણ શાળાઓને એન.ઓ.સી આપવામાં આવેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---

## રાજ્યમાં જિલ્લાવાર મધ્યાહન ભોજન યોજનામાં થયેલ ભ્રષ્ટાચારની ફરિયાદો

અતારાંકિત : ૩૭૪૫ ( ૪-૮-૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ૧ લી જુન ૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કુલ કેટલા મધ્યાહન ભોજન યોજના કેન્દ્રોમાંથી કેટલા બાળકોને ભોજન પુરું પાડવામાં આવતું હતું,

(૨) આ માટે માસિક ખર્ચ કેટલું કરવામાં આવતું હતું અને કેટલા બાળકોને લાભ આપવામાં આવતો હતો,

(૩) આ યોજનામાં છેલ્લા બે વર્ષમાં ભ્રષ્ટાચાર થયો હોય તેવી જિલ્લાવાર કુલ કેટલી ફરિયાદો મળી આ અંગે રાજ્ય સરકારે શી કાર્યવાહી ક્યારે કરી ?

**શિક્ષણ મંત્રીશ્રી** ( ૧૪-૯-૨૦૦૫)

(૧) વર્ષ ૨૦૦૩-૦૪ દરમ્યાન જિલ્લામાં કુલ ૨૬૧૪૬ મધ્યાહન ભોજન યોજના કેન્દ્રોમાં સરેરાશ ૩૪,૭૩,૪૬૩ બાળકોને ભોજન આપવામાં આવેલ છે. અને સન ૨૦૦૪-૦૫ ના વર્ષ દરમ્યાન જિલ્લામાં કુલ ૨૯૨૫૩ મધ્યાહન ભોજન યોજના કેન્દ્રોમાં સરેરાશ ૩૬,૫૯,૩૩૨ બાળકોને ભોજન આપવામાં આવેલું છે.

(૨) (૧)વર્ષ-૨૦૦૩-૦૪ દરમ્યાન સરેરાશ રૂા. ૧૨,૧૫,૭૧,૨૦૫/- પ્રતિમાસ ખર્ચ થયેલ છે. જેમાં કુલ ૩૪,૭૩,૪૭૩ બાળકોએ લાભ લીધેલ છે.

(૨)વર્ષ-૨૦૦૪-૦૫માં સરેરાશ રૂા. ૧૨,૮૦,૭૬,૨૭૦/- પ્રતિમાસ ખર્ચ થવા પામેલ છે. જેમાં કુલ ૩૬,૫૯,૩૩૨ બાળકોએ ભોજનનો લાભ લીધેલ છે.

(૩) સાથે રાખેલ પત્રક મુજબ

**પ ત્ર ક**

**આ યોજનામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન ભ્રષ્ટાચાર થયો હોય તેવી કુલ કેટલી ફરીયાદો મળી, આ અંગે સરકારે શી કાર્યવાહી**

**તે પેકી કરેલ કાર્યવાહી**

| ક્રમ | જિલ્લાનું નામ | મળેલ ફરીયાદો | તથ્ય ન જણાતા દફતરે | તપાસ હાલ ચાલુ | કસુરવાર સામે પગલાં/ સંચાલકને છુટા કર્યા | વસુલાત કરવામાં આવી |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| ૧ | અમરેલી | ૫૮ | ૫૧ | | ૭ | |
| ૨ | ભાવનગર | ૬ | ૬ | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩ | જુનાગઢ | ૩ | ૩ | | | |
| ૪ | પોરબંદર | | | | | |
| | | | | | | |
| ૫ | જામનગર | ૪ | ૪ | | | |
| ૬ | રાજકોટ | ૩ | | | ૩ | |
| | | | | | | |
| ૭ | સુરેન્દ્રનગર | ૧૯ | ૧૯ | | | |
| ૮ | કચ્છ-ભૂજ | ૯ | ૩ | | ૬ | |
| ૯ | બનાસકાંઠા | | | | | |
| ૧૦ | સાબરકાંઠા | | | | | |
| ૧૧ | મહેસાણા | | | | | |
| ૧૨ | પાટણ | ૫ | ૩ | ૨ | | |
| ૧૩ | ગાંધીનગર | | | | | |
| ૧૪ | અમદાવાદ | ૨૧ | | | ૨૧ | |
| | | | | | | |
| ૧૫ | ખેડા-નડીયાદ | ૯ | ૯ | | | |
| ૧૬ | આણંદ | ૧૧ | ૭ | ૪ | | |
| ૧૭ | પંચમહાલ | | | | | |
| ૧૮ | દાહોદ | | | | | |
| ૧૯ | વડોદરા | ૬ | | ૫ | ૧ | |
| ૨૦ | ભરૂચ | | | | | |
| ૨૧ | નર્મદા | | | | | |
| ૨૨ | સુરત | | | | | |
| ૨૩ | વલસાડ | | | | | |
| ૨૪ | નવસારી | | | | | |
| ૨૫ | ડાંગ | | | | | |
| ૨૬ | અમદાવાદ | | | | | |
| ૨૭ | રાજકોટ | | | | | |
| ૨૮ | વડોદરા | ૨ | | | ૨ | |
| ૨૯ | જામનગર | | | | | |
| ૩૦ | ભાવનગર | | | | | |
| ૩૧ | સુરત | | | | | |
| | કુલ | ૧૫૬ | ૧૦૫ | ૧૧ | ૪૦ | ૦ |
| | કમિશનરશ્રી કક્ષાએ મળેલ ફરીયાદો | ૪૪ | ૩૨ | ૧૨ | ૦ | ૦ |
| | એકંદર કુલ | ૨૦૦ | ૧૩૭ | ૨૩ | ૪૦ | ૦ |

**રાજ્યમાં સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહના ઉતિર્ણ થયેલા ઉમેદવારોને વિદ્યાસહાયકમાં નિમણૂંક અંગે**

અતારાંક્તિ : ૩૭૭૭ ( ૬-૮-૦૫)**શ્રી જેસાભાઈ ભા. બારડ(સોમનાથ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) વર્ષ-૨૦૦૪ માં રાજ્યમાં કેટલા ઉમેદવારો પી.ટી.સી. પરીક્ષામાં ઉત્તીર્ણ થયા, અને કેટલાને
વિદ્યાસહાયક તરીકે નિમણૂંક આપવામાં આવી, અને

(૨) તે પૈકી સામાન્ય પ્રવાહના વિદ્યાસહાયક કેટલા, અને વિજ્ઞાન પ્રવાહના વિદ્યાસહાયક કેટલા?

**શિક્ષણ મંત્રીશ્રી** (૯-૯-૦૫)

(૧) ૫૪૯૮ ઉમેદવારો પી.ટી.સી. પરીક્ષામાં ઉત્તિર્ણ થયા અને ૫૪૨૧ ઉમેદવારોને વિદ્યાસહાયક તરીકે
નિમણૂંક આપવામાં આવી.

(૨) સામાન્ય પ્રવાહના વિદ્યાસહાયકો : ૩૧૮૬

વિજ્ઞાન પ્રવાહના વિદ્યાસહાયકો : ૨૨૩૫

**રાજ્ય સરકાર દ્વારા બાંયધરી પેટે ચુકવવાની રકમ, વ્યાજ અને મુદ્દલ અંગે**

અતારાંક્તિ : ૩૭૪૮ (૪-૮-૨૦૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નાણા)** જણાવવા કૃપા કરશે કે,

(૧) ગુજરાત રાજ્ય બાંયધરી અધિનિયમ ૧૯૬૩ હેઠળ જૂન-૨૦૦૫ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય

સરકાર દ્વારા કુલ કેટલી રકમોની બાંયધરી રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી.

(૨) આ પેકી વ્યાજ અને મુદ્દલ સાથે કેટલી રકમો બાંયધરી પેટે ચૂકવવાની બાકી છે, અને

(૩) આ બાંયધરી ક્યા ક્યા વિભાગની અને નિગમોની છે ?

**મુખ્યમંત્રીશ્રી** (નાણા) (૨-૯-૨૦૦૫)

(૧) તા. ૩૦/૬/૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાક્યિ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ બાંયધરીની વિગતો નીચે મુજબ છે.

| **વર્ષ** | **રકમ રૂા. કરોડમાં** |
|---|---|
| ૨૦૦૨-૨૦૦૩ | ૩૨૩૯.૮૫ |
| ૨૦૦૩-૨૦૦૪ | ૧૯૪૬.૨૧ |
| ૨૦૦૪-૨૦૦૫ | ૧૩૨૭.૬૨ |
| ૧/૪/૨૦૦૫ થી ૩૦/૬/૨૦૦૫ સુધી | ૪૮૮.૩૭ |
| **કુલ ...** | **૭૦૦૨.૧૫** |

(૨) શૂન્ય

(૩) વિભાગ અને સંસ્થા / જાહેર સાહસો વતી આપવામાં આવેલ બાંહેધરીઓ

| **વિભાગનુંનામ** | **સંસ્થા / જાહેર સાહસનું નામ** |
|---|---|
| (૧) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | (૧) ગુજરાત રાજ્ય ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ |
| (૨)ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગ | (૧) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી |
| | (ગુજરાત વિદ્યુત બોર્ડ) |
| | (૨) ગુજરાત ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ |
| (૩) ગૃહ વિભાગ | (૧ ) ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ |
| (૪) ઉદ્યોગ અને ખાણ વિભાગ | (૧) ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ |
| (૫)નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ | (૧) સરદાર સરોવર નર્મદા નિગમ |
| (૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | (૧) ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમ લી. |
| | (૨)ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ લી. |
| | (૩) ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ લી. |
| | (૪) ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ લીમીટેડ. |

| | |
|---|---|
| | (૫) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લીમીટેડ |
| **વિભાગનુંનામ** | **સંસ્થા / જાહેર સાહસનું નામ** |
| | (૬) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લીમીટેડ. |
| (૭) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | (૧) રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી. |
| | (૨) અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી. |
| | (૩) ભાવનગર મહાનગરપાલિકા. |
| | (૪) રાજકોટ મહાનગરપાલિકા. |
| | (૫) જામનગર મહાનગરપાલિકા |
| (૮) કૃષિ અને સહકાર વિભાગ | (૧) નવસારી પીપલ્સ કો.ઓ.બેંક લી. |
| | (૨) ગુજરાત રાજ્ય સહકારી, કૃષિ અને ગ્રામિણ વિકાસ બેંક |

**બનાસકાંઠા જિલ્લાના ૧૯૮૦ પહેલાંના કબજેદારોને વન વિસ્તારની જમીનોની સનદો આપવા બાબત**

અતારાંક્તિ : ૩૨૮૦ ( ૨૨-૨-૦૫) **શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) બનાસકાંઠા જિલ્લાના વન વિસ્તારના સને ૧૯૮૦ પહેલાંના કબજેદારોને એમના કબજાની જમીનોની સનદો આપવા કેલેન્ડર વર્ષ ૨૦૦૪માં સરકારને કેટલી અરજીઓ મળી; અને

(૨) આ અરજીઓ અન્વયે સરકારે શી કાર્યવાહી કરી ?

**વન મંત્રીશ્રી** (૭-૯-૦૫)

(૧) ૨ (બે)

(૨) એક અરજીના અરજદારને સરકારના તા. ૬-૧૦-૯૨ના ઠરાવ પ્રમાણે જમીન મળવાપાત્ર નથી અને બીજા અરજદારનું ખેડાણ અભયારણ્ય વિસ્તારમાં આવતું હોઇ ભારત સરકારની સૂચનાઓ/શરતો મુજબ તેમને પણ સનદ મળવાપાત્ર નથી.

**રાજ્યમાં રતનજ્યોતના વાવેતર પાછળ થયેલ ખર્ચ**

અતારાંક્તિ : ૩૭૦૦ ( ૫-૮-૦૫) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તારીખ : ૩૧-૩-૦૫ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર રતનજ્યોતના વાવેતર પાછળ કેટલા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા; અને

(૨) તે પેકી રાજ્ય સરકારે કેટકેટલી રકમ આ પ્રોજેક્ટ માટે ફાળવી અને તેની સામે કેટલો ખર્ચ થયો ?

**વન મંત્રીશ્રી** (૧૩-૯-૦૫)

(૧) તારીખ : ૩૧-૩-૦૫ ની સ્થિતિએ રાજ્યમાં વન વિભાગ અંતર્ગત નીચે મુજબના ૩ (ત્રણ) પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ.

(૧) રતનજ્યોત વાવેતર પ્રોજેક્ટ વર્ષ (૨૦૦૩-૦૪) નોવોડ બોર્ડ ભારત સરકાર દ્વારા તારીખ : ૨૦-૬-
૨૦૦૩ થી મંજુર થયેલ છે.

(૨) રતન જ્યોત લીમડા તેમજ કરંજ વાવેતર પ્રોજેક્ટ વર્ષ (૨૦૦૪-૦૫) નોવોડ બોર્ડ ભારત સરકાર દ્વારા
તારીખ : ૧૮-૧૦-૨૦૦૪ થી મંજુર થયેલ છે.

(૩) રતનજ્યોત બાયોડીઝલ વિકાસ કાર્યક્રમ હેઠળ સંશોધન પ્રોજેક્ટ ઉદ્યોગ કમિશનરશ્રી ગુજરાત સરકાર
દ્વારા તારીખ : ૨૯-૩-૨૦૦૪ થી મંજુર થયેલ.

(૨) તારીખ : ૩૧-૩-૦૫ ની સ્થિતિએ રતનજ્યોત બાયોડીઝલ વિકાસ કાર્યક્રમ પ્રોજેક્ટ માટે ઉદ્યોગ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા રૂા. ૨૨.૫૦ લાખની રકમ ફાળવવામાં આવેલ છે. અને તેની સામે રૂા. ૪,૮૮,૧૫૧/- નો ખર્ચ થયેલ છે.

---

## ડાંગ જિલ્લામાં વન વિભાગને કેન્દ્ર સરકારની મળેલ ગ્રાન્ટ

અતારાંક્તિ : ૩૭૪૩ ( ૬-૮-૦૫) **શ્રી માધુભાઈ જે. ભોયે(ડાંગ-વાંસદા) : માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તારીખ : ૩૧-૩-૦૫ ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં છેલ્લા ૩ (ત્રણ) નાણાકીય વર્ષમાં વન ખાતાને લગતી કેન્દ્ર સરકારની કઇ કઇ સ્કીમો માટે કેટ-કેટલી ગ્રાન્ટ મળેલ છે ?

**વનમંત્રીશ્રી** (૧૩-૯-૨૦૦૫)

(૨) તારીખ : ૩૧-૩-૦૫ ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં છેલ્લા ૩ (ત્રણ) નાણાકીય વર્ષમાં વન ખાતાને લગતી કેન્દ્ર સરકારની જુદી જુદી સ્કીમો માટે નીચે દર્શાવેલ પત્રક મુજબની કુલ રૂા. ૮૦.૭૭ લાખ ગ્રાન્ટ મળેલ છે.

### ડાંગ-જિલ્લામાં વન વિભાગને કેન્દ્ર સરકારની મળેલ ગ્રાન્ટ

**રૂા. લાખમાં**

| અનં | કેન્દ્ર સરકારની યોજનાનું નામ | વિભાગ | ૨૦૦૨-૦૩ | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ |
|---|---|---|---|---|---|
| ૧ | ગૌણ વન પેદાશ વાવેતર | ડાંગ (ઉ) | ૨.૭૬ | ૧.૬૨ | ૦.૩૦ |
| | | ડાંગ (દ) | ૩.૦૧ | ૧.૫૯ | ૦.૦૦ |
| | | **કુલ** | **૫.૭૭** | **૩.૨૧** | **૦.૩૦** |
| ૨ | મોર્ડન ફોરેસ્ટ ફાયર કન્ટ્રોલ મેથડ | ડાંગ (ઉ) | ૨.૫૦ | ૧.૭૫ | ૩.૯૪ |
| | | ડાંગ (દ) | ૨.૫૦ | ૧.૨૦ | ૪.૨૮ |
| | | **કુલ** | **૫.૦૦** | **૨.૯૫** | **૮.૨૨** |
| ૩ | સેન્ચુરી અને નેશનલ પાર્કના વિકાસની યોજના | ડાંગ (ઉ) | ૩.૯૬ | ૧૫.૪૯ | ૪.૯૨ |
| | | ડાંગ (દ) | ૮.૦૦ | ૯.૫૦ | ૭.૦૨ |
| | | **કુલ** | **૧૧.૯૬** | **૨૪.૯૯** | **૧૧.૯૪** |
| ૪ | આદિજાતિ અને ગ્રામિણ ગરીબોના સહકાર વડે લાભોથી સમાન વહેંચણીના આધારે પાંખા થયેલા વનોના પુનઃનિર્માણની યોજના. | | | | |
| | | ડાંગ (ઉ) | ૦૦.૦ | ૦૦.૦ | ૦૦.૦ |
| | | ડાંગ (દ) | ૦.૩૦ | ૦૦.૦ | ૦૦.૦ |
| | | **કુલ** | **૦.૩૦** | **૦૦.૦** | **૦૦.૦** |
| ૫ | ગૌણ વન ઉત્પન કરતી વાવેતરની | ડાંગ (ઉ) | ૦૦.૦ | ૦૦.૦ | ૦.૩૩ |
| | | ડાંગ (દ) | ૩.૫૪ | ૨.૨૬ | ૦૦.૦ |
| | | **કુલ** | **૩.૫૪** | **૨.૨૬** | **૦.૩૩** |
| | | **એકંદરે કુલ** | **૨૬.૫૭** | **૩૩.૪૧** | **૨૦.૭૯** |

---

## સુરત સર્કલમાં આવતા ડિવીઝનોમાં નર્સરીઓ કરાવા બાબત

અતારાંરિક : ૩૭૪૪ ( ૬-૮-૦૫) **શ્રી માધુભાઈ જે. ભોયે(ડાંગ-વાંસદા) : માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) તારીખ : ૩૦-૬-૦૫ ની સ્થિતિએ છેલ્લા ૩ (ત્રણ) વર્ષમાં સુરત સર્કલમાં આવતા ડીવીઝનોમાં કેટલા રેન્જો અને રાઉન્ડમાં કેટલા હેક્ટરની નર્સરી કરવામાં આવી તેમજ કેટલા હેક્ટરોમાં પ્લાંન્ટેશન કરવામાં આવ્યા,

(૨) તેમા ક્યા ક્યા પ્રકારના રોપાઓ ઉછેરવામાં આવ્યા છે, તે પૈકી કેટલા રોપા હાલ જીવીત છે, અને

(૩) તેમાં કેટલો ખર્ચ દરેક હેક્ટર દીઠ દરેક રેન્જે રાઉન્ડમાં કરવામાં આવ્યો છે ?

**વન મંત્રીશ્રી ( ૧૩-૯-૨૦૦૫)**

(૧) તારીખ : ૩૦-૬-૦૫ ની સ્થિતિએ છેલ્લા ૩ (ત્રણ) વર્ષમાં સુરત સર્કલમાં આવતા ડીવીઝનોની નીચે મુજબ રેન્જ રાઉન્ડવાર નર્સરી ઉછેર તથા વાવેતર કરવામાં આવ્યું.

| વર્ષ | વિભાગ | રેન્જની સંખ્યા | રાઉન્ડની સંખ્યા | કેટલા હેક્ટર માટે નર્સરી ઉછેરવામાં આવી | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૨૦૦૨-૦૩ | રાજ (પુ) | ૯ | ૩૫ | ૧૨૬૫.૦૦ | ૧૨૬૫.૦૦ |
| | રાજ (પ) | ૮ | ૧૭ | ૧૦૬૦.૦૦ | ૧૦૬૦.૦૦ |
| | વ્યારા | ૧૨ | ૩૫ | ૧૨૫૦.૦૦ | ૧૨૫૦.૦૦ |
| | ડાંગ (ઉ) | ૮ | ૮ | ૫૯૭.૦૦ | ૫૯૭.૦૦ |
| | ડાંગ (દ) | ૭ | ૧૫ | ૫૯૪.૦૦ | ૫૯૪.૦૦ |
| | **કુલ** | **૪૪** | **૧૧૦** | **૪૭૬૬.૦૦** | **૪૭૬૬.૦૦** |
| ૨૦૦૩-૦૪ | રાજ (પુ) | ૬ | ૧૮ | ૧૧૮૮.૨૨ | ૧૧૮૮.૨૨ |
| | રાજ (પ) | ૭ | ૧૫ | ૧૯૮૨.૩૬ | ૧૯૮૨.૩૮ |
| | વ્યારા | ૧૧ | ૩૧ | ૧૨૯૪.૩૩ | ૧૨૯૪.૩૩ |
| | ડાંગ (ઉ) | ૮ | ૮ | ૧૦૦૫.૦૦ | ૧૦૦૫.૦૦ |
| | ડાંગ (દ) | ૭ | ૧૫ | ૯૦૬.૦૦ | ૯૦૬.૦૦ |
| **કુલ** | **૩૯** | **૮૭** | **૬૩૭૫.૯૧** | **૬૩૭૫.૯૩** | |
| ૨૦૦૪-૦૫ | રાજ (પુ) | ૯ | ૩૭ | ૨૦૩૬.૦૯ | ૨૦૩૬.૦૯ |
| | રાજ (પ) | ૭ | ૧૪ | ૧૦૯૧.૯૪ | ૧૯૦૧.૯૪ |
| | વ્યારા | ૧૧ | ૨૭ | ૧૯૧૫.૦૦ | ૧૯૧૫.૦૦ |
| | ડાંગ (ઉ) | ૮ | ૧૩ | ૭૯૬.૦૦ | ૭૯૬.૦૦ |
| | ડાંગ (દ) | ૭ | ૧૫ | ૧૧૧૯.૮૪ | ૧૧૧૯.૮૪ |
| | **કુલ** | **૪૨** | **૧૦૬** | **૭૭૬૮.૮૭** | **૭૭૬૮.૮૭** |
| ૨૦૦૫-૦૬ | રાજ (પુ) | ૯ | ૩૭ | ૧૨૪૫.૦૦ | ૧૪૩.૦૦ |
| તા. ૩૦-૬-૦૫ | રાજ (પ) | ૭ | ૧૫ | ૧૪૯૯.૩૦ | ૯૫૬.૦૦ |
| અંતિત | વ્યારા | ૧૧ | ૩૦ | ૧૪૩૦.૦૦ | ૦૦.૦૦ |
| | **કુલ :** | **૨૭** | **૮૨** | **૪૧૭૪.૩૦** | **૧૦૯૯.૦૦** |

(૨) તેમાં મુખ્યતવે ઇમારતી, જલાઉ, ગોણ વન પેદાશ તથા ફળાઉ વૃક્ષોની જાતના રોપાઓ ઉછેરવામાં આવ્યા છે, તે પેકી હાલ નીચે મુજબ રોપા જીવંત છે.

| **વર્ષ** | **જીવંત રોપાની સંખ્યા (લાખમાં)** |
|---|---|
| ૨૦૦૨-૦૩ | ૪૭.૬૨ |
| ૨૦૦૩-૦૪ | ૨૬.૧૨ |
| ૨૦૦૪-૦૫ | ૩૩.૩૭ |
| ૨૦૦૫-૦૬ (તા ૩૦/૬/૦૫ અંતિત) | ૫.૦૦ |
| **કુલ :** | **૧૧૨.૧૧** |

(૩) તેમાં વિભાગવાર હેક્ટર દીઠ ખર્ચ નીચે મુજબ કરવામાં આવ્યો.

| **વર્ષ વિભાગ** | **હેક્ટરદીઠ ખર્ચ ( રૂા. લાખમાં)** | |
|---|---|---|
| ૨૦૦૨-૦૩ | રાજ (પુ) | ૦.૧૬ |
| રાજ (પ) | ૦.૧૩ | |
| વ્યારા | ૦.૧૬ | |
| ડાંગ (ઉ) | ૦.૧૧ | |
| ડાંગ (દ) | ૦.૦૯ | |
| ૨૦૦૩-૦૪ | રાજ (પુ) | ૦.૦૮ |
| રાજ (પ) | ૦.૦૮ | |
| વ્યારા | ૦.૦૮ | |

| | | |
|---|---|---|
| ડાંગ (ઉ) | ૦.૦૫ | |
| ડાંગ (દ) | ૦.૦૬ | |
| | | |
| ૨૦૦૪-૦૫ | રાજ (પુ) | ૦.૦૭ |
| રાજ (પ) | ૦.૦૭ | |
| વ્યારા | ૦.૦૭ | |
| ડાંગ (ઉ) | ૦.૦૫ | |
| ડાંગ (દ) | ૦.૦૭ | |
| | | |
| ૨૦૦૫-૦૬ | રાજ (પુ) | ૦.૦૧ |
| (તા. ૩૦-૬-૦૫ | રાજ (પુ) | ૦.૦૧ |
| અંતિત) | વ્યારા | ૦.૦૨ |

## રાજ્યમાં આર્યુવેદ વનોષધીના ઉપયોગ અંગે જાગૃતતા કેન્દ્રો

અતારાંક્તિ : ૩૩૮૩ ( ૨૭-૪-૨૦૦૫)**શ્રી સિધ્ધાર્થ મા. પરમાર(રાજકોટ ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) રાજ્યમાં આર્યુવેદ વનોષધીના ઉપયોગો અને તેના ફાયદાઓ અંગે કોઇ જાગૃતતા કેન્દ્ર બનાવેલ છે, અને

(૨) જો હા તો રાજ્યમાં ક્યા ક્યા જિલ્લામાં છે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૧૩-૯-૨૦૦૫)

(૧) ના, જી

(૨) આવા કોઇ કેન્દ્રો સ્થાપવામાં આવ્યા નથી પરંતુ ધન્વંતરી સપ્તાહ દરમ્યાન સરકારી આર્યુવેદિક હોસ્પિટલ/દવાખાનાઓ મારફત પ્રચાર-પ્રસાર કરવામાં આપે છે.

## કચ્છ જિલ્લામાં ટી. બી. કેન્સર અને રક્તપિત્તના દર્દીઓને સહાય

અતારાંક્તિ : ૩૪૩૨ (૨૭-૪-૨૦૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર ૨૦૦૩-૨૦૦૪ તથા ૨૦૦૪-૨૦૦૫માં ટી.બી, કેન્સર અને રક્તપિત્તના દર્દીઓને સહાયની કેટલી અરજી મળી,

(૨) તે પેકી કેટલી અરજી મંજૂર થઇ અને કેટલી નામંજૂર થઇ,

(૩) અરજી ના મંજુર થવાના શા કારણો છે, અને

(૪) જે અરજીઓ સહાય માટે મંજુર થઇ તેમાંથી કેટલાને સહાય ચૂકવવામાં આવી અને બાકીનાને ક્યારે ચૂકવવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૬-૯-૨૦૦૫)

(૧) ટી.બી.

| ક્રમાક | તાલુકાનું નામ | સહાયની અરજીઓ મળી |
|---|---|---|
| | સને ૨૦૦૩-૨૦૦૪ | સને ૨૦૦૪-૨૦૦૫ |
| ૧ | ભૂજ | ૨ |
| ૨ | મુંદ્રા | |
| ૩ | માંડવી | ૧ |
| ૪ | અબડાસા | |
| ૫ | લખપત | |

| | | | |
|---|---|---|---|
| ૬ | નખત્રાણા | | |
| ૭ | રાપર | | |
| ૮ | ભચાઉ | ૧ | |
| ૯ | અંજાર | | |
| ૧૦ | ગાંધીધામ | ૨ | ૨ |
| કુલ | ૬ | ૨ | |

**કેન્સરની અરજી મળેલ નથી.**

રક્તપિત્ત

| ક્રમાક | તાલુકાનું નામ | સહાયની અરજીઓ મળી | |
|---|---|---|---|
| | સને ૨૦૦૩-૨૦૦૪ | સને ૨૦૦૪-૨૦૦૫ | |
| ૧ | ભૂજ | ૧ | ૪ |
| ૨ | અબડાસા | ૦ | ૧ |
| ૩ | લખપત | ૧ | ૦ |
| ૪ | ગાંધીધામ | ૧ | ૦ |
| **કુલ ...** | **૩** | **૫** | |

(૨) **ટી. બી.**

સને ૨૦૦૩-૨૦૦૪ અને સને ૨૦૦૪-૨૦૦૫માં બધી જ અરજીઓ મંજુર થયેલ છે. જ્યારે કેન્સરની અરજી મળેલ નથી. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રક્તપિત્ત**

સને ૨૦૦૩-૨૦૦૪ અને સને ૨૦૦૪-૨૦૦૫માં બધી જ અરજીઓ મંજુર થયેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) **ટી. બી.**

સને ૨૦૦૩-૨૦૦૪ ના વર્ષમાં ૨૨ દર્દીઓની અરજીઓ ઉપર રૂા. ૩૦૨૯૫ની રકમની સહાય આપવામાં આવી. કેન્સરની અરજી મળેલ નથી. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સને ૨૦૦૪-૨૦૦૫ ના વર્ષમાં ૫ દર્દીઓની અરજીઓ ઉપર રૂા. ૧૦૭૬૫ રકમની સહાય આપવામાં આવી. કેન્સરની અરજી મળેલ નથી. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રક્તપિત્ત**

સને ૨૦૦૩-૨૦૦૪ ના વર્ષમાં ૩ અરજીઓ થયેલ જે બધી જ મંજૂર થયેલ તે પેટે રૂા. ૮૪૦૦ની રકમ ચૂકવાયેલ છે.

સને ૨૦૦૪-૨૦૦૫ ના વર્ષમાં ૫ અરજીઓ થયેલ જે બધી જ મંજૂર થયેલ તે પેટે રૂા. ૧૨૦૦૦ની રકમ ચૂકવાયેલ છે.

## જી. જી. હોસ્પિટલ, જામનગરમાં ઓરેટ યોજના હેઠળ વસાવાયેલ સાધનો

અતારાંકિત : ૩૪૯૩ (૧૬-૫-૨૦૦૫) **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) જામનગર જી. જી. હોસસ્પિટલમાં ક્યા ક્યા સાધનો અને મશીનો કેટલી કિંમતોના ઓરેટ યોજના નીચે આપવામાં આવ્યા.

(૨) આ મશીનામાંથી કેટલા ક્યાં ક્યાં મશીનોનો ઉપયોગ તા. ૩૧-૩-૨૦૦૫ની સ્થિતીએ કરવામાં આવ્યો અને કેટલાનો ઉપયોગ શરૂ કરવામાં આવેલ નથી,

(૩) આ સાધનોનો ઉપયોગ ન કરવાના કારણો શા છે ? અને

(૪) આ સાધનોનો ઉપયોગ શરૂ થાય તે માટે સરકાર શું કરવા માંગે છે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી (૭-૯-૦૫):**

(૧) જામનગરની જી. જી. હોસસ્પિટલમાં ઓરેટ પ્રોજેક્ટ હેઠળ નાના મોટા મળી કુલ ૨૧૩ સાધનો આપવામાં આવેલ છે. પત્રક-અ આ સાથે સામેલ છે. આ સાધનોની અલગ અલગ કિંમત ઉપલબ્ધ નથી.

(૨) આ મશીનો પૈકી ફક્ત એક સાધન બ્લડ કોમ્પોનન્ટ સેપ્રેસન યુનીટ ઉપયોગમાં લેવાયેલ નથી બીજા તમામ સાધનો ઉપયોગમોં લેવામાં આવ્યા છે.

(૩) બ્લડ કોમ્પોનન્ટ સેપ્રેસન યુનીટનું મશીન ચાલુ હાલતમાં છે. પરંતુ ભારત સરકારના ફુડ અને ડ્રગ વિભાગની લાયસન્સ અને પરમીશન મળેલ નથી.

(૪) મંજુરી મેળવવાની દરખાસ્ત કરવામાં આવેલ છે. સાધનો સતત કાર્યરત રહ તે માટે સાધનોના વાર્ષિક નિભાવ કરવામાં આવેલ છે.

(*પત્રક સચીવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

---

## રાજ્યમાં વિના ઉપયોગ પડયા રહેલ ઓરેટ સાધનો

અતારાંક્તિ : ૩૪૯૭ (૧૬-૫-૨૦૦૫)**ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં વણવપરાયેલા બોક્સ ખોલ્યા વગરના ઓરેટનાં ક્યા ક્યા પ્રકારનાં સાધનો બીન ઉપયોગી પડેલા છે,

(૨) સરકાર આ વણવપરાયેલા સાધનોની મેડીક્લ કોલેજ સંલગ્ન કોલેજોમાં મોક્લીને સાધનોનો ઉપયોગ શરૂ કરવા માંગે છે કે કેમ,

(૩) આ સાધનોમાં એક્સરે મશીનો વણવપરાયેલા કેટલા પડ્યાં છે, અને

(૪) આ મશીનોનો ઉપયોગ ક્યારથી શરૂ થશે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૬-૯-૨૦૦૫)

(૧) માતૃબાળ અને ટ્રોમોલોજીને લગતાં કેટલાંક સાધનો ઉપયોગમાં લેવાના બાકી છે,

(૨) હા, જી.

(૩) ૨ (બે)

(૪) સંબંધિત હોસ્પિટલની સાઇટ પ્રિપરેશનની કામગીરી પૂર્ણ થયેથી તુરત.

---

## વલસાડ શહેર અને જિલ્લામાં મહિલાઓને રાષ્ટ્રીય પ્રસૂતિ સહાય

અતારાંક્તિ ૩૬૨૯ (૧-૮-૨૦૦૫) **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) વલસાડ શહેર અને જિલ્લામાં તા. ૩૧-૫-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી મહિલાઓને રાષ્ટ્રિય પ્રસૂતિ સહાય કરવામાં આવી.

(૨) ગરીબી રેખા હેઠળ જીવતી કેટલી મહિલાઓને આ પ્રસૂતિ સહાય યોજનાનો લાભ આપવામાં આવ્યો, અને કેટલી મહિલાઓ આ લાભથી વંચિત છે, અને

(૩) બાકીની મહિલાઓને આ સહાય ન આપવાના કારણ શા છે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૭-૯-૨૦૦૫)

૧) વલસાડ શહેર અને જિલ્લામાં તા. ૩૧-૫-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૪૧૦ મહિલાઓને રાષ્ટ્રીય પ્રસૂતિ સહાય કરવામાં આવી.

(૨) ગરીબી રેખા હેઠળ જીવતી ૪૧૦ મહિલાઓને આ પ્રસૂતિ સહાય યોજનાનો લાભ આપવામાં આવેલ છે અને ૯૦૨ મહિલાઓ આ લાભથી વંચિત છે.

(૩) ભારત સરકાર તરફથી ગ્રાન્ટ ન મળવાના કારણે ૯૦૨ મહિલાઓની અરજીઓ પડતર રહેલ છે. જેઓને ભારત સરકાર તરફથી ગ્રાન્ટ ઉપલબ્ધ થતાં ચુકવી આપવામાં આવશે.

---

## રાજ્યમાં સરકારી હોસ્પિટલોમાં લેબ ટેક્નીશયનો એક્સરે ટેક્નિશિયનોને છૂટા કરવા બાબત

અતારાંક્તિ ૩૬૯૬ ( ૫-૮-૨૦૦૫)**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦-૬-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારી હોસ્પિટલોમાં જિલ્લાવાર કેટલા લેબટેક્નીશયનો, એક્સરે ટેક્નીશયનો, જુનીયર ફાર્માસીસ્ટો અને લેબ આસીસ્ટન્ટને છૂટા કરવામાં આવ્યા, અને

(૨) અને છૂટા કરાયેલ કર્મચારીઓને કેટલું વેતન આપવમાં આવતું હતું ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૬-૯-૨૦૦૫)

(૧) તા. ૩૦-૬-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારી હોસ્પિટલોમાં જિલ્લાવાર છૂટા કરેલ કર્મચારીઓ/ઉમેદવારોની સંખ્યા નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧ | લેબોરેટરી ટેક્નીશીયન- | ૭૪ |
| ૨ | એક્સ-રે ટેક્નીશીયન- | ૩૦ |
| ૩ | જુનીયર ફાર્માસીસ્ટ | ૪૭ |
| ૪ | લેબોરેટરી આસીસ્ટન્ટ | ૬૩ |
| | કુલ છુટા કરેલ સંખ્યા | ૨૧૪ |

જીલ્લાવાર છુટા કરેલનું પત્રક સામેલ છે.

(૨) છુટા કરાયેલ કર્મચારીઓને સંવર્ગવાર નીચે દર્શાવ્યા મુજબનું વેતન આપવામાં આવતુ હતુ.

| | | | કર્મચારીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | લેબોરેટરી ટેક્નીશીયન- | રૂા. ૪૫૦૦-૭૦૦૦ | ૪૩ |
| | | રૂા. ૫૦૦૦-૮૦૦૦ | ૧૫ |
| | | રૂા. ૩૫૦૦ ફીક્સ | ૧૬ |
| | | કુલ | ૭૪ |
| ૨ | એક્સરે ટેક્નીશીયન- | રૂા. ૫૦૦૦-૮૦૦૦ | ૧૫ |
| | | રૂા. ૩૫૦૦ ફીક્સ | ૧૫ |
| | | કુલ | ૩૦ |
| ૩ | જુનિયર ફાર્માસીસ્ટ | રૂા. ૪૫૦૦-૭૦૦૦ | ૩૦ |
| | | રૂા. ૩૫૦૦ ફીક્સ | ૧૭ |
| | | કુલ | ૪૭ |
| ૪ | લેબોરેટરી આસીસ્ટન્ટ | રૂા. ૩૦૫૦-૪૫૯૦ | ૬૩ |

**તા.૩૦-૬-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છૂટા કરેલ ઉમેદવારોની જિલ્લાવાર વિગતો દર્શાવતું પત્રક.**

**છેલ્લા એક વર્ષમાં છૂટા કરેલ એડહોક ઉમેદવારોની જિલ્લાવાર વિગતો દર્શાવતું પત્રક.**

| ક્રમ | જિલ્લાનું નામ | લેબોરેટરી ટેક્નીશીયન | એક્સ-રે ટેક્નીશીયન | જુનીયર ફાર્માસીસ્ટ | લેબોરેટરી આસીસ્ટન્ટ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૪ | ૧ | ૩ | ૧ | ૯ |
| ૨ | ડાંગ | ૦ | ૧ | ૪ | ૦ | ૫ |
| ૩ | કચ્છ | ૫ | ૨ | ૮ | ૦ | ૧૫ |
| ૪ | ભરૂચ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૫ | દાહોદ | ૩ | ૧ | ૧ | ૦ | ૫ |
| ૬ | પંચમહાલ | ૧ | ૪ | ૦ | ૦ | ૫ |
| ૭ | ગાંધીનગર | ૨ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૮ | જુનાગઢ | ૨ | ૦ | ૧ | ૦ | ૩ |
| ૯ | ખેડા | ૧ | ૨ | ૧ | ૧ | ૫ |
| ૧૦ | મહેસાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | રાજકોટ | ૧૭ | ૪ | ૮ | ૪ | ૩૩ |
| ૧૨ | આણંદ | ૦ | ૦ | ૦ | ૨ | ૨ |
| ૧૩ | નવસારી | ૨ | ૦ | ૨ | ૦ | ૪ |
| ૧૪ | બનાસકાંઠા | ૨ | ૦ | ૩ | ૦ | ૫ |
| ૧૫ | પાટણ | ૨ | ૦ | ૦ | ૦ | ૨ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૬ | પોરબંદર | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૧૭ | નર્મદા | ૨ | ૧ | ૦ | ૦ | ૩ |
| ૧૮ | અમદાવાદ | ૫ | ૧ | ૧ | ૨૭ | ૩૪ |
| ૧૯ | સુરત | ૪ | ૩ | ૧ | ૦ | ૮ |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૨૧ | વડોદરા | ૨ | ૦ | ૨ | ૧૩ | ૧૭ |
| ૨૨ | વલસાડ | ૪ | ૨ | ૨ | ૦ | ૮ |
| ૨૩ | જામનગર | ૨ | ૨ | ૩ | ૯ | ૧૬ |
| ૨૪ | ભાવનગર | ૧૦ | ૨ | ૫ | ૬ | ૨૩ |
| ૨૫ | સાબરકાંઠા | ૨ | ૨ | ૦ | ૦ | ૪ |
| | **કુલ** | **૭૪** | **૩૦** | **૪૭** | **૬૩** | **૨૧૪** |

**અગીયારમા નાણા પંચે આરોગ્ય વિભાગને આપેલ ગ્રાન્ટ**

અતારાંકિત ૩૮૧૦ ( ૮-૮-૦૫) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) તા.૩૦-૬-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યામાં છેલ્લા ત્રણ નાણાકિય વર્ષ દરમ્યાન અગિયારમાં નાણાં પંચની વર્ષવાર કેટ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી.

(૨) તે પૈકી આરોગ્ય વિભાગે વર્ષવાર કેટ કેટલો ખર્ચ કઇ કઈ કામગીરી પાછળ કર્યો અને કેટલો ખર્ચ કરવાનો બાકી છે,

(૩) ફાળવવેલ ગ્રાન્ટ વપરાશની સમય મર્યાદા શું હતી અને સમય મર્યાદામાં ગ્રાન્ટ ન વાપરવા પાછળના કારણો શા છે, અને

(૪) હાલ કેટલી રકમ બચત છે અને ક્યાં સુધીમાં આ બચત રકમ વાપરવાનું સરકારનું આયોજન છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૬-૯-૦૫)

(૧) છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ફાળવવામાં આવેલ ગ્રાન્ટ

| | | ગ્રાન્ટ, રૂા. (લાખમાં) | |
|---|---|---|---|
| ૧. | ૨૦૦૨-૨૦૦૩ | રૂા. ૨૪.૦૦ | સાધન સામગ્રી |
| ૨. | ૨૦૦૩-૨૦૦૪ | રૂા. ૭૭૨.૫૫ | સાધન સામગ્રી |
| ૩. | ૨૦૦૪-૨૦૦૫ | રૂા. ૭૮૦.૦૦ | સાધન સામગ્રી |
| | | રૂા. ૨૮૨.૦૦ | (બાંધકામ) |
| | | કુલ રૂા. ૧૮૫૮.૫૫ | |

(૨) તે પેકી નીચે પ્રમાણે ખર્ચ થયેલ છે.

| | | ખર્ચ (રૂા. લાખમા) | |
|---|---|---|---|
| ૧. | ૨૦૦૨-૨૦૦૩ | રૂા. ૧૩.૭૩ | સાધન સામગ્રી |
| ૨. | ૨૦૦૩-૨૦૦૪ | રૂા. ૭૨૩.૯૬ | સાધન સામગ્રી |
| ૩. | ૨૦૦૪-૨૦૦૫ | રૂા. ૭૮૦.૩૧ | સાધન સામગ્રી |
| | | રૂા. ૨૮૨.૦૦ | (બાંધકામ) |

(૩) તા. ૩૧-૩-૨૦૦૫, સમય મર્યાદામાં ગ્રાન્ટ વપરાયેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

### પાટણ જિલ્લાના પોલીસ સ્ટેશનનું કોમ્પ્યુટરાઇઝેશન

અતારાંક્તિઃ ૩૫૭૧ ( ૯-૬-૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લાના ક્યા ક્યા પોલીસ સ્ટેશનમાં રાજ્ય સરકારે કોમ્પ્યુટરો આપ્યા છે. અને

(૨) આ કોમ્પ્યુટરો મારફતે કેટલા ગુનાઓનું કોમ્પ્યુટરાઇઝેશન કરવામાં આવ્યુ ? કેટલા ગુના બાકી છે.

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** (૧૮-૮-૦૫)

(૧) પાટણ જિલ્લાના નીચે જણાવેલ પોલીસ સ્ટેશનોમાં રાજ્ય સરકાર દ્વારા કોમ્પ્યુટરો આપવામાં આવેલ છે.

(૧) પાટણ સીટી, (૨) પાટણ તાલુકા (૩) સિધ્ધપુર, (૪) કાકોશી, (૫) વાગદોડ (૬) ચાણસ્મા (૭) હારીજ (૮) સમી (૯) રાધનપુર (૧૦) વારાહી પો. સ્ટે.

(૨) આ કોમ્પ્યુટર મારફતે છેલ્લા બે વર્ષમાં નીચે જણાવ્યા મુજબના ગુનાઓનું કોમ્પ્યુટરાઇઝેશન કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| **તા. ૧/૬/૨૦૦૩ થી ૩૧/૫/૨૦૦૪** | |
| કુલ ગુના | ૪૭૮૧ |
| કોમ્પ્યુટરાઇઝેશન કરેલ ગુના | ૭૭૮ |
| બાકી ગુના | ૪૦૦૩ |
| **તા. ૧/૬/૨૦૦૪ થી ૩૧/૫/૨૦૦૫** | |
| કુલ ગુના | ૪૮૩૦ |
| કોમ્પ્યુટરાઇઝેશન કરેલ ગુના | ૨૮૬ |
| બાકી ગુના | ૪૫૪૪ |

### નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ હેઠળ રક્ષણ એકમ ઉભું કરવા અંગે

અતારાંક્તિઃ ૩૫૭૪ ( ૧૮-૬-૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ-૧૯૫૫ની જોગવાઇ હેઠળ અનુસૂચિત જતિ અને અનુસૂચિત જનજાતિ માટે રાજ્ય કક્ષાએ પોલીસના ઉચ્ચતમ અધિકારીના હવાલા હેઠળ રક્ષણ એકમ ક્યારે ઉભું કરવામાં આવ્યું,

(૨) ૩૧ માર્ચ, ૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ અધિનિયમ હેઠળના કેસોમાં સરકારી અધિકારીઓએ બેદરકારી દાખવી હોય તેવા કેટલા કેસોની તપાસ બાકી છે, અને,

(૩) દોષિતો સામે છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૩-૨૦૦૫ સુધીમાં રાજ્ય સરકારે શું પગલા લીધા ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** ૩૧-૮-૦૫

(૧) તા. ૩-૧૦-૧૯૯૧ થી

(૨) ૫૮ કેસ

(૩) બે અધિકારીઓ સામે ખાતાકીય તપાસને લગતી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### સાવરકુંડલા માર્કેટયાર્ડનો તપાસ અહેવાલ

અતારાંક્તિઃ ૩૬૨૧ ( ૨૯-૭-૨૦૦૫) **શ્રી કાળુભાઇ વી. વીરાણી(કુંડલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) અમરેલી જીલ્લાના સાવરકુંડલા તાલુકાના સાવરકુંડલા-મહુવા રોડ ઉપર આવેલ માર્કેટયાર્ડના કોટન શેડનું

બાંધકામ તા. ૧૩-૩-૦૨ના રોજ પડી ગયેલ તે હકીકીત સાચી છે.

(૨) જો હા, તો આ દુર્ઘટનાની તપાસ સરકારે સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ, અમરેલીને સોંપી હતી તે હકીક્ત સાચી છે,

(૩) જો હા, આ આ તપાસનો અહેવાલ તા. ૨૬-૭-૦૩ના રોજ સુપરત થયેલ છે, તે હકીક્ત સાચી છે,

(૪) જો હા, તો તપાસ અહેવાલમાં ક્યા ક્યા અધિકારી/કર્મચારી તથા પદઅધિકારીની આ દુઘ ર્ટના માટે જવાબદાર

ઠેરવવામાં આવેલ છે. અને

**(૫)** સરકાર તરફથી તમામ સંબંધિતો સામે શા પગલાં લીધાં છે, કે લેવા વિચારેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) ૭-૯-૦૫**

(૧) હા જી,

(૨) હા જી,

(૩) હા જી,

(૪) માર્કેટયાર્ડના ચેરમેનશ્રી, સંસ્થાના હોદ્દેદારો સેક્રેટરીશ્રી આર્કીટેકટ એન્જીનીયર કોન્ટ્રાક્ટરશ્રીઓ તથા

સુપરવાઇઝરશ્રીની જવાબદારી બને છે.

(૫) માર્કેટયાર્ડના ચેરમેનશ્રી, સંસ્થાના હોદ્દેદારો સેક્રેટરીશ્રી સામે તેમની જવાબદારી નક્કી કરવામાં આવેલ છે, અને આગળની કાર્યવાહી સરકારશ્રીની વિચારણા હેઠળ છે, જ્યારે આર્કીટેકટ એન્જીનીયર કોન્ટ્રાક્ટર અને સુપરવાઇઝર સામે સાવરકુંડલા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૧૪/૦૨ ઇ. પી.કો. ક્લમ ૩૦૪, ૧૧૪ સજબ તા. ૧૩/૩/૨૦૦૨ના રોજ ગુનો દાખલ કરવામાં આવેલ છે અને આ ગુનામાં પકડાયેલ પાંચ (૫) આરોપીઓ પૈકી શ્રી અરવિંદભાઇ ગીરધરભાઇ માગુંકીયા, માર્કેટયાર્ડના ચેરમેન સામે ભ્રષ્ટાચારના નિવારણ અધિનિયમ ક્લમઃ ૧૩(૧) (ડી) ૧, ૨. મુજબ પુરવણી ચાર્જશીટ પણ કરવામાં આવેલ છે.

---

**રાજ્યમાં ડી.વાય.એસ.પી.ની ખાલી જ્ગ્યાઓ**

અતારાંક્તિ ૩૬૭૯ ( ૬-૮-૨૦૦૫) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર ડીવાયએસપીની કુલ કેટલી જ્ગ્યાઓ ખાલી છે,

(૨) આ ખાલી જ્ગ્યાઓ સરકાર ક્યાં સુધીમાં ભરવા માંગે છે.

(૩) લાંબા સમયથી ખાલી જ્ગ્યાઓ ન ભરવા પાછળના કારણો શાં છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** (૭-૯-૨૦૦૫)

(૧) તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ રાજ્યમાં બિનહથિયારધારી ડીવાયએસપીની ૫૧ તથા હથિયારધારી ડીવાયએસપીની ૧૬ જ્ગ્યાઓ જિલ્લાવાર ખાલી હતી. (પત્રક સામેલ છે.)

(૨) આ ખાલી જ્ગ્યાઓ પૈકી બિનહથિયારી ડીવાયએસપીની ૩૧ જ્ગ્યાઓ ભરવામાં આવેલ છે. બાકી રહેતી બિનહથિયારી ડીવાયએસપીની ૨૦ ખાલી જ્ગ્યાઓ તથા હથિયારી ડીવાયએસપીની ૧૬ ખાલી જ્ગ્યાઓ વહીવટી અનુકૂળતાને આધીન શક્ય તેટલા વહેલા ભરવામાં આવશે.

(૩) વહીવટી કારણોસર આ જ્ગ્યાઓ ખાલી રહેવા પામેલ છે.

## પત્રક
## નાયબ પોલીસ અધિક્ષક (બિનહથિયારી) અને નાયબ પોલીસ અધિક્ષક (હથિયારી) સંવર્ગમાં તારીખ ૩૧/૩/૨૦૦૫ના રોજ ખાલી જ્યાઓ તેમજ અત્યાર સુધીમાં ભરાયેલ જ્યાઓની વિગતો :-

| ક્રમ | કચેરી / જિલ્લાનું નામ | ના. પો. અધિ. (બિન હથિયારી) | | ના. પો. અધિ. (હથિયારી) | |
|---|---|---|---|---|---|
| | | તા. ૩૧/૫/૨૦૦૫ ના રોજ ખાલી જ્યાઓ | તે પૈકી અત્યાર સુધીમાં ભરાયેલ જ્યાઓ | તા. ૩૧/૫/૨૦૦૫ ના રોજ ખાલી જ્યાઓ | તે પૈકી અત્યાર સુધીમાં ભરાયેલ જ્યાઓ |
| ૧. | પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ | ૦૨ | ૦૨ | | |
| | અધિકારીની કચેરી | | | | |
| ૨. | સીઆઇડી (ઇન્ટે.)ની કચેરી | ૦૬ | | | |
| ૩. | સીઆઇડી (ક્રાઇમ.)ની કચેરી | ૦૧ | ૦૧ | | |
| ૪. | પાલીસ કોમ્પ્યુટર સેન્ટરની કચેરી | ૦૧ | ૦૧ | | |
| ૫. | સીવીલ ડીફેન્સની કચેરી | ૦૧ | | | |
| ૬. | લાંચ રૂશ્વત વિરોધી બ્યરોની કચેરી | ૦૪ | ૦૧ | | |
| ૭. | પ્રતિ નિયુક્તી ( ગુવિ. બોર્ડ વડોદરા / | ૦૩ | | | |
| | ગુ. હા. બોર્ડ અમદાવાદ) | | | | |
| ૮. | અમદાવાદ (શહેર / ગ્રામ્ય) જીલ્લો | ૦૩ | ૦૧ | ૦૨ | |
| ૯. | વડોદરા (શહેર / ગ્રામ્ય) જીલ્લો / | ૦૨ | ૦૨ | ૦૪ | |
| | રા. અ. પો. દળ જુથ-૧, ૯ | | | | |
| ૧૦. | સુરત (શહેર / ગ્રામ્ય) જીલ્લો / | ૦૫ | ૦૪ | ૦૩ | |
| | રા. અ. પો. દળ જુથ-૧૦,૧૧ | | | | |
| ૧૧. | રાજકોટ(શહેર / ગ્રામ્ય) જીલ્લો / | ૦૪ | ૦૪ | ૦૩ | |
| | રા. અ. પો. દળ જુથ-૮, ૧૩ | | | | |
| ૧૨. | ખેડા જીલ્લો | ૦૨ | ૦૧ | | |
| ૧૩. | આણંદ જીલ્લો | ૦૧ | ૦૧ | | |
| ૧૪. | સાબરકાંઠા જીલ્લો | ૦૧ | ૦૧ | | |
| ૧૫. | મહેસાણા જીલ્લો | ૦૧ | ૦૧ | | |
| ૧૬. | અમરેલી જીલ્લો | ૦૧ | ૦૧ | | |
| ૧૭. | જુનાગઢ જીલ્લો રા.અ.પો.તાલીમ કેન્દ્ર ચોકી, સોરઠ | ૦૨ | ૦૨ | ૦૧ | |
| ૧૮. | સુરેન્દ્રનગર જીલ્લો | ૦૧ | ૦૧ | | |
| ૧૯. | દાહોદ જીલ્લો | ૦૨ | ૦૨ | | |
| ૨૦. | વલસાડ જીલ્લો | ૦૨ | ૦૧ | | |
| ૨૧. | નવસારી જીલ્લો | ૦૧ | | | |
| ૨૨. | બનાસકાંઠા જીલ્લો | ૦૨ | ૦૨ | ૦૧ | રા.અ.પો.દળ જુથ-૩ |
| ૨૩. | કચ્છ જીલ્લો | ૦૩ | ૦૨ | | |
| ૨૪ | ગાંધીનગર જીલ્લો | | | ૦૧ | રા.અ.પો.દળ જુથ-૧૨ |
| ૨૫. | પંચમહાલ જીલ્લો | | | ૦૧ | રા.અ.પો.દળ જુથ-૫ |
| | **કુલઃ-** | **૫૧** | **૩૧** | **૧૬** | |

## અમરેલી જીલ્લામાં રેતી ઉપાડવાની રોયલ્ટીમાંથી ફાળવેલ રકમ

અતારાંક્તિઃ ૩૫૪૬ ( ૧૭-૫-૨૦૦૫) **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કે :-

સને ૨૦૦૨-૨૦૦૩, ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૨૦૦૫ના નાણાંકીય વર્ષમાં અમરેલી જીલ્લામાં પસાર થતી શેત્રુંજી નદીમાંથી રેતી ઉપાડવા માટે જે ઇજારા અપાયા છે. તે અન્વયે નાણાંકીય વર્ષવાર કેટલી રોયલ્ટીની આવક સરકારને થઇ, અને થયેલ આવકમાંથી જીલ્લા તાલુકા અને ગ્રામ પંચાયતને કેટલી રકમ ફાળવવામાં આવી?

**મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** (તા.૬-૯-૨૦૦૫)

અમરેલી જીલ્લામાંથી પસાર થતી શેત્રુંજી નદીમાંથી રેતી ઉપાડવા માટે જે ઇજારા અપાયા છે. તે અન્વયે સરકારશ્રીને થયેલ રોયલ્ટીની આવક.

વર્ષ ૨૦૦૨-૨૦૦૩માં રૂા.૧,૪૨,૭૮૦-૦૦

વર્ષ ૨૦૦૩-૨૦૦૪માં રૂા.૨,૨૧,૬૫૧-૦૦

વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં રૂા.૫,૮૮,૭૪૨-૦૦

થયેલ આવકમાંથી રૂા. ૫ ટકા વહીવટી ખર્ચની રકમ કાપ્યા બાદ વર્ષ ૨૦૦૨-૨૦૦૩માં રૂા.૧,૩૫,૬૪૧-૦૦/- તેમજ ૨૦૦૩-૨૦૦૪માં રૂા.૨,૧૦,૫૬૮-૪૫/- ફાળવવામાં આવેલ છે. અને ૨૦૦૪-૨૦૦૫ની રકમ ફાળવવાની કાર્યવાહી ચાલુ છે. જીલ્લા પંચાયતમાં ફાળવવામાં આવેલ રકમના ૫૦ ટકા તેના પુર નિયંત્રણ ભંડોળમાં જમા લઇ બાકીની ૫૦ ટકા રકમ તાલુકા પંચાયત ગ્રામ પંચાયતને ચુકવવામાં આવે છે. જેની વિગત નીચે મુજબ છે.

| ગામ | તાલુકા | ફાળવેલ રકમ રૂા. | |
|---|---|---|---|
| | | ૨૦૦૨-૦૩ | ૨૦૦૩-૦૪ |
| ગાવકડા | અમરેલી | ૨૧૦૪૨.૫૦ | ૨૮૫૦૪.૨૭ |
| ગોખરવાળા મોટા | અમરેલી | ૧૮૦૫૦.૦૦ | ૧૭૭૧૨.૭૫ |
| પીઠવાજળ | અમરેલી | ૧૯૦૦૦.૦૦ | ૨૭૫૫૦.૦૦ |
| ચાંદગઢ | અમરેલી | ૧૯૦૦.૦૦ | ૬૬૫૦.૦૦ |
| ચંપાથળ | અમરેલી | ૪૯૩૦.૫૦ | ૩૪૦૧.૦૦ |
| બાબાપુર | અમરેલી | ૨૪૨૨.૫૦ | ૪૧૨૩.૦૦ |
| દેવળીયા | અમરેલી | | ૫૭૦૦.૦૦ |
| હાલરીયા | અમરેલી | ૪૭૫.૦૦ | |
| શીવડ | અમરેલી | | ૧૯૦૦.૦૦ |
| જુના સાવર | સાવરકુંડલા | | ૪૭૫.૦૦ |
| ફીકાદ | સાવરકુંડલા | | ૪૭૫૦.૦૦ |
| ઇગોરાળા | સાવરકુંડલા | | ૪૫૭.૦૦ |
| ડ્રોક્ચ | સાવરકુંડલા | | ૨૬૧૮.૦૦ |
| બવાડી | સાવરકુંડલા | | ૧૪૨૫.૦૦ |

## આણંદ જિલ્લામાં મુખ્ય ખનિજ અને ગોણ પરવાના

અતારાંક્તિ : ૩૫૮૪ (૧૩-૬-૨૦૦૫) **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનીજ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) આણંદ જીલ્લામાં તા. ૩૧-૫-૦૫ની સ્થિતિએ મુખ્ય ખનિજ અને ગોણ ખનિજના ક્યા ક્યા પરવાના ધારકો છે,

(૨) આ પરવાના ક્યારે આપવામાં આવ્યાં અને તેની મુદત શું છે,

(૩) નવા પરવાના મેળવવા માટે કેટલી અરજીઓ પડતર છે, અને

(૪) આ અરજીઓનો ક્યારે નિકાલ કરવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી (ખાણ ખનીજ) :** (૬-૯-૦૫)

(૧) આણંદ જીલ્લામાં તા. ૩૧-૫-૦૫ની સ્થિતિએ મુખ્ય ખનિજના સંશોધન પરવાના અને ગોણ ખનિજના
ક્વોરી પરવાના ધારકો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) નવા પરવાના મેળવવા માટે એક પણ અરજી મળેલ નથી કે પડતર પણ નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---

**કચ્છ જિલ્લાના કાળા ડુંગરમાંથી ગ્રેનાઈટ ખોદાણ માટે લીધેલ પગલાં**

અતારાંકિત : ૩૫૯૬ (૧૫-૬-૨૦૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનીજ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) એપ્રિલ-૨૦૦૫ ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં મોટા કચ્છ અભ્યારણ સમા ગણાતા કાળા ડુંગરમાંથી
ગ્રેનાઈટ ખોદી કઢાઈ હોવાની વાત સાચી છે,
(૨) જો હા, તો આ ગ્રેનાઈટનું ખોદાણ કોના દ્વારા કરવામાં આવ્યું હતું, આ ખોદાણ કેટલું કાયદેસર હતું
અને કેટલું ગેરકાયદેસર હતું.
(૩) ગેરકાયદેસર ખોદાણો અંગે રાજ્ય સરકારે શું પગલાં લીધાં, અને
(૪) આને કારણે તાલુકાવાર કેટલી રોયલ્ટીની ચોરી છેલ્લા એક વર્ષમાં થઈ હોવાનું સરકારના ધ્યાન પર આવ્યું ?

**મુખ્યમંત્રીશ્રી (ખાણ - ખનીજ) :** (૬-૯-૦૫)
(1) કાળા ડુંગરમાં ગ્રેનાઈટ ખનીજ મળી આવતું નથી તેથી, ગ્રેનાઈટમાં ખોદકામનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) ગેરકાયદેસર ખોદાણ અટકાવવા જીલ્લા કચેરી તથા ફ્લાઈંગ સ્કોર્ડ અવાર-નવાર ઓચિંતું ચેકીંગ કરવામાં આવે છે, તેમજ કસુરદારો વસુલાત તથા પોલીસ કેસ વિગેરે પગલાં લેવામાં આવે છે.
(૪) છેલ્લા એક વર્ષમાં તાલુકા વાર ધ્યાન પર આવેલ રોયલ્ટી ચોરીના આંકડા નીચે પ્રમાણે છે.

**તાલુકાવાર ગેરકાયદેસર ખનીજ ખોદકામ/વહનના પકડાયેલ કેસો અને વસુલ કરેલ સમાધાનની રકમ.**

| **તાલુકા** | **કેસની સંખ્યા** | **વસુલ કરેલ રકમ (રૂા.માં)** |
|---|---|---|
| અબડાસા | ૦૧ | ૫૦૦૦-૦૦ |
| માંડવી | ૦૬ | ૪૦૦૦૦-૦૦ |
| નખત્રાણા | ૦૭ | ૧૮૫૦૦-૦૦ |
| ભુજ | ૮૮ | ૭૮૨૫૪૮-૦૦ |
| અંજાર | ૮૮ | ૪૦૩૬૨૦-૦૦ |
| લખપત | ૦૮ | ૧૬૫૦૦-૦૦ |
| ગાંધીધામ | ૨૪ | ૧૧૪૦૦૦-૦૦ |
| મુંદ્રા | ૧૪ | ૭૬૫૦૦-૦૦ |
| ભચાઉ | ૫૫ | ૧૬૭૯૦૦-૦૦ |
| રાપર | ૫૫ | ૩૨૫૫૦૦-૦૦ |
| કુલ. | ૩૪૬ | ૧૯૫૦૦૬૮-૦૦ |

આ ઉપરાંત ભુજ તાલુકાના બોર્ડર વિસ્તારમાં આઠ કોન્ટ્રાકટરો દ્વારા બિનઅધિકૃત વાપરવામાં આવેલ ખનિજ કે જેની રોયલ્ટી રૂા. ૧૩,૨૧,૧૩૦/-અને ખનિજ કિંમત રૂા. ૧,૩૬,૨૮,૫૧૦/-થાય છે.

**વલસાડ જીલ્લા ઉદ્યોગ કેન્દ્રને કુટીર ઉદ્યોગ માટે મળેલ અરજીઓ**

અતારાંકિત : ૩૬૫૧ (૨૯-૭-૨૦૦૫) **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) વલસાડ જીલ્લા ઉદ્યોગ કેન્દ્રને સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં કુટીર ઉદ્યોગ શરૂ કરવા માટે કેટલી અરજીઓ મળેલ છે,

(૨) ઉપરોક્ત અરજીઓમાંથી કેટલી મંજુર થઈ અને કેટલી નામંજુર થઈ, અને

(૩) અરજીઓ નામંજુર થવાના મુખ્ય કારણો શું છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) :- (૫-૯-૦૫)

**(૧)**

| **અ. નં.** | **યોજના** | **મળેલ અરજીઓની સંખ્યા** |
|---|---|---|
| (૧) | શ્રી બાજપાઈ બેન્કેબલ યોજના | ૧૨૭૮ |
| (૨) | પી. એમ. આર. વાય. | ૭૦૬ |
| | કુલ | ૧૯૮૪ |

| અ. નં. | યોજના | જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષા | | | બેન્ક કક્ષા નામંજુર |
|---|---|---|---|---|---|
| | | મંજુર | નામંજુર | ભલામણ | |
| (૧) | શ્રી બાજપાઈ બેન્કેબલ યોજના | ૯૫૩ | ૨૬૨ | ૬૬૨ | ૩૧૫ |
| | પી. એમ.આર..વાય | ૬૦૨ | ૧૦૪ | ૪૪૫ | ૨૫૫ |
| | કુલ | ૧૫૫૫ | ૩૬૬ | ૧૧૦૭ | ૫૭૦ |

(૩)જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ

| અ. નં. | નામંજુરીના કારણો | યોજના | |
|---|---|---|---|
| | | શ્રીબાજપાઈબેન્કેબલ સંખ્યા | પી. એમ.આર. વાય સંખ્યા |
| ૧ | અરજદારે સાધનીક કાગળો પુરા પાડેલ ન હોવાથી | ૧૬૧ | ૪૯ |
| ૨ | ધંધો પ્રોફાઈલ બહારનો હોવાથી | ૨૨ | |
| ૩ | અરજદારને ધંધાનું પ્રાથમિક જ્ઞાન ન હોવાથી | ૧૮ | ૨૭ |
| ૪ | ધંધો અર્થક્ષમ ન હોવાથી | ૬૧ | ૨૮ |
| | **કુલ :** | ૨૬૨ | ૧૦૪ |
| બેન્ક કક્ષાએ | | | |
| ૧ | ધંધો અર્થક્ષમ ન હોવાથી | ૧૮૬ | ૧૨૭ |
| ૨ | અરજદાર કે તેમના કુટુંબીજનો મુદ્દત વીતી | ૧૦૩ | ૮૩ |
| | બાકીદાર હોવાથી | | |
| ૩ | અરજદારનો ધંધો ચાલુ હોવાથી | ૯ | ૨૭ |
| ૪ | બેન્કનો લક્ષ્યાંક પૂર્ણ થયો હોવાથી | ૧૭ | ૧૮ |
| | કુલ | ૩૧૫ | ૨૫૫ |

**રાજ્યમાં રોયલ્ટી ચોરી અંગે મળેલ ફરિયાદ**

અતારાંકિત : ૩૬૭૧ (૬-૮-૨૦૦૫) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનીજ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૫-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન રાજ્યમાં જીલ્લાવાર ખાણ અને ખનીજ વિભાગ દ્વારા કેટલી રોયલ્ટીની વસુલાત કરવામાં આવી,

(૨) રોયલ્ટી ચોરી અંગે સરકારને કેટલી ફરિયાદો મળી તે પેકી કેટલી ફરિયાદોનો નિકાલ થયો, અને

(૩) સરકાર રોયલ્ટીની ચોરી અટકાવવા કેવા પગલાં લેવા માંગે છે ?

**મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનીજ) :-** (૧૪-૯-૦૫)

(૧) રોયલ્ટીની વસુલાત નીચે મુજબ કરવામાં આવેલ છે.

| **ક્રમ** | **જીલ્લો** | **૨૦૦૨-૨૦૦૩** | **૨૦૦૩-૨૦૦૪** | **૨૦૦૪-૨૦૦૫** |
|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૭૨.૨૬ | ૮૪.૬૨ | ૧૮૧.૭૭ |
| ૨. | અમરેલી | ૨૭૬૧.૯૧ | ૩૦૨૨.૭૯ | ૩૪૦૪.૪૨ |
| ૩. | કચ્છ | ૩૬૦૯.૦૧ | ૫૨૧૨.૧૩ | ૫૬૦૬.૬૬ |
| ૪. | ખેડા | ૨૨૬.૭૮ | ૩૨૮.૪૭ | ૧૭૩.૪૧ |
| ૫. | આણંદ | ૧૦૫.૪૧ | ૬૨.૫૩ | ૨૪.૭૬ |
| ૬. | ગાંધીનગર | ૧૪૪.૮૪ | ૧૬૦.૦૧ | ૨૧૨..૩૧ |
| ૭. | જામનગર | ૧૭૭૨.૮૩ | ૧૬૪૬.૦૯ | ૨૦૫૪.૦૮ |
| ૮. | જુનાગઢ | ૨૯૬૦.૦૪ | ૩૨૨૧.૫૮ | ૩૬૮૪.૯૦ |
| ૯. | પોરબંદર | ૧૩૦૧.૪૦ | ૧૧૬૩.૩૮ | ૧૪૨૮.૦૬ |
| ૧૦. | પંચમહાલ | ૨૭૭.૬૧ | ૩૭૮.૧૮ | ૪૦૭.૪૨ |
| ૧૧. | દાહોદ | ૩૩.૭૦ | ૩૪.૮૬ | ૪૧.૫૪ |
| ૧૨. | બનાસકાંઠા | ૩૭૩.૬૬ | ૩૩૬.૯૭ | ૪૪૫.૬૨ |
| ૧૩. | ભરૂચ | ૫૧૧.૨૭ | ૪૩૬.૩૬ | ૫૮૯.૮૦ |
| ૧૪. | નર્મદા | ૨૬.૬૮ | ૧૭.૬૪ | ૬૫.૯૫ |
| ૧૫. | ભાવનગર | ૫૪૪.૭૩ | ૪૬૫.૩૯ | ૯૧૮.૪૯ |
| ૧૬. | મહેસાણા | ૮૭.૫૧ | ૯૪.૪૩ | ૯૨.૨૬ |
| ૧૭. | પાટણ | ૮.૬૪ | ૧૫.૨૮ | ૨૭.૨૫ |
| ૧૮. | રાજકોટ | ૧૮૬.૫૧ | ૧૯૯.૦૮ | ૩૦૫.૦૦ |
| ૧૯. | વડોદરા | ૫૬૯.૯૫ | ૫૮૦.૧૭ | ૬૨૦.૭૦ |
| ૨૦. | વલસાડ | ૧૨૫.૦૯ | ૧૧૮.૯૪ | ૧૦૭.૮૨ |
| ૨૧. | નવસારી | ૩૮૦.૭૧ | ૬૩૬.૬૩ | ૪૦૭.૩૯ |
| ૨૨. | સાબરકાંઠા | ૫૯૨.૪૫ | ૬૮૮.૮૬ | ૮૬૧.૧૬ |
| ૨૩. | સુરત | ૩૫૮.૮૫ | ૨૫૯૩.૦૬ | ૧૮૩૮.૮૮ |
| ૨૪. | સુરેન્દ્રનગર | ૨૫૫.૭૬ | ૨૯૫.૨૩ | ૪૦૦.૯૭ |
| ૨૫. | ડાંગ | ૦.૭૧ | ૦.૯૩ | ૦.૦૦ |
| | **કુલ** | **૧૭૨૮૮.૩૧** | **૨૧૭૯૪.૧૧** | **૨૩૯૦૦.૬૨** |

(૨) રોયલ્ટી ચોરી અંગે ૮૭૫ ફરિયાદો મળી તે પેકી ૭૭૪ ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે.

(૩) સરકાર દ્વારા રોયલ્ટીની ચોરી અટકાવવા નીચે મુજબના પગલાં લેવામાં આવે છે :

(૧) ખાતાની ફ્લાઈ ંગ સ્કોર્ડ તથા જીલ્લા કચેરીના ક્ષેત્રિય કર્મચારીઓ દ્વારા સઘન અને ઓચિંતું ચેકીંગ.

(૨) જરૂરિયાત મુજબ ફ્લાઈ ંગ સ્કોર્ડની ખાસ ટૂકડીઓ રચી સઘન ચેકીંગ.

(૩) એમ.એમ.ડી.આર. એક્ટ-૧૯૫૭ તેમજ લેન્ડ રેવન્યુ સ્કોર્ડ હેઠળ મહેસુલી અધિકારીઓની બિનઅધિકૃત ખનિજ ખોદકામ અટકાવવા મળેલ સત્તાઓ હેઠળ તેઓ દ્વારા ચેકીંગની ગોઠવણ.

(૪) તમામ લીઝોનું વર્ષ દરમ્યાન વિગતવાર નિરીક્ષણ કરી ખોદકામના પ્રમાણમાં રોયલ્ટી ભરાયેલ છે કે કેમ ? તેની ચકાસણી.

(૫) ખનિજ આધારિત ઉદ્યોગોમાં ખનિજના વપરાશના પ્રમાણના અભ્યાસ માટે જી.એસ.એફ.સી. ને કામગીરી સોંપવામાં આવેલ છે.

(૬) પટ્ટેદારોના લીઝ વિસ્તારમાંથી થતા ઉત્પાદન/નિકાસ અને ભરપાઈ કરવામાં આવેલ રોયલ્ટીની ચાર્ટડ એકાઉન્ટન્ટ દ્વારા ચકાસણી કરાવવાનું આયોજન કરેલ છે.

(૭) સરકારી કામોમાં વપરાતા ગોણ ખનિજોની ૧૦૦ ટકા રોયલ્ટી મળી રહે તે માટે ઠેકેદારોના બિલમાંથી રોયલ્ટીની સીધી કપાત કરવાની પધ્ધતિ ટૂંક સમયમાં અમલમાં મૂકવામાં આવનાર છે.

(૮) એમ.એમ.ડી.આર. એક્ટ, ૧૯૫૭ની કલમ-૨૩ (સી) હેઠળ મળેલ સત્તાની રૂએ રાજ્યમાં ખનિજોનું ગેરકાયદેસર ખોદકામ વહન અને સંગ્રહ અટકાવવાના નિયમોના અમલ બાદ રોયલ્ટી ચોરી અટકાવવાની કામગીરીમાં અસરકારક્તાં વધશે.

## રાજ્યમાં લીઝ માટેની અરજીઓ

અતારાંક્તિ : ૩૬૭૩ (૬-૮-૨૦૦૫) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનીજ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર લીઝ માટેની કેટલી અને ક્યા પ્રકારની અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અને ક્યા પ્રકારની લીઝ અરજીઓને મંજુર કરવામાં આવી,

(૩) બાકી રહેતી લીઝ અરજીઓ ક્યારે મંજુર કરવામાં આવશે, અને

(૪) રાજ્ય સરકાર રોયલ્ટીની વધુ આવક મેળવવા કોઈ અસરકારક પગલા લેવા માંગે છે કે કેમ

**મુખ્યમંત્રીશ્રી (ખાણ ખનિજ) :-** (૧૩-૯-૦૫)

(૧). તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર મુખ્ય ખનિજ તથા ગૌણ ખનિજની નીચેની વિગતેની લીઝની અરજીઓ મળેલ.

| અ.નં. | જિલ્લાનું નામ | મળેલ અરજીઓ | | |
|---|---|---|---|---|
| | | મુખ્ય ખનિજ | ગૌણ ખનિજ | કુલ |
| ૧ | અમદાવાદ | | ૩૩ | ૩૩ |
| ૨ | અમરેલી | ૨ | ૧૨૪ | ૧૨૬ |
| ૩ | કચ્છ | ૧૪૦ | ૧૪૧૪ | ૧૫૫૪ |
| ૪ | ખેડા | ૩૦ | ૧૦૪ | ૧૩૪ |
| ૫ | આણંદ | | ૬૨ | ૬૨ |
| ૬ | ગાંધીનગર | | ૧૪૭ | ૧૪૭ |
| ૭ | જામનગર | ૧૮૫ | ૪૩૩ | ૬૧૮ |
| ૮ | જુનાગઢ | ૧૩ | ૧૬૭ | ૧૮૦ |
| ૯ | પોરબંદર | ૯૪ | ૨૯૬ | ૩૯૦ |
| ૧૦ | પંચમહાલ | ૩૦ | ૧૫૬ | ૧૮૬ |
| ૧૧ | દાહોદ | ૨ | ૩૧ | ૩૩ |
| ૧૨ | બનાસકાંઠા | ૨૦ | ૧૫૭ | ૧૭૭ |
| ૧૩ | ભરૂચ | ૧૬ | ૧૩૬ | ૧૫૨ |
| ૧૪ | નર્મદા | | ૧૯ | ૧૯ |
| ૧૫ | ભાવનગર | ૨૯ | ૯૫ | ૧૨૪ |
| ૧૬ | મહેસાણા | | ૬૭ | ૬૭ |
| ૧૭ | પાટણ | ૧૪ | ૪૫ | ૫૯ |
| ૧૮ | રાજકોટ | ૧૯ | ૪૯૮ | ૫૧૭ |
| ૧૯ | વડોદરા | ૦૮ | ૩૯૭ | ૪૦૫ |
| ૨૦ | વલસાડ | | ૧૪૨ | ૧૪૨ |
| ૨૧ | નવસારી | | ૪૪૦ | ૪૪૦ |
| ૨૨ | સાબરકાંઠા | ૯ | ૩૯૦ | ૩૯૯ |
| ૨૩ | સુરત | ૩ | ૧૯૨૯ | ૧૯૩૨ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૧૦૫૭ | ૨૦૭૩ | ૩૧૩૦ |
| | | | | |
| | **કુલ :** | **૧૬૭૧** | **૯૩૫૫** | **૧૧૦૨૬** |

(૨)

તે પૈકી મુખ્ય ખનિજની ૪ અને ગૌણ ખનિજની ૧૫૦૨ અરજીઓ મંજુર કરવામાં આવી જેની જિલ્લાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | મંજુર કરેલ અરજીઓ | | |
|---|---|---|---|---|
| | | મુખ્ય ખનિજ | ગૌણ ખનિજ | કુલ |
| ૧ | અમદાવાદ | | ૧૨ | ૧૨ |
| ૨ | અમરેલી | | ૯૫ | ૯૫ |
| ૩ | કચ્છ | ૧ | ૨૨ | ૨૩ |
| ૪ | ખેડા | | ૬૨ | ૬૨ |
| ૫ | આણંદ | | ૩૭ | ૩૭ |
| ૬ | ગાંધીનગર | | ૫૯ | ૫૯ |
| ૭ | જામનગર | | ૮૯ | ૮૯ |
| ૮ | જુનાગઢ | | ૪૩ | ૪૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | પોરબંદર | | ૪૬ | ૪૬ |
| ૧૦ | પંચમહાલ | | ૨૦ | ૨૦ |
| ૧૧ | દાહોદ | | ૮ | ૮ |
| ૧૨ | બનાસકાંઠા | | ૪૯ | ૪૯ |
| ૧૩ | ભરૂચ | | ૩૯ | ૩૯ |
| ૧૪ | નર્મદા | | ૩ | ૩ |
| ૧૫ | ભાવનગર | | ૧૫ | ૧૫ |
| ૧૬ | મહેસાણા | | ૪૩ | ૪૩ |
| ૧૭ | પાટણ | | ૪ | ૪ |
| ૧૮ | રાજકોટ | ૧ | ૨૬ | ૨૭ |
| ૧૯ | વડોદરા | | ૨૯૨ | ૨૯૨ |
| ૨૦ | વલસાડ | | ૫૧ | ૫૧ |
| ૨૧ | નવસારી | | ૧૦૩ | ૧૦૩ |
| ૨૨ | સાબરકાંઠા | | ૧૧૫ | ૧૧૫ |
| ૨૩ | સુરત | | ૧૪૮ | ૧૪૮ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૨ | ૧૨૧ | ૧૨૩ |
| | **કુલ :** | ૪ | **૧૫૦૨** | **૧૫૦૬** |

(૩) બાકી રહેતી લીઝ અરજીઓમાં મહેસુલી અભિપ્રાય તથા તાંત્રિક અભિપ્રાયો મળ્યા બાદ, આ બંને અભિપ્રાયને ધ્યાનમાં રાખીને અરજીઓ મંજૂર/નામંજૂર કરવાનો નિર્ણય લેવામાં આવશે.
(૪) રાજ્ય સરકાર દ્વારા રોયલ્ટીની વધુ આવક મેળવવા નીચે મુજબના અસરકારક પગલા લેવામાં આવે છે.

૧. લીઝ માંગણીની અરજીઓનો નિયત સમયમર્યાદામાં નિકાલ.

૨. લીઝોનું ઓછામાં ઓછું વર્ષમાં એકવાર લીઝ નિરીક્ષણ.

૩. રાજ્યામાં ફ્લાઈંગ સ્કવોડ, જિ. કચેરીઓના ક્ષેત્રિય કર્મચારીઓ તેમજ રેવન્યુ અધિકારીઓ દ્વારા બિનઅધિકૃત ખોદકામ/વહન ન થાય તે માટે સઘન અને ઓચિતુ ચેકીંગ.

૪. લીઝો સમાપ્ત થયેલ હોઈ અને ખનિજો ઉપલબ્ધ હોય તેવા વિસ્તારો ફેર ઉપલબ્ધ જાહેર કરી નવી લીઝો આપવી.

૫. રાજ્યમાં બિન અધિકૃત ખોદકામ વહન અને સંગ્રહ અટકાવવા અંગેના નવા નિયમો અમલમાં લાવવાની બાબત સરકારશ્રી કક્ષાએ આખરી તબક્કે છે જેના કારણે બિનઅધિકૃત પ્રવૃતિ ઉપર અસરકારક અંકુશ આવશે અને સરકારશ્રીને કાયદેસરની રોયલ્ટી વધુ મળશે.

૬. ગોણ ખનિજો માટેના ગુજરાત ગોણ ખનિજ નિયમો, ૧૯૬૬ના સરળીકરણ અને સુધારાના અમલ બાદ રોયલ્ટીની આવક વધવાની સંભાવના છે.

૭. સરકારી કામોમાં વપરાતી ગોણ ખનિજોની ૧૦ ટકા રોયલ્ટી મળે તે માટે ઠેકેદારોના બીલોમાંથી સીધેસીધી રોયલ્ટી કપાત કરવાની પધ્ધતિ અમલમાં આવ્યા બાદ આવક વધવાની શક્યતા છે.

## રાજ્યમાં ભારે વરસાદથી ઉદ્યોગોને નુક્સાન

અતારાંક્તિ : ૩૭૬૫ (૬-૮-૨૦૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી(ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં ૨૦૦૫ માં આવેલ ભારે વરસાદને કારણે જિલ્લાવાર ક્યા ક્યા ઉદ્યોગોને કેટલું નુકશાન થયું હતું આમાંથી નાના, મધ્યમ અને મોટા ઉદ્યોગો કુલ કેટકેટલા હતા,
(૨) ભારે વર્ષાને કારણે જિલ્લાવાર કુલ કેટલા ઉદ્યોગોના કામદારોએ પોતાની રોજીરોટી આ સમયગાળા દરમ્યાન ગુમાવી હતી, અને
(૩) આ ઉદ્યોગોના પુનઃસ્થાપન અને કામદારોની રોજી રોટી અંગે સરકારે શું પગલાં હાથ ધર્યા, ક્યારે ?

**મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** : (૧૬-૯-૨૦૦૫).

(૧) રાજ્યમાં ૨૦૦૫માં આવેલ ભારે વરસાદને કારણે એન્જીનિયરીંગ, કેમીક્લ્સ, પ્લાસ્ટીક, ખાદ્ય ઉત્પાદન, ટેક્ષટાઈલ ક્ષેત્રના મોટા અને મધ્યમ કદના ઉદ્યોગો, લઘુ ઉદ્યોગો, મીઠા ઉદ્યોગ એક્મો અને કુટિર અને ગ્રામોદ્યોગોને મોટાભાગે નુકશાન થયેલું હતું. જેની વિગતો નીચે મુજબ છે.

| | અ. નં. | ઓદ્યોગિક્મ એક્મો | સંખ્યા | નુક્સાનની રક્મ | |
|---|---|---|---|---|---|
| | | | | રૂા. લાખમાં | |
| | (૧) | મધ્યમ અને મોટા ઉદ્યોગો | ૧૨૭ | રૂા | ૬૫૬૩.૬૮ |
| | (૨) | લઘુ ઉદ્યોગો | ૨૬૨૫ | રૂા. | ૪૯૬૬.૫૨ |
| | (૩) | મીઠા એક્મો | ૩૭૦ | રૂા. | ૩૯૬૫.૪૮ |
| | | (૩) ૧૦ એકર સુધી જમીન ધરાવતા | | | |
| | | નાના મીઠાના એક્મો | | | |
| | | (૪) ૧૦ એક્રથી વધુ જમીન ધરાવતા | | | |
| | | મોટા સોલ્ટ વર્કસ | ૩૩૦ | | |
| | (૪) | કુટિર અને ગ્રામોદ્યોગ એક્મો જેમાં | ૩૨૯૫ | રૂા. | ૧૬૩.૮૬ |
| | | પરંપરાગત કારીગરો/વણકરો/ઓદ્યોગિક | | | |
| | | સહકારી મંડળીઓ/સંસ્થાઓ | | | |

જિલ્લાવાર લઘુ ઉદ્યોગ, મધ્યમ અને મોટા ઉદ્યોગોને આ સાથેના પરિશિષ્ટ-ક મુજબ, મીઠા ઉદ્યોગ એક્મોને પરિશિષ્ટ-ખ મુજબ તેમજ કુટિર અને ગ્રામોદ્યોગોને પરિશિષ્ટ-ગ મુજબ નુકશાન થયેલ છે.

(૨) જૂન-જૂલાઈ-૦૫ માં રાજ્યમાં આવેલ ભારે વરસાદના સમયગાળા દરમ્યાન અસરગ્રસ્ત વિસ્તારોના કેટલાક ઓદ્યોગિક એક્મો બંધ રહ્યા હતાં. પરંતુ એક્મો પુનઃકાર્યરત થતા તેઓની રોજગારી ચાલુ રહેલ છે.

(૩) આ ઉદ્યોગોના પુનઃસ્થાપન અને કારીગરોની રોજગારી માટે સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૨-૮-૨૦૦૫ ના ઠરાવ ક્રમાકઃ (૧) રહત-૧૦૨૦૦૫-૧૫૫૩-ચ, ઠરાવ ક્રમાંકઃ (૨) સોલ્ટ-૧૩૯૮-૧૨૫૫-ચ અને ઠરાવ ક્રમાંકઃ (૩) રહત - ૧૦૨૦૦૫ - ૫૭૫ - ચ થી અનુક્રમે (૧) મધ્યમ અને લઘુઉદ્યોગો (૨) મીઠા ઉદ્યોગના નાના એક્મો તેમજ કુટિર અને ગ્રામોદ્યોગ માટે રાહત પેકેજ યોજના જાહેર કરી છે. જે મુજબ (અ) ઓદ્યોગિક અને વ્યાપાર વાણિજ્ય એક્મોને નાણાંકીય સંસ્થાઓ દ્વારા મંજુર કરેલ લોન ઉપર ૪ ટકા વ્યાજ સબસીડી એક વર્ષ માટે મળવાપાત્ર થશે તથા આવા એક્મોને વેચાણવેરાની એક મહિના માટેની વગર વ્યાજની વિલંબિત ચૂકવણીનો લાભ મળવાપાત્ર થશે. (બ) મીઠાના ૧૦ એકર સુધીની જમીન ધરાવતા નાના એક્મોને એકર દીઠ થયેલ નુકશાન માટે રૂા. ૫૦૦/- ની સહાય રૂા. ૫૦૦૦/- ની મહત્તમ મર્યાદામાં આપવામાં આવશે. (ક) કુટિર અને ગ્રામોદ્યોગના પરંપરાગત કારીગરો તેમજ ઓદ્યોગિક સહકારી મંડળીઓના સભાસદ કારીગરોને સાધન સામગ્રી અને કાચા માલના નુકશાનપેટે રૂા. ૨૦૦૦/- તેમજ હાથ વણાટના વણકરોવે શાળ રીપેરીંગ કે ફેર બદલી તેમજ સુતર અને અન્ય માલ સહાયક સામાન ખરીદવા રૂા. ૨૦૦૦- ની સહાય મળવા પાત્ર થશે.

**પરિશિષ્ટ-ક**

**ભારે વરસાદથી અસરગ્રસ્ત ઓદ્યોગિક એક્મોની નુક્સાની સર્વેની ટીમ મુજબનો અહેવાલ**

**અહેવાલ : તા. ૩૦-૭-૨૦૦૫ અંતિત**

| અનુક્રમ | જિલ્લાનું નામ | અસરગ્રસ્ત ઓદ્યોગિક એક્મોની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|
| | | મધ્યમ/મોટાએક્મો | નુક્શાનીનીરક્મ(રૂા. લાખમાં) | લઘુ ઉદ્યોગો | નુક્શાની રક્મ(રૂા. લાખમાં) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | વડોદરા | ૩૮ | ૨૨૦૦.૧૪ | ૫૩૯ | ૧૪૨૦.૨૧ |
| ૨. | સુરત | ૨ | ૨૦.૦૦ | ૬૧૪ | ૫૯૪.૫૧ |
| ૩. | ભરૂચ | ૩૭ | ૧૩૮૯.૭૮ | ૧૧૮ | ૨૯૨.૧૩ |
| ૪. | નવસારી | શુન્ય | શુન્ય | ૮૪ | ૭૨.૯૩ |
| ૫. | વલસાડ | ૪ | ૨૫૬.૫૮ | ૫૨ | ૨૪૨.૬૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬. | આણંદ | ૧૨ | ૧૬૦.૪૮ | ૫૧૨ | ૮૮૯.૦૨ |
| ૭. | નડીયાદ | ૧૨ | ૩૮૨.૭૮ | ૧૯૪ | ૬૬૪.૧૬ |
| ૮. | અમદાવાદ | ૧૫ | ૩૮૩.૭૦ | ૧૫૨ | ૨૯૩.૮૪ |
| ૯. | અમરેલી | ૧ | ૧૭૩૪.૧૦ | ૪૯ | ૭૫.૫૭ |
| ૧૦. | જુનાગઢ | શુન્ય | શુન્ય | શુન્ય | શુન્ય |
| ૧૧. | ગાંધીનગર | ૩ | ૧૫.૪૦ | ૫૨ | ૧૨૧.૫૪ |
| ૧૨. | મહેસાણા | ૩ | ૨૦.૭૨ | ૪ | ૬.૯૨ |
| ૧૩. | ગોધરા | | | ૨ | ૨.૨૦ |
| ૧૪. | ભાવનગર | શુન્ય | શુન્ય | ૬ | ૫૨.૪૦ |
| ૧૫. | નર્મદા | | | | |
| ૧૬. | પાટણ | | | | |
| ૧૭. | જામનગર | શુન્ય | શુન્ય | શુન્ય | શુન્ય |
| ૧૮. | પોરબંદર | શુન્ય | શુન્ય | શુન્ય | શુન્ય |
| ૧૯. | બનાસકાંઠા | શુન્ય | શુન્ય | શુન્ય | શુન્ય |
| ૨૦. | સાબરકાંઠા | શુન્ય | શુન્ય | શુન્ય | શુન્ય |
| ૨૧. | રાજકોટ | | | | |
| ૨૨. | સુરેન્દ્રનગર | | | ૨૪૭ | ૨૩૮.૪૫ |
| ૨૩. | દાહોદ | શુન્ય | શુન્ય | શુન્ય | શુન્ય |
| ૨૪. | ભૂજ-કચ્છ | શુન્ય | શુન્ય | શુન્ય | શુન્ય |
| | કુલઃ- | ૧૨૭ | ૬૫૬૩.૬૮ | ૨૬૨૫ | ૪૯૬૬.૫૨ |

## પરિશિષ્ટ ખ

જુન-જુલાઈ ૨૦૦૫ માં થયેલ ભારે વરસાદને કારણે ૧૦ એકર અગરિયા અને મોટા સોલ્ટ વર્કસને થયેલ નુકશાનની જિલ્લાવાર વિગત દર્શાવતું પત્રક

(રૂા. લાખમાં)

| અ.નં. | જિલ્લાનું નામ | ૧૦ એકર સુધી જમીન ધરાવતા નાના મીઠાના એકમો | ૧૦ એકરથી વધુ જમીન ધરાવતા મોટા સોલ્ટ વર્કસ | અંદાજીત નુકશાન |
|---|---|---|---|---|
| ૧. | આણંદ | | ૩ | ૭૦.૩૨ |
| ૨. | અમરેલી | ૧૬૫ | ૨૧ | ૫૯૮.૩૨ |
| ૩. | ભરૂચ | | ૧૫૭ | ૧૧૦૧.૦૪ |
| ૪. | ભાવનગર | ૭૯ | ૫૮ | ૧૩૨૫.૮૦ |
| ૫. | જુનાગઢ | | ૫ | ૧૬૩.૦૮ |
| ૬. | નવસારી | | ૧ | ૨૯.૬૦ |
| ૭. | રાજકોટ | ૧૨૬ | ૬૫ | ૩૦૩.૩૨ |
| ૮. | સુરત | | ૬ | ૨૪૫.૧૬ |
| ૯. | વલસાડ | | ૧૪ | ૧૨૮.૩૨ |
| | **કુલ :** | **૩૭૦** | **૩૩૦** | **૩૯૬૫.૪૮** |

## પરિશિષ્ટ - ગ

**ક્મિશ્નર, કુટિર અને ગ્રામદ્યોગ, ગાંધીનગર**

**જુન-જુલાઈ૦૫ અતિવૃષ્ટિ/પુર થી અસર પામેલાની કેટેગરી પ્રમાણે વિગતો દર્શાવતુ પત્રક (તા. ૨૫-૭-૦૫) (રૂા.લાખમાં)**

| અ.નં. | જિલ્લાનું નામ | પરંપરાગત કારીગર | | વણકર | | કારીગર/વણકરનું કુલ નુકશાન | | સંસ્થા/મંડળીઓ | | કુલ નુકશાન | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | રકમ | સંખ્યા | રકમ | સંખ્યા | રકમ | સંખ્યા | રકમ | સંખ્યા | રકમ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | અમદાવાદ | ૧૬ | ૧૧.૬૪ | ૦ | ૦ | ૧૬ | ૧૧.૬૪ | ૧ | ૨૪.૬૯ | ૧૭ | ૩૬.૩૩ |
| ૨ | આણંદ | ૧૫૧૩ | ૭૯.૧૯ | ૨૪ | ૦.૮૦ | ૧૫૩૭ | ૭૯.૯૯ | ૩૫ | ૧.૮૦ | ૧૫૭૨ | ૮૧.૭૯ |
| ૩ | ભરૂચ | ૩૧ | ૦.૫૪ | - | - | ૩૧ | ૦.૫૪ | ૬ | ૧૦.૩૦ | ૩૭ | ૧૦.૮૪ |
| ૪ | ગાંધીનગર | ૧૨ | ૦.૬૬ | ૦ | ૦ | ૧૨ | ૦.૬૬ | ૨૧ | ૨..૪૫ | ૩૩ | ૩.૧૧ |
| ૫ | નડિયાદ | ૭૪૮ | ૧૧.૭૮ | ૦ | ૦ | ૭૪૮ | ૧૧.૭૮ | ૭ | ૧.૧૮ | ૭૫૫ | ૧૨.૯૬ |
| ૬ | સુરત | ૪૨ | ૪.૯૨ | ૦ | ૦ | ૪૨ | ૪.૯૨ | ૦ | ૦ | ૪૨ | ૪.૯૨ |
| ૭ | સુરેન્દ્રનગર | ૪૪ | ૧.૫૩ | ૮૮ | ૧.૭૯ | ૧૩૨ | ૩.૩૨ | ૧ | ૦.૦૬ | ૧૩૩ | ૩.૩૮ |
| ૮ | વડોદરા | ૬૭૯ | ૮.૫૫ | ૨૧ | ૦.૦૩ | ૭૦૦ | ૮.૫૮ | ૫ | ૦.૭ | ૭૦૫ | ૯.૨૮ |
| ૯ | વલસાડ | ૦ | ૦.૦૦ | ૦ | ૦ | ૦ | ૦.૦૦ | ૧ | ૧.૨૫ | ૧ | ૧.૨૫ |
| | કુલ | ૩૦૮૫ | ૧૧૮.૮૧ | ૧૩૩ | ૨.૬૨ | ૩૨૧૮ | ૧૨૧.૪૩ | ૭૭ | ૪૨.૪૩ | ૩૨૯૫ | ૧૬૩.૮૬ |

## રાજ્યમાં શ્રમિક સુરક્ષા યોજના હેઠળ વીમાની બાકી રકમની ચૂકવણી

અતારાંકિતઃ ૩૭૨૪ (૩-૮-૦૫) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા ૩૦-૬-૦૫ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર શ્રમિક સુરક્ષા યોજના અંતર્ગત કઈ વિમા કંપનીને છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટલું પ્રિમીયમ ચૂકવવામાં આવ્યું,

(૨) તે પેકી જિલ્લાવાર શ્રમિક સુરક્ષા યોજના અંતર્ગત સરકારને કેટલી અરજીઓ મળી,
(૩) તે પેકી કેટલાં શ્રમિકોને સુરક્ષા યોજના હેઠળ કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી રકમ ચૂકવવી બાકી છે, અને
(૪) બાકી રહેતી રકમ ક્યાં સુધીમાં ચૂકવવાનું સરકારનું આયોજન છે ?

**શ્રમ અને રોજગાર (રાજ્યકક્ષા) મંત્રીશ્રી** (૬-૯-૦૫)

(૧)

| ક્રમ | વર્ષ | વીમા કંપનીનું નામ | ચુકવાયેલ પ્રિમિયમની રકમ |
|---|---|---|---|
| ૧ | ૨૬-૧-૦૩ થી ૨૫-૧-૦૪ | આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ, અમદાવાદ. | ૯૬,૭૦,૦૦૦/- |
| ૨ | ૨૬-૧-૦૪ થી ૨૫-૧-૦૫ | આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ, અમદાવાદ. | ૨,૪૬,૦૧,૦૦૦/- |
| ૩. | ૨૬-૧-૦૫ થી | નેશનલ ઈન્સ્યોરન્સ ૧-૧૦-૦૫ | ૨,૮૭,૨૪,૧૬૨/- કંપની, મુંબઈ |

(૨)

| | વર્ષ | વીમા કંપનીનું નામ | સરકારને મળેલ અને વીમા કંપનીને મોકલેલ અરજીઓ |
|---|---|---|---|
| | ૨૬-૧-૦૩ થી ૨૫-૧-૦૪ | આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ, અમદાવાદ. | કુલ:૯૦૩ અરજીઓ મળી. જેની જિલ્લાવાર વિગત નીચે, દર્શાવ્યા મુજબ છે. |

| જિલ્લો | મળેલ અરજી |
|---|---|
| અમદાવાદ.. | ૪૩ |
| અમરેલી.. | ૧૭ |
| આણંદ.. | ૫૪ |
| બનાસકાંઠા.. | ૪૬ |
| ભરુચ.. | ૪૫ |
| ભાવનગર.. | ૬૬ |
| દાહોદ.. | ૩૯ |
| ડાંગ.. | ૦૨ |
| ગાંધીનગર.. | ૨૩ |
| જામનગર.. | ૬૬ |
| જુનાગઢ.. | ૭૪ |
| ખેડા.. | ૫૭ |
| કચ્છ.. | ૨૦ |
| મહેસાણા.. | ૩૬ |
| નર્મદા.. | ૧૬ |
| નવસારી.. | ૦૪ |
| પંચમહાલ.. | ૪૦ |
| પાટણ.. | ૨૨ |
| પોરબંદર.. | ૦૮ |
| રાજકોટ.. | ૬૩ |

| | |
|---|---|
| સાબરકાંઠા.. | ૨૭ |
| સુરત.. | ૫૬ |
| સુરેન્દ્રનગર.. | ૨૮ |
| વડોદરા.. | ૩૫ |
| વલસાડ.. | ૧૬ |
| કુલ.. | ૯૦૩ |

| | વર્ષ | વીમા કંપનીનું નામ | સરકારને મળેલ અને વીમા કંપનીને મોકલેલ અરજીઓ |
|---|---|---|---|
| ૨ | ૨૬-૧-૦૪ થી ૨૫-૧-૦૫ | આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ, અમદાવાદ. | કુલ : ૧૨૩૧ અરજીઓ મળી. જેની જિલ્લાવાર વિગત નીચે દર્શાવ્યા મુજબ છે |

| જિલ્લો | મળેલ અરજી |
|---|---|
| અમદાવાદ.. | ૫૭ |
| અમરેલી.. | ૨૬ |
| આણંદ.. | ૬૧ |
| બનાસકાંઠા.. | ૪૬ |
| ભરુચ.. | ૮૫ |
| ભાવનગર.. | ૧૧૪ |
| દાહોદ.. | ૩૮ |
| ડાંગ.. | ૦૩ |
| ગાંધીનગર.. | ૩૧ |
| જામનગર.. | ૬૦ |
| જુનાગઢ.. | ૧૧૫ |
| ખેડા.. | ૭૧ |
| કચ્છ.. | ૩૯ |
| મહેસાણા.. | ૫૧ |
| નર્મદા.. | ૨૮ |
| નવસારી.. | ૧૮ |
| પંચમહાલ.. | ૬૦ |
| પાટણ.. | ૧૪ |
| પોરબંદર.. | ૨૧ |
| રાજકોટ.. | ૬૬ |
| સાબરકાંઠા.. | ૪૧ |
| સુરત.. | ૫૯ |
| સુરેન્દ્રનગર.. | ૨૯ |
| વડોદરા.. | ૭૪ |
| વલસાડ.. | ૨૪ |
| કુલ.. | ૧૨૩૧ |

| | વર્ષ | વીમા કંપનીનું નામ | સરકારને મળેલ અને વીમા કંપનીને મોકલેલ અરજીઓ |
|---|---|---|---|
| ૩ | ૨૬-૧-૦૫ થી ૧-૧૦-૦૫ | નેશનલ ઈન્સ્યોરન્સ કંપની, મુંબઈ. | કુલઃ૧૧૧ અરજીઓ મળી. જેની જિલ્લાવાર વિગત નીચે દર્શાવ્યા મુજબ છે. |

| જિલ્લો | મળેલ અરજી |
|---|---|
| અમદાવાદ.. | ૦૨ |
| અમરેલી.. | ૦૧ |
| આણંદ.. | ૦૮ |
| બનાસકાંઠા.. | ૦૨ |
| ભરુચ.. | ૧૨ |
| ભાવનગર.. | ૦૯ |
| દાહોદ.. | ૦૧ |
| ડાંગ.. | |
| ગાંધીનગર.. | |
| જામનગર.. | ૧૧ |
| જુનાગઢ.. | ૧૫ |
| ખેડા.. | ૧૮ |
| કચ્છ.. | ૦૨ |
| મહેસાણા.. | |
| નર્મદા.. | |
| નવસારી.. | ૦૧ |
| પંચમહાલ.. | |
| પાટણ.. | ૦૧ |
| પોરબંદર.. | ૦૩ |
| રાજકોટ.. | ૦૬ |
| સાબરકાંઠા.. | ૦૪ |
| સુરત.. | ૦૨ |
| સુરેન્દ્રનગર.. | |
| વડોદરા.. | ૧૨ |
| વલસાડ.. | ૦૨ |
| કુલ.. | ૧૧૧ |

(૧) કેટલા શ્રમિકોને કેટલી રકમ ચુકવવામાં આવી તેની વિગતો નીચે મુજબ છે. તથા કેટલી રકમ ચુકવવાની બાકી છે તે બાબતમાં વીમા કંપની પાસે પડતર રહેલ કેસોમાંથી વીમા કંપની મંજુર/નામંજુર કરે તે પર આધારિત છે.

| ક્રમ | વર્ષ<br>ચુકવાયેલ રકમ | વીમા કંપનીનું નામ | શ્રમિકો |
|---|---|---|---|
| ૧ | ૨૬-૧-૦૩ થી<br>૭૩,૩૦,૦૦૦/-<br>૨૫-૧-૦૪ | આઈસીઆઈસીઆઈ<br>લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ, અમદાવાદ. | ૩૬૪ |

| | | | |
|---|---|---|---|
| ૨ | ૨૬-૧-૦૪ થી<br>૧,૬૪,૫૦,૦૦૦/- | આઈસીઆઈસીઆઈ | ૩૪૦ |
| | ૨૫-૧-૦૫ | લોમ્બાર્ડ જનરલ<br>ઈન્સ્યોરન્સ, અમદાવાદ. | |
| ૩. | ૨૬-૧-૦૫ થી<br>૧-૧૦-૦૫ | નેશનલ ઈન્સ્યોરન્સ<br>કંપની, મુંબઈ | |

(૪) આ યોજના હેઠળ લાભાર્થીને સરકારે રકમ ચુકવવાની થતી નથી. પણ વીમા કંપનીએ કેસનો નિર્ણય સાઈઠ દિવસના સમય મર્યાદામાં કરવાનો હોય છે. અન્યથા ૧૨% ના દરે વ્યાજ ચુકવણી કરવાની જોગવાઈ છે.

**રાજ્યની ફોજદારી કોર્ટોમાં જિલ્લાવાર પડતર કેસો**

અતારાંક્તિઃ ૩૭૨૬ ( ૪-૮-૦૫ ) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦-૬-૦૫ની સ્થિતિએ રાજ્યની કોર્ટમાં જિલ્લાવાર કેટલા ફોજદારી કેસો પડતર છે,

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલા કેસોનો નિકાલ થયો, અને

(૩) બાકી કેસોના નિકાલ માટે સરકારનું શું આયોજન છે ?

**કાયદા મંત્રીશ્રી** ( ૭-૯-૦૫ )

(૧) સામેલ પત્રક "અ" મુજબ

અને }

(૨) સામેલ પત્રક "અ" મુજબ

(૩) ભારતીય બંધારણ અનુચ્છેદ-૨૩૫ની જોગવાઈ મુજબ, વડી અદાલત તાબાની જ્યુડીશીયરી પર અલાયદી રીતે વહીવટી નિયંત્રણ ધરાવે છે. જૂના કેસોનો ઝડપી નિકાલ માટે વડી અદાલત જૂની ફાઈલો ઉપર દેખરેખ રાખે છે. અને જ્યાં જરૂરી લાગે ત્યાં સૂચનાઓ પણ આપે છે. ૧૧ માં નાણા પંચની ભલામણની સ્કીમ પ્રમાણે "upgrading and special problem grants" ને સબંધિત ન્યાયિક વહીવટ માટે રાજ્યમાં લગભગ ૧૬૬ ફાસ્ટ ટ્રેક કોર્ટો કાર્યરત થયેલ છે અને સદર કોર્ટો કાચા કામના કેદીઓના સેશન્સ કેસો ઝડપથી નિકાલ કરે છે. કેસોના ઝડપી નિકાલ માટે લોક અદાલતો યોજવામાં આવે છે. વહીવટી અને ન્યાયિક બાજુએ શક્યુ તેટલું કોમ્પ્યુટરાઈઝ કરેલ છે. અને કેસોનો ઝડપી નિકાલ કરવા માટે વડી અદાલત દ્વારા માહિતી ટેક્નોલોઝીની મદદ મેળવવામાં આવી રહી છે. આ રીતે, વડી અદાલત કેસોના ઝડપી નિકાલ થાય તે માટે તમામ પગલાં લઈ રહી છે.

**પ ત્ર ક : અ**

તા. ૩૦-૬-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યમાં કોર્ટમાં જિલ્લાવાર પડતર રહેલા ફોજદારી કેસોની સંખ્યા અને છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર નિકાલ થયેલ ફોજદારી કેસોની સંખ્યા દર્શાવતી માહિતી

| અનુક્રમ નંબર | જિલ્લાનું નામ અને કોર્ટો | તા. ૩૦-૬-૦૫ની સ્થિતિએ પડતર રહેલ કુલ ફોજદારી કેસોની સંખ્યા | છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ફોજદારી કેસોના નિકાલની સંખ્યા | | |
|---|---|---|---|---|---|
| | | | વર્ષ ૨૦૦૨ | વર્ષ ૨૦૦૩ | વર્ષ ૨૦૦૪ |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| | | | | | |
| ૧. | | ૮૫૩૫૩ | ૩૨૬૩૩ | ૮૪૬૪૪ | ૭૮૫૩૮ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | અમદાવાદ (ગ્રામ્ય) (એપલેટ કોર્ટો અને તાબાની કોર્ટો સહિત) | | | | |
| ૨. | ગાંધીનગર (-સદર-) | ૬૯૯૭૮ | ૧૬૬૩૩ | ૨૬૦૬૩ | ૨૬૫૩૧ |
| ૩. | અમરેલી (-સદર-) | ૨૧૭૪૯ | ૬૪૯૪ | ૭૫૭૫ | ૮૯૫૬ |
| ૪. | બનાસકાંઠા - પાલનપુર (-સદર-) | ૯૯૪૪૪ | ૨૦૨૯૪ | ૧૯૭૩૨ | ૧૧૪૦૫ |
| ૫. | ભરૂચ (-સદર-) | ૧૩૨૭૧૩ | ૩૧૭૯૯ | ૪૧૩૨૦ | ૨૮૪૬૪ |
| ૬. | ભાવનગર (-સદર-) | ૧૧૦૦૮૯ | ૨૨૭૨૮ | ૭૩૪૮૩ | ૪૧૩૬૬ |
| ૭. | જામનગર (-સદર-) | ૧૭૦૭૫૦ | ૩૧૪૮૦ | ૩૦૫૧૮ | ૩૨૮૨૧ |
| ૮. | જુનાગઢ (-સદર-) | ૧૦૨૭૫૧ | ૨૫૭૭૪ | ૨૮૩૪૧ | ૨૪૫૮૨ |
| ૯. | કચ્છ - ભૂજ (-સદર-) | ૪૫૭૩૯ | ૮૮૬૧ | ૭૬૪૦ | ૬૬૦૭ |
| ૧૦. | ખેડા - નડિયાદ (-સદર-) | ૨૨૧૬૫૧ | ૩૩૭૮૯ | ૩૭૦૯૩ | ૧૦૦૫૯૮ |
| ૧૧. | મહેસાણા (-સદર-) | ૮૮૮૩૮ | ૧૩૯૫૪ | ૧૭૮૬૪ | ૨૪૬૬૮ |
| ૧૨. | પાટણ (-સદર-) | ૪૪૯૨૪ | ૭૨૪૮ | ૯૪૬૦ | ૭૨૨૦ |
| ૧૩. | પંચમહાલ - ગોધરા (-સદર-) | ૫૮૪૧૮ | ૨૩૨૭૮ | ૨૬૫૮૦ | ૨૩૯૨૬ |
| ૧૪. | દાહોદ (-સદર-) | ૩૩૪૪૩ | ૬૨૨૯ | ૭૨૨૪ | ૮૦૦૧ |
| ૧૫. | રાજકોટ | ૧૬૧૨૪૧ | ૨૬૧૩૫ | ૩૪૩૬૧ | ૨૪૯૮૫ |
| | (-સદર-) | | | | |
| ૧૬. | સાબરકાંઠા - હિંમતનગર | ૭૦૦૮૧ | ૮૬૮૨ | ૧૦૦૯૩ | ૯૭૯૮ |
| | (-સદર-) | | | | |
| ૧૭. | સુરત | ૬૫૧૧૫૬ | ૫૫૦૪૯ | ૫૯૬૭૪ | ૫૧૮૭૧ |
| | (-સદર-) | | | | |
| ૧૮. | સુરેન્દ્રનગર | ૩૨૭૨૫ | ૭૯૧૬ | ૮૨૬૧ | ૮૭૫૫ |
| | (-સદર-) | | | | |
| ૧૯. | વડોદરા | ૪૩૫૬૩૨ | ૮૬૧૦૩ | ૯૧૬૧૭ | ૧૦૪૩૯૬ |
| | (-સદર-) | | | | |
| ૨૦. | વલસાડ | ૪૫૩૯૮ | ૧૨૨૭૭ | ૧૩૨૬૮ | ૯૦૫૭ |
| | (-સદર-) | | | | |
| ૨૧. | નવસારી | ૨૯૩૧૯ | ૧૫૧૭૯ | ૧૫૬૧૦ | ૧૨૬૪૪ |
| | (-સદર-) | | | | |
| ૨૨. | સીટી સીવીલ કોર્ટ અમદાવાદ(એપેલેટ કોર્ટો) | ૨૧૬૮ | ૪૮૭૬ | ૪૧૩૨ | ૪૬૮૫ |
| | | | | | |
| ૨૩. | ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, | ૪૪૦૪૨૬ | ૧૧૭૪૬૩ | ૧૬૨૧૭૧ | ૧૪૦૪૮૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | અમદાવાદ | | | | |
| | (તાબાની કોર્ટો) | | | | |
| ૨૪. | ફેમીલી કોર્ટ, અમદાવાદ | ૪૮૮૯ | ૩૧૬૪ | ૩૫૪૦ | ૩૦૦૨ |
| | (તાબાની કોર્ટો) | | | | |
| | કુલ | ૩૧,૫૮,૮૭૫ | ૬,૧૮૦,૩૮ | ૮,૨૦,૨૬૪ | ૭,૯૩,૩૫૯ |

---

**રાજ્યની કોર્ટોમાં જિલ્લાવાર બળાત્કારના પડતર કેસ**

અતારાંક્તિઃ ૩૭૨૭ ( ૪-૮-૦૫ ) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય કાયદામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦-૬-૦૫ની સ્થિતિએ દરમ્યાન રાજ્યની કોર્ટમાં જિલ્લાવાર બળાત્કારના કેટલા કેસો પડતર છે,

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા કેસોનો નિકાલ થયો, અને

(૩) પડતર કેસોનો ઝડપી નિકાલ માટે સરકાર શું પગલાં લેવા માંગે છે. ?

**કાયદા મંત્રીશ્રીઃ**- ( ૭-૯-૦૫ )

(૧)

અને પત્રક-"અ" મુજબ %

(૨)

(૩) પડતર કેસોનો ઝડપી નિકાલ માટે વડી અદાલત તમામ પગલાં લઈ રહી છે. વડી અદાલત જૂની ફાઈલો પર દેખરેખ રાખે છે. અને જ્યાં જરૂરીયાત જણાય ત્યાં જૂના કેસોના ઝડપી નિકાલ કરવા માટે સૂચનાઓ જારી કરે છે. વહીવટી અને ન્યાયિક બાજુએ શક્ય તેટલું કોમ્પ્યુટરાઈઝેશન કરેલ છે. અને પડતર કેસોના ઝડપી નિકાલ કરવા માટે દરેક કક્ષાએ બધી બાજુએથી માહિતી ટેક્નોલોજીથી મદદ માંગી રહ્યા છે. પડતર કેસોના ઝડપી નિકાલ માટે લોક અદાલતો ભરવામાં આવે છે.

**<u>પત્રક - અ</u>**

(૧) અને (૨)

<u>તા. ૩૦-૬-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યની કોર્ટોમાં જિલ્લાવાર બળાત્કારના પડતર કેસો અને છેલ્લા ત્રણ વર્ષમાં નિકાલ થયેલ કેસોની સંખ્યા દર્શાવતી માહિતીઃ-</u>

| અનુક્રમ નંબર | જિલ્લાનું નામ. | તા. ૩૦-૬-૨૦૦૫ની સ્થિતિએ બળાત્કારના પડતર કેસોની સંખ્યા. | છેલ્લા ત્રણ વર્ષમાં નિકાલ થયેલ કેસોની સંખ્યા. |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ (ગ્રામ્ય) | ૫૭ | ૦૩૨ |
| ૨. | ગાંધીનગર | ૦૪ | ૦૨૯ |
| ૩. | અમરેલી | ૪૯ | ૧૩૦ |
| ૪. | બનાસકાંઠા | ૪૩ | ૧૦૩ |

| | | | |
|---|---|---|---|
| ૫. | ભરૂચ | ૧૯ | ૩૧૨ |
| ૬. | ભાવનગર | ૭૩ | ૦૮૮ |
| ૭. | જામનગર | ૩૦ | ૧૩૦ |
| ૮. | જુનાગઢ | ૭૭ | ૨૮૫ |
| ૯. | કચ્છ | ૪૫ | ૦૫૮ |
| ૧૦. | ખેડા | ૫૬ | ૩૦૫ |
| ૧૧. | મહેસાણા | ૧૭ | ૦૯૫ |
| ૧૨. | પાટણ | ૨૮ | ૦૫૫ |
| ૧૩. | પંચમહાલ | ૪૬ | ૧૩૮ |
| ૧૪. | દાહોદ | ૨૫ | ૦૨૮ |
| ૧૫. | રાજકોટ | ૮૪ | ૧૭૬ |
| ૧૬. | સાબરકાંઠા | ૦૯ | ૨૯૧ |
| ૧૭. | સુરત | ૩૯ | ૦૯૯ |
| ૧૮. | સુરેન્દ્રનગર | ૭૦ | ૧૨૬ |
| ૧૯. | વડોદરા | ૬૯ | ૧૫૫ |
| ૨૦. | વલસાડ | ૨૮ | ૦૯૦ |
| ૨૧. | નવસારી | ૦૯ | ૦૬૪ |
| ૨૨. | સીટી સીવીલ કોર્ટ, અમદાવાદ. | ૧૨૨ | ૨૧૪ |
| ૨૩. | મેટ્રો. મેજી. કોર્ટ, અમદાવાદ | ૧૪૮ | ૦૦૫ |
| | **કુલ :** | **૧૧૪૭** | **૩૦૦૮** |

---o---

**રાજ્યમાં જિલ્લાવાર ફોજદારી કોર્ટોમાં કેસોના ભરાવા અંગે**

અતારાંકિતઃ ૩૭૫૧ ( ૪-૮-૦૫ ) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય કાયદામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ૧લી જૂન-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યની કુલ કેટલી ફોજદારી કોર્ટોમાં કુલ કેટલાં કેસોનો ભરાવો થયો છે,

(૨) આમાંથી બે વર્ષ ઉપરાંતના જિલ્લાવાર કેટલા કેસો છે,

(૩) આ કેસોમાં વધારો થવાના મુખ્ય કારણો શું છે, અને

(૪) આ માટે રાજ્ય સરકાર ધ્વારા છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા ખર્ચે શું શું પગલાં ભરવામાં આવ્યા ?

**કાયદા મંત્રીશ્રીઃ-** ( ૭-૯-૦૫ )

(૧)
અને પત્ર-"અ" મુજબ
(૨)

(૩) (૧) દિવાની અને ફોજદારી કોર્ટોમાં નક્કી થયેલ કામના ભારણની સરખામણીમાં જજોની સંખ્યા ઓછી છે.

(૨) નવા કાયદાઓ વધવાથી અને પ્રજા પોતાના હક્ક માટે જાગૃત થતાં લીટીગેશનમાં વધારો થયેલ છે.

(૩) ઘણા કેસોમાં સમન્સ/ વોરંટો /નોટીસોનો અમલ થયા વગર આરોપી/ સાક્ષીઓ પાસેથી પરત આવે છે. ઘણા સમયે પ્રોસેસી બજવણી થયા વગર પરત આવે છે.

(૪) પબ્લીક પ્રોસીક્યુટર અને આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટરની સંખ્યા અપૂરતી હોવાને કારણે.

(૫) ટ્રાયલ હેઠળ કેદીઓના કેસો અગ્રતાના ધોરણે આપવાની જરૂરીયાત.

(૬) પોલીસ તરફથી મુદ્દામાલ અને એફ એસ એલ રિર્પોટ ન મળવાને કારણે ફોજદારી કેસોમાં કોર્ટની કાર્યવાહી થઈ શક્તી નથી.

(૪) (અ) રાજ્ય સરકારે ફોજદારી કેસોના નિકાલ માટે રાજ્યના જિલ્લાઓમાં કુલ ૧૬૬ ફાસ્ટ ટ્રેક કોર્ટોની રચના કરેલ અને આ માટે કુલ રૂા. ૪૮.૨૫ કરોડના (CSS) ખર્ચે કોર્ટોની સ્થાપના થયેલ.

(બ) આ ઉપરાંત છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર ધ્વારા જિલ્લા / તાલુકા સ્તરે કુલ-૨૫ કોર્ટોની સ્થાપના કરેલ છે આ માટે લગભગ કુલ રૂા. ૫.૧૮ (કરોડ) નો ખર્ચ થયેલ છે.

**<u>પ ત્ર ક - અ</u>**

તા. ૧-૬-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યની જિલ્લાવાર ફોજદારી કોર્ટોમાં ભરાવો થયેલ કેસોની સંખ્યા અને બે વર્ષ ઉપરાંતના જિલ્લાવાર પડતર ફોજદારી કેસોની સંખ્યા દર્શાવતી માહિતીઃ-

| અનુક્રમ નંબર | જિલ્લાનું નામ | તા. ૧-૬-૨૦૦૫ની સ્થિતિએ પ્રવર્તમાન ફોજદારી કોર્ટોની સંખ્યા | તા. ૧-૬-૨૦૦૫ની સ્થિતિએ પડતર ફોજદારી કેસોની સંખ્યા | બે વર્ષ ઉપરાંતના પડતર કેસોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ (ગ્રામ્ય) | ૨૭ | ૮૪૮૬૫ | ૩૩૨૮૦ |
| ૨. | ગાંધીનગર | ૨૦ | ૬૯૩૪૬ | ૩૬૦૦૭ |
| ૩. | અમરેલી | ૧૫ | ૨૦૮૭૩ | ૦૭૫૮૫ |
| ૪. | બનાસકાંઠા | ૩૩ | ૯૯૪૯૮ | ૭૦૧૭૮ |
| ૫. | ભરૂચ | ૩૩ | ૧૨૬૫૪૦ | ૬૮૭૮૬ |
| ૬. | ભાવનગર | ૩૧ | ૧૦૮૭૮૦ | ૬૭૫૭૬ |
| ૭. | જામનગર | ૨૫ | ૧૬૯૭૦૩ | ૧૨૬૦૩૩ |
| ૮. | જુનાગઢ | ૩૮ | ૧૦૧૬૬૦ | ૬૧૯૯૯ |
| ૯. | કચ્છ | ૧૮ | ૪૪૦૭૮ | ૨૧૨૬૫ |
| ૧૦. | ખેડા | ૩૨ | ૨૧૯૦૦૪ | ૧૩૭૭૫૨ |
| ૧૧. | મહેસાણા | ૨૬ | ૮૮૭૯૫ | ૬૭૨૯૧ |
| ૧૨. | પાટણ | ૧૮ | ૪૪૫૪૦ | ૩૧૧૧૪ |
| ૧૩. | પંચમહાલ | ૨૨ | ૬૩૮૧૧ | ૪૪૯૧૧ |
| ૧૪. | દાહોદ | ૧૪ | ૩૩૩૦૩ | ૨૩૧૭૯ |
| ૧૫. | રાજકોટ | ૪૯ | ૧૫૯૬૭૮ | ૯૮૨૪૨ |
| ૧૬. | સાબરકાંઠા | ૩૨ | ૬૮૮૩૧ | ૪૫૮૮૮ |
| ૧૭. | સુરત | ૪૫ | ૬૪૭૮૧૨ | ૪૩૪૦૯૯ |
| ૧૮. | સુરેન્દ્રનગર | ૨૮ | ૩૨૫૬૫ | ૨૩૫૯૭ |
| ૧૯. | વડોદરા | ૪૦ | ૪૩૮૨૨૨ | ૩૮૭૭૪૭ |
| ૨૦. | વલસાડ | ૧૫ | ૪૪૪૩૨ | ૨૭૪૨૬ |
| ૨૧. | નવસારી | ૧૩ | ૨૦૨૨૭ | ૯૭૩૩ |
| ૨૨. | સીટી સીવીલ કોર્ટ | ૨૭ | ૧૬૯૪ | ૮૦૦ |
| | અમદાવાદ | | | |
| ૨૩. | મેટ્રો મેજીસ્ટ્રેટ કોર્ટઅમદાવાદ | ૨૪ | ૪૪૧૪૬૦ | ૨૮૬૯૫૧ |
| ૨૪. | ફેમીલી કોર્ટ, અમદાવાદ | ૦૪ | ૪૭૦૭ | ૧૬૭૨ |
| | કુલઃ- | ૬૨૯ | ૩૧,૩૪,૪૨૪ | ૨૧,૧૩,૧૧૧ |

## શહેરા અને લુણાવાડા તાલુકામાં તળાવો ઊંડા કરવા અંગે

અતારાંકિતઃ ૩૨૭૯ ( ૨૧-૨-૨૦૦૫ )**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) પંચમહાલ જીલ્લાના શહેરા અને લુણાવાડા તાલુકામાં તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં કુલ કેટલા ક્યા ક્યા તળાવો ઊંડા કરવામાં આવ્યા,

(૨) આ તળાવો ઊંડા કરવા માટે કઈ કઈ એજન્સીઓને ક્યા ધોરણે કામ આપવામાં આવેલ અને,

(૩) આ કામો પાછળ કુલ કેટલી રકમ મંજુર થયેલ અને કુલ કેટલો ખર્ચો કરવામાં આવ્યો ?

**જળસંપતિ મંત્રીશ્રીઃ**- ( ૫-૯-૨૦૦૫ )

(૧) (અ) કૃષિ અને સહકાર વિભાગ હેઠળ શહેરા તાલુકામાં ૬ અને લુણાવાડા તાલુકામાં-૯ તળાવો મળી કુલ-૧૫ તળાવો ઊંડા કરવામાં આવ્યા. તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| શહેરા | | | | લુણાવાડા | |
|---|---|---|---|---|---|
| (૧) | અણીયાદ- | ૨ | (૧) | વડઘરી- | ૧ |
| (૨) | ધાંધલપુર- | ૧ | (૨) | ગશ્વનપુર- | ૧ |
| (૩) | મધરફળીયુ- | ૧ | (૩) | આગરવાડા- | ૧ |
| (૪) | ભદ્રાળા- | ૧ | (૪) | ભાણપુર- | ૧ |
| (૫) | નાંદરવા- | ૧ | (૫) | લિંબોદર- | ૧ |
| | કુલઃ-૬ | | | | |
| (૬) | પંચમહુડી- | ૧ | | | |
| (૭) | ઝારા- | ૧ | | | |
| (૮) | રામપુરના મુવાડા- | ૧ | | | |
| (૯) | મોટા વડોદરા- | ૧ | | | |
| | કુલઃ- | ૯ | | | |

(૧) (બ) પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળ શહેરા તાલુકામાં ૪ અને લુણાવાડા તાલુકામાં-૫ તળાવો મળી કુલ-૯ તળાવો ઊંડા કરવામાં આવ્યા. તાલુકાવાર માહીતી નીચે મુજબ છે.

| શહેરા | | | લુણાવાડા | |
|---|---|---|---|---|
| (૧) | દલવાડા- | ૧ | (૧) | પાલ્લા-૧ |
| (૨) | ઘરોલા- | ૧ | (૨) | હરદાસપુર-૧ |
| (૩) | ધામણોદ- | ૧ | (૩) | ધામોદ-૧ |
| (૪) | વડેમલી- | ૧ | (૪) | જેસોલ (કમાલપુર)-૧ |
| | કુલઃ-૪ | (૫) | | સરોલીગામ-૧ |
| | | | | કુલઃ-૫ |

(૨) (અ) કૃષિ અને સહકાર વિભાગ હેઠળના ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ ધ્વારા પોતાના બુલડોઝરથી તળાવો ઉંડા કરવાની કામગીરી કરવામાં આવેલ છે. નિગમ તરફથી કોઈ એજન્સીને કામ આપેલ નથી.

(બ) પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળ તળાવો ઊંડા કરવા માટે કોઈ ખાનગી એજન્સીને કામ આપવામાં આવેલ નથી. પરંતુ ખાતાકીય રાહે કામો કરવામાં આવેલ છે.

(૩) (અ) કૃષિ અને સહકાર વિભાગે રૂા. ૬૬.૦૪ લાખ મંજુર કરવામાં આવેલ અને રૂા. ૬૬.૦૪ લાખનો ખર્ચ કરેલ છે.

(બ) પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગે તળાવના કામો પાછળ કુલ રૂા. ૧૦.૫૧ લાખ મંજૂર કરેલ તેની સામે રૂા. ૨.૫૮ લાખ રોકડ ખર્ચ તથા ૬૨.૧૮ મે. ટન

અનાજનો વપરાશ કરવામાં આવેલ છે. આ તળાવ ઊંડા કરવાના કામો કેન્દ્ર પુરસ્કૃત સંપૂર્ણ ગ્રામિણ રોજગાર યોજના હેઠળ ખાતાકીય રાહે કરાવવામાં આવેલ છે.

---

## રાજ્યના જળાશયોની આસપાસના અવેદ્ય બાંધકામો અંગે નિયમો

અતારાંક્તિઃ ૩૩૭૩ ( ૨૭-૪-૨૦૦૫ ) **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર(રાજકોટ ગ્રામ્ય) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં જળાશયોની બાજુમાં કોઈપણ પ્રકારના અવેદ્ય બાંધકામ અંગે કોઈ કડક નિયમોની જોગવાઈ છે કે કેમ, અને

(૨) આ નિયમોનું પાલન ન કરાવનાર અધિકારીઓ સામુ શું પગલા લેવાની જોગવાઈ છે ?

**જળસંપતિ મંત્રીશ્રીઃ**- ( ૨-૯-૨૦૦૫ )

(૧) હા, જી

(૨) ગુજરાત રાજ્ય સેવા ( વર્તણુક ) નિયમો અને ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, અન્વયે શિક્ષાત્મક પગલાં લેવાની જોગવાઈ છે.

---

## સાબરકાંઠા જિલ્લામાં મોટા ચેકડેમો

અતારાંક્તિઃ ૩૪૦૦ ( ૨૭-૪-૨૦૦૫ ) **શ્રી રણજિતસિંહ ન. ચાવડા(હિંમતનગર): માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સાબરકાંઠા જિલ્લામાંથી પસાર થતી મુખ્ય નદીઓ સાબરમતી, મેશ્વો, હાથમતી વગેરે ઉપર મોટા ચેકડેમો નદીવાર ક્યાં ક્યાં અને કેટલા બાંધવામાં આવનાર છે, અને,

(૨) આ અંગે કુલ કેટલો ખર્ચ થનાર છે ?

**જળસંપતિ મંત્રીશ્રી.** ( ૯-૯-૨૦૦૫ )

(૧)

અને સામેલ પત્રક મુજબ

(૨)

સાબરકાંઠા જીલ્લામાંથી પસાર થતી મુખ્ય નદીઓ સાબરમતી, મેશ્વો, હાથમતી વિગેરે ઉપર મોટા ચેકડેમો નદીવાર ક્યા ક્યા કેટલા બાંધેલ છે. તેમજ તેમાં થનાર ખર્ચની વિગતો દર્શાવતું પત્રક

**પત્રક-**

| ક્રમ | નદીનું નામ | ચેકડેમનું સ્થળ | તાલુકો | થનાર ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ખારી | કેસરપુરા | પ્રાંતિજ | ૨૫.૫૧ |
| ૨ | ,, | લાલપુર-૨ | ,, | ૧૯.૦૨ |
| ૩ | ,, | જેનપુર | ,, | ૧૫.૩૨ |
| ૪ | ,, | ઘડા | ,, | ૧૫.૩૨ |
| ૫ | ,, | છાડરડા | ,, | ૧૩.૪૫ |
| ૬ | ,, | આંબાવાડા | ,, | ૧૩.૩૮ |
| ૭ | ,, | ભાટીયા | તલોદ | ૨૫.૮૪ |
| ૮ | હાથમતી | કાટવાડ | પ્રાંતિજ | ૩૧.૨૦ |
| ૯ | ,, | ઉબસલ | ભીલોડા | ૪૧.૫૭ |
| ૧૦ | ,, | બાલુન્દ્રા | ,, | ૨૧.૩૮ |
| ૧૧ | ,, | નરોડા | ,, | ૧૪.૨૬ |
| ૧૨ | ,, | બાવળીયાવાડ | ,, | ૨૩.૧૭ |
| ૧૩ | ,, | પાદરા | ,, | ૨૧.૮૬ |
| ૧૪ | ,, | કાચડીયા | ,, | ૧૫.૧૭ |
| ૧૫ | ,, | શીલાન્દ્રી | ,, | ૨૭.૭૨ |
| ૧૬ | લુણી | સલાટપુર | તલોદ | ૨૦.૭૧ |
| ૧૭ | મેશ્વો | લાલીની મુવાડી | ,, | ૩૦.૫૫ |
| ૧૮ | વાત્રક | વાત્રકગઢ | બાયડ | ૫૨.૫૮ |
| ૧૯ | ,, | ગોરનાર | ,, | ૩૯.૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦ | ,, | સમાપીરકંપા | ધનસુરા | ૩૯.૧૪ |
| ૨૧ | ,, | જુની મોલી | ,, | ૫૧.૧૬ |
| ૨૨ | માઝમ | અલવા | ,, | ૨૭.૦૪ |
| ૨૩ | સાક્રા | ભેસાવાડા | ,, | ૧૪.૬૪ |
| ૨૪ | વેક્રી | મસ્તુપુર | ઇડર | ૩૭.૦૩ |
| ૨૫ | વણઝારી | સાહેબપુરા | ,, | ૪૪.૨૮ |
| ૨૬ | વાલમ | ફીચોડ | ,, | ૨૧.૧૭ |
| ૨૭ | લોકલ કોતર | બડોલી | ,, | ૨૦.૭૨ |
| ૨૮ | ,, | બરવાવ | ,, | ૨૨.૫૪ |
| ૨૯ | વાત્રક | ચમારપુરા-૧ | બાયડ | ૨૯.૬૯ |
| ૩૦ | ,, | લાલપુર-૧ | ,, | ૩૧.૫૬ |
| ૩૧ | ,, | રાજપુર | ,, | ૩૩.૭૦ |
| ૩૨ | ,, | દોલપુર | ,, | ૪૪.૩૬ |
| ૩૩ | ,, | જુનાવાડા | ,, | ૫૬.૬૪ |
| ૩૪ | ,, | પાટીયો | ધનસુરા | ૩૨.૪૫ |
| ૩૫ | ,, | કડોલ | ,, | ૫.૭૮ |
| ૩૬ | માઝમ | સુલતાનપુરા | બાયડ | ૬૫.૧૩ |
| ૩૭ | ,, | વાસણી | ,, | ૫૦.૮૪ |
| ૩૮ | ખારવો | આમીયાપુરા-૧ | ,, | ૪૧.૦૦ |
| ૩૯ | ખારવો | આમીયાપુરા-૨ | બાયડ | ૩૦.૪૪ |
| ૪૦ | મોહર કોતર | દેરોલી | ,, | ૬.૩૭ |
| ૪૧ | વાત્રક કોતર | લાલપુર-૩ | ,, | ૨.૮૪ |
| ૪૨ | ,, | ભખેલ-૧ | ,, | ૩.૦૩ |
| ૪૩ | ,, | ભખેલ-૨ | ,, | ૩.૦૩ |
| ૪૪ | ,, | રામપુરા | ,, | ૩.૦૩ |
| ૪૫ | વાત્રક | કાંસાવાડા | માલપુર | ૧૫.૧૩ |
| ૪૬ | ,, | મોટી ભુવેલ | મેઘરજ | ૧૦.૮૮ |
| ૪૭ | ,, | પાલ્લા | ,, | ૧૫.૪૫ |
| ૪૮ | ,, | લીમ્ભોઈ | ,, | ૧૩.૭૩ |
| ૪૯ | ,, | સીસોદરા | ,, | ૧૮.૧૪ |
| ૫૦ | ,, | મેઘરજ | ,, | ૧૧.૦૨ |
| ૫૧ | ,, | રેલીયો | ,, | ૧૧.૦૨ |
| ૫૨ | ,, | પીસાલ | ,, | ૧૫.૫૨ |
| ૫૩ | ,, | રોલ્લા | ,, | ૧૬.૨૪ |
| ૫૪ | માઝમ | અણખોલ | ધનસુરા | ૪૪.૬૮ |
| ૫૫ | ,, | વડાગામ | ,, | ૩૬.૬૦ |
| ૫૬ | ,, | સીતપુર | મોડાસા | ૨૩.૩૭ |
| ૫૭ | ,, | વડાગામ | ધનસુરા | ૩૬.૬૦ |
| ૫૮ | ,, | સીતપુર | મોડાસા | ૨૩.૩૭ |
| ૫૯ | ,, | હરસાબાદ | ,, | ૩૮.૧૩ |
| ૬૦ | ,, | પહાડપુર | ,, | ૩૬.૦૭ |
| ૬૧ | ,, | મોડાસા | ,, | ૩૯.૬૧ |
| ૬૨ | ,, | ખડોદા | ,, | ૨૬.૧૬ |
| ૬૩ | મેશ્વો | નાની ઈસરોલ | ,, | ૩૭.૮૨ |
| ૬૪ | ,, | બોલુન્દ્રા | ,, | ૨૮.૨૩ |
| ૬૫ | મેશ્વો | ગઢા | મોડાસા | ૩૩.૪૧ |
| ૬૬ | ,, | સુરપુર | ભીલોડા | ૨૯.૩૨ |
| ૬૭ | બોરલ | ભાનમેર | ,, | ૧૬.૪૨ |
| ૬૮ | મહાદેવીયાકોતર | ગઢીયા | ,, | ૧૩.૭૧ |
| ૬૯ | અંબાવાડી | ટેબડા | ખેડબ્રહમા | ૫૭.૫૨ |
| ૭૦ | ,, | દેમતી-૧ | ,, | ૬૭.૬૬ |
| ૭૧ | ,, | દેમતી-૨ | ,, | ૭૫.૫૮ |
| ૭૨ | દકાડીયા | ઝાંઝવા | ,, | ૧૮.૫૬ |
| ૭૩ | રાઈ | ચંદ્રાણી | ,, | ૫૧.૮૩ |
| ૭૪ | હાથમતી | કાટવાડ | હિંમતનગર | ૩૭.૫૭ |
| ૭૫ | ,, | નાદરી | ,, | ૩૭.૫૭ |
| ૭૬ | સાબરમતી | સાંપડ | પ્રાંતિજ | ૭૦.૮૩ |
| ૭૭ | ,, | ગોલવાડ | ઈડર | ૮૨.૯૬ |
| ૭૮ | ,, | કડોલી (કટીમંદિર) | હિંમતનગર | ૭૫.૫૮ |
| ૭૯ | ,, | કડોલી | ,, | ૧૨૪.૬૯ |
| ૮૦ | ,, | હિરપુર-ગેડ | ,, | ૧૪૫.૯૬ |
| ૮૧ | ,, | વલાસણા-સુંદરપુર | ઈડર | ૧૩૪.૨૦ |
| ૮૨ | ,, | ગઢડા-સાચોલી | હિંમતનગર | ૫૫.૩૧ |
| ૮૩ | ,, | ફુદેડા-ખેડાવાડ-આરસોડીયા | ,, | ૮૨.૧૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૮૪ | સાબરમતી | સોમ-ખેડાવાડ | ઈડર | ૬૧.૩૩ |
| ૮૫ | ,, | ધનપુરા-વાઘપુરા | હિંમતનગર | ૧૩૧.૦૩ |
| ૮૬ | ,, | સંગપુરા-સાદોલીયા | પ્રાંતિજ | ૧૪૬.૮૭ |
| ૮૭ | ,, | વરસોડા-પોયડા | ,, | ૮૨.૩૩ |
| ૮૮ | ,, | લાક્રોડા-ગલેસરા | ,, | ૯૬.૬૪ |
| ૮૯ | ,, | દેલવાડ-ઈન્દ્રપુર | ,, | ૯૬.૬૪ |
| ૯૦ | મેશ્વો | કાબોલા | મોડાસા | ૪૧.૦૦ |
| ૯૧ | ,, | વાંસદા | મોડાસા | ૪૫.૦૦ |
| ૯૨ | ,, | ગોરઠીયા (મોટા ચખલા) | તલોદ | ૧૦૧૧.૧૬ |
| ૯૩ | માઝમ | શીણોલ | ધનસુરા | |
| ૯૪ | ,, | આક્રુન્દ | ,, | |
| ૯૫ | ,, | આંબલીયારા | બાયડ | ૪૬૮.૩૩ |
| ૯૬ | ડેભોલ | કડોલી | હિંમતનગર | |
| ૯૭ | ,, | રંગપુર | ,, | |
| ૯૮ | હાથમતી | કાટવાડ | ,, | ૧૩૪.૫૪ |
| | | | કુલ. રૂા. | ૫૨૩૪.૨૩ |

### સાબરકાંઠા જિલ્લાની ગુહાઈ સિંચાઈ યોજનાના અસરગ્રસ્તોને બાકી પ્લોટ

અતારાંકિતઃ ૩૪૦૫ ( ૨૭-૪-૨૦૦૫ ) **શ્રી રણજિતસિંહ ન. ચાવડા(હિંમતનગર): માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સાબરકાંઠા જિલ્લામાં ગુહાઈ સિંચાઈ યોજનામાં અસરગ્રસ્તોને પ્લોટ આપવાના બાકી છે તે હકિક્ત સાચી,
(૨) જો હા, તો ક્યારથી બાકી છે,
(૩) કેટલા ઇસમોને આપવાના બાકી છે, અને
(૪) આ પ્લોટ કેટલા સમય સુધીમાં આપવામાં આવશે ?

**જળસંપતિ મંત્રીશ્રી:-** ( ૯-૯-૨૦૦૫ )

(૧) હા, જી
(૨) બાબત નામદાર કોર્ટના વિચારાધીન હોઈ, ૧૯૯૭ થી બાકી છે.
(૩) ૧૭૨
(૪) આ બાબત કોર્ટમેટર હોઈ નામદાર કોર્ટનો ચુકાદો આવ્યેથી ચુકાદા અનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

### સાબરકાંઠા જિલ્લાની ગુહાઈ સિંચાઈ યોજનાના અસરગ્રસ્તોને વળતરની ચુકવણી

અતારાંકિતઃ ૩૪૦૫ ( ૨૭-૪-૨૦૦૫ ) **શ્રી રણજિતસિંહ ન. ચાવડા(હિંમતનગર): માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સાબરકાંઠા જિલ્લાની ગુહાઈ સિંચાઈ યોજનાનાં અસરગ્રસ્તોને કોઈ વળતર ચુકવવાનું બાકી છે,
(૨) જો હા, તો કેટલા ઇસમોને કેટલી રકમ ચુકવવાની બાકી છે, અને
(૩) આ રકમ ક્યાં સુધીમાં ચુકવી આપવામાં આવનાર છે ?

**જળસંપતિ મંત્રીશ્રી :-** ( ૧૩-૯-૨૦૦૫ )

(૧) હા, જી
(૨) ૧૫૬ ઇસમોને રૂા. ૧૩,૦૧,૩૮૫.૯૩ પેસા ચુકવવા બાકી છે.
(૩) નાણાંકીયા જોગવાઈ કરવામાં આવી રહેલ છે જે થયેથી ટૂંક સમયમાં ફાળવણી કરવામાં આવશે.

### કચ્છ જિલ્લામાં નો-સોર્સ ગામોને પીવાનું પાણી આપવા અંગે

અતારાંકિતઃ ૩૪૩૦ ( ૨૭-૪-૨૦૦૫ ) **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) કચ્છ જિલ્લામાં માર્ચ, ૨૦૦૫ ની સ્થિતિએ તાલુકાવાર ક્યા ક્યા ગામો નો-સોર્સ જાહેર થયા છે,
(૨) આ ગામોને પાણી આપવાની હાલ શી વ્યવસ્થા છે, અને
(૩) આ ગામોમાં કાયમી ધોરણે શું આયોજન થયું છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :-** ( ૯-૯-૦૫ )

(૧) રાજ્ય સરકાર દ્વારા ગામ/ ફળીયાઓને નોસોર્સ કેટેગરીમાં જાહેર કરવાનું બંધ કરવામાં આવેલ છે, પરંતુ રાજીવ ગાંધી મીશનના હેબીટેશન સર્વે મુજબ કચ્છ જીલ્લામાં માર્ચ-૨૦૦૫ ની સ્થિતિએ નીચે પ્રમાણેના ગામો એન. સી. (આવરી લેવાના બાકી) કેટેગરીના અને પી. સી. (અંશતઃ આવરી લીધેલા) કક્ષા (*પરિશિષ્ટ સામેલ છે.)

| **તાલુકા કક્ષાના** | **એન.સી. કક્ષાનાફળીયાની સંખ્યા** | | | **પી.સી. કક્ષાનાફળીયાની સંખ્યા** | | |
|---|---|---|---|---|---|---|
| | કુલ | પુર્ણ | બાકી | કુલ | પુર્ણ | બાકી |
| ભુજ | ૨ | ૨ | ૦ | ૫૬ | ૩૯ | ૧૭ |
| માંડવી | ૧૦ | ૮ | ૨ | ૨૩ | ૧૬ | ૭ |
| નખત્રાણા | ૧૬ | ૧૦ | ૬ | ૧૦ | ૮ | ૨ |
| લખપત | ૧ | ૦ | ૧ | ૩ | ૧ | ૨ |
| અબડાસા | ૦ | ૦ | ૦ | ૬ | ૨ | ૪ |
| ભચાઉ | ૧૨ | ૯ | ૩ | ૧ | ૧ | ૦ |
| અંજાર | ૬ | ૪ | ૨ | ૦ | ૦ | ૦ |
| રાપર | ૭ | ૭ | ૦ | ૦ | ૦ | ૦ |
| મુન્દ્રા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કુલ.. | ૫૪ | ૪૦ | ૧૪ | ૯૯ | ૬૭ | ૩૨ |

(૨) ખંડ-૧ ના એન. સી. કેટેગરીના બાકી ૧૪ ગામ/ ફળીયાઓ પેકી ૬ ગામ/ ફળીયા સ્થાનિક સોર્સ મારફત તથા ૮ ગામ/ ફળીયાઓને ટેન્કર મારફતે તેમજ પી. સી. કેટેગરીના બાકી ૩૨ ગામ/ ફળીયાઓ પેકી ૧૬ ગામ/ ફળીયાઓને પાઈપ લાઈન યોજના મારફત ૧૨ ગામ/ ફળીયાને સ્થાનિક સોર્સ મારફત અને ૪ ગામ/ ફળીયાઓને ટેન્કરથી પાણી અપાય છે.

(૩) એન. સી. કેટેગરીના બાકી ૧૪ ગામોને નર્મદા આધારિત યોજનામાં સમાવી લેવાનું આયોજન છે. તેમજ પી. સી. કેટેગરીના બાકી ૩૨ ગામો પેકી સ્થળ પરિસ્થિતિ અનુસાર સ્થાનિક સોર્સ અથવા નર્મદા આધારિત યોજનામાં સમાવી લેવાનું આયોજન છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે )

**જામનગર તાલુકાની ગ્રામ પંચાયતોને અછતમાં પીવાનું પાણી પુરું પાડવા અંગે ચુકવવાની રકમ**

અતારાંકિત : ૩૪૫૨ ( ૧૬-૫-૨૦૦૫ ) **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) જામનગર જીલ્લામાં અછતની પરિસ્થિતિમાં ટેન્કરથી પીવાનું પાણી પુરું પાડવાનું આયોજન થયું હતું તે વાત સાચી છે.
(૨) જો હા તો જામનગર તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં કઈ કઈ ગ્રામ પંચાયતોને કુલ કેટલી રકમ વર્ષ વાર ચુકવવાની બાકી છે.
(૩) આ રકમ ક્યારે ચુકવી આપવામાં આવશે, અને
(૪) પાછલી રકમોનું ચુકવણું ન થવાથી ગ્રામ પંચાયતો પીવાનું પાણી પુરું પાડવાની જવાબદારી ઉઠાવવા તેયાર ન હોય તે માટે સરકારે શું વેકલ્પિક વ્યવસ્થા કરેલ છે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૧-૯-૨૦૦૫)

(૧) હા જી

(૨) તા. ૩૧-૩-૦૫ ની સ્થિતિએ કોઈપણ ગ્રામ પંચાયતોને પીવાનું પાણી અંગેનું ચુકવણું બાકી રહેતું નથી. પરંતુ જામનગર તાલુકા પંચાયત મારફત નગરસીમને મહેસુલી ટેન્કર ચલાવવામાં આવે છે જેના તા. ૩૧-૪-૦૫ ની સ્થિતિએ રૂા. ૧૩.૭૫ લાખ બાકી છે.

(૩) આ રકમ જામનગર જીલ્લા પંચાયતને જુલાઈ-૦૫ માં ફાળવી દેવામાં આવેલ છે.

(૪) ગ્રામ પંચાયતોનું ચુકવણું બાકી ન હોય પ્રશ્ન રહેતા નથી.

---

## જામનગર, કાલાવાડ અને દ્વારકા તાલુકામાં પીવાના પાણીના બોર

અતારાંકિતઃ ૩૪૫૩ (૯-૯-૦૫)ડૉ. **દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) જાન્યુઆરી ૨૦૦૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જીલ્લામાં જામનગર, કાલાવાડ, દ્વારકા તાલુકામાં પીવાના પાણી માટે કેટલા નવિન બોરની તથા કેટલી નવી પાઈપ લાઈનની કામગીરીને મંજુરી આપવામાં આવે છે.
(૨) મંજુરી હેઠળના કેટલા બોર અને કેટલી પાઈપ લાઈનોની કામગીરી શરૂ થયેલ છે
(૩) કેટલા કામો પૂરા થયા છે,.
(૪) કેટલા કામો અધુરા છે અને
(૫) આ કામગીરી ક્યા સુધીમાં પૂર્ણ થશે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :-** ( ૯-૯-૦૫ )

(૧) જાન્યુારી ૨૦૦૫ ની સ્થિતિએ જામનગર, કાલાવડ અને દ્રાવકા તાલુકાઓમાં નીચેની વિગતે નવિન બોર તથા નવિન પાઈપ લાઈનની કામગીરીને મંજુરી આપી કામગીરી શરૂ કરેલ છે.

અને

(૨)

| ક્રમ | તાલુકો | મંજુર થયેલ બોર | શરૂ થયેલ બોર ની કામગીરી | મંજુર થયેલ પાઈપ લાઈનની કામગીરીના ગામો | શરૂ થયેલ પાઈપ લાઈનની કામગીરીના ગામો |
|---|---|---|---|---|---|
| ૧ | જામનગર | ૩૭ | ૩૬ | ૨૬ | ૨૬ |
| ૨ | કાલાવાડ | ૩૮ | ૩૮ | ૨૦ | ૧૯ |
| ૩. | દ્રારકા | ૦ | ૦ | ૧૭ | ૧૬ |
| | કુલ.. | ૭૫ | ૭૪ | ૬૩ | ૬૧ |

(૩) ૭૪ બોરના કામ તથા ૫૩ પાઈપ લાઈનના કામો પૂર્ણ થયેલ છે.

(૪) ૧ બોર નોટ ફીઝીબલ છે જ્યારે ૮ પાઈપ લાઈનના કામો અધુરા છે.

(૫) આ કામગીરી ૧૨/ ૦૫ સુધીમાં પૂર્ણ કરવામાં આવેલ છે.

---

## જામનગર, જીલ્લામાં વપરાયા વિના પડી રહેલ પાણીની ટાંકીઓ

અતારાંકિત : ૩૪૫૪ (૧૬-૫-૦૫) ડૉ. **દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૩-૨૦૦૫ ની સ્થિતિએ જામનગર જિલ્લામાં પાણી પુરવઠા યોજનાઓમાં કુલ કેટલી ટાંકીઓ વપરાયા વગરની બંધ પડેલ છે, અને
(૨) આ અંગે સરકારે શી કાર્યવાહી કરી છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :-** ( ૬-૯-૨૦૦૫ )

(૧) જુથ પાણી પુરવઠા યોજના હેઠળની ૧ ટાંકી તથા સ્વતંત્ર પાણી પુરવઠા યોજના હેઠળની ૧૩ ટાંકીઓ મળી કુલ ૧૪ ટાંકીઓ બંધ પડેલ છે.

(૨) બંધ પડેલ ટાંકીઓ પૈકી ૨ ટાંકીઓ વીજપુરવઠો મળે, ૮ ટાંકીઓ પાઈપ લાઈનની કામગીરી પુર્ણ થયે, ૨ ટાંકીઓ નર્મદા ગૃપ યોજનાના કામો પુર્ણ થયે, ૧ ટાંકી સંમ્પના કામ પુર્ણ થયે ઉપયોગમાં લઈ શકાશે. ૧ ટાંકીનો ઉપયોગ ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવતો નથી.

---

**જામનગર, જિલ્લામાં તાલુકાવાર ચેકડેમ માટે અરજીઓ**

અતારાંકિત : ૩૪૫૬ ( ૧૬-૫-૦૫)**ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) જામનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી ચેકડેમ માટેની અરજીઓ તા. ૩૧-૩-૨૦૦૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવેલ છે.

(૨) આ આવેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૩) અરજીઓ નિકાલ કરવાની બાકી છે તે પૈકી જામનગર, દ્વારકા, કાલાવડ તાલુકાની કેટલી બાકી છે ?

**જળસંપતિ મંત્રીશ્રી :-** ( ૧-૯-૦૫ )

(૧) જામનગર જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર પટેલ સહભાગી સિંચાઈ યોજના હેઠળ કુલ-૨૧૭ અરજીઓ તથા ગુજરાત જળસંપતિ વિકાસ નીગમ લિ., હેઠળ કુલ-૨૯ અરજીઓ આવેલ છે. જે તાલુકાવાર પત્રકમાં નીચે મુજબ છે.

| | તાલુકો | સરદાર પટેલ સહભાગી જળસિંચાઈ યોજના હેઠળ | ગુજરાત જળસંપતિ વિકાસ નિગમ લિ. હેઠળ |
|---|---|---|---|
| ૧ | ધ્રોલ | ૧૩ | ૭ |
| ૨ | જોડીયા | ૮ | ૩ |
| ૩ | જામનગર | ૧ | ૭ |
| ૪ | લાલપુર | ૯ | |
| ૫ | કાલાવડ | ૨૧ | ૧૦ |
| ૬ | જામજોધપુર | ૭૮ | ૨ |
| ૭ | ભાણવડ | ૧૮ | |
| ૮ | કલ્યાણપુર | ૨૨ | |
| ૯ | જામ ખંભાળીયા | ૪૭ | |
| ૧૦ | દ્વારકા | | |
| | કુલ :- | ૨૧૭ | ૨૯ |

(૨) આવેલ અરજીઓ પૈકી સ. પ. સ. જ. સં. યો હેઠળ કુલ-૩૫ અરજીઓ તથા ગુ. જ. સં. નિ. લી. હેઠળ ૨૪ અરજીઓ મંજુર કરવામાં આવી.

| તાલુકો | સ. પ. સ. જ. સં. યો. | ગુ. જ. સં. વિ. નિ. લી. |
|---|---|---|
| ધ્રોલ | ૪ | ૬ |
| જોડીયા | ૧ | ૨ |
| કાલાવડ | ૭ | ૮ |
| જામજોધપુર | ૧૩ | ૨ |
| ભાણવડ | ૬ | |
| જામખંભાળીયા | ૪ | |
| જામનગર | | ૬ |
| | ૩૫ | ૨૪ |

(૩) આવેલી અરજીઓ પેકી જામનગર, દ્વારકા અને કાલાવડ તાલુકાની સોળ બાકી અરજીઓ નીચે મુજબ છે.

| તાલુકો | સ. પ. સ. જ. સં. યો. | ગુ. જ. સં. વિ. નિ. લી. |
|---|---|---|
| જામનગર | | ૧ |
| દ્વારકા | | |
| કાલાવડ | ૧૩ | ૨ |
| | ૧૩ | ૩ |

## સસોઈ જુથ પાણી પુરવઠા યોજના દ્વારા પીવાનું પાણી આપવા અંગે

અતારાંકિત : ૩૫૦૫ ( ૧૬-૫-૦૫) **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સસોઈ જુથ પાણી પુરવઠા દ્વારા કુલ કેટલા અને ક્યા ક્યા ગામોને પાણી આપવાની જોગવાઈ છે.

(૨) તે પેકી કેટલા ગામોને તા. ૩૧-૩-૨૦૦૫ ની સ્થિતિએ પાણી પુરવઠો આપવાનું ચાલુ છે,

(૩) આ યોજનામાં ટેક્નીકલ ખામીને લીધે ક્યા ક્યા ગામોને પાણી મળતું નથી,

(૪) તે ગામો માટે ક્યા પ્રકારની વેકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે, અને

(૫) બાકી રહેતા ગામોને કેટલા સમયમાં પીવાનું પાણી આપવામાં આવશે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :-** ( ૬-૯-૨૦૦૫ )

(૧) ૩૦ ગામોને ( પરિશિષ્ટ૧ મુજબ )

(૨) ૧૩ ગામોને

(૩) ૨ ગામ (૧) ઢીચડા (૨) ખાર બેરાજા

(૪) ઢીચડા ગામનો સમાવેશ નર્મદા પાઈપ લાઈન આધારિત ખીજડીયા ગૃપમાં કરવામાં આવેલ છે જેને મે. ૦૫ થી પાણી આપવાનું શરૂ કરેલ છે. જ્યારે ખરાબેરાજા ગામ હાલ સ્થાનિક સોર્સમાંથી પાણી મેળવે છે. જેને ખીજડીયા ગૃપ સાથે જોડવાનું આયોજન છે.

(૫) બાકી રહેતા ૧૭ ગામો પેકી ૧૦ ગામોના સ્વતંત્ર સ્થાનિક સોર્સમાં પાણી હોઈ જુથ પાણી પુરવઠા યોજનામાંપાણી લેતા નથી. આ ગામોની માંગણી આવ્યેથી, એક અઠવાડીયામાં પાણી આપવાનું આયોજન છે. બાકીના ૭ ગામો પેકી ૫ ગામો દ્વારા લોકફાળો ભરેથી પાણી આપી શકાશે, તાંત્રિક મુશ્કેલીવાળા એક ગામને ( ઢીચડા ) નર્મદા પાઈપ લાઈન આધારિત ખીજડીયા ગૃપમાં જોડીને પાણી આપવાનું શરૂ કરેલ છે. જ્યારે બાકી રહેતા એક ગામને ( ખારાબેરાજા ) ખીજડીયા ગૃપ સાથે જોડી ઓગષ્ટ-૦૫ ના અંતમાં પાણી પુરવઠો આપવાનું આયોજન છે.

**: પરિશિષ્ટ :**

**સસોઈ જુથ પાણી પુરવઠા યોજના દ્વારા પીવાનુ પાણી આપવા અંગે.**

**સસોઈ જુથ યોજનામાં સમાવિષ્ટ ગામોની યાદી**

| ક્રમ | ગામનુ નામ | તાલુકો | તા. ૩૧-૩-૨૦૦૫ ની સ્થિતિએ | | | |
|---|---|---|---|---|---|---|
| | | | પાણી પુરવઠો ચાલુ | લોકલ સોર્સમાં પાણી હોવાથી જુથ યોજનાનું પાણી ન લેતા ગામો | લોકફાળા ને કારણે બંધ | તાંત્રિક મુશ્કેલી |
| ૧ | ઢીચડા | જામનગર | | | | ૧ |
| ૨ | ખારા-બેરાજા | જામનગર | | | | ૧ |
| ૩ | ગોરધનપર | જામનગર | | | ૧ | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૪ | સરમત | જામનગર | ૧ | | | |
| ૫ | રાવલસર | જામનગર | ૧ | | | |
| ૬ | નાઘેડી | જામનગર | | | ૧ | |
| ૭ | કનસુમરા | જામનગર | | ૧ | | |
| ૮ | દરેડ | જામનગર | | ૧ | | |
| ૯ | મસીતીયા | જામનગર | ૧ | | | |
| ૧૦ | લાખાબાવડ | જામનગર | | | ૧ | |
| ૧૧ | વસઈ | જામનગર | ૧ | | | |
| ૧૨ | બેડ | જામનગર | ૧ | | | |
| ૧૩ | શાપર | જામનગર | | ૧ | | |
| ૧૪ | આમરા | જામનગર | ૧ | | | |
| ૧૫ | જીવાપર | જામનગર | ૧ | | | |
| ૧૬ | બાલંભડી | જામનગર | ૧ | | | |
| ૧૭ | વાવ-બેરાજા | જામનગર | ૧ | | | |
| ૧૮ | ચાંપા-બેરાજા | જામનગર | ૧ | | | |
| ૧૯ | ચેલા | જામનગર | | ૧ | | |
| ૨૦ | દોઢીયા | જામનગર | ૧ | | | |
| ૨૧ | ગાડુકા | જામનગર | ૧ | | | |
| ૨૨ | ખોજા-બેરાજા | જામનગર | | ૧ | | |
| ૨૩ | ચંદ્રગઢ | જામનગર | | ૧ | | |
| ૨૪ | લોઠીયા | જામનગર | | ૧ | | |
| ૨૫ | બાવરીયા | જામનગર | | ૧ | | |
| ૨૬ | સંગા | જામનગર | | ૧ | | |
| ૨૭ | નવાગામ | લાલપુર | ૧ | | | |
| ૨૮ | ડેરા-છીકારી | લાલપુર | | | ૧ | |
| ૨૯ | કાના-છીકારી | લાલપુર | | | ૧ | |
| ૩૦ | પીપલી | લાલપુર | | ૧ | | |
| | **કુલ ૩૦ ગામ** | | **૧૩** | **૧૦** | **૫** | **૨** |

## જામનગર જીલ્લામાં વિવિધ સિંચાઈ યોજનાઓ

અતારાંક્તિ : ૩૫૧૫ ( ૧૬-૫-૦૫) ડૉ. **દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય)** : **માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) જામનગર જિલ્લામાં ક્યા ક્યા નવા ચેકડેમો, અનુશ્રવણ તળાવો, પરકોલેશન ડેમો નાની અને મધ્યમ સિંચાઈની દરખાસ્તો વર્ષે -૨૦૦૨-૨૦૦૩-, ૨૦૦૩-૨૦૦૪, ૨૦૦૪-૨૦૦૫ માં કરવામાં આવી છે,

(૨) કઈ કઈ યોજનાઓને સરકારે તા. ૩૧-૩-૦૫ સુધીમાં મંજૂરી આપી અને મંજૂર થયેલ યોજના વાઈઝ કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો, અને

(૩) સરકારે આ માટે ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૨૦૦૫ માં કેટલી ગ્રાન્ટ ફાળવી છે ?

**જળસંપતિ મંત્રીશ્રીઃ**- ( ૯-૯-૨૦૦૫ )

(૧) જામનગર જીલ્લામાં નવા ચેકડેમો, અનુશ્રવણ, તળાવો, પરકોલેશન ડેમો અને મધ્યમ સચિંાઈની દરખાસ્તની વર્ષ વાઈઝ સંખ્યા નીચે મુજબ છે.

| વર્તુળ-નિગમ | વર્ષ | સંખ્યા. |
|---|---|---|
| ક્ષાર પ્રવેશ નિવારણ વર્તુળ, | ૨૦૦૨-૦૩ | ૧.ખંભાલીડા (તા. જામનગર.) |

| | | |
|---|---|---|
| રાજકોટ. | | ૨.જસાપર ( તા. ભાણવડ )<br>૩.જંબુસર ( તા. ભાણવડ )<br>૪.સરમતવસઈ(તા. જામનગર) |
| | ૨૦૦૩-૦૪ | ૧.હડીયાણા ( તા. જોડીયા ) |
| | ૨૦૦૪-૦૫ | ૧.ખીજડીયા ( તા. જામનગર)<br>૨.જોગવડ ( તા. લાલપુર )<br>૩.ડાઢીયારી ( તા. જોડીયા ) |
| સરદાર પટેલ સહભાગી સિંચાઈ વર્તુળ, રાજકોટ | ૨૦૦૨-૦૩<br>૨૦૦૩-૦૪<br>૨૦૦૪-૦૫ | ૨<br>૧૨૫૧<br>૧૮<br>૧૨૭૧ |
| પંચાયત સિંચાઈ વર્તુળ, રાજકોટ | ૨૦૦૨-૦૩<br>૨૦૦૩-૦૪<br>૨૦૦૪-૦૫ | ૪૯.-ચેકડેમો ૪-તળાવ<br>૨૮-ચેકડેમો ૫-તળાવ<br>૧૦-ચેકડેમો ૨-તળાવ |
| ગુ. જ. સં. વિ. નં. લી. | ૨૦૦૪-૦૫ | ૨૪ |

(૨) નીચે મુજબની યોજનાઓને તા. ૩૧-૩-૦૫ સુધીમાં મંજુરી આપવામાં આવી અને યોજનાવાર ખર્ચ અંદાજવામાં આવ્યો.

| | | |
|---|---|---|
| ક્ષાર પ્રવેશ નિવારણ વર્તુળ, રાજકોટ | ૧.ખંભાલીડા-રૂા.૨૯.૪૮૮ લાખ<br>૨.જસાપર-રૂા.૨૯.૫૨૬<br>૩.ખીજડીયારૂા.૪૭.૬૪<br>૪.ડાઢીયારી-રૂા.૧૧.૯૬ | <br>,,<br>,,<br>,, |
| સ. પ. સ. સિં વર્તુળ, રાજકોટ | ૧૨૨૭ચેકડેમો | રૂા.૨૩૫૮.૬૬ લાખ નો ખર્ચ અંદાજવામાં આવ્યો, |
| | | |
| ગુ. જ. સં. વિ.નિ. લી. ગાંધીનગર. | ૨૪ ચેકડેમ | રૂા.૭૭૯.૫૯ લાખ |

(૩) વર્ષવાર નીચે મુજબ ગ્રાંન્ટ ફાળવેલ છે

| | | |
|---|---|---|
| ક્ષાર પ્રવેશ નિવારણ વર્તુળ, | વર્ષ | ફાળવેલ ગ્રાંન્ટ |
| રાજકોટ | ૦૩-૦૪ | રૂા.૪૪.૪૭લાખ |
| | ૦૪-૦૫ | રૂા.૨૩૮.૪૮લાખ |
| સ. પ. સ. સિં. વર્તુળ, રાજકોટ | ૦૩-૦૪ | રૂા.૫૨.૦૦લાખ |
| | ૦૪-૦૫ | રૂા.૬૭.૬૧લાખ |
| રાજકોટ પંચાયત સિંચાઈ વર્તુળ | ૦૩-૦૪ | રૂા. ૭.૦૦લાખ |
| રાજકોટ | ૦૪-૦૫ | રૂા.૨૨.૫૧લાખ |

| | | |
|---|---|---|
| ગુ. જ. સં. વિ. નિ. લી.<br>ગાંધીનગર | ૦૪-૦૫<br>૬૦ ટકા લેખે | રૂા.૫૩.૪૮લાખ |

**જામનગર તાલુકામાં સરદાર પટેલ જળસંચય યોજનાના કામો**

અતારાંક્તિ : ૩૫૧૬ ( ૧૬-૫-૦૫) **ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય)** : **માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર તાલુકામાં સરદાર પટેલ જળસંચય યોજના હેઠળ કેટલી રકમનાં કેટલા કામો હાથ ધરવાની દરખાસ્ત આવી,
(૨) આ પેકી કેટલી દરખાસ્તો મંજુર કરવામાં આવી,
(૩) કેટલા ચેકડેમો માટે કેટલી રકમ સરકાર દ્વારા ફાળવવામાં આવી, અને
(૪) જે દરખાસ્તો ના મંજુર કરવામાં આવી તેના કારણો શું છે ?

**જળસંપતિ મંત્રીશ્રી** - ( ૯-૯-૨૦૦૫ )

(૧) રૂા. ૪૬૦.૯૪ લાખની ૮૫ કામો હાથ ધરવાની દરખાસ્તો આવી.

(૨) આ પેકી તા. ૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ ૮૩ કામોની દરખાસ્ત મંજુર કરવામાં આવી.

(૩) એક ચેકડેમ માટે રૂા. ૪.૯૦ લાખ સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવ્યા.

(૪) તા. ૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ આવેલ કુલ ૮૫ કામો પેકી ૮૩ કામોની દરખાસ્ત મંજુર કરવામાં આવેલ હતી એક દરખાસ્ત તા. ૩૧-૩-૨૦૦૫ પછી મંજૂર કરવામાં આવી. જ્યારે બાકીની એક દરખાસ્ત મોટી નદીપરના ચેકડેમના કામ માટેની હોઈ પ્રયોજકશ્રીને ગુજરાત જળસંપતિ વિકાસ નિગમ લિ., ના સંપર્ક કાર્યવાહી કરવા જાણ કરેલ છે.

**જામનગર તાલુકામાં ચેકડેમોની મરામત**

અતારાંક્તિ : ૩૫૧૭ ( ૧૬-૫-૦૫)**ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય)** : **માનનીય જળસંપતિ મંત્રીશ્રી**
જણાવવા કૃપા કરશે કે :-

(૧) જામનગર તાલુકામાં તા. ૩૧-૩-૦૫ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલા ચેકડેમો અને સંગ્રહ તળાવો બનેલા છે.
(૨) તેમાંથી કેટલામાં પાણી સંગ્રહ કરવાની ક્ષમતા છે.
(૩) કેટલા તુટી ગયા છે.
(૪) જામનગરમાં કેટલા ચેકડેમો અને સંગ્રહ તળાવોની મરામત કામગીરી હાથ ધરવામાં આવી, અને
(૫) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જળસંપતિ મંત્રીશ્રી** - ( ૬-૯-૨૦૦૫ )

(૧) જામનગર તાલુકામાં તા. ૩૧-૩-૦૫ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પંચાયત સિંચાઈ વિભાગ દ્વારા ૬ ચેકડેમો અને ૧ સંગ્રહ તળાવ બનાવવામાં આવેલ તથા ક્ષાર પ્રવેશ નિવારણ વર્તુળ, દ્વારા બે ચેકડેમો ઘુબારપુર, દોઢીયા, બનેલા છે. તથા ગુજરાત જળસંપતિ વિકાસ નિગમ લિ., દ્વારા મંજૂર કરેલ ૭ ચેકડેમો પેકી ૧ ચેકડેમોનું કામ પૂર્ણ થયેલ છે.

(૨) આ બનાવવામાં આવેલ ચેકડેમો અને સંગ્રહતળાવ પાણી સંગ્રહ કરવાની ક્ષમતા ધરાવે છે

(૩) આ બનાવવામાં આવેલ ચેકડેમો અને સંગ્રહ તળાવ તૂટી ગયેલ નથી.

(૪) પંચાયત સિંચાઈ વિભાગ હેઠળની ૧ ચેકડેમ મરામતની કામગીરી કરવામાં આવેલ છે. તથા ક્ષાર પ્રવેશ નિવારણ વર્તુળ, હેઠળના ચેકડેમો અને સંગ્રહ તળાવોની મરામતની કોઈ કામગીરી હાથ ધરવામાં આવેલ નથી.

(૫) પંચાયત સિંચાઈ વિભાગ, દ્વારા મરામતની કામગીરી રૂા. ૧.૮૭ લાખનો ખર્ચ થયેલ છે.

## જામનગર જિલ્લામાં વોટર પ્રોજેક્ટ પાછળ ખર્ચ

અતારાંકિત : ૩૫૨૫ ( ૧૨-૫-૦૫)ડૉ. **દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય)** : **માનનીય ગ્રામ વિકાસમંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) જામનગર જિલ્લામાં માર્ચ-૦૫ની સ્થિતિએ વોટર શેડના પ્રોજેક્ટ ક્યા ક્યા તાલુકામાં ચાલે છે,

(૨) દરેક તાલુકા પ્રમાણે તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કઈ કઈ સંસ્થાઓના કુલ કેટલા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) આમાં તાલુકા પ્રમાણે કુલ કેટલો ખર્ચ થયો તથા કેટલાને પાણીનો લાભ મળે છે ?

**ગ્રામ વિકાસ (રાજ્યકક્ષા) મંત્રીશ્રી** - ( ૧૨-૯-૦૫ )

(૧) જામનગર જિલ્લામાં માર્ચ-૦૫ની સ્થિતિએ વોટર શેડના પ્રોજેકટો નીચે મુજબના ૧૦ તાલુકામાં ચાલે છે.

(૧)જામનગર ૨)ધ્રોળ(૩)જોડીયા(૪)જામજોધપુર(૫)ભાણવડ(૬)લાલપુર(૭)ખંભાળીયા (૮)કલ્યાણપુર(૯)દ્વારકા અને(૧૦)કાલાવડ

(૨) દરેક તાલુકા પ્રમાણે તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબ

કુલ-૧૮૭ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે.

(૩) આમા, દસ તાલુકામાં કુલ રૂા. ૨૮૦.૩૩ લાખનો ખર્ચ થયેલ છે. તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ખર્ચ (રૂા. લાખમાં)** |
|---|---|---|
| (૧) | જામનગર | ૯૯.૦૦ |
| (૨) | ધ્રોળ | ૧.૪૬ |
| (૩) | જોડીયા | ૪.૧૩ |
| (૪) | જામજોધપુર | ૨૬.૮૧ |
| (૫) | ભાણવડ | ૫૬.૨૭ |
| (૬) | લાલપુર | ૧૪.૪૮ |
| (૭) | ખંભાળીયા | ૫.૬૧ |
| (૮) | કલ્યાણપુર | ૨૯.૮૫ |
| (૯) | દ્વારકા | ૩૭.૨૯ |
| (૧૦) | કાલાવડ | ૫.૪૩ |
| | કુલ.... | ૨૮૦.૩૩ |

વોટર શેડ કાર્યક્રમોએ જળસ્ત્રાવ વિસ્તારલક્ષી કાર્યક્રમ છે. પાણી પુરા પાડવા અંગેનો કાર્યક્રમ નથી.

**પરિશિષ્ટ૧**

| ક્રમ | તાલુકાનું નામ | સંસ્થાનું નામ | કુલ |
|---|---|---|---|
| ૧ | જામનગર | તાલુકા પંચાયત, જામનગર | ૧૨ |
| | | શારદાપીઠ એજ્યુકેશન ટ્રસ્ટ, ધ્રોલ | ૧ |
| | | કાર્યપાલક ઈજનેરશ્રી (સિંચાઈ), જી. પં. જામનગર | ૬ |

| | | | |
|---|---|---|---|
| | | જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિ. પં. જામનગર | ૧ |
| | | કુલ | ૨૦ |
| ૨ | ધ્રોળ | તાલુકા પંચાયત, ધ્રોળ | ૧૦ |
| | | નાયબ વન સંરક્ષકશ્રી વિસ્તરણ, જામનગર | ૩ |
| | | મદદનીશ વન સંરશ્રકશ્રી, નોર્મલ-જામનગર | ૨ |
| | | કુલ | ૧૫ |
| ૩ | જોડીયા | તાલુકા પંચાયત, જોડીયા | ૧૦ |
| | | મદદનીશ વન સંરક્ષકશ્રી, નોર્મલ-જામનગર | ૬ |
| | | કુલ | ૧૬ |
| ૪ | જામજોધપુર | તાલુકાપંચાયત, જામજોધપુર | ૧૨ |
| | | ગુજરાત જનની વિકાસ નિગમ, જામનગર | ૨ |
| | | ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ, સિધ્ધસર | ૧ |
| | | ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ, સુરેન્દ્રનગર | ૪ |
| | | કુલ | ૧૯ |
| ૫ | લાલપુર | તાલુકા પંચાયત, લાલપુર | ૫ |
| | | ગુજરાત જમીન વિકાસ નિગમ, જામનગર | |
| | | ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લી, સુરેનદ્રનગર | ૨ |
| | કુલ | | ૧૯ |
| ૬ | ભાણવડ | તાલુકાપંચાયત, ભાણવડ | ૧૦ |
| | | ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લી. સુરેન્દ્રનગર | ૬ |
| | | કુલ | ૧૬ |
| ૭ | ખંભાળીયા | તાલુકા પંચાયત, ખંભાળીયા | ૧૨ |
| | | નાયબ વન સંરક્ષકશ્રી, વિસ્તરણ-વન વિભાગ, જામનગર | ૭ |
| | | કુલ | ૧૯ |
| ૮ | કલ્યાણપુર | તાલુકા પંચાયત કલ્યાણપુર | ૧૪ |
| | | કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ, જિ. પં. જામનગર | ૬ |
| | | ગુજરાત જમીન વિકાસ નિગમ, જામનગર | ૧ |
| | | જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિ. પં. જામનગર | ૧ |
| | | કુલ | ૨૨ |
| ૯ | દ્વારકા | તાલુકા પંચાયત, દ્વારકા | ૧૦ |
| | | ટાટા કેમીકલ્સ ફોર રૂરલ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન, જામનગર | ૩ |
| | | જિલ્લા ખેતીવાડીશ્રી, જિ. પં. જામનગર | ૩ |
| | | કુલ | ૧૬ |
| ૧૦ | કાલાવડ | તાલુકા પંચાયત, કાલાવડ | ૨૫ |
| | | એકંદર કુલ | ૧૮૭ |

## નર્મદાનું પાણી સરસ્વતી નદીમાં ભરવા બાબત

અતારાંક્તિ : ૩૫૪૭ ( ૬-૬-૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) નર્મદા ડેમથી સરસ્વતી નદીમાં પાણી ભરવાની કાર્યવાહી હાલમાં ક્યા તબકકે છે. અને

(૨) આ અંગે માર્ચ, ૨૦૦૫ સુધીમાં રાજ્ય સરકારે કુલ કેટલો ખર્ચ ર્ક્યા છે ?

**જળસંપતિ મંત્રીશ્રી :-** ( ૧-૯-૦૫ )

(૧) સુજલામ સુફલામ યોજના અંતર્ગત ખોરસમ-સરસ્વતી બેરેજ સુધીની પાઈપલાઈન યોજનાના થયેલ કામની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | પાઈપલાઈન સેક્શનનુ નામ | કુલ લંબાઈ મીટરમાં | પુર્ણ થયેલ લંબાઈ મીટરમાં |
|---|---|---|---|
| ૧. | ખોરસમ થી સરસ્વતી કેનાલ જંક્શન સુધી. | ૨૦૪૦૦ | ૧૬૦૨૫ |
| ૨. | ગોલાપુર થી સંખારી સુધી | ૫૫૦૦ | ૫૨૮૧ |
| ૩. | હાંસાપુર થી સિધ્ધપુર સુધી | ૨૫૯૨૦ | ૧૨૯૮૩ |
| ૪. | હાંસાપુર થી સરસ્વતી બેરેજ સુધી. | ૧૯૫૦ | કામગીરી ચાલુ કરેલ છે. |

(૨) આ અંગે માર્ચ ૨૦૦૫ સુધીમાં રાજ્ય સરકાર દ્વારા રૂા. ૭૦૯૨ લાખ નો ખર્ચ કરવામાં આવેલ છે.

## સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ રાજ્યમાં ચેકડેમો

અતારાંકિત : ૩૬૦૦ ( ૧૫-૭-૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૧-૬-૨૦૦૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ કુલ કેટલા ચેકડેમો જિલ્લાવાર બનાવાયા , કેટલા ખર્ચે,

(૨) તે પેકી આદિજાતિ વિસ્તારોમાં કેટલા બનાવાયા, કેટલા ખર્ચે,

(૩) આ પેકી કેટલા ચેકડેમો કોન્ક્રીટથી અને કેટલા પથ્થર ચણતરથી જિલ્લાવાર બનાવાયા હતા,

(૪) આ પેકી જિલ્લાવાર કુલ કેટલા ચેકડેમો નિષ્ફળ તથા લીકેજ થયા, અને

(૫) આ અંગે રાજ્ય સરકારે જિલ્લાવાર ક્યા ક્યા કોન્ટ્રાકટરો સામે પગલાં ભર્યા ?

**જળસંપતિ મંત્રીશ્રી :-** ( ૯-૯-૦૫ )

(૧) તા. ૧-૬-૨૦૦૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના હેઠળ કુલ ૧૭૦૦૮ ચેકડેમો રૂા. ૩૫૫૪૨.૦૧ લાખના ખર્ચે બનાવાયા (જિલ્લાવાર પત્રક-૧ સામેલ છે)

(૨) તે પેકી આદિજાતિ વિસ્તારોમાં કુલ ૫૯૭૯ ચેકડેમો રૂા. ૧૨૯૮૭.૨૨ લાખના ખર્ચે બનાવાયા. જિલ્લાવાર પત્રક-૧ સામેલ છે.)

(૩) આ પેકી ૧૬૦૭૪ ચેકડેમો કોન્ક્રીટથી અને ૯૩૪ ચેકડેમો પથ્થર ચણતરથી બનાવાયા. જિલ્લાવાર પત્રક-૧ સામેલ છે)

(૪) આ પેકી રાજકોટ જિલ્લાના બે ચેકડેમો તૂટી ગયેલ છે.

(૫) સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ ચેકડેમોના કામો પ્રાયોજકશ્રીઓ દ્વારા કરવામાં આવતા હોય છે, કોન્ટ્રાકટરો દ્વારા કરવામાં આવતા ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક ૧**

| જિલ્લો | બે વર્ષમાં પુરા થયેલ ચેકડેમો | બે વર્ષમાં પુરા થયેલ ચેકડેમો પાછળ થયેલ કુલ ખર્ચ | આદિજાતિ વિસ્તારમાં થયેલ ચેકડેમો | આદિજાતિ વિસ્તારમાં થયેલ ચેકડેમો પાછળ ખર્ચ | કોન્ક્રીટમાં થયેલા ચેકડેમો | પથ્થર ચણતરમા થયેલા ચેકડેમો |
|---|---|---|---|---|---|---|
| અમદાવાદ/ ગાંધીનગર | ૨૦ | ૬૭.૮૭ | ૦ | ૦ | ૨૦ | ૦ |
| અમરેલી | ૧૦૪ | ૩૨૪ | ૦ | ૦ | ૧૦૪ | ૦ |
| ભરૂચ | ૩ | ૪.૬૬ | ૦ | ૦ | ૩ | ૦ |
| ભાવનગર | ૨૧૦ | ૧૦૩૯.૬૮ | ૦ | ૦ | ૧૬૬ | ૪૪ |
| બનાસકાંઠા | ૧૦૮૬ | ૧૧૭૬.૬ | ૩૧૦ | ૩૧૨.૨૫ | ૧૦૮૪ | ૨ |
| દાહોદ | ૨૩૬૫ | ૪૪૧૬ | ૨૩૬૫ | ૪૪૧૬ | ૨૩૬૫ | ૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જામનગર | ૮૬ | ૧૫૪.૦૫ | ૦ | ૦ | ૯ | ૭૭ |
| જુનાગઢ | ૧૪૧૯ | ૧૯૮૨.૨૩ | ૦ | ૦ | ૧૩૩૭ | ૮૨ |
| ખેડા/આંણંદ | ૧૫૪ | ૨૧૪.૯૩ | ૧૫૨ | ૨૧૧.૨૩ | ૧૫૪ | ૦ |
| કચ્છ | ૧૪૨ | ૩૨૨.૯ | ૦ | ૦ | ૨૪ | ૧૧૮ |
| મહેસાણા | ૨૨૯ | ૪૫૦.૭૯ | ૦ | ૦ | ૨૨૯ | ૦ |
| નર્મદા | ૧૮ | ૫૩.૨૩ | ૧૮ | ૫૩.૨૩ | ૧૮ | ૦ |
| નવસારી | ૧૮૯ | ૪૪૯.૭૯ | ૧૮૯ | ૪૪૯.૭૯ | ૦ | ૧૮૯ |
| પંચમહાલ | ૩૫૮૯ | ૭૦૮૧.૭૩ | ૯૦૫ | ૨૧૮૭.૭૯ | ૩૫૮૯ | ૦ |
| પાટણ | ૫૬૪ | ૧૧૫૧.૯૬ | ૦ | ૦ | ૫૬૪ | ૦ |
| પોરબંદર | ૫૦ | ૮૩.૫૩ | ૦ | ૦ | ૫૦ | ૦ |
| રાજકોટ | ૯૦૮ | ૧૪૭૬.૯૪ | ૦ | ૦ | ૮૯૦ | ૧૮ |
| સાબરકાંઠા | ૪૭૨૫ | ૧૨૦૭૩ | ૧૦૩૨ | ૨૫૪૯.૫૪ | ૪૭૨૫ | ૦ |
| સુરત | ૨૨૪ | ૮૬૮.૦૮ | ૨૨૩ | ૮૬૭.૩૭ | ૨૨૪ | ૦ |
| સુરેન્દ્રનગર | ૧૨૪ | ૧૭૦.૯ | ૦ | ૦ | ૬૨ | ૬૨ |
| વડોદરા | ૪૫૭ | ૯૧૭.૫૧ | ૪૪૩ | ૮૭૮.૩૯ | ૪૫૭ | ૦ |
| વલસાડ | ૩૪૨ | ૧૦૬૧.૬૩ | ૩૪૨ | ૧૦૬૧.૬૩ | ૦ | ૩૪૨ |
| કુલ સરવાળો | ૧૭૦૦૮ | ૩૫૫૪૨.૦૧ | ૫૯૭૯ | ૧૨૯૮૭.૨૨ | ૧૬૦૭૪ | ૯૩૪ |

## ગાંધીનગર જિલ્લાના ઇટાદરા ગામે તળાવ અને કુવાઓ પુરી દેવા અંગે

અતારાંક્તિ : ૩૬૨૩ ( ૨૭-૭-૨૦૦૫) **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ગાંધીનગર જિલ્લાના ઇટાદરા ગામે બળીયાદેવ તથા ગુડા તળાવ તેમજ ગામ કુવાઓ પુરી દેવાથી તાજેતરના ભારે વરસાદ કારણે લોકોના ઘરોમાં પાણી ભરાઈ ગયા હતા તથા ગામમાં આવવા જવાનો રસ્તો બંધ થઈ ગયો હતો તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ તળાવો અને કુવાઓમાં પુરાણ કરાવનાર શખ્શો કોણ કોણ છે અને તેની સામે શી કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) વરસાદી પાણી તળાવ-કુવામાં જ જાય તે માટે સરકાર આ તળાવો તથા કુવાઓ ફરીથી ઉંડા કરાવવા માગે છે, કે કેમ, અને

(૪) જો હા, તો ક્યાં સુધીમાં ?

**જળસંપતિ મંત્રીશ્રી:-** ( ૯-૯-૨૦૦૫ )

(૧) ના, જી. ભારે વરસાદને કારણે પાણી ભરાયેલ હતા.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) વરસાદી પાણી તળાવમાં ભરાય તે માટે લોકભાગીદારીથી ૯૦:૧૦ ની યોજનામાં તળાવ ઉંડા કરવાની યોજના હાલ અમલમાં છે.

(૪) આ યોજના હાલ ચાલુ છે. લાભાર્થીઓ આ યોજનાનો લાભ લઈ શકે છે.

## હાલોલ તાલુકાના ગારીયાલ ગામે સિંચાઈ યોજનાની અધુરી કામગીરી

અતારાંક્તિ : ૩૬૨૪( ૧-૮-૨૦૦૫) **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) હાલોલ તાલુકાના ગારીયલ ગામે દેવ સિંચાઈ યોજના આધારિત કરવામાં આવેલ લીફટ ઈરીગેશનની કામગીરી બરાબર નહીં કરવાથી છેલ્લા પાંચ વર્ષથી આ યોજના બંધ છે અને ટેસ્ટીંગ કરીને સંબંધીત સંસ્થાને સોંપેલ નથી તે વાત સાચી છે,

(૨) આ યોજનાનું કામ પ્લાન એસ્ટીમેટ પ્રમાણે થયેલ નથી તેમજ મટીરીયલ હલ્કી કક્ષાનું વાપરેલ છે તે અંગેની જરૂરી ઈન્કવાયરી કરાવીને આ યોજનાની કામગીરી સત્વરે પૂર્ણ કરાવીને સરકાર સંસ્થાને સોંપવા માંગે છે કે કેમ, અને

(૩) જો હા, તો કેટલા સમયમાં આ યોજના પૂર્ણ કરીને સોંપવામાં આવશે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી :-** ( ૨-૯-૨૦૦૫ )

(૧) હા, જી.

(૨) સરકારના નિયમોનુસાર ગુણવત્તા જાળવીને કામ કરવામાં આવે છે. બાકી રહેતી કામગીરી સત્વરે પૂર્ણ કરાવી યોજના સંસ્થાને સોંપવામાં આવશે.

(૩) આગામી ૬ માસમાં બાકી કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.

---

## ધરમપુર તાલુકામાં જળસંચયના કામો

અતારાંક્તિઃ ૩૬૪૧( ૧-૮-૨૦૦૫) **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૫-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં સરદાર પટેલ જળસંચય યોજના હેઠળ કેટલી રકમના કેટલા કામો હાથ ધરવાની દરખાસ્તો આવી,

(૨) આ પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલા ચેકડેમો માટે કેટલી રકમ સરકાર દ્વારા ફાળવવામાં આવી ?

**જળસંપતિ મંત્રીશ્રીઃ-** ( ૧૩-૯-૨૦૦૫ )

(૧) ધરમપુર તાલુકામાં તા. ૩૧-૫-૨૦૦૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર પટેલ જળસંચય યોજના હેઠળ ૬૩૭ ચેકડેમોની દરખાસ્ત આવેલ હતી.

(૨) છેલ્લા બે વર્ષમાં કુલ-૪૭૮ દરખાસ્તો અંદાજીત કિંમત ૧૬૭૩ લાખની મંજુર કરવામાં આવી.

(૩) સરકારશ્રી દ્વારા ૨૫૦ ચેકડેમો માટે રૂા. ૮૬૭.૬૧ લાખની ફાળવણી તા. ૩૧-૫-૨૦૦૫ ની સ્થિતિએ કરવામાં આવેલ છે.

---

## વલસાડ જિલ્લામાં નોસોર્સ યોજનામાં સમાવિષ્ટ ગામો

અતારાંક્તિ : ૩૬૪૨ ( ૧-૮-૨૦૦૫) **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦-૬-૦૫ની સ્થિતિએ વલસાડ જીલ્લામાં તાલુકાદીઠ ચાલુ વર્ષે કેટલા ગામોનો નોસોર્સ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે, અને

(૨) આ ગામો પૈકી કેટલા ગામો માટે પાણી પુરવઠા યોજના મંજૂર થયેલ છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રીઃ-** ( ૯-૯-૨૦૦૫ )

(૧) રાજ્ય સરકાર દ્વારા ગામ-ફળિયાઓને ૧-૪-૧૯૯૫ થી નોસોર્સ કેટેગરીમાં જાહેર કરવાનું બંધ કરવામાં આવેલ છે. પરંતુ રાજીવ ગાંધી મીશનના હેબીટેશન સર્વે મુજબ વલસાડ જીલ્લામાં તા. ૩૦-૬-૨૦૦૫ ની સ્થિતિએ નીચે પ્રમાણેના ગામો અને એનસી (નોટ કવર્ડ કેટેગરીના) અને પીસી (પાર્શીયલ કવર્ડ) કેટેગરીના છે. એકપણ ગામ/ફળીયા એન. સી. (નોટ કવર્ડ) કેટેગરીમાં સમાવેશ નથી. જ્યારે પી. સી. (પાર્શીઅલી કવર્ડ) કેટેગરીના ફળીયાની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | પી. સી. કક્ષાના ફળીયાની સંખ્યા | | |
|---|---|---|---|
| | કુલ | પુર્ણ | બાકી |
| વલસાડ | ૪૮૬ | ૨૨ | ૪૬૪ |
| પારડી | ૭૯૧ | ૨૨ | ૭૬૯ |
| ઉમરગામ | ૫૫૬ | ૩૦ | ૫૨૬ |
| ધરમપુર | ૩૯૨ | ૩૪ | ૩૫૮ |
| કપરાડા | ૨૮૧ | ૧૫ | ૨૬૬ |
| **કુલ** | **૨૫૦૬** | **૧૨૩** | **૨૩૮૩** |

(૨) બાકી રહેતા ગામો પૈકી ૬૦૭ ફળીયાની પાણી પુરવઠા યોજના મંજુર થયેલ છે.

---

## ધરમપુર તાલુકામાં પાણી પુરવઠા યોજનાના કામો

અતારાંક્તિઃ ૩૬૪૩ ( ૧-૮-૨૦૦૫) **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦-૬-૦૫ની સ્થિતિએ ધરમપુર તાલુકામાં કેટલી પાણી પુરવઠા યોજનાઓની કામગીરી ચાલી રહી છે, અને કેટલી અધૂરી છે, અને

(૨) આ તમામ પાણી પુરવઠા યોજનાઓ ક્યાં સુધીમાં પૂર્ણ થશે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રીઃ-**

(૧) ૨૪ મીની પાઈપ પાણી પુરવઠા યોજનાની કામગીરી ચાલી રહી છે અને એક પણ યોજના અધૂરી નથી.

(૨) ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---

## રાજકોટ જિલ્લામાં સ્વજલધારા યોજનાના કામો

અતારાંક્તિઃ ૩૬૮૪ ( ૯-૮-૦૫) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦-૬-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર સ્વજલધારા યોજના અંતર્ગત કેટલા કામો મંજૂર થયા, અને

(૨) તે પૈકી કેટલા કામો શરૂ કરવામાં આવ્યા અને તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**પાણી પુરવઠા મંત્રીશ્રીઃ-** (૯-૯-૦૫)

(૧) એકપણ નહીં.

(૨) પ્રશ્ન રહેતો નથી.

---

## દક્ષિણ ગુજરાતમાં જૂથ પાણી પુરવઠા યોજનાઓ

અતારાંક્તિઃ ૩૭૪૦ ( ૫-૮-૨૦૦૫) **શ્રી માધુભાઈ જે. ભોયે(ડાંગ-વાંસદા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦-૬-૦૫ ની સ્થિતિએ દક્ષિણ ગુજરાતમાં આવેલ ચાર જીલ્લાઓમાં જુથ પાણી પુરવઠા યોજનાઓ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ગામોના ફેઈલ છે અને કેટલી પાણી પુરવઠા યોજનાઓ ચાલુ છે, અને

(૨) જુથ પાણી પુરવઠા યોજનાઓ ફેઈલ થવાના કારણો શાં છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રીઃ-** (૧૨-૯-૦૫)

(૧) એક પણ ગામમાં ફેઈલ નથી. તથા ૩૯ જુથ પાણી પુરવઠા યોજનાઓ ચાલુ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---

## જામનગર જિલ્લામાં ગ્રામ હાટ પાછળ નુક્શાન

અતારાંક્તિઃ ૩૫૨૬ ( ૧૨-૫-૨૦૦૫)**ડૉ. દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) જામનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ કેટલો ખર્ચ ગ્રામ હાટ પાછળ કરવામાં આવ્યો,

(૨) આવકની સરખામણીમાં જાવક કેટલી રહી અને કેટલું નુક્સાન થયું, અને

(૩) આ નુક્સાન દૂર કરવા સરકારે શાં પગલાં લીધા છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા):-** (૧૨-૯-૦૫)

(૧) જામનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ ગ્રામ હાટ પાછળ કુલ રૂા. ૭.૨૫ લાખ ખર્ચ કરવામાં આવેલ છે.

(૨) સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધા ગ્રામિણ ગરીબ કારીગર અને સ્વસહાય જૂથોને ઉપલબ્ધ કરાવવાની હોય છે જેના ભાગરૂપે ગ્રામહાટ ઉભુ કરવા માટે આ ખર્ચ કરેલ છે. જેથી ગરીબ કારીગર/ સ્વસહાય જુથોને આવક થાય છે. જેથી રાજ્ય સરકારને નુકશાન થવાનો પ્રશ્ન રહેતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## જામનગર તાલુકામાં ગોચરના દબાણો દૂર કરવા અંગે

અતારાંક્તિઃ ૩૫૨૭ ( ૧૨-૫-૨૦૦૫)ડૉ. **દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) જામનગર તાલુકાના વિભાપર ખીજડીયા, બાળવેરાની ચોળાવેરાની ગામોની ગોચર જમીન કેટલી છે,

(૨) આ ગોચર જમીનમાં ક્યા ક્યા નંબરોમાં કેટલા વર્ષથી દબાણ કરવામાં આવેલ છે,

(૩) આ દબાણ કરનરાઓ દ્વારા આ જમીનનો શો ઉપયોગ કરવામાં આવેલ છે,

(૪) આ ગોચર જમીનો કોણે કોણે દબાણ કરી છે,

(૫) સરકાર આ દબાણો કેટલા સમયમાં દૂર કરવા માંગે છે, અને

(૬) આ દબાણો દૂર કરવામાં નિષ્ફળ ગયેલ અધિકારી/કર્મચારી સામે ક્યા ક્યા પ્રકારના પગલાં લીધા છે ?

**પંચાયત મંત્રીશ્રીઃ-** (૭-૯-૨૦૦૫)

(૧) જામનગર તાલુકાના વિભાપર ગામે ૪૨/૭૦/૪૩ હેક્ટર, આર. એ, પ્રતિ આર. એ અને ખીજડીયા ગામે ૮૯/૬૬/૮૩ હેક્ટર, આર. એ , પ્રતિ આર. એ ગેચરની જમીન છે. બાળવેરાની તથા ચોળાવેરાની નામના કોઈ ગામ આવેલ નથી.

(૨) વિભાપર ગામે આ ગોચરની જમીનમાં સર્વે નં. ૬૫ માં ૧૦૨૦ ચો. મી. ની નું દબાણ છે. સર્વે ૮૮ તથા ૯૨/૧ માં ખેતીનું દબાણ છે. સર્વે નં. ૧૫૮ માં પડતર બંધ મકાન છે. છેલ્લા દશ વર્ષથી આ દબાણ છે. ખીજડીયા ગામે કોઈ દબાણ નથી.

(૩) રહેણાંક તથા ખેતી માટે ઉપયોગ કરવામાં આવે છે.

(૪) આ ગોચર જમીનો નીચે મુજબની વ્યક્તિઓએ દબાણ કરેલ છે.

૧.ગોવીંદ વજા,૨.રઘા વજા૩.પ્રેમા રતના૪.મોહન રતના

(૫) ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૧૦૫(૨) હેઠળ ગોચર પરના દબાણો દૂર કરવાની કાર્યવાહી ગ્રામ પંચાયતે કરવાની રહે છે. કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરી વહેલી તકે દબાણ દૂર કરવા જણાવેલ છે.

(૬) દબાણ દૂર કરવામાં નિષ્ફળ ગયેલ સરપંચશ્રી તથા તલાટી કમ મંત્રીશ્રી વિભાપરને તાલુકા વિકાસ અધિકારીશ્રી, જામનગર તરફથી કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ છે.

## રાજકોટ જીલ્લાના સરધાર ગામના સરપંચ સામે ભ્રષ્ટાચારની ફરિયાદ

અતારાંક્તિઃ ૩૫૩૮ ( ૧૬-૫-૦૫)**શ્રી સિધ્ધાર્થ મા. પરમાર(રાજકોટ ગ્રામ્ય) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦-૪-૨૦૦૫ની સ્થિતિએ રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના સરધાર ગામના સરપંચ સામે છેલ્લા ત્રણ વર્ષના ઉચાપત અંગેની અને પદનો દૂર ઉપયોગ કરી ભ્રષ્ટાચાર અંગેની કોઈ લેખીત ફરિયાદ આવેલ છે,

(૨) ક્યારે અને કઈ તારીખે પહેલી ફરિયાદ આવેલ છે, અને

(૩) આ અંગે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**પંચાયત મંત્રીશ્રીઃ-** (૧૨-૯-૦૫)

(૧) હા, જી.

(૨) વર્તમાન સરપંચશ્રીના વહીવટ દરમ્યાન તા. ૧૫-૯-૦૩ના રોજ પહેલી ફરીયાદ આવેલ છે.

(૩) મજકુર સરપંચશ્રી સામે પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવેલ છે.

**રાજ્યમાં અનુસૂચિત જાતિના વિકાસ માટેની ગ્રાન્ટ લેપ્સ જવા અંગે**

અતારાંક્તિઃ ૩૫૩૯ ( ૧૨-૫-૦૫)**શ્રી સિધ્ધાર્થ મા. પરમાર(રાજકોટ ગ્રામ્ય) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં ૨૦૦૩-૦૪માં અનુસૂચિત જાતિના વિકાસ માટેની રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકારની કેટલી ગ્રાન્ટ વિવિધ હેડ હેઠળ લેપ્સ ગઈ છે.

(૨) લેપ્સ જવાના કારણો શું છે, અને

(૩) તે અંગે જવાબદારી સામે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :-** (૧૨-૯-૦૫)

(૧) ફક્ત રાજ્ય સરકારની રૂા. ૪.૬૫ લાખની ગ્રાન્ટ લેપ્સ ગઈ છે.

(૨) વહીવટી કારણોસર તિજોરી કચેરીમાંથી ઉગવી શકાયેલ નથી.

(૩) તે બાબતે જવાબદાર અધિકારીને તાકીદ આપવામાં આવેલ છે.

---o---

**જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ""વૃક્ષ બેંક"" યોજના પાછળ ખર્ચ**

અતારાંક્તિઃ ૩૫૮૧ ( ૧૮-૬-૦૫) **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી મારફતે ""વૃક્ષ બેંક"" યોજના ચાલે છે તે હકીક્ત સાચી છે ,

(૨) જો હા, તો આ યોજનાની વિગતો શું છે ,

(૩) આ યોજના તા. ૩૧-૫-૦૫ની સ્થિતિએ રાજ્યના ક્યા ક્યા જિલ્લાઓમાં કાર્યરત છે, અને

(૪) છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર આ યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા):-** (૩૦-૯-૦૫)

(૧) અમદાવાદ જિલ્લામાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી મારફતે "" વૃક્ષ બેંક "" યોજના પ્રાયોગિક ધોરણે ચાલુ કરવામાં આવેલ, પરંતુ હાલમાં યોજના કાર્યરત નથી.

(૨) આ યોજના કાર્યરત ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અને (૩)

(૪) છેલ્લા ત્રણ વર્ષમાં આ યોજના પાછળ કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી.

---o---

**આણંદ જિલ્લામાં દૂધાળા ઢોર ખરીદવાની અરજીઓ**

અતારાંક્તિઃ ૩૫૮૨ ( ૧૩-૬-૨૦૦૫) **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા ગામોમાં તા.૩૧-૫-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી વ્યક્તિઓની દૂધાળા ઢોર ખરીદવાની અરજીઓ આવી,

(૨) તા. ૩૧-૫-૦૫ની સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૩) બાકીની અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :-** (૧૨-૯-૦૫)

(૧) આણંદ જિલ્લામાં સ્વર્ણ જ્યંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળ સામેલ *પત્રક-૧માં તાલુકાવાર દર્શાવ્યા પ્રમાણે તા. ૩૧-૫-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૪,૩૯૦ વ્યક્તિઓની દૂધાળા ઢોર ખરીદવાની અરજીઓ આવી.

(૨) તા. ૩૧-૫-૦૫ની પરિસ્થિતિએ કુલ ૨,૧૦૨ અરજીઓ જુદી જુદી બેન્કો દ્વારા મંજૂર કરી.

(૩) બાકીની અરજીઓનો નિકાલ કરવાની કામગીરી જુદી જુદી બેન્કો દ્વારા ઝડપથી ચાલી રહેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## આણંદ જિલ્લામાં સો ચોરસવારના પ્લોટ માટે અરજીઓ

અતારાંક્તિઃ ૩૫૮૩ ( ૧૩-૬-૦૫) **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) આણંદ જીલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૫-૦૫ની સ્થિતિએ ૧૦૦ ચોરસવારની પ્લોટ મેળવવા માટે કેટલી અરજીઓ ક્યા ક્યા ગામોમાંથી આવી,

(૨) તા. ૩૧-૫-૦૫ની સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) બાકી રહેલી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે, અને

(૪) છેલ્લા ૨ વર્ષમાં તાલુકાવાર લેન્ડ ક્મીટીની મીટીંગો ક્યારે ક્યારે બોલાવવામાં આવી ?

**ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી :-** (૯-૯-૦૫)

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૫-૦૫ની સ્થિતિએ ૧૦૦ ચોરસવારની પ્લોટ મેળવવા માટેની નીચે મુજબ તાલુકાવાર ગામોમાંથી કુલ ૧૨૧૬ અરજીઓ આવેલ છે

| ક્રમ | તાલુકાનું નામ | કેટલી અરજીઓ આવી | ક્યા ક્યા ગામોમાંથી અરજીઓ આવી |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૨૪૯ | |
| ૨ | ઉમરેઠ | ૩૬૭ | |
| ૩ | બોરસદ | ૫૫ | |
| ૪ | આંક્લાવ | ૧૬૩ | પરિશિષ્ટ મુજબ |
| ૫ | પેટલાદ | ૧૪૬ | |
| ૬ | સોજીત્રા | ૧૨૨ | |
| ૭ | ખંભાત | ૩૬ | |
| ૮ | તારાપુર | ૭૮ | |
| | કુલ : | ૧૨૧૬ | % |

(૨) ૫૭૪

(૩) બનતી ત્વરાએ

(૪) છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર લેન્ડ ક્મીટીની બેઠકો નીચે મુજબ બોલાવવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | લેન્ડ ક્મીટીની મીટીંગ બોલાવ્યા તારીખ |
|---|---|---|
| ૧ | આણંદ | તા.૧-૯-૦૩<br>તા.૩૦-૧-૦૪<br>તા.૨૦-૨-૦૪<br>તા.૧૬-૭-૦૪<br>તા.૩-૮-૦૪<br>તા.૫-૩-૦૫ |
| ૨ | ઉમરેઠ | તા.૨૯-૧-૦૪<br>તા.૧૨-૭-૦૪<br>તા.૩૧-૫-૦૪ |
| ૩ | બોરસદ | તા.૭-૯-૦૫ ના રોજ લેન્ડ ક્મીટીની બેઠક રાખેલછે |
| ૪ | આંક્લાવ | તા.૧૯-૮-૦૩<br>તા.૨૮-૧-૦૪<br>તા.૨૧-૧૦-૦૪ |
| ૫ | પેટલાદ | તા.૧૪-૬-૦૫ |
| ૬ | સોજીંત્રા | તાલુકાના ૬૭ ના લક્ષ્યાંક સામે ૬૭ અરજી મંજુર થયેલ છે. ફ. લક્ષ્યાંક મુજબ કામગીરી થયેલ હોઈ, લેન્ડ ક્મીટી બોલાવવાની જરૂર ઉભી થઈ નથી. |
| ૭ | ખંભાત | તા.૨૮-૨-૦૫ |
| ૮ | તારાપુર | તા.૧૩-૨-૦૪<br>તા.૫-૫-૦૫ |

## પરિશિષ્ટ-૧

તા. ૩૧-૫-૨૦૦૫ ની સ્થિતિએ.

| અ. નં. | તાલુકાનું નામ | ગામનું નામ | મળેલ અરજીઓ | મંજૂર કરેલ અરજીઓ | નામંજૂર કરેલ અરજીઓ | પડતર |
|---|---|---|---|---|---|---|
| ૧ | આણંદ | બેડવા | ૧૫ | ૦૭ | ૦૮ | |
| | | ત્રણોલ | ૨૫ | ૧૮ | ૦૭ | |
| | | સુંદણ | ૨૫ | ૧૨ | ૧૩ | |
| | | સામરખા | ૪૦ | ૨૦ | ૨૦ | |
| | | રાજુપુરા | ૧૦ | ૦૩ | ૦૭ | |
| | | રામનગર | ૧૫ | ૦૭ | ૦૮ | |
| | | ખાંધલી | ૨૦ | ૧૨ | ૦૮ | |
| | | લાંભવેલ | ૧૫ | ૦૮ | ૦૭ | |
| | | રાસનોલ | ૧૦ | ૦૩ | ૦૭ | |
| | | ગોપાલપુરા | ૦૭ | ૦૪ | ૦૩ | |
| | | ખાનપુર | ૦૭ | ૦૫ | ૦૨ | |
| | | રાહતલાવ | ૦૭ | ૦૫ | ૦૨ | |
| | | ખંભોળજ | ૧૫ | ૦૮ | ૦૭ | |
| | | નાવલી | ૧૨ | ૦૮ | ૦૪ | |
| | | જીટોળીયા | ૦૫ | ૦૨ | ૦૩ | |
| | | રાવળાપુરા | ૦૫ | ૦૩ | ૦૨ | |
| | | જોળ | ૦૫ | ૦૨ | ૦૩ | |
| | | નાપા(તળપદ) | ૦૫ | ૦૨ | ૦૩ | |
| | | આંક્લાવડી | ૦૩ | ૦૧ | ૦૨ | |
| | | ઝાંખરીયા | ૦૩ | ૦૧ | ૦૨ | |
| | | કુલઃ | ૨૪૯ | ૧૩૧ | ૧૧૮ | |
| ૨ | ઉમરેઠ | ધૂળેટા | ૨૯ | ૧૪ | | ૧૫ |
| | | થામણા | ૩૭ | ૧૧ | | ૨૬ |
| | | હમીદપુરા | ૧૧ | ૦૬ | | ૦૫ |
| | | પરવટા | ૦૪ | ૦૪ | | |
| | | બેચરી | ૧૬ | ૦૬ | | ૧૦ |
| | | ગંગાપુરા | ૧૨ | ૦૭ | | ૦૫ |
| | | ભરોડા | ૩૩ | ૦૯ | | ૨૪ |
| | | ભાલેજ | ૫૧ | ૦૪ | | ૪૭ |
| | | સુંરલી | ૪૨ | ૧૦ | | ૩૨ |
| | | ધોરા | ૧૪ | ૦૪ | | ૧૦ |
| | | સીલી | ૨૭ | | | ૨૭ |
| | | ખાનકુવા | ૨૩ | | | ૨૩ |
| | | બાજીપુરા | ૦૬ | ૦૬ | | |
| | | સેયદપુરા | ૦૨ | ૦૨ | | |
| | | પણસોરા | ૨૭ | | | ૨૭ |
| | | સુંદલપુરા | ૩૩ | | | ૩૩ |
| | | કુલઃ | ૩૬૭ | ૮૩ | ૦ | ૨૮૪ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩ | બોરસદ | પામોલ | ૨૭ | | | ૨૭ |
| | | રૂંદેલ | ૧૨ | | | ૧૨ |
| | | નાપા-તળપદ | ૧૬ | | | ૧૬ |
| | | કુલઃ | ૫૫ | | | ૫૫ |
| ૪ | આંકલાવ | હઠીપુરા | ૦૫ | ૦૫ | | |
| | | નવાપુરા | ૦૧ | ૦૧ | | |
| | | ભાણપુરા | ૦૬ | ૦૬ | | |
| | | બીલપાડ | ૦૬ | ૦૬ | | |
| | | મોટી સંખ્યાડ | ૦૭ | ૦૭ | | |
| | | આસોદર | ૧૩ | ૧૩ | | |
| | | નારપુરા | ૧૩ | ૧૩ | | |
| | | ભેટાસી(બા) | ૧૫ | ૧૫ | | |
| | | ખડોલ(હ) | ૧૦ | ૧૦ | | |
| | | કોસીન્દ્રા | ૧૯ | ૧૯ | | |
| | | કહાનવાડી | ૨૫ | ૨૫ | | |
| | | ઉમેટા | ૦૭ | ૦૭ | | |
| | | ભરોડા | ૧૭ | ૧૭ | | |
| | | બામણગામ | ૦૬ | ૦૬ | | |
| | | આમરોલ | ૧૩ | ૧૩ | | |
| | | કુલઃ | ૧૬૩ | ૧૬૩ | | |
| ૫ | પેટલાદ | સીમરડા | ૦૩ | ૦૩ | | |
| | | દંતેલી | ૦૮ | ૦૮ | | |
| | | વડદલા | ૦૫ | ૦૫ | | |
| | | માણજ | ૦૨ | ૦૨ | | |
| | | સુંદરણા | ૧૪ | ૧૪ | | |
| | | ભાટીયેલ | ૧૧ | ૧૦ | ૦૧ | |
| | | ફાંગણી | ૦૫ | ૦૫ | - | |
| | | વિરોલ(સી) | ૦૮ | ૦૮ | | |
| | | આશી | ૦૪ | ૦૩ | ૦૧ | |
| | | બોરીયા | ૧૫ | ૧૧ | ૦૪ | |
| | | લક્કડપુરા | ૧૦ | ૧૦ | | |
| | | ધૈર્યપુર | ૦૮ | ૦૮ | | |
| | | અરડી | ૦૫ | ૦૨ | ૦૩ | |
| | | પાડગોલ | ૦૮ | ૦૬ | ૦૨ | |
| | | નાર | ૦૯ | ૦૯ | | |
| | | શાહપુર | ૦૯ | ૦૯ | | |
| | | મોરડ | ૧૦ | ૧૦ | | |
| | | ચાંગા | ૧૨ | ૧૦ | ૦૨ | |
| | | કુલઃ | ૧૪૬ | ૧૩૩ | ૧૩ | |
| ૬ | સોજીત્રા | રૂણજ | ૧૯ | | | ૧૯ |
| | | મલાતજ | ૨૭ | | | ૨૭ |
| | | પેટલી | ૧૧ | | | ૧૧ |
| | | મગરોલ | ૨૬ | | | ૨૬ |
| | | પલોલ | ૧૫ | | | ૧૫ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ખડસોલ | ૦૯ | | | ૦૯ |
| | | લીંબાલી | ૦૯ | | | ૦૯ |
| | | વિરોલ | ૦૬ | | | ૦૬ |
| | | કુલઃ | ૧૨૨ | | | ૧૨૨ |
| ૭ | ખંભાત | રંગપુર | ૦૭ | ૦૬ | ૦૧ | |
| | | માલુ | ૦૭ | ૦૭ | | |
| | | ઉંદલ | ૦૮ | ૦૪ | ૦૪ | |
| | | ટીંબા | ૦૨ | ૦૨ | | |
| | | વાડોલા | ૧૨ | | ૧૨ | |
| | | કુલઃ | ૩૬ | ૧૯ | ૧૭ | |
| ૮ | તારાપુર | ટોલ | ૦૨ | ૦૨ | | |
| | | દુગારી | ૨૦ | ૦૯ | ૧૧ | |
| | | જીચ્ચકા | ૧૩ | ૦૮ | ૦૫ | |
| | | આમલીયારા | ૨૯ | ૧૨ | ૧૭ | |
| | | કસ્બારા | ૧૪ | ૧૪ | | |
| | | કુલઃ | ૭૮ | ૪૫ | ૩૩ | |

**ગાંધીનગર જીલ્લાના ઈટાદરા ગામે દુકાનોના વેચાણથી પંચાયતને આર્થિક નુકસાન**

અતારાંકિતઃ ૩૬૧૭ ( ૧૧-૭-૨૦૦૫)**શ્રી દિપસિંહ શં. રાઠોડ(પ્રાંતિજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ગાંધીનગર જીલ્લાના ઇટાદરા ગામે પંચાયતે દુકાનો બનાવી બારોબાર વેચાણ કરીને મોટી રકમની અનિયમિતતા કરેલ છે તેવી કોને કોને ઉદેશીને કુલ કેટલી ફરિયાદો તા. ૩૦-૬-૦૫ની સ્થિતિએ છેલ્લા ૬ માસમાં સરકારને મળેલ છે,

(૨) આના લીધે પંચાયતને મોટુ આર્થિક નુકસાન થયેલ છે તે હકીકત સાચી છે ,

(૩) જો હા, તો તેની વિગતો શું છે ,

(૪) આ પ્રકરણમાં પંચાયતના સરપંચ તેમજ તલાટી પણ સંકળાયેલા છે તે હકીકત સાચી છે, અને

(૫) જો હા, તો તમામ સંબંધિત સામે સરકારે શી શિક્ષાત્મક કાર્યવાહી કરેલ છે અથવા કરવા વિચારેલ છે ?

**પંચાયત મંત્રીશ્રી :-** (૭-૯-૦૫)

(૧) નીચે જણાવ્યા મુજબની કુલ ૯ ફરીયાદો મળેલ છે.

| અ. નં. | અરજીની તારીખ | કોને ઉદ્દેશાયેલ છે તેની વિગતો |
|---|---|---|
| ૧ | ૧-૨-૦૫ | જી.વિ.અ.શ્રી, ગાંધીનગર |
| ૨ | ૧-૨-૦૫ | માન. પંચાયત મંત્રીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર |
| ૩ | ૧-૨-૦૫ | જી.વિ.અ.શ્રી, ગાંધીનગર |
| ૪ | તારીખ વગર | જીલ્લા કલેકટરશ્રી, ગાંધીનગર |
| ૫ | તારીખ વગર | વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર |
| ૬ | તારીખ વગર | માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર |
| ૭ | તારીખ વગર | તાલુકા વિકાસ અધિકારીશ્રી, માણસા |
| ૮ | ૧-૪-૦૫ | જી.વિ.અ.શ્રી, ગાંધીનગર |
| ૯ | ૧-૪-૦૫ | માન. પંચાયત મંત્રીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર |

(૨) હા, જી.

(૩) ઇટાદરા ગામે કુલ ૨૪ દુકાનો ગામલોકો તરફથી બિનપરવાનગીએ ગામઠાણની જમીનમાં અનઅધિકૃત બાંધેલ છે.

(૪) હા, જી.

(૫) જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

## ગાંધીનગર જિલ્લાના ઇંટાદરા ગામે નબળી ગુણવત્તાવાળા રસ્તા માટે મળેલ ફરિયાદ

અતારાંકિતઃ ૩૬૧૮( ૧૧-૭-૨૦૦૫) **શ્રી દિપસિંહ શં. રાઠોડ(પ્રાંતિજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ગાંધીનગર જિલ્લાના ઇંટાદરા ગામે ૨૦૦૫ ના કેલેન્ડર વર્ષમાં ૩૦ મી જૂન સુધીમાં ૧૧ મા નાણાં પંચમાથી ૨ લાખની કિંમતના ખર્ચના લેખે પંચાયત હસ્તક્ના ૪ સી. સી. રોડ બનાવવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ ચારેય રોડ ખૂબ જ નબળી ગુણવત્તાવાળા હોઈ તુટી જવા પામેલ છે તે હકીક્ત સાચી છે,

(૩) જો હા, તો આ સંબંધમાં તા. ૧-૧-૦૫ થી તા. ૩૦-૬-૦૫ દરમિયાન કુલ કેટલી ફરિયાદો સરકારને મળેલ છે,

(૪) સરકારને મળેલ ફરિયાદોના અનુસંધાને સરકાર કોન્ટ્રાકટર તથા અન્ય સંબંધિતો સામે કોઈ કાર્યવાહી કરવા માંગે છે કે કેમ, અને

(૫) જો હા, તો તેની વિગતો શી છે ?

**પંચાયત મંત્રીશ્રી** :- (૭-૯-૦૫)

(૧) હા, જી

(૨) ના, જી

(૩) એક

(૪) નબળી ગુણવત્તાના રસ્તા ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---

## સાવરકુંડલા તાલુકાના ઘજડી ગામે અનામત પ્લોટ પર ગેરકાયદે બાંધકામ

અતારાંકિતઃ ૩૬૨૦ ( ૧૪-૭-૨૦૦૫) **શ્રી કાળુભાઇ વી. વીરાણી(કુંડલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સાવરકુંડલા તાલુકાના ઘજડી ગામે તા. ૩૦-૬-૦૫ની સ્થિતિએ ગામતળ વિસ્તારમાં જાહેર હેતુ માટે અનામત રાખેલ પ્લોટો ઉપર ગેરકાયદેસર બાંધકામ કરી ક્બજો કરેલ છે તે વાત સાચી છે,

(૨) જો હા, તો આ પ્લોટો ખુલ્લા કરાવવા માટે સરકાર સમક્ષ કોઈ ફરિયાદ મળેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો તે અંગે સરકારે શાં પગલાં લીધા છે કે લેવામાં આવનાર છે ?

**પંચાયત મંત્રીશ્રી** :- ( ૭-૯-૦૫ )

(૧) હા. જી,

(૨) હા. જી,

(૩) ૧૦૮૬ ચોરસવારનું કાચુ દબાણ દૂર કરાવેલ છે. બાકીનું ૨૪૬ ચોરસવાર દબાણ દૂર કરાવવા ગ્રામ પંચાયત મારફત કાર્યવાહી ચાલુ છે.

---

## વલસાડ જિલ્લા પંચાયતમાં ખાલી પડેલી જગ્યાઓ

અતારાંકિતઃ ૩૬૪૭**શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર): માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) વલસાડ જિલ્લામાં તાલુકાવાર પંચાયત ક્ચેરીમાં મંજૂર થયેલ મહેક્મ મુજબની લાંબા સમયથી ખાલી પડેલ જગ્યાઓ કેટલી છે,

(૨) આવી કઈ-કઈ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આવી ખાલી પડેલ જગ્યાઓ સરકાર કેટલા સમયમાં ભરવા માગે છે ?

**પંચાયત મંત્રીશ્રી** :- ( ૭-૯-૦૫ )

(૧) વલસાડ જિલ્લામાં તાલુકાવાર ખાલી જ્યાઓ નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | ખાલી જ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | વલસાડ | ૧૯ |
| ૨ | પારડી | ૧૪ |
| ૩ | ધરમપુર | ૦૫ |
| ૪ | કપરાડા | ૦૯ |
| ૫ | ઉમર ગામ | ૧૫ |
| | કુલઃ | ૬૨ |

(૨) સામેલ પત્રક મુજબ.

(૩) જેમ બને તેમ જલ્દીથી.

**પત્રક**

**વલસાડ તાલુકા પંચાયત કચેરીમાં ખાલી જ્યાઓ**

| અ. | સંવર્ગનું નામ | તાલુકાનું નામ અને ખાલી જ્યાની સંખ્યા | | | | | | ક્યારથી ખાલી છે. | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| નં. | | | | | | | | | |
| | વલસાડ | પારડી | ધરમપુર | કપરાડા | ઉમરગામ | કુલ | | | |
| ૧ | નાયબ તાલુકા વિકાસ અધિકારી | ૧ | | | | | ૧ | બે વર્ષથી | |
| ૨ | મદદનીશ તાલુકા વિકાસ અધિકારી | | | ૧ | ૧ | | ૨ | ત્રણ વર્ષથી | |
| ૩ | વિસ્તરણ અધિકારી સહકાર | | | | | ૧ | ૧ | એક વર્ષથી | |
| ૪ | વિસ્તરણ અધિકારી પંચાયત | | ૧ | ૧ | | | ૨ | બે વર્ષથી ઓછા સમયથી | |
| ૫ | વિસ્તરણ અધિકારી બાંધકામ | | | | | ૧ | ૧ | બે વર્ષથી | |
| ૬ | આંકડા મદદનીશ | ૨ | ૩ | ૨ | | ૨ | ૯ | બે જ્યાઓ ૯૮-૯૯ થી અને બાકીની | |
| | | | | | | | | જ્યાઓ ત્યારબાદથી | |
| ૭ | નાયબ હિસાબનીશ | ૧ | | | | | ૧ | ત્રણ માસથી | |
| ૮ | સર્કલ ઈન્સપેક્ટર | ૨ | ૨ | ૧ | ૧ | ૧ | ૭ | ત્રણ વર્ષ અને તેથી ઓછા સમયથી | |
| ૯ | ડ્રાયવર | ૧ | | | ૧ | | ૨ | ૧ જ્યા ૬ વર્ષથી અને ૧ જ્યા ૩ વર્ષથી | |
| ૧૦ | પટાવાળા | | | | ૧ | ૨ | ૩ | ત્રણ માસથી | |
| ૧૧ | તલાટી ક્મ મંત્રી | ૧૨ | ૮ | | ૫ | ૮ | ૩૩ | ૧ જ્યા ૭ વર્ષથી, ૧ જ્યા ૫ વર્ષથી | |
| | | | | | | | | અને બાકીની જ્યાઓ ત્રણ વર્ષ અને તેથી | |
| | | | | | | | | ઓછા સમયથી | |
| | કુલ : | | | | | | ૬૨ | | |

---

## વલસાડ જિલ્લાને ૧૧ મા નાણાં પંચમાં પંચાયતી રાજ માટે ફાળવેલ ગ્રાન્ટ

અતારાંક્તિ : ૩૬૪૮ (૨૯-૭-૨૦૦૫)**શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) માનનીય પંચાયત મંત્રીશ્રી**

જણાવવા કૃપા કરશે કે -

(૧) ૧૧ મા નાણાં પંચમાં તા. ૩૧-૩-૦૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લાને. પંચાયતી રાજ સંસ્થા માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) આ પેકી તાલુકાવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૩) તેમાં તાલુકાવાર ક્યા ક્યા કામો કરવાનું નકકી કરવામાં આવેલ છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૭-૯-૨૦૦૫)

(૧) રૂા. ૬૫૮.૦૭ લાખ

(૨) તાલુકાવાર નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | વલસાડ | રૂા. | ૧,૪૮,૯૪,૮૫૦.૦૦ |
| ૨. | ઉમરગામ | રૂા. | ૧,૨૬,૯૯,૯૭૬.૦૦ |
| ૩. | કપરાડા | રૂા. | ૧,૩૨,૦૯,૮૪૯.૦૦ |
| ૪. | ધરમપુર | રૂા. | ૯૦,૪૯,૫૯૯.૦૦ |
| ૫. | પારડી | રૂા. | ૧,૫૯,૫૨,૭૨૬.૦૦ |
| | કુલ | રૂા. | ૬,૫૮,૦૭,૦૦૦.૦૦ |

(૩) પરિશિષ્ટ - ૧ મુજબ

| પરિશિષ્ટ - ૧ | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | |
| ૧૧માં નાણાંપંચ હેઠળ ૨૦૦૪-૦૫ ના વર્ષમાં તાલુકાવાર કરવામાં આવેલ કામોની વિગત | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | ક્રમ | તાલુકાનું નામ | કામોની સંખ્યા | કુલ કામો | ફાળવેલ ગ્રાંન્ટ | | | | | | |
| | | | આંતરીક રસ્તા | પ્રવેશ માર્ગ | પીવાનું પાણી | જ્યોતિ ગ્રામ | ઇ-ગ્રામ | નાની સિંચાઇ | અન્ય કામો | | |
| | ૧ | વલસાડ | ૧૨૩ | ૧૦ | ૭૭ | ૪ | ૨૧ | ૦ | ૬ | ૨૪૧ | ૧૪૮૯૪૮૫૦ |
| | ૨ | ઉમરગામ | ૫૭ | ૧૦ | ૬૧ | ૩ | ૯ | ૦ | ૧૦ | ૧૫૦ | ૧૨૬૯૯૯૭૬ |
| | ૩ | કપરડા | ૬૬ | ૭ | ૧૯ | ૪ | ૧૫ | ૭ | ૦ | ૧૧૮ | ૧૩૨૦૯૮૪૯ |
| | ૪ | ધરમપુર | ૨૪ | ૨ | ૪૮ | ૨ | ૩ | ૨૦ | ૦ | ૯૯ | ૯૦૪૯૫૯૯ |
| | ૫ | પારડી | ૯૧ | ૧૪ | ૦ | ૩ | ૨૯ | ૦ | ૨ | ૧૩૯ | ૧૫૯૫૨૭૨૬ |
| | | કુલ | ૩૬૧ | ૪૩ | ૨૦૫ | ૧૬ | ૭૭ | ૨૭ | ૧૮ | ૭૪૭ | ૬૫૮૦૭૦૦૦ |
| | | | | | | | | | | | |

---

## વલસાડ જિલ્લામાં ગ્રામ સેવકોની ખાલી જ્યાઓ

અતારાંક્તિ : ૩૬૪૯ (૨૯-૭-૨૦૦૫) **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર): માનનીય પંચાયત મંત્રીશ્રી**

જણાવવા કૃપા કરશે કે -

(૧) વલસાડ જિલ્લામાં કુલ કેટલું મંજૂર થયેલ મહેકમ છે,

(૨) તા. ૩૧-૫-૦૫ની સ્થિતિએ ગ્રામસેવક (આઇ.આર.ડી.પી.) અને ગ્રામસેવકોની તાલુકાદીઠ કેટલી જ્યાઓ ખાલી છે,

(૩) આ જ્યાઓ ક્યારથી ખાલી છે,

(૪) સરકાર આ જ્યાઓ ક્યારે ભરવા માગે છે,

(૫) ખાલી જ્યાઓવાળા ગામો અને વિસ્તારો માટે સરકાર દ્વારા વેકલ્પિક શી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, અને

(૬) જિલ્લામાં કુલ કેટલા ગ્રામસેવકો સ્થાનિક ગામે રહે છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૭-૯-૨૦૦૫)

(૧) કુલ ૧૨૫ જ્ગ્યાઓનું મહેકમ મંજૂર થયેલ છે.

(૨) તાલુકાદીઠ નીચે મુજબની જગ્યાઓ ખાલી છે.

| ક્રમ | તાલુકાનું નામ સંખ્યા | ગ્રામ સેવક (આઇ.આર.ડી.પી.) ની ખાલી જગ્યાઓની સંખ્યા | ગ્રામસેવક (તાલીમ મુલાકાત યોજના) ની ખાલી જગ્યાઓની |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ૧ | ૩ |
| ૨ | કપરાડા | ૨ | ૧ |
| ૩ | ધરમપુર | ૧ | ૩ |
| ૪ | ઉમરગામ | ૧ | |
| ૫ | પારડી | | ૧ |
| | કુલ | ૫ | ૮ |

(૩) જગ્યાઓ ક્યારથી ખાલી છે તેની વિગતો નીચેના પત્રક મુજબ

| | કઇ તારીખથી ખાલી છે ? | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|
| | તા. ૧-૪-૨૦૦૩ | ૫ |
| | તા. ૧-૧૦-૨૦૦૩ | ૪ |
| | તા. ૧-૪-૨૦૦૪ | ૧ |
| | તા. ૧-૬-૨૦૦૪ | ૨ |
| | તા. ૧-૪-૨૦૦૫ | ૧ |
| | કુલ | ૧૩ |

(૪) જેમ બને તેમ જલ્દીથી.

(૫) નજીકનાં કાર્યમથકે ફરજ બજાવતાં ગ્રામસેવકને તેમનો હવાલો સોંપી ક્ષેત્રિય કામગીરી લેવામાં આવે છે.

(૬) ૬૦ ગ્રામ સેવકો સ્થાનિક ગામે રહે છે.

---

## રાજકોટ જિલ્લામાં સરદાર આવાસ યોજના પાછળ ખર્ચ

અતારાંકિત : ૩૬૫૯ (૩-૮-૨૦૦૫) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૩-૦૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં તાલુકાવાર સરદાર આવાસ યોજના હેઠળ કેટલા મકાનો બાંધવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**ગૃહ નિર્માણ મંત્રીશ્રી** (૭-૯-૨૦૦૫)

(૧) તા. ૩૧-૩-૦૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ સરદાર આવાસ યોજનાના કુલ-૧૫૧૯ મકાનો બાંધવામાં આવ્યા.

| ક્રમ | તાલુકાનું નામ | કુલ મકાનો બાંધ્યા | |
|---|---|---|---|
| | | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ |
| ૧ | લોધીકા | ૧૩ | ૭૬ |
| ૨ | રાજકોટ | ૭૫ | ૧૩૩ |
| ૩ | વાંકાનેર | ૨૭ | ૧૮૫ |
| ૪ | પડધરી | ૨૦ | ૬૩ |
| ૫ | જસદણ | ૧૯ | ૯૪ |
| ૬ | ધોરાજી | ૦૦ | ૯૩ |
| ૭ | ઉપલેટા | ૦૨ | ૬૨ |
| ૮ | જામ કંડોરણા | ૧૦ | ૪૦ |
| ૯ | માળીયા-મીયાણા | ૦૦ | ૦૬ |
| ૧૦ | કોટડા-સાંગાણી | ૩૮ | ૫૦ |
| ૧૧ | ગોંડલ | ૬૭ | ૩૧૩ |
| ૧૨ | મોરબી | ૦૦ | ૪૦ |
| ૧૩ | ટંકારા | ૦૦ | ૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૪ | જેતપુર | ૧૨ | ૮૧ |
| | કુલ | ૨૮૩ | ૧૨૩૬ |

(૨) તાલુકાવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષવાર કરવામાં આવેલ ખર્ચ | | કુલ રૂા. લાખમાં |
|---|---|---|---|---|
| | | ૦૩-૦૪ | ૦૪-૦૫ | |
| ૧ | લોધીકા | ૩.૨૪ | ૨૭.૩૬ | ૩૦.૬૦ |
| ૨ | રાજકોટ | ૧૬.૦૦ | ૬૭.૦૨ | ૮૩.૦૨ |
| ૩ | વાંકાનેર | ૧૦.૨૦ | ૫૧.૪૬ | ૬૧.૬૬ |
| ૪ | પડધરી | ૧૫.૭૦ | ૧૭.૬૪ | ૩૩.૩૪ |
| ૫ | જસદણ | ૧૦.૧૦ | ૩૨.૫૮ | ૪૨.૬૮ |
| ૬ | ધોરાજી | ૦.૦૦ | ૩૩.૪૮ | ૩૩.૪૮ |
| ૭ | ઉપલેટા | ૫.૪૯ | ૨૪.૩૩ | ૨૯.૮૨ |
| ૮ | જામ કંડોરણા | ૩.૯૧ | ૧૧.૩૦ | ૧૫.૨૧ |
| ૯ | માળીયા-મીયાણા | ૦.૦૦ | ૨.૮૨ | ૨.૮૨ |
| ૧૦ | કોટડા-સાંગાણી | ૧૫.૨૪ | ૧૬.૭૮ | ૩૨.૦૨ |
| ૧૧ | ગોંડલર | ૩.૪૧ | ૧૧૭.૩૬ | ૧૪૦.૭૭ |
| ૧૨ | મોરબી | ૦.૦૦ | ૧૨.૪૯ | ૧૨.૪૯ |
| ૧૩ | ટંકારા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૪ | જેતપુર | ૪.૯૧ | ૩૦.૮૭ | ૩૫.૭૮ |
| | કુલ | ૧૦૮.૨૦ | ૪૪૫.૪૯ | ૫૫૩.૬૯ |

## રાજકોટ જિલ્લામાં ઇન્દિરા આવાસ યોજના પાછળ ખર્ચ

અતારાંકિત : ૩૬૬૦ (૩-૮-૨૦૦૫) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૩-૦૫ સુધીમાં બે વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ઇન્દિરા આવાસ યોજના હેઠળ કેટકેટલા મકાનો ભાંધવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** (૧૨-૯-૦૫)

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૩-૦૫ સુધીમાં છેલ્લા બે વર્ષ દરમ્યાન ઇન્દિરા આવાસ યોજના હેઠળ કુલ ૧૭૧૯ (એક હજાર સાતસો ઓગણીસ) મકાનો બાંધવામાં આવ્યા. તેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | બાંધવામાં આવેલ મકાનની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ કુલ |
| ૧ | માળીયા | ૧૮ | ૧૭ | ૩૫ |
| ૨ | મોરબી | ૬૨ | ૮૮ | ૧૫૦ |
| ૩ | ટંકારા૨૪ | ૨૩ | ૪૭ | |
| ૪ | વાંકાનેર | ૫૫ | ૬૭ | ૧૨૨ |
| ૫ | પડધરી | ૩૬ | ૩૪ | ૭૦ |
| ૬ | રાજકોટ | ૭૮ | ૯૮ | ૧૭૬ |
| ૭ | જસદણ | ૧૪૦ | ૮૯ | ૨૨૯ |
| ૮ | કોટડા-સાંગાણી | ૩૭ | ૬૭ | ૧૦૪ |
| ૯ | લોધીકા | ૨૯ | ૪૨ | ૭૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | ગોંડલ | ૯૨ | ૯૬ | ૧૮૮ |
| ૧૧ | જેતપુર | ૬૪ | ૬૨ | ૧૨૬ |
| ૧૨ | ધોરાજી | ૮૧ | ૪૮ | ૧૨૯ |
| ૧૩ | ઉપલેટા | ૬૪ | ૯૨ | ૧૫૬ |
| ૧૪ | જામ કંડોરણા | ૫૯ | ૫૭ | ૧૧૬ |
| | કુલ.... | ૮૩૯ | ૮૮૦ | ૧૭૧૯ |

(૨) રાજકોટ જિલ્લામાં બાંધવામાં આવેલ મકાનોની પાછળ તાલુકાવાર નીચેની વિગતે ખર્ચ કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકો | બાંધવામાં આવેલ મકાનની સંખ્યા સામે તાલુકાવાર ખર્ચ રૂા. લાખમાં નીચે પ્રમાણે છે | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | કુલ |
| ૧ | માળીયા | ૬.૩૪ | ૫.૪૨ | ૧૧.૭૬ |
| ૨ | મોરબી | ૨૨.૯૦ | ૨૪.૫૨ | ૪૭.૪૨ |
| ૩ | ટંકારા૫.૨૩ | ૭.૦૨ | ૧૨.૨૫ | |
| ૪ | વાંકાનેર | ૨૦.૪૨ | ૨૪.૫૮ | ૪૫.૦૦ |
| ૫ | પડધરી | ૮.૮૦ | ૧૪.૧૯ | ૨૨.૯૯ |
| ૬ | રાજકોટ | ૨૨.૬૭ | ૩૭.૦૬ | ૫૯.૭૩ |
| ૭ | જસદણ | ૪૬.૧૭ | ૪૦.૮૮ | ૮૭.૦૫ |
| ૮ | કોટડા-સાંગાણી | ૮.૭૫ | ૨૪.૬૨ | ૩૩.૩૭ |
| ૯ | લોધીકા | ૮.૨૩ | ૧૫.૭૧ | ૨૩.૯૪ |
| ૧૦ | ગોંડલ | ૩૪.૭૮ | ૩૪.૧૧ | ૬૮.૮૯ |
| ૧૧ | જેતપુર | ૨૨.૯૦ | ૨૯.૩૭ | ૫૨.૨૭ |
| ૧૨ | ધોરાજી | ૩૦.૯૧ | ૧૮.૮૯ | ૪૯.૮૦ |
| ૧૩ | ઉપલેટા | ૨૦.૩૧ | ૩૬.૯૫ | ૫૭.૨૬ |
| ૧૪ | જામ કંડોરણા | ૧૩.૫૨ | ૨૫.૧૯ | ૩૭.૭૧ |
| | કુલ.... | ૨૭૧.૯૩ | ૩૩૮.૫૧ | ૬૧૦.૪૪ |

## રાજકોટ જિલ્લામાં ગોકુળ ગ્રામ યોજના હેઠળ ખર્ચ

અતારાંક્તિ : ૩૬૬૧ (૩-૮-૨૦૦૫) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૩-૦૫ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં ગોકુળ ગ્રામ યોજના અંતર્ગત તાલુકાવાર ક્યા ક્યા ગામોમાં રીલાયન્સ મારફતે કઈ કઈ ઘટતી સુવિધાઓ ઉભી કરવામાં આવી,

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) તેમાં રાજ્ય સરકાર અને રીલાયન્સનો હિસ્સો કેટકેટલો છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** (૩-૮-૦૫)

(૧) ગોકુળ ગ્રામ યોજના અંતર્ગત રીલાયન્સ ફંડમાંથી રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૩-૦૫ સુધીમાં છેલ્લા ત્રણવર્ષમા તાલુકાવાર નીચેની વિગતે ખૂટતી સુવિધાઓ રીલાયન્સ રુરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ મારફતે ઉભી કરવામાં આવી છે. ગામવાર વિગતો પરિશિષ્ટ*થી સામેલ છે.

| તાલુકાનું નામ | છેલ્લા ત્રણ વર્ષમાં ઉભી કરવામાં આવેલ ખુટતી સુવિધાઓની સંખ્યા | | | |
|---|---|---|---|---|
| | ૨૦૦૨-૦૩ | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | કુલ |
| ઉપલેટા | ૧ | ૦ | ૨૧ | ૨૨ |
| ધોરાજી | ૧ | ૦ | ૯ | ૧૦ |
| જામ કંડોરણા | ૧ | ૦ | ૧૯ | ૨૦ |
| જેતપુર | ૨૯ | ૨ | ૨ | ૩૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ગોંડલ | ૧ | ૧૦ | ૧૬ | ૨૭ |
| લોધીકા | ૧ | ૧૯ | ૧ | ૨૧ |
| કોટડા-સાંગાણી | ૧ | ૧૫ | ૦ | ૧૬ |
| જસદણ | ૬૧ | ૧૧ | ૦ | ૭૨ |
| વાંકાનેર | ૧ | ૧૦ | ૨૦ | ૩૧ |
| મોરબી | ૨૭ | ૨ | ૪ | ૩૩ |
| માળીયા | ૨૦ | ૪ | ૧ | ૨૫ |
| ટંકારા | ૩૭ | ૪ | ૦ | ૪૧ |
| પડધરી | ૩૪ | ૧ | ૩ | ૩૮ |
| રાજકોટ | ૪૮ | ૧૧ | ૪ | ૬૩ |
| કુલ.... | ૨૬૩ | ૮૯ | ૧૦૦ | ૪૫૨ |

(૨) રૂા. ૧૯૨૩.૭૨ લાખ.

(૩) ઉપરોક્ત તમામ ખર્ચ ગોકુળ ગ્રામ યોજના અંતર્ગત રીલાયન્સ ગૃપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા જમા થયેલ ફાળાની રકમોમાંથી કરવામાં આવેલ છે.

( * પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

---o---

**રાજકોટ જિલ્લા પંચાયતના વાહનો પાછળ ખર્ચ**

અતારાંક્તિ : ૩૬૬૬ (૩-૮-૨૦૦૫) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦-૬-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લા પંચાયત હસ્તક્ના સબ ડીવીઝનવાર કેટલા અને ક્યા વાહનો પાછળ વર્ષવાર કેટલી રક્મનો ખર્ચ કરવામાં આવ્યો,

